# પ્રકાશકીયમ્

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આ પૃથ્વી પર જે હેતુ માટે પાદુર્ભાવ થયો તે હેતુને સિદ્ધ કરવા માટે તેમની આજ્ઞા અનુસાર સંપ્રદાયના અનેક વિદ્વાન સંતોએ સંસ્કૃત કે પાકૃતભાષામાં સત્સંગિજીવન તથા ભક્તચિંતામણી આદિક અનેક સત્શાસ્ત્રોની રચના કરી ભગવાન શ્રીહરિના સિદ્ધાંત મૂજબ સંપ્રદાયની પુષ્ટિ પણ તેવા ગ્રંથોથી જ થાય, બીજાથી ન થાય, તે ગઢડા મધ્ય પ્રકરણના અઠ્ઠાવનમા વચનામૃતમાં શ્રીહરિ સંતો પ્રત્યે કહે છે કે સંપ્રદાયની પુષ્ટિ ઘણાક કાળ સુધી શે ઉપાયે કરીને રહે છે ? સંતોના ઉત્તર પછી સ્વયં પોતાનો અભિપ્રાય જણાવતાં શ્રીહરિ કહે છે કે, એ સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેણે જે જે ચરિત્રો કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય, અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંતનાં ચરિત્ર તેનું જે શાસ્ત્ર, તેણે કરીને જ સંપ્રદાયની પુષ્ટિ થાય છે. તે શાસ્ત્ર સંસ્કૃતમાં હોય અથવા ભાષામાં હોય પણ તેજ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે, પણ તે વિના બીજો ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ ન કરે.

ઉપરોક્ત શ્રીહરિના વચનો મુજબ આ સત્સંગિજીવન શાસ્ત્રની રચના શતાનંદ સ્વામીએ કરી છે. લીલાચરિત્રોની સાથે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું તેમાં સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવ્યું છે. જે સંપ્રદાયના મૂળભૂત પાયારૂપ છે. ગ્રંથની રચના કરીને શતાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને સંભળાવ્યો ત્યારે ગ્રંથની પ્રશંસા કરતાં ભગવાન શ્રીહરિ બોલ્યા કે, ‘‘રમણીયમિદં શાસ્ત્રં, સર્વશાસ્ત્રશિરોમણિઃ’’ આ સત્સંગિજીવન શાસ્ત્ર અતિશય રમણીય છે અને વેદ - શાસ્ત્ર - પુરાણ - ઈતિહાસ આદિ સત્શાસ્ત્રોના સારરૂપ અને સર્વ શાસ્ત્રના શિરોમણિરૂપ છે.

આ ભુજ મંદિર શ્રીનરનારાયણદેવ પીઠસ્થાન તરફથી શરુથી જ વર્ષો થયાં સત્સંગ સાહિત્યનું બહોળા પ્રમાણમાં પ્રકાશન થતું રહ્યું છે. ભુજ મંદિર તરફથી સરળ ગુજરાતી ભાષાંતરવાળું સત્સંગિજીવન શાસ્ત્ર છપાય તેવી

હરિભક્તો તરફથી ઘણા સમયથી ખૂબજ લાગણી અને માગણી રહેતી હતી. તેથી સર્વે વડિલ સંતોએ વિચાર કર્યો કે ''શ્રીનરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ'' ના ઉપલક્ષ્યમાં આ કાર્ય કરવું. ત્યારપછી આપણા ભુજ મંદિરના વિદ્વાન શાસ્ત્રી વિજ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીને સરળ ગુજરાતી ભાષાંતર કરવાનું કામ સોંપાયું. તે દક્ષિણ ભારતના મહાપંડિત કે. કસ્તુરી રંગાચાર્યજી પાસેથી ખૂબજ સારો અભ્યાસ કરી વેદાંતચાર્યની પદવી પ્રાપ્ત કરી છે. તેમજ મૈસુર યુનિવર્સિટીમાં એમ. એ. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે ખુબજ મહેનત કરી આ મહાકાર્યને પૂર્ણ કરી આપ્યું છે, ને સૌનો રાજીપો મેળવ્યો છે. તેમને ભગવાન શ્રીહરિ વધુને વધુ બુદ્ધિબળ આપે એવી ભગવાનના શ્રીચરણોમાં પ્રાર્થના.

આ સત્સંગિજીવન શાસ્ત્રના પુસ્તકના રૂપના પ્રકાશનમાં સંસ્કૃત મૂળ શ્લોકો સાથે મૂક્યા હોવાથી વિદ્વદ્‌જનોને પણ પુરશ્ચરણ કરવું કે પાઠ કરવો, તેમાં ખુબજ ઉપયોગી થશે. વળી સમય સમયના ફોટાઓ જે ઉપલબ્ધ થયા છે. તે વચ્ચે વચ્ચે મૂક્યા છે. તેથી પુસ્તકની શોભામાં અને વિષય સમજમાં ખૂબજ વધારો કરે છે. તેથી સૌને વધુ આનંદપ્રદ થઇ રહેશે, એવી લાગણી થાય છે.

આ ગ્રંથનું ટાઇપ સેટીંગ પ્રુફ શોધવું વગેરે કાર્યમાં આપણા વિદ્વાન સંતોનો સહકાર સાંપળ્યો છે. તો તેમને પણ પરમાત્મા આવીને આવી સેવા કરવાનો ઉત્સાહ તથા હિંમત આપે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

આ સત્સંગિજીવન ગ્રંથ વિદ્વાનોથી લઈ સામાન્યમાં સામાન્ય જનોને પણ ખૂબજ ઉપયોગી થશે. અને સૌને આવકાર્ય થશે એવી અપેક્ષા સાથે, એજ.

**લિ. મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામીના**
**શુભાશિષ સહ જય શ્રી સ્વામિનારાયણ.**

# ભૂમિકા

**શ્રવણં મઙ્ગલં યસ્ય, કીર્તનં યસ્ય મઙ્ગલમ્ ।**
**સ્મરણં મઙ્ગલં યસ્ય, સ હરિર્મઙ્ગલં ક્રિયાત્ ॥**

અખિલ વિશ્વ મંગલકારી મૂર્તિ, સર્વાવતારી સર્વોપરી, અક્ષરધામાધિપતિ, પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાને આ જગતના સર્વે જીવોનું મંગળ કરવા પોતાના દિવ્ય અક્ષરધામ થકી અહેતુકી કૃપા કરીને આ પૃથ્વીપર પોતાનું અવતરણ કર્યું, પચંમ પ્રકરણના અડસઠમાં અધ્યાયમાં સ્વયં ભગવાન શ્રીહરિ બોલે છે.

सर्वे शृणुत भो भक्ताः ! सत्यमेव वचो मम । यूयं जानीय मां नूनमीश्वरं मानुषाकृतिम् ॥२७॥
यदर्थमवतारोयं मनुष्येषु मया धृतः । कार्यं कृतं तत्सकलं, नावशिष्टं हि किञ्चन ॥ २८॥
(શ્લોક. ૨૭-૨૮)

હે સંતો - ભક્તો ! તમે સર્વે અમારું વચન સાંભળો, જે વચન બિલકુલ સત્ય છે. અમે સ્વેચ્છાએ મનુષ્યાકૃતિધારીને આ પૃથ્વી પર પધારેલા સાક્ષાત્ પરમેશ્વર છીએ. જે જે કાર્યો કરવા આ મનુષ્ય યોનિમાં અવતાર ધારણ કર્યો હતો, તે સર્વે કાર્ય પૂર્ણ થયાં છે. તેથી હવે અમે પાછા અમારા અક્ષરધામમાં જાશું. પરમાત્મા આ પૃથ્વી પર અવતાર ધારણ કરે છે. ત્યારે તેમને તેમના એકાંતિક ભક્તોનું સાનિધ્ય બહુ પ્યારું લાગે છે. ભક્તોની સાથે હરવું - ફરવું, ખાવું - પીવું ને ભક્તોના મનોરથો પૂર્ણ કરવા તેમજ ભવિષ્યમાં થનારા મુમુક્ષુ જીવાત્માઓને માટે પોતાના લીલારસનો વિસ્તાર કરવો. તેમાં જ તેમનું તાન હોય છે. કારણ કે તેમણે વિસ્તારેલા લીલારસની અનંતકાળ સુધી જીવાત્માઓના આત્મચૈતન્યમાં નૂતન ચેતનાઓ પ્રગટતી અને પાંગરતી રહે છે ને દેહના અંતે જીવનું બહુ જ રૂડું થાય છે.

શરુઆતમાં ત્રીજા વચનામૃતમાં સ્વયં ભગવાન શ્રીહરિ આવા જ પ્રકારની પરાવાણી ઉચ્ચારે છે કે, ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખજો. તે શા સારું જે જો કદાપિ દેહ મુક્યા સમે ભગવાનની મૂર્તિ ભુલી જવાય તો પણ ભગવાને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સાંભરી આવે તો તેના યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે, અને તે જીવ મોટી પદવીને પામે, અને

તેનું ઘણું રૂડું થાય, આ અવતાર સર્વજીવ હિતાવહ ને સર્વોપરી છે. પૂર્વે ઘણા અવતારો થયા છે. જેમ તીર ફેંકનારો ધનુર્ધારી જેટલું દૂર અને જેવું નાનું મોટું લક્ષ્ય વીંધવા તેટલા પ્રમાણમાં બળપ્રયોગ કરી તીર ફેંકે છે અને લક્ષ્ય સિદ્ધ કરે છે. તેમ અક્ષરધામાધિપતિ પુરુષોત્તમનારાયણે આ પૃથ્વી પર જ્યારે જ્યારે જે જે કાર્યને સિદ્ધ કરવાની જરૂર પડી, ત્યારે ત્યારે તે કાર્યો સિદ્ધ કરવા વરાહાદિક અવતારો દ્વારા તેટલું તેટલું સામર્થ્ય અને તેટલી તેટલી કળાઓ પ્રગટ કરીને તે તે કાર્યો સિદ્ધ કર્યાં. પરંતુ આ વારે તો સ્વયં સંપૂર્ણ સામર્થી વાપરીને સંપૂર્ણ કળાઓ પ્રગટ કરી છે. તે આ સત્સંગિજીવન શાસ્ત્રના વિષય - વિષયીના નિરૂપણથી સમજાય છે.

મૈત્રેય ઋષિનો અવતાર એવા (ગ્રંથકાર સ્વયંના લખવા મૂજબ) ત્રિકાળજ્ઞાની શતાનંદ સ્વામીએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં લક્ષણોને સર્વાંગ પ્રગટ કરતાં ભગવાન શ્રીહરિનાં લીલાચરિત્રોથી સભર આ સત્સંગિજીવન શાસ્ત્રની રચના કરી છે. જનકપુરીમાં જન્મેલા વિષ્ણુદત્ત વિપ્રના પુત્ર શતાનંદ સ્વામી હિમાલયની યાત્રા દરમ્યાન બદરીનારાયણતીર્થને વિષે ભગવાન શ્રીનારાયણની આરાધના કરી તેમને પ્રસન્ન કર્યા, ને પોતાની વિદ્યા સાર્થક કરવાનું વરદાન માગ્યું. ત્યારે ભગવાન શ્રીનારાયણે કહ્યું કે અત્યારે મનુષ્યના સ્વરૂપમાં વિચરતા અમને પશ્ચિમ ભારતના ગુજરાત પ્રદેશમાં સોધીને મળો. ત્યાં તમારો સંકલ્પ સિદ્ધ થશે. અને પછીથી સ્વામી ગુર્જરપ્રાંતમાં આવ્યા. ડભાણને વિષે અનંત જનસમુદાયની વચ્ચે વિરાજતા ભગવાન શ્રીહરિને મળ્યા. ભાવ સમાધિ થઈ, વરદાનથી ત્રિકાળ જ્ઞાન પ્રગટ થયું પોતાના પૂર્વરૂપની ખબર પડી ભગવાન શ્રીહરિની આજ્ઞાથી ગઢપુર આવી આ અદ્વિતીય સર્વશાસ્ત્રોના સારરૂપ સર્વ શાસ્ત્ર શિરોમણી સત્સંગિજીવન શાસ્ત્રની રચના કરી. આ શાસ્ત્રનું સાર્થક નામ "સત્સંગિજીવન" રાખવામાં આવ્યું છે. કારણ કે તે સત્સંગિઓના જીવનરૂપ છે. પંચમ પ્રકરણમાં સ્વામી લખે છે કે

सन्तं तमीशं भुवि संश्रिता ये, सत्संगिनस्ते कथिता हि तेषाम् ।
भवत्यादौ जीवनमेव यस्मात् , तत्सर्वथा सेव्यमिदं सदा तैः ॥ (अ. ७०, श्लोक. ४३)

સદાય સત્ય સ્વરૂપ પરમેશ્વર ભગવાન શ્રીહરિના આશ્રિત જનોને સત્સંગી શબ્દથી કહેલા છે. તેઓને માટે આ શાસ્ત્ર છે તે જીવનરૂપ છે. તેથી

તેઓએ સદાય તેમનું સેવન કરવું. જેમ માછલાનું જીવન જળ છે, તેમ સત્સંગીઓનું જીવન આ શાસ્ત્ર છે. તેથી એકાગ્ર મનથી તેમનું શ્રવણ કરી સત્સંગીઓએ જીવન જીવવું. સત્સંગીઓના જીવન માટે આ ગ્રંથ અમૃત સ્વરૂપ છે. મુક્તાનંદ સ્વામીકૃત માહાત્મ્યના પહેલા અધ્યાયમાં ખુદ શતાનંદ સ્વામી બોલે છે કે :-

अत्यादरेण यैः पीतं, सत्सङ्गिजीवनामृतम् । कालव्यालमहात्रासमुक्तास्ते यान्ति तत्पदम् (४४)

જે મનુષ્ય અતિ આદરપૂર્વક આ સત્સંગિજીવનરૂપી અમૃતનું પાન કરે છે. તેઓ કાળરૂપી મોટા સર્પના ત્રાસથી છૂટી ભગવાનના ધામને પામે છે. અરે........ આખા ગ્રંથ શ્રવણની વાત ક્યાં કરવી ? આ ગ્રંથના માત્ર એક અંશને સાંભળે તો પણ તેમની અસદ્‌ગતિ થતી નથી ને બહુ મોટું ફળ પ્રાપ્ત થાય છે. તે પણ માહાત્મ્યના બીજા અધ્યાયમાં શતાનંદ સ્વામી બોલે છે કે

मुहुर्तं वा तदर्धं वा क्षणं वास्य शुभां कथाम् । ये श्रुणवन्ति नरा भक्त्या, न तेषामास्ति दुर्गतिः ॥
यत्फलं सर्वयज्ञेषु सर्वदानेषु यत्फलम् । भक्त्यास्य श्रवणेनैव तत्फलं विन्दते नरः ॥
(११-१२)

એક મુહૂર્ત અથવા અર્ધુ મુહૂર્ત અથવા એક ક્ષણવાર પણ માણસ જો ભક્તિભાવ પૂર્વક આ સત્સંગિજીવન શાસ્ત્રની કથા સાંભળે તો તેની કોઈ કાળે અસદ્‌ગતિ થતી નથી. એટલું જ નહિ. સર્વપ્રકારના યજ્ઞો કરવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે. તથા સર્વપ્રકારનાં દાનો કરવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે તે સમગ્ર ફળ સ્નેહપૂર્વક આ ગ્રંથની કથા સાંભળવા માત્રથી જ મનુષ્યને પ્રાપ્ત થાય છે. પરંતુ પ્રથમ કથામાં રૂચિ ઉત્પન્ન થવા પૂર્વનાં પૂણ્ય જોઈએ. તે પ્રથમ પ્રકરણના બીજા અધ્યાયમાં સ્વામી લખે છે કે

जन्मांतरसहस्रोत्थो येषां स्यात्पूण्यसञ्चयः । कथायाः श्रवणे बुद्धिस्तेषामेव हरेर्भवेत् ॥८॥

જે મનુષ્યોનાં હજારો જન્મનાં પુણ્ય ઉદય થયાં હોય તેનેજ ભગવાન શ્રીહરિની કથા સાંભળવામાં રુચિ ઉત્પન્ન થાય છે. અને જેને રુચિ ઉત્પન્ન થાય તેનામાંજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિ ગુણો ઉતરે છે. અને જેનામાં આ ગુણો હોય તેને જ પરમાત્માનું પ્રગટ દર્શન થાય છે. સૂર્ય જેમ અંધકારને દૂર કરે. તેમ આ શાસ્ત્રરૂપી સૂર્ય જીવના અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરી હૃદયમાં પ્રકાશ કરે છે.

સ્વધામ ગમન વખતે ભગવાન શ્રીહરિ સંતો અને ભક્તો પ્રત્યે એમ બોલ્યા કે :-

कलौ जनिष्यमाणानां शतानन्देन देहिनाम् । उद्धृत्य कारितो ग्रन्थः समाप्तप्रायः एव सः ॥
स. प्र. प. अ. ६८ श्लोक. १६

કળિયુગને વિષે ભવિષ્યમાં થનારા મનુષ્યોના સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરવા માટે અમે શતાનંદ મુનિ પાસે સત્સંગિજીવન નામના ગ્રંથની રચના કરાવી છે. અને તે ગ્રંથ (દોઢ વર્ષ થયું) ઘણું કરીને સમાપ્ત થવા આવ્યો છે. હવે માત્ર અમારી અંતર્ધાન લીલા બાકી છે. અહીં ભગવાન શ્રીહરિનું એમ કહેવું છે કે અમે અંતર્ધાન થશું પછીથી આ ગ્રંથ સ્વરૂપે જ સર્વને ઉદ્ધાર કરશુ. અર્થાત્ આ ગ્રંથ ભગવાન શ્રીહરિનું વાઙ્મય સ્વરૂપ છે. મુક્તાનંદ સ્વામી માહાત્મ્યમાં લખે છે કે પહેલું પ્રકરણ ભગવાન શ્રીહરિનું મુખ છે. બીજું પ્રકરણ હૃદય છે. ત્રીજું પ્રકરણ ઉદર છે, ચોથું પ્રકરણ જાનું (ઢીંચણ) છે અને પાંચમું પ્રકરણ ભગવાન શ્રીહરિના ચરણ છે.

આ સત્સંગિજીવન શાસ્ત્રની રચના કરવાનો પ્રારંભ શતાનંદ સ્વામીએ સંવત્ ૧૮૮૫ નાં માગસર સુદ ચંપા છઠ્ઠના દિવસથી કર્યો, જેમ જેમ એક એક પ્રકરણની રચના પૂર્ણ થતી ગઇ તેમ તેમ સ્વયં શતાનંદ સ્વામી ભગવાન શ્રીહરિને સમીપે અક્ષર ઓરડીમાં બેસી શુકમુનિના સાનિધ્યમાં એક એક અક્ષરની સ્પષ્ટતા સાથે સંભળાવતા ગયા. અને તેથી જ શુકાનંદ સ્વામીએ ''હેતુ'' નામની ટીકામાં તેમના સમગ્ર ભાવો વિસ્તારથી પ્રગટ કર્યા. આ બાબત પંચમ પ્રકરણમાં સ્વામી સ્વયં લખે છે કે

एकैकं च प्रकरणं कृत्वा संपूर्णमीश्वरम् । तमेव श्रावयामास निजवास स्थितं मुनिः ॥
(अ.६७ श्लो. १८)

સંપ્રદાયના આવા સર્વોત્તમગ્રંથની રચના ભગવાન શ્રીહરિની આજ્ઞા મુજબ જ થઇ છે અને એક એક અક્ષર તેમની નજર હેઠળથી પસાર થયો છે. માત્ર અંતર્ધાન લીલા બાકી રહી હતી. ભગવાન શ્રીહરિના હાર્દસમા આ શાસ્ત્રના ૩૧૯ (ત્રણસો ઓગણિસ) અધ્યાયો છે, અને અનુષ્ટુપ છંદની સંખ્યાથી ગણવામાં આવે તો શ્લોકોની સંખ્યા ૧૭૬૨૭ (સત્તરહજાર છસો સત્તાવીશ) થાય છે. અને સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ પણ માહાત્મ્યમાં આ

જ સંખ્યા લખી છે. સૌ પ્રથમ સંપ્રદાયમાં વડતાલ સંસ્થાનથી આ ગ્રંથ પ્રતના રૂપમાં છપાયો છે. ને સત્સંગમાં ખુબજ પ્રસિદ્ધિને પામેલ છે. વડતાલના સદ્‌ગુરુ હરિજીવનદાસજી સ્વામી દ્વારા કૃત ગુજરાતી અનુવાદ સાથે પાંચ ભાગના પુસ્તકોના રૂપમાં પણ તે છપાયેલ છે. જે સત્સંગમાં ખૂબજ પ્રચલિત છે. છતાં સરળ ગુજરાતી ભાષાંતર થાય તે આજની પેઢીને વધુ અનુકુળ થાય તેમ હોઈ ભુજ મંદિરના સદ્‌ગુરુ મહંત સ્વામીશ્રી પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી અને વડિલ સંતોએ ''શ્રીનરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ'' ના ઉપલક્ષ્યમાં સરળ ગુજરાતી ભાષાંતરવાળા સત્સંગિજીવન શાસ્ત્રને બહાર પાળવાની ઈચ્છા કરી.

એ સરળ ગુજરાતી ભાષાંતર કરવાની સેવાનો ભાગ્યશાળી આશીર્વાદ સાથે મને બનાવ્યો. હું પણ શ્રીજીમહારાજના ચરણોમાં નમસ્કાર કરી, મહંત સ્વામીની તથા પૂજ્ય ગુરુજી તેમજ અન્ય વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદ લઈને આ અગાધ કાર્ય કરવાનો આરંભ કરવાનો સંકલ્પ કર્યો.

આ ગ્રન્થમાં સંતોનો અભિપ્રાય એવો કે શુકાનંદસ્વામીના ''હેતુ'' નામની ટીકાનો આધાર રાખીએ. તો બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાતી અનુવાદસાથે અર્થ-અનુવાદ અને ભાવ તેમજ ઉપયોગી વધુ અર્થ માહિતી શુકસ્વામીની ટીકા આધારીતજ ગ્રહણ કરી છે.

છેલ્લે વાચકમિત્રોમાં સંપ્રદાયના નાના મોટા વિદ્વાનોને મારી નમ્ર વિનંતી છે કે ગુજરાતી ભાષાંતરમાં અર્થ-અન્વય, વાક્ય રચના આદિકમાં જે કંઈ ભૂલ જણાય તેની તત્કાળ લખાણમાં ભુજ મંદિરે જાણ કરવી. જેથી બીજી આવૃત્તિમાં તેનો યોગ્ય સુધારો કરી શકાય.

અંતે શ્રીજીમહારાજ તથા સંતો, ભક્તોના આશીર્વાદની આકંક્ષામાં શ્રીહરિની મૂર્તિનું સુખ અખંડ મળતું રહે એજ અભ્યર્થના સાથે સૌને જય શ્રીસ્વામિનારાયણ.

લી. સત્સંગ સેવક
શાસ્ત્રી વિજ્ઞાનસ્વરૂપદાસના
જયશ્રી સ્વામિનારાયણ.

# સત્સંગિજીવન માહાત્મ્ય
# વિષયાનુક્રમણિકા

**અધ્યાય - ૧** ૨૧

શ્રી મુક્તાનંદ સ્વામી શ્રીહરિનું પ્રથમ ધ્યાનાત્મક મંગલાચરણ કરે છે. માહાત્મ્ય ગ્રંથ રચવાનો હેતુ, અભૂતપૂર્વ સભાનું આયોજન, ગ્રંથકર્તા શતાનંદ સ્વામીનું આગમન, આચાર્યશ્રીઓની કથા શ્રવણની ઇચ્છા, હેમંતસિંહરાજાના પ્રશ્ન સાથે આ ભવ્ય ગ્રંથ માહાત્મ્યનું સવિસ્તર વર્ણન, ગ્રંથ મહિમા, સત્સંગિજીવન એટલે મહાનૌકા, સત્સંગિજીવન એટલે અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર ઝળહળતો સૂર્ય, આ ગ્રંથની કથાના અધિકારી, કથા શ્રવણનું ફળ, કથા શ્રવણનો સમય, વક્તાનાં લક્ષણો, આ ગ્રંથના શ્રોતાઓનાં લક્ષણ, શ્રોતાઓનું કર્તવ્ય અને વક્તાને આપવાનું દાન.

**અધ્યાય - ૨** ૩૨

સત્સંગિજીવન એક જ્ઞાનદીપ, કથા શ્રવણનો વિધિ, નમસ્કાર સાથે વક્તા માટે બોલાતા વિનય વાક્યો, સંપ્રદાયની સભામાં બેસવાની મર્યાદા, વક્તા સર્વનો ગુરુ છે, કથા કોની આગળ ન કહેવી ?, કથા કઇ જગ્યાએ ન કરવી?, તો કઇ જગ્યાએ કથા કરવી ?, કથા સાંભળવાની રીત શું છે ?, કથા શ્રવણના નિયમોનો ભંગ કરનારની શું ગતિ થાય છે ?, વક્તાની સાર સંભાળ.

**અધ્યાય - ૩** ૩૮

અગ્નિના રૂપમાં કથા, સાચો પંડિત, કથા પ્રારંભનો યોગ્ય સમય, શ્રોતાજનોને નિમંત્રણ પત્રિકા મોકલવી, મંડપ અને વ્યાસાસન રચનાની રીત, શાસ્ત્ર સ્વરૂપ ભગવાનનો ધ્યાન મંત્ર, રૂપ માધુરી.

**અધ્યાય - ૪** ૪૮

કથા વિરામના નિયમો, પ્રથમ પ્રકરણ, બીજા પ્રકરણમાં, ત્રીજા પ્રકરણમાં, ચોથા પ્રકરણમાં, પાંચમાં પ્રકરણમ, વક્તાને માટે પરાન્ન પ્રતિગ્રહનો નિષેધ, વક્તા માટે સાવધાન, શ્રોતાઓ માટે સાવધાની, મુખ્ય શ્રોતા માટે થોડું વિશેષ, કથા દરમ્યાન આહારના નિયમો, વક્તા માટેના દાનનો વિધિ.

અધ્યાય - ૫ ૫૪
સપ્તાહ પારાયણમાં પ્રતિદિન વાંચવાના અધ્યાયો, નવાહ પારાયણનો વાંચન ક્રમ, પક્ષ પારાયણનો વાચન ક્રમ, માસ પારાયણનો વાચન ક્રમ, બે માસની પારાયણનો વાચન ક્રમ.

અધ્યાય - ૬ ૫૯
પુરશ્ચરણ કરવાના સ્થળો, એક પુરશ્ચરણની નિયત સંખ્યા અને સમયાવધિ, પુરશ્ચરણ કર્તા માટે સાવધાની, પુરશ્ચરણ કરાવનાર યજમાન માટે સાવધાની, પુરશ્ચરણની સાથે સાથે વિધિ :-
પુરશ્ચરણ દરમ્યાન બ્રહ્મચર્યવ્રતની આવશ્યકતા, પ્રાસંગિક અન્ય પુરશ્ચરણોની સમજ, શિક્ષાપત્રીનું પુરશ્ચરણ, અષ્ટાક્ષરમંત્રનું પુરશ્ચરણ, સર્વમંગલ સ્તોત્રનું પુરશ્ચરણ, જનમંગલ સ્તોત્રનું પુરશ્ચરણ, વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું પુરશ્ચરણ, નારાયણ કવચનું પુરશ્ચરણ, મારુતિમંત્ર પુરશ્ચરણ, વાસુદેવમહાત્મ્ય પુરશ્ચરણ.

અધ્યાય - ૭ ૬૪
ગ્રંથદાનનો વિધિ અને સમય, સત્સંગિજીવન શાસ્ત્રની ઓળખ, ગ્રંથદાનનો પૂજાવિધિ, દાન સ્વીકારનાર વિપ્રની પૂજા, દાનના ત્રણ સંકલ્પ મંત્રો, આ ગ્રંથના દાનનું ફળ.

અધ્યાય - ૮ ૬૬
સભામાં સર્જાયેલા અદ્‌ભૂત આશ્ચર્ય સાથેની સિદ્ધ બ્રાહ્મણની કહાની, સાક્ષાત્ દેખાતા શ્રીહરિ કેવા છે ?

અધ્યાય - ૯ ૭૨
પુણ્યમતિ વિપ્રનું ઐતિહાસિક અદ્‌ભુત વૃત્તાંત, વિપ્રે પ્રત્યક્ષ અનુભવેલાં દુ:ખોનું વર્ણન, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી છેલ્લે વંદનાત્મક ધ્યાન કરે છે, સંતોની પ્રાર્થના

# સત્સંગિ જીવન પ્રથમ પ્રકરણ

## વિષયાનુક્રમણિકા

**વિષય** **પાના નં.**

**અધ્યાય - ૧** ૮૧
મંગલાચરણ, દિવ્ય મૂર્તિ.
દિવ્યમૂર્તિ એજ આ પ્રત્યક્ષ મંગળમૂર્તિ, ગણપતિ વંદના, ગ્રંથ ગૌરવ, વક્તા સુવ્રતમુનિનું જીવન ચરિત્ર, વક્તાશ્રીની સાથે શ્રોતા પ્રતાપસિંહનું મિલન, **સુવ્રતમુનિ અને પ્રતાપસિંહ રાજાનો સંવાદ.**

**અધ્યાય - ૨** ૯૧
વક્તાનું મંગલાચરણ, ગુરુવંદના, રાજાના પ્રશ્નો, શતાનંદ સ્વામીનું જીવન વૃતાંત, **નારાયણ ભગવાનનું દિવ્ય દર્શન.**

**અધ્યાય - ૩** ૯૭
શતાનંદ વિપ્રની સ્તુતિ, શતાનંદવિપ્રનું શ્રીહરિ સાથે પ્રથમ મિલન.

**અધ્યાય - ૪** ૧૦૫
સુવ્રતમુનિ કથાનો પ્રારંભ કરતાં પ્રથમ શ્રીહરિનું સ્મરણ કરે છે, હિમાલય વર્ણન, બદરિકાશ્રમનું વર્ણન, મુનિઓની જીવનચર્યા, બદરીવિશાલાનું વર્ણન.

**અધ્યાય - ૫** ૧૧૮
બદરિકાશ્રમમાં ઋષિઓનું આગમન, મહિમા સાથે પ્રથમ ગંગાસ્નાન, સંત અને સત્સંગનો મહિમા.

**અધ્યાય - ૬** ૧૨૫
શ્રીનારાયણ ભગવાનનું બદરીતળે આગમન, શ્રીનારાયણ ભગાવનનું મુનિઓએ કરેલું પૂજન.

**અધ્યાય - ૭** ૧૨૯
મરિચ્યાદિક મુનિઓ સ્તુતિ કરે છે.

**અધ્યાય - ૮** ૧૩૪
ઋષિઓએ કરેલું ભગવાનની આગળ અધર્મનું નિવેદન, સ્વાગત પ્રશ્નો, સર્વોત્તમ અભયદાન, ભરતખંડની દુર્દશાનું વર્ણન, માતાપિતા ધર્મ-ભક્તિનું આગમન.

**અધ્યાય - ૯** ૧૩૮
દુર્વાસામુનિનું આગમન અને આપેલા શાપનું વર્ણન, દુર્વાસામુનિએ કરેલો અનુગ્રહ.

**અધ્યાય - ૧૦** ૧૪૫
ભારતભૂમિમાં હજારો અસુરોનો જન્મ અને આસુરી પ્રવૃતિ માટે સ્વીકારેલી જુદી જુદી ભૂમિકાઓ.

**અધ્યાય - ૧૧** ૧૫૦
ધર્મદેવ અને ભક્તિદેવીનું પૃથ્વીપર પ્રાગટ્ય.

**અધ્યાય - ૧૨** ૧૫૬
ભક્તિદેવીનું નામકરણ અને સદ્‌ગુણોનું વર્ણન, ધર્મ-ભક્તિનો વિવાહ, પતિવ્રતા-ધર્મનો પ્રભાવ, પુત્ર ધર્મદેવને શિખામણ.

**અધ્યાય - ૧૩** ૧૬૩
ધર્મ-ભક્તિની જીવનચર્યા, રામપ્રતાપજીનો જન્મ, **અસુરોએ કરેલો ઉપદ્રવ,** અસુરોના ત્રાસથી બચવા અયોધ્યા ગમન. કાશીપુરી ગમન, પ્રયાગમાં રામાનંદસ્વામીની સાથે ધર્મદેવનું મિલન.

**અધ્યાય - ૧૪** ૧૬૭
ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીનું જીવન ચરિત્ર, રામશર્માનું આત્માનંદમુનિ સાથે મિલન, સાકારબ્રહ્મનું પ્રતિપાદન કરનાર ગુરુની શોધ, **શ્રી રામાનુજાચાર્યથકી દીક્ષાગ્રહણ અને આચાર્યપદનો સ્વીકાર.**

**અધ્યાય - ૧૫** ૧૭૫

દુર્વાસામુનિના શાપના પ્રભાવે રામાનંદ સ્વામીએ ભોગવેલું અપાર દુઃખ, વૃંદાવનમાં આગમન અને શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષદર્શન, સ્વને ઉધ્ધવસ્વરૂપનું જ્ઞાન અને ઉધ્ધવસંપ્રદાયની સ્થાપના, ઉધ્ધવસંપ્રદાયનું આગવું લક્ષણ.

**અધ્યાય - ૧૬** ૧૮૦

ધર્મદેવે રામાનંદ સ્વામીને ગુરુ તરીકે સ્વીકાર્યા અને મંત્રદીક્ષા ગ્રહણ કરી, ગુરુએ ઉપદેશેલો ભાગવતધર્મ, રામાનંદ સ્વામીએ ધર્મદેવને દીક્ષા આપવાનો આપેલો અધિકાર.

**અધ્યાય - ૧૭** ૧૮૭

ધર્મદેવને અસહ્ય આસુરી પીડાનો ઉપદ્રવ, પતિ પ્રત્યે ભક્તિદેવીનાં વિનયવચનો, પત્ની પ્રત્યે ધર્મદેવનાં ધીરજનાં વચનો, દુઃખનો અંત નહીં દેખાતાં ભક્તિદેવીનું કરુણ રુદન, ધર્મદેવે કરેલી સોળ શ્લોકાત્મક હનુમાનજીની પ્રાર્થના, ધર્મદેવકૃત સત્સંગ પ્રસિદ્ધ નીતિપ્રવીણસ્તોત્ર, હનુમાનજીનું પ્રત્યક્ષ દર્શન, ધર્મ ભક્તિનું વૃંદાવનતીર્થ તરફ પ્રયાણ.

**અધ્યાય - ૧૮** ૧૯૯

ધર્મદેવ અને મરીચ્યાદિ મુનિઓનું વૃંદાવનમાં મિલન, શ્રી કૃષ્ણના પ્રત્યક્ષદર્શન માટે જપાત્મક વિષ્ણુયાગનો પ્રારંભ, ભગવાન શ્રીકૃષ્ણનું સાક્ષાત્ દર્શન.

**અધ્યાય - ૧૯** ૨૦૪

મરીચ્યાદિ મુનિઓની સાથે ધર્મદેવે કરેલી ભગવાનની સ્તુતિ, ભક્તિદેવીએ કરેલી શ્રીકૃષ્ણભગવાનની સ્તુતિ, પુત્રરૂપે પ્રગટ થવાનું શ્રીકૃષ્ણ ભગવાને આપેલું વરદાન, જપાત્મક વિષ્ણુયાગનું ફળ.

**અધ્યાય - ૨૦** ૨૧૨

અસુરોના ભયે ભગવાનના વરદાનને ગુપ્ત રાખવાનો નિર્ણય કરી

ઘર તરફ પ્રયાણ, આસુરી અશ્વસ્થામાનો ધર્મ-ભક્તિને શાપ, ગણપતિવ્રતની પ્રતિજ્ઞા, હનુમાનજીનું પ્રાગટ્ય, હનુમાનજીના ચિરંજીવીપણાનું કારણ, ગર્ભાધાન સંસ્કાર.

**અધ્યાય - ૨૧** ૨૨૩

અસુરોએ શક્તિ મેળવવા વિંધ્યાવાસિની દેવીનું કરેલું પૂજન ઉલટું પડ્યું ને વિનાશનો શાપ મળ્યો, દેવીના શાપનીવારણ માટેની મંત્રણા.

**અધ્યાય - ૨૨** ૨૨૭

સર્ભગા ભક્તિદેવીની શોભાનું વર્ણન અને શ્રીઘનશ્યામ મહારાજનો પાદુર્ભાવ, ભક્તિદેવીના ઉદરમાંથી મહાતેજરૂપે થયેલું ભગવાનનું પ્રાગટ્ય, દેવતાઓએ કરેલી તેજોમય પરમાત્માની સ્તુતિ, મહાતેજના મધ્યે વિરાજિત પરમાત્માનું દર્શન, દેવતાઓએ કરેલી પ્રત્યક્ષ પરમાત્માની સ્તુતિ, ધર્મદેવે કરેલી પ્રગટ પરમાત્માની સ્તુતિ, ધર્મ-ભક્તિને ભગવાને પૂર્વઘટનાનું તાજું કરાવેલું સ્મરણ, ભગવાન થયા બાળકરૂપ, શ્રીહરિની જન્મકુંડલી, જન્મોત્સવની ઉજવણી, જાતકર્મ સંસ્કાર.

**અધ્યાય - ૨૩** ૨૪૬

હનુમાનજી દ્વારા કૃત્યાઓ થકી બાલપ્રભુ શ્રીહરિનું રક્ષણ, રક્ષણાર્થે કુળદેવનું આગમન, હનુમાનજી દ્વારા કૃત્યાઓને મેથીપાક, ઉપરોક્ત બાળલીલાનું ફળ કથન.

**અધ્યાય - ૨૪** ૨૫૫

બાલશ્રીહરિના શાસ્ત્રીય સંસ્કારોનું વર્ણન, પારણિયાનો સંસ્કાર, પયઃપાન સંસ્કાર, નામકરણ સંસ્કાર, શ્રીહરિના સદ્‌ગુણોનું વર્ણન.

**અધ્યાય - ૨૫** ૨૬૧

શ્રીહરિના સંસ્કારોની કથા, ભૂમિ-ઉપવેસન સંસ્કાર, કર્ણવેધ સંસ્કાર, અન્નપ્રાશન સંસ્કાર, વૃત્તિપરીક્ષા, રામપ્રતાપભાઈનો વિવાહ, ઘનશ્યામના પ્રથમ જન્મોત્સવની ભવ્ય ઉજવણી, ચૌલકર્મ સંસ્કાર.

**અધ્યાય - ૨૬** ૨૬૭
શ્રીહરિએ મહા અસુરગુરુ કાલિદત્તનો મોક્ષ કર્યો, ધર્મ-ભક્તિ આદિ ગામવાસીઓએ આરંભેલી બાળકોની શોધ, બાર માતાઓ માટે બાર સ્વરૂપે શ્રીહરિ.

**અધ્યાય - ૨૭** ૨૭૮
ધર્મ પરિવારનું પુણ્યક્ષેત્રમાં નિવાસાર્થે છપૈયાથી અયોધ્યાપુર ગમન, મુક્તિપ્રદ અયોધ્યાનગરીનું વર્ણન, પિતાનું અનુકરણ કરતા શ્રીહરિ, બાળશ્રીહરિનું મહાપંડિત જેવું વર્તન.

**અધ્યાય - ૨૮** ૨૮૫
શ્રીઘનશ્યામ પ્રભુનો વિદ્યારંભ, ઈચ્છારામભાઈનો જન્મ, શ્રીહરિનો દૈનિક ક્રમ અને શ્રીરામચંદ્ર ભગવાનની પૂજા, શ્રીરામચંદ્ર સ્તુતિ-અષ્ટક.

**અધ્યાય - ૨૯** ૨૯૨
શરણે આવેલા પુરુષોને આચાર્યપદે રહેલા ધર્મદેવે કૃષ્ણમંત્રની દીક્ષા આપી, ધર્મદેવની સમાજસુધારક પ્રવૃત્તિ, સ્ત્રીઓના આચાર્યપદે ભક્તિદેવીની વરણી.

**અધ્યાય - ૩૦** ૨૯૬
શ્રીહરિનો યજ્ઞોપવીત સંસ્કાર, પિતા ધર્મદેવે પુત્ર શ્રીહરિને કરેલ બ્રહ્મચારીના ધર્મનો ઉપદેશ, ગાયત્રીમંત્રનો ઉપદેશ, પિતાનાં ઉપદેશ વચનો.

**અધ્યાય - ૩૧** ૩૦૫
શ્રીહરિએ કેરલો અવતાર પ્રયોજનનો વિચાર અને માત્ર વેદાધ્યયનના મિષથી ઘરમાં નિવાસ, સત્શાસ્ત્રના સારરૂપ ગુટકાની રચના, દંભીઅસુરોનો કરેલો પરાભવ, ભક્તિમાતાએ સ્વીકારેલી અંતિમ તાવની બિમારી, શ્રીહરિએ માતાને આપેલું સ્વ-સ્વરૂપનું જ્ઞાન.

**અધ્યાય - ૩૨** ૩૧૨

મા પ્રેમવતીના પ્રશ્નથી શ્રીહરિગીતાનો પ્રારંભ, આત્યંતિક મોક્ષનું સાધન શરણાગતિ, પરમાત્માને શરણે જવાની રીત અને તેનું ફળ, વિસ્તારપૂર્વક જાણવા માપ્રમવતીનો પુનઃ પ્રશ્ન, શરણું લેવા યોગ્ય સત્પુરૂષોનાં લક્ષણો.

**અધ્યાય ૩૩** ૩૧૯

ભક્તિના અંગભૂત ધર્મનું નિરૂપણ, ચારેવર્ણના સાધારણ અને વિશેષધર્મો, ચારેવર્ણની આજીવિકાનાં સાધન, બ્રહ્મચર્યાશ્રમના સાધારણધર્મો, ગૃહસ્થાશ્રમના સાધારણધર્મો, સ્થાવરસૃષ્ટિમાં પીપળો અને જંગમમાં સાચો ભગવદ્ભક્ત સર્વશ્રેષ્ઠ, પુનઃ ગૃસ્થાશ્રમના સાધારણધર્મનું વર્ણન, ધનાઢ્ય ગૃહસ્થના વિશેષધર્મ, સધવા-વિધવા નારીઓના સાધારણધર્મો, વાનપ્રસ્થાશ્રમના સાધારણધર્મો, સંન્યાસાશ્રમના સાધારણધર્મો, વૈરાગ્યવાન માટે કળિયુગી વ્યવસ્થા.

**અધ્યાય ૩૪** ૩૩૦

ભક્તિના અંગભૂત જ્ઞાનનું નિરૂપણ, આત્મસ્વરૂપનું જ્ઞાનનિરૂપણ, પરમાત્મસ્વરૂપનું જ્ઞાનનિરૂપણ, બ્રહ્માંડોનો ઉત્પત્તિ ક્રમ શ્રી વૈરાટપુરુષની ઉત્પત્તિ, સર્વના નિયંતા સમ્રાટ એક પરમાત્મા છે.

**અધ્યાય - ૩૫** ૩૩૮

ભક્તિના અંગભૂત વૈરાગ્યનું નિરૂપણ, વૈરાગ્ય-ઉત્પત્તિનાં કારણો, પાપનું મૂળ સગા-સંબંધીમાં આસક્તિ, પાપકર્મોનું ફળ યમયાતના, મુખ્ય નર્કના કુંડોનાં નામ, જેવું પાપ તેવું નરક, પુનઃ પુનઃ ભવભટકણ.

**અધ્યાય - ૩૬** ૩૪૫

નવ સાધન ભક્તિ અને દશમી પ્રેમલક્ષણા ભક્તિનું વિવેચન, શ્રવણ ભક્તિ, કીર્તન ભક્તિ, સ્મરણ ભક્તિ, પાદસેવન ભક્તિ, અર્ચન ભક્તિ, **પૂજામાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ભેદ,** વંદન ભક્તિ, દાસ્ય ભક્તિ, સખા ભક્તિ, આત્મનિવેદન ભક્તિ, સકામ ભક્તો, નિષ્કામ

ભક્તો, દશમી પ્રેમલક્ષણા ભક્તિ, એકાંતિક ભક્તની રીત જગતથી ન્યારી, હરિગીતાના શ્રવણપછી મા ભક્તિનો નિર્ણય.

**અધ્યાય - ૩૭** ૩૫૯

ભક્તિમાતાએ શ્રીહરિની સ્તુતિ કરી, ભગવાન શ્રીહરિની મનુષ્યરૂપની માધુરી, મા ભક્તિને આત્મસ્વરૂપનું દર્શન, શ્રીહરિની દિવ્યરૂપ માધુરી, **ભક્તિમાતાએ કરેલી શ્રીહરિની સ્તુતિ,** મા ભક્તિનો દેહત્યાગ અને દિવ્યગતિ.

**અધ્યાય - ૩૮** ૩૬૬

પિતા ધર્મદેવને શ્રીહરિએ પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું, ધર્મદેવે સ્વીકારી અંતિમ તાવની બિમારી, શ્રીહરિની ધર્મદેવે કરેલી સ્તુતિ સહ પ્રાર્થના.

**અધ્યાય - ૩૯** ૩૭૧

ધર્મદેવે બન્ને પુત્રોને વારસામાં જ્ઞાનનો ઉપદેશ કર્યો, ધર્મદેવે કર્યું શ્રીહરિવિષેનું ભવિષ્યકથન, ધર્મદેવની ભાગવતકથાશ્રવણની અંતિમ ઈચ્છા પૂર્ણ થઈ.

**અધ્યાય - ૪૦** ૩૭૬

શ્રીહરિના અનુગ્રહથી ધર્મદેવની દુર્વાસામુનિના શાપ થકી મુક્તિ, રામપ્રતાપજીદ્વારા ધર્મદેવની વિધિપૂર્વકની ઉત્તરક્રિયા.

**અધ્યાય - ૪૧** ૩૮૨

રામપ્રતાપજીએ કરેલી ધર્મદેવની ઔર્ધ્વદૈહિક ક્રિયા.

**અધ્યાય - ૪૨** ૩૮૫

ગૃહત્યાગ કરવાની ઈચ્છાથી શ્રીહરિએ કરેલ ગણપતિનું સ્તવન, ગણપતિ-અષ્ટક, શ્રીહરિનું ઘરથકી મહાભિનિષ્ક્રમણ, વનવિહારી નીલકંઠનું અલૌકિકદર્શન, સરયુમાં તણાતા વર્ણી, કુળદેવ હનુમાનજીનું આગમન, ધનુષમાંથી છૂટતા બાણ જેવી વર્ણીની તીવ્ર ગતિ, પ્રથમ

ગોકુલાષ્ટમીની અંધારી રાત.

**અધ્યાય - ૪૩** ૩૯૫

વટવૃક્ષવાસી કાળભૈરવાદિ ભૂતાવળને હનુમાનજીએ ચખાડ્યો મેથીપાક, હનુમાનજીની સેવાથી અતિપ્રસન્ન શ્રીહરિ, વર્ણીનું શ્યામગિરિથી શ્વેતગિરિપર આગમન, વર્ણીને મૂર્તિમાન હિમાલયે દેખાડ્યો માર્ગ, પ્રસિદ્ધ પુલહાશ્રમમાં પ્રેમવતીપુત્રનું પવિત્રપાદાર્પણ,

**અધ્યાય - ૪૪** ૪૦૧

પુલહાશ્રમમાં શ્રીહરિએ તપશ્ચર્યા કરી સૂર્યનારાયણને પ્રસન્ન કર્યા, વર્ણીએ એકપગે ઊભા રહી કરેલું તીવ્રતપ, શ્રીહરિના તીવ્રતપથી દુઃખી થયલાં ભક્તહૃદયો, ભુવનભાસ્કરનું પ્રત્યક્ષ દર્શન, શ્રીનીલકંઠવર્ણીકૃત સૂર્યદેવ સ્તુતિ, સૂર્યદેવપાસેથી વર્ણીએ માગેલાં વરદાની વચનો, સૂર્યદેવની વિજ્ઞાનવાણી.

**અધ્યાય - ૪૫** ૪૦૭

શ્રીહરિના વિયોગથી અયોધ્યામાં સંબંધીજનોએ કરેલો વિલાપ, વર્ણીનું મુક્તનાથથી દક્ષિણદિશા તરફ પ્રયાણ, માયારાણીના બુટોલનગરમાં વર્ણીનું આગમન, ગોપાળયોગીસાથે વર્ણીનું મિલન, વર્ણીએ સાધ્યો અષ્ટાંગયોગ, ગોપાળયોગીદ્વારા કરાવી ગાયોની રક્ષા, ગોપાળયોગીને સ્વ-સ્વરૂપનું જ્ઞાન આપીને સિધ્ધગતિ આપી, વર્ણીએ કર્યાં આદિવરાહતીર્થમાં દર્શન.

**અધ્યાય - ૪૬** ૪૧૬

ગોપાલદાસની રક્ષા કરી, સિદ્ધોનું અભિમાન ઉતાર્યું અને તૈલંગદેશી વિપ્રને સુખી કર્યો, **સીરપુરશહેરમાં વર્ણીનું આગમન,** સિધ્ધોનો દંભ ઉઘાડો પાડવા વર્ણીએ કરી ઈચ્છા, વર્ણીના સેવક ગોપાળદાસ સિધ્ધોની ઈર્ષ્યાનો ભોગ બન્યા, વર્ણીરાજે કરેલી ગોપાળદાસની રક્ષા, તૈલંગદેશના વિપ્રની કરેલી રક્ષા.

**અધ્યાય - ૪૭** ૪૨૨
કામાક્ષીદેવીનાં મંદિર સમીપે મહાતાંત્રિક પિબેકનો ગર્વ ઉતાર્યો, કુસંગનો પ્રબળ પ્રભાવ, અંતે પિબેક શ્રીહરિને શરણે.

**અધ્યાય - ૪૮** ૪૩૦
નવલખા પર્વત ઉપર નવલાખ યોગીઓને નવલાખરૂપે દર્શન, વડવાકુંડતીર્થમાં આગમન, ગંયાસાગરે કપિલાશ્રમમાં પધરામણી, જગન્નાથપુરીમાં શ્રીહરિનું આગમન, અસુરોનું મૂળ ઉખેડવા વર્ણીએ કરેલો સંકલ્પ, દૈવીજીવોને બચાવી લેવા વર્ણીનો પ્રયાસ, અસુરોમાં પડી પરસ્પર ફૂટ, મંડાયું ઘમાસણયુધ્ધ, અત્યાચારીઓનો બૂરો અંત, અશ્વત્થામાનો શાપ રહ્યો અકબંધ.

**અધ્યાય - ૪૯** ૪૪૧
નીલકંઠવર્ણી દક્ષિણ ભારતની યાત્રાએ, પથ્થરના વરસાદમાં પણ વર્ણીનો અદ્ભૂત બચાવ, સત્રધર્મરાજા શ્રીહરિને શરણે, વર્ણીરાજનું વેંકટાદ્રિ, શિવકાંચી, વિષ્ણુકાંચી, અને શ્રીરંગક્ષેત્રમાં આગમન, સેતુબંધ રામેશ્વરમાં પધરામણી, સુંદરરાજતીર્થથી ભૂતપુરી તરફ પ્રયાણ, પાર્વતીજીએ કર્યો સાથવો અર્પણ, પરિચયની સાથે શિવજીએ આપ્યાં દિવ્યદર્શન, શિવસ્તુતિ, જગદંબાસ્તુતિ, ઉમા-મહેશ્વરે કરેલી શ્રીહરિની સ્તુતિ.

**અધ્યાય – ૫૦** ૪૫૫
શ્રીનીલકંઠવર્ણી ભૂતપુરી, કન્યાકુમારી, જનાર્દન, આદિકેશવ અને સાક્ષીગોપાલ તીર્થના દર્શને પધાર્યા, કિષ્કિન્ધાથી પંઢરપુરતીર્થમાં આગમન, વર્ણીરાજનો ગુજરાતપ્રાંતમાં પ્રવેશઈ, તીર્થપ્રવાસી વર્ણીરાજની સ્થિતિ અને રીતિનું વર્ણન, લોજની વાવપર અવતારીનું આગમન.

**અધ્યાય - ૫૧**
લોજની વાવ ઉપર સુખાનંદ સ્વામી સાથે મેળાપ, મુક્તાનંદસ્વામી ૪૬૦

સાથે મેળાપ, આશ્ચર્યકારીમૂર્તિ વર્ણીરાજ, વર્ણીરાજે પૂછ્યા પાંચ પ્રશ્નો, **જીવનું સ્વરૂપ,** ઈશ્વરનું સ્વરૂપ, માયાનું સ્વરૂપ, બ્રહ્મનું સ્વરૂપ, પરબ્રહ્મનું સ્વરૂપ.

**અધ્યાય - ૫૨** ૪૬૭
મુક્તાનંદ સ્વામી અને વર્ણીરાજનો સંવાદ, શ્રીરામાનંદસ્વામીનો મહિમા, ભગવાન શ્રીકૃષ્ણનું આપેલું ગુરુપદ, શ્રીવર્ણીરાજનો સત્સંગમાંજ રોકાઈ જવાનો દૃઢ ઠરાવ, મુક્ષુક્ષુઓને સત્સંગમાં રહેવાની શિખવાડેલી રીત, પરમેશ્વરના રૂપમાં શ્રીહરિનું સંતોને દર્શન, અંતર્યામીપણાનું અને યોગકળાનું પ્રકટન.

**અધ્યાય - ૫૩** ૪૭૪
ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન માટે અધીરા થયેલા શ્રીહરિ, મુક્તાનંદ સ્વામીનો પત્ર.

**અધ્યાય - ૫૪** ૪૮૧
નીલકંઠ વર્ણીએ ભુજ રામાનંદ સ્વામી ઉપર લખેલો પત્ર.

**અધ્યાય - ૫૫** ૪૯૦
પત્રોવાંચી ગદ્ગદ્ થયેલા શ્રીરામાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામી તથા નીલકંઠવર્ણી ઉપર પત્ર લખી મોકલ્યો, શ્રી રામાનંદ સ્વામીનો પત્ર.

**અધ્યાય - ૫૬** ૪૯૯
રામાનંદ સ્વામી કચ્છ-ભુજથી નીકળી પીપલાણા ગામે પધાર્યા. શ્રીરામાનંદ સ્વામી અને શ્રીનીલકંઠવર્ણીનો પ્રથમ મેળાપ, પૃથ્વીના ઈતિહાસનું પ્રથમ અદ્ભૂત દૃશ્ય.

**અધ્યાય - ૫૭** ૫૦૪
રામાનંદસ્વામીએ નીલકંઠવર્ણીને પરિચય પૂછ્યો, શ્રીરામાનંદ સ્વામીને જ ગુરુપણે સ્વીકારવાનો વર્ણીનો નિર્ણય, બાલયોગીના દર્શને ઉમટ્યો ભક્તસમુદાય, રામાનંદસ્વામીએ વર્ણીરાજની સમીપની સેવામાં કરેલી નિયુક્તિ, વર્ણીરાજને શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન, વર્ણીરાજની મહાદીક્ષા

પ્રદાનની ગુરુપાસે પ્રાર્થના.

**અધ્યાય - ૫૮** **૫૧૧**

શ્રીહરિની મહાદીક્ષાનો વિધિ, વર્ણીરાજને અર્થે સહિત મહામંત્રનો ઉપદેશ, શ્રીવર્ણીરાજનું સાર્થક દિક્ષાનામકરણ, **ગુરુએ આપ્યું શ્રીકૃષ્ણ દર્શનનું વરદાન.**

**અધ્યાય - ૫૯** **૫૧૮**

શ્રીહરિનું રામાનંદસ્વામી સાથે સોરઠ પ્રાંતમાં વિચરણ, શ્રીહરિને ધર્મધુરા સોંપવાની રામાનંદસ્વામીએ કરેલી ઈચ્છા, **જેતપુરમાં આનગમન, શ્રીહરિના સદ્‌ગુણોનું વર્ણન,** ધર્મધુરા સ્વીકારવાની શ્રીહરિએ દર્શાવેલી અનિચ્છા, શ્રીહરિને સમજાવવા રામાનંદસ્વામીનો પ્રયત્ન, શ્રીહરિએ કર્યો ગુરુના વચનનો સ્વીકાર, શ્રીહરિએ માગેલાં વરદાનો, ગુરુને આપ્યું સ્વસ્વરૂપનું સત્યજ્ઞાન.

**અધ્યાય - ૬૦** **૫૩૧**

ફણેણી ગામમાં શ્રીરામાનંદસ્વામીની અંતર્ધાન લીલા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

सद्गुरु श्रीमुक्तानन्दस्वामिविरचितम्

# ॥ श्रीमत् सत्संगिजीवनमाहात्म्य ॥

**अध्याय - १**

जुष्टो मुक्त गणैर्निजाक्षरपदे दिव्याकृतिः सादरं यो भक्तौ प्रकटीबभूव दयया धर्माज्जनश्रेयसे ।
अत्रोन्मूलयितुं त्वधर्ममवितुं साधूंश्च धर्मं शुभं ध्याये तं हरिमीश्वरेश्वरमहं सद्बुद्धिदं सर्वदा ॥१॥
योऽकारयच्छतानन्दमुनिना जनमुक्तये । सत्सङ्गिजीवनग्रन्थं तं हरिं नौमि धर्मजम् ॥२॥

---

## સદ્ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીવિરચિત શ્રીમત્સત્સંગિજીવનમાહાત્મ્યનું સરળ ગુજરાતી ભાષાંતર

અધ્યાય - ૧

**સદ્ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી શ્રીહરિનું પ્રથમ ધ્યાનાત્મક મંગલાચરણ કરે છે :-**

સદ્બુદ્ધિને આપનારા શ્રીહરિનું હું સદાય ધ્યાન કરું છું. આ શ્રીહરિ ઈશ્વરોના પણ ઈશ્વર છે. પોતાના અક્ષરધામમાં દિવ્ય સ્વરૂપને ધારણ કરી અખંડ વિરાજે છે. મુક્તોના મંડળો આદરપૂર્વક જેમનું સદાય સેવન કરે છે. એજ ભગવાન દયાએ કરીને આ પૃથ્વી પર અધર્મને નિર્મૂળ કરવા, સાધુ અને શુભ ધર્મનું સંરક્ષણ કરવા તેમજ મનુષ્યોનું કલ્યાણ કરવા ધર્મદેવથકી ભક્તિદેવીને ત્યાં પ્રગટ થયા છે.[૧]

જેણે ભાવિ મુમુક્ષુજનોના મોક્ષ માટે શતાનંદમુનિ પાસે સત્સંગિજીવન નામે ગ્રંથની રચના કરાવી છે એવા ધર્મનંદન શ્રીહરિને હું નમસ્કાર કરું છું.[૨]

सत्सङ्गिजीवनग्रन्थमाहात्म्यं तस्य तुष्टये । कुर्वे चैकान्तभक्तानां मुक्तानन्दोऽहमादरात् ॥३॥
श्रीमद्दुर्गपुरे दुर्गे भूपतेरुत्तमस्य च । रमणीयेऽतिविस्तीर्णे श्रीगोपीनाथमन्दिरे ॥४॥
श्रीमद्धरितिरोधानलीलानन्तरमेकदा । आसीत्कतिषुचिन्मास्सु यातेषु महती सभा ॥५॥
तत्रायोध्याप्रसादाख्यो रघुवीराभिधः सुधीः । आचार्यः साधवस्तस्थुर्मन्मुखाः सर्वशश्च ये ॥६॥
मुकुन्दानन्दमुख्या ये नैष्ठिका ब्रह्मचारिणः । मयारामादयश्चान्ये गृहिणो हरिसंश्रिताः ॥७॥
इति स्थितां सभां श्रृत्वा शतानन्दो महामुनिः । हरिध्यानकृतैकाग्रमनास्तत्रागमन्मुदा ॥८॥
तं दृष्ट्वोत्थाय सभ्यास्ते त्वायान्तं रुचिरासने । मुदोपवेशयामासुर्वेदशास्त्रविशारदम् ॥९॥
ततः प्रोचतुराचार्यौ तं हरेराज्ञया मुने ! सत्सङ्गिजीवनग्रन्थो मोक्षहेतुस्त्वया कृतः ॥१०॥
तं वयं श्रोतुमिच्छामो भवतः पुरुमेधसः । यदत्र जन्मसाफल्यं कथानां श्रवणाद्धरेः ॥११॥

---

**માહાત્મ્ય ગ્રંથ રચવાનો હેતુ :–** આ સત્સંગિજીવન ગ્રંથનું માહાત્મ્ય ભગવાન શ્રીહરિ અને તેમના એકાંતિક ભક્તોની પ્રસન્નતા માટે મુક્તાનંદ નામે હું આદરથી રચું છું. [૩]

**અભૂતપૂર્વ સભાનું આયોજન :–** શ્રીહરિના નિવાસના કારણે અપૂર્વ શોભાસંપન્ન-ગઢપુરમાં ઉત્તમરાજાના દરબારમાં શ્રીગોપીનાથજી મહારાજના અતિશય વિશાળ, રમણીય મંદિરમાં શ્રીહરિના અંતર્ધાન થયા બાદ કેટલાક મહિનાઓ પછી એક સમયે મોટી સભાનું આયોન થયું. ૪-૫

તે સભામાં આચાર્યને શોભાવે તેવા સદ્‌બુદ્ધિમાન શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રીરઘુવીરજી મહારાજ, તેમજ હું (મુક્તાનંદ) આદિ સર્વે સંતો, મુકુન્દાનંદ આદિ સર્વે બ્રહ્મચારીઓ અને મયારામ આદિ શ્રીહરિના આશ્રિત ગૃહસ્થ ભક્તો યથા યોગ્ય સ્થાને બેઠા હતા. [૬-૭]

**ગ્રંથકર્તા શતાનંદ સ્વામીનું આગમન :–** શ્રીહરિના ધ્યાનમાં મનને એકાગ્ર કરનાર મહામુનિ શતાનંદ સ્વામી ‘અપૂર્વ મહાસભાનું આયોજન થયું છે, એમ જાણી હર્ષપૂર્વક ત્યાં આવ્યા. વેદાદિ સત્શાસ્ત્રમાં પ્રવીણ શતાનંદ સ્વામીને આવતા જોઇ સભામાં ઉપસ્થિત સર્વે ઊભા થયા અને તેમને સુંદર આસન પર હર્ષથી બેસાડ્યા. [૮-૯]

**આચાર્યશ્રીઓની કથા શ્રવણની ઇચ્છા :–** ત્યારપછી આચાર્યશ્રીઓ તેમના પ્રત્યે કહેવા લાગ્યા કે હે મુનિ ! તમોએ શ્રીહરિની આજ્ઞાથી મોક્ષને આપનાર ‘સત્સંગિજીવન’ નામના ગ્રંથની રચના કરી છે.મહામેધાવી

इत्थं तद्वचनं श्रुत्वा शतानन्दः प्रहर्षितः । श्रावयामास तं प्रीत्या स तानेकाग्रचेतसः ॥१२॥
नृपतेरुत्तमस्यैव दुर्गे संशोभिते वरे । मण्डपे शुश्रुवुः पुण्यां तत्कथां ते तदाननात् ॥१३॥
तत्समाप्तौ च जातायामेकदा सदसि स्थितम् । हेमन्तसिंहस्तं राजा पप्रच्छैकान्तिको हरेः ॥१४॥
सत्सङ्गिजीवनाख्यस्य त्वत्कृतस्य महामुने ! । ग्रन्थवर्यस्य माहात्म्यं मह्यं शुश्रूषवे वद ॥१५॥
अधिकारः श्रुतौ तस्यकस्य वा तत्र किं फलम् । देशे च कीदृशे काले कार्यं तच्छ्रवणं मुने !॥१६॥
कीदृशोऽस्य भवेद्वक्ता श्रोतारः स्युश्च कीदृशाः । तं श्रुत्वा तत्समाप्तौ च किं देयं वद तन्मुने ! ॥१७॥
इत्थं जिज्ञासुना राज्ञा पृष्टस्तेन महादरात् । प्रसन्नस्तमुवाचेदं शतानन्दो महामुनिः ॥१८॥

**शतानन्दमुनिरुवाच –**

साधु पृष्टं त्वया राजन् ! सर्वप्राणिहितावहम् । तदुत्तरमहं कुर्वे भवत्प्रश्नानुसारतः ॥१९॥

---

**આપના મુખેથી અમે એ ગ્રંથની કથા સાંભળવા ઈચ્છીએ છીએ. કારણકે આ લોકમાં મનુષ્યજન્મની સફળતા ભગવાનની કથા સાંભળવાથી જ થાય છે. ૧૦-૧૧**

**આ પ્રમાણે આચાર્યશ્રીઓનું વચન સાંભળી શતાનંદ સ્વામી અતિ હર્ષ પામ્યા અને એકાગ્રચિત્તવાળા તે સર્વેને પ્રેમથી સત્સંગિજીવન ગ્રંથની કથા સંભળાવી. અને તે સર્વે ભક્તજનોએ ઉત્તમરાજાના દરબારમાં સજાવેલા શ્રેષ્ઠ સભામંડપમાં તેમના મુખેથી આ પૂણ્યકારી કથાનું શ્રવણ કર્યું. ૧૨-૧૩**

**હેમંતસિંહરાજાના પ્રશ્ન સાથે આ ભવ્ય ગ્રંથ માહાત્મ્યનું સવિસ્તર વર્ણન :–** **એ કથાની સમાપ્તિ બાદ એક વખત સભામાં બેઠેલા શતાનંદ સ્વામીને શ્રીહરિના એકાંતિક ભક્ત હેમંતસિંહ રાજાએ હાથ જોડીને પ્રશ્ન કર્યો. હે મહામુનિ ! આપે રચેલા ગ્રંથરાજ સત્સંગિજીવન ગ્રંથનું માહાત્મ્ય સાંભળવા ઈચ્છું છું. આપ મને એ માહાત્મ્યની કથા સંભળાવો. ૧૪-૧૫**

**હે મુનિ ! આ ગ્રંથના શ્રવણમાં કોને અધિકાર છે ? ગ્રંથને સાંભળવાનું ફળ શું છે ? આ ગ્રંથનું શ્રવણ કેવી જગ્યાએ બેસીને કયા સમયે કરવું જોઈએ ? હે મુનિ ! આ ગ્રંથની કથા કરનારા વક્તાનાં લક્ષણ કેવાં હોવાં જોઈએ ? અને શ્રોતાઓનાં લક્ષણ કેવાં હોવાં જોઈએ ? આ ગ્રંથની કથાનું શ્રવણ કરી વાંચનાર વક્તાને શું આપવું જોઈએ ? ૧૬-૧૭ આ પ્રમાણે જિજ્ઞાસુ હેમંતસિંહ રાજાએ મોટા આદરથી પૂછ્યું તેથી મહામુનિ શતાનંદ સ્વામી પ્રસન્ન થયા અને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧૮**

**શતાનંદ સ્વામી કહે છે, હે રાજન્ ! તમે બહુજ સારો પ્રશ્ન કર્યો છે.**

इतिहासपुराणानां वेदानां साङ्ख्ययोगयोः । स्मृतीनामपि सर्वासां वेदान्तस्य च भूपते ! ॥२०॥
अस्ति रामायणादीनां सच्छास्त्राणामिदं श्रुतम् । साररूपमतिश्रेष्ठं भवभीतिनिवर्तनम् ॥२१॥
यत्रात्यन्तिकनिःश्रेयोहेतुरेकान्तकाभिधः । अतिस्पष्टतया धर्मो वर्णितः पापनाशनः ॥२२॥
श्रीमद्धरितिरोधानानन्तरं त्वियमेव हि । वर्तते नौर्भवाम्भोधेस्तरणाय शरीरिणाम् ॥२३॥
ईशब्रह्मपरब्रह्ममायाजीवात्मनामिदम् । अस्त्येवाज्ञानतिमिरध्वंसभास्करसन्निभम् ॥२४॥
श्रवणेनास्य शास्त्रस्य बुध्यते श्रोतृभिर्जनैः । रहस्यं सर्वशास्त्राणां याथार्थ्येनातिदुर्गमम् ॥२५॥
अनुग्रहाद्धरेः शास्त्रं शुभमेतत्तदाज्ञया । तत्समीपनिवासेन कृतं क्षोणिपते ! मया ॥२६॥
एतन्मत्तो हरिः श्रुत्वा श्रीमुखेनेत्थमब्रवीत् । रमणीयमिदं शास्त्रं सर्वशास्त्रशिरोमणिः ॥२७॥

---

**તમારો આ પ્રશ્ન સર્વજીવનું હિત કરનાર છે. તમારા પ્રશ્ન અનુસાર હું તમને ઉત્તર આપું છું.** [૧૮-૧૯]

**ગ્રંથ મહિમા :–** હે રાજન્ ! આ સત્સંગિજીવન સત્શાસ્ત્ર તો ઇતિહાસ, પુરાણો, વેદ, સાંખ્ય, યોગ, સર્વે સ્મૃતિ રૂપે રહેલાં ધર્મશાસ્ત્રો, વેદાંત, રામાયણ આદિ સત્શાસ્ત્રોના સારરૂપ સર્વોત્તમ છે, અને સંસારના ભયને નાશ કરનાર છે. [૨૦-૨૧] આ ગ્રંથમાં આત્યંતિક મોક્ષના હેતુરૂપ એટલે કે- સાધનરૂપ તેમજ પાપને બાળી નાખનાર એકાંતિક ધર્મનું અતિશય સ્પષ્ટપણે વર્ણન કરેલું છે. [૨૨]

**સત્સંગિજીવન એટલે મહાનૌકા :–** શ્રીમાન્ શ્રીહરિની અંતર્ધાનલીલા પછીના સમસ્ત શરીરધારીઓને આ સંસાર સાગર તરવા માટે આ ગ્રંથ નૌકારૂપ છે. [૨૩]

**સત્સંગિજીવન એટલે અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર ઝળહળતો સૂર્ય :–** ઈશ્વર, બ્રહ્મ, પરબ્રહ્મ, માયા અને જીવોના સ્વરૂપ સંબંધી સમજ ન હોવારૂપ અજ્ઞાન અંધકારનો વિનાશ કરવામાં આ ગ્રંથ સૂર્ય સમાન છે. આ શાસ્ત્રનું શ્રવણ કર્યા પછી શ્રોતાજનો અન્ય સર્વ શાસ્ત્રોનું અતિશય દુર્ગમ રહસ્ય પણ યથાર્થ જાણી શકે છે. હે પૃથ્વીપતિ ! શ્રીહરિના અનુગ્રહથી અને તેમની આજ્ઞાથી તેમની સમીપે જ નિવાસ કરીને મેં આ શુભ શાસ્ત્રની રચના કરી છી. [૨૪-૨૬]

**આ ગ્રંથ માટે શ્રીમુખના વખાણ :–** આ સંપૂર્ણ શાસ્ત્રનું મારા થકી શ્રવણ કર્યા પછી શ્રીહરિ શ્રીમુખે આ પ્રમાણે બોલ્યા કે- આ રમણીય સત્સંગિજીવન શાસ્ત્ર સર્વશાસ્ત્રોમાં શિરોમણિ છે. એટલાજ માટે જન્મ-મરણરૂપ ભવરોગને નાશકરનારા સર્વ શાસ્ત્રોના સમૂહમાં આ સત્સંગિજીવન શાસ્ત્રનું માહાત્મ્ય

तस्मादेतस्य माहात्म्यं श्रुतजातवरीयसः । सर्वोत्तमं जनैर्ज्ञेयं भवरोगविनाशिनः ॥२८॥
एतत्पुण्यमलं पवित्रममलं सद्धर्मशास्त्रं परं धर्मज्ञानविरागभक्तिनिभृतं सेव्यं सतां नित्यदा ।
पापौघप्रशमं नृणां कलिमलप्रक्षालनं सर्वथा जाड्यध्वान्तनिवारणं सुकृतिभिः सम्प्राप्यते नेतरैः २९

सकलधर्मविनिर्णयमञ्जसा सकलशास्त्रमतभ्रमवारणम् ।
सकलवाञ्छितपूरणमुत्तमं सकललोकमनःश्रुतिरञ्जनम् ॥३०॥
विविधसंशयशल्यसमुद्धरं श्रवणमात्रत एव कुबुद्धिहृत् ।
मदनकोपमुखारिभयापहं जयति शास्त्रमिदं कविभूषणम् ॥३१॥
बहुविधद्रविणेष्विव शेवधिः क्षितिरुहेष्विव कल्पतरुर्वरः ।
सकलगोष्विव कामदुघा वरा श्रुतगणेषु वरिष्ठमिदं मतम् ॥३२॥

---

મનુષ્યોએ સર્વોત્તમ જાણવું. અર્થાત્ બીજા શાસ્ત્રો થકી આ શાસ્ત્ર શ્રેષ્ઠ છે એમ જાણવું. આ શાસ્ત્રનું શ્રવણ મોટા સુકૃતને ઉત્પન્ન કરે છે, આ શાસ્ત્ર અતિ પવિત્ર છે, આ શાસ્ત્ર નિર્દોષ છે. ભગવાનના એકાંતિક ધર્મનું આ શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલ હોવાથી આ શ્રેષ્ઠ ધર્મશાસ્ત્ર છે, આ શાસ્ત્ર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી ભરપૂર છે. આ શાસ્ત્ર સત્પુરુષોએ નિરંતર સેવવા યોગ્ય છે. મનુષ્યોના પાપના સમૂહને શમાવનારું છે. કળિયુગના મેલને ધોનારું છે, સર્વપ્રકારની જડતારૂપ અંધકારને નિવારનારું છે, આ શાસ્ત્રની પ્રાપ્તિ પુણ્યશાળી આત્માઓનેજ થાય છે, પરંતુ બીજાને નહિ. [૨૭-૨૯]

આ શાસ્ત્ર સમગ્ર ધર્મનો યથાર્થ નિર્ણય આપે છે. સમગ્ર શાસ્ત્રોના મતરૂપી ભ્રમને દૂર કરે છે. સમગ્ર જનોના ઈચ્છિત શ્રેષ્ઠ મનોરથોને પૂર્ણ કરે છે, આ શાસ્ત્ર સાંભળનાર સર્વજનોના કાન અને મન બન્નેને આનંદ ઉપજાવે છે, માટે અતિ ઉત્તમ છે. આ શાસ્ત્રનું શ્રવણ અનેક પ્રકારના સંશયરૂપી શલ્યોને અંતરમાંથી બહાર કાઢી નાખે છે. આ શાસ્ત્રની કથા સાંભળવા માત્રથી કુબુદ્ધિ હરાઈ જાય છે. કામ, ક્રોધાદિ અંતઃશત્રુઓના ભયને હરનારું આ શાસ્ત્ર ક્રાંતદર્શી કવિજનોના આભૂષણરૂપ છે, માટે જ આ પૃથ્વીપર આ શાસ્ત્ર સર્વોત્કર્ષરૂપે વર્તે છે. જેમ બહુ પ્રકારના દ્રવ્યોમાં નિધિ ઉત્તમ છે, વૃક્ષોના સમૂહમાં કલ્પતરુ ઉત્તમ છે અને સમસ્ત ગાયોમાં કામધેનુ ઉત્તમ છે, તેવી જ રીતે સર્વ શાસ્ત્રોમાં આ સત્સંગિજીવન શાસ્ત્ર ઉત્તમ માનેલું છે. [૩૦-૩૨]

श्रवणवर्णनतापनिवारणं हरिचरित्रसुधारससम्भृतम् ।
हरिपदाम्बुजभक्तिरतिप्रदं त्विदमिहास्ति हि भागवतप्रियम् ॥३३॥
विधिभवादिसुरेश्वरवाञ्छितं श्रुतमिदं कलिदूषणभेदनम् ।
असुभृतामिह पुण्यविवर्धनं भवति संसृतिरोगरसायनम् ॥३४॥
अतिकरालकृतान्तमहोरगप्रचुरदष्टजनामृतसन्निभम् ।
स्मरदवानलशान्तिघनोपमं हरिपदोपगतावधिरोहणी ॥३५॥
ग्रन्थस्याथ ब्रुवे तुभ्यं श्रवणेऽस्याधिकारिणम् । शुश्रूषवेऽनुरक्ताय शृणश्चैकाग्रचेतसा ॥३६॥
पुंसां लब्धनृदेहानां योषितां च महीतले । अधिकारः श्रुतावस्य ग्रन्थस्यास्ति क्षमापते ! ॥३७॥
आश्रमाणां च वर्णानां चतुर्णामधिकारिता । श्रवणेऽस्यास्ति तत्कार्यं सर्वैस्तैरादरेण तत् ॥३८॥
शास्त्रस्याथ ब्रुवे तुभ्यं श्रवणेनास्ति यत्फलम् । सादरं श्रवणीयस्य पावनस्यास्य भूपते ! ॥३९॥

---

આ શાસ્ત્ર શ્રીહરિના ચરિત્રરૂપી અમૃતરસથી ભરપૂર હોવાથી તેનું શ્રવણ અને વર્ણન કરવા માત્રથી ત્રિવિધતાપને દૂર કરનારું છે. શ્રીહરિના ચરણારવિંદમાં પરમ ભક્તિને આપનારું છે. તેથી જ આ લોકમાં ભગવત ભક્તોને અતિશય પ્રિય છે. [૩૩]

આ શાસ્ત્રની બ્રહ્મા, ભવ આદિ દેવતાઓ પણ ઈચ્છા રાખે છે અને સાંભળવા માત્રથી શ્રોતાઓના દૂષણને ભેદી નાખે છે. તેમજ પ્રાણધારી સમસ્ત જીવોના પુણ્યને વૃદ્ધિ પમાડે છે, તેથીજ સંસૃતિરૂપ રોગનું ઔષધરૂપ છે. અતિશય ભયંકર કાળરૂપી મહાસર્પથી અત્યંત વારંવાર દંશ પામેલા જનોને આ શાસ્ત્ર અમૃત સમાન છે. કામરૂપી દાવાનળને શાંત પમાડવામાં મેઘ સમાન છે. તેમજ ભગવાન શ્રીહરિના સ્થાન સુધી ઉપર પહોંચવામાં નિસરણી રૂપ છે. [૩૪-૩૫]

હે રાજન્ ! હવે તમને આ સત્સંગિજીવન ગ્રંથને સાંભળવાનો કોને અધિકાર છે, તેની વાત કરું છું, તમે આ ગ્રંથને સાંભળવામાં અનુરાગી છો, તેથી એકાગ્રચિત્તથી શ્રવણ કરો. [૩૬]

**આ ગ્રંથની કથાના અધિકારી :–** હે ભૂમિપતિ ! આ ધરતી પર મનુષ્ય શરીરને પામેલાં સમસ્ત નરનારીઓ આ ગ્રંથનું શ્રવણ કરવાનાં અધિકારી છે. હે રાજન્ ! ચારે આશ્રમ અને ચારે વર્ણનાં મનુષ્યો આ ગ્રંથનું શ્રવણ કરવાનાં અધિકારી છે. તેથી સર્વે જનોએ આદરપૂર્વક આ ગ્રંથનું શ્રવણ કરવું. હે ભૂપતિ ! આદરપૂર્વક સાંભળવા યોગ્ય પાવનકારી આ શાસ્ત્રને સાંભળવાથી જે ફળ મળે છે તે હવે તમને કહું છું. [૩૭-૩૯]

यज्ञानां सर्वदानानां सर्वतीर्थप्लवस्य यत् । फलमस्ति च तत्सर्वमेतच्छ्रुत्याऽऽप्यते जनैः ॥४०॥
अस्य श्रवणमात्रेण प्रसन्नः श्रीहरिर्भृशम् । श्रोतृणां पूरयत्येव सर्वानाशु मनोरथान् ॥४१॥
जनः कर्तुं तपोऽदभ्रं न शक्नोति कलौ युगे । क्व चिद्यज्ञांश्च दानानि हरितोषणहेतवे ॥४२॥
तस्मादेतज्जनैः श्रव्यं श्रद्धयैव विचक्षणैः । श्रीहरिः श्रवणेनास्य प्रीयतेऽतितरां नृप ! ॥४३॥
अत्यादरेण यैः पीतं सत्सङ्गिजीवनामृतम् । कालव्यालमहात्रासमुक्तास्ते यान्ति तत्पदम् ॥४४॥
देवैरपि सुधापानैर्युगानां हि सहस्रतः । पश्चादिदं कालभीत्या भक्तेभ्यः प्राप्तुमिष्यते ॥४५॥

देवदुर्लभमपि क्षितौ नृणां श्रीहरेः करुणयैव भूपते ! ।
एतदस्ति सुलभं ततो नृभिः पीयतां च तदिदं यथेप्सितम् ॥४६॥
श्रव्यमादरयुतैकचेतसा मानवैरिदमतोऽस्ति किञ्चन ।
नैव दुर्लभतरं च यद्वशात्त्यज्यते त्विदमशेषसिद्धिदम् ॥४७॥

---

**કથા શ્રવણનું ફળ :–** સર્વ યજ્ઞો, સર્વ પ્રકારનાં દાનો તેમજ સર્વ ગંગાદિ તીર્થો કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે સર્વ ફળ આ સત્સંગિજીવન શાસ્ત્રના સાંભળવા માત્રથી મનુષ્યોને પ્રાપ્ત થાય છે. [૪૦]

આ શાસ્ત્રના સાંભળવા માત્રથી શ્રીહરિ અત્યંત પ્રસન્ન થાય છે અને સાંભળનારા મનુષ્યોના સર્વ મનોરથ તત્કાળ પૂર્ણ કરી આપે છે. આ કળિયુગમાં કોઈ પણ માનવ મહાતપ કરવા સમર્થ નથી. તેમજ એક ભગવાનને જ રાજી કરવાની ઈચ્છા રાખી કોઈ દાન કે યજ્ઞ કરવા પણ સમર્થ નથી. માટે હે રાજન્ ! ડાહ્યા મનુષ્યોએ આ શાસ્ત્રનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવું જોઈએ. કારણ કે આનાં શ્રવણ માત્રથી શ્રીહરિ અતિશય રાજી થાય છે. અને જે મનુષ્યો અતિશય આદરપૂર્વક આ સત્સંગિજીવનનું કથારૂપ અમૃતપાન કરે છે તેઓ કાળરૂપી અજગરના મહાત્રાસથી મૂકાઈ ને ભગવાનના ધામને પામે છે. અમૃતપાન કરનારા દેવતાઓ પણ એક હજાર યુગ પરિમિત આયુષ્ય પામ્યા પછી પણ કાળની થપાટનો ભય લાગવાથી ભગવદ્ ભક્તો પાસેથી આ કથામૃતનું પાન કરવા ઈચ્છે છે. હે ભૂપતે ! સ્વર્ગમાં દેવતાઓને પણ દુર્લભ આ કથારૂપી અમૃત પૃથ્વી પરના મનુષ્યોને શ્રીહરિની કૃપાથી સુલભ બને છે. માટે હે મનુષ્યો ! આ કથામૃતનું પાન તૃપ્તિ ન થાય તેટલું કર્યે રાખજો. આ ગ્રંથના સેવનથી ન મળે એવું દુર્લભ કાંઈ પણ નથી કે જેનો લાભ લેવા માનવ આ શાસ્ત્રનો ત્યાગ કરે. કારણ કે આ શાસ્ત્ર સમગ્ર ફળની સિદ્ધિને આપનારું છે. માટે મનુષ્યોએ એકાગ્રમનથી આર્દપૂર્વક આ ગ્રંથનું સેવન

विविधपातकजालविनाशने जगति यस्य भवेदिह वाञ्छितम् ।
सपदि तेन मुनिव्रतशीलितं श्रुतमिदं श्रवणीयमघापहम् ॥४८॥
सकृदपि श्रुतमत्र न यैरिदं नरवपुर्वररत्नसमं च तैः ।
असुलभं किल कूप उपोज्झितं सुरवरैरपि यन्मनसेप्सितम् ॥४९॥
शिवकरश्रुतसुश्रवणादृते पशुसमः कथितो मनुजो बुधैः ।
निजहितार्थिभिरत्र ततो जनैः श्रवणमस्य विधेयमनाकुलम् ॥५०॥
नहि गृहास्तनुजाश्च परिच्छदा जनमवन्ति वपुर्मरणक्षणे ।
प्रचुरराज्यमिहाखिलसम्पदो भवति रक्षकमेतदभीष्टदम् ॥५१॥
ग्रन्थस्याथ महाबुद्धे ! श्रवणस्य यथोदितम् । तुभ्यं श्रद्धावते स्थानं वदाम्यवहितः शृणु ॥५२॥
सरित्तटे श्रीमति कृष्णमन्दिरे निजालये मार्जितलिप्त उत्तमे ।
शुचौ वितानादिविराजितेऽपि वा विधेयमस्य श्रवणं महादरात् ॥५३॥

---

**કરવું. આ જગતમાં વિવિધ પ્રકારના પાપોની જાળને નાશ કરવાની જેને ઇચ્છા હોય તેમણે મહામુનિઓના સમૂહોએ સેવન કરેલા તેમજ સાંભળવા માત્રથી પાપને હરનારા આ ગ્રંથનું તત્કાળ શ્રવણ કરવું.** [૪૧-૪૮]

**જે મનુષ્યોએ આ સત્સંગિજીવન શાસ્ત્રનું એકવાર પણ શ્રવણ કર્યું નથી, તેઓએ માનવશરીરરૂપ પોતાના હાથમાં આવેલ એક શ્રેષ્ઠ રત્નને તેનું મૂલ્ય ન સમજવાથી જેમ રત્નનું મૂલ્ય નહિ જાણનારા જનો હાથમાં આવેલા દુર્લભ રત્નને કૂવામાં ફેંકી દે છે, તેમ આ શરીરને વ્યર્થ ગુમાવે છે. કારણ કે આ શરીરને દેવતાઓ પણ પ્રાપ્ત કરવા માટે પોતાના મનથી ઇચ્છા કરે છે. મંગળકારી તેમજ સારી રીતે સાંભળવા યોગ્ય આ શાસ્ત્રના શ્રવણ વિનાના માનવને જ્ઞાની પુરુષોએ પશુ સમાન કહ્યો છે, માટે અહિં જ પોતાનું હિત સાધવા ઇચ્છતા મનુષ્યોએ શાંત મનથી આ ગ્રંથનું શ્રવણ કરવું. ઘર, પુત્રો, સાધન સામગ્રી, સમગ્ર રાજ્ય અને સર્વ સંપત્તિ વગેરે પદાર્થો જ્યારે શરીરનું મૃત્યુ પ્રાપ્ત થાય છે ત્યારે તેમાનું કંઇ પણ મનુષ્યનું રક્ષણ કરવા સમર્થ થતાં નથી. પરંતુ આ શાસ્ત્ર જો શ્રવણ કર્યું હોય તો તેનું રક્ષણ કરે છે. અને ઇચ્છિત સુખ આપે છે.** [૫૧]

**માટે હે બુદ્ધિમાન્ રાજા! આ પ્રમાણે મેં તમને આ ગ્રંથના શ્રવણનું માહાત્મ્ય કહ્યું. તેને ધ્યાનમાં લો. તેવી જ રીતે હવે શ્રદ્ધાવાન તમને તેના શ્રવણનું સ્થાન એટલે કે ક્યાં બેસીને કથાનું શ્રવણ કરવું? તે કહું છું. તે સાવધાન થઇને સાંભળો.** [૫૨]

तुभ्यमेतच्छ्रुतेः कालं यथाशास्त्रं वदाम्यहम् । हरिभक्तवरिष्ठाय स्निग्धायातिबुभुत्सवे ॥५४॥
शास्त्रमेतत्सदा श्रव्यं जनैरत्यादरादिह । तत्राप्यननुकूलत्वे चातुर्मास्ये त्ववश्यतः ॥५५॥
भवेदननुकूलत्वं चातुर्मास्ये श्रुतौ यदा । तदावश्यं नभोमासे श्रव्यमेतज्जनैर्नृप ! ॥५६॥
तत्राप्यननुकूलत्वे मधौ मासे तु सर्वथा । मार्गशीर्षेऽथवा मासे कार्यं तच्छ्रवणं शुभम् ॥५७॥
मलमासे तथाऽवश्यं कार्यं तन्मनुजैरिह । यतोऽस्त्यखिलमासानां वरोऽयं हरिदैवतः ॥५८॥
एतद्वक्तुर्ब्रुवे तुभ्यं लक्ष्माण्यथ महीपते ! । यस्याननोद्गता वाणी श्रोतृसंसृतिमोचनी ॥५९॥
सरसं सुस्वरं धीरं तत्तद्भावसमन्वितम् । स्पष्टाक्षरविभेदं च सोत्साहं नातिविस्तृतम् ॥६०॥
शान्तं च वाचयेद्यस्तु श्रद्धालुर्दृढनिश्चयः । सम्प्रदायाध्ययनवान् ग्रन्थार्थं कृत्स्नशो विदन् ॥६१॥
जितेन्द्रियः सुशीलश्च दुराग्रहविवर्जितः । यथार्थवादीवाग्मी च श्रोतृबोधननैपुणः ॥६२॥

---

**કથા શ્રવણનું સ્થળ :–** સરિતાના તટમાં, શોભાયમાન શ્રીકૃષ્ણ મંદિરમાં, વાળી-લીંપીને પવિત્ર કરેલા પોતાના ભવનમાં, તેમજ તેજ રીતે પવિત્ર ઉલ્લોચ વગેરેથી અલંકૃત કરેલા ઉત્તમ ખુલ્લા સ્થળમાં ખૂબ આદરપૂર્વક આ ગ્રંથનું શ્રવણ કરવું. [૫૩]

હે રાજન્ ! હવે આ ગ્રંથના શ્રવણનો સમય તમને શાસ્ત્રને અનુસારે કહું છું. કારણ કે તમે અતિ જિજ્ઞાસુ, સ્નેહી તેમજ શ્રેષ્ઠ હરિભક્ત છો. [૫૪]

**કથા શ્રવણનો સમય :–** આ પૃથ્વીપર આ શાસ્ત્ર અતિશય આદરપૂર્વક નિરંતર સાંભળવું, પ્રતિદિન અનુકૂળતા ન હોય તેમણે ચાતુર્માસમાં તો અવશ્ય સાંભળવું. હે રાજન્ ! જ્યારે ચાતુર્માસમાં શ્રવણની અનુકુળતા ન હોય ત્યારે શ્રાવણમાસમાં તો મનુષ્યોએ અવશ્ય સાંભળવું. અને જ્યારે શ્રાવણમાસમાં પણ જો અનુકૂળતા ન હોય તો ચૈત્ર માસમાં સર્વથા શ્રવણ કરવું, તે જ શુભ છે. અથવા મનુષ્યોએ અધિક માસમાં તો અવશ્યપણે આ શાસ્ત્રનું શ્રવણ કરવું જ. કારણ કે આ માસના દેવતા સ્વયં શ્રીહરિ છે. તેથી આ માસ સર્વ માસોમાં ઉત્તમ માસ છે. [૫૮]

હે મહીપતિ ! જે વક્તાના મુખમાંથી નીકળેલી વાણી શ્રોતાઓને સંસારમાંથી મુક્ત કરનારી છે એ વક્તાનાં લક્ષણ હવે તમને કહું છું. [૫૯]

**વક્તાનાં લક્ષણો :–** જેની વાણી સાંભળવા માત્રથી શ્રોતાઓને કથામાં રસ ઉત્પન્ન થતો હોય, જે મધુર સ્વરે ધીર ગંભીરપણે વાંચનાર હોય, તે તે સ્થળમાં પ્રતિપાદન કરાતા અર્થની સાથે ભક્તિભાવ યુક્ત હોય, સ્પષ્ટ અક્ષરના ઉચ્ચારણથી

यदृच्छालाभसन्तुष्टः करुणो निरहंकृतिः । मृदुस्वभावः शान्तश्च भगवद्भक्तिसंयुतः ॥६३॥
लोकापवादरहितः प्रतिग्रहपराङ्मुखः । जितकामो जितक्रोधो जितलोभश्च निःस्पृहः ॥६४॥
मैत्रो धीरः साधुवृत्तिर्निर्दम्भोऽकिञ्चनस्तथा । जात्या विप्रश्चोपकारी वाचकोऽस्य प्रकीर्तितः ॥६५॥
द्विजातिरन्यो यः प्राप्तो दीक्षां भागवतीं स तु । अष्टाङ्गब्रह्मचर्याढ्यो निर्लोभश्चेद्वदेत्कथाम् ॥६६॥
अथास्य शास्त्रवर्यस्य श्रोतॄणां लक्षणान्यहम् । कथयामि महीपाल ! तुभ्यं तानि बुभुत्सवे ॥६७॥
श्रद्धाभक्तिसमायुक्ता नान्यकार्येषु लालसाः । वाग्यताः शुचयोऽव्यग्राः श्रोतारः पुण्यभागिनः ॥६८॥
विनयेनान्विता दान्ता मत्सरेण विवर्जिताः । स्वधर्मस्था भगवति प्रेमवृद्धीप्सवो नृप ! ॥६९
समाप्तावस्य शास्त्रस्य यत्कर्तव्यं महीपते ! । वक्त्रे च देयं यत्तत्ते कथयाम्यथ तच्छृणु ॥७०

બોલનાર હોય, ઉત્સાહી હોય, અતિ વિસ્તારપૂર્વક વાંચનાર ન હોય, શાંત રીતે વાંચનાર હોય, શ્રદ્ધાવાન હોય, દૃઢ નિશ્ચયવાન હોય, ગુરુપરંપરાગત વિદ્યાભ્યાસ કરેલો હોય, ગ્રંથના સમગ્ર અર્થને જાણનાર હોય, જિતેન્દ્રિય હોય, સુશીલ હોય, દુરાગ્રહ રહિત હોય, યથાર્થ કહેનાર હોય, વાચાળ હોય, શ્રોતાઓને બોધ આપવામાં નિપુણ હોય, ઈશ્વર ઇચ્છાએ જે કાંઇ મળે તેનાથી સંતુષ્ટ હોય, દયાવાન હોય, નિરહંકારી હોય, મૃદુલ સ્વભાવ વાળો હોય, શાંત હોય, ભગવદ્‌ભક્તિ સંપન્ન હોય, લોકાપવાદથી રહિત હોય, પ્રતિગ્રહથી વિમુખ હોય, અર્થાત્ કેવળ દાનના સ્વીકારથી જીવન નહિ જીવનાર હોય, કામને જીત્યો હોય, ક્રોધ ઉપર વિજય મેળવ્યો હોય, લોભને જીત્યો હોય, નિઃસ્પૃહી હોય, સર્વ સાથે મૈત્રી રાખનાર હોય, ધીરજવાન હોય, સાધુવૃત્તિથી સંપન્ન હોય, નિર્દંભી હોય, અકિંચન હોય, અર્થાત્ ધનના ગર્વથી રહિત હોય, જાતિએ વિપ્ર હોય અને ઉપકારી હોય આવા પ્રકારના ગુણોથી યુક્ત હોય, તેને જ આ ગ્રંથનો વકતા સ્વીકારેલ છે. ૬૦-૬૫

બ્રાહ્મણ સિવાયના બીજા પણ જે દ્વિજાતિ ક્ષત્રિય ને વૈશ્ય જે ભાગવતી દીક્ષાને પામ્યા હોય, અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરનારા હોય, તેમજ લોભે રહિત હોય, તેઓ પણ આ ગ્રંથની કથા કહેવાના અધિકારી છે. ૬૬

હે મહિપાલ ! હવે આ સર્વોત્તમ શાસ્ત્રના શ્રોતાઓનાં લક્ષણો તમને કહું છું. કારણ કે તમે એ જાણવાની જિજ્ઞાસાવાળા છો. ૬૭

**આ ગ્રંથના શ્રોતાઓનાં લક્ષણો :–** જે શ્રોતા શ્રદ્ધા અને ભક્તિથી યુક્ત હોય, અન્ય કામો કરવાની લાલસા રાખીને કથામાં બેઠા ન હોય, વાણીને નિયમમાં રાખી હોય, પવિત્ર હોય, સાવધાન હોય, પુણ્યમાં ભાગ રાખનાર હોય,

समाप्तावस्य शास्त्रस्य कर्तव्यं पूजनं महत् । रम्यं वेष्टनवस्त्रं च देयं स्वर्णादि शक्तितः ॥७१
वक्त्रे देयानि वासांसि नूत्नानि विविधानि च। भूषणानि स्वशक्त्या च ततः स्वर्णादिदक्षिणा ॥७२
वस्त्रं पात्रं धनं यानं भूषणं च पदानि वा । निजशक्त्यनुसारेण दद्युः श्रोतृजनाः पृथक् ॥७३

**इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तन्माहात्म्यादि प्रश्नोत्तरनिरूपणनामा प्रथमोऽध्यायः ॥१॥**

---

વિનયસંપન્ન હોય, ઈન્દ્રિયોનું દમન કરતા હોય, મત્સર રહિત હોય, સ્વધર્મમાં રહેલા હોય, પરમાત્મામાં પ્રેમ વધે તેવી ઈચ્છા ધરાવતા હોય, આવા પ્રકારના શ્રોતાઓ આ ગ્રંથની કથાશ્રવણના અધિકારી કહેલા છે. ૬૮-૬૯

હે મહીપતિ ! હવે આ શાસ્ત્રના શ્રવણની સમાપ્તિમાં જે કરવા યોગ્ય કાર્ય હોય તે તથા વક્તાને આપવા યોગ્ય દાન શું છે ? તે તમને હું કહું છું. તેને તમે સાંભળો. ૭૦

**શ્રોતાઓનું કર્તવ્ય અને વક્તાને આપવાનું દાન :-** આ ગ્રંથના શ્રવણની સમાપ્તિમાં ગ્રંથની મહાપૂજા કરવી, ગ્રંથને બાંધવા માટે રમણીય વસ્ત્ર અને શક્તિને અનુસારે સુવર્ણ આપવું. વક્તાને અનેકવિધ નૂતન વસ્ત્રો તેમજ આભૂષણો આપવાં. ત્યારબાદ પોતાની શક્તિને અનુસારે સુવર્ણ વગેરેની દક્ષિણા આપવી. અન્ય શ્રોતાજનોએ પણ અલગ અલગ પોતાની શક્તિને અનુસાર વસ્ત્ર, પાત્ર, ધન, વાહન, આભૂષણ અને તેર પદોનું દાન કરવું. ૭૧-૭૩

**આ પ્રમાણે મુક્તાનંદ સ્વામી વિરચિત શ્રીમત્ સત્સંગિજીવન ગ્રંથના માહાત્મ્યમાં શતાનંદ સ્વામી અને હેમંતસિંહ રાજાના સંવાદરૂપે ગ્રંથના માહાત્મ્યનું પ્રશ્નોત્તરરૂપે નિરૂપણ કર્યું, એ નામે પ્રથમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૧ ॥**

अध्याय - २

श्रुत्वेत्थं तद्वचश्चित्रं नातितृप्तमना नृपः । सुधायमानं जिज्ञासुस्तं पप्रच्छ पुनर्मुदा ॥१॥

राजोवाच-

बुभुत्साम्यस्य शास्त्रस्य त्वत्तः श्रुतिविधिं मुने ! । विधिज्ञ ! त्वं महाबुद्धे ! वक्तुमर्हसि मेऽञ्जसा ॥२

इत्थं पृष्टः स मुनिराट् तेन राज्ञा बुभुत्सता । अब्रवीत्सुप्रसन्नस्तं प्रश्रयप्रणयान्वितम् ॥३॥

शतानन्दमुनिरुवाच-

चतुर्णामपि वर्णानां तथैवाश्रमिणामपि । कथितोऽस्त्यधिकारोऽस्य श्रवणे नृपसत्तम ! ॥४॥

एष साधारणः पन्थाः साक्षात्सर्वार्थसिद्धिदः । महामुनिजनैः प्रोक्तो देवैरपि सुपूजितः ॥५॥

स्वरूपबोधो न हरेः कथायाः श्रवणं विना । भवेन्नृणां विना तं च कथं स्यात्संसृतिक्षयः ॥६॥

---

## અધ્યાય - ૨

શતાનંદ મુનિનું આશ્ચર્યકારી તેમજ અમૃત સમાન ઉપરોક્ત વચન સાંભળીને પણ હેમંતસિંહરાજાના મનને તૃપ્તિ થઈ નહીં, તેથી સ્વામીના અર્થ વિશેષ વધુ વચનો સાંભળવાની ઈચ્છાથી ફરી પ્રેમપૂર્વક રાજા પૂછવા લાગ્યા. [૧]

**હેમતસિંહ રાજા કહે છે :–** હે મુનિ ! આ સત્સંગિજીવન શાસ્ત્રનો શ્રવણવિધિ એટલે કે કેવી રીતે આ શાસ્ત્ર સાંભળવું જોઈએ. તે તમારા થકી જાણવા ઈચ્છું છું. તમે એ વિધિને જાણો છો. માટે હે મહાબુદ્ધિમાન ! તમે મને યથાર્થ વિધિ સંભળાવો. [૨]

આ પ્રમાણે શાસ્ત્રશ્રવણનો વિધિ જાણવા ઈચ્છતા રાજાએ પ્રશ્ન કર્યો. તે સાંભળી મુનિરાજ બહુ જ પ્રસન્ન થયા ને વિનયી તેમજ પ્રેમી રાજા પ્રત્યે કહેવા લાગ્યા. [૩]

**શતાનંદ મુનિ કહે છે :–** હે શ્રેષ્ઠ રાજન્ ! આ ગ્રંથને સાંભળવામાં ચારે વર્ણ અને ચારે આશ્રમના લોકોને અધિકાર છે. આ વાત પૂર્વે મેં તમને કહી છે. ગ્રંથશ્રવણનો આ માર્ગ સર્વને માટે સાધારણ માર્ગ છે. કારણ કે ભગવદ્ચરિત્રોનું શ્રવણ જ સકલ પુરુષાર્થને સાક્ષાત્ સિદ્ધ કરી આપે છે. દેવતાઓએ પણ આ માર્ગની સારી પેઠે પ્રશંસા કરી છે. તેમજ મોટા મોટા મુનિજનોએ પણ આ માર્ગનો અદ્ભૂત મહિમા વર્ણવ્યો છે. ભગવાનની કથાના શ્રવણ વિના શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન જ થતું નથી. જ્ઞાન વિના મનુષ્યોને સંસારનો ક્ષય કેવી રીતે થઈ શકે ? [૪-૬]

अज्ञानतिमिरान्धानां दीपोऽयं ज्ञानसिद्धिदः । हरेः कथायाः श्रवणमौषधं भवरोगिणाम् ॥७॥
सर्वथैवात्मनः श्रेयो येऽभिवाञ्छन्ति देहिनः । ते शृण्वन्तु सदा भक्त्या कथामेतस्य शोभनाम् ॥८॥
अशक्तो यः सदा श्रोतुं कथां भगवतः स तु । मुहूर्तं वापि शृणुयान्नियतात्मा दिने दिने ॥९॥
यस्तु प्रतिदिनं श्रोतुमशक्तः सोऽपि मानवः । पुण्यमासेषु शृणुयात्पुण्यासु च तिथिष्वपि ॥१०॥
मुहूर्तं वा तदर्धं वा क्षणं वाऽस्य शुभां कथाम् । ये शृण्वन्ति नरा भक्त्या न तेषामस्ति दुर्गतिः ॥११
यत्फलं सर्वयज्ञेषु सर्वदानेषु यत्फलम् । भक्त्यास्य श्रवणेनैव तत्फलं विन्दते नरः ॥१२॥
विनास्य श्रवणं राजन्नरः पशुसमो मतः । तस्मादवश्यं तत्कार्यं विधिना स्वहितार्थिभिः ॥१३॥
आनुकूल्यं न चेन्नित्यं तदावश्यं पुमान्नृप ! । एतस्य श्रवणं कुर्याच्चातुर्मास्ये च पर्वसु ॥१४॥
कृताह्निकः समाहूय वक्तारं शास्त्रकोविदम् । सम्भाव्यासनदानेन नमस्कुर्यात्तमादरात् ॥१५॥

---

**સત્સંગિજીવન એક જ્ઞાનદીપ :–** માટે શ્રીહરિની કથાનું શ્રવણ જ એક અજ્ઞાનના અંધકારથી અંધ બનેલા જીવાત્માઓને જ્ઞાનસિદ્ધિ આપનાર દિપક છે. તેમજ જન્મમરણરૂપ સંસારરોગથી ઘેરાયેલા જનોને માટે ઔષધ સમાન છે. જે જનો સર્વ પ્રકારે પોતાનું શ્રેય ઇચ્છતા હોય તેણે ભક્તિભાવપૂર્વક આ મંગળકારી ભગવાનની કથા સાંભળવી જોઈએ. જે મનુષ્ય સદાને માટે કથા સાંભળવા અસમર્થ હોય તેમણે સાવધાન મનથી પ્રતિદિન એક મુહૂર્ત (દોઢ કલાક) પર્યંત કથા સાંભળવી. જે મનુષ્ય પ્રતિદિન એક મુહૂર્ત કથા સાંભળવા પણ સમર્થ ન હોય તેમણે શ્રાવણ આદિ પવિત્ર માસમાં કે એકાદશી આદિ પવિત્ર તિથિને વિષે કથા શ્રવણનું નિયમ રાખવું જોઈએ. કારણ કે જે મનુષ્યો મુહૂર્ત કે અર્ધમુહૂર્ત કે ક્ષણવાર માત્ર પણ આ પવિત્ર કથાનું ભક્તિભાવપૂર્વક શ્રવણ કરે છે. તેઓની ક્યારેય પણ દુર્ગતિ થતી નથી. સર્વે પ્રકારના યજ્ઞોમાં અને સર્વ પ્રકારના દાનોમાં જે ફળ મળે છે, તે ફળ માત્ર ભક્તિભાવપૂર્વક આ હરિકથા સાંભળવાથી જ મનુષ્યને પ્રાપ્ત થાય છે. હે રાજન્ ! આ હરિકથાના શ્રવણ વિના મનુષ્ય પશુ સમાન મનાયેલ છે. એટલા માટે પોતાનું હિત ઇચ્છતા મનુષ્યે વિધિપૂર્વક આ કથાનું અવશ્ય શ્રવણ કરવું. હે રાજન્ ! મનુષ્યોને નિરંતર અનુકૂળતા જો ન હોય તો આ ગ્રંથનું ચાતુર્માસમાં કે પૂર્ણિમા આદિ પર્વના દિવસોમાં અવશ્ય શ્રવણ કરવું. ૭-૧૪

**કથા શ્રવણનો વિધિ :–** પ્રભાતમાં જાગ્રત થઈ, પૂજા પાઠ આદિ નિત્યવિધિ સમાપ્ત કરી પરવાર્યા પછી શાસ્ત્રમાં કુશળ વક્તાને આમંત્રણ આપવાનું તેમજ યોગ્ય આસન આપી તેની સંભાવના કરીને તેમને નમસ્કાર કરવા. ત્યાર

उच्चासने पुस्तकं च संस्थाप्यैव ततोऽवरे । व्यासासनेऽतिमृदुले वक्तारमुपवेशयेत् ॥१६॥
सम्पूज्य पुस्तकं त्वादौ ततो वक्तारमर्चयेत् । चन्दनेनाक्षतैः पौष्पैर्हाराद्यैर्धूपदीपकैः ॥१७॥
नैवेद्यफलताम्बूलदक्षिणाभिश्च भक्तितः । सम्पूज्यारार्तिकं कृत्वा नमस्कुर्वीत सादरम् ॥१८॥
नमः सुव्रतरूपाय वेदशास्त्रार्थकोविद ! । हर्येकान्तिकभक्ताय तुभ्यं तज्ज्ञानदायिने ॥१९॥
मन्त्रेणानेन वक्तारं नमस्कृत्य ततो नृप ! । श्रोतॄन्विप्रान्सतश्चार्चेन्मुख्यः श्रोता यथोचितम् ॥२०॥
आसनादवरे वक्तुरुपविश्यासने ततः । एतत्संशृणुयुः सर्वे नत्वा तं स्वस्थमानसाः ॥२१॥
उपवेश्यं ब्राह्मणानां पृष्ठतस्तत्र बाहुजैः । तेषां च पृष्ठतो वैश्यैस्तेषां शूद्रैश्च संसदि ॥२२॥
ये च सङ्करजातीयाः शूद्राणां पृष्ठतस्तु तैः । मर्यादयैवोपविश्य श्रोतव्या भगवत्कथाः ॥२३॥
ज्ञानवृद्धास्तपोवृद्धा ब्रह्मनिष्ठाश्च ये द्विजाः । उपवेश्याः श्रोतृभिस्ते सर्वेषामग्रतो नरैः ॥२४॥

પછી ગ્રંથને ઊંચા આસન પર પધરાવી, તેનાથી થોડા નીચેના ભાગમાં સુખપૂર્વક બેસી શકાય તેવા અતિ કોમળ વ્યાસાસન પર વક્તાને બેસાડવા. પ્રથમ પુસ્તકની પૂજા કરીને ચંદન, ચોખા, પુષ્પના હાર આદિ વડે વક્તાનું પૂજન કરવું. ભક્તિભાવપૂર્વક ધૂપ, દીપ, નૈવેદ્ય, ફલ, તાંબૂલ અને દક્ષિણા આપી વક્તાનું પૂજન કરી, આરતી ઉતારી, આદરપૂર્વક નમસ્કાર કરવા. [૧૫-૧૮]

**નમસ્કાર સાથે વક્તા માટે બોલાતાં વિનય વાક્યો :–** હે સુવ્રત સ્વરૂપી વક્તા મહોદયશ્રી ! આપને નમસ્કાર. હે વેદાદિ શાસ્ત્રના અર્થમાં પ્રવીણ ! હે હરિના એકાંતિક ભક્ત ! તમેજ હે ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન આપનારા ! આપશ્રીને નમસ્કાર. [૧૯]

હે રાજન્ ! આ પ્રમાણેના મંત્રથી એટલે કે વિનયવાક્યો બોલવા પૂર્વક વક્તાને નમસ્કાર કરીને મુખ્ય શ્રોતાએ અન્ય શ્રોતાઓની, વિપ્રોની અને સંતપુરુષોની યથાયોગ્ય પૂજા કરવી. ત્યારબાદ વક્તાને નમસ્કાર કરી વક્તાના આસનથી નીચા આસને બેસી સ્વસ્થ મનથી કથાનું શ્રવણ કરવું. [૨૦-૨૧]

**સંપ્રદાયની સભામાં બેસવાની મર્યાદા :–** સભામાં બ્રાહ્મણોએ આગળ બેસવું. તેમની પાછળ ક્ષત્રિયોએ બેસવું, તેમની પાછળ વૈશ્યોએ બેસવું અને તેમની પાછળ શૂદ્રોએ બેસવું. અને જે સંકરજાતિના મનુષ્યો હોય તેમણે શૂદ્રોની પાછળ બેસવું. આ પ્રમાણેની મર્યાદામાં બેસીને ભગવાનની કથા સાંભળવી. જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ તેમજ બ્રહ્મનિષ્ઠ જે દ્વિજો હોય તેમને શ્રોતાઓએ સર્વની આગળ બેસાડવા. [૨૨-૨૪]

धनुर्मात्रान्तरे पुम्भ्यः स्त्रीभिश्चापि महीपते ! । मर्यादयैवोपवेश्यं तत्र श्रोतुं हरेः कथाः ॥२५॥
पत्रं पुष्पं फलं वापि रौप्यकं ताम्रढब्बुकम् । निवेद्य वा धान्यमुष्टिं वक्त्रे तु शृणुयात्कथाम् ॥२६॥
बालो युवाथवा वृद्धो दरिद्रो दुर्बलोऽपि वा । अस्य वक्ता सदा वन्द्यः पूज्यश्च सुकृतार्थिभिः ॥२७
न प्राकृतमतिः कार्या वक्तर्येतस्य कर्हिचित् । यस्य वक्त्रोद्गता वाणी कामधेनुः शरीरिणाम् ॥२८॥
गुरवः सन्ति लोकस्य जन्मतो गुणतश्च ये । तेषामपि च सर्वेषां वक्तैतस्य परो गुरुः ॥२९॥
भवकोटिसहस्त्रेषु भूत्वा भूत्वावसीदते । यो ददाति हरेर्ज्ञानं कोऽन्यस्तस्मात्परो गुरुः ॥३०॥
ये धूर्ता ये च दुर्वृत्ता ये चान्यविजिगीषवः । तेषां कुटिलवृत्तीनामग्रे नैव वदेत्कथाम् ॥३१॥
न दुर्जनसमाकीर्णे न शूद्रश्वापदाकुले । देशे न द्यूतसदने वदेत्पुण्यकथां सुधीः ॥३२॥

---

હે મહીપતિ ! સ્ત્રીઓએ પણ પુરુષોથી ધનુષ્ય-પરિમિત ચાર હાથ દૂરના પ્રદેશમાં મર્યાદા અનુસાર ભગવદ્‌કથા સાંભળવા સભામાં બેસવું. સર્વે શ્રોતાજનોએ વક્તાને પ્રીતિપૂર્વક કાંઈક અર્પણ કરીને કથા સાંભળવી. શક્તિ મુજબ રૂપામુદ્રા, તામ્રમુદ્રા કે પૈસા અર્પણ કરવા. તે શક્ય ન હોય તો પત્ર, પુષ્પ, ફળ અથવા ધાન્યની મુઠી અર્પણ કરી કથાનું શ્રવણ કરવું. આ ગ્રંથનો વક્તા બાળક, યુવાન, વૃદ્ધ, દરિદ્ર કે દુર્બળ હોય છતાં પુણ્યનું સંપાદન કરવા ઈચ્છતા શ્રોતાજનોને માટે સદાય વંદનીય તેમજ પૂજનીય છે. વક્તાને વિષે સામાન્ય વ્યક્તિનો ભાવ ક્યારેય પરઠવો નહિ. કારણ કે તેમના મુખમાંથી નીકળતી ભગવદ્‌કથાની વાણી દેહધારી જીવોને માટે કામધેનુ સમાન છે. [૨૫-૨૮]

**વક્તા સર્વનો ગુરુ છે :–** આ લોકમાં કેટલાક જન્મથી ગુરુઓ છે, કેટલાક ગુણથી ગુરુઓ છે, પણ એ સર્વે પ્રકારના ગુરુઓનો પણ ગુરુ આ ગ્રંથનો વક્તા છે. કારણ કે આ સંસારચક્રમાં અનંત કોટી યોનીઓમાં જન્મી જન્મી અસહ્ય પીડાને ભોગવનારા મનુષ્યોને જે વક્તા શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન આપીને પીડા હરે છે તેનાથી શ્રેષ્ઠ બીજો ગુરુ કોણ હોઈ શકે ?. [૨૯-૩૦]

**કથા કોની આગળ ન કહેવી ? :–** જે ધૂર્ત હોય દુરાચારી હોય તેમજ અન્યને જીતીને તેઓને દબાવવા ઈચ્છતા હોય, એવા પ્રકારની કુટિલવૃત્તિ ધરાવનારા મનુષ્યોની આગળ આ કથા કહેવી જ નહિ. [૩૧]

**કથા કઇ જગ્યાએ ન કરવી ? :–** દુર્જનોથી વ્યાપ્ત પ્રદેશમાં, તામસી શૂદ્રો (એટલે કે શિકારીઓ) તેમજ વાઘ આદિ હિંસક પશુઓથી વ્યાપ્ત પ્રદેશમાં તેમજ દ્યુતભવનમાં આ પવિત્ર ભગવદ્ કથા કરવી નહિ. [૩૨]

सद्ग्रामे सद्भिराकीर्णे सुक्षेत्रे देवतालये । नदीतटे शुचौ गेहे कथा वाच्याशनालये ॥३३॥
ये त्वत्रैतदसम्पूज्य गन्धाद्यैर्नमनेन वा । शृण्वन्त्यनादरेणैतद्दरिद्राः स्युर्नरास्तु ते ॥३४॥
सोष्णीषैर्न कथा श्रव्या पूगताम्बूलभक्षणम् । श्रोतृभिर्नैव कर्तव्यं न तमालादिसेवनम् ॥३५॥
तुङ्गासने नोपवेश्यं नच वक्तृसमासने । प्रौढपादैर्नोपवेश्यं नैव वीरासनेन च ॥३६॥
वस्त्रवेष्टितपादैश्च नोपवेश्यं तथा क्वचित् । न शयानैः कथा श्रव्या दैहिकापदमन्तरा ॥३७॥
स्त्रीणां मुखानि पश्यन्तो ये शृणवन्ति कथां हरेः । कामिनस्ते तु पुरुषा भवन्ति ग्रामशूकराः ॥३८॥
कथायां वर्तमानायामन्या वाचो वदन्ति ये । ते गर्दभाः प्रजायन्ते तथा वाददुराग्रहाः ॥३९॥
कथायां श्रूयमाणायां विघ्नं कुर्वन्ति ये शठाः । पिशाचत्वं प्रपद्यन्ते ते नूनं नृपसत्तमः ॥४०॥

---

**તો કઇ જગ્યાએ કથા કરવી ? :-** જળ, વૃક્ષ અને ધાન્ય આદિથી સુખી સંપન્ન ગામ હોય, સત્પુરુષોનું નિવાસ સ્થાન હોય, પવિત્ર તીર્થભૂમિ હોય, વિષ્ણુ આદિ દેવતાઓનું મંદિર હોય, નદીનો પવિત્ર કિનારો હોય, લીંપી ગૂંપીને પવિત્ર કરેલ પોતાનું ઘર હોય તેમજ બ્રહ્મભોજન થતું હોય તેવી પાકશાળાનું સ્થાન હોય ત્યાં આ કથાનું વાચન કરવું. ૩૩

જે મનુષ્યો આ ગ્રંથનું ચંદનાદિ પૂજાના પદાર્થો વડે પૂજન કર્યા વિના અને નમસ્કાર કર્યા વિના પણ અનાદરથી કથા સાંભળે છે તે દરિદ્ર થાય છે. ૩૪

**કથા સાંભળવાની રીત શું છે ? :–** શ્રોતાઓએ મસ્તક પર પાઘડી બાંધી રાખી કથા સાંભળવી નહીં, પાની-સોપારી ચાવતાં ચાવતાં પણ કથા ન સાંભળવી. અને કથામાં તમાકુ આદિનું સેવન પણ ન કરવું. વક્તાના આસનથી ઊંચા આસને ન બેસવું. વક્તાના સમાન આસને પણ ન બેસવું. કથામાં પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું. વીરાસનમાં ન બેસવું. વસ્ત્રથી ઢીંચણ બાંધીને પણ કથામાં ક્યારેય ન બેસવું અને શરીરમાં રોગાદિ આપત્તિ વિના સૂતા સૂતા કથા ન સાંભળવી. ૩૫-૩૭

**કથા શ્રવણના નિયમોનો ભંગ કરનારની શું ગતિ થાય છે ?:–** જે પુરુષો સ્ત્રીઓનાં મુખ જોતાં જોતાં આ હરિકથાનું શ્રવણ કરે છે તે કામી પુરુષો મરીને ગામનાં ભૂંડ થાય છે. કથા ચાલતી હોય ત્યારે વચ્ચે અન્યની સાથે ગ્રામ્યવાર્તા કરે છે તેમજ કથાની વચ્ચે વચ્ચે વાદવિવાદ કરવાનો દુરાગ્રહ રાખે છે, તેઓ મરીને ગર્દભ થાય છે. હે શ્રેષ્ઠ ભૂપતિ ! કથાનો પ્રસંગ ચાલતો હોય ત્યારે જે શઠ પુરુષો વચ્ચે વિઘ્ન કરે છે તેઓ મરીને પિશાચ યોનિને પામે છે. જેઓ વક્તા

निन्दन्ति येऽस्य वक्तारं कथां वा पापनाशिनीम् । ते तु जन्मशतं मर्त्याः शुनकाः सम्भवन्ति हि ॥४१
तस्मात्सविनयं राजन्सादरं च हरेः कथा । श्रोतव्या नियमेनैव यथा वक्तुः सुखं तथा ॥४२॥
तैलेन गात्रं सम्मर्द्य स्नापनीयोऽस्य वाचकः । अन्नैः सुमृष्टैः सरसैर्भोजनीयस्तथान्वहम् ॥४३॥
देयं तस्मै च पूर्वाह्णे प्रत्यहं स्वरशुद्धये । सशर्करं तु गोक्षीरं गालितं क्वथितं तथा ॥४४॥
पूर्णे पूर्णे प्रकरणे व्रताहेषु च पर्वसु । विशिष्टपूजा कर्तव्या देया शक्त्या च दक्षिणा ॥४५॥
एतत्कथासमाप्तौ तु कर्तव्यं पूजनं महत् । यथाशक्त्यखिलैर्देया श्रोतृभिर्हेमदक्षिणा ॥४६॥
रौप्यं वा ताम्रमुद्रां वा वस्त्रं वान्नं च वाहनम् । काष्ठं दरिद्रोऽपि मृदं तस्मै दद्यात्स्वशक्तितः ॥४७॥
आरोप्य वाहनं रम्यं वस्त्रालङ्कारपूजितम् । गीतवाद्यैर्नयेयुस्तं श्रोतारस्तद्गृहं ततः ॥४८॥
इति सामान्यतः प्रोक्तः श्रवणस्य विधिर्मया । सत्सङ्गिजीवनाख्यस्य शास्त्रस्यैतस्य भूपते ! ॥४९॥

તેમજ પાપમોચની કથાની નિંદા કરે છે તેઓ સો જન્મ સુધી નક્કી કુતરાની યોનિને પામે છે. તેટલા માટે હે રાજન્ ! વક્તાને જે રીતે સુખ થાય તેમ વર્તીને આદરપૂર્વક વિનય સાથે નિયમોને ધ્યાનમાં રાખીને કથાનું શ્રવણ કરવું. ૩૮-૪૨

**વક્તાની સાર સંભાળ :–** આ સત્સંગિજીવનની કથાના વક્તાને શરીરે તેલમર્દન કરી સ્નાન કરાવવું, તેમજ પ્રતિદિન સુમધુર અને સરસ અન્ન વડે ભોજન કરાવવું. દરરોજ સવારના ભાગમાં વક્તાના સ્વરની શુદ્ધિને માટે વસ્ત્રથી ગાળીને ઉકાળેલું સાકર મિશ્રિત ગાયનું દૂધ વક્તાને અર્પણ કરવું. આ ગ્રંથના એક એક પ્રકરણની સમાપ્તિમાં, એકાદશી આદિ વ્રતના દિવસોમાં અને પૂર્ણિમા આદિ પર્વના દિવસોમાં વક્તાનું વિશેષ પૂજન કરી શક્તિને અનુસારે દક્ષિણા આપવી. ૪૩-૪૫

આ કથાની સમાપ્તિમાં દરેક શ્રોતાજનોએ વક્તાની મોટી પૂજા કરવી. શક્તિને અનુસારે વક્તાને સુવર્ણની દક્ષિણા રૂપામુદ્રા, તામ્રમુદ્રા, વસ્ત્ર, અન્ન અને વહાન અર્પણ કરવું. તેમ જ દરિદ્રોએ યથાશક્તિ કાષ્ઠ અથવા મૃતિકા આપી ધન્ય થવું. ૪૬-૪૭

વસ્ત્ર અલંકારોથી પૂજન કરાયેલા વક્તાને રમણીય વાહનમાં બેસાડી ગીત વાજિંત્રના મધુર ધ્વનિની સાથે વાજતે ગાજતે શ્રોતાજનોએ તેમને ઘર સુધી વળાવવા જવું. ૪૮

હે રાજન્ ! આ પ્રમાણે આ સત્સંગિજીવન શાસ્ત્રના શ્રવણનો વિધિ મેં સામાન્યપણે કહ્યો છે. જે મનુષ્યો આ કહેલા વિધિ મુજબ આ સત્સંગિજીવન

विधिनानेन शृणुयुर्ये तु शास्त्रमिदं जनाः । संपूर्णं स्यात्फलं तेषां मया प्रोक्तं न संशयः ॥५०॥
आदौ विधिमिमं श्रुत्वा त्वेतस्य श्रवणं ततः । कर्तव्यं विधिनानेन ततः सिद्ध्यति वाञ्छितम् ॥५१

**इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तन्माहात्म्यादि श्रवणविधिनिरूपणे द्वितीयोऽध्यायः ॥२॥**

---

## अध्याय - ३

**शतानन्दमुनिरुवाच-**

अथ शास्त्रस्य चैतस्य श्रवणस्य विधिं ब्रुवे । विशेषतो भवान् राजन् ! श्रोतुमर्हति सादरम् ॥१॥
रुदन्ति सर्वपापानि त्वेतस्य श्रवणक्षणे । अस्माकं प्रलयं सद्यः कथेयं हा ! करिष्यति ॥२॥
आर्द्रं शुष्कं लघु स्थूलं वाङ्मनःकायसम्भवम् । श्रवणं प्रदहेत्पापं पावकः समिधो यथा ॥३॥

---

શાસ્ત્રનું શ્રવણ કરશે, તેઓ મેં કહેલા સમગ્ર ફળને નિશ્ચે પામશે, તેમાં કોઈ જાતનો સંશય નથી. પ્રથમ આ વિધિને સાંભળ્યા પછી જ કથાનું શ્રવણ કરવું, આ વિધિ મુજબ કથા સાંભળવાથી તેઓની સમસ્ત ઈચ્છાઓ પૂર્ણ થાય છે. [૪૮-૫૧]

**આ પ્રમાણે મુક્તાનંદ સ્વામી વિરચિત શ્રીમત્ સત્સંગિજીવન ગ્રંથના માહાત્મ્યમાં શતાનંદ સ્વામી અને હેમંતસિંહ રાજાના સંવાદ રૂપે કથાના શ્રવણ વિધિનું નિરૂપણ કર્યું એ નામે બીજો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૨ ॥**

---

## અધ્યાય – ૩

શતાનંદમુનિ કહે છે હે રાજન્ ! તમે યોગ્ય પાત્ર શ્રોતા છો. તેથી તમને આ સત્સંગિજીવન શાસ્ત્રના શ્રવણનો વિધિ વિશેષપણે કહું છું, તેનું આદર પૂર્વક તમે શ્રવણ કરો. [૧]

**અગ્નિના રૂપમાં કથા :–** કથાશ્રવણના સમયે સર્વ પ્રકારના પાપો રૂદન કરવા લાગે છે કે અરે..રે ! ! ! આ કથા તો આપણો હમણાંજ પ્રલય કરી નાખશે. જેમ અગ્નિ લીલાં, સૂકાં તેમજ નાના, મોટાં સર્વે કાષ્ઠને બાળી નાખે છે, તેમ આ કથારૂપ અગ્નિ મન, વાણી અને શરીરથી ઉદ્ભવેલાં સમગ્ર પાપોને ભસ્મસાત્ કરી નાખે છે. આ ભારત દેશમાં કથાશ્રવણ કર્યા વિનાના મનુષ્યોનો જન્મ દેવસભામાં દેવતાઓએ નિષ્ફળ કહ્યો છે. આ શાસ્ત્રની કથા સાંભળ્યા વિના

अस्मिन्वै भारते वर्षे सूरिभिर्देवसंसदि । अकथाश्राविणां पुंसां निष्फलं जन्म कीर्तितम् ॥४॥
किं मोहतो रक्षितेन सुपुष्टेन बलीयसा । अध्रूवेण शरीरेण त्वेतच्छास्त्रकथां विना ॥५॥
अस्थिस्तम्भं स्नायुबद्धं मांसशोणितलेपितम् । चर्मावनद्धं दुर्गन्धं पात्रं मूत्रपुरीषयोः ॥६॥
जराशोकविपाकार्तं रोगाणां मन्दिरं परम् । दुष्पूरं च कृतघ्नं च सदोषं क्षणभंगुरम् ॥७॥
कृमिविड्भस्मसंज्ञान्तं शरीरमिति वर्णितम् । तेन संसाधयेद्धीमान्स्वकार्यं यः स पण्डितः ॥८॥
यत्प्रातः संस्कृतं चान्नं सायं तत्तु विनश्यति । तदीयरससम्पुष्टे काये का नाम नित्यता ॥९॥
बुद्बुदा इव तोयेषु मशका इव जन्तुषु । जायन्ते मरणायैव कथाश्रवणवर्तिजाः ॥१०॥
मासेषूक्तेषु यत्र स्यात्स्वस्थता स्वस्य चेतसः । तस्मिन् श्रव्यमिदं शास्त्रं पापसङ्घनिवारकम् ॥११॥
सप्ताहेनास्य श्रवणे प्रारभेद् द्वितीयातिथेः । नवाहेनापि श्रवणेऽप्येवमेव समाचरेत् ॥१२॥
पक्षेण श्रवणेऽप्येवं मासेनाप्येवमेव हि । ऋतुना श्रवणे त्वस्य तृतीयातः समारभेत् ॥१३॥

---

માત્ર મોહથી રક્ષણ કરાયેલા, સારી રીત પુષ્ટિ પામેલા, બળવાન તેમજ નાશવંત શરીરનું શું પ્રયોજન છે ? [૨-૫]

**સાચો પંડિત :–** હાડકાંના માળાવાળું, સ્નાયુથી બંધાયેલું, માંસ અને લોહીથી લેપાયેલું, ચામડાંથી મઢેલું, દુર્ગંધથી ભરેલું, મળમૂત્રના પાત્રરૂપ, જરા અને શોકના પરિપાકથી દુઃખદેનારું, રોગનું મુખ્ય ઘર, ક્યારેય ન પૂરી શકાતું અર્થાત્ સદાય ભૂખથી પીડા આપતું અને તેથી જ કૃતઘ્ની, દોષોથી ભરેલું, ક્ષણભંગુર, મૃત્યુ પછી કીડા, વિષ્ટા, કે રાખ બની જતું આ શરીર છે. આવાં નાશવંત શરીરથી જે બુદ્ધિમાન મનુષ્ય પોતાનું મોક્ષકાર્ય સિધ્ધ કરે છે તે જ સાચો પંડિત છે. [૬-૮]

જેમ સવારના સમયે રાંધેલું અન્ન સાંજ પડતાં જ વિકૃતિ પામી નાશ પામે છે, તેમ તે જ અન્નના રસથી સારી રીતે પુષ્ટ થયેલા અનિત્ય શરીરમાં નિત્યતા ક્યાંથી હોય ? પાણીમાં જેમ પરપોટા અને જંતુઓમાં જેમ મચ્છર મરવા ખાતર જ જન્મે છે, તેમ ભગવદ્કથા-શ્રવણ વિનાના મનુષ્યો કેવળ મરવા ખાતર જ જન્મ્યા છે, એમ જાણવું. [૯-૧૦]

**કથા પ્રારંભનો યોગ્ય સમય :–** પૂર્વે બતાવેલા અષાઢ આદિ પવિત્ર મહિનાઓની મધ્યે જે મહિનામાં પોતાનું ચિત્ત સ્વસ્થતા અનુભવે તે મહિનામાં પાપના સમૂહોને નાશ કરનાર આ સત્સંગિજીવન-શાસ્ત્રની કથા સાંભળવી. [૧૧] સપ્તાહ, નવાહ, પક્ષની, મહિનાની આ કથાશ્રવણનો પ્રારંભ કરવાનો હોય તો સુદ (૨) બીજ તિથિએ જ કથાનો પ્રારંભ કરવો, અને બે માસ પર્યંતની કથાનો પ્રારંભ

आद्या चतुर्थ्यष्टमी च तथा वर्ज्या चतुर्दशी । अस्यारम्भे शुभाः प्रोक्तास्तिथयोऽप्यखिला नृप ! ॥१४
अश्विनी रेवती हस्तः पुष्यो मृगपुनर्वसू । अनुराधाभिजित्स्वाती रोहिणी श्रवणत्रयम् ॥१५॥
ऋक्षाण्येतानि पुण्यानि ग्राह्यण्यत्रोदितानि वै । तस्मादस्य समारम्भः कर्तव्यस्तेषु भूपते ! ॥१६॥
देशान्तरान्निजान् ज्ञातीनाह्वयेच्च सुहृज्जनान् । येषां तच्छ्रवणे श्रद्धा तांश्चरम्भदिनात्पुरा ॥१७॥
देशे देशे विरक्ता ये वैष्णवा दम्भवर्जिताः । पत्रं तेभ्योऽपि संलेख्यमागतांस्तांश्च मानयेत् ॥१८॥
अर्वाक् पञ्चाहतो यत्नादासनादीनि मेलयेत् । विशाला वसुधा यत्र कुर्यात्तत्र कथास्थलम् ॥१९॥
कुर्वीत मण्डपं तत्र शुचौ स्थाने मनःप्रियम् । रम्भास्तम्भैश्च सद्वस्त्रैः फलैः पुष्पैश्च शोभनम् ॥२०॥
तत्रोपवेशस्थानानि स्त्रीणां पुंसां यथोचितम् । व्यासासनं च रुचिरं रचयेच्चतुरो नरः ॥२१॥
श्रोतॄणामासनादुच्चं मृदुलास्तरणान्वितम् । पार्श्विकादिसमायुक्तं रमणीयं विशेषतः ॥२२॥

---

કરવો હોય તો તૃતીયા તિથિએ પ્રારંભ કરવો. [૧૨-૧૩]

હે રાજન્ ! આ ગ્રંથની કથાનો પ્રારંભ કરવામાં પડવો, ચોથ, આઠમ અને ચૌદશ આટલી તિથિઓ ન લેવી. આ સિવાયની અન્ય સર્વે તિથિઓ કથા પ્રારંભ માટે શુભ કહેલી છે. અશ્વિની, રેવતી, હસ્ત, પુષ્ય, મૃગશીર્ષ, પુનર્વસુ, અનુરાધા, અભિજીત, સ્વાતી, રોહિણી, શ્રવણ, ધનિષ્ઠા અને શતભીષા આ નક્ષત્રો શુભ હોવાથી કથાપ્રારંભમાં ગ્રહણ કરવાનાં કહ્યાં છે. માટે તેમાં કથાનો પ્રારંભ કરવો. [૧૪-૧૬]

**શ્રોતાજનોને નિમંત્રણ પત્રિકા મોકલવી :–** દેશાંતરમાંથી બંધુજનો, જ્ઞાતિજનો, મિત્રો તેમજ કથા શ્રવણમાં જેઓને શ્રદ્ધા હોય તેઓને પ્રારંભના દિવસથી પહેલાં જ બોલાવી લેવા. દેશ-વિદેશમાં જે વિરક્ત અને દંભ રહિતના વૈષ્ણવો હોય તેમને પણ પત્રિકા લખી બોલાવવા અને તેઓ આવે ત્યારે યથાયોગ્ય સન્માન કરવું. કથાના પ્રારંભથી પાંચ દિવસ પહેલાંથી જ આસન આદિ ઉપકરણો પ્રયત્નપૂર્વક ભેળાં કરી રાખવાં અને જ્યાં ઘણા બધા જનો સુખેથી બેસી શકે એવી વિશાળ ભૂમિ હોય ત્યાં કથા સ્થળ રાખવું. [૧૭-૧૯]

**મંડપ અને વ્યાસાસન રચનાની રીત :–** એ પવિત્ર સ્થળે મનને ગમે તેવો કેળના સ્તંભો, પુષ્પો, ફળો, તેમજ શ્રેષ્ઠ વસ્ત્રોથી સજાવેલો મંડપ બનાવવો. ચતુર મનુષ્યે એ રમણીય મંડપમાં સ્ત્રી, પુરુષોને બેસવાનાં સ્થાનો તેમજ સુંદર વ્યાસાસનની યથાયોગ્ય રચના કરવી. તે વ્યાસાસન શ્રોતાઓના આસનથી ઊંચું બનાવવું, તેના પર ગાદલું બિછાવી તેના પર કોમળ ઓછાડ પાથરવો અને પડખે

तदासनात्पृथावुच्चे मृदुले चासनोत्तमे । सुबन्धनं सत्फलकं पुस्तकं सन्निधारयेत् ॥२३॥
पूर्वोक्तलक्षणैर्युक्तो ग्रन्थस्यास्य तु वाचकः । प्रत्यहं स्वाह्निकं कुर्यादुषस्युत्थाय भूपते ! ॥२४॥
ततः श्रोतृभिराहूतः स कथामण्डपं व्रजेत् । प्रक्षाल्य पाणिपादास्यं कुर्यादाचमनत्रयम् ॥२५॥
धौतश्वेताम्बरधरः सद्गुरुं हृदये स्मरन् । विप्रान्साधून्नमस्कृत्य सत्सङ्गिजीवनं नमेत् ॥२६॥
ततः स्वपूज्यगुर्वादेराज्ञया विनयान्वितः । उदङ्मुखः प्राङ्मुखो वा व्यासासनमुपाविशेत् ॥२७॥
तत एतस्याधिदेवमेतच्छास्त्राकृतिं हरिम् । मन्त्रैः समर्चयेदेतैर्मुख्यः श्रोता कृताह्निकः ॥२८॥
प्रथमादिपञ्चमान्तपञ्चप्रकरणानि तु । आस्यहृत्तुन्दजान्वङ्घ्रिरूपाण्यङ्गानि यस्य वै ॥२९॥
प्रोक्तानि सन्ति दिव्यानि श्रीहरिं करुणाम्बुधिम् । तं भक्तिधर्मतनयं हृदये चिन्तयाम्यहम् ॥३०॥
निजाश्रितजनानन्दं मुनिवर्णिनिषेवितम् । अतिरम्यनराकारं तारुण्ये वयसि स्थितम् ॥३१॥

---

ઓઠીંગણ મૂકવાં. આ રીતે વ્યાસાસનથી થોડા ઊંચા બાજોઠપર બિછાવેલા કોમળ તેમજ ઉત્તમ આસન પર સુંદર પાટિયાવાળું અને કસુંબલ સુંદર વસ્ત્રથી બંધાયેલું કથાનું પુસ્તક પધરાવવું. પૂર્વે કહેલા શુભ લક્ષણોથી યુક્ત આ કથાના વક્તાએ પ્રતિદિન પ્રભાતમાં જાગ્રત થઈ સ્નાન સંધ્યા આદિ નિત્ય વિધિથી પરવારી શ્રોતાજનોના બોલાવવાથી કથા મંડપમાં આવવું, ત્યારબાદ હાથ, પગ અને મુખ પ્રક્ષાલન કરી ત્રણ વખત આચમન કરવું. ૨૦-૨૫

ધોયેલાં શ્વેત વસ્ત્રધારી એ વક્તાએ પ્રથમ હૃદયમાં પોતાના સદ્‌ગુરુનું સ્મરણ કરી સભામાં બેઠેલા વિપ્ર તથા સાધુને નમસ્કાર કરી સત્સંગિજીવન ગ્રંથને વંદન કરવા. ત્યારબાદ પોતાના ગુરુ આદિની આજ્ઞાથી વિનયયુક્ત થઈ ઉત્તર મુખે અથવા પૂર્વમુખે વ્યાસાસને બેસવું. ત્યારબાદ સવારનો પૂજા આદિ નિત્યવિધિ કરી પરવારીને આવેલા મુખ્ય શ્રોતાએ આ સત્સંગિજીવન ગ્રંથના અધિદેવતા સર્વેશ્વર તેમજ શાસ્ત્રસ્વરૂપે બિરાજતા ભગવાન શ્રીહરિનું ધ્યાન કરી આ મંત્રોથી પૂજન કરવું. ૨૬-૨૮

**શાસ્ત્રસ્વરૂપ ભગવાનનો ધ્યાન મંત્ર :–** એકથી પાંચ પ્રકરણો અનુક્રમે આ શાસ્ત્રરૂપી પરમાત્માના દિવ્ય મુખ, હૃદય, ઉદર, જાનુ અને ચરણ કહ્યા છે એવા કરૂણાનિધિ ભક્તિનંદન શ્રીહરિનું હું હૃદયમાં ધ્યાન ધરું છું. ૨૯-૩૦

**રૂપ માધુરી :–** પોતાના આશ્રિત જનોને આનંદ ઉપજાવતા, સંતો તેમજ બ્રહ્મચારીઓથી સેવાયેલા અતિ રમણીય મનુષ્યાકૃતિમાં શોભતા, તરુણ અવસ્થામાં રહેલા, પોતાના રૂપને અનુરૂપ દિવ્ય અવયવોને ધારણ કરતા, નવીન

रूपानुरूपावयवं नवपद्मदलेक्षणम् । अतीव दर्शनीयं च शान्तं कोमलभाषणम् ॥३२॥
नूत्नरक्तारविन्दाभहस्ताङ्घ्रितलशोभितम् । चञ्चत्तुङ्गारुणनखचन्द्रावलिविराजितम् ॥३३॥
मितस्मितस्फुरत्तुल्यदन्तमुक्तावलिप्रभम् । प्रलम्बपीवरभुजं विशालहृदयस्थलम् ॥३४॥
पृथुतुङ्गललाटं च सुकापोलारुणाधरम् । दधतं कैसरे पुण्ड्रे भाले कुंकुमचन्द्रकम् ॥३५॥
घनश्यामं च तुलसीमालिकां दक्षिणे करे । दधतं च द्वितीयेन ददतं पाणिनाऽभयम् ॥३६॥
बिभ्रतं तुलसीकाष्ठसूक्ष्ममालाद्वयं गले । शुभ्रं यज्ञोपवीतं च वामस्कन्धे सुशोभनम् ॥३७॥
वासः शुभ्रं मृदु परिदधतं दृढकच्छकम् । वसानमुत्तरपटं हंसपक्षसितं तथा ॥३८॥
सूक्ष्मं सितं च पटकं बध्नन्तं शीर्ष्णि मञ्जुलम् । उत्सवे भक्तसम्प्रीत्यै दधानं भूरिभूषणम् ॥३९॥
नानाविधैः पुष्पहारैश्चन्दनेनार्चितं निजैः । लम्बद्भिः शेखरै रम्यं मन्दस्मितमनोहरम् ॥४०॥
तारामण्डलमध्यस्थं पूर्णचन्द्रमिवोदितम् । भक्तमण्डलमध्यस्थं सर्वलोकनमस्कृतम् ॥४१॥

**કમળના પત્ર સમાન વિશાળ નેત્ર કમળથી શોભતા, અતિશય દર્શનીય, શાંત, સ્મિત સાથે મધુર ભાષણ કરતા, નવીન લાલ કમળની સમાન હાથ તેમજ ચરણનાં તળાંથી શોભતા, ચળકતા અને કાંઈક ઉપડતા લાલ રંગના નખરૂપી ચંદ્રની પંક્તિથી વિરાજમાન, મંદ મંદ હાસ્યથી ચળકતા તેમજ સરખી દાંત પંક્તિથી યુક્ત, જાનુ પર્યંત લાંબી તેમજ ભરાવદાર બન્ને ભૂજાઓથી શોભતા, વિશાળ વક્ષસ્થળવાળા, ઉપડતા વિશાળ લલાટથી શોભતા, સુંદર ગાલ અને અધરોષ્ઠથી શોભતા, ભાલમાં કેસરથી કરેલા ઊર્ધ્વપુંડ્ર તિલકના મધ્યે કુંકુમનો ચાંદલો ધારી રહેલા, મેઘની સમાન શ્યામ સુંદર રૂપવાળા, જમણા હાથમાં તુલસીની માળાને ધારી રહેલા, ડાબા હાથથી અભયદાન આપતા, કંઠમાં તુલસીના કાષ્ઠની સૂક્ષ્મ બેવડી કંઠીને ધારી રહેલા, ડાબા ખભા ઉપર શ્વેત સુશોભિત યજ્ઞોપવિતને ધારી રહેલા, શ્વેત, સૂક્ષ્મ અને કોમળ વસ્ત્રનો કેડમાં દૃઢ કછોટો બાંધી રહેલા, હંસની પાંખ સમાન ધોળું ને કોમળ ઉત્તરીય વસ્ત્રને ધારી રહેલા, અતિ કોમળ ને શ્વેત પટકાને મસ્તક પર ધારી રહેલા, ભક્તોની પ્રાર્થનાથી તેમના મનને રાજી કરવા ઉત્સવના દિવસોમાં દિવ્ય વિવિધ આભૂષણો ધારણ કરનારા, ભક્તો દ્વારા અનેકવિધ પુષ્પના હાર અને ચંદનથી પૂજા કરાયેલા, લાંબા લટકતા તોરાઓથી અલંકૃત તેમજ મંદ મંદ હાસ્યથી મનોહર મુખકમળથી શોભતા, તારામંડળના મધ્યે ઉદય પામેલા પૂર્ણિમાના ચંદ્રમાની પેઠે ભક્તજનોના મંડળ મધ્યે શોભી રહેલા, સર્વ લોકથી નમસ્કાર કરાયેલા, દિવ્ય હાથનાં લટકાંથી ભક્તોના મનને આકર્ષણ કરતા તેમજ**

हृदयानि हरन्तं च निजानां करचेष्टया । करुणामृतया दृष्ट्या वीक्षमाणं च चिन्तये ॥४२॥
इति श्रीसत्सङ्गिजीवनाकृतये श्रीहरिकृष्णपरमात्मने नमो ध्यायामि ।
आवाहनम् कलिक्मषनाशाय प्रादुर्भूतं कृपाभरात् । सत्सङ्गिजीवनाकारं हरिमावाहयाम्यहम् ॥४३

**आसनम्–**

हरे ! सिंहासनमिदं स्वर्णरत्नविनिर्मितम् । तव प्रीतिकरं दत्तं गृहाण कृपया प्रभो ! ॥४४

**पाद्यम्–**

अनन्यभावाश्रयिणां संसारार्णवतारक ! । पाद्यं गृहाण देवेश ! श्रीहरे ! कृपया मयि ॥४५।

**अर्घ्यम्–**

नानावतारचरितैः साधुसङ्कटनाशन ! श्रीहरे ! त्वं गृहाणार्घ्यं गन्धाद्यष्टाङ्गसंयुतम् ॥४६॥

**आचमनीयम्–**

श्रीदुर्गपूर्जनानन्द ! नृपासुरमदापह ! स्वभक्तकुमुदेन्दो ! त्वं गृहाणाचमनीयकम् ॥४७

---

કરૂણામય અમૃત ભરેલી દિવ્ય દૃષ્ટિથી ભક્તજનોને નિહાળી રહેલા તે ભગવાન શ્રીહરિનું હું ચિંતવન કરું છું. આ પ્રમાણે બોલીને ''ધ્યાયામિ'' હું ધ્યાન કરું છું. એમ છેલ્લે બોલવું. અથવા ''ઇતિ શ્રી સત્સંગિજી- વનાકૃતયે શ્રીહરિકૃષ્ણ-પરમાત્મને નમઃ'' અર્થાત્ શ્રી સત્સંગિજીવન સ્વરૂપી શ્રીહરિકૃષ્ણ પરમાત્માને નમસ્કાર. આ પ્રમાણે છેલ્લે ઉચ્ચારણ કરવું. [૩૧-૪૨]

**આવાહન મંત્ર :–** આ પૃથ્વીમાં અપાર કરૂણા કરી કળિયુગના મળ નિવારવા પ્રગટ થયેલા આ સત્સંગિજીવન-શાસ્ત્રસ્વરૂપી શ્રીહરિને હું આહવાહન કરું છું. [૪૩]

**આસન મંત્ર :–** હે હરિ ! સુવર્ણ નિર્મિત રત્નજડિત તેમજ તમને પ્રીતિ ઉપજાનારું આ સિંહાસન હું અર્પણ કરું છું. હે પ્રભુ ! કૃપા કરીને આનો સ્વીકાર કરો. [૪૪]

**પાદ્યમંત્ર :–** હે દેવેશ ! અનન્યભાવથી આપનું ભજન કરનાર ભક્તજનોને સંસાર-સાગરમાંથી આપ તારનારા છો. એવા હે હરિ ! મારી ઉપર કૃપા કરી આ પાદ્ય (ચરણ-પ્રક્ષાલન જળ)નો સ્વીકાર કરો. [૪૫]

**અર્ઘ્ય મંત્ર :–** હે અનેક પ્રકારના ચરિત્રોથી સાધુઓના સંકટનો નાશ કરતા ! હે શ્રીહરિ ! તમે ચંદન આદિ અષ્ટાંગ દ્રવ્યયુક્ત આ અર્ઘ્ય (હસ્ત-પ્રક્ષાલન જળ)નો અંગીકાર કરો. [૪૬]

**स्नानम्–**

अच्छोदोन्मत्तगङ्गावार्जलक्रीडारते ! हरे ! तत्पानीयप्रशंसाकृत्स्नानीयं प्रतिगृह्यताम् ॥४८॥

**वस्त्रम्–**

पीताम्बरमिदं कृष्ण ! नवीनं स्ववर्णकम् । तवैव परिधानार्हं गृह्यतां धर्मनन्दन ! ॥४९॥

**यज्ञोपवीतम्–**

सावित्रीग्रन्थिसंयुक्तं स्वर्णतन्तुविनिर्मितम् । गृह्यतां देवदेवेश ! ब्रह्मसूत्रमिदं शुभम् ॥५०

**आभूषणानि–**

आभूषणानि दिव्यानि कुण्डलादीनि सत्पते ! गृहाण कृपया कृष्ण ! दत्तानीमानि भक्तितः ॥५१॥

**चन्दनम्–**

घनसाररसोपेतं कुंकुमेन सुशोभितम् । गृहाण चन्दनं दिव्यं भक्तिधर्मात्मज ! प्रभो ! ॥५२

**पुष्पाणि–**

नानासुगन्धिपुष्पाणां हारापीडौ तथैव च । तुलसीवनमालां च श्रीकृष्ण ! स्वीकुरु प्रभो ! ॥५३

---

**આચમન મંત્ર :–**હે શ્રીદુર્ગપુર નિવાસી જનોને આનંદ ઉપજાવતા ! હે અસુર રાજાઓના મદને હરનારા ! હે પોતાના ભક્તજનરૂપ કુમુદને વિકસાવવામાં ચંદ્રમા સમાન ! તમો મુખે આચમનીનો સ્વીકાર કરો. [૪૭]

**સ્નાન મંત્ર :–** હે ઉન્મત્ત ગંગાના સ્વચ્છ જળમાં પોતાના પરમહંસોની સાથે જળક્રીડા કરવામાં પ્રીતિવાળા ! હે હરિ ! ઉન્મત્તગંગાના નીરની આપ પ્રશંસા કરો છો. તેથી સ્નાન માટે મેં અર્પણ કરેલ આ જળને અંગીકાર કરો. [૪૮]

**વસ્ત્રપ્રદાન મંત્ર :–** હે કૃષ્ણ ! હે ધર્મનંદન ! તમને જ પહેરવા લાયક નવીન તેમજ સુવર્ણના સમાન વર્ણવાળું આ પીતાંબર તમે ધારણ કરો. [૪૯]

**યજ્ઞોપવિત મંત્ર :–** હે દેવોના દેવ ! સાવિત્રી-ગ્રંથીએ યુક્ત તેમજ સુવર્ણના તંતુથી નિર્મિત આ શુભ બ્રહ્મસૂત્ર તમે ગ્રહણ કરો. [૫૦]

**આભૂષણપ્રદાન મંત્ર :–** હે સંતોની સ્વામી ! હે કૃષ્ણ ! કુંડળ વગેરે દિવ્ય આભૂષણો મેં ભક્તિભાવપૂર્વક અર્પણ કર્યાં છે. તેનો કૃપા કરી તમે અંગીકાર કરો. [૫૧]

**ચંદન અર્પણ મંત્ર :–** હે ભક્તિધર્મના નંદન ! હે પ્રભુ ! કપૂર રસથી મિશ્રિત કુંકુમથી સુશોભિત તેમજ દિવ્ય આ ચંદનનો અંગીકાર કરો. [૫૨]

**પુષ્પપ્રદાન મંત્ર :–** હે શ્રીકૃષ્ણ ! હે પ્રભુ ! અનેક પ્રકારના સુગંધીમાન પુષ્પોના હાર, તોરા તેમજ તુલસીની વનમાળાનો આપ સ્વીકાર કરો. [૫૩]

**सुगन्धतैलम्–**

सुगन्धद्रव्यवासाढ्यं विष्णुतैलं मनोहरम् । वाञ्छितं सर्वलोकानां भगवन्प्रतिगृह्यताम् ॥५४

**धूपः–**

बालक्रीडाविनोदेन कालिदत्तासुरान्तकृत् । दृष्ट्या कृत्यागणद्राव ! धूपः स्वीक्रियतां त्वया ॥५५

**दीपः–**

स्वयंप्रकाशमानेश ! नैकभास्करभास्वर ! गृहाण कृपया दीपमन्धकारनिवारकम् ॥५६

**नैवेद्यम्–**

नानापक्वान्ननैवेद्यं रसैः षड्भिर्मनोहरम् । विश्वंभर ! गृहाणेदं प्रीत्या मे वरदो भव ॥५७

**मध्येपानीयम्–**

पवित्रं निर्मलं तोयमुशीरैलादिवासितम् । जीवनं सर्वजीवानां पानार्थं गृह्यतां हरे ! ॥५८

**पुनराचमनीयम्–**

निर्मलं गाङ्गमुदकं सुपवित्रं सुवासितम् । पुनराचमनीयं च गृह्यतां भक्तिनन्दन ! ॥५९

---

**સુગંધીતૈલપ્રદાન મંત્ર :–** હે ભગવન્ ! સુગંધીમાન અનેક પ્રકારના પદાર્થોથી અધિવાસિત તેમજ સમગ્ર લોકોએ ઈચ્છવા યોગ્ય મેં ભક્તિભાવથી અર્પણ કરેલા મનોહર આ વિષ્ણુતૈલનો સ્વીકાર કરો. ૫૪

**ધૂપપ્રદાન મંત્ર :–** હે દષ્ટિમાત્રથી કૃત્યાઓના ગણને ભગાડનાર ! તેમજ બાલક્રીડા વિનોદમાત્રથી કાલિદત્ત અસુરનો સંહાર કરનાર ! તમે ધૂપ અંગીકાર કરો. ૫૫

**દીપપ્રદાન મંત્ર :–** હે સ્વયંપ્રકાશ ! હે પ્રમાણોના ઈશ ! (પ્રત્યક્ષ પ્રમાણ, શબ્દ પ્રમાણ અને અનુમાન પ્રમાણના માલિક) હે અનેક ભાસ્કર સમાન પ્રકાશમાન ! અંધકારને નિવારનારા આ દીપનો કૃપા કરી સ્વીકાર કરો. ૫૬

**નૈવેદ્ય અર્પણ મંત્ર :–** હે વિશ્વંભર ! છ પ્રકારના રસોએ સહિત મનોહર તેમ જ અનેકવિધ પકવાનોનું નૈવેદ્ય પ્રીતિથી હું અર્પણ કરું છું. તેનો તમે સ્વીકાર કરો અને મને વરદાન આપો. ૫૭

**ભોજન મધ્યે જલપાન પ્રદાન મંત્ર :–** હે હરિ ! એલચી તેમજ વીંરણના વાળા આદિ સુગંધીમાન શીતળ પદાર્થોથી અધિવાસિત સર્વજીવોનું જીવનરૂપ આ પવિત્ર નિર્મળ જળ, પાન કરવા માટે આપ એનો અંગીકાર કરો. ૫૮

**ફરી આચમનીય પ્રદાન મંત્ર :–** હે ભક્તિનંદન ! અત્યંત પવિત્ર, અતિ નિર્મળ તેમજ સુગંધી દ્રવ્યોથી સુવાસિત આ ગંગાજળ ફરી આચમન માટે

**ताम्बूलम्-**

ताम्बूलं पूगसंयुक्तं लवङ्गैलाविमिश्रितम् । जातीफलादिसंयुक्तं श्रीकृष्ण ! प्रतिगृह्यताम् ॥६०

**फलम्-**

दिव्यं फलानां सर्वेषां सर्वदेवप्रियङ्करम् । नालिकेरीफलमिदं गृह्यतां धर्मधूर्धर ! ॥६१

**दक्षिणा-**

यथाशक्ति मया दत्ताः स्वर्णरूप्यादिमुद्रिकाः । वृत्तालयपुरावास ! दक्षिणां गृह्यतां त्वया ॥६२

**नीराजनम्-**

नीराजयामि देवेश ! नमस्ते ! ज्योतिषां पते ! । आरार्त्रिकं मया दत्तं गृहाण मुनिवल्लभ ! ॥६३

**प्रदक्षिणां-**

नमस्ते देवदेवेश ! वराभयकर ! प्रभो ! । त्वत्प्रदक्षिणया कृष्ण ! सर्वदेवप्रदक्षिणा ॥६४

**नमस्कारः-**

उद्धारणाय सर्वेषां प्रादुर्भूतं धरातले । सत्सङ्गिजीवनाकारं त्वां हरिं प्रणमाम्यहम् ॥६५

---

અંગીકાર કરો. [૫૯]

**તાંબૂલ સમર્પણ મંત્ર :–** હે શ્રીકૃષ્ણ ! લવિંગ, એલાયચી, જામફળ તેમજ સોપારીએ સહિત બનાવેલું આ પાનબીડું અંગીકાર કરો. [૬૦]

**ફલ અર્પણ મંત્ર :–** હે ધર્મધુરંધર ! સર્વે ફળોમાં શ્રેષ્ઠ તેમજ સર્વે દેવતાઓને પ્રિય એવા આ નાળિયેરના ફળનો સ્વીકાર કરો. [૬૧]

**દક્ષિણા પ્રદાન મંત્ર :–** હે વડતાલપુરવાસી ! મેં યથાશક્તિ સમર્પણ કરેલ રૂપાની મુદ્રા તેમજ સુવર્ણની મુદ્રા આપ દક્ષિણારૂપે સ્વીકાર કરો. [૬૨]

**નીરાજન પ્રદાન મંત્ર :–** હે દેવેશ ! હે જ્યોતિષિઓના પતિ ! હે મુનિવલ્લભ ! મારા આપશ્રીને નમસ્કાર. હું તમારી આરતી ઉતારું છું, મેં અર્પણ કરેલ આરતીનો સ્વીકાર કરો. [૬૩]

**પ્રદક્ષિણા મંત્ર :–** હે વરદાન અને અભયદાન આપનારા ! દેવોના દેવ ! હે પ્રભુ ! આપશ્રીને નમસ્કાર કરું છું. હે કૃષ્ણ ! તમને પ્રદક્ષિણા કરવાથી સર્વે દેવતાઓને પ્રદક્ષિણા થઈ જાય છે. [૬૪]

**નમસ્કાર મંત્ર :–** આ પૃથ્વી પર સર્વ જીવોના ઉદ્ધાર માટે પ્રગટેલા અને સત્સંગિજીવન શાસ્ત્રસ્વરૂપે વિરાજેલા શ્રીહરિ તમને હું પ્રણામ કરું છું. [૬૫]

**પ્રાર્થના મંત્ર :–** અનાદિકાળથી સંચિત મારાં પોતાનાં કર્મના પરિપાકથી

**प्रार्थना-**

निजकर्मविपाकेन भवाब्धौ पतितोऽस्म्यहम् । तं मामुद्धर देवेश ! कृपया ! करुणानिधे ! ॥६६
सत्सङ्गिजीवनाख्यस्त्वं प्रत्यक्षः पुरुषोत्तमः । मयि त्वच्छरणायाते कृपां कुरु जगत्पते ! ॥६७
सम्पूजाय श्रीहरिं त्वित्थं सत्सङ्गिजीवनात्मकम् । वक्तारं पूजयेद्भक्त्या गन्धपुष्पस्रगादिभिः ॥६८
नवीनवस्त्राभरणैर्दत्वा सम्पूज्य दक्षिणाम् । ततः पूर्वोक्तमन्त्रेण नत्वा तं प्रार्थयेत्पुमान् ॥६९
सुव्रताकार ! बोधज्ञ ! सर्वशास्त्रविशारद ! एतत्कथाप्रकाशेन मदज्ञानं विनाशय ॥७०
सम्प्रार्थ्य तद्वाचकमित्थमन्यान् श्रोतृंश्च विप्रान्स यथार्हमर्चेत् ।
श्रोता स्वकीयैर्नियमैरुपेतः शृणोतु भूपालक ! शास्त्रमेतत् ॥७१

**इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तच्छ्रवणविशेष विध्युक्तौ तत्पूजाविधिनिरूपणनामा तृतीयोऽध्यायः ॥३॥**

---

હું આ ભવસાગરમાં ડુબેલો છું. હે દેવેશ ! હે કરૂણાનિધિ ! કૃપા કરીને મારો ઉદ્ધાર કરો. હે જગતપતિ ! અત્યારે આપ સત્સંગિજીવન-શાસ્ત્રસ્વરૂપે પ્રત્યક્ષ પુરુષોત્તમ સદા અહીં વિરાજો છો. તમારે શરણે આવેલા મારા ઉપર કૃપા કરો. ૬૬-૬૭

આ પ્રમાણે સત્સંગિજીવન શાસ્ત્ર સ્વરૂપે વિરાજતા શ્રીહરિનું પૂજન કરી ત્યારબાદ ચંદન અને પુષ્પમાળાથી પ્રીતિપૂર્વક વક્તાનું પૂજન કરવું. નવીન વસ્ત્ર અને આભૂષણોથી પૂજન કરી, દક્ષિણા આપી પૂર્વોક્ત મંત્રથી નમસ્કાર કરી પ્રાર્થના કરવી. હે સુવ્રતમુનિ સ્વરૂપ ! હે બોધને જાણનારા ! હે સર્વ શાસ્ત્ર વિશારદ ! આ સત્સંગિજીવનની કથાના પ્રકાશથી મારા અજ્ઞાનરૂપી અંધકારનો વિનાશ કરો. ૬૮-૭૦

હે પૃથ્વીપાલક ! રાજન્ ! આ પ્રમાણે તે વક્તાની પૂજા કરી પ્રાર્થના કરીને મુખ્ય શ્રોતાએ અન્ય શ્રોતા વિપ્રોની પૂજા કરવી. અને ત્યારબાદ સર્વે શ્રોતાજનોએ પોતાના કહેલા નિયમમાં રહી આ સત્સંગિજીવનશાસ્ત્રનું શ્રવણ કરવું. ૭૧

**ઇતિ શ્રી મુક્તાનંદ સ્વામી વિરચિત શ્રીમત્ સત્સંગિજીવન ગ્રંથના માહાત્મ્યમાં શતાનંદ સ્વામી અને હેમંતસિંહ રાજાના સંવાદરૂપે તે શાસ્ત્રનો વિશેષ શ્રવણવિધિ કહ્યો અને તેની પૂજાવિધિનું નિરૂપણ કર્યું એ નામે ત્રીજો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૩ ॥**

---

*अध्याय - ४*

**शतानन्दमुनिरुवाच-**

श्रोत्राथ पूजितो वक्ता कुर्यान्मङ्गलमादितः । मुदा वदेत्सदानन्देत्यादिश्लोकत्रयं नृप ! ॥१॥
स्वामिनारायणो नीलकण्ठो नारायणो हरिः । हरिकृष्णश्च सहजानन्दः कृष्णोस्तु मे हृदि ॥२॥
ततो वैराग्यवेगेति श्लोकद्वयमुदीरयेत् । स वक्ता पुस्तकं नत्वा ततः पद्ये त्विमे पठेत् ॥३॥
श्रूयतां देवदेवेश! स्वामिनारायण ! प्रभो ! त्वदीयेनावधानेन कथयिष्ये शुभाः कथाः ॥४॥
नत्वा श्रीसहजानन्दस्वामिनं भक्तिधर्मजम् । तद्वाणीं च शतानन्दं ततो जयमुदीरयेत् ॥५॥
इति पद्ये पठित्वैव वाचयेत्स कथां बुधः । साधून्विप्रान्विलोक्यैव कुर्यादर्थं न योषितः ॥६॥
समाप्तिर्यस्य यस्यान्ते नाध्यायस्याथ सम्मताः । न तत्र तत्र विरमेदध्यायांस्तान्वदाम्यहम् ॥७॥

---

**અધ્યાય - ૪**

**મંગલાચરણ શ્લોકોનો ક્રમ :–** શતાનંદમુનિ કહે છે, હે રાજન્ ! શ્રોતાથી પૂજાએલા વક્તાએ પ્રથમ મંગલાચરણ કરવું. મંગલાચરણમાં અતિ હર્ષની સાથે (પ્રથમ પ્રકરણના પ્રથમ અધ્યાયમાં રહેલ) ''સદાનન્દામ્ભોધિઃ'' એ આદિ ત્રણ શ્લોક બોલવા. [૧]

ત્યારબાદ ''સ્વામિનારાયણો નીલકંઠ'' એ શ્લોકથી વક્તાએ શ્રીસ્વામિનારાયણ, નીલકંઠ, નારાયણ, હરિ, હરિકૃષ્ણ, સહજાનંદ અને શ્રીકૃષ્ણ આદિ નામોનું સ્મરણ કરી, મારા હૃદયમાં તમો સદા વિરાજો. એમ પ્રાર્થના કરવી. અને પછી વક્તાએ ''વૈરાગ્ય વેગ'' એ બે શ્લોક (પ્રથમ પ્રકરણના બીજા અધ્યાયમાં રહેલા) બોલી, પુસ્તકને નમસ્કાર કરી, આ બે પદ્યનો (શ્લોકનો) પાઠ કરવો. [૨-૩]

**બે શ્લોકો :–** હે દેવદેવેશ ! હે સ્વામિનારાયણ ! હે પ્રભુ ! તમારા સ્વરૂપમાં મનને એકાગ્ર કરી હું આ શુભ કથાનું ગાન કરીશ, તેનું તમે શ્રવણ કરો. શ્રી ભક્તિધર્મના પુત્ર શ્રીસહજાનંદ સ્વામીને તેમની દિવ્ય ઉપદેશરૂપ વાણીને અને તેના દિવ્યચરિત્રોના પ્રવક્તા શતાનંદ સ્વામીને નમસ્કાર કરી ત્યારબાદ વક્તાએ અને શ્રોતાએ સામૂહિક જયઘોષ કરવો. [૪-૫]

આ પ્રમાણે પદ્યોનું પઠન કરીને જ બુદ્ધિમાન વક્તાએ કથાનું વાચન કરવું. તેના અર્થનું વિવેચન સભામાં બેઠેલા સાધુ અને વિપ્રોને જ જોઇને કરે પણ સ્ત્રીઓને જોઇને કે ઉદ્દેશીને ન કરે. [૬]

तत्र प्रकरणे त्वाद्ये द्वितीयः प्रथमस्तथा । तृतीयोऽष्टादशः षष्ठे निषिद्धा विरताविमे ॥८॥
अकत्रिंशस्त्रयस्त्रिंशः पञ्चत्रिंशत्तमस्तथा । अष्टत्रिंशो मताश्चैते निषिद्धा विरताविह ॥९॥
एकोनचत्वारिंशश्च चत्वारिंशत्तमस्तथा । द्विचत्वारिंश इत्येते निषिद्धा विरतौ मताः ॥१०॥
अध्यायः सप्तपञ्चाशस्त्रिपञ्चाशत्तमस्तथा । अध्यायौ विरतावेतौ द्वावप्यत्र निषेधितौ ॥११॥
द्वितीये च प्रकरणे प्रथमो नवमस्तथा । षष्ठो निषेधिताश्चैते विरतौ सम्मता नृप ! ॥१२॥
एकादशस्तथाध्यायः षोडशश्च त्रयोदशः । त्रयोविंशश्चतुर्विंशो न मता विरताविमे ॥१३॥
अष्टत्रिंशत्तमः पञ्चचत्वारिंशत्तमस्तथा । त्रिंशत्तमस्तथाध्यायो निषिद्धा विरताविमे ॥१४॥
तृतीये च प्रकरणे नवमो दशमस्तथा । विरतौ षोडशः सप्तदशश्चैते न सम्मताः ॥१५॥
एकोनविंशतितमस्त्रयोविंशो न सम्मतः । एकत्रिंशत्तमोऽध्यायो द्वात्रिंशो विरताविमे ॥१६॥
चत्वारिंशस्त्रयस्त्रिंशो द्विचत्वारिंश ईरिताः । त्रिचत्वारिंश इत्येते निषिद्धा विरताविह ॥१७॥
षट्चत्वारिंशकः सप्तचत्वारिंशत्तमस्तथा । द्विपञ्चाशत्तमश्चैते विरतौ नहि सम्मताः ॥१८॥
अध्याश्चाष्टपञ्चाशो द्विषष्टितम ईरिताः । त्रिषष्टितम इत्वेते निषिद्धा विरतौ नृप ! ॥१९॥
आद्यः प्रकरणे तुर्ये पञ्चमो नवमोऽष्टमः । द्वाविंशो दशमो निषिद्धा विरताविमे ॥२०॥

---

**કથાવિરામના નિયમો :–** જે જે અધ્યાયને અંતે કથા સમાપ્તિ સંમત ન હોય તે તે અધ્યાયોએ કથા વિરામ કરવો નહિ. તે અધ્યાયો હું તમને કહું છું. ૭

**પ્રથમ પ્રકરણ :–** પ્રથમ પ્રકરણમાં પહેલો, બીજો, ત્રીજો, છઠ્ઠો, અઢારમો, એકત્રીસમો તેત્રીસમો, પાંત્રીસમો, અડત્રીસમો, ઓગણસાલીસમો, ચાલીસમો, બેતાલીસમો, ત્રેપનમો અને સત્તાવનમો આ અધ્યાયો કથાવિરામમાં નિષેધ માન્યા છે. ૮-૧૧

**બીજા પ્રકરણમાં :–** પહેલો, છઠ્ઠો, નવમો, અગિયારમો, સોડમો, ત્રેવીસમો, ચોવીસમો, ત્રીસમો, આડત્રીસમો અને પીસ્તાલીસમો આ અધ્યાયયો કથાવિરામમાં નિષેધ માન્યા છે. ૧૨-૧૪

**ત્રીજા પ્રકરણમાં :–** નવમો, દશમો, સોડમો, સત્તરમો, ઓગણીસમો, ત્રેવીસમો, એકત્રીશમો, બત્રીશમો, તેત્રીશમો, ચાલીશમો, બેતાલીસમો, તેતાલીશમો, છેતાલીસમો, સુડતાલીસમો, બાવનમો, અઠ્ઠાવનમો, બાસઠમો અને ત્રેસઠમો આ અધ્યાયો કથાવિરામમાં નિષેધ માન્યા છે. ૧૩-૧૯

**ચોથા પ્રકરણમાં :–** પહેલો, પાંચમો, આઠમો, નવમો, દશમો, વીશમો, બાવીશમો, ત્રીશમો, ચોત્રીશમો, છત્રીશમો, એકતાલીશમો, તેતાલીશમો, ચુમાલીશમો, છેતાલીશમો, ચોપનમો, છપ્પનમો, સતાવનમો, અઠ્ઠાવનમો,

चतुस्त्रिंशत्तमस्त्रिंशः षट्त्रिंशो विरताविमे । त्रिचत्वारिंशकश्चैकचत्वारिंशो न सम्मताः ॥२१॥
षट्चत्वारिंशकचतुश्चत्वारिंशत्तमौ तथा । चतुःपञ्चाश इत्येते निषिद्धा विरतौ मताः ॥२२॥
षट्पञ्चाशत्तमोऽध्यायः सप्तपञ्चाश इत्यमी । अध्यायश्चाष्टपञ्चाशो विरतो नहि सम्मताः ॥२३॥
एकोनषष्टितमको द्विषष्टितम इत्यमी । षष्टितमश्च विरतावध्यायाः प्रतिषेधिताः ॥२४॥
चतुःषष्टितमश्चाथ त्रिषष्टितमको नृप ! । निसिद्धौ विरतावेतावध्यायौ सम्मताविह ॥२५॥
पञ्चषष्टितमोऽध्यायो विरताविह भूपते ! । षट्षष्टितम इत्येतौ प्रतिषिद्धौ मतावुमौ ॥२६॥
अष्टषष्टितमोऽध्यायो नृपते ! विरताविह । अध्यायः सप्ततितम इत्युभौ सन्निषेधितौ ॥२७॥
द्वितीयः पञ्चमेऽध्यायः षष्ठः प्रकरणे तथा । तृतीयः सप्तमश्चैते विरतौ प्रतिषेधिताः ॥२८॥
त्रयोदशस्तथा विंशो विरतौ चैकविंशकः । प्रतिषिद्धास्तथा त्रिंशो द्वात्रिंश उदिता इमे ॥२९॥
अष्टत्रिंशस्तथाध्यायः पञ्चत्रिंशत्तमो मताः । निषिद्धा विरतावेव द्विचत्वारिंश इत्यमी ॥३०॥
त्रिचत्वारिंश एकोनषष्टितम उदीरिताः । निषिद्धा सप्तपञ्चाशो विरतावित्यमी नृप ! ॥३१॥
षष्टितमस्तथाध्यायश्चतुःषष्टितमो मताः । षट्षष्टितम इत्येते विरतौ प्रतिषेधिताः ॥३२॥
एषामन्ते न विरतिः कार्यैतद्वाचकैः क्वचित् । नित्यैकाध्यायपाठानामप्येष विधिरिष्यते ॥३३॥
मुहूर्तं घटिकां वापि कथान्ते नामकीर्तनम् । कुर्यात्प्रतिदिनं विष्णोरुत्तरेदासनात्ततः ॥३४॥

---

**ઓગણસાઠમો, સાઠમો, બાસઠમો, ત્રેસઠમો, ચોસઠમો, પાંસઠમો, છાસઠમો, અડસઠમો અને સીત્તેરમો આ અધ્યાયયો કથાવિરામમાં નિષેધ માન્યા છે.** [૨૦-૨૭]

**પાંચમાં પ્રકરણમાં :–** **બીજો, ત્રીજો, છઠ્ઠો, સાતમો, તેરમો, વીશમો, એકવીશમો, ત્રીશમો, બત્રીશમો, પાંત્રીસમો, આડત્રીસમો, બેતાલીસમો, તેતાલીસમો, સત્તાવનમો, ઓગણસાઠમો, સાઠમો, ચોસઠમો અને છાસઠમો આ અધ્યાયો કથાવિરામમાં નિષેધ માન્યા છે.** [૨૮-૩૨]

**આ ઉપરોક્ત અધ્યાયોના અંતે વક્તાએ ક્યારેય પણ કથાવિરામ કરવો નહિ. દરરોજના એક એક અધ્યાયના પાઠના નિયમમાં પણ આજ વિધિ જાણવો. પ્રતિદિન કથાને અંતે મુહૂર્ત પર્યંત કે એક ઘટિકા (ચોવીસ મિનીટ) પર્યંત હરિનામ સંકીર્તન કરી વક્તાએ આસનપરથી નીચે ઊતરવું. ફરી વિદ્વાન વક્તાએ પોતાના પૂજ્ય ગુરુ આદિકને નમસ્કાર કરી પોતાના ઘર પ્રત્યે જવું, કથાની પૂર્ણાહૂતિ સુધી દરરોજ વક્તાએ આ પ્રમાણે જ વર્તવું.** [૩૩-૩૫]

**વક્તાને માટે પરાન્ન પ્રતિગ્રહનો નિષેધ :–** **પાપથી ભય પામનાર પંડિત વક્તાએ કથાના પ્રારંભ દિવસથી લઈને સમાપ્તિ પર્યંત બીજાનું અન્ન સ્વીકારવું નહિં. તેમજ ભિક્ષાવૃત્તિ દ્વારા પણ પ્રતિગ્રહ ન કરવો. જો શ્રોતાઓ પર્યાપ્ત અન્ન**

पुनर्नत्वा स्वगुर्वादीन् गच्छेद्विद्वान्निजं गृहम् । कथासमाप्तिपर्यन्तं नित्यमेवं समाचरेत् ॥३५॥
कथारम्भदिनाद्यावत्समात्यन्यस्य नाहरेत् । अन्नं प्रतिगृहं वापि पापभिरुः स पण्डितः ॥३६॥
न दद्युः स्वस्य पर्याप्तं श्रोतारः प्रत्यहं यदि । अन्नं तदा त्वन्यदत्तं गृह्णीयान्नात्र पातकम् ॥३७॥
सप्ताहे वा नवाहे वा पक्षपारायणे तथा । पारायणे च मासत्वोंस्तस्यैष विधिरीरितः ॥३८॥
वातुलं नैव भुञ्जीत न कुर्याच्चातिभोजनम् । न रोगकृच्च शाकादि तैलं कटु च वर्जयेत् ॥३९॥
ब्रह्मचर्यमहिंसां च सत्यास्तेये च पालयेत् । कथाविघ्नकरं यत्तत्कर्म कुर्यान्न कर्हिचित् ॥४०॥
पूर्वोक्तलक्षणैर्युक्तः श्रोता पुस्तकवाचकौ । पूर्वोक्तेन विधानेन सम्पूज्य शृणुयात्कथाम् ॥४१॥
अनुष्णीषोऽपौढपादो न गच्छंश्च स्थलान्तरम् । पूगाद्यनश्नंश्च शुचिर्वाग्यतः शृणुयात्कथाम् ॥४२॥
वीरासनेनोपविशेन्न च पश्येदितस्ततः । वार्तां कुर्याच्च नान्योन्यं तदेकाग्रमना भवेत् ॥४३॥
संशये सति वक्तारं पृच्छेच्च शनकैर्नमन् । करपादादिचापल्यं श्रोता कुर्यान्न संसदि ॥४४॥

---

આપી ન શકે એમ હોય તો પોતાના કુટુમ્બના ભરણપોષણને યોગ્ય બીજા પાસેથી અન્ન સ્વીકારવું, તેમાં દોષ નથી. ૩૬-૩૭

ઉપરોક્ત આ નિયમ સપ્તાહ, નવાહ,પક્ષ, (પંદર દિવસ) માસ કે ઋતુ (બે માસ) ની પારાયણમાં સમજવો, પણ દરરોજના એક એક અધ્યાયની પારાયણમાં આ નિયમ લાગુ પડતો નથી. ૩૮

**વક્તા માટે સાવધાની :–** વક્તાએ વાયુ થાય એવું ભોજન ન કરવું. અતિ ભોજન ન કરવું. રોગ કરનાર શાક આદિકનું ભોજન ન કરવું, તેલવાળું અને કડવા પદાર્થોનું ભોજન ન કરવું. ૩૯ વક્તાએ બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય અને અસ્તેય (ચોરી ન કરવી) આ નિયમોનું પાલન કરવું. તેમજ કથામાં વિઘ્ન કરે એવી કોઈ પણ ક્રિયા વક્તાએ ન કરવી. ૪૦

**શ્રોતાઓ માટે સાવધાની :–** પૂર્વોક્ત લક્ષણે યુક્ત શ્રોતાઓએ દરરોજ પુસ્તક અને વક્તાનું પૂર્વોક્ત વિધિથી પૂજન કરી કથાનું શ્રવણ કરવું. માથે પાઘડી મૂકી રાખી કથા ન સાંભળવી, વચ્ચે વચ્ચે બીજી બીજી જગ્યાએ બેસી જઈને કથા ન સાંભળવી, સોપારી આદિક ચાવતાં ચાવતાં કથા ન સાંભળવી, તેમજ પવિત્રપણે વાણીને નિયમમાં રાખીને કથાનું શ્રવણ કરવું. કથામાં શ્રોતાઓએ વીરાસને બેસવું નહિ, ચારે બાજુ આમ તેમ જોયા કરવું નહિ. અને કથાશ્રવણ-સમયે અરસપરસ વાતો કરવી નહિ, પરંતુ એકાગ્ર મનથી કથા સાંભળવી. ૪૧-૪૩
શ્રોતાઓએ સભામાં હાથપગ હલાવવારૂપ વ્યર્થ ચેષ્ટા કરવી નહિ, પરંતુ કથામાં

पालयेद्ब्रह्मचर्यादीन्नियमानुत्सवाहिके । तथा प्रकरणस्यान्ते शक्त्या दद्याच्च दक्षिणाम् ॥४५॥
एकैकस्मिन्प्रकरणे समाप्ते भोजयेद्द्विजान् । शक्तः श्रोता तु पञ्चाशदवरकान् श्रद्धया नृप ! ॥४६॥
अशक्तोऽस्य समाप्तौ तु भोजयेत शतावरान् तदिष्टभोजनैर्विप्रान् दक्षिणाभिश्च तोषयेत् ॥४७॥
कथाप्रारम्भदिवसे सम्पूज्यादौ गणाधिपम् । ब्राह्मणान्वरयेन्मुख्यः श्रोता त्रीन् जपहेतवे ॥४८॥
सहस्रपञ्चकं नित्यं समाप्त्यवधि तैर्नृप ! । अष्टाक्षरो मनुर्जप्यो हरिप्रीत्यै दृढव्रतैः ॥४९॥
अन्नवस्त्राणि तेभ्योऽपि दद्यादन्ते च दक्षिणाम् । श्रोतृभ्यश्चापि विप्रेभ्यः शक्त्या दद्याच्च दक्षिणाम् ॥५०
मलमूत्रजयार्थं च स्वल्पाहारः सुखावहः । हविष्यान्नेनैकभक्तं श्रोता कुर्यात्ततो नृप ! ॥५१॥
उपवासाः प्रकर्तव्याः सप्ताहे सप्तवासरान् । फलाहारमशक्तस्तु कुर्याद्वापि पयः पिबेत् ॥५२॥
अद्यान्निर्लवणं वान्नमेकभक्तं च वा चरेत् । सुखसाध्यं भवेद्यत्तत्कर्तव्यं श्रवणार्थिना ॥५३॥

કાંઇ સંશય થાય તો વિનયથી બે હાથ જોડી વક્તાને પ્રશ્ન કરવો. [૪૪] શ્રોતાઓએ કહેલા બ્રહ્મચર્યાદિક નિયમોનું પાલન કરવું. કથામાં જન્મોત્સવ આદિના પ્રસંગે કે એક એક પ્રકરણ સમાપ્તિના પ્રસંગે વક્તાને શક્તિને અનુસારે દક્ષિણા આપવી. [૪૫] તથા સમગ્ર શ્રોતાઓએ એક એક પ્રકરણની સમાપ્તિમાં પચાસથી ઓછા નહિ એટલા બ્રાહ્મણો શ્રદ્ધાપૂર્વક જમાડવા અને અશક્ત શ્રોતાઓએ આ ગ્રંથની સંપૂર્ણ કથા સમાપ્તિમાં ઓછામાં ઓછા એકસો બ્રાહ્મણોને ઈષ્ટ અને મિષ્ટ તેમજ રૂચિ મુજબ ભોજનથી તૃપ્ત કરવા, અને યથાશક્તિ દક્ષિણા આપી તેઓને રાજી કરવા. [૪૬-૪૭]

**મુખ્ય શ્રોતા માટે થોડું વિશેષ :–** કથાના પ્રારંભના દિવસે મુખ્ય શ્રોતાએ પ્રથમ ગણપતિની પૂજા કરીને જપ કરવા માટે ત્રણ વિપ્રોની વરણી કરવી. [૪૮] હે રાજન્ ! વરણી કરાયેલા તે વિપ્રોએ દઢ વ્રતનિષ્ઠ થઇ શ્રીહરિની પ્રસન્નતાર્થે દરરોજ પાંચ હજાર અષ્ટાક્ષર મંત્રના જપ કરવા. [૪૯] કથાની સમાપ્તિમાં તે જપ કરનારા વિપ્રોને પણ યથાશક્તિ અન્ન, વસ્ત્ર અને દક્ષિણા આપવી. તેમજ અન્ય શ્રોતા વિપ્રોને પણ યથાશક્તિ દક્ષિણા આપવી. [૫૦] હે રાજન્ ! શ્રોતાએ મળમૂત્ર ઉપરના કાબૂ માટે અલ્પાહાર કરવો, અને એ જ એના માટે સુખકારી છે. તેમ જ હવિષ્યાન્નથી એકવાર જ ભોજન કરવું. [૫૧]

**કથા દરમ્યાન આહારના નિયમો :–** સપ્તાહ પારાયણમાં શ્રોતાએ સાત દિવસ સુધી ઉપવાસ કરવા. અશક્ત હોય તેમણે ફળાહાર કરવું, અથવા દૂધપાન કરવું, અથવા મીઠા વિનાનું એક અન્ન ખાવું, અથવા એકવાર ભોજન કરવું. કથાનું શ્રવણ કરનાર શ્રોતાએ એમાંથી જે સુખપૂર્વક થઇ શકે તેનું ગ્રહણ

भोजनं तु वरं मन्ये कथाश्रवणकारकम् । नोपवासो मतः श्रेष्ठः कथाविघ्नकरो यदि ॥५४॥
समाप्तिदिवसे कार्या महापूजा यथाधनम् । सर्वेऽपि श्रावकाः कुर्युर्वक्तुः पूजां यथोचितम् ॥५५॥
नूत्नकौशेयवस्त्राणि कुण्डले कटकादि च । दद्याच्छ्रोताग्रिमो वक्त्रे स्वर्णमुद्राः स्वशक्तितः ॥५६॥
सत्यां तु धनसम्पत्तौ वित्तशाठ्यं न कर्हिचित् । स कुर्वीत यथाप्रोक्तफलावाप्तीच्छुरस्य हि ॥५७॥
अन्येऽपि शक्तितो दद्युर्वस्त्रालङ्कारदक्षिणाः । गृहस्थधर्मौपयिकं देयं यत् किञ्चिदेव वा ॥५८॥
स्वर्णमाषो रौप्यको वा दक्षिणोक्ता स्वशक्तितः । श्रोतृणामल्पवित्तानां वक्त्रे देया पृथक् पृथक् ॥५९
धेनुं प्रयत्नतो दद्यात्ततो वक्त्रे पयस्विनीम् । दशांशेनोक्तमन्त्रस्य होमं कुर्यात्ततः परम् ॥६०॥
द्रव्येण पायसाज्येन ततो व्याहृतिभिर्नरः । तिलव्रीहिद्रव्यहोमं कुर्वीत च यथाविधि ॥६१॥
होमानुकूल्यं न स्याच्चेत्तन्निष्क्रयधनं पुमान् । दद्यात्तेनापि सम्पूर्णं फलं स्यान्नात्र संशयः ॥६२॥

---

કરવું. [૫૨-૫૩] કથાશ્રવણમાં ઉપકારક થાય તેવું મીઠા (નમક) વિનાના ભોજનનું નિયમ કે એકવારના ભોજનના નિયમને હું શ્રેષ્ઠ માનું છું. પરંતુ કથામાં ઉપવાસ જો વિઘ્ન કરનાર થાય તો તેને હું શ્રેષ્ઠ માનતો નથી. [૫૪]

**વક્તા માટેના દાનનો વિધિ :–** કથા-સમાપ્તિના દિવસે મુખ્ય શ્રોતાએ ધનશક્તિ અનુસાર વક્તાની મોટી પૂજા કરવી, અન્ય સર્વે શ્રોતાઓએ પણ વક્તાની યથાયોગ્ય પૂજા કરવી. [૫૫] મુખ્ય શ્રોતાએ વક્તાને નૂતન રેશમી વસ્ત્રો, કુંડળ, કડાં આદિક આભૂષણો અને સુવર્ણમુદ્રા યથાશક્તિ અર્પણ કરવાં. જો ધનસંપત્તિની અનુકૂળતા હોય તો તેણે વિત્તલોભ (કંજૂસાઈ) ક્યારેય ન કરવી. જો વિત્તલોભ કરે તો કથાશ્રવણનું સંપૂર્ણ ફળ સિદ્ધ થતું નથી. [૫૬-૫૭] અન્ય શ્રોતાએ પણ શક્તિ અનુસાર વસ્ત્ર, આભૂષણ અને દક્ષિણા આપવી. તેમજ ગૃહસ્થાશ્રમ ધર્મને ઉપયોગી જે પદાર્થ હોય તે પણ આપવું. અલ્પ શક્તિ ધરાવતા શ્રોતાઓએ અલગ અલગ પોતાની શક્તિ અનુસાર આપવા યોગ્ય માષ પરિમિત સુવર્ણ અથવા રૂપાની દક્ષિણા વક્તાને આપવી. [૫૮-૫૯]

મુખ્ય શ્રોતાએ પ્રયત્નપૂર્વક દૂધવાળી ગાય વક્તાને દક્ષિણામાં આપવી. ત્યાર પછી જપ કરેલા પૂર્વોક્ત મંત્રના દશાંશથી હોમ કરવો, અને ત્યારબાદ શ્રોતાએ દૂધપાક ઘીના દ્રવ્યથી અને વ્યાવૃત્તિ મંત્રોથી હોમ કરવો. અને તે પછી વિધિ અનુસાર જવ, તલના દ્રવ્યથી હોમ કરવો. જો હોમ કરવાની અનુકૂળતા ન હોય તો પુરુષોએ તેના મૂલ્ય જેટલું ધન આપી દેવું. તેમ કરવાથી પણ હોમના ફળની સિધ્ધિ થઈ જાય છે, એમાં કાંઈ સંશય નથી. [૬૦-૬૨]

विशेष इति ते प्रोक्तः सत्सङ्गिजीवनश्रुतौ । प्रागुक्तोऽन्योऽपि च विधिर्ज्ञातव्योऽत्र त्वया नृप ! ॥६३

इत्थं विधानेन च शास्त्रमेतच्छृण्वन्ति ये भूमिपते ! नरास्ते ।
फलं पुरोक्तं सकलं लभन्ते स्वाभीष्टमत्रापि परत्र नूनम् ॥६४॥

**इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तच्छ्रवणविशेषविध्युक्तौ विरतिनिषेधाध्यायसङ्ख्यानिरूपणनामा चतुर्थोऽध्यायः ॥४॥**

---

## *अध्याय - ५*

राजोवास– सप्ताहे च नवाहे च पक्षपारायणे तथा । मासपारायणे चापि ऋतुपारायणे मुने! ॥१॥
ये त्वयाभिहिताः पूर्वमध्याया विरतौ मुने ! । निषेधस्य विहायैतान्कार्यं पारायणं कथम् ॥२॥
वाच्याः कियन्तः सप्ताहे त्वध्यायाः प्रत्यहं मुने ! । पारायणे नवाहे च पक्षपारायणे तथा ॥३॥
मासपारायणे चापि ऋतुपारायणे तथा । वाचनीयाः कियन्तश्च कियन्तश्च महामुने ! ॥४॥

---

**હે રાજન્ ! સત્સંગિજીવન શાસ્ત્રના શ્રવણવિધિમાં મેં આ વિશેષ વિધિ કહ્યો અને પહેલાં જે વિધિ કહ્યો હતો તે પણ અહિં કથા શ્રવણમાં લેવાનો છે, એમ તમારે જાણવું. ૬૩ હે ભૂપતિ ! જે મનુષ્યો આ વિધિ પૂર્વક ભક્તિભાવની સાથે આ સત્સંગિજીવન ગ્રંથની કથાનું શ્રવણ કરે છે, તેઓ આલોક તથા પરલોકમાં પોતાને ઈચ્છિત આગળ કહેવાશે એવા સમગ્ર ફળને પામશે. તેમાં સંશય નથી.** [૬૪]

**ઇતિ શ્રી મુક્તાનંદ સ્વામી વિરચિત શ્રીમત્ સત્સંગિજીવન ગ્રંથના માહાત્મ્યમાં શતાનંદ સ્વામી અને હેમંતસિંહ રાજાના સંવાદરૂપે તે શાસ્ત્રના વિશેષ શ્રવણવિધિમાં કથા વિરામના નિષેધ અધ્યાયોની સંખ્યાનું નિરૂપણ કર્યું એ નામે ચોથો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૪ ॥**

---

## અધ્યાય – ૫

**હેમંતસિંહ રાજા પૂછે છે, હે મુનિ ! સપ્તાહ, નવાહ, પક્ષ, માસ અને બે માસની પારાયણમાં દરરોજ કથાવિરામમાં જે અધ્યાયો નિષેધના એટલે કે છોડવાના કહ્યા તેનો ત્યાગ કરીને પારાયણ કેવી રીતે કરવી !** [૧-૨] **હે મુનિ ! સપ્તાહ પારાયણમાં દરરોજ કેટલા અધ્યાયો વાંચવાં ? તેમજ નવાહ પારાયણમાં, પંદર દિવસની પારાયણમાં, મહિનાની પારાયણમાં, અને બે મહિનાની પારાયણમાં કેટ કેટલા અધ્યાયો પ્રતિદિન વાંચવા ? એ હું તમારા થકી જાણવા ઈચ્છુ છું,**

एतद्वेदितुमिच्छामि त्वत्तः सर्वं यथार्थतः । यतस्त्वदन्यो नो वित्ति ततस्त्वं ब्रूहि मे मुने! ॥५॥
**शतानन्दमुनिरुवाच-**
सप्ताहेन यदा कुर्यादेतत्पारायणं तदा । नरेन्द्र ! तुभ्यमध्यायनियमं कथयाम्यहम् ॥६
प्रथमे दिवसेऽध्यायाः षट्चत्वारिंशदीरिताः । वाचनीया दिने पञ्चचत्वारिंशद्द्वितीयके ॥७॥
तृतीयेऽह्नि च ते वाच्याः षट्चत्वारिंशदीरिताः । अध्यायाश्च दिने पञ्चचत्वारिंशत्तुरीयके ॥८॥
पञ्चमे च दिने पञ्चचत्वारिंशदुदीरिताः । वाच्याः षष्ठेऽह्नि तावन्तः पारायणविधायिभिः ॥९॥
सप्तचत्वारिंशदुक्ता दिने वाच्याश्च सप्तमे । प्रोक्तो मयेति सप्ताहेऽध्यायानां वाचनक्रमः ॥१०॥
कुर्वीतास्य नवाहेन यदा पारायणं तदा । अध्यायनियमं राजंस्तुभ्यं शुश्रूषवे ब्रुवे ॥११॥
षट्त्रिंशत्प्रथमेऽध्याया दिने वाच्याः समीरिताः । द्वितीयेऽह्नि च तावन्तः पञ्चत्रिंशत्तृतीयके ॥१२॥
पञ्चत्रिंशद्दिने तुर्ये चतुर्त्रिंशच्च पञ्चमे । पञ्चत्रिंशच्च षट्त्रिंशद्वाच्याः षष्ठे च सप्तमे ॥१३॥
वाचनीयतयाऽध्यायाः पञ्चत्रिंशद्दिनेऽष्टमे । नवमे दिवसे सप्तत्रिंशदेव समीरिताः ॥१४॥
पक्षेण विदधीतास्य यदा पारायणं तदा । नियमं वाचनीयानामध्यायानामहं ब्रुवे ॥१५॥

---

કારણ કે તમારા સિવાય અન્ય મનુષ્ય એ જણાવવા સમર્થ નથી, માટે હે મુનિ ! તમેજ મને કહો. ૩-૫

શતાનંદ સ્વામી કહે છે, હે નરેન્દ્ર ! જ્યારે આ ગ્રંથની સપ્તાહ પારાયણ કરવાની હોય ત્યારે પ્રતિદિન વાંચવાના અધ્યાયોનો નિયમ પ્રથમ તમને હું કહું છું. ૬

**સપ્તાહ પારાયણમાં પ્રતિદિન વાંચવાના અધ્યાયો :-** પ્રથમ દિવસે છેતાલીશ, બીજે દિવસે પિસ્તાલીશ, ત્રીજા દિવસે છેતાલીશ, ચોથે દિવસે પિસ્તાલીશ, પાંચમે દિવસે પિસ્તાલીશ, છઠ્ઠે દિવસે પિસ્તાલીશ અને સાતમે દિવસે સુડતાલીશ અધ્યાયોનું વાચન વક્તાએ કરવું. આ સપ્તાહ પારાયણનો વાચન ક્રમ છે. ૭-૧૦

હે રાજન્ ! હવે જ્યારે નવાહ પારાયણ કરવાની હોય ત્યારે વાંચવાના અધ્યાયોનો નિયમ સાંભળવા ઈચ્છતા તમને હું કહું છું. ૧૧

**નવાહ પારાયણનો વાચન ક્રમ :-** પ્રથમ દિવસે છત્રીશ, બીજા દિવસે છત્રીશ, ત્રીજા દિવસે પાંત્રીશ, ચોથા દિવસે પાંત્રીશ, પાંચમા દિવસે ચોત્રીશ, છઠ્ઠા દિવસે પાંત્રીશ, સાતમાં દિવસે છત્રીશ, આઠમા દિવસે પાંત્રીશ અને નવમાં દિવસે સાડત્રીશ અધ્યાયોનું વાચન વક્તાએ કરવું. ૧૨-૧૪

હે રાજન્ ! હવે જ્યારે પક્ષ પંદર દિવસની પારાયણ કરવી હોય ત્યારે વાંચવાના અધ્યાયોનો નિયમ હું કહું છું. ૧૫

एकविंशतिरध्याया वाच्याः प्रथमवासरे । द्वाविंशतिर्द्वितीयेऽह्नि तृतीये चैकविंशतिः ॥१६॥
तुर्ये द्वाविंशतिः प्रोक्ताः पञ्चमे चैकविंशतिः । षष्ठेऽह्नि विंशतिर्वाच्याः सप्तमे द्वौ च विंशतिः ॥१७॥
अष्टमे दिवसेऽध्याया द्वाविंशतिरुदीरिताः । नवमे वासरेऽध्याया वाचनीयाश्च विंशतिः ॥१८॥
दशमे विंशतिः प्रोक्ता वाच्यास्त्वेकादशे दिने । अध्याया विंशतिर्भूप ! पारायणविधानकैः ॥१९॥
द्वाविंशतिर्द्वादशेऽह्नि संप्रोक्ताश्च त्रयोदशे । एकविंशतिरध्याया वाचनीयास्तु वासरे ॥२०॥
चतुर्दशे दिनेऽध्याया द्वाविंशतिरुदीरिताः । त्रयोविंशतिरेवोक्ता वाच्याः पञ्चदशे दिने ॥२१॥
विदधीतास्य मासेन पारायणमनुत्तमम् । यदा तदा ब्रुवेऽध्यायनियमं च यथाक्रमम् ॥२२॥
आद्येऽह्नियकादश प्रोक्तास्तावन्तश्च द्वितीयके । तृतीये च दिनेऽध्याया वाचनीयास्तथा दश ॥२३॥
तुर्येऽह्न्येकादश प्रोक्ता वाचनीयाश्च पञ्चमे । तावन्तश्च तथा षष्ठे वाच्यास्तावन्त एव हि ॥२४॥
सप्तमे द्वादश प्रोक्ता दश चाष्टमवासरे । द्वादशैव दिने वाच्या नवमे दशमे दश ॥२५॥
एकादशे दिनेऽध्याया वाच्याश्चैकादश स्मृताः । द्वादश द्वादशे प्रोक्ता दश चाह्नि त्रयोदशे ॥२६॥
एकादश दिनेऽध्याया वाचनीयाश्चतुर्दशे । दश पञ्चदशे वाच्यास्तावन्तः षोडशे दिने ॥२७॥
दश सप्तदशे प्रोक्ता वाच्याश्चाष्टादशे दिने । एकादशैव तावन्तो दिने चैकोनविंशके ॥२८॥
दश विंशे दिने चैकविंशके दश कीर्तिताः । द्वाविंशे च त्रयोविंशे द्वादश द्वादश स्मृताः ॥२९॥
चतुर्विंशे दश प्रोक्ताः पञ्चविंशे दिने नव । अध्याया वाचनीयास्तु पारायणविधायिभिः ॥३०॥
षड्विंशके दश प्रोक्ताः सप्तविंशे च वासरे । एकादश ततो वाच्या दशाष्टाविंशके दिने ॥३१॥

---

**પક્ષ પારાયણનો વાચન ક્રમ :–** પ્રથમ દિવસે એકવીશ, બીજા દિવસે બાવીશ, ત્રીજે દિવસે એકવીશ, ચોથે દિવસે બાવીશ, પાંચમે દિવસે એકવીશ, છઠ્ઠે દિવસે વીશ, સાતમે દિવસે બાવીશ, આઠમે દિવસે બાવીશ, નવમે દિવસે વીશ, તથા દશમે દિવસે વીશ, અગિયારમે દિવસે વીશ, બારમે દિવસે બાવીશ, તેરમે દિવસે એકવીશ, ચૌદમે દિવસે બાવીશ અને પંદરમે દિવસે ત્રેવીશ અધ્યાયોનું વાચન વક્તાએ કરવું. [૧૬-૨૧]

હવે જ્યારે આ ગ્રંથની સર્વોત્તમ માસ-પારાયણ કરવાની હોય ત્યારે ક્રમને અનુસારે વાંચવાના અધ્યાયોનો નિયમ તમને કહું છું. [૨૨]

**માસ પારાયણનો વાચન ક્રમ :–** પ્રથમ દિવસે અગિયાર, બીજે દિવસે અગિયાર, ત્રીજે, ચોથે પાંચમે અને છઠ્ઠે દિવસે અગિયાર અગિયાર અધ્યાયનું વાચન કરવું, સાતમે દિવસે બાર, આઠમે દિવસે દશ, નવમે દિવસે બાર, દશમે દિવસે દશ, અગિયારમે દિવસે અગિયાર, બારમે દિવસે બાર, તેરમે દિવસે દશ, ચૌદમે દિવસે અગિયાર, પંદરમે દિવસે સોળ, સત્તરમે દિવસે દશ, અઢારમે અને ઓગણીશમે દિવસે અગિયાર, વીશમે અને એકવીશમે દિવસે દશ,

एकोनत्रिंशकेऽध्याया वाच्यास्त्वेकादशोदिताः । नवैव दिवसे त्रिंशे पारायणपरायणैः ॥३२॥
ऋतुना विदधीतास्य यदा पारायणं तदा । नियमं वाचनीयानामध्यायानामहं ब्रुवे ॥३३॥
आद्यद्वितीययोः पञ्च तृतीये पञ्च तुर्यके । पञ्चमे च षडध्याया वाच्याः षष्ठे च षड् दिने ॥३४॥
सप्तमे दिवसे पञ्च षडेवोक्ता दिनेऽष्टमे । दिवसे नवमेऽध्यायाः पञ्चैव दशमे च षट् ॥३५॥
एकादशेऽह्नि पञ्चोक्ता वाच्याश्च द्वादशे तथा । त्रयोदशे षडध्याया दिने पञ्च चतुर्दश ॥३६॥
पञ्च पञ्चदशेऽध्याया वाच्याः षट् चाह्नि षोडशे । पञ्च सप्तदशे प्रोक्तास्तावन्तोऽष्टादशे दिने ॥३७॥
एकोनविंशके विंशे दिवसे च षडीरिताः । एकविंशे दिने पञ्च प्रोक्ता द्वाविंशके च षट् ॥३८॥
त्रयोविंशे षडेवोक्ताश्चतुर्विंशे च वासरे । पञ्च वाच्यतयाऽध्याया अह्नि षट् पञ्चविंशके ॥३९॥
पञ्च षड्विंशके प्रोक्तास्तावन्तः सप्तविंशके । अष्टाविंशे दिनेऽध्याया वाच्यास्तावन्त ईरिताः ॥४०
एकोनत्रिंशकेऽध्याया वाचनीयाः षडीरिताः । त्रिंशे च दिवसे पञ्च प्रोक्ताः पारायणे नृप ! ॥४१॥
एकत्रिंशेऽह्नि पञ्चोक्ताः पञ्च द्वात्रिंशके तथा । त्रयस्त्रिंशे षडध्यायाश्चतुस्त्रिंशे च पञ्च वै ॥४२॥
पञ्चत्रिंशे च पञ्चोक्ताः पञ्च षट्त्रिंशके तथा । सप्तत्रिंशे च षड्वाच्याः पञ्चाष्टत्रिंशके दिने ॥४३॥
अध्यायाः पञ्च चैकोनचत्वारिंशत्तमे दिने । चत्वारिंशत्तमे वाच्यास्तथा पञ्च प्रकीर्तिताः ॥४४॥
चत्वारो दिवसे चैकचत्वारिंशत्तमे मताः । द्विचत्वारिंशके वाच्याः षडध्यायाः समीरिताः ॥४५॥

---

**બાવીશમે અને ત્રેવીશમે દિવસે બાર, ચોવીશમે દિવસે દશ, પચીશમે દિવસે નવ, છવીશમે દિવસે દશ, સત્યાવીશમે દિવસે અગિયાર, અઠ્યાવીશમે દિવસે દશ, ઓગણીશમે દિવસે અગિયાર અને ત્રીસમે દિવસે નવ અધ્યાયોનું વાચન પારાયણ પરાયણ વક્તાએ કરવું.** [૨૩-૩૨]

**હવે હું જ્યારે બે માસની પારાયણ કરવાની હોય ત્યારે પ્રતિદિન વાંચવાના અધ્યાયોનો નિયમ કહું છું.** [૩૩]

**બે માસની પારાયણનો વાચન ક્રમ :– પ્રથમ, બીજા, ત્રીજા અને ચોથા દિવસે પાંચ પાંચ અધ્યાયો વાંચવા, પાંચમે અને છઠ્ઠે દિવસે છ, સાતમે દિવસે પાંચ, આઠમે દિવસે છ, નવમે દિવસે પાંચ, દશમે દિવસે છ, અગિયાર અને બારમે દિવસે પાંચ પાંચ, તેરમે દિવસે છ, ચૌદ અને પંદરમે દિવસે પાંચ પાંચ, સોળમે દિવસે છ, સત્તર અને અઢારમે દિવસે પાંચ, ઓગણીસ અને વીશમે દિવસે છ છ, એકવીશમે દિવસે પાંચ, બાવીશ અને ત્રેવીશમે દિવસે છ, ચોવીશમે દિવસે પાંચ, પચીશમે દિવસે છ, છવીશ, સત્યાવીશ અને અઠ્યાવીશમે દિવસે પાંચ પાંચ, ઓગણત્રીશમે દિવસે છ, ત્રીશ, એકત્રીશ અને બત્રીશમે દિવસે પાંચ પાંચ, તેત્રીશમે દિવસે છ, ચોત્રીશ, પાંત્રીશ અને છત્રીશમે દિવસે પાંચ પાંચ, સાડત્રીશમે દિવસે છ, આડત્રીશ, ઓગણચાલીશ અને ચાલીશમે દિવસે પાંચ પાંચ,**

त्रिचत्वारिंशकेऽध्यायाः पञ्च एव हि वासरे । चतुश्चत्वारिंशकेऽष्टौ वाचनीयाः प्रकीर्तिताः ॥४६॥
षडेव दिवसे पञ्चचत्वारिंशत्तमे मताः । षट्चत्वारिंशकेऽध्याया वाच्याः पञ्च समीरिताः ॥४७॥
पञ्चाध्याया दिने सप्तचत्वारिंशत्तमे मताः । वाच्याः पञ्च तथा चाष्टचत्वारिंशत्तमे दिने ॥४८॥
वाच्यास्त्वेकोनपञ्चाशे पञ्चाध्याया दिने तथा । पञ्चाशे च तथा चैकपञ्चाशे पञ्च पञ्च च ॥४९॥
वाचनीया द्विपञ्चाशे त्रिपञ्चाशत्तमे तथा । चतुःपञ्चाशकेऽध्यायाः पञ्च पञ्च च पञ्च च ॥५०॥
पञ्चपञ्चाशकेऽध्याया वाच्याः पञ्च समीरिताः । षट्पञ्चशत्तमे पञ्च सप्तपञ्चाशके च षट् ॥५१॥
वाचनीया दिने चाष्टपञ्चाशत्तम ईरिताः । षडध्याया महीपाल ! पारायणपरैर्द्विजैः ॥५२॥
दिने चत्वार एकोनषष्टितम उदीरिताः । वाचनीयाः किलाध्यायाः पञ्च षष्टितमे दिने ॥५३॥
पारायणेषु सप्ताहप्रमुखेष्वित्थमादितः । वाचनीयाध्यायसङ्ख्या कथिता ते नृपोत्तम ! ॥५४॥
अध्याया विरतौ ये तु निषिद्धा अवसानकम् । तेषां विहाय सङ्ख्यैषा ज्ञेया राजंस्त्वया स्फुटम् ॥५५
पक्षपारायणे पक्षो ज्ञेयः पञ्चदशाहिकः । मासपारायणे मासस्त्रिशत्ता दिवसैस्तथा ॥५६॥

**इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे पारायणविधिनिरूपणे पञ्चमोऽध्यायः ॥५॥**

---

**એકતાલીશમે દિવસે ચાર, બેતાલીશમે દિવસે છ, તેતાલીશમે દિવસે પાંચ, ચુમાલીશમે દિવસે આઠ, પીસ્તાલીશમે દિવસે છ, છેતાલીશ થી માંડી અને છપ્પન દિવસ સુધી પ્રત્યેક દિવસે પાંચ પાંચ અધ્યાયોનું વાચન કરવું, સત્તાવન અને અઠાવનમે દિવસે છ, ઓગણસાઠમે દિવસે ચાર અને સાઠમે દિવસે પાંચ અધ્યાયોનું વાચન વક્તાએ કરવું.** ૩૪-૫૩

**હે નૃપોત્તમ રાજા ! આ પ્રમાણે સપ્તાહ આદિક પારાયણોમાં વાંચવાના અધ્યાયોની સંખ્યાનો નિયમ મેં તમને કહ્યો.** ૫૪

**હે રાજન્ ! જે અધ્યાયો કથાના વિરામમાં નિષેધ કર્યા છે, તે અધ્યાયોમાં વિરામ કર્યા સિવાય આ સંખ્યાઓનું નિરૂપણ કરેલ છે એમ તમારે સ્પષ્ટ પણે જાણવું.** ૫૫

**પક્ષ પારાયણમાં પંદર દિવસનો પક્ષ જાણવો અને માસ પારાયણમાં ત્રીશ દિવસનો માસ જાણવો, પણ તિથિઓનું ધ્યાન રાખીને પક્ષ કે મહિનો સમજવો કરવો નહિ. તિથિઓ વધ-ઘટ હોઈ શકે છે.** ૫૬

**ઇતિ શ્રી મુક્તાનંદ સ્વામી વિરચિત શ્રીમત્ સત્સંગિજીવન ગ્રંથના માહાત્મ્યમાં શતાનંદ સ્વામી અને હેમંતસિંહ રાજાના સંવાદરૂપે પારાયણની વિધિ નિરૂપણ કર્યું. એ નામે પાંચમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૫ ॥**

---

*अध्याय - ६*

**शतानन्द उवाच-**

सत्सङ्गिजीवनस्यात्र पुरश्चर्यां तु ये नराः । कुर्वन्ति ते लभन्ते वै चतुर्वर्गफलं नृप ! ॥१॥

**राजोवाच-**

पुरश्चर्याविधिं त्वस्य श्रोतुमिच्छाम्यहं मुने ! । त्वत्तस्तं कृपया ब्रूहि मह्यं शुश्रूषवेऽनघ ! ॥२॥

**शतानन्द उवाच-**

पूर्वं तुभ्यं मयोक्ता ये कालाः शुभफलप्रदाः । पुरश्चर्यासमारम्भः कर्तव्यस्तेषु भूपते ! ॥३॥
शुभे मुहूर्ते वरयेत्पूर्वोक्तैर्वक्तृलक्षणैः । सम्पन्नान्ब्राह्मणान् राजन् ! षट् नव द्वादशापि वा ॥४॥
श्वेतानि नित्यधार्याणि तेभ्यो वस्त्राणि चोर्मिकाः । हैमीर्दद्याच्चासनानि जलपात्राणि कम्बलान् ॥५
शुश्रूषायां नियुञ्जीत तेषामन्यान्द्विजांस्ततः । उष्णोदकं च पाकादि कुर्युस्ते चाङ्गमर्दनम् ॥६॥
देवालये प्रसिद्धे वा पुण्यक्षेत्रे पुरातने । पुरश्चरणस्यारम्भः कर्तव्यो हरिमन्दिरे ॥७॥

---

**અધ્યાય - ૬**

**શતાનંદ મુનિ કહે છે હે રાજન્ ! આ પૃથ્વી પર જે મનુષ્યો આ સત્સંગિજીવન શાસ્ત્રનું પુરશ્ચરણ કરે છે તેઓ ચારે પુરુષાર્થનું ફળ પોતે ઈચ્છ્યા મુજબનું નિશ્ચે પામે છે. [૧]**

**આ સાંભળી હેમંતસિંહ રાજા પ્રશ્ન કરે છે, હે નિર્દોષ મુનિ ! આ શાસ્ત્રનો પુરશ્ચરણ વિધિ શું છે ? હું તમારા થકી સાંભળવા ઈચ્છું છું, તો કૃપા કરી જિજ્ઞાસુ મને એ પુરશ્ચરણ વિધિ સંભળાવો. ૨**

**ત્યારે શતાનંદમુનિ કહે છે, હે ભૂપતિ ! શુભ ફળને આપનાર જે સમયો પહેલાં તમને મેં કહ્યા, તેમાના કોઈ પણ સમયે પુરશ્ચરણનો પ્રારંભ કરી શકાય છે. તેમાં પ્રથમ શુભ મુહૂર્તમાં પૂર્વે કહેલા વક્તાના લક્ષણોથી સંપન્ન બાર, નવ કે છ બ્રાહ્મણોનું વરણ કરવું. વરણી કરાયેલા બ્રાહ્મણોને નિત્ય પહેરવામાં ઉપયોગી શ્વેત વસ્ત્રો, સુવર્ણની વીંટીઓ, આસનો અને જળપાત્રો તેમજ ધાબળાઓ અર્પણ કરવા. તે વરણી કરાયેલા બ્રાહ્મણોની સેવામાં બીજા બ્રાહ્મણોની નિયુક્તિ કરવી. તે વિપ્રોએ સ્નાન માટે ગરમ જળ તૈયાર કરવું, સમય પ્રમાણે રસોઈમાં પકવાન્નાદિ તૈયાર કરવાં અને તૈલાદિથી તેઓનું અંગ મર્દન કરવું. [૩-૬]**

**પુરશ્ચરણ કરવાના સ્થળો :- કોઈ પુણ્યક્ષેત્ર, પ્રસિદ્ધ દેવાલય, અથવા પુરાતન મંદિર હોય ત્યાં પુરશ્ચરણનો પ્રારંભ કરવો.૭ અથવા યજમાનના**

स्थापयित्वा वाथ हैमीं श्रीकृष्णप्रतिमां गृहे । कुर्युः पारायणं विप्रा यथानियतमन्वहम् ॥८॥
अष्टाधिकशतेनैव पुरश्चरणमीरितम् । पारायणानां नृपते ! सत्सङ्गिजीवनस्य हि ॥९॥
सप्ताहेनात्र कर्तव्यं नृप ! पारायणं वृतैः । द्विजैरेकैकमेवं हि कुर्युः सर्वाण्यनुक्रमात् ॥१०॥
पूर्वोक्ताध्यायपूर्तौ च कार्यैव विरतिश्च तैः । स्पष्टाक्षरं वाचनीयं भाषणीयं न केनचित् ॥११॥
न वृतैर्ब्राह्मणैर्ग्राह्या दक्षिणा यस्य कस्यचित् । न चान्यवस्त्राद्यपि वा ग्रहीतव्यं कदाचन ॥१२॥
एकैकस्मिंश्च सप्ताहे समाप्ते सति दक्षिणाम् । स्वर्णमुद्रात्रयं दद्यादेकेकस्मै पृथक् पृथक् ॥१३॥
नियतानां संहितानां पाठान्ते वाऽखिला अपि । एकीकृत्यैव दद्यात्ता दक्षिणास्तु पृथक् पृथक् ॥१४
स्वर्णमुद्रात्रयं दातुमसमर्थस्तु पूरुषः । दद्यात्तदर्धं विप्रेभ्यस्तदर्धं वाल्पवित्तवान् ॥१५॥
कनिष्ठां दक्षिणां दातुमपि शक्तो न यो भवेत् । स विप्रान् श्रमयेन्नैव कुर्यादन्यत्स्वशक्तितः ॥१६॥
पुरश्चरणकर्ताथ दिने यस्मिन् द्विजोत्तमान् । वृणुयात्तद्दिने चासावष्टाक्षरजपाय च ॥१७॥

---

ઘેર જ વિધિ અનુસાર સુવર્ણમયી શ્રીકૃષ્ણની પ્રતિમાનું સ્થાપન કરી તેની સમીપે પ્રતિદિન કહેલા નિયમ અનુસાર પુરશ્ચરણ કરવું. [૮]

**એક પુરશ્ચરણની નિયત સંખ્યા અને સમયાવધિ :–** હે નૃપતિ ! આ સત્સંગિજીવન શાસ્ત્રની એકસો આઠ પારાયણ કરવાથી એક પુરશ્ચરણ પૂર્ણ થાય છે.[૯] હે નૃપ ! વરણી કરાયેલા બ્રાહ્મણોએ એક સપ્તાહમાં એક એક પારાયણ કરવી, આ રીતે અનુક્રમથી ૧૦૮ પારાયણો કરી પુરશ્ચરણ પૂર્ણ કરવું. [૧૦]

**પુરશ્ચરણ કર્તા માટે સાવધાની :–** પુરશ્ચરણ કરનાર વિપ્રોએ પૂર્વે કહેલા નિયમો મુજબના અધ્યાયે જ વિરામ કરવો. સ્પષ્ટ અક્ષરથી વાંચવું. વચ્ચે કોઈની સાથે બોલવું નહિ. વરણી કરાયેલા બ્રાહ્મણોએ જેની તેની પાસેથી દક્ષિણા કે અન્ય વસ્ત્ર-આભૂષણાદિક પણ ક્યારેય ગ્રહણ કરવા નહિ. [૧૨]

**પુરશ્ચરણ કરાવનાર યજમાન માટે સાવધાની :–** એક એક સપ્તાહ પૂર્ણ થાય ત્યારે એ દિવસે પ્રત્યેક પુરશ્ચરણ કરનાર વિપ્રને અલગ અલગ ત્રણ સુવર્ણમુદ્રાની દક્ષિણા આપવી. અથવા નક્કી કરેલા સંહિતા પાઠને અંતે સમગ્ર દક્ષિણા એક સાથે પ્રત્યેક વિપ્રને આપવી. જો વિપ્રોને ત્રણ ત્રણ સુવર્ણમુદ્રા આપવા અસમર્થ હોય તો યજમાને તેની અર્ધી દક્ષિણા આપવી. તેમાં પણ અલ્પ ધનવાળાએ તેની અર્ધી આપવી. જો કોઈ છેલ્લી કનિષ્ઠ દક્ષિણા આપવા પણ સમર્થ ન હોય તો તેમણે વિપ્રોને વ્યર્થ પરિશ્રમ ન કરાવવો. પરંતુ આના સિવાય યથાશક્તિ બીજા સત્કર્મો કરી રાજી થવું. [૧૩-૧૬]

पूर्ववद्वृणुयाद्विप्रान् जपस्य च दशांशतः । होमं कुर्याद्ब्राह्मणांश्च भोजयेत्तद्दशांशतः ॥१८॥
शक्तो ग्रन्थस्य चैतस्य पुरश्चरणकारकः । ग्रन्थेनानेन जुहुयात्पायसान्नघृतादिभिः ॥१९॥
प्रतिश्लोकं प्रत्युवाचं प्रतीतिश्चि तदा नृप ! । मृग्याऽसौ मुद्रया होमं कारयेत्क्रमतः सुधीः ॥२०॥
अशक्तो नामभिः सर्वमङ्गलस्तोत्रकीर्तितैः । श्रीहरेः कारयेन्मन्त्रैर्होमद्रव्यैः पुरोदितैः ॥२१॥
होमं कर्तुमशक्तस्तु द्वादशैव विधापयेत् । पारायणानि होमार्थं तैरेव ब्राह्मणैर्वृतः ॥२२॥
पुरश्चर्यारम्भदिनात्समाप्तिदिवसावधि । पालनीयं ब्रह्मचर्यं विप्रैः सयजमानकैः ॥२३॥
यथोक्तं तु फलं न स्यादन्यथेत्यस्ति निश्चयः । तस्मिंस्तु पालिते सर्वे सिध्यन्त्येव मनोरथाः ॥२४॥

**પુરશ્ચરણની સાથે સાથે વિધિ :-** પુરશ્ચરણ કરાવનાર યજમાને જે દિવસે પુરશ્ચરણને માટે બ્રાહ્મણોની વરણી કરી હોય તે જ પ્રારંભના દિવસથી અષ્ટાક્ષરના જપ માટે પૂર્વની જેમ જ બાર, નવ કે છ વિપ્રોની પણ વરણી કરવી. છેલ્લે જપના દશમાં ભાગથી હોમ કરવો, અને હોમના દશમાં ભાગથી બ્રાહ્મણોને જમાડવા. તેમાં શક્તિશાળી પુરશ્ચરણ કરાવનાર યજમાને તો આ સત્સંગિજીવન ગ્રંથના શ્લોકરૂપ એક એક મંત્રથી દૂધપાક, ઘી, જવ, તલ આદિ દ્રવ્યવડે મોટો હોમ કરવો. તથા ગ્રંથના મુખ્ય વક્તા અને મુખ્ય શ્રોતાના પ્રત્યેક સંવાદને ધ્યાનમાં રાખી "શતાનંદ ઉવાચ" જેમાં પ્રથમ છે અને "પ્રત્યુવાચ" જેમાં છેલ્લે છે એવા વાક્યરૂપ મંત્રથી હોમ કરવો. તથા અધ્યાયને અંતે આવતા પ્રત્યેક "ઈતિ શ્રી...." વાક્યરૂપ મંત્રથી હોમ કરવો. આ હોમ મૃગીમુદ્રાથી ગ્રહણ કરેલા અન્નાદિકથી કરવો. [૧૭-૨૦]

અને આ પ્રમાણે કરવા અશક્ત યજમાને તો સર્વમંગલ સ્તોત્રમાં કહેલા શ્રીહરિના નામરૂપ મંત્રોથી પૂર્વે કહેલા હેમદ્રવ્યવડે એટલે કે દૂધપાક, ઘી, જવ, તલ આદિ દ્રવ્યવડે હોમ કરવો. અને જે હોમ કરવામાં અશક્ત હોય તેમણે હોમના ફળની સિધ્ધિ માટે પુરશ્ચરણમાં વરાયેલા પ્રત્યેક બ્રાહ્મણો પાસે આ ગ્રંથની બાર પારાયણ અધિક કરાવી લેવી. [૨૧-૨૨]

**પુરશ્ચરણ દરમ્યાન બ્રહ્મચર્યવ્રતની આવશ્યકતા :-** પુરશ્ચરણના પ્રારંભના દિવસથી જ આરંભીને સમાપ્તિ પર્યંત યજમાને અને વરણી પામેલા વિપ્રોએ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. જો બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય તો શાસ્ત્રમાં કહેલા ફળની સિધ્ધિ ન થાય. જો બ્રહ્મચર્ય આદિ વ્રતોનું યથાર્થ પાલન કરવામાં આવે તો જ સર્વ મનોરથો સિધ્ધ થાય છે. [૨૩-૨૪]

अस्य प्रसङ्गतः शिक्षापत्र्या अष्टाक्षरस्य च । सर्वमङ्गलकस्तोत्रजनमङ्गलयोरपि ॥२५॥
विष्णोर्नामसहस्रस्य श्रीनारायणवर्मणः । षोडशाक्षरमन्त्रस्य हरिप्रियहनूमतः ॥२६॥
तथा स्कन्दपुराणस्य श्रीविष्णुखण्डगामिनः । ग्रन्थस्य श्रीवासुदेवमाहात्माख्यस्य भूपते ! ॥२७॥
पुरश्चर्याविधिं तुभ्यं समासेन ब्रुवे नृप ! । चतुर्वर्गस्य सिद्ध्यर्थं हरिभक्तनृणां द्रुतम् ॥२८॥
तत्र पाठसहस्रेण शिक्षापत्र्या उदीरिता । पुरश्चर्या महीपाल ! सर्वेष्टफलदायिका ॥२९॥
तद्दशांशेन जुहुयात्प्रतिश्लोकं यथाविधि । आहुतीनां शते द्वे च सहस्राण्येकविंशतिम् ॥३०॥
होमानुकूल्याभावे तु पाठा ज्ञेया दशांशतः । सर्वत्रैष विधिर्ज्ञेयः पुरश्चरणकर्मणि ॥३१॥
श्रीकृष्णाष्टाक्षरमनोः पुरश्चरणमीरितम् । अष्टलक्षजपेनैव होमस्तु तद्दशांशतः ॥३२॥
पुरश्चर्या भवेत्सर्वमङ्गस्तोत्रकस्य तु । साशीत्येकसहस्रेण पाठानामिष्टदायिनी ॥३३॥

**પ્રાસંગિક અન્ય પુરશ્ચરણોની સમજ :–** હે ભૂપતિ ! આ સત્સંગિજીવન શાસ્ત્રના પુરશ્ચરણના વિધિનું નિરૂપણ કર્યું ત્યારે સાથે સાથે અષ્ટાક્ષરમંત્રનું, શિક્ષાપત્રીનું, સર્વમંગલ સ્તોત્રનું, જનમંગલ સ્તોત્રનું, વિષ્ણુસહસ્રનું, શ્રીનારાયણ કવચનું, ભગવાન શ્રીહરિને પ્રિય હનુમાનજીના ષોડશાક્ષરમંત્રનું અને સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં રહેલા શ્રીવાસુદેવ માહાત્મ્યનું પુરશ્ચરણ કેમ કરવું ? એ વિધિપણ હરિભક્તોના હિતને અર્થે સંક્ષેપથી કહું છું. કારણ કે એ બધા જ પુરશ્ચરણો ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચાર પ્રકારના પુરુષાર્થોની તત્કાળ સિધ્ધિ આપનારા છે. [૨૫-૨૮]

**શિક્ષાપત્રીનું પુરશ્ચરણ :–** હે મહીપાલ ! શિક્ષાપત્રીના એકહજાર પાઠ કરવાથી પુરશ્ચરણ પૂર્ણ થાય છે. અને આ પુરશ્ચરણ સર્વ વાંચ્છિત ફળને આપનારું બને છે. કરેલા આ પુરશ્ચરણના દશમા ભાગથી શિક્ષાપત્રીના પ્રત્યેક શ્લોકે વિધિ અનુસાર હોમ કરવો. આમ પ્રતિ શ્લોક હોમ કરતાં કરતાં એકવીશ હજાર ને બસો આહુતિઓ થાય. જો હોમની અનુકૂળતા ન હોય તો પુરશ્ચરણના જેટલા પાઠ કરવાના કહ્યા તેના દશમા ભાગથી વધારાના પાઠ કરવા, એમ આ વિધિ અન્ય સર્વ પુરશ્ચરણમાં જાણી લેવાનો. [૨૯-૩૧]

**અષ્ટાક્ષરમંત્રનું પુરશ્ચરણ :–** ભગવાન શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રના પુરશ્ચરણમાં આઠ લાખ મંત્રજપ કરવાના હોય છે. અને છેલ્લે તેના દશમા ભાગથી હોમ કરવો. અથવા દશમા ભાગથી વધુ મંત્રજપ કરવા. [૩૨]

**સર્વમંગલ સ્તોત્રનું પુરશ્ચરણ :–** સર્વમંગલ સ્તોત્રનું પુરશ્ચરણ

एकलक्षाधिकेनाष्टसहस्रेण दशांशतः । हरेर्नाम्नां तदुक्तानां होमो ज्ञेयो यथाविधि ॥३४॥
जनमङ्गलकस्य स्यात्पाठानामयुतेन तु । पुरश्चरणमिष्टार्थदायकं नृपसत्तम ! ॥३५॥
तदुक्तानां हरेर्नाम्नामेकलक्षेण भूपते ! । होमस्त्वष्टसहस्रेण विज्ञेयस्तद्दशांशतः ॥३६॥
विष्णोर्नामसहस्रस्य पुरश्चरणमीरितम् । सर्वमङ्गलरीत्यैव होमं तन्नामभिश्चरेत् ॥३७॥
श्रीमद्भागवतोक्तस्य श्रीनारायणवर्मणः । सहस्रेण तु पाठानां पुरश्चरणमीरितम् ॥३८॥
हरिर्विदध्यादित्याद्या विदिक्ष्वन्तास्तु तस्य ये । श्लोका विंशतिसंख्याकाः सम्यग्रक्षाविधायकाः ॥३९
तैरेवैकैकयाहुत्या प्रतिश्लोकं दशांशतः । होमं कुर्याद्विधानेन सहस्रद्वयसंख्यया ॥४०॥
सत्सङ्गिजीवनप्रोक्तस्तोत्रादुद्धारितस्य तु । षोडशाक्षरमन्त्रस्य भयभञ्जनमारुतेः ॥४१॥

એકહજાર ને એંશી પાઠ કરવાથી પૂર્ણ થાય છે. પાઠ કરનારને ઈચ્છિત ફળને આપનારું થાય છે. આ પુરશ્ચરણમાં સર્વમંગલ સ્તોત્રમાં કહેલા શ્રીહરિનામ મંત્રોના દશમા ભાગે એકલાખ આઠહજાર નામમંત્રોથી વિધિ અનુસાર હોમ કરવો. અથવા પુરશ્ચરણના દશમા ભાગે વધુ પાઠ કરવા. ૩૩-૩૪

**જનમંગલ સ્તોત્રનું પુરશ્ચરણ :–** હે શ્રેષ્ઠ રાજન્ ! જનમંગલ સ્તોત્રનું પુરશ્ચરણ દશહજાર પાઠ કરવાથી પરિપૂર્ણ થાય છે. આ પુરશ્ચરણ ઈચ્છિત ફળને આપનારું છે. અને છેલ્લે તેના દશમાં ભાગે હોમ કરવો, હે રાજન્ ! એ હોમ જનમંગલ સ્તોત્રમાં કહેલા શ્રીહરિના એકલાખ આઠ હજાર નામમંત્રની આહુતિથી પૂર્ણ થાય છે. ૩૫-૩૬

**વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું પુરશ્ચરણ :–** વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું પુરશ્ચરણ સર્વમંગલ નામના પુરશ્ચરણનીસમાન જ જાણવું, અને વિષ્ણુસહસ્રનામ મંત્રથી હોમની સંખ્યા પણ તેટલીજ જાણવી, (એકલાખ આઠહજાર નામમંત્રોથી વિધિ અનુસાર હોમ કરવો. અથવા પુરશ્ચરણના દશમા ભાગે વધુ પાઠ કરવા.) ૩૭

**નારાયણ કવચનું પુરશ્ચરણ :–** શ્રીમદ્ ભાગવતશાસ્ત્રની અંદર રહેલા શ્રીનારાયણ કવચનું પુરશ્ચરણ એકહજાર પાઠ કરવાથી પૂર્ણ થાય છે. તેમાં ''હરિર્વિદધ્યાત્'' આ શ્લોકથી આરંભીને ''વિદિક્ષુ'' એ શ્લોક પર્યંતના વીશ શ્લોકો રક્ષાના કરનારા કહેલા છે. ૩૮-૩૯

તે વીશ શ્લોકના એકહજાર પાઠ કરતાં એક પુરશ્ચરણમાં વીશ હજાર શ્લોકના પાઠ થયા, તેના દશમા ભાગે પ્રત્યેક બેહજાર શ્લોકમંત્રથી છેલ્લે વિધિ પૂર્વક હોમ કરવો. ૪૦

चतुर्लक्षजपेनैव पुरश्चरणमीरितम् । मन्त्रेणानेन राजेन्द्र! होमं कुर्याद्दशांशतः ॥४२॥
श्रीवासुदेवमाहात्म्यपुरश्चर्या शतेन तु । सार्धेनोक्ता च पाठानां होमोऽपि तद्दशांशतः ॥४३॥
इति सङ्क्षेपतः प्रोक्तः पुरश्चर्याविधिर्मया । सत्सङ्गिजीवनादेस्तु भुक्तिमुक्तिफलप्रदः ॥४४॥

**इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे पुरश्चर्याविधिनिरूपणनामा षष्ठोऽध्यायः ६**

---

## अध्याय - ७

**शतानन्द उवाच-**

सत्सङ्गिजीवनग्रन्थदानं कुर्वन्ति ये जनाः । लभन्ते ते सुखं राजन्निहामुत्र च वाञ्छितम् ॥१॥

---

**મારુતિમંત્ર પુરશ્ચરણ :–** હે રાજેન્દ્ર ! સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણમાં સત્તરમા અધ્યાયમાં કહેલા મારુતિ સ્તોત્રમાંથી ઉદ્ધૃત કરેલા ''ૐ નમો હનુમતે ભયભંજનાય સુખં કુરુ ફટ્ સ્વાહા.'' આ સોળ અક્ષરના ભયભંજન મારુતિના મંત્રના ચારલાખ જપ કરવાથી તેનું એક પુરશ્ચરણ થાય છે. અને છેલ્લે તેના દશમા ભાગે હોમ કરવો. [૪૧-૪૨]

**વાસુદેવમહાત્મ્ય પુરશ્ચરણ :–** શ્રીવાસુદેવમાહાત્મ્યનું પુરશ્ચરણ દોઢસો પાઠ કરવાથી પૂર્ણ થાય છે. તેમાં પણ છેલ્લે તેના દશમાં ભાગે હોમનો વિધિ જાણવો. (હોમ ન કરી શકાય તો પંદર પાઠ વધુ કરીને પૂર્ણ ફળ પ્રાપ્ત કરવું.) [૪૩]

હે રાજન્ ! આ પ્રમાણે સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથો અને સ્તોત્રો આદિનાં પુરશ્ચરણનો વિધિ મેં તમને સંક્ષેપથી કહ્યો, આ પુરશ્ચરણો મનુષ્યોને ભુક્તિ અને પરલોકમાં મુક્તિરૂપ ફળને આપનારા છે. [૪૪]

**ઇતિ શ્રી મુક્તાનંદ સ્વામી વિરચિત શ્રીમત્ સત્સંગિજીવન ગ્રંથના માહાત્મ્યમાં શતાનંદ સ્વામી અને હેમંતસિંહ રાજાના સંવાદ રૂપે પુરશ્ચરણ વિધિનું નિરૂપણ કર્યું એ નામે છઠ્ઠો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૬ ॥**

---

## અધ્યાય – ૭

હેમંતસિંહ રાજાની આ ગ્રંથ સાંભળવામાં અતિશય ઉત્સુકતા જોઈને અત્યંત રાજી થયેલા શતાનંદ સ્વામી કહે છે, હે રાજન્ ! જે મનુષ્યો આ સત્સંગિજીવન ગ્રંથનું દાન કરે છે, તેઓ પણ આલોક અને પરલોકમાં ઇચ્છિત

**राजोवाच–**

ग्रन्थस्यास्य मुने ! त्वत्तः श्रोतुं दानविधिं त्वहम् । इच्छामि ब्रूहि मह्यं तं सर्वज्ञस्त्वं यतोऽस्यतः ॥२

**शतानन्दमुनिरुवाच–**

सत्सङ्गिजीवनस्यास्य विधिं दानस्य वच्मि ते । सम्पूर्णं स्यात्फलं येन भुवि तद्दानकारिणाम् ॥३॥
मधोस्तु शुक्लनवमी शुक्लैकादशिका तथा । पूर्णिमा कार्तिकी मुख्यः कालो दानस्य कीर्तितः ॥४
पौर्णमास्योऽथवा सर्वा एकादश्योऽखिला अपि । कालाः सङ्कीर्तितास्त्वस्य व्रतोत्सवदिनान्यपि ॥५
पुस्तकं लेखयेदादौ सत्सङ्गिजीवनस्य तु । दृढपत्रं स्पष्टवर्णमसम्मिश्रितपंक्ति च ॥६॥
नवीनं शोधयित्वा तन्नूत्नैः फलकवेष्टनैः । निबध्य स्थापनीयं च लक्षणं तस्य ते ब्रुवे ॥७॥
पञ्च प्रकरणान्येव सन्ति यस्य शतत्रयम् । एकोनविंशत्यधिकमध्यायाः सन्ति यस्य च ॥८॥
सहस्राणि सप्तदश श्लोकास्तु षट्शतानि च । अनुष्टुपसंख्यया सप्तविंशतिर्यस्य सन्ति हि ॥९॥

---

ફળને પ્રાપ્ત કરે છે. [૧]

ત્યારે હેમંતસિંહ રાજા કહે છે, હે મુનિ ! આ ગ્રંથનો દાનવિધિ હું તમારી પાસેથી સાંભળવા ઈચ્છુ છું. કારણ કે તમે બધુ એ જાણો છો, માટે મને કહો. [૨]

ત્યારે શતાનંદ સ્વામી કહે છે, હે રાજન્ ! જે વિધિપૂર્વક આ સત્સંગિજીવન ગ્રંથનું દાન કરવાથી સંપૂર્ણ ફળ સિધ્ધ થાય છે તે વિધિ હું તમને કહું છું. [૩]

**ગ્રંથદાનનો વિધિ અને સમય :–** ચૈત્ર સુદ નવમી, ચૈત્રસુદ એકાદશી અને કાર્તિકી પૂનમ, આ તિથિઓ સત્સંગિજીવન ગ્રંથના દાનમાં મુખ્ય તથા શ્રેષ્ઠ સમય કહેલો છે. તેમજ સર્વે પૂનમો, સર્વે એકાદશીઓ અને વ્રતોત્સવના દિવસો પણ આ ગ્રંથનું દાન કરવામાં શ્રેષ્ઠ મનાયેલા છે. [૪-૫] સૌ પ્રથમ દાતાએ સારા મજબૂત કાગળો લઈને સ્પષ્ટ અક્ષરોવાળા લેખક દ્વારા છૂટી છૂટી પંક્તિઓમાં આ સત્સંગિજીવન શાસ્ત્રનું લેખન કરાવવું. આ નવા લખાયેલા ગ્રંથને તેના અર્થને જાણનારા પંડિત પાસે સંશોધન કરાવી નવા પાટિયાથી અને ઉપર વીંટવાના નવા વસ્ત્રથી બાંધી તૈયાર કરવું. હે રાજન્ ! હવે હું તમને એ સત્સંગિજીવન શાસ્ત્રનું લક્ષણ કહું છું. [૬-૭]

**સત્સંગિજીવન શાસ્ત્રની ઓળખ :–** જે આ સત્સંગિજીવન શાસ્ત્રમાં પાંચ પ્રકરણો છે. ત્રણસો ઓગણીશ અધ્યાયો છે. અનુષ્ટુપ સંખ્યાની દૃષ્ટિએ ગણના કરતાં સત્તર હજાર છસો ને સત્તાવીસ શ્લોકો છે. અને વળી જે ગ્રંથ આદિ, મધ્ય અને અંતરમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ પ્રધાન અનેક ઉપાખ્યાનોથી સમૃદ્ધ

आदिमध्यावसानेषु धर्मवैराग्ययोस्तथा । ज्ञानभक्त्योरुपाख्यानैः सम्भूतं यच्च सर्वथा ॥१०॥
हरिलीलाकथाव्रातामृतानन्दितसत्सुरम् । हरिकृष्णपरं यद्वै सत्सङ्गिजीवनं हि तत् ॥११॥
चतुरङ्गे महावस्त्रे सौवर्णाष्टदलाम्बुजे । स्थापयेद्दानदिवसे सत्सङ्गिजीवनं नृप ! ॥१२॥
पलत्रयोन्मितं कुर्यात्सौवर्णाष्टदलाम्बुजम् । पुमानत्यल्पवित्तस्तु पलार्धप्रमितं तु तत् ॥१३॥
ततः पूर्वोदितैर्मन्त्रैर्गीतवाद्यपुरःसरम् । उपचारैर्यथालब्धैः पूज्येत्तदुदारधीः ॥१४॥
ततः प्रतिग्रहीतारं पूजयेद्ब्राह्मणं नरः । सत्सङ्गिजीवनस्निग्धं हरेर्भक्तं जितेन्द्रियम् ॥१५॥
वस्त्रैर्नवीनैः कौशेयैः स्वर्णमुक्तादिभूषणाः । गन्धपुष्पोपहारैस्तं सम्पूज्य प्रणमेत्पुमान् ॥१६॥
निषीदेत्प्रांमुखो दाता ग्रहीतोदंमुखस्तथा । सङ्कल्प्य दधात्तदथो मन्त्रानेतानुदीरयन् ॥१७॥
अनेककोटिजन्मोत्थं कृष्णभक्त्यन्तरायकृत् । दुरितं नाशमायातु दानेनानेन मेऽखिलम् ॥१८॥

છે. તેમજ જે શ્રીહરિ સહજાનંદ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનની દિવ્ય લીલા કથામૃતથી સત્પુરુષોને અને દેવતાઓને આનંદ ઉપજાવે છે, તે આ સત્સંગિજીવન શાસ્ત્ર છે. [૮-૧૧]

**ગ્રંથદાનનો પૂજાવિધિ :–** હે નૃપ ! દાન આપવાના દિવસે આ સત્સંગિજીવન શાસ્ત્રને ચાર પાયાવાળા બાજોઠ પર બિછાવેલા મહાવસ્ત્ર ઉપર રચેલા આઠ પાંખડીવાળા સુવર્ણના કળશ ઉપર સ્થાપન કરવું. તે આઠ પાંખડીવાળું કમળ ત્રણ પળ પરિમિત સુવર્ણથી રચવું, અને અતિ ઓછા ધનવાળાએ તો એ કમળ અર્ધા પલ પરિમિત સુવર્ણથી રચવું. ત્યારબાદ ઉદાર બુધ્ધિમાન દાતાએ એ ગ્રંથની પૂર્વોક્ત મંત્રોથી ગીતવાજિંત્રો વગડાવવા પૂર્વક ચંદનાદિ વિવિધ ઉપચારોથી પૂજા કરવી. [૧૩-૧૪]

**દાન સ્વીકારનાર વિપ્રની પૂજા :–** ત્યારબાદ દાન આપનાર દાતાએ જિતેન્દ્રિય સત્સંગિજીવન શાસ્ત્ર અને ભગવાનના ચરિત્રોમાં સ્નેહવાળા ભગવાનના ભક્ત એવા દાન સ્વીકારનાર બ્રાહ્મણનું નવીન રેશમી વસ્ત્રો, સુવર્ણ, મણિ અને મોતીના આભૂષણોથી તેમજ ચંદન પુષ્પાદિ ઉપચારોથી પૂજન કરવું, અને તેમને નમસ્કાર કરવા. [૧૫-૧૬]

પછી દાતા પુરુષે પૂર્વાભિમુખે બેસવું અને દાન ગ્રહણ કરનાર વિપ્રે ઉત્તરાભિમુખે બેસવું, ને હાથમાં જળ લઇ સંકલ્પવિધિ કરાવી આગળ કહેવાતા મંત્રના ઉચ્ચારણની સાથે દાન કરવું. [૧૭]

**દાનના ત્રણ સંકલ્પ મંત્રો :–** આ સત્સંગિજીવન શાસ્ત્રના દાનથી મારા અનંત કોટિ જન્મના પરંપરાથી ઉદ્ભવેલાં અને કૃષ્ણભક્તિમાં અંતરાય

सत्सङ्गिजीवनं दिव्यं शास्त्रं निगमसम्मितम् । ददामि विप्रवर्याय श्रीहरिस्तेन तुष्यतु ॥१९॥
मास्तु कृष्णवियोगो मे मा वियोगोऽस्तु तत्सताम् । दानेनानेन सुप्रीतो हरिर्दात्तां मदीप्सितम् ॥२०
इत्युच्चार्य स तद्दत्त्वा ततो दद्याच्च दक्षिणाम् । शक्तस्तु श्रद्धया युक्तो रौप्यमुद्राः शतावराः ॥२१॥
अशक्तस्तु यथाशक्ति दद्याच्छाठ्यविवर्जितः । दक्षिणायाश्चानुरूपं भोजयेद्ब्राह्मणांस्ततः ॥२२॥
यो दद्याद्विधिनैतेन सत्सङ्गिजीवनं पुमान् । स भास्वता विमानेन गोलोकं प्रतिपद्यते ॥२३॥
मनोभिवाञ्छितांस्तत्र भोगान् प्राप्नोति सर्वशः । नाप्राप्यं विद्यते किञ्चित्तस्य कृष्णप्रसादतः ॥२४॥
अपुत्रः प्राप्नुयात्पुत्रं निर्धनो धनमाप्नुयात् । शास्त्रस्यैतस्य दानेन विद्यां विद्यार्थ्यवाप्नुयात् ॥२५॥

इति दानविधिर्मयोदितोऽस्य नृपते ! शास्त्रवरस्य शास्त्रदृष्टः ।
यमिहाचरतां न कापि वाञ्छा भुवि चामुत्र च शिष्यते दुरापा ॥२६॥

---

**કરતાં સમસ્ત પાપો નાશ પામો. વેદની સમાન અને દિવ્ય એવા આ સત્સંગિજીવન શાસ્ત્રનું હું આ વિપ્રવર્યને પ્રદાન કરું છું, તેનાથી શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ. મારા આ જન્મમાં કે જન્માન્તરમાં પણ મને ભગવાન શ્રીકૃષ્ણનો વિયોગ ન થાઓ, અને તેમના ચરણના આશ્રિત સત્પુરુષોનો પણ ક્યારેય વિયોગ ન થાઓ.** ૧૮-૨૦

**આ પ્રમાણેના ત્રણ મંત્રોનો ઉચ્ચાર કરી આ ગ્રંથનું દાન કરી દક્ષિણા આપવી. શક્તિશાળી દાતાએ શ્રદ્ધાથી સો રૂપામુદ્રાની દક્ષિણા આપવી, અને અશક્ત દાતાએ શઠપણું કર્યા વિના ઉદારતાથી યથાશક્તિ દક્ષિણા આપવી. ત્યારબાદ દક્ષિણાને અનુરૂપ શક્તિ મુજબ બ્રાહ્મણને ભોજન પણ કરાવવું.** ૨૧-૨૨

**આ ગ્રંથના દાનનું ફળ :– જે પુરુષ ઉપરોક્તવિધિ પ્રમાણે આ સત્સંગિજીવન શાસ્ત્રનું દાન કરે છે તે પ્રકાશમાન વિમાનમાં બેસી ગોલોકધામને પામે છે. અને ત્યાં પરમાત્માનો અનુભવ અને પરિચરણાદિ રૂપ મનોવાંછિત દિવ્ય ભોગોને પ્રાપ્ત કરે છે. ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી તેને અહિં કે ત્યાં કાંઇ અપ્રાપ્ય રહેતું નથી. આ શુભ શાસ્ત્રના દાનથી પુત્ર ન હોય તે પુત્રને પામે છે, નિર્ધન હોય તે ધનને પામે છે અને વિદ્યાર્થી ઇચ્છિત વિદ્યાને પ્રાપ્ત કરે છે.** ૨૩-૨૫

**હે નૃપતિ ! આ સર્વોત્તમ શાસ્ત્રનો દાનવિધિ શાસ્ત્રને અનુસાર મેં તમારી આગળ નિરૂપણ કર્યો. આ દાનવિધિનું આચરણ કરનારાઓને આલોકમાં કે પરલોકમાં પૂરી ન થાય એવી કોઇ ઇચ્છાઓ અધૂરી રહેતી નથી, સમગ્ર પૂર્ણ થાય છે.** ૨૬

इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तद्दानविधिनिरूपणनामा सप्तमोऽध्यायः ॥७॥

---

## अध्याय - ८

शतानन्दमुनेरर्थ्यं वचः पीयूषसन्निभम् । इति श्रुत्वा महानन्दो विनीतस्तं जगाद सः ॥१॥

राजोवाच-

मुने ! मयि त्वयोदारो दययाऽनुग्रहः कृतः । एतद्ग्रन्थस्य माहात्म्यं ज्ञातं मेऽञ्जस्त्वदुक्तिभिः ॥२॥
प्रतिभातीनिमच्चिते श्रवणादस्य निश्चितम् । धर्मार्थकाममोक्षाणां प्राप्तिः स्यान्मुनिसत्तम! ॥३॥
श्रुत्वैनं योऽभवत्सिद्धं पुरुषार्थस्य सर्वशः । आपन्नोऽद्य तु तद्वार्तां श्रोतुमिच्छाम्यहं मुने ! ॥४॥
स तस्येत्थं मनोहारि प्राणिश्रेयस्करं वचः । श्रुत्वा तदुत्तरं प्रीतः प्रवक्तुमुपचक्रमे ॥५॥

---

**ઇતિ શ્રી મુક્તાનંદ સ્વામી વિરચિત શ્રીમત્ સત્સંગિજીવન ગ્રંથના માહાત્મ્યમાં શતાનંદ સ્વામી અને હેમંતસિંહ રાજાના સંવાદરૂપે આ શાસ્ત્રના દાનવિધિનું નિરૂપણ કર્યું એ નામે સાતમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૭ ॥**

---

## અધ્યાય - ૮

શતાનંદ સ્વામીનું ચાર પુરુષાર્થને સિધ્ધ કરી આપે એવું અમૃતતુલ્ય આસ્વાદનીય આ વચન સાંભળી હેમંતસિંહરાજા મહા આનંદને પામ્યા ને તૃપ્ત થઈ વિનયપૂર્વક સ્વામીને કહેવા લાગ્યા. [૧]

હેમંતસિંહ રાજા કહે છે, હે મુનિ ! આપે મારા ઉપર દયા કરીને બહુ મોટો અનુગ્રહ કર્યો છે. તમે કહેલા વચનોથી આ સત્સંગિજીવન શાસ્ત્રનું માહાત્મ્ય મેં યથાર્થ જાણ્યું છે. આ શાસ્ત્રના શ્રવણથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ ચોક્કસ થાય છે, એમ મને મારા મનમાં નક્કી થઈ ગયું છે. હે મુનિ ! આ સદ્ગ્રંથને સાંભળીને જેમને સર્વ પુરુષાર્થની સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય એવા મહાનુભાવની કોઈક ઐતિહાસિક વાર્તા સાંભળવા ઈચ્છું છું. [૨-૪]

**સભામાં સર્જાયેલા અદ્ભૂત આશ્ચર્ય સાથેની સિદ્ધ બ્રાહ્મણની કહાની :–** સમગ્ર જીવપ્રાણી માત્રનું કલ્યાણ કરનાર આવું મનોહર હેમંતસિંહ રાજાનું વચન સાંભળી શતાનંદ સ્વામી અતિ પ્રસન્ન થયા. જ્યાં રાજાના પ્રશ્નનો

तस्मिन् क्षणे महाश्चर्यमित्यासीत्सदसि ध्रुवम् । यदालोक्याखिलाः सभ्या लेभिरे परमां मुदम् ॥६॥
आसीद्देशान्तरायातस्तत्र कश्चन वाडवः । सभायामास्थितः शान्तो विनीतोऽविदिताभिधः ॥७॥
स प्रणम्य शतानन्दं प्राप्तानन्दभरान्तरः । पुलकाञ्चितदेहस्तं प्राह गद्गदया गिरा ॥८॥
कृतार्थोऽहं कृतो नूनं त्वया करुणया मुने ! । कालव्यालमहाग्रासत्राससंसारमोचितः ॥९॥
दुश्चरैर्मत्कृतैः पूर्वं ध्वस्तं यन्नैव साधनैः । तन्मे दुःखं त्वया ग्रन्थं संश्राव्यैव क्षतं मुने ! ॥१०॥
एतच्छ्रुत्वा मुने ! भक्तौ जातं धर्मान्निजेच्छया । पश्यामि श्रीहरिं साक्षात्प्राकृतैर्वर्जितं गुणैः ॥११॥
उदारौदार्यसौन्दर्यसौकुमार्यमहोदधिम् । मन्दहासविलासास्यं रमणीयगुणार्णवम् ॥१२॥
सत्सङ्गिभिश्च मुनिभिः पूजितं पूर्णभावतः । सद्गन्धपुष्पमालाद्यैरुपहारैर्मनोहरैः ॥१३॥
प्रफुल्लेन्दीवरश्रेणिश्यामकोमलविग्रहम् । मनोहरं शरत्ताराश्वेतसारतराम्बरम् ॥१४॥

---

ઉત્તર કરવા જાય છે ત્યાં જ મહાન સભામાં એક મહા આશ્ચર્ય સર્જાયું, એ આશ્ચર્યને નિહાળી સર્વ સભાજનો પરમ હર્ષને પામ્યા. ૫-૬

બન્યું એવું કે એ સમયે કોઈ એક બ્રાહ્મણ દેશાંતરમાંથી આવી પહેલેથી સભામાં બેઠેલો હતો, સભાસદો તેના નામ-ઠામથી અજાણ હતા, શાંત અને વિનયી એ વિપ્રે અચાનક ઊભા થઈ વક્તા શતાનંદ સ્વામીને પ્રણામ કર્યા. એનું મન આનંદથી પરિપૂર્ણ બન્યું, શરીરની રોમાવલી ઊભી થઈ ને ગદ્ ગદ્ વાણીથી કહેવા લાગ્યો. ૭-૮

હે મુનિ ! આપની કરૂણાથી હું નિશ્ચે કૃતાર્થ બન્યો છું. કારણ કે કાળરૂપી અજગરના મહાગ્રાસના ત્રાસથી ભરેલા આ સંસારમાંથી મને છોડાવ્યો છે. ૯

હે મુનિ ! શાસ્ત્રોમાં કહેલાં ઘણાં બધાં દુષ્કર સાધનો કર્યાં હતાં, છતાં એ સાધનોથી મારા દુઃખનો અંત આવ્યો નહિ. (હું ભટકતો રહ્યો) પણ આજે તમે મને આ સત્સંગિજીવન શાસ્ત્રની કથા સંભળાવીને દુઃખમાંથી મુક્ત કર્યો છે. હે મુનિ ! આ સત્સંગિજીવન શાસ્ત્રની કથા સાંભળવાના પ્રતાપે અત્યારે હું પોતાની સ્વતંત્ર ઈચ્છાથી ધર્મ ભક્તિને ત્યાં પ્રગટેલા અને પ્રાકૃત ગુણોથી પર રહેલા સાક્ષાત્ ભગવાન શ્રીહરિને મારી નજર સમક્ષ નિહાળી રહ્યો છું. ૧૦-૧૧

**સાક્ષાત્ દેખાતા શ્રીહરિ કેવા છે ? :–** તે શ્રીહરિ મહાન ઉદારતા, સુંદરતા અને સુકુમારતાના મહાસાગર છે. પોતાના મંદમંદ હાસ્યના વિલાસના કારણે મનોહર બનેલી મુખમાધુરીથી દર્શન કરનારા મનુષ્યોના મનને આનંદ ઉપજાવે છે. સુગંધીમાન ચંદન અને પુષ્પના હારો તેમજ અન્ય મનોહર ઉપચારોથી

रम्यहास्यामृतस्त्राविशारदेन्दुवराननम् । प्रफुल्लनवपाथोजच्छदशालिविलोचनम् ॥१५॥
करुणामृतसम्पूर्णपारिप्लवनिरीक्षणम् । आजानुलम्बिसद्बाहुं समविस्तीर्णवक्षसम् ॥१६॥
चञ्चन्नखमणिश्रेणिमृदुलाङ्गुलिमण्डितम् । वितर्जितस्थलाम्भोजद्युतिहस्ततलद्वयम् ॥१७॥
चित्रवर्णमणिस्वर्णकाञ्चीभूषणसत्कटिम् । चट्चटध्वानसंराजद्रूप्यपादुकपत्कजम् ॥१८॥
कर्णमण्डलविभ्राजत्मकराकृतिकुण्डलम् । सुवर्णरत्नकेयूरं विस्फुरद्वलयोर्मिकम् ॥१९॥
तापनीयसुमञ्जीतांघ्रिसरोरुहम् । कम्बुकण्ठलसन्मुक्तासारहारविराजितम् ॥२०॥
चाम्पेयकुन्दमन्दारस्थलपद्मादिहारिणम् । सुमनःशेखरं माल्यकर्णपूरमनोहरम् ॥२१॥
उदारामोदलोलालिप्रगीतललितस्त्रजम् । दधानं रुचिरे पाणौ स्वर्णयष्टिं मनोहरम् ॥२२॥

---

સત્સંગી તથા મુનિજનોએ પૂર્ણ ભાવથી એ શ્રીહરિનું પૂજન કર્યું છે. પ્રફુલ્લિત નીલકમળના જેવું શ્યામસુંદર અને સુકુમાર શરીરને ધારી રહેલા છે. બહુ મનોહર લાગે છે. શરદઋતુના શ્વેત તારા જેવાં નિર્મળ, સ્વચ્છ અને દિવ્ય વસ્ત્રો જેણે ધારણ કરેલાં છે. શરદપૂર્ણિમાના ચંદ્રમાની સમાન સુંદર મુખારવિંદમાંથી રમણીય હાસ્યામૃતને રેલાવી રહ્યા છે. નવીન ખીલેલા કમળપત્ર જેવાં વિશાળ દિવ્ય નેત્રોથી શોભી રહેલા છે. કરૂણા રસથી પરિપૂર્ણ કૃપા કટાક્ષોથી ભક્તજનોને નિહાળી રહ્યા છે. જાનુ પર્યંત લાંબી દિવ્ય ભૂજાઓથી શોભી રહેલા છે. એક સરખા વિશાળ વૃક્ષસ્થળથી શોભી રહેલા છે. કાંતિથી ચળકતા નખરૂપી મણીઓથી પંક્તિવાળી કોમળ આંગળીઓથી શોભી રહ્યા છે. હાથના તળિયાની લાલ કાંતિથી ગુલાબની કાંતિને પણ શરમાવે છે. [૧૨-૧૭]

વિવિધ રંગના માણિક્ય, મરકત, મોતી વગેરે મણિઓ જડેલ સુવર્ણમય દિવ્ય કટિમેખલા કેડમાં ધારી રહેલા છે. જેને બન્ને ચરણકમળમાં ચટચટ ધ્વનિથી શોભતી રૂપાની પાદુકાઓ પહેરી છે. બન્ને કાનમાં પ્રકાશમાન મકરાકાર દિવ્ય કુંડળ ધાર્યાં છે, બન્ને બાહુમાં રત્નજડિત સુવર્ણમય બાજુબંધને ધાર્યા છે, દિવ્ય વેઢ વીંટીઓથી આંગળીઓ શોભી રહી છે. બન્ને ચરણ કમળમાં સુવર્ણના સુંદર નૂપુર શોભી રહ્યાં છે, શંખ સમાન દિવ્ય કંઠમાં લાંબા ઉત્તમ મોતીઓના હાર ધારણ કર્યા છે. ચંપા, મોગરા, ગુલાબ વગેરે સુગંધીમાન પુષ્પોના હારોથી શોભી રહ્યા છે. પાઘમાં સુંદર સુગંધીમાન પુષ્પોના તોરા શોભી રહ્યા છે. કાનમાં મનોહર પુષ્પ ગુચ્છો ધાર્યા છે. મહાસુગંધમાં લોભાયેલા ભમરાઓના મધુર ગીતના ગુંજારવથી શોભતી દિવ્ય પુષ્પની માળાઓ ધારી રહેલા છે. સર્વના મનને હરનારી

विचलत्कुण्डलोल्लासिकापोलयुगलश्रियम् । वक्रभ्रुवं सुबिम्बोष्ठं तिलप्रसवनासिकम् ॥२३॥
ईदृशश्रीहरिप्रेक्षापुरुनिर्वृतमानसः । अद्यापं जन्मसाफल्यं कृतार्थोऽस्मि ध्रुवं मुने ! ॥२४॥
कृत्वा तस्याचलां भक्तिं देहान्ते धाम चाक्षरम् । तस्यानन्दमयं दिव्यं लप्स्ये मेऽस्तीति निश्चयः ॥२५
इत्थमुक्त्वा शतानन्दं पूजायामास सादरम् । स गन्धाक्षतपुष्पाद्यैर्मूर्ध्नि तत्पद्रजो दधौ ॥२६॥
आचार्यौ स ततः प्रीत्या ववन्दे विनयान्वितः । मुनींस्तथाखिलान् भक्तान् प्रत्येकं च सदःस्थितान् ॥२७
स प्राप्तानन्दसन्दोहप्रविलीनमनास्ततः । अनुज्ञाप्य शतानन्दं प्रययौ स्वनिकेतनम् ॥२८॥
अथालोक्यैतदाश्चर्यं तं पप्रच्छेति भूपतिः । कस्मिन् देशे वसत्येष वाडवो मुनिसत्तम ! ॥२९॥
किं तस्यासीन्महद्दुःखं तन्नाशाय महामुने ! । किं किं च साधनं तेन विहितं दीर्घदर्शिना ॥३०॥

સુવર્ણની સુંદર છડી હાથમાં ધારી છે. ચળકતાં કુંડળોના ચમકારાથી બન્ને ગાલ શોભી રહ્યા છે, વાંકડી ભ્રૃકુટિઓથી સુંદર લાગે છે, પાકા ઘીલોડા જેવા લાલ હોઠ શોભી રહ્યા છે. તલના ફુલ જેવી દિવ્ય નાસિકા શોભે છે. ૧૮-૨૩

હે મુનિ ! આ પ્રમાણેની દિવ્ય શોભા સંપન્ન શ્રીહરિનો સાક્ષાત્કાર થવાથી મનમાં હું અત્યંત શાંતિને પામ્યો છું. મનના સંતાપો દૂર થવાથી મારો માનવ જન્મ આજે સફળ થયો છે. હું ચોક્કસ કૃતાર્થ થયો છું. તે પુરુષોત્તમનારાયણની અચળ ભક્તિ કરી આ દેહના અંતે હું એમના આનંદમય દિવ્ય અક્ષરધામને પામીશ. એમાં કોઈ જાતનો મને સંશય નથી. ૨૪-૨૫

આ પ્રમાણે કહીને એ વિપ્રે ચંદન, ચોખા, પુષ્પ આદિ વડે શતાનંદ સ્વામીનું આદરપૂર્વક પૂજન કર્યું અને તેમની ચરણરજ પોતાના મસ્તક ઉપર ચડાવી. ૨૬

ત્યારપછી તે સભામાં બિરાજતા બન્ને આચાર્યશ્રીઓ અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજને પ્રેમથી વિનયપૂર્વક વંદન કર્યાં. તેમજ સભામાં બેઠેલા સમસ્ત મુનિજનો અને સમસ્ત હરિભક્તોને પણ વંદન કર્યાં. તેમનું મન ભગવાન શ્રીહરિ, સંતો અને હરિભક્તોના દર્શનથી પ્રાપ્ત થયેલા મહાસાગરમાં લીન થયું ને શતાનંદ સ્વામીની આજ્ઞા લઈ તે પોતાને ઘેર ગયો. ૨૭-૨૮

આ પ્રમાણેનું અતિ અદ્‌ભુત આશ્ચર્ય જોઈ હેમંતસિંહ રાજા પૂછવા લાગ્યા કે હે મુનિ શ્રેષ્ઠ ! એ વિપ્ર કયા દેશમાં વસે છે ? એને શું એવું મહાદુઃખ હતું ? દીર્ઘદર્શી એ વિપ્રે દુઃખને દૂર કરવા એવાં શું શું સાધન કર્યાં હતાં ? હે ઉત્તમ પુરુષ ! મારે એ સાંભળવાની ઈચ્છા છે. મને એની વાત કરો. જેણે કરીને આ બધા આપના શિષ્યોને પણ જાણવાનું કાંઈ બાકી ન રહે. ૨૯-૩૧

एतच्छुश्रूषवे मह्यं वक्तुमर्हसि सत्तम ! । यद्धवादृशशिष्याणां ज्ञातव्यं नावशिष्यते ॥३१॥
इत्याकर्ण्य वचस्तस्य ज्ञानं त्रैकालिकं गतः । श्रीहरेः कृपया भूपं स प्राहेङ्गितविन्मुनिः ॥३२॥

**इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तदितिहासकथने द्विजदृष्टश्रीहरिस्वरूपनिरूपणनामाष्टमोऽध्यायः ॥८॥**

---

## अध्याय ९

**शतानन्दमुनिरुवाच-**

तस्य पुण्यमतेः पुण्यं वृत्तान्तं कथयामि ते । अत्यद्भुतं महाबुद्धे ! श्रुणु त्वं स्वस्थचेतसा ॥१॥
अन्तर्वेदाभिधो देशो देशानामतिपावनः । भवत्यतिवरो देवैः सेवनीयो महर्षिभिः ॥२॥
पुरुषा यत्र वर्तन्ते स्वस्वधर्मानुसारतः । शूराः सत्यपरा धीरा योषाः सन्ति पतिव्रताः ॥३॥
त्रिदशेन्द्रपुरस्पर्धि विद्यते तत्र भूपते ! । काह्नसंज्ञं पुरं जुष्टं विभवैरमरप्रियैः ॥४॥

---

તે રાજાનું આ પ્રમાણેનું વચન સાંભળી શ્રીહરિની કૃપાથી જેને ત્રણકાળનું જ્ઞાન છે એવા શતાનંદમુનિ રાજાના હૃદયગત અભિપ્રાયને જાણી તેના પ્રત્યે કહેવા લાગ્યા. ૩૨

**ઇતિ શ્રી મુક્તાનંદ સ્વામી વિરચિત શ્રીમત્ સત્સંગિજીવન ગ્રંથના માહાત્મ્યમાં શતાનંદ સ્વામી અને હેમંતસિંહ રાજાના સંવાદરૂપે તે બ્રાહ્મણની ઇતિહાસ કથામાં તે બ્રાહ્મણે જોયેલું સાક્ષાત્ શ્રીહરિના સ્વરૂપનું નિરૂપણ કર્યું એ નામે આઠમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૮ ॥**

---

## અધ્યાય – ૯

**પુણ્યમતિ વિપ્રનું ઐતિહાસિક અદ્ભૂત વૃત્તાંત :–** શતાનંદ સ્વામી કહે છે, હે મહાબુદ્ધિમાન્ રાજા ! પુણ્યમતિ તે વિપ્રનું અતિ અદ્ભૂત પવિત્ર વૃત્તાંત હું તમને કહું છું, તમે સ્વસ્થચિત્તે સાંભળો. ૧

સર્વે દેશોમાં અત્યંતપવિત્ર અંતર્વેદ નામથી પ્રસિદ્ધ એક દેશ આવેલો છે, આ દેશનું મહર્ષિઓ અને દેવતાઓ પણ સેવન કરે છે, તેથી અત્યંત શ્રેષ્ઠ દેશ છે. જે દેશમાં પુરુષો પોતપોતાના વર્ણાશ્રમ-ધર્મપરાયણ વર્તે છે. સર્વે સત્યપરાયણ વર્તે છે. સર્વે ધીર અને શૂરવીર છે. એ દેશની સ્ત્રીઓ પણ સર્વે પતિવ્રતા છે. ૨-૩
હે ભૂપતિ ! આવા પવિત્ર દેશમાં દેવતાઓને પ્રિય એવા વૈભવોથી યુક્ત કાનપુર

देवेन्द्रालयसङ्काशैर्हेमशृङ्गविराजितैः । स्वर्णजालैर्मणिस्तम्भार्भवनैरतिमण्डितम् ॥५॥
विराजमानमारामै रुचिराट्टालगोपुरैः । समाट्टपंक्तिभिः कोष्टैर्लसद्भिर्देवमन्दिरैः ॥६॥
कमनीयसभास्थानैः प्राकारेण समन्ततः । विलसद्गुल्मकक्षाभिस्तोरणैः समलंकृतम् ॥७॥
चातुर्वर्ण्यजनैर्जुष्टं स्वस्वधर्मानुवर्तिभिः । वेदविद्भिः कृतैर्विप्रैर्वेदनादैर्विराजितम् ॥८॥
सरोभिर्मण्डितं रम्यैर्द्विजालिकुलसंकूलैः । कुमुदोत्पलकह्लारशतपत्रादिराजितैः ॥९॥
उपशल्ये वरे यस्य स्वर्गङ्गा पाविनी नदी । वहत्येव जना यस्यां स्नान्तो भान्ति यथामराः ॥१०॥
कान्यकुब्जाभिधज्ञातेर्विप्रस्य तत्र तस्थुषः । आसीन्माधवरामस्य पुत्रः कल्याणजिन्नृप ! ॥११॥
गर्गगोत्री यजुर्वेदी वेदवेदाङ्गपारगः । पारोक्ष्येणाकरोद्भक्तिं श्रीकृष्णस्य स नित्यदा ॥१२॥
तस्य प्राक्तनसंस्काराद्विविधानां स्वजन्मनाम् । भूतानां च भविष्याणां ज्ञानं साक्षातजायत ॥१३॥

---

નામનું નગર આવેલું છે. આ નગર દેવેન્દ્રપુરી અમરાવતીની સમૃદ્ધિની સાથે સ્પર્ધા પણ કરે છે. ૪

આ નગર મણિમય સેંકડો સ્તંભોથી શોભે છે, સુવર્ણમય જાળીઓથી શોભે છે. કંચનમય કળશોથી વિરાજીત છે, દેવેન્દ્રના ભવન સમાન ભવનોથી અલંકૃત છે. આ નગર દેવતાઓએ સેવવા યોગ્ય સુંદર આરામના સ્થળોથી સુંદર અટારીઓ, જરૂખાઓ, ગોપુરો, એક સાથે હારબંધ રચેલી હવેલીની પંક્તિઓ અને ઘરના અંદરના ભાગે રહેલા દેવમંદિરોથી અલંકૃત છે. ૫-૬

વળી આ નગર રમણીય સભાસ્થાનો, ચારેબાજુ શોભી રહેલા કિલ્લાની સાથે સુંદર ઝાડીઓ કે સુંદર દ્વારો, ભ્રમણમાર્ગો અને તોરણોથી સમલંકૃત છે. પોતપોતાના ધર્મપરાયણ રહેલા બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ ચારેવર્ણના મનુષ્યોથી પૂર્ણ છે. તેમજ વેદને જાણનારા વિદ્વાન વિપ્રોના પ્રતિદિન થતા વેદઘોષથી ગુંજી રહ્યું છે. ૭-૮

અને વળી આ નગર પોયણાં, કલ્હાર અને કમળ આદિથી સુશોભિત છે, અને તેથી જ ભમરાઓના સમૂહોથી અને હંસાદિ પક્ષીઓના સમુદાયથી શોભી રહેલા સરોવરોથી સમલંકૃત છે. આ નગરના છેડે લોકપાવની સ્વર્ગની ગંગાનદી વહી રહી છે, જેમાં સ્નાન કરનારા મનુષ્યો દેવની સમાન જણાય છે. ૯-૧૦

હે નૃપ ! આવા ભવ્ય નગરમાં ગર્ગગોત્રમાં જન્મેલા, યજુર્વેદના અભ્યાસી, વેદ વેદાંતમાં પરંગત કાન્યકુબ્જ નામના બ્રાહ્મણ પરિવારમાં કુળ પરંપરાથી આજ નગરમાં નિવાસ કરી રહેલા કોઈ માધવરામ વિપ્રનો કલ્યાણજી નામે પુત્ર થયો. તે હમેશાં શ્રીકૃષ્ણની પરોક્ષભાવે ભક્તિ કરતો. ૧૧-૧૨ આ વિપ્રને તેના પૂર્વ સંસ્કારના

यद्यत्कष्टमभूत्तीव्रं स्वेदजादिषु जातिषु । भविष्यच्च तथा सर्वं दृश्यं तस्याभवन्नृप ! ॥१४॥
असह्यपीडं यत्कष्टं गर्भवाससमुद्भवम् । नानाविधं स्वयं भुक्तं तत्प्रत्यक्षमवैक्षत ॥१५॥
प्रविष्टो यत्र निर्भुंक्ते विण्मूत्रादिमलास्पदे । भुग्नपृष्ठशिराः कष्टं तीव्रं जन्तुरवांमुखः ॥१६॥
सौकुमार्यात्कृमिव्रातैः क्षतसर्वतनुः सदा । श्वासावकाशमप्राप्तः क्लेशान्मूर्च्छामुपैति सः ॥१७॥
अशक्तः स्वाङ्गचेष्टायां रुद्धः पक्षीव पञ्जरे । जाठरीयानलज्वालापरिदग्धाखिलाकृतिः ॥१८॥
इत्याद्यं स्वेन यत्पूर्वं भुक्तं कष्टं सुदुःसहम् । गर्भवासभवं सर्वं तत्प्रत्यक्षतयाविदत् ॥१९॥
स तामिस्रान्धतामिस्ररौरवाद्याः सहस्रशः । निरया सन्ति ये घोरास्तत्कष्टं चाप्यबूबुधत् ॥२०॥
क्रोशान्तो यत्र ताडयन्ते लोहदण्डैर्यमानुगैः । कशाभिर्मुद्गरैः शस्त्रैर्निस्त्रिंशाद्यैश्च पापिनः ॥२१॥
उत्पाटयन्ति नेत्राणि तेषां यदंगेषु ते मुहुः । निष्पेषयन्ति रुन्धन्ति क्षारपङ्के जले च तान् ॥२२॥
पातयन्ति नगात्तुङ्गात्तप्ततैले क्षिपन्ति च । निःसारयन्ति चान्त्राणि तेषां ते जीवतामपि ॥२३॥

---

**પરિપાકના બળે ભૂત, ભવિષ્યનું તેમજ વિવિધ જન્મોનું જ્ઞાન પ્રગટ થયું. હે નૃપ ! તેના વીતી ગયેલા સ્વેદજ આદિ અનંત યોનિઓમાં પોતે ભોગવેલાં દુઃખોનો અને કર્માનુસારે ભવિષ્યમાં થનારા જન્મોમાં ભોગવવા પડનારા સમસ્ત દુઃખોનો સાક્ષાત્કાર થઈ ગયો. [૧૩-૧૪] તેમજ ગર્ભવાસ આદિકમાં ભોગવેલાં દુઃખોનું અને અસહ્યય અનંત બીજી પીડાઓના અનુભવનું સાક્ષાત્ જ્ઞાન થઈ ગયું. અર્થાત્ કે તે દુઃખો અને પીડાઓને પ્રત્યક્ષપણે નિહાળવા લાગ્યો. [૧૫]**

**વિપ્રે પ્રત્યક્ષ અનુભવેલાં દુઃખોનું વર્ણન :–** **વિષ્ટા મૂત્ર આદિ મળના ભરેલા ગર્ભાશયમાં પ્રવેશેલો શરીરધારી જીવ કેડ ને મસ્તકથી વાંકોવળી ઊંધે માથે લટકે છે અને તીવ્ર પીડાને ભોગવે છે. [૧૬] કૃમિઓના સમૂહો તેના શરીરને વળગે છે ત્યારે શરીર અતિશય સુકોમળ હોવાના કારણે એ તીવ્ર ડંશોને લેશમાત્ર પણ સહન કરી શકતો નથી. ત્યારે શ્વાસ લેવાનો લેશમાત્ર તેને અવકાશ પ્રાપ્ત થતો નથી ને મહાકલેશને પામી મૂર્છિત થઈ જાય છે. [૧૭] પાંજરામાં પૂરેલાં પક્ષીની જેમ પોતાના અંગને હલાવવા પણ બિલકુલ સમર્થ થતો નથી, અને જઠરાગ્નિની જ્વાળાથી બળતા સમગ્ર શરીરમાં તીવ્ર વેદનાનો અનુભવ કરે છે. [૧૮]**

**આ પ્રમાણે પોતે પૂર્વે ભોગવેલા ગર્ભવાસ આદિકના સમગ્ર અસહ્ય દુઃખોને પ્રત્યક્ષપણે જાણ્યું. તેમજ તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ આદિ હજારો ઘોર નરકના કુંડો રહેલા છે તેમાં ભોગવાતા કષ્ટોને પણ પ્રત્યક્ષ જાણ્યા. જે નરકમાં ઉચ્ચ સ્વરે આક્રન્દ કરતા પાપી પ્રાણીઓને યમદૂતો નિર્દયપણે લોહના દંડથી, ચાબુકોથી, મુદ્‌ગરોથી તેમજ મોટી તલવાર આદિ શસ્ત્રોથી તાડન કરે છે. નેત્રોને મૂળમાંથી**

दाहयन्ति ज्वलद्वह्नौ तान् रुन्धन्त्यतिदुःसहे । विषानलस्य ते धूमे छित्त्वा सीवयन्ति तत्त्वचः ॥२४
आश्लेषयन्ति तांस्तप्ताः प्रतिमाश्चायसीर्मुहुः । तीव्राः सोऽपश्यदित्याद्या ह्यनन्ता यमयातनाः ॥२५॥
तेन तस्याभवच्चित्ते परितापो महान्नृप ! । निशासु नाभवन्निद्रा त्रासव्याकुलचेतसः ॥२६॥
नासित्पुत्रकलत्रादौ भोजनादौ च कर्हिचित् । व्यथार्तस्य सुखं तस्य विभवेष्वपि सर्वशः ॥२७॥
ततस्तन्नाशनोपायान् सोऽपृच्छत्सर्वपण्डितान् । तत्प्रोक्तानपि तान् कृत्वा तच्छान्तिं नाभ्यपद्यत ॥२८
कुटुम्बं स ततः स्वीयं भवनं सपरिच्छदम् । हित्वा जगाम निर्विण्णस्तीर्थयात्राविधित्सया ॥२९॥
प्रयागं स द्विजः काशीं जगन्नाथपुरीं शुभाम् । अयोध्यां चित्रकूटं च पुण्यं वृन्दावनं ययौ ॥३०॥
रामनाथं हरिद्वारं कुरुक्षेत्रं च पावनम् । स प्रायात्पुष्करं तीर्थं पुण्यं च पुलहाश्रमम् ॥३१॥
अगात्सिद्धपुरं तीर्थं प्रभासं द्वारिकां तथा । इत्यादीन्यर्तिनाशार्थं बहुक्षेत्राण्यगाद्धि सः ॥३२॥
गङ्गां च यमुनां रेवां सरयूं तपतीं नदीम् । गोदावरीप्रमुख्याणि प्रागात्तीर्थानि स द्विजः ॥३३॥

---

ઉખેડી નાખે છે. વારંવાર યંત્રોમાં નાખી પીલે છે. ખારા કાદવથી ભરેલા જળમાં ડૂબાડી રુંધે છે. ક્યારેક ઊંચા પર્વત પરથી નીચે પટકાવે છે. તપાવેલા તેલમાં ફેંકી દેછે. જીવતાને જીવતાં જ આંતરડાં ખેંચી કાઢે છે. ભળભળતા અગ્નિમાં બાળે છે. અતિ દુઃસહ ઝેરીલા ધુમાડામાં રૂંધે છે. ચામડી ચીરીને વળી મોટા સોયાથી સીવે છે. લોઢાથી બનાવેલી અને તપાવેલી સ્ત્રી પુરુષની પ્રતિમા સાથે બાથ ભરાવે છે. આવા પ્રકારની અનંત તીવ્ર યમયાતનાનું તેને પ્રત્યક્ષ દર્શન થયું. ૨૧-૨૫

હે રાજન્ ! આ પ્રમાણેનાં દુઃખ દર્શનથી તેના ચિત્તમાં મોટો પરિતાપ થયો, રાત્રે નિદ્રા ન આવી. ત્રાસથી તેનું મન આકુળ-વ્યાકુળ થઈ ગયું. જન્મ મરણ અને ગર્ભવાસના તીવ્ર ત્રાસથી વ્યથિત બનેલા વિપ્રને પુત્ર, પત્ની, મિત્ર, પશુ, અન્ન, વાહન આદિ સમૃદ્ધિમાં ક્યાંય સુખ જ રહ્યું નહીં, પરંતુ ચારેબાજુ દુઃખ દુઃખ જ દેખાવા લાગ્યું. ૨૬-૨૭

ત્યારપછી આગળ ભવિષ્યમાં થનારા દુઃખોને નાશ કરવાના ઉપાયો સર્વ પંડિતોને પૂછવા લાગ્યો. તે પંડિતોના કહેવા અનુસાર સર્વ પ્રકારના ઉપાયોનું અનુષ્ઠાન પણ કર્યું. છતાં મનની પીડા શાંત થઈ નહીં, તેથી તે વૈરાગ્ય પામેલો વિપ્ર તીર્થયાત્રાના બહાને કોઈ સાચા સત્પુરુષનો સમાગમ મેળવવાની ઈચ્છાથી પુત્ર, પત્ની આદિ કુટુંબનો અને ઉપકરણોએ સહિત ઘરનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો. ૨૮-૨૯

એ વિપ્ર પ્રયાગ, કાશી, જગન્નાથપુરી, અયોધ્યા, ચિત્રકૂટ, વૃંદાવન, રામેશ્વર, હરિદ્વાર, કુરુક્ષેત્ર, પુષ્કરતીર્થ, પુલહાશ્રમ, સિધ્ધપુર, પ્રભાસ તથા દ્વારિકા આદિ અનેક પવિત્ર તીર્થોમાં પોતાનાં દુઃખનો વિનાશ કરવા ફર્યો. ૩૦-૩૨

जगत्प्रसिद्धतां प्राप्तास्तीर्थक्षेत्रेषु पण्डिताः । गुरवो ये तथाचार्यास्तेषां सङ्गं चकार सः ॥३४॥
स्वक्लेशनाशोपायांस्तान्विनीतः सोऽन्वपृच्छत । विदधे च तदुक्तांस्तान्नाप शान्ति तथापि सः ॥३५
निराशः स ततो गच्छन्नतिचिन्ताकुलान्तरः । देशान् पश्चिमपाञ्चालानाजगाम यदृच्छया ॥३६॥
जनेभ्यश्चाशृणोत्स्वामिनारायणविधापितम् । सोऽत्र दुर्गपुरे रम्यं श्रीगोपीनाथमन्दिरम् ॥३७॥
श्रुत्वात्रत्यान्महासाधूंस्तेभ्यो हर्षपरिप्लुतः । सोऽत्रागादभवच्छान्तिस्तस्यैव गमनक्षणे ॥३८॥
अत्र कश्चिन्महान् साधुर्भवतीत्यवबुध्य सः । संस्नायोन्मत्तगङ्गायां श्रीगोपीनाथमैक्षत ॥३९॥
श्रीगोपीनाथसंवीक्षाप्राप्तशान्तिर्मुदान्वितः । अत्रास्तीति महान् साधुर्भक्तं कञ्चित्पप्रच्छ सः ॥४०॥
अब्रवीत्स मुदा पृष्टो भक्तस्तेनेति तं द्विजम् । सत्कथावाचनारम्भो जातोऽस्मिन् दिवसे द्विज ! ॥४१
श्रोतुं सन्तः कथां पुण्यां सत्सङ्गिजीवनस्य च । सभायामास्थिताः सन्ति सर्वे सत्सङ्गिनस्तथा ॥४२

તેમજ એ વિપ્ર ગંગા, યમુના, રેવા, સરયુ, તાપી, ગોદાવરી આદિ તીર્થોમાં પણ ફર્યો અને તે તીર્થોમાં પ્રખ્યાત તત્ત્વદર્શી પંડિતો, બ્રહ્મવિદ્યાને ભણાવતા કેટલાક ગુરુઓ અને અનેક શિષ્યોથી સેવાયેલા આચાર્યોનો સમાગમ પણ કર્યો. તેઓને પોતાના કલેશને નાશ કરવાના ઉપાયો પણ વિનયથી પૂછ્યા અને તેઓએ કહેલા ઉપાયો પણ કરી જોયા, છતાં તેના દુઃખની કોઇ શાંતિ થઇ નહીં. ૩૩-૩૫

ત્યારે નિરાશ થયેલો એ વિપ્ર અતિ ચિંતાથી આકુળ-વ્યાકુળ મનવાળો થઇ દૈવી ઇચ્છાએ ફરતો ફરતો આ પવિત્ર પશ્ચિમ પંચાળ દેશમાં આવ્યો. ત્યાં તેમના કાને કોઇ મનુષ્ય પાસેથી સાંભળવામાં આવ્યું કે ભગવાન શ્રીસ્વામિનારાયણે અહીં દુર્ગપુરમાં શ્રીગોપીનાથજી ભગવાનનું રમણીય મંદિર બંધાવ્યું છે. અને સ્વામિનારાયણ ભગવાનનો સાક્ષાત્કાર પામેલા સાધુઓ અહીં રહે છે. આટલું સાંભળતાની સાથે જ એ વિપ્રને હર્ષ ઊભરાયો ને ઉતાવળથી અહીં આવ્યો, અહીં આવતાંની સાથે જ તેના મનની વ્યાધિ હતી તે શાંત થઇ ગઇ. ૩૬-૩૮

અહીં કોઇ મોટા સત્પુરુષ રહેતા હોવા જ જોઇએ, એમ જાણી ઉન્મત્તગંગામાં સ્નાન કરી શ્રીગોપીનાથજી ભગવાનના ચરણારવિંદનાં દર્શન કર્યાં. તેમના દર્શનથી પરમ શાંતિ અને પરમાનંદની પ્રાપ્તિ થઇ. સામે આવેલ કોઇ ભક્તને પૂછવા લાગ્યો કે અહિં કોઇ મહાન સાધુ છે ? પ્રેમ ભરેલી તેમની વાણી સાંભળી આ કોઇ જિજ્ઞાસુ છે, એમ જાણી એ ભક્ત તે વિપ્ર પ્રત્યે કહેવા લાગ્યો કે, હે દ્વિજ ! આજે સત્સંગિજીવન નામે ગ્રંથની શુભ કથાનો પ્રારંભ થયો છે. એ કથાના વક્તા બહુ મોટા સાધુ છે. એ સત્સંગિજીવન ગ્રંથની પાવનકારી કથા સાંભળવા સર્વે સંતો અને સત્સંગી ભક્તજનો એ સભામાં ઉપસ્થિત થયા છે. ૪૦-૪૨

श्रुत्वेत्यत्रागतः प्रीत्या सभामनूपविश्य सः । सत्सङ्गिजीवनग्रन्थकथां शुश्राव मत्कृताम् ॥४३॥
अशृणोच्च भवत्पृष्टं श्रद्धया स द्विजोत्तमः । सत्सङ्गिजीवनग्रन्थमाहात्म्यं परमाद्भुतम् ॥४४॥
एतस्येतिश्रुतेरासीन्महाकष्टात्पुरोदितात् । स निर्मुक्तः कृतार्थश्च प्रत्यक्षश्रीहरीक्षणात् ॥४५॥
इत्येतन्निशमनलब्धसर्वसिद्धेर्वृत्तान्तं गदितमिदं मया द्विजस्य ।
प्रीत्या ते श्रवणरताय शुद्धबुद्धे ! त्वत्प्रश्नोत्तरमपि जातमेतदुक्त्या ॥४६॥
सत्सङ्गिजीवनशुभश्रवणेन तूर्णं मोक्षार्थमेति परशर्मकरं मनुष्यः ।
यत्प्राप्तये क्षितिभुजोऽप्यगमन्नरण्यं गच्छेत्त्रिवर्गमवनीश ! किमत्र चित्रम् ॥४७॥
यो यश्चेच्छेत्ततो यं यं पुरुषार्थचतुष्टये । तत्तत्सिद्धिमियात् श्रुत्वा सत्सङ्गिजीवनं स सः ॥४८॥
स्वधर्मज्ञानवैराग्यभगवद्भक्तिसंयुजा । यश्चैकान्तिकधर्मेण प्रसाद्य पुरुषोत्तमम् ॥४९॥

---

આ પ્રમાણે એ ભક્તનું પરમ પ્રિય વચન સાંભળી એ વિપ્ર સભામાં આવીને બેઠો અને મારા મુખેથી આ સત્સંગિજીવન ગ્રંથની કથાનું શ્રવણ કર્યું. ૪૩

હે હેમંતસિંહ રાજન્ ! તમે પૂછેલ પરમ અદ્ભૂત આ સત્સંગિજીવન ગ્રંથનું માહાત્મ્ય પણ એ શ્રેષ્ઠ બ્રાહ્મણે શ્રદ્ધાથી સાંભળ્યું. શ્રદ્ધા અને પરમ પ્રીતિથી કરેલા આ ગ્રંથના શ્રવણથી પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનું તેમને દર્શન થયું, તેથી તે કલ્યાણજી વિપ્ર પૂર્વે કહેલા સંસારના બીજભૂત કર્મોના કષ્ટમાંથી મુક્ત થઇ શોકરહિત થઇ કૃતકૃત્ય થઇ ગયો. ૪૪-૪૫

હે શુદ્ધબુદ્ધિવાળા રાજા ! આ પ્રમાણે માહાત્મ્યે સહિત આ સત્સંગિજીવન ગ્રંથની કથાના શ્રવણથી સમગ્ર સિદ્ધિને પામેલા આ વિપ્રનું સર્વ વૃત્તાંત સાંભળવા ઇચ્છતા તમને મેં પ્રીતિપૂર્વક કહ્યું છે. જેનાથી તમારા પ્રશ્નનો ઉત્તર પણ તમને મળી ગયો છે. ૪૬

હે અવનીશ ! આ સત્સંગિજીવન શાસ્ત્રના શ્રવણથી ભગવાનની સેવારૂપ પરમ સુખ આપનાર, મોક્ષરૂપ ચોથા પુરુષાર્થને મનુષ્ય તત્કાળ પામે છે, એ મોક્ષરૂપ પુરુષાર્થની પ્રાપ્તિ માટે મોટા મોટા રાજાઓ પણ રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરી વનમાં તપ કરવા ચાલ્યા જાય છે. તો આ કથાથી અગાઉના ત્રણ પુરુષાર્થની સિધ્ધિ થાય એમાં કહેવું જ શું ? ચારે પુરુષાર્થોમાંથી જે જે પુરુષાર્થને પામવાની ઇચ્છા રાખી મનુષ્ય આ સત્સંગિજીવનની કથા સાંભળે છે, તે તે પુરુષાર્થને ચોક્કસ પામે છે. ૪૭-૪૮ હે ભૂપતિ ! સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવદ્ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મથી પુરુષોત્તમનારાયણને રાજી કરી તેમના ચરણકમળની સેવામાં નિરંતર નિવાશ ઇચ્છતા હોય તેને એની સિદ્ધિ આ સત્સંગિજીવનની કથા

इच्छेत्तदीयसेवायां स्थातुं तत्सिद्धिमाप्नुयात् । सत्सङ्गिजीवनग्रन्थश्रुतेरेव स भूपते ! ॥५०॥
इत्थं हेमन्तसिंहस्तद्वाचं श्रुत्वा सुधोपमाम् । प्रमोदं प्राप सभ्याश्च प्रापुरेव परां मुदम् ॥५१॥
धर्मार्थकाममोक्षाणामिच्छन्ति स्म शरीरिणः । ये ये यं यमिह प्राप्तुं पुरुषार्थं स्वचेतसि ॥५२॥
सत्सङ्गिजीवनग्रन्थं तस्य तस्याप्तये शुभम् । ते तेऽशृण्वन्मुदा युक्ताः स्वावकाशानुसारतः ॥५३॥
तत्र धर्मस्य संसिद्धिं धर्मार्थी प्राप निश्चितम् । योऽर्थार्थी तस्य संसिद्धिं स प्रपेदेऽञ्जसा द्रुतम् ॥५४
कामसिद्धिं च कामार्थी मोक्षार्थी यश्च मानवः । मोक्षस्य पुरुषार्थस्य प्राप सिद्धिं स सत्वरम् ॥५५॥
इच्छेदेकान्तधर्मेण प्रसाद्य श्रीहरिं च यः । स्थातुं तदीयसावायां प्राप तत्सिद्धमेव सः ॥५६॥
हेमन्तसिंहो मोक्षार्थमिममिच्छन् परं नृपः । यथाविधि स्वके गेहे वाचयित्वैनमाशृणोत् ॥५७॥
मोक्षार्थस्य स संसिद्धिं प्राप त्वस्य महीपतिः । शतानन्दास्यचन्द्रच्युत्कथामृतसुनिर्वृतः ॥५८॥
सत्सङ्गिजीवनग्रन्थमाहात्म्यं सदसि श्रुतम् । शतानन्दमुनेर्वक्त्राद्यथैवेदं मया स्फुटम् ॥५९॥

---

**સાંભળવાથી જ થઈ જાય છે.** [૪૯-૫૦]

**આ પ્રમાણેનું શતાનંદ સ્વામીનું અમૃતની સમાન વચન સાંભળી હેમંતસિંહ રાજા પરમ આનંદને પામ્યા અને સભાજનો પણ પરમ આનંદ પામ્યા.** [૫૧]

**ત્યારબાદ આ જગતમાં જે કોઈ પણ જાતિના જનો ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થમાંથી જે જે પુરુષાર્થને પામવાની પોતાના મનમાં ઈચ્છા ધરાવતા હતા તે તે પુરુષાર્થની પ્રાપ્તિ કરાવી આપતા આ સત્સંગિજીવન શુભ શાસ્ત્રને પોતાને મળતા અવકાશને અનુસાર ઉત્સાહથી સાંભળવા લાગ્યા.** [૫૨-૫૩]

**તેમાં ધર્માર્થી ધર્મની સિદ્ધિને નિશ્ચે પામ્યા, અર્થાર્થી પ્રયાસ વિના તત્કાળ અર્થ સિદ્ધિને પામ્યા, કામાર્થી કામ સિદ્ધિને પામ્યા, મોક્ષાર્થી મનુષ્યો પરમ પુરુષાર્થરૂપ મોક્ષસિદ્ધિને તત્કાળ પામ્યા.** [૫૪-૫૫]

**જેઓ એકાંતિક ધર્મથી શ્રીહરિને પ્રસન્ન કરી (અક્ષરધામમાં) તેમની સેવામાં રહેવાની ઈચ્છા ધરાવતા હતા તેઓ પણ આ ગ્રંથની કથા સાંભળવાથી તત્કાળ તે સિદ્ધિને પામ્યા.** [૫૬]

**મુક્તાનંદ સ્વામી કહે છે. ત્યારબાદ શતાનંદ સ્વામીના મુખકમળમાંથી નીકળેલા કથામૃતનું શ્રવણ કરવાથી અત્યંત આનંદ પામેલા હેમંતસિંહ રાજાએ ભગવાનની સેવારૂપ પરમ પુરુષાર્થરૂપ મોક્ષની પ્રાપ્તિને માટે પોતાના ભવનમાં શાસ્ત્રવિધિ અનુસાર યોગ્ય વિપ્ર વક્તા પાસે આ ‘સત્સંગિજીવન’ ગ્રંથની કથા કરાવી અને શ્રદ્ધાથી તેનું શ્રવણ કર્યું.** [૫૭-૫૮]

**છેલ્લે મુક્તાનંદ સ્વામી કહે છે :- આ પ્રમાણે સભામાં શતાનંદ સ્વામીના**

सत्सङ्गिजीवनमाहात्म्याख्यो ग्रन्थस्तथा मया । अयं विरचितः सम्यगात्मबुद्ध्यनुसारतः ॥६०॥
आदौ ग्रन्थमिमं श्रुत्वा पश्चात्सत्सङ्गिजीवनम् । श्रोतव्यमिति मामाह शतानन्दमुनिर्वचः ॥६१॥
इमं श्रोष्यन्ति ये भक्त्या पठिष्यन्त्यत्र मानवाः । लप्स्यन्ति ते तु सत्सङ्गिजीवनश्रुतिजं फलम् ॥६२
श्रीहरेश्च प्रसादात्ते प्राप्स्यन्ति स्वेप्सितं सुखम् । इति सत्यं पुनः सत्यं मुक्तानन्दो ब्रवीम्यहम् ॥६३॥
यो दिव्याकृतिरक्षरे वरतरे मायापरे राजते दिव्यानन्तमहागुणैकनिलयः सर्वातिरिक्तश्रवाः ।
प्रादुर्भूय सधर्मभक्तिमतनोद्भूमौ दयावारिधिर्वन्दे धर्मजनिं सदैव सहजानन्दं हरिं तं मुदा ॥६४॥
श्रीमन्मङ्गलमूर्तिमार्तिशमनं मालां करे तौलसीं दक्षे सूक्ष्मवलक्षसान्द्रवसनान्यबिभ्रतं सर्वदा ।
चारुस्मेरमुखाम्बुजं लसदुरःश्रीवत्सलक्ष्माङ्कितं ध्याये भूषणभूषणाङ्गमनिशं श्रीस्वामिनारायणम् ॥६५
योऽक्षरे परतरेऽक्षरमुक्तैः सेव्यमानचरणो रमणीयः ।
स प्रभुर्विधिमुखेशनियन्ता मानसे वसतु मे हरिकृष्णः ॥६६॥

---

મુખેથી મેં આ સત્સંગિજીવન શાસ્ત્રનું માહાત્મ્ય જે રીતે સ્પષ્ટપણે સાંભળ્યું હતું એજ રીતે મારી બુદ્ધિને અનુસાર સ્પષ્ટપણે ‘શ્રીસત્સંગિજીવન માહાત્મ્ય’ નામે ગ્રંથની મેં મુક્તાનંદે રચના કરી છે. ૫૯-૬૦

પ્રથમ આ સત્સંગિજીવન માહાત્મ્યને સાંભળી પછીથી જ સત્સંગિજીવન ગ્રંથનું શ્રવણ કરવું, એમ શતાનંદ સ્વામીએ મને વચન કહેલું છે. ૬૧ જગતમાં જે મનુષ્યો આ સત્સંગિજીવન માહાત્મ્ય ગ્રંથનો ભક્તિભાવપૂર્વક પાઠ કરશે કે શ્રવણ કરશે તેઓ પણ શ્રીમત્ સત્સંગિજીવન ગ્રંથના પાઠનું અને શ્રવણનું ફળ પ્રાપ્ત કરશે, શ્રીહરિની પ્રસન્નતાથી તેઓ ઇચ્છીત સુખને પામશે, એમાં સંશય જ નથી. શ્રીહરિની પ્રસન્નતાના પાત્રભુત હું મુક્તાનંદ મુનિ આ વાત સત્ય જ કહું છું. ૬૨-૬૩

**સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી છેલ્લે વંદનાત્મક ધ્યાન કરે છે :–** ધર્મનંદન શ્રીસહજાનંદ શ્રીહરિને હું અતિ હર્ષથી સદૈવ વંદન કરું છું. આ શ્રીહરિ માયાથી પર સર્વોત્તમ અક્ષરધામમાં દિવ્ય સ્વરૂપે સદાસાકાર બિરાજે છે. તે દિવ્ય અનંત કલ્યાણકારી મહાગુણોના એક માત્ર ધામસ્વરૂપ છે. જે સર્વોપરી કીર્તિને ધારી રહેલા છે. આ પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે પ્રગટ થઈ ધર્મ સહિત ભક્તિ માર્ગનું ખૂબ પ્રવર્તન કર્યું છે. તેમજ દયાના મહાસિંધુ છે. એવા આ સ્વામિનારાયણ ભગવાનનું હું ધ્યાન કરું છું. જે શ્રીમાન્ શ્રીહરિની મૂર્તિ મંગળરૂપ છે, દર્શન કરનારની પીડાને સમાવે છે, જમણા હાથમાં તુલસીની માળા સદા ધારી રહ્યા છે. સૂક્ષ્મ, શ્વેત એવાં દિવ્ય વસ્ત્રોને ધારણ કરેલાં છે, મંદ મંદ સુંદર હાસ્ય મનોહર મુખ શોભી રહ્યું છે, જે વૃક્ષસ્થળમાં અંકિત શ્રીવત્સના ચિહ્નથી શોભી રહ્યા છે.

योऽत्र पूर्णदययाऽऽकृतिधारी चिन्त्यचारुतरचित्रचरित्रः ।
स्वाश्रिताखिलभयक्षयकारी धार्मिरेतु स हरिर्मयि तोषम् ॥६७॥
तत्पदाब्जरतचितमिलिन्दा निर्जितेन्द्रियहयाखिलवेगाः ।
साधवः परहितानुरता ये सन्तु ते हि सततं मयि तुष्टां ॥६८॥

**इति श्रीसत्सङ्गिजीवनमाहात्म्ये शतानन्दहेमन्तसिंहसंवादे तदितिहासकथने द्विजवृत्तान्तनिरूपणनामा नवमोऽध्यायः ॥९॥**

---

કડાં, બાજુબંધ, કુંડળ અને હાર આદિ આભૂષણોને પણ અલંકૃત કરતા જેમનાં દિવ્ય અંગો છે. [૬૪-૬૫] જે ભગવાન શ્રીહરિના ચરણ કમળનું સર્વથકી પર અક્ષરધામમાં રહેલા અક્ષરમુક્તો સદાય સેવન કરે છે, જેમનું દિવ્ય મંગલ શરીર રમણીય છે. તેમજ જે શ્રીહરિ બ્રહ્મા આદિ દેવતાઓના પણ નિયંતા છે એવા શ્રીહરિકૃષ્ણ ભગવાન મારા અંતરમાં નિરંતર નિવાસ કરીને રહો. [૬૬] જે ભગવાન તમે પૂર્ણ દયા કરીને આ પૃથ્વીપર દિવ્ય મનુષ્યાકૃતિ ધારીને પ્રગટ્યા છો. તમારા અનેક વિધ રમણીય દિવ્ય ચરિત્રો ચિંતવન કરવા યોગ્ય છે, જેણે કરીને તમે પોતાના આશ્રિત ભક્તજનોના સમગ્ર ભયને વિનાશ કરો છો, એવા હે ધર્મનંદન શ્રીહરિ ! મારા ઉપર પ્રસન્ન થાઓ. [૬૭]

**સંતોની પ્રાર્થના :–** ધર્મનંદન શ્રીહરિના ચરણકમળમાં જ પોતાના મનરૂપી ભમરાઓને સતત આસક્ત રાખનારા, તેથી જ ઈન્દ્રિયોરૂપ પોતાના દુષ્ટ ઘોડાઓના તીવ્રવેગને જીતનારા, તેમજ પરનું હિત કરવામાં સદૈવ તત્પર એવા સાધુપુરુષો પણ મારા ઉપર નિરંતર પ્રસન્ન રહો. [૬૮]

**આ પ્રમાણે શ્રીહરિના ચરણારવિંદના પરમ અનુગ્રહના પાત્રરૂપ મુક્તાનંદ સ્વામી વિરચિત શ્રીમત્ સત્સંગિજીવન ગ્રંથના માહાત્મ્યમાં શતાનંદ સ્વામી અને હેમંતસિંહ રાજાના સંવાદ રૂપે તે બ્રાહ્મણની ઇતિહાસ કથામાં તે જ બ્રાહ્મણના વૃત્તાંતનું સંપૂર્ણ નિરૂપણ કર્યું એ નામે નવમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૯ ॥**

**શ્રીમત્ સત્સંગિજીવન માહાત્મ્ય સમાપ્તઃ**

શ્રીમત્ સત્સંગિજીવન માહાત્મ્ય ગ્રંથનું કચ્છ ભુજ નિવાસી સાધુ
વિજ્ઞાનસ્વરૂપદાસજી કૃત સરળ ગુજરાતી ભાષાંતર સમાપ્ત.

---

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# सत्सङ्गिजीवनम्

## प्रथमं प्रकरणम् गुर्जरानुवाद सहितम्

### प्रथमोऽध्यायः

श्रीकृष्णाय नमस्तस्मै यः साक्षाद्धर्मनन्दनः । भुवि भूत्वा हरत्यन्तस्तमस्तम इवांशुमान् ॥ १
नराकृति परंब्रह्म स्थितो योऽक्षरधामनि । निर्गुणो निर्विकारश्च सच्चिदानन्दलक्षणः ॥ २
अनेककोटिब्रह्माण्डाधारोऽनन्तोऽपि यः स्वयम् । नृणां निःश्रेयसायैव दिव्यमानुषविग्रहः ॥ ३

---

### સરળ ગુજરાતી ભાષાંતર.

### અધ્યાય – ૧

### મંગલાચરણ

આ ગ્રંથના પ્રારંભમાં શાસ્ત્રકર્તા સદ્‌ગુરુ શતાનંદ સ્વામી પોતાના ઈષ્ટદેવ પ્રત્યક્ષ પરમાત્મા શ્રીહરિને નમસ્કાર કરે છે.

જે અક્ષરધામના અધિપતિ, સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છે, તે આ ધરતી ઉપર ધર્મદેવના ભુવનમાં સાક્ષાત્ પુત્રરૂપે પ્રગટ થયા અને જેમ સૂર્ય બહારના અંધકારનો નાશ કરે તેમ જનોના અંતરમાં રહેલા અજ્ઞાનરૂપી અંધકારનો વિનાશ કર્યો છે. એવા નિરતિશય આનંદમૂર્તિ શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રત્યક્ષ શ્રીહરિને હું પ્રણામ કરું છું. [૧]

**દિવ્ય મૂર્તિ :–** તે પરબ્રહ્મ પરમાત્મા અક્ષરધામની અંદર દિવ્ય નરાકૃતિરૂપે એટલે કે સદા સાકાર સ્વરૂપે રહેલા છે. માયાના સત્વાદિ ગુણોથી પર, નિર્ગુણ છે. ઈન્દ્રિયોના માયિક વિકારોથી પર નિર્વિકારી છે. તે સત્યસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે. [૨] તે અનંતકોટી બ્રહ્માંડોના આધાર છે, તે

जगत्सर्गस्थितिहृतीर्यस्यैव हि निदेशतः । काले काले विदधते विधातृहरिशम्भवः ॥४
वासुदेवादयो यस्माद्व्यूहाः प्रादुर्भवन्ति च । चत्वारः केशवाद्याश्च चतुर्विंशतिरीशितुः ॥५
यः क्रोडाद्यवताराणां धर्ता वैराजपुरुषः । सहस्रशीर्षा च यतो ह्यस्ति नारायणाह्वयः ॥६
नित्यासंख्येयकल्याणदिव्यसद्गुणमण्डितः । सेवितश्च भगैः षड्भिः सिद्धिभिश्चाणिमादिभिः ॥७
यदाज्ञया तपत्यर्को विचरत्यनिलोऽपि च । न निमज्जति भूश्चाप्सु भीतश्चरति चान्तकः ॥८
देवानामपि यो देव ईश्वराणां तथेश्वरः । कालस्यापि हि यः कालः कारणानां च कारणम् ॥९
चतुर्विंशतितत्त्वैश्च शक्तिभिश्च सहस्रशः । अनन्तब्रह्मरुद्राद्यैरर्च्यमानपदाम्बुजः ॥१०
संस्तूयते यो निगमैः सहस्रवदनादिभिः । वाङ्मनोऽगोचरो यश्च परमात्मा परात्परः ॥११

---

સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ આદિથી અમાપ હોવાથી અનંત છે, છતાં જીવાત્માઓનું કલ્યાણ કરવા સ્વયં દિવ્ય મનુષ્ય શરીરને ધાર્યું છે. [૩] તેમની આજ્ઞાથી બ્રહ્મા, વિષ્ણુ અને શિવ સમયે સમયે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે. [૪] જગતની સૃષ્ટિ માટે તેમનામાંથી વાસુદેવ આદિ ચતુર્વ્યૂહ સ્વરૂપો પ્રગટ થાય છે. અને કેશવાદિ ચોવીશ ઈશ્વરો પ્રગટ થાય છે. [૫] તે વરાહ આદિ અવતારોને પણ ધારણ કરનારા છે. જેમનામાંથી હજાર મસ્તકધારી નારાયણ નામે વૈરાટપુરુષ પ્રગટ થાય છે. [૬] તેમનું સ્વરૂપ સત્ય, શૌચ આદિ નિત્ય તેમજ અસંખ્ય કલ્યાણકારી દિવ્ય સદ્‌ગુણોથી સુશોભિત છે. જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વીર્ય (પરાક્રમ) અને તેજ આ છ ભગો અને અણિમા આદિક અષ્ટ સિધ્ધિઓ તેમની નિત્ય સેવા કરે છે. [૭] તેમની આજ્ઞાથી સૂર્ય તપે છે, વાયુ વાય છે, પૃથ્વી પાણીમાં ડૂબી નહીં જતાં સ્થિર રહી છે, અને કાળ ભયભીત બની ચરાચર વિશ્વનું સમયે સમયે ભક્ષણ કરે છે. [૮] એ પરમાત્મા શિવ, બ્રહ્મા આદિ દેવોના પણ દેવ છે. વૈરાજપુરુષાદિ ઈશ્વરોના પણ ઈશ્વર છે, કાળના પણ કાળ અને પ્રકૃતિપુરુષ વગેરે કારણરૂપ તત્ત્વોના પણ કારણ પ્રેરક છે. [૯]

બ્રહ્માંડના કારણભૂત ચોવીશ તત્ત્વોના અભિમાની દેવતાઓ, સાવિત્રી આદિ અનંત શક્તિઓ, બ્રહ્મા, રૂદ્ર આદિ અનંત ઈશ્વરો આ પરમાત્માના ચરણની પૂજા કરે છે. [૧૦] મૂર્તિમાન ચાર વેદો એમની સ્તુતિ કરે છે. હજાર મુખવાળા શેષજી તેમજ સનકાદિક મુનિઓ એમનાં દિવ્ય ચરિત્રોનું હમેશાં ગાન કરે છે. એ પરમાત્મા ભક્તિરહિત મનુષ્યોનાં મન, વાણીને અગોચર છે (તેઓનાં મન, વાણીથી ભગવાન પકડાતા નથી.) એ સર્વજીવોના અંતર્યામી આત્મા પરમાત્મા છે. એ ક્ષર અક્ષરથી

स एव साक्षाद्भगवान् स्वामिनारायणाख्यया । प्रसिद्धोऽस्ति स मां पायाद्धरिः सर्वान्तरायतः ॥१२
सदानन्दाम्भोधिः स्मितरुचिरपूर्णेन्दुवदनः प्रफुल्लाम्भोजन्मच्छदसदृशशोभाक्षियुगलः ।
कृपापारावारः श्रितसकलजीवातिसुखदो महाश्रेयोमूर्तिर्जयति स हि नारायणमुनिः ॥१३
सुदुर्जेयं नित्यं विविधनियमाचारनिरतैरपि ब्रह्मेशानप्रमुखसुरसङ्घैः स्वमहसा ।
मनस्तत्तूर्णं यः प्रसभमपि कुर्वञ्छ्रितवशे नरो भात्यज्ञानां दिशतु स मतिं मे हरिरसौ ॥१४
अतिक्षान्त्या दान्त्या मृदुलवचनैश्छादितनिजध्रुवा तर्क्यैश्वर्याद्विलसितनृनाट्याय गुरवे ।
वसानाय श्वेताम्बरयुगलमावार्धियशसे नमस्तस्मै नित्यं हृदि भगवते ध्येयवपुषे ॥१५

---

પણ પર છે. [૧૧] એ જ સાક્ષાત્ ભગવાન અત્યારે આ ભૂમંડલ ઉપર "સ્વામિનારાયણ" એવા નામથી પ્રસિદ્ધ છે. અને સર્વ મનુષ્યોના નયનગોચર વર્તે છે. તે ભગવાન શ્રીહરિ આ ગ્રંથ રચનામાં આવનાર વિઘ્નો થકી મારું રક્ષણ કરો. [૧૨]

**દિવ્યમૂર્તિ એજ આ પ્રત્યક્ષ મંગળમૂર્તિ** :- સદાય આનંદના મહાસાગર તથા સંતોને આનંદ આપનારા, પૂર્ણિમાના ચંદ્રમાની સરખા મંદમંદ હાસ્યથી શોભતા સુંદર મુખકમળવાળા , વિકસેલા, કમળની પાંખડી સમાન સુંદર નેત્રોવાળા, અપાર કરુણાના સાગર, શરણે આવેલા જીવોને અતિ સુખ આપનારા એવા મહા કલ્યાણકારી મૂર્તિ શ્રીનારાયણમુનિ નામે પ્રસિદ્ધ શ્રીહરિ આ જગતમાં સર્વોપરીપણે વર્તે છે. [૧૩]

અનંત પ્રકારના નિયમોનું નિરંતર અનુષ્ઠાન કરવામાં તત્પર રહેતા બ્રહ્મા, શિવ આદિ દેવતાઓનાં વૃંદો પણ જે બળવાન મનને પોતાના તપોબળથી જીતી શકવા સમર્થ નથી એ મહા બળવાન મનને શ્રીહરિ પોતાના ભક્તો પાસે તત્કાળ વશ કરાવી પોતાની મૂર્તિમાં જોડાવી આપે છે. એવા આ શ્રીહરિ મહાપ્રતાપી છે. એના આ પ્રતાપને નહીં જાણનારા અજ્ઞાની મનુષ્યો જેને પોતાના જેવા જ એક માણસ તરીકે જુવે છે, તે ભગવાન શ્રીહરિ મને આ ગ્રંથ રચવાની પરિપક્વ બુદ્ધિ આપો. [૧૪] પ્રભુ, તમે જીવોના અપરાધને ક્ષમા આપનારા છો, ઈન્દ્રિયોનું દમન કરનારા છો, તેમજ "હું તો એક દિન સાધુ છું, પણ ભગવાન ક્યાં છું ?" એવાં મૃદુલ વચનોથી પોતાના નિત્યસિદ્ધ અતર્ક્ય અમાપ ઐશ્વર્યને ઢાંકીને મનુષ્યલીલાનો વિસ્તાર કરતા વર્તો છો, ગુરુરૂપે વર્તી પોતાના આશ્રિત વર્ગનું હિત ચિંતવન કરો છો, સદાય શ્વેત વસ્ત્રધારી છો, તમારી કીર્તિ સમુદ્ર પર્યંત ગવાઈ રહી છે, એવા અને હૃદય કમળમાં નિત્ય ધ્યાન કરવા યોગ્ય મૂર્તિવાળા, ષડ્ ઐશ્વર્ય સંપન્ન

वाञ्छितार्थप्रदः श्रीमान्विघ्नौघदलनक्षमः । श्रीगणेशः सदा मेऽस्तु श्रीकृष्णावतारः श्रिये ॥१६

श्रीमच्छतानन्दकृतेऽत्र रम्ये सन्दर्भसारेऽखिलवेदसारः ।
सुस्पष्टमैकान्तिकधर्म उक्तः स्याद्येन सद्यो भवपाशमुक्तिः ॥ १७
साक्षाद्धरौ सकललोकगुरौ रसाया अन्तर्हिते ननु मुमुक्षुजनैकबन्धौ ।
निस्तारणाय लघु संसृतिसागरस्य नौकेदमेव भुवि मानवदेहभाजाम् ॥१८
लीलारसो हि सकलोऽमृतदिव्यमूर्तेः स्वेच्छानराकृतिधृतो भुवि धर्मसूनोः ।
सत्सङ्गिनां परमजीवनमस्त्यतोऽसौ सम्यङ्निरूपित इहेति स पीयतां तैः । १९

एतत्पुण्यमलं पवित्रममलं सद्धर्मशास्त्रं परं धर्मज्ञानविरागभक्तिनिभृतं सेव्यं सतां नित्यदा ।
पापौघप्रशमं नृणां कलिमलप्रक्षालनं सर्वथा जाड्यध्वान्तनिवारणं सुकृतिभिः सम्प्राप्यते नेतरैः ।२०

---

ભગવાન શ્રીહરિ તમારા ચરણોમાં હું વંદન કરું છું. [૧૫]

**ગણપતિ વંદના :–**ઈચ્છિત મનોરથોને સફળ કરનારા, પોતાનું સ્મરણ કરનાર જનોના વિઘ્નોના સમુદાયોનો વિનાશ કરવામાં સમર્થ, તેમજ ભગવાન શ્રીકૃષ્ણના અંશાવતાર, સિધ્ધિ અને બુધ્ધિ સ્વરૂપા પત્નીઓએ સહિત ગણપતિ દેવ, આપને હું વંદન કરું છું. આપ આ ગ્રંથ રચનામાં મારા શ્રેયકારી બનો. [૧૬]

**ગ્રંથ ગૌરવ :–**ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિની આજ્ઞાથી હું શતાનંદમુનિ આ સત્સંગિજીવન ગ્રંથની રચના કરું છું. રમણીય આ ગ્રંથ મારા પ્રત્યક્ષ જોયેલાં શ્રીહરિનાં લીલાચરિત્રરસથી સભર છે. શ્રીહરિને માન્ય આઠ સત્શાસ્ત્રના સારરૂપ છે, આ ગ્રંથમાં સમગ્ર વેદોના સારભૂત એકાંતિક ધર્મનું સ્પષ્ટપણે પ્રતિપાદન કરેલું છે. જે એકાંતિક ધર્મના અનુષ્ઠાનથી જીવાત્માઓને તાત્કાલિક ભવબંધનમાંથી મુક્તિ મળતાં આત્યંતિક મોક્ષ થાય છે. [૧૭] સકલ લોકના ગુરુ અને મુમુક્ષુ જીવોના આત્મબંધુ પ્રત્યક્ષ શ્રીહરિ પોતાની ઈચ્છાથી આલોકમાંથી અંતર્ધાન થયા પછી મનુષ્યોને શીઘ્ર ભવસાગર પાર કરવા માટે આ સત્સંગિજીવન ગ્રંથ જ એક નૌકારૂપ છે. [૧૮] પૃથ્વી પર સ્વેચ્છાથી મનુષ્ય શરીર ધારણ કરનારા, અમૃત તેમજ દિવ્યસ્વરૂપ એવા ધર્મપુત્ર શ્રીહરિનાં સમગ્ર લીલાચરિત્રરૂપ રસ પોતાના આશ્રિત સત્સંગીઓને માટે પરમ જીવન છે. અને તેથી જ આ લીલારસનું આ ગ્રંથમાં સારી રીતે વર્ણન કરેલું છે, એટલા માટે હે રસિક ભક્તો ! તમે આ લીલારસનું પરમ આદરથી અવશ્ય પાન કર્યા જ કરો. [૧૯]

આ સત્સંગિજીવન શાસ્ત્ર જેમનાં અનંત જન્મનાં પુણ્ય ઉદય થયાં હોય

सकलधर्मविनिर्णयमञ्जसा सकलशास्त्रमतभ्रमवारणम् ।
सकलवाञ्छितपूरणमुत्तमं सकललोकमनःश्रुतिरञ्जनम् ॥ २१
विविधसंशयशल्यसमुद्धरं श्रवणमात्रत एव कुबुद्धिहृत् ।
मदनकोपमुखारिभयापहं जयति शास्त्रमिदं कविभूषणम् ॥ २२
पुण्यं भुवि कुरुक्षेत्रं धर्मवृद्धिमभीप्सुभिः । सेव्यमानं सुमतिभिर्वर्षे भवति भारते ॥ २३
ब्रह्मर्षिः सुव्रतस्तत्र भक्त आसीद्धरेर्महान् । स्वधर्मज्ञानवैराग्यशान्त्यादिगुणमण्डितः ॥ २४
भक्त्या वशीकृतो येन गृह्णाति भगवान्स्वयम् । पूजोपहारान् सकलान् प्रत्यक्षं प्रतिवासरम् ॥ २५
ज्ञानं त्रैकालिकं प्राप्तः प्रसादादेव तस्य यः । वेद्यश्च भगवद्भक्तैर्विशुद्धधिषणैर्नृभिः ॥ २६

---

તેનેજ પ્રાપ્ત થાય છે, પણ બીજાને પ્રાપ્ત થતું નથી. અત્યંત પવિત્ર એવું આ ધર્મશાસ્ત્ર છે. શ્રોતા અને વક્તા બન્નેને પવિત્ર કરનારું આ શાસ્ત્ર નિત્ય નિર્દોષ છે. સર્વે અન્ય શાસ્ત્રો કરતાં સર્વોપરી વર્તે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભગવદ્ ભક્તિરસથી ભરપૂર છે. આ શાસ્ત્ર સત્પુરુષોએ નિત્ય સેવન કરવા યોગ્ય છે. આ શાસ્ત્ર સંસારી મનુષ્યોના પાપના સમૂહોને બાળી નાખનાર છે. તેમજ કલિયુગના કામ, ક્રોધાદિ દોષોરૂપ મળને ધોઇ નાખનાર છે. આ શાસ્ત્ર બુદ્ધિની જડતારૂપ અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન છે. આવા અપાર મહિમાવાળું આ ધર્મશાસ્ત્ર છે. [૨૦] આ શાસ્ત્રમાં વર્ણાશ્રમાદિ ધર્મનાં બધાં જ અંગોનો સુંદર નિર્ણય કરવામાં આવ્યો છે. આ શાસ્ત્ર વેદાદિ આઠશાસ્ત્રોના સિદ્ધાંતોની વિરોધાભાસરૂપી ભ્રમણાઓને દૂર કરનાર છે. આ શાસ્ત્ર ઇચ્છિત મનોરથો પૂર્ણ કરનાર હોવાથી સર્વોત્તમ છે. તેમજ સાંભળવા માત્રથી ભગવદ્ ભક્તોનાં મન અને કાનને આનંદ ઉપજાવે છે. [૨૧] આ શાસ્ત્ર સાંભળવા માત્રથી હૃદયમાંથી વિવિધ સંશયો રૂપી શલ્યો બહાર કાઢી નાખે છે. કુબુદ્ધિને હરી લે છે. કામ ક્રોધાદિક અંતઃશત્રુઓના ભયને દૂર કરે છે. તેમજ કવિજનોના આભૂષણરૂપ હોવાથી આ સત્સંગિજીવન શાસ્ત્ર સર્વોપરી વર્તે છે. [૨૨]

**વક્તા સુવ્રતમુનિનું જીવન ચરિત્ર:–**આ પૃથ્વી પર ભારતદેશને વિષે કુરુક્ષેત્ર નામનું પાવનકારી પ્રસિદ્ધ પવિત્ર તીર્થ આવેલું છે. આ તીર્થ ધર્મની અભિવૃદ્ધિ ઇચ્છતા બુદ્ધિશાળી મહાપુરુષોએ સેવવા યોગ્ય છે. [૨૩] આ પવિત્ર તીર્થ ભૂમિમાં સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, શાંતિ આદિ સદ્ગુણોથી સુશોભિત, શ્રીહરિના એકાંતિક ભક્ત બ્રહ્મર્ષિ સુવ્રતમુનિ નિવાસ કરીને રહેતા હતા. [૨૪] તેમની ભક્તિથી વશ થયેલા ભગવાન સ્વયં તેમણે અર્પણ કરેલા પૂજાના સમગ્ર ઉપચારોને પ્રત્યક્ષ

सोऽन्तर्हिते भगवति हरौ गुर्वाज्ञया मुनिः । तीर्थानि व्यचरद्भूमावज्ञान् सद्वर्त्म दर्शयन् ॥ २७
वृन्दावनं स काशीं च गत्वा तीर्थविधौ रतः । प्रापज्जगन्नाथपुरीमुपकण्ठे महोदधेः ॥ २८
दत्ते यत्र स्वभक्तेभ्यः कृष्णः साक्षात्स्वदर्शनम् । पृथिव्यां नोपमा यस्याः प्रतापातिशयाद्धरेः ॥ २९
यत्र पञ्चसु कालेषु प्रातरादिषु चान्वहम् । जायते वासुदेवस्य महानेवार्चनोत्सवः ॥ ३०
तत्क्षेत्रदर्शनप्राप्तपरमानन्द आत्मनः । आवासमकरोत्तत्र चक्रतीर्थेऽतिपावने ॥ ३१
प्रत्यहं पञ्चकालं च श्रीजगन्नाथदर्शनम् । चकार पालयन् धर्मं भक्तिं च नवधा हरेः ॥ ३२
प्राप्तेभ्यः स्वान्तिकं नृभ्यो मुमुक्षुभ्य उपादिशत् । कृष्णभक्तिं स्वधर्मं च निर्मानो विजितेन्द्रियः ॥ ३३
तत्रागतोऽभूद्राजर्षिर्गुर्जराणामधीश्वरः । नाम्ना प्रतापसिंहश्च त्यक्तराज्यो विरागवान् ॥ ३४

---

**આવીને સ્વીકારતા હતા. [૨૫] તે ભગવાન શ્રીહરિની કૃપાથી સુવ્રતમુનિને ત્રણે કાળનું જ્ઞાન પ્રાપ્ત થયેલું હતું. આ સુવ્રતમુનિને વિશુદ્ધબુદ્ધિવાળા કોઈક જ ભગવાનના ભક્તો ઓળખી શકતા હતા. [૨૬] એ સુવ્રતમુનિ આ પૃથ્વી ઉપરથી શ્રીહરિ જ્યારે સ્વેચ્છાએ અંતર્ધાન થયા ત્યારે ગુરુ શતાનંદમુનિ એવા મારી આજ્ઞાથી આ ભૂમિપર રહેલા અજ્ઞાની જનોને પ્રગટ ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય દેખાડવા તીર્થોમાં વિચરી રહ્યા હતા. [૨૭] ફરતા ફરતા અહિંસા આદિ ધર્મોની સાથે તીર્થવિધિના નિયમોનું યથાર્થ પાલન કરતા સુવ્રતમુનિ કાશી, વૃંદાવન વગેરે તીર્થોમાં ફરીને પૂર્વે સમુદ્ર કિનારે ઓરીસાપ્રાંતમાં આવેલ તીર્થરાજ જગન્નાથપુરીમાં આવ્યા [૨૮] આ તીર્થમાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ભક્તોને સાક્ષાત્ દર્શન આપે છે. શ્રીહરિના પ્રભાવથી અત્યંત પ્રભાવી બનેલા આ તીર્થસ્થાનની ઉપમા આપી શકાય તેવાં અન્ય કોઈ તીર્થો નથી. [૨૯] આ તીર્થભૂમિમાં પ્રતિદિન પાંચ વખત જગન્નાથ ભગવાનની પૂજા અર્ચનાનો મહાન ઉત્સવ ઉજવાય છે. [૩૦] પાવનકારી આ તીર્થનાં દર્શનથી સુવ્રતમુનિને અતિશય આનંદ થયો. અને પછી ત્યાંજ ચક્રતીર્થ નામના અતિ પવિત્ર સ્થળમાં નિવાસ કરીને રહ્યા. [૩૧] તેઓ સ્વધર્મનું પાલન કરતા અને શ્રીહરિની નવધા ભક્તિમય જીવન જીવતા, નિત્ય પાંચ વખત શ્રીજગન્નાથ ભગવાનનાં દર્શન કરતા હતા. [૩૨] તેઓ નિર્માની અને ઈન્દ્રિયો ઉપર વિજય મેળવનારા સાધુપુરુષ હતા. તેમજ પોતાની સમીપે આવતા મુમુક્ષુઓને સ્વધર્મ અને પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણભક્તિનો ઉપદેશ આપતા હતા.[૩૩]**

**વક્તાશ્રીની સાથે શ્રોતા પ્રતાપસિંહનું મિલનઃ–** તે જગન્નાથપુરીમાં પ્રતાપસિંહ નામે ગુજરાતના ધર્મિષ્ઠ રાજા આવ્યા. પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છાથી તીવ્ર વૈરાગ્યના વેગે ઘરનો ત્યાગ કરીને નીકળી ગયા હતા. [૩૪]

धर्मी कृष्णस्य भक्तश्च तत्प्रत्यक्षेक्षणोत्सुकः । अवसत्सोऽपि तत्रैव तीर्थे सत्सङ्गलालसः ॥ ३५
स एकदा तमद्राक्षीदासीनं कौश आसने । बोधयन्तं मुमुक्षून् नॄन् कृष्णमाहात्म्यमादरात् ॥ ३६
तपस्विनं प्रशान्तं च स्वधर्मस्थं शुचिं मृदुम् । पालयन्तं ब्रह्मचर्यं तितिक्षुं सिद्धयोगिनम् ॥ ३७
विवेकवैराग्ययुतं जितान्तर्वैरिणं स्थिरम् । आत्मनिष्ठं वैष्णवेन्द्रं पटुं सद्धर्मबोधने ॥ ३८
साधुलक्षणसम्पन्नं पूर्णकाममवेत्य तम् । विनयेनोपसाद्याथ प्रणम्योवाच भूपतिः ॥ ३९
मुनिवर्य ! प्रपन्नोऽस्मि त्वामहं साधुलक्षणम् । मुच्येय संसृतेर्येन तन्मे त्वं वक्तुमर्हसि ॥ ४०
इति पृष्टः स विप्रर्षिर्मानयित्वा तमादरात् । उवाच नृपतिं प्रीतो मुमुक्षुजनवल्लभः ॥ ४१
साधु पृष्टं त्वया भूप ! यतोऽस्ति हितमात्मनः । कार्यं नृदेहेनैतद्वै यद्विमुच्येत संसृतेः ॥ ४२

---

તે ધાર્મિક અને ભગવાનના ભક્ત હતા. તેના અંતરમાં પ્રત્યક્ષ કૃષ્ણદર્શનની ઉત્કટ ઈચ્છા વર્તતી હતી. કોઈ પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન કરાવે તેવા સંતની શોધમાં તેઓ ત્યાંજ પવિત્ર જગન્નાથતીર્થમાં નિવાસ કરીને રહેલા હતા. [૩૫] ચક્રતીર્થમાં ફરતાં ફરતાં એક દિવસ તે પ્રતાપસિંહ રાજાએ દર્ભાસન ઉપર બેસી મુમુક્ષુઓને આદરપૂર્વક સાક્ષાત્ શ્રીહરિના મહિમાનો બોધ આપતા સુવ્રતમુનિને જોયા. [૩૬] તે મુનિ તપમાં નિષ્ઠાવાળા અને સ્વભાવે શાંત હતા. પોતાના સાધુના ધર્મમાં રહેલા, તેમનું બાહ્ય અને આંત્રિક જીવન અત્યંત પવિત્ર હતું. કોમળચિત્ત અને બ્રહ્મચર્યનું પાલન કરનારા હતા. સુખદુઃખ આદિ દ્વંદ્વોને સહન કરનારા ક્ષમાવાન હતા, સાક્ષાત્ ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં સમાધિની સ્થિતિરૂપ યોગસિદ્ધિને પામેલા હતા. [૩૭] તે આત્મા અનાત્માના યથાર્થ વિચારરૂપ વિવેક અને તીવ્ર વૈરાગ્યે યુક્ત હતા. કામ ક્રોધાદિક અંતઃશત્રુઓ ઉપર તેમણે વિજય મેળવ્યો હતો. વિષમ દેશકાળમાં પણ પોતાના ધર્મમાં સ્થિરબુદ્ધિવાળા હતા. આત્મસ્વરૂપમાં અડગ નિષ્ઠાવાળા, સ્થિતપ્રજ્ઞ તે સુવ્રતમુનિ ભગવદ્‌ભક્તોમાં શ્રેષ્ઠ અને ભાગવતધર્મનો બોધ આપવામાં ચતુર હતા.[૩૮] પ્રતાપસિંહ રાજા આવા સુવ્રતમુનિને સર્વસાધુગુણે સંપન્ન અને પૂર્ણકામ જાણી વિનયપૂર્વક તેમની સમીપે આવી સાષ્ટાંગ પ્રણામ કરી બન્ને હાથ જોડી કહેવા લાગ્યા.[૩૯]

હે મુનિવર્ય ! હું સાધુગુણે સંપન્ન એવા તમારે શરણે આવ્યો છું. એથી જે સાધન કરવાથી હું આ જન્મ મરણરૂપ સંસૃતિમાંથી મૂકાઈ જાઉં તેવો ઉપાય મને બતાવો.[૪૦] આ પ્રમાણેનો પ્રતાપસિંહ રાજાનો વિનય પ્રશ્ન સાંભળી મુમુક્ષુ જનોને વહાલા સુવ્રતમુનિ બહુ પ્રસન્ન થયા અને રાજાને આદર આપી કહેવા લાગ્યા.[૪૧]

कृष्णस्यास्य जगन्नाथनाम्नो नवविधां नृप ! । कुरु भक्तिं तयैव त्वं प्राप्स्यसे श्रेय ईप्सितम् ॥ ४३
इत्युक्तः शिरसाऽऽदाय तद्वाक्यं स तथाऽकरोत् । समागमं च निश्छद्म मुनेस्तस्यानुवासरम् ॥४४
इत्थं हि भजतः कृष्णं तस्यासीन्निर्मला मतिः । ततो मुनिमवैद्राजा साक्षाच्छ्रीकृष्णसेविनम् ॥४५
अथ प्रणम्य तं भूयः प्रोवाच प्राञ्जलिर्नृपः । त्वं साक्षात्कृष्णसेवीति विप्रर्षे ! प्रतिभाति मे ॥ ४६
भाषते हि त्वया कृष्णो भुङ्क्ते चान्नं त्वयार्पितम् । इत्थं हि भाति मे चिह्नैस्तव लोकविलक्षणैः ४७
समर्थोऽसि ततो ब्रह्मन्मय्यपि त्वमनुग्रहम् । कर्तुमर्हसि येनाहं साक्षाद्वीक्षेय तं प्रभुम् ॥ ४८
एवमुक्तो नृपेणोचे सुव्रतः प्रीतिमान्स तम् । अतीव दुर्लभं नृणां साक्षात्कृष्णेक्षणं नृप ! ॥ ४९
एतदर्थं जहू राज्यं महान्तश्चक्रवर्तिनः । उग्रं तपश्च कुर्वन्ति त्यक्तगेहा विवेकिनः ॥ ५०

---

**સુવ્રતમુનિ અને પ્રતાપસિંહ રાજાનો સંવાદ :–** હે ભૂપ ! તમે બહુ સારો પ્રશ્ન કર્યો છે. આ પ્રશ્નમાંજ તમારું પોતાનું હિત રહેલું છે. સંસારના બંધનોમાંથી મુક્તિ મેળવવી એજ માનવ જન્મનું પરમ કર્તવ્ય છે.[૪૨] હે રાજન્ ! જગન્નાથ સ્વરૂપે વિરાજતા આ ભગવાન શ્રીકૃષ્ણની નવધા ભક્તિ કરો. તે ભક્તિ કરવાથી જ તમને ઈચ્છિત આત્યંતિક મુક્તિ પ્રાપ્ત થશે.[૪૩]

આ પ્રમાણેનાં સુવ્રતમુનિનાં વચનોને રાજા મસ્તક ઉપર ચડાવી તે જ પ્રમાણે વર્તવા લાગ્યા અને તેમનો દરરોજ નિષ્કામભાવે સમાગમ કરવા લાગ્યા.[૪૪] આ રીતે શ્રીકૃષ્ણ પરમાત્માનું ભજન કરતા પ્રતાપસિંહ રાજાની બુદ્ધિ વિશુદ્ધ થઈ ગઈ અને મુનિની સામે આવી બેઠેલા સાક્ષાત્ શ્રીકૃષ્ણની સેવાપૂજા મુનિ કરે છે એવાં તેમને દર્શન થયાં.[૪૫] આવા પ્રકારની અનુભૂતિ થવાથી સુવ્રતમુનિને બે હાથ જોડી રાજા કહેવા લાગ્યા કે હે મુનિ ! તમે પ્રગટપણે શ્રીકૃષ્ણ પરમાત્માની સેવા પૂજા કરો છો તેવી મને અનુભૂતિ થાય છે.[૪૬] તમારાં સામાન્ય મનુષ્યોથી વિલક્ષણ ચિહ્નો જોતાં મને એવી પ્રતીતિ થાય છે કે પ્રત્યક્ષ પરમાત્મા તમારી સાથે બોલે છે. અને તમે અર્પણ કરેલ નૈવેદ્ય પણ આરોગે છે.[૪૭] હે બ્રહ્મન્ ! તમે પ્રત્યક્ષ પરમાત્માના ઉપાસક છો અને શરણે આવેલા મુમુક્ષુના સંસૃતિબંધનને તોડવા સમર્થ છો. એટલે તમારે શરણે આવેલા મારા ઉપર અનુગ્રહ કરો.જેણે કરીને હું પણ તે કાળમાયા આદિના નિયામક એવા સાક્ષાત્ શ્રીકૃષ્ણ પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન કરી શકું.[૪૮]

આ પ્રમાણેનાં પ્રતાપસિંહ રાજાનાં વચનો સાંભળી અત્યંત પ્રસન્ન થયેલા સુવ્રતમુનિ રાજાને કહેવા લાગ્યા, હે નૃપ ! મનુષ્યોને પ્રત્યક્ષ પરમાત્મા શ્રીકૃષ્ણનાં દર્શન થવાં અતિ દૂર્લભ છે. [૪૯] પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન માટે તો મોટા મોટા

धर्मज्ञानविरागादिसाधनानां च सत्फलम् । एतदेवोदितं सद्भिर्यत्साक्षाद्विष्णुतोषणम् ॥ ५१
तथापि स्वेच्छया यर्हि स धर्मं सतोऽवितुम् । हन्तुं च तद्द्रुहो भूमौ जायते तर्हि दृश्यते ॥ ५२
साक्षाद्दृश्योऽपि सर्वेषामेष वै भगवान् स्वयम् । इति तु ज्ञायते कैश्चिन्न तु सर्वैर्नराकृतिः ॥ ५३
जातोऽभूत् साम्प्रतं भूमौ कोसलेषूत्तरेषु सः । भक्तौ धर्माद्धरिरिति प्रसिद्धः सारवो द्विजः ॥५४
साक्षात्स मां हि मिलितोऽनुग्रहं कृतवान्मयि । तेन तं सर्वदा राजन् ! वीक्षे निजदृशोऽग्रतः ॥५५
जनमङ्गलमूर्तिः स प्रभुः साम्प्रतमेव हि । अन्तर्हितोऽभवत्स्वानां मनांस्याकृष्य चात्मनि ॥५६
गुर्वाज्ञया चराम्यत्र तीर्थोद्देशेन भूतले । मुमुक्षून्प्रति तद्वार्ताः कुर्वन्नार्षभवर्तनः ॥ ५७
मुनिवाक्यमिति श्रुत्वा सोऽतिहृष्टमना नृपः । प्रणम्योवाच तं भूयो बद्धाञ्जलिपुटः सुधीः ॥ ५८

---

**ચક્રવર્તી રાજાઓએ પણ રાજ્યનો ત્યાગ કર્યો છે, ઘરબારનો ત્યાગ કર્યો છે. સત્ અસત્‌નો વિવેક પ્રાપ્ત કરી ઉગ્ર તપશ્ચર્યા પણ કરી છે. [૫૦] પ્રત્યક્ષ પરમાત્માની પ્રસન્નતા એજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિ સાધનોનું ઉત્તમ ફળ છે. એમ નારદાદિ સંતોએ કહેલું છે. [૫૧] તેમ છતાં ભગવાન જ્યારે પોતાની ઈચ્છાથી ભાગવતધર્મનું અને સત્પુરુષોનું રક્ષણ કરવા તેમજ તેમના દ્રોહી અસુરોનો વિનાશ કરવા પૃથ્વી પર અવતાર ધારણ કરે છે ત્યારે સર્વે જનોને પ્રત્યક્ષ દર્શન થાય છે. [૫૨] મનુષ્યાકૃતિમાં રહેલા એ પ્રત્યક્ષ ભગવાન સર્વેને દેખાતા હોવા છતાં 'આ ભગવાન જ છે.' આવા પ્રકારનું જ્ઞાન તો કોઈ તેના એકાંતિક ભક્તોના સમાગમવાળા વિરલાઓને જ થાય છે, પણ સર્વેને થતું નથી. [૫૩] તે પરમાત્મા શ્રીકૃષ્ણ તો હાલ આ પૃથ્વી ઉપર ઉત્તર કૌશળ દેશમાં સરવરીયા બ્રાહ્મણ કુળમાં ધર્મદેવ અને ભક્તિદેવી થકી પ્રગટ થઈને 'હરિ' એવા નામથી સર્વત્ર પ્રસિદ્ધ પામ્યા છે. [૫૪] હે રાજન્ ! તે પ્રત્યક્ષ શ્રીહરિનું મને મિલન થયું છે. અને તેણે મારા ઉપર મોટો અનુગ્રહ પણ કર્યો છે. તેથી હું મારી નજર સમક્ષ તેમનાં પ્રત્યક્ષ દર્શન હમેશાં કરું છું. [૫૫] મનુષ્યોનું મંગળ કરનાર પ્રત્યક્ષ એ શ્રીહરિ ટુંક સમયમાં જ પોતાના ભક્તજનોની ચિત્તવૃત્તિ પોતાની મૂર્તિમાં ખેંચીને અંતર્ધાન થઈ ગયા છે. [૫૬] ત્યાર પછી હું જડભરતની જેમ વિચરણ કરતો કરતો મારા ગુરુદેવ શતાનંદમુનિની આજ્ઞાથી મુમુક્ષુ જનોની આગળ તે ભગવાન શ્રીહરિનાં મહિમાસભર ચરિત્રોનું ગાન કરતો કરતો આ ભૂમિ ઉપર તીર્થાટન કરવાના બહાને વિચરું છું. [૫૭] આ પ્રમાણેના સુવ્રતમુનિના વચનો સાંભળી વિશુદ્ધમતિવાળા તે પ્રતાપસિંહ રાજાનું મન અતિશય પ્રસન્ન થયું. બે હાથ જોડી મુનિને નમસ્કાર કરી ફરી કહેવા લાગ્યા.**

राजोवाच –

अहो ! भाग्यं मम ब्रह्मन्नद्य मे सफलं जनुः । यत्त्वत्समागमं प्राप्तः सुराणामपि दुर्लभम् ॥ ५९
करुणा भगवद्भक्ताः पूर्णकामा अपि क्षितौ । अनुग्रहाय जीवानां विचरन्ति मुमुक्षताम् ॥ ६०
अतस्त्वं कृपया ब्रह्मंश्चरित्रं सकलं हरेः । वक्तुमर्हसि मे तस्य यथादृष्टं यथाश्रुतम् ॥ ६१
आविरासीद्यथा भूमौ यद्यच्च कृतवान्प्रभुः । तत्तच्छुश्रूषवे मह्यमव्यग्रमनसे वद ॥ ६२

इति क्षितीशेन हरेश्चरित्रं श्रद्धावता तेन हिताय पृष्टः ।
यथाश्रुतं स्वेन तथा स सर्वं प्रवक्तुमारेभ ऋ षिः प्रसन्नः ॥ ६३

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे सुव्रतप्रतापसिंहसमागमनामा प्रथमोऽध्यायः ॥ १ ॥*

---

**[૫૮] પ્રતાપસિંહ રાજા કહે છે, હે બ્રહ્મન્ ! હું અતિશય ભાગ્યશાળી છું, મારો જન્મ આજે સફળ થયો. કારણ કે દેવતાઓન દુર્લભ એવો આપનો સમાગમ મને મળ્યો છે. [૫૯] કરૂણારસથી ભરપુર અને પૂર્ણકામ એવા આપના જેવા સંતો મુમુક્ષુ જીવાત્માઓને પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ કરાવી આપવારૂપ અનુગ્રહને અર્થે જ આ ભૂમિ ઉપર વિચરણ કરે છે. [૬૦] એટલા માટે હે બ્રહ્મન્ ! તે ધર્મ ભક્તિ થકી પ્રગટેલા ભગવાન શ્રીહરિનાં સમગ્ર ચરિત્રો જે તમે જોયાં હોય અને સાંભળ્યાં હોય તે ધ્યાન કરીને મને સંભળાવો. [૬૧] એ સમર્થ ભગવાન શ્રીહરિ આ પૃથ્વી ઉપર જે રીતે પ્રગટ થયા અને જે જે લીલા ચરિત્રોનો વિસ્તાર કર્યો તે સમગ્ર ચરિત્રો સાંભળવાની મારા મનમાં તીવ્ર ઈચ્છા થઈ છે, તેમજ તે ચરિત્રો સાંભળવા મારું મન એકાગ્ર બન્યું છે, માટે મને સંભળાવો. [૬૨] ભગવાનનાં ચરિત્રો સાંભળવામાં શ્રદ્ધાવાળા પ્રતાપસિંહ રાજાએ પોતાના આત્મકલ્યાણ માટે પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનાં ચરિત્રો સાંભળવા સંબંધી પ્રશ્ન કર્યો, તેથી સુવ્રત મુનિ બહુજ પ્રસન્ન થયા અને પોતાના ગુરુ શતાનંદમુનિ પાસેથી જે રીતે સાંભળ્યાં હતાં તે સમગ્ર ચરિત્રો પ્રસન્ન મને પ્રતાપસિંહ રાજાને સંભળાવવા લાગ્યા. [૬૩]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં સુવ્રતમુનિ અને પ્રતાપસિંહ રાજાના સમાગમનું નિરૂપણ કર્યું એ નામે પહેલો અધ્યાય પૂર્ણ થયો. -- ૧ --***

---

## द्वितीयोऽध्यायः

**सुव्रत उवाच –**

सततं निजमूर्तिचिन्तकानामधिकश्वेतमनोहरप्रकाशे ।
हृदि दर्शितरम्यदिव्यरूपं भगवन्तं तमहं हरिं नमामि ।। १
शरणागतदेहिनां च मायां त्रिगुणां यश्च कठोरकर्मबन्धान् ।
करुणार्द्रदृशैव नाशयित्वा नयति ब्रह्मपुरं सुदुर्लभं तान् ।। २
निजनेत्रचकोरचन्द्रमीशं विलसन्तं हृदये बहिश्च रम्यम् ।
कमलाभयदानपाणिमीडे जलदश्यामतनुं सितांशुकं तम् ।। ३
अशेषब्रह्माण्डप्रभुरपि निजेच्छात्तनृतनुर्जयत्येकः स्वामी स च सुरनरेन्द्रार्चितपदः ।
तमीशामीशानं क्षरपरमहं चाक्षरपरं हरिं वन्दे वाचं मम स हि करोत्वद्य विमलाम् ।। ४

---

## અધ્યાય – ૨

### -: વક્તાનું મંગલાચરણ :-

**પ્રતાપસિંહ રાજાએ ભગવાન શ્રીહરિનાં ચરિત્રો સંભળાવવાની વિનંતી કરી તેથી અતિશય પ્રસન્ન થયેલા સુવ્રતમુનિ કથાના પ્રારંભમાં ઈષ્ટદેવ શ્રીહરિ અને ગુરુશ્રી શતાનંદમુનિને પ્રથમ હાથ જોડી આંખો મીંચી વંદના કરે છે.**

**સુવ્રતમુનિ કહે છે, મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિને હું કાયા, મન, વાણીથી ભાવપૂર્વક વંદન કરું છું. એ શ્રીહરિ હમેશાં પોતાની મૂર્તિનું અખંડ સ્મરણ કરનાર એકાંતિક ભક્તજનોના અંતરમાં પ્રગટેલા અતિશય રમણીય શ્વેત પ્રકાશને વિષે અતિશય રમણીય પોતાના દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવનારા છે.[૧] અને પોતાને શરણે આવેલા જીવાત્માઓનાં કઠોર કર્મોનાં બંધનો અને અંતરમાં પડેલી અવિદ્યારૂપ ત્રિગુણી માયાના આવરણને પોતાની કરૂણા ભરેલી દૃષ્ટિથી ભેદી તેઓને દુર્લભ એવું બ્રહ્મપુરધામને વિષે લઈ જાય છે.[૨] અને વળી પોતાના ભક્તજનોના નેત્રરૂપી ચકોર પક્ષીને ચંદ્રમાની પેઠે આનંદ ઉપજાવનારા છે. સકલ ઐશ્વર્યોના સ્વામી છે, ભક્તના હૃદયકમળમાં અને બહાર નેત્રો આગળ રમણીય દિવ્ય સ્વરૂપે સદાય શોભી રહ્યા છે. જમણા હાથમાં કોમળ કમળ ધારણ કરનારા, ડાબા હાથે ભક્તજનોને અભયદાન આપનારા, નવીન મેઘ સમાન શ્યામસુંદર શરીરવાળા અને સદાય શ્વેત વસ્ત્રમાં શોભતા એવા મારા ઈષ્ટદેવ શ્રીહરિની હું સ્તુતિ કરું છું.[૩]**

वैराग्यवेगपरिहातसमेन्द्रियार्थं विष्णुप्रसादसमिताखिलयोगसिद्धिम् ।
कृष्णाङ्घ्र्युपासनबलाप्तदृढात्मनिष्ठं तं विष्णुदत्ततनयं स्वगुरुं नमामि ॥ ५
सर्वज्ञतां प्राप्य हरेः प्रसादात्तच्चित्रचारित्रमिदं रचित्वा ।
योऽपाठयद्व्याससुताकृतिर्नः प्रीतः शतानन्दमुनिः स भूयात् ॥ ६
प्रश्नस्त्वयैष राजर्षे ! कृतः सम्यङ्मुमुक्षुणा । यत्पृच्छसि कथां विष्णोर्जनसंसृतिमोचनीम् ॥ ७
जन्मान्तरसहस्रोत्थो येषां स्यात्पुण्यसञ्चयः । कथायाः श्रवणे बुद्धिस्तेषामेव हरेर्भवेत् ॥ ८
श्रीहरेश्चरितं वर्णी शतानन्दो जुगुम्फ ह । तत्कृपालब्धसार्वज्ञ्यः सिद्धयोगः कुशाग्रधीः ॥ ९

---

**અનંત કોટી બ્રહ્માંડના સ્વામી હોવા છતાં સ્વેચ્છાથી મનુષ્યશરીરને ધારણ કરનારા હે શ્રીહરિ ! તમે અનુપમ એક જ છો. અર્થાત્ તમારી સમાન કે તમારાથી વિશેષ આ જગતમાં બીજું કોઇ નથી. તમે સર્વે જીવ ઈશ્વરોના સ્વામી છો. બ્રહ્માદિ દેવતાઓ પણ તમારાં ચરણ કમળને પૂજે છે, તમે સર્વેના નિયંતા છો. ઈશ્વરોના પણ તમે ઈશ્વર છો. ક્ષર અને અક્ષરથી પણ તમે પર છો. એવા શ્રીહરિ તમે સર્વત્ર જયકારી પ્રવર્તો. એવા આપનાં ચરણ કમળમાં હું દાસ ભાવે વંદન કરું છું. તમે અત્યારે મારી વાણીને નિર્મળ કરો.[૪]**

**ગુરુવંદનાઃ– વૈરાગ્યના વેગથી ઈન્દ્રિયોના પંચવિષયોનો ત્યાગ કરી, સર્વના અંતર્યામી પરમાત્મા શ્રીહરિની કૃપાથી સમસ્ત યોગસિદ્ધિને વરેલા અને સાક્ષાત્ ભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિના ચરણ કમળની ઉપાસનાના બળે દૃઢ આત્મનિષ્ઠાને પામેલા મિથિલાદેશના વિષ્ણુદત્ત વિપ્રના પુત્ર એવા મારા ગુરુ શતાનંદ સ્વામીને હું બન્ને હાથ જોડી પ્રણામ કરું છું.[૫] મહર્ષિ વેદવ્યાસના પુત્ર શુકદેવજી સમાન આકૃતિવાળા આપને ભગવાન શ્રીહરિની કૃપાથી ત્રિકાળજ્ઞાન પ્રાપ્ત થયું અને એ જ્ઞાનના પ્રભાવથી તમે શ્રીહરિનાં આશ્ચર્યકારી ચરિત્રોથી સભર આ સત્સંગિજીવન શાસ્ત્રની રચના કરી મારા જેવા શિષ્યોને ભણાવ્યું, એવા મારા ગુરૂ શતાનંદમુનિ મારા ઉપર પ્રસન્ન થાઓ.[૬] આ પ્રમાણે સુવ્રતમુનિ ઈષ્ટદેવ અને ગુરૂની વંદના કરી રાજા પ્રત્યે કહેવા લાગ્યા.**

**હે રાજર્ષિ ! તમે ખરેખર મુમુક્ષુ છો, તમે આ અતિ સુંદર પ્રશ્ન કર્યો છે. કારણ કે ભગવદ્કથા સંબંધી પ્રશ્ન મનુષ્યોને સંસારનાં બંધનોથી મુકાવનાર છે.[૭] જે મનુષ્યોનાં હજારો જન્મનાં પુણ્ય ઉદય થયાં હોય તેને જ આ ભગવદ્કથા શ્રવણ કરવામાં રુચિ ઉત્પન્ન થાય છે.[૮] ભગવાન શ્રીહરિની કૃપાથી સર્વજ્ઞ બનેલા**

तदहं परमं पुण्यं नृप ! सत्सङ्गिजीवनम् । तस्मादेव ह्यधिगतमशेषं कथयामि ते ॥ १०

राजोवाच

कोऽसौ शतानन्दमुनिः क्व जातः कस्य वा सुतः । कथं चाप्रीणयद्विष्णुं क्वेदं व्यरचयत्स च ॥ ११

एतन्मे मुनिवर्य ! त्वं ब्रूहि सर्वं बुभुत्सते । सर्वज्ञस्य न ते किञ्चिदविज्ञातं महामुने ! ॥ १२

अहमव्यग्रचित्तोऽस्मि त्यक्तग्राम्यसुखैषणः । ततः श्रावय तच्छास्त्रं शुश्रूषुं मामशेषतः ॥ १३

इति भूपतिना तेन पृष्टो भागवतो द्विजः । यथानुभूतं तत्सर्वं कथयामास तं मुदा ॥ १४

सुव्रत उवाच

अस्ति भूमितले पुण्या नगरी मिथिला नृप ! । तस्यामभूद्द्विजवरो विष्णुदत्तोऽतिधार्मिकः ॥ १५

तस्य पुत्रः शतानन्दो नैष्ठिकं व्रतमास्थितः । ख्यातो गुणगणैः सद्भिर्गुरुशुश्रूषकोऽभवत् ॥ १६

---

**અને યોગસિદ્ધિને વરેલા કુશાગ્ર બુદ્ધિવાળા બ્રહ્મચારી મારા ગુરુ શતાનંદ સ્વામીએ તે પ્રગટ ભગવાન શ્રીહરિનાં ચરિત્રોનું આ શાસ્ત્ર રચ્યું છે.[૯] હે નૃપ ! તે આ શાસ્ત્રનો અભ્યાસ મેં તેમની પાસેથી જ કર્યો છે તે આ સર્વોત્કૃષ્ટ સત્સંગિજીવન શાસ્ત્રની સમગ્ર કથા હું તમને સંભળાવીશ.[૧૦]**

**રાજાના પ્રશ્નો:–** **પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિ ! એ આપના ગુરુ શતાનંદ મુનિ કોણ હતા ? તેમની જન્મભૂમિ કઇ ? તે કોના પુત્ર હતા ? તેમણે ભગવાન શ્રીહરિને કેવી રીતે રાજી કર્યા ? અને આ સત્સંગિજીવન શાસ્ત્રની રચના તેમણે કયાં રહીને કરી ?.[૧૧] હે મુનિવર્ય ! આ બધું જાણવાની મને ઈચ્છા છે. માટે તમે મને કહો. હે મહામુનિ ! તમે સર્વજ્ઞ હોવાથી તમારાથી અજાણ્યું કાંઇ નથી.[૧૨] મેં માયિક પંચવિષયોના ભોગની ઈચ્છાનો ત્યાગ કરી દીધો હોવાથી મારું મન એકાગ્ર બન્યું છે. તેથી હવે મને સમગ્ર સત્સંગિજીવન શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા થઈ છે. માટે મને તમે આ શાસ્ત્રની કથા સંભળાવો.[૧૩]**

**આ પ્રમાણે પ્રતાપસિંહ રાજાએ પૂછ્યું તેથી શ્રીહરિના એકાંતિક સંત સુવ્રતમુનિ પોતે જે જાણ્યું હતું, જોયું હતું અને સાંભળ્યું હતું તે સર્વે શતાનંદમુનિનું વૃત્તાંત અને શ્રીહરિનાં ચરિત્રો અતિ હર્ષથી પ્રતાપસિંહ રાજાને કહેવા લાગ્યા.[૧૪]**

**શતાનંદ સ્વામીનું જીવન વૃતાંત:–** **સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પૃથ્વી ઉપર મિથિલા નામની પવિત્ર નગરી આવેલી છે. તે નગરીમાં અતિ ધાર્મિક વિષ્ણુદત્ત નામના પવિત્ર શ્રેષ્ઠ બ્રાહ્મણ રહેતા હતા.[૧૫] તેમને ત્યાં શતાનંદ નામના પુત્ર થયા, તે નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતનું પાલન કરનારા હતા, શાસ્ત્રમાં કહેલા**

वेदशास्त्रपुराणज्ञः पञ्चरात्रार्थकोविदः । विषयेषु विरक्तश्च स्वधर्माचलसंस्थितिः ॥ १७
शास्त्रेण चक्षुषा चासौ दैवमानुषलक्ष्मवित् । सदसद्व्यक्तिविच्छान्त उदारो मृदुभाषणः ॥ १८
अहिंसवृत्तिः करुणः सत्समागमनिर्वृतिः । पारोक्ष्येण भजन्विष्णुं तत्प्रत्यक्षेक्षणैषणः ॥ १९
पश्यन्ति हि हरिं साक्षाद्दृढभक्ता मुमुक्षवः । इति निश्चितवान् शास्त्रदृष्ट्या स च तथाविधः ॥ २०
भक्त्या श्रीमद्भागवतं पठति स्म स नित्यदा । तदर्थं चापि मनसा व्यचिचिन्तद्रहः स्थितः ॥ २१
एकदा पञ्चमस्यासौ स्कन्धस्यार्थं विचिन्तयन् । उपास्यं भारते वर्षे नरनारायणं ह्यवैत् ॥ २२
स च प्रत्यक्ष एवास्ते विशालायां तपश्चरन् । आकल्पान्तं स्वयं जुष्टो नारदेनोद्धवेन च ॥ २३
अथोत्कस्तद्दिदृक्षायै करिष्यन्सफलां नृताम् । तैर्थिकैः सह स प्रायाज्जनैर्बदरिकाश्रमम् ॥ २४

---

સર્વ સદ્ગુણોથી વિખ્યાત હતા અને ગુરુસેવા પરાયણ જીવન જીવનારા હતા.[૧૬] તે વેદ, શાસ્ત્ર અને પુરાણોમાં તેમજ પંચરાત્ર શાસ્ત્રમાં પ્રવીણ હતા, પંચ વિષયોમાં વિરક્ત અને દેશકાળની વિષમ પરિસ્થિતિમાં પણ પોતાના ધર્મમાં અચળ નિષ્ઠાવાળા હતા.[૧૭] તેમની પાસે શાસ્ત્રરૂપી દૃષ્ટિ હોવાથી સામે આવેલા દેવ કે મનુષ્યને તેનાં લક્ષણોથી જાણી જતા, સત્ અસત્‌ના વિવેકી એવા તે શાંત, ઉદાર અને મૃદુભાષી હતા.[૧૮] અહિંસાવૃત્તિવાળા તે અતિ દયાળુ સ્વભાવના હતા. સાચા સંતોનો સમાગમ કરી તેમાંજ આનંદ મેળવતા તે વિપ્ર મનમાં પ્રત્યક્ષ ભગવાનનાં દર્શનની ઈચ્છા રાખી પરોક્ષભાવે ભગવાનનું ભજન કરતા હતા.[૧૯] સંસારનાં બંધનોમાંથી મુક્ત થવાની ઈચ્છા ધરાવતા મુમુક્ષુ અને નિષ્ઠાવાન ભક્તો જ પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શન કરી શકે છે. આ પ્રમાણેના શાસ્ત્રનાં વચન મુજબ દૃઢ નિશ્ચય કરી પોતે પણ તેવી જ નિષ્ઠાવાળા ભક્ત થયા.[૨૦] તે શતાનંદ વિપ્ર હમેશાં ભક્તિભાવ પૂર્વક શ્રીમદ્ભાગવત પુરાણનો પાઠ કરતા હતા અને એકાંત સ્થળમાં બેસી એકાગ્રચિત્તથી તેના અર્થનો પણ વિચાર કરતા રહેતા.[૨૧] એક વખત પંચમ સ્કંધના અર્થનો વિચાર કરતા હતા ત્યારે ભરતખંડમાં ઉપાસના કરવા યોગ્ય એક નરનારાયણ ભગવાન છે, એમ તેમણે જાણ્યું.[૨૨] એ શ્રીનરનારાયણ ભગવાન બદરિકાશ્રમમાં પ્રત્યક્ષ વિરાજીને જીવોના કલ્યાણ માટે કલ્પ પર્યંત તપશ્ચર્યા કરે છે. અને તે પ્રત્યક્ષ પરમાત્માની નારદ, ઉદ્ધવ આદિ મુક્તો સેવા કરી રહ્યા છે.[૨૩]

આ પ્રમાણે શ્રીમદ્ભાગવતમાંથી નક્કી કરી પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન કરવા આતુર બનેલા શતાનંદ વિપ્ર પોતાના માનવજન્મને સફળ બનાવવા ઘરનો ત્યાગ કરી દીધો અને તીર્થવાસી જનોની સાથે બદરિકાશ્રમમાં આવ્યા.[૨૪] ત્યાં

यत्र साक्षाद्विष्णुपदी गङ्गाऽस्ति भवमोचनी । पुण्यं नारदकुण्ड च तप्तकुण्डमघापहम् ॥ २५
उर्वशीसङ्गमं तीर्थं यत्र पञ्चशिलास्तथा । पुण्याः सन्ति च तीर्थानि यत्रान्यान्यपि भूरिशः ॥ २६
अक्षयाख्यतृतीयायां प्राप्य तं तत्र स द्विजः । नारायणर्षेरकरोदर्चारूपस्य दर्शनम् ॥ २७
धर्मशास्त्रानुसारेण तैर्थिकं विधिमाचरन् । तत्रैवावासमकरोद्वर्णीन्द्रोऽनाकुलान्तरः ॥ २८
सहागतेषु लोकेषु कृत्वा यात्रां गतेष्वथ । प्रसादयितुमारेभे नारायणमृषिं नृप ! ॥ २९
विधाय नैत्यकं कर्म प्रत्यहं पुरतो हरेः । पपाठ दशमस्कन्धं सम्पूर्णं विधिवत्सुधीः ॥ ३०
एवं तमाराधयतः कन्दमूलफलाशिनः । व्यतीयुस्तस्य षण्मासा दीर्घदृष्टेरखिद्यतः ॥ ३१
एकादश्यां प्रबोधन्यां दिवा पाठार्चनादि सः । विधाय जागरं चक्रे निराहारो निशि द्विजः ॥ ३२

---

સાક્ષાત્ પરમાત્માના ચરણકમળમાંથી પ્રગટેલી અને ભવબંધનોમાંથી જીવને મુક્ત કરનારી પવિત્ર અલકનંદા નામની ગંગાનદી વહે છે. અને તે આશ્રમમાં પાવનકારી નારદકુંડ અને પાપને પ્રજાળનાર તપ્તકુંડ નામનાં તીર્થો આવેલાં છે.[૨૫] અને ત્યાં ઉર્વશીસંગમ નામનું પણ તીર્થ આવેલું છે. ત્યાં પાવનકારી નારસિંહી, નારદી વિગેરે પાંચ શિલાઓ રહેલી છે. તેમજ અન્ય પવિત્ર બીજાં બહુ તીર્થસ્થળો આવેલાં છે.[૨૬] શતાનંદ વિપ્રે વૈશાખ સુદી ત્રીજ એટલે અક્ષયતૃતીયાના દિવસે એ બદરિકાશ્રમતીર્થમાં આવી અર્ચા સ્વરૂપે વિરાજતા ભગવાન શ્રીનરનારાયણનાં દર્શન કર્યાં.[૨૭] તેમજ ધર્મશાસ્ત્રને અનુસારે તીર્થને વિષે કરવાનો સમસ્ત વિધિ પૂર્ણ કરીને વર્ણિશ્રેષ્ઠ શતાનંદ વિપ્ર મનને એકાગ્ર કરી તે આશ્રમમાંજ નરનારાયણ ભગવાનની સમીપે નિવાસ કરવા લાગ્યા.[૨૮] સાથે આવેલા તીર્થવાસીઓ તીર્થયાત્રા કરી ચાલ્યા ગયા પછી હે રાજન્ ! તે શતાનંદ વિપ્રે ભગવાન શ્રીનારાયણઋષિને પ્રસન્ન કરવાનો પ્રારંભ કર્યો.[૨૯]

સદ્‌બુદ્ધિમાન શતાનંદ વિપ્ર દરરોજ સંધ્યા વંદનાદિ નિત્યવિધિથી પરવારી અર્ચા સ્વરૂપે બિરાજતા ભગવાન શ્રીનારાયણઋષિની આગળ વિધિપૂર્વક શ્રીમદ્ ભાગવતના દશમા સ્કંધનો પાઠ કરવા લાગ્યા.[૩૦] આ પ્રમાણે આરાધના કરતા દીર્ઘ દૃષ્ટિવાળા, તપમાં ખેદ નહિ પામનારા અને ભોજનમાં માત્ર કંદમૂળ અને ફળનો આહાર કરનારા શતાનંદ વિપ્રને છ માસ વિતી ગયા.[૩૧] એમ કરતાં કારતક સુદ પ્રબોધની એકાદશી આવી. તે દિવસે હમેશના મુજબ નિરાહારી રહી દશમસ્કંધનો પાઠ કરી ભગવાનનું પૂજન કર્યું. અને રાત્રીએ ભગવદ્ ગુણ સંકીર્તનની સાથે જાગરણ કર્યું.[૩૨]

अथ प्रसन्नो भगवान्दयानिधिस्तस्मै स आत्मीयवपुस्तदेव हि।
अदीदृशद्दिव्यमनन्यमानसैर्दृश्यं निजैरद्भुतमात्मसंस्मृतैः ॥ ३३
सहोद्यतानेकदिवाकराभं तं वर्णिवेषं द्विभुजं वयःस्थम् ।
तपस्विनं श्याममतिप्रशान्तं दृष्ट्वेष्टदेवं सहसा स विस्मितः ॥ ३४
अवेत्य सद्यो बदरीपतिं तमुत्थाय नत्वा धरणौ निपत्य ।
प्रेमाश्रुनेत्रः पुलकावृताङ्गो बद्धाञ्जलिद्वन्द्व इतीशमैट्ट ॥ ३५

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे शतानन्दकृतबदरीपतिसमाराधननामा द्वितीयोऽध्यायः ॥२॥*

---

**નારાયણ ભગવાનનું દિવ્ય દર્શન :–** જાગરણને અંતે બ્રાહ્મમુહૂર્તમાં દયાનિધિ ભગવાન શ્રીનારાયણે અચાનક પ્રસન્ન થઈ શતાનંદ વિપ્રને પોતાનું અતિ અદ્‌ભૂત દિવ્ય દર્શન કરાવ્યું, આવા દિવ્ય સ્વરૂપનું દર્શન ભગવાન જેને ઈચ્છે એવા અનન્ય નિષ્ઠાવાળા એકાંતિક ભક્તોને જ થાય છે.[૩૩] એક સાથે ઉદય પામેલા અનેક સૂર્યના સરખી ઝળહળતી કાંતિવાળા, ઋષિરૂપ નૈષ્ઠિક બ્રહ્મચારીના વેષને ધારી રહેલા, દ્વિભુજ, કિશોર-અવસ્થામાં રહેલા, તપસ્વી, નવીન મેઘની સમાન શ્યામ સુંદર શરીરવાળા અને શાંત સ્વરૂપ આવા ઈષ્ટદેવ શ્રીનારાયણનાં અચાનક દર્શન કરીને શતાનંદ વિપ્ર અતિશય વિસ્મય પામ્યા.[૩૪] બદરિપતિ ભગવાન શ્રીનારાયણનાં સાક્ષાત્ દિવ્ય દર્શન થતાંની સાથે જ શતાનંદવિપ્ર તત્કાળ ઊભા થઈ પૃથ્વી પર પડી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. શરીર રોમાંચિત બન્યું અને બે હાથ જોડી ભગવાન શ્રીનરનારાયણની સ્તુતિ કરવા લાગ્યા.[૩૫]

*આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શતાનંદ સ્વામીએ કરેલ બદ્રિપતિ શ્રી નારાયણની આરાધનાનું નિરૂપણ કર્યું એ નામે બીજો અધ્યાય પૂર્ણ થયો. –૨–*

---

## तृतीयोऽध्याय:

**शतानन्द उवाच -**

श्रीवासुदेव इह सर्वमुमुक्षुलोकक्षेमाय निर्जरऋषि: करुणानिधिस्त्वम् ।
आकल्पमाचरसि तीव्रतपांसि तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥ १
श्रीनारादादिमुनिमण्डलसेवितांघ्रिं निर्नीडगाढदलसंकुलितां विशालाम् ।
अध्यास्य वेद हृदयस्य निरूपकं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥ २
देवाङ्गनागणवसन्तसुगन्धिवातैर्युक्त: सुराधिपतिमोहकगायकौघै: ।
कामोऽपि येन सहसा विजितश्च तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥ ३
यन्मानसं जिततपस्विगणोऽपि रोष: स्प्रष्टुं कथञ्चन कदाचन नाऽऽप शक्तिम् ।
तं त्वा च बिभ्यति यतोऽन्तरवैरिणोऽन्ये नारायणं मुनिवरं बदरीशमीडे ॥ ४
त्वं पूर्वकामपतिरप्यनुवासरं स्वं दैवं च पित्र्यमपि कर्म करोषि काले ।
सङ्ग्राहयन्नखिलनैष्ठिकवर्णिनस्त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥ ५

---

## અધ્યાય – ૩

## શતાનંદ વિપ્રની સ્તુતિ :-

શતાનંદવિપ્ર કહે છે, હે બદ્રીપતિ શ્રીનારાયણ ભગવાન ! હું આપની સ્તુતિ કરું છું. કરૂણાના સાગર શ્રીવાસુદેવ આપ આ ભરતખંડના મુમુક્ષુ ભક્તજનોના કલ્યાણને માટે દેવર્ષિરૂપે કલ્પપર્યંત તીવ્ર તપને કરનારા મહામુનિવર છો.[૧] નારદાદિ મુનિમંડળો તમારા ચરણકમળની સેવા કરે છે. તમે પક્ષીઓના માળાએ રહિત ઘેઘૂર વિશાખા નામની બોરડીના વૃક્ષનીચે વેદિકા ઉપર બેસી તનુ આદિ મુનિઓ આગળ વેદોનાં રહસ્યને પ્રગટ કરનારા છો.[૨] દેવાધિપતિ ઈન્દ્રદેવને મોહ ઉપજાવનારા ગંધર્વોનાં ગાયકવૃંદો અને અપ્સરાઓના સમુદાય સાથે સુગંધીમાન વસંતઋતુના વાયુદેવે સહિત આવેલા કામદેવને એક ક્ષણવારમાં પરાભવ કરનારા આપની હું સ્તુતિ કરું છું.[૩] મોટા મોટા તપસ્વીઓને જીતી જનારો ક્રોધ, વિષમ પરિસ્થિતિમાં પણ તમારા અંતઃકરણને ક્યારેય પણ સ્પર્શ કરવા સમર્થ બનતો નથી. તેમજ અન્ય લોભ, મોહ આદિ અંતઃશત્રુઓ પણ તમારાથી થરથર કંપે છે, એવા બદ્રીપતિ નારાયણ આપની હું સ્તુતિ કરું છું.[૪] તમે મનોરથોથી પરિપૂર્ણ છો, તેમજ પૂર્ણ મનોરથવાળા મહાયોગીઓના સ્વામી છો. છતાં પણ અખિલ નૈષ્ઠિક બ્રહ્મચારીઓના સમુદાયને શિક્ષણ આપવા દૈવ

यस्मात्प्रवर्तत इहाखिलसौख्यहेतुः सच्छास्त्रवृन्दमखिलं खलु नैष्ठिकेन्द्रात् ।
यत्कर्म दुष्करममर्त्यगणैश्च तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥ ६
ये ये निवृत्तिमुपयन्ति विरागवेगात्संसारभीतिजनितादधिभूमि ते ते ।
यस्याश्रयेण सुखिनोऽत्र भवन्ति तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥ ७
यत्पादपद्ममकरन्दरसैकलुब्धो ब्रह्माण्डसौख्यमखिलं हि कदाचिदेव ।
रङ्कोऽपि नेच्छति सुखाम्बुधिमेव तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥ ८
मनोरथो मे बहुकालजातस्त्वदीक्षयैवाद्य फलेन पूर्णः ।
कृपा विधेया मयि भक्तिभाजि तवाङ्घ्रिपद्मे करुणारसार्द्रे ॥ ९

**सुव्रत उवाच –**

इति स्तुवन्तं तमुवाच भक्तं नारायणः स्वाश्रितकल्पवृक्षः ।
प्रीतोऽस्मि ते मद्वरमीप्सितं त्वं वृणीष्व वर्णिन् ! सकलार्थसिद्धेः ॥ १०

---

સંબંધી અગ્નિહોત્ર આદિ અને પિતૃ સંબંધી શ્રાદ્ધ આદિ કર્મોનું તે તે સમયે અનુષ્ઠાન કરો છો. એવા આપ બદરીપતિની હું સ્તુતિ કરું છું.[૫]

આલોકમાં સમસ્ત જીવપ્રાણી માત્રના સુખમાં કારણભૂત એવાં વેદાદિ અખિલ સત્શાસ્ત્રોનું પ્રવર્તન નૈષ્ઠિક બ્રહ્મચારી એવા આપના થકી જ થાય છે, કારણ કે એ પ્રવર્તન કાર્યને બ્રહ્માદિ દેવતાઓ પણ કરી શક્તા નથી એવું એ દુષ્કર કામ છે, જે તમારા થકી જ શક્ય બને છે, એવા આપ બદરીપતિની હું સ્તુતિ કરું છું.[૬] આ ભૂમિમાં જે જે પુરુષો દુઃખમય સંસૃતિના ભયથી ઉત્પન્ન થયેલા તીવ્ર વૈરાગ્યના વેગથી નિવૃત્તિ ધર્મનો આશ્રય કરે છે. અને તે સમસ્ત પુરુષો જો આપની જ એક શરણાગતિ સ્વીકારી તમારે જ શરણે રહે છે. તે જ આલોકમાં સુખી થાય છે, એવા આપ બદરીપતિની હું સ્તુતિ કરું છું.[૭] આપના ચરણ કમળના મકરંદ રસમાં લુબ્ધ બનેલો એક રંક જન પણ આ સમસ્ત બ્રહ્માંડના સુખની ઈચ્છા રાખતો નથી કારણ કે તેમને બધું નકારું લાગે છે. એવા સુખના અને આનંદના મહાસાગર, એવા આપ બદરીપતિની હું સ્તુતિ કરું છું.[૮]

હે ભગવાન ! આપનાં પ્રત્યક્ષ દર્શન કરવાનો મનોરથ ઘણા વખતથી મારા મનમાં હતો. તે આજ આપનાં પ્રત્યક્ષ દર્શનથી પરિપૂર્ણ થયો છે, આપ કરૂણારસથી ભરેલા છો. હું આપના ચરણકમળને ભક્તિભાવપૂર્વક ભજું છું. આપ મારા ઉપર નિરંતર આવું દર્શન થયા કરે એવી દયા કરો.[૯] આ પ્રમાણે

एवमुक्तो भगवता तं प्रणम्य मुदा पुनः । स ब्रह्मचारी प्रोवाच तत्सेवोत्सुकमानसः ॥ ११
यदि प्रसन्नोऽसि विभो ! वरो देयश्च मे तदा । रक्ष मां स्वान्तिके नित्यं देहि सेवां त्वमात्मनः ॥ १२
गुणगानं तवैवेह कर्तुमिच्छामि पार्श्वगः । साफल्यं येन वचसः शुद्धिः स्याच्चान्तरात्मनः ॥ १३
सिद्ध्यैश्वर्यादि नेच्छामि त्वत्तोऽहं किमपि प्रभो ! । सांसारिके विरक्तोऽस्मि सुखे मायामये ध्रुवम् ॥ १४
इत्युक्तवन्तं भगवांस्तमुवाच महामतिम् । ब्रह्मंस्त्वया व्यवसितं सम्यगेतन्मुमुक्षुणा ॥ १५
किन्त्वहं साम्प्रतं भूमौ कोसलेषूत्तरेष्विह । जातोऽस्मि धर्मतो भक्तौ हरिनाम्ना हि विश्रुतः ॥ १६
वर्ते पश्चिमपञ्चालदेशे दुर्गपुरेऽधुना । सोऽहं त्वामन्तिके स्वस्य रक्षिष्यामि न संशयः ॥ १७
मदीयगुणगानेच्छा वर्तते तव हृद्यतः । तस्य मे त्वं चरित्राणां ग्रन्थकर्ता भविष्यसि ॥ १८

**શતાનંદ વિપ્રે ભગવાનની સ્તુતિ કરી, તેનું સ્તવન સાંભળી પોતાના આશ્રિત ભક્તજનો માટે કલ્પવૃક્ષ સમાન ભગવાન નારાયણઋષિ કહેવા લાગ્યા. હે બ્રહ્મચારી ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું, સમસ્ત ભક્તજનોના સકલ મનોરથને પૂર્ણ કરનાર મારી પાસેથી તમે કાંઈક વરદાન માગો.[૧૦] ભગવાનનું આવું વચન સાંભળી તે ભગવાનની અખંડ સેવામાં રહેવાની ઉત્કટ ઈચ્છાવાળા શતાનંદવિપ્ર ભગવાન નારાયણઋષિને નમસ્કાર કરી બન્ને હાથ જોડી હર્ષથી કહેવા લાગ્યા.[૧૧]**

**હે સર્વાન્તર્યામી ! આપ જો મારી ઉપર પ્રસન્ન થયા હો તો મને સદૈવ આપની સમીપે રાખો અને આપની સેવા કરવાનો નિત્ય અવસર આપો.[૧૨] આલોકને વિષે આપના સાંન્નિધ્યમાં નિવાસ કરી આપના ગુણોનું સંકીર્તન કરવા મારું મન તલસે છે. આપના પાવનકારી ગુણાનુવાદથી મારી વાણી સફળ બનશે.[૧૩] હે પ્રભુ ! હું આપની પાસેથી અષ્ટસિદ્ધિઓ કે સામ્રાજ્યના વૈભવ સુખની બિલકુલ ઈચ્છા રાખતો નથી. કારણ કે માયાના વિકારભૂત પંચવિષયોનાં સાંસારિક સુખમાંથી મને વૈરાગ્ય થયો છે.[૧૪] શતાનંદ વિપ્રનું આવું વચન સાંભળી નારાયણઋષિ કહેવા લાગ્યા. હે બ્રહ્મન્ ! તમે મહાબુદ્ધિશાળી મુમુક્ષુ છો. મારી સેવા કરવાનો તમે બહુ રૂડો નિર્ણય કર્યો છે.[૧૫] પરંતુ અત્યારે હું પૃથ્વી ઉપર ઉત્તર કૌશળ દેશમાં ધર્મદેવ અને ભક્તિદેવી થકી પ્રગટ થયો છું, અને 'હરિ' એવાં નામથી પ્રસિદ્ધ છું.[૧૬] તેમાં પણ અત્યારે હું પશ્ચિમ પાંચાળ દેશમાં ઉન્મત્ત ગંગાના તીરે દુર્ગપુર નામના નગરને વિષે વિરાજમાન છું, તમે ત્યાં મારી સમીપે આવજો. હું તમને મારી સેવામાં જરૂર રાખીશ. તેમાં લેશમાત્ર પણ સંશય નથી.[૧૭] તમારા અંતરમાં મારા ગુણાનુવાદો ગાવાની ઈચ્છા વર્તે છે. તેથી તમે મારાં ચરિત્રોથી**

सोऽहं पूर्णं करिष्यामि त्वद्वाञ्छितमतस्त्वया । सोऽन्वेष्य प्राप्य इत्युक्त्वा भगवान् स तिरोदधे ॥ १९
ततः सोऽतिप्रहृष्टात्मा तद्वीक्षाप्तमनोरथः । विधाय पारणां प्रातः पञ्चालाभिमुखं ययौ ॥ २०
नारायणेक्षणानन्दो द्विजो मासद्वयेन सः । ख्यातं गुर्जरदेशेषु प्राप श्रीनगरं पुरम् ॥ २१
तत्र शुश्राव पञ्चालाद्धरिर्दर्भावतीं पुरम् । आगत्य सहजानन्दो वर्णी यज्ञं करोति हि ॥ २२
नारायणावतारं तं द्रक्ष्यामो मिष्टभोजनम् । कृत्वा धनं च प्राप्स्याम इति विप्रगिरोऽशृणोत् ॥ २३
महामखोत्सवं द्रष्टुं गच्छद्भिर्ब्राह्मणव्रजैः । सह सोऽपि समागच्छद् द्वितीयेऽहनि तां पुरीम् ॥ २४
नानादेशसमायातैः करात्तबलिभिर्जनैः । वृतायां तद्दिदृक्षोत्कैस्तस्यामैक्षत तं प्रभुम् ॥ २५

---

ભરપૂર મહાન ગ્રંથની રચના કરનારા થશો.[૧૮] મારી સેવામાં રહેવાનો તમારો મનોરથ હું પૂર્ણ કરીશ, એથી પૃથ્વી ઉપર જે સ્થળે હું પ્રગટપણે બિરાજું છું તે સ્થળ શોધીને મને મળો. આ પ્રમાણે કહીને ભગવાન શ્રીનારાયણઋષિ અંતર્ધાન થઈ ગયા.[૧૯]

ત્યારપછી શ્રીનારાયણ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શનથી મનોરથ પૂર્ણ થતાં શતાનંદવિપ્ર મનમાં અતિ પ્રસન્ન થયા અને દ્વાદશીના પ્રાતઃકાળે વ્રત સમાપ્તિમાં પારણાં કરી પશ્ચિમ પાંચાળ દેશ તરફ જવા પ્રયાણ કર્યું.[૨૦] ભગવાન નારાયણનાં દર્શનથી મહાઆનંદ પામેલા તે શતાનંદ વિપ્ર બે માસે ગુજરાતનું પ્રસિદ્ધ શ્રીનગર શહેર અમદાવાદમાં આવ્યા.[૨૧] અહીં તેમને એવું સાંભળવા મળ્યું કે, પશ્ચિમ પંચાળ દેશથી ડભાણ પુરીમાં આવેલા નૈષ્ઠિકવ્રતવાળા શ્રીસહજાનંદ સ્વામી મહાવિષ્ણુયાગ યજ્ઞ કરે છે.[૨૨] સહજાનંદ સ્વામી ભગવાન શ્રીનારાયણનો અવતાર છે. તેમનાં દર્શનનો લ્હાવો લેશું. ઈચ્છિત ભાવતાં ભોજન જમીને ધનની દક્ષિણા પણ પ્રાપ્ત કરશું. ચાલો ડભાણ. આ પ્રમાણેની બ્રાહ્મણોની વાણી શતાનંદ વિપ્રે શ્રીનગરમાં સાંભળી.[૨૩]

**શતાનંદવિપ્રનું શ્રીહરિ સાથે પ્રથમ મિલનઃ**–મહા વિષ્ણુયાગનાં દર્શન કરવા જતા બ્રાહ્મણોના સમુદાયની સાથે મળીને શતાનંદ વિપ્ર પણ બીજે દિવસે ડભાણપુરીમાં આવ્યા.[૨૪] આ નગરમાં મહાવિષ્ણુયાગમાં શ્રીહરિનાં દર્શન કરવાની ઈચ્છાથી દેશદેશાંતરમાંથી આવેલા ભક્તજનોની ભીડ જામી હતી. દર્શનાર્થીઓ હાથમાં અનેક પ્રકારની ભેટો સોગાદો લઈને શ્રીહરિનાં દર્શન કરવાની ઉત્કંઠાથી પંક્તિબદ્ધ ઊભા હતા. આવી ભીડ વચ્ચે રહેલા ભગવાન શ્રીહરિનાં શતાનંદ વિપ્રને દર્શન થયાં.[૨૫]

उच्चसिंहासनारूढं श्यामं चन्द्रसमद्युतिम् । भक्तहृन्नयनानन्दं वर्णिवेषं च बिभ्रतम् ॥ २६
हैमै रत्नमयैः पौष्पैर्भूषणैर्बहुधांशुकैः । अभ्यर्च्यमानं भक्तौघैश्चन्दनेन सुगन्धिना ॥ २७
करात्तयष्ट्या गृह्णन्तं हारान् पौष्पान्सहस्रशः ।नैकदेशसमायातैर्दीयमानान्नरव्रजैः ॥ २८
हैमी रौप्या मुद्रिकाश्च वासांस्याभरणानि च । विप्रेभ्यो ददतं प्रीत्या सहासमुखपङ्कजम् ॥ २९
तं दृष्ट्वा दण्डवद्भूमौ पतित्वा प्रणनाम सः । बद्ध्वाञ्जलिपुटं प्रोचे नारायण ! हरे ! जय ॥ ३०
हरिस्तं मानयामास सम्प्रीतः स्वागतादिभिः । वरदानं सफलयन्स्वकृतं भक्तवत्सलः ॥ ३१
स्वान्तिके वासयामास दत्त्वा दीक्षां च तं द्विजम् । प्रपन्नाभयदः स्वामी करुणावरुणालयः ॥ ३२
मनोरथफलं प्राप्य स च हृष्टमनाः प्रभुम् । सेवमानोऽवसन्नित्यं तद्यशोवर्णनोत्सुकः ॥ ३३

**ભગવાન શ્રીહરિ ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા હતા. નવીન મેઘની સમાન શ્યામ શરીરે શોભતા, નૈષ્ઠિક બ્રહ્મચારીના વેષને ધારી રહેલા એવા શ્રીહરિની કાંતિ ચંદ્રમાની સમાન શોભતી હતી, અને ભક્તજનોના નેત્રો અને મનને આનંદ ઊપજાવતા વિરાજમાન હતા.[૨૬] શ્રીહરિએ રત્નજડિત સુવર્ણનાં આભૂષણો અને વિવિધ પુષ્પોની માળાઓ ધારણ કરી હતી. શરીર ઉપર અનેક બહુમૂલ્યવાળાં વસ્ત્રો શોભી રહ્યાં હતાં, તેમજ ભક્તજનોના સમુદાયે ભાલમાં સુગંધીમાન કેશરચંદનની અર્ચા કરી પૂજન કર્યું હતું.[૨૭] ભગવાન શ્રીહરિ દેશદેશાંતરમાંથી આવેલા ભક્તજનોની ભીડમાંથી અર્પણ કરાયેલા પુષ્પના હારોને હાથમાં ધારેલી છડી વડે ગ્રહણ કરી રહ્યા હતા.[૨૮] તેમજ મંદ મંદ હાસ્ય કરતા ભગવાન શ્રીહરિ પોતાની પૂજામાં આવેલાં સોનામહોરો, રૂપામહોરો, ધન, દ્રવ્ય, વસ્ત્ર તથા અલંકારો રાજી થઈને દાનમાં અર્પણ કરી રહ્યા હતા.[૨૯] આવાં શ્રીહરિનાં અદ્‌ભૂત દર્શન કરી તે શતાનંદવિપ્રે પૃથ્વી ઉપર દંડની જેમ પડી શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા, પછી બે હાથ જોડી કહેવા લાગ્યા કે હે નારાયણ ! હે શ્રીહરિ ! તમારો વિજય થાઓ.[૩૦] બદરિકાશ્રમને વિષે પોતે નારાયણઋષિસ્વરૂપે જે વરદાન આપ્યું હતું તેને સફળ બનાવવા પ્રસન્ન થયેલા ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ શતાનંદ વિપ્રને નામ, ગોત્ર, દેશ આદિક સ્વાગત પ્રશ્નો કરી તેમનું સન્માન કર્યું.[૩૧] શરણે આવેલાને અભયદાન આપનારા, કરૂણાના મહાસાગર ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીએ શતાનંદ વિપ્રને પોતાના ઉદ્ધવસંપ્રદાયની ભાગવતી દીક્ષા આપી, શતાનંદમુનિ નામ ધારણ કરાવી પોતાની સમીપે રાખ્યા.[૩૨]**

**આ પ્રમાણે ભગવાનના સમીપની સેવાની પ્રાપ્તિથી શતાનંદમુનિનો મનોરથ**

कालेनाल्पेन च हरेः कृपया तस्य सद्धियः । समाधिसिद्धिरष्टाङ्गयोगाभ्यासं विनाऽभवत् ॥ ३४
ध्यायंस्तं हृदि सोऽद्राक्षीत्प्राग्दृष्टं बदरीश्वरम् । क्षणान्तेऽन्तर्हितः सोऽथ यथा सौदामनी दिवि ॥ ३५
ज्योतिर्मयेऽक्षरेधाम्नि स्थितं तं कृष्णमैक्षत । समग्रैश्वर्यसम्पन्नं सपार्षदपरिग्रहम् ॥ ३६
गोलोकमथ वैकुण्ठं श्वेतद्वीपादि धाम यत् । तदैक्षयत्सहैश्वर्यं हरिस्तस्मात् अलौकिकम् ॥ ३७
यथा स्वयं चाविरासीद्धर्मो भक्तिस्तथर्षयः । तेषां रूपं यथा पूर्वमत्रत्यं चाप्यबूबुधत् ॥ ३८
स्वस्य भक्ताश्च ये भूमौ पुरुषा योषितस्तथा । अपि तेषामुभे रूपे तस्मै हरिरजिज्ञपत् ॥ ३९
जन्मकर्मादि तेषां च स्वस्यैश्वर्यं च सर्वशः । भूतं भव'भविष्यं यत्तज्ज्ञानं प्रददौ प्रभुः ॥ ४०

---

પરિપૂર્ણ થયો. તેથી પ્રસન્ન મનવાળા શતાનંદમુનિ શ્રીહરિના યશોનું વર્ણન કરવાની અતિ ઉત્કંઠાવાળા થઈ ઈચ્છા મુજબ મળેલી સેવાને કરતા કરતા શ્રીહરિના સાનિધ્યમાં જ રહેવા લાગ્યા.[૩૩] ભગવાન શ્રીહરિની કૃપાથી સાત્વિક બુદ્ધિવાળા તે શતાનંદમુનિને અષ્ટાંગયોગના અભ્યાસ વિના પણ અલ્પ સમયમાં જ સહજ સમાધિદશા પ્રાપ્ત થઈ.[૩૪] શતાનંદમુનિ પોતાના હૃદયકમળમાં શ્રીહરિનું ધ્યાન કરતા હતા, ને અચાનક પૂર્વે બદરિકાશ્રમમાં પ્રત્યક્ષ જોયેલા બદરીપતિ નારાયણ ઋષિનાં એકાએક પ્રત્યક્ષ દર્શન થયાં અને ક્ષણવારમાં જ વીજળીની માફક એ ઋષિસ્વરૂપ અંતર્ધાન થઈ ગયું.[૩૫] અને પછી તરતજ હૃદયમાં દિવ્ય તેજોમય અક્ષરધામને વિષે વિરાજમાન સમગ્ર ઐશ્વર્યે સંપન્ન અને અનંત અક્ષર-મુક્તોની સેવાને સ્વીકારતા પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રીહરિનાં દર્શન થયાં.[૩૬]

ત્યારપછી શ્રીહરિએ શતાનંદમુનિને આનંદ ઐશ્વર્યથી સભર એવા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વિપ આદિ અલૌકિક દિવ્ય ધામોનાં દર્શન કરાવ્યાં.[૩૭] તેમજ ધર્મ ભક્તિ અને મરીચ્યાદિક ઋષિમુનિઓ આ પૃથ્વીપર જે રીતે પ્રગટ્યા તથા પોતે સ્વયં ભગવાન જે રીતે પ્રગટ્યા તેનું દર્શન કરાવ્યું, તેવીજ રીતે તે સર્વેના જન્મ પહેલાનાં રૂપોનું અને મનુષ્ય જન્મ પછીના રૂપોનું પણ જ્ઞાન કરાવ્યું.[૩૮] આ રીતે પોતાના જન્મની સાથે આ પૃથ્વી ઉપર જન્મેલા પોતાના ભક્ત જે નરનારી હતાં તે સર્વેનાં મુક્તસ્વરૂપ અને મનુષ્યસ્વરૂપ બન્ને રૂપોનું દર્શન શતાનંદમુનિને શ્રીહરિએ કરાવ્યું.[૩૯] ત્યારપછી અતિ સમર્થ એવા ભગવાન શ્રીહરિએ શતાનંદ મુનિને ભૂતકાળમાં પોતાના સહિત ધર્મભક્તિ અને અનંત મુક્તોના જે રીતે જે કુળમાં જન્મ થયા, તેઓએ જે કર્મો કર્યાં, તેઓના જન્મ કર્મમાં જે કાંઈ ઘટનાઓ ઘટી તે

ततोऽभूत्सोऽपि सर्वज्ञः शतानन्दो महामतिः । यथावत्तत्सर्वमवैन्मैत्रेयं स्वमृषिं तथा ॥ ४१
सोऽथ प्रीतमना वर्णी तदीयगुणवर्णनैः । स्वीयं ज्ञानं तथा विद्याः सफलीकर्तुमाह तम् ॥ ४२
त्वद्यशोगुम्फनेनैव प्रबन्धैर्विविधैः प्रभो ! । स्वज्ञानं सफलीकर्तुमुत्कायाऽऽज्ञां तु देहि मे ॥ ४३
इति निष्कपटं तेन याचितो हरिराहतम् । मनोरथोऽयं सफलो भविष्यति तव द्विज ! ॥ ४४
आयाहि त्वं मया साकं दुर्गपत्तनमुत्तमम् । तत्राहं कारयिष्यामि राधाकृष्णस्य मन्दिरम् ॥ ४५
तत्रातिपावने क्षेत्रे वसंस्त्वं स्थिरमानसः । शास्त्रं विरचयेर्वर्णिन् ! यथात्मानुभवं मम ॥ ४६
इत्यनुज्ञात ईशेन हृष्टः स कृतवांस्तथा । साकं भगवता दुर्गपुरमेत्यावसश्चिरम् ॥ ४७

---

સર્વેનું પ્રત્યક્ષ દર્શન કરાવ્યું, પોતાના દર્શન માત્રથી હજારો મનુષ્યોને થઇ જતી સમાધી આદિ અનંત ઐશ્વર્યશાળી ઘટનાઓનું પ્રત્યક્ષ દર્શન કરાવ્યું. તેમજ વર્તમાનમાં પોતાનાએ સહિત તે સર્વે જ્યાં રહેલા છે ને તેના જીવન કર્મની સાથે જે ઘટનાઓ ઘટી રહી છે તે સર્વેનું પ્રત્યક્ષ દર્શન કરાવ્યું, અને ભવિષ્યમાં પોતાનાએ સહિત આ પૃથ્વી ઉપર પ્રગટેલા સર્વે મુક્ત એવાં નરનારીઓનાં જીવન કર્મની સાથે જે ઘટનાઓ ઘટવાની છે તે સર્વેનું પ્રત્યક્ષ દર્શન શ્રીહરિએ કરાવ્યું.[૪૦] આ પ્રમાણે મહાબુદ્ધિશાળી તે શતાનંદમુનિ ભગવાન શ્રીહરિની કૃપાથી ભગવાન જેવા સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રિકાલજ્ઞ થયા અને પૂર્વે કહેલી સર્વે હકિકત યથાર્થપણે જાણવા લાગ્યા તેમજ શતાનંદમુનિ પોતે પણ મૈત્રેય ઋષિનો અવતાર છે, આ પણ જાણ્યું.[૪૧] આ પ્રમાણે સર્વજ્ઞતા પ્રાપ્ત થયા પછી સમાધીમાંથી બહાર આવેલા પ્રસન્ન મનવાળા નૈષ્ઠિક બ્રહ્મચારી એવા શતાનંદ સ્વામી શ્રીહરિના ગુણચરિત્રોનું ગ્રંથમાં વર્ણન કરવા દ્વારા પોતાના જ્ઞાન અને વિદ્યાને સફળ બનાવવા માટે શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા.[૪૨] હે પ્રભુ ! અનેક પ્રકારના પ્રબંધરૂપે આપના યશનું વર્ણન કરતા ગ્રંથદ્વારા મારા જ્ઞાનને હું સફળ બનાવવા ઈચ્છું છું, તો ઉત્સાહી મને ગ્રંથ રચવાની આજ્ઞા આપો.[૪૩]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહરાજા ! આ પ્રકારનાં શતાનંદ સ્વામીનાં નિષ્કપટ વચન સાંભળી શ્રીહરિ કહેવા લાગ્યા, હે મુનિ ! તમારા મનોરથ સફળ થશે. તમે મારી સાથે ગઢપુર ચાલો. એ ઉત્તમ ગઢપુરનગરમાં મને ગોપીનાથ ભગવાનનું મંદિર કરવાની ઈચ્છા છે. તે અતિપવિત્ર તીર્થક્ષેત્રમાં તમે સ્થિર મન કરી નિવાસ કરો. અને તમને જેવો અનુભવ થયો છે તેવા મારાં ચરિત્રોથી સભર

सत्सङ्गिजीवनं नाम धर्मशास्त्रमिदं हि सः । हरिलीलामयं चक्रे श्रीगोपीनाथमन्दिरे ॥ ४८
शोधयित्वाऽथ तद्भक्तान् हरेर्मत्प्रमुखान् विदः । कतिचित् पाठयामास विप्रानन्तर्हिते हरौ ॥ ४९
इति ते कथितं भूप ! जन्मकर्मादि मे गुरोः । सत्सङ्गिजीवनमथो सच्छास्त्रं वच्मि तत्कृतम् ॥ ५०
सकलधर्मभृतं हरिलीलया समुपबृंहितमेतदिहाद्भुतम् ।
रसविदां भुवि मानसरञ्जनं कलिमलोपशमं शृणु सादरम् ॥ ५१

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे शतानन्दमनोरथसिद्धिनामा तृतीयोऽध्यायः ॥३॥*

---

ગ્રંથની રચના કરો.[૪૪-૪૬] હે રાજન્ ! શ્રીહરિના આ પ્રકારના આદેશથી શતાનંદ સ્વામી અતિશય પ્રસન્ન થયા અને શ્રીહરિના કહેવા મુજબ તેમની સાથે ગઢપુરમાં આવી બહુકાળ પર્યંત નિવાસ કરીને રહ્યા.[૪૭] પવિત્ર તીર્થ શ્રીગોપીનાથજી ભગવાનના મંદિરમાં બેસી શતાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિનાં લીલા ચરિત્રોથી સભર સત્સંગિજીવન નામે આ ધર્મશાસ્ત્ર ગ્રંથની રચના કરી.[૪૮] ત્યારપછી પૂર્વાપર અનુક્રમનો મેળ કરી આ શાસ્ત્રનું સંશોધન કર્યું અને ભગવાન શ્રીહરિના અંતર્ધાન થયા પછી મને અને અન્ય વિદ્વાન પવિત્ર વિપ્ર ભક્તોને અભ્યાસ કરાવ્યો.[૪૯]

હે રાજન્ ! મારા ગુરુ શતાનંદ સ્વામીનું જન્મ અને કર્મરૂપ દિવ્યચરિત્ર મેં તમને સંભળાવ્યું, હવે પછી તેમણે રચેલા આ સત્સંગિજીવન સત્શાસ્ત્રની કથા સંભળાવું છું.[૫૦] આ શાસ્ત્રમાં છ પ્રકારના સંપૂર્ણ ધર્મનું પ્રતિપાદન કરેલું છે. આ શાસ્ત્ર શ્રીહરિના લીલાચરિત્રોથી ભરપૂર અને અદ્ભૂત છે. આ પૃથ્વી પરના રસીક મનુષ્યોના મનને રંજન કરનાર અને કળિયુગના કામ ક્રોધાદિ મેલને ધોનાર છે, તેથી સર્વે જનો આ સત્શાસ્ત્રનું પ્રેમપૂર્વક શ્રવણ કરો.[૫૧]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શતાનંદમુનિના મનોરથ સિદ્ધ થયાનું વર્ણન કર્યું એ નામે ત્રીજો અધ્યાય પૂર્ણ થયો. --૩--***

---

## चतुर्थोऽध्यायः

**सुव्रत उवाच –**

पातुं धर्ममधर्ममुत्खनयितुं श्रीभक्तिधर्माङ्गतो जातायोत्तरकोसलेषु विबुधानन्दाय सद्धर्मिणे ।
श्रीमच्चन्दनपुष्पहाररुचये शुभ्रांशुके बिभ्रते तस्मै श्रीगुरवे नमोऽस्तु हरये नारायणायर्षये ॥ १
यो बाल्येऽप्यखिलर्द्धिवैभवभृतेऽनासक्त एवात्मनो गेहे स्वेष्टबृहद्व्रतोचितमवाप्याऽऽशूपनायं पितुः ।
हित्वा तीव्रविरक्तितः सह निजैः सम्बन्धिभिस्तद्गृहं कर्तुं तीव्रतपांस्यरण्यमगमद्योगेश्वरात्मप्रियः ॥ २
स्वाभाविक्यभवच्च यस्य सततं ब्रह्मस्वरूपस्थिति
धर्मो भक्तिरपि स्वकैः सह च यद्धृत्पद्ममध्यूषतुः ॥
शब्दाद्या नृपदुर्लभाश्च विषयाः पञ्चापि यन्मानसं ।
नाक्रष्टुं क्वचनापि शेकुरमलं येभ्योऽस्ति भीस्त्यागिनाम् ॥ ३

---

## અધ્યાય – ૪

## સુવ્રતમુનિ કથાનો પ્રારંભ કરતાં પ્રથમ શ્રીહરિનું સ્મરણ કરે છે.

એકાંતિક ધર્મનું રક્ષણ કરવા અને અધર્મનો વિનાશ કરવા ઉત્તર કૌશલ દેશમાં ભગવદ્પ્રેમની શોભા ધરતા ધર્મદેવ અને ભક્તિદેવી થકી પ્રગટ થયેલા, યજ્ઞની પ્રવૃત્તિ અને ધર્મની પ્રવૃત્તિદ્વારા દેવતાઓને આનંદિત કરનારા, એકાંતિક ધર્મનું પાલન અને રક્ષણ કરનારા, શ્રેષ્ઠ સુગંધીમાન ચંદન અને પુષ્પોના હારથી અતિશય શોભતા, અતિ ઉજ્જવલ શ્વેતવસ્ત્રધારી અને સર્વેના ગુરુસ્થાને બિરાજતા શ્રીહરિને હું નમસ્કાર કરું છું.[1] ભગવાન શ્રીહરિ બાલ્યાવસ્થામાં જ સમૃદ્ધિથી સભર પોતાના ભવનમાં અનાસક્ત ભાવથી રહેતા હતા. તેને નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત અતિશય વહાલું હતું, તેથી તેમનું પોષણ કરવા માટે પિતા ધર્મદેવ થકી યજ્ઞોપવિત સંસ્કાર પ્રાપ્ત કરી તીવ્ર તપશ્ચર્યા કરવા સમૃદ્ધિ સભર ઘર અને કુટુંબ પરિવારનો તીવ્ર વૈરાગ્યના વેગે તત્કાળ ત્યાગ કરી મોટા મોટા યોગીજનોના આત્મવત્ પ્રિય ભગવાન શ્રીહરિ મહાવનમાં સિધાવ્યા.[2]

ભગવાન શ્રીહરિ મનુષ્યભાવનું અનુકરણ કરતા હતા છતાં પોતાની બ્રહ્મસ્વરૂપમાં અખંડ સ્થિતિ મુમુક્ષુઓને સ્વાભાવિકપણે જણાઇ આવતી હતી. શ્રીહરિના હૃદયમાં જ્ઞાન, વૈરાગ્ય આદિક પોતાના પરિવારે સહિત ધર્મ અને

भक्तान्स्वान्नरनाटनेन बहुधा यः प्रीणयन्भूतले । रामानन्दगुरोरवाप महतीं दीक्षामुदारश्रवाः ॥
विख्यातश्च ततो बभूव सहजानन्दाह्वया सद्गुरुः । शुष्कज्ञानिकुलार्यनास्तिकमतध्वान्तैकचण्डांशुमान् । ४
यश्चाधर्मकुलान्निजाश्रितजनांस्तूर्णं विमोच्याखिलां-
ल्लोभेर्ष्या मदमानमत्सरकलिक्रोधात्मभूसैन्यतः ॥
स्वीयं धाम तमःपरं नयति तान्देहावसानेऽक्षरं ।
ब्रह्माधिक्षिति स प्रभुर्विजयते भूरिप्रतापो हरिः ॥ ५
क्वचन निजमुखारविन्ददृष्ट्यै निजमुटजं परिवेष्ट्य मण्डलेन ।
स्थितमृषिगणमाकलय्य तूर्णं बहिरुपगच्छति मे मनोऽस्तु तस्मिन् ॥ ६

---

**ભક્તિનો અખંડ નિવાસ હતો. મોટા મોટા રાજા મહારાજાઓને માટે જે પંચવિષયો દુર્લભ છે, એવા ભારે ભારે પંચ વિષયો શ્રીહરિના મનને પોતા તરફ આકર્ષવા ક્યારેય પણ સમર્થ બનતા ન હતા. મોટા મોટા ત્યાગીઓને પણ જે ભારે પંચ વિષયો ભ્રષ્ટ કરી નાખવાનો ભય ઉપજાવે છે તે શ્રીહરિના મનને ક્યારેય સ્પર્શ પણ કરી શકતા ન હતા.[૩] આ લોકમાં મહાન ઉદાર કીર્તિવાળા ભગવાન શ્રીહરિ પોતાના સમસ્ત આશ્રિત ભક્તજનોને બહુ પ્રકારની માનવલીલા કરી આનંદ ઉપજાવતા હતા, ઉદ્ધવાવતાર જગત્ગુરુ શ્રીરામાનંદ સ્વામી પાસેથી ભાગવતી મહાદિક્ષા પામી સહજાનંદ એવા નામથી પ્રસિદ્ધિ પામ્યા હતા. અને પોતાના આશ્રિત ભક્તજનોના ગુરુ સ્થાને બિરાજીને જેમ પ્રચંડ મહાતેજથી ઝળહળાટ કરતો સૂર્ય પૃથ્વીપરના અંધકારનો નાશ કરે તેમ વૈદિક માર્ગના વિરોધી એવા શુષ્કવેદાંતી, શક્તિપંથી તેમજ નાસ્તિકોના મતરૂપી અંધકારનો વિનાશ કર્યો હતો.[૪]**

**લોભ, ઈર્ષ્યા, મદ, માન, મત્સર, કલહ, ક્રોધ અને કામરૂપી અધર્મસર્ગના સૈન્યથી પોતાના આશ્રિત ભક્તજનોને તત્કાળ મુક્ત કરી દેહાવસાને માયાના ગાઢ અંધકારથી પર તેજોમય અક્ષરબ્રહ્મધામને વિષે લઈ જનારા મહાપ્રતાપી ભગવાન શ્રીહરિ આ ભૂમંડલ પર સર્વત્ર જયકારી પ્રવર્તે છે.[૫] કોઈ કોઈ સમયે જ્યારે શ્રીહરિ પર્ણકુટિમાં બિરાજતા હોય, ત્યારે તેમનાં દર્શનની પ્રતીક્ષા કરતાં મુનિમંડળો પર્ણકુટિની ચારે બાજુ વિટાઈને ઊભા હોય છે. તે સમયે ઋષિગણ દર્શને પધાર્યા છે, એમ જાણી તરત જ પર્ણકુટિની બહાર આવી દર્શન આપતા શ્રીહરિના સ્વરૂપમાં મારું મન સદૈવ મગ્ન રહો.[૬] કોઈ સમયે મુનિમંડળો દેશાંતરોમાંથી પોતાને દર્શને આવી રહ્યા છે એવું સાંભળતાંની સાથે જ તત્કાળ તેઓની સામા જવાની ઉતાવળમાં**

क्वचन मुनिगणागमं निशम्य द्रुतमभिसञ्चलनास्मृतोत्तरीये ।
नवनलिनदृशाऽभितो निजांस्तान्सुखयति मेऽत्र मनोऽस्तु चैकचैले ॥ ७
क्वच सदसि महासनोपविष्टे करविलसत्तुलसीन्धनस्त्रजीशम् ।
स्मरति भगणमध्यगेन्दुशोभे मुनिनयनैकपदे मनोऽस्तु तस्मिन् ॥ ८
क्वच मुनिजनमाननात्तशुक्लाम्बरतिलकाक्षतचित्रपुष्पमाले ।
स्थितवति धृतपादुकेऽस्तु चेतो भगवति मे कटिदत्त पाणिपद्मे ॥ ९
अजनजनिमुखोत्सवेषु नानाजनपदसङ्गतभूरिभक्तसङ्घैः ।
विविधवसनभूषणैः सुगन्धैरपचित एष मुदेऽस्तु पुष्पहारैः ॥ १०
क्वचन मुनिजनातिथिक्रियायां दृढकटिबन्धपिनद्धपीतवासाः ।
स्वयमपि परिवेषयन्मुहुस्तानतिसुहितान् विदधत्स मेऽस्तु सिद्ध्यै ॥ ११

---

ઉપરના વસ્ત્રને પણ ધારવાનું ભૂલી જતા અને એક માત્ર ધોતી પહેરીને સામે જઇ નવીન કમળ સરીખી પ્રેમ ભરેલી દૃષ્ટિથી ચારે તરફ નિહાળી દર્શન કરતા મુનિમંડળોને આનંદ ઉપજાવતા આ ભગવાન શ્રીહરિમાં મારું મન સદૈવ સ્થિર રહો.[૭]

કોઇ સમયે સભામાં મહામૂલા ઊંચા આસન ઉપર વિરાજમાન થઇ જમણા હાથમાં તુલસીની માળા ફેરવી ઈશ્વરનો જપ કરતા, તારામંડળમાં ચંદ્રમાની જેમ સંતમંડળમાં શોભતા અને મુનિઓના નેત્રોના એકમાત્ર આધાર સ્વરૂપ ભગવાન શ્રીહરિમાં મારું મન સદાય લાગી રહો.[૮] કોઇ સમયે મુનિઓએ પૂજન કરેલ હોવાથી શ્વેત વસ્ત્ર, ભાલમાં ચોખાએ સહિત તિલક અને કંઠમાં રંગબેરંગી પુષ્પોની માળાથી અતિશય શોભી રહેલા અને ચરણમાં પાદુકા પહેરી ડાબા હાથને કેડ ઉપર ટેકવીને ઊભા રહેલા ભગવાન શ્રીહરિમાં મારી ચિત્તવૃત્તિ સદૈવ સ્થિર રહો.[૯] ક્યારેક અજન્મા ભગવાન શ્રીકૃષ્ણના જન્માષ્ટમી આદિક મહોત્સવને વિષે દેશ દેશાંતરમાંથી આવતા ઘણા બધા ભક્તોના સંઘોએ અનેક પ્રકારનાં વસ્ત્ર, આભૂષણ, અલંકાર તથા સુગંધીમાન શીતળ ચંદનથી પૂજેલા આ ભગવાન શ્રીહરિ મારા ગ્રંથ નિર્માણમાં અતિ ઉત્સાહ પ્રેરનારા થાઓ.[૧૦]

કોઇ સમયે મુનિજનોનો આતિથ્ય સત્કાર કરવા પોતાના ખેસને ડાબા ખભા ઉપરથી લઇ કેડ સંગાથે દૃઢ કછોટો બાંધી વારંવાર પિરસી મુનિજનોને અતિ તૃપ્ત કરનારા ભગવાન શ્રીહરિ આ ગ્રંથ સમાપ્તિની સિદ્ધિરૂપ મારો મનોરથ

ध्वजयवकमलांकुशोर्ध्वरेखारुचिरपदक्रमणैरिमां धरित्रीम् ।
विदधदतिदिवं स धर्मसूनुर्निजसखिनर्मकरो ददातु बुद्धिम् ॥ १२
क्वचन निजसुतद्वयाय देशान् सदसि समं हि विभज्य दत्तवन्तम् ।
भुवि वृषपरिरक्षणैकभावं वृषतनयं तमहं धियै स्मरामि ॥ १३
इह जडमतयश्च पापिजीवा अपि यदुदारसदाश्रयेण नैके ।
द्रुततरपरिहातदुःखभावाः सुकृतिवराः स्युरसौ स मेऽस्तु तुष्टः ॥ १४
क्वचन निजजनान् यथाधिकारं ननु निगमस्मृतिसम्मतं स्वधर्मम् ।
यदुपतिभजनाढ्यमादिशंस्तं विदधदथ स्वयमीश एष तुष्यात् ॥ १५
क्वचन विदधदिष्टकर्म शुद्धं क्वच विदधद्भुवि पूर्तकर्म चेशः ।
अगणितमुखजान् यथेष्टभोज्यैरति सुहितान् विदधे स मेऽस्तु तुष्टः ॥ १६

---

પરિપૂર્ણ કરો.[૧૧] ધ્વજ, જવ, કમળ, અંકુશ અને ઉર્ધ્વરેખા આદિ સોળ ચિહ્નોથી અતિશય શોભતાં શ્રીચરણનાં પગલાં મૂકવાથી આ ધરતીને સ્વર્ગ કરતાં પણ અધિક સૌભાગ્યશાળી કરનારા તથા પોતાના સખા ભક્તોની સાથે હાસ્ય વિનોદને કરનારા ધર્મપુત્ર ભગવાન શ્રીહરિ મને આ ગ્રંથ રચવામાં નિપુણબુદ્ધિ અર્પણ કરો.[૧૨] કોઈ સમયે પોતાના ભક્તજનોથી ભરપૂર સભામાં દેશના વિભાગ કરી પોતાના બંધુઓના પુત્રોને ગાદિ અર્પણ કરી તેના દ્વારા આ પૃથ્વી પર એક ધર્મનું રક્ષણ કરવાની જ અંતરમાં ઈચ્છા ધરાવતા ધર્મતનય ભગવાન શ્રીહરિનું મારી હરિચરિત્ર સ્મરણથી પ્રભાવી બનેલી બુદ્ધિથી હું સ્મરણ કરું છું.[૧૩]

આ ભૂતલમાં અનેક જડમતિ પાપીજીવો પણ જે શ્રીહરિના ઉદાર સંતોનો એક સમાશ્રય કરવા માત્રથી તત્કાળ દુષ્ટ સ્વભાવનો ત્યાગ કરી મહા પૂણ્યશાળી બને છે તે આ ભગવાન શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ.[૧૪] કોઈ સમયે શ્રુતિ, સ્મૃતિએ પ્રતિપાદન કરેલા ભગવાનની ભક્તિએ સહિતના સ્વધર્મનો પોતપોતાના અધિકાર અનુસાર ભક્તજનોને બોધ આપનારા અને સ્વયં ઈશ્વર હોવા છતાં પણ ભક્તજનોના શિક્ષણને અર્થે સ્વધર્મનું પાલન કરતા આ ભગવાન શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ.[૧૫]

કોઈ સમયે આ પૃથ્વી પર શુદ્ધ અહિંસામય યજ્ઞ તથા અન્નક્ષેત્રાદિક ઈષ્ટ કર્મનું પ્રવર્તન કરતા, કોઈ સમયે વાવ, કૂવા ગળાવવા, તળાવ બંધાવવાં, ધર્મશાળા તથા મંદિરોનાં નિર્માણ કરવાં વિગેરે પૂર્તકર્મનું પ્રવર્તન કરતા, તેમજ ચાર પ્રકારનાં

क्वच निशि मुनिवृन्दमध्यसंस्थः स्वयमुरुसंशयपृच्छ्यमुद्विभाव्य ।
प्रतिपदमुरुधोत्तरप्रदाता हरिरिह साधु तनोतु मङ्गलं मे ॥ १७
अकृतविविधयोगसाधनोऽपि ध्रुवमणुवीक्षणमात्रतोऽपि यस्य ।
इह सकलसमाधिसिद्धिमेति प्रभुरखिलं मम मङ्गलं क्रियात्सः ॥ १८
भवतीह भुवस्तले महान्नगराजो हिमवानुदग्दिशि ।
विततोच्चगृहाभकन्दरः पृथुरूप्योच्चयशुभ्रकान्तिमान् ॥ १९
क्वचिदञ्जनपुञ्जसन्निभः क्वचिदष्टापदसानुशोभनः ।
क्वचिदेष च रौप्यशृङ्गभृद्बहुधा वर्णविचित्रदर्शनः ॥ २०
विमलाः पुरुनिर्झरोद्भवाः परितः सारसहंसमण्डिताः ।
सरितः प्रसरन्ति वा यतः शततशो लोलतरङ्गशब्दिताः ॥ २१

---

ઇચ્છિત ભોજન જમાડી અગણિત ભૂદેવોને તૃપ્ત કરતા પરમેશ્વર શ્રીહરિ મારી પર કૃપા વરસાવો.[૧૬] ક્યારેક રાત્રી સભામાં મુનિઓની વચ્ચે વિરાજમાન થઇ અનેક પ્રકારના સંશયયુક્ત પ્રશ્નો કરતા અને તે પ્રશ્નોના ઉત્તર જ્યારે કોઇથી ન થાય ત્યારે દરેક પ્રશ્નનું બહુપ્રકારે સરળ તેમજ સર્વેને બોધ થાય એ રીતે સુંદર સમાધાન કરતા ધર્મનંદન શ્રીહરિ મારું સર્વપ્રકારે મંગળ વિસ્તારો.[૧૭] આ પૃથ્વી પર અનેક ભક્તો અષ્ટાંગયોગની સાધના કર્યા વિના પણ જેમની દૃષ્ટિ માત્રથી પણ નિશ્ચે સમગ્ર સમાધિસિદ્ધિમાં સ્વતંત્રતા પ્રાપ્ત કરેલી છે, એવા મહા સામર્થી સભર ભગવાન શ્રીહરિ મારું સમગ્ર મંગલ વિસ્તારો.[૧૮] (આ પ્રમાણે કથાના પ્રારંભ પૂર્વે શ્રીહરિનાં ચરિત્રોનાં સ્મરણ પૂર્વકનું મંગલાચરણ કરી સુવ્રતમુનિ પ્રતાપસિંહ રાજાને હવે આ સત્સંગિજીવનની સંપૂર્ણ કથા સંભળાવવાનો પ્રારંભ કરે છે.)

**હિમાલય વર્ણનઃ-** આ પૃથ્વી પર તેમાં પણ આ ભારત દેશની ઉત્તરદિશામાં નગાધિરાજ હિમાલય નામનો મહાન પર્વત આવેલો છે. તે હિમાલય વિશાળ અને ઊંચા રાજમહેલ સરખી ગુફાઓ તથા ઊંચા ચાંદીના ઢગલા જેવી શ્વેત કાંતિથી શોભે છે.[૧૯] આ હિમાલય કોઇ ભાગમાં કાજળના ઢગલા જેવો કાળો તો કોઇ ભાગમાં સુવર્ણ જેવી સોનેરી શિખરોવાળો છે. તેમજ અનેક પ્રકારની રંગબેરંગી ચિત્રવિચિત્ર શોભાને ધારી રહ્યો છે.[૨૦] આ હિમાલયમાંથી નિર્મળ જળવાળી, કલકલ કરતાં અનેક ઝરણાંઓમાંથી ઉદ્‌ભવેલી તેમજ ઉછળતા તરંગોથી શબ્દ ધ્વનિ કરતી સેંકડો નદીઓ વહી રહી છે. એ નદીઓના કિનારા

धवकेतककुम्भपाटलाभिः ककुभैः कुन्दकदम्बनालिकेरैः ।
वटबिल्वकपित्थदाडिमैर्यो रुचिरस्तालतमालसालजालैः ॥ २२
सरलैर्वरणैरशोकवृन्दैर्बकुलाम्रातकचम्पकै रसालैः ।
कदलीप्रमुखैः फलद्रुमैर्यो रमणीयः कुसुमद्रुमैः समन्तात् ॥ २३
विकचैः कुसुमैरिवेक्षमाणश्चालशाखद्रुभिराह्वयन्निवार्घ्यान् ।
मधुरैः पिककूजितैश्च दर्भैः फलमूलादिभिरप्यथातिथेयः ॥ २४
रुरुभिर्महिषैर्बलीमुखैः किटिशल्यैः श्रित ऋक्षगण्डकैः ।
कृकवाकुमयूरचातकैरितरैः पक्षिगणैश्च सेवितः ॥ २५
गजबृंहितनिर्झरस्वनैरुपदेवाद्युपवीणनैस्तथा ।
निगमध्वनिभिर्धुनीरवैर्निनदैः पक्षिगणस्य लक्षितः ॥ २६

---

રાજહંસ અને સારસ પક્ષીઓથી શોભી રહ્યા છે.[૨૧]

આ હિમાલય ચારે બાજુ ઊભેલાં ધાવડો, કેવડો, ગુલગુલા, રાતો રોહિડો, અર્જુન, મોગરો, કદમ્બ, નાળિયેરી, વડ, બીલીપત્ર, પીપળો, દાડમી, તાડ, તમાલ, સાગ, બપોરીયા આદિક અનેક વૃક્ષોથી શોભી રહ્યો છે.[૨૨] તેમજ ચારે તરફ ઊભેલાં દેવદારુ, વરણો, આસોપાલવ, બોરસળી, આંબા, ચંપા, ફણસ, કેળ વિગેરે ફળપ્રધાન અને કેટલા પુષ્પ પ્રધાન વૃક્ષોથી પણ આ હિમાલય અતિ રમણીય ભાસે છે.[૨૩] વળી આ હિમાલય ખીલેલાં પુષ્પોરૂપી નેત્રથી પૂજનીય અતિથિઓને જાણે નિહાળતો હોય ને શું ! વાયુના વેગથી ચાલતી વૃક્ષની ડાળીઓરૂપી હાથના હેલકારાથી અને ટહુકા કરતી કોયલોના મધુર શબ્દોથી જાણે અતિથિ પુરુષોને પોતાની સમીપે બોલાવતો હોયને શું ! તથા દર્ભવડે અતિથિઓને આસન આપતો હોયને શું ! તથા ફળમૂળ આદિ ભક્ષ્ય પદાર્થો વડે અતિથિઓને તૃપ્ત કરતો હોયને શું ! તેમ ભાસે છે.[૨૪]

આ હિમાલયમાં રુરુ નામનાં મૃગલાંઓ, પાડાઓ, વાનરો, વરાહો, શેઢાઈઓ, રીંછો, ગેંડાઓ, તેમજ કુકડાઓ, મોર અને ચાતક આદિક ભાતભાતનાં રંગબેરંગી ચિત્રવિચિત્ર પશુ પક્ષીઓના સમૂહો નિવાસ કરીને રહે છે.[૨૫] આ હિમાલય હાથીઓના શબ્દધ્વનિ, ખળખળ વહેતાં ઝરણાઓનો ધ્વનિ, ગંધર્વોની વીણાવાદનનો ધ્વનિ, મુનિઓના મુખમાંથી નિકળતા વેદમંત્રોનો ધ્વનિ, ઘુઘવાટા કરતી ગંગાના પ્રવાહનો ધ્વનિ અને પક્ષીઓના કલરવના ધ્વનિથી અતિશય ગુંજી

विदधे विधिनैव योऽधिपः सकलानामपि भूभृतां पुरा ।
निखिलोत्तमरत्नसम्भवः श्रित एवास्ति शिवादिभिश्च यः ॥ २७
यत्र दिव्या त्रिपथगा प्रथमं सुप्रतिष्ठिता । ब्रह्मलोकादपाक्रान्ता वर्तते सप्तधा किल ॥ २८
वस्वौकसारा नलिनी पावनी च सरस्वती । जम्बूनदी च सीता च गङ्गा सिन्धुश्च सप्तमी ॥ २९
तत्र क्षोणिधराधिपे भगवतो नारायणस्याश्रमः । साक्षाच्छ्रीपुरुषोत्तमस्य कृपया ऋष्याकृतिं बिभ्रतः ।
स्वप्रेष्टप्रभुसेवनात्तबदरीदावाकृतिच्छादितस्वानन्ताक्षरधामतोऽस्त्यतिसुखं यो दत्त एवेक्षणात् ॥३०
बदरीतरुमण्डलोल्लसद्रसवत्कोलगुलुञ्छकाश्च यत् ।
दधते हि कमण्डलुभ्रमं प्रभुवीक्षागतमुक्तहृत्स्वपि । ३१
परितस्तरुमूलसंश्रिता निगमार्थं भगवन्मुखाच्छ्रुतम् ।
हृदये विजने पुनः पुनर्मुनयो यत्र विभावयन्ति च ॥ ३२

---

રહ્યો છે.[૨૬]

બ્રહ્માજીએ આ હિમાલયની પહેલાંથી જ સર્વ પર્વતોના રાજાધિરાજ પર્વતરાજ તરીકે નિમણુંક કરી છે. આ હિમાલયના પેટાળમાંથી અમૂલ્ય રત્નો નિપજે છે, આ હિમાલય ભગવાન ભોળાનાથ આદિ અનેક યોગીઓનો આવાસભૂત છે.[૨૭] સત્યલોકમાંથી નીચે ઊતરી આવેલી, વિરાટ બનેલા ભગવાન વામન નારાયણના શ્રીચરણોના સ્પર્શથી દિવ્ય બનેલી અને ત્રણ માર્ગે વહેતી પાવનકારી નદી ગંગાજી, એક વસ્વૌકસારા, બીજી નલિની, ત્રીજી પાવની, ચોથી સરસ્વતી, પાંચમી જમ્બુ, છઠ્ઠી અલકનંદા અને સાતમી સીતા આ પ્રમાણેની સાત ધારાઓ આ હિમાલયમાંથી વહી રહી છે.[૨૮-૨૯]

**બદરિકાશ્રમનું વર્ણનઃ–** આવા પાવનકારી પર્વતરાજ હિમાલયમાં સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ ભગવાનના અવતારરૂપ, સંસારી જીવો ઉપર દયા કરીને ઋષિરૂપ ધારી રહેલા ભગવાન શ્રીનરનારાયણનો આશ્રમ આવેલો છે. સ્વયં અક્ષરધામ જ પોતાનું મૂળ સ્વરૂપ ઢાંકીને પોતાના પ્રિયતમ ભગવાન શ્રીહરિની સેવા કરવા માટે જાણે બદરિકાશ્રમ સ્વરૂપે પ્રગટ થયું હોય તેમ ભાસે છે, અને દર્શનમાત્રથી આ આશ્રમ ત્યાં આવેલા સર્વને અતિશય સુખ આપે છે.[૩૦] આ દિવ્ય બદરિકાશ્રમમાં બોરડીના વૃક્ષોમાં લટકતાં સુમધુર રસભરેલ સ્વાદિષ્ટ ફળોનાં ઝુમખાંઓ ભગવાનનાં દર્શન કરવા આવતા મુક્તોના હૃદયકમળમાં કમંડલોની ભ્રાંતિ ઉપજાવે છે.[૩૧] આ આશ્રમમાં અનેક વૃક્ષોના નીચે એકાંતસ્થળમાં

शशकाः खनकाः खगा मृगाः सदयं मुक्तजनैरुदीक्षिताः ।
अचलाः खलु चिन्तयन्ति यन्मुनिबाला इव शिक्षिता हरिम् ॥ ३३
जनतापरिपीडनोद्यता हरिभीता मदनाद्यरिद्विपाः ।
प्रभवन्ति न मुक्तधाम यं हृदये नाप्यभिगन्तुमञ्जसा ॥ ३४
निजमानसतापशान्तये परितो मुक्तजना यदागताः ।
हरिवागमृतेन निर्वृता बृहदानन्दसुखाश्चरन्ति च ॥ ३५
मृगराजमुखाश्च यत्र वै गतनैसर्गिकदुष्टवृत्तयः ।
पशवोऽपि यथा वनिद्विजा ऋषिवृत्तिं दधते हि निस्स्मराः ॥ ३६
उरगा नकुलैर्द्विपाश्च सिंहैर्वृषदंशैः खनका वृकैः शृगालाः ।
हरिणाश्च तरक्षुभिश्चरन्ति सह यत्रापि दिवाशया अरिष्टैः ॥ ३७
विलसत्यतिनिर्मलोदका निखिलाघौघविशोधनेक्षणा ।
हिमरश्मिरुचिस्तरङ्गिता वितता विष्णुपदी च यत्र वै ॥ ३८

બેઠેલા મહર્ષિઓ ભગવાન નારાયણઋષિના મુખેથી સાંભળેલા વેદના રહસ્યનું પોતાના મનમાં વારંવાર મંથન કરે છે.[૩૨]

આ આશ્રમમાં વસતાં સસલાં, ઉંદર, હરણાં અને પક્ષીઓ દયા સાથે મુક્તાત્માઓથી સુંદર શિક્ષણ પામેલાં ઋષિમુનિઓનાં જાણે બાળકો હોય ને શું, તેમ અચળપણે ભગવાન નારાયણનું ચિંતવન કરે છે.[૩૩] જેમ સિંહ થકી ભય પામેલા હાથીઓ સિંહ રહેતા હોય ત્યાં જવાને સંકલ્પ પણ કરતા નથી, તેમ મનુષ્યોના મનને તપાવનારા કામ, ક્રોધાદિ અંતઃશત્રુઓ રૂપી મદોન્મત્ત હાથીઓ ભગવાન નારાયણથી ભયપામી મુક્ત પુરુષોના ધામરૂપ આ બદરિકાશ્રમમાં મનથી પણ પ્રવેશ કરવા સમર્થ થતા નથી.[૩૪] મનમાં રહેલા ત્રિવિધ તાપની શાંતિ માટે, ચારે બાજુના અન્ય આશ્રમોમાં વસતા મુમુક્ષુઓ જ્યારે આ આશ્રમમાં આવે છે ત્યારે ભગવાન શ્રીનારાયણના મુખમાંથી વરસતા વચનામૃતના પાનથી ત્રિવિધ તાપથી મુક્ત થઈ બ્રહ્માનંદના સુખે સુખીયા થઈ વિચરણ કરે છે.[૩૫] જ્યારે સિંહ આદિ હિંસક પશુઓ પ્રવેશ કરે છે ત્યારે પોતાની પરસ્પરની સહજ વૈરવૃત્તિને છોડી નિષ્કામી મુનિઓની જેમ ઋષિવૃત્તિ ધારણ કરી સર્પ નોળિયાની સાથે, હાથીઓ સિંહની સાથે, ઉંદર બિલાડાની સાથે અને શિયાળ વરુઓની સાથે, તેમજ ઘુવડ કાગડાની સાથે અને હરણાં દીપડાની સાથે કામ ક્રોધાદિ દોષોથી રહિત થઈ વિચરણ કરે છે. કારણ કે આ આશ્રમમાં તે દોષોનો પ્રવેશ નથી.[૩૬-૩૭]

कौपीनकन्थांशुकवल्कलानि धृतानि शाखासु च यत्तरूणाम् ।
साशङ्कमेव स्पृशति द्विजानां वातोऽपि गङ्गोदकशोधितानि ॥ ३९
सूर्यवह्निसदृशप्रभैश्च यो ब्रह्मभूतयतिभिर्जितेन्द्रियैः ।
तापसै रुरुमृगाजिनाम्बरैः सर्वविद्भिरभिसेव्यतेऽनिशम् ॥ ४०
भूरिपुण्यचयहीनदुर्गमो ब्राह्मलक्ष्म्यनुगतश्च कामदः ।
शिक्यलम्बिकठिनैः पयोघटैर्मण्डितः श्रमहरश्च पश्यताम् । ४१
दिव्यपुष्पनिवहा इतस्ततः सन्ति यत्र हरिपूजकैः कृताः ।
भूरितेजसि न यत्र बाधते रात्रिजं च तिमिरं महात्मनः ॥ ४२
भूरिभस्मनिचयानि शुचीनां यत्र चाग्निशरणानि मुनीनाम् ।
साङ्गवेदविदुषां जटिलानां सन्ति संयमकृशाङ्गलतानाम् ॥ ४३

---

આ આશ્રમમાં સ્વચ્છ જળવાળી, દર્શન માત્રથી સમગ્ર પાપના સમૂહોને ધોનારી, ચંદ્રના સરખી શ્વેત કાન્તિવાળી અને પહોળા પટવાળી પવિત્ર વિષ્ણુપદી ગંગા નદી વહે છે. આ આશ્રમમાં ગંગાના નિર્મળ જળથી ધોઈ વૃક્ષોની શાખાઓ પર સૂકવેલાં મુનિઓનાં કૌપીન, કંથા અને વલ્કલોને વાયુ પણ 'આ મારાથી અપવિત્ર તો નહિં થઈ જાય ને ?' એવી શંકા સાથે સ્પર્શ કરે છે.[૩૮-૩૯] રાત્રી દિવસ આ બદરિકાશ્રમનું સેવન કરતા બ્રહ્મસ્થિતિને પામેલા પરમહંસો સૂર્ય અને અગ્નિ સરખા ઉજ્જવળ કાંતિવાળા છે, જિતેન્દ્રિય અને તપોનિષ્ઠ છે, રુરુ નામના મૃગચર્મને ધારણ કરનારા તે ત્રિકાળદર્શી છે.[૪૦]

અનંત જન્મના પુણ્ય રહિત પુરુષોને આ આશ્રમની પ્રાપ્તિ અતિશય દુર્લભ છે. જે બ્રહ્મસ્થિતિને પામ્યા હોય તેને જ એક આશ્રય માટે પ્રાપ્ય છે. અહીં રહેનારના પોતે ઈચ્છેલા સર્વ મનોરથો પૂર્ણ થાય છે. આ આશ્રમ શીકાઓમાં લટકાવેલ જળકઠારી અને ઘડાઓથી અતિશય શોભી રહ્યો છે, આવા આ આશ્રમનાં દર્શન માત્રથી મુનિઓના પરિશ્રમને હરી લે છે.[૪૧] આ આશ્રમમાં ભગવદ્ પૂજન કરનારા મુનિઓ દ્વારા ઠેકઠેકાણે મૂકી રાખેલી સુગંધીમાન પુષ્પોની ઢગલીઓ નજરે પડે છે. સ્વતઃસિદ્ધ અતિશય પ્રકાશમાન આ આશ્રમમાં વસતા મુનિઓને રાત્રીનો અંધકાર પણ બાધ કરી શકતો નથી.[૪૨] આ આશ્રમમાં અંગે સહિત ચાર વેદને જાણનારા, જટાધારી અને તપથી શરીરને કૃશ કરી નાખનારા વલ્કલ વસ્ત્રધારી પવિત્ર મુનિઓની પવિત્ર ભસ્મોથી ભરપૂર એવી અસંખ્ય અગ્નિશાળાઓ આવેલી છે.[૪૩]

यत्र केचन सकृन्मरुद्भुजो नीरपाः कतिचनोष्मपास्तथा ।
फेनपा विधुमरीचिपास्तपो धूमपाश्च वनिनः प्रकुर्वते ॥ ४४
चीरचर्मदलवल्कलवस्त्राः केचनापि तृणतन्तुजवस्त्राः ।
अश्मकुट्टमथवा रदकुट्टं यत्र केचिदृषयोऽद्यमदन्ति ॥ ४५
भक्षयन्ति चलपत्रफलानि केचिदम्बुनिलया जपनिष्ठाः ।
त्यक्तसर्वविषया व्रतमेकेऽभ्रावकाशमपि यत्र चरन्ति ॥ ४६
प्रेमवृद्धिमधिकां नरबन्धौ लब्धुमुज्झितरसाः कृशदेहाः ।
नैष्ठिकव्रतधराः सकला यच्चिन्तयन्ति हृदि तं विलसन्तम् ॥ ४७
यत्रत्या ऋषयो व्रजन्त्यनुदिनं श्रीवासुदेवं स्थितं ।
श्वेतद्वीप ऋतेऽमृतेऽतिमहसि द्रष्टुं निजे धामनि ॥

**મુનિઓની જીવનચર્યાઃ–** આ આશ્રમમાં કેટલાક વાનપ્રસ્થ મુનિઓ એકવાર જ વાયુભક્ષણ કરીને રહે છે. કોઈ માત્ર જળપાન કરીને, તો કોઈ વરાળનું પાન કરીને તપ કરે છે, કોઈ ફીણનું ભક્ષણ કરીને તો કોઈ ચંદ્રના કિરણોનું પાન કરી તપ કરે છે, અને કેટલાક માત્ર ધૂમનું પાન કરી તપ કરે છે.[૪૪] આ આશ્રમમાં તપ કરતા કેટલાક ઋષિમુનિઓ જીર્ણ વસ્ત્રો, મૃગચર્મ, વૃક્ષનાં પત્રો અને વલ્કલ વસ્ત્રોને ધારણ કરે છે. તો કેટલાક મુનિ ઘાસમાંથી બનાવેલી કંથા ધારણ કરે છે, કોઈ મુનિ પથ્થરથી કૂટેલાં અન્ન તથા ફળનું ભક્ષણ કરે છે. તો કોઈ મજબૂત દાંતવાળા મુનિઓ માત્ર દાંતથી ચાવીને જ ભોજન કરવાના આગ્રહવાળા છે.[૪૫] આ આશ્રમમાં રહી તપ કરતા કેટલાક ઋષિમુનિઓ પીપળાની પીપરીનો આહાર કરે છે, કોઈ મુનિ પાણીમાં બેસી જપ કરે છે, તો કોઈ પંચવિષયોનો ત્યાગ કરી ઉપર આકાશવાળી ખુલ્લી જગ્યામાં બેસવારૂપ અભ્રાવકાશવ્રતને આચરી જપ ને તપ કરે છે.[૪૬] આ રીતે ભગવાન નારાયણઋષિને વિષે પ્રેમની અભિવૃદ્ધિ કરવા સાંસારિક વિષયોના આસ્વાદ છોડી તપથી શરીરને દુર્બળ કરનારા નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતને ધરી રહેલા સમસ્ત ઋષિમુનિઓ આ આશ્રમમાં વિલસતા ભગવાન નારાયણઋષિનું હૃદયમાં હમેશાં ચિંતવન કરે છે.[૪૭]

આ બદરિકાશ્રમમાં નિવાસ કરતા ઋષિમુનિઓ અતિ ઉત્સાહપૂર્વક આકાશમાર્ગે ક્રૌંચ પક્ષીઓના સમુદાયની પેઠે ભેળા થઈ ધનુષમાંથી નીકળેલા બાણથી પણ અધિક વેગવાળા થઈ ઉચ્ચે સ્વરે ભગવાન શ્રીનરનારાયણના

चापोन्मुक्तशरातिगाः सहनरं नारायणं चोच्चकैर्गायन्तो ।
गगनाध्वनोत्सुकहृदः क्रौञ्चा यथा यूथशः ।। ४८
श्वेतद्वीपपदान्नरेण सहितं नारायणं वीक्षितुं ।
यत्रायान्त्यनुवासरं च मुनयः श्रीवासुदेवेति खे ।।
कुर्वन्तो ध्वनिमुच्चकैः सितरुचः क्रुङ्यूथवच्चाध्वनि ।
प्राप्तांश्चानमतो नमन्त उरुधा नारायणीयान्मुनीन् ।। ४९
स्नातुं यास्यत ईशितुस्त्रिपथगां सन्दर्शनाय द्रुतं ।
यत्र प्रातरुपेत्य चाध्वनि सदा तिष्ठन्ति वै पङ्क्तिशः ।।
अद्यास्मद्धरिरेष्यतीत्यतितरामुत्कण्ठिताश्चोन्मुखा ।
आरण्याः पशुपक्षिनागमनुजास्त्यक्तान्यसर्वक्रियाः ।। ५०
यत्र शाद्वलमये समीकृते हीनदंशमशके मृदुस्थले ।
उद्गताऽस्ति बदरी सुशोभिता स्निग्धकोमलदलैः फलव्रजैः ।। ५१

---

મંત્રનો જાપ કરતા થકા સત્યસ્વરૂપ, અમૃતસ્વરૂપ અને અતિશય પ્રકાશમાન એવા શ્વેતદ્વિપધામમાં રહેલા ભગવાન શ્રીવાસુદેવ નારાયણનાં દર્શન કરવા માટે પ્રતિદિન જાય છે.[૪૮] અને તેવી જ રીતે શ્વેતદ્વિપ ધામવાસી નિરન્નમુક્તો પણ ક્રૌંચ પક્ષીઓના સમુદાયની જેમ ભેળા મળીને આકાશમાર્ગે સામા મળતા બદરિકાશ્રમવાસી મુક્તોને નમસ્કાર કરી, જય શ્રીવાસુદેવ! જય શ્રીવાસુદેવ! કહીને શ્રીનરનારાયણ ભગવાનનાં દર્શન કરવા નિત્યે બદરિકાશ્રમ પ્રત્યે આવે છે.[૪૯]

**બદરીવિશાલાનું વર્ણનઃ–**આ બદરિકાશ્રમમાં નિવાસ કરતાં પશુ, પક્ષી, સર્પ અને ભીલ આદિ મનુષ્યો પ્રાતઃકાળે ભગવાનનાં દર્શન સિવાયની બધી ક્રિયાનો ત્યાગ કરી, હમણાં જ આપણા ભગવાન શ્રીનારાયણ અહીંથી પ્રસાર થશે, એવી અતિ ઉત્કંઠાવાળા થઈ આગમનના માર્ગમાં ઊંચાં મુખ રાખી પંક્તિબદ્ધ ઊભી પતિતપાવની ગંગાજી તરફ જતા ભગવાન શ્રીનારાયણનાં દર્શન કરે છે. અને સ્નાન કરી ભગવાન પાછા પધારે ત્યારે પુનઃ દર્શન કરી પરમ સુખનો અનુભવ કરે છે.[૫૦] આ બદરિકાશ્રમમાં મચ્છર આદિ ઉપદ્રવી જંતુઓ રહિત, હરિયાળી અને સમતળ એવી મૃદુભૂમિમાં વિશાલા નામની બોરડી ઉગેલી છે. તેની આસપાસ પંક્તિબદ્ધ ઉગેલાં વૃક્ષોથી, ચીંકણાં ચળકતાં કોમળ પાંદડાંઓથી અને લટકતાં સુમધુર પાકેલાં બદરીફળોથી વિશેષ શોભી રહી છે.[૫૧] ચારેબાજુ રહેલાં નિત્ય

नित्यपुष्पफलशालिभिश्च या दिव्यपादपवरैः परिश्रिता ।
क्षुत्तृडुष्णहिमदोषवर्जिता पूजिता च बलिहोमकर्मभिः ॥ ५२
विस्तृतातिविमलद्युतिशाखा कण्टकैः परिहृता च मनोज्ञा ।
निःसरन्मधुरसा ननु दिव्या वीक्षणादखिलपापनिहन्त्री ॥ ५३
नादिता मधुरवैश्च विहङ्गैः सेविता सुरगणैरनुवेलम् ।
छायया निबिडया श्रयणीया यां वदन्ति मुनयश्च विशालाम् ॥ ५४
ज्ञानविज्ञानसम्पन्नः श्रीकृष्णस्य निदेशतः । निवसत्युद्धवो यत्र सिद्धो भागवताग्रणीः ॥ ५५
वैहायसो ह्रदो यत्र सन्ति राजर्षयश्च यत् । यत्र चाश्वशिरा नित्यं वेदान् पठति शाश्वतान् ॥ ५६
यत्र शक्रः पुरा हत्वा वृत्रं वेदार्थपारगम् । ब्रह्महत्यापनोदार्थं चक्रे वर्षायुतं तपः ॥ ५७
सावर्णिः सूर्यतनयो नारदेन सुशिक्षितः । सद्धर्मानभ्यसन् यत्र तपस्यति हरिं भजन् ॥ ५८

---

**પુષ્પ, ફળ અને દળવાળાં પારિજાતનાં વૃક્ષોથી વિંટાયેલી આ બદરીવિશાલા નીચે બેસનારા સાધકને ક્યારેય ભૂખ, તરસ, ટાઢ, તડકો આદિ શારીરિક દોષો સ્પર્શ કરી શકતા નથી. ભગવાનના નિવાસને કારણે સર્વશ્રેષ્ઠપણાને પામેલી આ બોરડીનું પણ સાધકો ચંદન પુષ્પ અને હોમાદિક ક્રિયાથી પૂજન અર્ચન કરે છે.[૫૨] આ બોરડીની વિશાળ શાખાઓ અતિસુંદર અને ચળકતી છે. આ બોરડીમાં એક પણ કાંટો નથી, તેથી અતિ સુંદર મનોહર લાગે છે. આ બોરડી સતત ઝરતા મધુર રસવાળી અને દર્શનમાત્રથી પાપીઓનાં પાપને સમાવનારી દિવ્ય છે.[૫૩] જેની શાખાઓ ઉપર બેસી પક્ષીઓ મધુર કલરવ કરે છે, ઈન્દ્રાદિ દેવતાઓ આનું નિત્ય સેવન કરે છે. આ બોરડીની ઘાટી છાયા આશ્રય કરવા યોગ્ય હોવાથી નારદ આદિક ઋષિમુનિઓ એમને વિશાલા નામથી સંબોધે છે.[૫૪]**

**આવા બદરિકાશ્રમને વિષે જ્ઞાનવિજ્ઞાન સંપન્ન, ભક્તોમાં અગ્રેસર અને સિદ્ધદશાને પામેલા ઉદ્ધવજી ભગવાન શ્રીકૃષ્ણના આદેશથી નિત્ય નિવાસ કરીને રહે છે.[૫૫] આ આશ્રમમાં વૈહાયસ નામનો ધરો આવેલો છે. આ આશ્રમમાં મરુત આદિ રાજર્ષિ દેવતાઓ પણ નિવાસ કરે છે. તેમજ અશ્વશિરા નામના ઋષિ શાશ્વત વેદોનો નિત્ય પાઠ કરે છે.[૫૬] પૂર્વે વેદપારંગત વૃત્રાસુરનો વધ કરવાથી લાગેલી બ્રહ્મહત્યાના નિવારણને માટે ઈન્દ્ર મહારાજાએ દશહજાર વર્ષ પર્યંત આ આશ્રમને વિષે તીવ્ર તપશ્ચર્યા કરી હતી.[૫૭]**

**દેવર્ષિ નારદજી થકી સાંખ્યયોગ અને પંચરાત્રનો ઉપદેશ પામેલા સૂર્યપુત્ર**

श्रेयसे भुवि भक्तानां यत्रैव भगवान्स्वयम् । नरनारायणो नित्यं तपश्चरति दुष्करम् ॥ ५९
प्रवर्तते नैव कलिः कर्हिचिद्यत्र चाश्रमे । श्रेयोमूर्तेर्भगवतः साक्षाद्वासाज्जगत्पतेः ॥ ६०
अखण्डभगवद्ध्यानानन्दनिर्वृतमानसः । नित्यं सेवापरो यत्र नारदो वर्तते मुनिः ॥ ६१
यत्रत्यसुखलेशेन पारमेष्ठ्यादिधामजम् । सुखं समं नैव बुधैर्मीयते रसवेदिभिः ॥ ६२

मुक्तैरनेकैश्च मुमुक्षुवृन्दैः समाश्रितो यो विबुधै रसज्ञैः ।
स आश्रमो दर्शनमात्रतोऽपि हरन्नघं शोभयतीह भूमिम् ॥ ६३

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे बदरिकाश्रमवर्णननामा चतुर्थोऽध्यायः ॥४॥*

---

**સાવર્ણિમનુ આ આશ્રમમાં રહી ભાગવતધર્મનું અનુષ્ઠાન કરે છે અને સાક્ષાત્ નારાયણ ભગવાનનું પ્રેમ પૂર્વક ભજન કરતા થકા તપ કરે છે.[૫૮] આ આશ્રમમાં સ્વયં ભગવાન શ્રીનરનારાયણદેવ પણ ભરતખંડવાસી ભક્તજનોના આત્યંતિક કલ્યાણને અર્થે નિત્ય દુષ્કર તપ કરે છે.[૫૯] કલ્યાણમૂર્તિ તેમજ સમસ્ત જગતના સ્વામી એવા સાક્ષાત્ ભગવાન શ્રીનારાયણનો આ આશ્રમ હોવાથી કળિયુગ પોતાનું સામર્થ દેખાડવા ક્યારેય પણ સમર્થ થતો નથી.[૬૦] ભગવાનના અખંડ ધ્યાનથી ઉત્પન્ન થયેલા આનંદથી મનમાં પરમ સુખને પામેલા અને ભગવાન શ્રીનરનારાયણની અખંડ સેવાપરાયણ એવા નારદમુનિ પણ આ આશ્રમમાં નિવાસ કરીને રહે છે.[૬૧] ભગવદ્ રસને માણનારા રસજ્ઞ ભક્તો બ્રહ્મપદ કે ઈન્દ્રપદના મહાસુખને પણ આ બદરિકાશ્રમના એક અલ્પ સુખની તોલે પણ ગણતા નથી.[૬૨]**

**એવા આ બદરિકાશ્રમમાં ભગવાનના ભક્તિરસને માણનારા અસંખ્યાત મુક્તો અને મુમુક્ષુઓના સમૂહો તથા દેવતાઓ નિવાસ કરીને રહે છે. તેમજ દૃષ્ટિમાત્રથી આ આશ્રમ દર્શન કરનારા મનુષ્યોનાં પાપને હરે છે, એવો આ બદરિકાશ્રમ સમગ્ર ધરતીને શોભાવે છે, અર્થાત્ આ આશ્રમના કારણે ધરતી પોતાને કૃતાર્થ માને છે.[૬૩]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં બદરિકાશ્રમનું વર્ણન કર્યું એ નામે ચોથો અધ્યાય પૂર્ણ થયો. --૪--***

---

पञ्चमोऽध्यायः

सुव्रत उवाच -

तत्रैकदा भगवतो नरनारायणस्य हि । दर्शनार्थमुपाजग्मुर्मुनयस्तत्स्मृता नृप ! ॥ १
तीर्थयात्रां बहुविधां विधाय जगतीतले । इच्छन्तस्तत्फलं प्राप्तुं दर्शनेन जगद्गुरोः ॥ २
मरीचश्च वसिष्ठोऽत्रिरेकतश्च द्वितस्त्रितः । कश्यपश्च भरद्वाजः शाकल्यो भृगुरङ्गिराः ॥ ३
हारीतो गौतमः कण्वो याज्ञवल्क्यपराशरौ । शिंशपायन और्वश्च विश्वामित्रस्तथाऽऽसुरिः ॥ ४
संवर्तो बभ्रुमैत्रेयौ बृहदश्वोऽथ लोमशः । उतथ्य इन्द्रप्रमितिर्वैशंपायनदेवलौ ॥ ५
पुलस्त्यः पुलहो गर्गः शक्त्रिर्वोदुर्बृहस्पतिः । वामदेवः पञ्चशिखः प्रचेताः कर्दमः क्रतुः ॥ ६
जैगीषव्यः सुमन्तुश्च वाल्मीकिश्च्यवनोऽरुणिः । कात्यायनो जरत्कारुरास्तीकश्च विभाण्डकः । ७
ऋष्यशृङ्गः शरद्वांश्च शमीको जैमिनिर्यतिः । अष्टावक्रः पाणिनिश्च माण्डव्यः शाकटायनः ॥ ८
कृष्णात्रेयः स्थूलशिराः शुनको गार्ग्यतित्तरी । कालवृक्षीय उत्तंको नाचिकेतश्च माठरः ॥ ९

## અધ્યાય – ૫

## બદરિકાશ્રમમાં ઋષિઓનું આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! એક સમયને વિષે ''સર્વે મુનિઓ મારાં દર્શન કરવા અહીં પધારે.'' આ પ્રમાણે ભગવાન શ્રીનારાયણે હૃદયથી યાદ કરેલા મરીચિ આદિ મુનિઓ ભગવાન શ્રી નરનારાયણનાં દર્શન કરવાને અર્થે બદરિકાશ્રમમાં પધાર્યા.[૧] પૃથ્વી પરનાં વિવિધ તીર્થોની યાત્રા કરી જગદ્‌ગુરુ ભગવાન શ્રીનારાયણનાં પ્રત્યક્ષ દર્શન કરી તીર્થયાત્રાનાં સંપૂર્ણ ફળને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી સર્વે મુનિઓ બદરિકાશ્રમને વિષે પધાર્યા.[૨]

મરીચિ, વસિષ્ઠ, અત્રિ, એકત, દ્વિત, ત્રિત, કશ્યપ, ભરદ્વાજ, શાકલ્ય, ભૃગુ, અંગિરા, હારિત, ગૌતમ, કણ્વ, યાજ્ઞવલ્ક્ય, પરાશર, શિંશપાયન, ઔર્વ, વિશ્વામિત્ર, આસુરિ, સંવર્ત, બભ્રુ, મૈત્રેય, બૃહદશ્વ, લોમશ, ઉતથ્ય, ઈન્દ્રપ્રમિતિ, વૈશંપાયન, દેવલ, પુલસ્ત્ય, પુલહ, ગર્ગ, શક્તિ, વોઢુ, બૃહસ્પતિ, વામદેવ, પંચશિખ, પ્રચેતા, કર્દમ, ક્રતુ, જૈગીષવ્ય, સુમંતુ, વાલ્મીકિ, ચ્યવન, અરુણિ, કાત્યાયન, જરત્કારુ, આસ્તીક, વિભાંડક, ઋષ્યશૃંગ, શરદ્વાન, શમીક, જૈમિનિ, યતિ, અષ્ટાવક્ર, પાણિની, માણ્ડવ્ય, શાકટાયન, કૃષ્ણાત્રેય, સ્થૂલશિરા, શુનક, ગાર્ગ્ય, તિત્તરિ, કાલવૃક્ષીય, ઉત્તંક, નાચિકેત, માઠર, મૌંજાયન, પર્ણાદ, બૃહદગ્નિ, પર્વત, જાતૂકર્ણ્ય, ઋચીક, હરિશ્મશ્રુ, અંશુમાન, વૈતંડી, ક્ષારપાણી, કઠ, તાંડ્ય,

मौञ्जायनश्च पर्णादो बृहदग्निश्च पर्वतः । जातूकर्ण्य ऋचीकश्च हरिश्मश्रुस्तथांशुमान् ॥ १०
वैतण्डी क्षारपाणिश्च कठस्ताण्ड्यश्च गालवः । अग्निवेश्यश्च कौण्डिन्यः शाण्डिल्यो भालुकिस्तथा । ११
श्वेतकेतुश्च विपुलो मङ्किर्गौरशिरास्तथा । भाण्डायनिर्जयन्तश्च माण्डूकेयश्च शार्करः ॥ १२
कणादः कवषः पैलः पिप्पलायनभागुरी । कक्षीवानिध्मवाहश्च वत्सो गौरमुखस्तथा ॥ १३
जाबालिरुपमन्युश्च शुक्रो वेदशिरा मुनिः । मेधातिथिश्चार्ष्टिषेणोऽथर्वेन्द्रप्रमदस्तथा ॥ १४
कुशिको नरदः शङ्खो लिखितः सुतपाः शुकः । प्राणो दाल्भ्यो वीतहव्यः सावर्ण्योद्दालकौ तथा । १५
सावेतसो वैतहव्यः सावर्णिर्भार्गवस्तथा । गोभिलो जाजलिर्यास्कः काश्यपो वात्स्यनैध्रुवौ ॥ १६
सौभरिः शौनकोऽगस्त्यो मुद्गलः सैन्धवायनः । सारस्वतो भूरिषेणो देवरातोऽकृतव्रणः ॥ १७
एते सशिष्याश्चन्येऽपि पिप्पलादादयो नृप ! । नारायणाश्रमं प्रापुः कैलासाचलसन्निधौ ॥ १८

गङ्गामचक्षत च तत्र सितोदकां ते प्रातस्तनार्करतेजितलोलभङ्गीम् ।
उत्तुङ्गदीर्घतरलध्वनिनादिताशां भस्मावशेषसगरात्मजमुक्तिदात्रीम् ॥ १९

---

**ગાલવ, અગ્નિવેશ્ય, કૌંડિન્ય, શાંડિલ્ય, ભાલુકી, શ્વેતકેતુ, વિપુલ, મંકિ, ગૌરશિરા, ભાંડાયનિ, જયંત, માંડૂકેય, શાર્કર, કણાદ, કવષ, પૈલ, પિપ્લાયન, ભાગુરિ, કક્ષીવાન્, ઇધ્મવાહ, વત્સ, ગૌરમુખ, જાબાલી, ઉપમન્યુ, શુક્ર, વેદશિરા, મેધાતિથિ, આર્ષ્ટિષેણ, અથર્વા, ઇન્દ્રપ્રમદ, કુશિક, નરદ, શંખ, લિખિત, સુતપા, શુક, પ્રાણ, દાલ્ભ્ય, વીતહવ્ય, સાવર્ણ્ય, ઉદ્દાલક, સાવેતસ, વૈતહવ્ય, સાવર્ણિ, ભાર્ગવ, ગોભિલ, જાજલિ, યાસ્ક, કાશ્યપ, વાત્સ્ય, નૈધ્રુવ, સૌભરી, શોનક, અગસ્ત્ય, મુદ્‌ગલ, સૈંધવાયન, સારસ્વત, ભૂરિષેણ, દેવરાત, અકૃતવ્રણ વિગેરે એકસો ઓગણચાલીસ મુનિઓ પોતાના શિષ્યમંડળને સાથે લઇ બદરિકાશ્રમમાં પધાર્યા. તથા બીજા પિપ્લાદ આદિ મુનિઓ પણ કૈલાસ પર્વતની સમીપે રહેલા બદરિકાશ્રમને વિષે ભગવાન શ્રીનરનારાયણના આશ્રમમાં પધાર્યા.[૩-૧૮]**

**મહિમા સાથે પ્રથમ ગંગાસ્નાનઃ–** **બદરિકાશ્રમમાં પધારેલા મુનિઓએ તે આશ્રમની સમીપમાં જ વહેતી ભાગીરથી ગંગાનાં દર્શન કર્યાં. શ્વેત જળવાળી, આ ગંગાના તરંગો પ્રાતઃકાળે સૂર્યનાં કિરણોથી ચળકે છે. આ ગંગા ઊંચે ઉછળતા તરંગોના ઘોષથી દશે દિશાઓને ગજાવે છે, તથા આ ગંગાજી સગર રાજાના ભસ્મીભૂત થયેલા સાઠહજાર પુત્રોને મુક્તિ આપનારી છે.[૧૯]**

**ભગવાન શ્રીનારાયણનાં નિત્ય સ્નાનથી આ ગંગાજી અતિ પવિત્ર છે, એટલા જ માટે આ ગંગાનું દર્શન અને સ્મરણ કરવા માત્રથી જન્માંતરોનાં સમગ્ર**

या नित्यदा भगवदाप्लवनातिपूता दृष्टा स्मृताऽपि निखिलाघचयापहन्त्री ।
स्पर्शेन पातकहरेति तु किंनु वाच्यं नाम्नैव दूरगनृणामपि पातकघ्नी ॥ २०
यत्सङ्गतो जनपदा अपि कीकटाद्याः सत्सेव्यपुण्यपदतामुपयान्ति सद्यः ।
यामन्तरा ननु महर्द्धिभृतोऽपि देशा निस्तोयनद्य इव यान्ति विगीततां वै ॥ २१
यत्सेवनाद्गतिमिहाशु च यां लभन्ते लोका न तां तु तपसा न मखैर्व्रतैर्वा ।
चान्द्रायणव्रतपुरश्चरणादिभिर्या स्यात्कायशुद्धिरिह साम्बुकणेन चास्याः ॥ २२
नानामखादिकरणश्रममन्तराऽपि पापात्मनामपि नृणां सकृदम्बुसङ्गात् ।
अर्कप्रभोज्ज्वलविमानवरेण सद्यः स्वर्गप्रदाननिपुणा न पराऽस्ति यस्याः ॥ २३
या श्रीमहेश्वरजटामुकुटैकभूषासेन्द्रैः सुरैः सुरगणैश्च निषेव्यमाणा ।
मुक्तैर्मुमुक्षुभिरथाखिलसिद्धिकामैः सर्वार्थदेति सततं भुवि सेवनीया ॥ २४

---

પાપના સમૂહનો વિનાશ થાય છે, તો પ્રત્યક્ષ જલસ્પર્શ કરવાથી પાપ દૂર થાય તેમાં શું કહેવું ? ગંગાજીના નામનું ઉચ્ચારણ કરવા માત્રથી દૂર વસતા મનુષ્યોનાં પણ પાપ નાશ પામે છે.[૨૦] ગંગાજીના સંબંધ માત્રથી કીકટ આદિ અનાર્ય દેશો પણ તાત્કાલિક સાધુજનોને સેવવા યોગ્ય અને પાવનકારી પુણ્યક્ષેત્ર થયા છે. અને ગંગાજીના સંબંધ વિનાના પ્રદેશો તો મહાસંપત્તિથી ભરપૂર હોવા છતાં પણ પાણી વગરની નદીની સમાન નક્કી ઘૃણાને પાત્ર જણાય છે.[૨૧]

આવાં ગંગાજીના સેવનથી આલોકમાંથી મનુષ્યને જેવી ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે. તેવી નાના પ્રકારનાં વ્રત તપ અને યજ્ઞયાગાદિકે કરીને પણ થતી નથી. તેમજ ચાંદ્રાયણ વ્રત, મંત્ર પુરશ્ચરણ તથા તીર્થાટન વગેરે સાધનોના અનુષ્ઠાનથી જેવી શરીરની શુદ્ધિ થાય છે, તેવી શુદ્ધિ તો આ ગંગાજીનાં પવિત્ર જળના માત્ર એક બુંદ આચમની લેવાથી થાય છે.[૨૨] અનેકવિધ યજ્ઞયાગાદિ પૂણ્યકર્મ કરવાના પરિશ્રમ વિના પણ પાપાત્મા મનુષ્યો એકવારના આ ગંગાજીના સેવનથી જ સૂર્યની કાંતિ સરખા પ્રકાશમાન વિમાનમાં બેસી તત્કાળ સ્વર્ગે સીધાવે છે. અને તેથી જ આ ગંગાજી સમાન અન્ય કોઈ પણ શ્રેષ્ઠ નદી નથી.[૨૩] આ ગંગાજી જગદંબા પાર્વતી દેવીની સાથે બિરાજતા મહેશ્વર ભગવાન શિવજીના જટામુકુટના આભૂષણરૂપ છે. શિવજી પણ પોતાની પવિત્રતા માટે સદાયને માટે પોતાના મસ્તક ઉપર ધારી રાખે છે, તેમજ ઈન્દ્રે સહિત દેવતાઓ અને દેવગણો નિરંતર આ ગંગાજીનું સેવન કરે છે. અને મુક્તભાવને પામેલા મુનિજનો અને મુક્તિની

यत्र क्व वाऽपि पुरुषस्य मृतस्य चास्थि यस्याः पतेत् पललभक्षकपक्षिचञ्च्वाः ।
यद्यम्भसि ध्रुवमसावपि देवलोकं सद्यो लभेत किमु तर्हि तदम्बुसेवी ॥ २५
युक्तो महामुनिगणैः पुरुषोत्तमः श्रीनारायणः प्रतिदिनं सलिले यदीये ।
स्नाति स्वयं सकलपुण्यनिधिः सलीलं माहात्म्यवर्णनपटुर्भुवि को नु तस्याः ॥ २६
तस्यां यथाविधिस्नात्वा प्रातः कृत्यं विधाय ते । भगवद्दर्शनं कर्तुं बदरीं तामुपाययुः ॥ २७
अथ ते ददृशुर्विप्रा भगवन्तं नरं मुनिम् । अधःस्थितं विशालाया बदर्या गगनस्पृशः ॥ २८
जटाकिरीटे स्वर्णाभे मुनिधारितशेखरम् । सितोर्ध्वपुण्ड्रं तुलसीमालिनं श्वेतवाससम् ॥ २९
कविर्हरिरन्तरिक्षः प्रबुद्धः पिप्पलायनः । आविर्होत्रोऽथ द्रुमिलश्चमसः करभाजनः ॥ ३०

---

ઇચ્છાવાળા મુમુક્ષુઓને પણ સેવવા યોગ્ય છે. વળી આ ગંગાજી સકલ મનોરથને સિદ્ધ કરનારી હોવાથી સાંસારિક સમગ્ર ભોગની ઇચ્છાવાળા સકામી મનુષ્યોએ પણ નિરંતર સેવવા યોગ્ય છે.[૨૪]

અરે !!! કોઇ અન્ય સ્થળને વિષે મૃત્યુ પામેલા પુરુષનું અસ્થિ માંસભક્ષી પક્ષીના મુખમાંથી આ ગંગાજીના પવિત્ર જળને વિષે પડે તો પણ તેનો જીવ તે જ ક્ષણે દેવલોકની પદવીને પ્રાપ્ત કરે છે. તો પછી આ ગંગાજીના જળનું પ્રત્યક્ષ સેવન કરનારા મનુષ્યો સ્વર્ગના સુખને પ્રાપ્ત કરે તેમાં તો કહેવું જ શું ? [૨૫] કારણ કે સકલ પુણ્યના નિધિ ભગવાન શ્રીનારાયણ તનુ આદિ મુનિઓની સાથે આ ગંગાજીના જળને વિષે હમેશાં જળક્રિડા કરે છે, માટે આવાં ગંગાજીનાં મહિમાનું વર્ણન કરવા આ ધરતીપર કોણ સમર્થ થઇ શકે ?.[૨૬] માટે જ મરીચ્યાદિક મુનિઓએ શાસ્ત્રોક્ત વિધિથી આ ગંગા નદીમાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કર્યું, ત્યારબાદ પ્રાતઃકાલીન સંધ્યાવંદન આદિ નિત્ય કર્મની સમાપ્તિ કરી ભગવાન શ્રીનારાયણનાં દર્શન કરવા તે વિશાલા નામની બોરડીની સમીપે આવ્યા છે.[૨૭] મરિચ્યાદિ મુનિઓને ગગનચુંબી વિશાલા નામથી પ્રસિદ્ધ બોરડીના વૃક્ષ નીચે વેદિકા ઉપર વિરાજમાન થયેલા ભગવાન નરઋષિનાં પ્રથમ દર્શન થયાં.[૨૮] તે ભગવાન નરની સુવર્ણ સમાન ઉજ્જવલ કાંતિ હતી. તેમના મસ્તક ઉપર જટાજૂટનો મુકુટ શોભતો હતો. આશ્રમ નિવાસી મુનિઓએ પૂજામાં અર્પણ કરેલા પુષ્પના તોરાઓ ધારણ કર્યા હતા, ભાલને વિષે શ્વેત ઉર્ધ્વપુંડ્ર તિલક શોભતું હતું, કંઠમાં તુલસીની માળા ધારી હતી, આ રીતે શ્વેતવસ્ત્રધારી શ્રીનર ભગવાન શોભી રહ્યા હતા.[૨૯] તથા કવિ, હરિ, અંતરિક્ષ, પિપ્લાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ, કરભાજન આ નવ

इत्येतैर्नवभिर्मुख्यैर्महायोगेश्वरैस्तथा । वृतं तन्वादिभिर्विप्रैः कलापग्रामवासिभिः ॥ ३१
द्विभुजं जलदश्यामं वर्णिवेषधरं कृशम् । सुप्रसन्नमुखाम्भोजं तं दृष्ट्वा जहृषुर्द्विजाः ॥ ३२
मुनीन्विलोक्याथ स चात्मनः प्रियान् ब्रह्मण्यदेवोऽपि जगद्गुरुर्मुदा ।
अभ्येत्य सद्यः प्रणनाम मानितस्तैः सोऽपि गाढं परिरभ्य मुद्धरैः ॥ ३३
ततो निषेदुर्मुनयो नरेण कुशेषुदत्तेषु वृषीषु चाथ ।
स पूजयामास यथोचितं तान् पाद्यादिभिः पूज्यतमान्सदर्च्यः ॥ ३४
कृत्वातिथ्यमृषीणां स देशकालोचितं नरः । विनयेनोपसङ्गम्य वचनं चेदमब्रवीत् ॥ ३५

**नर उवाच –**

अद्यानन्दो महाञ्जातो भवतां दर्शनान्मम । सर्वं सुलभमेवास्ति दुर्लभः सत्समागमः ॥ ३६

---

મહાયોગેશ્વરો તથા કલાપગ્રામવાસી તનુઆદિ મુનિઓની સાથે શ્રીનરભગવાન બેઠા હતા.[30-31] તે દ્વિભુજ નવીન મેઘની સમાન શ્યામ, વર્ણિવેશને ધરી રહેલા, તપશ્ચર્યાથી શરીરને કૃશ કરનારા તથા પ્રસન્ન મુખકમળવાળા નરભગવાનનાં દર્શન કરી મરિચ્યાદિ મુનિઓ અતિ હર્ષને પામ્યા.[32] ત્યારપછી જગતના ગુરુ અને બ્રહ્મવાદીઓમાં અગ્રેસર એવા નરઋષિએ પોતાને અત્યંત વ્હાલા આવા સંતોનાં દર્શન થતાંની સાથેજ સહર્ષ ઊભા થઈ સન્મુખ જઈ સંતોને નમસ્કાર કર્યા અને તે મરિચ્યાદિ મુનિઓ પણ અતિ હર્ષભેર સામે દોડી નરભગવાનને બાથમાં ઘાલી ભેટીને તેમના સત્કારનો પણ આદર કર્યો.[33] મુનિઓના સત્કારમાં નરભગવાને અર્પણ કરેલાં દર્ભ અને તૃણનાં આસન ઉપર મરીચ્યાદિ મુનિઓ બિરાજમાન થયા, ત્યારપછી પોતે સત્પુરુષોના પૂજ્ય હોવા છતાં નરભગવાને પાદ્ય અર્ઘ્ય વગેરે યથાયોગ્ય પૂજા સામગ્રીથી મુનિઓનું પૂજન કર્યું.[34] આ પ્રમાણે નરભગવાને દેશકાળને અનુસારે ઋષિઆનો યથાયોગ્ય આતિથ્ય સત્કાર કર્યો અને વિનયથી નમ્રભાવે મુનિઓની સમીપે પધારી તેઓને આ પ્રમાણે કહેવા લાગ્યા.[35]

**સંત અને સત્સંગનો મહિમાઃ–** નરઋષિ કહે છે, હે સંતો ! આપનાં દર્શનથી આજ મને બહુજ આનંદ થયો. આ સંસારમાં સકલ પદાર્થો સુખેથી પ્રાપ્ત થઈ શકેછે પણ તમારા જેવા પવિત્ર સંતોનો સમાગમ મળવો અતિ દુર્લભ છે.[36] પવિત્ર સંતોમાં પણ તમે અતિ શ્રેષ્ઠ છો, કારણ કે તપોનિધિ ઋષિસ્વરૂપ આ પ્રગટ શ્રીનારાયણ ભગવાનને વિષે તમારી મતિ સ્થિર વર્તે છે. ભગવાનપણું ગુપ્ત રાખેલ

तत्रापि सत्तमा यूयं येषां दृढतरा मतिः । ऋष्याकृतौ भगवति वर्ततेऽपि तपस्यति ॥ ३७
येषां हृदि सदा श्रीमान्बदरीवनवल्लभः । हरिः स्फुरति साक्षात्तान्वयं विद्मो महत्तमान् ॥ ३८
यूयं मुक्तजनाः सर्वे दृष्ट्यैव जनपावनाः । तेषां वः सङ्गमं मन्ये जीवानामतिदुर्लभम् ॥ ३९
यस्यासन्ना भवान्मुक्तिस्तस्य वः सङ्गमो भवेत् । येनैव जायते प्रीतिः श्रीमन्नारायणे प्रभौ ॥ ४०
तयैव देहगेहादौ त्यक्तसङ्गः प्रशान्तधीः । परं पदमवाप्नोति पुमान् ब्रह्मादिदुर्लभम् ॥ ४१
केनोपमा भवेत्तेषां सतां नारायणात्मनाम् । भूमौ परोपकाराय तीर्थव्याजविचारिणाम् ॥ ४२
परोपकारशीला हि सन्ति सन्तो दयालवः । नितरामेव भगवद्भक्ता वै युष्मदादयः ॥ ४३
यूयमुत्तमवेलायामागता भगवत्प्रियाः ! । अद्य नारायणः स्वामी दास्यते दर्शनं प्रभुः ॥ ४४
स्वदर्शनायानुदिनं मुनीनां च दिवौकसाम् । आगच्छतां वर्ततेऽद्य तस्य स्वेक्षार्पणक्षणः ॥ ४५

---

હોવા છતાં તમે તેને ઓળખો છો.[૩૭] મહા ઐશ્વર્ય સંપન્ન તેમજ બદરિવનવલ્લભ ભગવાન નારાયણ જેમના હૃદયમાં સદાય સાક્ષાત્ વિરાજતા હોય તેવા સત્પુરુષોને જ અમે સૌથી શ્રેષ્ઠ માનીએ છીએ.[૩૮] તમે સર્વે મુક્ત પુરુષો દૃષ્ટિમાત્રથી જ મનુષ્યોને પાવન કરો છો. એટલાજ માટે આ સંસારને વિષે આસક્ત પુરુષોને તમારો સમાગમ પ્રાપ્ત થવો અતિશય દુર્લભ છે.[૩૯] હે સંતો ! જેને આ ભવબંધન થકી છૂટવાનો સમય નજીક આવ્યો હોય તેને જ તમારા જેવા સત્પુરુષોનો સમાગમ પ્રાપ્ત થાય છે, અને તમારા સમાગમરૂપ સત્સંગથી શ્રીમન્નારાયણ ભગવાનના સ્વરૂપને વિષે મનુષ્યને ગાઢ પ્રીતિ થાય છે.[૪૦] અને તે પ્રીતિના કારણે શરીર, ઘર, પુત્ર, સ્ત્રી આદિ પદાર્થોમાંથી આસક્તિનાં બંધનો તૂટે છે. પંચવિષયમાંથી બુદ્ધિ પાછી વડે છે. અને બ્રહ્માદિ દેવતાઓને પણ દુર્લભ એવા ભગવાનના અક્ષરધામને મનુષ્ય પામે છે.[૪૧]

આ પૃથ્વીપર તીર્થાટનના મિષથી વિચરણ કરનારા અને જીવાત્માઓને અભયદાન આપવારૂપ પરોપકાર કરનારા તેમજ ભગવાનના સ્વરૂપને વિષે મનની અખંડવૃત્તિ રાખનારા આપ જેવા સત્પુરુષોને હું કોની સાથે ઉપમા આપી શકું ?.[૪૨] દયાળુ સ્વભાવના સંતો સહેજે પરોપકારી હોય છે, અને તેમાં પણ તમારા જેવા સાક્ષાત્ ભગવાનના ભક્તો તો નિશ્ચય અતિશય પરોપકારી છે.[૪૩] હે ભગવાનને વહાલા સંતો ! તમે અત્યારે ઉત્તમ વેળાએ પધાર્યા છો. કારણ કે હમણાંજ અનંત જીવોનું કલ્યાણ કરનારા મહા ઐશ્વર્યશાળી ભગવાન નારાયણ ઋષિ તમને દર્શન આપશે.[૪૪] કારણ કે પોતાના દર્શને પધારતા મુનિઓ અને દેવતાઓને

अस्यामेव हि वेलायां विधिं पौर्वाह्णिकं प्रभुः । समाप्यात्र समायाति नैष्ठिकोचितमन्वहम् ॥ ४६

**सुव्रत उवाच –**

इत्थं मधुरया वाचा कुर्वन्तं सत्क्रियां नरम् । मुनयस्तत्प्रभावज्ञास्त ऊचुर्हृष्टमानसाः । ४७

**मुनय ऊचुः –**

जानीमस्त्वां वयं सर्वे ऋषयो जगदीश्वरम् । ब्रह्माण्डनामनेकानामीश्वरं हि नरोत्तम ! ॥ ४८
तपश्चर्यां प्रकुर्वन्तं सेवमानं सदा प्रभुम् । अपि त्वामीश्वरं विद्मः साक्षान्नारायणं यथा ॥ ४९
सर्वेषां माननीयोऽसि पूज्यो वन्द्यस्त्वमीश्वरः । एका मूर्तिर्द्विधा भाति नरनारायणाविति ॥ ५०

---

હરહમેશાં ભગવાન નારાયણઋષિ આ અવસરે પોતાનાં દર્શનનો લ્હાવો આપે છે.[૪૫] નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ નિત્ય કરવા યોગ્ય દેવપૂજા આદિ કર્મ સમાપ્ત કરી ભગવાન શ્રીનારાયણઋષિ આ સમયેજ અહીં દર્શન આપવા પધારે છે.[૪૬] આ પ્રમાણે મધુરવાણીથી પોતાનો સત્કાર કરતા નરભગવાન પ્રત્યે તેમનો મહિમા જાણનારા મરિચ્યાદિ મુનિઓ પ્રસન્ન મને કહેવા લાગ્યા. હે ભગવાન નરોત્તમ ! અમે સર્વે ઋષિઓ તમને જગતના સ્વામી અને અનેક બ્રહ્માંડોના નિયંતા જાણીએ છીએ. ભગવાન નારાયણની સેવામાં સદાય તત્પર બની તપશ્ચર્યા કરનારા તમે ભગવાન શ્રીનારાયણની માફક જ ઈશ્વર છો, એ પ્રમાણે અમે તમને સમજીએ છીએ.[૪૭-૪૯] સર્વેશ્વર તમે સર્વે દેવતાઓ અને મુનિઓને માનનીય, વંદનીય અને પૂજનીય છો. મૂળ એક સ્વરૂપ હોવા છતાં નર અને નારાયણ એમ બે સ્વરૂપે ભાસો છો.[૫૦]

હે નરભગવાન !મત્સ્ય, જવ, અંકુશ, વજ્ર, કળશ, કમળ, ઊર્ધ્વરેખા આદિ ચિહ્નોથી વિશિષ્ઠ એવાં ભગવાન શ્રીનારાયણનાં ચરણકમળવડે અંકિત થયેલી આ ભારતભૂમિના ભાગ્યનો કોઈ પાર નથી, પ્રતિદિન ભગવાન નારાયણની દૃષ્ટિ પામેલી આ વૃક્ષની પંક્તિઓને પણ ધન્ય છે. તેમજ અમે પણ ભક્તપ્રિય ભગવાનના આ બદરિકાશ્રમનાં દર્શન થવાથી મહાભાગ્યશાળી થયા છીએ.[૫૧]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં બદરિકાશ્રમમાં મરીચ્યાદિ મુનિઓનું આગમન અને નરભગવાનનાં દર્શનનું નિરૂપણ કર્યું એ નામે પાંચમો અધ્યાય પૂર્ણ થયો. --૫--***

धन्या भारतभूरियं भगवतो नारायणस्याङ्किता । पद्भिर्मत्स्ययवाङ्कुशाशनिघटाम्भोजोर्ध्वरेखाङ्कितैः ।
धन्येयं तरुसन्ततिश्च हरिणा संवीक्षिता प्रत्यहं। धन्याश्चाश्रमदर्शनादपि वयं भक्तप्रियस्येशितुः ।५१

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे मुन्यागमननरदर्शननिरूपणनामा पञ्चमोऽध्यायः ॥ ५ ॥*

---

**षष्ठोऽध्यायः**

**सुव्रत उवाच** -

एवं ब्रुवत्सु मुनिषु नरे स्मितमुखे प्रभुः । समाप्तदैवपित्र्योऽसावायात्तत्र निजोटजात् ॥ १
योगसिद्धतनुभिः पथिमुक्तैः सानुगामरगणैश्च खसंस्थैः ।
वन्द्यमान उरुधाऽतिविनीतैः स्वानुगोद्धवसमीक्षितपादः ॥ २
देहिदुष्करतपोद्विरुक्तया नैकभास्करमहःसमानया ।
शोभनाखिलनिजाङ्गजन्यया भ्राजमान उरुपाण्डुरत्विषा ॥ ३

---

## અધ્યાય - ૬

## શ્રીનારાયણ ભગવાનનું બદરીતળે આગમન.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણેનાં ઋષિમુનિઓનાં સ્તુતિ વચનો સાંભળી નર ભગવાન મંદમંદ હાસ્ય કરતા હતા, તે જ સમયે દેવકર્મ અને પિતૃકર્મની સમાપ્તિ કરી પોતાની પર્ણશાળામાંથી શ્રીનારાયણ ભગવાન બહાર આવ્યા.[૧] તે સમયે યોગના પ્રભાવથી સિદ્ધ શરીરને પામેલા શ્વેતદ્વીપવાસી અને બદરિકાશ્રમવાસી મુક્તો માર્ગમાં શ્રીનારાયણ ભગવાનને પ્રણામ કરી રહ્યા છે. અંતરિક્ષમાં પોતાના અનુચરોની સાથે આવેલા દેવતાનાં વૃંદો પણ શ્રીનારાયણ ભગવાનને પ્રણામ કરી રહ્યા છે. ભગવાનના ચરણારવિંદમાં જ એક દૃષ્ટિવાળા ઉદ્ધવજી પાછળ પાછળ ભગવાન શ્રીનારાયણને અનુસરી રહ્યા છે.[૨] દેહધારી દેવ મનુષ્યો પણ ન કરી શકે તેવા દુષ્કર તપ કરવાથી બમણી વૃદ્ધિ પામેલી અસંખ્ય સૂર્યના તેજની સમાન શ્વેત કાન્તિ પોતાના દિવ્ય શરીરના અંગોમાંથી નીકળી ચારે તરફ પ્રકાશ પથરાવી રહી છે.[૩] એ ભગવાન શ્રીનારાયણના જાનુ પર્યંત લાંબી બે ભૂજાઓ શોભી રહી છે. શરીરનો શ્યામ સુંદર વર્ણ છે. નવીન કમળની સમાન પ્રફુલ્લિત નેત્રકમળો કર્ણ સુધી લાંબાં શોભી રહ્યાં છે. પૂર્ણિમાના ચંદ્રની સમાન

दीर्घबाहुयुगलोऽसितवर्णो नूत्नपङ्कजदलायतनेत्रः ।
पूर्णचन्द्रवदनः स्मितराजद्दन्तराजिरुचिरो मृदुपादः ॥ ४
सूक्ष्मरम्यकपिलानृजुकेशो बद्धसुन्दरजटः पृथुवक्षाः ।
कुञ्जाराशनदलोदरराजत्सद्वलिश्च नतसभ्रमनाभिः ॥ ५
पाण्डुरोर्ध्वतिलकस्तुलसीस्त्रग्ब्रह्मसूत्रधर ईक्ष्यशिराङ्गः ।
मृत्कमण्डलुपलाशजदण्डौ वर्णिराडिति दधच्च कराभ्याम् ॥ ६
अंशुकं परिदधच्छुचिशुक्लं स्कन्धलम्बितसितोत्तरवासाः ।
सर्वदैव तरुणोऽमृतवृष्ट्या प्रीणयन्निजदृशा मुनिवृन्दम् ॥ ७
स्वातिवल्लभमुनीक्षणजातं भूरिहर्षमुदरे न निधातुम् ।
शक्नुवन्विकसदास्यदृगब्जात्स्त्रावयन्निव मनोहरमूर्तिः ॥ ८

---

મંદમંદ હાસ્યથી શોભતી દંતપંક્તિથી અતિ સુંદર જણાતા મુખારવિંદથી શોભી રહ્યા છે. અને તેમનાં બન્ને ચરણો કમળની સમાન કોમળ છે.[૪] આવા શ્રીનારાયણ ભગવાન અતિ સૂક્ષ્મ, રમણીય પીળા તેમજ વાંકડિયાળા વાળથી શોભી રહ્યા છે. મસ્તક ઉપર સુંદર જટા બાંધી છે. વિશાળ વક્ષઃસ્થળ વહાલું લાગે છે. પીપળાના પાન સરખા સુંદર ઉદરમાં ત્રિવળી પડે છે. તેના મધ્યમાં ગોળ ગંભીર ઊંડી નાભી શોભી રહી છે.[૫] વિશાળ ભાલમાં શ્વેત ઊર્ધ્વપુંડ્ર તિલક અને કંઠમાં તુલસીની બેવડી કંઠી ધારણ કરેલી છે. ડાબે ખભે શ્વેત યજ્ઞોપવિત ધાર્યું છે, તેમનાં કૃશ શરીરમાં સ્પષ્ટ રીતે નાડીઓનું દર્શન થઈ રહ્યું છે. વર્ણીરાટ હોવાથી એક હસ્ત કમળને વિષે માટીનું કમંડલ અને બીજા હસ્તમાં પલાસનો દંડ ધારણ કર્યો છે.[૬]

સફેદ રંગની એક પવિત્ર ધોતી ધારણ કરેલી છે. તેમજ ખભા ઉપર લટકતું તેવા જ રંગનું શ્વેત ઉત્તરીયવસ્ત્ર મૂકેલું છે. સદાય કિશોર અવસ્થામાં રહેલા આ નારાયણ ભગવાન પોતાની અમૃતમય દૃષ્ટિરૂપ વૃષ્ટિથી સર્વે મરીચ્યાદિક મુનિઓને પ્રસન્નતા ઉપજાવે છે.[૭] પોતાના પ્રાણથી પણ પ્રિય વહાલા સંતોનાં દર્શન થવાથી ઉત્પન્ન થયેલા આનંદાતિશયને પોતાના ઉદરમાં સમાવવા સમર્થ નહિ થવાથી દિવ્ય મનોહરમૂર્તિ ભગવાન શ્રીનારાયણમુનિ વિકસેલા મુખકમળ અને નેત્રકમળદ્વારા હાસ્યસ્વરૂપે અને હર્ષના અશ્રુસ્વરૂપે બહાર વહેવડાવતા હોય એમ લાગે છે.[૮]

तं विलोक्य मुनयो भगवन्तं भूरिहर्षविवशा नमनादौ ।
प्रेमसम्भवजलावृतनेत्राः प्रोत्थिता भुवि निपत्य च नेमुः ॥ ९
दर्शनक्षण इमे नरबन्धोर्भूरिवासरवियोगजतापम् ।
सद्य एव विजुहुर्हृदि हृष्टाः कैरविण्य इव पूर्णहिमांशोः ॥ १०
तं पिबन्त इव लोचनैर्मुखैस्ते लिहन्त इव बाहुभिः प्रभुम् ।
सम्मिलन्त इव सादरं तदा सर्वशो ददृशिरे नरमुख्यैः ॥ ११
तान् यथावदुरुधाऽथ मानयन्मानदः स्वपरिरम्भणादिभिः ।
आससाद बदरीतरोरधो वेदिकां स्तृतकुशासनां हरिः ॥ १२
पीठे तत्र मनोहरे मुनिपतिर्भक्तप्रियः सोऽच्युतः ।
सम्प्रीत्यै निषसाद वेदविदुषां तेषामथोदङ्मुखः ।
तस्मै ते च निषेदुषे चपलया दृष्ट्याऽभितः पश्यते ।
विप्रा नैष्ठकवर्णिने भगवते प्रीत्या नमश्चक्रिरे ॥ १३

---

આવા ભગવાન શ્રીનારાયણમુનિને આવતા જોઇ મરીચ્યાદિ મુનિઓ પણ આસન ઉપરથી તત્કાળ ઊભા થયા. અતિશય હર્ષથી પરવશ બન્યા. પ્રેમથી ઉદ્ભવેલાં અશ્રુઓથી નેત્રો ભરાઇ ગયાં, અને નીચે ધરતી પર પડી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૯] મનમાં અતિશય પ્રસન્ન થયેલા મુનિઓનો બહુ દિવસના વિયોગનો તાપ નરબંધુ શ્રીનારાયણ ભગવાનનાં દર્શન થવા માત્રથીજ જેમ ચંદ્રનાં દર્શનથી કુમુદિનીનો વિરહજન્ય તાપ દૂર થાય તેમ દૂર થયો.[૧૦]

મરીચ્યાદિ મુનિઓ શ્રીનારાયણ ભગવાનનું નેત્રથી પાન કરતા હોયને શું ! મુખેથી ભગવાનને ચાટતા હોયને શું ! ભુજાઓ ભરી જાણે ભેટતા હોયને શું ! આવું દૃશ્ય નર ભગવાને તથા તનુ આદિ મુનિઓએ જોયું.[૧૧] સર્વેને માન આપનારા શ્રીનારાયણ ભગવાને સર્વે મુનિઓને ભેટી બહુ પ્રકારે તેમનું સન્માન કર્યું. ત્યારપછી બદરિવૃક્ષ નીચે વેદિકા ઉપર પાથરેલાં દર્ભના આસન ઉપર વિરાજમાન થયા.[૧૨] મુનીશ્વર, ભક્તપ્રિય, અચ્યુત શ્રીનારાયણ ભગવાન અતિશય મનોહર આસન ઉપર ઉત્તર દિશા તરફ મુખારવિંદ રાખી મુનિઓને રાજી કરવા વિરાજમાન થયા. આસન ઉપર બેસી ચપળ દૃષ્ટિથી ચારે તરફ મુનિમંડળને નિહાળતા નૈષ્ઠિક વ્રતધારી શ્રીનારાયણ ભગવાનને મરીચ્યાદિ મુનિઓ ફરી દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૧૩]

ततः पुपूजुर्निजमिष्टदेवं नारायणं तं विधिना नरं च ।
पूजोपहारैर्विविधैर्मुनीन्द्राः सस्नेहमव्यग्रधियो विशुद्धैः ॥ १४
कस्तूरिकाकुंकुमकेसराद्यैर्युक्तेन सत्सौरभचन्दनेन ।
सन्मल्लिकाचम्पककेतकाद्यैः पुष्पैरनेकैस्तुलसीदलैश्च ॥ १५
विचित्रपुष्पोत्तमचारुहारै रम्यावंतसैः शुभशेखरैश्च ।
सुगन्धिधूपैर्बहुभिश्च दीपैः सद्भिर्निवेद्यैश्च फलैरनेकैः ॥ १६
नीराजनेनातिमनोहरेण सन्मन्त्रपुष्पाञ्जलिभिः प्रणामैः।
आनर्चुरीशं मुनयो विधिज्ञा वेदोक्तमन्त्रैः पठितैस्तमुच्चैः॥ १७
इत्यर्चितं निजजनागमभूरिहर्षं व्यालम्बिचित्रकुसुमोत्तमशेखरालिम् ।
कण्ठात्पदावधिलसत्सुमहारराजिं ध्यानास्पदं तमचलैर्नयनैर्निदध्युः ॥ १८

---

**શ્રીનારાયણ ભગાવનનું મુનિઓએ કરેલું પૂજનઃ-** ત્યાર પછી મરીચ્યાદિ મહર્ષિઓએ પ્રેમપૂર્વક એકાગ્રચિત્તથી વિધિ અનુસાર ઈષ્ટદેવ શ્રીનારાયણ ભગવાન અને શ્રીનર ભગવાનનું વિવિધ પ્રકારની પૂજા સામગ્રીથી પૂજન કર્યું.[૧૪] વિવિધપ્રકારના ઉપચારોમાં કસ્તૂરી, કુંકુમ, કેસર અને કપૂર મિશ્રિત શ્રેષ્ઠ સુગંધીમાન ચંદનથી તેમજ સુગંધીમાન શોભતા મોગરા, ચંપા અને કેવડા આદિ અનેક પ્રકારનાં રંગબેરંગી પુષ્પોથી અને માંજર સહિતના તુલસીપત્રોથી શ્રીનારાયણ ભગવાનનું પૂજન કર્યું.[૧૫] વળી મુનિઓએ રંગબેરંગી ઉત્તમ પુષ્પોની સુંદર માળાઓ ભગવાનના કંઠમાં ધારણ કરાવી. પુષ્પોથી બનાવેલા રમણીય ગુચ્છ અને કલંગી પણ ધારણ કરાવ્યાં. મસ્તક ઉપરની જટામાં સુંદર પુષ્પના તોરા ધારણ કરાવ્યા. ત્યારપછી સુગંધીમાન ધૂપ અને દીવડાઓથી પૂજન કર્યું, તેમજ સુંદર સ્વાદિષ્ટ વિવિધ ફળોનું ભગવાન શ્રીનારાયણને નૈવેદ્ય અર્પણ કર્યું.[૧૬] અતિ મનોહર આરતી ઉતારી ભગવાનના પવિત્ર શ્રીચરણોમાં મંત્રપુષ્પાંજલિ સમર્પણ કરી સાષ્ટાંગ પ્રણામ કર્યા. આ પ્રમાણે વિધિમાં પ્રવીણ મુનિઓએ ઉચ્ચે સ્વરે ઉદ્‌ઘોષ કરેલા વેદમંત્રોથી શ્રીનારાયણ ભગવાનનું પ્રેમભર્યું પૂજન કર્યું.[૧૭]

આ પ્રમાણે પૂજાયેલા ભગવાન શ્રીનારાયણમુનિના અંતરમાં એકાંતિક સંતોના આગમનથી અતિશય આનંદ થયો, સંતોએ પૂજન કરવાથી લટકતા પુષ્પોના અનેકવિધ તોરાઓની પંક્તિથી ભગવાન શોભવા લાગ્યા, કંઠથી આરંભીને ચરણ પર્યંત લાંબી પુષ્પમાળાની પંક્તિથી શોભતા એ ધ્યાનના એક માત્ર આલંબન સ્વરૂપ

तं तादृशं स्वहृदयेष्वतिभासुराङ्गं धाम्न्यक्षरेऽपि ददृशुः कृपयैव तस्य ।
आनन्दपूर्णसकलावयवाः पुनस्ते दृष्ट्वा बहिश्च मुदिता अथ तष्टुवुस्तम् ॥ १९

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
*भगवद्दर्शनपूजनमहोत्सवनामा षष्ठोऽध्यायः ॥ ६ ॥*

---

**सप्तमोऽध्यायः**

**ऋषय ऊचुः** – जय जयाज ! कृपारसनिर्गतैर्विततमोहमहान्धतमोपहैः ।
त्वमचलैर्वचनैर्बहुजन्मजभ्रमहरो भवसीह जगद्गुरुः ॥ १
नयसि नाथ ! निजांघ्रिनिषेविणो धृतिमता तपसा क्षपितैनसः ।
निजपदं परमं ह्यमृताभिधं बहुलभास्करभास्वरमक्षरम् ॥ २

---

**શ્રી નારાયણ ભગવાનનું મરીચ્યાદિ મુનિઓ સ્થિર નેત્રોથી ધ્યાન કરવા લાગ્યા.[૧૮] ધ્યાન કરતા ઋષિમુનિઓએ પોતાના હૃદયકમળને વિષે નારાયણ ભગવાનની કૃપાથી અતિશય તેજસ્વી દિવ્ય શરીરધારી તેમનાં (નારાયણનાં) દર્શન કર્યાં, અને અક્ષરધામને વિષે રહેલા તેમનાજ મૂળ દિવ્ય સ્વરૂપનાં પણ દર્શન કર્યાં, પરમાત્માનાં આવાં દિવ્ય દર્શન થવાથી અંગોઅંગમાં આનંદપૂર્ણ મરીચ્યાદિ મુનિઓ હૃદયથી બહાર વેદિકા ઉપર વિરાજતા આવા જ શ્રીનારાયણ ભગવાનનાં દર્શન કરી આનંદ વિભોર થઈ સ્તુતિ કરવા લાગ્યા.[૧૯]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિ-જીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં બદરિકાશ્રમમાં ઋષિમુનિઓએ કરેલા ભગવાનનાં દર્શન પૂજન મહોત્સવનું નિરૂપણ કર્યું એ નામે છઠ્ઠો અધ્યાય. ૬***

---

## અધ્યાય – ૭
## મરિચ્યાદિક મુનિઓ સ્તુતિ કરે છે.

**હે અજન્મા ! આપનો જય થાઓ. જય થાઓ. કરૂણા રસથી ભરેલા અવિચળ વચનામૃતોથી તમે વિશાળ મોહરૂપી માયાના ગાઢ અંધકારને દૂર કરી**

विशदधर्मपथं परिरक्षितुं भुवि युगान्तहतान्सुकृतप्रिय ! ।
सकलशास्त्रपुराणसदागमांस्त्वमुरुधैव समीरयसे प्रभुः ॥ ३
नहि विदन्ति भवन्तमिहेश्वरं निखिलजीवभवभ्रममोचनम् ।
भुवि सतां वचनैरपि ये नरास्त ऋषयोऽपि हतास्तव मायया ॥ ४
नहि सुखं भवदाश्रयमन्तरा तनुभृतां दिवि वा भुवि वाम्बरे ।
तदधुनाऽब्दशतान्त उताश्रितास्तव यदा स्युरिमे सुखिनस्तदा ॥ ५
अनधिगम्य समक्षमनुग्रहं प्रथमजा अपि नो महदादयः ।
निजकृता वशकन् हि कुतः पुनर्विषयिणो विमुखाः सुखमाप्नुयुः ॥ ६

---

જીવાત્માઓની જન્મ જન્માંતરથી ઉદ્ભવેલી ભ્રાંતિને હરો છો. એથી આ પૃથ્વી પર તમે જગતના ગુરુસ્થાનને શોભાવી રહ્યા છો.[૧] હે નાથ ! ધીરજની સાથે તપશ્ચર્યા કરી પોતાનાં પાપ ધોઈ આપના શ્રીચરણોની ઉપાસના કરતા મુનિજનોને તમે અમૃત નામથી પ્રસિદ્ધ પોતાના શ્વેતદ્વીપ ધામને વિષે પ્રથમ લઈ જાઓ છો. ત્યાર પછી અનંત સૂર્યોની ઉજ્જવલ કાંતિ સમાન પ્રકાશમાન એવા પોતાના અક્ષરધામને વિષે લઈ જાઓ છો.[૨] હે સુકૃતપ્રિય પ્રભુ ! તમે એકાંતિક ધર્મ સ્થાપન કરવામાં સમર્થ છો. એ એકાંતિક વિશુદ્ધ ધર્મનું સંરક્ષણ કરવા અને કળિયુગના પ્રભાવથી નષ્ટપ્રાય થઈ ગયેલા સમગ્ર વેદ, પુરાણો, તથા આગમ આદિ સચ્છાસ્ત્રોને આ પૃથ્વી ઉપર પ્રવર્તાવવા બહુપ્રકારે પ્રયત્ન કરો છો.[૩] હે ભગવન્ સમસ્ત જીવપ્રાણીમાત્રને આ સંસારની ભ્રમણામાંથી મુક્ત કરનાર અને સર્વેના ઈશ્વર એવા આપને આપના સંતપુરુષોના ઉપદેશવાક્યોથી પણ જે મનુષ્યો ઓળખી શક્તા નથી તે પછી ભલેને શરીર-ઈન્દ્રિયોનું દમન કરનારા ઋષિઓ હોય છતાં તે તમારી અવિદ્યારૂપ માયાથી હણાઈ મોક્ષમાર્ગમાંથી વંચિત રહી જાય છે.[૪]

હે પ્રભુ ! દેહધારી જીવાત્માઓને તમારા શરણ વિના સ્વર્ગમાં કે પૃથ્વીમાં, આકાશમાં કે પાતાળમાં અત્યારે કે સો વર્ષ પછી અવિનાશી સુખ પ્રાપ્ત થતું નથી. પણ એ જ્યારે ત્યારે તમારાં ચરણનો આશ્રય કરશે ત્યારે જ અવિનાશી સુખનો ભોક્તા થશે.[૫] હે શ્રીહરિ ! પૂર્વે ઉત્પન્ન થયેલાં મહદાદિ ચોવીસ તત્ત્વો પોતાના ચેતન વિશેષો સાથે હોવા છતાં પણ આપના પ્રત્યક્ષ પ્રવેશના અનુગ્રહ વિના વિરાટને ઊભા કરવારૂપ પોતાના કાર્યમાં સમર્થ થયા નહિ, તો પછી કેવળ વિષયોમાંજ આસક્ત અને આપનાથી વિમુખ એવા મનુષ્યો તમારા આશ્રયવિના સુખને ક્યાંથી

वयमभूम हरे ! कृतिनोऽद्य वै परतरं क्षरतोऽक्षरतोऽपि यत् ।
ऋषितनुं दधतं पुरुषोत्तमं हृदि विदाम भवन्तमहो भगम् ॥ ७
निगमशास्त्रपुराणसुदेशिकैरचलभावभरेण निषेवितैः ।
यदि भवेन्न मनस्त्वयि निश्चलं वितथावादफलं खलु तत्तदा ॥ ८
सांख्ययोग निगमागमवाचां पाश्चरात्रवृषशास्त्रमतानाम् ।
अर्णवोऽत्र पयसामिव साक्षात्त्वं क्रमेण च भवस्यपि निष्ठा ॥ ९
अधिगम्य वाङ्मयमिदं त्वपीह ये न भजन्ति तद्गतिभवत्पदाम्बुजम् ।
त्रिगुणात्मकात्ममतिकल्पिताशयैरनवेत्य हार्दमिति ते व्रजन्त्यधः ॥ १०
तपस्विदृष्ट्याऽवगणय्य ये त्वामज्ञाततत्त्वा न भजन्ति मूढाः ।
क्लिश्यन्ति ते वै बहुधाऽऽसुरीषु योनिष्वभीक्ष्णं परितो भ्रमन्तः ॥ ११

---

પ્રાપ્ત કરી શકે ?.[૬] પરન્તુ હે હરિ ! અમો સર્વે ઋષિઓ આજે કૃતકૃત્ય થયા છીએ, કારણ કે અમે તમને જાણીએ છીએ, ઋષિરૂપધરી રહેલા આપ ખરેખર ક્ષર અક્ષરથી પર અક્ષરધામાધિપતિ સર્વેને ઉપાસના કરવા યોગ્ય, પુરુષોત્તમનારાયણ ભગવાન છો. અહો ! અમે કેવા ભાગ્યશાળી છીએ.[૭] અચળ પૂર્ણભાવ અને શ્રદ્ધાથી વેદ, શાસ્ત્રો, પુરાણ આદિ સત્શાસ્ત્રોનું સેવન કરનારા આચાર્યો કે ગુરુઓને પણ જો આપને વિષે અચળ એકાંતિક ભક્તિ ઉત્પન્ન ન થાય તો તેનો અર્થ શું છે ? જય પરાજય માટે કરેલો વાણી વિલાસ માત્ર બકવાસ છે. તેનાથી કોઈ લાભ નહિ.[૮] સાંખ્ય, યોગ, વેદ, મીમાંસા, પંચરાત્રશાસ્ત્ર કે સમગ્ર ધર્મશાસ્ત્રોના સિદ્ધાંતોનું લક્ષ્ય પ્રત્યક્ષ કે પરોક્ષ આપ જ છો. આ લોકમાં જેમ સમસ્ત નદીઓનું અંતિમ લક્ષ્ય સમુદ્ર છે, તેમ પ્રત્યક્ષપણે આપનું પ્રતિપાદન કરે કે પરોક્ષપણે દેવ, ઈશ્વરોના વર્ણનદ્વારા પ્રતિપાદન કરે પણ અંતે એ સમસ્ત શાસ્ત્રોનું પ્રતિપાદ્ય સ્વરૂપ આપ જ છો.[૯] છતાં આ પૃથ્વી ઉપર જે પુરુષો આ સમગ્ર શાસ્ત્રોને ભણીને સારી રીતે સમજી લીધા પછી પણ પોતાની સત્ત્વ, રજ અને તમોગુણાત્મક વિપરિત બુદ્ધિથી ઉલટા અભિપ્રાયોને ઊભા કરી સર્વત્ર એક પરમાત્મા જ પ્રતિપાદ્ય છે. એવા સર્વે શાસ્ત્રોના સિદ્ધાંતને અવગણીને જે મનુષ્યો તમારા ચરણકમળનો આશ્રય કરતાં નથી ને અન્યાશ્રય કરે છે. તે પુરુષો અધોગતિને પામે છે.[૧૦]

હે નારાયણ ! તમે ઋષિરૂપમાં વિરાજો છો તેથી તમારા સ્વરૂપને યથાર્થ નહિ સમજનારા જે મૂઢ પુરુષો તમને એક તપસ્વી જાણીને તમારી અવગણના

ये त्वां विहाय स्वयमात्मतत्त्वं द्रष्टुं यतन्तेऽन्यमुपास्य वापि ।
भ्रष्टास्ततस्तेऽप्यनवाप्तकामाः स्वान्वञ्चयन्तो निरयं व्रजन्ति ॥ १२
बलिमर्पयन्ति सभयाश्च ननु बलिभुजोऽप्यजादयः ।
तुभ्यमखिलपतये शरणं भवदंघ्रिमेव तत आश्रिता वयम् ॥ १३
अद्य धन्या वयं स्वामिंस्त्वत्पादाम्बुजदर्शनात् । बहुभिर्दिवसैः प्राप्तं मनोरथफलं त्विदम् ॥ १४
त्वद्भक्तिमन्तरा जीवाः कामलोभदवाग्निना । दन्दह्यमाना नश्यन्ति तत्त्वां वयमुपागताः ॥ १५
गोलोकाधिपतिस्त्वमेव भगवान् श्रीवासुदेवः स्वयं ।
मूर्तौ धर्मत आविरास जनतानिःश्रेयसाय ध्रुवम् ॥
भक्तिज्ञानविरागधर्मसहितं कर्वंस्तपो दुष्करं ।
सिद्धां प्रापयसे दशामिह मुनीन्नैष्कर्म्यकर्मादरः ॥ १६

---

**કરે છે, અને આપનું ભજન, સ્મરણ કરતા નથી તે પુરુષો વારંવાર આસુરી યોનિને વિષે ભટકી બહુ કષ્ટને પામે છે.[૧૧] હે ભગવન્ ! જે પુરુષો તમારી ઉપાસના છોડીને અન્ય દેવની કે ગુરુની ઉપાસના કરે છે, તે પુરુષો કદાચ પોતાના આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરે તો પણ પોતાનું આત્મદર્શન પામી શકતા નથી. તેઓ પોતાના શિષ્યસમુદાયને છેતરી મોક્ષમાર્ગમાંથી ભ્રષ્ટ થાય છે અને શિષ્યોએ સહિત નરકમાં પડે છે.[૧૨]**

**પોતાથી નીચેના ઈન્દ્રાદિ દેવતાઓએ કે મનુષ્યોએ અર્પણ કરેલ પૂજાના પદાર્થોને ભોગવતા બ્રહ્માદિક ઈશ્વરો પણ આપનાથી ભય પામીને તમારા ચરણકમળમાં એ પૂજાના પદાર્થો સમર્પિત કરી દે છે. તેથી જ આપના આવાં નિર્ભય ચરણકમળનો અમે આશ્રય કરીએ છીએ.[૧૩] હે સ્વામિન્ ! આવાં આપનાં શ્રીચરણોનાં દર્શનથી અમે અત્યારે ભાગ્યશાળી બન્યા છીએ. બહુ દિવસો પછી અમને આપનાં દર્શનરૂપ અમારા મનોરથનું ફળ પ્રાપ્ત થયું છે.[૧૪] હે હરિ ! તમારી ભક્તિ વિના જીવો કામ અને લોભરૂપી દાવાનળમાં સતત બળ્યા કરે છે, તેથી પરમ પુરુષાર્થરૂપ મોક્ષમાર્ગમાંથી ભ્રષ્ટ થઈ જાય છે. માટે અમે સર્વે મુનિઓ તમારા શરણે આવ્યા છીએ.[૧૫] ગોલોકધામના અધિપતિ ભગવાન શ્રીવાસુદેવ એવા તમેજ જન સમુદાયના આત્યંતિક મોક્ષ કરવાને અર્થે ધર્મ અને મૂર્તિદેવી થકી પ્રગટ થયા છો. નિષ્કામકર્મને વિષે અતિ આદરભાવ રાખી તમે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત તીવ્ર તપશ્ચર્યા કરો છો અને આ બદરિકાશ્રમવાસી**

तव गुणगणं शेषोऽहीशः सहस्रमुखैरपि प्रभवति । यतः साकल्येनोदितुं न कदाप्यहो ॥
कथमिह तदा शक्ता अन्ये भवेयुरजादयः । स्ववचनफलप्राप्त्यै तत्त्वां यथामति चैड्महि ॥ १७

**सुव्रत उवाच** – इति विधाय हरेः स्तवनं द्विजाः सकलकल्मषनाशनसंस्मृतेः ।
त उपविश्य तदग्रत एव तद्वदननीरजनिं विलुलोकिरे ॥ १८ ॥

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे श्रीनारायणस्तुतिनामा सप्तमोऽध्यायः ॥ ७ ॥*

-------------------------------

**મુનિઓને સિદ્ધદશા પમાડો છો.[૧૬] આવા આપના અનંત કલ્યાણકારી ગુણોના સમૂહનું સંપૂર્ણપણે વર્ણન કરવા હજાર મુખવાળા સર્વ સર્પોના સ્વામી સ્વયં શેષજી પણ સમર્થ થયા નથી. તો બ્રહ્માદિક દેવતાઓ આપના ગુણોના પારને કેમ પામી શકે ? તેથી અત્યારે અમે તો માત્ર અમારી વૈખરી વાણીને સફળ બનાવવા અમારી બુદ્ધિ પ્રમાણે આપની સ્તુતિ કરીછે, રાજી રહેજો.[૧૭] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! જેમનું સંસ્મરણ સમગ્ર પાપને ધોનારું છે એવા ભગવાન શ્રીનારાયણની મરીચ્યાદિ મુનિઓએ આ પ્રમાણે સ્તુતિ કરી તેમની આગળ જ બેસી રહ્યા અને પરમાત્મા ભગવાન શ્રીનારાયણના મુખારવિંદનાં દર્શન કરવા લાગ્યા.[૧૮]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં મરીચ્યાદિ મુનિઓએ શ્રીનારાયણ ભગવાનની સ્તુતિ કરી એ નામે સાતમો અધ્યાય પૂર્ણ થયો. –૭–***

-----------------------------------

अष्टमोऽध्यायः

सुव्रत उवाच -

सुखोपविष्टानथ तान् भगवान्भक्तवत्सलः । प्रसन्नो मधुरं वाक्यमुवाच प्राञ्जलीन्मुनीन् ॥ १

श्रीभगवानुवाच -

स्वागतं वो मुनिश्रेष्ठा ! यूयमत्र समागताः । तत्प्रसन्नोऽस्मि नितरां दर्शनं वो ममेप्सितम् ॥ २
गोलोकादीनि धामानि तथा योगसमृद्धयः । ब्रह्मादयो बलिहरा यथा यूयं न ते प्रियाः ॥ ३
यूयमात्मप्रिया मे स्थ यन्मां चिन्तयथानिशम् । बोधयन्तोऽज्ञजीवांश्च कृपयामुक्तिसाधनम् ॥ ४
महादानानि सर्वाणि तपोयज्ञव्रतानि च । जीवाभयप्रदानस्य कलयापि समानि नो ॥ ५
परोपकारिणो युष्मांस्ततोऽयं हृदये सदा । चिन्तयामि महाभागा ! मन्निष्ठाञ्छुद्धचेतसः ॥ ६

---

## અધ્યાય - ૮

## ઋષિઓએ કરેલું ભગવાનની આગળ અધર્મનું નિવેદન

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મુનિઓ સ્તુતિ કરીને બેઠા પછી ભક્તવત્સલ ભગવાન શ્રીનારાયણમુનિ અતિ પ્રસન્ન થયા અને બન્ને હાથજોડી સુખપૂર્વક પોતાની સામે બેઠેલા ઋષિમુનિઓને મધુર વચને કહેવા લાગ્યા.[૧]

**સ્વાગત પ્રશ્નોઃ-** શ્રીનારાયણ ભગવાન કહે છે, હે શ્રેષ્ઠ મહર્ષિઓ ! હું તમારું સ્વાગત કરું છું. તમે અહીં પધાર્યા તેથી હું અતિશય પ્રસન્ન થયો છું, તમારું દર્શન મને બહુજ પ્રિય લાગે છે.[૨] હે મુનિઓ તમે મને જેવા વહાલા છો તેવા ગોલોકાદિક ધામો પણ મને વહાલાં નથી. અણિમા આદિક અષ્ટસિદ્ધિઓનું ઐશ્વર્ય પણ મને એટલું વહાલું નથી. મારી પૂજા કરી મને બલિ અર્પણ કરનારા બ્રહ્માદિક દેવો પણ મને એટલા વહાલા નથી.[૩] શા માટે કે, હે સંતો ! તમે માત્ર દયાએ કરીને અજ્ઞાની મનુષ્યોને મુક્તિના સાધનરૂપ ભક્તિના કારણભૂત મારા સ્વરૂપનું જ્ઞાન આપો છો અને રાત્રી દિવસ મારું સ્મરણ કરતા થકા પૃથ્વીપર વિચરો છો, તેથી તમે મને મારા આત્માની જેમ અતિ વહાલા છો.[૪]

**સર્વોત્તમ અભયદાનઃ-** હે સંતો ! સમગ્ર ભૂમિ, ગાય, તલ વિગેરેનું મહાદાન કરે, અથવા તીવ્ર તપો કરે, અથવા યજ્ઞ અને વ્રતોનાં અનુષ્ઠાન કરે છતાં પણ મનુષ્યોને મારા સ્વરૂપનું જ્ઞાન આપી કાળના ભયમાંથી છોડાવવારૂપ જે અભયદાન આપવાના એક અંશ તોલે ન આવી શકે.[૫] હે મહાભાગ્યશાળી સંતો

निःश्रेयसाय जीवानां भुवनेष्वखिलेष्वपि । अस्तिसञ्चरणं नूनं युष्माकमिति वेद्म्यहम् ॥ ७
साम्प्रतं देवलोकात्किं भवद्भिर्वा रसातलात् । आगम्यते वा भूलोकात्तन्मे वदत सत्तमाः ! ॥ ८

**ऋषय ऊचुः -**

खण्डेऽस्मिन् भारते स्वामिंस्तीर्थयात्रामशेषतः । विधाय दर्शनं कर्तुं तवात्र वयमागताः ॥ ९

**श्रीभगवानुवाच -**

पालयन्ति प्रजाः कच्चिद्धर्मसेतून्मया कृतान् । खण्डेऽस्मिन् भारते विप्रा ! नृतां प्राप्ताः सुदुर्लभाम् । १०

**ऋषय ऊचुः -**

भगवन्साम्प्रतं भूमौ साहाय्यं प्राप्य वै कलेः । अधर्मः सान्वयः सर्वप्रजास्वभिविवर्धते ॥ ११
ये धर्मरक्षका भूपा गुरवस्तेष्वपि प्रभो ! । स प्रवृत्तोऽस्त्यतः सर्वैर्भिन्नास्त्वत्कृतसेवतः ॥ १२
महापापोपपापेषु प्रसक्ताः सन्ति मानवाः । विषयेऽष्वतिलुब्धाश्च सदाचारविवर्जिताः ॥ १३

---

!તમે જીવોને અભયદાન આપી મોટો પરોપકાર કરનારા છો. મારા સ્વરૂપમાં અચળ નિષ્ઠાવાળા હોવાથી તમારું અંતઃકરણ વિશુદ્ધ બનેલું છે, એથી જ આપ જેવા સંતોનું મારા હૃદયમાં હું અખંડ સ્મરણ કર્યા કરું છું.[૬] હું જાણું છું કે, તમે જીવાત્માઓનું આત્યંતિક કલ્યાણ કરવા માટે સમગ્ર ભૂમંડળ ઉપર સદાય વિચરણ કરો છો.[૭] હે શ્રેષ્ઠ મુનિઓ ! તમે અત્યારે શું દેવલોકમાંથી પધાર્યા ? કે રસાતલ અથવા પાતાળલોકમાંથી પધાર્યા છો ? કે પછી પૃથ્વીલોકમાંથી પધાર્યા છો ? તે મને તમે જણાવો.[૮] ત્યારે મુનિઓ કહે છે, હે સ્વામિન્ ! અમે સર્વે મુનિઓ આ ભરતખંડનાં સમગ્ર તીર્થોની યાત્રા કરીને તમારાં પાવનકારી દર્શન કરવા અહીં આવ્યા છીએ.[૯] ત્યારે નારાયણ ભગવાન કહે છે, હે સંતો ! ભરતખંડને વિષે દેવતાઓને પણ દુર્લભ અને બહુજન્મના પુણ્યને અંતે પ્રાપ્ત થતા એવા મનુષ્ય જન્મને પામેલ મારી પ્રજા મેં બાંધેલી ધર્મમર્યાદાનું પાલન કરે છે કે નહીં ?.[૧૦]

**ભરતખંડની દુર્દશાનું વર્ણનઃ-** ત્યારે ઋષિઓ કહે છે, હે ભગવન્ ! અત્યારે આ ભરતખંડને વિષે કલિયુગની સહાયતાથી પોતાના વંશે સહિત અધર્મસર્ગ સમગ્ર પ્રજાજનોમાં અતિશય વૃધ્ધિ પામી ગયો છે.[૧૧] હે પ્રભુ ! તમે કહેશો કે ધર્મરક્ષક રાજા અને ધર્મગુરુઓ શું કરે છે ? તો તેમાં પણ અધર્મસર્ગે પ્રવેશ કર્યો છે, તેથી તમોએ બાંધેલી ધર્મની મર્યાદા પણ તેઓએ છિન્ન ભિન્ન કરી નાખી છે.[૧૨] અને મનુષ્યો બ્રહ્મહત્યા આદિ મહાપાપ અને ગૌહત્યા કે પરસ્ત્રીગમન આદિ ઉપપાપોમાં ખૂબજ પ્રવૃત્ત થઇ પંચવિષયોમાં અતિ આસક્ત બન્યા છે.

अतः संयमिनीवर्त्म जातं तैरतिसङ्कुलम् । कोऽपि कस्यापि न त्राता दृश्यते जगतीतले ॥ १४
त्वं हि भारतलोकानां भजनीयोऽसि यत्कृते । चरस्युग्रं तपोऽतस्तानधर्मात् पातुमर्हसि ॥ १५

**सुव्रत उवाच –**

इत्यृषीणां वचः श्रुत्वा स जातकरुणः प्रभुः । पातुमैच्छदधर्मात्स्वाः प्रादुर्भूय भुवि प्रजाः ॥ १६
एतस्मिन् समये तत्र धर्मो मूर्त्या सहाययौ । आगमं मुनिवृन्दानामवधार्य नराधिप ! ॥ १७

गौरस्तपः कृशतरश्च जटोत्तमाङ्गः पूर्णेन्दुरम्यवदनः सदयाक्षिपद्मः ।
यज्ञोपवीतरुचिरः शुचिशुक्लवासा नारायणं स तमवैक्षत दर्भपाणिः ॥ १८
चारुप्रसन्नमुखपङ्कजशान्तमूर्तिं कारुण्यपूर्णनयनेक्षितभक्तवृन्दम् ।
भूरिक्षमानिलयमीश्वरमार्तबन्धुं स्वाङ्गश्रियाखिलमनोनयनाभिरामम् ॥ १९

---

આમ સદાચારરૂપ ધર્મને છોડી સ્વેચ્છાચારી થયા છે.[૧૩] તેથી તે પાપીઓના આવાગમનને કારણે યમપુરીનો માર્ગ પણ અતિશય સાંકડો બન્યો છે. અત્યારે પૃથ્વી પર કોઇ કોઇનો રક્ષણહાર રહ્યો નથી.[૧૪] હે ભગવન્ ! તમે ભરતખંડવાસી જનોના આરાધ્ય ઈષ્ટદેવ છો. તેમને માટે જ તમો તીવ્ર તપશ્ચર્યા કરો છો. તેથી ભરતખંડવાસી જનોની અધર્મ થકી રક્ષા કરવા એક તમેજ યોગ્ય છો.[૧૫]

**માતાપિતા ધર્મ-ભક્તિનું આગમનઃ-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આવા પ્રકારનાં ઋષિઓનાં વચન સાંભળી ભગવાન શ્રીનારાયણમુનિના અંતરમાં કરુણા પ્રગટી, સર્વેનું રક્ષણ કરવા સમર્થ ભગવાન નારાયણે ભરતખંડને વિષે અવતાર ધારણ કરી પોતાની પ્રજાનું અધર્મવંશ થકી રક્ષણ કરવાની ઇચ્છા કરી.[૧૬] મોટા મોટા મુનિઓ ભગવદ્ દર્શને પધાર્યા છે, એમ જાણી માતા મૂર્તિદેવીની સાથે પિતા ધર્મદેવ ત્યાં પધાર્યા.[૧૭] ધર્મદેવનું શરીર ગૌરવર્ણનું છે, તપથી કાયા કૃશ બની છે, મસ્તક ઉપર ઉત્તમ જટા શોભે છે, પૂર્ણિમાના ચંદ્ર સરખું રમણીય મુખારવિંદ છે, બન્ને નેત્રો કરૂણારસથી ભરેલાં છે. ડાબે ખભે સુંદર યજ્ઞોપવિત ધારી છે. પવિત્ર શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં છે. તેમજ હાથમાં દર્ભ ધારણ કરેલા એવા ધર્મપિતાએ આવી નારાયણ ભગવાનનાં દર્શન કર્યાં.[૧૮] તે સમયે ભગવાન નારાયણમુનિનું મુખારવિંદ પ્રસન્નમુદ્રામાં છે. સૌમ્ય આકૃતિ અને કરૂણા ભરેલાં નેત્રોથી ભક્ત સમુદાયને નિહાળી રહ્યા છે. ક્ષમાના નિધિ, સર્વના નિયંતા અને દુઃખી જીવાત્માઓની સહાય કરનારા તે પોતાના શરીરની મનોહરકાંતિથી સામે બેઠેલા સર્વ ભક્તજનોના નેત્રો અને મનને આનંદ ઉપજાવી રહ્યા છે.[૧૯] મુનિમંડળને

मुनिमण्डलमध्यस्थं तं विलोक्यैव सत्वरम् । उपागमत् स तेजस्वी भूरिहर्षभृतान्तरः ॥ २०
धर्मं विलोक्य भगवानायान्तं पितरं द्रुतम् । उत्थाय पीठादभ्येत्यपरिरभ्यानमत् पदोः ॥ २१
हर्षाश्रुनयनः सोऽपि तं नरं च तथाविधम् । मुदा सदाशीर्वचनैरभ्यनन्दत भूपते ! ॥ २२
प्रणेमतुस्ततो मूर्तिं नरनारायणौ निजाम् । जननीं सा च तावाशीर्वादैः पुत्रावयूयुजत् ॥ २३
तदोत्थायर्षयः सर्वे तावभ्येत्यादरेण ते । सम्भ्रान्ता इव हर्षेण प्रणेमुर्दम्पती नृप ! ॥ २४
मानयामासतुस्तौ च तान् यथोचितमादरात् । निषीदतुस्ततो वृष्यां दत्तायां तौ नरेण च ॥ २५
साकं भगवता सर्वे निषेदुस्ते यथोचितम् । पप्रच्छ स्वागतं प्रीतो धर्मं नारायणः प्रभुः ॥ २६
ततः स मुनिभिः प्रोक्तमधर्मोपद्रवं भुवि । यथावत्कथयामास तेषां प्रीत्योपशृण्वताम् ॥ २७

---

મધ્યે વિરાજતા આવા નારાયણ ભગવાનનાં દર્શન કરી અતિશય હર્ષથી ઘેલા થયેલા મહાતેજસ્વી પિતા ધર્મદેવ એકદમ તેમની સમીપે આવ્યા.[૨૦] પિતાને આવતા જોઇ શ્રીનારાયણમુનિ પણ એકદમ પોતાના આસન પરથી ઊભા થઇ ગયા ને તેમની સન્મુખ દોડી પિતાને આલિંગન કરી તેમનાં ચરણોમાં મસ્તક મૂકી પ્રણામ કર્યા.[૨૧]

સુવ્રતમુનિ કહે છે, હે ભૂપતિ પ્રતાપસિંહ રાજા ! ધર્મપિતાનાં નેત્રોમાંથી હર્ષનાં અશ્રુઓ ઉભરાયાં. બન્ને પુત્ર નર અને નારાયણમુનિને "તમારો જય થાઓ," આવાં સુંદર આશીર્વચનોથી અભિવાદન કર્યું.[૨૨] ત્યાર પછી નર અને નારાયણે માતા મૂર્તિદેવીના ચરણમાં વંદન કર્યા, અને માતાએ પણ બન્ને પુત્રોને આશીર્વાદ આપ્યા.[૨૩] હે રાજન્ ! તે સમયે સમગ્ર મુનિઓ પણ પોતપોતાના આસન પરથી ઊભા થઇ આદરપૂર્વક ધર્મ અને મૂર્તિદેવીની સન્મુખ પધાર્યા ને અતિ હર્ષ ઘેલા થઇ ભક્તિ ધર્મને પ્રણામ કરવા લાગ્યા.[૨૪] તેથી બન્નેએ પણ ઋષિમુનિઓને આદરપૂર્વક યથાયોગ્ય માન આપ્યું. પછી નરમુનિએ પ્રેમથી અર્પણ કરેલા દર્ભનાં આસન ઉપર વિરાજમાન થયાં.[૨૫] ત્યારપછી સર્વે મુનિઓ પણ નર અને નારાયણ ભગવાનની સાથે પોતપોતાના આસન પર યથા યોગ્ય વિરાજમાન થયા, ને ભગવાન શ્રીનારાયણમુનિએ માતાપિતાને કુશળ સમાચાર પૂછ્યા.[૨૬] ત્યાર પછી તેમણે ઋષિઓએ કહેલી ભરતખંડમાં વૃદ્ધિ પામેલા અધર્મસર્ગના ઉપદ્રવની વાર્તા પ્રેમપૂર્વક જે શ્રવણ કરતા હતા, તે સર્વે વૃત્તાંત ઋષિમુનિઓના જ સાંન્નિધ્યમાં માતાપિતાને યથાર્થ કહી સંભળાવ્યું.[૨૭]

नारायणस्याननपद्मनिः सृतां वार्तां तदानीमुपशृण्वतां सताम् ।
तेषां मनोवृत्तय एकसंश्रया आसन्समाधाविव भूप ! सर्वशः ॥ २८

**॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे अधर्मोपद्रवनिवेदननामाष्टमोऽध्यायः ॥ ८ ॥**

---

## नवमोऽध्यायः

**सुव्रत उवाच –**

इत्थं मुनिषु धर्मे च शृण्वत्सु भगवद्वचः । तदाननाब्जैकपदस्थिरदृक्चित्तवृत्तिषु ॥ १
नारायणे च तद्वार्ताकथनैकाग्रचेतसि । तेनान्तः प्रेरितस्तत्र दुर्वासा मुनिराययौ ॥ २
कैलासादागतो गङ्गां तत्र पौर्वाह्णिकं विधिम् । विधायादौ ततः प्राप्तो बदरीं तां तपोनिधिः ॥ ३

---

સુવ્રતમુનિ કહે છે, રાજન્ ! તે સમય ભગવાન શ્રીનારાયણના મુખકમળમાંથી નીકળતી આ અમૃતસમાન વાર્તાને સાંભળતા મુનિજનો, ધર્મ, ભક્તિ, ઉદ્ધવ, નારદ આદિ સર્વેના મનની વૃત્તિ સમાધિમાં જેમ સ્થિર થાય તેમ સ્થિર થઈ ગઈ.[૨૮]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ઋષિઓએ નિવેદન કરેલા અધર્મ ઉપદ્રવનું નિરૂપણ કર્યું એ નામે આઠમો અધ્યાય પૂર્ણ થયો. --૮--***

---

## અધ્યાય – ૯

## દુર્વાસામુનિનું આગમન અને આપેલા શાપનું વર્ણન

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! નેત્ર અને મનની વૃત્તિને ભગવાન શ્રીનારાયણના મુખકમળને વિષે જ એક સ્થિર કરીને મરીચ્યાદિ મુનિઓ ધર્મદેવ, ભક્તિદેવી, ઉદ્ધવ આદિ સર્વે અમૃત સમાન ભગવાનનાં વચનોનું શ્રવણ કરી રહ્યા છે.[૧] ભગવાન શ્રીનારાયણ પણ ભરતખંડની વાત કરવામાં તલ્લીન થયા છે. તે જ સમયે તેમની જ પ્રેરણાથી દુર્વાસા મુનિનું ત્યાં આગમન થયું.[૨] કૈલાસ પર્વત પરથી પધારેલા તપોનિધિ દુર્વાસા મુનિએ પ્રથમ ભાગીરથી ગંગામાં સ્નાન

नरनारायणं तत्र मुनिमण्डलमध्यगम् । ददर्श मूर्तिधर्मौ च सिद्धदेहं तथोद्धवम् ॥ ४
नापश्यत्तत्र तं कोऽपि वार्तासक्तमनस्तया । आदरं नाकृत ततो मान्यस्याप्यस्य किञ्चन ॥ ५
तिष्ठन्नासीत्स घटिकां पश्यन्नेव सभासदः । अवज्ञातमिवात्मानमात्रेयो ह्यमन्यत ॥ ६
चुकोप सद्यः सर्वेभ्यः क्रुधा रक्तविलोचनः । वेपमानाङ्ग उद्बाहुः शप्स्यंस्तानाह निर्भयः ॥ ७
अहो ! कालविपर्यासो येन सन्मार्गवर्तनाः । प्रवृत्ताः कापथे सन्ति भग्नसेतव उन्मदाः ॥ ८
विद्यादिमदमत्तत्वादवजानन्तु मां द्विजाः । किन्तु धर्मोऽप्यधर्मोऽभूदवजानाति मां यतः ॥ ९
दर्पापनोदमे तेषां कुर्वे तदहमद्य वै । यथा नैवं पुनः कुर्युरित्युक्त्वोच्चैः शशाप तान् ॥ १०
सर्वेऽपि यूयं मानुष्यं लभन्तो भो वृषादयः ! । कल्यधर्माढ्यासुरेभ्यस्तत्र कष्टं च भूरिशः ॥ ११

---

કરી પ્રાતઃ સંધ્યાવન્દનાદિ વિધિ સમાપ્ત કર્યા પછી બદરીવિશાલાની સમીપે પધાર્યા.[૩] ત્યાં વિશાલાની નીચે વેદિકા ઉપર મુનિમંડળના મધ્યમાં વિરાજતા ભગવાન શ્રીનરનારાયણનાં, તથા મૂર્તિદેવીધર્મ અને દિવ્ય શરીરને પામેલા ઉદ્ધવજીનાં તે દુર્વાસામુનિને દર્શન થયાં.[૪]

શ્રીનારાયણ ભગવાનની વાત સાંભળવામાં સર્વેના મન આસક્ત હોવાને કારણે કોઈએ પણ તે દુર્વાસા મુનિને જોયા નહિ. તેથી માનનીય એ દુર્વાસા મુનિનો કોઈથી પણ આદર સત્કાર થયો નહિ.[૫] તેથી અત્રિપુત્ર દુર્વાસા મુનિ એક ઘડી પર્યંત તે સભાસદો સામે જ એક દૃષ્ટિ કરતા ઊભા રહ્યા, અને આ સભાસદોએ મારું ઘોર અપમાન કર્યું છે, એમ પોતાના મનમાં માનવા લાગ્યા.[૬] ક્રોધથી તેમનાં નેત્રો લાલચોળ થયાં શરીર કંપવા લાગ્યું, હોઠ ફરકવા લાગ્યા, ધર્મદેવ આદિ સર્વે સભાસદો ઉપર ક્રોધના અંગારા વર્ષાવતા બે હાથ ઊંચા કરી નિર્ભયપણે શાપ આપતા કહેવા લાગ્યા.[૭] અહો !!! આશ્ચર્યની વાત છે ને, આ કેવો વિપરીત સમય આવ્યો છે ? જેથી સત્પુરુષોના માર્ગે ચાલનારા પુરુષો પણ કુમાર્ગે ચાલનારા થયા છે. મહાપુરુષોએ બાંધેલી ધર્મમર્યાદાને તોડી રહ્યા છે અને અભિમાનથી મદોન્મત્ત બન્યા છે, અતિથિઓના અપમાન કરવા સુધીના અધર્મમાર્ગે જઈ રહ્યા છે.[૮] અરે !!! આ મરીચ્યાદિ વિપ્રો વિદ્યા, તપ વિગેરેના મદથી ઉન્મત્ત થયા છે, તેથી એ મારું અપમાન કદાચ ભલે કરે પણ આ સાક્ષાત્ ધર્મદેવ પણ ધર્મમર્યાદાનો ભંગ કરી મારું અપમાન કરે છે ?.[૯] તેથી આજ એ સર્વેના ગર્વનો હું નાશ કરીશ. જેથી ફરીને આવું કર્મ તે કરે નહિ. આ પ્રમાણે ઉચ્ચ સ્વરે ગર્જના કરતા તે સર્વેને શાપ આપવા લાગ્યા.[૧૦] કે હે ધર્માદિ મુનિઓ ! તમે સર્વે પૃથ્વી ઉપર મનુષ્ય

मदवज्ञाकृतो यूयमवज्ञां तेभ्य एव हि । ताडनं चाप्स्यथ ग्रामात् पुरान्निष्कासनादि च ॥ १२

**सुव्रत उवाच –**

सदःस्थानिति तान् सर्वान् शप्त्वा तूर्ष्णीं बभूव सः ।
धक्ष्यमाण इवाकस्माद्ब्रह्माण्डमखिलं स्थितः ॥ १३

ततो नारायणो धर्मो मुनयश्चोद्धवो नृप ! । तदुच्चाक्रोशमाकर्ण्य तमैक्षन्ताग्निसन्निभम् ॥ १४
अतिक्रोधानलज्वालादह्यमानाङ्गवेपथुम् । सशब्ददन्तनिष्पिष्टाधरं दुष्प्रेक्ष्यलोचनम् ॥ १५
सर्वेऽप्युत्थाय सहसा तं प्रणम्यादरेण ते । विनीताः सान्त्वयामासुरुपवेश्यासने शुभे ॥ १६
युक्त्याऽनुनीयमानोऽसौ हविषाग्निरिवर्षिभिः । भृशं दिदीपे भूयोऽपि नत्वशाम्यत भूमिप ! ॥ १७

तं शप्तवन्तमखिलानथ धर्मदेवो निष्कारणं सविनयं धरणौ निपत्य ।
बद्धाञ्जलिद्वय उदारमतिः प्रणम्य प्रोवाच सान्त्वनपटुः प्रियभूमिदेवः ॥ १८

---

જન્મને પામો, ત્યાં કળિયુગ અને અધર્મથી વૃદ્ધિ પામેલા અસુરો થકી મહા કષ્ટ પામો. મારું અપમાન કરનારા તમારા સર્વેનું તે અસુરો દ્વારા ઘોર અપમાન થાઓ અને તાડન પામો. તેમજ ધક્કા મારી ગામ અને નગરમાંથી બહાર કાઢી મૂકવા આદિ ઘણાક અપમાનને પામો.[૧૧-૧૨]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! અકસ્માત જાણે આખા બ્રહ્માંડને બાળી દેશે કે શું ? એમ દુર્વાસામુનિ આ પ્રમાણે ધર્મદેવ આદિ સભાસદોને શાપ આપી મૌન થયા.[૧૩] હે રાજન્ ! તે સમયે ઉચ્ચ સ્વરે આક્રોશ ભરેલા શબ્દો સાંભળી ભગવાન શ્રીનારાયણમુનિ, ધર્મદેવ, મુનિઓ અને ઉદ્ધવજીએ પાછું વળીને જોયું, ત્યાં તો કાળઝાળ ક્રોધરૂપી અગ્નિથી ધખતા દુર્વાસામુનિને જોયા.[૧૪] અતિ ક્રોધરૂપી અગ્નિથી તેમનું શરીર બળી રહ્યું હતું અને કાંપતું હતું, કટ કટ શબ્દ કરતા દાંત વચ્ચે હોઠને દબાવી રહ્યા હતા, એમનાં નેત્રો અતિશય લાલચોળ બન્યાં હોવાથી તેમની સામે જોવાની કોઈની હિંમત પણ ચાલતી ન હતી.[૧૫]

આવા દુર્વાસાને જોઈને સર્વે મુનિઓ તત્કાળ આસન ઉપરથી ઊભા થયા, આદરપૂર્વક વંદન કરી સુંદર આસન ઉપર તેમને બેસાડ્યા અને અતિ વિનમ્ર બની સાંત્વના આપવા લાગ્યા.[૧૬] હે ભૂપતિ ! મરીચ્યાદિ મુનિઓએ અનેક પ્રકારના ઉપાયોથી શાંત પાડવાની કોશિષ કરી પણ દુર્વાસા મુનિનો ક્રોધ તો જાણે અગ્નિમાં ઘીનો હોમ કરે ને અગ્નિ પ્રજ્વલ્લિત થાય તેમ ફરી અત્યંત ભભૂકી ઊઠ્યો પણ શાંત થયો નહિ.[૧૭] પછી મહા ઉદારબુદ્ધિવાળા સાંત્વના આપવામાં ચતુર,

**धर्म उवाच -**

पुंसु कृतापराधेषु तद्धितायैव सर्वथा । शिक्षादण्डो युज्यते वै महर्षे ! त्वादृशां सताम् ॥ १९
बुद्ध्याऽपराधो नास्माभिः कृतस्ते न च कैतवात् । हर्युक्तिसक्तचित्तत्वान्नबुद्धो युष्मादागमः ॥ २०
सद्यो जह्याम सर्वस्वं स्वप्राणानपि यत्कृते । ब्रह्मर्षिमागतं तं त्वां नार्चयेमान्यथा कथम् ॥ २१
अन्यासक्तमनस्त्वेन सन्मानं ते न कुर्वताम् । क्षान्त्वाऽपराधमस्माकं सर्वान् शापाद्विमोचय ॥ २२
नवनीतसमत्वेन परानुग्रहजन्मनाम् । हृदयं ब्राह्मणानां वै प्रोक्तं शिक्षारुषां क्षणम् ॥ २३

**सुव्रत उवाच -**

इत्थं नीतिविंदा तेन निश्छद्म प्रार्थितो मुनिः । शान्तक्रोधरयः किञ्चित्तमुवाच कृताञ्जलिम् ॥ २४

---

બ્રાહ્મણપ્રિય ધર્મદેવ, વિના કારણે શાપ આપતા તે દુર્વાસામુનિના ચરણમાં પડી બે હાથ જોડી વિનયપૂર્વક પ્રણામ કરી કહેવા લાગ્યા.[૧૮] ધર્મદેવ કહે છે, હે મહર્ષિ ! જે પુરુષોએ અપરાધ કર્યો હોય તેના હિતને અર્થે તમારા જેવા સત્પુરુષોએ કરેલો શિક્ષાદંડ નિશ્ચે યોગ્ય જ છે. પરંતુ હે મુનિ ! અમે તમારું અપમાન જાણી જોઈને કર્યું નથી, અથવા કપટથી પણ કર્યું નથી, પરંતુ આ ભગવાન નારાયણની વાત સાંભળવામાં અમારું ચિત્ત આસક્ત હતું તેથી આપશ્રીના આગમનને અમો જાણી શક્યા નહિ.[૧૯-૨૦] અરે !!! આપના જેવા સંત માટે અમે અમારું સર્વસ્વ અર્પણ કરી દઈએ, એટલું જ નહિં અમારા પ્રાણનું પણ બલિદાન આપી દઈએ તો પછી સ્વેચ્છાથી અહીં પધારેલા આપ બ્રહ્મર્ષિનું અમે સન્માન કેમ ન કરીએ ?.[૨૧] પરંતુ આ ભગવાન શ્રીનારાયણની વાર્તા સાંભળવામાં અમારું મન આસક્ત હતું તેથી આપ પધાર્યા તેની અમારે જાણ ન હોવાથી આપશ્રીનું સન્માન થઈ શક્યું નહિ, આ અજાણતાં થયેલા અમારા અપરાધને ક્ષમા કરો. અને અમો સર્વને શાપથકી મુક્ત કરો.[૨૨] હે મુનિ ! અન્ય ઉપર અનુગ્રહ કરવાને અર્થે જ તમારા જેવા સંતનો અવતાર હોય છે. પરંતુ અપરાધીઓને દંડ દેવા માટે ક્રોધ તો ક્ષણ માત્ર હોય છે, વાસ્તવમાં આપના જેવા બ્રાહ્મણોનું હૃદય તો માખણ જેવું કોમળ હોય છે.[૨૩]

સુવ્રત મુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! નીતિમાં કુશળ ધર્મદેવ આપ્રમાણે નિષ્કપટ ભાવથી દુર્વાસામુનિની પ્રાર્થના કરી તેથી ક્રોધ કાંઈક થોડો શાંત થયો અને બે હાથ જોડી ઊભેલા ધર્મદેવ પ્રત્યે કહેવા લાગ્યા.[૨૪]

दुर्वासा उवाच -

नैवाहं क्षणरुट् धर्म ! न स्वशापाच्च कञ्चन । विमोचयामि त्रैलोक्ये क्वापीति ख्यातिरस्ति मे ॥ २५
तथाप्यनघ ! मच्चित्तं पुण्यमूर्तेस्तवान्तिके । अद्यैवेशेच्छया किञ्चिन्मृदु जातमिवेक्ष्यते ॥ २६
मच्छापस्त्वन्यथा नैव भविष्यति कदाचन । तथाप्यनुग्रहं कुर्वे युष्माकं धर्म ! तच्छृणु ॥ २७
मानुष्येऽपि तवैषैव मूर्तिः पत्नी भविष्यति । पुत्रश्च भगवानेष नारायण ऋषिः पुनः ॥ २८
स युवां च मुनीन्सर्वान् धर्मासुरकष्टतः । रक्षिष्यत्यवनौ नूनं पोक्ष्यति त्वां च सर्वथा ॥ २९
पुत्रीभूते भगवति स्नेहातिशयतो युवाम् । निरुद्धचित्तौ मच्छापान्मोक्ष्येथे अल्पकालतः ॥ ३०
ततो दिव्यगतिं धर्म ! प्राप्स्यथो वां स्ववाञ्छिताम् । भविष्यत्येतदेवं हि नान्यथा मद्वचः क्वचित् ॥ ३१
मुनयः ! सोद्धवा यूयं द्विजातित्वं नृषु क्षितौ । प्राप्स्यथाथैष युष्मासु हरिः सख्यं करिष्यति ॥ ३२

---

**દુર્વાસામુનિએ કરેલો અનુગ્રહઃ–** દુર્વાસામુનિ કહે છે, હે ધર્મ ! હું ક્ષણવાર ક્રોધ કરનારો વ્યક્તિ નથી, ત્રિલોકિને વિષે કોઈપણને હું મારા શાપ થકી ક્યારેય પણ મુક્ત કરું નહિ એવી મારી ખ્યાતિ છે.[૨૫] છતાં પણ હે નિષ્પાપ ! ધર્મદેવ ! પુણ્યમૂર્તિ! આપશ્રીના સાંનિધ્યથી અને કાંઈક આ ભગવાનની ઈચ્છાથી મારું ચિત્ત કાંઈક કોમળ થયું હોય તેમ મને જણાય છે.[૨૬] હે ધર્મદેવ ! મારો શાપ તો ક્યારેય મિથ્યા થતો નથી. છતાં પણ તમારા ઉપર અનુગ્રહ કરું છું તેને તમે સાંભળો.[૨૭] મનુષ્યયોનીમાં પણ આ મૂર્તિદેવી તમારાં પત્ની તરીકે જન્મ ધારણ કરશે અને આ સાક્ષાત્ નારાયણઋષિ ફરીને તમારા પુત્ર સ્વરૂપે પ્રગટ થશે.[૨૮] પુત્ર સ્વરૂપે પ્રકટેલા આ પરમાત્મા તમારું અને આ સર્વે મુનિઓનું અધર્મ અને અસુરોના કષ્ટ થકી રક્ષણ કરશે, અને પૃથ્વી ઉપર તમારું સર્વ પ્રકારે ચોક્કસ પાલન પોષણ કરશે.[૨૯] પુત્રરૂપે પ્રગટેલા આ પરમાત્માને વિષે તમારો સ્નેહ અતિશય વૃદ્ધિ પામવાથી તેમના સ્વરૂપને વિષે તમારાં બન્નેનાં ચિત્તનો નિરોધ થશે. ત્યાર પછી ટુંક સમયમાં જ મારા શાપ થકી મુક્ત થઈ જશો.[૩૦] હે ધર્મદેવ ! ત્યાર પછી તમે તમારી મનોવાંછિત દિવ્યગતિને પ્રાપ્ત કરશો, અને હું જે વચન કહું છું તે પ્રમાણે જ થશે પણ ક્યારેય બીજી રીતે નહિ થાય.[૩૧]

હે મુનિઓ ! જ્યારે તમે પૃથ્વી ઉપર ઉદ્ધવજીની સાથે ત્રૈવર્ણિક દ્વિજાતિમાં મનુષ્યયોનિમાં જન્મ ધારણ કરશો ત્યારે આ નારાયણ ભગવાન તમારા સખા બની તમારી સર્વેની સહાય કરશે.[૩૨] ત્યાર પછી મારા શાપ થકી મુક્ત થઈ દિવ્ય ગતિને પ્રાપ્ત કરશો. આ પ્રમાણે અનુગ્રહ કરી સર્વેને નમસ્કાર કરી દુર્વાસામુનિ

ततो मच्छापनिर्मुक्ता गतिं दिव्यां प्रयास्यथ । एवमुक्त्वा स तान्नत्वा कैलासं प्रययौ पुनः ॥ ३३
मुनयस्ते तु तत्रोषुर्देहान्तरजिघृक्षवः । शप्तुं दुर्वाससं शक्ता अपि शेपुर्न सद्धियः ॥ ३४
धर्मस्यात्र ऋषीणां च शापे हतुर्निरागसाम् । इच्छा भगवतो ज्ञेया धर्मदोग्धॄन् हरिष्यतः ॥ ३५
अतो दुर्वाससं क्रोधाच्छपन्तं स्वानकारणम् । नोपालभत किञ्चिद्वै शापं चाकृत नान्यथा ॥ ३६
अथोवाच हरिं धर्मो नारायण ! मम त्वया । ऋषीणां चावनं कार्यमधर्मासुरकृच्छ्रतः ॥ ३७
तमाह भगवांस्तात ! चिन्तां मा कुरु चेतसि । मदिच्छयैव शापोऽयं जात इत्यवधार्यताम् ॥ ३८
प्रवृत्तोऽस्त्यधुना भूयानधर्मो भुवि सर्वतः । कलेर्बलं समासाद्य पीड्यन्ते तेन मानवाः ॥ ३९
अतस्त्वत्पुत्रतां भूयो हरिनामाऽहमाप्य तम् । सर्वतो नाशयिष्यामि पालयन्साधुपूरुषान् ॥ ४०
धर्मज्ञानविरागाढ्यां भक्तिं भुवि यथा पुरा । प्रवर्तयिष्ये युष्माभिः सहैव विचरन्नहम् ॥ ४१

---

ફરી કૈલાસ પ્રત્યે ચાલ્યા ગયા.[૩૩]

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ત્યાર પછી મરીચ્યાદિ મુનિઓ મનુષ્ય દેહ ધારણ કરવાની ઈચ્છા કરતા કેટલોક સમય ત્યાં બદરિકાશ્રમમાં જ નિવાસ કરીને રહ્યા, આ બધા દુર્વાસામુનિને પાછો શાપ આપવા સમર્થ હતા છતાં સદ્બુદ્ધિવાળા તેઓએ શાપ આપ્યો નહિ.[૩૪] શાપ તો નિમિત્ત માત્ર હતો. હે રાજન્ ! નિરપરાધી મુનિઓ અને ધર્મ-ભક્તિને જે શાપ થયો તેનું મુખ્ય કારણ ધર્મદ્રોહીઓનો વિનાશ કરવા ઈચ્છતા શ્રીનારાયણ ભગવાનની ઈચ્છા જ જાણવી.[૩૫] તેથી જ પોતાના અનન્ય ભક્ત એવા ધર્મદેવ આદિ મુનિઓને અકારણ ક્રોધપૂર્વક શાપ આપતા દુર્વાસામુનિને રોક્યા નહિ, ઠપકો પણ આપ્યો નહિ અને શાપને પણ મિથ્યા કર્યો નહિ.[૩૬]

ત્યાર પછી ધર્મદેવ શ્રીનારાયણ ભગવાનને કહેવા લાગ્યા કે, હે નારાયણ ! તમે અમારું અને આ મુનિઓનું પૃથ્વીપર અસુરો અને અધર્મના સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરજો.[૩૭] ત્યારે ભગવાન શ્રીનારાયણ કહેવા લાગ્યા કે, હે તાત ! તમે મનમાં જરા પણ ચિંતા ન કરશો, મારી ઈચ્છાથી જ આ શાપ થયો છે એમ તમે જાણો.[૩૮] પૃથ્વી પર અત્યારે અધર્મ કળિયુગની સહાયતા લઈ ચારે તરફ ખૂબ જ વૃદ્ધિ પામ્યો છે. તે અધર્મથી મારા ભક્તો ખૂબજ પીડાઈ રહ્યા છે.[૩૯] તે કારણથી હું તમારે ત્યાં ફરી પુત્ર સ્વરૂપે પ્રગટ થઈ ''હરિ'' એવા નામથી વિખ્યાત થઈશ. સાધુ પુરુષોનું પાલન કરીશ અને અધર્મનો સંપૂર્ણપણે ચારે બાજુથી વિનાશ કરીશ.[૪૦] તમારી સાથે વિચરણ કરીને હું ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત ભક્તિનું

त्यक्त्वा चिन्तां ततः सर्वेऽप्युत्पद्यध्वं नृषु क्षितौ । यस्येच्छा यत्र तत्रासौ जायतां वो द्विजातिषु ॥ ४२
इत्युक्तास्ते तमानम्य जग्मुः सर्वे निजाश्रमान् । स्मरन्त एव हृदये नरनारायणं हितम् ॥ ४३
कोसलेषु ततो धर्मः सह पत्न्या जनिं नृषु । जिघृक्षुः पितरौ स्वस्य व्यचिचिन्तत्तथोद्धवः ॥ ४४

जिघृक्षवो जन्म मनुष्यजातौ देशाननेकांस्तु महर्षयस्ते ।
गतास्ततो भूमिपते ! द्विजेषु कालेन सर्वे जगृहुर्जनूंषि ॥ ४५

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मादिशापानुग्रहनिरूपणनामा नवमोऽध्यायः ॥ ९ ॥*

---

ભારતની ભૂમિ ઉપર ફરી પૂર્વવત્ પ્રવર્તન કરીશ.[૪૧] તેથી તમે સર્વે ચિંતા છોડીને જેમની જ્યાં ઈચ્છા હોય તેવા ત્રૈવર્ણિક દ્વિજાતિ મનુષ્ય યોનિમાં પૃથ્વી પર જન્મ ધારણ કરો.[૪૨] આ પ્રમાણે ભગવાન શ્રીનારાયણમુનિનાં વચન સાંભળી શાંત થયેલા તે સર્વે મુનિઓ ભગવાનને પ્રણામ કર્યા અને હૃદયમાં શ્રીનારાયણ ભગવાનનું સ્મરણ કરતા કરતા પોતાના આશ્રમો પ્રત્યે સીધાવ્યા.[૪૩]

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ધર્મપિતા, મૂર્તિદેવી અને ઉદ્ધવજી પણ પવિત્ર ભૂમિ-ઉત્તર કૌશળ દેશને વિષે મનુષ્ય યોનિમાં જન્મ ધારણ કરવાની ઈચ્છાથી યોગ્ય માતા-પિતા વિષે ચિંતવન કરવા લાગ્યા.[૪૪] હે ભૂમિપતિ ! તે મરીચ્યાદિ મહર્ષિઓ પણ મનુષ્ય જાતિમાં જન્મ લેવાની ઈચ્છાથી અનેક દેશોમાં વિચરણ કરવા લાગ્યા અને સમય જતાં યોગ્ય દ્વિજ માતા-પિતાને ત્યાં જન્મ ધારણ કર્યો.[૪૫]

*આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ધર્મદેવ આદિને થયેલા દુર્વાસાના શાપનું અને ભગવાનના જન્મ લેવા રૂપ અનુગ્રહનું નિરૂપણ કર્યું એ નામે નવમો અધ્યાય પૂર્ણ થયો. --૯--*

---

## दशमोऽध्यायः ( १० )

सुव्रत उवाच -

राजन्नत्रान्तरे जाता नरेष्वासन्सहस्त्रशः । अदेवा दानवा दैत्या यक्षा रक्षांसि च क्षितौ ॥ १
पुरा देवासुरमृधे सहायेन हरेः सुरैः । ये हता असुरास्ते हि बबन्धुर्वैरमच्युते ॥ २
अतिप्रियं भगवतो बुद्ध्वा धर्मं सनातनम् । तन्नाशेनैव तन्नाशं निश्चिक्युस्ते त्वधार्मिकाः ॥ ३
कलिद्वापरयोः सन्धौ भुव्यजायन्त ते ततः । नृषु केचिच्च पशुषु पक्ष्यादिष्वपि केचन ॥ ४
वेददेवर्षिविप्राणां चक्रुर्द्रोहं च ते सताम् । तेषां भगवदीयत्वं जानन्तश्चोन्मदा भृशम् ॥ ५
भूभारभूतांस्तान्हन्तुं ततः श्रीबदरीपतिः । नारायणः स्वयं जज्ञे कृष्णाख्यो यदुषु क्षितौ ॥ ६
स्वयं जघान कतिचित्सोऽसुरानद्भुतेहितः । कतिचिद्घातयामास बलदेवार्जुनादिभिः ॥ ७
तत्र स्वयं हतास्तेन ये ये चान्यहता अपि । तच्चित्ता मरणं प्रापुर्ये चान्ते तेन वीक्षिताः ॥ ८

---

## અધ્યાય - ૧૦

## ભારતભૂમિમાં હજારો અસુરોનો જન્મ અને આસુરી પ્રવૃતિ માટે સ્વીકારેલી જુદી જુદી ભૂમિકાઓ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ અરસામાં આ પૃથ્વી પર હજારે હજાર અસુરો, દાનવો, દૈત્યો, યક્ષો અને રાક્ષસોએ પણ જન્મ લીધા.[૧] પૂર્વે દેવાસુર યુદ્ધમાં ભગવાનની સહાયતા લઈ દેવતાઓએ જે જે અસુરોને માર્યા હતા, તે સર્વેએ ભગવાનની સાથે વૈર બાંધ્યું.[૨] સનાતન ધર્મ ભગવાનને અતિશય પ્રિય છે, એવું જાણીને અધર્મનિષ્ઠ તે અસુરોએ ધર્મના વિનાશથી જ પોતાના શત્રુ ભગવાનનો વિનાશ થશે, એવો દૃઢ નિશ્ચય કર્યો.[૩] સમય જતાં તે સર્વે અસુરો કલિ અને દ્વાપરયુગની સંધિના સમયે પૃથ્વી ઉપર જન્મ લીધા, તેમાં કેટલાક અસુરોએ મનુષ્યયોનિમાં અને પશુ-પક્ષીની યોનિમાં જન્મ લીધા હતા.[૪] અત્યંત મદોન્મત્ત બનેલા તે અસુરો વેદ, દેવ, ઋષિ, વિપ્ર અને સંતોને ભગવદીય જાણી તેમનો ભરપુર દ્રોહ કરવા લાગ્યા.[૫] તે સમયે ભૂમિના ભારરૂપ અસુરોનો સંહાર કરવા શ્રીબદરીપતિ સ્વયં નારાયણ આ પૃથ્વી ઉપર યદુકુળને વિષે શ્રીકૃષ્ણ પરમાત્મા સ્વરૂપે પ્રગટ થયા.[૬] અત્યંત આશ્ચર્યકારી પરાક્રમો કરનારા સ્વયં શ્રીકૃષ્ણ ભગવાને કેટલાક અસુરોનો સંહાર કર્યો, અને કેટલાક અસુરોને બળદેવ તથા અર્જુન દ્વારા મરાવ્યા.[૭] તે મરણ પામેલા અસુરોની મધ્યે જે અસુરોનો સંહાર

असुरास्ते तु भूपाल ! लेभिरे मुक्तिमीप्सिताम् । वैरधीरपि यन्मेने भक्तिस्तेन कृपालुना ॥ ९
तथाभूता न वै ये तु मृतास्तस्मिंश्च वैरिणः । मनःस्थपञ्चविषयभोगतीक्ष्णतृषश्च ये ॥ १०
हता युधीदृग्मलिनवासनास्ते कलाविह । जाता विदित्वा दुर्वासःशप्तधर्माज्जनिं प्रभोः ॥ ११
सपत्नीकस्य धर्मस्य मुनीनां पीडनेन च । इच्छन्तो भुवि ते कृष्णवैरनिर्यातनं पुनः ॥ १२
धर्मादेर्जन्मतः सर्वे ते प्रागेवासुरव्रजाः । जाता नृप ! नरेष्वेव शतशश्च सहस्रशः ॥ १३
तत्र दैत्या दानवा ये जाता राजकुलेषु ते । यक्षरक्षांसि च ब्रह्मगुह्यजा ब्राह्मणादिषु ॥ १४
एते तु स्वीयासुरतां गोप्तुं विष्णोः शिवस्य च । काल्याश्च दीक्षामादाय गुरुतां भेजिरे नृणाम् ॥ १५
सर्वेऽपि कृष्णवैरेण तदात्माधिकवल्लभम् । वर्णाश्रमात्मकं धर्मं तद्भक्तिं चार्दयन्मुहुः ॥ १६

---

**સ્વયં શ્રીકૃષ્ણે કર્યો હતો, તથા જેમનો બળદેવ આદિએ સંહાર કર્યો હતો, તેમાંથી જેમના ઉપર શ્રીકૃષ્ણ ભગવાનની કૃપા દૃષ્ટિ પડી હતી તે, તથા જે અસુરો ભગવાન શ્રીકૃષ્ણમાં ચિત્તવૃત્તિ રાખીને મૃત્યુ પામ્યા તે, સર્વે અસુરો પોતાને ઇચ્છિત મુક્તિને પામ્યા. અને હે ભૂપાલ ! ભગવાન કેવા દયાના સાગર છે કે જે વૈર બુદ્ધિથી પણ પોતાનું સ્મરણ કરે છે તેને પણ ભક્તિરૂપ માની મુક્તિ આપે છે.[૮-૯] પરંતુ જે અસુરો મૃત્યુ નહોતા પામ્યા અને જેનાં મન મલિન વાસનાથી ઘેરાયેલાં હતાં તથા પંચવિષયોના લોભની તીક્ષણ તૃષ્ણા ધરાવતા હતા, અને યુદ્ધમાં ભગવાનના સંબંધે રહિત થઇ કેવળ વૈરભાવથી મૃત્યુ પામ્યા હતા, તે સર્વે અસુરો અત્યારે દુર્વાસાના શાપથી ભગવાનનું ધર્મદેવ થકી પ્રાગટ્ય થવાનું છે એમ જાણીને આ કળિયુગમાં ઉત્પન્ન થયા.[૧૦-૧૧] તે અસુરો મૂર્તિદેવીએ સહિત ધર્મપ્રજાપતિને તથા મુનિઓને પીડીને શ્રીકૃષ્ણ સાથેના વૈરનો બદલો વાળવા ઇચ્છતા હતા. અને તેથી જ હે રાજન્ ! ધર્મદેવ આદિના પ્રાગટ્ય પહેલાં જ પૃથ્વી પર સો એ સો અને હજારે હજાર અસુરોનાં ઝુંડે ઝુંડ મનુષ્યયોનિમાં ઉત્પન્ન થયાં.[૧૨-૧૩] તે અસુરોને મધ્યે જે દૈત્યો અને દાનવો હતા તે રાજકુળોમાં જન્મી રાજાઓ થયા, જે બ્રહ્માના ગુહ્યઅંગમાંથી ઉત્પન્ન થયેલા યક્ષો અને રાક્ષસો હતા તે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણમાં જન્મ્યા.[૧૪] આ અસુરો પોતાનો આસુરીભાવ ગુપ્ત રાખવાને માટે વિષ્ણુ, શિવ અને મહાકાળીની દિક્ષા ધારણ કરી સર્વે મનુષ્યોના ગુરુ થઇ પૂજાવા લાગ્યા.[૧૫] એ સર્વે રાજાઓ તથા સાધુઓના રૂપમાં છાના અસુરો હોવાથી તે સર્વે શ્રીકૃષ્ણ પરમાત્મા સાથે વૈરબુદ્ધિ હોવાના કારણે પરમાત્માને પોતાના આત્માથી પણ અધિક વહાલા એવા વર્ણાશ્રમ ધર્મનું અને અતિશય વહાલી ભક્તિનું વારંવાર યુક્તિઓથી**

देशिकास्तत्रवैन्यस्य यज्ञभङ्गाय वज्रिणा । धृतहातानौपधर्म्यानाकल्पान्बहुधाऽऽश्रयन् ॥ १७
तथा बलासुरास्योत्थत्रिविधस्त्रीगणेश्वराः । देवार्पितान्नमांसेरामाहात्म्यं बहुधोचिरे ॥ १८
प्रलोभयित्वा दम्भेन ह्येतैर्वेषादिभिस्त्रिभिः । दैवानभ्रंशयञ्जीवान्स्वधर्महरिभक्तितः ॥ १९
मद्यमांसपरस्त्रीषु सक्तास्ते च रसे धने । मन्त्रयन्त्रादिभिर्लोकान्वशीचक्रुः कलेर्बलात् ॥ २०
आत्मानं धार्मिकं मत्वा विश्वस्य च यथा जनाः । दद्युः स्त्रीधनभक्तादि कुर्वन्ति स्म तथा क्रियाः ॥ २१
ब्रह्मज्ञानस्य भक्तेश्च स्वधर्मस्यापि बोधनम् । स्वार्थसिद्ध्यनुकूलं ते चक्रुः शास्त्रार्थनिर्णयैः ॥ २२
जगदुश्चाखिलं वेदं हिंस्रयज्ञपरं च ते । यज्ञोद्देशेन च बहून्निजघ्नुः पशुपक्षिणः ॥ २३
शब्दभेदैः श्रुतीनां च स्मृतीनामप्यकुर्वत । विपरीतानेव चार्थान्स्वस्वरुच्यनुसारतः ॥ २४

---

ખંડન કરવા લાગ્યા.[૧૬]

તેઓમાંથી ગુરુઓ બનેલા અસુરો વેનપુત્ર પૃથુભગવાનના યજ્ઞનો ભંગ કરવા આવેલા ઈન્દ્રે સ્વીકારેલ અને પાછળથી છોડી દીધેલ પાખંડી વેષનો બહુ પ્રકારે આશ્રય કરી રહેવા લાગ્યા.[૧૭] તે અસુરો બલ નામના અસુરના મુખમાંથી ઉત્પન્ન થયેલ ત્રણ પ્રકારની જે કામિની, સ્વૈરિણી અને પુંશ્ચલી સ્ત્રીઓ સાથે પરણી પોતાના ઈષ્ટદેવતાઓને નિવેદન કરેલા અન્ન, માંસ અને મદિરાનું બહુ પ્રકારે માહાત્મ્ય વર્ણવી તેના ભક્ષણમાં બહુ જ મોટા ફળની પ્રાપ્તિ થાય તેમ કહેવા લાગ્યા.[૧૮] આ અસુરો ત્રણ પ્રકારના ઉપાયથી અર્થાત્ પાખંડી વેષે, સ્ત્રીલોલુપતા અને મદ્યમાંસના ભક્ષણનો મહિમા દેખાડી દૈવી ભોળા જીવાત્માઓને દંભથી છેતરી એ ભક્તોને પોતાના ધર્મે સહિત હરિભક્તિમાંથી ભ્રષ્ટ કરવા લાગ્યા.[૧૯] મદ્ય, માંસ, પરદારા, રસાસ્વાદ અને પારકા ધનને વિષે આસક્ત તે અસુરો કલિયુગના પ્રભાવના સહારે વશીકરણ મંત્રો અને તેના મન્ત્રો દ્વારા લોકોને વશ કરી પોતાના શિષ્યો બનાવતા હતા.[૨૦] મનુષ્યો પોતાને ધાર્મિક માની વિશ્વાસપૂર્વક સ્ત્રી, દ્રવ્ય અને માંસ આદી સારાં ભોજન અર્પણ કરે તેવી રીતની ક્રિયાઓ તે અસુરો કરવા લાગ્યા.[૨૧] સ્ત્રી, ધન અને ભોજનની પ્રાપ્તિરૂપ પોતાના સ્વાર્થની સિદ્ધિને અનુકૂળ તે અસુરો કલ્પિત શાસ્ત્રના મનઘટત સિદ્ધાંતોથી લોકોને બ્રહ્મજ્ઞાન, ધર્મ અને ભક્તિનો ઉપદેશ આપવા લાગ્યા.[૨૨] તે અસુરો સમગ્ર વેદને હિંસામયયજ્ઞ પરાયણ વર્ણવી યજ્ઞના બહાને હજારો પશુ-પક્ષીઓનો સંહાર કરવા લાગ્યા.[૨૩] તે પાપી અસુરો શ્રુતિ અને સ્મૃતિના અર્થોને અનેકવિધ શબ્દોના ભેદથી ઉલટા કરી પોતાની રુચિ અનુસારે વિપરીત રીતે વર્ણવતા હતા.[૨૪]

ब्रह्मात्मनः स्वरूपस्य साक्षात्कारे च साधनम् । मुख्यं प्राहुः सुरापानं वैराग्याद्यधिकं तथा ॥ २५
प्रसादने च प्रत्यक्षदर्शने मुख्यसाधनम् । विदुर्विष्ण्वीशकालीनां मद्यं मांसं च मैथुनम् ॥ २६
दैवे पित्र्ये च देवादिप्रीत्यै मांसबलिं विदुः । सात्त्विकानपि मांसाद्यैर्यजन्तिस्म सुरान्मुहुः ॥ २७
चक्रुः सङ्गं परस्त्रीणां स्वेष्टदेवालयेष्वपि । महापापान्यपि प्रायः स्वार्थसिद्धय आचरन् ॥ २८
प्रायोऽवात्सुः पुण्यतीर्थदेवालयपुरेषु ते । केचित्तपस्विवेषाश्च केचिच्छस्त्राण्यधारयन् ॥ २९
यत्र स्वशिष्यशाखाया बलं स्यात्तत्र ते त्विमम् । आविश्चक्रुर्दुराचारं गुप्तमन्यत्र चाचरन् ॥ ३०
ईदृक्स्वमतपुष्ट्यै च ग्रन्थान् नूत्नानचीक्लृपन् । अर्थं तदनुसारेण वेदादेरपि चक्रिरे ॥ ३१
एतानेवाश्रयन्भूपा गुरुत्वेनासुरांशजाः । वर्तमानैस्तदाज्ञायां तैरभिद्यन्त सेतवः ॥ ३२
तदा त्वधर्माचरणे तत्तद्भूपप्रजा नृप ! । अभवन्निर्भया भूमौ यथा राजा तथा प्रजाः ॥ ३३

---

તે અસુરો બ્રહ્મરૂપ એવા પોતાના આત્માના સાક્ષાત્કારમાં વૈરાગ્ય કરતાં પણ સુરાપાનને મુખ્ય અને અધિક શ્રેષ્ઠ કહેતા હતા.[૨૫] વિષ્ણુ, શિવ અને મહાકાળીના પ્રત્યક્ષ દર્શન અને પ્રસન્નતાનાં મુખ્ય સાધન મદ્ય, માંસ અને મૈથુન છે, તેમ તે અસુરો બીજાને કહેતા હતા.[૨૬] અગ્નિહોત્રાદિ દેવકર્મમાં અને શ્રાદ્ધાદિ પિતૃકર્મમાં માંસબલિનું નિવેદન જ તે દેવતાઓની પ્રસન્નતાનું સાધન છે, તેમ તે અસુરો માનતા હતા અને તેથી જ સાત્ત્વિક એવાં દેવ દેવીઓનું પણ માંસાદિકથી વારંવાર નૈવેદ્ય કે પૂજન કરતા હતા.[૨૭] પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે બ્રહ્મહત્યા આદિ પંચ મહાપાપોનું આચરણ કરનારા આ અસુરો દેવાલયોને વિષે પણ પરસ્ત્રીઓની સાથે વ્યભિચાર કર્મ કરતા હતા.[૨૮] તે અસુરો મોટે ભાગે પવિત્ર તીર્થો, મંદિરો અને નગરોમાં નિવાસ કરીને રહેતા હતા. તેમાં કેટલાક તપસ્વીના વેષમાં હતા, અને કેટલાક અસ્ત્ર - શસ્ત્રને ધારણ કરનારા હતા.[૨૯] જ્યાં પોતાના શિષ્યોની પ્રબળતા હોય ત્યાં જ પોતાનો પાપાચાર પ્રગટ કરતા અને બીજી જગ્યાએ તો ગુપ્ત રીતે પાપલીલા આચરતા હતા.[૩૦] દુરાચાર ભરેલા પોતાના મતની પુષ્ટિને અર્થે તે અસુરો નવા ગ્રંથોની રચના કરતા અને વેદાદિ શાસ્ત્રોના અર્થો પણ પોતાના કલ્પિત ગ્રંથોને અનુસારે કરતા હતા.[૩૧] તેવી જ રીતે અસુરાંશ રાજાઓ પણ આવા અસુર ગુરુઓનો આશ્રય કરી તેમની આજ્ઞામાં વર્તી ધર્મમર્યાદાઓનો ભંગ કરતા હતા.[૩૨]

હે રાજન્ ! રાજાઓ પણ જ્યારે અધર્મમાં પ્રવૃત્ત થયા ત્યારે તેમની પ્રજા પણ પૃથ્વીપર અધર્મ આચરવામાં નિર્ભય થઈ, કારણ કે 'જેવો રાજા તેવી પ્રજા'

यज्ञमार्गः समुच्छिन्नः सर्वतोऽभूच्च वैदिकः । तेन कार्श्यं परं प्रापुर्देवा ब्रह्मादयोऽखिलाः ॥ ३४
दुष्टैः प्रवर्त्यमाने तैः कलि राजबलैर्धितैः । असुरांशैरधर्मेऽत्र मुहुर्भूमिरकम्पत ॥ ३५
न भारं चक्षमे तेषां क्षमा सोढुमसद्धियाम् । सद्धर्मतीर्थदेवाश्च सज्जना ययुरार्तताम् ॥ ३६
मुहुर्दुर्भिक्षमभवद्विद्युत्पाताश्च भूतले । वातेन महता पेतुर्बहुशश्च महाद्रुमाः ॥ ३७
इत्थं भुवि क्षोणिपते ! प्रवृत्ते जनेष्वधर्मे सहदुर्निमित्ते ।
जग्राह धर्मः स्वजनुर्नुजातौ सह स्त्रियाऽथर्षय उद्धवश्च ॥ ३८

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
*असुरदुराचारप्रवृत्तिनिरूपणनामा दशमोऽध्यायः ॥ १० ॥*

---

**આ લોકપ્રસિદ્ધ ન્યાય છે.[૩૩] પૃથ્વી પર સનાતન વૈદિક ધર્મનો સર્વત્ર ઉચ્છેદ થવા લાગ્યો જેથી બ્રહ્માદિ દેવતાઓ પણ દુર્બળપણાને પામ્યા.[૩૪] કલિયુગના પ્રભાવથી વૃદ્ધિ પામેલા અસુરાંશ રાજાઓ તથા ગુરુઓ જ્યારે અધર્મને વિષે પ્રવૃત્ત થયા ત્યારે ધરતી વારંવાર કંપવા લાગી.[૩૫] અને દુષ્ટ બુદ્ધિવાળા તે અસુરોના ભારને સહન કરવા સમર્થ ન થઈ. ભાગવતધર્મ, તીર્થો, દેવતાઓ અને સજ્જન પુરુષો પીડાવા લાગ્યા.[૩૬] પૃથ્વી પર વારંવાર દુષ્કાળ પડવા લાગ્યા, વીજળી પડવા લાગી અને પ્રચંડ વાયુના વેગથી અનેક વિશાળ વૃક્ષો ધરાશાયી થવા લાગ્યાં.[૩૭]**

**હે ધરણીપતિ ! આ પ્રમાણે પૃથ્વી પર આવા પ્રકારના ઉત્પાતો થવા લાગ્યા અને મનુષ્યોને વિષે અધર્મની પ્રવૃત્તિઓ થવા લાગી. તે સમયે મૂર્તિદેવીની સાથે ધર્મદેવે પૃથ્વીપર જન્મ ધારણ કર્યો. તેમજ મરીચ્યાદિ મુનિઓ અને ઉદ્ધવજી આદિએ પણ મનુષ્યયોનિમાં જન્મ ધારણ કર્યા.[૩૮]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં પૃથ્વી પર અસુરોએ કરેલી દુરાચાર પ્રવૃત્તિનું નિરૂપણ કર્યું એ નામે દશમો અધ્યાય પૂર્ણ થયો. --૧૦--***

---

## एकादशोऽध्याय:

सुव्रत उवाच –

अस्ति कोसलदेशेषु पुरमिट्टारसंज्ञकम् । सरय्वा उत्तरे तीरे चातुर्वर्ण्यजनावृतम् ॥ १
तत्र सावर्णिगोत्रोऽभूद्विप्रो यत्प्रवरास्त्रय: । भार्गवो वैतहव्यश्च सावेतस इति श्रुता: ॥ २
वेद: सामाभिध: शाखा कौथुमी यस्य च श्रुता । नाम्ना लक्ष्मणशर्मेति विख्यातोऽभूत्स भूतले ॥३
वंशीधरोऽभूत्तत्पुत्रो वेदमानश्च तत्सुत: । पुत्रस्तस्याभवद्धीमान्कनीयानिति विश्रुत: ॥ ४
कदाचिदवत्सकञ्चिन्मेहदावे पुरेऽथ स: । सुरनेतृनराधीशकुलपूज्यश्च पण्डित: ॥ ५
तत्सुतो बालशर्माऽभूद्वेदशास्त्रविशारद: । धर्मप्रियो विशुद्धात्मा सत्यवादी जितेन्द्रिय: ॥ ६
ब्रह्मांश: शुद्धकुलजो याज्ञिकश्च महामति: । विद्याशान्तिदयालज्जासौशील्यादिगुणान्वित: ॥ ७
तस्य भार्या भाग्यवतीसंज्ञाऽभूद्गुणमण्डिता । तया सह ब्राह्मणोऽसौ धर्ममेव सदाऽऽचरत् ॥ ८

---

## અધ્યાય –૧૧

## ધર્મદેવ અને ભક્તિદેવીનું પૃથ્વીપર પ્રાગટ્ય.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ઉત્તર કૌશલ દેશને વિષે સરયૂ નદીના ઉત્તર કિનારે 'ઇટાર' નામનું નગર આવેલું છે. આ નગરમાં ચારે વર્ણના મનુષ્યો નિવાસ કરે છે.[૧] તેમાં લક્ષ્મણ શર્મા નામથી સુપ્રસિદ્ધ એક વિપ્રનો જન્મ થયો. તેમનું ગોત્ર સાવર્ણિ હતું. ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ્ આ ત્રણ તેમના પ્રવર હતા. તેમજ સામવેદી તે વિપ્રની કૌથમી શાખા હતી. તે લક્ષ્મણ શર્મા વિપ્રને ત્યાં વંસીધર નામના પુત્ર થયા. તેમના વેદમાન અને તેમના મહાબુદ્ધિશાળી કહ્નિરામ નામના પુત્ર થયા.[૨-૪]

તે કહ્નિરામ વિપ્ર કેટલાક કાળ પર્યંત મેહદાવ નામના નગરમાં રહ્યા હતા અને ત્યાંના સુરનેત્ર નામના રાજાના કુલપરંપરાના પૂજ્ય રાજપંડિત હતા, અર્થાત્ તે પાંડે અટકથી પ્રસિદ્ધ હતા.[૫] તે કહ્નિરામ પાંડેને ત્યાં બાલશર્મા નામે પુત્રનો જન્મ થયો. આ બાલશર્મા વેદશાસ્ત્રમાં પારંગત અને ધર્મપ્રેમી હતા. તેમનું મન અતિ પવિત્ર હતું. તેઓ સત્યવાદી અને જીતેન્દ્રિય હતા.[૬] બ્રહ્માજીના અંશભૂત અને પવિત્ર કુળ પરંપરામાં જન્મેલા આ બાલશર્મા અનેક યજ્ઞો કરતા હતા. તે ઉદારબુદ્ધિવાળા હતા, તેમજ વિદ્યા, શાંતિ, દયા, લજ્જા, સૌશીલ્ય આદિ અનંત કલ્યાણકારી ગુણોના ભંડાર હતા.[૭] તે બાલશર્મા પાંડેને ત્યાં ભાગ્યવતી નામે

विधातुं स्वस्य पितरौ धर्मस्तावेव दम्पती । निश्चयं चेतसा चक्रे शुद्धान्तःकरणौ नृप ! ॥ ९
आविर्भूय ततस्तस्मिन्धर्मः कालेन वाडवे । भाग्यवत्युदरे गर्भो भूत्वा मर्त्यवदावसत् ॥ १०
दशमे मासि सम्प्राप्ते मानुष्यं नाटयन्वृषः । प्रादुरासीत्स्वतन्त्रोऽसौ सुखयिष्यन्सतो जनान् ॥ ११
सोत्कण्ठं विबुधेषु नन्दनवनादानीय पुष्पाणि खे ।
ह्युत्प्रेक्षां निजजन्मनः सविनयं कुर्वत्सु बद्धाञ्जलीन् ॥
साकं तत्करपुष्पवर्षणजयध्वानैस्तथात्मद्रुहा- ।
मन्तस्त्रासभरैः स्वनाशपिशुनैर्जज्ञे जगद्धारकः ॥ १२
विक्रमार्कशकस्याब्दे रसांकागेन्दुसम्मिते । प्रमोदाख्ये वत्सरे च दक्षिणायनगे रवौ ॥ १३
शरदृतौ कार्तिकस्य शुक्लैकादशिकातिथौ । सौम्येऽहिर्बुध्न्यभे वज्रे कल्याणीकरणे तथा ॥ १४

---

પત્ની હતાં. તે પણ પતિવ્રતા નારીને ઉચિત અનંત શુભગુણોથી ભરપૂર હતાં. બાલશર્મા પણ પોતાની ભાગ્યવતી પત્ની સાથે સ્વધર્મનું પાલન કરવામાં નિરંતર તત્પર રહેતા.[૮]

સુવ્રતમુનિ કહે છે, હે નૃપ ! વિશુદ્ધ અંતઃકરણવાળાં આ દંપતીને જ પોતાનાં માતા-પિતા કરવાનો ધર્મદેવે મનથી દૃઢ નિર્ણય કર્યો.[૯] ત્યારબાદ ધર્મે બાલશર્માના અંતઃકરણમાં પ્રવેશ કર્યો અને તે થકી માતા ભાગ્યવતી દેવીના ઉદરમાં ગર્ભરૂપ થઈ પ્રાકૃત મનુષ્યની માફક નિવાસ કરીને રહ્યા.[૧૦] ગર્ભમાં પણ સ્વતંત્ર રહેલા મનુષ્યભાવનું નાટ્ય કરતા ધર્મને દશમો મહિનો પ્રાપ્ત થતાં સત્પુરુષોને સુખ ઉપજાવવા માતા થકી પ્રગટ થવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી.[૧૧] સમસ્ત વિશ્વને ધારણ કરનારા સ્વયં ધર્મનું આ પૃથ્વી પર પ્રાગટ્ય થઈ રહ્યું છે, ત્યારે અતિ ઉત્સાહમાં આવી ગયેલા બ્રહ્માદિક દેવતાઓ નંદનવનમાંથી પુષ્પો લાવીને વિનયપૂર્વક બે હાથજોડીને આકાશમાં ઊભા રહી ધર્મના પ્રાગટ્યની પ્રતીક્ષા કરતા જયજયકાર કરવા લાગ્યા ને પોતાના હાથમાંથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા છે, તે સમયે ધર્મના દ્રોહી અસુરોનાં અંતરમાં પોતાના વિનાશને સૂચવતો મહાત્રાસ ઉત્પન્ન થયો.[૧૨]

વિક્રમ સંવત્ ૧૭૯૬ માં પ્રમોદ નામના સંવત્સરમાં સૂર્ય જ્યારે દક્ષિણાયનમાં રહેલા હતા ત્યારે શરદઋતુમાં બુધવારે કાર્તિક સુદ એકાદશી તિથિના પવિત્ર દિવસે ઉત્તરભાદ્રપદ નક્ષત્રમાં વજ્રનામના યોગમાં, કલ્યાણી નામના કરણમાં તથા કુંભ લગ્નમાં, મંગળ, બુધ, ગુરુ અને શુક્ર આ ચાર ગ્રહો કેન્દ્ર

कुम्भलग्ने च भौमादिचतुष्के केन्द्रसंस्थिते । भाग्यवत्या सूयते स्म धर्मो मनुजरूपधृत् ॥ १५
साक्षाद्धर्मे क्षितौ जाते किरन्तः सुमनांसि खे । वाद्यान्यवादयन्देवा दुन्दुभिप्रमुखानि च ॥ १६
देवैस्तैर्वाद्यमानानां हर्षेण महता भृशम् । वाद्यानां सुमहान्नादस्त्रिलोकीं व्यानशे तदा ॥ १७
गीतप्रबन्धैर्गन्धर्वाः सुस्वरं च जगुस्तदा । नृत्यमप्सरसश्चक्रुः संहतास्त्रिदशालये ॥ १८
उत्सवोऽभून्महांस्तेषां त्रिदशानां महात्मनाम् । कुर्वतां पुष्पवर्षाणि धर्माविर्भाववेश्मनि ॥ १९
भूमौ च मङ्गलान्यासन् पुरग्रामव्रजादिषु । वह्नयो याज्ञिकानां च निर्धूमा हि दिदीपिरे ॥ २०
सद्यो बभूवुश्चेतांसि निर्मलानि सतां तदा । प्रफुल्लाम्भोरुहाण्यासन्निर्मलानि सरांसि च ॥ २१
ववुः सुखकरा वाता निर्मलं चाभवन्नभः । सिद्धा जयध्वनिं चक्रुर्ऋषयश्चाशिषो ददुः ॥ २२
ततः सम्भ्रान्तो वा सुतजननहर्षेण महता द्विजः । स्नानं चक्रे सपदि स तु धर्मागमपटुः ।
द्विजान् सम्पूज्यादौ तदुदितविधं जातकमथो । द्विजातिभ्यो दानं निजविभवतुल्यं च विधिना ॥ २३

---

સ્થાનમાં રહેતાં ભાગ્યવતી દેવીએ મનુષ્ય શરીરધારી સાક્ષાત્ ધર્મને જન્મ આપ્યો.[૧૩-૧૫] પૃથ્વી ઉપર સાક્ષાત્ ધર્મનું પ્રાગટ્ય થતાં આકાશમાં રહેલા દેવતાઓ સુગંધીમાન પુષ્પની વૃષ્ટિ અને જયજયકાર કરતા દુંદુભિ આદિ અનેક પ્રકારનાં વાજિંત્રો વગાડવા લાગ્યા.[૧૬] દેવતાઓએ મહા હર્ષની સાથે વગાડેલાં વાજિંત્રોનો મહાધ્વનિ ત્રિલોકમાં સર્વત્ર વ્યાપી ગયો છે.[૧૭] તે સમયે સ્વર્ગમાં ભેળા થયેલા ગંધર્વો સુમધુર સ્વરે ગીતોનું ગાન કરવા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. ધર્મદેવના પ્રાગટ્ય ભુવન ઉપર પુષ્પની વૃષ્ટિ કરતા મહા હર્ષવાળા દેવતાઓને ત્યાં મોટો ઉત્સવ થયો.[૧૮-૧૯] ભૂમિ ઉપર નગર, ગામ અને નેસડાઓ આદિ સર્વત્ર મંગળ વર્તાવા લાગ્યું અગ્નિહોત્રીઓના યજ્ઞકુંડમાં પ્રજ્વલિત અગ્નિઓ નિર્ધૂમ થયા.[૨૦] તે સમયે સત્પુરુષોનાં મન અતિશય નિર્મળ થયાં. સરોવરોને વિષે કમળો ખીલ્યાં અને સાથે તેનાં જળ પણ અતિ સ્વચ્છ થયાં.[૨૧] તે સમયે સુખાકારી મંદ સુગંધ અને શીતળ વાયુ વાવા લાગ્યો છે, વાદળાં વગરનું આકાશ નિર્મળ થયું છે, સિદ્ધો જય જયકારનો ધ્વનિ કરવા લાગ્યા છે અને ઋષિમુનિઓ ધર્મને રૂડા આશીર્વાદ આપી રહ્યા છે.[૨૨] તે સમયે ધર્મશાસ્ત્રમાં પ્રવીણપિતા બાલશર્મા વિપ્રે પુત્ર જન્મના આનંદથી હર્ષઘેલા થઈ તત્કાળ વસ્ત્રે સહિત સ્નાન કર્યું. ત્યાર પછી આંગણે આવેલા બ્રાહ્મણોનું પૂજન કર્યું અને તેઓના કહેવા પ્રમાણે પુત્રનો જાતકર્મ સંસ્કાર કર્યો. ત્યાર પછી પોતાની શક્તિ અનુસાર શાસ્ત્રોક્ત વિધિ મુજબ બ્રાહ્મણોને દાન દીધાં.[૨૩]

सुकोमलाङ्गो मशकैश्च दंशैः स तुद्यमानोऽपि रुजं विषेहे ।
क्षान्तिं विलोक्येति च तस्य सुज्ञाः प्राग्योगिनं तं विविदुः स्त्रियोऽपि ॥ २४
तं नूतनाम्बुधरसुन्दरभासुराङ्गमाजानुबाहुयुगलं रुचिरस्मितास्यम् ।
बालं नृनाट्यमुरुधा विदधानमीशं मत्वात्मजं च पितरावतिहर्षमाप्तौ ॥ २५
तस्याभिधानं जनकः सुतस्य स द्वादशाहे विधिना चकार ।
एषोऽङ्गकान्त्या रुचिरो यतोऽतः ख्यातोऽस्तु नाम्ना भुवि देवशर्मा ॥ २६
एवं स पित्रा कृतनामधेयो जहार चित्तं च दिने दिनेऽस्य ।
ज्ञातेः स्वकीयस्य परस्य चासौ मुहुः सुतोऽभूदतिदर्शनीयः ॥ २७
स श्रीमान्प्रतिदिनमाशुवर्धमानः श्यामाङ्गो हिमरुचिकान्त आप्तदन्तः ।
यामूचे प्रथमगिरं कलां तु बाल्ये जाताऽसीत्सकलमनःप्रहर्षणी सा ॥ २८

બાળકનું શરીર અતિ કોમળ હોવા છતાં મચ્છર આદિ સૂક્ષ્મ જંતુઓના દંશની પીડાને સહન કરતા હતા અને ક્યારેય પણ રૂદન કરતા ન હતા. આ પ્રકારની બાળકની સહનશીલતા જોઈને બુદ્ધિમાન પુરુષો અને સ્ત્રીઓ પણ તેને ''આ બાળક પૂર્વના કોઈ મોટા યોગી છે'' એમ જાણવા લાગ્યા.[૨૪] બાળક ધર્મદેવનું શરીર નવીન મેઘની સમાન શ્યામ સુંદર અને પ્રકાશમાન હતું. જાનુ પર્યંત લાંબી ભૂજાઓ હતી. મંદમંદ હાસ્યથી સુંદર તેમનું મુખારવિંદ અતિશય શોભતું હતું. આ બાળક મનુષ્ય નાટ્યને કરતા કોઈ ઈશ્વરનો અંશ છે એમ માની બન્ને માતા પિતા અતિશય હર્ષને પામતાં હતાં.[૨૫]

જન્મથી બારમે દિવસે પિતા બાલશર્માએ વિધિપ્રમાણે પુત્રનો નામકરણ સંસ્કાર કર્યો. આ બાળકની અંગકાંતિ દેવ સમાન સુંદર હોવાથી પૃથ્વી પર ''દેવશર્મા'' એવા નામથી વિખ્યાત થાઓ. એ પ્રમાણે પિતા અને સંબંધીજનો કહેવા લાગ્યા.[૨૬] આ પ્રમાણે પિતા બાલશર્માએ પુત્રનો નામકરણ સંસ્કાર કર્યો. આ બાળક દિવસે દિવસે વધુને વધુ પોતાના પિતાના મનને પોતા તરફ ખેંચતા જતા હતા. એમ કરતાં પોતાના સંબંધીજનો અને ઈતરજનોના અંતરમાં વારંવાર દર્શનની ઈચ્છા જન્માવે તેવા અતિશય દર્શનીય થયા.[૨૭] અભૂતપૂર્વ શોભાનો ભંડાર આ બાળક દેવશર્મા દિન પ્રતિદિન તત્કાળ વૃદ્ધિ પામવા લાગ્યા. શ્યામ સુંદર શરીર અને ચંદ્ર સરખી કાંતિવાળા આ દેવશર્માને સુંદર દાંત ઉગ્યા. ત્યાર પછી સમગ્ર જનોનાં મનને હર્ષ ઉપજાવે તેવી કાલીઘેલી અસ્પષ્ટ મધુર વાણીનું

संस्कारान्प्राप्य सर्वान्स निगमविधिनाऽन्नाशनादीन् क्रमेण ।
बध्वा मौञ्जीं व्रतस्थो गलविचलदसूञ्जीवयन्ब्रह्मचर्यम् ॥
वेदानध्यैत साङ्गान् गुरुकुलवसतिर्द्वादशाब्दांस्ततस्तं ।
सन्तोष्याभीष्टदानैः क्रमगतमकरोत्तत्समावर्तनं च ॥ २९

स्नातकव्रतनिष्ठोऽसौ भार्यामात्मसमां ततः । उद्वोढुमैच्छन्नृपते ! कुलीनां चोचितां गुणैः ॥ ३०
देशे तत्र भवत्येका नदी नाम्ना मनोरमा । तस्यां तीर्थं मखौढाख्यं वर्ततेऽघचयापहम् ॥ ३१
तदुत्तरदिशि ग्रामश्छुप्पया इति विश्रुतः । चातुर्वर्ण्यजनाकीर्णो याज्ञिकानामतिप्रियः ॥ ३२
तडागेनातिमहता शोभितो निर्मलाम्भसा । परितो महतीभिश्च बह्वीभिर्द्रुमजातिभिः ॥ ३३
तत्राभूद्ब्रह्मणो विद्वान् कृष्णशर्मा जितेन्द्रियः । यस्य भार्याऽभवत्साध्वी भवानीत्यभिविश्रुता ॥ ३४

---

**પ્રથમવાર ઉચ્ચારણ કર્યું.[૨૮] તેમણે વેદોક્ત વિધિથી અન્નપ્રાશન આદિ સમગ્ર સંસ્કારો પિતા બાલશર્મા થકી ક્રમશ પ્રાપ્ત કર્યા. મુંજની મેખલા ધારણ કરી ઉપનયન સંસ્કાર પ્રાપ્ત કરી જેના કંઠે પ્રાણ આવી ગયેલા છે એવાં બ્રહ્મચર્યવ્રતને પુનઃ જીવન આપતા હોય તેમ તેનું દઢ પાલન કરતા તે દેવશર્માએ ગુરુકુલમાં નિવાસ કરી અંગે સહિત વેદોનું બાર વર્ષ પર્યંત અધ્યયન કર્યું. ત્યાર પછી અધ્યાપક ગુરુને ઇચ્છિત વસ્તુઓનું દાન કરી સંતોષ પમાડી ક્રમશ આવતો બ્રહ્મચર્યવ્રતનો સમાવર્તન નામનો સંસ્કાર પ્રાપ્ત કર્યો.[૨૯]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારપછી સ્નાતકવ્રતમાં પ્રવેશેલા દેવશર્માએ પોતાના સમાન ગુણવાળી તથા ઉચ્ચ કુળમાં જન્મેલી યોગ્ય કન્યાની સાથે પરણવાની ઇચ્છા કરી.[૩૦] એ જ ઉત્તર કૌશલ દેશમાં મનોરમા નામે સુંદર નદી વહી રહી છે. તેને કિનારે પાપના સમૂહોનો વિનાશ કરનાર "મખોડા" નામનું પ્રસિદ્ધ તીર્થસ્થાન આવેલું છે.[૩૧] તેની ઉત્તરદિશામાં છપૈયા નામનું નાનકડું રળિયામણું પ્રસિદ્ધ ગામ આવેલું છે. ચારે વર્ણના મનુષ્યો આ ગામમાં રહે છે. આ ગામની ભૂમિ યજ્ઞ કરનારા પુરુષોને માટે અતિ પ્રિય છે.[૩૨] નિર્મળ જળથી ભરેલા અતિ વિશાળ નારાયણ સરોવરથી અતિશય શોભતું આ ગામ ઉગેલા અનેક પ્રકારના વિશાળ વૃક્ષોથી અતિશય સોહામણું લાગે છે.[૩૩]**

**આવાં છપૈયા ગામમાં કૃષ્ણશર્મા નામના સરવરીયા બ્રાહ્મણ રહેતા હતા, તે મહા વિદ્વાન અને જીતેન્દ્રિય પુરુષ હતા, તેમનાં ભવાનીદેવી નામે પતિવ્રતા પત્ની હતાં.[૩૪] તે બન્ને દંપતી પવિત્ર અને હૃદયથી નિષ્કપટ હતાં. તેઓ પરાત્પર**

तावुभौ दम्पती नित्यं वासुदेवे परात्परे । चक्रतुः परमां भक्तिं निश्छद्मह्रदयौ शुची ॥ ३५
तयोः पुत्र्यभवत्साक्षान्मूर्तिर्धर्मसधर्मिणी । शीललक्षणसम्पन्ना नानासद्गुणमण्डिता ॥ ३६
शकाब्दे विक्रमार्कस्य गजाङ्काश्वेन्दुसम्मिते । ऊर्जे शुक्ले पौर्णमास्यां सौम्ये साऽजनि वह्निभे ॥ ३७
पूर्णेन्दुनैन्द्रीवदने करकुंकुमलिम्पिते । प्रादुर्बभूव सहसा सा द्योतद्दिव्यविग्रहा ॥ ३८
यदा मूर्तिर्भूमावजनि मुनिशापेन तु तदा । श्रुतौ कीर्त्यादौ चोत्सुकतरमभूदन्तरमपि ॥
नृणां श्रीकृष्णस्य प्रतिगृहमभूदुत्सवभरो । भरो भूमेश्चैवासुरनिकर आपोत्तरवयः ॥ ३९

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
*धर्मभक्तिजन्मोत्सवनामैकादशोऽध्यायः ॥ ११ ॥*

---

**પરમાત્મા ભગવાન શ્રીવાસુદેવની પ્રતિદિન પરમ એકાંતિકી ભક્તિપરાયણ જીવન જીવતાં હતાં.[૩૫]**

**હે રાજન્ ! વિક્રમ સંવત્ ૧૭૯૮ ના કાર્તિક સુદી પૂર્ણિમાની પવિત્ર તિથિએ બુધવારે કૃતિકા નક્ષત્રમાં પરિધયોગમાં પૂર્ણિમાના ચંદ્રમાએ પોતાનાં કુંકુમવર્ણા કિરણોથી પૂર્વ દિશાને જ્યારે શોભાયમાન કરી ત્યારે પ્રકાશમાન દિવ્ય શરીરધારી ધર્મદેવનાં સહચારિણી, શીલ અને સૌભાગ્ય લક્ષણે સંપન્ન તથા અનેક વિધ સદ્‌ગુણોથી સુશોભિત સાક્ષાત્ મૂર્તિદેવીનું મા ભવાની અને પિતા કૃષ્ણશર્માને ત્યાં પુત્રીરૂપે પ્રાગટ્ય થયું.[૩૬-૩૮]**

**દુર્વાસા મુનિના શાપને કારણે જે સમયે મૂર્તિદેવીનું આ ભૂમિ ઉપર પ્રાગટ્ય થયું ત્યારે મનુષ્યો અને દેવતાઓના અંતરમાં ભગવાન શ્રીકૃષ્ણની શ્રવણ, કિર્તન આદિ નવધા ભક્તિ કરવાનો અનેરો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો. તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં પ્રત્યેક મંદિરોમાં અતિશય મોટા ઉત્સવો થયા. ભૂમિને ભાર હળવો થયો. અને તે જ સમયે અસુરોના સમૂહોને કંઠે જાણે પ્રાણ આવી ગયા હોય તેમ મરણ અવસ્થાને નજીક પહોંચ્યાની અનુભૂતિ થઈ.[૩૯]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ધર્મ અને ભક્તિના જન્મોત્સવનું નિરૂપણ કર્યું એ નામે અગિયારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૧--***

---

## द्वादशोऽध्यायः

सुव्रत उवाच –

संस्कारान्विदधे तस्याः कृष्णशर्मा यथाविधि । बालेति नाम कन्यायाश्चकारातिमुदा नृप ! ॥ १
तज्जन्मदिनतस्तस्य विप्रस्य गृहमन्वहम् । विवृद्धधनधान्यादिसम्पदासीन्निरामयम् ॥ २
नन्दयन्ती स्वपितरौ बाला शैशवलीलया । विवृधे चन्द्रलेखेव प्राक्पक्षे प्रतिवासरम् ॥ ३
देवहूतीसमैवासीत्सा रूपगुणलक्षणैः । कृष्णभक्तिस्वभावा च बाल्यादासीच्च सत्यवाक् ॥ ४
सर्वदा कुर्वतीं भक्तिं मुदा कृष्णस्य वीक्ष्य ताम् । जनः सर्वोऽप्याजुहाव भक्तिनाम्नैव भूपते ! ॥ ५
कन्यां तां कृष्णशर्माऽदाद्योग्याय गुणशालिने । तस्मै देवाय विप्राय स्वगृहे विधिपूर्वकम् ॥ ६
तत्रागतो बालशर्मा जन्यैः स्वैर्बन्धुभिः सह । पुत्रमुद्वाहयामास मानितः कृष्णशर्मणा ॥ ७

---

## અધ્યાય –૧૨

## ભક્તિદેવીનું નામકરણ અને સદ્ગુણોનું વર્ણન.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! કૃષ્ણશર્મા વિપ્રે વિધિ પ્રમાણે પુત્રીના જાતકર્મ આદિ સંસ્કારો કર્યા, અને અતિ હર્ષપૂર્વક પોતાની પુત્રીનું ''બાલા'' એવું નામકરણ કર્યું.[૧] તે બાલાના જન્મથી આરંભીને કૃષ્ણશર્માવિપ્રના ભવનમાં ધન, ધાન્ય આદિની સમૃદ્ધિ પ્રતિદિન વધવા લાગી અને ઘર ઉપદ્રવોથી મુક્ત થયું.[૨] પોતાની બાળલીલાથી માતાપિતાને આનંદ ઉપજાવતાં બાલાદેવી સુદપક્ષના ચંદ્રમાની કળાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યાં.[૩] તે બાલાદેવી રૂપ, ગુણ આદિ શુભ લક્ષણોથી માતા દેવહૂતિની સમાન શોભતાં હતાં. તેઓ બાલ્યાવસ્થાથી જ સત્યવચન બોલનારાં અને શ્રીકૃષ્ણ પરમાત્માની નવધા ભક્તિ કરવાના સ્વભાવવાળા હતા.[૪] હે ભૂપતિ ! તેને નિરંતર અતિ હર્ષપૂર્વક શ્રીકૃષ્ણની ભક્તિ કરતાં જોઈને સર્વે મનુષ્યો ''ભક્તિ'' એવા નામથી બોલાવવા લાગ્યાં, તેથી ભક્તિદેવીના નામથી સર્વત્ર પ્રસિદ્ધિને પામ્યાં.[૫]

**ધર્મ–ભક્તિનો વિવાહ :–** ભક્તિદેવીના પિતા કૃષ્ણશર્માએ સદ્ગુણોના ભંડાર એવા તે બાલશર્માના પુત્ર દેવશર્મા વિપ્રને યોગ્ય જાણી ઈટારપુરથી પોતાને ત્યાં બોલાવી પોતાની પુત્રીનું વિધિપૂર્વક વાગ્દાન અર્થાત્ સગપણ કર્યું.[૬] ત્યારે પોતાના સંબંધીજનોની સાથે પિતા બાલશર્મા પણ છપૈયાપુર આવ્યા, તિવારી કૃષ્ણશર્મા વિપ્રે તે સર્વેનું સ્વાગત કર્યું, અને બાલશર્માએ પોતાના પુત્ર ધર્મદેવને

परस्परोचितौ दृष्ट्वा तावुभौ दम्पती जनाः । प्रशशंसुर्मुहुः प्रेम्णा पार्वतीशङ्कराविव ॥ ८
जामातरं सुशीलं तं कृष्णशर्मा गुणान्वितम् । प्रेम्णा निवासयामास सम्प्रार्थ्य स्वस्य वेश्मनि ॥ ९
न्युवास तत्र तत्प्रीत्यै पण्डितः स द्विजोत्तमः । आज्ञयैव पितुः स्वस्य पत्न्या अनुमतेन च ॥ १०
दिनानि कचित्तत्र स्थित्वा निजपुरं व्रजन् । विप्रवर्यो बालशर्मा ह्यशिषत्स स्नुषां निजाम् ॥ ११

**श्रीबालशर्मोवाच –**

शृणु कल्याणि ! भद्रं ते वचनं हितकृन्मम । सुशीला पापभीरुस्त्वं भव नित्यं पतिव्रता ॥ १२
यावत्स्वलोमसङ्ख्याऽस्ति तावत्कोट्ययुतानि च । भर्त्रा स्वर्गसुखं भुङ्क्ते रममाणा पतिव्रता ॥ १३
धन्या सा जननी लोके धन्योऽसौ जनकः पुनः । धन्यः स च पतिः श्रीमान् यस्य गेहे पतिव्रता ॥ १४
पुण्यं यस्य भवेत्पुंसः शतजन्मसमर्जितम् । गृहे तस्य भवेन्नारी धर्मनिष्ठा पतिव्रता ॥ १५

ભક્તિદેવીની સાથે પરણાવ્યાં.[૭] તેઓ બંનેને પરસ્પર યોગ્ય અને શંકર પાર્વતીની પેઠે અતિ પ્રેમવાળાં દંપતીને જોઈને સર્વે મનુષ્યો વારંવાર પ્રશંસા કરવા લાગ્યાં.[૮]

સુંદર સરળ સ્વભાવના અને ગુણોના નિધિ પોતાના જમાઈ દેવશર્માને સસરા કૃષ્ણશર્માએ પ્રાર્થનાપૂર્વક પ્રેમથી પોતાના ઘેર જ નિવાસ કરાવ્યો.[૯] વિપ્રોમાં શ્રેષ્ઠ વિદ્વાન્ દેવશર્મા પાંડે પોતાના પિતા બાલશર્માની આજ્ઞા અને પત્ની ભક્તિદેવીની અનુમતિથી પોતાના સસરા કૃષ્ણશર્મા વિપ્રને રાજી કરવા તેમના ઘેર છપૈયામાં 'ઘર જમાઈ' પણાનો ભાવ સ્વીકારી નિવાસ કરીને રહ્યા.[૧૦]

**પતિવ્રતા–ધર્મનો પ્રભાવ :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! વિપ્રવર્ય બાલશર્મા કેટલાક દિવસો સુધી ત્યાં છપૈયાપુરમાં કૃષ્ણશર્માને ઘેર નિવાસ કરીને રહ્યા, પછી બાલશર્માએ પોતાના ઈટારપુર પ્રત્યે જવાની ઈચ્છા કરી. તે સમયે પુત્રવધૂ ભક્તિદેવીને રૂડી શિખામણ આપતાં કહેવા લાગ્યા.[૧૧] હે કલ્યાણી ! તમારું સદાય મંગળ થાઓ, તમે મારું હિતકારી વચન સાંભળો. તમે સારાં સુશીલ પતિવ્રતા નારી થાઓ, અને પાપથી હમેશાં ડરતાં રહો, એવા મારા આશીર્વાદ છે.[૧૨] કારણ કે પતિવ્રતા નારી પોતાના શરીરમાં જેટલા રુંવાડાં છે તેનાથી દશહજાર ઘણા કરોડ વર્ષ સુધી પતિની સાથે રહી સ્વર્ગના મહા સુખને ભોગવે છે.[૧૩] જેને ઘેર પતિવ્રતા પુત્રીનો જન્મ થાય છે તેની માતાને ધન્ય છે અને પિતાના ભાગ્યનો કોઈ પાર નથી. તેમ જ જેને ઘેર પતિવ્રતા નારીનો નિવાસ છે તે શ્રીમાન પતિને પણ ધન્ય છે.[૧૪] જે પુરુષનું સો જન્મનું પુણ્ય ઉદય થાય તેના ઘેર જ ધર્મમાં નિષ્ઠાવાળી પતિવ્રતા પત્ની પધારે છે. કારણ કે આવી પતિવ્રતા નારીનો

पितृवंश्या मातृवंश्याः पतिवंश्यास्त्रयस्त्रयः । पतिव्रतायाः पुण्येन स्वर्गसौख्यानि भुञ्जते ॥ १६
बिभ्यत्पतिव्रतास्पर्शं कुरुते भानुमानपि । सोमो गन्धवहश्चापि स्वपावित्र्याय नान्यथा ॥ १७
पृथिव्यां यानि तीर्थानि तानि सन्ति सतीपदे । तेजश्च सर्वदेवानां तनौ तस्यास्तपस्विनाम् ॥ १८
साध्वीपादरजोभिर्भूः पूता सद्यो हि जायते । नमस्कृत्य च तां पापी पापेभ्यो मुच्यते किल ॥ १९
पतिव्रता त्वरुन्धत्या सावित्र्या चानसूयया । शाण्डिल्याऽहल्यया सत्या द्रौपद्या शतरूपया ॥ २०
मेनया च सुनीत्या च संज्ञया स्वाहया तथा । तुल्या लोपामुद्रयाऽस्ति ततस्त्वं तादृशी भव ॥ २१

**सुव्रत उवाच –**

तस्यै पतिव्रताधर्मान् सोऽनुशास्याखिलानथ । नाम्ना प्रेमवतीत्याह दृष्ट्वा तत्प्रेम भर्तरि ॥ २२
ततः स्ववंशद्युमणिं बाल्यादेव सुशिक्षितम् । पुत्रं सर्वगुणोपेतमुवाच वदतां वरः ॥ २३

---

**પતિ સ્વધર્મનિષ્ઠ અને ભગવદ્ ભક્ત હોય છે આવો સંકેત છે.[૧૫] પતિવ્રતા નારીના પુણ્યના પ્રભાવે પિતા, માતા અને પતિના ત્રણ ત્રણ પેઢીના વંશજો સ્વર્ગના વૈભવસુખોને ભોગવે છે.[૧૬] તેજસ્વી સૂર્ય પણ પોતાને પવિત્ર થાવા માટે રખેને અપરાધ ન થઈ જાય એવા ભય સાથે પતિવ્રતા નારીનો સ્પર્શ કરે છે. તેમજ વાયુ અને ચંદ્રમા પણ પોતે પવિત્ર બને તેવા હેતુથી જ પતિવ્રતા નારીનો સ્પર્શ કરે છે પણ બીજો કોઈ ભાવ નથી.[૧૭] પૃથ્વી ઉપર જેટલાં તીર્થો છે તે સર્વે પતિવ્રતા નારીનાં ચરણમાં નિત્ય નિવાસ કરીને રહે છે. સર્વે દેવતાઓનું તેજ અને તપસ્વીઓનું તપ પણ પતિવ્રતા નારીના શરીરમાં નિવાસ કરીને રહે છે. એવી તે તેજસ્વી હોય છે.[૧૮] પતિવ્રતા નારીની ચરણરજથી ભૂમિ પણ તત્કાળ પવિત્ર થાય છે અને તેને નમસ્કાર કરનાર પાપી પુરુષો પણ તત્કાળ સર્વે પાપ થકી મુક્ત થઈ જાય છે.[૧૯] સસરા બાલશર્મા કહે છે, હે ભક્તિદેવી ! તમે વસિષ્ઠમુનિનાં પત્ની અરુંધતી, બ્રહ્માજીનાં પત્ની સાવિત્રી, અત્રિમુનિનાં પત્ની અનસૂયા, ઋષિકુમારીકા શાંડિલી, ગૌતમમુનિનાં પત્ની અહલ્યા, શંકરનાં પત્ની પાર્વતી, પાંડવ પત્ની દ્રૌપદી, સ્વાયંભુમનુનાં પત્ની શતરૂપા, હિમાલયનાં પત્ની મેના, ઉત્તાનપાદના પત્ની સુનીતિ, સૂર્યપત્ની સંજ્ઞા, અગ્નિના પત્ની સ્વાહા અને અગસ્ત્યનાં પત્ની લોપામુદ્રા વગેરે પવિત્ર પતિવ્રતા સ્ત્રીઓની સમાન પતિવ્રતા બનો.[૨૦-૨૧]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સસરા બાલશર્માએ ભક્તિદેવીને પતિવ્રતાના સમગ્ર ધર્મોની શિખામણ આપી અને તેમના પતિ ધર્મદેવને વિષે અસાધારણ પ્રેમ જોઈને "પ્રેમવતી" એવા નામથી પ્રસિદ્ધ થશો એમ કહ્યું.[૨૨] ધર્મશાસ્ત્રના**

**बालशर्मोवाच** -

पुत्र ! त्वं ननु सुज्ञोऽसि वेदशास्त्रार्थपारगः । तथापि शास्मि भद्रं ते वृद्धत्वात्पितृभावतः ॥ २४
स्नानं सन्ध्यां जपं होमं स्वाध्यायं पितृतर्पणम् । देवार्चनं वैश्वदेवं चातिथ्यं नित्यमाचरेः ॥ २५
यस्य स्त्री स्याद्गुणवती गृहिधर्मान्स आचरेत् । पत्नी तवैषा बालापि स्वाध्वीति प्रतिभाति मे ॥ २६
तस्मादस्याः प्रियं कार्यं त्वया गार्हस्थ्यमिच्छता । नावमान्या गुणवती भार्येयं धर्मवल्लभा ॥ २७
आसन्नसम्बन्धवतीं विना क्वापि परस्त्रियाम् । विधवां तु विशेषेण न स्पृशेस्त्वममङ्गलाम् ॥ २८
जीवहीनो यथा देहः क्षणादशुचितां व्रजेत् । भर्तृहीना तथा योषित्सुस्नाताऽप्यशुचिः सदा ॥ २९
अमङ्गलेभ्यः सर्वेभ्यो विधवा ह्यत्यमङ्गला । विधवादर्शनात्सिद्धिः क्वापि पुंसो न जायते ॥ ३०
अज्ञानाद्विधवास्पर्शे कर्तव्यं स्नानमात्रकम् । ज्ञात्वा कृते तु तत्स्पर्शे दिनमेकमुपोषणम् ॥ ३१

---

પ્રવક્તાઓમાં શ્રેષ્ઠ બાલશર્મા વિપ્ર, સકલ સદ્‌ગુણોના સ્વામી અને બાલ્યાવસ્થાથી જ પોતા થકી શિક્ષણ પામેલા તેમજ પોતાના વંશના તેજસ્વી સૂર્ય સમાન પુત્ર દેવશર્મા પ્રત્યે કહેવા લાગ્યા.[૨૩]

**પુત્ર ધર્મદેવને શિખામણઃ–** બાલશર્મા કહે છે, હે પુત્ર ! તમે સુજ્ઞ છો, વેદશાસ્ત્રમાં પારંગત છો છતાં વૃદ્ધ પિતાના નાતે તમને શિક્ષાનાં બે વચનો કહું છું. તમારું કલ્યાણ થાઓ.[૨૪] હે પુત્ર ! તમારે નિત્યે સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, દેવતાઓનું પૂજન, વૈશ્વદેવ અને અતિથિઓનો સત્કાર આટલું પ્રતિદિન અવશ્ય કરવું. આ પ્રમાણે ન કરવાથી બ્રાહ્મણને દોષ લાગે છે.[૨૫] જે પુરુષની પત્ની સદ્‌ગુણી હોય તે જ પુરુષ ગૃહસ્થ ધર્મનું યથાર્થ પાલન કરી શકે છે. તમારાં આ પત્ની પ્રેમવતી ઉંમરમાં નાનાં હોવા છતાં પતિવ્રતાના ધર્મમાં નિષ્ઠાવાળાં મને જણાય છે.[૨૬] એથી ગૃહસ્થધર્મોનું સારી રીતે પાલન કરવા ઇચ્છતા તમારે આ તમારા પત્નીનું નિરંતર પ્રિય થાય તેમજ કરવું. ધર્મપ્રિયા અને ગુણવંતી આ તમારા પત્નીનું ક્યારેય અપમાન ન કરશો.[૨૭] તમારે સમીપ સંબંધ વિનાની અન્ય સ્ત્રીઓનો ક્યારેય સ્પર્શ ન કરવો. તેમાં પણ વિશેષપણે કરીને વિધવા નારીનો તો ક્યારેય પણ સ્પર્શ ન કરવો. અમંગળને પણ અડવું નહિ.[૨૮] જીવ રહિતનો દેહ જેમ ક્ષણવારમાં અપવિત્ર થઈ જાય છે, તેમ પતિ વગરની સ્ત્રી ભલેને સારી રીતે સ્નાન કરે છતાં અપવિત્ર જ રહે છે.[૨૯] સર્વે અપવિત્રોમાં વિધવા સ્ત્રી અતિશય અપવિત્ર છે. તેથી તેવી સ્ત્રીનાં દર્શનથી પુરુષને કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી.[૩૦] તેથી અજાણતાં જો તેનો સ્પર્શ થાય તો સ્નાન માત્ર કરવું, અને જાણી જોઈને તેનો

तस्मान्न विधवां नारीं श्रेयस्कामः स्पृशेत्पुमान् । आशिषोऽपि न वै ग्राह्यास्तस्या आशीविषोपमाः ।३२
विहायैकां निजां भार्यामेकान्ते त्वन्यया सह । मात्रा स्वस्रा दुहित्राऽपि नोपवेश्यं कदाचन ॥ ३३
मद्यं मांसं पारदार्यं स्तैन्यं स्वपरहिंसनम् । जातिभ्रंशकरं कर्म सर्वथा दूरतस्त्यजेः ॥ ३४
परदारा न गन्तव्याः सर्ववर्णेषु कर्हिचित् । इष्टापूर्तायुषां हन्त्री परदारगतिर्नृणाम् ॥ ३५
यादृशं पुरुषस्येह परदारोपसेवनम् । न तादृशमनायुष्यं लोके किञ्चन विद्यते ॥ ३६
मनसा च प्रदुष्टे ये पश्यन्ति परस्त्रियम् । ते जन्मरोगिणो भूमौ जायन्ते पुरुषाः सुत ! ॥ ३७
परदारेषु ये मूढाश्चक्षुर्दुष्टं प्रयुञ्जते । तेन दुष्टस्वभावेन जात्यन्धास्ते भवन्ति हि ॥ ३८
ये च मूढा दुराचारा वियोनौ मैथुने रताः । पुरुषेषु च दुष्प्रज्ञा जायन्ते तेऽत्र पण्डकाः ॥ ३९
स्त्रैणसङ्गात्पारदार्ये प्रवृत्तिर्जायते नृणाम् । न कार्यः कर्हिचित्सङ्गः शिश्नोदरतृपां ततः ॥ ४०

---

સ્પર્શ થાય તો એક દિવસ ઉપવાસ કરવો.[૩૧] તેથી કલ્યાણને ઈચ્છતા પુરુષે વિધવા નારીનો સ્પર્શ કરવો નહિ. અને તેમના આશીર્વાદ પણ વિષ સમાન હોવાથી ગ્રહણ કરવા નહિ.[૩૨]

હે પુત્ર ! પોતાની પત્ની સિવાયનાં મા, બહેન કે દિકરીની સાથે ક્યારેય પણ એકાંત સ્થળમાં રહેવું નહિ.[૩૩] મદ્ય, માંસ, પરદારાગમન, ચોરી, પોતાની કે પારકાની હિંસા અને પોતાની જાતિથકી ભ્રષ્ટ કરનાર અપવિત્ર અન્ન જળનો સ્વીકાર કરવારૂપ કર્મનો સર્વપ્રકારે દૂરથી જ ત્યાગ કરી દેવો.[૩૪] ચારે વર્ણના મનુષ્યોએ પરદારાગમન ક્યારેય પણ ન કરવું. કારણ કે પરદારાગમન માણસના યજ્ઞયાગાદિક ઈષ્ટ કર્મોના પુણ્યનો તેમજ પરમાર્થે વાવ, કૂવા, તળાવ આદિના નિર્માણ કરવારૂપ પૂર્તકર્મના પુણ્યનો અને આયુષ્યનો ક્ષય કરનારું કર્મ કહેલું છે.[૩૫] પરદારાગમન પુરુષના આયુષ્યને જેટલી હાની પહોંચાડે છે તેવું અહિતકર કર્મ બીજું કોઈ નથી.[૩૬] હે પુત્ર ! જે પુરુષો પરસ્ત્રીને કામભાવે યુક્ત દુષ્ટમનથી જુવે છે તે પુરુષો પૃથ્વીપર જન્મથી જ રોગી જન્મે છે.[૩૭] તેમજ જે મૂઢ પુરુષો પરસ્ત્રીપર કામભાવે યુક્ત દષ્ટિ જોડે છે તે પુરુષો જન્મથી જ આંધળા થાય છે.[૩૮] જે પુરુષો કામાસક્ત થઈ વિજાતીય પશુ કે પુરુષને વિષે મૈથુન કરે છે, તે દુર્બુદ્ધિ પુરુષો જન્મથી જ નપુંસક થાય છે.[૩૯]

મનુષ્યોને સ્ત્રી આસક્ત પુરુષનો સહવાસ થાય તો પરદારાસંગને વિષે પ્રવૃત્તિ થઈ જાય છે. તેથી શિશ્ન અને ઉદર તૃપ્તિ પરાયણ સ્ત્રીલંપટ પુરુષોનો પ્રસંગ ક્યારેય પણ ન કરવો.[૪૦] હે પુત્ર ! શ્રીનારાયણ સ્વરૂપને વિષે આસક્ત

सतामेव सदा सङ्गः कार्यो नारायणात्मनाम् । धर्माधर्मौ विनिश्चित्य धर्मः सेव्यो मनीषिणा ॥ ४१
धर्म एव सहायी स्यात्परलोके न चापरः । अतः सर्वप्रकारेण धर्मनिष्ठः सदा भवेः ॥ ४२
एकादशीव्रतं यच्च पक्षयोः शुक्लकृष्णयोः । प्रतिमासं भवति तद्युवाभ्यां कार्यमादरात् ॥ ४३
सर्वव्रतेभ्यो ह्यधिकं ज्ञेयमेकादशीव्रतम् । यत्कृत्वा स्त्री च पुरुषो भुक्तिं मुक्तिं च विन्दति ॥ ४४
विष्णोर्व्रतानि चान्यानि तथा जन्ममहोत्सवाः । निजशक्त्यनुसारेण कर्तव्याः प्रतिवत्सरम् ॥ ४५
भाद्रशुक्लचतुर्थ्यां च कुर्या गणपतिव्रतम् । शिवरात्रिव्रतं माघे कुर्याः श्रीकृष्णतुष्टये ॥ ४६
अस्माकं कुलदेवोऽस्ति हनूमान् रामभक्तराट् । इषकृष्णचतुर्दश्यां कर्तव्यं तस्य पूजनम् ॥ ४७
स्नानं तैलेनाङ्गरागः सिन्दूरेण च पूजनम् । करवीरार्ककुसुमैः कार्यं तस्योर्ध्वरेतसः ॥ ४८
नैवेद्यं माषवटकैर्लड्डुकैश्चणकैरपि । कर्तव्यं गुडधानाभिस्तस्य पुत्र ! स्वशक्तितः ॥ ४९
यथाशक्त्यर्चितो भक्त्या मारुतिः स्मृत एव हि । नाशयिष्यति सङ्कष्टं सर्वमत्र न संशयः ॥ ५०

---

મનવાળા પુરુષનો જ સમાગમ કરવો, તથા બુદ્ધિશાળી ડાહ્યા મનુષ્યે ધર્મ અને અધર્મને ઓળખી ધર્મનું જ સેવન કરવું.[૪૧] કારણ કે પરલોકમાં સહાય કરનારો કેવળ ધર્મજ છે, પણ બીજો કોઈ નથી. તેથી તમે બન્ને સદાય ધર્મ પરાયણ રહેજો.[૪૨]

હે પુત્ર ! દર મહિનાને વિષે શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષની બન્ને એકાદશીઓનું વ્રત તમારે બન્નેને આદર પૂર્વક કરવું. કારણ કે અન્ય સર્વે પ્રકારનાં વ્રતો થકી એકાદશીનું વ્રત સર્વ શ્રેષ્ઠ છે, જેના અનુષ્ઠાનથી સ્ત્રી અને પુરુષ આલોકમાં ભુક્તિ અને પરલોકમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.[૪૩-૪૪] તેમજ દર વર્ષે ભગવાનના જે જન્માષ્ટમી આદિક વ્રતો અને તેમના ઉત્સવો છે તેને પોતાની શક્તિને અનુસારે કરવા અને ઉજવવા.[૪૫] ભાદરવાસુદિ ચતુર્થીને દિવસે ગણપતિનું વ્રત આદરથકી કરવું, તથા મહાવદ ચૌદશને દિવસે મહાશિવરાત્રીનું વ્રત પણ ભગવાન શ્રીકૃષ્ણને રાજી કરવા આદરપૂર્વક કરવું.[૪૬] રામભક્ત સમ્રાટ હનુમાનજી આપણા કુળદેવ છે, તેથી આસોવદ ચૌદશને દિવસે તેમનું પૂજન કરવું.[૪૭] ઉર્ધ્વરેતસ્ નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રીહનુમાનજીને તૈલથી સ્નાન કરાવવું અને સિંદૂરથી અંગોઅંગનું લેપન કરવું. કરેણ અને આકડાનાં પુષ્પોની માળા ધારણ કરાવવી. તથા તેમને અડદનાં વડાં, સુખડી, ચણા તથા ગોળધાણાનું નૈવેદ્ય પણ યથાશક્તિ ધરાવવું.[૪૮-૪૯] આ પ્રમાણે યથાશક્તિ અને યથાભક્તિથી પૂજાયેલા હનુમાનજી સંકટના સમયે સ્મરણ કરવા માત્રથી તમારા સર્વ પ્રકારનાં સંકટોનું નિવારણ કરશે, તેમાં કોઈ પણ પ્રકારનો સંશય નથી.[૫૦] પિતા બાલશર્મા થકી આ પ્રમાણે સારી શિક્ષાને પામેલાં તે દંપતી

सुव्रत उवाच -

इत्थं सुशिक्षितौ तेन दम्पती बालशर्मणा । एवमेवाचरिष्याव इत्युक्त्वा तं प्रणेमतुः ॥ ५१

कृतप्रणामं तनयं वधूं च शुभाशिषा योजयति स्म तुष्टः ।
तद्धर्मनिष्ठादरदर्शनेन धर्मोपदेष्टा स ततोऽग्रजन्मा ॥ ५२

ततः पुरं प्राप्य निजं सजन्यः सत्पुत्रलब्धात्मसमस्तकामः ।
कालेन हित्वा वपुराप विष्णोः परं पदं धर्मकृतप्रसादात् ॥ ५३

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे भक्तिधर्मानुशासननामा द्वादशोऽध्यायः ॥ १२ ॥*

---

એ રીતે જ અમે વર્તશું એમ કહી પિતાના ચરણમાં વંદન કર્યાં.[૫૧] ધર્મદેવ અને ભક્તિદેવીની ધર્મમાં નિષ્ઠા અને અતિ આદરભાવ જોઈને ધર્મનો સદુપદેશ કરતા પિતા બાલશર્મા અત્યંત પ્રસન્ન થયા અને પોતાને પ્રણામ કરતા પુત્ર અને પુત્રવધૂને તમે હમેશાં ધર્મનિષ્ઠ રહો, અખંડ સૌભાગ્યવાળાં બનો અને લાંબુ જીવો એવા રૂડા આશીર્વાદ આપ્યા.[૫૨]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! વિચક્ષણ અને સર્વ સદ્‌ગુણોથી સંપન્ન પુત્રરત્નની પ્રાપ્તિથી પૂર્ણમનોરથવાળા બાલશર્મા સંબંધીઓની આજ્ઞા મેળવી પોતાની સાથે આવેલાં જાનૈયાઓની સાથે ઈટ્ટારપુર પાછા પધાર્યા. તેમજ સમય જતાં આ પંચભૌતિક દેહનો ત્યાગ કરી પુત્ર ધર્મદેવના અનુગ્રહથી ભગવાન વિષ્ણુના પરમપદને પામ્યા.[૫૩]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ભક્તિધર્મના વિવાહ અને પિતા બાલશર્માએ કરેલ ઉપદેશનું વર્ણન કર્યું એ નામે બારમો અધ્યાય પૂર્ણ થયો. -૧૨-***

---

**त्रयोदशोऽध्यायः**

**सुव्रत उवाच -**

गते पितरि विप्रेन्द्रस्तदुक्तानाचचार सः । गृहस्थधर्मान्विधिना श्वशुरावनुरञ्जयन् ॥ १
मानयन्तीश्वरमिव प्रेमवत्यात्मनः पतिम् । विनयेनानुवृत्त्या च सिषेवे दम्भवर्जिता ॥ २
एकादशीव्रतं तूभौ दम्पती नियमेन वै । प्रतिपक्षं निराहारौ चक्रतुः परमादरात् ॥ ३
श्रौतान्स्मार्तांश्च विधिना धर्मानाचरतोस्तयोः । दिने दिनेऽधिकैवासीद्विशुद्धिश्चेतसो नृप ! ॥ ४
सङ्कष्टेऽप्यात्मनो धर्मं देवस्तत्याज न क्वचित् । सङ्गं च धर्मिणां चक्रे नेतरेषां स कर्हिचित् ॥ ५
धर्मनिष्ठां परां तस्य पश्यन्तः सकला जनाः । धर्मेत्येवाह्वयंस्तेन धर्मनामा स विश्रुतः ॥ ६
तस्य श्रद्धादयः पत्न्यो द्वादशाथ सहात्मजाः । प्राकृतादृश्यदिव्याङ्गास्तमसेवन्त नित्यदा ॥ ७
नित्यं त्रिषवणस्नानं त्रिः सन्ध्यावन्दनं तथा । सायं प्रातर्होमकर्म जपं स्वाध्यायकर्म च ॥ ८

## અધ્યાય -૧૩

## ધર્મ-ભક્તિની જીવનચર્યા.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પિતા બાલશર્માના ગયા પછી વિપ્રવર્ય દેવશર્મા, સાસુ અને સસરાને રંજન કરતા કરતા, પિતાએ ઉપદેશેલા ગૃહસ્થધર્મોનું શાસ્ત્રોક્ત વિધિપૂર્વક અનુષ્ઠાન કરવા લાગ્યા.[૧] અને પ્રેમવતી પોતાના પતિ દેવશર્માને ઈશ્વરમાની નિર્દંભપણે વિનય અને અનુવૃત્તિ સાચવવા પૂર્વક તેમની સેવા કરવા લાગ્યાં.[૨] ધર્મ અને ભક્તિ બન્ને દંપતી દર પંદર દિવસે આવતી એકાદશીનું વ્રત પણ નિયમપૂર્વક આદરની સાથે નિરાહાર રહીને કરતાં હતાં.[૩] હે રાજન્ ! શ્રુતિ અને સ્મૃતિમાં પ્રતિપાદન કરેલા ગૃહસ્થધર્મોનું વિધિપૂર્વક આચરણ કરતાં તે દંપતીનું ચિત્ત દિવસે ને દિવસે અધિક ને અધિક વિશુદ્ધ બનતું જતું હતું.[૪] મહાસંકટના સમયે પણ ધર્મદેવ ક્યારેય પોતાના ધર્મોનો ત્યાગ કરતા નહિ. તે હમેશાં ધાર્મિક પુરુષોનો જ સમાગમ કરતા પણ બીજાનો સંગ તો ક્યારેય પણ કરતા નહિ.[૫] તે દેવશર્માની અતિ ઉત્કૃષ્ટ ધર્મનિષ્ઠા જોઈને સર્વે મનુષ્યો "હે ધર્મદેવ" એ પ્રમાણે કહીને બોલાવવા લાગ્યા, ત્યારથી તે 'ધર્મ' એવા નામથી આલોકમાં પ્રસિદ્ધિ પામ્યા.[૬] લાભ શુભ વગેરે પુત્રોની સાથે શ્રદ્ધા, મૈત્રી વગેરે ધર્મદેવની બીજી બાર પત્નીઓ પણ પ્રાકૃત મનુષ્યો જોઈ ન શકે તે રીતે દિવ્યસ્વરૂપે નિરંતર ધર્મદેવની સેવામાં હાજર રહેતી હતી.[૭]**

**ધર્મદેવ હમેશાં ત્રિકાળ સ્નાન અને સંધ્યાવંદન કરતા, તેમજ પ્રાતઃકાળે**

पितृणां तर्पणं विष्णोः पूजनं वैश्वदेविकम् । आतिथ्यं चान्वहं चक्रे स धर्मो नियमेन वै ॥ ९
स्वधर्मज्ञानवैराग्यभक्तिदार्ढ्याय चाकरोत् । वेदशास्त्रपुराणेतिहासानां परिशीलनम् ॥ १०
स्वस्वधर्मं पालयन्तौ दम्पती तावुभावपि । प्रेम्णा भजन्तौ श्रीविष्णुं तद्व्रतानि च चक्रतुः ॥ ११
स्वधर्मे विष्णुभक्तौ च तयोरत्याग्रहस्थितिः । इत्थमासीत्तथर्षीणां जातानां भुवि सर्वशः । १२
कालेन तनयो जज्ञे तयोरेकः स धर्मधीः । रामप्रतापसंज्ञोऽभूत्सङ्कर्षणसमो गुणैः ॥ १३
असुरा भुवि ये जाताः पूर्वं तेऽथ सहस्रशः । धार्मिकान्भगवद्भक्तान् रुरुजुर्बहुधा जनान् ॥ १४
तानृषींस्तु विशेषेण जानन्तो निजवैरिणः । प्रार्दयंस्ते च धर्मं तु तेभ्योऽप्यधिकमुन्मदाः ॥१५
अतिशत्रुं तमेवैकं निश्चित्य च सयोषितम् । यथा यथा स दुःखी स्यात्कुर्वन्तिस्म तथा तथा ॥ १६

---

અને સાયંકાળે હોમકર્મ, ગાયત્રીનો જપ, સ્વાધ્યાયમાં વેદપારાયણ, પિતૃતર્પણ, વિષ્ણુપૂજન, વૈશ્વદેવ અને અતિથિઓનો સત્કાર આટલું પ્રતિદિન અવશ્યપણે કરતા હતા.[૮-૯] સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની દઢતાને અર્થે વેદ, શાસ્ત્ર, પુરાણ, મહાભારત આદિ ઈતિહાસોનો વારંવાર અભ્યાસ કરતા હતા.[૧૦] હે રાજન્ ! તે દંપતી પોતપોતાના ધર્મોનું દઢતા પૂર્વક પાલન કરતાં પ્રેમપૂર્વક ભગવાન શ્રીવિષ્ણુનું ભજન કરતાં હતાં, અને જન્માષ્ટમી, રામનવમી આદિ વિષ્ણુના વ્રતોનું અનુષ્ઠાન પણ કરતાં હતાં.[૧૧] આ રીતે સ્વધર્મમાં અને ભગવદ્‌ભક્તિને વિષે જેવી દઢ સ્થિતિ ધર્મ-ભક્તિને હતી તેવી જ દઢ સ્થિતિ દુર્વાસાના શાપથી પૃથ્વી પર જન્મેલા મરીચ્યાદિ મુનિઓની પણ હતી.[૧૨]

**રામપ્રતાપજીનો જન્મ :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સમય વ્યતીત થતાં ધર્મ અને ભક્તિદેવીને ત્યાં એક પુત્ર રત્નનો જન્મ થયો, તે સ્વધર્મનિષ્ઠ અને ગુણોમાં સંકર્ષણ સમાન હતા, તેનું ‘‘રામપ્રતાપ’’ એવું નામ રાખવામાં આવ્યું.[૧૩]

**અસુરોએ કરેલો ઉપદ્રવ :–** ધર્મદેવના પ્રાગટ્ય પહેલાં આ પૃથ્વી ઉપર જે હજારો અસુરો ઉત્પન્ન થયા તે સર્વે ધર્મનિષ્ઠ ભગવાનના ભક્તોને બહુ પ્રકારે દુઃખ આપી પીડવા લાગ્યા.[૧૪] મરીચ્યાદિ મહર્ષિઓને તો પોતાના વિશેષ વૈરી માની ઉદ્ધત તે અસુરો દુઃખ આપતા હતા, અને તેમાં ધર્મદેવને તો અતિ અધિક પીડા આપવા લાગ્યા.[૧૫] ભક્તિદેવીએ સહિત ધર્મદેવને પોતાના એક માત્ર શત્રુ જાણીને જે રીતે તેઓ દુઃખી થાય તેમ તે અસુરો અધિક ને અધિક ઉપાયો કરવા લાગ્યા.[૧૬] તે અસુરો ધર્મદેવના સમગ્ર ગુણોને વિષે દોષોનું આરોપણ કરી

गुणेष्वारोपयन्तस्ते दोषांस्तस्याखिलेष्वपि । निनिन्दुश्च तिरश्चक्रुरपवादान्मुहुर्ददुः ॥ १७
गृहे स्थातुमुदासीनो दुर्जनोपद्रुतस्ततः । अयोध्यामेत्य न्यवसद्धर्मो भार्यासुतान्वितः ॥ १८
सरय्वामन्वहं स्नात्वा नित्यनैमित्तिकीः क्रियाः । कुर्वंस्तत्रापि तै राजन्मुहुः स उपदुद्रुवे ॥ १९
पतिव्रतां सुशीलां च सर्वदोषविवर्जिताम् । अपि प्रेमवतीं दुष्टाः प्रार्दयंस्ते मुहुर्नृप ! ॥ २०
यथा पुरा धर्मराजः सबन्धुः शात्रवं महत् । प्रापकृच्छ्रं तथा धर्मो भक्तिश्च द्रौपदी यथा ॥ २१
ततो दुःखप्रतीकारं चिकीर्षन् स यथामति । काशीं शिवपुरीमेत्य मासः कतिचनावसत् ॥ २२
तत्रापि धार्मिके तस्मिंस्तत्रत्यैश्चापरैरपि । महानुपद्रवश्चक्रे तदतिद्वेषणासुरैः ॥ २३
अनिष्टलब्धिसन्त्रस्तस्ततः सस्त्रीसुतो वृषः । अविज्ञातोऽसुरैर्धीरः प्रयागक्षेत्रमाययौ ॥ २४
विधाय तत्रत्यविधिं नियमान् पालयन्स च । उवास कतिचित्तत्र दिनानि व्रतकर्शितः ॥ २५

---

વારંવાર નિંદા અને તિરસ્કાર કરતા હતા, તેમજ મિથ્યા અપવાદનું આરોપણ પણ કરતા હતા..[૧૭]

**અસુરોના ત્રાસથી બચવા અયોધ્યા ગમનઃ–** હે રાજન્ ! દુર્જનોના અતિ ત્રાસથી છપૈયામાં રહેતા ધર્મદેવ ત્યાં રહેવામાં અત્યંત ઉદાસ થયા, તેથી છપૈયા ગામનો ત્યાગ કરી પત્ની અને પુત્રની સાથે અયોધ્યામાં આવીને રહ્યા.[૧૮] હે રાજન્ ! તે અયોધ્યામાં પણ નિત્ય સરયુગંગામાં સ્નાન કરી પોતાનું સંધ્યાવંદન આદિ નિત્યકર્મ અને નૈમિત્તિક કર્મનું અનુષ્ઠાન કરતા ધર્મદેવને અસુરો વારંવાર વધુ પીડવા લાગ્યા.[૧૯] હે રાજન્ ! પતિવ્રતાના ધર્મને વિષે નિષ્ઠાવાળી, સદાચારિણી અને બિલકુલ નિર્દોષ, ગભરુ, ભક્તિદેવીને પણ તે દુષ્ટ અસુરો વારંવાર દુઃખ આપવા લાગ્યા.[૨૦] જેવી રીતે પૂર્વે પોતાના ભાઈઓ અને પત્ની દ્રૌપદીએ સહિત ધર્મરાજ યુધિષ્ઠિર પોતાના શત્રુઓ થકી મહાકષ્ટને પામ્યા હતા તેજ પ્રમાણે ધર્મદેવ પણ પત્ની ભક્તિદેવીએ સહિત શત્રુઓ થકી મહાકષ્ટને પામ્યાં.[૨૧]

**કાશીપુરી ગમન :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારબાદ પોતાની બુદ્ધિ પ્રમાણે દુઃખનો પ્રતિકાર કરવાની ઈચ્છાવાળા ધર્મદેવ અયોધ્યાપુરીનો ત્યાગ કરી ભગવાન શ્રી વિશ્વનાથની કાશીપુરીમાં આવી ત્યાં કેટલાક માસ નિવાસ કરીને રહ્યા.[૨૨] ત્યાં કાશીમાં પણ ધર્મદેવના દ્વેષી કેટલાક અસુરોએ ધર્મદેવને કાંઈક બીજી રીતના ઉપદ્રવોથી અતિ પીડવા લાગ્યા.[૨૩] અસુરોના ત્રાસથી અતિ પીડાયેલા ધર્મદેવ ધીરજ રાખી પત્ની અને પુત્રને સાથે લઈ કોઈ ન જાણે તેમ કાશીથી નીકળી પ્રયાગક્ષેત્રમાં આવ્યા.[૨૪] પ્રયાગતીર્થમાં ધર્મદેવે કરવા યોગ્ય સર્વે વિધિ કર્યો અને

अपश्यद्वैष्णवाचार्यं तत्रायातं तपोनिधिम् । रामानन्दमुनिं नाम्ना तीर्थयात्राविधित्सया ॥ २६
स्वशिष्यबोधनपटुं शिष्यैः कतिपयैर्वृतम् । बोधयन्तं मुमुक्षूंश्च वर्णिवेषं दयाकरम् ॥ २७
ऊर्ध्वपुण्ड्रं ललाटे च बिभ्रतं कैसरं शुभम् । काश्मीरचन्द्रकोपेतं कण्ठे च तुलसीस्रजौ ॥ २८
शब्दब्रह्मपरब्रह्मनिष्णातं साधुलक्षणम् । ज्ञात्वा तं सिद्धयोगीन्द्रं सिषेवे परमादरात् ॥ २९
निषेवमाणः स तमात्मनिष्ठं भक्तं वरिष्ठं च जनार्दनस्य ।
विचक्षणं लौकिकवैदिकेषु कार्येषु बुद्ध्योद्धवतुल्यमूहे ॥ ३० ॥

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे असुरोपद्रुतधर्मस्य श्रीरामानन्दस्वामिदर्शननामा त्रयोदशोऽध्यायः ॥ १३ ॥*

---

અહિંસા આદિ નિયમોનું પૂર્ણ પાલન કરતા ધારણા પારણા આદિ વ્રતોનું અનુષ્ઠાન કરી શરીરને અત્યંત કૃશ કરી મૂક્યું. આમ કેટલાક દિવસો સુધી પ્રયાગક્ષેત્રમાં નિવાસ કરીને રહ્યા.[૨૫]

**પ્રયાગમાં રામાનંદસ્વામીની સાથે ધર્મદેવનું મિલન :-** પ્રયાગક્ષેત્રમાં તીર્થયાત્રા કરવાની ઈચ્છાથી પધારેલા તપોનિધિ અને વૈષ્ણવાચાર્ય શ્રીરામાનંદ સ્વામીનાં ધર્મદેવને દર્શન થયાં.[૨૬] રામાનંદ સ્વામી શિષ્યવર્ગને ભાગવતધર્મનો ઉપદેશ આપવામાં બહુ કુશળ હતા. કેટલાક શિષ્યો તેમની સાથે હતા, સ્વામી કેટલાક મુમુક્ષુજનોને બોધ આપતા હતા. નૈષ્ઠિક બ્રહ્મચારીના વેષને ધરી રહેલા, દયાના સાગર એવા રામાનંદ સ્વામીએ લલાટને વિષે કુંકુમના ચાંદલાએ સહિત કેસરમિશ્રિત ચંદનથી ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યું હતું, કંઠમાં બેવળી તુલસીની કંઠી ધારી હતી. વેદાદિ શાસ્ત્રોરૂપ શબ્દબ્રહ્મને અને સાક્ષાત્ શ્રીકૃષ્ણરૂપ પરબ્રહ્મને જાણવામાં તે અનુભવી હતા. સાધુતાના લક્ષણોથી સંપન્ન આવા રામાનંદ સ્વામીને શ્રેષ્ઠ સિદ્ધયોગી જાણી ધર્મદેવ પરમ આદર થકી તેમનું સેવન કરવા લાગ્યા.[૨૭-૨૯] આત્મનિષ્ઠ એવા રામાનંદ સ્વામીની સેવા કરતા ધર્મદેવ તેમને વ્યવહારિક એવાં લૌકિક કાર્યોની અને મોક્ષ ઉપયોગી એવાં વૈદિક કાર્યોની બુદ્ધિમાં વિચક્ષણતા જોઈ સાક્ષાત્ ઉદ્ધવજી તુલ્ય માનવા લાગ્યા.[૩૦]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં અસુરોના ઉપદ્રવથી અતિશય પીડાયેલા ધર્મદેવને શ્રીરામાનંદ સ્વામીનાં દર્શન થયાં એ નામે તેરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૩--***

---

## चतुर्दशोऽध्यायः

**राजोवाच –**

रामानन्दमुनिः कोऽसौ कस्य शिष्यश्च सुव्रत ! । क्व वासस्तस्य चैतन्मे वक्तुमर्हसि तत्त्वतः ॥१

**सुव्रत उवाच –**

शृणु ते भूप ! वक्ष्यामि चरित्रं तस्य सद्गुरोः । भुव्युद्धवावतारस्य बद्धसद्धर्मवर्त्मनः ॥ २
अयोध्यानगरे रम्ये द्विजः काश्यपगोत्रजः । आश्वलायनशाखेन ऋग्वेदी चाभवन्नृप ! ॥ ३
अजयाख्यः पुण्यमतिः पूर्वमाराधितेश्वरः । विद्याविनयसम्पन्नः सत्यवादी जितेन्द्रियः ॥ ४
सुमतौ तस्य भार्यायां शप्तो दुर्वाससोद्धवः । श्रीकृष्णभक्तिकुमुदशशाङ्कः प्रादुरास सः ॥ ५
विक्रमार्कशकस्याब्दे बाणाङ्कनगभूमिते । अष्टम्यां श्रावणे मासि कृष्णायां सोऽजनि प्रगे ॥ ६

---

## અધ્યાય –૧૪

## ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીનું જીવન ચરિત્ર.

પ્રતાપસિંહ રાજા પૂછે છે, હે સુવ્રતમુનિ ! એ રામાનંદ સ્વામી કોણ હતા ? કોના શિષ્ય હતા ? તેમનું નિવાસ સ્થાન ક્યાં હતું ? અને તેને વૈષ્ણવોનું આચાર્યપદ કેવી રીતે પ્રાપ્ત થયેલ હતું ? આ સર્વે વૃત્તાંત મને તમે યથાર્થ રીતે કહો.[૧]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનું જીવન ચરિત્ર હું તમને યથાર્થ સંભળાવું છું. આ પૃથ્વી ઉપર ભાગવતધર્મનું પ્રવર્તન કરનારા તે ભગવાન શ્રીકૃષ્ણના સખા ઉદ્ધવજીનો અવતાર હતા.[૨] હે રાજન્ ! રમણીય અયોધ્યા નગરીને વિષે 'અજય' નામના એક ઉત્તમ બ્રાહ્મણ રહેતા હતા. એ વિપ્રનું કાશ્યપગોત્ર હતું. આશ્વલાયન શાખાના એ ઋગ્વેદી બ્રાહ્મણ હતા. કાશ્યપ, આવત્સર અને નૈધ્રુવ આ ત્રણ તેના પ્રવર હતા. તે અજયવિપ્ર પુણ્ય કર્મો કરવામાં નિષ્ઠાવાન હતા. તેણે પૂર્વ જન્મમાં પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરી હતી. વિદ્યા અને વિનયથી સંપન્ન, સત્યવાદી એ વિપ્રે ઈન્દ્રિયોને જીતી પોતાને વશ કરી હતી.[૩-૪] આવા મહાન અજયવિપ્ર અને સુમતિ નામનાં તેમનાં પવિત્ર પત્ની થકી દુર્વાસા મુનિના શાપને કારણે ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિરૂપી કુમુદવનને પ્રફુલ્લિત કરવામાં ચંદ્રમા સમાન સાક્ષાત્ ઉદ્ધવજી પ્રગટ થયા હતા.[૫]

વિક્રમ સંવત્ ૧૭૯૫ ના શ્રાવણવદી અષ્ટમીને શુભ દિને પ્રભાતના સમયે ઉદ્ધવજીનું પ્રાગટ્ય થયું.[૬] તેમનું શરીર ગૌરવર્ણનું હતું; મંદમંદ મુખહાસ્યથી તે

गौराङ्गः स्मितसुन्दरास्यरुचिरः प्रौढाकृतिर्दीर्घदोर्दण्डः ।
कोमलपादपल्लवयुगो गम्भीरनाभिः स च ।
शोणापाङ्गरुचिर्विशालहृदयश्चारक्तबिम्बाधरो ।
वक्रश्यामशिरोरुहः सुनयनो विस्तीर्णगोधिर्बभौ ॥ ७

अथाजयो द्विजश्रेष्ठः पुत्रजन्ममहोत्सवः । स्नात्वा विप्रान्समाहूय जातकर्म समाचरत् ॥ ८
रमणाद्राम इत्याख्यां द्वादशेऽह्नि च तस्य सः । चकार सप्रहृष्टात्मा स्वस्तिवाचनपूर्वकम् ॥ ९
विवृधे सोऽल्पकालेन पितृभ्यामुपलालितः । जनयन्नयनानन्दं बालचन्द्र इवोदितः ॥ १०
कृतोपनयनश्चासावष्टमेऽब्दे यथाविधि । पालयामास धर्मात्मा ब्रह्मचर्यव्रतं दृढम् ॥ ११
गृहाश्रममनिच्छन्वै नैष्ठिकव्रतवल्लभः । सङ्गं निवृत्तधर्माणां चकार प्रायशः सताम् ॥ १२
निजपित्रा वाच्यमानं श्रीमद्भागवतं नृप ! । शुश्रावानुदिनं प्रीत्या स पौगण्डवया अपि ॥ १३

---

અતિશય શોભતા હતા. શરીર પુષ્ટ હતું. જાનું પર્યંત લાંબી બન્ને ભુજાઓ, કમળ સમાન કોમળ તેમના બે ચરણ, ઉદરમાં ઊંડી ગોળ ગંભીર નાભી અને લાલ કમળની સમાન કાંતિવાળા નેત્રોથી તે શોભી રહ્યા હતા, તેમનું હૃદય વિશાળ અને હોઠ લાલ બિંબફળ જેવા શોભતા હતા. મસ્તક ઉપર વાંકડીયાળા શ્યામ સુંદર કેશ, સુંદર કમળની પાંખડી સમાન શોભાયમાન નેત્રો અને શોભાયમાન વિશાળ ભાલપ્રદેશથી તે ઉદ્ધવજી અતિશય શોભતા હતા.[૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આવા પુત્રના જન્મથી અતિશય હર્ષ પામેલા અજયવિપ્રે વસ્ત્રે સહિત સ્નાન કર્યું, અને વેદવિધિજ્ઞ વિદ્વાન વિપ્રોને બોલાવી પુત્રનો જાતકર્મ સંસ્કાર કરાવ્યો.[૮] અત્યંત હર્ષિત મનવાળા અજય વિપ્રે પુત્રના જન્મથી બારમે દિવસે સ્વસ્તિક વાચન કર્મ કરી સર્વને હર્ષ ઉપજાવતા હોવાથી પુત્રનું નામ "રામ" એવું રાખ્યું.[૯] માતા સુમતિ પિતા અજય શ્રીરામનું પ્રેમપૂર્વક લાલન પાલન કરે છે, અને તે પણ આકાશમાં ઉદય પામેલા બાલચંદ્રની પેઠે સર્વેના નેત્રોને આનંદ ઉપજાવતા અલ્પ સમયમાં જ ખૂબ વધવા લાગ્યા છે.[૧૦] શ્રીરામે આઠમા વર્ષે પિતા થકી વિધિપ્રમાણે યજ્ઞોપવિત સંસ્કાર પ્રાપ્ત કર્યા. પછી ધર્માત્મા તે રામ દઢતા પૂર્વક બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવા લાગ્યા છે.[૧૧] મનથી પણ ગૃહસ્થાશ્રમને નહિ ઈચ્છતા અને નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત જેને અતિશય વહાલું છે, એવા શ્રીરામ પ્રતિદિન નિવૃત્તિધર્મમાં નિષ્ઠાવાળા સત્પુરુષોનો જ સમાગમ કર્યા કરતા હતા.[૧૨] હે રાજન્ ! રામ દશ વર્ષથી અંદરની પૌગંડ અવસ્થામાં હતા છતાં પણ પિતાના

दृढं भक्तिस्ततो विष्णौ बभूवास्य च मानसे । प्रतिमापूजनं तस्य नियमेन चकार सः ॥ १४
विष्णुं दिदृक्षुः प्रत्यक्षमनासक्तो गृहादिषु । निर्जगाम गृहात्तूर्णं वेदाध्ययनकैतवात् ॥ १५
तीर्थयात्रां चरन्नानादेशेषु विगतस्पृहः । श्रीहरिं हृदये ध्यायन्प्राप रैवतकं गिरिम् ॥ १६
गोपनाथालयस्थातुर्गोपालानन्दयोगिनः । शिष्यमात्मानन्दसंज्ञं मुनिं तत्र समैक्षत ॥ १७
अष्टाङ्गयोगकलनानैपुण्ये योगिसम्मतम् । समाधिनिष्ठं सम्प्राप्तमेकत्वं ब्रह्मणात्मनः ॥ १८
चिरकालं स्वदेहस्य रक्षणे सद्य एव वा । त्यागे स्वातन्त्र्यमापन्नं प्रसादादेव सद्गुरोः ॥ १९
कृपया स्वोपदेशेन योगसिद्धिमुपागतैः । वृतं शिष्यैः स बहुभिः प्रणनाम तमादरात् ॥ २०
सादरं मानितस्तेन प्रतापप्रथितेन सः । तत्रावसन्मासमेकं वर्णिधर्मदृढस्थितिः ॥ २१

---

મુખ થકી શ્રીમદ્ ભાગવતનું પ્રતિદિન પ્રેમપૂર્વક શ્રવણ કરતા હતા.[૧૩] શ્રીમદ્‌ભાગવતનું સતત શ્રવણ કરવાથી આ રામના મનમાં ભગવાન શ્રીકૃષ્ણને વિષે દઢ ભક્તિ ઉત્પન્ન થઇ, તેથી તે નિયમપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિમાનું પૂજન કરવા લાગ્યા.[૧૪] ઘરમાં અનાસક્ત રામને અંતરમાં શ્રીકૃષ્ણ ભગવાનના પ્રત્યક્ષ દર્શનની ઉત્કૃષ્ટ ઇચ્છા જાગી, તેથી વેદાધ્યયનના બહાને તત્કાળ ઘરનો ત્યાગ કરી નીકળી ગયા.[૧૫] અંતરમાં બીજી કોઇ સ્પૃહા નથી અને હૃદયમાં શ્રીકૃષ્ણનું સદાય ધ્યાન કરે છે, એવા શ્રીરામશર્મા અનેક દેશોમાં તીર્થયાત્રા કરતા કરતા રૈવતાચળ (સૌરાષ્ટ્રના ગિરનાર) પર્વતની તળેટીમાં પધાર્યા.[૧૬]

**રામશર્માનું આત્માનંદમુનિ સાથે મિલનઃ–** આ ગિરનાર પર્વતની તળેટીમાં પ્રસિદ્ધ શ્રી ગોપનાથ મહાદેવના મંદિરે રહેલા ગોપાળાનંદ યોગીના શિષ્ય આત્માનંદમુનિનાં શ્રીરામશર્માએ દર્શન કર્યાં.[૧૭] આ આત્માનંદમુનિ અષ્ટાંગયોગની કળામાં પારંગત હતા, સમસ્ત યોગીઓ તેમનું સન્માન કરતા હતા. તે સમાધિનિષ્ઠ હતા, અને પોતાના આત્માની અક્ષરબ્રહ્મની સાથે એકતા પણ હતી.[૧૮] સદ્‌ગુરુ ગોપાળાનંદ યોગીની કૃપાથી તે પોતાના શરીરને લાંબો સમય સુધી એમને એમ ટકાવી રાખવું, અથવા તત્કાળ તેમનો ત્યાગ કરી દેવો તેમાં સ્વતંત્રતાને પામ્યા હતા.[૧૯] ગુરુની કૃપા વડે પ્રાપ્ત કરેલા પોતાના યોગમાર્ગના ઉપદેશથી યોગસિદ્ધિને પામેલા ઘણા બીજા શિષ્યોથી વિંટાયેલા આવા સિદ્ધપુરુષ આત્માનંદમુનિનાં દર્શન કરતાંની સાથે શ્રીરામશર્માએ બહુજ આદર પૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં.[૨૦]

તે સમયે પોતાના પ્રભાવથી સર્વત્ર ખ્યાતીને પામેલા શ્રી આત્માનંદ મુનિએ શ્રીરામશર્માનો આદર સત્કાર કર્યો અને નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મમાં દઢ સ્થિતિવાળા

समाधौ विष्णुवीक्षाऽस्य भवेदित्यवधार्य तम् । सम्प्रार्थयद्रामशर्मा प्रणम्य प्राञ्जलिर्नृप ! ॥ २२
स्वामिन्साक्षाद्धरिमहं दिदृक्षामि ततो भवान् । तत्सिद्धिकृत्साधनं मे कृपया वक्तुमर्हति ॥ २३
इत्युक्तः स मुनीन्द्रस्तं प्राह योगं सुसाधय । तेन सेत्स्यत्यभीष्टं त इत्युक्तः सोऽहृषन्नृप ! ॥ २४
ततः स सिद्धयोगं तं ज्ञात्वा योगोपलब्धये । शिष्यतां तस्य सम्प्राप मानयन्विनयेन तम् ॥ २५
नाम रामानन्द इति तस्य स प्रीतमानसः । मुनिश्चकाराथ योगं सहाङ्गैस्तमशिक्षयत् ॥ २६
सिद्धयोगोऽभवत्सोऽपि कालेनाल्पेन वर्णिराट् । ब्रह्मणैक्यं च सम्प्राप गुरुवत्स्वात्मनस्तथा ॥ २७
समाधौ ब्रह्मतेजश्च व्याप्नुवत्ककुभो दश । सोऽपश्यन्नित्यदा वर्णी तत्र नारायणं न तु ॥ २८
असन्तुष्टो व्याकुलश्च तदाऽसौ गुरुमाह तम् । समाधिसिद्धिं प्राप्तोऽहं स्वामिन्करुणया तव ॥ २९

---

તે રામશર્મા ત્યાં આત્માનંદમુનિની સમીપે એક માસ સુધી નિવાસ કરીને રહ્યા.[૨૧] આ આત્માનંદ મુનિને સમાધીમાં ભગવાન શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન જરૂર થતું હશે, આ પ્રમાણે નિશ્ચય કરીને હે રાજન્ ! શ્રીરામશર્મા બે હાથ જોડી નમસ્કાર કરીને પ્રાર્થના કરવા લાગ્યા.[૨૨] કે હે સ્વામિન્ ! મારાં અંતરમાં ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન કરવાની પ્રબળ ઇચ્છા વર્તે છે. તે હેતુથી તમે મને તેમનાં પ્રત્યક્ષ દર્શનનું સાધન કૃપા કરીને દેખાડો.[૨૩] હે રાજન્ ! રામશર્માનાં આવાં વચનો સાંભળી આત્માનંદમુનિ અતિશય આનંદને પામ્યા અને તેમના પ્રત્યે કહેવા લાગ્યા, કે તમે અષ્ટાંગયોગની સાધના કરો, તેનાથી તમારા મનની સમગ્ર ઇચ્છાઓ પૂર્ણ થશે.[૨૪] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તે રામશર્માએ આત્માનંદ મુનિને સિદ્ધયોગી જાણીને અષ્ટાંગયોગની સિદ્ધિને અર્થે વિનયપૂર્વક તેમના ગુરુપણાનો આદર કરી તેમનું શિષ્યત્વ સ્વીકાર્યું. ત્યારે આત્માનંદ મુનિ બહુજ રાજી થયા અને શ્રીરામશર્માને દિક્ષા આપી "શ્રીરામાનંદ" એવું નામ પાડ્યું. પછી તેમને યમ નિયમાદિક અંગોએ સહિત અષ્ટાંગયોગની સાધના શિખવવા લાગ્યા.[૨૫-૨૬] અને તે વર્ણિરાટ્ શ્રીરામાનંદમુનિ પણ ગુરુકૃપાથી અલ્પ સમયમાંજ સિદ્ધયોગી થયા અને ગુરુની માફક પોતે પણ પોતાના આત્માની અક્ષરબ્રહ્મની સાથે એકતાને પ્રાપ્ત કરી લીધી, અર્થાત્ રામાનંદ સ્વામીને પણ બ્રહ્મનો સાક્ષાત્કાર થયો.[૨૭]

વર્ણિરાટ્ શ્રીરામાનંદ સ્વામીએ સમાધિને વિષે દશે દિશાઓમાં પ્રસરી રહેલા અક્ષરબ્રહ્મ પ્રકાશને સદાય દેખવા લાગ્યા, પરંતુ તે તેજને વિષે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન ન થયું.[૨૮] તેથી તેમના મનમાં અત્યંત ખેદ થયો અને અતિશય આકુળ વ્યાકુળ થવા લાગ્યા, ગુરુ આત્માનંદ સ્વામી પ્રત્યે કહેવા લાગ્યા

ब्रह्मतेजो निराकारं तत्र पश्यामि केवलम् । साकारं ब्रह्म कृष्णं तु नैव पश्याम्यभीप्सितम् ॥ ३०
अत्युद्विग्नमना अस्मि विनेक्षां कमलापतेः । अपूर्णकामं स्वं मन्ये तेन चात्मानमञ्जसा ॥ ३१
तदा गुरुः प्राह विष्णुस्तेजोरूपो निराकृतिः । एष एवास्ति वै वर्णिन्नाकारस्त्वस्ति मायिकः ॥ ३२
आकारस्य विनाशोऽस्ति निराकारस्य नास्ति सः । इत्युक्त उद्धवस्तेन सद्योऽमूर्छन्नराधिप ! ॥ ३३
प्रापोच्छ्वासं मुहूर्तान्ते रुरोद स ततो भृशम् । हर्याकृत्यसदुक्तिं तं हित्वा द्रागिनिर्ययौ ततः ॥ ३४
गुरुणा वार्यमाणोऽपि नास्थात्तत्र स सन्मतिः । साकारब्रह्मसिद्धान्तस्थापकं मृगयन् गुरुम् ॥ ३५
रामानुजाचार्यपदे स स्यादित्यवधार्य सः । हरेरतिप्रियं स्थानं श्रीरङ्गाख्यं ययौ ततः ॥ ३६

---

**કે, હે સ્વામિન્ ! તમારી દયાથી મને સમાધિની સિદ્ધિ પ્રાપ્ત થઈ પણ તે સમાધિમાં મને માત્ર નિરાકાર બ્રહ્મતેજનાંજ દર્શન થાય છે, પરંતુ જે હું ઈચ્છું છું તે સાકાર પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન મને થતાં નથી.[૨૯-૩૦] કમલાપતિ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન વિના મારા મનમાં અતિશય ઉદ્વેગ થઈ રહ્યો છે, અને મારા આત્માને હું સંપૂર્ણપણે અકૃતાર્થ માનું છું.[૩૧]**

**ત્યારે ગુરુવર્ય આત્માનંદમુનિ રામાનંદ સ્વામી પ્રત્યે કહે છે, હે વર્ણિન્ ! જે ભગવાન વિષ્ણુ છે તેજ નિરાકાર તેજોમય સ્વરૂપ છે, તેમનો બીજો કોઈ આકાર નથી. કારણ કે જગતમાં જે કોઈ આકાર દેખાય છે તે સર્વે માયિક છે.[૩૨] શા માટે માયિક છે ? તો કહે છે કે આકાર માત્રનો વિનાશ અવશ્ય છે. પરંતુ નિરાકારનો વિનાશ નથી, ભગવાન અવિનાશી છે. હે નરાધિપ ! આત્માનંદમુનિ આ પ્રમાણે બોલ્યા કે તરત જ ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામી મૂર્છિત થઈને પૃથ્વી ઉપર ઢળી પડ્યા.[૩૩] એક મુહૂર્ત પછી મૂર્છા ઉતરી જાગ્રત થયા ને ઊંચે સાદે અતિશય રુદન કરવા લાગ્યા, ત્યાર પછી ભગવાનના આકારનું ખંડન કરનાર તે ગુરુનો તત્કાળ ત્યાગ કરી તે સ્થળમાંથી તે નીકળી ગયા.[૩૪]**

**સાકારબ્રહ્મનું પ્રતિપાદન કરનાર ગુરુની શોધઃ–** **'ભગવાન સદાય સાકાર છે,' એવા શાસ્ત્રીય સિદ્ધાંતની દૃઢ માન્યતા ધરાવતા સદ્‌બુદ્ધિમાન શ્રીરામાનંદ સ્વામી, ગુરુ આત્માનંદ સ્વામીએ ખૂબ વાર્યા છતાં પણ રોકાયા નહિ અને સાકાર બ્રહ્મના સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારા ગુરુની શોધમાં રવાના થઈ ગયા.[૩૫] સાકાર બ્રહ્મનું પ્રતિપાદન કરનારા ગુરુ તો શ્રીરામાનુજાચાર્યે સ્થાપન કરેલ ગાદીસ્થાને હોવા જોઈએ. એવો મનમાં નિશ્ચય કરી તે રામાનંદ સ્વામી ભગવાન શ્રીહરિને અતિશય પ્રિય સ્થાન એવા શ્રીરંગક્ષેત્રમાં આવ્યા.[૩૬] નૈષ્ઠિક**

तत्र श्रीरङ्गदेवस्य मन्दिरान्तिक एव सः । स्वावासमकरोद्वर्णी भगवन्तं स्मरन् हृदि ॥ ३७
कावेर्यां प्रत्यहं स्नात्वा नित्यकर्म विधाय च । चकार नियमेन श्रीरङ्गनाथस्य दर्शनम् ॥ ३८
साकारतास्थापकानि परस्य ब्रह्मणो हरेः । सच्छास्त्राणि श्रोतुमनाः स आसीन्नेतराणि तु ॥ ३९
प्रत्यक्षभगवद्दीक्षासाधनस्य च देशिकम् । गवेषमाणो व्यदधाद्वैष्णवानां समागमम् ॥ ४०
अथ रामानुजाचार्यचरित्रेणोपबृंहितम् । प्रपन्नामृतनामानं ग्रन्थं तत्राशृणोन्नृप ! ॥ ४१
ततः श्रीवैष्णवाचार्यं श्रीरामानुजमेव सः । इयेष देशिकं कर्तुं सिद्धदेहस्थितं सदा ॥ ४२
ग्रन्थांश्च तत्कृतान्प्रीत्या साकारब्रह्मनिश्चयान् । शुश्रावानुदिनं वर्णी श्रीभाष्यादीन्स्ववल्लभान् ॥ ४३
श्रीमद्रामानुजस्यासौ नाम्नामष्टोत्तरं शतम् । पपाठानुदिनं भक्त्या दध्यौ तं च यथाश्रुतम् ॥ ४४
इत्थं विदधतस्तस्य मासत्रयमगान्नृप ! । पञ्चम्यां मधुमासेऽथ तस्य स्वप्नोऽभवत्प्रगे ॥ ४५

---

બ્રહ્મચારી એવા એ રામાનંદ સ્વામી ભગવાન શ્રીરંગનાથજીનું હૃદયમાં સ્મરણ કરતા થકા શ્રીરંગ ભગવાનના મંદિરની સમીપે જ પોતે નિવાસ કરીને રહ્યા.[૩૭] કાવેરી ગંગામાં પ્રતિદિન સ્નાન કરી સંધ્યાવંદન આદિ નિત્યકર્મ કરી નિયમપૂર્વક શ્રીરંગનાથ ભગવાનનું દર્શન કરતા હતા.[૩૮] તેમના મનમાં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિના સદા સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરનારાં સત્શાસ્ત્રો સાંભળવાની જ ઇચ્છા રહેતી હતી, પણ ઇતર શાસ્ત્રોને સાંભળવાની બિલકુલ ઇચ્છા રાખતા ન હતા.[૩૯] ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શનનું સાધન બતાવે તેવા સદ્ગુરુની શોધમાં શ્રીરામાનંદ સ્વામી નિરંતર ત્યાં રહેલા વૈષ્ણવોનો સમાગમ કરતા હતા.[૪૦]

**શ્રી રામાનુજાચાર્યથકી દીક્ષાગ્રહણ અને આચાર્યપદનો સ્વીકાર:–** સુવ્રત મુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીરામાનંદસ્વામીએ ભગવદ્પાદ શ્રીરામાનુજાચાર્યનાં ચરિત્રોથી ભરપૂર 'પ્રપન્નામૃત' એ નામના ગ્રંથનું વૈષ્ણવોના સમાગમ વખતે શ્રવણ કર્યું.[૪૧] તે ગ્રંથનું શ્રવણ કર્યા પછી શ્રી સંપ્રદાયમાં સદાય સિદ્ધદેહે વિરાજતા શ્રી વૈષ્ણવાચાર્ય શ્રીરામાનુજાચાર્યને જ ગુરુ કરવાની દૃઢ ઇચ્છા કરી.[૪૨] પછી રામાનંદ સ્વામી શ્રીરામાનુજાચાર્યે રચેલા સાકાર બ્રહ્મનું પ્રતિપાદન કરતા 'શ્રીભાષ્ય' આદિક પોતાને પ્રિય ગ્રંથોનું પ્રતિદિન શ્રવણ કરવા લાગ્યા.[૪૩] દરરોજ શ્રી રામાનુજાચાર્યના એકસો ને આઠ નામના સ્તોત્રનો પ્રીતિપૂર્વક પાઠ કરે અને પ્રપન્નામૃતમાં જેવું તેમનું વર્ણન કરેલું છે તેવા સ્વરૂપનું ધ્યાન કરે.[૪૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પ્રતિદિન આ પ્રમાણે કરતા શ્રીરામાનંદ

साक्षाद्रामानुजाचार्यं तत्रापश्यत्त्रिदण्डिनम् । कान्त्या सूर्यप्रतीकाशं दिव्यदेहं सुलोचनम् ॥ ४६
पुण्ड्राणि द्वादशोर्ध्वानि बिभ्रतं सस्मिताननम् । प्राणमत्तमवेत्याशु श्रीमन्नाथं च लक्षणैः ॥ ४७
ततोऽवदद्यतीन्द्रस्तं बद्धाञ्जलिपुटं स्थितम् । वरं वरय मद्वर्णिन् ! रामानुजमवेहि माम् ॥ ४८
इत्युक्तः सोऽतिहृष्टात्मा तमुवाच यतीश्वर ! । मनोरथोऽद्य मे पूर्णस्त्वदद्दृष्ट्या बहुकालजः ॥ ४९
श्रीमन्नारायणस्याहं साक्षादिच्छामि दर्शनम् । तन्मे यथा भवेच्छीघ्रं तमुपायं वद प्रभो ! ॥ ५०
ततः प्रसन्नः प्रददौ तस्मै दीक्षां स वैष्णवीम् । मनू द्वौ च प्रपन्नाय ततश्चेदमुवाच ह ॥ ५१
श्रीमन्नारायणं भक्त्या भजेस्त्वं वर्णिसत्तम ! । ग्रन्थांश्च मत्कृतान्नित्यमभ्यसेस्तन्द्रिवर्जितः ॥ ५२
स्वधर्मं विष्णुभक्तिं च वैष्णवानां समागमम् । प्रत्याहारं चेन्द्रियाणां न त्यजेस्त्वं चतुष्टयम् ॥ ५३

---

સ્વામીને ત્રણ માસ વીતી ગયા. ત્યારપછી શ્રીરામાનુજાચાર્યના જન્મ દિવસે એટલે ચૈત્રસુદ ૫ ની વહેલી સવારે ધ્યાન સમાધિ થઈ.[૪૫] ત્યારે સાક્ષાત્ શ્રીરામાનુજાચાર્યનાં પ્રત્યક્ષ દર્શન થયાં, ત્રિદંડ ધારણ કરેલા તેમની કાંતિ સૂર્યસમાન તેજસ્વી હતી, દિવ્યદેહમાં સુંદર નેત્રકમળથી તેઓ અતિશય શોભતા હતા, શરીર ઉપર બાર ઉર્ધ્વપુંડ્ર તિલકને ધારણ કર્યાં હતાં, મંદમંદ હાસ્યને કરતા શ્રીમન્નાથ એવા શ્રીરામાનુજાચાર્યને પ્રપન્નામૃતમાં કહેલા તેમનાં આ અસાધારણ ચિહ્નોથી ઓળખીને શ્રી રામાનંદ સ્વામી તત્કાળ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૪૬-૪૭] પછી બેહાથ જોડી પોતાની સામે ઊભેલા શ્રીરામાનંદ સ્વામીને યતીન્દ્રશ્રી કહેવા લાગ્યા કે, હે વર્ણી ! હું રામાનુજાચાર્ય છું. તમે મારી પાસેથી વરદાન માગો.[૪૮] આ પ્રમાણે કહ્યું તેથી શ્રીરામાનંદ સ્વામી મનમાં અતિશય રાજી થયા, અને બે હાથ જોડી કહેવા લાગ્યા કે, હે યતીશ્વર ! આપનાં મંગલકારી દર્શનથી મારા ઘણા સમયનો મનોરથ આજે પૂર્ણ થયો છે.[૪૯] હે સમર્થ સ્વામી ! શ્રીમન્નારાયણ ભગવાનનાં હું પ્રત્યક્ષ દર્શન કરવા ઇચ્છું છું, તે દર્શન મને જલદીથી થાય તેવો ઉપાય બતાવો.[૫૦]

ત્યારપછી અતિશય પ્રસન્ન થયેલા ભગવદ્પાદ શ્રીરામાનુજાચાર્યે શરણે આવેલા શ્રીરામાનંદ સ્વામીને વૈષ્ણવી દીક્ષા આપી અને બે મંત્રો આપ્યા, અને ત્યારપછી કહેવા લાગ્યા.[૫૧] હે વર્ણિરાજ ! તમે ભગવાન શ્રીમન્નારાયણની પ્રેમલક્ષણા ભક્તિ આળસ છોડીને કરવા માંડો અને મારા રચેલા શ્રીભાષ્યાદિ ગ્રંથોનો નિત્ય અભ્યાસ કરો.[૫૨] હે વર્ણી ! એક સ્વધર્મ, બીજી પ્રેમલક્ષણા નવધા ભગવદ્ભક્તિ, ત્રીજું ભગવાનના ભક્તોનો સમાગમ અને ચોથું વિષયોના રાગમાંથી

इत्थं हि वर्तमानस्य कालेनाल्पेन तेऽनघ ! । श्रीमन्नारायणस्येक्षा साक्षादेव भविष्यति ॥ ५४
दीक्षां त्वं वैष्णवीं दद्याः प्रपन्नेभ्यो ममाज्ञया । सिद्धिस्तवेव तेषां च भविष्यति न संशयः ॥ ५५
विक्षेपो भगवद्भक्तौ पुण्यक्षेत्रेषु यत्र ते । न स्यात्तत्र वसेत्युक्त्वा लक्ष्मणार्यस्तिरोदधे ॥ ५६
प्रबुद्धः स वपुः स्वीयमपश्यच्चक्रलाञ्छितम् । शोभमानं चोर्ध्वपुण्ड्रैर्हृष्टः सत्यमवैच्च तत् ॥ ५७
स्वधर्मस्थो भजन्भक्त्या सोऽल्पकालेन भूपते ! । ददर्श ब्रह्मतेजःस्थं लक्ष्मीनारायणं हृदि ॥ ५८
पूर्णकामस्ततो भूमौ तीर्थानि विचचार सः । तत्र तत्र प्रपन्नेभ्यो दीक्षां प्रादाच्च वैष्णवीम् ॥ ५९
दीक्षितास्तेन ये येऽत्र जनास्ते ते तु भूमिप ! । स्वधर्मस्थाश्च निर्दम्भा दृढभक्तियुजोऽभवन् ॥ ६०

---

ઈન્દ્રિયોની વૃત્તિઓને પાછી વાળવી, આ ચારનો ક્યારેય પણ ત્યાગ ન કરવો.[૫૩] હે નિષ્પાપ મુનિ ! આ પ્રમાણે વર્તવાથી તમને ટૂંક સમયમાંજ ભગવાન શ્રીમન્નારાયણનાં પ્રત્યક્ષ દર્શન થશે જ.[૫૪] તમે મારી આજ્ઞાથી આજ પછી તમારે શરણે આવેલા મુમુક્ષુ જીવાત્માઓને વૈષ્ણવી દીક્ષા આપજો, તમારી પાસેથી દીક્ષા લીધેલા ભક્તજનોને પણ તમારી જેમજ સાક્ષાત્ ભગવદ્ દર્શનની સિદ્ધિ પ્રાપ્ત થશે, તેમાં કોઈ જાતનો સંશય નથી.[૫૫] તમે પણ ભગવદ્ભક્તિ કરવામાં વિક્ષેપ ઉત્પન્ન ન થાય તેવા પુણ્યક્ષેત્રમાં નિવાસ કરીને રહેજો, કોઈ સ્થાનમાં વિક્ષેપ થાય તો તે સ્થાન છોડીને કોઈ અન્ય સ્થાને જ્યાં વિક્ષેપ ન થાય ત્યાં ચાલ્યા જવું, આ પ્રમાણે કહીને શ્રીરામાનુજાચાર્ય અંતર્ધાન થઈ ગયા.[૫૬]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારબાદ શ્રીરામાનંદ સ્વામી સમાધિમાંથી જાગ્રત થયા અને પોતાના શરીરને તપ્ત સુદર્શન ચક્રના ચિહ્નથી અંકિત અને ઉર્ધ્વપુંડ્ર તિલકોથી સુશોભિત જોઈને બહુજ હર્ષને પામ્યા. તેમજ સમાધિમાં ઘટેલી ઘટના બિલકુલ સત્ય છે. આ કોઈ સ્વપ્ન નથી, એમ માની ખૂબજ રાજી થયા.[૫૭] ગુરુના કહેવા મુજબ સ્વધર્મમાં રહી રામાનંદ સ્વામી પ્રેમપૂર્વક ભગવાનની ભક્તિ કરવા લાગ્યા, તેથી અલ્પ સમયમાંજ તેમને પોતાના હૃદય કમળને વિષે બ્રહ્મતેજની મધ્યે રહેલા ભગવાન શ્રીલક્ષ્મીનારાયણનાં દર્શન થયાં.[૫૮] પ્રત્યક્ષ દર્શનથી રામાનંદ સ્વામીનો મનોરથ પૂર્ણ થયો અને પૃથ્વીપર તીર્થોમાં વિચરણ કરવા લાગ્યા, તેમજ તે તે તીર્થોમાં જે જે મુમુક્ષુ શરણે આવે તેમને વૈષ્ણવી દીક્ષા આપવા લાગ્યા.[૫૯] હે રાજન્ ! આ પૃથ્વી ઉપર રામાનંદ સ્વામીએ જે જે મુમુક્ષુજનોને વૈષ્ણવી દીક્ષા આપી હતી તે સર્વે સ્વધર્મમાં રહી નિર્દંભપણે દૃઢતાપૂર્વક ભગવાનની

साक्षाद्भगवद्दीक्षां च प्रापद्यन्ताचिरेण वै । ततस्ते तत्र तत्रास्य माहात्म्यं बहुधोचिरे ॥ ६१

तुष्टस्य साक्षाद्यतिभूमिपस्य सोऽनुग्रहेणाथ हरेः प्रसादात् ।
आसीच्च निर्दम्भसधर्मभक्तेर्भूरिप्रतापप्रथितः पृथिव्याम् ॥ ६२

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे श्रीरामानन्दस्वामिजन्मादिचरित्रनिरूपणनामा चतुर्दशोऽध्यायः ॥ १४ ॥*

---

## पञ्चदशोऽध्यायः ॥ १५ ॥

**सुव्रत उवाच –**

प्रतिष्ठां महतीं तस्य वीक्ष्यान्ये वैष्णवा जनाः । न सेहिरे मत्सरिणो दाम्भिका विषयैषिणः ॥ १

---

ભક્તિ કરવા લાગ્યા.[૬૦] ભક્તિ કરતા તે સર્વે દીક્ષિત મનુષ્યોને અલ્પ સમયમાંજ સાક્ષાત્ શ્રીનારાયણ ભગવાનનું દર્શન પ્રાપ્ત થયું, તેથી તે સર્વે ભક્તજનો તે તે સ્થળે જ્યાં તેઓ રહેતા હતા, ત્યાં ગુરુ રામાનંદ સ્વામીનો મહિમા ખૂબજ ગાવવા લાગ્યા.[૬૧] હે રાજન્ ! પ્રસન્ન થયેલા સાક્ષાત્ યતિરાજ ગુરુવર્ય શ્રીરામાનુજાચાર્યની પૂર્ણ કૃપાથી અને ભગવાન શ્રીલક્ષ્મીનારાયણની પૂર્ણ પ્રસન્નતાથી તેમજ નિર્દંભપણે કરાતી ધર્મે સહિત ભક્તિના માધ્યમથી આ રામાનંદ સ્વામીનો પ્રતાપ અને પ્રભાવ આ પૃથ્વી ઉપર સર્વત્ર ખૂબ જ ફેલાવા લાગ્યો.[૬૨]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રીરામાનંદ સ્વામીના જન્માદિ ચરિત્રનું નિરૂપણ કર્યું એ નામે ચૌદમો અધ્યાય પૂર્ણ થયો. --૧૪--***

---

## અધ્યાય –૧૫

## દુર્વાસામુનિના શાપના પ્રભાવે રામાનંદ સ્વામીએ ભોગવેલું અપાર દુઃખ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ ! લોકસમુદાયમાં અત્યંત વૃદ્ધિ પામેલી તે રામાનંદ સ્વામીની પ્રતિષ્ઠા અને પ્રભાવ જોઈને મત્સરગ્રસ્ત દંભી અને

यथा यथापमानः स्याल्लोके तस्य तथा तथा । मिथ्याभिशंसनादीनि विदधुश्च व्यधापयन् ॥ २
प्रतापातिशयं तस्य तथाप्यक्षीणमेव ते । दृष्ट्वा चक्रुः शास्त्रवादांस्तत्र प्रापुः पराजयम् ॥ ३
ततोऽतिक्रोधमापन्नास्ताडनं भर्त्सनादि च । चक्रुस्ते स तु तत्सेहे बुद्ध्याऽऽवन्त्यकदर्यवत् ॥ ४
केचिन्नग्नाश्च जटिला अयश्चिपिटपाणयः । तस्योर्ध्वपुण्ड्राण्यामृज्यात्रोटयंस्तुलसीस्रजम् ॥ ५
बभञ्जुर्वासुदेवस्य सिंहासनमपि क्रुधा । अहरन्प्रतिमां केचिन्नित्यार्च्यां तस्य चोद्धताः ॥ ६
इत्थं स दुर्जनकृतमुपद्रवमकारणम् । प्रारब्धभोगं मन्वानोऽलक्ष्यलिङ्गोऽचरद्भुवि ॥ ७
त्यक्त्वा रामानुजाचार्यवर्त्म सोपद्रवं बहिः । भजन्नारायणं चित्ते वृन्दावनमुपाययौ ॥ ८

---

વિષયાસક્ત જે અન્ય વૈષ્ણવોના વેષમાં અસુરો હતા તે સહન કરી શક્યા નહિ. અને રામાનંદ સ્વામીનું જે જે રીતે અપમાન થાય તેવા તેવા ઉપાયો કરવા લાગ્યા. તેમના ઉપર મિથ્યાપવાદનું કલંક નાખવા લાગ્યા, અને પોતાના શિષ્યો પાસે પણ તે અસુરો મિથ્યાપવાદનું આરોપણ કરાવવા લાગ્યા.[૧-૨] આવો મોટો ઉપદ્રવ કર્યો છતાં પણ રામાનંદ સ્વામીનો અત્યંત વૃદ્ધિ પામેલો પ્રભાવ લેશ પણ ક્ષીણ થયો નહિ. તેથી તેમને શાસ્ત્રાર્થમાં જીતવા પ્રયાસો કર્યા પરંતુ તેમાં પણ તેઓનોજ પરાજય થયો.[૩] તેથી અતિશય ક્રોધે ભરાયેલા તે અસુરો રામાનંદ સ્વામીને લાકડી તથા ચીપિયાના માર મારવા લાગ્યા અને અનેક પ્રકારની ગાળો ભાંડી તિરસ્કાર કરવા છતાં પણ અવંતીનગરીના કદર્ય નામના બ્રહ્મદેવની જેમ રામાનંદ સ્વામી બધું જ સહન કરતા રહ્યા.[૪] તેમાંથી કેટલાક દિગંબર, જટાધારી અને હાથમાં ચીપિયાધારી અસુરો આવી રામાનંદ સ્વામીના ઉર્ધ્વપુંડ્ર તિલકને ભૂંસી નાખ્યાં અને તુલસીની કંઠી અને તુલસીની જપમાળાને તોડી નાખવા લાગ્યા.[૫] તેમાંથી કેટલાક ઉદ્ધત ઈર્ષાખોર અસુરોએ ક્રોધથી ભગવાન શ્રીવાસુદેવનું સિંહાસન પણ તોડી નાખ્યું અને કેટલાક નિત્ય પૂજાની ભગવાનની મૂર્તિને હરી ગયા.[૬]

**વૃંદાવનમાં આગમન અને શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શનઃ–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે અસુરોએ અકારણ કરેલા ઉપદ્રવને પોતાનું પ્રારબ્ધ માની રામાનંદ સ્વામી કોઈ ન ઓળખી શકે તેવાં ચિહ્નો ધારણ કરી અલક્ષ્યલિંગે આ પૃથ્વી પર વિચરવા લાગ્યા.[૭] ઉપદ્રવને કારણે રામાનુજાચાર્યના સાંપ્રદાયિક ઉર્ધ્વપુંડ્ર ચિહ્નોને ઉપરથી છોડી ચિત્તમાં શ્રીમન્નારાયણનું સ્મરણ કરતા કરતા વૃંદાવનમાં આવ્યા.[૮] તે વૃંદાવનતીર્થમાં રામાનંદ સ્વામી પ્રતિદિન યમુનાજીમાં સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કરતા હતા. અને વૃંદાવનનાં દરેક મંદિરોમાં શ્રીકૃષ્ણ

प्रत्यहं यमुनायां स स्नात्वा कृत्वा च नैत्यकम् । मन्दिरेषु समग्रेषु चक्रे श्रीकृष्णदर्शनम् ॥ ९
अपराह्ने च शुश्राव श्रीमद्भागवतं नृप ! । वाच्यमानं तत्र तत्र पुराणं वैष्णवैर्द्विजैः ॥ १०
एवं निवसतस्तस्यालक्ष्यलिङ्गस्य सन्मतेः । भक्तिः कृष्णे विवृद्धाऽभूद्ध्यौ तं चानुवासरम् ॥ ११
तस्मै प्रसन्नो भगवान्समाधौ निजदर्शनम् । ददौ रासेश्वरीकान्तो वृन्दावनविहारकृत् ॥ १२
एकाग्रेणैव मनसा श्रीकृष्णेति जपन् हृदि । स्फुरितं सहसाऽपश्यद्ब्रह्मज्योतिरनन्तकम् ॥ १३
श्रीराधासहितं कृष्णं तत्राद्राक्षीन्मनोहरम् । मुरलीं वादयन्तं च द्विभुजं श्यामसुन्दरम् ॥ १४
नटवर्यसमाकल्पं नानाभूषणभूषितम् । किरीटिनं वैजयन्तीं बिभ्रतं मालिकां गले ॥ १५
तं दृष्ट्वा परमानन्दं प्राप मन्त्रद्वयं ततः । पुरुषोत्तमसम्प्राप्त्या स्वं च पूर्णममन्यत ॥ १६

---

પરમાત્માનું દર્શન કરવા જતા.[૯] હે રાજન્ ! બપોર પછીના સમયે રામાનંદ સ્વામી વૈષ્ણવ વિપ્રો દ્વારા તે તે મંદિરોમાં વંચાતી શ્રીમદ્ભાગવત પુરાણની કથાનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરતા હતા.[૧૦]

હે રાજન્ ! અલક્ષ્યવેષે વૃંદાવનમાં નિવાસ કરીને રહેલા સદ્બુદ્ધિ શ્રીરામાનંદ સ્વામીની શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ અતિશય વૃદ્ધિ પામી તેથી દરરોજ તેનું હૃદયમાં ધ્યાન કરતા હતા.[૧૧] તે કારણે રાસેશ્વરી રાધાના પતિ ભગવાન શ્રીવૃંદાવનવિહારીએ સ્વામી ઉપર અત્યંત પ્રસન્ન થઈને ધ્યાનરૂપ સમાધિમાં પોતાનું પ્રત્યક્ષ દર્શન આપ્યું.[૧૨] એકાગ્રમનથી શ્રીકૃષ્ણ... શ્રીકૃષ્ણ... આ પ્રમાણે પોતાના હૃદયમાં જપ કરી રહ્યા હતા ત્યારે અચાનક હૃદયકમળમાં પ્રગટ થયેલો અનંત અપાર બ્રહ્મતેજનો સમૂહ જોયો.[૧૩] તે તેજના મંડળને વિષે શ્રીરાધાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થયાં, તે ભગવાન કેવા હતા તો દ્વિભુજ, મોરલીને વગાડતા, શ્યામ સુંદર અને અત્યંત મનોહર એવા તે પ્રત્યક્ષ ભગવાનને જોયા.[૧૪] વળી તે શ્રીકૃષ્ણ ભગવાન નટવરની સમાન વેષધારી, અનંત આભૂષણોથી વિભૂષિત હતા. મસ્તક ઉપર મુગટ ધારણ કર્યો હતો, કંઠમાં વૈજયંતીમાળાને ધારી રહ્યા હતા. આવા પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણનાં દિવ્ય દર્શન કરી રામાનંદ સ્વામી પરમ આનંદને પામ્યા, અને એ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ થકી રામાનંદ સ્વામીએ બે મંત્રો પ્રાપ્ત કર્યા. આવી રીતે ભગવાન શ્રીપુરુષોત્તમ નારાયણની પ્રત્યક્ષ પ્રાપ્તિથી પોતાને આત્મારામ અને પૂર્ણકામ માનવા લાગ્યા.[૧૫-૧૬] આવી રીતે જ્યારે જ્યારે રામાનંદ સ્વામી શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરતા ત્યારે તેમનું પ્રત્યક્ષ દર્શન થતું અને પૂજાના સમયે પણ મૂર્તિ સ્વરૂપમાંથી અચાનક

एवं यदा यदाऽध्यायत्तं ददर्श तदा तदा । अर्चायां स्फुरितं तं च पूजाकालेऽप्यवैक्षत ॥ १७
पूजोपहारान्प्रत्यक्षं स ददावनुवासरम् । प्रीत्या भगवते तस्मै तत आप स निर्वृतिम् ॥ १८
साक्षात्कृष्णोक्षणानन्दो निराधिश्च स वर्णिराट् । तदिच्छयैव स्वमवैत्तदेकान्तिकमुद्धवम् ॥ १९
दुर्जनोपद्रवं तं च दुर्वासःशापसम्भवम् । विवेदाथ मुदा भेजे श्रीकृष्णं स्वेष्टदेवताम् ॥ २०
ततो हिताय जीवानां कृष्णेन स्थापनं भुवि । कृतं स्वस्येति संस्मृत्य तदेव स समाचरत् ॥ २१
सच्छास्त्रभगवद्वाक्यसारमादाय तत्त्वतः । नवीनं सम्प्रदायं स्वं बबन्ध नृप ! निर्भयम् ॥ २२
जीवेशमायारूपाणां निर्णयं प्रायशः स तु । रामानुजाचार्यकृतग्रन्थोक्तं प्रत्यपादयत् ॥ २३

---

**પ્રગટ થયેલા શ્રીકૃષ્ણ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થતાં હતાં.[૧૭] પ્રતિદિન પૂજાના સમયે મૂર્તિમાંથી પ્રગટ થયેલા ભગવાન શ્રીકૃષ્ણને પ્રીતિપૂર્વક પૂજાના ઉપચારો અર્પણ કરી રામાનંદ સ્વામી પૂજતા હતા, અને ભગવાન પણ પ્રત્યક્ષપણે તે સ્વીકારતા, તેથી રામાનંદ સ્વામી પરમ સુખના મહાસાગરમાં લીન થઇ જતા હતા.[૧૮]**

**સ્વને ઉધ્ધવસ્વરૂપનું જ્ઞાન અને ઉધ્ધવસંપ્રદાયની સ્થાપનાઃ-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થવાથી વર્ણિરાટ શ્રીરામાનંદ સ્વામીના અંતરમાં આનંદ વ્યાપ્યો અને તેમનું મન સર્વે ચિંતાથી મુક્ત થયું, તથા ભગવાન શ્રીકૃષ્ણની ઇચ્છાથી પોતે શ્રીકૃષ્ણના પરમ એકાંતિક સખાભક્ત અને તિરોધાન સમયે પોતાનું જ્ઞાન આપી બદરિકાશ્રમમાં જેને મૂકવામાં આવ્યા હતો, તે ઉદ્ધવજી હું છું, આવું જ્ઞાન થયું.[૧૯] અને દુર્જનોનો જે ઉપદ્રવ થયો છે તે પણ દુર્વાસામુનિના શાપને કારણે થયો છે, તેવું પણ રામાનંદ સ્વામીને જ્ઞાન થયું, અને ત્યારથી પોતાના ઇષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણનું અતિ આનંદપૂર્વક ભજન સ્મરણ કરવા લાગ્યા.[૨૦] અનંત જીવોના આત્યંતિક કલ્યાણ કરવાને વાસ્તે ભગવાન શ્રીકૃષ્ણે મને આ પૃથ્વી ઉપર મૂકયો છે, તેનું સ્મરણ કરતા શ્રીરામાનંદ સ્વામી તે અનંત જીવોનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિ કરવા લાગ્યા.[૨૧] હે રાજન્ ! સત્શાસ્ત્રોમાંથી ભગવાનના વચનોનો સાર સાર તત્ત્વ પૂર્વક સ્વીકારી શ્રીરામાનંદ સ્વામીએ નિર્ભયપણે પોતાના નવીન સંપ્રદાયની ભગવાનની ઇચ્છા મુજબ સ્થાપના કરી.[૨૨]

**ઉધ્ધવસંપ્રદાયનું આગવું લક્ષણઃ-** આ નવીન સંપ્રદાયમાં જીવ, ઈશ્વર અને માયાના સ્વરૂપના નિર્ણયમાં રામાનુજાચાર્યના ગ્રંથોમાં કરેલા નિર્ણયનું

स्ववर्णाश्रमधर्मेण युक्ता श्रीराधिकापतेः । भक्तिः कार्या दृढेत्येतल्लक्षणं ह्युद्धवाध्वनः ॥ २४
मुमुक्षूञ्छरणापन्नांस्तदेवोपदिशन्स्वयम् । प्राक् स्वानुभूते तत्स्थाने प्रीत्यैकं मासमावसत् ॥ २५
स तैर्थिको वर्णिवरो मुमुक्षून् श्रीकृष्णभक्तिं गमयन्सधर्माम् ।
प्राप्तोऽभवत्तन्नृप ! तीर्थराजं धर्मः सिषेवे तमिति ह्यवेहि ॥ २६

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे उद्धवसम्प्रदायप्रवृत्तिनिरूपणनामा पञ्चदशोऽध्यायः ॥ १५ ॥*

---

જ રામાનંદ સ્વામીએ બહુધા પ્રતિપાદન કરેલ છે.[૨૩] "પોતે પોતાના વર્ણાશ્રમના ધર્મમાં રહીને જ શ્રીરાધિકાના પતિ ભગવાન શ્રીકૃષ્ણની દૃઢ ભક્તિ કરવી," એજ આ ઉદ્ધવ સંપ્રદાયનું અસાધારણ લક્ષણ જાણવું.[૨૪] સ્વયં રામાનંદ સ્વામી પણ શરણે આવતા મુમુક્ષુજનોને પોતાના સંપ્રદાયના અસાધારણ લક્ષણરૂપ સ્વધર્મે સહિત ભગવાનની ભક્તિ કરવાનો જ ઉપદેશ આપવા લાગ્યા. અને પોતાના પૂર્વ અવતાર ઉદ્ધવજી સ્વરૂપે અનુભવેલા પ્રસિદ્ધ સ્થાન તે વૃંદાવનતીર્થમાં એક માસ પર્યંત નિવાસ કરીને રહ્યા.[૨૫] આવી રીતે તે શ્રીરામાનંદ સ્વામી તીર્થોને વિષે ફરતા ફરતા અને મુમુક્ષુઓને શ્રીકૃષ્ણ ભગવાનની ધર્મે સહિત જ ભક્તિ કરવાનો બોધ આપતા આપતા, તે પ્રસિદ્ધ તીર્થરાજ પ્રયાગક્ષેત્રમાં પધાર્યા અને ત્યાં ધર્મદેવનું મિલન થયું. આવા રામાનંદ સ્વામીનું ધર્મદેવ સેવન કરતા હતા, આ પ્રમાણે રામાનંદ સ્વામી વિષયક પૂછેલા ચાર પ્રશ્નોનો આ ઉત્તર છે, તે તમે જાણો.[૨૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ઉદ્ધવ સંપ્રદાયની પ્રવૃત્તિનું નિરૂપણ કર્યું એ નામે પંદરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૫--***

---

## षोडशोऽध्यायः

सुव्रत उवाच –

पादसंवाहनं कुर्वंस्तस्यासावेकदा निशि । स्वप्ने ददर्श श्रीकृष्णं तेजोमण्डलमध्यगम् ॥ १
तं दृष्ट्वा परमाश्चर्यं प्रसादं तस्य तं विदन् । मुनेस्ततस्तमेवैकं सद्गुरुं निश्चिकाय सः ॥ २
सर्वभावेन शरणं तमेव प्रतिपद्य च । तस्माद्भागवतीं दीक्षां सभार्यः सोऽग्रहीन्नृप ! ॥ ३
अष्टाक्षरौ कृष्णमन्त्रौ तस्मै सोऽपि मुमुक्षवे । उपादिशन्मुनिर्दत्त्वा तुलसीकाष्ठजे स्रजौ ॥ ४
श्रीकृष्णेति त्वमादिश्च गतिर्मद्वयमन्ततः । मनुराद्य इतिप्रोक्तो वैष्णवत्वविधापकः ॥ ५
ब्रह्माहमादि च पदं दान्तं कृष्णेति तत्परम् । सोऽस्मीत्युक्तो द्वितीयोऽपि मनुरिष्टफलप्रदः ॥ ६

---

## અધ્યાય –૧૬

## ધર્મદેવે રામાનંદ સ્વામીને ગુરુ તરીકે સ્વીકાર્યા અને મંત્રદીક્ષા ગ્રહણ કરી.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! એક વખત રાત્રીને વિષે ધર્મદેવ શ્રીરામાનંદ સ્વામીની ચરણચંપી કરી રહ્યા હતા. ત્યારે તેમની ઇંદ્રિયોની વૃત્તિ અંતર સન્મુખ થઈ ને સ્વપ્ન થયું, તે સ્વપ્નમાં તેજના મંડળને મધ્યે બિરાજતા ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન થયાં.[૧] પરમ આશ્ચર્યકારી મૂર્તિ એવા ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થયાં તેને ધર્મદેવ શ્રીરામાનંદ સ્વામીની કૃપાનું ફળ માનવા લાગ્યા અને તેમને જ એક પોતાના ગુરુ તરીકે સ્વીકારવાનો નિશ્ચય કર્યો.[૨] હે રાજન્ ! ત્યારપછી ધર્મદેવ પોતાના પત્ની ભક્તિદેવીની સાથે સર્વભાવે રામાનંદ સ્વામીનું શરણું સ્વીકારી તેમના થકી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.[૩]

અને રામાનંદ સ્વામીએ પણ ધર્મદેવને ખરા મુમુક્ષુ જાણી તુલસીના કાષ્ઠની બેવડી કંઠી ધારણ કરાવી તેમને ભગવાન શ્રીકૃષ્ણના બે અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો.[૪] તેમાં પહેલા મંત્રમાં પ્રથમ 'શ્રીકૃષ્ણ' અને પછી 'ત્વમ્' પદ અને પછી 'ગતિઃ' પદ અને છેલ્લે 'મમ' એ રીતના બે મકારવાળું પદ જેમાં આવેલું છે એવા વૈષ્ણવધર્મની સિધ્ધિ કરાવનાર એવા પ્રથમ અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો. અને ત્યારપછી બીજો અષ્ટાક્ષરમંત્ર કે જેને વિષે 'બ્રહ્માહં' એ પદ પ્રથમ છે અને તે પછી 'દા' પદ જેના છેડે છે એવું 'શ્રીકૃષ્ણ' પદ આવે છે તે પછી 'સોઽસ્મિ' એવું પદ જેના અંતભાગમાં આવેલું છે એવા આ સમગ્ર મનોરથોને પૂર્ણ કરનાર આવા

आद्यः शरणमन्त्रोऽत्र सामान्य इति कीर्तितः । द्वितीयस्तु महामन्त्रो विशेष इति विद्धि भोः ॥ ७
ततस्तस्मै च सद्धर्मान् पालनीयान्मुमुक्षुभिः । उपादिदेश यैर्युक्तः पूज्योऽत्र स्यात् परत्र च ॥ ८
सम्प्रदायेऽस्मदीयेऽस्मिन्संस्थिता ये तु पूरुषाः । भवेयुश्च स्त्रियस्तेषां नियमाच्छृणु वच्मि ते ॥ ९
देवतापितृयागार्थमपि कस्यापि देहिनः । क्वापि हिंसा न कर्तव्या दीक्षां कार्ष्णीमुपाश्रितैः ॥ १०
एकादशविधं मद्यं सुरा च त्रिविधा द्विज ! । आपद्यपि न वै पेया नाद्यं तत्स्पृष्टमौषधम् ॥ ११
भक्षणीयं न वै मांसं यज्ञशिष्टमपि क्वचित् । धर्मार्थमपि विप्रेन्द्र ! न कार्यं स्तेनकर्म च ॥ १२
परस्त्रीगमनं पुंसा स्त्रिया दानं च न क्वचित् । जारसङ्गस्तथा नार्या न कार्योऽपि महापदि ॥ १३
गृहीतरा आश्रमिणो ये स्युस्तैस्त्वष्टधा द्विज ! । सङ्गः स्त्रिया न कर्तव्यो मर्यादैषा सनातनी ॥ १४

---

**બીજા મહામંત્રનો પણ ધર્મદેવને રામાનંદ સ્વામીએ ઉપદેશ કર્યો.[૫-૬] તેમાં પ્રથમ મંત્ર છે તે શરણાગતિમંત્ર છે અને તે સામાન્ય દીક્ષા માટે છે. અને બીજો મંત્ર છે તે મહામંત્ર કહેવાય છે અને તે મહાદીક્ષાના અધિકારી મનુષ્યોને ઉપદેશ આપવા માટેનો મંત્ર છે એમ, હે ધર્મદેવ ! તમે જાણો. (સામાન્ય દીક્ષા અને મહાદીક્ષાનું વિવેચન ચોથા પ્રકરણમાંથી સ્પષ્ટ જાણી લેવું.[૭])**

**ગુરુએ ઉપદેશેલો ભાગવતધર્મ:–** બે મંત્રોનો ઉપદેશ આપ્યા પછી શ્રી રામાનંદ સ્વામીએ ધર્મદેવને મુમુક્ષુજનોને પાલન કરવા યોગ્ય ભાગવતધર્મનો ઉપદેશ આપવા લાગ્યા, જે ધર્મનું પાલન કરવાથી મનુષ્ય આલોક તથા પરલોકમાં પૂજ્ય બને છે.[૮] હે ધર્મદેવ ! આપણા આ ઉદ્ધવસંપ્રદાયમાં રહેલા પુરુષો અને સ્ત્રીઓના નિયમો હું તમને કહું છું, તે તમે સાંભળો.[૯] શ્રીકૃષ્ણ ભગવાનની સામાન્ય કે મહાદીક્ષાને પામેલા મારા આશ્રિત ભક્તજનોએ દેવતા અને પિતૃના યજ્ઞને અર્થે પણ કોઈ જીવપ્રાણી માત્રની હિંસા ક્યારેય કરવી નહિ.[૧૦] હે વિપ્ર ! અગિયાર પ્રકારનું મદ્ય અને ત્રણ પ્રકારની સુરાનું આપત્કાળને વિષે પણ પાન કરવું નહિ, તથા સુરા અને મદ્ય-માંસ મિશ્રિત ઔષધનું પણ સેવન કરવું નહિ.[૧૧] અને વળી હે વિપ્રેન્દ્ર ! યજ્ઞની પ્રસાદીભૂત હોય તો પણ માંસ ક્યારેય ખાવું નહિ. અને ધર્મને અર્થે પણ ક્યારેય ચોરીનું કર્મ કરવું નહિ.[૧૨] હે ધર્મ ! સર્વે વર્ણના પુરુષોએ દેવ, બ્રાહ્મણ અને અગ્નિની સાક્ષીએ પરણેલી સ્ત્રી સિવાયની પરસ્ત્રીનું ગમન ક્યારેય કરવું નહિ. તેમજ સર્વે સ્ત્રીઓએ મહા આપત્કાળમાં પણ જારપુરુષોનો સંગ ક્યારેય ન કરવો.[૧૩]

હે ધર્મદેવ ! ગૃહસ્થાશ્રમથી ઈતર આશ્રમમાં રહેલા બ્રહ્મચારી, ત્યાગી

पुंसाऽथ विधवास्पर्शः पुंसः स्पर्शस्तथा तया । बुद्ध्या न कार्यः स्पर्शश्च त्यागिनः सधवस्त्रिया ॥ १५
आत्मघातस्तु तीर्थेऽपि बुद्ध्या कार्यो न कर्हिचित् । भिन्नसन्मार्गमर्यादाच्छ्रव्या कृष्णकथा न च ॥ १६
कृष्णप्रासादिकान्नादेर्माहात्म्येनापि कर्हिचित् । स्वजातिभ्रंशकरणं कर्तव्यं कर्म नैव च ॥ १७
मिथ्यापवादो नारोप्योऽन्यस्मिन्स्वस्यापि वृत्तये । पापात्मनां न कर्तव्यः सङ्गो व्यसनिनां तथा ॥ १८
तपस्वी क्रोधयुक्तो यः कृष्णभक्तश्च कामवान् । स्वधर्मस्थोऽप्यभक्तो यस्त्यागी लोभयुतश्च यः ॥ १९
यो गुरुः शिष्यवर्गं स्वं यथाशास्त्रं न वर्तयेत् । यश्च ज्ञानी स्वयं भूत्वा भिन्द्याद्युक्त्याऽऽकृतिं हरेः ॥ २०
एतेषामपि षण्णां वै सङ्गः सन्मतिखण्डनः । असत्सङ्ग इव त्याज्यः स्वक्षेमाय मुमुक्षुभिः ॥ २१
देवतानां च तीर्थानां वेदानां च गवामपि । ब्राह्मणानां च साधूनां निन्दा कार्या न धर्मिणाम् ॥ २२

કોઈ પણ પુરુષોએ અષ્ટપ્રકારે સ્ત્રીઓનો ત્યાગ રાખવો. આ સનાતન મર્યાદા છે.[૧૪] અને ગૃહસ્થાશ્રમી પુરુષોએ પણ પોતાના સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રીઓનો જાણીને સ્પર્શ ન કરવો. અને વિધવા સ્ત્રીઓએ પણ પુરુષનો જાણીને સ્પર્શ ન કરવો. તેવીજ રીતે સધવા નારીએ પણ સાધુપુરુષોનો જાણીને સ્પર્શ ન કરવો.[૧૫] તેમજ જાણી જોઈને તીર્થને વિષે પણ ક્યારેય આત્મઘાત ન કરવો. તથા સદ્ધર્મની મર્યાદા તોડનારા પુરુષથકી ભગવાન શ્રીકૃષ્ણની કથા વાર્તા મહિમા વિચારીને પણ સાંભળવી નહિ.[૧૬] તેમજ ભગવાનના પ્રસાદીભૂત અન્નના માહાત્મ્યે કરીને પણ પોતાના વર્ણાશ્રમ ધર્મથી ભ્રષ્ટ થવાય તેવું ભોજન લેવારૂપ કર્મ ક્યારેય પણ કરવું નહિ.[૧૭]

પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈના ઉપર મિથ્યાપવાદનું આરોપણ કરવું નહિ. તથા પાપી તથા વ્યસની જનોનો સંગ કરવો નહિ, તેમજ તપસ્વી હોય પણ ક્રોધે યુક્ત હોય, શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય પણ કામે યુક્ત હોય, સ્વધર્મનિષ્ઠ હોય પણ જો ભગવાનનો ભક્ત ન હોય, ત્યાગી હોય પણ જો લોભે યુક્ત હોય, ગુરુ હોય અને પોતાના શિષ્ય સમુદાયને શાસ્ત્રની મર્યાદામાં વર્તાવતા ન હોય, આ છ પ્રકારના મનુષ્યોનો સંગ સન્મતિને નાશ કરનાર છે. માટે મુમુક્ષુ ભક્તજનોએ અસત્પુરુષના સંગની માફક જ આ છ પુરુષોના સંગનો પોતાના કલ્યાણને ઈચ્છતા એવા પુરુષે ત્યાગ કરવો.[૧૮-૨૧]

દેવતા, તીર્થ, વેદ, ગાય, બ્રાહ્મણ, સાધુ અને ધાર્મિક પુરુષની નિન્દા ક્યારેય પણ કરવી નહિ. અને જે શાસ્ત્રને વિષે ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય સાકાર સ્વરૂપનું ખંડન કરવામાં આવ્યું હોય તેવાં શાસ્ત્રોને ક્યારેય માનવાં નહિ અને

यत्र श्रीकृष्णदेवस्य स्यात्साकारत्वखण्डनम् । तच्छास्त्रं नैव मन्तव्यं न श्रोतव्यं च कर्हिचित् ॥ २३
आयुधं च विषं जालं पक्षिमत्स्यादिबन्धकृत् । कस्मैचिदपि नो देयं हिंसामूलं यतोऽस्ति तत् ॥ २४
ब्राह्मणेनाश्रमवता धार्यं नैवायुधं क्वचित् । जीवहिंसाकरं यत्तु तच्च क्वापि न किञ्चन ॥ २५
प्रातः स्नात्वा चोर्ध्वंपुण्ड्रं कर्तव्यं प्रतिवासरम् । कृष्णप्रसादिगन्धेन तद्गोपीचन्दनेन वा ॥ २६
पुण्ड्रद्रव्येण तन्मध्ये पुंसा वर्तुलचन्द्रकः । राधालक्ष्मीप्रसादेन कर्तव्यः कुङ्कुमेन वा ॥ २७
कृष्णपूजावशिष्टेन चन्दनेन सुवासिनी । नारी तु कुर्याद्धृदये चन्द्रकं प्रतिवासरम् ॥ २८
राधापूजनशिष्टेन काश्मीरेण च सान्वहम् । मध्यदेशे ललाटस्य कुर्याद्वर्तुलचन्द्रकम् ॥ २९
राधाकृष्णार्चावशिष्टं कुङ्कुमं चन्दनं तथा । मिश्रीकृत्याल्पकं कुर्याद्विधवा चन्द्रकं गले ॥ ३०
यथाधिकारं सन्ध्यादि ततः कृत्वैव नैत्यकम् । राधिकाकृष्णयोरर्चा सर्वैः कार्या यथाविधि ॥ ३१
पञ्चाध्यायी रासलीला श्रीमद्भगवतोदिता । पठनीया प्रतिदिनं राधाकृष्णं समर्च्य च ॥ ३२

---

**સાંભળવાં પણ નહિ.[૨૨-૨૩] આયુધ, ઝેર અને પક્ષી તથા માછલાંને પકડવાની જાળ વગેરે હિંસામૂલક સાધનો કોઈને દાનમાં કે વેચાતાં આપવાં નહિ, કારણ કે આ સાધનોથી હિંસા થાય છે.[૨૪] બ્રહ્મચર્ય આશ્રમમાં રહેનાર બ્રાહ્મણે ક્યારેય આયુધ ધારણ કરવાં નહિ, તેમજ જે વસ્તુથી જીવની હિંસા સંભવિત હોય તેવી વસ્તુનું ધારણ ક્યારેય કરવું નહિ.[૨૫] પ્રતિદિન પ્રાતઃસ્નાન કરી ભગવાન શ્રીકૃષ્ણની પ્રસાદીભૂત ચંદન અથવા ગોપીચંદનથી પુરુષોએ ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. અને તિલકની મધ્યે ચંદન અથવા ગોપીચંદનનો ગોળ ચાંદલો કરવો, અથવા રાધા લક્ષ્મીના પ્રસાદીનું કુંકુમ તેનાથી પણ ગોળ ચાંદલો કરવો.[૨૬-૨૭]**

**સધવા નારીએ ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરતાં બાકી રહેલ પ્રસાદીભૂત ચંદનથી પ્રતિદિન પોતાના હૃદયમાં ચાંદલો કરવો. તથા રાધાજીની પૂજા કરતાં બાકી રહેલ પ્રસાદીભૂત કુંકુમથી લલાટને મધ્યે ગોળ ચાંદલો કરવો.[૨૮-૨૯] અને વિધવા નારીઓએ રાધાકૃષ્ણની પૂજા કરતાં બાકી રહેલા પ્રસાદીના કુંકુમ અને ચંદનનું મિશ્રણ કરી કંઠમાં નાનો એવો ચાંદલો કરવો.[૩૦] આ પ્રમાણે પોતપોતાના નિયમ મુજબ તિલક અને ચાંદલો કરી સૌએ પોતાના અધિકાર મુજબ સંધ્યાવંદન આદિ નિત્યકર્મની સમાપ્તિ કરી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રીરાધાકૃષ્ણનું પૂજન કરવું.[૩૧] પૂજન કર્યા પછી શ્રીમદ્ ભાગવતને વિષે વર્ણવેલ રાસલીલાના પાંચ અધ્યાયોનું પ્રતિદિન અધ્યયન કરવું.[૩૨] પ્રતિદિન સમગ્ર રાસ પંચાધ્યાયીનો પાઠ કરવા અસમર્થ પુરુષે તેના એક અંતિમ અધ્યાયનો દરરોજ પાઠ કરવો, તેમ**

समग्राया अशक्तस्तु पाठे तस्याः स एककम् । पठेत्तदन्तिमाध्यायं तावता तस्य तत्फलम् ॥ ३३
स्वस्वशक्त्यनुसारेण तन्मन्त्रस्य जपोऽन्वहम् । नियमेनैव कर्तव्यो दिवा निशि च भक्तितः ॥ ३४
श्रीकृष्णनाममन्त्रश्च त्र्यक्षरः सकलैरपि । कीर्त्यः स्मर्यः सर्वकालं दीक्षामेतां समाश्रितैः ॥ ३५
स्वकण्ठपरिवर्तिन्यौ तुलसीकाष्ठजे स्रजौ । यज्ञोपवीतवन्नित्यं धार्ये सूक्ष्ममणी शुभे ॥ ३६
तुलस्यलाभे द्वे माले द्विजैश्चन्दनकाष्ठजे । धारणीयेऽथ शूद्रैस्तु नित्यं चन्दनकाष्ठजे ॥ ३७
कृष्णांघ्रिस्पर्शनं पूर्वं कारयित्वैव मालिका । सर्वापि कण्ठे सन्धार्या पुम्भिः स्त्रीभिश्च सर्वदा ॥ ३८
धर्मानेतान् पालयद्भिः पुम्भिः स्त्रीभिश्च नित्यदा । भक्त्या नवाङ्ग्या कृष्णो भजनीय इति स्थितिः ॥३९

**सुव्रत उवाच –**

एवं धर्मानहिंसादींस्तस्मै सर्वान्सयोषिते । उपादिश्य पुरश्चर्याविधिं चाह स मन्त्रयोः ॥ ४०

---

**કરવાથી પણ સંપૂર્ણ રાસલીલાના પાઠનું ફળ પ્રાપ્ત થાય છે.[૩૩] પોતપોતાની શક્તિ અનુસાર ભગવાન શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રનો નિયમ અને ભક્તિપૂર્વક નિત્યે રાત્રી દિવસ જપ કરવો.[૩૪] આ ઉદ્ધવસંપ્રદાયની સામાન્ય કે મહા ભાગવતી દીક્ષાને પામ્યા હોય એવા અમારા સમગ્ર આશ્રિતજનોએ 'શ્રીકૃષ્ણ' એવા ત્રણ અક્ષરના મંત્રનો જપ સર્વકાળે કર્યા કરવો. અને સર્વકાળે તે મંત્રનું સ્મરણ પણ કર્યા કરવું.[૩૫] વળી દીક્ષા પામેલા સર્વેએ પોતાના કંઠને વિષે સુખેથી ફરતી રહે તેવી તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી સૂક્ષ્મ પારાવાળી ભગવાનના ચરણમાં પ્રસાદીભૂત કરેલી શુભ બેવડી કંઠી જેમ યજ્ઞોપવિત અખંડ ધારણ કરવાની હોય છે તેમ નિત્યે ધારણ કરવી.[૩૬] દ્વિજાતિ ત્રણ વર્ણના જનોએ તુલસીની કંઠી જો ન મળે તો ચંદનના કાષ્ઠમાંથી બનાવેલી બેવડી કંઠી ધારણ કરવી. તેમજ શૂદ્ર વર્ણના મનુષ્યે સદાયને માટે ચંદનના કાષ્ઠમાંથી બનાવેલી બેવડી કંઠી ધારણ કરવી.[૩૭] સર્વે સ્ત્રી, પુરુષોએ હમેશાં ભગવાન શ્રીકૃષ્ણના ચરણની પ્રસાદી કરાવીને જ સર્વે પ્રકારની કંઠી કંઠને વિષે ધારણ કરી રાખવી.[૩૮] આ કહેલા સમસ્ત ધર્મોનું પાલન કરનાર સ્ત્રી અને પુરુષોએ નિરંતર નવ પ્રકારની ભક્તિદ્વારા ભગવાન શ્રીકૃષ્ણનું ભજન સેવન કર્યા કરવું. આ ઉદ્ધવ સંપ્રદાયની રીત છે.[૩૯]**

**રામાનંદ સ્વામીએ ધર્મદેવને દીક્ષા આપવાનો આપેલો અધિકાર:–** **સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભક્તિદેવીની સાથે ધર્મદેવને અહિંસાદિક સર્વ પ્રકારના ધર્મનો ઉપદેશ આપીને ગુરુ રામાનંદ સ્વામીએ બન્ને અષ્ટાક્ષરમંત્રના પુરશ્ચરણનો સમગ્ર વિધિ કહ્યો છે.[૪૦] આ રીતે સ્વધર્મ,**

स्वधर्मज्ञानवैराग्योपेतां श्रीराधिकापतेः । अनन्यभक्तिं साङ्गां स उपादिश्येदमूचिवान् ॥ ४१
धन्योऽसि द्विजवर्य ! त्वं श्रेयसे यतसे यतः । त्वयि सन्ति गुणा ये ते देहिनामतिदुर्लभाः ॥ ४२
मच्छिष्याणां हि सर्वेषां मान्यो मुख्यश्च सन्मते ! । भविता त्वं यतो ज्यैष्ठ्यं गुणैरेवास्ति नोऽध्वनि ॥४३
गृहं गत्वा सभार्यस्त्वं महामन्त्रं जपेः सदा । उपादिशेश्चाश्रितेभ्यो यथायोग्यं मनुद्वयम् ॥ ४४
त्रैवर्णिकेभ्यः पुम्भ्यश्च सच्छूद्रेभ्यस्तथानघ ! । सम्यगुपादिशेस्त्वं हि मनुमाद्यं यथाविधि ॥ ४५
उत्तमेभ्योऽधिकारिभ्यो जपद्भ्यो मनुमादिमम् । पुरुषेभ्यो द्वितीयं तु विधिनोपादिशेर्मनुम् ॥ ४६
पुरश्चर्याऽस्य कर्तव्या संकष्टादौ यथाविधि । यतोऽस्य देवता कृष्णः स प्रभुः स्वेष्टसिद्धिदः ॥ ४७
जीवमायापरेशानां स्वरूपं बोद्धुमञ्जसा । रामानुजाचार्यकृता ग्रन्थाः पाठ्यास्त्वयादरात् ॥ ४८
नैपुण्यं लक्ष्मणार्यस्य यतो ज्ञानांशनिर्णये । यथाऽस्ति न तथाऽन्येषामित्येते सम्मता मम ॥ ४९

---

**જ્ઞાન, વૈરાગ્ય આદિ અંગે સહિત રાધિકાના પતિ એવા શ્રીકૃષ્ણ ભગવાનની અનન્ય ભક્તિ કરવાનો બન્નેને ઉપદેશ આપીને રામાનંદ સ્વામી આગળ કહેવા લાગ્યા[૪૧] હે વિપ્રવર્ય ! તમે ધન્ય છો. કારણ કે આત્યંતિક કલ્યાણ માટે તમે પ્રયત્ન કરો છો. તમારી અંદર દેહધારીઓને પણ દુર્લભ એવા અપાર સદ્‌ગુણો રહેલા છે.[૪૨] હે સદ્‌બુદ્ધિવાળા ધર્મદેવ ! મારા શિષ્ય સમુદાયમાં તમે આજથી મુખ્ય છો અને સર્વેના સન્માનનીય થશો, કારણ કે આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે ગુણોથી જ મોટાઇ માનેલી છે.[૪૩] તમે હવે આ તમારાં પત્ની ભક્તિદેવીની સાથે ઘેર જાઓ, ત્યાં હમેશાં અષ્ટાક્ષર મહામંત્રનો માળાવડે જપ કરજો અને શરણે આવેલા મુમુક્ષુઓને તેના અધિકાર અનુસાર આ બન્ને મંત્રનો યથાયોગ્ય ઉપદેશ કરજો.[૪૪] હે નિષ્પાપ ધર્મદેવ ! ત્રણે વર્ણના પુરુષોને તથા સત્શૂદ્ર પુરુષોને વિધિ પ્રમાણે પહેલા અષ્ટાક્ષરમંત્રનો ધર્મની સાથે ઉપદેશ કરજો.[૪૫] અને ત્યાર પછી પહેલા મંત્રનો જપ કરી, તે મનુષ્ય જ્યારે ઉત્તમ અધિકારને પ્રાપ્ત કરે ત્યારે વિધિ પ્રમાણે બીજા મહામંત્રનો ઉપદેશ કરજો.[૪૬]**

**હે ધર્મદેવ ! તમે પણ સંકટના સમયમાં વિધિ પ્રમાણે આ બીજા મહામંત્રનું પુરશ્ચરણ કરજો. કારણ કે સર્વપ્રકારની મનોવાંચ્છિત સિદ્ધિને આપનારા સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન આ મંત્રના દેવતા છે.[૪૭] અને વળી જીવ, ઈશ્વર અને માયાના સ્વરૂપને યથાર્થ જાણવા માટે શ્રીરામાનુજાચાર્યે રચેલા ગ્રંથોનો આદરપૂર્વક અભ્યાસ કરજો.[૪૮] કારણ કે જીવ, ઈશ્વર અને માયા આદિના જ્ઞાનાંશના નિર્ણયમાં જેવી રામાનુજાચાર્યની નિપુણતા છે તેવી અન્ય આચાર્યોમાં નથી, તેથી તેમના શ્રીભાષ્યાદિ ગ્રંથો અમે માન્ય કર્યા છે.[૪૯]**

इत्युक्त्वा सम्प्रदायस्य रहस्यमपि सोऽखिलम् । तस्मै स्वं कथयामास स्निग्धशिष्याय तत्त्वतः ॥ ५०
ततस्तं स्वगृहं गन्तमादिश्य स्वयमुद्धवः । द्वारावतीमनुययौ धर्मश्चापि निजालयम् ॥ ५१
सद्गुरुप्राप्तिपरमानन्दः सस्त्रीसुतो निजम् । ग्राममेत्याऽऽचरद्भक्तिं श्रीकृष्णस्य स भूपते ! ॥ ५२
स्थूलादिदेहत्रितयात्पृथक्चैतन्यमाततम् । अखण्डमात्मनो रूपं मेने कृष्णस्य सेवकम् ॥ ५३
जीवेशकालमायानां नियन्ता पुरुषस्य च । कृष्ण इत्येव निश्चित्य नश्वरं जगदित्यवैत् ॥ ५४
ग्रन्थान् रामानुजाचार्यकृतान् गुर्वाज्ञया स च । पपाठ गीताभाष्यादीन् पाठयामास चादरात् ॥ ५५
श्रीकृष्णं भजतस्तस्य धर्मनिष्ठादिभिर्गुणैः । साक्षाद्धर्मोऽयमिति तं दैवा जीवा विदुर्नृप ! ॥ ५६
ततस्तस्याश्रयं चक्रुस्ते स्वनिःश्रेयसाय हि । गुरुलक्षणहीनान्स्वान् हित्वैवासुरदेशिकान् ॥ ५७

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ગુરુ રામાનંદ સ્વામી આ પ્રમાણે કહીને પછી સ્નેહાળ શિષ્ય ધર્મદેવને ઉદ્ધવસંપ્રદાયના સમસ્ત રહસ્યની સર્વે વાત તત્ત્વપૂર્વક યથાર્થ કહી સંભળાવી.[૫૦] ત્યારપછી ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીએ ધર્મદેવને પોતાને ઘેર જવાની આજ્ઞા આપી. તેઓ દ્વારિકા તરફ રવાના થયા અને ધર્મદેવ પણ પોતાના ઘર તરફ રવાના થયા.[૫૧]

હે રાજન્ ! સમર્થ સદ્‌ગુરુની પ્રાપ્તિથી પરમાનંદ પામેલા ધર્મદેવ પત્ની ભક્તિદેવી અને પુત્ર રામપ્રતાપની સાથે પોતાના ઘેર છપૈયા આવ્યા અને ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરવા લાગ્યા.[૫૨] પોતાને સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ દેહથી જુદો અને આખા શરીરમાં જ્ઞાનશક્તિથી નખથી શિખા પર્યંત વ્યાપીને રહેલો અખંડ અવિનાશી એવો હું આત્મા, તે ભગવાન શ્રીકૃષ્ણનો સેવક છું. આ પ્રમાણે માની ભજન કરવા લાગ્યા.[૫૩] જીવ, ઈશ્વર, કાળ, માયા તેમજ પ્રધાનપુરુષ તથા પ્રકૃતિપુરુષના નિયંતા સર્વેશ્વર શ્રીકૃષ્ણ ભગવાન છે આ પ્રમાણે નિશ્ચય કરીને ધર્મદેવ આ જગતને નાશવંત માનવા લાગ્યા.[૫૪] તેમજ હે રાજન્ ! ગુરુ રામાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે ધર્મદેવ રામાનુજાચાર્યે રચેલા ગીતાભાષ્ય આદિ ગ્રંથોનો આદર પૂર્વક પાઠ કરવા લાગ્યા અને પોતાના શિષ્યોને ભણાવવા લાગ્યા.[૫૫] હે રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરતા ધર્મદેવની પોતાના ધર્મ પાલનમાં અતિદૃઢ નિષ્ઠા આદિ અનંત સદ્‌ગુણોને જોઈને દૈવી જીવાત્માઓ ‘‘આ સાક્ષાત્ સ્વયં ધર્મપ્રજાપતિ જ ધર્મદેવરૂપે અવતર્યા છે’’ એમ માનવા લાગ્યા.[૫૬] અને તે દૈવી જીવોએ પોતાના ગુરુના લક્ષણે રહિત એવા અસુર ગુરુઓનો ત્યાગ કરી પોતાના આત્યંતિક કલ્યાણને માટે ધર્મદેવનો ગુરુપણે આશ્રય કરવા લાગ્યા.[૫૭]

हित्वा गुरून्स्वान् वृषमाश्रितानामपि प्रणष्टा गुरुधीर्न तेषु ।
यद्दम्भलब्धाधिरसोच्चितेषु साऽऽप्तास्पदाऽस्थात्किल तद्वपुष्षु ॥ ५८

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मकृतरामानन्दस्वामिसमाश्रयनिरूपणनामा षोडशोऽध्यायः ॥ १६ ॥*

---

## सप्तदशोऽध्यायः

**सुव्रत उवाच –**

देवा इव व्यराजन्त येऽत्र धर्मेण दीक्षिताः । त्यक्तासुरक्रिया भूप ! वर्षापायेन्दुसन्निभाः ॥ १

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પોતાના અસુરગુરુઓનો ત્યાગ કરી ધર્મદેવનો આશ્રય કર્યો છતાં તે દૈવી જીવોને પોતાના પૂર્વના ગુરુઓને વિષે 'ગુરુ' શબ્દની બુદ્ધિ નાશ પામી નહિ પણ ગુરુ શબ્દના જુદા અર્થથી સ્થિર રહી ગઈ. કારણ કે દંભથી પ્રાપ્ત કરેલા અનેક પ્રકારના રસાસ્વાદથી તેમનાં શરીર ખૂબજ પુષ્ટ અને ભારે થયાં હોવાથી તેમાં ગુરુપણું એટલે કે ભારેપણું જેમનું તેમજ રહ્યું હતું, અર્થાત્ ધર્મદેવનો સમાગમ કરી જેમના અંતરમાં સત્ય, અસત્યનો વિવેક ઉદય થયો હતો તેવા દૈવીજીવો સારી રીતે સમજતા હતા કે આપણા જુના ગુરુઓ માત્ર શરીરથી જ ગુરુ છે બાકી ગુરુનાં લક્ષણ તેમાં એક પણ નથી.[૫૮]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ધર્મદેવે ગુરુ રામાનંદ સ્વામીના આશ્રય કર્યાનું નિરૂપણ કર્યું એ નામે સોળમો અધ્યાય પૂર્ણ થયો. --૧૬--***

---

## અધ્યાય –૧૭

## ધર્મદેવને અસહ્ય આસુરી પીડાનો ઉપદ્રવ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ધર્મદેવ થકી ભાગવતી દીક્ષાને પામેલા પુરુષો હિંસા વગેરે આસુરીક્રિયાનો ત્યાગ કરી શરદઋતુના ચંદ્રમાની સમાન ઉજ્જ્વળ ક્રાંતિવાળા બની સ્વર્ગના જાણે દેવ હોય તેમ શોભવા લાગ્યા.[૧] અને તેઓ અન્ન, ધન, વસ્ત્રાદિક પદાર્થોથી વારંવાર ધર્મદેવનું અતિશય સન્માન કરવા

वासोन्नधनयानाद्यैः सन्मानं तस्य ते भृशम् । चक्रुर्मुहुस्तेन धर्मः समृद्धोऽभून्नृपेन्द्रवत् ॥ २
संस्कारान् निजपुत्रस्य मौञ्जीबन्धावधि स्वयम् । चकार तेषु दानादि जनविस्मयकृच्च सः ॥ ३
आसुर्या सम्पदा मत्तास्तद्दृष्ट्वा मनुजासुराः । सुरारिनृपसाहाय्यास्तं तदीयांस्तथाऽऽर्दयन् ॥ ४
धर्मस्य जीविकावृत्तिं धनानि शतशश्च गाः । जह्रुर्यानादि चक्रुश्च बहुधा तेऽपमाननाम् ॥ ५
दारिद्र्यदुःखमतुलं प्राप्तः शत्रुकृतं महत् । धर्म इत्यपचक्रुस्तं ज्ञातयोऽपि समत्सराः ॥ ६
प्राघूर्णिकाश्च बहुशो गृहे तस्य नराधिप ! । आगच्छन्ति स्म गच्छन्ति याचकाश्चान्नकाङ्क्षिणः ॥ ७
प्रक्षीणधनधान्यादिर्हतवृत्तिपरिच्छदः । यथाकथञ्चित्तत्सेवां चक्रे स गृहिसम्मताम् ॥ ८
सहमानं द्विषद्दुःखं धैर्येण महता पतिम् । एकदा प्रेमवत्याह विनीता तमुदारधीः ॥ ९
अहो ! ! दैवगतिः स्वामिंस्तवापीदृग्दशा यतः । अपकारिण्यपि क्वापि ह्यपकारं न कुर्वतः ॥ १०

---

લાગ્યા, તેથી ધર્મદેવ પણ કોઈ રાજા મહારાજાની જેમ સમૃદ્ધિવાન થયા.[૨] તેથી ધર્મદેવે પોતાના પુત્ર રામપ્રતાપના આપત્કાળને લીધે હજુ સુધી નહિ કરેલા ઉપનયન સંસ્કાર સુધીના તમામ સંસ્કારો યથાવિધિ કર્યા અને તેમાં મનુષ્યોને વિસ્મય ઉપજાવે તેવાં દાન દીધાં.[૩] ધર્મદેવની સંપત્તિ આવી રીતે વૃદ્ધિ પામતી જોઈને આસુરી સંપત્તિથી મદોન્મત્ત થયેલા અને મનુષ્યના રૂપમાં ફરતા અસુરો આસુરી રાજાઓની પક્ષપાતી સહાયથી ધર્મ-ભક્તિને તથા તેમના આશ્રિતજનોને બહુજ પીડા આપવા લાગ્યા.[૪] તે અસુરો ધર્મદેવની આજીવિકા, ધન, ધાન્ય, સમસ્ત ગાયો અને વાહનોનું હરણ કરી અનેક પ્રકારે અપમાન કરવા લાગ્યા.[૫] આવી રીતની અસુરોની અતિ ઉપાધિથી ધર્મદેવ દારુણ દરિદ્રતાનું દુઃખ પામ્યા. દરિદ્રીને કોણ આવકાર આપે ? તેથી સંબંધીજનો પણ ધર્મદેવનો તિરસ્કાર કરવા લાગ્યા.[૬]

હે નરાધિપ ! વધુમાં તે અસુરો અતિથિ, અન્નાર્થી અને ભિખારીના સ્વરૂપે ધર્મદેવના ઘેર અવર-જવર કરવા લાગ્યા. તેથી ધર્મદેવનાં ધન ધાન્ય બિલકુલ ખુટી ગયાં, અને આજીવિકા હરાઈ ગઈ, છતાં પણ ધર્મદેવ ગૃહસ્થના શાસ્ત્રીયધર્મને અનુરૂપ અતિથિઓની સેવા જે તે પ્રકારે કરી ગૃહસ્થધર્મ બજાવતા હતા.[૭-૮] કોઈ પણ રીતે સહન ન થાય તેવા ભયંકર પ્રસંગો ઊભા થયા છતાં મહાન ધીરજ ધારણ કરીને શત્રુઓની પીડાને સહન કરતા ધર્મદેવ પ્રત્યે ઉદાર બુદ્ધિવાળા પત્ની પ્રેમવતી એકવખત વિનયપૂર્વક કહેવા લાગ્યાં.[૯]

**પતિ પ્રત્યે ભક્તિદેવીનાં વિનય વચનોઃ–** ભક્તિદેવી કહે છે, હે સ્વામિન્ ! દૈવની ગતિ તો જુઓ ! કેવી આશ્ચર્યકારી છે ! કારણ કે અપકાર કરનાર

उपद्रवो महान् जातः शात्रवो निर्निमित्तकः । जीविकापि हता यत्र सह सर्वैः परिच्छदैः ॥ ११
आयान्त्यन्नार्थिनो भूयो वर्ततेऽन्नं त्वशेषकम् । वयं क्षुधं विसोढारो वदिष्यामोऽतिथींस्तु किम् ॥ १२
द्वितीये वा तृतीयेह्नि मिलत्यावामिहाशनम् । अन्नं क्वचित्फलं क्वापि शाकपत्रं तु कुत्रचित् ॥ १३
त्वया धैर्येण तत्सर्वं सह्यते पुरुषेण हि । अधीरायाः स्त्रिया मे तु भृशमुद्विजतेऽन्तरम् ॥ १४
बिभेमि नाथ ! दारिद्र्यात्सतीधर्मविरोधिनः । यत्सत्त्वेऽन्नादिकामा स्त्री धर्मभ्रष्टा विनश्यति ॥ १५
अनेकशास्त्रनिष्णातः सर्वज्ञो वर्तते भवान् । अत एतत्कष्टमुक्त्यै साधनं किञ्चिदूह्यताम् ॥ १६
विपत्कालेऽतिमहति प्राप्तेऽप्यस्मिन्यथा पुरा । स्थितिः स्वस्थतया स्वामिंस्तवाश्चर्यावहास्ति नः ॥ १७
इति पत्न्या मृदु प्रोक्तः स धर्मः सर्ववित्प्रभुः । प्रीणयंस्तामुवाचेदं क्लिश्यन्तीं बहुधाऽऽपदा ॥ १८

**જનો ઉપર પણ ઉપકાર કરનારા મહાધર્મવાળા તમારી પણ દુઃખથી આવી ભયંકર સ્થિતિ થઈ છે.[૧૦] આસુરી શત્રુઓને લીધે આપણને અકારણ આવો મહાઉપદ્રવ ઉત્પન્ન થયો છે. આપણી આજીવિકા પણ તેઓ હરી ગયા તથા ઘરની સામગ્રી પણ કાંઈ રહેવા દીધી નથી.[૧૧] આપણે ત્યાં અન્નાર્થીઓ વારંવાર આવે છે, પણ ઘરમાં અનાજ અશેષ છે, (અર્થાત્ બિલકુલ નથી, છતાં ઘરમાં અનાજ નથી એમ કહેવું પતિવ્રતાનારીના ધર્મમાં નિષેધ છે તેથી અશેષ છે તેવું હકારાત્મક વાક્ય ભક્તિમાતા બોલ્યાં.) હે પતિદેવ ! આપણે તો દુઃખ સહન કરીશું પણ અતિથીઓને શું જવાબ આપીશું ?.[૧૨]**

**અને વળી આપણને તો બીજે અથવા ત્રીજે દિવસે ભોજન મળે છે, તેમાં પણ અન્ન ક્યારેક મળે છે, ક્યારેક માત્ર શાક અને ક્યારેક માત્ર ફળ વગેરે પ્રાપ્ત થાય છે.[૧૩] તમે પુરુષ છો તેથી ધીરજપૂર્વક આ બધું કષ્ટ સહન કરી શકો છો, પણ હું સ્ત્રી છું તેથી ધીરજ ધરી શકતી નથી, અને મારા અંતરમાં મોટો ઉદ્વેગ રહ્યા કરે છે.[૧૪] હે નાથ ! દરિદ્રતાનું દુઃખ પતિવ્રતાના ધર્મમાં વિરોધી છે તેથી તેનાથી હું અત્યંત ભય પામું છું, દરિદ્રતાના દુઃખને લીધે અન્નના કણને અર્થે જ્યાં ત્યાં ભટકતી સ્ત્રી ધર્મભ્રષ્ટ થઈ વિનાશ પામે છે.[૧૫]**

**હે પતિદેવ ! તમે અનેક શાસ્ત્રોમાં પારંગત છો. તેથી આપત્તિના દુઃખને દૂર કરવાના ઉપાયને જાણો છો. તે હેતુથી આ દારુણદુઃખની મુક્તિને માટે કાંઈ ઉપાય વિચારો તો સારું.[૧૬] હે સ્વામિન્ ! આવો મોટો આપત્કાળ આવ્યો છે છતાં તમે પૂર્વની જેમ જ સ્વસ્થ ચિત્તે વર્તી શકો છો, તે મને આશ્ચર્ય ઉપજાવે છે.[૧૭] પોતાની પત્ની ભક્તિદેવીએ આ પ્રમાણે કોમળ વચનો કહ્યાં તે સાંભળી સર્વ ઉપાયને**

कल्याणि ! श्रृणु मद्वाक्यं यद्ब्रुवे शास्त्रसम्मतम् । धैर्येण तीर्यते नूनमापदब्धिर्मनीषिभिः ॥ १९
प्रारब्धकर्माधीनोऽस्ति देहो वै सर्वदेहिनः । प्राप्यते यत्सुखं दुःखं तद्धि तस्यानुसारतः ॥ २०
प्रारब्धोपस्थितं दुःखमस्माभिः प्राप्तमस्ति हि । निमित्तमात्रता तत्र सपत्नादेस्तु कीर्त्यते ॥ २१
भोगं विना न प्रारब्धं कर्मोपायैः स्वनुष्ठितैः । कस्यापि क्षीयते नूनमिति भद्रेऽस्ति निश्चयः ॥ २२
दुष्टप्रारब्धजनितं कृच्छ्रं भूरितरं सति ! । देवैर्नृपादिभिः पूर्वैः समर्थैरप्यभुज्यत ॥ २३
त्रैलोक्यस्याप्यधिपतिः शच्या सह पुरन्दरः । प्राप कष्टं महद्भद्रे ! वृत्राद्यरिकृतं पुरा ॥ २४
पुण्यश्लोकस्तथा राजा निषधानामधीश्वरः । दमयन्त्या स्त्रिया साकं प्राप भूर्यरिपीडनम् ॥ २५
वसिष्ठर्षिररुन्धत्या सह ब्रह्मविदां वरः । शात्रवं बहुधा दुःखं विधितुल्योऽपि लब्धवान् ॥ २६

---

જાણનારા સમર્થ ધર્મદેવ આપત્કાળથી બહુ પીડા પામેલ પત્ની ભક્તિદેવીને રાજી કરવા કહેવા લાગ્યા.[૧૮]

**પત્ની પ્રત્યે ધર્મદેવનાં ધીરજનાં વચનો:–** હે કલ્યાણી ! સર્વ શાસ્ત્ર સંમત મારું વચન તમે સાંભળો. મનુષ્ય માત્ર ધીરજરૂપી નાવથી આપત્કાળરૂપી મહાસાગરને અવશ્ય પાર કરી શકે છે.[૧૯] હે દેવી ! સર્વજીવ પ્રાણીમાત્રનો દેહ પ્રારબ્ધ કર્મને આધીન છે, અને જે કાંઈ સુખદુઃખ પ્રાપ્ત થાય છે તે પ્રારબ્ધને અનુસારે જ પ્રાપ્ત થાય છે.[૨૦] અને આપણને જે આ દુઃખ પ્રાપ્ત થયું છે તે પ્રારબ્ધથી જ થયું છે, આ શત્રુઓ તો કેવળ તેમાં નિમિત્તમાત્ર છે.[૨૧] માટે હે ભદ્રે ! પ્રારબ્ધ કર્મ ભોગવ્યા વિના તેની નિવૃત્તિના ગમે તેટલા ઉપાયો કોઈ કરે છતાં જીવપ્રાણીમાત્રનું પ્રારબ્ધ નાશ પામતું નથી, આ સર્વશાસ્ત્રનો નિર્ણય છે.[૨૨]

હે સતિ ! પૂર્વે સમર્થ હોવા છતાં પણ દેવતાઓ, મહારાજાઓ અને રાજાઓ આદિકે કઠિન પ્રારબ્ધકર્મોથી ઉત્પન્ન થયેલાં મહાદુઃખોને ભોગવ્યાં છે.[૨૩] હે કલ્યાણી ! સમસ્ત ત્રિલોકીના અધિપતિ ઈન્દ્રમહારાજા પણ પોતાની પત્ની શચીની સાથે વૃત્રાસુર વિગેરે શત્રુઓએ આપેલાં મહાકષ્ટને ભોગવ્યાં છે.[૨૪] તેમજ નિષધ દેશના અધિપતિ અને પુણ્યશ્લોક એવા નળરાજાએ પણ પોતાની પત્ની દમયંતીની સાથે શત્રુઓએ આપેલી ઘણી બધી પીડાને પામ્યા છે.[૨૫] અરે ! બ્રહ્માજીની તુલ્ય અને બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ એવા વસિષ્ઠઋષિએ પણ પોતાનાં પત્ની અરુંધતીની સાથે વિશ્વામિત્ર થકી અનેક પ્રકારનાં દુઃખ ભોગવ્યાં છે.[૨૬] આવા અનેક સમર્થ પુરુષોએ પણ આ રીતે પ્રાપ્ત થયેલાં પ્રારબ્ધનાં કષ્ટને ધીરજથી સહન કર્યાં છે અને આપણે પણ એજ રીતે ધીરજ રાખી સહન કરવાનું છે.[૨૭]

एवं समर्थैर्बहुभिरपि प्रारब्धलम्भितम् । कष्टं धैर्येणैव सोढमस्माभिः सह्यते तथा ॥ २७
पत्युरित्थं वचो भक्तिः श्रुत्वा खिन्नान्तरा नृप ! । अपश्यन्ती स्वदुःखान्तं गतधैर्या रुरोद सा ॥ २८
तां सान्त्वयन् पुनर्धर्मः प्रोवाच मधुरं वचः । खेदं मा कुरु भद्रे ! त्वं कस्याप्यापन्न सर्वदा ॥ २९
कर्मणो दुर्निवार्यत्वात्प्रारब्धस्य पुनःपुनः । हतोद्यमा अपि प्रायो धीरा नोद्योगमुज्जहुः ॥ ३०
अहं तथैव त्वत्प्रीत्यै साधनं कष्टनाशनम् । यत्किञ्चिदपि कर्तास्मि चिन्तां मनसि मा कृथाः ॥ ३१
इत्याश्वास्य सतीं पत्नीं धर्मोऽरिभयनाशनम् । कमुपायं करोमीति चेतसाऽचिन्तयत्ततः ॥ ३२
शीघ्रसिद्धिप्रदं नृणां हृदि चिन्तयतोऽस्य तम् । स्वताततेनोपदिष्टस्य स्मृतिरासीद्धनूमतः ॥ ३३
हनूमान्कुलदेवोऽस्ति सर्वसङ्कष्टभञ्जनः । स एवाद्याऽऽराध्य इति निश्चिकाय वृषो नृप ! ॥ ३४
क्षेत्रं पुण्यमयोध्याख्यं जपसिद्धिप्रदं द्रुतम् । एत्य तत्र कृतावासस्तदाराधनमाचरत् ॥ ३५

---

**દુઃખનો અંત નહીં દેખાતાં ભક્તિદેવીનું કરુણ રુદનઃ-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! દુઃખી હૃદયવાળાં ભક્તિદેવીએ પોતાના પતિદેવનાં આવા પ્રકારનાં સહન કરવાનાં વચનો સાંભળ્યાં ને દુઃખનો અંત નહિ દેખાતાં ધીરજ ખૂટી ગઇ ને રૂદન કરવા લાગ્યાં.[૨૮] હે રાજન્ ! રૂદન કરતાં ભક્તિદેવીને સાંત્વના આપતા ધર્મદેવ ફરી કહેવા લાગ્યા, કે હે કલ્યાણી ! તમે ખેદ ન પામો, કોઇનું પણ દુઃખ હમેશાં રહેતું નથી.[૨૯] પ્રારબ્ધ કર્મનો વિનાશ શક્ય નથી, છતાં ધીરપુરુષો વારંવાર પ્રારબ્ધને હટાવવા પ્રયત્નો કરે છે અને તે પ્રયત્ન નિષ્ફળ જાય છતાં પણ તેઓ ક્યારેય પ્રયત્ન છોડી દેતા નથી.[૩૦] તેવી જ રીતે હું પણ તમારી પ્રસન્નતાને અર્થે સંકટને દૂર કરવાનો ઉપાય કરીશ, એથી મનમાં શોક ન કરો.[૩૧] આ પ્રમાણે ધર્મદેવ પોતાનાં પતિવ્રતા પત્ની ભક્તિદેવીને આશ્વાસન આપી "શત્રુઓનો ભય કયા ઉપાયથી નાશ પામશે?" એવો વિચાર કરવા લાગ્યા.[૩૨] શીઘ્ર સિધ્ધિને આપે એવો ઉપાય ધર્મદેવ અંતરમાં વિચારી રહ્યા હતા ત્યારે વિવાહના સમયે પિતા બાલશર્માએ આપેલ ઉપદેશ વચનોથી હનુમાનજીનું સ્મરણ થઇ આવ્યું.[૩૩] સર્વ સંકટને દૂર કરનારા હનુમાનજી આપણા કુળદેવ છે. આવી વિકટ પરિસ્થિતિમાં તેમનું જ આરાધન કરું. આવું ધર્મદેવે નક્કી કર્યું.[૩૪] પછી ધર્મદેવે તત્કાળ જપની સિધ્ધિ આપે એવા પવિત્ર સ્થળ અયોધ્યાતીર્થમાં જઇ નિવાસ કર્યો અને ત્યાં હનુમાનજીની આરાધના કરવા લાગ્યા.[૩૫] અસુરો ન જાણી શકે એ રીતે ધર્મદેવ પ્રતિદિન હનુમાનજીના મંદિરે જાય અને ત્યાં હનુમાનજીનું પૂજન કરી તેમના સોળ અક્ષરના મંત્રથી ગર્ભિત હનુમાનસ્તોત્રનો આ પ્રમાણે પાઠ કરવા

अज्ञातेहोऽसुरगणैर्हनुमन्मन्दिरेऽन्वहम् । गत्वा सम्पूज्य तन्मन्त्रात्मकं स्तोत्रं पपाठ सः ॥ ३६
नमस्त आञ्जनेयाय वायुपुत्राय धीमते । रामदूताय महते सुग्रीवसचिवाय च ॥ ३७
नमोऽस्तु ते महावीर ! महाबलपराक्रम ! । वैरिभीषणरूपाय रावणत्रासदायिने ॥ ३८
नमो हरावताराय शिलावृक्षायुधाय च । रक्षःसैन्यविमर्दाय नमस्तुभ्यं यशस्विने ॥ ३९
नमो हनुमते तुभ्यं लङ्कानगरदाहिने । दशग्रीवसुतघ्नाय सीताशोकविनाशिने ॥ ४०
नमोऽस्तु ते महयोगिन्सदा शुद्धान्तरात्मने । सीतारामातिहृद्याय नमस्ते चिरजीविने ॥ ४१
नमः कपीन्द्र ! ते नित्यं सर्वरोगविनाशिने । भूतप्रेतपिशाचादिभयविद्रावणाभिध ! ॥ ४२
नमस्तुभ्यं रामभद्रपुरुप्रेष्ठाय भूयसे । नमोऽतिस्थूलरूपाय सूक्ष्मरूपधराय च ॥ ४३

---

લાગ્યા.[૩૬]

**ધર્મદેવે કરેલી સોળ શ્લોકાત્મક હનુમાનજીની પ્રાર્થના:-** હે અંજનીસુત અને વાયુદેવના પુત્ર ! તમને નમસ્કાર. હે રામચંદ્રજીના મહાબુદ્ધિશાળી દૂત ! તમને નમસ્કાર, હે દેવતાઓના પૂજનીય અને સુગ્રીવના સચિવ હનુમાનજી ! તમને નમસ્કાર.[૩૭] હે મહાવીર ! હે મહાબલી ! હે પરાક્રમી ! તમને નમસ્કાર, હે શત્રુઓને જોવા માત્રથી ત્રાસ ઉપજે એવી ભીષણ આકૃતિવાળા ! અને રાવણ જેવા પરાક્રમી અસુરને પણ ત્રાસ આપનારા હે હનુમાનજી ! તમને નમસ્કાર.[૩૮] હે રૂદ્રના અવતાર સ્વરૂપ ! તમને નમસ્કાર, પથ્થરની શિલા અને વૃક્ષો જેનાં આયુધો છે એવા હે હનુમાનજી ! તમને નમસ્કાર, રાક્ષસોના સૈન્યનું મર્દન કરનારા અને મહાયશસ્વી હે હનુમાનજી ! તમને નમસ્કાર.[૩૯]

લંકાનગરીને ભસ્મીભૂત કરનારા હે હનુમાનજી ! તમને નમસ્કાર. દશ માથાંવાળા રાવણના પુત્ર અક્ષયકુમારનો ક્ષય કરનારા હે હનુમાનજી ! તમને નમસ્કાર. હે સીતાના શોકનો વિનાશ કરનાર હનુમાનજી ! તમને નમસ્કાર.[૪૦] હે મહાયોગી ! હે સદાય શુદ્ધ અંતઃકરણવાળા હનુમાનજી ! તમને નમસ્કાર. મા જાનકી અને ભગવાન રામચંદ્રજીને અત્યંત વહાલા અને ચિરંજીવી એવા હે હનુમાનજી તમને નમસ્કાર.[૪૧] હે વાનરોમાં શ્રેષ્ઠ ! હે સર્વરોગનું નિત્ય શમન કરનારા ! તમને નમસ્કાર. હે ભૂત, પ્રેત, પિશાચ આદિકને ભય ઉપજાવે અને તાત્કાલિક તગેડી મૂકે એવું મંગળ નામ ધારણ કરનારા હનુમાનજી ! તમને નમસ્કાર.[૪૨] હે મંગળમૂર્તિ શ્રીરામને અતિશય પ્રિય એવા હનુમાનજી તમને વારંવાર નમસ્કાર છે, તેમજ અતિશય સ્થૂલ મહા મોટો આકાર ધરનારા અને

नमोऽखिलभयघ्नाय निर्भयाय महात्मने । बालार्कद्युतिदेहाय मुष्टिप्रहरणाय च ॥ ४४
नमो लङ्केश्वरोद्यानभङ्गवित्रासितास्रप ! । रामनामानुरक्ताय लक्ष्मणप्राणदाय ते ॥ ४५
नमस्ते विश्ववन्द्याय विजयाय वरीयसे । भक्तसङ्कष्टसंहर्त्रे धर्मनिष्ठाय जिष्णवे ॥ ४६
नमो नैष्ठिकवर्याय विजनारण्यवासिने । भक्ताभीष्टप्रदात्रे च पाण्डवप्रियकारिणे ॥ ४७
नमो धर्मारिनाशाय विमलाय च भास्वते । नित्यं रामायणकथाश्रवणोत्सुकचेतसे ॥ ४८
नमो धार्मिकसेव्याय ब्रह्मण्याय सुरार्चित ! । तुभ्यं बृहद्व्रतप्रेष्ठ ! सर्वपापापहारिणे ॥ ४९
नमो दारिद्रदुःखघ्न ! मारुते ! बन्धखण्डन ! । सुखदाय शरण्याय नमस्ते ऋषिवृत्तये ॥ ५०
नमो वरद ! ते नित्यं रामध्यानाद्यनाकुल ! । सुखाराध्य ! दुराराध्य ! नमस्ते दिव्यरूपिणे ॥ ५१

---

**અતિશય સૂક્ષ્મરૂપને ધરવામાં પણ સમર્થ એવા હે હનુમાનજી ! તમને નમસ્કાર.[૪૩] હે અખિલ ભયને નાશ કરનારા અને સ્વયં નિર્ભયસ્વરૂપ એવા હે હનુમાનજી ! તમને નમસ્કાર. હે અતિશય ઉદાર મનવાળા અને બાલસૂર્યની સમાન તેજસ્વી કાંતિમાન શરીરને ધારણ કરનારા ! તમને નમસ્કાર. મુષ્ટિકારૂપી આયુધથી શત્રુને પ્રહાર કરનારા હે હનુમાનજી ! તમને નમસ્કાર.[૪૪] હે લંકેશ્વરના બગીચાને ઉખેડી રાક્ષસોને ત્રાસ આપનારા હનુમાનજી ! તમને નમસ્કાર. હે રામનામમાં અતિશય અનુરાગવાળા અને સંજીવની ઔષધી લાવી લક્ષ્મણજીના પ્રાણનું રક્ષણ કરનારા હે હનુમાનજી ! તમને નમસ્કાર.[૪૫] હે વિશ્વવન્દ્ય ! હે સર્વત્ર વિજય પ્રાપ્ત કરનારા ! હે પ્રખ્યાત સદ્‌ગુણોથી શ્રેષ્ઠ ! તમને મારા નમસ્કાર. હે ભક્તજનોના સંકટને હરનારા ! હે ધર્મમાં નિષ્ઠાવાળા ! હે સર્વત્ર જીતનો ડંકો વગાડનારા હે હનુમાનજી ! તમને નમસ્કાર.[૪૬] હે નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ ! હે નિર્જન વનપ્રદેશમાં રહેનારા હે હનુમાનજી ! તમને નમસ્કાર. તેમજ હે ભક્તજનોના ઈચ્છિતમનોરથોને પૂર્ણ કરનારા તથા હે પાંડવોનું પ્રિય કરનારા હે હનુમાનજી ! તમને નમસ્કાર.[૪૭] હે ધર્મના શત્રુઓનો વિનાશ કરનારા ! નિર્દોષ અને તેજસ્વી સ્વરૂપ એવા આપને હું નમસ્કાર કરું છું, તેમજ રામાયણની કથા સાંભળવામાં નિરંતર ઉત્સુક મનવાળા હે હનુમાનજી ! તમને હું નમસ્કાર કરું છું.[૪૮] હે ધાર્મિક પુરુષોને સેવવા યોગ્ય ! હે બ્રાહ્મણોનું હિત કરનારા ! હે દેવતાઓથી પૂજાયેલા હે હનુમાનજી ! તમને મારા નમસ્કાર છે. તેમજ હે બ્રહ્મચર્યવ્રતમાં અતિપ્રિય અને સર્વ પ્રકારના પાપને હરનારા હે હનુમાનજી ! તમને મારા નમસ્કાર.[૪૯] હે દરિદ્રતાના દુઃખોનો વિનાશ કરનારા ! હે બંધનોને તોડનારા ! હે મારુતિ ! તમને મારા નમસ્કાર, હે ભક્તજનોને ઈચ્છિત**

नमोऽर्कसूनहाराय तुभ्यं मामभयं कुरु । दर्शनं देहि साक्षात्ते नमस्ते सर्वदर्शिने ॥ ५२
इति श्रीहनुमत्स्तोत्रप्रतिश्लोकैकवर्णकम् । स्वाहाफडन्तमजपन्मन्त्रं स तु यथाविधि ॥ ५३
जपान्ते प्रत्यहं स्तोत्रं बद्धाञ्जलिरिदं नृप ! । एककेन पदा तिष्ठन्पुरतस्तस्य सोऽपठत् ॥ ५४
नीतिप्रवीण ! निगमागमशास्त्रबुद्धे ! राजाधिराजरघुनायकमन्त्रिवर्य ! ।
सिन्दूरचर्चितकलेवर ! नैष्ठिकेन्द्र ! श्रीरामदूत ! हनुमन् ! हर सङ्कटं मे ॥ ५५

---

સુખ આપનારા ! તથા હે શરણાગતોનું રક્ષણ કરનારા ! અને ઋષિઓના જેવી સાત્ત્વિકવૃત્તિને વરેલા ! હે હનુમાનજી ! તમને મારા નમસ્કાર છે.[૫૦]

હે ભક્તજનોને ઈચ્છિત વરદાનને આપનારા હે હનુમાનજી ! તમને મારા નમસ્કાર છે. એકાગ્ર ચિત્તથી નિત્યે શ્રીરામચંદ્રજીનું ધ્યાન કરનારા ! તથા જેની આરાધના ભક્તજનો માટે સહજપણે સરળ છે એવા અને અભક્તજનો માટે અતિ કઠિન છે એવા તથા દિવ્ય સુંદર આકૃતિ ધરનારા હે હનુમાનજી ! તમને મારા નમસ્કાર છે.[૫૧] હે આકડાના પુષ્પનો હાર પહેરનારા ! તમને નમસ્કાર, જે કોઈ પણ જગ્યાએ રહીને પોતાની આરાધના કરનારા ભક્તજનો ઉપર કૃપાદૃષ્ટિ કરનારા હે હનુમાનજી ! તમે મારા ઉપર કૃપાદૃષ્ટિ કરી મને નિર્ભય કરો. અને આપનું સાક્ષાત્ દિવ્ય દર્શન મને આપો, હું આપને નમસ્કાર કરું છું.[૫૨]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! પ્રતિદિન આ પ્રમાણે ધર્મદેવ ભક્તજનોના સંકટને વિનાશ કરનારા સ્તોત્રથી હનુમાનજીની પ્રથમ સ્તુતિ કરતા અને ત્યાર પછી તે સ્તોત્રના એક એક શ્લોકને વિષે એક એક અક્ષરનો સ્વીકાર કરીને અર્થાત્ પ્રથમ શ્લોકનો પહેલો અક્ષર, બીજાનો બીજો અને ત્રીજાનો ત્રીજો એવી રીતે સોળ શ્લોકમાંથી એક એક અક્ષરનો સ્વીકાર કરવાથી થયેલ "ૐ નમો હનુમતે ભયભંજનાય સુખં કુરુ" આ મંત્રને છેડે "ફટ્ સ્વાહા" જોડીને ધર્મદેવ આ સોળ અક્ષરના મંત્રનો વિધિપૂર્વક જપ કરતા હતા.[૫૩] હે રાજન્ ! આ સોળ અક્ષરના મંત્રના જપને અંતે ધર્મદેવ હનુમાનજીની આગળ જમણા પગને ડાબા પગના સાથળ ઉપર મૂકી એક ડાબા પગે ઊભા રહી બન્ને હાથ જોડીને આગળ કહેલા સ્તોત્રનો નિરંતર પાઠ કરતા હતા.[૫૪]

**ધર્મદેવકૃત સત્સંગ પ્રસિદ્ધ નીતિપ્રવીણસ્તોત્રઃ-** ધર્મદેવ હનુમાનજીની પ્રાર્થના કરતાં કહે છે, હે રાજનીતિમાં પ્રવીણ ! હે વેદ અને શાસ્ત્રમાં

सीतापहारजरघूत्तमभूरिकष्टप्रोत्सारणैककसहाय ! हतास्त्रपौघ ! ।
निर्दग्धयातुपतिहाटकराजधाने! श्रीरामदूत! हनुमन्! हर सङ्कटं मे ॥ ५६
दुर्वार्यरावणविसर्जितशक्तिघातकण्ठा सुलक्ष्मणसुखाहृतजीववल्ले ! ।
द्रोणाचलानयननन्दितरामपक्ष! श्रीरामदूत! हनुमन्! हर सङ्कटं मे ॥ ५७
रामागमोक्तितरितारितबन्ध्वयोग दुःखाब्धिमग्नभरतार्पितपारिबर्ह ! ।
रामाङ्घ्रिपद्ममधुपीभवदन्तरात्मन्! श्रीरामदूत! हनुमन्! हर सङ्कटं मे ॥ ५८
दान्तात्मकेसरिमहाकपिराट्तदीय भार्याञ्जनीपुरुतपःफलपुत्रभाव ! ।
ताक्ष्योंपमोचितवपुर्बलतीव्रवेग ! श्रीरामदूत ! हनुमन् ! हर सङ्कटं मे ॥ ५९

---

કુશળ ! હે રાજાધિરાજ શ્રીરામચંદ્રજી ભગવાનના મંત્રિવર્ય ! હે શરીરપર સિંદુરનો લેપ કરનારા ! હે નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ ! હે શ્રીરામદૂત હનુમાનજી ! મારું સંકટ દૂર કરો.[૫૫]

સીતાજીનું અપહરણ થવાથી શ્રીરામચંદ્રજી ભગવાનને અપાર કષ્ટ ઉત્પન્ન થયું તેનું નિવારણ કરવામાં એક પ્રધાનપણે સહાય કરનારા, રાક્ષસરાજ રાવણની સુવર્ણમયી લંકાનગરીને અગ્નિથી ભસ્મીભૂત કરનારા હે શ્રીરામદૂત હનુમાનજી ! મારું સંકટ દૂર કરો.[૫૬]

લક્ષ્મણજીને મારવા દશાનન રાવણે છોડેલ શક્તિ નામના આયુધના ઘાતથી પ્રાણ કંઠમાં આવી ગયા ત્યારે લક્ષ્મણજીના સુખને માટે સંજીવની ઔષધિને લાવી આપનારા તથા દ્રોણાચલ પર્વત લાવીને રામપક્ષની વાનર સેનાને આનંદિત કરનારા હે શ્રીરામદૂત હનુમાનજી ! મારું સંકટ દૂર કરો.[૫૭]

ભાઈના વિયોગથી દુઃખરૂપી મહાસાગરમાં ડૂબેલા ભરતજીને શ્રીરામચંદ્રજી ભગવાન લંકાપુરીથી અયોધ્યા પાછા પધારી રહ્યા છે, આવા પ્રકારનાં વચનરૂપી નૌકામાં બેસાડી દુઃખના સિંધુમાંથી ઉદ્ધારનારા અને તેથી જ પ્રસન્ન થયેલા ભરતજીએ જેમને અનેક પ્રકારની પહેરામણી અર્પણ કરી છે એવા તથા શ્રીરામચંદ્રજી ભગવાનના ચરણારવિંદને વિષે જ ભ્રમરવત્ પોતાના ચિત્તને આસક્ત રાખનારા હે શ્રીરામદૂત હનુમાનજી ! મારું સંકટ દૂર કરો.[૫૮]

મનનું દમન કરનારા મહાકપિરાજ કેસરી અને તેમનાં પત્ની અંજની માતાના તીવ્ર તપશ્ચર્યાના ફળરૂપે પુત્રરૂપથી પ્રગટ થયેલા તથા ગરુડજીની સમાન શરીરશક્તિ અને તીવ્રવેગને ધારણ કરનારા હે શ્રીરામદૂત હનુમાનજી ! મારું

नानाभिचारिकविसृष्टसवीरकृत्या विद्रावणारुणसमीक्षणदुःप्रधर्ष्य ! ।
रोगघ्नसत्सुतदवित्तदमन्त्रजाप ! श्रीरामदूत ! हनुमन् ! हर सङ्कटं मे ॥ ६०
यन्नामधेयपदकश्रुतिमात्रतोऽपि ये ब्रह्मराक्षसपिशाचगणाश्च भूताः ।
ते मारिकाश्च सभयं ह्यपयान्ति स त्वं! श्रीरामदूत! हनुमन्! हर सङ्कटं मे ६१
त्वं भक्तमानससमीप्सितपूर्तिशक्तो रङ्कस्य दुर्मदसपत्नभयार्तिभाजः ।
इष्टं ममापि परिपूरय पूर्णकाम ! श्रीरामदूत ! हनुमन् ! हर सङ्कटं मे ॥ ६२
इत्यनेन स तुष्टाव सर्वसङ्कष्टहारिणा । स्तोत्रेण मारुतिं धर्मः प्रत्यहं नियतव्रतः ॥ ६३
फलकन्ददलाहारः शाकमात्राशनः क्वचित् । जलाहारो निराहारः सोऽवर्तत सह स्त्रिया ॥ ६४

---

સંકટ દૂર કરો.[૫૯]

અનેક પ્રકારના આભિચારિક પ્રયોગ કરનારા (અર્થાત્ મેલિવિદ્યા અજમાવનારા) પુરુષોએ મૂકેલી વીરગણોએ સહિત કૃત્યાઓને ભગાડવા માટે પોતાના ભયાનક લાલચોળ નેત્રો કરનારા છો અને તેથી જ કોઈનાથી પણ સામે દૃષ્ટિ માંડીને ન જોઈ શકાય તેવા તથા તમારા મંત્રનો જપ કરનારા રોગથી પીડાતા મનુષ્યો તે રોગમાંથી મુક્ત થાય છે, પુત્રની ઈચ્છાવાળો સંસ્કારી પુત્રને પ્રાપ્ત કરે છે અને ધનાર્થી ધનને પ્રાપ્ત કરે છે એવા હે શ્રીરામદૂત હનુમાનજી ! મારું સંકટ દૂર કરો.[૬૦] તમારા નામના પદનું એકમાત્ર શ્રવણ થવાથી બ્રહ્મરાક્ષસ, પિશાચ, ભૂત, પ્રેત આદિ તથા મરકી વિગેરે અનિષ્ટ તત્ત્વો તત્કાળ ભય પામીને પલાયન થઈ જાય છે, એવા હે શ્રીરામદૂત હનુમાનજી ! મારું સંકટ દૂર કરો.[૬૧]

તમે ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા સમર્થ છો, એટલા જ માટે દીન દુઃખી તેમજ ઉદ્ધત શત્રુઓના ભયથી અત્યંત પીડા પામેલા એવા મારા પણ મનોરથ પૂર્ણ કરો, હે પૂર્ણકામ ! હે શ્રીરામદૂત હનુમાનજી ! મારું સંકટ દૂર કરો.[૬૨]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ધર્મદેવ પ્રતિદિન નિશ્ચિતવ્રત લઈને સર્વ સંકટને હરનારા આ સ્તોત્રવડે હનુમાનજીની સ્તુતિ કરવા લાગ્યા.[૬૩] અનુષ્ઠાનનો પ્રારંભ કર્યો ત્યારથી પત્ની ભક્તિદેવીની સાથે ધર્મદેવ ક્યારેક ફળ, ક્યારેક કંદ અને પત્રનો આહાર કરે છે, ક્યારેક માત્ર શાક જમી લે, ક્યારેક માત્ર જળપીને રહે અને ક્યારેક તો ઉપવાસ પણ થાય, આપ્રમાણે વ્રત કરી હનુમાનજીની આરાધના કરતા હતા.[૬૪]

तस्मै द्वितीयमासान्ते स्वप्नमागत्य मारुतिः । साक्षात्स्वदर्शनं प्रादात्प्रीतात्मेत्थमुवाच च ॥ ६५
धर्म ! तुभ्यं प्रसन्नोऽस्मि कष्टात्त्वं मोक्ष्यसे द्रुतम् । याहि वृन्दावनं तत्र लब्धा प्राङ्मित्रसङ्गमम् ॥ ६६
सखिभिः सह सङ्गत्य स्वसमानासुरार्दनैः । मरीचिप्रमुखैर्विप्र ! प्राप्स्यसे सुखमीप्सितम् ॥ ६७
इत्युक्त्वान्तर्धिमापेदे मारुतिः सोऽथ हर्षितः । जजागार च तत्स्वाप्नं वृत्तं तथ्यममन्यत ॥ ६८
समाप्य स्वव्रतं प्रातः पुत्रं मातुलवेश्मनि । विन्यस्य भार्यया साकं वनं वृन्दावनं ययौ ॥ ६९
असुरानुगतेर्भीतौ प्रच्छन्नं निर्गतौ गृहात् । असहायावपाथेयौ चेलतुः सभयं पथि ॥ ७०
स्थूलस्यूतजरद्वस्त्रौ कृशाङ्गौ मधुभाषिणौ । पितरौ तौ च जगतां नैमिषारण्यमीयतुः ॥ ७१
दशमेऽहनि सम्प्राप्तौ क्षेत्रं तत्तत्र तैर्थिकम् । विधिं विदधतुः शक्त्या दम्पती धैर्यशालिनौ ॥ ७२

---

**હનુમાનજીનું પ્રત્યક્ષ દર્શનઃ–** એમ કરતાં બે મહિનાના અંતે તેમના ધ્યાનથી પ્રાપ્ત થયેલી સ્વપ્ન સમાધિમાં ઉતરી ગયેલા ધર્મદેવને હનુમાનજીએ પ્રત્યક્ષ આવી પોતાનું દર્શન આપ્યું અને બહુજ પ્રસન્નમને ધર્મદેવને કહેવા લાગ્યા, હે ધર્મદેવ ! તમારી ઉપર હું બહુ જ રાજી થયો છું. ચિંતા ન કરો. તમે જલદીથી આ કષ્ટમાંથી મુક્ત થઇ જશો, અત્યારે તમે વૃંદાવનતીર્થમાં જાઓ, ત્યાં તમારા પૂર્વના મિત્રો મરીચ્યાદિ મુનિઓ પણ તમારી જેમ જ અસુરો થકી કષ્ટને પામ્યા છે, તેઓનો સંગાથ મળતાં તમે ઇચ્છિત સુખને પ્રાપ્ત કરશો.[૬૫-૬૭]

**ધર્મ ભક્તિનું વૃંદાવનતીર્થ તરફ પ્રયાણઃ–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આટલું કહીને હનુમાનજી અંતર્ધાન થઇ ગયા. ત્યારપછી અત્યંત ખુશ થઇ ગયેલા ધર્મદેવ સમાધિમાંથી જાગ્યા અને તે સ્વપ્નના વૃત્તાંતને સત્ય માન્યું.[૬૮] પ્રાતઃકાળે પોતાના વ્રતની સમાપ્તિ કરી પુત્ર રામપ્રતાપને તેમના મામાને ઘેર છપૈયામાં છોડીને પત્ની ભક્તિદેવી સાથે ધર્મદેવ વૃંદાવન તીર્થમાં જવા નીકળ્યા.[૬૯] કોઇ અસુર પાછળ પાછળ આવશે એવા ભયથી કોઇ ન જાણી શકે એ રીતે ઘેરથી ભાથું લીધા વિના નીકળ્યા, ભય પામતાં પામતાં સંગાથ વિના એકલા જ ચાલ્યાં જાય છે.[૭૦] હે રાજન્ ! તે સમયે ધર્મદેવ અને ભક્તિદેવીએ જાડાં, સાંધેલાં અને જીર્ણ શીર્ણ વસ્ત્રો પહેર્યાં હતાં, તેમનાં શરીર અતિ દુર્બળ હતાં, છતાં અરસ પરસ મધુર વાતો કર્યે જતાં હતાં. આ પ્રમાણે જગતનાં મા-બાપ ધર્મદેવ અને ભક્તિદેવી નૈમિષારણ્ય ક્ષેત્રમાં આવ્યાં.[૭૧] દશમે દિવસે આ તીર્થક્ષેત્રમાં પધારેલાં મહાધીરજશાળી દંપતી ધર્મ-ભક્તિએ સમગ્ર તીર્થનો વિધિ પોતાની શક્તિ પ્રમાણે કર્યો.[૭૨] ત્યાર પછી પોતાના હૃદયમાં વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ

स्मरन्तौ हृदये कृष्णं वृन्दावनविहारिणम् । अयाचितव्रतौ नित्यं ततो व्रजमुपेयतुः ॥ ७३
पुष्पदोलोत्सवं द्रष्टुं व्रजतां सङ्घशो नृणाम् । पथि सङ्गं न चक्राते तद्गतासुरशङ्कया ॥ ७४
मासेनैकेन शनकैर्व्रजन् धर्मः सहस्त्रिया । पुण्यं वृन्दावनं प्राप दोलोत्सवदिने नृपः ! ॥ ७५
देशान्तरीयजनसङ्घसमर्च्यमानं गोवर्धने कुसुमदोलगतं स कृष्णम् ।
सम्पूज्य वीक्ष्य च तदीयविचित्रशोभां चक्रे प्रदक्षिणममुं विधिनैव धर्मः ॥ ७६

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे भक्तिधर्मयोर्वृन्दावनागमननामा सप्तदशोऽध्यायः ॥१७॥*

---

કરતાં નિરંતર માગ્યા વિના જે કાંઈ મળે તેનાથી શરીર નિર્વાહ કરતાં ધર્મ-ભક્તિ ત્યાંથી વૃંદાવન તીર્થ તરફ જવા નિકળ્યાં.[૭૩]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાનના પુષ્પદોલોત્સવનાં દર્શન કરવા જતાં મનુષ્યોના સંઘોમાં પણ અસુરોના ભયની શંકાથી માર્ગમાં તેમનો સંગાથ છોડી એકલાંજ ધર્મ-ભક્તિ ચાલતાં હતાં, આ રીતે ભક્તિની સાથે ધીરે ધીરે ચાલતા ધર્મદેવ નૈમિષારણ્યથી એક મહિને ફાગણવદ પડવાના શુભ પુષ્પદોલોત્સવના દિવસે પવિત્ર વૃંદાવનતીર્થમાં પહોંચ્યા.[૭૪-૭૫]

દેશદેશાંતરમાંથી દર્શનાર્થે પધારેલા મનુષ્યોએ જે ગોવર્ધન પર્વતનું અનુપમ પૂજન કર્યું છે, એવા પર્વતમાં પુષ્પોથી શણગારેલા હિંડોળામાં વિરાજમાન થયેલા ભગવાન શ્રીબાલકૃષ્ણ ઝુલતા હતા તેનું દર્શન અને પૂજન કરી તે ગોવર્ધન પર્વતની રમણીય શોભાને નિહાળી ધર્મ ને ભક્તિ વિધિ પ્રમાણે ગિરિરાજની પ્રદક્ષિણા કરવા લાગ્યાં.[૭૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં બે મહિનાની આરાધનાને અંતે પ્રસન્ન થયેલા શ્રીહનુમાનજીના કહેવાથી ધર્મભક્તિએ વૃંદાવનતીર્થમાં આગમન કર્યું. એ નામે સત્તરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૭--***

---

## अष्टादशोऽध्यायः

सुव्रत उवाच –

पुष्पदोलोत्सवं द्रष्टुं जनास्तत्र सहस्रशः । देशान्तरेभ्य आयाता आसन्भूप ! सयोषितः ॥ १
शापाद्दुर्वाससो भूमौ ये जाता मुनयो नृषु । भ्रमन्तस्तेऽपि तत्रायन्नसुरैर्बहुधार्दिताः ॥ २
प्राप्ता जातिस्मृतिं कृष्णेच्छया ज्ञातपरस्पराः । जनैरज्ञाततत्त्वाश्च दैवादेकत्र सङ्गताः ॥ ३
गिरेः प्रदक्षिणां कुर्वंस्तान् परिक्रामतः पथि । लक्षणैर्बुबुधे धर्मस्ते च तं मानुषाकृतिम् ॥ ४
परस्परं मिलित्वा ते स्वस्ववृत्तान्तमादितः । कथयामासुरखिलं कष्टं चासुरयूथजम् ॥ ५
मुनिकृच्छ्रेक्षया धर्मो धर्मकृच्छ्रेक्षया द्विजाः । अव्यथन्ताथ मुनयो धर्मं प्राहुरिदं वचः ॥ ६

---

## અધ્યાય –૧૮

## ધર્મદેવ અને મરીચ્યાદિ મુનિઓનું વૃંદાવનમાં મિલન.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! દેશદેશાંતરમાંથી પોતાની પત્નીઓએ સહિત હજારો જનો પુષ્પદોલોત્સવનાં દર્શન કરવા આ પવિત્ર વૃંદાવનતીર્થમાં આવ્યા હતા.[૧] તેમજ દુર્વાસા મુનિના શાપથી આ પૃથ્વી પર માનવયોનિમાં જન્મેલા અને અસુરો થકી અતિશય પીડાયેલા મરીચ્યાદિ મુનિઓ પણ ફરતા ફરતા તે વૃંદાવનક્ષેત્રમાં આવ્યા હતા.[૨] ભગવાન શ્રીકૃષ્ણની ઈચ્છાથી તેઓને પોતાના પૂર્વ મૂળ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થયું, તેથી પરસ્પર એક બીજાને ઓળખી ગયેલા તે મુનિઓ બીજા સંસારીજનો પોતાને ઓળખી ન શકે તે રીતે દૈવી ઈચ્છાથી તે વૃંદાવનના એકાંત પ્રદેશમાં સર્વે ભેળા થયા. અને ગોવર્ધનપર્વતની પરિક્રમા કરવા લાગ્યા. તે સમયે પ્રદક્ષિણા કરતા ધર્મદેવે માર્ગમાં તેઓને લોકોત્તર લક્ષણોથી ઓળખી લીધા અને તે મરીચ્યાદિ મુનિઓએ પણ મનુષ્યાકૃતિમાં રહેલા ધર્મદેવને ઓળખી લીધા.[૩-૪]

હે રાજન્ ! અરસપરસ ઓળખી જવાથી એક બીજાને અતિ હેતથી ભેટી પડ્યા અને પોતાનું સમગ્ર જીવનવૃત્તાંત એક બીજાને કહી અસુરોએ જે અતિ કષ્ટ આપ્યું હતું તે સર્વે કહેવા લાગ્યા.[૫] ધર્મદેવ મુનિઓનાં દુઃખે દુઃખી થયા અને મુનિઓ ધર્મના દુઃખે દુઃખી થયા, ત્યારપછી મુનિઓ ધર્મદેવ પ્રત્યે કહેવા લાગ્યા, હે ધર્મદેવ ! રૂદ્રના અવતાર એવા દુર્વાસામુનિના શાપથી આ જન્મમાં આપણે ભયંકર કષ્ટને પામ્યા, હવે તમારી પ્રાર્થના સાંભળ્યા પછી બદ્રિકાશ્રમમાં જે દુઃખનો

रौद्रं रौद्रस्य शापेन कृच्छ्रमाप्तमिहासुरम् । अस्माभिरथ तस्यान्तस्तदुक्तो द्रक्ष्यते कदा ॥ ७
धर्मस्तानाह तद्वाक्यं नान्यथा भविता द्विजाः ! । अतो धैर्येण सोढव्यं कृच्छ्रं कृष्णेक्षणावधि ॥ ८
कार्योऽस्माभिरुपायोऽत्र कृष्णाराधनलक्षणः । येन तुष्टः स्वयं कृष्णः साक्षाद्दद्यात्स्वदर्शनम् ॥ ९
अहं कृष्णाष्टाक्षरस्य पुरश्चर्यां विधानतः । करिष्यामि तदङ्गानि यूयमप्यनुतिष्ठत ॥ १०
निशम्येत्थं धर्मवचो मुनयस्ते प्रहर्षिताः । एतदेवं हि कर्तव्यमिति व्यवसिता नृप ! ॥ ११
तपस्यस्य द्वितीयायां कृष्णायामथ ते व्यधुः । प्रारम्भं विष्णुयागस्य गुरोर्वारि च हस्तभे ॥ १२
यजमानस्तत्र पूर्वं समारेभे स्वयं वृषः । कृष्णमन्त्रपुरश्चर्यां यथाशक्ति यथाविधि ॥ १३
श्रीमद्भागवतं केचित्पुराणं पेठुरादरात् । पुरश्चर्याविधानेन वासरैः सप्तसप्तभिः ॥ १४
भारते भगवद्गीता याऽस्ति तां केचनापठन् । श्रीवासुदेवमाहात्म्यं पठन्ति स्म च केचन ॥ १५

---

અંત તેણે તમને સૂચવ્યો હતો તે અંત ક્યારે આવશે ?.[૬-૭]

ત્યારે ધર્મદેવ તેઓને કહે છે, હે મુનિઓ ! દુર્વાસામુનિનું વચન ક્યારેય મિથ્યા નહિ થાય. એથી ભગવાન શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન જ્યાં સુધી આપણને ન થાય ત્યાં સુધી ધીરજ રાખી એ કષ્ટને આપણે સહન કરવું રહ્યું. માટે હે મુનિઓ ! આપણે આ પવિત્ર વૃંદાવન તીર્થને વિષે કંઈક એવો ભગવાન શ્રીકૃષ્ણની આરાધનારૂપ ઉપાય કરીએ કે જેનાથી શ્રીકૃષ્ણ ભગવાન જલદીથી પ્રસન્ન થાય અને પોતાનું પ્રત્યક્ષ સાક્ષાત્ દર્શન આપણને આપે.[૮-૯]

**શ્રી કૃષ્ણના પ્રત્યક્ષદર્શન માટે જપાત્મક વિષ્ણુયાગનો પ્રારંભઃ–** ધર્મદેવ કહે છે, હે મુનિઓ ! હું ભગવાન શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પુરશ્ચરણ કરીશ, અને તમે સર્વે મુનિઓ પણ એ પુરશ્ચરણના અંગભૂત અન્ય અનુષ્ઠાનો કરો.[૧૦] હે રાજન્ ! ધર્મદેવનું આ વચન સાંભળી મુનિઓ બહુજ પ્રસન્ન થયા અને તે પ્રમાણે જ કરવાનો મનમાં દૃઢ સંકલ્પ કર્યો.[૧૧]

ત્યારબાદ ધર્મ-ભક્તિ અને સર્વે મુનિઓએ સંવત ૧૮૩૬ ના ફાગણવદી બીજ ને ગુરુવારે હસ્ત નક્ષત્રમાં શ્રીવિષ્ણુયાગનો પ્રારંભ કર્યો.[૧૨] તેમાં સર્વથી પહેલાં મુખ્ય યજમાન સ્વયં ધર્મદેવે શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રના પુરશ્ચરણનો પોતાની શક્તિને અનુસારે શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રારંભ કર્યો.[૧૩] ત્યારપછી કેટલાક મુનિઓ શ્રીમદ્ભાગવતનું પારાયણ પુરશ્ચરણ વિધિ અનુસાર સાત સાત દિવસે સંપૂર્ણ થાય તે રીતે કરવા લાગ્યા.[૧૪] કેટલાક મુનિઓ મહાભારતને વિષે ભીષ્મપર્વમાં રહેલ શ્રીમદ્ ભગવદ્ગીતાનો પાઠ કરવા લાગ્યા. કેટલાક

विष्णोर्नामसहस्राख्यं स्तोत्रं पेठुश्च केचन । कतिचिद्विष्णुगायत्रीं जपन्ति स्म यथाविधि ॥ १६
श्रीनारायणवर्मैके पेठुर्विप्रा उदङ्मुखाः । नामस्मरणमात्रं च केचित्कृष्णस्य चक्रिरे ॥ १७
श्रीमद्भागवतस्थां च रासलीलोपवर्णनाम् । पञ्चाध्यायीं दृढमतिर्नित्यं भक्तिः पपाठ च ॥ १८
निशि सुप्तेऽखिलजने गीतगोविन्दगायनम् । वीणामृदङ्गादियुतं सर्वे संहत्य चक्रिरे ॥ १९
एवं समाराधयतां कृष्णं तेषां यतात्मनाम् । वैशाखस्य सिता प्राप्ता मोहिन्येकादशी नृप ! ॥ २०
तपःकृशतराङ्गेषु तेष्वापन्नेष्वथ प्रभुः । प्रीतः करुणया कृष्णो ददौ साक्षात्स्वदर्शनम् ॥ २१
अखण्डरासलीलायां गोलोके यादृशः स्वयम् । तादृशोऽदृश्यत तदा स वृन्दावनचन्द्रमाः ॥ २२

---

સ્કંદપુરાણમાં રહેલ શ્રીવાસુદેવ માહાત્મ્યના પાઠ કરવા લાગ્યા.[૧૫] કેટલાક મુનિઓ વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનો પાઠ કરવા લાગ્યા અને કેટલાક ઋષિઓ વિધિ પ્રમાણે વિષ્ણુગાયત્રી ''ૐ શ્રીનારાયણાય વિદ્મહે વાસુદેવાય ધીમહિ તન્નો વિષ્ણુઃ પ્રચોદયાત્'' એ મંત્રનો જપ કરવા લાગ્યા.[૧૬] કોઈ મુનિઓ ઉત્તર દિશા તરફ મુખ રાખી શ્રીનારાયણકવચનો પાઠ કરવા લાગ્યા અને કેટલાક મુનિઓ માત્ર ભગવાન શ્રીકૃષ્ણના નામમંત્રનું સ્મરણ કરવા લાગ્યા.[૧૭] હે રાજન્ ! સ્વયં ભક્તિદેવી શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધના પૂર્વાર્ધમાં રહેલ ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલાનું જેમાં વર્ણન છે તે રાસપંચાધ્યાયીનો અચળ મનથી પાઠ કરવા લાગ્યાં.[૧૮]

હે રાજન્ ! રાત્રીને વિષે જ્યારે સર્વે તીર્થવાસી યાત્રીઓ સૂઈ જાય ત્યારે ધર્મભક્તિ અને ઋષિમુનિઓ ભેળા મળી વીણા, મૃદંગ આદિ વાજિંત્રોના નાદની સાથે જયદેવ કવિએ રચેલા 'ગીતગોવિંદ' નામના કાવ્યનું ગાયન કરતા હતા.[૧૯] આ પ્રમાણે મનને નિયમમાં રાખી ધર્મ-ભક્તિ અને ઋષિમુનિઓ ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરતા હતા, ત્યારે બે મહિનાના અંતે વૈશાખ સુદ મોહિની એકાદશીનો પવિત્ર દિવસ આવ્યો.[૨૦] તપથી અતિ કૃશ થઈ ગયેલાં શરીરવાળા અને પોતાને શરણે આવેલ તે ધર્મ-ભક્તિ અને ઋષિમુનિઓ ઉપર પ્રસન્ન થયેલા સમર્થ ભગવાન શ્રીકૃષ્ણે તે દિવસે દયા કરીને પોતાનું સાક્ષાત્ દર્શન આપ્યું.[૨૧]

**ભગવાન શ્રીકૃષ્ણનું સાક્ષાત્ દર્શનઃ–** ગોલોકધામને વિષે અખંડ રાસલીલામાં જેવા સ્વયં વિરાજમાન છે તેવા ને તેવા જ સ્વરૂપે વૃંદાવનને વિષે પોતાની આરાધના કરી રહેલા ધર્મ-ભક્તિ અને ઋષિમુનિઓને ચંદ્રમાની જેમ શીતળતા આપનારા ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થયાં.[૨૨]

श्रीकृष्णस्य महापूजां कृत्वा तन्निशि जाग्रतः । ब्राह्मे मुहूर्ते ददृशुः सहसा ते सितं महः ॥ २३
कोटिकोटीन्दुसूर्याभे सच्चिदानन्दलक्षणे । तस्मिंस्ते ददृशुः कृष्णं सर्वे महसि भूयसि ॥ २४

नूतनाम्बुधरसुन्दरमूर्तिं तेजसाऽतिमहता सितभासम् ।
कोटिमन्मथविमोहनरूपं वह्निधौतकनकप्रभवस्त्रम् ॥ २५
पाणिपद्मयुगलेन च वेणुं सन्निधाय रुचिराधरबिम्बे ।
वादयन्तमुरुधा स्वरभेदैः शोभनं नटवरोचितवेषम् ॥ २६
नैकरत्नततिचित्रकिरीटं मीनराजसमकुण्डलशोभम् ।
स्थूलवृत्तसममौक्तिकमालं चारुगन्धकुसुमोत्तममहारम् ॥ २७
भालकैसरविशेषककान्तं लम्बमानसुमशेखरराजिम् ।
हेमरत्नमयभूरिविभूषं पूर्णशारदसुधांशुसमास्यम् ॥ २८

---

ધર્મ-ભક્તિ અને ઋષિમુનિઓ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન કરી તે એકાદશીની રાત્રીએ વ્રતના અંગભૂત જાગરણ કરતા હતા. એમ કરતાં બ્રાહ્મમુહૂર્ત થયું ત્યારે એકાએક શીતળ શાંત મહાતેજનું તેઓને પ્રથમ દર્શન થયું.[૨૩] અને ત્યાર પછી કરોડે કરોડ સૂર્ય અને ચંદ્રમાની કાંતિ સમાન અને તેજસ્વી તેમજ સચ્ચિદાનંદરૂપ એવા આ અક્ષરબ્રહ્મ તેજને વિષે સાક્ષાત્ શ્રીકૃષ્ણનારાયણના ધર્માદિકને દર્શન થયાં.[૨૪]

નવીન મેઘની સમાન શ્યામ સુંદર મૂર્તિ હોવા છતાં અતિશય તેજના લીધે શ્વેત જણાતા હતા. કોટિ કોટિ કામદેવને પણ મોહ ઉપજાવે તેવા અતિશય રૂપાળા હતા. અગ્નિથી તપાવેલા સુવર્ણના વર્ણની સમાન પીળા પીતાંબરને ધારી રહ્યા હતા.[૨૫] સુંદર લાલ ઘીલોડા જેવા અધરોષ્ઠ ઉપર કમળ સરખા હસ્તકમળથી વેણુને ધારી બહુ પ્રકારના સ્વરભેદથી વગાડતા હતા, નટવર જેવો સુંદર વેષ ધાર્યો હતો.[૨૬] મસ્તક ઉપર રત્નની પંક્તિઓ જડિત સુવર્ણનો મુગટ શોભતો હતો. કાનમાં મકરાકાર કુંડળ શોભી રહ્યાં હતાં. કંઠમાં એક સરખા ગોળાકાર મોટાં મોતીઓની માળા અને સુગંધીમાન સુંદર પુષ્પોની માળાઓ ધારણ કરી હતી.[૨૭] વિશાળ ભાલમાં કેસર ચંદનના સુંદર તિલકથી અતિશય શોભી રહ્યા હતા. તેમજ લટકતા સુંદર પુષ્પોના તોરાની પંક્તિઓથી પણ શોભી રહ્યા હતા. રત્નજડિત સુવર્ણનાં ઘણાં આભૂષણો ધારણ કર્યાં હતાં. તેમનું મુખારવિંદ સોળે કળાએ ખીલેલા શરદઋતુના ચંદ્રમાની સમાન શોભતું હતું.[૨૮] શરદઋતુમાં ખીલેલાં નવીન કમળનાં

शारदाभिनवजन्मविनिद्राम्भोरुहच्छदसमायतनेत्रम् ।
सूक्ष्मवक्त्रमृदुमेचककेशं दर्शनीयनिखिलावयवाभम् ॥ २९
भैष्मीराधालक्ष्मणासत्यभामा सत्याभद्राजाम्बवत्यादिभिश्च ।
स्त्रीभिः प्रेम्णा पूज्यमानांघ्रिपद्मं दृष्ट्या तासामाददानं मनांसि ॥ ३०
नन्देन रामेण यशोदया च पत्या समं देवककन्ययाऽपि ।
नन्दासुभद्रासुरभीमुखाभिर्गोभिश्च सस्नेहमुदीक्ष्यमाणम् ॥ ३१
श्रृङ्गारिकद्रव्यकरैरनेकैर्गोपाङ्गनानामभितश्च यूथैः ।
प्रीत्येक्ष्यमाणाननपद्मराजन्मितस्मितानन्दितभक्तलोकम् ॥ ३२
तं दृष्ट्वा परमानन्दं प्राप्तास्ते तु सविस्मयम् । प्रणम्य दण्डवद्भूमौ बद्धाञ्जलिपुटाः स्थिताः ॥ ३३
मूर्तौ भगवतस्तेषामिन्द्रियाणां तु वृत्तयः । कृष्टास्तस्थुस्ततो जातास्ते काष्ठप्रतिमा इव ॥ ३४

---

પત્રની સમાન વિશાળ નેત્રો શોભતાં હતાં. મસ્તક ઉપર ઝીણાં, વાંકડિયાળા કોમળ એવા કાળા કેશ શોભી રહ્યા હતા. આવી રીતે ભગવાન શ્રીકૃષ્ણ દર્શનીય સમસ્ત શરીરના અવયવોથી શોભી રહ્યા હતા.[૨૯] રુક્મિણી, રાધા, લક્ષ્મણા, સત્યભામા, સત્યા, ભદ્રા અને જાંબુવતી આદિક પટરાણીઓ અતિ પ્રેમથી તેમનાં ચરણકમળનું સેવન કરી હતી. અને પોતાની દૃષ્ટિમાત્રથી સર્વેના મનને પોતામાં ખેંચી લેતા હતા એવા સાક્ષાત્ શ્રીકૃષ્ણનારાયણનાં ધર્મ-ભક્તિ અને ઋષિમુનિઓને પ્રત્યક્ષ દર્શન થયાં.[૩૦]

વળી નંદ, યશોદા, વસુદેવ, દેવકી, બલરામ, સુભદ્રા વિગેરે પરિવારજનો તથા નંદા, સુભદ્રા સુરભિ આદિ ગાયો સ્નેહપૂર્વક એ શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનું દર્શન કરી રહ્યાં હતાં. તેમજ અનેક પ્રકારના શૃંગારિક દ્રવ્યો હાથમાં લઇ ઊભેલી ગોપાઙ્ગનાઓના સમૂહો પ્રેમથી ચારે બાજુ વિંટાઈને તેમના મુખારવિંદનું દર્શન કરી રહ્યા હતા. સ્વયં પોતે સર્વે ભક્ત સમુદાયને મંદમંદ હાસ્ય વડે આનંદિત કરી રહ્યા હતા. આવા પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણના સાક્ષાત્ દર્શન પામી પરમ આનંદ તથા આશ્ચર્યને પામેલા ધર્મ-ભક્તિ તથા ઋષિમુનિઓ તેમને દંડવત્ પ્રણામ કરી બન્ને હાથ જોડી સામે ઊભા રહ્યા.[૩૧-૩૩]

તે ધર્મ-ભક્તિ તથા ઋષિમુનિઓની નેત્રાદિક ઈન્દ્રિયોની વૃત્તિઓ ભગવાન શ્રીકૃષ્ણની અતિશય રમણીય દિવ્ય મૂર્તિમાં ખેંચાઇ ગઇ, તેથી તેઓ કાષ્ઠનાં પૂતળાંની જેમ સ્થિર ઊભા રહ્યા.[૩૪] ભગવાન શ્રીકૃષ્ણની ઈચ્છાથી તે સર્વે આમ

कृष्णेच्छयेत्थं तु मुहूर्तमेव ते तस्थुस्तयैवाथ पुनर्वपुःस्मृतिम् ।
प्रापुस्ततस्तस्य पुरःस्थितो वृषस्तुष्टाव साकं मुनिभिस्तमीश्वरम् ॥ ३५

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे विष्णुयागाराधितश्रीकृष्णदर्शनानन्दनिरूपणनामाऽष्टादशोऽध्यायः ॥१८॥*

---

**एकोनविंशोऽध्यायः**

**धर्म उवाच –**

भगवंस्तव दर्शनं नृणामखिलाघौघविनाशनक्षमम् ।
प्रतिलब्धमिहाद्य चापदामखिलानामपि वारणं लघु ॥ १
त्वमसि प्रभविष्णुरीशिता जगतामादिरनादिबन्धहृत् ।
क्षरतोऽक्षरतस्तथा परो ननु कर्ता पुरुषोत्तमः प्रभो ! ॥ २

---

**એક મુહૂર્ત પર્યંત સ્થિર ને સ્થિર ઊભાં રહ્યાં, ત્યાર પછી તેમનીજ ઈચ્છાથી ફરી દેહની સ્મૃતિ પ્રાપ્ત થઈ ત્યારે ભગવાન શ્રીકૃષ્ણનારાયણની સન્મુખ ઊભા રહી ધર્મદેવાદિ સર્વે ઋષિમુનિઓ તે સર્વેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યા.[૩૫]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં વૃંદાવનમાં ધર્મભક્તિ અને મુનિઓએ વિષ્ણુયાગની આરાધનાથી પ્રસન્ન કરેલા સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે પોતાના દર્શનથી આપેલા આનંદનું નિરૂપણ કર્યું. એ નામે અઢારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૮--***

---

## અધ્યાય –૧૯

## મરીચ્યાદિ મુનિઓની સાથે ધર્મદેવે કરેલી ભગવાનની સ્તુતિ.

**ધર્મદેવ કહે છે, હે ભગવન્ ! આપનું દર્શન મનુષ્યનાં સર્વ પ્રકારના પાપના સમૂહને નાશ કરવામાં સમર્થ છે, અને સર્વે આપત્તિઓને તત્કાળ દુર કરનારું છે. આવું આપનું દિવ્ય દર્શન આજ અમને પ્રાપ્ત થયું છે, અહો !!! આપની કૃપાના એક મુખે શું વખાણ કરું ?.[૧] હે પ્રભુ ! તમે પોતાના આશ્રિત ભક્તોનું રક્ષણ**

तव धाम मतं परात्परं बृहदेवाक्षरमव्ययं सदा ।
अतितेजसि तत्र राजसे सकलैश्वर्यपुरोगशक्तिभिः ।। ३
समकारण ! वासुदेवमुख्यप्रथितव्यूहमवपुर्धरस्त्वमेव ।
सकलैरपि सात्त्वतैरभिज्ञैर्विधिना तन्त्रमयेन पूज्यसे वै ।। ४
जगतो जननं च पालनं हरणं चापि करोषि हीश्वरः ।
विधिविष्णुहराकृतीर्दधन्निगमादिप्रतिपादितश्रवाः ।। ५
तनुतां भुवि धर्मवर्त्मनि पृथुलाधर्मपथैरुपागते ।
अवितुं तदिह प्रजायसे बहुधा साधुसुरांश्च भूतले ।। ६
तिमिरूपधृता समाहृता निगमाः प्राग्भवतादिदैत्यतः ।
कमठाकृतिना तथा दधे निजपृष्ठे ननु मन्दराचलः ।। ७

કરવા સમર્થ છો. જગતના નિયંતા છો. જીવોના અનાદિ અવિદ્યારૂપ બંધનને તોડનારા છો. ક્ષર એવા બદ્ધજીવો અને અક્ષર એવા મુક્તાત્માઓથી પણ તમે પર છો. એથી પુરુષોત્તમ એવા આપ આ અનંતકોટી બ્રહ્માંડના કર્તા છો.[૨] આવું આપનું ધામ છે તે પ્રકૃતિપુરુષાદિ ઈશ્વરોના સ્થાનો કરતાં પણ પર છે. સર્વોત્તમ, અધો ઉર્ધ્વ પ્રમાણે રહિત, અક્ષર, સદાય અવિનાશી છે. આવા અતિશય તેજોમય ધામને વિષે સમગ્ર ઐશ્વર્ય અને શક્તિએ સહિત આપ બિરાજો છો.[૩] હે સર્વના કારણ ! દેવ મનુષ્યાદિ સમ-વિષમ સૃષ્ટિની રચના કરવા છતાં સમ-વિષમતાના વિકારી ભાવોથી પર રહેલા એવા આપજ વાસુદેવાદિ પ્રસિદ્ધ ચતુર્વ્યૂહ ધારણ કરનારા છો. તમારો મહિમા જાણનાર સમસ્ત એકાંતિક ભક્તજનો પંચરાત્ર શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે આપનું જ પૂજન કરે છે.[૪]

વેદ, ઈતિહાસ, પુરાણાદિ સમસ્ત સત્શાસ્ત્રો તમારી જ એક વિશુદ્ધ કીર્તિનું ગાન કરે છે, તમેજ કાળ, માયાદિના નિયંતા છો, તમેજ બ્રહ્મા, વિષ્ણુ, શિવરૂપ ધારણ કરી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કરનારા છો.[૫] આ પૃથ્વી ઉપર ચારે તરફ ફેલાયેલા અધર્મથી જ્યારે ધર્મમાર્ગ ક્ષીણ થાય છે, ત્યારે આ ધરાપર તે ધર્મનું રક્ષણ કરવા તથા સંતો, ભક્તો અને દેવતાઓનું રક્ષણ કરવા તમે અનંત અવતારોને ધારણ કરો છો.[૬] હે ભગવન્ ! પૂર્વે તમે મત્સ્યાવતાર ધારણ કરી હયગ્રીવ અસુર પાસેથી વેદો પાછા લાવ્યા હતા, તેવી જ રીતે સમુદ્ર મંથન વખતે તમે કૂર્માવતાર ધારણ કરી મંદ્રાચળ પર્વતને પોતાની પીઠ ઉપર

क्षितिरुन्निदधेऽग्रदंष्ट्रया भवता सूकररूपिणाम्बुधेः ।
नरसिंहवपुर्धृता तथा निहतो दैत्यपतिर्जितान्तकः ॥ ८
छलितश्च बलिस्त्वया हरे ! वपुषा वामनकेन कौतुकात् ।
धरणीं व्यधितानृपान्वयां जमदग्नेस्तनयो भवान् भवन् ॥ ९
हतवानसि राघवः पुरा बलिनं कौणपयूथपाधिपम् ।
जनरावणमीश ! रावणं विहिताम्भोनिधिसेतुबन्धनः ॥ १०
मधोः पुरि प्राग्वसुदेवदेवकीसुतत्वमेत्य व्रजमागतोऽस्यथ ।
गोगोपगोपीव्रजभूरिदुर्व्यथां हरन्व्यहार्षीर्यमुनातटेऽत्र च ॥ ११
निहत्य कंसप्रहितानेकान् दैत्यांश्च गोपीजनवल्लभस्त्वम् ।
गत्वा पुनर्जन्मभुवं जघन्थ साधुद्रुहं मातुलमौग्रसेनिम् ॥ १२
द्वारावतीमेत्य रमामुखाः स्त्रीरुदूह्य चाविष्कृतभूरिरूपः ।
भूभारभूतानसुरान् वृषद्रुहो हत्वाऽऽद्यधर्मं प्रथयाश्चकर्थ ॥ १३

---

ધારણ કર્યો હતો.[૭] તમે વારાહરૂપ ધારણ કરી દાંતના અગ્રભાગથી રસાતળમાં ગયેલી પૃથ્વીને ઊંચકીને પાણી ઉપર સ્થાપન કરી હતી. તેમજ નૃસિંહ અવતાર ધારણ કરી તમે મૃત્યુપર વિજય મેળવનાર દૈત્યપતિ હિરણ્યકશિપુનો સંહાર કર્યો હતો.[૮] હે શ્રીહરિ તમે વામન અવતાર ધારણ કરી ત્રણ પગલાં જમીનના બહાને કપટથી બલીને છેતર્યો હતો. વળી તમે જમદગ્નિ ઋષિને ત્યાં પરશુરામ સ્વરૂપે પ્રગટ થઈ પૃથ્વીને એકવીશવાર ક્ષત્રિય રહિત કરવા ફર્યા હતા.[૯] હે ઈશ્વર ! પૂર્વે ત્રેતાયુગમાં તમે રામચંદ્રરૂપે અવતાર ધારણ કરી સમુદ્ર ઉપર સેતુ બાંધી સમસ્ત વિશ્વને રડાવનાર, તેમજ રાક્ષસોનો અધિપતિ, મહાબળવાન, પુલસ્ત્યપુત્ર રાવણનો સંહાર કર્યો હતો.[૧૦]

તેમજ હે હરિ ! તમે પૂર્વે મથુરા નગરીમાં પ્રથમ વસુદેવ-દેવકીને ત્યાં પુત્રરૂપે પ્રગટ થઈ વ્રજમાં પધાર્યા. ત્યારપછી આપને વિષે અનન્ય પ્રેમવાળાં ગાયો, ગોવાળો, ગોપીઓ આદિ વ્રજવાસીઓનાં અનેક સંકટોનું નિવારણ કરી તેઓને આનંદ આપતા આ યમુનાના તટમાં વિહાર કર્યો હતો.[૧૧] હે ગોપીજન વલ્લભ ! તમે કંસે મોકલેલા પૂતના, તૃણાવર્ત આદિ અનેક અસુરોનો સંહાર કરી જન્મભૂમિ મથુરા પધાર્યા અને સાધુજનોનો દ્રોહ કરનાર મામા કંસનો વધ કર્યો હતો.[૧૨] ત્યાર પછી તમે દ્વારિકાનગરીમાં પધારી અનેક દિવ્યસ્વરૂપોને ધારણ

नरेण साकं च गजाह्वयादौ क्रीडन् निजप्रेष्ठतमेन भूमन् ! ।
पाण्डोः सुतानामपि सप्रियाणां चकर्थ नाथ! प्रियमीश्वरस्त्वम् ॥ १४
कृतवानसि दैत्यमोहनं ननु बुद्धोऽथ विधास्यते त्वया ।
हननं च दुरात्मनां कलेरवसाने भुवि कल्किना प्रभो ! ॥ १५
त्वया ह्रियन्ते निजसेवकानामापद्गणा ! नाथ ! मुहुर्धरायाम् ।
ब्रह्मण्यदेवोऽसि सदा स्वतन्त्रः कारुण्यमस्मासु विधेह्यतोऽद्य ॥ १६

सुव्रत उवाच –

इति संस्तूय मुनिभिः सह श्रीपुरुषोत्तमम् । देवशर्माऽभवत्तूष्णीमानन्दाश्रुप्लुतेक्षणः ॥ १७
अथ कृष्णं तमालोक्य प्रत्यक्षं दिव्यविग्रहम् । बद्धाञ्जलिपुटा भक्तिः प्रणनाम मुदा प्रभुम् ॥ १८
स्मरन्ती भक्तवश्यत्वं तस्य वृन्दावने प्रभोः । गिरा गद्गदयाऽस्तौषीद्धृष्टरोमाऽश्रुपूर्णदृक् ॥ १९

**કરી લક્ષ્મીસ્વરૂપા રુક્મિણી આદિ સ્ત્રીઓની સાથે લગ્ન કર્યાં હતાં. તથા ધર્મનો દ્રોહ કરનાર, પૃથ્વીના ભારરૂપ અસુરોનો વિનાશ કરી સનાતન ધર્મનું સ્થાપન કર્યું હતું.[૧૩] એવા અપાર મહિમાવાળા હે નાથ ! સર્વના નિયંતા તમે પોતાને અતિ વ્હાલા એવા નરના અવતારરૂપ અર્જુનની સાથે હસ્તિનાપુરમાં અનેક લીલા કરી પ્રિય પત્ની દ્રૌપદીએ સહિત યુધિષ્ઠિરાદિ પાંડવોનું પ્રિય કર્યું હતું.[૧૪] એવા હે પ્રભુ ! તમે બુદ્ધાવતાર ધારણ કરી દૈત્યોને મોહ ઉપજાવ્યો હતો. અને હવે કલિયુગના અંતે કલ્કિ અવતાર ધારણ કરી તમે પૃથ્વી ઉપર રહેલા દુષ્ટજનોનો વિનાશ કરશો.[૧૫] એવા હે નાથ ! તમે પૃથ્વી ઉપર પોતાના શરણાગત ભક્તજનોની આપત્તિઓને વારંવાર હરો છો, તમે સાધુ, બ્રાહ્મણનું હિત કરનારા છો, અને અતિ સમર્થ છો, તેથી અત્યારે તમો અમારા ઉપર મોટી કૃપા કરો જેથી અમારું સર્વે સંકટ દૂર થાય.[૧૬]**

**ભક્તિદેવીએ કરેલી શ્રીકૃષ્ણભગવાનની સ્તુતિઃ-** **સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સાક્ષાત્ ભગવાનનાં દર્શન થવાથી જેનાં નેત્રોમાં હર્ષનાં અશ્રુઓ આવેલાં છે એવા ધર્મદેવ ઋષિમુનિઓની સાથે ભગવાન શ્રીપુરુષોત્તમનારાયણની સ્તુતિ કરી મૌન થયા.[૧૭] ત્યારપછી ભક્તિદેવી દિવ્ય શરીરધારી એવા ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન કરી અતિ હર્ષથી બન્ને હાથ જોડી ભગવાનને પ્રણામ કર્યા.[૧૮] આ વૃંદાવનમાં ભગવાન શ્રીકૃષ્ણના ભક્તાધિનપણાના ગુણનો વિચાર કરતાં ભક્તિદેવીની આંખોમાં હર્ષનાં આંસુઓ**

भक्तिरुवाच -

आनन्दमानन्दकरं दयालुं वन्दारुमन्दारपदारविन्दम् ।
तं नन्दगोपस्य च नन्दनं त्वां वन्दे सदानन्दितभक्तवृन्दम् ॥ २०
मुकुन्दमानन्दनिधिं वदन्तं नन्दालये काकलिकाममन्दम् ।
हैयङ्गवीनं गमयाम्ब ! मेति वन्दे यशोदाङ्कगतं बृहत्त्वाम् ॥ २१
उलूखलेयो नवनीतचौर्ये यशोदया कोपितया बबन्धे ।
दरत्रपानम्रमुखोऽश्रुनेत्रस्तं त्वां भजे भीतदृगीक्षिताम्बम् ॥ २२
यः स्तोभितोऽगायत गोपिकाभिर्ननर्त भूयो बिभराम्बभूव ।
उन्मानकं पीठकपादुके तं वन्दे क्षिपन्तं च भुजौ तदग्रे ॥ २३
गोपालबालैः कृतखेलनाय गोवत्ससञ्चारणतत्पराय ।
वंशीरवानन्दितगोकुलाय नमोऽस्तु ते नर्तितमर्कटाय ॥ २४

---

છલકાયાં અને શરીર પુલકિત થયું. તેથી રોમાંચિત થઈને ગદ્‌ગદ્ કંઠે શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યાં.[૧૯] હે ભગવન્ ! આપનું સ્વરૂપ સદાય આનંદમય છે. આપ ભક્તજનોને પણ ઈચ્છિત મહાસુખ આપી આનંદ આપો છો, દયાળુ છો. આપનાં શ્રીચરણો વંદન કરનાર ભક્તજનો માટે કલ્પવૃક્ષની સમાન મનોરથ પૂર્ણ કરનારાં છે, તેથી ભક્તજનોના સમુદાયને સદાય આનંદ પમાડનારા નંદનંદન! તમારા ચરણોમાં હું ભક્તિ, વંદન કરું છું.[૨૦]

તમે ભક્તજનોને મુક્તિ આપનારા હોવાથી વેદો તમને મુકુંદ અને આનંદના સાગર કહે છે. છતાં ભક્તજનો ઉપર વાત્સલ્યભાવ હોવાથી નંદજીના ભવનમાં મા યશોદાજીના ખોળામાં બેસીને અસ્પષ્ટ કાલીઘેલી મધુર વાણીથી 'હે મા ! મને માખણ આપ' એ પ્રમાણે યાચના કરનારા પરબ્રહ્મ આપના શ્રીચરણોમાં હું ભક્તિ વંદન કરું છું.[૨૧] તમે માખણની ચોરી કરી તેથી ક્રોધે ભરાયેલાં મા યશોદાજી તમને ખાંડણીયા સાથે બાંધ્યા અને તે સમયે ભય અને લાજથી નીચું મુખ કરી અશ્રુઓ સાથે ભયભીત થયેલી આંખોથી મા યશોદાજીની સામે જોઈ રહેલા આપને હું કાયા, મન અને વાણીથી સપ્રેમ ભજું છું.[૨૨]

વળી તમે ગોપીઓના હાથની તાળીથી પ્રોત્સાહિત થઈ વારંવાર ગાયન કરો છો, અને વારંવાર સુંદર નૃત્ય કરો છો, ત્યારે કેવા શોભો છો! વળી ગોપીઓ કહે, કાના, આ દાણ આપવાનું માણું લાવી આપો તો, આ બાજોઠ લાવો તો, આ

वृन्दावने गोधनचारणाय गोवर्धनेनावितगोकुलाय ।
कृष्णाय गोपीजनवल्लभाय नमोऽस्तु राधारमणाय तुभ्यम् ॥ २५
स्वेक्षोद्धृतानेकचराचराय जिघांसुदैतेयविमुक्तिदाय ।
अघौघसद्यःक्षयकारिनाम्ने तुभ्यं नमः स्कन्धविलम्बिदाम्ने ॥ २६
वृन्दावने पूर्णशशाङ्करम्ये निशासु सर्वास्वपि शारदीषु ।
योऽरीरमद्गोपवधूरनेकास्तावद्वपुस्तं प्रणमाम्यहं त्वाम् ॥ २७
ब्रह्मेशेन्द्रशशाङ्कगीष्पतिमुखब्रह्मर्षिजेतृत्वतः ।
कामं वाममखर्वगर्वनिभृतं रासोत्सवे सङ्गतम् ॥
क्रीडां वल्लववल्लभाभिरभितः शृङ्गारशास्त्रोदितां ।
कुर्वन्नेव जिगेथ नाथ ! शरणं प्राप्ताऽस्मि तं त्वामहम् ॥ २८

---

**પાદુકા લાવી આપો તો. ત્યારે વસ્તુઓ લાવવા માટે અસમર્થ હોય તેમ બાજોઠ આદિને પકડી આમ તેમ ઘોડો કરીને પછી કહેતા, ના. હું નહિ લઈ આવું, તું લઈ લે, એમ કહીને હાથ સહિત ખભાને નકારમાં ઉલાળતા એવા આપના શ્રીચરણોમાં હું ભક્તિ વંદન કરું છું.[૨૩] પોતાની સમાન વયના ગોપબાળકો સાથે ખેલકૂદ કરનારા, ગામના પાદરમાં લઈ જઈ ગાયના વાછરડાંઓને ચારવામાં તત્પર બનેલા, બંસીના નાદથી સમગ્ર ગોકુળને આનંદિત કરનારા તથા જનાવરોને નાચ નચાવનારા હે બાલકૃષ્ણ ! તમને હું નમસ્કાર કરું છું.[૨૪] વૃંદાવનમાં ગોધન ચારનારા, ટચલી આંગળી ઉપર ગોવર્ધન પર્વત ધારણ કરી ગોકુળનું રક્ષણ કરનારા, ગોપીજનોને અતિશય પ્રિય અથવા ગોપીઓ જેને અતિ પ્રિય છે એવા તથા શ્રીરાધાની સાથે રમણ કરનારા તેમજ ભક્તજનોના ચિત્તને પોતા તરફ આકર્ષણ કરી લેનારા આપને હું નમસ્કાર કરું છું.[૨૫]**

**અત્યંત દયાથી ભરપૂર પોતાની દૃષ્ટિમાત્રથી ચરાચર અનંત જીવોનો ઉદ્ધાર કરનારા, પોતાને મારવા આવતા દૈત્યોને પણ મુક્તિ આપનારા, પાપના સમૂહોનો તત્કાળ વિનાશ કરી નાખે તેવા નામને ધારણ કરનારા તથા ખભા ઉપર ગાયોને બાંધવાના દામણાંને ધારણ કરી રહેલા આપને હું નમસ્કાર કરું છું.[૨૬] સોળે કળાએ ખિલેલા પૂર્ણિમાના ચંદ્રમાના તેજથી અતિશય રમણીય બનેલા એવા વૃંદાવનમાં શરદઋતુની સર્વ રાત્રીઓમાં જેટલી ગોપાંગનાઓ તેટલાં સ્વરૂપો ધારણ કરી તેઓની સાથે રાસલીલા કરનારા તમને હું પ્રણામ કરું છું.[૨૭] બ્રહ્મા, શિવ,**

सुव्रत उवाच –

इति स्तुत्वा च तं नत्वा व्यरमत्प्रेमवत्यपि । तानाह भगवान् भक्तास्तुष्टान्मद्वृणुतेप्सितम् ॥ २९
धर्मस्तमूचे भगवन्नसुरैर्मनुजच्छलैः । उपद्रुता भृशं सर्वे वयं त्वां शरणं गताः ॥ ३०
तेभ्यस्तत्कृतदारिद्र्याद्भीतानस्मांस्त्वमेव हि । पातुमेकः समर्थोऽसि ततः पालय केशव ! ॥ ३१
इति ब्रुवन्तं श्रीकृष्णो बद्धाञ्जलिपुटं वृषम् । उवाच धर्म ! मा भैष्ट यूयं दुष्टासुरौघतः ॥ ३२
असुराः सर्व एवैते सन्ति युष्मत्प्रपीडकाः । मयि पूर्वं बद्धवैरा मत्परा भवकामुकाः ॥ ३३
युष्मान्मदीयान्विज्ञाय पीडयन्ति विशेषतः । उपद्रवन्ति देवांश्च सुरामांसनिवेदनैः ॥ ३४

---

**ઈન્દ્ર, ચંદ્ર, બૃહસ્પતિ આદિ બ્રહ્મર્ષિઓને જીતી લેવાથી મહા ગર્વિષ્ઠ બનેલા અને તમને જીતવા રાસોત્સવમાં આવેલા અને વક્રદષ્ટિથી તમારી સામે જોઈ રહેલા કામદેવનો તમે ગોપાંગનાઓથી ચારે તરફ વીંટળાઈને શૃંગારરસ શાસ્ત્રમાં બતાવેલી સર્વે ક્રિડા કરીને પણ પરાજય કરનારા આવા સમર્થશાળી હે નાથ ! તમારા શરણને હું પામી છું. તમે મારું કષ્ટ થકી રક્ષણ કરો.[૨૮] હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરી નમસ્કાર કરી પ્રેમવતી વિરામ પામ્યાં. ત્યાર પછી સ્વયં ભગવાન ધર્મ-ભક્તિ અને મરીચ્યાદિ મુનિઓ પ્રત્યે કહેવા લાગ્યા, હે ભક્તજનો ! તમારા ઉપર હું ખૂબ પ્રસન્ન થયો છું, તમે મારા થકી ઇચ્છિત વરદાન માગો.[૨૯] ત્યારે ધર્મદેવ કહેવા લાગ્યા, હે ભગવન્ ! મનુષ્યયોનિમાં જન્મેલા અસુરો થકી અમે અત્યંત પીડા પામ્યા છીએ, અને તેથી સર્વે અમે મહાદયાળુ આપના શરણે આવ્યા છીએ. હે કેશવ ! તે અસુરો થકી અને તેઓએ આપેલા દારિદ્રયના દુઃખ થકી ભય પામેલા અમારું રક્ષણ કરવા માટે તમે એક જ સમર્થ છો, માટે અમારી રક્ષા કરો.[૩૦-૩૧]**

**પુત્રરૂપે પ્રગટ થવાનું શ્રીકૃષ્ણ ભગવાને આપેલું વરદાનઃ-** **આ પ્રમાણે બે હાથ જોડી કહી રહેલા ધર્મદેવ પ્રત્યે ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં કહેવા લાગ્યા, હે ધર્મ ! દુષ્ટ અસુરોના સમુદાયથી તમે ભય ન પામશો. તમને પીડનારા તે સર્વે અસુરો પૂર્વે કૃષ્ણ-અવતારથી જ મારી ઉપર વૈર રાખી મારો પરાભવ કરવા ઈચ્છે છે, અને તમને મારા જાણીને તે સર્વે અસુરો અધિક રીતે પીડે છે તથા દેવતાઓને પણ મારા જાણી સાત્વિક હોવા છતાં તેઓને સુરા, માંસનું નિવેદન કરીને ઉપદ્રવ આપે છે.[૩૨-૩૪]**

भारभूता भुवो ह्येते मदन्येन तु केनचित् । न विनाशयितुं शक्या दम्भच्छादितदुष्क्रियाः ॥ ३५
अतोऽहमेव पुत्रत्वं दम्पत्योर्युवयोर्वृष ! । प्राप्य तन्निग्रहं सम्यक्करिष्यामि न संशयः ॥ ३६
साकं भवद्भिर्मुनिना शप्तोऽस्मि बदरीवने । दुर्वास साहमपि तद्भविष्यामि नराकृतिः ॥ ३७
सपत्नीकस्य ते तेभ्यो मुनीनां चामृतान्धसाम् । कर्तास्मि रक्षणं भद्र ! हरिनाम्नाऽत्रविश्रुतः ॥ ३८
एतैः साकं यथा भक्तैर्विहराम्यत्र सर्वदा । तथैव सह युष्माभी रंस्ये सोऽहं चरन् भुवि ॥ ३९
नाशमेष्यति दारिद्र्यमद्यारभ्य तवानघ ! । धनधान्यादिसम्पच्च भाव्या ते पूर्वतोऽधिका ॥ ४०
शापाद्दुर्वाससो युष्मान्मोचयिष्यामि च द्रुतम् । धर्ममेकान्तिकं क्षीणं प्रथयिष्यामि सर्वथा ॥ ४१
मन्मन्त्रस्य जपं येऽत्र करिष्यन्ति भवानिव । पाठं च श्रीभागवतपुराणादेर्विधानतः ॥ ४२
तेषां मनोरथः सर्वः सिद्धिं प्राप्स्यति निश्चितः । देहान्ते धाम परमं मम प्राप्स्यन्ति ते ध्रुवम् ॥ ४३

---

હે ધર્મ ! દંભાચારથી દુરાચારને ઢાંકનારા આ અસુરો પૃથ્વીના ભારરૂપ છે, અને મારા વિના બીજા કોઈથી પણ તેમનો વિનાશ શક્ય નથી, તેથી હે ધર્મ-ભક્તિ ! તમારે ત્યાં હું પુત્રરૂપે પ્રગટ થઈશ અને તે સર્વે અસુરોનો હું સર્વપ્રકારે નિગ્રહ કરીશ, તેમાં કોઈ જાતનો સંશય નથી.[૩૫-૩૬] તમારી સાથે મને પણ બદ્રિકાશ્રમમાં દુર્વાસામુનિનો શાપ થયો છે, તેથી હું પણ મનુષ્યરૂપે અવતરીશ. માટે હે કલ્યાણમૂર્તિ ધર્મ ! આ પૃથ્વી પર હું "હરિ" એવા નામથી વિખ્યાત થઈશ, અને તમારા પુત્રપણાને પામેલો હું પત્ની ભક્તિદેવીએ સહિત તમારું, આ ઋષિમુનિઓનું અને દેવતાઓનું તે અસુરો થકી રક્ષણ કરીશ.[૩૭-૩૮] જેવી રીતે અહિં દિવ્ય વૃંદાવનને વિષે હું આ ભક્ત સમુદાયની સાથે સદાય વિચરું છું, તેમ મનુષ્યરૂપે પૃથ્વી ઉપર તમારી સાથે સદાય વિચરણ કરીશ. હે નિષ્પાપ ! આજથી આરંભીને તમારું દારિદ્રય નાશ પામશે અને ધન, ધાન્ય આદિ સંપત્તિ પહેલાં હતી તેના કરતાં અધિક પ્રાપ્ત થશે.[૩૯-૪૦] તમને દુર્વાસાના શાપ થકી તત્કાળ મુક્ત કરીશ અને ક્ષીણ થઈ ગયેલા એકાંતિક ભાગવત ધર્મનું સર્વપ્રકારે પ્રવર્તન કરીશ.[૪૧]

**જપાત્મક વિષ્ણુયાગનું ફળ:–** હે ધર્મ ! આલોકને વિષે તમારી જેમ જે કોઈ પણ અન્ય પુરુષો આ મારા અષ્ટાક્ષરમંત્રનો જપ કરી પુરશ્ચરણ વિધિપૂર્વક કરશે તથા શ્રીમદ્ ભાગવત પુરાણ કે ભગવદ્ગીતા આદિનો પાઠ વિધિપૂર્વક કરશે તેના સકલ મનોરથો નિશ્ચય સિદ્ધ થશે અને દેહના અંતે નિશ્ચય મારા પરમ ધામને પામશે, તેમજ મારા શ્વેતદ્વીપ, વૈકુંઠ અને ગોલોકધામને વિષે જે ઐશ્વર્ય અને ભોગો રહેલા છે તે સર્વેની તેમને નિશ્ચે પ્રાપ્તિ થશે.[૪૨-૪૪]

श्वेतद्वीपे च वैकुण्ठे गोलोके धाम्नि ये मम । ऐश्वर्यभोगास्तान्सर्वान्प्राप्स्यन्त्येव हि ते ध्रुवान् ॥ ४४
इति वृषमभिधाय सर्षिवृन्दं कृतकरुणोऽत्र तिरोदधे स कृष्णः ।
प्रमुदित ऋषिभिः सहाथ धर्मो व्रतविधिमाशु समापयांबभूव ॥ ४५

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मादिकृतश्रीकृष्णस्तुतिवरप्रदाननिरूपणनामैकोनविंशोऽध्यायः ॥१९॥*

---

**विंशोऽध्यायः**

**सुव्रत उवाच -**

जपात्मकं विष्णुयागं यथाशक्ति समाप्य ते । विदधुः पारणां भूप ! कृष्णेक्षणमहामुदः ॥ १
ततस्ते संविदं चक्रुः स्थित्वैकत्र परस्परम् । कस्याप्यग्रे कदाप्येतद्वृत्तं वाच्यं न नस्त्विति ॥ २

**સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! કરુણા કરનારા કરુણાનિધિ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ ઋષિઓના વૃંદે સહિત ધર્મદેવને આ પ્રમાણે કરુણાનાં વાક્યો કહીને અંતર્ધાન થયા, ત્યાર પછી અત્યંત ખુશ થયેલા ઋષિઓની સાથે ધર્મદેવ પુરશ્ચરણનો વ્રતવિધિ તત્કાળ સમાપ્ત કર્યો.[૪૫]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ધર્મદેવ અને ઋષિમુનિઓએ તથા ભક્તિદેવીએ કરેલી સ્તુતિ અને ભગવાન શ્રીકૃષ્ણે આપેલા વરદાનનું નિરૂપણ કર્યું એ નામે ઓગણીસમો અધ્યાય પૂર્ણ થયો. --૧૯--***

---

## અધ્યાય - ૨૦

## અસુરોના ભયે ભગવાનના વરદાનને ગુપ્ત રાખવાનો નિર્ણય કરી ઘર તરફ પ્રયાણ.

સુવ્રત મુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાનના પ્રત્યક્ષ દર્શન અને વરદાનથી મહા આનંદને પામેલા ધર્માદિ મુનિઓએ જપાત્મક વિષ્ણુયાગની શક્તિ અનુસાર કરેલા વિધિથી પૂર્ણાહુતિ કરીને બારસનાં પારણાં કર્યાં.[૧] ત્યાર પછી એકાંત સ્થળમાં બેસી પરસ્પર નિર્ણય કર્યો આ કે વૃત્તાંત આપણામાંથી કોઈએ

प्रादुर्भूते तु कृष्णेऽत्र गोप्तुं शक्येत केन तत् । तदा तु कापि नैवास्ति चिन्ता यत्सोऽस्त्यधीश्वरः ॥३
विधायेत्थं संविदं ते मिलित्वा च परस्परम् । नमस्कृत्य च सर्वेऽपि स्वं स्वं स्थानं ततो ययुः ॥४
महर्षीणां च धर्मस्य पूर्वजन्मस्मृतिस्त्विह । आसीत्क्वचित्क्वचिद्राजन्न तु नित्यं हरीच्छया ॥ ५
धर्मः सभार्यः सम्प्रीतः सम्पूर्णस्वमनोरथः । गच्छन्स्वग्राममापेदे पुनस्तन्नैमिषं वनम् ॥ ६
तत्रारण्ये चरन्तौ तौ वृक्षजालसमाकुले । आगच्छतोऽसुरान् कांश्चिद्दृष्ट्वा तां जहतुः सृतिम् ॥ ७
महामार्गस्मृतिर्नष्टा प्रान्तरे भ्रमतोस्तयोः । इयाय भानुमानस्तं ग्रामः प्राप्तो न कश्चन ॥ ८
निषेदतुस्तौ तत्रैव क्व यावो ध्वान्त इत्युभौ । युक्तौ धैर्येण महता क्षुधितौ तृषितौ नृप ! ॥ ९

तौ तत्र दैवादुपयातमेकमपश्यतां कञ्चन मेघनीलम् ।
तपस्विनं नक्तविवृत्तनेत्रं जटाधरं रौद्रवपुःकरालम् ॥ १०

---

પણ કોઈ પણ મનુષ્યની આગળ ક્યારેય પણ કહેવું નહિ.[૨] અને ભગવાન જ્યારે આ પૃથ્વી ઉપર પ્રગટ થશે ત્યારે કોઈનાથી પણ આ વાત છૂપી રહેશે નહિ. અને ત્યારે તો કોઈ પણ જાતની ચિંતા નહિ રહે. કારણ કે ભગવાન તો અધીશ્વર છે. (તે બધુંય કબજે કરવા સમર્થ છે. તેથી અસુરોના ભયની શંકાનો કોઈ લેશ નહિ હોય.)[૩]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પરસ્પર નિર્ણય કરી એક બીજાને પરસ્પર ભેટીને નમસ્કાર કરીને સર્વે ધર્માદિ મુનિઓ પોતપોતાના સ્થાને જવા નીકળ્યા.[૪] હે રાજન્ ! ધર્મ તથા મુનિઓને હરિઈચ્છાથી ક્યારેક ક્યારેક પોતાના પૂર્વ જન્મની સ્મૃતિ થઈ આવતી, પણ સર્વકાળ તે જ્ઞાન રહેતું નહિ.[૫] પોતાનાં પત્ની ભક્તિદેવીની સાથે પ્રસન્ન અને પૂર્ણકામ એવા ધર્મદેવ પોતાને ગામ પાછા ફરતાં ફરી નૈમિષારણ્ય ક્ષેત્રમાં આવ્યા.[૬] સઘન વૃક્ષોથી ઘેરાયેલા આ ઘોર જંગલમાં ચાલ્યાં જતાં ધર્મ અને ભક્તિએ માર્ગમાં અસુરોને આવતા જોઈ તે માર્ગને છોડી દીધો, અને આગળ જતાં બંધ પડી જતી પગકેડીએ ચાલતાં ધર્મ-ભક્તિને મુખ્ય માર્ગનું ભાન ભૂલાઈ ગયું, તેવામાં સૂર્યાસ્ત થયો અને કોઈ ગામ આવ્યું નહિ. હે રાજન્ ! ભૂખ્યાં તરસ્યાં બન્ને જણ મહા ધીરજ રાખી આ ઘોર અંધારી રાતમાં આપણે ક્યાં જશું ? આવું વિચારીને ત્યાં ને ત્યાં જ બેસી રહ્યાં.[૭-૯]

**આસુરી અશ્વસ્થામાનો ધર્મ–ભક્તિને શાપઃ–** હે રાજન્ ! તેવામાં તે બન્નેએ દૈવી ઈચ્છાથી ત્યાં આવી પહોંચેલા કોઈ એક તપસ્વીને જોયો, તે મેઘ સમાન શ્યામ શરીરવાળો, લાલચોળ પહોળાં નેત્રોવાળો, જટાધારી, ભયંકર

खल्वाटशीर्षं धृतवर्णिवेषं तं सिद्ध एवायमिति प्रणम्य ।
बद्धाञ्जलिस्तत्पुरतः स तस्थौ धर्मस्तमूचे वचनं तपस्वी ॥ ११
कस्त्वं सभार्यो भ्रमसि प्रदोषे दुर्गेऽपि कान्तार इहासि धीरः ।
यथावदेतत्कथयाऽऽशु सर्वमितीरितस्तेन जगाद धर्मः ॥ १२
विप्रोऽस्म्यहं कोसलदेशजन्मा देवाभिधो वैरिभयातिखिन्नः ।
भृशं दरिद्रश्च विहातगेहो वृन्दावनं क्षेत्रमगां हि वर्णिन् ! ॥ १३
आराध्य कृष्णं जपविष्णुयागविधानतः प्राप्य वरं च तस्मात् ।
व्रजन् गृहं दैववशाच्च्युताध्वा भ्रमन् भवन्तं मुदितोऽस्मि दृष्ट्वा ॥ १४
कृष्णाभिधानश्रवणोत्थमन्युर्भूयः स वर्णी तमुवाच धर्मम् ।
कृष्णाद्वरः को भवताऽऽप्त एतद्ब्रूहीत्यथोवाच तपस्विनं सः ॥ १५
कृष्णं प्रसन्नं प्रति सर्वमुक्तं मयाऽऽत्मदुःखं विहितं सपत्नैः ।
तदा स मामाह तवारयस्तु सन्ति क्षमायामसुरा हि सर्वे ॥ १६

---

**બિહામણાં શરીરવાળો, મસ્તક ઉપર ટાલવાળો અને બ્રહ્મચારીના વેષને ધરી રહેલો હતો, તેને કોઇ સિદ્ધપુરુષ માની ધર્મ-ભક્તિ ઉભા થઇ પ્રણામ કર્યા, ધર્મદેવ તેમની સામે હાથ જોડી ઉભા રહ્યા ત્યારે તે તપસ્વી ધર્મદેવને પૂછવા લાગ્યો.[૧૦-૧૧] આ ભયંકર જંગલમાં સંધ્યા સમયે પત્નીની સાથે વિચરનારા ધીરપુરુષ તમે કોણ છો ? જે હો તે મને તત્કાળ સાચું કહો. આ પ્રમાણે તપસ્વીના પૂછવાથી ધર્મદેવ કહેવા લાગ્યા.[૧૨] હે વર્ણિન્ ! હું કૌશલદેશનો બ્રાહ્મણ છું, દેવશર્મા મારું નામ છે. શત્રુઓના ભયથી હું અતિદુઃખી છું, તેમજ અત્યંત દરિદ્ર છું, તેથી ઘરબારનો ત્યાગ કરી વૃંદાવન તીર્થક્ષેત્રમાં ગયો હતો.[૧૩] ત્યાં જપાત્મક વિષ્ણુયાગના અનુષ્ઠાનથી ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરી. ત્યારે પ્રગટ થયેલા તેમના થકી વરદાન મેળવી અમારે ઘેર પાછો જઇ રહ્યો છઉં, દૈવવશાત્ મુખ્યમાર્ગ ભૂલાયો તેથી આ ભયંકર જંગલમાં ભટકી ગયો છું, અને આવા સમયે આપનું દર્શન અમને થયું, તેથી બહુ જ આનંદ થયો.[૧૪] પોતાના પૂર્વના વેરી શ્રીકૃષ્ણનું નામ સાંભળતાંજ તપસ્વીનો ક્રોધ ભભૂકી ઉઠ્યો ને ફરી ધર્મદેવને પૂછવા લાગ્યો, હે વિપ્ર ! શ્રીકૃષ્ણ થકી તમને કયું વરદાન પ્રાપ્ત થયું છે ? તે મને કહો. તેમનાં વચન સાંભળી ધર્મદેવ તે તપસ્વી પ્રત્યે કહેવા લાગ્યા.[૧૫]**

**હે બ્રહ્મચારી ! પ્રસન્ન થયેલા ભગવાન શ્રીકૃષ્ણને અસુરોએ આપેલાં સર્વ દુઃખનું મેં નિવેદન કર્યું, ત્યારે ભગવાને મને કહ્યું, જે આ પૃથ્વી ઉપર તમારા**

तिष्यावतारस्य सुयोधनस्य साहाय्यकर्तार इमे पुराऽऽसन् ।
भीमार्जुनाद्यैर्युधि तेषु केचिद्धता मया केऽपि बलेन चान्ये ॥ १७
तत्रापि ये वैरधिया मदीयं सम्बन्धमापुर्भुवि वीक्षणादिम् ।
प्रपेदिरे ते तु निजेष्टमुक्तिं दैत्यास्तथा दानवराक्षसाश्च ॥ १८
मृताश्च ये वैषयिके सुखेऽत्र निबद्धतर्षा दृढवासनाश्च ।
मद्वैरभाजः खलु तेऽद्यजाताः सन्ति क्षमायामसुराः पुनश्च ॥ १९
त्वां धर्मनिष्ठं ननु धर्ममेव विदन्त एते च मदीयरूपम् ।
मद्वैरनिर्यातनभूरिकामा रुजन्ति चान्यानपि मामकीनान् ॥ २०
तवैव पुत्रत्वमुपेत्य तस्मात्तान्नाशयिष्यामि किलामरारीन् ।
वरं प्रदायेत्थमभूत्तिरोऽसावहं व्रजन् स्वालयमागतोऽत्र ॥ २१

**सुव्रत उवाच –**

कृष्णोत्कर्षमयीमित्थं स्वापकर्षोपलक्षणाम् । श्रुत्वा धर्मगिरं सोऽभूदतिकोपाकुलो नृप ! ॥ २२

---

શત્રુઓ છે તે સર્વે અસુરો છે, અને તેઓએ પૂર્વે કલિયુગના અવતારરૂપ એવા દુર્યોધનને સહાય કરી હતી, તેમાંથી કેટલાક અસુરો યુદ્ધને વિષે ભીમ અને અર્જુન આદિના હાથે મરાયા. કેટલાકનો મેં અને બલરામે વિનાશ કર્યો, તેમાંથી પણ જે અસુરો વૈરબુદ્ધિથી પણ મારાં દર્શન કે સ્પર્શ કરવારૂપ સંબંધને પામ્યા તે સર્વે દૈત્યો, દાનવો અને રાક્ષસો પોતાને ઈચ્છિત મુક્તિને પામ્યા, તથા જે અસુરો માયિક પંચવિષયોના સુખમાં જ એક તૃષ્ણા બાંધી દૃઢ વાસનાએ સહિત મૃત્યુ પામ્યા તે સર્વે અસુરો મારી સાથે વૈર રાખીને ફરી અત્યારે પૃથ્વી ઉપર જન્મ્યા છે.[૧૬-૧૯]

અત્યારે ભૂમિપર ઉત્પન્ન થયેલા તે સર્વે અસુરો મારી સાથે વૈર લેવાની અતિશય ઈચ્છાવાળા હોવાથી ધર્મ જ ભગવાનનું સ્વરૂપ છે, એમ જાણી ધર્મનિષ્ઠ એવા તમને પીડે છે, તથા અન્ય મારા મરિચ્યાદિક મુનિઓને પણ પીડે છે. એજ કારણથી હું તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થઈ દેવતાઓના શત્રુ એવા એ સર્વે અસુરોનો વિનાશ કરીશ. હે બ્રહ્મચારી ! મને આ પ્રમાણે વરદાન આપી ભગવાન અંતર્ધાન થયા, ત્યારપછી હું મારા ઘર પ્રત્યે જતાં અહિ નૈમિષારણ્યના જંગલમાં આવ્યો છું.[૨૦-૨૧]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણનો ઉત્કર્ષ અને પોતાનો તથા પોતાના મિત્ર દૂર્યોધન આદિનો અપકર્ષ જણાવનારી

दहन्निव दृशा धर्ममधरं च रदैर्दशन् । उवाच विप्र ! पुत्रस्ते स कृष्णो भविता ध्रुवम् ॥ २३
तस्य सर्वान् गुणान्दोषानद्याहं वेद्मि नापरः । अस्मत्प्रियस्याप्रियकृत्स दुर्योधनभूभुजः ॥ २४
मह्यं तेन महद्दुःखं पार्थसारथिना ददे । दुर्योधनसखं मां तु विद्ध्यश्वत्थामसंज्ञितम् ॥ २५
मत्प्रियासुरसङ्घस्य प्रीतयेऽतो मया द्विज ! । शाप उत्सृज्यते पूर्ववैरनिर्यातनाय वै ॥ २६
स ते पुत्रो न शक्नोतु शस्त्रं धारयितुं क्वचित् । विना येन भवेन्नैव निजवैरिविनाशनम् ॥ २७
शूरो महानपि पुमान्नीतिशास्त्रार्थवेद्यपि । विना शस्त्रं शत्रुवधे क्षमते न कदाचन ॥ २८
उल्लङ्घ्य स तु मद्वाक्यं धारयिष्यति कर्हिचित् । शस्त्रं चेत् प्राप्स्यति तदा स्ववैरिभ्यः पराभवम् । २९
शप्त्वेत्थमभवद्द्रौणिरदृश्योऽथ द्विजौ वने । तच्छापचिन्तया खेदं प्राप्नुतः स्म भृशं नृप ! ॥ ३०
अपारविपदम्भोधौ मग्नयोरसहाययोः । कृष्णेच्छालब्धमेकं हि धैर्यं तरणितां ययौ ॥ ३१
स्त्रीस्वभावात्खिद्यमानां धर्मः प्रेमवतीं तदा । उवाच भद्रे ! सिद्धं नः कार्यं दैवेन विघ्नितम् ॥ ३२

---

**ધર્મદેવની વાણી સાંભળીને તે તપસ્વી અતિશય ક્રોધથી આકુળ વ્યાકુળ થયો, અને પોતાની દૃષ્ટિથી ધર્મ-ભક્તિને જાણે હમણાંજ બાળી દેશે કે શું ? એમ ધખતો થકો દાંતથી હોઠને દબાવી તે તપસ્વી ધર્મદેવને કહેવા લાગ્યો, હે વિપ્ર ! તે કૃષ્ણ ભલે તમારો પુત્ર થાય. તેના સર્વે ગુણ અને દોષને હું જાણું છું પણ બીજાને એની ખબર નથી, મારા પ્રિય મિત્ર રાજા દુર્યોધનનું તે અપ્રિય કરનારો છે, અર્જુનના સારથી એ કૃષ્ણે મને અતિશય દુઃખ આપ્યું છે, હું દુર્યોધનનો મિત્ર અશ્વત્થામા છું, એમ તમે જાણો. હે બ્રાહ્મણ ! મને પ્રિય એવા અસુર સમુદાયને રાજી કરવા માટે અને મારા પૂર્વના વૈરનો બદલો લેવા માટે હું તમને શાપ આપું છું કે ''તારા પુત્રરૂપે જન્મનારો એ કૃષ્ણ ક્યારેય પણ હથિયાર ધારણ નહિ કરે'' અને અરે !!! હે બ્રાહ્મણ ! શસ્ત્રધાર્યા વિના પોતાના શત્રુઓનો વિનાશ થવાનો નથી, કારણ કે મહાન શૂરવીર પુરુષ હોય, નીતિશાસ્ત્રના અર્થને સારી પેઠે સમજતો હોય, છતાં પણ શસ્ત્ર વિના શત્રુને મારવા સમર્થ થતો નથી. કદાચ તારો પુત્ર તે કૃષ્ણ મારાં વચનનો અનાદર કરી શસ્ત્ર ધારણ કરશે તો ઉલટાનો પોતાના શત્રુઓ થકી પરાભવ પામશે.**[૨૨-૨૯]

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! દ્રોણપુત્ર તે અશ્વત્થામા આ પ્રમાણે શાપ આપી અદૃશ્ય થયો, ત્યારપછી ઘોર જંગલમાં રહેલાં ધર્મ-ભક્તિ અશ્વત્થામાના શાપની ચિંતામાં અત્યંત દુઃખી થયાં.**[૩૦] **અપાર વિપત્તિના મહાસાગરમાં ડૂબેલાં ધર્મભક્તિને કોઈ સહારો મળ્યો નહિ ત્યારે છેલ્લે હરિ ઈચ્છાએ એક માત્ર**

सर्वविघ्ननिवृत्त्यर्थं व्रतं गणपतेः सति ! । प्रोक्तमस्ति पुराणेषु स्वमनोरथसिद्धिदम् ॥ ३३
वैवाहिकोत्सवान्ते चाप्यावयोः स्वपुरं व्रजन् । एतद्व्रतं कार्यमिति मत्पिताप्यादिदेश माम् ॥ ३४
श्रीकृष्णस्यावतारो हि प्रोक्तोऽस्ति गणनायकः । अतस्तस्य व्रतं नृणां सर्वसङ्कष्टनाशनम् ॥ ३५
भाद्रशुक्लचतुर्थ्यां तत्करिष्यावोऽनुवत्सरम् । तेन तुष्टः सः विघ्नेभ्यो रक्षणं नौ करिष्यति ॥ ३६
एवं तौ नियमं विप्रौ मनसा चक्रतुर्नृप ! । भक्तिमूचे पुनर्धर्मो दुःखशोकहरं वचः ॥ ३७
दुःखमेतादृशं भूमावावाभ्यामेव सुन्दरि ! । प्राप्तमित्येव मा मंस्था यतो दुःखमयं जगत् ॥ ३८
पुरा श्रीरामचन्द्रेण सह पत्न्या च बन्धुना । भुक्तमीशेनापि दुःखं वनवासवता भृशम् ॥ ३९

---

ધીરજરૂપી નાવ પ્રાપ્ત થઈ. તેમાં બેસી સમય પ્રસાર કરવા લાગ્યાં. તે સમયે સ્ત્રી સ્વભાવને કારણે અત્યંત ખેદ કરતાં પ્રેમવતીને ધર્મદેવ કહેવા લાગ્યા, હે કલ્યાણી ! આપણાં સિદ્ધ થયેલાં કાર્યમાં દુર્ભાગ્યે વિઘ્ન કર્યું.[૩૧-૩૨]

**ગણપતિવ્રતની પ્રતિજ્ઞાઃ–** હે સતિ ! સર્વ પ્રકારનાં વિઘ્નોની નિવૃત્તિને અર્થે સકલ મનોરથ પૂર્ણ કરનાર ગણપતિજીનું વ્રત કરવાનું બ્રહ્મવૈવર્ત આદિ પુરાણોમાં કહેલું છે. હે દેવિ ! આપણો વિવાહ પૂર્ણ થયો પછી ઈટ્ટાર ગામે પાછા ફરી રહેલા મારા પિતા બાલશર્માએ પણ વિઘ્ન સમયે આ વિઘ્નહર્તા ગણપતિનું વ્રત કરવાનો મને આદેશ આપ્યો હતો. આ ગણનાયક ગણપતિદેવ ભગવાન શ્રીકૃષ્ણના અંશાવતાર છે. તે હેતુથી તેમનું વ્રત અનેકવિધ સંકટોનો નાશ કરનાર કહેલું છે. માટે આજથી આરંભીને દર વર્ષે ભાદરવાસુદ ચતુર્થીને દિવસે ગણપતિનું વ્રત આપણે કરશું. જેનાથી પ્રસન્ન થયેલા તે ગણપતિદેવ આપણું અનેક પ્રકારના વિઘ્નોથી રક્ષણ કરશે.[૩૩-૩૬]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે આ વિપ્ર દંપતીએ મનમાં નિશ્ચય કરી આ વ્રત કરવાનું નિયમ ગ્રહણ કર્યું, અને ત્યારપછી ફરી ધર્મદેવ દુઃખ અને શોકને હરનારાં વચનો ભક્તિદેવીને કહેવા લાગ્યા, હે સુંદરી ! પૃથ્વી પર આવું દુઃખ આપણને જ આવ્યું છે એવું તમે ન જાણશો, કારણ કે આ વિશ્વનું સ્વરૂપ જ દુઃખમય છે, (જેવી રીતે ભવ્ય મહેલમાં પણ પ્રજ્વલિત અંગારા ઉપર કોઈ ચાલે ને દાઝે નહિ એ શક્ય છે ? તેમ દુઃખમય પ્રપંચી આ જગતમાં રહેલા આપણા જેવાને ક્યારેય દુઃખ આવે નહિ એ શક્ય નથી.)[૩૭-૩૮]

પૂર્વે વનમાં નિવાસ કરતા ભગવાન શ્રીરામચંદ્રજીએ પણ પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણની સાથે અપાર દુઃખ ભોગવ્યાં છે, આ પ્રમાણે કહીને ધર્મદેવે

इत्युक्त्वाऽकथयत्तस्यै श्रीरामचरितं वृषः । हनुमन्महिमोपेतं निशो यामास्त्रयो गताः ॥ ४०
श्रृण्वती सा तत्र तत्र साहाय्यं जानकीपतेः । मुहुः कृतं हनुमता चिन्तयामास चेतसि ॥ ४१
अहो नः कुलदेवोऽस्ति हनुमान् रामवल्लभः । उपेक्षते सोऽपि कथं समर्थोऽस्मान्महापदि ॥ ४२
हनूमन् ! रक्ष रक्षेति यावद्वदति सा गिरम् । तावत्प्रत्यक्षतां प्राप मारुतिर्विप्ररूपधृत् ॥ ४३
स हि रामकथां रात्रौ कीर्त्यमानां स्त्रियं प्रति । धर्मेण श्रोतुमायातस्तत्रादृश्यो जनैः स्थितः ॥ ४४
प्रत्यक्षीभूय तौ प्राह भक्ते ! धर्म ! व्यथां त्यज । कुलदेवोऽस्मि हनुमान् युष्माकं रक्षिताऽस्मि वः ॥ ४५
द्रौणेः शापेन वां पुत्रो धारयिष्यति नायुधम् । तथापि जेतुं त्रैलोक्यं शक्तो भाव्यः स वै धिया ॥ ४६
भविता सत्वशस्त्रोऽपि सदा वैरिभयोज्झितः । दारिद्र्यदुःखमपि ते नाशयिष्यति निश्चितम् ॥ ४७
इत्युक्त्वा तौ महामार्गं प्रापय्याश्चर्यमानसौ । तिरोबभूव हनुमांस्तौ ततो गन्तुमैच्छताम् ॥ ४८

---

હનુમાનજીના મહિમાના વર્ણનની સાથે ભગવાન શ્રીરામચંદ્રજીના લીલાચરિત્રની કથા ભક્તિદેવીને કહી સંભળાવી, એમ કરતાં રાત્રી ત્રણ પ્રહર વ્યતિત થઈ ગઈ.[૩૯-૪૦] કથાનું શ્રવણ કરતાં ભક્તિદેવીને તે તે કથાપ્રસંગોમાં જાનકીપતિ શ્રીરામચંદ્રજીની હનુમાનજીએ વારંવાર સહાય કરી, તો આપણી કેમ સહાય કરતા નથી ? એમ સહાય માટે વારંવાર હનુમાનજીનું મનમાં સ્મરણ થવા લાગ્યું અરે ! ! ! રામપ્રિય હનુમાનજી તો આપણા કુળદેવ છે, અને મહાસમર્થ હોવા છતાં પણ આ મહાવિપત્તિકાળમાં આપણી ઉપેક્ષા કેમ કરે છે ?.[૪૧-૪૨]

**હનુમાનજીનું પ્રાગટ્યઃ–** હે હનુમાનજી ! અમારી રક્ષાકરો, રક્ષાકરો. આ પ્રમાણે જ્યાં પોકારીને ભક્તિદેવી બોલ્યાં કે તે જ ક્ષણે મારુતિ વિપ્રનું રૂપ ધરીને ત્યાં પ્રત્યક્ષ થયા. રાત્રે જ્યારથી ધર્મદેવ ભક્તિદેવીને રામકથાનું શ્રવણ કરાવતા હતા ત્યારથી જ કોઈ મનુષ્યો જોઈ ન શકે તે રીતે હાજર રહી કથાનું શ્રવણ કરતા હતા. પરંતુ જ્યારે યાદ કર્યા ત્યારે પ્રત્યક્ષ દર્શન આપીને તે હનુમાનજી બન્ને પ્રત્યે કહેવા લાગ્યા, હે ભક્તિ ! હે ધર્મ ! તમે ચિંતાનો ત્યાગ કરો. કારણ કે હું તમારો કુળદેવ હનુમાનજી બેઠો છું, હું તમારું પ્રત્યેક પ્રસંગે રક્ષણ કરીશ.[૪૩-૪૫] અશ્વત્થામાના શાપને કારણે તમારા પુત્ર ભગવાન આયુધ ધારણ કરશે નહિ, છતાં પણ પોતાની શક્તિથી આખી ત્રિલોકીને જીતવા સમર્થ થશે. તેમાં તમારે કોઈ પ્રકારે સંશય કરવો નહિ. શસ્ત્ર વિના પણ તમારો પુત્ર સદાય શત્રુઓના ભયથી રહિત થઈને ફરશે અને તમારા દારિદ્ર્યના દુઃખનો પણ ચોક્કસ વિનાશ કરશે.[૪૬-૪૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે કહી આશ્ચર્યમાં ગરકાવ થયેલાં

तत आरभ्य तावास्तां गतसर्वव्यथौ नृप ! । प्राप्यमाणान्नवस्त्राद्यौ निश्चिन्तौ स्वस्थमानसौ ॥ ४९
महामार्गेण चलितौ पूर्वदृष्टेन निर्भयौ । चिन्तयन्तौ च हृदये श्रीकृष्णं भक्तवत्सलम् ॥ ५०
प्रीणयन्ती पतिं वाक्यैः प्रेम्णा प्रेमवती पथि । वृत्तं हनूमतोऽप्राक्षीच्चिरजीवित्वलेक्षणम् ॥ ५१
निशम्य च निशाम्यापि प्रभावं श्रीहनूमतः । आनन्दः परमो नाथ ! जायते मम चेतसि ॥ ५२
चिरन्जीवी कथं जातः स्वामिन्! पवननन्दनः । दिवं विहाय भूलोके स्थितो नित्यं करोति किम् । ५३
इति प्रीत्या प्रेमवत्याऽऽपृष्टो धर्म उवाच ताम् । हनूमांश्चिरजीव्यस्ति सीतारामप्रसादतः ॥ ५४
निहत्य रावणं युद्धे स्वसैन्यपरिवारितः । एत्यायोध्यां नृपपदमध्यतिष्ठत् स राघवः ॥ ५५
वानरा राक्षसा ऋक्षादिव्यरूपधराः सति ! । तद्वियोगासहास्तत्र न्यवसन्नेकहायनम् ॥ ५६
तं छत्रचामराद्यैस्ते सेवमाना दिने दिने । प्रेमवृद्धिं परां प्रापुर्विस्मृताखिललौकिकाः ॥ ५७

---

તે બન્નેને મહામાર્ગ દેખાડી હનુમાનજી અંતર્ધાન થયા, અને તે બન્ને પણ આગળ પોતાના દેશ તરફ જવા પ્રયાણ કર્યું.[૪૮] ત્યારથી આરંભીને ધર્મ-ભક્તિની સર્વ પ્રકારે ઉપાધિ નાશ પામી. ચિંતા દૂર થઈ. અન્ન, ધન અને વસ્ત્રની પ્રાપ્તિ થઈ અને મન પણ સ્વસ્થ થયું. તથા હૃદયમાં ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં કરતાં નિર્ભય થયાં. પૂર્વે જોયેલા મહામાર્ગને વિષે ચાલ્યાં જાય છે.[૪૯-૫૦] માર્ગમાં ચાલતાં ચાલતાં પ્રેમવતી પ્રેમપૂર્ણ મધુર વચનોથી પતિદેવ ધર્મદેવને પ્રસન્ન કરતાં કરતાં પૂછવા લાગ્યાં કે, હનુમાનજી ચિરંજીવી કેમ છે ? હે નાથ ! હનુમાનજીનો પ્રતાપ તમારા થકી સાંભળીને, તેમજ અત્યારે પ્રત્યક્ષ અનુભવ કરીને મારા મનમાં પરમ આનંદ થયો છે.[૫૧-૫૨] હે સ્વામિન્ ! પવનપુત્ર હનુમાનજી ચિરંજીવી કેવી રીતે થયા ? દિવ્ય ભગવાનનાં વૈકુંઠ લોકને વિષે નહિ જઈને આ પૃથ્વી ઉપર નિરંતર નિવાસ કરીને એ શું કરે છે ?.[૫૩]

**હનુમાનજીના ચિરંજીવીપણાનું કારણઃ–** હે રાજન્ ! આ પ્રકારે પ્રેમથી પ્રેમવતીએ પ્રશ્ન પૂછ્યો, ત્યારે ધર્મદેવ તેમને કહેવા લાગ્યા, હે દેવી ! સીતારામજીની કૃપાથી હનુમાનજી ચિરંજીવી થયા છે.[૫૪] જ્યારે શ્રીરામચંદ્રજી ભગવાન યુદ્ધમાં રાવણને મારી પોતાના સૈન્ય તથા પરિવારની સાથે અયોધ્યા પધાર્યા અને રાજગાદી ઉપર અધિષ્ઠિત થયા, તે સમયે હે સતિ ! ભગવાનનો વિયોગ સહન નહિ કરનારા દિવ્યરૂપધારી સુગ્રીવાદિ વાનરો, વિભીષણાદિ રાક્ષસો અને જાંબુવાન આદિ રીંછો એક વર્ષ સુધી અયોધ્યાનગરીમાં રહ્યા.[૫૫-૫૬] છત્ર, ચામર આદિથી તે રઘુકુલનાયક ભગવાન શ્રીરામચંદ્રજીની સેવા કરતાં તેમના

स्वस्वगृहान्प्रेषयिष्यन्नयातः स्वाग्रतोऽपि तान् । तत्सन्मानं प्रभुश्चक्रे वस्त्रभूषाधनादिभिः ॥ ५८
यथोचितं मानयित्वा सुग्रीवादीन्स वानरान् । किष्किन्धां प्रेषयामास साश्रुनेत्रान्बलाद्विभुः ॥ ५९
तदा गमिष्यन् हनुमान्स्रवत्प्रेमाश्रुलोचनः । परित्यक्तुमशक्तस्तं बद्धाञ्जलिपुटोऽब्रवीत् ॥ ६०
स्नेहो मे परमः स्वामिंस्त्वयि तिष्ठतु नित्यदा । भक्तिश्च नियता वीर ! भावो नान्यत्र गच्छतु ॥ ६१
यावत्तव कथा राम ! प्रचरिष्यति भूतले । तावत्ताः सर्वदा श्रृण्वन् जीवाम्यत्रेति मे रुचिः ॥ ६२
स्थितं किम्पुरुषे खण्डे गन्धर्वा अपि मां सदा । श्रावयेयुः कथा राम ! तवेति मम याचितम् ॥ ६३
त्वत्कथामृतपानेच्छा यथा मे हृदि वर्तते । तथा न दिव्यलोकेच्छा नैश्वर्येच्छा च निश्चितम् ॥ ६४
एवं ब्रुवाणं रामस्तु हनुमन्तं वरासनात् । उत्थाय सस्वजे स्नेहाद्वाक्यमेतदुवाच च ॥ ६५
एवमेतत्कपिश्रेष्ठ ! भविष्यति न संशयः । वरदानेन मे सर्वं सेत्स्यत्येव त्वदीप्सितम् ॥ ६६

---

અંતરમાં દિવસે દિવસે ભગવાનમાં અતિ ગાઢ પ્રેમ ઉત્પન્ન થયો.[૫૭] તેથી સમસ્ત વ્યવહારિક કાર્યોને ભૂલી ગયા, પ્રભુના સાનિધ્યનો ત્યાગ કરી પોતપોતાના ઘર પ્રત્યે જવાની અનિચ્છાવાળા તે સુગ્રીવાદિ સેવકોને ભગવાન શ્રી રામે પરાણે પોતપોતાના ઘેર મોકલવાની ઈચ્છાથી વસ્ત્રો, આભૂષણો અને ધનથી સર્વેનું સન્માન કર્યું. આ રીતે યથાયોગ્ય સન્માન કરાયેલા તે અશ્રુપૂર્ણ નેત્રોવાળા સુગ્રીવાદિ વાનરોને ભગવાન શ્રીરામે પરાણે કિષ્કિંધા મોકલ્યા.[૫૮-૫૯] ત્યારે જવાના સમયે હનુમાનજીનાં નેત્રોમાંથી પ્રેમનાં અશ્રુઓની ધારા વહેવા લાગી અને શ્રીરામચંદ્રજી ભગવાનને છોડીને જવા સમર્થ થયા નહિ. તેથી બે હાથ જોડીને કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! તમારે વિષે મારો સ્નેહ નિરંતર સ્થિર રહો. હે વીર ! અનુવૃત્તિપૂર્વકની ભક્તિ તમારે વિષે અચળ રહો, અને તમારા સિવાય બીજે ક્યાંય પ્રીતિ ન થાઓ.[૬૦-૬૧] હે રામ ! આ ધરતી ઉપર જ્યાં સુધી તમારાં પાવનકારી ચરિત્રોની કથા થયા કરે ત્યાં સુધી તે કથાને સાંભળવા માટે આ લોકમાં હું જીવતો રહું, અને સદાય કથા સાંભળ્યા કરું. એવી મારી ઈચ્છા છે.[૬૨] હે રામ ! કિંપુરુષખંડમાં વસતા ગંધર્વો પણ મને સદાય તમારી કથા સંભળાવ્યા કરે, એવી મારી અંતરની અભિલાષા છે. હે ભગવન્ ! તમારા કથામૃતનું પાન કરવાની જેવી મારા અંતરમાં ઈચ્છા વર્તે છે, તેવી દિવ્ય વૈકુંઠલોકને પામવાની કે અણિમાદિ ઐશ્વર્યોને પામવાની ઈચ્છા થતી નથી. એ નિશ્ચિત વાત છે.[૬૩-૬૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે હનુમાનજીએ કહ્યું, તેથી ભગવાન શ્રીરામચંદ્રજી પોતાની રાજગાદી ઉપરથી તત્કાળ નીચે ઉતરી

इति लब्धवरो रामाद्धनूमानिह सुव्रते ! । रघुनाथकथाप्राणश्चिरजीवी हि वर्तते ॥ ६७
यत्र यत्र कथा भूमौ रामचन्द्रस्य जायते । तत्र तत्राप्यसौ गत्वा श्रृणोति वरदानतः ॥ ६८
त्वत्समीपे मया रात्रौ कथ्यमानां कथामसौ । श्रोतुं नूनमुपायातो यातो दत्त्वा स्वदर्शनम् ॥ ६९
गणेशव्रतसङ्कल्पाद्विघ्ननाशे हनूमता । दत्तं स्वदर्शनं तेन कार्यसिद्धिरभूद्धि नः ॥ ७०
इति भर्तुर्वचः श्रुत्वा प्रीता भक्तिरभून्नृप ! । तया सह यथाशक्ति व्रजन् स्वग्राममाप सः ॥ ७१
सार्धमासेन सम्प्राप्तं स्वग्रामं तं समेत्य च । स्वजना ज्ञातयः सर्वे भृशं मुमुदिरे नृप ! ॥ ७२
श्रीकृष्णस्य प्रतापेन वैरिणः सकला अपि । मित्राणीवाभवंस्तस्य बिभ्यति स्म तदीक्षणात् ॥ ७३
धान्ययानपशुद्रव्यसमृद्धिस्तस्य वेश्मनि । ततः पूर्वाधिकैवासीद्वर्धमानाऽनुवासरम् ॥ ७४

---

હનુમાનજીને અતિ સ્નેહથી ભેટી પડ્યા અને કહેવા લાગ્યા, હે કપિશ્રેષ્ઠ ! તમે જે માગ્યું તેમ થશે, તેમાં કોઈ પ્રકારનો સંશય નથી. મારા વરદાનથી તમારા હૃદયની સર્વે ઈચ્છાઓ સિદ્ધ થશે.[૬૫-૬૬]

ધર્મદેવ કહે છે, હે સુંદરવ્રતને ધારણ કરનારાં સતિ ! ભગવાન શ્રીરામચંદ્રજી થકી આ પ્રમાણે વરદાનને પ્રાપ્ત કરનારા હનુમાનજી ભગવાન શ્રીરામચંદ્રજીનાં કથારૂપી અમૃતને જ એક પોતાનું જીવન બનાવનારા ચિરંજીવી બન્યા છે.[૬૭] આ પૃથ્વી ઉપર જે જે સ્થળે ભગવાન શ્રીરામચંદ્રજીની કથા થાય છે તે તે સ્થળે ભગવાનના વરદાનથી હનુમાનજી ત્યાં પધારે છે અને કથાનું શ્રવણ કરે છે.[૬૮] રાત્રે તમારી આગળ હું જ્યારે રામકથા કહેતો હતો ત્યારથીજ તેઓ ખરેખર કથા સાંભળવા પધાર્યા હતા, અને અત્યારે આપણને પ્રત્યક્ષ દર્શન આપી અંતર્ધાન થયા છે.[૬૯] આ રીતે હે સતી ! ગણપતિજીના વ્રત કરવાનો સંકલ્પ માત્ર કર્યો ત્યાં આપણાં વિઘ્નો માત્ર નાશ પામી ગયાં ને પહેલેથી જ અહીં આવીને રહેલા હનુમાનજીએ પોતાનું દર્શન આપ્યું, તેમજ આપણા કાર્યની સિદ્ધિ થઈ.[૭૦]

હે નૃપ ! આ રીતનાં પતિદેવ ધર્મનાં વચન સાંભળી સતી ભક્તિદેવી પ્રસન્ન થયાં, આ રીતે ધર્મદેવ તેમની સાથે ધીરે ધીરે ચાલતા ચાલતા પોતાના ગામ છપૈયાપુરે પધાર્યા.[૭૧] હે નૃપ ! વૃંદાવનથી નિકળી દોઢ મહિને છપૈયાપુર આવી પહોંચેલાં ધર્મ-ભક્તિને સંબંધીજનો અને જ્ઞાતિજનો મળ્યાં અને અત્યંત આનંદને પામ્યાં.[૭૨] ભગવાનના પ્રતાપથી શત્રુઓ હતા તે પણ ઉપરથી મિત્રો થયા અને ધર્મદેવનાં દર્શન માત્રથી અંતરમાં ભય પામવા લાગ્યા.[૭૩] આવી રીતે ભગવાનના પ્રતાપથી ધર્મદેવના ભવનમાં ધન, ધાન્ય, વાહન, પશુ, દ્રવ્ય આદિ અનંત પ્રકારની

इत्थं हरेः प्रसादस्य जातत्वात्स द्विजोत्तमः । हरिप्रसादनाम्नैव विश्रुतोऽभूत्पुनः क्षितौ ॥ ७५
भगवानथ जीवानां श्रेयसे करुणानिधिः । नरनारायणोद्देशान्नृत्वं स्वीकर्तुमैहत ॥ ७६
एकमूर्तिं स्वेन कृत्वा द्विरूपं तं निजेच्छया । धर्मस्य हृदयाम्भोज आविरासीदसौ नृप ! ॥ ७७
आविर्भावं भगवतः स्वस्मिञ्जातं विवेद सः । कान्त्यातिमर्त्यया राजन्नाकस्मिक्या च सम्पदा ॥ ७८

गर्भं ततोऽसावृतुषोडशेऽह्नि गुरौ च पुष्ये निदधार भक्तौ ।
सा तेन भूमौ शुशुभे शुभाङ्गी श्रीदेवहूतीव विरोचमाना ॥ ७९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मस्याश्वत्थामशाप-स्वग्रामप्रत्यागमननिरूपणनामा विंशोऽध्यायः ॥ २० ॥*

---

**સમૃદ્ધિ દિન પ્રતિદિન પહેલાં કરતાં પણ અધિક વૃદ્ધિ પામવા લાગી.[૭૪] આ પ્રમાણે શ્રીહરિની પ્રસન્નતાનો પ્રસાદ પ્રાપ્ત થવાથી વિપ્રવર્ય શ્રી ધર્મદેવ ''હરિપ્રસાદ'' એવા નામથી પૃથ્વી ઉપર પ્રસિદ્ધિને પામ્યા.[૭૫]**

**ત્યારપછી અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ કરુણાનિધિ ભગવાને અનંત જીવોનાં કલ્યાણ કરવા શ્રીનરનારાયણદેવનું નિમિત્ત બનાવીને પોતે મનુષ્યદેહ ધારણ કરવાની ઈચ્છા કરી, ત્યારે પ્રથમ પોતાના અવતારરુપ નર અને નારાયણ આ બે સ્વરુપને અવતારી એવા પોતાને વિષે એક કરીને સ્વેચ્છાએ ધર્મદેવના હૃદયમાં આવી નિવાસ કર્યો, અને ધર્મદેવને હૃદયમાં સાક્ષાત્ પોતાનું દર્શન આપવા લાગ્યા.[૭૬-૭૭]**

**ગર્ભાધાન સંસ્કારઃ–સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ઈતર મનુષ્યોની કાંતિને ઉલ્લંઘી જનારી એવી પોતાના શરીરમાં આકસ્મિક ઉત્પન્ન થયેલી અવયવોની અમાનુષિ કાંતિથી અને પ્રતિદિન વિના વિલંબે વધતી જતી સમૃદ્ધિના કારણે પોતાને વિષે ભગવાન શ્રીકૃષ્ણનો આવિર્ભાવ થયો છે, એમ ધર્મદેવે જાણ્યું.[૭૮] પોતાને વિષે સાક્ષાત્ ભગવાનનો આવિર્ભાવ થયો છે, એમ જાણ્યા પછી ભક્તિદેવીના ઋતુકાળના સોળમા દિવસે ગુરુવારે અને પુષ્યનક્ષત્રમાં ધર્મદેવે ભક્તિદેવીના ઉદરમાં ગર્ભ આરોપિત કર્યો. તેનાથી દેદીપ્યમાન બનેલાં અને પવિત્ર શોભાયમાન અંગવાળાં થયેલાં ભક્તિદેવી પણ કપિલ ભગવાનની માતા દેવહૂતિની જેમ આ પૃથ્વી ઉપર શોભવા લાગ્યાં.[૭૯]**

एकविशोऽध्यायः

सुव्रत उवाच -

एतस्मिन्नन्तरे राजंश्चातुर्वर्ण्यभवासुराः । संहत्य शतशो देवीमानर्चुर्विन्ध्यवासिनीम् ॥ १
नवम्यामिषमासस्य शुक्लपक्षे महोत्सवः । तेषामभून्मन्दिरेऽपि देव्या दुष्कर्म कुर्वताम् ॥ २
अजान्सहस्रशोऽवींश्च महिषादीन्नरांस्तथा । हत्वा निवेदयामासुर्देव्यै ते च सुराघटान् ॥ ३
अत्त्वा मांसं सुरां पीत्वा देव्यागारे मदोद्धताः । स्वैरिणीः कामिनीश्च स्त्रीरुपजग्मुश्च पुंश्चलीः ॥ ४
अधर्ममित्थं चान्यायं दृष्ट्वा तेभ्यश्चुकोप सा । कालीदत्ताय तु भृशं तेषामाचार्यताधृते ॥ ५

---

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં અશ્વત્થામાએ ધર્મદેવને શાપ આપ્યો અને ધર્મ-ભક્તિ પોતાનાં ગામ છપૈયા પાછાં પધાર્યાં એ નામે વીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૦--***

------------------------------------

## અધ્યાય -૨૧

## અસુરોએ શક્તિ મેળવવા વિંધ્યાવાસિની દેવીનું કરેલું પૂજન ઉલટું પડ્યું ને વિનાશનો શાપ મળ્યો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન પ્રગટ થવાના છે એ દરમ્યાન ચારે વર્ણમાં ઉત્પન્ન થયેલા સેંકડો અસુરોએ ભેળામળી વિંધ્યાવાસિની દેવીનું પૂજન કર્યું.[૧] તે દેવીના મંદિરમાં પણ વ્યભિચારાદિ દુષ્કર્મ કરનારા તે અસુરોએ આસો સુદ નવમીને દિવસે મોટો ઉત્સવ ઉજવ્યો.[૨]

તે અસુરોએ હજારો બકરાં, ઘેટાં, પાડાં તથા મનુષ્યોને વધેરીને તે વિંધ્યાવાસિની દેવીની આગળ તેમના માંસનું નિવેદન કર્યું, અને મદિરાના ઘડાઓ ભરી ભરી નૈવેદ્યમાં દેવીની આગળ ધર્યા.[૩] માંસનું ભક્ષણ કરી અને ત્રણ પ્રકારની મદિરાનું પાન કરી મહાઉધ્ધત બનેલા તે અસુરોએ દેવીના મંદિરમાં જ સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી સ્ત્રીઓની સાથે વ્યભિચાર કર્યો.[૪] આવા પ્રકારના અધર્મને અને અન્યાયને જોઇ દેવી અસુરો ઉપર ક્રોધાયમાન થઇ. અને તેમાં પણ સર્વના આચાર્ય થઇ બેઠેલા કાલિદત્ત ઉપર તો દેવીનો અધિક કોપ થયો.[૫]

निशि स्वप्नमुपेत्यामुं देव्युवाच भयङ्करा । त्रिशूलं करवालं च बिभ्रत्यारक्तलोचना ॥ ६
सर्वेऽपि स्थासुरा यूयं निर्मर्यादा मदोद्धताः । मदुद्देशेन कुरुथ सुरामांसाशनं द्विज ! ॥ ७
पशुहिंसां नृहिंसां च पारदार्यं मदालये । कुर्वतो निर्दयान् युष्माञ्छपाम्यसुरवञ्चक ! ॥ ८
वंशोच्छेदो हि सर्वेषां युष्माकं तु भविष्यति । धनवृत्तिविनाशश्च नाशमेष्यथ च द्रुतम् ॥ ९
अद्यारभ्य च मत्पूजां यथा यूयं सुरादिभिः । पृथिव्यां ये करिष्यन्ति ब्राह्मणक्षत्रियादयः ॥ १०
युष्माकमिव तेषां च वंशोच्छेदो भविष्यति । धनधान्यादिहीनास्ते यास्यन्ति नरकान्मृताः ॥ ११
युष्मत्पूर्वरिपुः कृष्णो धर्माद्भक्तौ स कौसलात् । भूत्वा हरिर्बुद्धिशस्त्रो युष्मानुन्मूलयिष्यति ॥ १२
पर्यटन्पृथिवीं सर्वां लीनान्युष्मानितस्ततः । एकैकशोऽपि सोऽन्विष्य कर्ता निर्मूलनं हि वः ॥ १३
युष्मत्साहाय्यकर्तारो ये च भूपतयः क्षितौ । सन्ति तेऽपि यथा यूयं विनंक्ष्यन्ति न संशयः ॥ १४
राजा ताम्रमुखः कश्चित्पावन्या दिश आगतः । तान्वशीकृत्य सहसा भोक्ष्यत्यखिलमेदिनीम् ॥ १५

---

**ભયંકર રૂપવાળી, લાલચોળ નેત્રોવાળી અને હાથમાં તલવાર અને ત્રિશૂલ ધારણ કરી રહેલી દેવીએ રાત્રે સ્વપ્નામાં આવી કાલિદત્તને કહ્યું કે હે દ્વિજ ! તમે સર્વે અસુરો મદથી ઉન્મત્ત થઇ મર્યાદાનું ઉલ્લંઘન કરો છો, તેમજ મારા નામે સુરા અને માંસનું ભક્ષણ કરો છો.[૬-૭] તેથી હે દૈત્યોને છેતરનારા કાલિદત્ત ! મારા મંદિરમાં પશુહિંસા, માનવહિંસા તથા પરદારાનો સંગ કરનારા નિર્દય તમને સર્વેને હું શાપ આપું છું કે તમારા સર્વેના વંશનો ઉચ્છેદ થાઓ, તમારા ધન, ધાન્ય તથા આજીવિકાનો નાશ થાઓ, અને તમે સર્વે પણ ટૂંક સમયમાં જ વિનાશને પામો.[૮-૯] આ ધરા પર આજ દિવસથી આરંભીને તમારી પેઠે જે કોઇ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર આદિ મારું સુરા કે માંસથી પૂજન કરશે, તેના વંશનો પણ તમારી જેમ જ વિનાશ થશે. તે ધન, ધાન્ય આદિ આજીવિકાથી રહિત થશે અને મરીને નરકને પામશે.[૧૦-૧૧] તમારો પૂર્વનો શત્રુ શ્રીકૃષ્ણ કૌશલદેશ નિવાસી ધર્મદેવ થકી ભક્તિદેવીને ત્યાં હરિ નામે પ્રગટ થશે અને બુદ્ધિરૂપી શસ્ત્રથી તમારા સર્વેનો મૂળમાંથી વિનાશ કરશે.[૧૨] ત્યારપછી તે શ્રીહરિ સમુદ્ર પર્યંત પૃથ્વી ઉપર પરિભ્રમણ કરી, જ્યાં ત્યાં છૂપાયેલા તમારા જેવા એક એકને ખોળી ખોળીને નિર્મૂળ કરશે.[૧૩] આ પૃથ્વી ઉપર તમને સહાય કરનારા જે રાજાઓ હશે તેનો પણ એની ઇચ્છાથી તમારી જેમ વિનાશ થશે, તેમાં કોઇ જાતનો સંશય નથી.[૧૪] તેની ઇચ્છાથી વાયુ દિશામાંથી તામ્રમુખવાળો કોઇ રાજા આવશે અને અકસ્માત સર્વે રાજાઓને પોતાને વશ કરી સમગ્ર ધરતીનું તે પાલન કરશે.[૧૫]**

एवं शप्त्वा तु सा देवी रुष्टा तेभ्यस्तिरोदधे । कालीदत्तोऽतिसन्त्रस्तस्तच्छ्रुत्वाऽजागरीन्नृप ! ॥ १६
सर्वेभ्यः कथयामास सोऽसुरेभ्योऽम्बिकावचः । श्रुत्वा तद्वेपमानास्ते जाताश्चिन्ताव्यथाकुलाः ॥ १७
स्वकर्मोपस्थितं शापमनिवार्यं हि साधनैः । मत्वा क्षमापयामासुस्तां भूघ्राणघृषादिभिः ॥ १८
ततः शापप्रतीकारं स्वस्वशक्त्या चिकीर्षवः । सर्वे विचारयाञ्चक्रुरन्तिकोपस्थितापदः ॥ १९
उत्पाद्य कृत्यास्ताभिश्च शस्त्रैरस्त्रैश्च साधितैः । वीरैर्मन्त्रैश्च यन्त्रैर्वा हरिर्घात्यः स शैशवे ॥ २०
विवृद्धबलमित्रादिः प्रतिकर्तुं न शक्यते । रिपुस्ततो बालमेव तं हनिष्याम उद्यताः ॥ २१
इति निश्चित्य जग्मुस्ते स्वं स्वं स्थानं वृषद्विषः । प्रतीक्षमाणास्तज्जन्म कृत्योत्पादादिमानसाः ॥ २२

---

**દેવીના શાપનીવારણ માટેની મંત્રણાઃ–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે અસુરો ઉપર કુપિત થયેલી દેવી શાપ આપી અંતર્ધાન થઇ ગઇ. એ બધું સાંભળીને કાલિદત્ત અસુર અતિશય ત્રાસ પામ્યો અને ઊંઘમાંથી જાગ્રત થયો.[૧૬] ત્યાર પછી તેણે સર્વે અસુરોને ભેળા કરી અંબિકા દેવીનાં વચનો કહી સંભળાવ્યાં. તે વચનો સાંભળી સર્વે અસુરો કંપવા લાગ્યા અને ચિંતાની પીડાથી આકુળ વ્યાકુળ થઇ ગયા.[૧૭] પોતાના દુષ્કર્મોથી ઉત્પન્ન થયેલા દેવીના શાપનું નિવારણ કોઇ પણ ઉપાયથી હવે થઇ શકશે નહિ. એમ માની પૃથ્વી પર નાક ઘસવા લાગ્યા અને મુખમાં તરણાં લઇ દેવીની ક્ષમા માગવા લાગ્યા.[૧૮] ક્ષમા માગવા છતાં પોતાનું કાર્ય સિદ્ધ થયું નહિ તેથી સમીપમાં જ આવી પડેલી આપત્તિવાળા તે અસુરો પોતપોતાની બુદ્ધિ અને સામર્થીને અનુસારે દેવીના શાપનું નિરાકરણ લાવવાની ઇચ્છાથી એકાંતમાં ભેળા મળી મંત્રણા કરવા લાગ્યા.[૧૯] તે શ્રીહરિને બાલ્યાવસ્થામાં જ આપણે મારી નાખવો. તે કેવી રીતે ? તો કૃત્યાઓ ઉત્પન્ન કરી તે કૃત્યાઓના તલવાર આદિ હથિયારો દ્વારા, તથા સિદ્ધ કરેલા અસ્ત્રો કે શસ્ત્રો દ્વારા અથવા સિદ્ધ કરેલા વીરો કે વૈતાલાદિ દ્વારા, અથવા પુરશ્ચરણ કરી સાધેલા મારણમંત્રો દ્વારા અથવા પાંચ, દશ કે વીશ દુર્ગા આદિના અનેક યંત્રોદ્વારા, અથવા એ સમસ્ત ઉપાયો દ્વારા શ્રીહરિને બાલ્યાવસ્થામાંજ મારી નાખવો.[૨૦] જેના મિત્રો અને જેનું બળ વૃદ્ધિ પામ્યું હોય એવા મોટા થઇ ગયેલા શત્રુનો કોઇ પ્રતિહાર કરી શકતું નથી, તે કારણથી અત્યારથી પ્રયત્નશીલ થઇ બાલ્યાવસ્થામાં જ રહેલા તે શ્રીહરિને કૃત્યાદિના ઉપાયોથી જ મારી નાખશું.[૨૧]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ધર્મના દ્વેષી તે અસુરો આ પ્રમાણે નિશ્ચય

निजारिजन्मस्ववधप्रतिज्ञाश्रुतिस्त्रवद्धैर्यभरा धरायाम् ।
चिन्ताज्वरार्ताः सभयं कथञ्चित्तेऽहानि निन्युर्युगसाम्यभाञ्जि ॥ २३
तद्भीतिहीनः स हरिप्रसादो व्रतं गणेशस्य नभस्यमासे ।
पूजोत्सवं चाश्विनमासि चक्रे मरुत्सुतस्यापि यथाविधानम् ॥ २४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे-ऽसुराणां विन्ध्यवासिनीशापो नामैकविंशोऽध्यायः ॥ २१ ॥*

---

કરી પોતપોતાના સ્થાનકે ગયા. ત્યાર પછી કૃત્યાઓ ઉત્પન્ન કરવી, વીરો ઉત્પન્ન કરવા વગેરે ઉપાયોમાં મન લગાવી, મૌન રહી તે શ્રીહરિના જન્મની પ્રતીક્ષા કરવા લાગ્યા.[૨૨] આ પૃથ્વી પર પોતાના શત્રુ હરિનું પ્રાગટ્ય થશે અને તેના દ્વારા પોતાનો વિનાશ થશે, એવું દેવીનું વચન સાંભળતાંની સાથે જ જેમની ધીરજ ચાલી ગઈ છે એવા તે અસુરો ચિંતારૂપી તાપથી પીડાવા લાગ્યા અને ભયને કારણે તેઓનો એક એક દિવસ યુગની પેઠે વીતવા લાગ્યો.[૨૩] આ બાજુ અસુરોનો ભય જેને ચાલ્યો ગયો છે એવા ધર્મદેવે પોતાના નિયમ મુજબ ભાદરવા સુદ ચોથને દિવસે સિદ્ધિવિનાયક ગણપતિજીનો અને આસો વદી ચૌદશને દિવસે મહાવીર હનુમાનજીનો પૂજા ઉત્સવ વિધિપૂર્વક કર્યો.[૨૪]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં અસુરોને થયેલા વિંધ્યાવાસિની દેવીના શાપનું નિરૂપણ કર્યું એ નામે એકવીશમો અધ્યાય પૂર્ણ થયો. -૨૧-***

---

## द्वाविंशोऽध्यायः

**सुव्रत उवाच -**

अथ प्रेमवती गर्भं बिभ्रती साऽभवत् क्षितौ । देवमातेव सर्वासां माननीया हि योषिताम् ॥ १
सा च तं जगदाधारं नारायणमधीश्वरम् । गर्भे दधाना सहसा बभूवेन्दुसमद्युतिः ॥ २
अङ्गणे संस्थितां तां च ददृशुः सङ्घशो जनाः । इतस्ततः समागत्य सविस्मयमतद्विदः ॥ ३
अन्तर्वत्नी सलज्जा च स्वकान्त्या तिमिरं घ्नती । स्वदिदृक्षुजनौघार्ता निर्ययौ न गृहाद्बहिः ॥ ४
स च द्विजो वेदगर्भां सावित्रीमिव तां स्त्रियम् । विलोक्य विस्मयं प्राप महान्तं हर्षमेव च ॥ ५
तां च तेजस्विनीं दृष्ट्वा स्त्रियोऽन्याः सस्मिताननाम् । क्वाप्यदृष्टचरीं तन्वीमन्योन्यं प्रोचुरादृताः ॥ ६

---

## અધ્યાય -૨૨

## સગર્ભા ભક્તિદેવીની શોભાનું વર્ણન અને શ્રીઘનશ્યામ મહારાજનો પાદુર્ભાવ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મંગલમય ભગવાનને ઉદરમાં ધારી રહેલાં ભક્તિદેવી દેવમાતા અદિતિની જેમ આ પૃથ્વી ઉપર સમગ્ર નારીઓને પૂજનીય થયા.[૧] અખિલ વિશ્વાધાર અને ઈશ્વરોના પણ ઈશ્વર તથા સર્વાંતર્યામી એવા ભગવાન શ્રીનારાયણને ઉદરમાં ધારણ કરવાથી ભક્તિદેવી એકાએક ચંદ્રમાની કાંતિ સમાન શોભવા લાગ્યાં.[૨]

સર્વેને વિસ્મય પમાડે એવાં ભક્તિદેવીના સૌંદર્યનું કારણ નહિ જાણનારા લોકો ચારે બાજુથી સંઘે સંઘમાં આવી, આંગણામાં બેઠેલાં ભક્તિદેવીને વિસ્મયપૂર્વક નિહાળવા લાગ્યા.[૩] પોતાની અભૂતપૂર્વ કાંતિથી દિશાઓના અંધકારનો વિનાશ કરતાં અને સગર્ભા હોવાથી લજ્જા પામતાં ભક્તિદેવી પોતાનું દર્શન કરવાની ઈચ્છા ધરાવતા જનસમુદાયથી પીડા પામી ઘરમાંથી બહાર પણ નીકળતાં ન હતાં.[૪] પતિ હરિપ્રસાદ વિપ્ર પણ વેદગર્ભા સાવિત્રી દેવીના સમાન શોભતાં પોતાનાં પત્ની ભક્તિદેવીને જોઈને અતિ આશ્ચર્ય પામ્યા અને અતિશય હરખાવા લાગ્યા.[૫] પ્રસંશાયોગ્ય તેજસ્વીની, મંદમંદ હસતાં મુખવાળી, ક્યારેય પણ કોઈ જગ્યાએ નહિ જોયેલી, એક વીરલનારી એવાં ભક્તિદેવીને જોઈને નગરની અન્ય સ્ત્રીઓ આદરપૂર્વક પરસ્પર કહેવા લાગી, અહો !!! આપણે આ ધરતી ઉપર અનેક સગર્ભા સ્ત્રીઓ નિહાળી છે, પરંતુ આ ભક્તિદેવી સમાન સ્ત્રીને ક્યારેય જોઈ નથી,

अहो !! बह्व्यः स्त्रियो दृष्टा अन्तर्वर्त्योऽत्र भूतले । एतादृशी तु न क्वापि दृष्टाऽस्माभिः श्रुतापि वा ॥ ७
ईदृग्रूपा सुरैर्वन्द्या सा मासि दशमे ततः । अरिष्टगेहे न्यवसन्मुहूर्ते ब्राह्मणोदिते ॥ ८
सोष्यन्तीकर्मसामग्रीं देवोऽपि समसाधयत् । साविकाद्या योषितश्च सुज्ञास्तत्रावसन्नृप ! ॥ ९
अथातिशोभनः कालः सर्वमङ्गलकारणम् । अभवत्सहसा येन सर्व आसन्सुविस्मिताः ॥ १०
आविर्भावस्य समये हरेः साक्षात्सुखाम्बुधेः । आनन्द एव त्रैलोक्ये प्रावर्तत ह सर्वतः ॥ ११

धर्मालयं विष्णुविरिञ्चरुद्रा इन्द्रादयो दिक्पतयश्च सर्वे ।
विज्ञाय सर्वज्ञतयैव भाव्यं प्राकट्यमानन्दनिधेः समीयुः ॥ १२
देवाश्च ते स्वस्वविमानसंस्थाः प्राकट्यमात्माधिपतेः सयोषाः ।
प्रतीक्षमाणा गगने हि तस्थुस्तद्वेश्ममात्रार्पितदीर्घनेत्राः ॥ १३
भक्तेरङ्गात्तदानीं सकलतनुभृतामान्तराणां घनानां ।
बाह्यानां चाप्यकस्मात्क्षयपटु तमसां तेज आविर्बभूव ॥

---

**કે સાંભળી પણ નથી.[૬-૭] ત્યારપછી હે રાજન્ ! દેવતાઓને પણ વંદન કરવા યોગ્ય અને સૌંદર્યનાં નિધિ એવાં ભક્તિદેવીએ દશમો માસ બેસતાં બ્રાહ્મણોએ બતાવેલા મુહૂર્તમાં સૂતિકાગૃહમાં પ્રવેશ કર્યો. ત્યારે ધર્મદેવે પણ સુખપૂર્વક પ્રસવ થાય તે માટે સોષ્યન્તી હોમ હવન કરવાની સામગ્રી તૈયાર કરી અને પ્રસૂતિ કર્મ કરાવવામાં નિપૂણ એવી સાવિકા સ્ત્રીઓ પણ ત્યાં હાજર થઈ.[૮-૯] ત્યારપછી સર્વનું મંગળ કરનારા ભગવાનના પ્રાગટ્યનો અતિશય શુભ સમય પ્રાપ્ત થતાં સર્વે મનુષ્યો વિસ્મય પામવા લાગ્યા. સુખના સાગર સાક્ષાત્ ભગવાન શ્રીહરિના પ્રાદુર્ભાવના સમયે સમગ્ર ત્રિલોકીમાં આનંદ આનંદ ને આનંદ જ વર્તવા લાગ્યો.[૧૦-૧૧] આનંદનિધિ પુરુષોત્તમનારાયણ ભગવાન ટૂંક સમયમાંજ પ્રગટ થશે એમ સર્વજ્ઞપણે જાણી બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈન્દ્રાદિ દેવો અને દશે દિગ્પાળો ભગવાનનાં દર્શન માટે ધર્મદેવના ભવન પ્રત્યે આવવા લાગ્યા.[૧૨] પોતપોતાની પત્નીઓએ સહિત પોતાના વિમાનમાં બેસીને આવેલા દેવતાઓ ધર્મદેવના ભવન ઉપર જ નેત્રોને સ્થિર કરી પોતાના સ્વામી અને સર્વના અંતર્યામી સર્વાત્મા ભગવાન શ્રીહરિના પ્રાગટ્યની પ્રતીક્ષા કરવા લાગ્યા.[૧૩]**

**ભક્તિદેવીના ઉદરમાંથી મહાતેજરૂપે થયેલું ભગવાનનું પ્રાગટ્યઃ–** **હે રાજન્ ! ભગવાનના પાદુર્ભાવ સમયે ભક્તિદેવીના અંગોમાંથી અચાનક મહાતેજ પ્રગટ થયું. આ તેજ સમગ્ર જીવપ્રાણીમાત્રના આંતર અને બાહ્ય**

गेहं तद्व्याप्य सर्वं सिततरममलं गाढमानन्दरूपं ।
व्यापच्चाऽऽब्रह्मलोकात्सकलसुरनरान् भूरि विस्मापयत्तत् ॥ १४
तत्कोटिकोट्यग्निरवीन्दुसङ्घतेजोधिकं तेज उरुप्रकाशम् ।
ततोऽण्डगोलावरणानि चाष्टौ व्यापत्समन्तादपि वर्धमानम् ॥ १५
तत्सच्चिदानन्दमयं हि तेजः सर्वैः समन्ताद्ददृशे न चान्यत् ।
नोर्ध्वं न चाधो न तथान्तरालं स्वर्गो न भूमिर्न दिशश्च दृष्टाः ॥ १६
तत्रागता ये निजशक्तियुक्ताः पुरैव तद्ध्यानबलेन बुद्ध्वा ।
प्राकट्यमीशस्य विधीश्वराद्या देवास्तदालोक्य विसिस्मिरे ते ॥ १७
उत्पत्तिनाशस्थितिहेतवोऽपि ब्रह्मादयस्ते च समस्तदेव्यः ।
सर्वेऽपि तेजःप्रतिरुद्धनेत्रा ज्ञात्वाऽऽगतं तं प्रभुमीडते स्म ॥ १८

---

અનાદિ અજ્ઞાનરૂપ અંધકારને વિનાશ કરવામાં સમર્થ હતું, તથા અતિશય ઉજ્જવલ નિર્મળ અને ઘાટું હતું, તેમજ અતિશય આનંદરૂપ એવું આ તેજ હતું. આવું આ તેજ પ્રથમ ધર્મદેવના ભવનમાં વ્યાપી ત્યારબાદ સમસ્ત દેવો અને મનુષ્યોને વિસ્મય પમાડતું બ્રહ્માના સત્યલોક સુધી વ્યાપી ગયું.[૧૪] તે તેજ કોટિકોટિ અગ્નિ, સૂર્ય અને ચંદ્રમાના સામૂહિક તેજ કરતાં પણ અતિશય પ્રકાશમાન હતું. આવું આ તેજ વૃદ્ધિ પામતાં પામતાં બ્રહ્મના લોકથી પણ આગળ પ્રસરતાં અષ્ટ આવરણે યુક્ત આ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપી ગયું.[૧૫]

સર્વે દેવતાઓ ચારે તરફ પ્રસરેલા આ સચ્ચિદાનંદરૂપ મહાતેજને જ જોતા હતા. બીજું કાંઇ જોઇ શકતા ન હતા. ઉપરના, નીચેના કે મધ્યના લોકમાં કાંઈ પણ જોઈ શકતા ન હતા. અરે ! સ્વર્ગલોક અને આ પૃથ્વીલોક પણ દેખાતો ન હતો. દશે દિશાઓ પણ દેખાતી ન હતી. પરંતુ કેવળ એક આ મહાતેજ જ દેખાતું હતું.[૧૬] ભગવાનના ધ્યાનના બળે પહેલેથી જ પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિના પ્રાગટ્યને જાણીને પોતપોતાની પત્નીઓએ સહિત અહીં પધારેલા બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિ દેવતાઓ આવા અલૌકિક મહાતેજનાં દર્શન કરીને વિસ્મય પામી ગયા.[૧૭]

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણભૂત હોવા છતાં તે બ્રહ્માદિ દેવતાઓ તથા અન્ય ઈન્દ્રાદિ દેવતાઓ અને તેની પત્નીઓએ સહિત સર્વેનાં નેત્રો આ મહાતેજના કારણે અંજાઇ ગયાં અને ભગવાન શ્રીહરિનું પ્રાગટ્ય થઇ ગયું

देवा ऊचुः -

नमस्तेजस्तेजः ! परममहसेऽस्पृष्टतमसे । नमो मायामायापरपुरुषसञ्चिन्त्यवपुषे ।
नमो भूते भूते नियमनविधौ च स्थितवते । नमो भूयो भूयः परमपुरुषानन्तगुण ! ते ॥ १९
यथैकस्याप्यस्ति प्रकटमिह कुर्या यदि तथा । स्वरोम्णस्तेजस्त्वं तदपि पुरपुम्भिस्तदपरम् ।
न किञ्चिद्वीक्ष्येत प्रभव इह किं तर्हि विबुधास् ततो जाताज्जातास्त्रिगुणमतयस्त्वामवसितुम् ॥ २०
वयं त्वेतत्तेजोमयजलधिमग्नाण्डपतिता । न पश्यामः किञ्चित्परमपरमन्यं न च निजम् ।
स्वकीयं देहं वा कुत इह तदन्यच्च भुवनं परं । तेजस्त्वेकं दृशि गतमिदं भात्यतिघनम् ॥ २१
न तद्द्रष्टुं शक्ता वयमिदमपारं तव महः । पिधाने च स्वेषां नयनयुगलानामपि कृते ॥
तदन्तः पश्यामः प्रचुरतरतेजः खलु हरे ! । ततः सम्भ्रान्तानां त्वमसि गतिरेका दिविषदाम् ॥२२

---

છે, એમ જાણીને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.[૧૮]

**દેવતાઓએ કરેલી તેજોમય પરમાત્માની સ્તુતિઃ-** દેવતાઓ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે, હે ભગવન્ ! સૂર્ય આદિક સર્વેના તેજના પ્રકાશક, તેજસ્વરૂપ તમને અમે નમસ્કાર કરીએ છીએ. તમે અક્ષરાદિક સર્વના તેજ કરતાં પણ અધિક તેજસ્વી છો, એટલા માટે જ માયાના અંધકારથી સદાય પર રહેલા આપને નમસ્કાર કરીએ છીએ. હે પરમપુરુષ ! તમારું દિવ્ય સ્વરૂપ છે તે મૂળપ્રકૃતિ એવી માયા અને માયાથી પર રહેલા અક્ષરાત્મક મૂળ પુરુષ દ્વારા પણ ધ્યાન કરવા યોગ્ય થાય છે. એવા તમને અમે નમસ્કાર કરીએ છીએ, હે અનંતગુણના મહાસાગર ! તમે અનંતકોટી બ્રહ્માંડોના નિયમનને અર્થે પ્રત્યેક ભૂતોમાં અંતર્યામી શક્તિથી પ્રવેશ કરીને રહેલા છો. એવા તમને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ.[૧૯]

હે ભગવન્ ! તમારા શરીરના એક રોમમાં જેટલું તેજ રહેલું છે, માત્ર તેટલું પણ તેજ જો તમે અહીં પ્રગટ કરો તો તે તેજથી અંજાઈને માયાથીપર રહેલા અક્ષરાત્મક પુરુષો પણ તે તેજ સિવાય બીજું કંઈ પણ જોવા સમર્થ થઈ શકે નહિ. તો પછી તેમના થકી ઉત્પન્ન થયેલા પ્રધાનપુરુષ, અને પ્રધાનપુરુષથી ઉત્પન્ન થયેલા વૈરાજપુરુષ અને તેથી ઉત્પન્ન થયેલા અને આલોકમાં રહેલા ત્રિગુણ મતિવાળા અમે બ્રહ્માદિ દેવતાઓ પુરુષોત્તમનારાયણ એવા આપના ઐશ્વર્યને યથાર્થ જાણવા કેવી રીતે સમર્થ થઈએ ? ન જ થઈએ.[૨૦] હે શ્રીહરિ ! આ તેજના મહાસમુદ્રમાં ડૂબેલા આ બ્રહ્માંડને વિષે રહેલા અમે સર્વે દૂર કે નજીકની કોઈ પણ વસ્તુને જોઈ

न जानीमः स्तोतुं परममहसा भ्रान्तमनसस्त्वदीयेनातस्त्वां शरणमुपयाताः किल वयम् ॥
ततस्तेजः स्वीयं सकलमुपसंहृत्य कृपया। स्वकीयां मूर्तिं नः पृथुकरुण ! सन्दर्शय विभो ! ॥ २३

**सुव्रत उवाच -**

इत्थं स्तुतस्तैः स बभूव दृश्यः कृष्णः स्वयं धर्मवरप्रदाता ।
तत्रैव तेजस्यपि तेन दृष्ट्या प्रदत्तया भक्तहितावहेन ॥ २४
तत्त्वात्मतेजः स्वयमात्मनीशः स संहरन् ब्रह्महरादिदेवैः ।
दृश्यः सुखेनास च सङ्गताभिस्तदङ्गनाभिर्मुनिभिश्च सर्वैः ॥ २५
गोलोक एवाक्षरधाम्नि दिव्येऽनन्ते च यादृग्रमते स नित्यम् ।
तं तादृशं ते ददृशुर्द्विहस्तं निनादयन्तं मुरलीं मुकुन्दम् ॥ २६

---

શકતા નથી. પરને કે પોતાને અને પોતાના શરીરને પણ અમે જોઈ શકતા નથી. તો અન્ય જગતને તો અમે ક્યાંથી જોઈ શકીએ ? અમારી દૃષ્ટિમાં કેવળ તમારું અતિ ઘાટું તેજ જ દેખાય છે.[૨૧] એથી હે હરિ ! અનંત અપાર આ તમારા દિવ્ય મહાતેજને જોવા અમે સમર્થ નથી. કદાચ તમે કહેશો કે આંખો મીંચી દો તો હે ભગવન્ ! અમે અમારાં નેત્રો બંધ કરીએ છીએ છતાં પણ અંતરમાં ચારે તરફ પ્રસરેલા આપના આ મહાતેજને જ નિહાળીએ છીએ. આ તેજને સહન નહિ કરી શકવાથી અમે આકુળ વ્યાકુળ થયા છીએ, હવે તો તમે જ એક અમારી ગતિરૂપ છો.[૨૨] હે વિભુસ્વરૂપ ! હે પરમાત્મા ! તમારા આ પરમતેજને કારણે અમારાં મન આકુળ વ્યાકુળ થઈ જવાથી આપની સ્તુતિ કેમ કરવી, એ અમને સૂજતું નથી. એથી અમે તમારા શરણે આવ્યા છીએ. તેથી હે દયાના સાગર ! અમારી ઉપર દયા કરી તમારાં આ સમગ્ર મહાતેજનો ઉપસંહાર કરો અને તમારી મનોહર રમણીય મૂર્તિનું દર્શન કરાવો.[૨૩]

**મહાતેજના મધ્યે વિરાજિત પરમાત્માનું દર્શનઃ-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! દેવતાઓએ આ પ્રમાણે જ્યારે સ્તુતિ કરી, ત્યારે વૃંદાવનને વિષે ધર્મદેવને પુત્રરૂપે પ્રગટ થવાનું વરદાન આપનારા અને પોતાનું સેવન કરનારા ભક્તજનોનું સદાય હિત કરનારા સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે આપેલી દિવ્ય દૃષ્ટિથી તે દેવતાઓને તે મહાતેજના મધ્યે તેમનું પ્રત્યક્ષ દર્શન થયું.[૨૪] ત્યારપછી સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પોતાનું મહાતેજ પોતાની મૂર્તિમાં સંકેલ્યું અને બ્રહ્મા, શિવ આદિ દેવતાઓ તથા તેમની પત્નીઓ તથા પધારેલા સર્વે મુનિઓને સુખેથી દર્શન થાય

स देवशर्माऽपि सदा स्मरंस्तं भक्तिश्च तस्योपशमे विलोक्य ।
निजेष्टदेवं सुतभावभाजं सम्प्रापतुर्विस्मयमस्मयौ तौ ॥ २७
वृन्दावने यादृश आत्मना प्रागाराध्य दृष्टः परिवारयुक्तः ।
तं तत्र तौ तादृशमेव दृष्ट्वा निश्चिक्यतुः कृष्ण इति स्वचित्ते ॥ २८
अथ देवा विदित्वा तं साक्षाच्छ्रीपुरुषोत्तमम् । प्रादुर्भूतं सतः पातुं धर्मं चासुरसर्गतः ॥ २९
प्रणम्य दण्डवद्भक्त्या बद्धाञ्जलिपुटा नृप ! । विनयेनोपसङ्गम्य तुष्टुवुर्जगदीश्वरम् ॥ ३०

**देवा ऊचुः -**

स्वामिन् ! भक्त्या भक्तजनातिप्रियमाद्यं । मायातीतं मङ्गलरूपं जगदीशम् ।
आविर्भूतं धर्मगृहे त्वां प्रणमामः । कृष्णं साक्षादासुरसर्गक्षयहेतुम् ॥ ३१

---

તેવા થયા.[૨૫] સુંદર ગોલોકના મધ્યે રહેલા અનંત અપાર અને દિવ્ય એવા અક્ષરધામને વિષે જેવા સ્વરૂપે તે સદાય વિરાજમાન છે, તેવાને તેવા જ દ્વિભુજ સ્વરૂપે મોરલી વગાડતા મુકુંદ ભગવાનનાં તે બ્રહ્માદિ દેવતાઓને દર્શન થયાં.[૨૬]

દેવતાઓની પ્રાર્થનાથી જ્યારે ચારે તરફ પ્રસરેલું તેજ સંકેલાયું ત્યારે સર્વદા ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરનાર ધર્મદેવ અને ભક્તિદેવી પણ પોતાના પુત્રરૂપે પ્રગટ થયેલા પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણનું સાક્ષાત્ દર્શન કરી પરમ વિસ્મય પામ્યાં, અને આવી અલૌકિક પ્રાપ્તિનો કોઈ ગર્વ પણ તેમને સ્પર્શી શક્યો નહિ.[૨૭] પૂર્વે વૃંદાવનને વિષે આરાધના કરી ત્યારે પરિવારે યુક્ત જેવા ભગવાનનાં દર્શન થયાં હતાં તેવાં જ સ્વરૂપના અત્યારે દર્શન કરી ધર્મદેવ અને ભક્તિદેવીએ આ એ જ ભગવાન શ્રીકૃષ્ણ આપણા પુત્રરૂપે પ્રગટ થયા છે, એમ મનમાં નિશ્ચય કર્યો.[૨૮]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! અધર્મસર્ગ અને અસુરોથકી સાધુપુરુષોનું અને ધર્મનું રક્ષણ કરવા પ્રાદુર્ભાવ પામેલા ભક્તિ ધર્મના પુત્રને બ્રહ્માદિ દેવતાઓએ અનંત કોટી બ્રહ્માંડના નાયક પ્રત્યક્ષ શ્રીપુરુષોત્તમનારાયણ જાણી ભક્તિ ભાવ પૂર્વક દંડવત્ પ્રણામ કર્યા અને સમીપમાં આવી વિનય પૂર્વક બે હાથ જોડી દેવતાઓ સ્તુતિ કરવા લાગ્યા.[૨૯-૩૦]

**દેવતાઓએ કરેલી પ્રત્યક્ષ પરમાત્માની સ્તુતિઃ–** હે સ્વામિન્ ! તમને ભક્તજનો અતિશય વ્હાલા છે. તમે સર્વના આદિ મૂળકારણ છો. તમે માયાથી પર છો. અર્થાત્ ત્રણ કાળમાં તમને માયા કે માયાના કાર્યનો સંસર્ગ સ્પર્શી શકતો

सर्गस्यादौ शुद्धपुमांस्त्वं निजमायां । पश्यस्येकश्चागणिताण्डोद्भवदृष्ट्या ।
उत्पद्यन्ते ह्यण्डसमूहाश्च सहेशास्तस्याः । सर्वे नाथ ! ततस्त्वं जगदीशः ॥ ३२
त्वत्तो जाताश्चागणिताण्डाश्रयभूता । नारासंज्ञामापुरिहापो ह्यत एव ॥
स त्वं विश्वाधार इदानीं नरनाट्यं । धर्ता नाथ ! स्वाश्रितजीवावनहेतोः ॥ ३३
नारास्वादौ तासु च शिष्ये पुरुषो यः । ख्यातो वेदे तेन हि नारायणनामा ॥
देवः सोऽङ्गं देव ! तवैवादिमपुंसो । दृष्ट्वा साक्षात्सम्प्रति तं त्वां मुदिताः स्मः ॥ ३४

---

નથી. મંગલમૂર્તિ આપનું સ્વરૂપ સર્વને શ્રેય આપનારું છે. તમને સકલ જગતના સ્વામી છો. અધર્મસર્ગ અને અસુરોનો વિનાશ કરવા માટે જ ધર્મદેવના ઘેર પ્રગટ થયા છો, એવા હે પ્રગટ થયેલા પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ ! તમને અમે સર્વે દેવતાઓ પ્રેમપૂર્વક પ્રણામ કરીએ છીએ.[૩૧]

હે નાથ ! જગતની સૃષ્ટિ પહેલાં વિશુદ્ધ અક્ષરાત્મક પુરુષસ્વરૂપે તમે અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ કરવાના સંકલ્પથી પોતાની મૂળપ્રકૃતિ એવી મહામાયાની સામે દષ્ટિ કરો છો. ત્યારે તેમના થકી હજારો પ્રધાનપુરુષોએ સહિત અગણિત બ્રહ્માંડોનું સર્જન થાય છે, આવા સામર્થીવાળા હોવાથી તમે જ એક જગદીશ છો. અર્થાત્ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવારૂપ સામર્થ્ય એક તમારું જ છે પણ અમારા જેવા દેવતાઓને ઉત્પત્તિ આદિનું આપેલું સામર્થ્ય એક લેશમાત્ર છે.[૩૨] હે નાથ ! અનંતકોટિ બ્રહ્મોંડોના આધારરૂપ એવું ગર્ભાદિક જળ નર સંજ્ઞાવાળા અક્ષરપુરુષ રૂપ એક આપના થકી જ ઉત્પન્ન થયું તેથી જ તે નાર એવા નામને પામ્યું છે માટે તમે વિશ્વાધાર છો. આવા પુરુષોત્તમનારાયણ તમે પોતાના આશ્રિત ભક્તજનોનું રક્ષણ કરવાને અર્થે આ પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપે અત્યારે પ્રગટ્યા છો.[૩૩]

સૃષ્ટિના આદિકાળમાં ''નાર'' નામવાળા અને પોતાના જ પરસેવામાંથી ઉત્પન્ન થયેલા એવા ગર્ભોદક જળને વિષે જે ''નર'' નામવાળા અક્ષરપુરુષે શયન કર્યું તેથી તે પુરુષ વેદમાં ''નારાયણ'' એવા નામથી વિખ્યાત થયા, અક્ષરધામને વિષે પોતાના અનંતકોટિ અક્ષરમુક્તો સાથે આનંદકરી રહેલા હે દેવ ! તે નારાયણ સ્વરૂપ આપનું એક અંગ છે. અર્થાત્ જેમ ચક્રવર્તી મહારાજા આગળ ઊભેલા એક આજ્ઞાકારી પ્રધાનની પાસે પોતાના સમસ્ત કાર્યભારનું નિયમન કરાવે, તેમ

एकैकाण्डं त्वं खलु सङ्कर्षणसंज्ञः । शेषो भूत्वा शीर्ष्णि दधास्येव यथाऽणुम् ॥
नानासिद्धैर्नागगणेन्द्रैश्च परीतः । पातालस्थो बोधयसीशात्मगतिं च ॥ ३५
नित्यं भास्वन्मण्डलमध्येऽम्बुजसंस्थस् । तेजोमूर्तिः कर्मकृतां त्वं कृतिसाक्षी ॥
अर्चिर्मार्गाधिष्ठितदेवैश्च नियन्ता । मुक्तानां वै ब्रह्मगतिं प्रापयिताऽसि ॥ ३६
भक्त्या नित्यं संसृतिबन्धात्स्वविमुक्त्यै । योगिध्यातं द्वादशपत्रे हृदयाब्जे ॥
तेषामन्तर्ध्वान्तहरं यन्नखकान्त्या । तत्पादाम्भोजं तव वन्दामह ईश ! ॥ ३७

**सुव्रत उवाच –**

देवादय इति स्तुत्वा तं प्रणम्याथ दूरतः । स्थित्वा तद्दर्शनं चक्रुः प्रसन्नवदनेक्षणाः ॥ ३८

---

અંતર્યામીપણે આપ જ તે વેદપુરુષ નારાયણની અંદર રહીને સર્વનું નિયમન કરો છો. આવા સર્વના અંતર્યામી આપનાં પ્રત્યક્ષ દર્શન કરીને આજે અમે બહુજ આનંદિત થયા છીએ.[૩૪]

હે ઈશ્વર ! ''સંકર્ષણ'' એવા નામને ધારણ કરનારા તમે હજારો મસ્તક વાળા શેષનારાયણ સ્વરૂપે થઈને એક એક બ્રહ્માંડને એક એક ફણા ઉપર અણુની જેમ ધારણ કરો છો, આવા તમે અનેક સિદ્ધ પુરુષો તથા સર્પોના સ્વામી એવા વાસુકિનાગથી સેવાયેલા થકા પાતાળમાં પણ નિવાસ કરીને સનકાદિક અનંત સિદ્ધ પુરુષોને પોતાના સ્વરૂપના જ્ઞાનનો બોધ આપો છો.[૩૫] સદાય પ્રકાશતા સૂર્યના તેજોમય મંડળના મધ્યભાગમાં રહેલા કમળના આસન ઉપર નિરંતર વિરાજમાન એવા હિરણ્યમય પુરુષ સ્વરૂપે રહીને તમે કર્મ કરનારા મનુષ્યોના કર્મસાક્ષી થઈ તે તે કર્મનું ફળ પણ તમે જ આપો છો. આવી રીતે સર્વના નિયંતા તમેજ તે સ્વરૂપે અર્ચિમાર્ગના અધિષ્ઠાતા આતિવાહિક દેવતાઓ દ્વારા તમારા અનન્ય મુક્તાત્માઓને તમે પોતાના બ્રહ્મધામની પ્રાપ્તિ કરાવો છો.[૩૬] હે ઈશ્વર ! જન્મમરણરૂપ સંસારના બંધનોથી પોતાના આત્માને મુક્ત કરવાને અર્થે અને તમારી પ્રાપ્તિને અર્થે બાર પાંખડીવાળા હૃદયકમળમાં યોગીપુરુષો નિરંતર સ્નેહપૂર્વક તમારા નિર્ભય ચરણકમળનું ધ્યાન કરે છે. અને તમે ધ્યાન કરનારા પુરુષોના અંતરના અંધકારને જે ચરણકમળના નખમણિઓની કાંતિથી હરો છો. તે તમારા ચરણકમળમાં અમે વંદન કરીએ છીએ.[૩૭]

**ધર્મદેવે કરેલી પ્રગટ પરમાત્માની સ્તુતિઃ–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પ્રસન્નમુખ અને પ્રસન્ન નેત્રોવાળા બ્રહ્માદિ દેવતાઓ આ પ્રમાણે પ્રગટ

सोऽथ विप्रः सभार्यस्तं वृन्दावनविहारिणम् । सत्यप्रतिज्ञं तुष्टाव बद्धाञ्जलिपुटः सुधीः ॥ ३९

**देवशर्मोवाच –**

जयमुरलीधराच्युत ! मुकुन्द ! दयाम्बुनिधे ! । निजशरणागताखिलसमीप्सितदानपटो ! ॥
सकलगुणैकधाम सदयेक्षण ! विश्वपते ! । तव पदपङ्कजद्वयमहं प्रणमामि हरे ! ॥ ४०
भवभयमुक्तये हृदि विचिन्त्यमशेषजनैर्निजजनकष्टसंछिदमतीव पवित्रमिदम् ।
परिणुतमब्जजादिभिरमर्त्यगणैः सततं हृदि विदधे महापुरुष ! तेऽङ्घ्रिसरोजयुगम् ॥ ४१
जितमरुदिन्द्रियैरमलहृत्कमलेऽर्कशतद्युति । नखमण्डलं दृशिधृतं निजयोगिजनैः ॥
स्तुतमनिशं पदक्रमषडङ्गयुतैर्निगमैः । शरणमुपागतोऽस्मि तव तत्पदपद्ममिदम् ॥ ४२

---

**થયેલા પરમાત્માની સ્તુતિ કરી તેમજ પ્રણામ કરીને દૂર ઊભા રહીને પ્રગટ ભગવાનનાં દર્શન કરવા લાગ્યા.[૩૮] ત્યારપછી ભાર્યા ભક્તિદેવીએ સહિત સદ્‌બુદ્ધિમાન ધર્મદેવ વૃંદાવનવિહારી અને પોતાના પુત્રરૂપે પ્રગટ થવાની પ્રતિજ્ઞા સત્ય કરનારા પરમાત્માની બે હાથજોડી સ્તુતિ કરવા લાગ્યા.[૩૯] દેવશર્મા કહે છે, હે મોરલીધર ! હે અચ્યુત ભગવાન્ ! આપનો વિજય થાઓ, હે મુકુન્દ ! હે દયાના સાગર ! હે પોતાને શરણે આવેલા સમસ્ત જીવાત્માઓને ઇચ્છિત વરદાનને આપવામાં સમર્થ ! હે સમસ્ત કલ્યાણકારી સદ્‌ગુણોના ધામસ્વરૂપ ! હે કરુણારસથી ભરેલાં નેત્રોવાળા ! હે વિશ્વનાપતિ ! હે હરિ ! તમારે શરણે આવેલો હું ધર્મ, તમારાં ચરણકમળમાં વંદન કરું છું.[૪૦] હે મહાપુરુષ ! સમસ્ત મુમુક્ષુઓ સંસારના જન્મ-મરણરૂપ ભય થકી મુક્ત થવાને અર્થે પોતાના હૃદયમાં જેનું સતત ધ્યાન કરે છે. તથા જે ભક્તજનોનાં અનેકવિધ દુઃખોને દૂર કરનાર છે, તથા પોતાનું ધ્યાન કરનારનાં પાપો ધોઈને જે પવિત્ર કરે છે, અથવા સર્વપાપીજનોને પણ પવિત્ર કરનાર ગંગાજી પણ જેના સ્પર્શથી આવા મહિમાવાળાં થયાં છે. તથા બ્રહ્માદિદેવતાઓ પણ જેનાં એક એક ચિહ્નનો મહિમા ગાતાં ગાતાં સ્તુતિ કરે છે. એવા આપનાં આ બન્ને ચરણકમળનું હું મારા હૃદયમાં નિરંતર ધ્યાન કરું છું.[૪૧] પોતાના પ્રાણ અને ઇંદ્રિયોને જીતીને વશ કરનાર યોગીપુરુષો પોતાના નિર્મળ હૃદયકમળમાં આંતરિક નિર્મળ નેત્રોદ્વારા જેનું ધ્યાન કરે છે. તથા એક સાથે ઉદય પામેલા અનેક સૂર્યનાં કિરણો સમાન કાંતિવાળા નખમંડળ જેના શોભી રહ્યા છે, તેમજ પદ વિભાગથી તથા ક્રમ વિભાગથી તથા શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ અને નિરુક્ત આ છ અંગોના વિભાગે સહિત ચારે વેદો જે ચરણકમળની**

विबुधवरैरपि प्रबलबुद्धिबलेन निजं । दुरधिगमं स्वरूपमिति चात्तनरादितनुः ॥
स्वयमथवाऽपरोक्षनिजवित्तिसदात्मतया । ह्यवगमयंस्तदीश ! जगतोऽसि सदेकगुरुः ॥ ४३
असुभृदनादिबन्धनभिदाप्रभुता तव वै । प्रभुरसि तत्त्वमेव जनताश्रयणीयतरः ॥
त्वदुपकृतिं न कोऽपि भवति प्रतिकर्तुमलं । समुपगतोऽस्म्यतोऽत्र भवदंघ्रिमहं शरणम् ॥ ४४

देवास्तद्गुरवो नरास्तदधिपाश्चान्येऽपि येऽधीश्वराः ।
सर्वे कोटितमांशतुल्यमपि ते देव ! प्रसादस्य वै ॥
दातुं न प्रभवन्ति किञ्चन फलं तस्मादहं त्वीश ! ।
ते प्राप्तः पादसरोजमिष्टफलदं निःशेषदुःखापहम् ॥ ४५
यावन्नैव पदाम्बुजं श्रयति ते भक्त्या सुरेशोऽपि वा ।
तावत्कालभयं न नश्यति हरे ! कुत्रापि कस्यापि वा ॥

---

અહર્નિશ સ્તુતિ કરે છે, તે આ પ્રગટ દર્શનીય આપના ચરણકમળને શરણે હું આવેલો છું.[૪૨] હે ઈશ ! દેવતાઓમાં શ્રેષ્ઠ એવા બ્રહ્માદિ દેવો પણ પોતાની પ્રબળ બુદ્ધિના બળથી પણ આપના સ્વરૂપને જાણવા સમર્થ થતા નથી, એવા આપના સ્વરૂપનું જ્ઞાન કાં આપ સ્વયં મનુષ્યરૂપે પ્રગટ થઈને જીવને બોધ કરાવો, કે મારું સ્વરૂપ આવું છે તો થાય. અથવા આપના સ્વરૂપનો જેને પ્રત્યક્ષ અનુભવ થયો છે એવા સત્પુરુષો દ્વારા જો તમે તમારું સ્વરૂપ ઓળખાવો તો જ જીવને તેનો બોધ થાય છે, નહિ તો કદાપિ થતો નથી. માટે સર્વ જગતના તમે જ એક સાચા સદ્ગુરુ છો.[૪૩]

પ્રાણધારી જીવાત્માઓનાં અનાદિ માયાનાં જે બંધન છે, તેને તોડવામાં એક તમેજ સમર્થ છો. તેથી સર્વ જીવપ્રાણીમાત્રને આશ્રય કરવા યોગ્ય તમે જ છો. આવા તમારા માયાનું બંધન તોડવારૂપ ઉપકારનો બદલો આપવા કોઈ જીવપ્રાણી માત્ર સમર્થ નથી. એજ કારણથી અત્યારે હું આપનાં ચરણકમળના શરણે આવ્યો છું, આપનું મન, કર્મ વચને હું ભજન કરું છું. મારા દ્વારા કરાયેલું ભજન જ તમારા ઋણમાંથી મને મુક્ત કરનારું થાય, એવો મારો ભાવ છે.[૪૪] હે દેવ ! દેવતાઓ કે મનુષ્યો તથા તેઓના ગુરુ એવા બૃહસ્પતિ આદિ આચાર્યો તથા ઈંદ્રાદિ દેવતાઓ તથા બ્રહ્માદિ ઈશ્વરો પણ તમારી પ્રસન્નતાથી મળતા ફળના કોટીમા ભાગનું પણ ફળ આપવા સમર્થ થતા નથી. તે કારણથી તે સર્વેના અધીશ્વર અને સર્વ દુઃખોનો વિનાશ કરનારા તથા ઈચ્છિત ફળને આપનારા એવા એક

ज्ञात्वेत्थं परिहृत्य दुःखनिभृतामन्यां दुराशां धिया ।
यस्त्वत्पादसरोजमेव सततं सेवेत धन्यः स हि ॥ ४६
ब्रह्माण्डकोटिप्रभवादिहेतुस्त्वं कारणानामपि कारणं हि ।
सर्वाश्रयः सर्वपतिस्त्वमेव वरप्रदाता मम कृष्ण एव ॥ ४७
धृत्वावतारान् बहुशस्त्वमेव युगे युगे पासि च धर्मसेतून् ।
रक्षन् सतो हंसि च धर्महन्तॄन् ज्ञानं स्वरूपस्य तनोषि चेश ! ॥ ४८
स साम्प्रतं त्वं कलिना विवृद्धमधर्मसर्गं गुरुभूपसंस्थम् ।
निवर्त्य पातुं स्वपदोपसन्नान् गृहे मदीयेऽत्र बभूविथाविः ॥ ४९

---

આપના ચરણકમળનાં આશરે હું આવ્યો છું.[૪૫]

હે હરિ ! દેવતાઓના અધિપતિ દેવેન્દ્ર કે બ્રહ્માજી પણ જ્યાં સુધી તમારા ચરણકમળનો ભક્તિભાવપૂર્વક આશ્રય કરતા નથી ત્યાં સુધી તેમના માથેથી પણ કાળનો ભય દૂર થતો નથી. જે એક તમારા આશરાથી થાય છે. તે કારણથી જે પુરુષ આ પ્રમાણે વિવેકબુદ્ધિથી વિચારીને દુઃખોથી ભરપૂર અન્ય દુરાશાઓનો ત્યાગ કરી એક તમારા ચરણકમળનું નિરંતર સેવન કરે છે, તેજ પુરુષ ધન્ય છે. કારણ કે કાળનો ભય છોડી તમારો પાર્ષદ થાય તેનાથી વધુ બીજી ધન્યતા કઈ હોઈ શકે ?.[૪૬]

હે ભગવન્ ! અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના પણ કારણ તમે જ છો, કારણ કે પ્રકૃતિ પુરુષ આદિ સર્વના કારણ તત્ત્વોના પણ તમે મૂળ કારણ સ્વરુપ છો. સર્વેના આશ્રયરુપ એક તમે જ છો. સર્વેના સ્વામી પણ તમે જ છો, અને વૃંદાવનમાં વરદાન આપનારા જે શ્રીકૃષ્ણ ભગવાન તે પણ તમે જ છો.[૪૭] હે ઈશ્વર ! યુગ યુગને વિષે અનંત અવતારો ધારણ કરી ધર્મમર્યાદાનું પાલન પણ તમે જ કરો છો. સત્પુરુષોનું રક્ષણ અને ધર્મના દ્વેષીઓનો સંહાર પણ તમે જ કરો છો. અને તમારા સ્વરૂપનું જ્ઞાન પણ તમેજ આપો છો.[૪૮] એવા સાક્ષાત્ ભગવાન તમે અત્યારે કળિયુગનું બળ લઈ વૃદ્ધિ પામેલા અને મનુષ્યરૂપે જન્મેલા અસુરગુરુઓ અને અસુર રાજાઓમાં સ્થિર થઈ ગયેલા અધર્મસર્ગનો વિનાશ કરીને તમારા શ્રીચરણોના શરણે આવેલા જીવાત્માઓનું રક્ષણ કરવા માટે આ મારા ઘેર પ્રગટ થયા છો. એવા આપશ્રીને મારા કોટિ કોટિ પ્રણામ છે.[૪૯]

**सुव्रत उवाच -**

इति स्तुतो विप्रवरेण कृष्णो मानुष्यनाट्यं बहुधा विधित्सुः ।
उवाच तं प्रेमरसार्द्रभावं भक्तप्रियः सर्वहितावतारः ।। ५०

**श्रीभगवानुवाच -**

त्वं साक्षाद्धर्मदेवोऽभूः पूर्वसर्गे द्विजोत्तम ! । इयं च मूर्तिस्त्वत्पत्नी त्वामेवानुव्रता सदा ॥ ५१
दुर्वाससो मुनेः शापात्प्राप्तौ मानुष्यमत्र वै । उपद्रुतौ मुहुर्दुष्टैः कल्यधर्माश्रितैर्नृभिः ॥ ५२
स्वधर्मस्थावुभौ लोके भ्रमन्तौ तीर्थभूमिषु । सम्प्राप्तौ वैष्णवीं दीक्षामुद्धवान्मदुपाश्रितात् ॥ ५३
वृन्दावनमुपेत्याथ विष्णुयागेन भूयसा । मदाराधनमव्यग्रौ कुर्वाते स्मैकचेतसौ ॥ ५४
वैरिदारिद्र्यातिपीडाविच्छेदं चात्मरक्षणम् । अभीप्सन्तौ मत्त एव निश्छद्मसकलक्रियौ ॥ ५५
जिताहारौ मिताहारौ ब्रह्मचर्यदृढस्थिती । जितनिद्रावेकभावौ मामाराधयतं युवाम् ॥ ५६

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! વિપ્રવર્ય ધર્મદેવ આ પ્રમાણે પરમાત્માની સ્તુતિ કરી ત્યારે બહુ પ્રકારે મનુષ્ય ચેષ્ટા કરવા ઇચ્છતા અને સર્વ જીવોનું હિત કરવાને અર્થે જેમણે અવતાર લીધો છે એવા ભક્તપ્રિય ભગવાન શ્રીકૃષ્ણ પ્રેમરસથી રસબસ ભાવવાળા થઈ ગયેલા ધર્મદેવ પ્રત્યે કહેવા લાગ્યા.[૫૦]

**ધર્મ-ભક્તિને ભગવાને પૂર્વઘટનાનું તાજું કરાવેલું સ્મરણઃ-** ભગવાન કહે છે, હે દ્વિજોત્તમ ધર્મ ! તમે પૂર્વજન્મમાં સાક્ષાત્ "ધર્મપ્રજાપતિ" હતા, અને આ ભક્તિ નિરંતર તમારી અનુવૃત્તિમાં રહેનારાં તમારાં પત્ની મૂર્તિદેવી હતાં.[૫૧] દુર્વાસામુનિના શાપને કારણે તમે બન્ને આ ભરતખંડમાં મનુષ્ય જન્મને પામ્યાં છો. તેમજ કળિયુગ તથા અધર્મનો આશ્રય કરનારા દુષ્ટ મનુષ્યોથી વારંવાર પીડાને પણ પામ્યાં છો.[૫૨] ધાર્મિક એવા તમે બન્ને પૃથ્વીલોકમાં રહેલાં તીર્થક્ષેત્રોમાં પરિભ્રમણ કરતાં કરતાં મારા અનન્ય આશ્રિત એવા ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામી પાસેથી મારી વૈષ્ણવી દીક્ષાને પણ પામ્યાં છો.[૫૩] ત્યારપછી વૃંદાવનમાં આવી અને એકાગ્રમનથી મહાવિષ્ણુયાગના માધ્યમથી તમે બંને એ મારી આરાધના કરી. કારણ કે નિષ્કપટક્રિયાવાળાં તમે બન્ને વૈરીઓએ સર્જેલી દરિદ્રતાની અતિ પીડાનો નાશ તથા આત્મરક્ષણ એક મારા થકી જ ઇચ્છતાં હતાં.[૫૪-૫૫]

જીવનમાં તમે બન્નેએ આહારને જીતીને વશ કર્યો, મિતાહાર કરતાં રહ્યાં, બ્રહ્મચર્યવ્રતનું દઢપણે પાલન કરતાં થકાં નિદ્રાને પણ તમે જીતી લીધી અને એક મારે વિષે જ દઢ ભક્તિભાવ રાખી, મારી આરાધના કરતાં કરતાં તપથી શરીરને

दृष्ट्वा वां तपसा कार्श्यं भावं च दृढमात्मनि । कालेनाल्पेन तुष्टोऽहमीदृग्रूपमदर्शयम् ॥ ५७
ततः प्रसन्नेन मया वरोदत्तस्त्वदीप्सितः । प्रोक्तं च विप्र ! ते रक्षां कर्ता भूत्वा सुतस्त्विति ॥ ५८
अन्तर्हितस्ततोऽभूवं त्वं च स्वगृहमागतः । तत आरभ्य ते वैरिभीतिर्नष्टा च दीनता ॥ ५९
एतत्स्मृत्यर्थमेवेदं रूपं दिव्यं प्रदर्शितम् । प्राप्तोऽस्मि युष्मत्पुत्रत्वं भव स्वस्थो द्विजर्षभ ! ॥ ६०

**सुव्रत उवाच –**

एवं तमुक्त्वा जगदीश्वरोऽसौ सद्योऽभवन्मानुषदिव्यबालः ।
भक्तेः स्वमातुः शयनेऽथ रेमे पूर्णेन्दुकान्तिश्च मनोहराङ्गः ॥ ६१
कृष्णेच्छयैवाथ स विप्रवर्यो नष्टस्मृतिः सा च बभूव भक्तिः ।
पुत्रं प्रजातं तमवेत्य हृद्यं हर्षं महान्तं हृदि चापतुस्तौ ॥ ६२

---

પણ કૃશ કરી નાખ્યાં, તમારો મારે વિષે આવો દૃઢ ભક્તિભાવ જોઈને હું અલ્પકાળમાં જ પ્રસન્ન થઈને અત્યારે તમે જે મારા સ્વરૂપને નિહાળી રહ્યાં છો તે જ સ્વરૂપે તમોને મેં મારું પ્રત્યક્ષ દર્શન આપ્યું.[૫૬-૫૭]

ત્યારપછી પ્રસન્ન થયેલા મેં તમને ઈચ્છિત વરદાન આપ્યું અને કહ્યું કે, હે વિપ્ર ! હું તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થઈને તમારું રક્ષણ કરીશ.[૫૮] આ રીતે તમને વરદાન આપી હું અંતર્ધાન થયો, અને તમે બન્ને તમારે ઘેર આવ્યાં. ત્યારથી આરંભીને તમારે શત્રુઓનો ભય અને દરિદ્રતા નષ્ટ પામ્યાં.[૫૯] હે બ્રાહ્મણશ્રેષ્ઠ ધર્મદેવ ! પૂર્વે ઘટેલી આ સમગ્ર ઘટનાનું સ્મરણ તાજું થાય તે માટે મેં અત્યારે તમને મારા દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું છે, બાકી હું તમારે ત્યાં હવે પુત્રરૂપે પ્રગટ થયો છું તેથી તમે સ્વસ્થ થાઓ.[૬૦]

**ભગવાન થયા બાળકરૂપઃ–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! અખિલ જગતના સ્વામી ભગવાને ધર્મદેવને આ પ્રમાણે કહ્યું અને તેજ ક્ષણે દિવ્ય અલૌકિક બાળક જેવું માનવ શરીર ધારણ કરી લીધું, અને ભક્તિમાતાની ગોદમાં રમવા લાગ્યા. પૂર્ણિમાના ચંદ્રની કાંતિ સમાન ઉજ્જવળ કાંતિવાળા અને મનોહર અંગવાળા બાલપ્રભુ બહુ શોભી રહ્યા હતા.[૬૧] ભગવાન શ્રીકૃષ્ણની ઈચ્છાથી ધર્મદેવ તથા ભક્તિદેવીને ભગવાનના દિવ્યપણાના જ્ઞાનની વિસ્મૃતિ થઈ ગઈ અને પોતાને ત્યાં મનોહર પુત્રરત્નનો જન્મ થયો છે એમ જાણી બન્ને હૃદયમાં બહુજ હર્ષ પામવા લાગ્યાં.[૬૨] જેમ નટવિદ્યામાં નિપુણ નટ અનેક પ્રકારના વેષને ધારણ કરે તેમ સ્વતંત્રપણે મનુષ્યસ્વરૂપને ધારણ કરી રહેલા ભગવાન શ્રીહરિનાં

तं बालकृष्णं धृतमर्त्यभावं देवादयस्ते च स देवशर्मा ।
वेषान्तरं प्राप्तमिवात्मतन्त्रं नटोत्तमं सन्ददृशुः सहर्षं ।। ६३
सत्स्वस्तिकादिनवलक्षणदक्षपादं मत्स्यादिसप्तकसुलक्षितवामपादम् ।
आरक्तपल्लवनिभाङ्गुलिराजिराजत्सुस्निग्धकोमलमनोहरपादपद्मम् ।। ६४
उत्तुङ्गशोणनखनिर्गतसन्मयूखैर्मुष्णन्तमुष्णकिरणादिरुचः समग्राः ।
ईषत्समुन्नतसुवर्तुलगुल्फचारुजङ्घासुजानुकरभोरुयुगातिशोभम् ।। ६५
राजद्बृहत्कटितटं पुरटाभचञ्चत्स्निग्धातिसूक्ष्मविरलोद्गतरोमरम्यम् ।
गम्भीरवर्तुलसुशोभितनाभिराजदश्वत्थपत्रसमतुन्दवलित्रयाङ्कम् ।। ६६
हासावदातरुचिसङ्ग्यधरारुणश्रीश्रीवत्सशोभितपृथून्नतवक्षसं च ।
आजानुलम्बिदृढपीवरबाहुदण्डं तुङ्गारुणोज्ज्वलमहःकरजश्रियं च ।। ६७

---

દર્શન ત્યાં આવેલા બ્રહ્માદિ દેવતાઓ, તેની પત્નીઓ, ઋષિમુનિઓ તથા ભક્તિએ સહિત ધર્મદેવ પણ હર્ષપૂર્વક કરવા લાગ્યા.[૬૩] બાલ શ્રીહરિનો જમણો ચરણ સ્વસ્તિક આદિ નવ ચિહ્નોથી શોભી રહ્યો છે. અને ડાબો ચરણ મત્સ્ય આદિ સાત ચિહ્નોથી શોભી રહ્યો છે, આ બન્ને ચરણકમળ લાલ રંગના નવા ફુટેલાં પાંદડાંના જેવી સુંદર લાલ આંગળીઓની પંક્તિથી વિરાજીત કોમળ, સ્નિગ્ધ અને અતિમનોહર લાગે છે.[૬૪] દરેક આંગળીઓના ઉપડતા લાલ નખમાંથી નીકળતાં સુંદર કિરણો સૂર્ય, ચંદ્ર અને અગ્નિની સમગ્ર કાંતિને પણ જાણે ઝાંખી પાડી રહ્યા છે. લગારેક ઉપડતી, સુંદર અને ગોળ ઘુંટી શોભી રહી છે. મનોહર બે પીંડી, સુંદર બે ગોઠણ, અને કરભની સમાન સુંવાળા બન્ને સાથળથી બાલ શ્રીહરિ અતિશય શોભી રહ્યા છે.[૬૫]

વિશાળ કટિપ્રદેશ જેનો શોભી રહ્યો છે, તેમજ સુવર્ણ સરખા ચળકતા અતિ સૂક્ષ્મ અને પાંખા ઉગેલા શરીર ઉપરના રોમથી શ્રીહરિ શોભી રહ્યા છે. તથા પીપળના પાન સરીખા ઉદરમાં સુંદર ત્રિવળી પડે છે, તેના મધ્યે ગોળ ગંભીર ઊંડી નાભિ શોભી રહી છે.[૬૬] મંદમંદ મુખહાસ્યની ઉજ્જ્વલ કાંતિની આભાથી લાલ અધરોષ્ઠ જેના શોભી રહ્યા છે, વિશાળ અને ઉપડતું એવું વક્ષસ્થળ શ્રીવત્સના ચિહ્નથી શોભી રહ્યું છે, જાનુ પર્યંત લાંબા રુષ્ટપુષ્ટ બે ભુજદંડ જેના શોભી રહ્યા છે, હાથની આંગળીઓના ઉપડતા અને લાલ નખની કાંતિવડે શ્રીહરિ અતિશય શોભી રહ્યા છે.[૬૭]

सूक्ष्मायताङ्गुलिविराजितशोणपद्मकान्तस्वभावकटिनोत्तमपाणियुग्मम् ।
संशोभितायतहनुद्युतिकम्बुकण्ठं नम्राग्रतुङ्गतिलपुष्पसमाननासम् ॥ ६८
नस्प्रान्तकर्णपुटकान्तरसूक्ष्मबिन्दुं पूर्णेन्दुमण्डलनिभस्मयमानवक्रम् ।
शोणान्तरम्यनवशारदपुण्डरीकपत्रायतातिचपलाक्षिनिरीक्षमाणम् ॥ ६९
तुङ्गायतत्तमविशाललाटशोभाराजत्कपोलकुटिलभ्रुकुटिश्रियं च ।
हासोल्लसन्मृदुलगण्डसमानकर्णं सुस्निग्धसूक्ष्मकुटिलासितमञ्जुकेशम् ॥ ७०
एवं महापुरुषलक्षणलक्षिताङ्गमुत्तानशायिनमचक्षत तं हि सर्वे ।
नत्वा तमादरभरेण तदिच्छयाऽथो ब्रह्मादयस्तु निजधाम ययुस्त्रयस्ते ॥ ७१

શ્રીહરિના પાતળી અને લાંબી આંગળીઓથી વિરાજીત અને મજબૂત મણિબંધથી સુશોભિત લાલ કમળની સમાન સહજ સુંદર બન્ને હસ્તકમળ શોભી રહ્યા છે, શોભાયમાન દીર્ઘ ચિબુક અને ત્રણ રેખાવાળો તેજસ્વી શંખ સરીખો કંઠ પણ શોભી રહ્યો છે. અગ્રભાગે કાંઈક નમતી અને ઉપડતી તેમજ તલના પુષ્પ તુલ્ય સુંદર નાસિકા શોભી રહી છે.[૬૮] શ્રીહરિના જમણા ગાલ ઉપર નાસિકાની સમીપે તથા ડાબા કાનના મધ્યે અંદરના ભાગે એક એક સૂક્ષ્મ કાળા તલ શોભી રહ્યો છે. શરદપૂર્ણિમાના ચંદ્રમાની સમાન મંદમંદ હાસ્ય કરતું મુખારવિંદ શોભી રહ્યું છે. આવા બાલ શ્રીહરિ ખૂણાના ભાગે કાંઈક રક્ત હોવાથી રમણીય જણાતાં અને શરદઋતુમાં વિકસેલાં નવીન શ્વેત કમળના પત્ર સરખાં વિશાળ તેમજ અતિ ચંચળ એવાં નેત્રોની ચપળ દૃષ્ટિથી પોતાનું દર્શન કરતા ભક્તજનોને પ્રેમથી નિહાળી રહ્યા છે.[૬૯] વળી ભગવાન શ્રીહરિ ઉપડતા, ઉત્તમ વિશાળ ભાલની શોભાથી વિરાજિત બન્ને ગાલથી અને સુંદર વાંકડી ભ્રૂકુટિથી અતિ શોભી રહ્યા છે. વળી મંદમંદ હાસ્યથી વિલસી રહેલા બન્ને કોમળ ગાલથી તથા સરખા અને સુંદર બન્ને કર્ણથી પણ શોભી રહ્યા છે. તેમજ મસ્તક ઉપર સુંવાળા, સૂક્ષ્મ, વાંકડિયા, કાળા અને સુંદર કેશ શોભી રહ્યા છે.[૭૦] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પૂર્ણ પુરુષોત્તમ નારાયણના પગના તળામાં રહેલાં ધ્વજ, વજ્ર આદિ સોળ ચિહ્નો આદિ અનંત શરીરમાં રહેલાં લક્ષણો દ્વારા આ સ્વયં ભગવાન છે. એવો બોધ કરાવતા અને માતાની ગોદમાં બેસી સ્તનપાન કરી રહેલા આવા બાલ શ્રીહરિનાં દર્શન કરી બ્રહ્માદિ દેવો ખૂબજ રાજી થયા અને ત્યાર પછી મહા આદર સાથે બાલ શ્રીહરિને નમસ્કાર કરી તેમની જ ઇચ્છાથી પોતપોતાના ધામમાં ગયા.[૭૧]

एवं तस्य द्विजेन्द्रस्य गेहे स पुरुषोत्तमः । प्रादुर्बभूव विश्वात्मा काले जनमनोहरे ॥ ७२
विक्रमार्कशकस्याब्दे नगाग्निवसुभूमिते । वर्षे विरोधकृन्नाम्नि सौम्यायनगते रवौ ॥ ७३
वसन्ततौं मधौ शुक्लनवम्यामिन्दुवासरे । पुष्ये सुकर्मयोगे च करणे कौलवाह्वये ॥ ७४
लग्ने च वृश्चिके युक्ते गुरुणा शनिना सह । उच्चस्थानं गते शुक्रे स्वराशिं च निशाकरे ॥ ७५
रिपुस्थानं गते राहौ बुद्धिस्थानं गते बुधे । धनस्थानं कुजे याते भास्करे च सुतालयम् ॥ ७६

भूतले दिवि महोत्सवस्तदा सर्वतोऽभवदुदारचेतसाम् ।
हर्षसम्भ्रमवतां नृणां तथा योषितां च विमतान्यकर्मणाम् ॥ ७७
देवताः शतमखादयो मुदा पुष्पवर्षणमकार्षुरुत्सुकाः ।
गायनं च सुरराजगायकाश्चारु नृत्यमकृताप्सरोगणः ॥ ७८

---

**શ્રી હરિની જન્મકુંડલી:–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સર્વ વિશ્વના આત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન વિપ્રવર્ય ધર્મદેવના ભવનમાં જે સમયે પ્રગટ થયા તે સમય સમસ્ત મનુષ્યોના મનને હરનારો શુભ સમય હતો, વિક્રમ સંવત્ ૧૮૩૭ ના ચૈત્ર સુદી નવમીની પવિત્ર તિથિ હતી, વિરોધી નામનું સંવત્સર હતું. સૂર્યદેવ ઉત્તરાયણમાં પ્રવેશ્યા હતા. સોહામણી વસંત ઋતુ હતી. સોમવાર અને પુષ્યનક્ષત્ર હતું. સુકર્મ નામનો યોગ હતો. કૌલવ નામનું કરણ હતું. વૃશ્ચિક નામના લગ્નમાં ગુરુની સાથે શનિનો યોગ પ્રાપ્ત થયો હતો. શુક્ર ઉચ્ચસ્થાન મીન રાશિને પામ્યા હતા. ચંદ્ર પોતાની કર્ક રાશિને પામ્યો હતો, રાહુ જન્મ લગ્નથી છઠ્ઠા રિપુસ્થાનને પામ્યો હતો. બુધ જન્મથી પાંચમા બુદ્ધિ સ્થાનને પામ્યો હતો. મંગળ જન્મથી બીજા ભવન ધન સ્થાનને પામ્યો હતો. સૂર્ય પાંચમા ભવન સૂત સ્થાનને પામ્યો હતો. આવા શુભ સમયને વિષે વિશ્વાત્મા ભગવાન શ્રીહરિનું પ્રાગટ્ય થયું.[૭૨-૭૬]

**જન્મોત્સવની ઉજવણી:–** શ્રીહરિના જન્મ સમયે ભૂમિપર, સ્વર્ગલોકમાં તથા અન્ય સર્વત્ર જગ્યાએ તથા ઉદાર મનના મહાપુરુષોને ત્યાં મહાન જન્મ- સંબંધી ઉત્સવો ઉજવાયા. શ્રીહરિના પ્રાગટ્યના હર્ષથી ભાવવિભોર બનેલા સર્વે નરનારીઓ અન્ય સર્વ ક્રિયાઓનો ત્યાગ કરી એક માત્ર ભગવાનનો જન્મોત્સવ ઉજવવા લાગ્યા. આનંદિત થયેલા સો યજ્ઞ કરનારા ઇંદ્રાદિ દેવતાઓ પણ અંતરના અનેરા ઉત્સાહની સાથે નંદનવનના પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ઇંદ્રના ગાયકવૃંદમાં ચિત્રરથ આદિ ગાંધર્વો બાલ શ્રીહરિના ગુણાનુવાદનું ગાયન કરવા લાગ્યા. ઉર્વશી

वह्नयो रुरुचिरेऽग्रजन्मनां सद्य एव भसितावृता अपि ।
मानसान्यपि तदान्तरारिभिर्वर्जितानि च सतां समासत ।। ७९
कौलनास्तिकगुरुत्वशालिनां पापिनां नृतनुदैत्यरक्षसाम् ।
त्रासमेव सहसा प्रपेदिरे भाविनाशगमकं मनांसि च ।। ८०
भूभुजां निलयनेषु नैगडा बन्धमुक्तिमगमंश्च तत्क्षणम् ।
तत्यजुः सहजवैरिणस्तदा दुस्त्यजामपि मिथो विरोधिताम् ।। ८१
दुन्दुभिध्वनिरभूदहर्निशं बालशर्मसुतमन्दिरे नृप ! ।
देवदुन्दुभिनिनादमिश्रितस्तस्य जन्मसमये ह्यजन्मनः ।। ८२
योषितोऽपि जनमङ्गलं जगुः सङ्घशोऽद्भुतकुमारमाशिषा ।
योजयन्त्य उरुधा परस्परं कुर्वते स्म पिशुनादिलेपनम् ।। ८३

---

આદિ અપ્સરાઓના ગણો પોતાની સર્વે કળાઓમાં અભિનય કરી સુંદર નૃત્ય કરવા લાગી.[૭૭-૭૮]

હોમ કરનારા દ્વિજોના અગ્નિકુંડોના અગ્નિ પણ ભસ્મથી આવૃત હોવા છતાં અચાનક પ્રજવલિત થઈ દીપવા લાગ્યા. સત્પુરુષોનાં મન કામ, ક્રોધાદિ અંતઃશત્રુઓથી રહિત થઈ નિર્મળ થઈ આનંદ અનુભવવા લાગ્યાં.[૭૯] કૌલપંથ અને નાસ્તિક પંથના ગુરુ સ્થાને ચડી બેઠેલા આચાર્યોના પાપી પુરુષોના અને મનુષ્યયોનીમાં જન્મેલા દૈત્યો અને રાક્ષસોના મનમાં એકાએક પોતાના ભવિષ્યના વિનાશને સૂચવતો મહાત્રાસ પેદા થયો.[૮૦] તેમજ શ્રીહરિના જન્મ સમયે રાજાઓના બંદીખાનાઓમાં બેડિયુંના બંધનથી બંધાયેલા બંધીજનોનાં બંધનો આપોઆપ છૂટી ગયાં, પરસ્પર સહજ વૈરવૃત્તિવાળાં પ્રાણીઓ પણ શ્રીહરિના જન્મ સમયે પોતાની વૈરવૃત્તિનો તત્કાળ ત્યાગ કરી દીધો.[૮૧]

હે રાજન્ ! અજન્મા એવા ભગવાનના પ્રાદુર્ભાવના સમયે ધર્મદેવના ભવનમાં દેવતાઓના દુંદુભિઓના નાદની સાથે મિશ્રિત થઈ મનુષ્યોએ બજાવેલ દુંદુભિઓનો નાદ અહર્નિશ થવા લાગ્યો.[૮૨] નગરની નારીઓ પણ સંઘમાં સાથે મળીને ધર્મદેવના ભવનમાં આવી અદ્‌ભૂત બાળકને આશીર્વાદ આપતી સતી મંગળગીતોનું ગાયન કરવા લાગી અને પરસ્પર કુંકુમ, હળદર, દહીં, માખણ આદિનું બહુ પ્રકારે લેપન કરતી ઉત્સવ મનાવવા લાગી.[૮૩] ભગવાનના પ્રાગટ્ય સમયે મંદ, શીતળ અને સુગંધીમાન વાયુ વાવા લાગ્યો. તારામંડળની સાથે આકાશ

वायवः सुखकरा ववुस्तदा निर्मलं च खमभूत्सहोडुभिः ।
चक्रिरे जयरवं सुरानुगाः कीर्तयन्ति ऋषयः स्म चाशिषः ॥ ८४
वाणी मङ्गलरूपिणी च हसितं यस्यास्ति वै मङ्गलं ।
नेत्रे मङ्गलदे च दोर्विलसितं नृणां परं मङ्गलम् ॥
वक्त्रं मङ्गलकृच्च पादचलितं यस्याखिलं मङ्गलं ।
सोऽयं मङ्गमूर्तिराशु जगतो नित्यं क्रियान्मङ्गलम् ॥ ८५
ऋषिभिः कृतमङ्गलं तमित्थं सुतमानन्दकरं निशाम्य हृष्टः ।
स चकार हरिप्रसादविप्रो निगमोक्तं त्वथ जातकर्म तस्य ॥ ८६
प्रथमं सहिरण्यवारिभिः स्नपनं सांशुकमेव सत्वरम् ।
स्वगृहे स विधाय चाचरत्पितृसन्तर्पणमत्र वैदिकैः ॥ ८७
अथ मङ्गलवाचनं स सूनो रसनामार्जनमाचचार धर्मः ।
विदधे विधिनोचितं च मेधाजननं दानविधिं तथा तदङ्गम् ॥ ८८
समेता ज्ञातयस्तस्य विप्रवर्यस्य वेश्मनि । आनन्दं परमं प्राप्ताः कुमारायाऽऽशिषो ददुः ॥ ८९

---

**અતિ સ્વચ્છ થયું, સિદ્ધો અને ચારણો ભગવાનના નામનો જયઘોષ કરવા લાગ્યા, સપ્તર્ષિઓ રૂડા આશીર્વાદ આપતાં કહેવા લાગ્યા કે, હે ભગવન્ ! તમારી વાણી મનુષ્યોનું કલ્યાણ કરનાર મંગળરૂપ છે, તમારું હસવું મંગળરૂપ છે, તમારાં બન્ને નેત્રો સર્વનું મંગળ કરનારાં છે, તમારી ભૂજાઓનો વિલાસ મંગળકારી છે, તમારું મુખકમળ મંગળકારી છે, તમારા ચરણની ચાલ પણ મંગળકારી છે, વર્ણન કર્યું તે સિવાયનું પણ તમારું સર્વસ્વ મનુષ્યને માટે મંગળકારી છે, આવી મંગળકારી મૂર્તિ આપ આખા વિશ્વનું શીઘ્રતાતિ શીઘ્ર મંગળકરો.**[૮૪-૮૫]

**જાતકર્મ સંસ્કારઃ–** **સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સપ્તર્ષિઓએ સર્વને આનંદ આપનારા પરમાત્માની મંગળ પ્રાર્થના વર્ણવી તેને સાંભળીને અતિશય પ્રસન્ન થયેલા વિપ્ર હરિપ્રસાદે વેદોક્ત વિધિથી જાતકર્મ સંસ્કાર કરાવ્યો.**[૮૬] **પ્રથમ ધર્મદેવે પોતાના ભવનમાં સુવર્ણ યુક્ત શીતળ જળથી વસ્ત્રે સહિત સ્નાન કર્યું, વૈદિકમંત્રોથી પિતૃતર્પણ કર્યું. ત્યાર પછી બ્રાહ્મણો પાસે પુત્રનું પુણ્યાહ વાચન કર્મ કરાવ્યું, ત્યાર પછી રસનામાર્જન સંસ્કાર કરાવ્યો, તે સમયે ગુહ્યસૂત્રની રીત મુજબ સમયને ઉચિત મેધાજન નામનો કર્મવિધિ કરાવી જાતકર્મ સંસ્કારના અંગભૂત અનેક પ્રકારનાં દાન કર્યાં.**[૮૭-૮૮] **તે સમયે વિપ્રવર્ય ધર્મદેવના ભવનમાં ભેળાં થયેલાં સંબંધી જનોએ અતિશય આનંદમાં આવી બાલ શ્રીહરિને**

गीतामङ्गलवाद्यानि तत्र ग्रामे गृहे गृहे । तदा बभूवुः सर्वेषामानन्दश्च महान् हृदि ॥ ९०
ददौ बहूनि दानानि पुत्रजन्मप्रहर्षितः । ब्राह्मणेभ्यो द्विजेन्द्रोऽसावन्येभ्यश्च यथोचितम् ॥ ९१
गजान् हयांस्तथा धेनुरसङ्ख्याताः सुलक्षणाः । ब्राह्मणेभ्यो ददौ देवः सोपस्करगृहांस्तथा ॥ ९२
तथा दानान्यसौ प्रादाद्यच्छ्रुत्वा भुवि भूमिपाः । विस्मयं लेभिरे भूरिनिधीशं तं च मेनिरे ॥ ९३
मायया श्रीपतेस्तस्य विधित्सोर्नरनाटनम् । भगवानेष एवेति तं विवेद न कश्चन ॥ ९४
आत्मजे पुत्रभावोऽभूच्छ्रीकृष्णे भक्तिधर्मयोः । चिकीर्षोः शैशवीं लीलामिच्छया तस्य च प्रभोः ॥ ९५
ईश्वरत्वेन मज्ज्ञानात्पुत्रभावेन लालनम् । मदीयं दुर्लभमिति प्रभुरेवं तथा व्यधात् ॥ ९६

तौ दम्पती प्राप्य मनोरथस्य फलं प्रहृष्टौ नितरामभूताम् ।
बबन्धतुः स्नेहभरं तनूजे नराकृतिब्रह्मणि वासुदेवे ॥ ९७

---

રૂડા આશીર્વાદ આપ્યા, તે સમયે છપૈયાપુરમાં ઘેર ઘેર મંગળગીતો ગવાતાં હતાં, અને અનેક પ્રકારના વાજિંત્રોના નાદ થતા હતા, અને સર્વે નરનારીઓના અંતરમાં અનેરો આનંદ ઉભરાતો હતો.[૮૯-૯૦] પુત્રના જન્મથી અતિશય હર્ષિત થયેલા બ્રાહ્મણશ્રેષ્ઠ ધર્મદેવે બ્રાહ્મણોને બહુ પ્રકારનાં દાન આપ્યાં અને અન્ય જનોને પણ યથાયોગ્ય ખૂબ દાન આપ્યાં.[૯૧] બ્રાહ્મણોને હાથી, ઘોડા તથા અસંખ્યાત દૂઝણી ગાયોનાં દાન આપ્યાં, તથા અન્ન, વસ્ત્રો, વાસણ આદિ અનંત સામગ્રીઓની સાથે ઘરનાં પણ દાન આપ્યાં.[૯૨] ધર્મદેવે એવા ઉદારમનથી દાન આપ્યાં કે તે દાનને સાંભળીને પૃથ્વીપરના મોટા મોટા રાજાઓ પણ આશ્ચર્યચકિત થઇ ગયા, અને તેમને અખૂટ ધનના માલિક ધનકુબેર માનવા લાગ્યા.[૯૩]

મનુષ્યલીલાનો વિસ્તાર કરવાની ઇચ્છા ધરાવતા શ્રીપતિ ભગવાન શ્રીહરિની માયાથી બુદ્ધિ આચ્છાદિત થતાં આ બાળક ભગવાન છે એમ તે શ્રીહરિને કોઇ જાણતું ન હતું.[૯૪] ધર્મદેવ અને ભક્તિદેવીને પણ શ્રીહરિમાં પુત્ર ભાવજ પ્રગટ થતો હતો, કારણ કે બાળલીલાનો વિસ્તાર કરી બન્નેને ખૂબજ સુખ પમાડવાની ભગવાનને ઇચ્છા હતી.[૯૫] જો મને સર્વનો ઇશ્વર માનશે તો માતા-પિતા અલભ્ય પુત્રભાવથી મારું લાલન પાલન નહિ કરી શકે. આવું વિચારીને ભગવાને માતાપિતાને પોતાના દિવ્યભાવની વિસ્મૃતિ કરાવી દીધી.[૯૬] પોતાના મનનો મનોરથ પૂર્ણ થયો હોવાથી ધર્મ અને ભક્તિદેવી બન્ને અતિશય પ્રસન્ન થયાં અને મનુષ્યસ્વરૂપે વિરાજતા પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી વાસુદેવને વિષે પુત્રભાવે અત્યંત ગાઢ સ્નેહ કરવા લાગ્યાં.[૯૭]

प्रादुर्भावकथाऽद्भुतेयमुदिता तुभ्यं मया भूपते ! ।
गोत्रायां नरनाटनं बहुविधं प्रीत्या चिकीर्षोः प्रभोः ।
श्रीराधारमणस्य यः परमया भक्त्या पठेद्वा पुमान् नित्यं ।
तां श्रृणुयात्पुमर्थमखिलं स प्राप्नुयान्निश्चितम् ।। ९८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे नारायणप्रादुर्भावोत्सवनामा द्वाविंशोऽध्यायः ॥ २२ ॥*

---

## त्रयोविंशोऽध्यायः

**सुव्रत उवाच –**

अथावगत्योद्भवमात्मशत्रोराकस्मिकैर्लक्ष्मभिरासुरौघाः ।
हृत्कम्पवामावयवस्फुराद्यैरुत्पादयामासुरनेककृत्याः ।। १

---

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મેં તમને આ ભગવાનના પ્રાદુર્ભાવની અદ્‌ભૂત કથા પ્રેમથી સંભળાવી. આ ધરતી ઉપર અનેક પ્રકારની માનુષિક લીલાનો પ્રેમપૂર્વક વિસ્તાર કરવા ઈચ્છતા કાળમાયાના નિયંતા અને રાધાના સ્વામી એવા ભગવાન શ્રીહરિની આ પાવનકારી કથા જે કોઈ પુરુષ નિરંતર ગાઢ અનુરાગથી ગાશે અથવા સાંભળશે તે બન્ને પ્રકારના પુરુષો સમગ્ર ચારે પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે.[૯૮]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ભગવાન શ્રીપુરુષોત્તમનારાયણના પ્રાદુર્ભાવ ઉત્સવનું નિરૂપણ કર્યું એ નામે બાવીસમો અધ્યાય પૂર્ણ થયો. – ૨૨***

---

## અધ્યાય –૨૩

## હનુમાનજી દ્વારા કૃત્યાઓ થકી બાલપ્રભુ શ્રીહરિનું રક્ષણ.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિના પ્રાદુર્ભાવથી અસુરોના સમૂહોને આકસ્મિક અનેક પ્રકારનાં અપશુકનો થવા લાગ્યાં. કોઈનાં હૃદય કંપવા**

तत्रादितश्छुप्पयसं स कालीदत्तस्तु कृत्यागणमात्मसृष्टम् ।
क्रुद्धोऽडुढौकन्नृप ! कोटरादिं भयङ्कराकारमुदात्तशस्त्रम् ॥ २
हरिप्रसादस्य गृहं समेत्य जनेस्तु षष्ठेऽहनि बालकस्य ।
निशीथकाले परिसुप्तलोके सूतीगृहं तन्न्यविशत्स तूर्णम् ॥ ३
व्यचष्ट सोऽनेकवपुर्द्विजस्त्रीस्तत्र प्रसुप्ताः कतिचित्पलिक्नीः ।
शय्योपविष्टां द्विजराजपत्नीं भक्तिं च बालाननदत्तदृष्टिम् ॥ ४
अभ्यर्त्य षष्ठीं महतीं सहाङ्गैः षट्कृत्तिकाषण्मुखविष्णुमुख्यैः ।
गजाननाभ्यर्चनपूर्वकं वै यथाविधानं नृप ! जाग्रतीं च ॥ ५
बालं तदुत्सङ्गगतं च दृष्ट्वा प्रतीप्तवह्निद्युतिमुद्ग्रहीतुम् ।
तत्पार्श्वमागत्य जगाद वाक्यं भयानकास्या किल कोटरैका ॥ ६

---

લાગ્યાં, તો કોઈનાં ડાબાં નેત્રો તથા ડાબા હાથ આદિ ડાબાં અંગો ફરકવા લાગ્યાં, આવાં અશુભ લક્ષણોથી પોતાના શત્રુનો પ્રાદુર્ભાવ થઈ ચૂક્યો છે એમ જાણી અસુરોએ બાલઘાતિની અનેક કોટરા આદિ કૃત્યાઓ ઉત્પન્ન કરી.[૧] તેમાં પણ અતિશય ક્રોધિત થયેલા અસુરગુરુ કાલિદત્તે સૌ પ્રથમ પોતે વશ કરેલી ભયંકર આકૃતિવાળી કોટરા આદિ કૃત્યાઓના ગણને છપૈયાપુર પ્રત્યે મોકલી. તેમણે હાથમાં ખડ્ગ આદિ અનેક પ્રકારનાં આયુધો ઉગામ્યાં હતાં.[૨] ભગવાન શ્રીહરિને પ્રગટ થયે હજુ છ દિવસ જ થયા હતા, મધ્યરાત્રીનો સમય હતો. સર્વે મનુષ્યો ગાઢ નિદ્રામાં સૂતા હતા, તેવા સમયે ધર્મદેવના ભવનમાં નૈઋત્યખૂણામાં સ્થાપન કરેલા સૂતિકાગૃહમાં એ કૃત્યાઓએ પ્રવેશ કર્યો.[૩] અનેકવિધ શરીરવાળી તે કૃત્યાઓએ સૂતિકાગૃહમાં જોયું તો કેટલીક વૃદ્ધ વિપ્રસ્ત્રીઓ શયન કરી રહી હતી, અને બ્રાહ્મણ શ્રેષ્ઠ હરિપ્રસાદનાં પત્ની ભક્તિદેવી શય્યા ઉપર બેસીને પોતાના વહાલા પુત્રના મુખ ઉપર દૃષ્ટિ રાખીને વહાલના સાગરમાં ડૂબી ગયાં હતાં.[૪] હે નૃપ ! સૌ પ્રથમ ગણપતિજીનું યથાયોગ્ય પૂજન કરવા પૂર્વક શિવા, સંભૂતિ, પ્રીતિ, સન્નતિ, અનસૂયા અને ક્ષમા આ છ કૃતિકાઓ તથા કાર્તિકેય અને વિષ્ણુ આદિ બાલરક્ષક અંગદેવતાઓની પૂજા સાથે મહાષષ્ઠી નામનાં વૈષ્ણવી દેવીનું વિધિપૂર્વક પૂજન કરીને ભક્તિદેવી જાગરણ કરી રહ્યાં હતાં.[૫]

તે સમયે ભયાનક મુખવાળી મુખ્ય એક કોટરા નામની કૃત્યાએ પ્રજ્જવલિત અગ્નિની કાંતિ સમાન તેજસ્વી ભગવાન બાલશ્રીહરિને ભક્તિદેવીના

दिगम्बराऽन्त्रस्रगुदात्तशूला करे कपालं दधती सरक्तम् ।
विकीर्णकेशाञ्जननीलवर्णा वृत्तारुणाक्षा विततोग्रदंष्ट्रा ॥ ७
बालग्रहाणामधिपाऽस्मि मूढे ! भक्षामि पुत्रं तव नूनमद्य ।
स्मरेष्टदेवं निजरक्षितारं मदीयदंष्ट्रान्तरमुत्पिपत्सुम् ॥ ८
उक्त्वेति तस्या भयवर्जिताया धैर्यस्थितायाः सहसाङ्कदेशात् ।
जग्राह बालं गल एव दुष्टा व्यात्ताननना तिग्मकरालजिह्वा ॥ ९
ईयुश्च तावच्छतशः कराला बालग्रहा व्यात्तमुखाः कुरूपाः ।
ते छिन्द्धि भिन्द्ध्यानय मारयेति क्रोशन्त उच्चैश्च तिरोबभूवुः ॥ १०
गले गृहीत्वा शिशुकं गतेषु बालग्रहौघेषु रुरोद भक्तिः ।
तत्राययौ यत्तु निशम्य कुर्वन्नारायणस्य स्मरणं स विप्रः ॥ ११

---

ખોળામાં રમતા જોયા. બાલશ્રીહરિને ઉપાડી જવા માટે ભક્તિદેવીની નજીક આવીને બોલવા લાગી.[૬] ત્યારે ભક્તિદેવીનો દૃષ્ટિભંગ થયો ને ઉપર મુખ કરીને જોયું તો પાસે ભયંકર કોટરા ઊભી છે. તે શરીરે નગ્ન છે. મનુષ્યોના આંતરડાની માળા ગળામાં પહેરી છે. ઊંચા કરેલા એક હાથમાં ત્રિશૂળ ધાર્યું છે. બીજા હાથમાં લોહીથી ખરડાયેલ માનવ ખોપરી પકડી છે. માથાના કેશ વિખરાયેલા છે. શરીરે કાજળ જેવી કાળી છે, ગોળ લાલઘૂમ નેત્રોના ડોળા કાઢી રહી છે. લાંબા ભયંકર દાંત દેખાય છે.[૭] આવી ભયંકર કોટરા ભક્તિદેવીને કહેવા લાગી, હે મૂઢ ભક્તિ ! હું બાળકોને પીડનારા ગ્રહોની અધિપતિની કોટરા છું, અત્યારે જ તારા પુત્રનું નિશ્ચય ભક્ષણ કરું છું, મારા ઉગ્ર દાંતોની વચ્ચે પ્રવેશવા જઇ રહેલા તારા પુત્રનું રક્ષણ કરનાર તારા જે ઈષ્ટદેવ હોય તેનું પણ સ્મરણ કરવું હોય તો અત્યારે કરી લે. જો તે અહિં તારા પુત્રનું રક્ષણ કરવા આવે, તો તેને પણ આજ મારા ઉગ્ર દાંતોથી ચાવીને ટુકડે ટુકડા કરી ખાઈ જઈશ. તો પછી તારા પુત્રની શી વિસાત છે ?.[૮]

આ પ્રમાણે કહીને પહોળા મુખવાળી અને તીક્ષ્ણ તીખી જીભવાળી દુષ્ટ કોટરાએ ભગવાનના બળે નિર્ભયપણે બેઠેલાં અને અતિ ધીરજશાળી ભક્તિદેવીના ખોળામાંથી અચાનક બાલ શ્રીહરિને ગળે પકડીને ઉપાડી ગઈ.[૯] તે સમયે અન્ય વિકરાળ પહોળા મુખવાળી અને કુરુપિણી રેવતી આદિ સેંકડો કૃત્યાઓ દોડી આવીને ‘આ બાળકને છેદી નાખો. એને ભેદી નાખો. અરે, મારી પાસે લાવો,

स्नेहेन गाढेन तदैव बाला हा ! पुत्र पुत्रेति रुदत्यमूर्च्छत् ।
नष्टं सुतं सोऽप्यवगत्य विप्रो मुमूर्च्छ चान्येऽप्यरुदन् गृहस्थाः ॥ १२
तौ नष्टसंज्ञाववगत्य ताभ्यामाराधितः प्राग्बहुधोपचारैः ।
मरुत्सुतस्तूर्णमुपेत्य तत्र प्रबोधयामास च दम्पती तौ ॥ १३
सुप्ताऽसि किं जागृहि देवि ! भक्ते ! हरिप्रसाद ! द्विज ! जागृहि त्वम् ।
आह्वानमित्थं तु निशम्य तस्य तौ जागरांचक्रतुरश्रुनेत्रौ ॥ १४
उत्थाय सम्भ्रान्तवदेव तौ तं तदैव दिव्यं कपिमैक्षतां च ।
सतैलसिन्दूरसुचर्चिताङ्गमर्कप्रसूनरुजमीक्षणीयम् ॥ १५

એને મારી નાખો. આ પ્રમાણે ઊંચેથી બરાડા પાડતી પાડતી શ્રીહરિને ઉપાડી લઇ જઇ આકાશમાર્ગે અદૃશ્ય થઇ ગઇ.[૧૦]

હે રાજન્ ! કોટરાદિ કૃત્યાઓ જ્યારે ભગવાન શ્રીહરિને ગળે પકડીને લઇ ગઇ ત્યારે ભક્તિદેવી કરુણ રુદન કરવા લાગ્યાં, તે સમયે નારાયણનું સ્મરણ કરી માળા કરતા વિપ્રવર્ય ધર્મદેવ ભક્તિદેવીનું રુદન સાંભળીને તત્કાળ દોડીને ત્યાં આવ્યા.[૧૧] તે સમયે ભક્તિદેવી ગાઢ સ્નેહથી હે પુત્ર ! હે પુત્ર ! એ પ્રમાણે આક્રંદ કરતાં કરતાં મૂર્ચ્છિત થઇને ઢળી પડ્યાં, અને પુત્રને નહિ જોતાં ધર્મદેવ પણ મૂર્ચ્છિત દશાને પામ્યા. તથા અન્ય ઘરમાં રહેલાં સ્ત્રી પુરુષો પણ શોકાતુર થઇ રડવા લાગ્યાં.[૧૨]

**રક્ષણાર્થે કુળદેવનું આગમનઃ-** હે રાજન્ ! ભક્તિ અને ધર્મ શ્રીહરિના વિયોગથી મૂર્છા પામ્યા છે, એવું જાણીને તે બન્ને દ્વારા પૂર્વે બહુ મોટા ઉપચારોથી આરાધના કરાયેલા હનુમાનજી તત્કાળ ત્યાં આવ્યા ને બન્નેને મૂર્છામાંથી જગાડવા લાગ્યા, હે દેવી ! હે ભક્તિ ! તમે સૂતાં છો કેમ ? જાગો... જાગો... હે વિપ્ર ! હે હરિપ્રસાદજી ! તમે પણ જાગો, કેમ સૂતા છો ? આ પ્રમાણે હનુમાનજીનું આહ્‌વાહન સાંભળીને ધર્મ અને ભક્તિ મૂર્છામાંથી જાગૃત થયાં અને આંખમાં ચોધાર આંસુએ રડી રહ્યાં હતાં.[૧૩-૧૪] આ રીતે એકદમ વ્યાકુળ થયેલાં, ઊભાં થઇ રહેલાં ધર્મ અને ભક્તિને દિવ્ય શરીરધારી કપિશ્રેષ્ઠ હનુમાનજીનાં દર્શન થયાં. તેમણે તેલે સહિત સિંદૂરનો શરીરપર સુંદર લેપન કર્યો હતો. કંઠમાં આકડાના પુષ્પની માળા ધારણ કરી હતી. તેમનું સ્વરૂપ અતિ દર્શનીય અને રમણીય જણાતું હતું.[૧૫] તમે આટલો બધો શા માટે ખેદ કરી રુદન કરો છો ? આ પ્રમાણે

कुतो भवन्तौ रुदतोऽतिखिन्नाविति ब्रुवाणं तमुवाच भक्तिः ।
त्वं कीशबालः सुखकारको मे पीयूषवाक्योऽसि पवित्रमूर्तिः ॥ १६
बालग्रहैर्मेऽद्य सुतोऽपनीतो रोदिम्यतोऽहं बहुकृच्छ्रलब्धः ।
इत्थं वदन्तीमवदच्च बालां स मारुतिः स्वेक्षणलब्धधैर्याम् ॥ १७
श्रीरामदासोऽस्मि हनूमदाख्यो भक्तौ युवां मे भवथो दृढं वै ।
तयोरिदं कष्टमवेत्य जातं तद्धर्तुमेवाहमिहागतोऽस्मि ॥ १८
बालग्रहैर्वाप्यसुरैश्च हिंस्रैर्हन्तुं न शक्यः खलु कैश्चिदत्र ।
बालस्तवासौ यदतोऽस्ति भीतिर्भयप्रदस्याप्यखिलस्य मृत्योः ॥ १९
आश्वास्य तामित्थमथातितूर्णं स स्वेच्छया स्वीकृतमानवत्वम् ।
नारायणं भक्तमनोहरं तं बालग्रहान्मोचयितुं जगाम ॥ २०
बालं गृहीत्वोत्पतिताऽथ कृत्या ग्रामाद्बहिस्तद्ग्रसनाभिलाषा ।
तत्याज तं तज्ज्वलनाभदृष्ट्या दन्दह्यमानाखिलदीर्घदेहा ॥ २१

---

હનુમાનજીએ પૂછ્યું ત્યારે તેમનાં આવાં મધુર વચનો સાંભળી ભક્તિદેવી કહેવા લાગ્યાં કે હે બાલકપિ ! મને સુખ ઉપજાવે એવાં મીઠાં મધુરાં વચનો બોલનારા પવિત્ર મૂર્તિ આપ કોણ છો ? તે કહો.[૧૬] અતિ સંકટમાં આવી રહેલા મારા પુત્રને હમણાંજ કોટરાદિ બાલગ્રહ કૃત્યાઓ ઉપાડી ગઈ છે એથી હું રડું છું. પોતાનાં દર્શનથી કાંઈક ધીરજ પામેલાં ભક્તિદેવીનું આવું વચન સાંભળી હનુમાનજી કહેવા લાગ્યા, હે ભક્તિ ! હું હનુમાનજી સીતાપતિ ભગવાન શ્રીરામચંદ્રજીનો સેવક છું. તમે બન્ને મારા દૃઢ ભક્ત છો. તમને દુઃખ પડ્યું છે એમ જાણી એ દુઃખને દૂર કરવા માટે હું તમારી સમીપે આવ્યો છું.[૧૭-૧૮]

હે ભક્તિદેવી ! આ પૃથ્વી પર તમારા પુત્રને બાલગ્રહ કૃત્યાઓ કે તેના વૈરી અસુરો કે સિંહ, વાઘ આદિ હિંસક પશુઓ પણ મારી શકે તેમ નથી. કારણ કે તમારા પુત્ર થકી તો અખિલ બ્રહ્માંડને ભય ઉપજાવનાર કાળ પણ થરથર કંપે છે. તેથી તમોને કોઈ પણ જાતની ચિંતા કરવી નહિ.[૧૯]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! હનુમાનજી આ પ્રમાણે ભક્તિમાતાને આશ્વાસન આપીને પોતે સ્વેચ્છાએ મનુષ્યશરીર ધારણ કર્યું, અને પોતાના ભક્તજનોના ચિત્તને હરણ કરનારા છે એવા બાલમૂર્તિ નારાયણ ભગવાન શ્રીહરિને કૃત્યાઓ થકી મુક્ત કરવા માટે તત્કાળ ત્યાંથી નીકળ્યા.[૨૦] અને આ

क्षिप्तो धरायां तरसा पिशाच्या सोऽनिर्दशाहः शिशुकस्तदैव ।
सुष्वाप शीतद्युतिना सुधार्द्रैराप्यायितोऽभूत्स्वकरैश्च शीतैः ॥ २२
हन्तुं ततः शावमुदात्तशूला करालदृष्ट्या तमवेक्षमाणा ।
तस्थावमर्त्याध्वनि साधरोष्ठं पिष्ट्वा रदैरायतवक्रतीक्ष्णैः ॥ २३
व्योमस्थिता साऽथ ससम्भ्रमं तं कालाग्निरौद्रं सहसा विलोक्य ।
दन्दह्यमानाऽतिभयाऽतिकम्पा कृत्या न शक्ताऽस्य निरीक्षणेऽपि ॥२४
चुच्योत शूलं च सकम्पहस्तात्तस्याः पुरुस्विन्नवपुस्ततः सा ।
नात्रागमिष्यामि पुनः किलेति चीत्कृत्य दुद्राव सहात्मवर्ग्यैः ॥ २५
धर्मालयादुत्पतितोऽन्तरिक्षं व्यात्ताननो दीर्घकरालदंष्ट्रः ।
स मारुतिः स्फूर्जथुभीमनादो धनुर्विमुक्ताशुगशीघ्रयानः ॥ २६

---

બાજુ કૃત્યાઓ બાલ શ્રીહરિને આકાશ માર્ગે ઉપાડીને ગામ બહાર આવેલી, ત્યાં મનમાં શ્રીહરિને ખાઈ જવાની ઈચ્છા ધરાવતી હતી પણ બાલ શ્રીહરિની અગ્નિ વર્ષાવતી દૃષ્ટિથી કૃત્યાઓનાં ભયંકર રાક્ષસી શરીરો જાણે અગનગોળો ઉપાડ્યો હોય તેમ બળવા લાગ્યાં, તેથી તત્કાળ તેણે શ્રીહરિને આકાશમાંથી પડતા મેલી દીધા.[૨૧] જન્મથી જેને હજુ દશ દિવસ પણ થયા નથી, માત્ર છ દિવસના છે એવા બાલ શ્રીહરિને પિશાચણી કૃત્યાઓએ જ્યારે નીચે ધરતી પર ફેંકી દીધા, ત્યારે જાણે કાંઈ થયું જ ન હોય તેમ પૃથ્વી પર તે જ ક્ષણે નિદ્રાધિન થયા, તે સમયે શીતળ કિરણોવાળા ચંદ્રમા પોતાનાં અમૃતમય કિરણો વડે શ્રીહરિને સુખ આપતા હોય તેમ સેવા કરવા લાગ્યા.[૨૨] આ બાજુ આકાશમાંથી શ્રીહરિને નીચે પડતા મૂક્યા પછી પણ કોટરા આદિ કૃત્યાઓ હાથમાં ધારણ કરેલાં ત્રિશૂળો ઉગામીને વિકરાળ દૃષ્ટિથી બાળશ્રીહરિને જોતી જોતી પોતાના ભયંકર લાંબા લાંબા તીક્ષ્ણ દાંતોથી અધરોષ્ઠને દબાવી મારવાના આશયે આકાશમાં આમ તેમ ઘુમવા લાગી.[૨૩] ત્યાં તો તેઓને એકાએક પ્રલયકાળના અગ્નિ જેવા મહાભયંકર શ્રીહરિ જોવામાં આવ્યા, અને આકાશમાર્ગે રહેલી તે કોટરા આદિ કૃત્યાઓ આકુળ વ્યાકુળ થઈ બળવા લાગી, ભયથી શરીર અતિશય કાંપવા લાગ્યાં, પછી તો શ્રીહરિને સામે પણ જોવા સમર્થ થઈ નહિ. ત્યાર પછી થર થર ધ્રૂજતા તેઓના હાથમાંથી ત્રિશૂળો નીચે પડી ગયાં અને શરીરે પરસેવો છૂટી ગયો, અમે ફરીને આ છપૈયાપુરમાં ક્યારેય આવશું નહિ, એમ બોલતી અને પિશાચ જાતિના ચી...,

द्रवन्तमाकृष्य निबध्य तूर्णं पुच्छेन तृण्यामिव चायतेन ।
स्वप्रेष्ठबालार्दनजातकोपः पदा स कृत्यागणमाततांड ।। २७
ततो मृतप्रायमुपेतदुःखं प्रारब्धशेषावितजीवकण्ठम् ।
उत्सृज्य तं दूरत आशुबालं प्रीत्या दधौ सौम्यवपुः स दोष्णोः ।। २८
मितस्मितं वीक्ष्य शिशुं शनैस्तं ददौ समानीय ततः स भक्त्यै ।
मृत्योर्मुखायातमिवात्मबालं सा प्राप्य तं प्राह वचः कपीन्द्रम् ।। २९
देव ! त्वया मोचित एष मृत्योर्बालोऽस्यतस्त्वं मम जीवदाता ।
नासाध्यमेतत्करणं तवेति जानामि रामानुजजीवदातुः ।। ३०

ચી..., એવા શબ્દોની ચિચિયારીઓ પાડતી, પોતાના સમૂહ સાથે કોટરા ત્યાંથી ભાગવા લાગી.[૨૪-૨૫]

**હનુમાનજી દ્વારા કૃત્યાઓને મેથીપાક :–** આ બાજુ ધર્મદેવના ભવનમાંથી આકાશમાર્ગે ઉડેલા હનુમાનજી ધનુષમાંથી છૂટેલા તીરની જેમ વેગથી તત્કાળ ત્યાં આવ્યા, તે સમયે ભયંકર શરીરધારી, પહોળા મુખવાળા, લાંબા તીક્ષ્ણ દાંતવાળા, વજ્રપાત જેવો ભયાનક કિલકિલાટ અવાજને કરતા હનુમાનજી ભાગવા માટે દોડાદોડ કરતી કૃત્યાઓને લાંબુ પૂછડું કરી ભેળી કરીને ઘાસના પૂળાની જેમ બાંધી. પોતાના પ્રાણપ્રિય શ્રીહરિને પીડા આપતી હોવાથી તેઓ ઉપર અત્યંત ક્રોધે ભરાયેલા હનુમાનજી પગનો પ્રહાર કરવા લાગ્યા. હનુમાનજીના પ્રહારથી મૃતપ્રાય થયેલી કૃત્યાઓ અત્યંત દુઃખી દુઃખી થઇ ગઇ અને કંઠે પ્રાણ આવી ગયા, પરંતુ પ્રારબ્ધકર્મવશે તેઓના જીવ બચ્યા. ત્યાર પછી કૃત્યાઓના ગણને દૂર ફેંકી હનુમાનજીએ સૌમ્ય મનોહર શરીર ધારણ કરી તત્કાળ પ્રેમથી શ્રીહરિને બે હાથે તેડી લીધા.[૨૬-૨૮]

ત્યારપછી મંદમંદ હાસ્ય કરતા ભગવાન શ્રીહરિને નીરખી હનુમાનજીએ પ્રેમથી દર્શન કર્યાં, અને ધીરે ધીરે ચાલીને ઘર તરફ આવ્યા, ને ભક્તિમાતાને શ્રીહરિ સોંપ્યા. મૃત્યુના મુખમાંથી પાછા ફરેલા પોતાના બાળકને પામી ભક્તિદેવી કપિશ્રેષ્ઠ હનુમાનજી પ્રત્યે કહેલા લાગ્યાં, કે હે દેવ ! તમે આ મારા બાળકને મૃત્યુના મુખમાંથી ઉગાર્યો છે, તેથી તમે મારા જીવનદાતા છો, રામના અનુજ લક્ષ્મણજીને જીવનદાન આપનારા તમારા માટે આ કાર્ય અઘરું નથી, તે પણ હું જાણું છું.[૨૯-૩૦]

निशम्य वाचं भगवज्जनन्याः सोऽथाब्रवीत्सर्वविदाञ्जनेयः ।
भद्रे ! तवायं शिशुकस्तु दिव्यो न प्राकृतोऽस्तीत्यवधेहि सत्यम् ॥ ३१
संसारकृच्छ्रादविता सपोष्यौ युवां तथान्याञ्छरणोपपन्नान् ।
अतः सुरक्ष्योऽद्भुतबालकोऽयं सर्वाधिकः स्नेह इहैव कार्यः ॥ ३२
तामित्युदीर्यैक्षत तत्सुतास्यं तावन्मनोज्ञः स शिशुर्जहास ।
नृनाटनं तस्य हरेर्विधित्सोरथेच्छया तत्र तिरोदधे सः ॥ ३३
ततोऽत्याश्चर्यमापन्नौ तौ वीक्ष्य हनुमद्बलम् । पुनर्जातं स्वतनयं मेनाते लौकिकं यथा ॥ ३४
आश्चर्येणोचतुस्तौ च जनान्नौ बालकोऽधुना । हनूमता रक्षितो वै पिशाचीनां गणादिति ॥ ३५
हनूमति ततो भक्तिं परमां प्रापतुश्च तौ । माहात्म्यं तस्य बहुधा स्वसम्बन्धिन ऊचतुः ॥ ३६

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાનની માતા ભક્તિદેવીનાં આવાં વચનો સાંભળી બધું જ જાણનારા અંજનીપુત્ર હનુમાનજી કહેવા લાગ્યા, હે કલ્યાણી ! તમારો આ બાળક છે તે દિવ્ય છે, કોઈ પ્રાકૃત બાળક નથી, આટલું તમે સત્ય જાણો. હે ભક્તિ ! આ આશ્ચર્યકારી બાળક પોષ્યવર્ગે સહિત તમારું રક્ષણ કરશે, અને પોતાના શરણે આવેલા અન્ય સંસારીજનોને પણ સંસારના દુઃખો થકી રક્ષા કરશે. એટલા જ માટે એનું તમે જતન કરજો અને એને વિષે જ તમે અધિક ને અધિક સ્નેહ રાખજો.[૩૧-૩૨] આ પ્રમાણે ભક્તિદેવીને કહી, હનુમાનજી ભક્તિપુત્ર ભગવાનનાં રમણીય મુખકમળનાં દર્શન કરવા લાગ્યા. તે સમયે મનોહારી બાલપ્રભુ પણ મંદમંદ હાસ્ય કરવા લાગ્યા, મનુષ્યલીલાનો વિસ્તાર કરવા ઈચ્છતા બાલમૂર્તિ શ્રીહરિની ઈચ્છાથી ભગવાનનો સંકલ્પ સમજીને હનુમાનજી ત્યાંથી અંતર્ધાન થયા.[૩૩]

આ રીતે હનુમાનજીનું સામર્થ્ય નિહાળી ધર્મ અને ભક્તિ અતિશય આશ્ચર્યચકિત થયાં, અને લૌકિક બાળકની જેમ પોતાના પુત્રને પણ નવું જીવન પ્રાપ્ત થયું છે, એમ માનવા લાગ્યાં, અને આ મારા બાળકની વાયુપુત્ર હનુમાનજીએ પિશાચી એવી કોટરા આદિના સમૂહ થકી રક્ષા કરી છે. આપ્રમાણે ધર્મ અને ભક્તિ અતિ આશ્ચર્યપૂર્વક જનસમૂહ પ્રત્યે કહેતાં હતાં.[૩૪-૩૫] કે જે દિવસથી હનુમાનજીએ પોતાના બાળકની રક્ષા કરી તે દિવસથી ધર્મ અને ભક્તિને હનુમાનજીને વિષે પરમ ભક્તિની વૃદ્ધિ થઈ, અને વારંવાર સંબંધીજનો આગળ તે હનુમાનજીનો મહિમા કહેવા લાગ્યાં, અને તે જ દિવસથી આરંભીને તે બન્ને

तत आरभ्य तौ ते च मन्दवारे हनूमतः । नियमं जगृहुः प्रीत्या दर्शनस्यार्चनस्य च ॥ ३७

कृत्यार्दनोपशमनाय ततस्तु धर्मः शान्तिं चकार निगमोदितवर्त्मनैव ।
सन्तर्पणं च सुरसैर्धरणीसुराणां नारायणीयकवचस्य जपं च भूप ! ॥ ३८

राजन्निदं शिशुचरित्रमघौघनाशं नारायणस्य वदतामिह श्रृण्वतां च ।
तुभ्यं मया कथितमात्मपतेः पवित्रं श्रद्धान्विताय परमादरतोऽवधार्यम् ॥ ३९

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
*हनुमत्कृतबालरक्षणनिरूपणनामा त्रयोविंशोऽध्यायः ॥२३॥*

---

જણાં તથા તેના સર્વે સંબંધીજનો પણ દર શનિવારે પ્રેમથી હનુમાનજીનાં દર્શન અને પૂજન કરવારૂપ વ્રતનું નિયમ ગ્રહણ કર્યું.[૩૬-૩૭] હે રાજન્ ! ત્યારપછી હરિપ્રસાદ કૃત્યાઓએ ઉત્પન્ન કરેલ પીડાની શાંતિને માટે વેદોક્તમંત્રોથી શાંતિ કર્મ કરાવ્યું અને સુમધુર ભોજન વડે ભૂદેવોને તૃપ્ત કર્યા તેમજ નારાયણ કવચના પાઠ કરવારૂપ જપાત્મક યજ્ઞ પણ કર્યો.[૩૮]

**ઉપરોક્ત બાળલીલાનું ફળ કથનઃ-** આ રીતે ભગવાનનાં બાલચરિત્રોની કથા સંભળાવતા સુવ્રતમુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે, હે રાજન્ ! આલોકમાં ભગવાનનું આ બાલચરિત્ર કહેનારનાં તથા આદરપૂર્વક સાંભળનારનાં સમસ્ત પાપના સમૂહોને બાળીને ભસ્મ કરી નાખે છે. એટલા માટે જીવાત્માઓના અધિપતિ પરમાત્મા નારાયણના આ બાલચરિત્રોની કથા શ્રદ્ધાપૂર્વક સાંભળતા તમને મેં પ્રેમથી સંભળાવી છે, તમે પણ પરમ આદરની સાથે આ કથાને તમારા અંતરમાં ધારણ કરો.[૩૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં હનુમાનજીએ બાલશ્રીહરિની રક્ષા કરી એ નામે ત્રેવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૩--***

---

## चतुर्विंशोऽध्यायः

**सुव्रत उवाच –**

एकादश्यामार्यमणे माधवे मासि भार्गवे । अह्नस्तुर्यक्षणे प्रेङ्खां बालाऽध्यारोहयत्सुतम् ॥ १
लक्ष्मीं स्वकुलदेवीं सा स्मरन्ती योगशायिनम् । अस्वापयत्प्राक्शिरसं शोभितायां च तत्र तम् ॥ २
द्वितीयमासस्यारम्भे गोक्षीरं गालितं शुभम् । अपाययत्सा शङ्खेन तनयं गुरुवासरे ॥ ३

चक्रेऽथ निष्क्रमणसंस्कृतिमात्मजस्य सूर्येक्षणं स च तृतीयकमास एव ।
पुण्याहवाचनमकारयदत्र वृद्धि श्राद्धं तु नाकृत वृषः खलु सामगत्वात् ॥ ४
तं चन्द्रदर्शनमकारयदावृताङ्गं त्रैमासिकं च शुचिना वसनेन धर्मः ।
पूजां विधाय शशिनोऽथ च वामदेव्यं सामाध्यगापयदसौ विधिवत्प्रदोषे ॥ ५

---

## અધ્યાય –૨૪

## બાલશ્રીહરિના શાસ્ત્રીય સંસ્કારોનું વર્ણન.

**પારણિયાનો સંસ્કાર :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! વિક્રમ સંવત્ ૧૮૩૭ ના વૈશાખ વદ એકાદશી તિથિના ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં શુક્રવારે દિવસના ચોથા મુહૂર્તમાં માતા ભક્તિદેવીએ શ્રીહરિને પારણિયામાં પધરાવ્યા, જન્મથી દશ, બાર, સોળ, બાવીસ કે અન્ય કોઈ બીજા દિવસોમાં વચ્ચે સારાં મુહૂર્ત ન મળતાં આજે બત્રીસમા દિવસે મા ભક્તિએ પોતાનાં કુળદેવી લક્ષ્મીજી અને યોગશાયી શ્રી શેષનારાયણનું પણ સાથે સ્મરણ કરતાં કરતાં શ્રીહરિને પૂર્વ દિશા તરફ મસ્તક રાખીને શણગારેલા પારણિયામાં શયન કરાવ્યું.[૧-૨]

**પયઃપાન સંસ્કારઃ–** હે રાજન્ ! જન્મથી બીજા મહિનાના પ્રારંભના એકત્રીસમા દિવસે વૈશાખ વદ ૧૦ ના ગુરુવારે મા ભક્તિદેવીએ શ્રીહરિને વસ્ત્રથી ગાળેલું પવિત્ર ગાયનું દૂધ શંખમાં ભરીને તે વડે પાન કરાવી પયઃપાન સંસ્કાર પણ કર્યો હતો.[૩] હે રાજન્ ! ત્યારપછી જન્મથી ત્રીજે મહિને ધર્મદેવ અને ભક્તિદેવીએ પોતાના પુત્રનો ઘરથી પ્રથમ બહાર લઈ જવારૂપ સંસ્કાર અને પ્રથમ **સૂર્યદર્શન કરાવવારૂપ સંસ્કાર** કર્યો. આ નિષ્ક્રમણ સંસ્કારમાં ધર્મદેવે સ્વસ્તિકવાચન કર્મ કરાવ્યું, પરંતુ પોતે સામવેદી હોવાથી નાંદીશ્રાદ્ધ કરાવ્યું નહિ.[૪] તેમજ સંવત ૧૮૩૮ ના પ્રથમ માસે, અષાઢ સુદ તૃતિયાના શુભ દિવસે સાયં સંધ્યા પછી પ્રદોષના સમયે રાત્રી પહેલાં ધર્મદેવે જન્મથી ત્રણ માસના થયેલા

एकदा तद्गृहमगान्मार्कण्डेयो महामुनिः । त्रिकालज्ञश्च तेजस्वी सशिष्यो वर्णिवेषधृत् ॥ ६
सम्भावयामास स तमातिथ्येन यथोचितम् । ब्राह्मणः सर्वधर्मज्ञः सभार्यो नृपसत्तम ! ॥ ७
भुक्त्वा पीत्वा सुखासीनं सेवमानस्तमन्तिके । उपविष्ट इदं प्राह प्रीणयन्स उदारधीः ॥ ८
कुत आगम्यते ब्रह्मन् ! भवता भूरितेजसा । कृतार्थीकुर्वता लोकान् पावितोऽद्य ममाश्रमः ॥ ९
ब्रह्मन् ! किं किं त्वयाधीतं वेदशास्त्रागमादिषु । विद्यानिधिरिवाभासि ततो मां वक्तुमर्हसि ॥ १०
इति पृष्टः स विप्रर्षिः सर्वज्ञो मतिमान्नृप ! । तत्सुतप्रेक्षणानन्दो धर्मं प्रत्यब्रवीदिदम् ॥ ११
तीर्थयात्रां चरन्धर्म ! त्वद्वेश्मैतद्यदृच्छया । प्राप्तोऽस्मि भृगुगोत्रं मां मार्कण्डेयमवेहि भो ! ॥ १२

---

શ્રીહરિનું મુખ ખુલ્લું રાખી વિશુદ્ધ વસ્ત્રથી આખું શરીર વીંટ્યું અને વિધિપૂર્વક ચંદ્રમાનું પૂજન કરીને ચંદ્રદર્શન કરાવ્યું, ત્યાર પછી પવિત્ર બ્રાહ્મણો પાસે વામદેવ સંબંધી સામવેદનું ગાન કરાવ્યું.[૫]

**નામકરણ સંસ્કારઃ–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! એક વખતે મહામુનિ માર્કણ્ડેય પોતાના શિષ્યમંડળની સાથે ધર્મદેવના ભવનમાં પધાર્યા. ચિરંજીવી તે મુનિ ત્રિકાળ દર્શી હતા, અને તેજસ્વી તે મુનિએ નૈષ્ઠિક બ્રહ્મચારીનો વેષ ધારણ કર્યો હતો. તે સમયે સર્વ ધર્મનું શ્રેષ્ઠ જ્ઞાન ધરાવતા બ્રાહ્મણશ્રેષ્ઠ હરિપ્રસાદજી વિપ્રે પોતાનાં પત્ની ભક્તિદેવીની સાથે રહીને આંગણે આવેલા માર્કણ્ડેયમુનિનો યથાયોગ્ય આતિથ્ય સત્કાર સાથે ખૂબ જ સારી સંભાવના કરી.[૬-૭] તે માર્કણ્ડેય મુનિ ધર્મદેવે પીરસેલાં નાના પ્રકારનાં ભોજનો જમી જળપાન કર્યું અને ત્યારપછી સુંદર આસન ઉપર સુખપૂર્વક વિરાજમાન થયા ત્યારે તેમની સેવામાં તત્પર ઉદાર બુદ્ધિવાળા ધર્મદેવ, મુનિને પ્રસન્ન કરતા કહેવા લાગ્યા કે હે બ્રહ્મન્ ! મહાપ્રતાપી એવા આપશ્રીનું ક્યાંથી આગમન થયું છે ? સમગ્ર લોકોને કૃતાર્થ કરનારા આપે આજ મારાં આંગણાને પાવન કર્યું છે.[૮-૯]

હે બ્રહ્મન્ ! વેદશાસ્ત્ર અને આગમ આદિ શાસ્ત્રોને મધ્યે તમે કયા કયા શાસ્ત્રનો અભ્યાસ કર્યો છે ? મને તો તમે સકલ વિદ્યાના નિધિ હો એમ જણાય છે. છતાં આપ મને જણાવો, હે રાજન્ ! ધર્મદેવે આ પ્રમાણે પૂછ્યું ત્યારે ધર્મપુત્ર શ્રીહરિનાં દર્શનથી મહા આનંદને પામેલા બુદ્ધિમાન અને સર્વજ્ઞ એવા વિપ્રર્ષિ માર્કણ્ડેયમુનિ ધર્મદેવ પ્રત્યે કહેવા લાગ્યા.[૧૦-૧૧] હે ધર્મ ! હું તીર્થાટન કરતો કરતો હરિઈચ્છાએ આ તમારા ભવનમાં પધાર્યો છું. હું ભૃગુગોત્રમાં ઉત્પન્ન થયેલો માર્કણ્ડેય મુનિ છું, મેં વેદ, શાસ્ત્ર, પુરાણ તથા શિક્ષા આદિ વેદનાં અંગો અને

वेदशास्त्रपुराणानि ज्योतिःशास्त्रं विशेषतः । पठितं पाठ्यते चापि वेदाङ्गानीतराणि च ॥ १३
ततः प्रसन्नो धर्मस्तं प्रणम्याह पुनर्वचः । स्वपुत्रनामकरणं तेनैव हि चिकीर्षयन् ॥ १४
अस्मद्भाग्यवशादेव जातोऽत्र भवदागमः । तस्मान्मयि कृपां कृत्वा कञ्चित्कालमिहावस ॥ १५
ज्योतिषां पारदृश्वा त्वं ब्रह्मन्नस्यात्मजस्य मे । पश्य भाग्योदयः सम्यग्भविष्यं शास्त्रचक्षुषा ॥ १६
नामकर्ममुहूर्तं च निश्चित्यास्य त्वमेव हि । कुरु नाम महाभाग ! गौणमार्क्षं च तत्त्वतः ॥ १७
इति सम्प्रार्थितस्तेन मृकण्डतनयो मुनिः । पञ्चाङ्गपत्रे निश्चित्य मुहूर्तं नाम्न आह तम् ॥ १८
एकादशाहादिदिने विष्ट्यादिदोषसम्भवात् । नाम्न्यकृते तु तत्कार्यं शतरात्रव्यतिक्रमे ॥ १९
श्वः सप्तम्यां गुरावस्य लग्ने कर्कटकाह्वये । सौम्येषु केन्द्रसंस्थेषु नामकर्म विधीयताम् ॥ २०

---

અન્ય ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે, તેમાં પણ જ્યોતિષશાસ્ત્રનો વિશેષપણે અભ્યાસ કર્યો છે, અને આ મારા શિષ્યોને પણ તે સર્વે શાસ્ત્રનો અભ્યાસ કરાવું છું.[૧૨-૧૩]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મુનિનાં વચનો સાંભળી અત્યંત પ્રસન્ન થયેલા ધર્મદેવે પોતાના પુત્રનો નામકરણ સંસ્કાર માર્કણ્ડેય મુનિ પાસે જ કરાવવાની ઈચ્છા કરી મુનિને પ્રણામ કરીને ફરી દૃઢ નિશ્ચયપૂર્વક કહેવા લાગ્યા કે, હે મુનિ ! અમારાં પૂર્વના પુણ્યે આપશ્રીનું અમારા આંગણે આગમન થયું છે. તેથી મારા ઉપર કૃપા કરીને થોડો સમય અહીં જ નિવાસ કરીને રહો.[૧૪-૧૫] વળી હે બ્રહ્મન્ ! તમે જ્યોતિષશાસ્ત્રમાં પારંગત છો, તેથી તે શાસ્ત્રને અનુસારે તમે મારા પુત્રનું ભવિષ્ય અને ભાગ્યોદય સારી રીતે વિચારીને કહો. હે મહાભાગ્યશાળી મુનિ ! તમેજ આ અમારા પુત્રના નામકરણ સંસ્કારનું મુહૂર્ત નક્કી કરીને એમના ગુણ અને જન્મ-નક્ષત્રને અનુરૂપ યથાર્થ નિર્ણય કરીને નામકરણ કરો.[૧૬-૧૭]

હે રાજન્ ! ધર્મદેવે આ પ્રમાણે પ્રાર્થના કરી તેથી મૃકન્ડઋષિના પુત્ર માર્કણ્ડેય મુનિ પંચાગપત્રમાંથી નામકરણ સંસ્કારનું મુહૂર્ત નક્કી કરીને ધર્મદેવ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ધર્મદેવ ! જન્મથી અગિયાર કે બારમે દિવસે વિષ્ટિ અને અમાસ સંક્રાંતિ આદિ કુયોગને લીધે કદાચ નામકરણ સંસ્કાર ન કરી શકાયો હોય તો સો રાત્રી વ્યતીત થતાં એકસોને એકમા દિવસે નામકરણ સંસ્કાર કરવો.[૧૮-૧૯] તેથી આવતી કાલે સંવત ૧૮૩૮ ના અષાઢી વર્ષના પહેલા મહિનામાં અષાઢ સુદ સાતમની તિથિએ ગુરુવારે કર્ક નામના લગ્નમુહૂર્તમાં ચંદ્ર પ્રથમના ભવનમાં, બુધ ચોથાભવનમાં, ગુરુ સાતમા ભવનમાં અને શુક્ર દશમા ભવનમાં રહેતાં આવા

शुभाशुभं च यद्भावि सुतस्यास्य तदप्यहम् । नामान्ते कथयिष्यामि जन्मकालं विचार्य ते ॥ २१
इत्युक्तः सोऽतिसंहृष्टः सम्पाद्योपस्करं तदा । प्रातः क्षणे तृतीयेऽह्नः प्रारम्भे च कर्म तत् ॥ २२
वृद्धिश्राद्धं स कृत्वादौ पार्थिवाख्यहुताशनम् । प्रतिष्ठाप्याचरद्धोमं तत्र व्याहृतिपूर्वकम् ॥ २३
ततोऽस्य विदधन्नाम मुनिरन्वर्थमब्रवीत् । अन्तर्दृष्ट्यैव कृष्णस्य जानन्सर्वं चिकीर्षितम् ॥ २४
युवयोश्च स्वकीयानां हर्ताऽसावापदो द्विज ! । हरिसंज्ञोऽस्त्वतः कर्कराशिस्थेन्दोश्च जन्मनि ॥ २५
कृष्णाख्यः कृष्णवर्णत्वात्स्वस्मिंश्चाकर्षणाद्धृदः । मधुमासजनेश्चासौ सुतो भवति ते भुवि ॥ २६
एतन्नामद्वयं विप्र ! पुत्रस्य तव यन्मया । कथितं व्यस्तमपि तत्समस्तं च भविष्यति ॥ २७
त्यागज्ञानतपोधर्मैः पार्वतीपतिना समः । एष भावी च योगेन नीलकण्ठाभिधोऽस्त्वतः ॥ २८
एवंविधान्यनेकानि गुणकर्मानुसारतः । नामान्यस्य भविष्यन्ति त्वत्सूनोर्द्विजसत्तम ! ॥ २९

---

શુભ સમયે આપના પુત્રનો નામકરણ સંસ્કાર તમે કરાવો, તમારા પુત્રનું જે કાંઈ શુભ અથવા અશુભ ભાવિ હશે તે જન્મકાળ વિચારીને પછી હું તમને જણાવીશ.[૨૦-૨૧]

હે રાજન્ ! માર્કણ્ડેયમુનિએ આ પ્રમાણે કહ્યું તેથી ધર્મદેવ અતિશય પ્રસન્ન થયા અને તેજ સમયે નામકરણ સંસ્કારને ઉપયોગી સમસ્ત સામગ્રી ભેળી કરી લીધી. ત્યારપછી બીજે દિવસે સવારના ત્રીજા મુહૂર્તમાં નામકરણ સંસ્કારનો શુભ પ્રારંભ કર્યો. તેમાં ધર્મદેવે પ્રથમ નાંદીશ્રાદ્ધ કર્યું અને તે અગ્નિમાં વ્યાહૃતિમંત્રનું ઉચ્ચારણ કરવા પૂર્વક હોમ કર્યો.[૨૨-૨૩] ત્યારપછી ભગવાને ભવિષ્યમાં જે જે લીલા કરવાનું ધાર્યું છે તેને ભગવત્ પ્રેરિત અંતર્દષ્ટિથી જાણીને માર્કણ્ડેય શ્રીહરિનું અર્થસભર નામકરણ કરવા લાગ્યા, કે હે વિપ્ર ! તમારા આ પુત્ર તમારા બન્નેની અને પોતાને શરણે આવેલાં સંબંધીજનો તથા આશ્રિતજનોની આપત્તિઓને હરનારા થશે તેથી તથા તેમના જન્મસમયે ચંદ્ર કર્ક રાશિમાં હોવાથી **''હરિ''** એવા નામે વિખ્યાત થશે.[૨૪-૨૫]

વળી હે ધર્મ ! તમારા પુત્રનો વર્ણ નવીન મેઘની સમાન શ્યામ હોવાથી તથા પોતાના સ્વરૂપમાં મનુષ્યોના મનને આકર્ષણ કરતા હોવાથી તેમજ ચૈત્ર માસમાં જન્મ હોવાથી આ પૃથ્વી ઉપર તમારા પુત્ર **''કૃષ્ણ''** એવા સાર્થક નામે પ્રસિદ્ધ થશે. તથા હે વિપ્ર ! મેં આ તમારા પુત્રનાં જે બે નામ કહ્યાં તે જુદાં જુદાં છે, પણ તે બન્ને નામ સાથે મળીને **''હરિકૃષ્ણ''** એવા સાર્થક નામે પણ પ્રસિદ્ધ થશે, અને વળી તમારા આ પુત્ર ત્યાગ, જ્ઞાન, તપ, ધર્મ અને યોગસાધનારૂપ આ પાંચ સદ્‌ગુણોમાં પાર્વતીના પતિ શિવજીની સમાન થશે તેથી **''નીલકંઠ''** એવા નામે

कथाश्रुतौ हरेरेष पृथुतुल्यो भविष्यति । भक्त्या च तद्वशीकारे क्षमायां चाम्बरीषवत् ॥ ३०
दास्ये भगवतश्चैष भविता हनुमत्समः । कार्याकार्यनयज्ञाने भविता विदुरोपमः ॥ ३१
शुकवत्तीव्रवैराग्ये बुद्धौ जनकराजवत् । प्रह्लादवच्च भविता कृष्णस्यैष सदाग्रहे ॥ ३२
मायादितत्त्वभिन्नात्मज्ञाने तु कपिलोपमः । दत्तात्रेयोपमो दोषत्यागे चैष गुणग्रहे ॥ ३३
अधर्मसर्गभीरुत्वे युधिष्ठिरनृपोपमः । दयालुतोदारतयोर्भाव्योऽसौ रन्तिदेववत् ॥ ३४
एष नारदवद्भाव्यो विष्णोर्निश्चयकारणे । इन्द्रियारिजये चैष भविष्यत्यर्जुनो यथा ॥ ३५
कृष्णांघ्रिरेणुमाहात्म्यज्ञाने चाक्रूरसन्निभः । भगवद्भक्तमाहात्म्यज्ञाने भाव्य इवोद्धवः ॥ ३६
साधुतायामेष भूमावार्षभो भरतो यथा । भविष्यत्यग्रहण्यो वै त्यागिनामात्मदर्शिनाम् ॥ ३७
नानाप्रश्नोत्तरविधावुत्तरोत्तरयुक्तिषु । तुल्यो गीष्पतिना भाव्यो धैर्ये चैष बलिर्यथा ॥ ३८

---

પ્રસિદ્ધ થશે, હે વિપ્રવર્ય ધર્મદેવ ! તમારા આ પુત્રના ગુણ અને કર્મને અનુસારે બીજાં ઘણાંક નામો પ્રસિદ્ધ થશે.[૨૬-૨૯]

**શ્રીહરિના સદ્‌ગુણોનું વર્ણન :–** માર્કણ્ડેયમુનિ ધર્મદેવને શ્રીહરિના અન્ય સદ્‌ગુણોનું વર્ણન કરી બતાવે છે, હે ધર્મ ! આ તમારા પુત્ર ભગવાનની કથા સાંભળવામાં પૃથુરાજા જેવા થશે. માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિથી ભગવાનને વશ કરવામાં અને પર અપરાધને સહન કરી તેને ક્ષમા આપવામાં અંબરિષ રાજા જેવા થશે.[૩૦] ભગવાનની દાસત્વ ભક્તિ કરવામાં હનુમાનજી જેવા થશે. કરવા યોગ્ય અને નહિ કરવા યોગ્ય કાર્યની વિવેકબુદ્ધિમાં વિદુરજી જેવા થશે.[૩૧] તીવ્ર વૈરાગ્યમાં શુકદેવજી સમાન થશે. આત્મવિજ્ઞાનમાં જનક સમાન થશે. ભગવાનના ભજનસ્મરણના આગ્રહમાં પ્રહ્લાદજી જેવા થશે.[૩૨] માયા આદિ તત્ત્વોથી પર આત્મા અને પરમાત્માના જ્ઞાનનું નિરુપણ કરી લોકોને સમજાવવામાં ભગવાન કપિલદેવજી જેવા થશે. દોષોનો ત્યાગ કરી ગુણગ્રહણ કરવામાં દત્તાત્રેય જેવા થશે.[૩૩] અધર્મસર્ગ થકી ભય પામવામાં યુધિષ્ઠિર રાજાની સમાન થશે. દયાળુતા અને ઉદારતામાં રંતિદેવ રાજા જેવા થશે.[૩૪] અન્ય જીવોને ભગવાનના સાક્ષાત્ નિશ્ચય કરાવવામાં નારદજી જેવા થશે. ઈન્દ્રિયોરૂપી શત્રુઓ ઉપર વિજય મેળવવામાં અર્જુનજી જેવા થશે.[૩૫] ભગવાનની ચરણરજનું માહાત્મ્ય સમજવામાં અક્રુરજી જેવા થશે. પ્રત્યક્ષ પરમાત્મા પુરુષોત્તમનારાયણના ભક્તોનો મહિમા સમજવામાં ઉદ્ધવજી જેવા થશે.[૩૬] સાધુતામાં આત્મદર્શીયોગીઓ અને ત્યાગીઓમાં અગ્રેસર એવા ઋષભદેવના પુત્ર જડભરત સમાન થશે.[૩૭] અનેક પ્રકારના પ્રશ્નોના

करेऽस्य पद्मं च सृणिरूर्ध्वरेखादिकं पदोः । भवन्तीति भविष्योऽसौ नेता नृणां हि लक्षशः ॥ ३९
कष्टेभ्यो निखिलेभ्योऽपि सर्वदा सुत एष वाम् । कर्ता संरक्षणं धर्म ! यथा विष्णुः सुधाभुजाम् ॥ ४०
एवंविदानेकगुणो भविष्यत्यात्मजस्तव । गुणानां प्राप्यते नान्तो मया त्वस्य महीयसाम् ॥ ४१

**सुव्रत उवाच –**

इत्युक्त्वा विरतायास्मै मुनये स ददौ मुदा । नूत्नवासांसि भूषाश्च बहुलं द्रविणं नृप ! ॥ ४२
उषित्वैकं दिनं तत्र मार्कण्डेयोऽन्यवासरे । कृष्णेक्षाद्यतिसन्तुष्टस्तीर्थराजं ययौ ततः ॥ ४३
श्रुत्वात्मजस्य स गुणानभिवाञ्छनीयान्प्राप्तैर्महत्त्वपदवीमपि सज्जनौघैः ।
धर्मः सभार्य उदितोत्कटहर्षवार्धिमग्नो बभूव नृप ! विस्मृतलोककार्यः ॥ ४४

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे नामकरणविधाननामा चतुर्विंशोऽध्यायः ॥२४॥*

---

ઉત્તર આપવામાં તથા ઉત્તરમાં ઉત્તરોત્તર યુક્તિઓનું પ્રતિપાદન કરવામાં દેવગુરુ બૃહસ્પતિજી જેવા થશે. અને ધીરજ ધારણ કરવામાં બલિરાજાના જેવા થશે.[૩૮] હે ધર્મદેવ ! આ તમારા પુત્રના હાથમાં પદ્મનું ચિહ્ન છે તેમજ પગના તળામાં ઉર્ધ્વરેખા આદિ સોળ ચિહ્નો છે, તેથી આ લાખો મનુષ્યોના નિયંતા થશે.[૩૯] તેમજ હે ધર્મ ! વિષ્ણુ ભગવાન જેમ દેવતાઓની રક્ષા કરે છે તેમ આ તમારા પુત્ર તમારી સમગ્ર કષ્ટ થકી સર્વદા રક્ષા કરશે.[૪૦] આવી રીતે તો હે ધર્મ ! તમારા પુત્ર અતિ મોટા અસંખ્ય સદ્‌ગુણોના સ્વામી થશે. તેના વર્ણનનો કોઇ અંત હું પામી શકું તેમ નથી.[૪૧]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિના સદ્‌ગુણોનું વર્ણન કરી માર્કણ્ડેયમુનિ વિરામ પામ્યા, ત્યારે ધર્મદેવ તે મુનિને અતિ હર્ષથી નવીન વસ્ત્રો અલંકારો તથા ઘણું ઘણું દ્રવ્ય આપીને રાજી કર્યા. અને માર્કણ્ડેય મુનિ પણ ધર્મદેવના ભવનમાં એક દિવસ નિવાસ કરીને રહ્યા અને શ્રીહરિનાં દર્શન અને સ્પર્શનો તથા નામકરણ કરવાની સેવાનો અલભ્ય લાભ મળવાથી અતિશય પ્રસન્ન થયેલા મુનિ બીજે દિવસે તીર્થરાજ પ્રયાગક્ષેત્રમાં જવા માટે ધર્મદેવના ભવનથી રવાના થયા.[૪૨-૪૩]

હે રાજન્ ! મહાન પદવીને પ્રાપ્ત કરેલા સજ્જન પુરુષો પણ જે ગુણોની અંતરમાં ઇચ્છા ધરાવે છે એવા ભવ્ય સદ્‌ગુણો પોતાના પુત્રમાં સહજ રહેલા છે

पञ्चविंशोऽध्यायः

सुव्रत उवाच -

पञ्चमे मासि पुत्रस्य पुत्रदैकादशीदिने । मुहूर्ते सप्तमे धर्मश्चक्रे भूम्युपवेशनम् ॥ १ ॥
वराहं धरया साकमिहानर्च वृषो मुदा । गीतवादित्रनादैश्च निगमध्वनिभिः सह ॥ २ ॥
सप्तमे मासि पुत्रस्य स योगे गुरुपूर्णयोः । सम्पूज्य कुलदेवादीन्कर्णवेधमकारयत् ॥ ३ ॥
सौचिकः कुशलो रौप्यसूच्या द्विगुणसूत्रया । विव्याध कर्णं दक्षादिं वेदमन्त्राभिमन्त्रितम् ॥ ४ ॥

---

એવું સાંભળી પત્ની ભક્તિદેવીએ સહિત ધર્મદેવ અંતરમાં ઉત્પન્ન થયેલા આનંદના મહાસાગરમાં ડૂબી ગયા. તેમ જ તેમને લૌકિક કાર્યની વિસ્મૃતિ પણ થઈ ગઈ.[૪૪]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રીહરિના નામકરણ વિધિનું નિરૂપણ કર્યું એ નામે ચોવીસમો અધ્યાય પૂર્ણ થયો. -૨૪-***

---

## અધ્યાય -૨૫

## શ્રીહરિના સંસ્કારોની કથા.

**ભૂમિ-ઉપવેસન સંસ્કાર :-** સુવ્રતમુનિ કહે છે, હેરાજન્ ! જન્મથી પાંચમા મહિનામાં સંવત ૧૮૩૮ ના શ્રાવણ સુદ પુત્રદા એકાદશીને દિવસે સાતમા મુહૂર્તમાં પંદર ઘડી અને દશ પળ જેટલો સમય વ્યતિત થયો ત્યારે તુલા લગ્નમાં ધર્મદેવે પોતાના પુત્ર શ્રીહરિનો ભૂમિ ઉપવેશન સંસ્કાર કર્યો.[૧] આ પ્રસંગમાં મંગળ વાજિંત્રોના ધ્વનિ સાથે વેદમંત્રોનું ઉચ્ચારણ કરવા પૂર્વક ધર્મદેવે અતિ પ્રસન્ન થઈ પૃથ્વી દેવીએ સહિત વરાહ ભગવાનનું પૂજન કર્યું.[૨]

**કર્ણવેધ સંસ્કાર:-** ત્યારપછી ધર્મદેવ જન્મથી સાતમા મહિનામાં સંવત ૧૮૩૮ ના આસો સુદ વિજયા દશમીએ ગુરુવારને દિવસે સિદ્ધિયોગમાં કુળદેવતાઓનું પૂજન કરી કર્ણવેધ સંસ્કાર કર્યો, કાન વિંધવામાં કુશળ કારીગર એવા દરજીએ બેવડો દોરો પરોવેલી રૂપાની સોયવડે બ્રાહ્મણોદ્વારા ઉચ્ચારણ કરાયેલા વેદમંત્રોથી મંત્રિત કરેલા જમણા કાનનું પ્રથમ વેધન કર્યું અને ત્યારપછી ડાબા કાનનું વેધન કરી આયુષ્યની પુષ્ટિ કરનારો તથા શુભ સંપત્તિને વધારનારો કર્ણવેધ નામનો સંસ્કાર કર્યો.[૩-૪]

इषशुक्लद्वितीयायां तुलालग्ने शिशोर्वृषः । चक्रेऽन्नप्राशनं राजन्मङ्गलस्नानपूर्वकम् ॥ ५ ॥
कृत्वाभ्युदयिकं पूर्वं प्रतिष्ठाप्यानलं शुचिम् । चकार चरुहोमादि ब्रह्मादीनां च पूजनम् ॥ ६ ॥
तं मन्दहासविकसन्मुखमात्ममातुरुत्सङ्गगं च समलंकृतमर्भकं सः ।
तूष्णीं सकृत्करसुवर्णधृतं सदन्नं प्रीत्याऽऽदयद्दधिहविर्मधुभिर्विमिश्रम् ॥ ७ ॥
वृत्तिं परीक्षितुमथास्य पुरः सवस्त्रपात्रायुधादि निदधे वसु पुस्तकं च ।
तत्राग्रहीत्स तु सुतोऽन्तिममेव हर्षान्न्यस्तं पदार्थमिति हर्षमवाप तातः ॥ ८ ॥
सम्पोष्यमाणोऽनुदिनं पितृभ्यां स वर्धते स्मेन्दुरिवाद्यपक्षे ।
स्वबाललीलाचरितैरुदारैर्जहार चेतांसि निजेक्षकाणाम् ॥ ९ ॥

---

**અન્નપ્રાશન સંસ્કાર :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! કર્ણવેધ પહેલાં સંવત્ ૧૮૩૮ના આસો સુદ બીજના બુધવારે તુલા લગ્નમાં ધર્મદેવે પ્રથમ મંગલ સ્નાન કરાવી શ્રીહરિને અન્નપ્રાશન નામનો સંસ્કાર પણ કરાવ્યો હતો. તેમાં પ્રથમ ધર્મદેવ માતૃપૂજા કરવા પૂર્વક નાંદીશ્રાદ્ધ કર્યું, પછી અગ્નિકુંડમાં પવિત્ર અગ્નિની સ્થાપના કરી તેમાં ચરુ આદિ હૂત દ્રવ્યોનો હોમ કરી બ્રહ્મા આદિ દેવતાઓનું પૂજન કયુ.[૫-૬] ત્યારપછી ધર્મદેવે મંદમંદ હાસ્યથી પ્રફુલ્લિત મુખકમળવાળા અનેક પ્રકારના અલંકારોથી સુશોભિત કરાયેલા અને પોતાની માતા ભક્તિદેવીના પ્રેમપ્યારી ગોદમાં રમણ કરતા બાળશ્રીહરિકૃષ્ણના મુખમાં પિતા ધર્મદેવે હાથમાં ધારેલી સોનાની સળીથી દહીં, ઘી અને મધથી મિશ્રિત કરેલા શુભ અન્નને અતિ સ્નેહ સાથે મૌન રહીને મૂક્યું. આ રીતે અન્નપ્રાશન સંસ્કાર પણ કરવામાં આવ્યો હતો.[૭]

**વૃત્તિપરીક્ષાઃ–** એક દિવસ ધર્મપિતાએ પુત્રની વૃત્તિપરીક્ષા કરવા માટે વિશાળ બાજોઠ ઉપર વસ્ત્ર, પાત્ર, આયુધ, સોનામહોરો અને છેલ્લે પુસ્તક એમ ક્રમશઃ પાંચ પદાર્થો શ્રીહરિની આગળ મૂક્યાં. તે મૂકેલાં પદાર્થોમાં પહેલા, બીજા, ત્રીજા અને ચોથા આ સર્વે પદાર્થોને છોડી છેલ્લે રહેલાં પુસ્તકને શ્રીહરિએ અતિ હર્ષપૂર્વક ગ્રહણ કર્યું, તેથી ધર્મદેવ અતિ આનંદને પામ્યા ને આ મારો પુત્ર ભવિષ્યમાં મોટો તત્ત્વવેત્તા થશે એમ જાણ્યું.[૮]

(અહીં ઉપરોક્ત સંસ્કારોની લીલાના વર્ણનમાં થયેલા આગળ-પાછળના ક્રમદોષમાં વ્યાખ્યાકાર શુકાનંદ મુનિએ સૂચીકટાહન્યાયે કોઇ દોષ નથી. તેમાં આપણે ક્રમ ગોઠવીને સમજી લેવું એમ કહ્યું છે, આ ન્યાય ભગવદ્ ગોમંડલમાંથી જાણી લેવો.)

दम्पत्योः पुत्रभावेन हरिं लालयतोस्तयोः । तदात्मनोरहोरात्रा यान्ति स्म क्षणवद्द्रुतम् ॥ १० ॥
तदीक्षकाणां नारीणां पुंसा च स्थगितात्मनाम् । प्रवष्टुं नाशकत्क्वापि हृदये भववेदना ॥ ११ ॥
वृद्धा अपि च विद्वांसस्तत्प्रेमविवशान्तराः । चिक्रीडुस्तेन साकं वै विस्मृतात्मीयवार्धकाः ॥ १२
कल्याणमूर्तिर्भगवांस्तेषां निःश्रेयसाय सः । यथा यथा मनोवृत्तिं स्वस्मिन्स्यादकरोत्तथा ॥ १३ ॥
बालं तं लालयन्तीनां योषितां स्निग्धचेतसाम् । नाभूत्स्वपरभेदो वै सर्वासामपि भूपते ! ॥ १४ ॥
वृद्धास्तं पुत्रभावेन भ्रातृभावेन चापराः । लालयन्त्यो दिवा रात्रौ सस्मरुर्न गुहान्निजान् ॥ १५ ॥

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે માતા પિતા, ધર્મ-ભક્તિ ભગવાન શ્રીહરિકૃષ્ણનું પુત્રભાવે પાલનપોષણ કરતાં હતાં, અને ભગવાન પણ શુક્લપક્ષના ચંદ્રમાની માફક પ્રતિદિન ખૂબજ વધતા હતા. તેમજ ઉદાર અને અલૌકિક પોતાનાં બાળચરિત્રોથી પોતાનાં દર્શને આવનાર જનોના ચિત્તને હરી લેતા હતા. પુત્રભાવે પાલન પોષણ કરતાં ધર્મ-ભક્તિનું મન હમેશાં પોતાના પુત્રમાં તલ્લીન રહેતું હતું, તેમજ તેમનાં દિવસ અને રાત્રી એક ક્ષણની જેમ વ્યતીત થઇ જતાં હતાં.[૯-૧૦]

ભગવાન શ્રીહરિકૃષ્ણનાં દર્શન કરી તેમને વિષે જ અતિશય આસક્ત થઇ જતાં નરનારીઓના હૃદયમાં આ સંસારની વેદના ક્યારેય પણ પ્રવેશ કરવા સમર્થ થઇ શકતી ન હતી, ભગવાન શ્રીહરિકૃષ્ણને વિષે અતિશય પ્રેમને કારણે વિવશ થઇ જતા વયોવૃદ્ધ અને વિદ્વાન પુરુષો પણ પોતાની વૃદ્ધતા અને વિદ્વત્તા વિસરી જઇને બાળશ્રીહરિની સાથે રમવા લાગી જતા હતા.[૧૧-૧૨] પોતાના સંબંધમાં આવનાર હરકોઇ પ્રાણીનું કલ્યાણ કરવા માટે મનુષ્યભાવે પોતાનું સાક્ષાત્ દર્શન આપનાર કલ્યાણમૂર્તિ સકલ ઐશ્વર્યે સંપન્ન એવા ભગવાન પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણ, પોતાનાં દર્શને આવનારા મનુષ્યોની વૃત્તિ પોતાના સ્વરૂપમાંજ એક જોડાઇ જાય એવા પ્રકારની બાળલીલા કરતા હતા.[૧૩]

હે ભૂપતિ ! બાળલીલાને કરતા ભગવાન શ્રીહરિકૃષ્ણનું સ્નેહભાવથી લાલનપાલન કરતી ગામની સર્વ સ્ત્રીઓનાં મનમાં પોતાના કે પારકા પુત્રપણાનો ભેદ જ ક્યારેય ઉદ્ભવતો ન હતો.[૧૪] વૃદ્ધસ્ત્રીઓ પુત્રભાવે અને નાની સ્ત્રીઓ ભ્રાતૃભાવે રાત દિવસ રમાડતી રહેતી, તેમાં પોતાનાં ઘરનાં કામકાજ પણ ભૂલી જતી હતી, એક સખીના હાથમાંથી લઇ શ્રીહરિને બીજી સખી રમાડવા લાગતી.

तस्याः करात्सा तस्याः सा तस्याः सेति पुनः पुनः । प्रेम्णा बालं जिघृक्षूणां त्वं न त्वं नेत्यभूत्कलिः ।१६
बाला तु नान्तरं लेभे सुतं लालयितुं निजम् । नानेति नानानारीणां वचनैर्वारिता मुहुः ॥ १७ ॥
कन्कनं मन्मनं चाथ ब्रुवन्तं बालकाकलीम् । ता योषितोऽम्ब ! तातेति वादयन्ति स्म तं मुहुः ॥ १८
हासयंस्तास्तदाऽब्रूत कलमर्धाक्षरैः पदैः । आद्येऽब्द एव सोऽशिक्षद्भाषितुं हिण्डितुं शिशुः ॥ १९
आनन्दयन्निजजनानित्थं शैशवलीलया । वर्षमाद्यं व्यतीयाय स्वेच्छानरवपुर्हरिः ॥ २० ॥
विवाहं ज्येष्ठपुत्रस्य धर्मश्चक्रे कुलोचितम् । सम्भारेणैव महता तद्देशाधिपतिर्यथा ॥ २१ ॥
बलदेवाभिधो विप्रो निजकन्यां सुवासिनीम् । ददौ रामप्रतापाय विधिना समलंकृताम् ॥ २२ ॥
सुशीला सा तु तं प्राप्य पतिं परमधार्मिकम् । प्रीत्यानुवृत्त्या च गुणैः साध्वीधर्मस्थिताभजत् ॥२३।

બીજીના હાથમાંથી લઈ ત્રીજી રમાડવા લાગતી. આ પ્રમાણે પ્રેમાનુરાગથી વારંવાર બાળ શ્રીહરિને રમાડવા ઈચ્છતી સ્ત્રીઓમાં તું નહિ હું રમાડીશ. તું ક્યારનીય રમાડે છે. હવે હું રમાડીશ. વગેરે નારીઓનો પ્રેમકલહ સદાય થતો રહેતો.[૧૫-૧૬]

હે રાજન્ ! ભગવાન બાળશ્રીહરિને રમાડવા આવતી અનેક નારીઓ, વારંવાર ભક્તિમાતા ના-ના કહ્યા કરતાં હોવા છતાં પણ રમાડવામાં વ્યસ્ત રહેતી હોવાથી તેમને પોતાના પુત્રને રમાડવાનો અવકાશ જ પ્રાપ્ત થતો ન હતો.[૧૭] ત્યારપછી રમણીય અને અવ્યક્ત એવી બાળકને યોગ્ય મધુર કાલી કાલી વાણીને બોલતા ભગવાન શ્રીહરિને તે રમાડતી નારીઓ હે મા ! હે તાત ! એ પ્રમાણે બોલતાં શિખવતી હતી. અને ભગવાન શ્રીહરિ પણ અર્ધા અર્ધા અક્ષરોના ઉચ્ચારણથી અસ્પષ્ટ છતાં મધુર શબ્દો બોલી તેઓને ખૂબ હસાવતા હતા.[૧૮-૧૯] આ રીતે શ્રીહરિ પહેલા જ વર્ષમાં બોલતાં અને ચાલતાં શીખી ગયા. આ પ્રમાણે બાળલીલાથી પોતાના સંબંધીજનોને આનંદ ઉપજાવનારા તેમજ સ્વેચ્છાએ મનુષ્યશરીરને ધારણ કરનારા ભગવાન શ્રીહરિને પ્રથમ વર્ષ વ્યતીત થયું.[૨૦]

**રામપ્રતાપભાઈનો વિવાહઃ–** સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ધર્મદેવે પોતાના કુળને શોભે તે રીતે મોટા પુત્ર રામપ્રતાપજીનો વિવાહ પણ તે કૌશળદેશના મહારાજાની જેમ ખૂબ જ ધામધૂમથી ઉજવ્યો.[૨૧] તર ગામ નિવાસી બળદેવ નામના વિપ્રે અલંકારોથી સુશોભિત પોતાની 'સુવાસિની' નામની કન્યા વિધિપૂર્વક બ્રહ્મવિવાહ કરી રામપ્રતાપજીને અર્પણ કર્યાં, અને સુશીલ સ્વભાવનાં સદ્‌ગુણી સુવાસિની, ધાર્મિક પતિની પ્રાપ્તિથી અતિ ખુશ થયાં અને પ્રેમપૂર્વક પતિની અનુવૃત્તિમાં રહી પતિવ્રતાધર્મનું પાલન કરવા લાગ્યાં.[૨૨-૨૩]

द्वितीयवर्षारम्भेऽथ नवम्यां तु महोत्सवम् । हरिप्रसादः पुत्रस्य कारयामास भूपते! ॥ २४ ॥
हनूमन्तं बलिं व्यासं कृपं द्रौणिं विभीषणम् । मार्कण्डेयं पर्शुरामं विधिना समपूपुजत् ॥ २५ ॥
ब्राह्मणान्भोजयामास हरिभक्तान्सहस्रशः । ईप्सितैः सुरसैर्भोज्यैर्ददौ तेभ्यश्च दक्षिणाः ॥ २६ ॥
बालमूर्तौ भगवति सर्वेषामपि देहिनाम् । तस्मिन्भूयानभूत्प्रेमा तत्पित्रोस्तु विशेषतः ॥ २७ ॥
प्राप्ते तृतीये वर्षेऽथ पिता चौलमकारयत् । पुत्रस्यातिविनीतस्य वृद्धेभ्योऽप्यतिधीमतः ॥ २८ ॥
शुक्रस्य कृष्णपञ्चम्यां धिषणे वासवे च भे । आहूय वैदिकान् विप्रांस्तच्चकार यथाविधि ॥ २९
विधाय मङ्गलस्नानं मातृपूजनपूर्वकम् । नान्दीश्राद्धं च पुण्याहवाचनं स त्वकारयत् ॥ ३० ॥

---

**ઘનશ્યામના પ્રથમ જન્મોત્સવની ભવ્ય ઉજવણી:–** હે રાજન્ ! ત્યારપછી હરિપ્રસાદ વિપ્રે પોતાના પુત્ર ભગવાન શ્રીહરિકૃષ્ણનો બીજા વર્ષના આરંભમાં નવમી તિથિએ પ્રથમ વાર્ષિક જન્મોત્સવ મોટા ધામધૂમથી ઉજવ્યો.[૨૪] તેમાં આઠ ચિરંજીવી એવા હનુમાન, બલિ, વ્યાસ, કૃપાચાર્ય, અશ્વત્થામા, વિભિષણ, માર્કણ્ડેય અને પરશુરામનું વિધિ પ્રમાણે પૂજન કર્યું.[૨૫] ત્યારપછી ધર્મદેવે હજારો ભક્તોને તથા હજારો બ્રાહ્મણોને અનેક પ્રકારનાં ઈચ્છિત મધુર ભોજન જમાડી તૃપ્ત કર્યા અને બ્રાહ્મણોને મનમાની દક્ષિણાઓ આપી રાજી કર્યા.[૨૬] (અહીં હરિભક્તોને હરિજયંતિવ્રત નિત્ય કરવાનું અને બીજે દિવસે દશમના બ્રહ્મણોને જમાડવા, આવો ભાવ શુકમુનિએ જણાવ્યો છે.) બાલમૂર્તિ ભગવાન શ્રીહરિને વિષે જોતાવેંત સૌ દેહધારીઓનેબહુ જ સ્નેહ ઉત્પન્ન થતો અને તેમાં પણ ધર્મ-ભક્તિ અને રામપ્રતાપભાઈ અને સુવાસિનીભાભીને તો સૌથી વિશેષપણે સ્નેહ ઉભરાતો હતો.[૨૭]

**ચૌલકર્મ સંસ્કાર:–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! જન્મથી ત્રીજા વર્ષનો પ્રારંભ થતાં અતિશય વિનયી પુરુષો કરતાં પણ અધિક વિનયી અને અતિશય બુદ્ધિમાન કરતાં પણ અધિક બુદ્ધિશાળી એવા પોતાના પુત્ર ભગવાન શ્રીહરિનો ચૌલકર્મ સંસ્કાર ધર્મદેવે કરાવ્યો.[૨૮]

સંવત ૧૮૩૯ ના જેઠ વદ પાંચમ ને ગુરુવારે ધનિષ્ઠા નક્ષત્રમાં વૈદિક શ્રોત્રિય બ્રાહ્મણોને નિમંત્રણ આપીને ધર્મદેવે સંપૂર્ણ વિધિ મુજબ ચૌલકર્મ સંસ્કાર કરાવ્યો.[૨૯] તેમાં ધર્મદેવે સૌ પ્રથમ મંગલ સ્નાન કર્યું પછી માતૃકાઓનું પૂજન કરવા પૂર્વક નાંદીશ્રાદ્ધ અને પુણ્યાહવાચન કર્મ બ્રાહ્મણો પાસે કરાવ્યું. પોતાના

सभ्यमग्निं प्रतिष्ठाप्य पात्रासादनमाचरत् । धर्मः स्वकुलधर्मज्ञो विधिज्ञब्राह्मणोदितम् ॥ ३१ ॥
तत्रैकविंशतिकुशपिञ्जुलीर्दक्षभागतः । अग्नेर्न्यधाद्वामतस्तु रक्तगोगोमयादि च ॥ ३२ ॥
कृत्वा व्याहृतिहोमादि क्षुरमादाय चायसम् । कपुष्णिकाच्छेदविधिं चकार स नराधिप! ॥ ३३ ॥
कुलाचारात्तु सशिखं मुण्डनं नापितेन सः । कारयामास पुत्रस्य गोदानादि ततोऽकरोत् ॥ ३४॥
भूरिसर्पिःशर्कराढ्यसहकाररसादिभिः । तर्पयामास शतशो ब्राह्मणान् परया मुदा ॥ ३५ ॥
ततः स्वज्ञातिबन्धूंश्च ग्रामस्थानितरानपि । भोजयामास विप्रेन्द्रो जनांश्चागन्तुकानपि ॥ ३६ ॥
तत्कर्मणि व्यग्रचित्ता भक्तिर्माता तु तद्दिने । प्राणप्रियस्यापि सूनोर्नासीत्सम्भावनक्षमा ॥ ३७ ॥
अर्भकेभ्यः किशोरेभ्यः सुतं लालयितुं सती । समर्प्याभ्यागता योषाः साऽर्हयामास भूपते ! ॥३८

**કુળપરંપરાના ધર્મને જાણનારા ધર્મદેવ 'સભ્ય' નામના અગ્નિનું સ્થાપન કરીને પછી સર્વપ્રકારની વિધિને જાણનારા બ્રાહ્મણોના કહેવા મુજબ 'પાત્રાસાદન' નામનું કર્મ કર્યું.[૩૦-૩૧] તેમાં અગ્નિદેવની જમણી બાજુએ એકવીશ દર્ભના ત્રણ વિભાગ દ્વારા ગુંથવામાં આવેલી સાત કોળીમાંથી નિર્માણ કરાયેલ દર્ભની ત્રણ પૂળીઓ વાળીને સ્થાપન કરી અગ્નિદેવની ડાબી બાજુએ લાલ વર્ણના બળદનું છાણ તથા કુશર સ્થાલીપાક આ બન્નેનું સ્થાપન કર્યું.[૩૨]**

**હે નરાધિપ ! આ પ્રમાણે ધર્મદેવ વ્યાહૃતિ હોમ આદિ કર્મ કરીને લોહના સજાયાથી માથાના જમણી બાજુના વાળની લટ કાપી, ત્યાર પછી પોતાના ગોત્રકુળના રીતરિવાજ અનુસાર વાણંદ પાસે પોતાના પુત્રનું શિખાએ સહિત મુંડન કરાવ્યું, અને ગાયોનાં ખૂબ દાન કર્યાં.[૩૩-૩૪]**

**ત્યારપછી ખૂબ જ ઘી અને સાકર નાખી તૈયાર કરેલા સુગંધીમાન મીઠી કેરીઓના રસની સાથે પૂરી આદિનાં મધુર ભોજનો પ્રેમથી જમાડી સેંકડો બ્રાહ્મણોને તૃપ્ત કર્યા. ત્યારપછી પોતાના સંબંધીજનોને તથા છપૈયા ગામના સમસ્ત અન્ય જનોને અને બહાર ગામથી આવેલા આમંત્રિતોને પણ ખૂબજ પ્રેમથી જમાડ્યા.[૩૫-૩૬] ભક્તિદેવી પણ આ બધા કામમાં રોકાયેલાં હોવાથી પોતાના પ્રાણપ્રિય પુત્ર ભગવાન શ્રીહરિની સંભાળ લેવાનો તે દિવસે અવકાશ પ્રાપ્ત ન થયો. તેથી હે રાજન્ ! તેણે શ્રીહરિને રમાડવા માટે કિશોર અવસ્થાવાળા બાળકોને બોલાવીને કહ્યું કે, હે બાળકો ! તમે આ ઘનશ્યામને રમાડવા માટે લઇ જાઓ. હું તમને પતાસાં આપીશ. એમ કહીને શ્રીહરિ બાળકોને સોંપી પોતે પોતાને ઘેર પધારેલાં સંબંધીની સ્ત્રીઓને જમાડવાની પ્રવૃત્તિમાં રોકાઇ ગયાં.[૩૭-૩૮]**

क्रीडन्तो भोजनान्ते गतवति तरणावप्युपान्त्यं मुहूर्तं ।
घस्रस्यार्भं गृहीत्वा तमपि च परमप्रीतितो बालकास्ते ॥
उद्यानं ग्रामतः प्राक् पुरुविटपितति प्राप्य तत्रातिहृष्टाः ।
पक्वान्यादन् रसालद्रुमपतितफलानीक्षमाणा द्रुमालिम् ॥ ३९ ॥

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे चौलसंस्कारविधिनामा पञ्चविंशोऽध्यायः ॥२५॥*

---

## षड्विंशोऽध्यायः

**सुव्रत उवाच –**

क्रीडत्सु तत्र बालेषु भक्षयत्सु फलानि च । अस्ताद्रिं भास्करः प्रायात्तमः प्रावर्ततानघ ! ॥ १ ॥
तावत्तत्रासुरगुरुः कालीदत्त उपागमत् । व्यर्थींभूतात्मसंसृष्टकृत्यागणबलो द्रुतम् ॥ २ ॥

---

ભોજન કરીને સર્વે બાળકો રમવા માટે પરમ આનંદ પામતાં શ્રીહરિને સાથે લઈ છપૈયાથી પૂર્વદિશામાં અનેક પ્રકારનાં વૃક્ષોની પંક્તિઓથી શોભતી આંબાવાડીમાં ગયા. ત્યાં ઘણાંબધાં વૃક્ષોની પંક્તિઓ નિહાળી બાળકો અતિ પ્રસન્ન થયાં અને ત્યાં રસાળ વૃક્ષોપરથી પડેલાં પાકાં મીઠાં ફળોનું ભક્ષણ કરી ખેલકૂદ કરવા લાગ્યાં. એટલામાં સૂર્યનારાયણે અસ્તાચળ તરફ જવાની તૈયારી કરી પરંતુ ક્રીડામાં મશગૂલ થયેલાં બાળકોને તેનો ખ્યાલ ન રહ્યો.[૩૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રીહરિના ચૌલસંસ્કાર વિધિનું નિરૂપણ કર્યું એ નામે પચીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૫--***

---

## અધ્યાય –૨૬

## શ્રીહરિએ મહા અસુરગુરુ કાલિદત્તનો મોક્ષ કર્યો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! બાળકો આ પ્રમાણે રમી રહ્યાં હતાં અને ફળોનું ભક્ષણ કરી રહ્યાં હતાં, ત્યારે સૂર્યનારાયણ અસ્તાચળને પામ્યા તેથી ચારેબાજુ અંધારું છવાઈ ગયું.[૧] તે સમયે અસુર ગુરુ કાલિદત્ત જ્યાં ભગવાન

कपटोपात्तसद्वेषो मायिको रिपुरन्ध्रवित् । तेषु बालेषु चिक्रीड जघांसुर्भक्तिनन्दनम् ॥ ३ ॥
क्रीडन्वक्रारुणाक्षिभ्यां भीषयामास बालकान् । जिघृक्षुर्धर्मजं वेगात्तदन्तिकमुपाययौ ॥ ४ ॥
प्रसारितकरद्वन्द्वोऽपि ग्रहीतुं तमर्भकम् । संवर्ताग्निनिभं पश्यन्न शेकेऽपि निरीक्षितुम् ॥ ५ ॥
दुर्धर्षं स्वेन तं ज्ञात्वा मन्त्रिकः स दुराग्रहः । प्रावर्तयद्धरिं हन्तुं मायामासुरसम्मताम् ॥ ६ ॥
बहुकालं साधितेन तेन मन्त्रेण योजिता । वर्धमाना प्रादुरभून्माया जनभयङ्करी ॥ ७ ॥
ववौ वातो महावेगो द्रुमोन्मूलनकृत् खरः । आसीद्धनघटा व्योम्नि प्रास्फुरन्तु च विद्युतः ॥ ८ ॥
धाराभिर्ववृषुस्तोयं गर्जन्तो जलदा भृशम् । आकस्मिक इवोत्पातः स कालोऽभूद्भयङ्करः ॥ ९ ॥
अतिवातातिवृष्टिभ्यां बहवोऽपि महाद्रुमाः । निपेतुस्तेन शतशो विनेशुः पशुपक्षिणः ॥ १० ॥

---

શ્રીહરિ અને બાળકો રમતાં હતાં ત્યાં આર્વ્યા. તેણે જન્મ સમયે શ્રીહરિને મારવા કોટરા આદિ કૃત્યાઓને મોકલેલી પણ તેનું સામર્થ્ય વ્યર્થ ગયેલું, તેથી અત્યારે બાળકોને મોહ ઉપજાવે તેવો કપટી બાળકનો વેષ ધારી પોતાના શત્રુ ભક્તિનંદન શ્રીહરિને મારવાની ઈચ્છાથી અવસર શોધતો માયાવી કાલિદત્ત બાળકોની સાથે રમવા લાગ્યો.[૨-૩] બાળકનું રૂપ લઈ બાળકોની સાથે ખેલકૂદ કરતો કાલિદત્ત પોતાની વક્ર અને લાલ આંખોથી બાળકોને ડરાવવા લાગ્યો, તેમજ ધર્મપુત્ર શ્રીહરિને પકડવાની ઈચ્છાથી અતિવેગથી તેમની સમીપે આવ્યો ને પકડવા માટે પોતાના બે હાથ જ્યારે કાલિદત્તે શ્રીહરિ તરફ લાંબા કર્યા ત્યારે પ્રલયકાળના અગ્નિની સમાન શ્રીહરિ જણાતાં મીટ માંડીને સામું જોઈ શક્યો નહિ તો પકડીને મારી તો ક્યાંથી શકે ?.[૪-૫]

ત્યારપછી મંત્રતંત્રની વિદ્યામાં કુશળ અને દુરાગ્રહી એવા કાલિદત્તે મનમાં જાણ્યું કે આ બાળક મારાથી પ્રત્યક્ષ પરાભવ પામે તેમ નથી, તેથી શ્રીહરિને મારવા માટે તેણે સર્વ અસુરોને વખાણવા લાયક મહામાયાનો વિસ્તાર કર્યો. બહુ સમયની સાધનાથી સિદ્ધ કરેલા અભિચાર મંત્રોના પ્રભાવથી ઉત્પન્ન કરેલી મહામાયા ઉત્તરોત્તર વધવા લાગી અને મનુષ્યોના મનમાં અતિશય ત્રાસ ઉપજાવવા લાગી. અને વૃક્ષોને મૂળમાંથી ઉખેડી ફેંકી દેતો પ્રચંડ વેગવાળો તીક્ષ્ણ વાયુ વાવા લાગ્યો, આકાશમાં ઘાટા મેઘની ઘટાઓ છવાઈ તેમાં વીજળીના ચમકારાઓ થવા લાગ્યા.[૬-૮] અત્યંત ગર્જના કરતા મેઘો મોટી ધારાઓ વડે વરસવા લાગ્યા, જાણે ઓચિંતો મહાઉત્પાત સર્જાયો હોયને શું ? તેમ આ સમયે લોકોને ભય ઉપજાવે તેવો મહાભયંકર લાગવા માંડ્યો, વાવાઝોડાં સાથેના અતિ વરસાદથી ઘણાં બધાં

अन्धकारो महानासीद्घनाघनघटावशात् । आत्मानं च परं कोऽपि नापश्यत्तेन भूमिप ! ॥ ११ ॥
अरोदनस्वभावत्वाद्धरिं भूमौ निधाय ते । किशोरा हासयन्तस्तं क्रीडन्ति स्म यथारुचि ॥ १२ ॥
आकस्मिक्याऽतिवृष्ट्या ते व्याकुलाश्च ससम्भ्रमाः । तिष्ठन्ति स्म द्रुमाघस्तात्सकम्पा आर्द्रवाससः ।१३
अद्यक्षणे क्षणान्ते वा विरतिर्वातवर्षयोः । भवितेति प्रतीक्षां ते कुर्वन्तस्तत्र संस्थिताः ॥ १४ ॥
प्रतिक्षणं वर्धमाना वृष्टिर्वातश्च दुःसहः । यदा नोपारमत्तर्हि जाताश्चिन्ताभयाकुलाः ॥ १५ ॥
यत्र हारिप्रसादिस्तैर्न्यस्तस्तं तु वनद्रुमम् । विस्मृत्यान्यत्र तं सर्वे विचिक्युः प्राप्तसम्भ्रमाः ॥ १६॥
हरिकृष्ण ! हरे ! कृष्ण ! नीलकण्ठेति तं च ते । उच्चकैराह्वयन्ति स्म भयगद्गदया गिरा ॥१७॥
तेषां शब्दं स नाश्रौषीत्तस्य शब्दं च तेऽखिलाः । वातवर्षातिविततघोरशब्दोपबृंहणे ॥ १८ ॥

મોટાં મોટાં વૃક્ષો ધરાશાયી થયાં, જેને કારણે તેમાં નિવાસ કરી રહેલાં સેંકડો પશુ પક્ષીઓ પણ મરણને શરણ થયાં. હે ભૂમિપતિ ! અતિ ઘાટા મેઘની ઘટાથી ચારે તરફ ગાઢ અંધકાર ફેલાયો તેથી કોઈ પણ મનુષ્ય પોતાને કે પરને જરા પણ જોઈ શક્તાં ન હતાં.[૯-૧૧]

હે રાજન્ ! માયાની ઉત્પત્તિ પહેલાં કિશોર અવસ્થાવાળા મિત્રોએ ભગવાન શ્રીહરિને આંબાના વૃક્ષ નીચે ભૂમિ ઉપર બેસાડ્યા હતા ત્યાંજ શ્રીહરિને રડવાનો સ્વભાવ ન હોવાથી તેમને હાસ્ય કરાવતા પોતાની રુચિ અનુસારે તેઓ ખેલકૂદ કરતા હતા.[૧૨] તેવામાં અકસ્માત્ અતિવૃષ્ટિ થવા લાગી, તેથી બાળકો આકુળ વ્યાકુળ થઈ ગભરાઈ ગયાં અને વસ્ત્રો ભીંજાવાથી તેઓ વૃક્ષ હેઠળ કંપતાં હતાં. આ પવન અને વરસાદ હમણાં થોડીવારમાં વિરામ પામશે, એવી આશાથી તેઓ ત્યાં જ ઊભા રહ્યાં.(અને શ્રીહરિ એક મજબૂત વૃક્ષની નીચે જઈ બેસી ગયા.) [૧૩-૧૪]

ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામતો દુસહ્ય પવન અને વરસાદ જ્યારે વિરામ પામ્યો નહિ ત્યારે બાળકો ચિંતા અને ભયથી આકુળ વ્યાકુળ થયાં અને પોતે જે વૃક્ષની નીચે ઘનશ્યામને બેસાડ્યા હતા તે વૃક્ષને ભૂલી ગયાં અને બીજે સ્થળે શોધવા લાગ્યાં.[૧૫-૧૬] વ્યાકુળ થયેલાં તે બાળકો હે હરિ ! હે કૃષ્ણ ! હે હરિકૃષ્ણ ! હે નીલકંઠ ! આ પ્રમાણે ભયથી ગદ્ગદિત થયેલી વાણીથી ઊંચા સ્વરે સાદ પાડી શ્રીહરિને બોલાવતાં હતાં.[૧૭] પ્રચંડ વાયુ અને મૂશળધાર વરસતા વરસાદના ભયાનક ધ્વનિમાં શ્રીહરિ બાળકોના શબ્દોને સાંભળી શક્યા નહિ અને બાળકો પણ શ્રીહરિના શબ્દો સાંભળી ન શક્યા, તે તે જગ્યાએ શોધવા છતાં ભગવાન

धर्मात्मजमपश्यन्तो रुरुदुस्तत्र तत्र ते । चिन्ताव्याकुलितात्मानो गतधैर्या विचेतसः ॥ १९ ॥
अहो किमेतदस्माभिः कृतं भाग्यविवर्जितैः । आनीतो द्विजराजस्य हा हा बालः कुतो न्विह ॥ २०
गत्वा ग्रामं वयं लोकान्किं वदिष्याम उत्तरम् । कथं वा दर्शयिष्यामो भक्त्यै धर्माय चाननम् ॥ २१
भयेन वेपमानानामिति चिन्ताकुलात्मनाम् । दुःखान्तो नाभवत्तेषां बहवस्तेषु मूर्च्छिताः॥ २२ ॥
हरिरथ हृदि तामवेत्य मायामसुरजनने कृतां स्वनाशहेतोः ।
अनुदितविकृतिस्तथैव तस्थावचल इवाचलमूर्तिरात्मदृष्टिः ॥ २३ ॥
प्रबलतरमरुद्रयाभिघाताद्धिमशिखरिच्युतगण्डशैलरूपः ।
न्यपतदुपरि तस्य बालमूर्तेः सपदि विभग्नपदो महाम्रवृक्षः ॥ २४ ॥
पतितः स महावृक्षः स्ववक्रत्वावकाशगे । छत्रायितः कुमारेऽभूद्वातवर्षनिवारकः ॥ २५ ॥
विलोक्य बालं जीवन्तं महाद्रुमतलेऽपि तम् । प्रासारयत्करौ द्वौ च ग्रहीतुं पुनरेव सः ॥ २६ ॥

---

**શ્રીહરિને નહીં જોવાથી બાળકો ચિંતાથી વ્યાકુળ થયાં. ધીરજ ખૂટી અને માતાપિતાના ઠપકાના ભયે વિભ્રાંત થયેલાં બાળકો બગીચામાં ઊંચે સ્વરે રડતાં વિલાપ કરવા લાગ્યાં.[૧૮-૧૯]**

**અરે રે !!! ભાગ્ય ફૂટેલાં અમે સર્વે બાળકો આ શું કર્યું ? હા ! હા ! ધર્મપુત્ર શ્રીહરિને આપણે અહીં શા માટે લાવ્યા ? ગામમાં જઈ લોકોને આપણે શું ઉત્તર આપીશું ? ધર્મ અને ભક્તિદેવીને આપણે શું મુખ દેખાડીશું ? આવા પ્રકારની ચિંતા અને ભયથી વ્યાકુળ થયેલાં બાળકો કાંપવા લાગ્યાં અને તેમાંથી કેટલાંકને મૂર્છા પણ આવી ગઈ. તેમના દુઃખનો કોઈ પાર ન રહ્યો.[૨૦-૨૨] ભગવાન શ્રીહરિ કાલિદત્તે આ આસુરી માયા મારા નાશ માટે સર્જી છે અને હું તો સર્વાન્તર્યામી, સર્વકર્તા અને માયાવીનો પણ મહામાયાવી સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છું. તો મને આ રાંક કાલિદત્ત અસુર શું કરી લેવાનો છે ? એવું સ્પષ્ટ જાણતા હોવાથી જરા પણ ક્ષોભ પામ્યા નહિ, તેમજ અચળ પર્વતની જેમ સ્થિર રહ્યા.[૨૩] અતિ તીવ્ર પવનના વેગથી વિશાળ આંબાનું વૃક્ષ હિમાલય પર્વત પરથી પડતી મોટી શિલાની જેમ તત્કાળ શ્રીહરિ ઉપર પડ્યું. તેનાં મૂળિયાં ઊખડી ગયાં. પડેલું તે મહાવૃક્ષ ડાળીઓ અને થડ વચ્ચે અવકાશ પામવાથી શ્રીહરિને માટે વાયુ અને વરસાદને રોકનારા છત્રરૂપે થયું.[૨૪-૨૫]**

**આટલું કર્યા પછી પણ કાલિદત્તે મહાવૃક્ષની નીચે પણ શ્રીહરિને જીવતા જોયા તેથી તેને ફરી પકડવા બે હાથ લાંબા કર્યા.[૨૬] તેટલામાં તે શ્રીહરિની વક્રદષ્ટિથી**

तावत्तद्बालदृष्ट्यैव मुमोह भ्रान्तविह्वलः । ग्रहाविष्ट इवारण्ये बभ्राम स इतस्ततः ॥ २७ ॥
बाला विद्युत्प्रकाशेन तमपश्यन्भयाकुलाः । उत्तिष्ठन्तं पतन्तं च भ्रमन्तं च यतस्ततः ॥ २८ ॥
पतत्पतितवृक्षौघाघातभूरिक्षताङ्गकः । पुष्पितः किंशुक इव दृश्यमानो मृतिं ययौ ॥ २९ ॥
एवं हि भगवान् कृष्णो विशस्त्रोऽपि महामतिः । स्वप्रतापेन तन्नाशं करोति स्म निजेच्छया ॥३०॥
वृष्टिवातौ मृते तस्मिन् ययतुर्विरतिं शनैः । उच्छ्वासं लेभिरे तेन मूर्च्छितास्तत्र बालकाः ॥ ३१ ॥
अथ ग्रामे भक्तिधर्मौ जनाश्चान्ये द्विजादयः । अनागतान्स्वस्वपुत्रान्विचिक्यू रजनीमुखे ॥ ३२ ॥
अतिवातादि तदृष्ट्वा न दृष्ट्वा चात्मजान् क्वचित् । अत्युद्विग्ना बभूवुस्ते सम्भ्रान्तमनसो नृप ! ।३३
वामाङ्गान्यस्फुरन् पुंसां दक्षाङ्गानि च योषिताम् । मेनिरे तेन पुत्राणां रिष्टप्राप्तिं तु ते हृदि ॥ ३४ ॥

---

તે કાલિદત્ત મોહ પામ્યો, અને મતિભ્રમથી વ્યાકુળ થયો. જાણે કે પોતામાં ભૂતનો પ્રવેશ થયો હોય તેમ આંબાવાડીમાં આમ તેમ ભટકવા લાગ્યો.[૨૭] તે સમયે ભયથી વિહ્વળ થયેલાં બાળકોએ વીજળીના પ્રકાશમાં તે ઊંચે અથડાતા ને નીચે પડતા તેમજ આમતેમ ભમતા કાલિદત્તને જોયો.[૨૮] તે વાયુના આઘાતથી તે જ ક્ષણે નીચે પડતાં અને પૂર્વે પડી ગયેલાં આંબાના વૃક્ષોની સાથે વારંવાર અથડાતો હતો, તેથી તેનું શરીર ક્ષત-વિક્ષત થતાં લોહીલુહાણ થયું તે જાણે લાલ ખીલેલાં કેસુડાનું વૃક્ષ હોય તેમ જણાતો તે કાલિદત્ત અસુર તેજ ક્ષણે મરણને શરણ થયો.[૨૯]

**ધર્મ–ભક્તિ આદિ ગામવાસીઓએ આરંભેલી બાળકોની શોધઃ–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સર્વ કરતાં અધિક મહા પ્રતિભાવાન ભગવાન શ્રીહરિએ શસ્ત્ર વિના પણ પોતાના સંકલ્પ માત્રથી આવિષ્કૃત કરેલા મહાપ્રતાપથી કાલિદત્તનો વિનાશ કર્યો, કાલિદત્તનું મરણ થતાં વાયુ અને વરસાદ ધીરે ધીરે વિરામ પામ્યાં અને તે આંબાવાડીમાં મૂર્ચ્છિત થઈને પડેલાં બાળકો ફરી સચેતન થયાં.[૩૦-૩૧] આ બાજુ છપૈયામાં રાત્રીનો પ્રારંભ થયાં છતાં પોતપોતાનાં બાળકો ઘેર નહી આવેલા હોવાથી ધર્મ-ભક્તિ તેમજ અન્ય બ્રાહ્મણો પોતાનાં બાળકોને રાત્રીના સમયે ચારે તરફ શોધવા લાગ્યાં.[૩૨] હે રાજન્ ! ધર્મ-ભક્તિ વગેરે જનોએ અતિ પવન, વીજળીના ચમકારા અને વરસાદની ધારાઓ જોઈ પણ પોતાના પુત્રોને ક્યાંય ન જોયા, તેથી અત્યંત ઉદાસી થઈ આકુળ વ્યાકુળ થયાં.[૩૩] પુરુષોના ડાબાં અંગ ફરકવા લાગ્યાં અને સ્ત્રીઓનાં જમણાં અંગ ફરકવા લાગ્યાં, આવાં અપશુકનોથી પોતાના પુત્રોને જરૂર કાંઈ અનિષ્ઠ પ્રાપ્ત થયું છે, એમ સર્વે જનો માનવા લાગ્યાં.[૩૪]

अतिवातातिवृष्टिभ्यां महासन्तमसेन च । पुत्रार्त्या च विशेषेण न्यपतंस्त इतस्ततः ॥ ३५ ॥
निश आद्ये गते यामे वाते मन्दरये सति । वर्षे च विरते ते तु प्राबुध्यन्त हरीच्छया ॥ ३६ ॥
काचयन्त्रप्रदीपांस्ते महतीर्दीपिका अपि । कारयित्वा तदुद्यानं ययुरुद्विग्नचेतसः ॥ ३७ ॥
खड्गचर्मधनुर्हस्ताः कतिचिद्यष्टिपाणयः । ययुर्ग्रामजनाः सर्वे पुत्र पुत्रेति वादिनः ॥ ३८ ॥

आत्मीयबन्धुधृतबाहुयुगोऽथ धर्मो विस्रस्तस्रपरिवेष्टितगात्रयष्टिः ।
कण्ठागतासुरसुरारिनिजात्मजात्मा मार्गे चचाल शनकैः प्रविकीर्णकेशः ॥३९॥
भक्तिः शशाङ्ककलिताम्बुजतुल्यवक्त्रा हे कृष्ण ! कृष्ण ! मम बाल इतीरयन्ती ।
पार्श्वद्वयस्थतरुणीधृतबाहुयुग्मा कृष्णासुरध्वनि चचाल विजीवितेव ॥ ४०॥

---

**હે રાજન્ ! અતિ પવન અને અતિવૃષ્ટિના તેમજ રાત્રીના ગાઢ અંધકારને કારણે કાંઇ સૂજતું ન હોવાથી દુઃખી થયેલાં ને વિશેષમાં પુત્રવિયોગના મહાદુઃખને કારણે અતિશય વ્યાકુળ થયેલાં ધર્મ-ભક્તિ આદિને અચાનક મૂર્ચ્છા આવી જતાં પૃથ્વીપર આમતેમ ઢળી પડ્યાં.[૩૫] રાત્રીનો પ્રથમ પ્રહર પૂર્ણ થયો. પવનનો વેગ શાંત થયો. તેમજ વરસાદ અને વીજળી પણ વિરામ પામ્યાં ત્યારે ભગવાનની ઇચ્છાથી તે સર્વે મૂર્ચ્છામાંથી જાગ્રત થયાં.[૩૬] સર્વેનાં મન ચિંતાતુર હતાં તેથી તે સર્વેજનો કાચના ફાનસો અને મોટી મોટી મશાલો પ્રગટાવીને જ્યાં બાળકો રમતાં હતાં તે આંબાવાડીમાં તેઓને શોધવા નીકળ્યાં, તેમાં કેટલાકે હાથમાં ઢાલ, તલવાર અને ધનુષબાણ ધાર્યાં હતાં અને કેટલાકે હાથમાં લાકડીઓ લીધી હતી. આમ સર્વે ગ્રામજનો હે પુત્ર ! હે પુત્ર ! એમ નામ સાથે સાદ પાડતાં પાડતાં ચાલ્યાં જતાં હતાં.[૩૭-૩૮]**

**હે રાજન્ ! ગામમાંથી નીકળ્યા ત્યારે બે બંધુજનોએ જેમના બન્ને બાહુ પકડી રાખ્યા છે એવા ધર્મદેવ માર્ગમાં ધીરે ધીરે ચાલતા હતા. તેમનું ઉત્તરીય વસ્ત્ર વારે વારે શરીર ઉપરથી પડી જતું હતું, તેને બંધુજનો વારંવાર શરીરપર વીંટાળતા હતા. પુત્રના વિયોગમાં તેમના પ્રાણ કંઠે આવી ગયા, અને માથાના કેશ વિખરાઇ ગયા હતા. ત્યારે તેમનું મન એક શ્રીહરિના સ્વરૂપમાં સ્થિર હતું.[૩૯]**

**તેવી જ રીતે ભક્તિદેવી પણ ભગવાન શ્રીહરિકૃષ્ણ જ એક પોતાના પ્રાણ હોવાથી મૃતપ્રાય દશામાં હોય તેમ માર્ગમાં ચાલતાં હતાં. બન્નેબાજુ બે યુવાન સ્ત્રીઓએ તેના બન્ને બાહુ પકડી રાખ્યા હતા. ચંદ્રોદયના કારણે બીડાયેલા સૂર્યકમળ સરખું તેનું મુખ અતિ ઉદાસ હતું, ને હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મારાબાળ ! હે મારા**

रामप्रताप उरुदु:खभरस्तदानीं शोचन् स्वसोदरमतिप्रियतावशत्वात् ।
मार्गे चचाल शनकैश्च वयस्यवर्यैः साकं रुदन्नतितरां विवशः सकम्पः ॥ ४१
श्रद्धादयस्तु ललनाः सुकृतान्तिकस्थास्तर्ह्येव दिव्यवपुराशुजवा पुरस्तात् ।
निर्गत्य चोपवनिकां सपदि प्रपद्य भग्नाम्रवृक्षतलगं ददृशुः स्वबालम् ॥ ४२ ॥
संवीक्ष्य ताः स्नुतपयोधरहेमकुम्भा तर्षादुपेत्य जगृहुः पुरुकम्पगात्रम् ।
आदाय चाङ्कमनुरागभरेण बालं स्वं स्वं स्तनं नृप ! मुदा तमपाययंश्च ॥ ४३
पुत्रस्नेहभरं तासामात्मन्यनुपमं हरिः । दृष्ट्वा तत्प्रीतये सद्य आसीद्द्वादशमूर्तिधृत् ॥ ४४॥
पपौ स्तनरसं तासां पीयूषमधुरं शिशुः । हरिर्ममाङ्क एवास्ति नान्यत्रेत्यविदंश्च ताः ॥ ४५ ॥
अभूवन् पूर्णकामास्ताः सर्वा अपि तदा नृप ! । कृष्णः प्रेमवतां स्वस्मिन् ह्यस्ति कल्पतरूपमः ॥४६

---

**લાલ ! એ પ્રમાણે બોલતાં બોલતાં માર્ગમાં ચાલ્યાં જતાં હતાં.[૪૦] મોટાભાઇ રામપ્રતાપજી પણ પોતાના નાનાભાઇ શ્રીહરિમાં અતિશય સ્નેહ હોવાથી અતિશય દુ:ખી થઇ ગયા. શ્રીહરિના અત્યંત શોકમાં અને વિયોગમાં તે રુદન કરતા હતા, અને શરીરે કાંપતા હતા. તેમની બન્ને બાજુ ચાલતા સમાન વયના સખાઓ સાથે માર્ગમાં ધીરે ધીરે ચાલ્યા જતા હતા.[૪૧] જ્યારે ધર્મદેવ આદિ શ્રીહરિને શોધવા ગામમાંથી બહાર નીકળ્યા ત્યારે દિવ્ય શરીરે પતિ ધર્મદેવની સમીપે સદાય નિવાસ કરતી શ્રદ્ધા આદિક બાર પત્નીઓ પણ જલદીથી સર્વ કરતાં આગળ જઇ આંબાવાડીમાં આંબાનાં ભાંગેલાં વૃક્ષ નીચે બેઠેલા પોતાના પુત્ર શ્રીહરિને જોયા, હે રાજન્ ! પુત્રને જોતાં જ તેમના કનકકળશ જેવા સ્તનોમાંથી દૂધની ધારા વહેવા લાગી. તેથી અતિ હર્ષપૂર્વક શ્રીહરિની સમીપમાં જઇ ઠંડીથી અધિક કંપતા શ્રીહરિને તત્કાળ તેડીને અતિ સ્નેહપૂર્વક પોતાના ખોળામાં પધરાવ્યા અને પ્રેમથી સ્તનપાન કરાવવા લાગી.[૪૨-૪૩]**

**બાર માતાઓ માટે બાર સ્વરૂપે શ્રીહરિ:–** ભગવાન શ્રીહરિ પણ પોતાને વિષે બારે માતાઓનો અતિશય પ્રેમ જોઇ તેમને સેવાનો લાભ આપી રાજી કરવા તે જ ક્ષણે બાર સ્વરૂપે થયા, અને તેઓના ખોળામાં બેસી શ્રીહરિ તેઓના અમૃત કરતાં પણ અધિક મધુર સ્તનરસનું પાન કરવા લાગ્યા. તે સમયે બધી જ માતાઓ એમ જ માનતી હતી કે શ્રીહરિ મારા ખોળામાં જ બિરાજે છે, બીજાના ખોળામાં નથી.[૪૪-૪૫] બારે માતાઓ બાળકને સ્તનપાન કરાવી પૂર્ણકામ થઇ. કારણ કે ભગવાન શ્રીહરિકૃષ્ણ પોતાની મૂર્તિને વિષે પ્રેમવાળા ભક્તજનો

अथाययुः साश्रुनेत्रास्तत्र ते ग्रामवासिनः । विचिन्वन्तः सुतान्प्रापुर्मूर्च्छोत्थान्रुदतो भृशम् ॥ ४७ ॥
जीवतः स्वात्मजान्प्राप्य ग्राम्या आसन् गताधयः। कुत्र धर्मसुतोऽस्तीति ते तान् पप्रच्छुरात्मजान् ॥ ४८
तदा त ऊचुरस्माभिरिह द्रुमतलेऽर्भकः । न्यस्तो धर्मस्य खेलार्थं तत्र त्वद्य न दृश्यते ॥ ४९ ॥
वज्रपातोपमं वाक्यं तन्निशम्यातिदुःखिनः । कुर्वन्तो भृशमाक्रोशं व्यचिन्वंस्तमितस्ततः ॥ ५०॥
तदा श्रद्धादयः कृष्णं विन्यस्याधो द्रुमस्य ताः । स्थाने स्वकरसंमृष्टे जनादृश्याः समासतः ॥ ५१
मार्गयन्ती शिशुं तत्र मातुली सुन्दरी हरेः । ददर्श बालं सहसा निर्भयं स्वस्थमास्थितम् ॥ ५२ ॥
मया लब्धो मया लब्धः शिशुरित्युच्चभाषिणी । गृहीत्वा तं ददौ भक्त्यै सा च तस्यै ललन्तिकाम् ।५३
प्राप्यात्मजं हृदालिङ्ग्य भक्तिः स्नुतपयोधरा । पाययन्ती स्तनं मेने पुनर्जातमिवात्मजम् ॥ ५४ ॥

માટે કલ્પવૃક્ષ સમાન છે.[૪૬] હે રાજન્ ! ત્યારપછી રુદન કરતાં સર્વે ગ્રામવાસીજનો પોતાના પુત્રોને શોધતાં આંબાવાડીમાં આવ્યાં, ત્યારે મૂર્ચ્છામાંથી જાગેલા અને ભગવાન શ્રીહરિ નહિ મળવાથી અત્યંત રુદન કરતા, પોતાના બાળકોને જીવિત પ્રાપ્ત કરી થોડા ચિંતામુક્ત થયા ને પૂછવા લાગ્યાં કે ધર્મનંદન ક્યાં છે ?.[૪૭-૪૮] ત્યારે પોતાના પિતાઓના પૂછવાથી તે બાળકો કહેવા લાગ્યાં કે અમે ધર્મનંદનને રમાડવા માટે અહીં આંબાના વૃક્ષ નીચે બેસાડ્યા હતા, પણ અત્યારે ત્યાં દેખાતા નથી.[૪૯] હે રાજન્ ! બાળકોનું આવું વજપાત સમાન વચન સાંભળી સર્વેજનો અતિશય દુઃખી થયાં અને કરુણ આક્રંદ સાથે ઉચ્ચ સ્વરે રડવા લાગ્યાં તથા ચારેતરફ ધર્મપુત્રને શોધવા લાગ્યાં.[૫૦]

હે રાજન્ ! તે સમયે ધર્મદેવની દિવ્યદેહધારી શ્રદ્ધા આદિક બાર પત્નીઓ વૃક્ષની નીચે પોતાના હાથે સરખી કરેલી ભૂમિ ઉપર પોતાના પુત્રને બેસાડી બીજા જનો પોતાને ન જોઈ શકે એ રીતે ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ.[૫૧] તે સમયે શ્રીહરિને શોધતાં શોધતાં સુંદરી મામી ત્યાં આવ્યાં ને અચાનક બાલમૂર્તિ શ્રીહરિ ઉપર તેમની દૃષ્ટિ પડી. અને શ્રીહરિને જાણે કાંઈ બન્યું જ ન હોય તેમ સ્વસ્થ બેઠેલા હતા તેમને જોઈને મામી "ઘનશ્યામ મને મળ્યા!" ઘનશ્યામ મને મળ્યા" એમ મોટેથી બૂમો પાડવા લાગ્યાં. ને બાળ શ્રીહરિને તેડી ભક્તિમાતાને આપ્યા. તે સમયે ભક્તિદેવીએ પણ ઉત્સાહપૂર્વક પોતાના કંઠનું મહામૂલું આભૂષણ સુંદરીમામીને ભેટ આપ્યું.[૫૨-૫૩] પ્રાણ કરતાં અધિક પ્રિય પોતાના પુત્ર શ્રીહરિને પામી ભક્તિમાતાએ પોતાના હૃદય સરસાં ચાંપ્યા. મારા પુત્રને નવો જન્મ મળ્યો છે એમ માની ભક્તિદેવી શ્રીહરિને સ્તનપાન કરાવવા લાગ્યાં. ધર્મદેવ,

धर्मो रामप्रतापश्च ज्ञातयो ग्रामवासिनः । अक्षतावयवं प्राप्य कुमारं लेभिरे मुदम् ॥ ५५ ॥
ततोऽसुरगुरुं दृष्ट्वा पतितं ते ससम्भ्रमाः । पप्रच्छुः को मृतो ह्येष बाला ऊचुस्तदा वचः ॥ ५६
अस्मान्विभीषयन्नेष हन्तुकामो हरिं रुषा । अजिघृक्षत्प्रसार्य द्वौ बाहू विकृतलोचनः ॥ ५७ ॥
अनेन दृष्टमात्रोऽसौ नीलकण्ठेन तत्क्षणम् । इतस्ततो भ्रमन्नेव ममार नात्र संशयः ॥ ५८ ॥
श्रुत्वा तद्बालवचनं विस्मिताः सभयाश्च ते । ऊचुर्दिष्ट्या मृतः पाप्मा स्वस्य वै पापकर्मणा ॥ ५९ ॥
ततोऽतिहृष्टाः सर्वेऽपि ग्राममीयुर्निशाकरे । उदिते महदाश्चर्यमापन्ना धरणीपते ! ॥ ६० ॥
भक्तिधर्मौ तु तच्छ्रुत्वा बालवाक्यं स्वचेतसि । कृष्णं सस्मरतुस्तावज्ज्ञानमासीत्तदिच्छया ॥ ६१ ॥
मृतोऽसौ पुरुषो नूनं कालीदत्ताभिधोगुरुः । असुराणां येन पुरा वयं मुहुरुपद्रुताः ॥ ६२ ॥

बालोऽपि नैव खलु मायिकविग्रहोऽसौ नारायणः स्वयमृषिर्धृतमर्त्यनाट्यः ।
वृन्दावने वरद एष हि नौ स्वकीयं जातो वरं सफलयन्भुवि नौ निकेते ॥६३॥

---

રામપ્રતાપભાઈ અન્ય સંબંધીજનો તથા અન્ય સર્વે ગ્રામવાસીજનો શરીરે કોઈ પણ જાતની ઈજા નહિ પામેલા શ્રીહરિને પામી તેઓને બહૂ જ આનંદ થયો.[૫૪-૫૫]

ત્યારપછી સૌ પાછાં વળતાં હતાં ત્યાં નીચે પડેલા મરેલા અસુરગુરુ કાલિદત્તને જોયો. અને સૌ ભયભીત થયાં ને બાળકોને પૂછવા લાગ્યાં કે આ મરેલો કોણ છે ? ત્યારે બાળકોએ કહ્યું કે, આ અમને ધમકાવીને અને આંખના ડોળા કાઢીને ડરાવતો હતો, વિકૃત આંખોવાળો આ અસુર લાંબા હાથ કરી શ્રીહરિને ક્રોધથી મારવા ઈચ્છતો હતો.[૫૬-૫૭] તેવામાં આ ધર્મનંદન નીલકંઠ તેના પર માત્ર કરડી દૃષ્ટિ કરી તેથી આમતેમ ભમતો વૃક્ષો સાથે અથડાતો અથડાતો અસુર મૃત્યુ પામ્યો છે. તેમાં કોઈ જાતનો સંશય નથી.[૫૮]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! બાળકોનાં વચન સાંભળી વિસ્મય પામેલા ધર્મદેવ આદિકના શ્વાસ અધર થઈ ગયા ને પછી કહેવા લાગ્યા કે, આ પાપી પોતાને પાપે મરાયો એ બહુજ સારું થયું, હે ધરણીપતિ ! ધર્મદેવ આદિ સર્વે ગ્રામજનો આ જોઈ ખૂબજ પ્રસન્ન થયાં ને મહા આશ્ચર્યને પામ્યાં, પછી તે સમયે ચંદ્રોદય થતાં સૌ ગામમાં પાછાં આવ્યાં.[૫૯-૬૦]

ત્યારપછી ધર્મ અને ભક્તિ બાળકોનાં વચનને યાદ કરી પોતાના મનમાં પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરવા લાગ્યાં. તે જ સમયે શ્રીહરિની ઈચ્છાથી તેમને જ્ઞાન થયું કે, આ મૃત્યુ પામ્યો તે પુરુષ અસુરોનો ગુરુ કાલિદત્ત છે, પૂર્વે આ અસુરે આપણને વારંવાર ખૂબજ પીડા આપી હતી.[૬૧-૬૨] આપણો આ

असुराणां वधोऽनेन रिपूणां नौ दुरात्मनाम् । आवयो रक्षणं चेति प्रतिज्ञातं प्रसीदता ॥ ६४॥
अतोऽनेनैव निहतो मायिकोऽसुरराडसौ । अन्यथा शक्नुयात्को वा हन्तुमेनं महाबलम् ॥ ६५ ॥
बलेनास्यैव सर्वेऽपि बलिनः सन्ति दानवाः । मृत्युनास्यैव सर्वेषां तेषां मृत्युरभूत्किल ॥ ६६ ॥
एषोऽसुराणां मूलं वै सर्वेषामपि भूतले । मूले छिन्नेऽथ शाखानां पृथग्नाशो न विद्यते ॥ ६७ ॥
अहो भगवताऽनेन विशस्त्रेणापि धीमता । बाल्य एव हतः सद्यो दैत्येशोऽग्रे तु किं पुनः ॥ ६८ ॥
आवयोः पोषणं भूमावेष एव करिष्यति । जातौ हि निर्भयावावामस्मदीयाश्च सर्वशः ॥ ६९ ॥
किं वर्ण्यं भक्तवात्सल्यं कृष्णस्यास्य दयानिधेः । इत्युत्सुकहृदालिङ्ग्य तस्थतुर्निर्वृतौ भृशम् ॥७०

---

પુત્ર પણ કોઈ સામાન્ય બાળક જેવો બાળક નથી , પણ મનુષ્ય નાટ્યને કરનારા સાક્ષાત્ સ્વયં નારાયણઋષિ છે. અને વૃંદાવનમાં આપણને તમારો પુત્ર થઈશ એવું વરદાન આપનારા સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન પોતાનું વચન સત્ય કરવા આ પૃથ્વી પર આપણા ભવનમાં મનુષ્યરૂપે પ્રગટ થયા છે.[૬૩] વૃંદાવનમાં આપણા ઉપર પ્રસન્ન થયેલા આ પરમાત્માએજ આપણી આગળ અસુર એવા આપણા શત્રુઓનો વિનાશ કરવાની અને આપણું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા કરી હતી.[૬૪] તે કારણે જ આપણાં ઘેર પુત્રરૂપે પ્રગટ થઈ માયાવી એવા અસુરરાજ આ કાલિદત્તનો વિનાશ કર્યો છે. નહીં તો આવા મહાબળવાન અસુરનો નાશ કરવા કોણ સમર્થ થાય ? કોઈ જ ન થાય.[૬૫] આ બળવાન કાલિદત્ત અસુરના બળથી જ અન્ય સર્વે અસુરો બળવાન થયા હતા. તે હવે જ્યારે આનું મૃત્યુ થયું છે તેથી સર્વે અસુરોનાં મોત થઈ ગયાં, એમ નિશ્ચે જાણો, કારણ કે આ પૃથ્વી પર કાલિદત્ત સર્વે અસુરોનું મૂળ હતો. મૂળનો વિનાશ થતાં શાખાઓનો વિનાશ આપોઆપ થઈ જાય છે.[૬૬-૬૭] અરે !!! આશ્ચર્યની વાત એ છે કે શસ્ત્ર ધારણ કર્યા વિના પણ આપણા આ બુદ્ધિમાન પુત્રરૂપે પરમાત્માએ જ બાલ્ય-અવસ્થામાં જ દૈત્યરાજ કાલિદત્તનો વિનાશ કર્યો છે. તો આગળ જતાં આ બાળક શું નહિ કરે ? આ હરિકૃષ્ણ આ પૃથ્વી પર આપણું પોષણ કરશે. હવે આપણે આપણા સંબંધીજનો અને ભક્તો સૌ નિર્ભય થયાં છીએ. આ દયાના સાગર આપણા પુત્રરૂપે પ્રગટ થયેલા પરમાત્માની ભક્તવત્સલતાનું વર્ણન આપણે કેમ કરી શકીએ ? ન જ કરી શકીએ, હે રાજન્ ! આ પ્રમાણે કહી અત્યંત ઉત્સુક હૃદયવાળાં માતા-પિતાઓ પોતાના બાળકરૂપ ભગવાનને દૃઢ આલિંગન આપી અતિશય સુખના સાગરમાં ડૂબી ગયાં.[૬૮-૭૦]

ततो हरिर्निजज्ञानं तयोरपाहरत्पुनः । आसीद्यथापुरा धर्मः सभार्यः पुत्रधीर्हरौ ॥ ७१ ॥
महोत्पातेऽपि बालस्य जीवनं च रिपुक्षयम् । मेने कृष्णप्रसादं तं कुलदेवकृपां च सः ॥ ७२ ॥
व्यतीतायां निशि प्रातर्धर्मो धर्मविदां वरः । विघ्नोपशमनं होमं कारयामास वाडवैः ॥ ७३ ॥
पाठांश्च कारयामास श्रीनारायणवर्मणः । ब्राह्मणान्भोजयामास ददौ धेनूश्च काञ्चनम् ॥ ७४ ॥
पूजनं बलिदानं च कुलदेवस्य स द्विजः । मारुतेः कारयामास विधिज्ञैर्वैदिकैर्द्विजैः ॥ ७५ ॥
वन्दनं कारयामास निजपुत्रेण तस्य च । ब्राह्मणानां च सर्वेषामाशिषस्ते ददुः शुभाः ॥ ७६ ॥

रमणीयतरः स्वभावतः कृतसंस्कारविधिस्तु सोऽर्भकः ।
विबभाविव नील ऊर्जितो मणिरुत्तेजित आकरोद्भवः ॥ ७७ ॥
एतच्चरित्रं भवभीतिहर्तुर्हरेरुदारं कथितं मया ते ।
यः कीर्तयेद्यः श्रृणुयाच्च राजन्न दुर्लभा तस्य सभुक्तिमुक्तिः ॥ ७८ ॥

---

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિએ પોતાના દિવ્ય જ્ઞાનની પોતાનાં માતા-પિતા ધર્મ-ભક્તિને વિસ્મૃતિ કરાવી તેથી ભક્તિદેવી અને ધર્મદેવ પૂર્વની માફક જ ભગવાન શ્રીહરિમાં પુત્રપણાની ભાવના કરવા લાગ્યા.[૭૧] તથા મહા ઉત્પાત વચ્ચે પોતાના પુત્ર શ્રીહરિના પ્રાણ બચ્યા ને મારવા આવેલ શત્રુનો નાશ થયો તેમાં પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણનો અનુગ્રહ અને કુળદેવ હનુમાનજીની કૃપાનું કારણ માનવા લાગ્યાં.[૭૨] ધર્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ ધર્મદેવ રાત્રી વ્યતીત થતાં પ્રાતઃકાળે બ્રાહ્મણોને બોલાવી વિઘ્નોને શાંત કરવા માટે હોમપૂર્વક શાંતિકર્મ કરાવ્યું, અને નારાયણકવચના પાઠ કરાવ્યા. ત્યારપછી બ્રાહ્મણોને ભોજન કરાવી, દૂઝણી ગાયો અને સુવર્ણનાં દાન કર્યાં. તથા હનુમાનજીના પૂજનનો વિધિ જાણનારા ભૂદેવો પાસે પોતાના કુળદેવ હનુમાનજીનું પૂજન કરાવ્યું. અને ચણા, વટાણા, અડદ, વડાં આદિનું બલિદાન કરાવ્યું.[૭૩-૭૫] ત્યારપછી ધર્મદેવે પોતાના પુત્ર શ્રીહરિને હનુમાનજી તથા બ્રાહ્મણોના ચરણમાં વંદન કરાવ્યુલ. અને તે બ્રાહ્મણોએ દીર્ઘ આયુષ્યના ખૂબ રૂડાં આશીર્વાદ આપ્યા.[૭૬]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સ્વાભાવિક રીતે શ્રીહરિની આકૃતિ અતિશય રમણીય તો હતી જ પણ ચૌલ કર્મ સંસ્કાર કરાવ્યા પછી જાણે શાણે ચડાવેલા નીલમણિની જેમ વિશેષ શોભવા લાગ્યા.[૭૭] હે રાજન્ ! ભવભયને હરનારું શ્રીહરિનું આ મહાન ઉદાર ચરિત્ર મેં તમને સંભળાવ્યુ. જે કોઈ પુરુષ આ ચરિત્રનું કીર્તન કરશે, અને મુમુક્ષુજનોને સંભળાવશે તથા જે સાંભળશે તે બન્ને પ્રકારના**

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे चौलसंस्कारेऽसुमायोपमर्दे कालीदत्तमरणं नाम षड्विंशोऽध्यायः ॥२६॥*

---

## सप्तविंशोऽध्यायः

**सुव्रत उवाच -**

हरिप्रसादो विप्रर्षिः स्वग्रामेऽसुरसम्भवम् । उपद्रवं मुहुर्दृष्ट्वा स्थातुमैच्छन्न तत्र तु ॥ १ ॥
पुण्यक्षेत्रावासरुचिर्धनधान्यसमृद्धिमान् । सद्यो विहाय तं ग्राममयोध्यां गन्तुमैहत ॥ २ ॥
गृहोपस्करमाधाय शकटादिषु सप्रियः । पुत्रादिभिः सह ययौ साकेतनगरीं नृप ! ॥ ३ ॥
सज्येष्ठतनयो धर्म एकं शकटमारुहत् । हरिमुत्सङ्गमाधाय भक्तिरेकं च सस्नुषा ॥ ४ ॥

---

મુમુક્ષુઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને નિશ્ચે પામશે.[૭૮]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રીહરિના ચૌલ સંસ્કારમાં અસુર કાલિદત્તે ઉત્પન્ન કરેલી માયાના ઉપમર્દનમાં કાલિદત્તના મરણનું નિરૂપણ કર્યું એ નામે છવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૬--***

---

## અધ્યાય -૨૭

## ધર્મ પરિવારનું પુણ્યક્ષેત્રમાં નિવાસાર્થે છપૈયાથી અયોધ્યાપુર ગમન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! બ્રાહ્મણ શ્રેષ્ઠ હરિપ્રસાદજી વિપ્ર પોતાને ગામ છપૈયાપુરમાં અસુરોના ઉપદ્રવો વારંવાર થતા હતા તે જોઈને ત્યાં બહુ રહેવાને ઈચ્છતા ન હતા. તેથી પોતે ધન-ધાન્ય આદિક સંપત્તિથી સમૃદ્ધિમાન હોવા છતાં પુણ્યક્ષેત્ર એવા અયોધ્યાપુરીમાં નિવાસ કરવાની વિશેષ રુચિ રાખી. તેથી છપૈયાપુરીનો તત્કાળ ત્યાગ કરી અયોધ્યા જવાની તૈયારી કરી.[૧-૨] હે નૃપ ! ઘરની સર્વે સામગ્રી ગાડાંઓમાં ભરી પ્રિય પત્ની ભક્તિદેવી તેમજ પુત્ર રામપ્રતાપ આદિ પરિવારની સાથે ધર્મદેવ અયોધ્યાનગરી તરફ જવા નીકળ્યા.[૩] હે રાજન્ ! તે સમયે ધર્મદેવ મોટાપુત્ર રામપ્રતાપજીની સાથે એક ગાડાં ઉપર બેઠા, અને બીજા

श्रृण्वन् सुतस्य कलकाकलिकामुदारां पश्यंश्च तद्वदनपङ्कजनिं मुहुः सः ।
धर्मोऽतिहर्षनिभृतो न विवेद मार्गं क्रान्तं च मार्गजनमस्य तथैव पत्नी ॥ ५
अह्नश्चतुर्दशमुहूर्त उदारबुद्धिस्तीरं मनोहरमवाप वृषः सरय्वाः ।
साकं सुहृद्भिरवलोकयति स्म साक्षात् तामम्बुराशिपरमप्रिययोषितं च ॥ ६
स्नानेन यस्यादृशिमात्रतोऽपि याति क्षयं पापगणोऽपि पुंसाम् ।
या रामवाःकेल्यतिपूततोया नाम्नाप्यघानामतिभीतिदात्री ॥ ७
ग्रामोपमाभिश्च पुरोपमाभिर्महातरीभिर्विततान्तराभिः ।
या शोभमाना च तरङ्गजालैः शब्दायमानैर्बहुभिः समन्तात् ॥ ८
या पूजिता चन्दनपुष्पधूपैर्दीपावलीभिश्च फलैर्जनौघैः ।
क्रीडत्तिमिव्रातविसर्पणेन शोभामुपेता कविवर्णनीयाम् ॥ ९

---

ગાડાંમાં પુત્રવધુ સુવાસિનીની સાથે ભક્તિદેવી પોતાના લાડલા પુત્ર શ્રીહરિને ખોળામાં લઈને બેઠાં.[૪] પછી માર્ગમાં શ્રીહરિની ઉદાર કાલીકાલી મધુરવાણીને સાંભળતાં સાંભળતાં અને તેમના મનોહર મુખકમળની શોભાને વારંવાર જોતાં મહાઆનંદના સાગરમાં નિમગ્ન થયેલાં તેમને કેટલો માર્ગ કપાયો તથા સામે કોણ મનુષ્યો મળ્યાં વગેરેનો કોઈ ખ્યાલ રહ્યો નહિ.[૫]

હે રાજન્ ! ઉદાર બુદ્ધિવાળા ધર્મદેવ પોતાના પરિવારજનોની સાથે દિવસના ચૌદમા મુહૂર્તમાં સાયંકાળે સરયુગંગાના મનોહર તીરે પહોંચ્યા, સમુદ્રની પરમપ્રિયા પત્નીસ્વરૂપા સરયુગંગાનાં દર્શન કરવા લાગ્યાં ને મહિમા વિચારવા લાગ્યાં કે, આ સરયુગંગામાં કોઈ સ્નાન કરે કે માત્ર તેનું દર્શન કરે, તેટલા માત્રથી મનુષ્યોનાં સર્વે પાપના પુંજો નાશ પામે છે. કારણ કે, દશરથપુત્ર સાક્ષાત્ ભગવાન શ્રીરામચંદ્રજીની જળક્રીડાથી આ સરયુગંગાનું જળ, અત્યંત પવિત્ર થયેલું છે. અને વળી આ નદી 'સરયુ' એવા નામનું ઉચ્ચારણ કરવા માત્રથી સર્વ પાપને ભય ઉપજાવે છે.[૬-૭]

વળી આ સરયુગંગા કેવી શોભી રહી છે ? વિશાળ જળપ્રવાહમાં મોટાં મોટાં ગામ અને નગરની ઉપમા આપી શકાય તેવી મહાનૌકાઓથી તે બહુજ શોભે છે. તેમજ ચારે તરફ મધુર શબ્દોનો ધ્વનિ કરતા જળતરંગોથી પણ તે અતિશય શોભે છે. જનસમૂહે ચંદન, પુષ્પ, ધૂપ, દીપ અને ફળથી પૂજા કરી હોવાથી જળમાં તરતાં ફુલ દીવાથી તે અતિશય શોભે છે. જળની અંદર રહેલાં

या मानसाख्यात्सरसः प्रजाता सन्नादिता मानसवासिभिश्च ।
तटद्रुमालिप्रतिबिम्बदृश्या सेव्या निजस्वान्तविशुद्धिकामैः ॥ १०
तरीमथारुह्य महानदीं तां सहात्मपोष्यैर्वृष उत्ततार ।
उपस्करं नौनिहितं च सर्वं सम्भावयामास पुनः प्रतीरे ॥ ११
पुरीमयोध्यां समवाप्य तत्र हरिप्रसादः प्रससाद चित्ते ।
तावत्प्रतीचीनगिरिं दिनेशो जगाम राजन्नरुणाङ्गवर्णः ॥ १२
सहस्रशोदीपततीस्तदानीं सौधेषु तीरे च जनाः सरय्वाः ।
चक्रुश्च यासां प्रतिबिम्बवृन्दैः सर्वा नदी दीपमयीव रेजे ॥ १३
तत्र द्विजान् कुर्वत एव सन्ध्यां दृष्ट्वा विधाय स्नपनं स्वयं च ।
पितृप्रसूपासनमाचचार प्रत्यंमुखः कर्मविधिप्रवीणः ॥ १४

---

માછલાં વગેરે જળચર પ્રાણીઓની જળક્રીડાથી પણ સરયુગંગા અતિશય શોભે છે. આ રીતે સર્વે શોભા સંપન્ન સરયૂગંગાના ગુણોનું વર્ણન કવિજનો પણ ગાય છે.[૮-૯] આ સરયુગંગા કેટલી મહાન છે ? તેનું ઉદ્‌ગમસ્થાન હિમાલયનું માનસરોવર છે. માનસરોવર નિવાસી હંસો ત્યાં મધુર શબ્દો કરી તેની શોભા વધારી રહ્યા છે. કિનારા ઉપર ઉગેલાં વૃક્ષોની પંક્તિઓ જળમાં પ્રતિબિંબિત થતાં સરયુગંગા અતિ મનોહર લાગે છે. મનની વિશુદ્ધિ ઈચ્છતા જનો આ સરયુગંગાનું સેવન કરે છે. હે રાજન્ ! આ પ્રમાણે ધર્મદેવે સરયુગંગાનું અવલોકન કરતાં કરતાં મહિમા વિચાર્યો. અને ત્યારપછી પોતાના પોષ્ય વર્ગની સાથે નાવમાં બેસી મહાનદી એવી સરયુના સામે કિનારે ઉતર્યા, તથા નૌકામાં મૂકેલી પોતાની સમગ્ર ઘરવખરી ઉતારી લીધી.[૧૦-૧૧]

**મુક્તિપ્રદ અયોધ્યાનગરીનું વર્ણનઃ–** હે રાજન્ ! આ પ્રમાણે ધર્મદેવ અયોધ્યાપુરીમાં પધારી મનમાં બહુ પ્રસન્ન થયા છે. તેવામાં સૂર્યનારાયણ લાલરંગની કાંતિ ધરીને પશ્ચિમદિશામાં અસ્ત પામ્યા છે.[૧૨] તે સમયે સર્વેજનોએ સરયુગંગાના કિનારે રહેલા મહેલોમાં અને આવાસોમાં હજારો દીપમાળાઓ પ્રગટાવી છે. તેનાં પ્રતિબિંબો પાણીમાં પડવાથી સરયુગંગા દીપમય બની અત્યંત શોભી ઉઠી છે.[૧૩] તેમ જ તે સમયે સરયુગંગાને તીરે સંધ્યાવંદનાદિ ક્રિયાને કરતા બ્રાહ્મણોને જોઈ ધર્મદેવે પણ સ્નાન કર્યું તથા ક્રિયાવિધિમાં નિપુણ હોવાથી પૂર્વમુખે બેસી સાયંસંધ્યાની ઉપાસના કરી. આ પ્રમાણે સરયુગંગાના સ્વર્ગદ્વાર નામના

स्वर्गद्वाराभिधे तत्र कृतसन्ध्याविधिर्द्विजः । तीर्थे ततो लक्ष्मणस्य दर्शनं कृतवान्मुदा ॥ १५ ॥
तुलसीपुष्पवृक्षादिशोभितात्तीर्थतस्ततः । प्रविवेश पुरीं रम्यां यामाहुर्मुक्तिदां बुधाः ॥ १६ ॥
योजनानि दश द्वे च याऽऽयता सरयूमनु । विस्तीर्णा त्रीणि च प्रोक्ता मनुना निर्मिता स्वयम् ॥ १७
इक्ष्वाकुवंश्यभूपानां राजधानीति योदिता । यत्र साक्षाद्वासुदेवो रामनामाजनि स्वयम् ॥ १८ ॥
फलपुष्पभरानम्रनानाद्रुमलतादिभिः । शोभमानैर्बहुविधैरुद्यानैः परितो वृता ॥ १९ ॥

रथ्यामहाध्वापणचत्वराणि यस्यां विभक्तानि च मार्जितानि ।
भवन्ति नित्यं च सुपूजितानि द्वाराणि दध्यक्षतुकुङ्कुमाद्यैः ॥ २० ॥
सौधैर्विशालैरथ साप्तभौमैः कैलासभूभृच्छिखरोपमेयैः ।
पङ्क्तिस्थितैः शुभ्रतरैरनेकैर्विराजमाना च मठादिभिर्या ॥ २१ ॥
जनाश्चतुर्वर्णभवास्तु यस्यां वसन्त्यसङ्कीर्णगृहालयश्च ।
स्वं स्वं च धर्मं परिपालयन्तो धर्मावतारस्य हरेः प्रतापात् ॥ २२ ॥

---

**તીર્થમાં સ્નાન કરી સંધ્યાવંદન કરી ધર્મદેવે ત્યાં લક્ષ્મણજીના મંદિરમાં અતિ હર્ષથી દર્શન કર્યાં.[૧૪-૧૫] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારપછી તુલસી તથા પુષ્પનાં વૃક્ષો અને ફળનાં અનેક વૃક્ષોથી શોભી રહેલાં તે સ્વર્ગદ્વાર તીર્થમાંથી ધર્મદેવ આદિ પરિવારે અયોધ્યાનગરીમાં પ્રવેશ કર્યો, જે નગરીને વ્યાસમુનિ, વાલ્મીકી આદિ શ્રેષ્ઠ પુરુષોએ મુક્તિ આપનાર નગરી કહી છે.[૧૬] આ નગરીનું નિર્માણ સ્વયં વૈવસ્વત મનુએ કર્યું છે. અને આ નગરી સરયુગંગાના કિનારે કિનારે બાર યોજન લાંબી અને ત્રણ યોજન વિસ્તારવાળી છે, વળી આ નગરી ઈક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલી સૂર્યવંશી રાજાઓની રાજધાની તરીકે ઓળખાય છે. જે નગરીમાં સ્વયં ભગવાન સાક્ષાત્ શ્રીરામચંદ્રજી પ્રગટ થયા હતા.[૧૭-૧૮]**

**આ નગરી ફળ અને પુષ્પોના ભારથી નમી ગયેલાં અનેક વૃક્ષો અને લતાઓથી તથા વાવ, કૂવાઓ અને શોભાયમાન બહુ પ્રકારની પુષ્પવાટિકાઓથી ચારે તરફ શોભી રહી છે. જે નગરીમાં નાના માર્ગો અને મોટા રાજમાર્ગો તથા દુકાનોની પંક્તિઓ તથા ચોક અને આંગણાંઓ સફાઈ કરી સ્વચ્છ કરેલાં છે, જે નગરીનાં ઘરનાં દ્વારોનું દહીં, ચોખા, કુંકુમ આદિ અનેક શુભ દ્રવ્યોથી નિત્ય પૂજન થાય છે.[૧૯-૨૦] અને વળી કૈલાશ પર્વતના શિખરોની ઉપમા આપવા લાયક એવા વિશાળ અને ઊંચા સાત સાત માળના મહેલો પંક્તિબદ્ધ શોભી રહ્યા છે, તે મહેલો શ્વેતવર્ણના છે. તથા આ નગરીમાં સન્યાસીઓના તથા વૈરાગીઓના મઠ અને**

सुसङ्कुला या करिणां घटाभिश्चतुर्विधानां च विभूषितानाम् ।
सुलक्षणैर्वातजवैस्तुरङ्गैर्वृषैश्च मत्तैरिव भद्रनागैः ॥ २३॥
शुश्राव तस्यां प्रतिराममन्दिरं घस्रान्तनीराजनपद्यगीतिकाः ।
वीणामृदङ्गाम्बुजतालझल्लरीतूर्यानकानां निनदांश्च सोऽनघ ! ॥ २४ ॥
दीपावलीभ्राजितपङ्क्तिसंस्थविचित्रपण्यापणवीथिकाः सः ।
पौरांश्च देवानिव राजमानान् पश्यन्नतीयाय पुरं सपोष्यः ॥ २५ ॥
रामघाटस्य निकटे वरहट्टाभिधं ततः । तच्छाखानगरं प्राप चातुर्वर्ण्यजनाश्रितम् ॥ २६
त्रेताग्निप्राश्यमानानां हविषामतिसौरभम् । जिघ्रंस्तत्राकरोद्वासं निजप्राचीनकेतने ॥ २७
त्रिकालं सरयूस्नानं सन्ध्यादीनि च नित्यदा । कुर्वन्कर्माणि नित्यानि कृष्णे भक्तिं समाचरत् ॥ २८

---

મંદિરો પણ આવેલાં છે.[૨૧] તેમજ આ નગરીમાં બ્રાહ્મણઆદિ ચારે વર્ણના મનુષ્યો પોતપોતાની જાતિના છૂટા છૂટા વિસ્તારમાં આવેલા ભવનોમાં રહે ત. અને ધર્મનંદન શ્રીહરિના પ્રતાપથી પોતપોતાના વર્ણાશ્રમને યોગ્ય ધર્મનું સુચારુ પાલન પણ કરે છે.[૨૨] અને વળી ઝૂલોથી શણગારેલા ભદ્ર, મંદ, મૃગ અને મિશ્ર આ ચાર પ્રકારના હાથીઓ તથા સુલક્ષણા અને પવનની સમાન વેગવાળા અશ્વો તથા ભદ્રજાતિના હાથી જેવા મદોન્મત્ત આંખલાઓથી આ નગરી અત્યંત ભરચક છે.[૨૩]

સુવ્રતમુનિ કહે છે, હે નિષ્પાપ રાજન્ ! આવી આ શોભાયમાન અયોધ્યા નગરીમાં સંધ્યા સમયે પ્રત્યેક રામજી મંદિરમાં થતી આરતી પદ્યગાન, વીણા, મૃદંગ, શંખ, કાંસા, કરતાલ, ઝાલર, તુરઈ, નગારાં આદિ અનેક વાજિંત્રોના મધુર નાદને સાંભળતા સાંભળતા તેમજ પ્રગટેલા અનેક દીવડાઓની પંક્તિઓથી શોભતી તથા અનેક પ્રકારની દુકાનોની પંક્તિઓથી શોભતી શેરીઓની શોભાને નિહાળતા, તથા દેવ સમાન જણાતા ત્યાંના મનુષ્યોને જોતા જોતા પરિવારે સહિત ધર્મદેવ આખી અયોધ્યાનગરીને પાર કરી રામઘાટની સમીપે રહેલા બરહટ્ટા નામના શાખાનગરમાં પધાર્યા, અહિં પણ ચારે વર્ણના મનુષ્યો રહે છે.[૨૪-૨૬]

હે રાજન્ ! અહીં ત્રેતાગ્નિમાં હોમ કરેલા હવિષ્યાન્નની સૌરભને સુંઘતા પરિવારે સહિત ધર્મદેવે તે બરહટ્ટા શાખાનગરમાં રહેલા પોતાના પ્રાચીન ઘરમાં નિવાસ કર્યો. અહીં ધર્મદેવ નિરંતર સરયુગંગામાં ત્રિકાલ સ્નાન સંધ્યાવંદન વગેરે નિત્યકર્મ કરતા હતા અને ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણની નવધા ભક્તિ પણ કરતા હતા.[૨૭-૨૮]

क्रियमाणां कृष्णभक्तिं पित्रा कृष्णोऽर्भकोऽपि ताम् । दृष्ट्वा तथा स्वयमपि करोति स्मार्भलीलया ॥२९
स बालः शैशवेऽप्यासीत्साधुशीलगुणान्वितः । कृष्णार्चादिरुचिस्त्यक्तग्राम्यक्रीडापरिच्छदः ॥ ३०
स्नातुं स तूषसि प्रायत्सरयूं जननीमनु । प्रत्यहं शीतकालेऽपि कर्मठब्राह्मणो यथा ॥ ३१।
गृहमेत्यार्चयामास कृष्णं बालपरिच्छदैः । तल्लग्नमानसतयाभोज्यादि क्वापि नास्मरत् ॥ ३२
पित्रा जनन्याप्याहूतः सवयोभिश्चबालकैः । कृष्णध्यानपरः क्वापि सुचिरं न शृणोति तत् ॥ ३३
बाल्ये विष्णुकथाकीर्तिश्रवणोत्सुक आस सः । रामायणं तु बहुशो ह्यश्रृणोत्तत्र तत्र च ॥ ३४
प्रायशो रामभक्तानां समागमवशात्तु सः । प्राप श्रीजानकीनाथे भक्तिं भक्तजनप्रिये ॥ ३५

त्यक्तग्राम्यविहारधीः स भगवानब्दं जनेः पञ्चमं ।
प्राप्तः स्वीकृतशुद्धसाधुसरणिस्तां स्थापयन्भूतले ॥
नादेयाम्भसि नित्यमाप्लवविधिं प्रातर्विधायादरात् ।
साकेता खिल देवता नमयितुं याति स्म तत्तद्गृहान् ॥ ३६ ॥

---

**પિતાનું અનુકરણ કરતા શ્રીહરિ :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! બાળચેષ્ટા કરતા શ્રીહરિ પણ પિતા ધર્મદેવને ભક્તિ કરતા જોઇ સ્વયં ભગવાન હોવા છતાં પિતાનું અનુકરણ કરતા હતા.[૨૯] શ્રીહરિ બાલ્યાવસ્થામાં રહેવા છતાં સાધુપુરુષોને શોભે તેવા નિર્મત્સરાદિ તથા દયા આદિ ગુણોથી યુક્ત થઇ ભગવાનની પૂજા કરવી આદિ શુભ ક્રિયામાં પ્રીતિ રાખતા, પરંતુ લૌકિક રમકડાંઓની સાથે રમવાની તેમને ક્યારેય રુચિ થતી નહિ.[૩૦] શિયાળાની ઋતુ હોવા છતાં પ્રતિદિન પ્રાતઃકાળે કર્મઠ પીઢ બ્રાહ્મણની જેમ ભક્તિમાતાની સાથે સરયુગંગામાં સ્નાન કરવા જતા.[૩૧] સ્નાન કરી ઘેર પાછા આવ્યા પછી બાળકને ઉચિત પૂજાની સામગ્રી લઇ શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરતા હતા, ક્યારેક શ્રીહરિનું મન પૂજામાં એટલું તલ્લીન થઇ જતું કે ભોજન વગેરેને પણ ભૂલી જતા.[૩૨] ક્યારેક શ્રીકૃષ્ણ ભગવાનના ધ્યાનમાં એટલા ડૂબી જતા કે માતા ભક્તિ, પિતા ધર્મદેવ કે તથા પોતાના સખા બાળકો બોલાવે છતાં લાંબો સમય સુધી તે સાંભળતા નહીં.[૩૩] બાલ્યા અવસ્થાથીજ ભગવાનનાં કથાકીર્તનો કરવામાં અને સાંભળવામાં ઉત્સુક રહેતા, અને અયોધ્યાના મંદિરોમાં વંચાતી રામાયણની કથાને બહુવાર સુધી સાંભળતા.[૩૪] હે રાજન્ ! બાલ્યાવસ્થા હોવા છતાં શ્રીહરિ ધર્મભક્ત સત્પુરુષોનો સમાગમ કરતા, તેથી ભક્તવત્સલ ભગવાન શ્રીજાનકીનાથને વિષે તેમને ગાઢ અનુરાગ થયો.[૩૫]

सीतालक्ष्मणगन्धवाहतनयैर्युक्तं च रामं भजन् ।
श्रीमद्भागवतं पुराणमखिलं रामायणं चाशृणोत् ॥
प्रीतिं नैव बबन्ध कुत्रचिदसौ सांसारिके वस्तुनि ।
स्वृद्धे वेश्मनि मातृपितृपशुषु द्रव्येषु मित्रेष्वपि ॥ ३७ ॥
सद्धर्मानपि कृष्णभक्तपितृतः शुश्राव सर्वानसौ ।
श्रौतस्मार्तविदस्ततश्च निखिलान्वर्णाश्रमाणां वृषान् ॥
धर्मांश्चाखिलयोषितां स्वजननीवक्त्रादशेषानसौ ।
सर्वज्ञोऽपि नृनाटनं परिचरन्बाल्येऽभवत्पण्डितः ॥ ३८ ॥

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मस्यायोध्यागमनं नाम सप्तविंशोऽध्यायः ॥ ३७ ॥*

---

**બાળશ્રીહરિનું મહાપંડિત જેવું વર્તન :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આમ કરતાં શ્રીહરિની પાંચ વર્ષની અવસ્થા થઈ. હવે તેમણે લૌકિક રમતગમતની બુદ્ધિ સહજ છોડી દીધી, અને આ પૃથ્વી ઉપર સત્શાસ્ત્ર પ્રતિપાદિત વિશુદ્ધ સાધુતાના માર્ગનું પ્રવર્તન કરવા સ્વયં પ્રતિદિન પ્રાતઃકાળે સરયુગંગામાં સ્નાન કરવા જતા. ત્યારપછી નિત્યે અતિ આદરપૂર્વક અયોધ્યાપુરીના રામ, સીતા, લક્ષ્મણ અને હનુમાનજીના તમામ મંદિરોમાં દર્શન કરવા જતા.[૩૬] આ રીતે શ્રીહરિ સીતા, લક્ષ્મણ અને હનુમાનજીએ સહિત રામચંદ્રજીનું ભજન સ્મરણ કરતા, અને મંદિરોમાં વંચાતી કથા સાંભળતા. એમ કરતાં સંપૂર્ણ ભાગવતપુરાણ અને સંપૂર્ણ રામાયણનું શ્રવણ તેણે કર્યું. આવી રીતે વર્તતા ભગવાન શ્રીહરિને માતા-પિતા, ગાય આદિ પશુ, દ્રવ્ય, મિત્રો કે સમૃદ્ધિસભર ઘર વગેરે સાંસારિક પદાર્થોમાં ક્યાંય સ્નેહ બંધાયો નહીં.[૩૭] આમ સદાય અનાસક્ત રહેતા, ઘરમાં ભગવાનના એકાંતિક ભક્ત પોતાના પિતા ધર્મદેવ થકી તેમણે સંપૂર્ણ એકાંતિક ભાગવત ધર્મનું શ્રવણ કરેલું. તેમજ શ્રૌત અને સ્માર્ત ધર્મમાં નિપુણ ધર્મદેવ થકી સમગ્ર વર્ણાશ્રમના ધર્મોનું શ્રવણ કરતા તથા માતા ભક્તિદેવીના મુખેથી સધવા તેમજ વિધવા નારીઓના સમસ્ત ધર્મોનું પણ શ્રવણ કરતા. હે રાજન્ ! આ રીતે ભગવાન શ્રીહરિ સ્વયં સર્વજ્ઞ હોવા છતાં પણ મનુષ્યભાવનું અનુકરણ કરતા હોવાથી બાલ્યાવસ્થામાં જ મહાન પંડિત જેવા થયા.[૩૮]

## अथ विंशोऽध्यायः

**सुव्रत उवाच –**

अस्मिन्नब्दे मधौ शुक्ले द्वितीयायां भृगौ नृप ! । दस्रे सिंहे हरिं धर्मो विद्यारम्भमकारयत् ॥ १
लक्ष्मीनारायणं वाणीं सामवेदं च गोभिलम् । पुपूजात्र यथाशास्त्रं गणेशार्चनपूर्वकम् ॥ २
कृत्वा घृतेन होमं च भोजयामास वाडवान् । तेभ्यश्च दक्षिणाः प्रादाद्गाः सुवर्णं च शक्तितः ॥ ३
कुशाग्रबुद्धिः कृष्णोऽथ कालेनाल्पेन सर्वशः । वर्णानङ्कांश्च शिक्षित्वा ग्रन्थमात्रमवाचयत् ॥ ४
बुद्धिं तीक्ष्णां तस्य दृष्ट्वा धर्मविद्धर्म आदरात् । वेदस्याङ्गानि षडपि पाठयामास तं नृप ! ॥ ५

---

**આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ધર્મદેવ પરિવાર સાથે અયોધ્યા પધાર્યા તથા સરયુગંગાનું નિરૂપણ કર્યું. એ નામે સત્તાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૭--**

---

## અધ્યાય –૨૮

## શ્રીઘનશ્યામ પ્રભુનો વિદ્યારંભ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિ પાંચ વર્ષના થયા ત્યારે સંવત ૧૮૪૧ ના ચૈત્ર સુદ બીજના શુક્રવારે અશ્વિની નક્ષત્રમાં અને સિંહ લગ્નમાં પિતા ધર્મદેવે શ્રીહરિને વિદ્યારંભ કરાવ્યો. (શ્રીઘનશ્યામ પ્રભુને અક્ષરજ્ઞાન મેળવવા બેસાડ્યા.)[૧] તેમાં પ્રથમ શ્રીહરિદ્વારા ધર્મદેવે ગણપતિજીનું પૂજન કરાવ્યું. અને ત્યારપછી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રીલક્ષ્મીનારાયણ દેવ, સરસ્વતી દેવી, સામવેદ અને ગોભિલ આચાર્યનું પૂજન કરાવ્યું. ઘીથી હોમ કરી બ્રાહ્મણોને ભોજન કરાવ્યું. અને તે સર્વેને શક્તિ પ્રમાણે ગાયો અને સુવર્ણનાં દાન અપાવ્યાં.[૨-૩]

હે રાજન્ ! વિદ્યાનો પ્રારંભ કર્યા પછી થોડા સમયમાંજ કુશાગ્ર બુદ્ધિવાળા શ્રીહરિ સર્વે વર્ણાક્ષરો અને અંકાક્ષરો શીખી ગયા. ત્યારપછી પિતા પાસેથી પાઠ લઇ બધા સંસ્કૃત અને પ્રાકૃત બધા ગ્રંથોનું વાંચન કરવા લાગ્યા.[૪] અને પોતાના પુત્ર શ્રીહરિની આવી તીક્ષ્ણ બુદ્ધિ જોઇ ધર્મદેવે પરમ આદરથી વેદનાં છ અંગો જે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ અને નિરુક્ત છે તેનો પણ અભ્યાસ

अनायासेन सर्वाणि तानि सोऽप्यध्यगीष्ट च । मौञ्जीबन्धात्पूर्वमेव मुमुदे तेन तत्पिता ॥ ६
कौमारं समतिक्रम्य विष्ण्वर्चामयखेलनैः । पौगण्डाख्यामवस्थां स प्रपेदे धर्मनन्दनः ॥ ७
षष्ठेऽब्दे माधवस्यास्य द्वितीयायां सितेरवौ । ब्राह्मे प्रातः सुतो भक्त्या सुषुवेऽन्यो नराधिप ! ॥ ८
गुणैः प्रद्युम्नतुल्योऽसौ नित्यं हरिमनुव्रतः । इच्छाराम इति ख्यातो बभूव जनपूजितः ॥ ९
यामेऽन्तिमे निशो नित्यं सरयूमाप्लवाय सः । याति स्म नाममन्त्रेण रघुनाथमपूपुजत् ॥ १०
चन्दनाक्षतपुष्पैश्च धूपदीपनिवेदनैः । तमभ्यर्च्य तदुच्छिष्टमुपायुंक्त न चेतरत् ॥ ११
रामनामजपं कर्तुं तुलसीकाष्ठमालिकाम् । शुचिर्भूतः करे दक्षे दधाति स्मानुवासरम् ॥ १२
स्नातः कृतोर्ध्वपुण्ड्रोऽसौ रामकूटप्रदक्षिणाम् । बालोऽप्यनाकुलश्चक्रे जनयञ्जनविस्मयम् ॥ १३

કરાવ્યો.[૫] આ રીતે શ્રીહરિએ યજ્ઞોપવિત સંસ્કાર પ્રાપ્ત કર્યા પહેલાં જ અનાયાસે વેદનાં સર્વે અંગોનો અભ્યાસ સંપૂર્ણ કર્યો. તેથી પિતાને અતિ હર્ષ થયો.[૬] આમ અભ્યાસ તથા ભગવાનની પૂજા અર્ચનારૂપ બાળક્રીડાથી કૌમાર અવસ્થા પૂર્ણ કરી, શ્રીહરિએ પૌગંડઅવસ્થામાં પ્રવેશ કર્યો.[૭]

**ઈચ્છારામભાઈનો જન્મઃ–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિ ૭ વર્ષના થયા ત્યારે સંવત ૧૮૪૨ ના વૈશાખ સુદિ બીજના રવિવારે બ્રાહ્મમુહૂર્તમાં પ્રાતઃ સમયે મા ભક્તિદેવીએ ત્રીજા પુત્રને જન્મ આપ્યો. આ પુત્ર પ્રદ્યુમ્ન સમાન ગુણવાન હતા, તેમજ અન્ય જનોને માટે આદરણીય અને પૂજનીય ગુણો ધરાવતા હતાપ્. તે હમેશાં ભગવાન શ્રીહરિની ઈચ્છાને અનુસરતા હોવાથી ''ઈચ્છારામ'' એવા નામથી પ્રસિદ્ધિને પામ્યા.[૮-૯]

**શ્રીહરિનો દૈનિક ક્રમ અને શ્રીરામચંદ્ર ભગવાનની પૂજા :–** હે રાજન્! ભગવાન શ્રીહરિ પ્રતિદિન રાત્રીના છેલ્લા પ્રહરમાં સ્નાન કરવા માટે સરયુગંગા પ્રત્યે જતા. ત્યાર પછી શ્રી રામચંદ્રાય નમઃ એ મંત્રથી ચંદન, પુષ્પ, ચોખા, ધૂપ, દીપ અને નૈવેદ્ય અર્પણ કરી શ્રીરઘુનાથજીની પૂજા કરતા. આ રીતે ભગવાનને અર્પણ કરેલા પદાર્થોથી જ પોતાના શરીરનો નિર્વાહ કરતા હતા, ભગવાનને અર્પણ કર્યા સિવાયની વસ્તુ એકેય વસ્તુ સ્વીકારતા નહિ.[૧૦-૧૧]

હે રાજન્ ! શ્રીહરિ સ્નાન કરી પવિત્ર થઈ ''રામ'' નામ મંત્રનો જપ કરવા માટે તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી માળા જમણા હાથમાં લઈ દરરોજ ફેરવતા હતા. નાના હોવા છતાં પણ નિત્યે સરયુગંગામાં સ્નાન કરવા જવું, ભાલમાં સુંદર ઉર્ધ્વપુંડ્ર તિલકે સહિત ચાંદલો કરવો, ભૂખ તરસને સહન કરી રામકૂટની

जन्मस्थाने प्रतिदिनं लक्ष्मणस्य च तीर्थके । विद्याकुण्डादिषु द्रष्टुं राममूर्तीः स्म याति सः ॥ १४
रामस्य दर्शनं कृत्वा तं प्रणम्य च दण्डवत् । रामायणश्रुतिज्ञाततन्माहात्म्यो नुनाव सः ॥ १५

योऽहल्यां निजकर्मणैव महतीं प्राप्तां गतिं दुर्विधां ।
दीनां गौतमयोषितं निपतितां निःसाधनां कानने ॥
सद्योऽमोदयदात्मपादकमलस्पर्शेन तं पावनं रामं ।
जीवहितं भजेऽतिकरुणं निर्हेतुकोपक्रियम् ॥ १६ ॥
यो वा तामसहिंस्रजातिजनितं क्रूरं निषादाधिपं ।
घोरारण्यविहारिणं पशुसमं नृणां च हीनं धिया ॥
प्रेम्णा सम्परिषस्वजे करुणयाऽनादृत्य जात्यादि ।
तं रामं जीवहितं भजेऽतिकरुणं निर्हेतुकोपक्रियम् ॥ १७ ॥

---

પ્રદક્ષિણા કરવી, આ બધું જોઈને લોકોને મહાઆશ્ચર્ય થતું.[૧૨-૧૩] ભગવાન શ્રીહરિ શ્રીરામચંદ્રજીનાં દર્શન કરવા માટે પ્રતિદિન જન્મસ્થાને જતા, લક્ષ્મણઘાટે લક્ષ્મણજીનાં દર્શન કરવા પણ જતા. તેમજ વિદ્યાકુંડ તથા સૂર્યકુંડે પણ પ્રતિદિન જતા. રામાયણની કથા સાંભળવાથી શ્રીહરિ શ્રીરામચંદ્રજીનો મહિમા અંતરમાં ખૂબ સમજતા, તેથી જન્મભૂમિમાં શ્રીરામચંદ્રજીનાં દર્શન કરી દંડવત્ પ્રણામ કરતા અને આ અષ્ટકથી શ્રીરામચંદ્રજીની સ્તુતિ કરતા.[૧૪-૧૫]

**શ્રીરામચંદ્ર સ્તુતિ–અષ્ટકઃ–** હે પતિતપાવન ! હે અતિ કરુણાના સાગર ! હે શ્રી રામચંદ્રજી ભગવાન્ ! આપને હું નિરંતર ભજુ છું, કારણ કે તમે જીવો ઉપર નિર્હેતુકી દયા કરનારા છો. જેમ કે ગૌતમપત્ની અહલ્યાને તમે મુક્તિ આપી, એ ઈન્દ્રના પ્રસંગરૂપ પોતાના પાપકર્મથી ગૌતમમુનિના શાપે પથ્થરની શિલા થઈને મહાદુર્ગતિને પામી હતી. તે બિચારી નિર્જન જંગલમાં એકલી અટૂલી પડી હતી. તેની પાસે છૂટવાનો કોઈ ઉપાય નહોતો. તેને તમે તમારા ચરણનો સ્પર્શ કરાવી તત્કાળ શાપ થકી મૂકાવીને પૂર્વવત પવિત્ર કરી હતી.[૧૬] હે રામ ! વળી તમે કેવા પતિત પાવન છો. તમોગુણપ્રધાન અને હિંસક પ્રકૃતિવાળા કુળમાં જન્મેલા, સ્વભાવથી અતિશય ક્રૂર અને ઘોર જંગલમાં નિવાસ કરનારા મનુષ્ય હોવા છતાં પશુ તુલ્ય જીવન જીવનારા અબુદ્ધ એવા નિષાદપતિ ગૃહરાજને પણ તેની નાત-જાત જોયા વિના પ્રેમ અને કરુણાથી ભેટી પડ્યા હતા. એવા હે કરુણાના સાગર ! શ્રીરામચંદ્રજી ભગવાન તમને હું નિરંતર ભજું છું.[૧૭]

सीताद्रोहकरं सुरेन्द्रतनयं काकाकृतिं बिभ्रतं ।
वध्यं चापि शरेण सर्वभुवनेष्वभ्रामयद्यः प्रभुः ॥
भ्रान्तं शोकहतं च तं स्वशरणं प्राप्तं मुमोचैव ।
तं रामं जीवहितं भजेऽतिकरुणं निर्हेतुकोपक्रियम् ॥ १८ ॥
जात्या हीनतमां स्त्रियं च शबरीं कोलीरवन्तीमपि ।
ज्ञात्वा स्वेक्षणमिच्छतीं करुणया तस्यै निजं दर्शनम् ॥
योऽदादाऽऽश च तत्फलानि मुदितस्तं जानकीवल्लभं ।
रामं जीवहितं भजेऽतिकरुणं निर्हेतुकोपक्रियम् ॥ १९ ॥
तिर्यग्योनिसमुद्भवस्य पललाहारस्य यः पक्षिणो ।
गृध्रस्यापि जटायुषो व्रततपोदानैर्विहीनस्य च ॥
चक्रेऽन्त्यां सकलां क्रियां सुत इव प्रीत्या स्वतातस्य ।
तं रामं जीवहितं भजेऽतिकरुणं निर्हेतुकोपक्रियम् ॥ २० ॥
सुग्रीवं निजबन्धुभीतमगृहं शाखामृगाणां पतिं ।
दृष्ट्वा स्वं शरणं गतं कथमपि प्रीत्या स्वसख्येऽकरोत् ॥

---

**હે પ્રભુ ! તમે કેવા દયાળુ છો, ઈન્દ્રપુત્ર જયંત કાગડાનું રૂપ લઈ ચાંચનો પ્રહાર કરીને સીતાજીનો અપરાધ કર્યો, ત્યારે તે જયંત તમારા બાણથી વધ કરવા યોગ્ય હતો. છતાં તમે તેને માર્યો નહિ ને દયા કરીને ત્રિલોકીમાં ખૂબ ભમાવી ખૂબ થકાવ્યો ને ચારે બાજુ કોઈ રક્ષણ કરનારું ન મળ્યું ત્યારે શોકથી ઘેરાઈ તમારે શરણે આવ્યો. તેને તમે તમારું શરણાગતની રક્ષાનું બિરુદ યાદ કરી તમારા બાણના ભયથી મુક્તિ આપી, જવા દીધો. એવા હે કરુણાના સાગર શ્રીરામચંદ્રજી ભગવાન્ ! તમને હું નિરંતર ભજું છું.[૧૮] હે અધમ ઓધારણ ! તમે કેવા પ્રેમાળ છો, જાતિએ કરીને હીન ભીલજાતિમાં જન્મેલી એક શબરી નામની સ્ત્રી હતી, જંગલમાં તે બોરડીનું રક્ષણ કરતી ને તમારાં દર્શનની રાહ જોઈને બેઠી હતી. અંતર્યામી તમે દયા કરીને તમારું દર્શન તેને કરાવ્યું ને તેના પ્રેમને વશથઈ તેણે આપેલાં બોર પણ જમ્યા. એવા હે જાનકીવલ્લભ શ્રીરામચંદ્રજી ભગવાન્ ! તમને હું નિરંતર ભજું છું.[૧૯] હે સર્વના માલિક ! તમે કેવા સ્નેહી છો, એક માંસાહારી પક્ષીની યોનિમાં જન્મેલા ગીધરાજ જટાયુએ ન તો કોઈ વ્રત કર્યું કે ન તો કોઈ તપ, અને ન તો કોઈ પ્રકારનાં દાન કર્યાં, છતાં પુત્ર જેમ પિતાની અંતિમ ક્રિયા કરે તેમ તેની પણ તમે અંતિમ ક્રિયા પ્રેમપૂર્વક કરી હતી. એવા હે કરુણાના સાગર શ્રીરામચંદ્રજી**

हत्वा बालिनमाशुचैनमदधात्स्वीये पदे यश्च ।
ते रामं जीवहितं भजेऽतिकरुणं निर्हेतुकोपक्रियम् ॥ २१ ॥
शत्रोरप्यनुजं निशाचरमपि प्राप्तं स्वपादान्तिकं ।
दूराद्वीक्ष्य विभीषणं प्रमुदितस्तत्सम्मुखं चैत्य यः ॥
हस्ताभ्यां परिरब्धवानिव निजं सौमित्रिमेवाशु ।
तं रामं जीवहितं भजेऽतिकरुणं निर्हेतुकोपक्रियम् ॥ २२ ॥
यत्स्मृत्यापि शुभं भवेन्नहिनृणां तान्कीशऋक्षानपि प्रीत्या ।
वैदिकमन्त्रवच्छुचितरान् योऽत्रा करोत्स्वाश्रयात् ॥
अन्यांश्चापि बहूनतारयदितो जीवान्भवाब्धेर्हि ।
तं रामं जीवहितं भजेऽतिकरुणं निर्हेतुकोपक्रियम् ॥ २३ ॥
बद्धाञ्जलिपुटो नित्यमित्थं स्तौति स्म राघवम् । गृहमेत्य स चाध्यैत वेदाङ्गान्येव भूमिप ! ॥ २४

---

ભગવાન્ ! તમને હું નિરંતર ભજું છું.[૨૦] હે સર્વના સાચા મિત્ર ! તમે કેવા વચનપાલક છો, પોતાના સગાભાઈ વાલીથી સતત ભયભીત રહેલા, ઘરબાર વગરના એવા વાનરાધિપતિ સુગ્રીવને પોતાને શરણે આવેલો જાણી એક વાનર હોવા છતાં તેની સાથે તમે પ્રેમપૂર્વક મિત્રતા કરી વચન નિભાવવા મોટાભાઈ વાલીનો તત્કાળ વધ કરીને તેમને તેના રાજ્ય સિંહાસનની ગાદી ઉપર બેસાડ્યો હતો. એવા હે કરુણાના સાગર શ્રીરામચંદ્રજી ભગવાન્ ! તમને હું નિરંતર ભજું છું.[૨૧]

હે શરણાગત વત્સલ ! પોતાના શત્રુ એવા રાવણનો નાનો ભાઈ વિભીષણ એક અવિશ્વસનીય રાક્ષસકુળમાં ઉત્પન્ન થયો હતો છતાં પણ પોતાના ચરણને શરણે આવેલો છે, એવું દૂરથી નિહાળી, પ્રસન્ન થઈ તત્કાળ તેની સન્મુખ જઈને જેમ પોતાના સગાભાઈ લક્ષ્મણજીને ભેટો, તેમ તેને ભૂજાઓ ભરીને પ્રેમથી ભેટ્યા હતા. એવા હે કરુણાના સાગર શ્રીરામચંદ્રજી ભગવાન્ ! તમને હું નિરંતર ભજું છું.[૨૨]

હે મંગલમૂર્તિ ! તમે કેવા મહાન છો, જેમને યાદ કરવાથી મનુષ્યોનું મંગળ ન થાય તેવા સાવ અમંગળ વાનર, રીંછ વગેરેને એક કેવળ પોતાનો આશ્રય કર્યો તેટલા માત્રથી તેઓને પ્રીતિપૂર્વક વૈદિક મંત્રો જેવા પવિત્ર કર્યા, અને એના સિવાયના બીજા અનેક જીવોનો આ ભવસાગરમાંથી ઉદ્ધાર કર્યો,

नाम कुर्वन् गुणानाह मार्कण्डेयोऽस्य यान्नृप ! । अनुभूयन्ते स्म सर्वे ते धर्मादिभिरञ्जसा ॥ २५ ॥
योगीन्द्रस्पृहणीयैः स्वैर्नियमैर्बाल्य एव च । सर्वलोकप्रसिद्धोऽभूत्पित्रादेरपि सोऽधिकम् ॥ २६ ॥
बाल्येऽवनं तव चकार हि राक्षसीभ्यः साक्षान्मरुत्सुत इति त्वमिहादरेण ।
सम्पूजयेस्तमिति तं पितरावशिष्टां भक्त्या तदाचरति च स्म स मानयंस्तौ ॥२७
ये केचनास्य सुकृतप्रियनन्दनस्य पौराः समागममकुर्वत बालकास्तान् ।
प्रह्लादवत्स किल शिक्षयति स्म धर्मान् श्रीविष्णुपूजनमुखानखिलान्नरेन्द्र ! ॥२८
सर्वेऽपि ते सवयसोऽस्य हरेः प्रतापाद्विक्रीडनं शिशुकसम्मतमाशु हित्वा ।
कृष्णैकभक्तिनिरताः सनकादिसाम्यं प्रापुः सचित्रमुदमीयुरतस्तदीयाः ॥ २९

એવા હે કરુણાસાગર શ્રીરામચંદ્રજી ભગવાન્ ! તમને હું નિરંતર ભજું છું.[૨૩]

સુવ્રતમુનિ કહે છે, હે ભૂમિપતિ ! ભગવાન શ્રીહરિ આ પ્રમાણે બન્ને હાથ જોડી પ્રતિદિન ભગવાન શ્રીરામચંદ્રજીની સ્તુતિ કરતા. ત્યારપછી મંદિરેથી ઘેર આવીને વેદના છ અંગોનું અધ્યયન કરતા હતા.[૨૪] હે રાજન્ ! માર્કણ્ડેય મુનિએ નામકરણ સંસ્કાર કરતી વખતે શ્રીહરિના જેવા ગુણોનું વર્ણન કર્યું હતું તે સર્વે ગુણોનો ધર્મદેવ વગેરે લોકોને સાક્ષાત્ અનુભવ થતો હતો.[૨૫] જે ધર્મ નિયમોની યોગી પુરુષો પણ ઈચ્છા રાખે છે, તેવા પોતાના સરયુગંગામાં પ્રાતઃસ્નાનથી લઈ પૂર્વે જે વર્ણન કર્યું તે સર્વે ધર્મનિયમોનું યથાર્થ અનુષ્ઠાન કરવાથી બાલ્યાવસ્થામાં જ પિતા ધર્મદેવ કરતાં પણ લોકમાં વધારે પ્રસિદ્ધિ પામ્યા.[૨૬] હે રાજન્ ! એક વખત માતા-પિતા શ્રીહરિને શિક્ષણ આપતાં એમ કહ્યું કે, સાક્ષાત્ વાયુપુત્ર હનુમાનજીએ, તમે હજુ માત્ર છ દિવસના હતા ત્યારે નાજુક બાલ્યાવસ્થામાં જ કોટરા આદિ રાક્ષસીઓ થકી તમારું રક્ષણ કર્યું હતું. તેથી આદરપૂર્વક હનુમાનજીની તમારે પૂજા કરવી જોઈએ. આવું સાંભળી માતા-પિતાની શિક્ષા માથે ચડાવી શ્રીહરિ ભક્તિભાવ પૂર્વક હનુમાનજીની પૂજા કરવા લાગ્યા.[૨૭]

હે નરેન્દ્ર ! કેટલાક અયોધ્યાપુરવાસી બાળકો આ ધર્મનંદન શ્રીહરિનો સમાગમ કરતા અને શ્રીહરિ પણ પ્રહ્લાદજીની જેમ તે બાળકોને ભગવાનની પૂજા કરવી વગેરે ભાગવતધર્મનું શિક્ષણ આપતા હતા, તેથી શ્રીહરિની સમાન વયના સર્વે સખાઓ પણ શ્રીહરિના પ્રભાવથી બાળસ્વભાવને યોગ્ય એવી ખેલ-કૂદ આદિ ક્રિયાઓનો ત્યાગ કરી ભગવાન શ્રીકૃષ્ણને વિષે જ એક

प्रबलतरविरक्तिर्बाल्य एवात्मनिष्ठो विषयरसवितृष्णस्त्यक्तुकामो गृहं सः ।
उपनयनमपेक्ष्य ब्रह्मचर्योपयुक्तं न्यवसदिवसरस्यामब्जपत्रं गृहेषु ॥ ३०

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिपौगण्डलीलावर्णननामाऽष्टाविंशोऽध्यायः ॥ २८ ॥*

---

**ભક્તિભાવવાળા થયા. અને બાલ્યાવસ્થામાં જ તેઓને સનકાદિકોની સમાન સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. આ હેતુથી તે બાળકોનાં માતા-પિતા પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ હર્ષ પામતાં હતાં.[૨૮-૨૯]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિને બાલ્યાવસ્થામાં જ અતિ તીવ્ર વૈરાગ્ય વર્તતો હતો, પોતાના સ્વરૂપને વિષે જ એક આત્મનિષ્ઠાવાળા શ્રીહરિને વિષય-સંબંધી રસોમાં લેશમાત્ર તૃષ્ણા ન હતી, એથી ઘરનો ત્યાગ કરવાની મનમાં વારંવાર ઈચ્છા કરતા રહેતા. ઘર ત્યાગમાં બ્રહ્મચર્યવ્રતને ઉપયોગી એવા યજ્ઞોપવીત સંસ્કારની પ્રતીક્ષા કરતા શ્રીહરિ સરોવરમાં કમળની જેમ ઘરમાં નિર્લેપ પણે નિવાસ કરીને રહેતા હતા.[૩૦]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રીહરિની પૌગંડલીલાનું વર્ણન કર્યું એ નામે અઠયાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૮--***

---

## एकोनत्रिंशोऽध्यायः

सुव्रत उवाच –

पुर्यां वसन्नेव रघूत्तमस्य तस्यां सदैकान्तिकधर्म संस्थः ।
अनेकसाधूत्तमसद्गुणाढ्यः स्तुत्योऽभवत्सर्वजनैस्तु धर्मः ॥ १ ॥
दृष्ट्वा तस्मिन्सद्गुरोर्लक्षणानि प्रायः पौरा आश्रयं तस्य चक्रुः ।
धान्यैर्द्रव्यैर्वस्त्रभूषादिभिस्तं भूयोभूयः पूजयन्ति स्म हृष्टाः ॥ २ ॥
ये तं प्रपन्नाः शरणं जनास्तान्स कृष्णमन्त्रं समुपादिदेश ।
धर्मांश्च पाल्यान्निजदेशिकास्यात् ये संश्रुतास्तानखिलान् यथार्हम् ॥ ३ ॥
तदुक्तधर्मेषु च वर्तमानास्ते ज्ञानवैराग्यवृषोपपन्नाम् ।
अनन्यभक्तिं विदधुः पुमांसो रासेश्वरीप्राणपतेर्नरेन्द्र ! ॥ ४ ॥

---

## અધ્યાય –૨૯

## શરણે આવેલા પુરુષોને આચાર્યપદે રહેલા ધર્મદેવે કૃષ્ણમંત્રની દીક્ષા આપી.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! રઘુવંશીઓમાં ઉત્તમ એવા ભગવાન શ્રીરામચંદ્રજીની અયોધ્યાનગરીમાં નિવાસ કરી રહેલા ધર્મદેવ નિરંતર સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત દૃઢ ભગવાનની ભક્તિ કરવારૂપ એકાંતિક ધર્મનું પાલન કરતા હતા. તે સત્પુરુષોને યોગ્ય અનેક ઉત્તમ સદ્ગુણોથી સંપન્ન હતા, અને તેથી જ સર્વેજનો તેની ખૂબજ પ્રસંશા કરતાં હતાં.[1] આ અયોધ્યાવાસી જનોએ ધર્મદેવમાં સદ્ગુરુનાં લક્ષણો જોયાં તેથી કેટલાય મનુષ્યો ધર્મદેવનો આશ્રય કરતા હતા, અર્થાત્ આચાર્યપણે ધર્મદેવનો સ્વીકાર કર્યો. અને ખૂબજ પ્રસન્ન થઈ અન્ન, દ્રવ્ય, વસ્ત્ર, ભૂષણ આદિ પદાર્થોથી ધર્મદેવનું વારંવાર પૂજન કરી સેવા કરવા લાગ્યા.[2] હે રાજન્ ! જે જનો ધર્મદેવનો આશ્રય કરતા તે સર્વેને ધર્મદેવ શ્રીકૃષ્ણના પ્રથમ શરણમંત્રનો ઉપદેશ કરતા અને પછી પોતાના ગુરુ રામાનંદ સ્વામીના મુખેથી જે ધર્મોનું શ્રવણ કરેલ તે સર્વે પાલન કરવા યોગ્ય ધર્મોનો અધિકારને અનુસારે ઉપદેશ પણ કરતા.[3] અને હે રાજન્ ! તે દીક્ષિત સર્વે પુરુષો ધર્મદેવ ઉપદેશ કરેલા ધર્મમાં દૃઢ વર્તી રાધિકાપતિ ભગવાન શ્રીકૃષ્ણની ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત એકાંતિકી ભક્તિ પણ કરતા હતા.[4]

केचित्सुरापा अपि तस्य सङ्गाज्जहुः सुरापानमथामिषादाः ।
दैवे च पित्र्येऽपि कथञ्चनापि संसर्गमप्याशु जहुः पलस्य॥ ५ ॥
तदाश्रिता ये गृहिणस्तु तेषां श्रीविष्णुयागादय एव यज्ञाः ।
हिंसाविहीना यवशालिदुग्धसितादिभिः शुद्धहविर्भिरासन् ॥ ६ ॥
तं शिश्रियुर्ये नृप ! साग्निकाश्च तेऽपि क्रतौ क्वापि पशुं तु साक्षात् ।
नैवालभन्ताथ पपुर्न विप्राः सौत्रामणीयांश्च सुराग्रहांस्ते ॥७॥
निजाश्रयं कर्तुमभीच्छतीस्तु योषाः समीक्ष्याथ सहस्रशोऽसौ ।
विचारयामास धिया मनीषी हितावहः शिष्यपरम्परायाः ॥ ८ ॥
श्रेयाञ्छुभं वाप्यशुभं यदत्र समाचरेत्तद्धि तदीयवर्गः ।
अन्यश्च लोकोऽपि समाचरेद्वैतच्छ्रेयसा कर्म विचार्य कार्यम् ॥ ९ ॥
स्त्रीणां गुरुत्वं भुवि कुर्वते ये ते शिष्यभूतासु पराङ्गनासु ।
विशेषतः स्वस्य वशासु तासु भ्रष्टा भवन्त्येव रतप्रसक्ताः ॥ १० ॥

---

**ધર્મદેવની સમાજસુધારક પ્રવૃતિઃ–** હે રાજન્ ! ધર્મદેવનો સમાગમ થવાથી કેટલાક સુરાપાન કરનારા જનોએ તત્કાળ સુરાનો ત્યાગ કરી દીધો. માંસ ખાનારાએ માંસનો ત્યાગ કર્યો. તેમજ દેવસંબંધી કર્મમાં અને પિતૃસંબંધી કર્મમાં પણ માંસના સર્વ પ્રકારના સંસર્ગનો તત્કાળ ત્યાગ કરી દેતા હતા.[૫] ધર્મદેવના આશ્રિત ગૃહસ્થ ભક્તજનોને ત્યાં શ્રીવિષ્ણુયાગ આદિક જે કોઈ પણ યજ્ઞો થતા તે હિંસા રહિત જવ, ડાંગર, દૂધ, સાકર આદિક શુદ્ધ સાત્ત્વિક હુતદ્રવ્યોવડે જ થતા હતા.[૬] હે રાજન્ ! ધર્મદેવનો આશ્રય કરનારા અગ્નિહોત્રી વિપ્રો હતા તે પણ ક્યારેય સોમયાગાદિ યજ્ઞમાં સાક્ષાત્ પશુનો વધ કરતા નહિ. અને સૌત્રામણીયજ્ઞમાં સુરાપાન વિહિત હોવા છતાં પણ સુરાપાન કરતા નહિ.[૭]

**સ્ત્રીઓના આચાર્યપદે ભક્તિદેવીની વરણીઃ–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યાર પછી હજારો સ્ત્રીઓ પોતાનો આશ્રય કરવા ઈચ્છતી હોવાથી બુદ્ધિમાન ધર્મદેવ ભાવિ શિષ્યપરંપરાનું હિત થાય તેવો વિચાર કરવા લાગ્યા કે આલોકમાં શ્રેષ્ઠ પુરુષો જે કાંઈ શુભ કે અશુભ કર્મનું આચરણ કરે તે સમગ્ર કર્મનું અનુકરણ તેનો આશ્રિત વર્ગ કે અન્ય લોકો પણ કરતા હોય છે. તે કારણથી શ્રેષ્ઠ પુરુષોએ ખૂબજ વિચારીને કામ કરવું જોઈએ.[૮-૯] આ પૃથ્વી ઉપર જે પુરુષો સ્ત્રીઓના ગુરુપદે રહેલા હોય છે તે પુરુષો પોતાના શિષ્યપદે રહેલી અને તેથી જ

पुंसा प्रसङ्गस्तु ततोऽङ्गनाया कस्यापि हि क्वापि च नैव युक्तः ।
स्त्रिया भुजङ्ग्या इव तन्नरेण भेतव्यमस्या गुरुणा विशेषात् ॥ ११ ॥
स्त्रीणां हितं यस्तु गुरुर्विधित्सुः स कृष्णमन्त्रं नियमैः सहैव ।
स्वयोषिता ता उपदेशयेद्वै स्वयं तु नेक्षेत न भाषयेत्ताः ॥ १२ ॥
आसन्नसम्बन्धवतीस्तु योषा विहाय नान्या गुरुणा च दृश्या ।
स्पृश्या न भाष्या न च कुत्रचिद्वै धर्मो महानेष इदं मतं मे ॥ १३ ॥
इत्थं स निश्चित्य नरेन्द्र ! पत्न्या भक्त्योपदेशं समदापयत्ताः ।
सुवासिनीनां च विभर्तृकाणां धर्मांश्च ताभ्योऽचकथद्यथार्हम् ॥ १४॥
या योषितः शिश्रियुरत्र भक्ति स्वभर्तृनिष्ठा कुलटासमा वा ।
ताः सर्वशोऽप्यस्य हरेः प्रतापात् पतिव्रताः ख्यातगुणाः बभूबुः ॥१५॥

---

પોતાને વધુ વશ વર્તનારી પરસ્ત્રીને વિષે આસક્ત થઇ ભ્રષ્ટ થાય છે.[૧૦] તે કારણથી કોઇ પણ મુમુક્ષુ કે મુક્ત પુરુષે પરસ્ત્રીનો પ્રસંગ ક્યારેય કરવો જોઇએ નહિ. અને નાગણીની જેમ પરસ્ત્રીઓથી ભય પામવો. તેમાં પણ સમાજના ગુરુપદે બેઠેલા પુરુષે તો વિશેષપણે ભય રાખવો જોઇએ.[૧૧] સ્ત્રીઓનું હિત ઇચ્છનાર ગુરુએ પોતાની પત્ની પાસે અહિંસાદિક નિયમોની સાથે કૃષ્ણમંત્રનો ઉપદેશ અપાવવો પણ સ્વયં પુરુષે સ્ત્રીઓને ઉપદેશ ન કરવો.[૧૨] વધુમાં ગુરુઓએ સમીપ સંબંધ વિનાની અન્ય સ્ત્રીઓને તો ક્યારેય દૃષ્ટિ માંડીને જોવી પણ નહિ, અને તેનો સ્પર્શ કરવો નહિ. તેમજ તેઓની સાથે ક્યારેય બોલવું પણ નહિ. ગુરુપદને શોભાવતા પુરુષોનો આજ શ્રેષ્ઠ ધર્મ છે, અને સર્વશાસ્ત્રના રહસ્યરૂપે આ જ મારો મત છે. તેમાં કોઇએ વિતંડાવાદથી સંદેહ કરવો જોઇએ નહિ.[૧૩]

સુવ્રતમુનિ કહે છે, હે નરેન્દ્ર ! આ પ્રમાણે વિચાર કરી ધર્મદેવે પોતાનાં પત્ની ભક્તિદેવી દ્વારા શરણે આવેલી સ્ત્રીઓને શ્રીકૃષ્ણના શરણમંત્રનો ઉપદેશ અપાવ્યો અને સધવા તથા વિધવા નારીના સમગ્ર ધર્મનો ઉપદેશ પણ પત્ની ભક્તિદેવી દ્વારા જ અપાવ્યો.[૧૪] આ લોકમાં જે સ્ત્રીઓએ ભક્તિદેવીનો શિષ્યાપણે આશ્રય કર્યો હતો તે સ્ત્રીઓ કોઇ પતિમાં નિષ્ઠાવાળી હતી, કોઇ કુલટા હતી છતાં પણ ભક્તિદેવીનો આશ્રય કર્યા પછી ભગવાન શ્રીહરિના પ્રતાપથી નિર્મળ મનવાળી પતિવ્રતાના ધર્મમાં નિષ્ઠાવાળી અને સુશીલ સ્વભાવવાળી થઇ જગતમાં પ્રસિદ્ધિને પામી.[૧૫]

सपोष्यो निवसंस्तत्र धर्मः प्रतिदिनं नृप ! षट्कर्माण्याचरन् कृष्णमहापूजां समाचरन् ॥ १६ ॥
न्यवेदयत्प्रत्यहं च महानैवेद्यमुत्तमम् । कृष्णाय तस्य च महानीराजनमकारयत् ॥ १७ ॥
कृष्णजन्माष्टमीमुख्यान्याचचार व्रतानि सः । तेषु जागरणं चक्रे कृष्णस्य च महार्चनम् ॥ १८ ॥
उत्सवानन्नकूटादीनाब्दिकान् राधिकापतेः । महद्भिरेव सम्भारैः सोऽकरोन्नृपतिर्यथा ॥ १९ ॥
प्रत्यब्दं मासि भाद्रे च गणेशस्य महोत्सवम् । चक्रे शुक्लचतुर्थ्यां च मध्याह्ने विधिवन्नृप ! ॥ २०
आश्विनस्य चतुर्दश्यां कृष्णायां च महोत्सवम् । मारुतेः कुलदेवस्य प्रत्यब्दं विधिनाऽकरोत् ॥ २१
अवतारचरित्राणां श्रीकृष्णस्य सतां पतेः । अपराह्ने प्रतिदिनं कथनं स्वयमाचरत् ॥ २२ ॥
पठनं पाठनं चैव सद्ग्रन्थानां विचिन्तनाम् । यथावकाशं मतिमान्करोति स्मान्वहं स च ॥ २३ ॥

इत्थं स्वधर्मनिरतो विजितान्तरारिः कृष्णप्रतापविगतासुरभूरिभीतिः ।
स्वस्थोऽवसत्सुतकलत्रयुतः स तत्र सद्वर्त्मनि स्वशरणानिह वर्तयन्नृन् ॥ २४

---

**હે રાજન્ ! આ પ્રમાણે પોતાના પોષ્યવર્ગની સાથે ધર્મદેવ અયોધ્યાપુરીમાં નિવાસ કરતા ત્યારે પ્રતિદિન સ્નાન, સંધ્યા, જપ, દેવતાઓનું પૂજન, વૈશ્વદેવ અને આતિથ્ય સત્કાર આ છ કર્મનું નિત્ય આચરણ કરતા અને ભગવાન શ્રીકૃષ્ણની મહાપૂજા પણ કરતા હતા.[૧૬] તે મહાપૂજામાં ધર્મદેવ પ્રતિદિન ભગવાન શ્રીકૃષ્ણને ઉત્તમ મહાનૈવેદ્યનું નિવેદન કરતા અને મહાઆરતી પણ કરતા હતા.[૧૭] તેમજ ધર્મદેવ ભગવાન શ્રીકૃષ્ણના જન્માષ્ટમી તથા એકાદશી આદિ વ્રતોનું પાલન કરતા અને તે વ્રત નિમિત્તે ભગવાનની મોટા ઉપચારોથી મહાપૂજા પણ કરતા તથા રાત્રે તે વ્રત નિમિત્તે જાગરણ પણ કરતા હતા.[૧૮] હે રાજન્ ! તેવી જ રીતે ધર્મદેવ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણના અન્નકૂટાદિ મોટા વાર્ષિક ઉત્સવો પણ કોઈ મોટા રાજાની જેમ અનેકવિધ સામગ્રીથી ઉજવે તેમ ઉજવતા હતા.[૧૯]**

**તેવીજ રીતે ધર્મદેવ દર વર્ષે ભાદરવા સુદિ ચોથને દિવસે મધ્યાહ્ન સમયે વિધિપૂર્વક ગણપતિનું પૂજન કરતા તથા આસો માસના વદ પક્ષની ચૌદશનાં દિવસે કુળદેવ હનુમાનજીના પૂજનનો વિધિ પ્રમાણે મહોત્સવ ઉજવતા હતા.[૨૦-૨૧] તેમજ પ્રતિદિન બપોરપછીના સમયે ધર્મદેવ સત્પુરુષોના સ્વામી એવા ભગવાન શ્રીકૃષ્ણના વરાહ આદિ અવતારોની કથા પોતાના શિષ્ય શ્રોતાઓને સંભળાવતા હતા.[૨૨] આવા બુદ્ધિમાન ધર્મદેવ પ્રતિદિન શ્રીમદ્ભાગવત આદિ સત્શાસ્ત્રોનું પઠન અને પાઠન તથા તેના રહસ્યનું ચિંતવન પોતાને સમય મળે તે રીતે કરતા હતા.[૨૩]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ધર્મદેવ સ્વધર્મમાં નિષ્ઠા રાખી**

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मकृतस्त्रीपुरुषगुरुमर्यादादिनिरूपणनामैकोनत्रिंशोऽध्यायः ॥ २९ ॥*

---

## त्रिंशोऽध्यायः

**सुव्रत उवाच –**

अथोपनीतिं तनयस्य विप्रो विधातुमत्युत्सुकमानसः सः ।
सम्पादयामास विदेशतोऽपि यथोक्तसम्भारभरानुदारः ॥ १
आहूय दैवज्ञममुं समचर्य काश्मीरपुष्पाम्बरदक्षिणाभिः ।
फलं निधायास्य पुरः सरत्नं पप्रच्छ पुत्रव्रतबन्धकालम् ॥ २

---

પોતાના પુત્ર, પત્ની આદિ પરિવાર સાથે અયોધ્યાપુરીમાં રહેતા અને કામ, ક્રોધાદિ અંતઃશત્રુઓ જીતીને વશ કર્યા હતા, તથા બહારના અસુરોનો ભય પણ પોતાના પુત્ર શ્રીહરિકૃષ્ણના પ્રતાપથી સદંતર નિવૃત્ત પામી ગયો હતો, તેથી સંપૂર્ણ સ્વસ્થ ચિત્તે વર્તતા હતા. અને આ પૃથ્વી પર રહેલા પોતાના આશ્રિત ભક્તજનોને સદ્‌માર્ગારૂપ ઉદ્ધવ સંપ્રદાયમાં સારી રીતે વર્તાવી રહ્યા હતા.[૨૪]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ધર્મદેવે સ્ત્રી પુરુષોને માટે ગુરુ મર્યાદાનું સ્થાપન કર્યું એ નામે ઓગણત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૯--***

---

## અધ્યાય – ૩૦

## શ્રીહરિનો યજ્ઞોપવીત સંસ્કાર.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! હવે ધર્મદેવના મનમાં પોતાના પુત્ર શ્રીહરિનો યજ્ઞોપવીત સંસ્કાર કરવાની અતિશય ઈચ્છા થઈ, તેથી તેને લગતી સર્વે સામગ્રી દૂર દેશથી પણ ઉદાર મને સંપાદન કરવા લાગ્યા.[૧] સાથે ધર્મદેવે જ્યોતિષશાસ્ત્રને જાણનારા વિપ્રને બોલાવી તેનું કાશ્મીરી કુંકુમ, પુષ્પ, વસ્ત્ર, દક્ષિણાવડે પૂજન કરી, તેની આગળ રત્ન સહિત શ્રીફળ પધરાવી પોતાના પુત્ર શ્રીહરિકૃષ્ણના ઉપનયન સંસ્કારનું મુહૂર્ત પણ પૂછવા લાગ્યા.[૨]

स प्राह गर्भाष्टम एव वर्षे तपस्यमासेऽद्य तु वर्तमाने ।
तिथौ दशम्यां च विधौ कुरुत्वं तिष्येऽजलग्ने व्रतबन्धकर्म ॥ ३
निशम्य मौहूर्तिकवाक्यमित्थं तदेव जग्राह स निश्चयेन ।
ततोऽलिखन्मङ्गलपत्रिकाश्च स्वज्ञातिसम्बन्धिसुहृत्सखिभ्यः ॥ ४
त आययुस्तत्र सहोपहारा अनोरथाश्वादिविचित्रयानाः ।
साकं सुहृत्पुत्रकलत्रदासैः कृष्णेक्षणात्युत्सुकमानसाश्च ॥ ५
सम्भावयन्नेव यथोचितं तान् सम्भारमाहार्य महान्तमेव ।
स पुत्रमाङ्गल्यजभूरिहर्षो ददौ स्वकेभ्यो नववस्त्रभूषाः ॥ ६
स आनयामास च दूतवर्यैर्देशान्तरेभ्यो बहुमानपूर्वम् ।
विप्रांश्चतुर्वेदविदः सुशीलान् पौराणिकान् शास्त्रविदः कवींश्च ॥ ७

હે રાજન્ ! તે સમયે જ્યોતિષજ્ઞ વિપ્ર પોતાનું પંચાંગ જોઈ ધર્મદેવ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ધર્મદેવ ! તમારા પુત્રના ગર્ભધારણ કર્યાના આઠમા વર્ષે એટલે કે અત્યારે વર્તમાન સમયે જ યજ્ઞોપવીત સંસ્કાર કરો. આ વર્તમાન સંવત ૧૮૪૧ ના ફાગણ સુદ દશમીના દિવસે સોમવારે પુષ્યનક્ષત્ર તેમજ મેષ લગ્નમાં હરિઈચ્છાએ મુહૂર્ત ખૂબજ સારું પ્રાપ્ત થયું છે. તેથી આ મુહૂર્ત જવા દેશો નહિ, અર્થાત્ યજ્ઞોપવીત સંસ્કાર આ મુહૂર્તમાં જ કરવો આ પ્રમાણે નક્કી કર્યું.[૩]

હે રાજન્ ! જ્યોતિષકારનું વચન સાંભળી ધર્મદેવે તે જ મુહૂર્તનો સ્વીકાર કર્યો. ત્યારપછી સંબંધીજનો જ્ઞાતિજનો, સુહૃદ મિત્રો અને સખાઓ ઉપર મંગળ પત્રિકાઓ સ્વયં લખી અને કેટલાકને અન્ય પાસેથી લખાવી.[૪] પત્રિકા મળતાંની સાથે ઉપહારોથી ભરેલાં ગાડાં, રથ, ઘોડા, શિબિકા આદિ અનેકવિધ વાહનો ભગવાન શ્રીહરિનાં દર્શન કરવાની ઉત્કટ ઈચ્છા ધરાવતા સર્વે સંબંધીજનો પોતાના મિત્ર, પુત્ર, પત્ની અને દાસ દાસીઓની સાથે અયોધ્યાપુરીમાં ધર્મદેવના ભવનમાં પધાર્યા.[૫] ધર્મદેવના અંતરમાં પુત્ર શ્રીહરિના યજ્ઞોપવીત સંસ્કાર મહોત્સવનો અનેરો ઉત્સાહ વર્તતો હતો, તેથી આંગણે આવેલાં સંબંધીજનોની મોટી મોટી સામગ્રીથી યથાયોગ્ય સંભાવના કરી, સૌને નવાં નવાં વસ્ત્રો અને આભૂષણો વિગેરે અર્પણ કરી બહુ શોભાવ્યાં, જેથી પુત્રના આ મહોત્સવમાં કોઈ ઊણપ ન લાગે.[૬] તેવી જ રીતે ધર્મદેવે દૂતોને મોકલી દેશદેશાંતરમાંથી મોટા મોટા સદાચારી વિદ્વાન બ્રાહ્મણોને સન્માનપૂર્વક બોલાવ્યા. ઉત્સવમાં પધારેલા તે બ્રાહ્મણોમાં કોઈ ચાર

ते तं द्विजेन्द्रा मिहिरप्रकाशाः पौराश्च विप्रा निगमागमज्ञाः ।
स्वाचार्यमुख्या मुनिगोभिलोक्तगृह्येण कर्म स्म विधापयन्ति ॥ ८
मङ्गल्यवाद्यानि बहूनि तस्य गृहेष्ववाद्यन्त दिवा च रात्रौ ।
जगुश्च गीतानि मनोहराणि सुवासिनीनां निकराः समेताः ॥ ९
पुत्रोपनीतावधिकारसिद्ध्यै कार्यस्य कृच्छ्रत्रितयव्रतस्य ।
विप्रः स धेनुत्रयदानमाशु चकार भूप ! प्रतिबिम्बमेव ॥ १०
यत्कामचाराशनवादमुख्यदोषोपशान्त्यै तनयेन कार्यम् ।
कृच्छ्रत्रयं तच्च तथैव धेनुत्रयप्रदानेन पिता चकार ॥ ११
पूर्वेद्युरेवोपनयाङ्गकर्म स मातृपूजादि चकार सर्वम् ।
नान्दीमुखं स्वस्त्ययनं ग्रहाणां शान्तिं सदन्नैर्द्विजतर्पणं च ॥ १२

---

વેદના જ્ઞાતા હતા, કોઈ પુરાણોના જાણનારા હતા, કોઈ મીમાંસા આદિ શાસ્ત્રોના જ્ઞાતા હતા, તો કોઈ કવિઓ પણ હતા.[૭]

દેશાન્તરમાંથી પધારેલા સૂર્ય સમાન તેજસ્વી આ સર્વે વિપ્રોએ તથા આગમ અને નિગમને જાણનારા અયોધ્યાપુરના નિવાસી વિપ્રોએ પોતાના કુળપરંપરાના આચાર્યને આગળ રાખી ગોભિલ મુનિએ રચેલા ગૃહ્યસૂત્ર અનુસાર ધર્મદેવ પાસે ગ્રહશાંતિ આદિ કર્મ કરાવ્યું, તે સમયે ધર્મદેવના ભવનમાં રાત્રિ દિવસ અનેક પ્રકારનાં વાજિંત્રોનો મંગલ ધ્વનિ થવા લાગ્યો, અને ભોળી થયેલી સુવાસિની સર્વે નારીઓ મનોહર મંગળ ગીતો ગાવા લાગી.[૮-૯] હે રાજન્ ! ઉપવીત સંસ્કારના અધિકારની પ્રાપ્તિ માટે પુત્રે ત્રણ કૃચ્છ્રવ્રત કરવાં જોઈએ. તેના પ્રતિનિધિ તરીકે પિતા ધર્મદેવે તત્કાળ ત્રણ ગાયોનાં દાન કર્યાં.[૧૦] તેવી જ રીતે કામચાર, કામભક્ષણ અને કામવાદ અર્થાત્ ઈચ્છાનુસાર ફરવું, ઈચ્છાનુસાર ખાવું, અને ઈચ્છાનુસાર બોલવું, આ ત્રણ બાળકના સ્વાભાવિક દોષો છે, તેની નિવૃત્તિ માટે યજ્ઞોપવીત સ્વીકારવા યોગ્ય થયેલા પુત્રે બીજાં ત્રણ કૃચ્છ્રવ્રત કરવાં જોઈએ. તેના પ્રતિનિધિ તરીકે પણ પિતા ધર્મદેવે તત્કાલ ત્રણ ગાયોનાં દાન કર્યાં.[૧૧]

હે રાજન્ ! યજ્ઞોપવીત સંસ્કારને આગલે દિવસે જ ધર્મદેવે માતૃપૂજન, નાંદીશ્રાદ્ધ, પુણ્યાહવાચનકર્મ અને સૂર્યાદિ ગ્રહોની શાંતિકર્મ આદિ કરાવ્યાં. તથા સારાં ભોજનથી બ્રાહ્મણોને તૃપ્ત કર્યા. આ બધાં કર્મો યજ્ઞોપવીત સંસ્કારને અંગભૂત હતાં. ત્યારપછી ધર્મદેવે દશમીના સુપ્રભાતે પોતાના ભવનની આગળના ભાગે

प्रातर्दशम्यां पुरतो गृहस्य सम्मार्जनाद्यैरभिसंस्कृते ऽसौ ।
संस्थापयामास समुद्भवाख्यं हुताशनं स्थण्डिल आर्चयच्च ॥ १३
स्ववेदशाखोचितकर्ममार्गं स्ववंशधर्मं च विदन्नशेषम् ।
द्विजातिसंस्कारविधानविज्ञविप्रोक्तरीत्यैव चकार सर्वम् ॥ १४
स्नातं च भुक्तं कृतकेशवापं स्नातं जनन्या समलङ्कृतं च ।
स्वदक्षभागे विनयोपविष्टं संस्कारयामास सुतं यथावत् ॥ १५
आबद्धय कट्यां कटिसूत्रमेनं कौपीनखण्डं परिधाप्य चासौ ।
यज्ञोपवीतं नवतन्तुशुद्धं कार्पासकं स्म त्रिगुणं ददाति ॥ १६
'अग्ने व्रते' त्यादिभिराज्यहोमं विधाय नाभ्यादि तदङ्गमार्यः ।
स्पृष्ट्वाऽवदच्चाद्यदिनाद्धरायां त्वं ब्रह्मचारी भवसीति कृष्णम् ॥१७
प्रैषान् गुरूक्तांस्तनयाय धर्मः सर्वान् यथावत्समबूबुधच्च ।
आधेहि नित्यं समिधः सुत ! त्वं प्रातश्च सायं यदिवैव सायम् ॥ १८

---

સુસંસ્કૃત જગ્યામાં વેદિકાની રચના કરી તેમાં સમુદ્ભવ નામના અગ્નિદેવનું સ્થાપન કરી તેનું પૂજન કર્યું.[૧૨-૧૩] ધર્મદેવ પોતાના સામવેદ અને કૌથમી શાખાને યોગ્ય સમસ્ત કર્મમાર્ગના જ્ઞાતા હતા. તેમજ પોતાની કુળપરંપરાગત ધર્મના જ્ઞાતા હતા. છતાં પણ દ્વિજાતિ સંસ્કારોના વિધિવિધાનને જાણનારા પોતાના આચાર્ય બ્રાહ્મણે કહેલી રીતિ મુજબ જ પોતાની શાખાને ઉચિત સમગ્ર ક્રિયાકલાપનું અનુષ્ઠાન કર્યું. ત્યારપછી ધર્મદેવે શ્રીહરિને પ્રથમ સ્નાન કરાવ્યું, ત્યારપછી ભોજન કરાવ્યું. પછી વાણંદ પાસે મસ્તક ઉપરના શ્રીહરિના કેશ ઉતરાવી સ્નાન કરાવ્યું. અને ભક્તિમાતાએ શ્રીહરિને શણગાર્યા. ત્યારપછી ધર્મદેવે પોતાની જમણી બાજુએ શ્રીહરિને બેસાડી શાસ્ત્રોક્ત સંસ્કારવિધિ કર્યો.[૧૪-૧૫] એમાં ધર્મદેવે શ્રીહરિની કેડમાં કટીસૂત્ર બાંધ્યું,કૌપીન ધારણ કરાવ્યું, અને કપાસના નવ તંતુમાંથી રચેલા ત્રણ સૂત્રવાળી શ્વેતરંગની યજ્ઞોપવીત શ્રીહરિને ધારણ કરાવી.[૧૬] ત્યારપછી ''અગ્ને વ્રતપતે વ્રતં ચરિષ્યામિ'' આ મંત્રવડે આચાર્ય બ્રાહ્મણે પાંચ ઘીની આહુતિઓ આપી, નાભિ આદિ પાંચ અંગોનો સ્પર્શ કરીને કહ્યું કે આજદિનથી આરંભીને તમે પૃથ્વી પર બ્રહ્મચારી થયા છો.[૧૭]

**પિતા ધર્મદેવે પુત્ર શ્રીહરિને કરેલ બ્રહ્મચારીના ધર્મનો ઉપદેશ :–** કુળના આચાર્યે ઉપદેશ કરેલાં ચાર પ્રકારના ઉપદેશ વાક્યોને યથાર્થ રીતે શ્રીહરિને

आदौ तथान्तेऽशनकर्मणस्त्वं कुर्या अपोशानविधिं च नित्यम् ।
त्यजेर्दिवास्वापमपि प्रयत्नादाचार्यसेवानिरतो भवेश्च ।। १९
पित्रैवमुक्तः स हसन्कुमारो बाढं प्रतिप्रैषमुवाच चोच्चैः ।
तेनातिहर्षं स च तस्य पत्नी सम्बन्धिनोऽन्ये च ययुः प्रकामम् ।। २०
कट्यां गुरुस्तस्य बबन्ध मौञ्जीं श्लक्ष्णां त्रिवृत्तां रशनां विधिज्ञः ।
ग्रन्थित्रयं चापि चकार तस्या हरिप्रसादः प्रवरानुरूपम् ।। २१
अग्नेरुदक् प्राङ्मुख उत्तराग्रकुशासनस्थो जनकः सुताय ।
प्रत्यङ्मुखायादिशति स्म मन्त्रं ब्राह्मं निषण्णाय समानपीठे ।। २२
तदा महादुन्दुभिघोष आसीद्वाद्यान्यवाद्यन्त च सर्वशोऽपि ।
ब्रह्मध्वनिः स्त्रीगणगीतिकाभिः समं दिदीपे जयशब्दमिश्रः ।। २३

---

સમજાવતાં ધર્મદેવ કહેવા લાગ્યા કે, હે પુત્ર ! તમે નિત્યે પ્રાતઃકાલે અને સાયંકાલે અથવા એક માત્ર સાયંકાલે સમિધ ગ્રહણ કરો. તથા હે પુત્ર ! તમે નિત્યે ભોજન કરતાં પહેલાં અને ભોજન કર્યા પછી અપોશન વિધિ કરો, ભોજન પહેલાં ''અમૃતોપસ્તરણમસિ સ્વાહા'' અને ભોજન કર્યા પછી ''અમૃતાપિધાનમસિ સ્વાહા'' આ મંત્રોથી આચમન કરવારૂપ અપોશન વિધિ કરવો. તેમજ પ્રયત્ન પૂર્વક દિવસની નિદ્રાનો ત્યાગ કરો. અને આચાર્યની સેવા પરાયણ થાઓ.[૧૮-૧૯]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પિતા ધર્મદેવ આ પ્રમાણે કહેતા હતા ત્યારે કુમાર શ્રીહરિકૃષ્ણ હસતાં હસતાં પ્રત્યેક ઉપદેશ સામે ''બાઢમ્'' ''બાઢમ્'' અર્થાત્ હું એ પ્રમાણે જ કરીશ. એ પ્રમાણે ઉચ્ચ સ્વરે બોલતા હતા, તેથી પિતા ધર્મદેવ, માતા ભક્તિદેવી અને અન્ય સંબંધીજનો અતિશય હર્ષ પામતાં હતાં.[૨૦] વિધિને જાણનારા આચાર્યે શ્રીહરિની કેડમાં મુંજના ઘાસની સૂક્ષ્મ ત્રેવડી મેખલા ધારણ કરાવી. ત્યારપછી ધર્મદેવે પોતાના ત્રણ પ્રવરને અનુસારે તે કટિમેખલામાં ત્રણ ગ્રંથીઓ પણ કરી.[૨૧]

**ગાયત્રીમંત્રનો ઉપદેશ :–** ત્યારપછી અગ્નિકુંડથી ઉત્તર ભાગમાં તેમજ ઉત્તર દિશા તરફના અગ્રભાગવાળા દર્ભના આસન ઉપર પૂર્વમુખે બેઠેલા ધર્મદેવે પશ્ચિમમુખે દર્ભના આસન ઉપર બેઠેલા પોતાના પુત્ર શ્રીહરિને બ્રાહ્મણોને આપવા યોગ્ય ગાયત્રીમંત્રનો ઉપદેશ આપ્યો. તે સમયે મહા દુંદુભિઓનો નાદ થયો, તથા અનેક પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં.[૨૨] ચારે બાજુએ જયજયના

आमौलिदण्डं गुरुरात्मजाय ब्रह्मद्रुमस्यैव ददौ समन्त्रम् ।
ऐणं तथैवाजिनमुत्तरीयं सन्ध्याविधिं शिक्षयति स्म पश्चात् ।। २४
मध्याह्नसन्ध्या प्रथमं ह्युपास्य सायन्तनी वेति सदस्यवादे ।
प्रवर्तमाने बहुधा तदानीं माध्याह्नकीत्येव वृषो जगाद ।। २५
प्रैषान्पुनः पूर्ववदेव धर्म आदिश्यमानान् गुरुणा सुताय ।
अबोधयत्स्पष्टतरं वचोभिस्तत्पालनात्युत्सुकमानसाय ।। २६
विद्यागुरोर्वाचि सदैव तिष्ठेरन्यत्र पापाचरणप्रवृत्तेः ।
क्रोधानृते वर्जय मैथुनं च यदष्टधा वै प्रतिषिद्धमस्ति ।। २७
ग्राम्यं तु गीतं त्यज नर्तनं च वाद्यानि गन्धाद्यनुलेपनं च ।
अभ्यङ्गमुद्वर्तनमञ्जनं च सङ्घृष्य च स्वाङ्घ्रयवनेजनं च ।। २८

---

ઘોષની સાથે બ્રાહ્મણો દ્વારા વેદમંત્રોનો પણ ઘોષ થતો હતો. અને એ ઘોષ સ્ત્રીઓના સુમધુર કંઠે ગવાતાં ગીતોના સ્વરની સાથે એકરૂપ થઇ સૌને અતિ કર્ણપ્રિય લાગતો હતો.[૨૩] ગુરુ ધર્મદેવે પોતાના પુત્ર શ્રીહરિને બ્રહ્મ નામના ખાખરાના વૃક્ષમાંથી બનાવેલો મસ્તક પર્યંત લાંબો કહેવાતો પલાશદંડ 'સુશ્રવસ' ઇત્યાદિ મંત્રોના ઉચ્ચાર સાથે ધારણ કરાવ્યો. અને તેવી જ રીતે 'મિત્રસ્ય' ઇત્યાદિ મંત્રોના ઉચ્ચાર સાથે ઉત્તરીય વસ્ત્રને સ્થાને મૃગચર્મ ધારણ કરાવ્યું. ત્યારપછી સંધ્યાવંદન કર્મની શિક્ષા આપી.[૨૪] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પ્રથમ મધ્યાહ્નસંધ્યા કરવી ? કે પછી સાયં સંધ્યા કરવી ? આ બાબતનો બહુ પ્રકારનો સભાસદોમાં પરસ્પર જ્યારે વિવાદ થયો ત્યારે ધર્મદેવે શ્રીહરિને પ્રથમ મધ્યાહ્નસંધ્યા કરવાનો નિર્ણય આપ્યો. ત્યારપછી ફરી પૂર્વે કહેલી રીત અનુસારે આચાર્યે જે અન્ય ઉપદેશ વચનો કહ્યાં, તેને જ ધર્મદેવ પાલન કરવામાં અતિ ઉત્કંઠાવાળા પોતાના પુત્ર શ્રીહરિને સ્પષ્ટ વચનો વડે સમજાવવા લાગ્યા.[૨૫-૨૬]

**પિતાનાં ઉપદેશ વચનો :–** હે પુત્ર ! પાપકર્મમાં પ્રવૃત્ત કરે તેવાં વચનો સિવાયનાં બીજાં સર્વે વિદ્યાગુરુનાં વચનોમાં સદાય નિષ્ઠાથી વર્તવું. ક્રોધ ક્યારેય કરવો નહિ. મિથ્યા ભાષણનો સર્વથા ત્યાગ રાખવો. આઠે પ્રકારના સ્ત્રીના સંબંધનો સદાય ત્યાગ રાખવો.[૨૭] ભગવાનના સંબંધ સિવાયની ઇતર ગ્રામ્યવાર્તા ન કરવી અને લૌકિક નાચગાન આદિ ન કરવું. વાજિંત્રો વગાડવાં સાંભળવાં નહિ. ચંદન આદિ સુગંધીમાન દ્રવ્યોથી અંગલેપન ન કરવું. તૈલથી અંગમર્દન ન

उच्चासनं चापि गुरोः पुरस्ताद्दन्तातिशुद्धिं सुत ! कङ्कताद्यैः ।
केशप्रसारं च धरावलेखं निर्हेतुकं मा कुरु केशवापम् ॥ २९
मद्यं च मांसं स्पृश न क्वचित्त्वं गोयुक्तयानं च यथेष्टचेष्टाम् ।
आदर्शवीक्षां त्यज चान्यनिन्दामुपानहावातपवारणं च ॥ ३०
हिंसां तु वाचापि न कस्यचित्त्वं जन्तोस्तथा स्वस्य च मुक्तयेऽपि ।
कुर्याः कुसङ्गं न च पुत्र ! भूमौ न भोजनं क्वापि च कांस्यपात्रे ॥ ३१
द्युतं च ताम्बूलमपि त्यजेस्त्वं भङ्गाद्यपेयं लशुनाद्यभक्ष्यम् ।
गोविप्रतीर्थामरसाधुसाध्वीसच्छास्त्रनिन्दां कुरु मा कदाचित् ॥ ३२
कौपीनमौञ्जीकटिसूत्रदण्डयज्ञोपवीतानि कमण्डलुं च ।
ऐणं च चर्मेति तु नित्यमेव सन्धारयेस्त्वं सुत ! भैक्षपात्रम् ॥३३
स्नानं च सन्ध्यां च जपं च होमं स्वाध्यायदेवादिकतर्पणे च ।
समर्चनं शक्तित एव विष्णोः कुर्याः सदा त्वं श्रवणादिभक्तिम् ॥ ३४

---

કરવું. કાજળથી આંખમાં આંજણ ન આંજવું. પરસ્પર ઘસીને પગ ધોવા નહિ.[૨૮] તેમજ હે પુત્ર ! પોતાના ગુરુ કે આચાર્યની આગળ ઊંચા આસન ઉપર બેસવું નહિ. દાંતને અતિ ઘસીને ધોવા નહિ. કાંસકાથી વાળ ઓળવાં નહિ. ધરતીપર લેખન કરવું નહિ. પિતૃમરણાદિ કારણ વિના મુંડન કરવું નહિ. અને મદ્યમાંસનો સ્પર્શ તો ક્યારેય કરવો નહિ. બળદ જોડેલા ગાડાં ઉપર ક્યારેય બેસવું નહિ, ચક્ષુઆદિ ઈન્દ્રિયોને પોતાના મનગમતા વિષયોમાં પ્રવૃત્ત થવા દેવી નહિ. અરીસામાં તિલક કર્યા સિવાયના કામ માટે મુખ જોવું નહિ. અન્યની નિંદા કરવાનું છોડી દેવું. પગમાં પગરખાં પહેરવાં નહિ. તથા છત્ર ધારણ કરવું નહિ.[૨૯-૩૦]

હે પુત્ર ! કોઈ પણ જીવપ્રાણી માત્રની હિંસા વચનથી પણ ન કરવી, પોતાની મુક્તિને માટે પણ શાસ્ત્રમાં દર્શાવેલી તીર્થને વિષે આત્મહત્યા ન કરવી, તેમજ કુસંગનો સંગ તો ક્યારેય પણ ન કરવો, ભૂમિ ઉપર કે કાંસાના પાત્રમાં ક્યારેય ભોજન ન કરવું, જુગાર ન રમવો, તાંબૂલ ન ખાવું, ભાંગ, ગાંજો, અફીણ વગેરે કેફી પીણાં ન પીવાં. લસણ અને ડુંગળી વગેરે અભક્ષ્ય વસ્તુને ખાવી નહિ. ગાય, વિપ્ર, તીર્થ, દેવતા, સાધુ, પતિવ્રતાનારી અને સત્શાસ્ત્રની નિંદા ક્યારેય પણ કરવી નહિ.[૩૧-૩૨] હે પુત્ર ! કૌપીન, કટિસૂત્ર, મેખલા, યજ્ઞોપવીત, દંડ, કમંડલું, મૃગચર્મ અને ભિક્ષાપાત્ર આટલાં બ્રહ્મચારી એવા તમારે નિત્યે ધારવાં. તથા સ્નાન,

एवं हि तातेन सुबोधितोऽसौ स्वेच्छाबटुस्तं हरिराह बाढम् ।
भास्वन्तमुद्वाहुरथोपतस्थे प्रदक्षिणां चाप्यनलस्य चक्रे ॥ ३५
भिक्षां ददावादित एव तस्मै भक्तिः स्वयं ह्यर्थयते सुताय ।
सुवासिनीमुख्यसुहृत्स्त्रियोऽन्यास्ततो ददुः प्रीतियुता नरेश ! ॥ ३६
आचार्यवर्याय निवेद्य भैक्षं तदुक्तमेवात्मन आददेऽसौ ।
समापयामास्य यथाविधानं तत्कर्म धर्मः सकलं विधिज्ञः ॥ ३७
वर्णिवेषममलं स दधानो लब्धसंस्कृतिरहस्करकान्तिः ।
तत्र विप्रवरमण्डलमध्ये ब्रह्मचर्यमिव मूर्तमराजत् ॥ ३८
विप्रेभ्योऽथ स विप्र उत्सुकमना गाः स्वर्णमुद्रास्तथा ।
वासांस्याभरणानि यानकवराण्यौदार्यतो दत्तवान् ॥

સંધ્યા, ગાયત્રીનો જપ, હોમ, વૈશ્વદેવ અને સ્વાધ્યાય તથા દેવતા અને પિતૃઓનું તર્પણ તેમજ શક્તિ મુજબ વિષ્ણુનું પૂજન અને તેની નવ પ્રકારની ભક્તિ, આટલું તમારે પ્રતિદિન કરવું.[૩૩-૩૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પિતા ધર્મદેવે આ પ્રમાણે શ્રીહરિને સદ્બોધ આપ્યો, ત્યારે સ્વેચ્છાએ બ્રહ્મચારીના વેષને ધરનારા ભગવાન શ્રીહરિએ પણ પ્રત્યેક ઉપદેશના વચનને અંતે "બાઢમ્" "બાઢમ્" એમ બોલી તે પ્રમાણે કરવાની પ્રતિજ્ઞા કરી. ત્યારપછી બે હાથ ઊંચા કરી સૂર્યનારાયણની પ્રાર્થના કરી અને અગ્નિની પ્રદક્ષિણા કરી.[૩૫] ત્યારપછી ભિક્ષા માગતા શ્રીહરિને ભક્તિમાતાએ પ્રથમ ભિક્ષા અર્પણ કરી. ત્યાર પછી સુવાસિની આદિ સંબંધીની સ્ત્રીઓએ પણ પ્રેમથી ભિક્ષા આપી, અને શ્રીહરિએ ભિક્ષામાં પ્રાપ્ત થયેલું નૈવેદ્ય આચાર્યવર્યને અર્પણ કર્યું. ત્યારપછી તેમના કહેવા પ્રમાણે પોતાને જરૂરી ભિક્ષાનો સ્વીકાર કર્યો. ત્યારે વિધિને જાણનારા ધર્મદેવે વિધિ પ્રમાણે સમગ્ર યજ્ઞોપવીત સંસ્કારનો વિધિ સમાપ્ત કર્યો.[૩૬-૩૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ સમયે શ્રીહરિએ બ્રહ્મચારીના નિર્મળ વેષને ધારણ કર્યો હતો, તેમાં યજ્ઞોપવીત સંસ્કાર પામ્યા પછી સૂર્યની સમાન કાંતિથી શ્રીહરિ વિપ્રવર્યોની સભા મધ્યે સાક્ષાત્ મૂર્તિમાન બ્રહ્મચર્યની પેઠે શોભતા હતા.[૩૮] ત્યારપછી ધર્મદેવે ઉત્સાહ અને ઉદારતા પૂર્વક પોતાના ઘેર આવેલા સર્વે બ્રાહ્મણોને ગાય, સુવર્ણમુદ્રા, વસ્ત્રો, અલંકારો તથા શ્રેષ્ઠ વાહનોનાં દાન કર્યાં. તેમજ આ

तस्मै चापि जना यथोचितमदुर्वस्त्राणि वित्तादि च ।
प्रादात्स्वीयजनेभ्य एष च यथायुक्तं च वस्त्राद्यपि ।। ३९
पौरानन्यांश्च विप्रान्स्वगृहमुपगतान्भोजयामास ।
सम्यग्भक्ष्यैर्भोज्यैर्विचित्रैर्बहुविधसुरसैः स्वेप्सितैः सत्कृतैश्च ॥
सर्वांस्तान् दक्षिणाभिर्नृपतिरिव वृषस्तोषयित्वा विसृज्य ।
भूर्यानन्दः स्वपुत्रं स्वनिगममखिलं पाठयामास सार्थम् ।। ४०

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
**हर्युपनयनोत्सवनामा त्रिंशोऽध्यायः ॥ ३० ॥**

---

**પ્રસંગે પધારેલા સર્વે સંબંધીઓ શિષ્યો અને મિત્રવર્ગના સર્વે જનોએ પણ ધન, વસ્ત્ર તથા આભૂષણાદિકથી ધર્મદેવનો સત્કાર કર્યો. અને ધર્મદેવ તે સર્વેનો પણ તેવી જ રીતે સત્કાર કર્યો. આ રીતે ધર્મદેવે પોતાના ઘેર પધારેલા નગરવાસી જનો તથા દેશ દેશાન્તરમાંથી પધારેલા વિપ્રોને મોટા કોઈ મહારાજાની જેમ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય આ ચાર પ્રકારનાં સુંદર સ્વાદિષ્ટ રસોવાળાં ભોજનો જમાડી તૃપ્ત કર્યા. અને ખૂબ દક્ષિણાઓ આપી, વિદાય કર્યા. ત્યારપછી મહોત્સવની નિર્વિઘ્ન સફળતાથી અતિશય પ્રસન્ન થયેલા ધર્મદેવે શ્રીહરિને અર્થે સહિત સમગ્ર સામવેદનો અભ્યાસ કરાવ્યો.** [૩૯-૪૦]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રીહરિના ઉપનયન સંસ્કાર મહોત્સવનું વર્ણન કર્યું એ નામે ત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૦--***

---

## एकत्रिंशोऽध्यायः

सुव्रत उवाच –

हरिः प्राप्तोपनयनः स्वधर्मान् गुरुणोदितान् । पालयन् पितरौ प्रीत्या सिषेवे नृपसत्तम ! ॥ १
ततो गृहं जिहासुः स्वं स्वावतारप्रयोजनम् । धर्मसंस्थापनं कर्तुं भूतले स व्यचिन्तयत् ॥ २
विजित्योत्पथगामीनि वृन्दानि विबुधद्विषाम् । धर्मः स्थाप्यो मया भूमौ साम्प्रतं यत्कृतेऽजनि ॥ ३
अद्यैव जह्यां गेहं चेन्मत्प्राप्तातिसुखौ तदा । वीतद्विषद्भूरिभयौ भवेतां दुःखिताविमौ ॥ ४
पितरौ मद्वियोगार्तिं सोढुं नैव हि शक्नुतः । अत एतौ विप्रशापान्मोचयित्वोत्सृजाम्यदः ॥ ५
एवं स गूढसङ्कल्पो वेदाध्ययनकैतवात् । तत्रोवास भजन् रामं कृष्णं च निगमादरः ॥ ६
विद्यागुरुं तु पितरं नान्यं विद्यावतां नृणाम् । स चकार ततोऽध्यैत तृतीयं वेदमादितः ॥ ७

---

## અધ્યાય –૩૧

## શ્રીહરિએ કેરલો અવતાર પ્રયોજનનો વિચાર અને માત્ર વેદાધ્યયનના મિષથી ઘરમાં નિવાસ.

સુવ્રતમુનિ કહે છે, હે શ્રેષ્ઠ રાજન્ ! ઉપનયન સંસ્કારને પ્રાપ્ત કરી શ્રીહરિ ગુરુએ ઉપદેશ કરેલા સ્વધર્મનું પાલન કરતા કરતા માતા-પિતા ધર્મ-ભક્તિની પરમસ્નેહથી સેવા કરતા હતા.[૧] છતાં તેના મનમાં ગૃહત્યાગ કરવાની ઈચ્છા વર્તતી હતી. કારણકે ધરતી ઉપર ધર્મનું સ્થાપન કરવા માટે જ પોતાના અવતારનું મૂળ પ્રયોજન છે. તેથી તે વિચારવા લાગ્યા કે, અધર્મને માર્ગે ચાલનારા એવા ધર્મના દ્વેષી અસુરોનો પરાભવ કરી આ પૃથ્વીપર એકાંતિક ધર્મનું સ્થાપન કરવા માટેજ હું પ્રગટ થયો છું. તેથી મારે ઘર છોડવું જ જોઈએ. [૨-૩] પરંતુ મારી પ્રાપ્તિથી માતાપિતા સુખી વર્તે છે. તેમને શત્રુઓનો ભય પણ નિવૃત્ત પામ્યો છે. જો હું અત્યારે ઘરનો ત્યાગ કરીશ તો મારા વિયોગથી મારા માતાપિતા ધર્મ-ભક્તિ બહુ દુઃખી થશે અને મારા વિયોગનું દુઃખ સહન કરી શકશે નહિ. તેથી પ્રથમ મા-બાપને વિપ્ર દુર્વાસામુનિના શાપથી મુક્ત કરી મનુષ્યભાવ છોડાવી દિવ્યભાવે મારી સાથે રાખી, પછીથી જ હું ઘરનો ત્યાગ કરીશ. [૪-૫]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પોતાના અંતરમાં ગૂઢ નિરધાર કરી ભગવાન શ્રીહરિ વેદને વિષે આદરભાવ રાખી તેના એક અધ્યયનના મિષે પોતાના ભવનમાં નિવાસ કરીને રહ્યા અને શ્રી રામકૃષ્ણનું ભજન-સ્મરણ કરવા

तीव्रबुद्धितया वेदमल्पकालेन विस्मयम् । तातमन्यांश्च विदुषः प्रापयन्नसमापयत् ॥ ८
ततः काव्यानि शास्त्राणि पुराणानि पपाठ च । महाभाष्यादि यत्किञ्चिद्धर्मो वेद तदध्यगात् ॥ ९
धर्मोऽथ जरसं प्राप्तां दृष्ट्वा साङ्ख्यमुपाश्रितः । तीव्रं वैराग्यमापन्नः कृष्णध्यानपरोऽभवत् ॥ १०
स्वधर्मज्ञानवैराग्ययोगान् भक्तिं च तत्त्वतः । यथानुभूति पुत्राय यथाशास्त्रमुपादिशत् ॥ ११
माहात्म्यं स्वगुरोस्तस्मै सौराष्ट्रादिषु तत्स्थितिम् । यथावदात्मजायाऽऽहं रीतिं च स्वाध्वनोऽखिलाम् ॥ १२
विद्याभिश्च गुणैः सर्वैः पितृतुल्यो महायशाः । आसीत्सोऽल्पेन कालेन मान्याः पूज्यस्तथा नृणाम् ॥ १३
स्वगृहे प्रत्यहं पित्रा वाच्यमानं च सोऽश्रृणोत् । श्रीमद्भागवतं नाम पुराणं ह्येकचेतसा ॥ १४

---

**લાગ્યા.[૬] શ્રીહરિએ વિદ્યાભ્યાસ માટે બીજા કોઈ વિદ્વાન ગુરુનો આશરો લીધો નહિ. કારણ કે સર્વ કરતાં શ્રેષ્ઠ ધર્મદેવને જ વિદ્યાગુરુ તરીકે સ્વીકાર્યા હતા, તેથી તેમની પાસેથી વેદોમાં ત્રીજા વેદ એવા સામવેદનું પ્રથમથી જ અધ્યયન શરું કર્યું. અને તીવ્રબુદ્ધિ હોવાથી ટૂક સમયમાંજ સામવેદનું અધ્યયન સમાપ્ત કર્યું. તેથી પિતા ધર્મદેવ અને અન્ય વિદ્વાનો પણ અતિ આશ્ચર્યમાં ગરકાવ થયા.[૭-૮] ત્યાર પછી શ્રીહરિએ રામાયણાદિ મહાકાવ્યો, મીમાંસા આદિ શાસ્ત્રો, ભાગવતાદિ પુરાણો અને રામાનુજાચાર્યકૃત મહાભાષ્ય આદિક જે કોઈ ગ્રંથોનું ધર્મદેવને જ્ઞાન હતું તે સર્વેનો અભ્યાસ પિતા ધર્મદેવ પાસેથી સારી રીતે કર્યો.[૯] અને પછી ધર્મદેવ પણ 'પોતે વૃદ્ધ થયા છે' એમ જાણી સંસારમાંથી તીવ્ર વૈરાગ્યને પામી તથા સાંખ્યજ્ઞાનનો આશ્રય કરી ભગવાન શ્રીકૃષ્ણના ધ્યાન પરાયણ જીવન જીવવા લાગ્યા.[૧૦]**

**ધર્મદેવ પુત્ર શ્રીહરિને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, યોગ અને ભક્તિનો પોતાના અનુભવ મુજબનો યથાશાસ્ત્ર ઉપદેશ આપ્યો. પછી સૌરાષ્ટ્ર આદિ પ્રાંતમાં વિચરણ કરતા ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીનો મહિમા સમજાવ્યો. પછી પોતાના ઉદ્ધવસંપ્રદાયની સમગ્ર રીતિ, નીતિ, પ્રવૃત્તિ-વર્તન આદિનો પ્રકાર તત્ત્વપૂર્વક શ્રીહરિને સમજાવ્યો.[૧૧-૧૨] હે રાજન્ ! શ્રીહરિ પણ અલ્પકાળમાંજ વિદ્યાદિ તથા સ્વધર્માદિ સર્વ ગુણોમાં પિતા ધર્મદેવ તુલ્ય થયા. મહાયશસ્વી થયા. અને સર્વે જનોને માટે માન્ય, પ્રશંસનીય અને પૂજનીય થયા. પિતા ધર્મદેવ પોતાના ભવનમાં જ્યારે શ્રીમદ્‌ભાગવતની કથા કહેતા, ત્યારે શ્રીહરિ એકાગ્રચિત્તથી નિરંતર તેનું શ્રવણ કરતા. ત્યારપછી શ્રીહરિએ સમગ્ર મહાભારતનું અને સમગ્ર**

महाभारतमश्रौषीत् पितुरेव ततोऽखिलम् । सप्तखण्डात्मकं स्कान्दं पुराणमखिलं च सः ॥ १५
आर्षाः सर्वाः स्मृतीश्चाथ धर्मशास्त्राण्यनाकुलः । धर्मप्रियः स शुश्राव पितुरेव नराधिप ! ॥ १६
ततः कुशाग्रधीस्तेषां सारं निजमनीषया । स निश्चित्य स्वपाठार्थं लिलेख च पृथक्पृथक् ॥ १७
श्रीमद्भागवतात्स्कन्धं पञ्चमं दशमं च सः । श्रीवासुदेवमाहात्म्यं स्कान्दाच्चाप्यलिखत् पृथक् ॥ १८
ततः श्रीभगवद्गीतां नीतिं वैदुरिकीं च सः । विष्णोर्नामसहस्रं चेत्यलिखद्भारतात्त्रयम् ॥ १९
ततः स धर्मशास्त्राणां सर्वेषां सारमुत्तमम् । एकामेवालिखत्प्रीत्या याज्ञवल्क्यस्मृतिं पृथक् ॥ २०
लिखित्वैतद्धरिः पित्रे चतुष्टयमदीदृशत् । प्रसन्नस्तेन सोऽजानात्तद्बुद्धिमतिमानुषीम् ॥ २१
प्राह चास्यान्वहं पाठं स्वावकाशानुसारतः । कुरु त्वं कृष्णपूजाऽन्ते सत्सु श्रोतृषु वा कथाम् ॥ २२
ओमित्यादाय तद्वाक्यं तत्पाठं नित्यमाचरत् । चकार च कथां तस्य श्रोतृकर्णमनोरमाम् ॥ २३

---

સ્કંદપુરાણનું પિતા ધર્મદેવ થકી શ્રવણ કર્યું. તથા ધર્મપ્રિય એવા શ્રીહરિએ યાજ્ઞવલ્ક્ય આદિ ઋષિમુનિઓએ રચેલી સમગ્ર સ્મૃતિઓ અને ધર્મશાસ્ત્રોનું પણ પિતા ધર્મદેવ પાસેથી શાંત ચિત્તે શ્રવણ કર્યું. [૧૩-૧૪]

**સત્શાસ્ત્રના સારરૂપ ગુટકાની રચના :–** સુવ્રતમુનિ કહે છે. હે રાજન્ ! ત્યાર પછી કુશાગ્રબુદ્ધિવાળા શ્રીહરિએ પોતાની ઉત્કુષ્ટ બુદ્ધિથી સમગ્ર સત્શાસ્ત્રોમાંથી સાર-સાર નિશ્ચિત કરી, તે સમગ્ર સારનો નિત્ય પાઠ કરવામાટે અલગથી એક ગ્રંથ ગુટકારૂપે લખી લીધો. તેમાં શ્રીમદ્ભાગવતમાંથી સારરૂપે પંચમસ્કંધ અને દશમસ્કંધ, સ્કંદપુરાણમાંથી સારરૂપ શ્રીવાસુદેવમાહાત્મ્ય, સમગ્ર મહાભારતમાંથી સારરૂપે ભગવદ્ગીતા, વિદુરનીતિ અને વિષ્ણુસહસ્રનામ અને સર્વ ધર્મશાસ્ત્રોના સારરૂપે સર્વોત્તમ યાજ્ઞવલ્ક્ય-સ્મૃતિનું અલગથી પ્રેમપૂર્વક આલેખન કરી લીધું. [૧૭-૨૦] આ ચાર સારનો ગુટકો લખીને શ્રીહરિએ ધર્મદેવને દેખાડ્યો. તે સર્વ શાસ્ત્રના સારરૂપ ગુટકાને જોઈને પિતા ધર્મદેવ અતિ પ્રસન્ન થયા, અને આ કોઈ અમાનુષી બુદ્ધિ છે એમ જાણી કહેવા લાગ્યા કે, હે પુત્ર ! ભગવાનની પૂજા કર્યા બાદ સમયની અનુકૂળતાએ આ સારચતુષ્ટયનો તમારે પાઠ કરવો, અને જો કોઈ શ્રોતાઓ હોય, તો તેમની આગળ આની કથા પણ કહેવી. [૨૧-૨૨]

હે રાજન્ ! 'ભલે એમ હું કરીશ' એ પ્રમાણે પિતા ધર્મદેવનાં વચન સ્વીકારી શ્રીહરિ પ્રતિદિન સારચતુષ્ટયનો પાઠ કરતા અને શ્રોતાઓને કર્ણપ્રિય આની કથા પણ સંભળાવતા. સમય મળતાં શ્રીહરિએ સત્શાસ્ત્રના સારચતુષ્ટયને

ततः सारचतुष्कस्य स्वक्षरां सूक्ष्मपत्रिकाम् । विधाय पुस्तिकामेकां सोऽरक्षत्स्वान्तिके सदा ॥ २४
श्रीद्भागवतादीनि प्रत्यहं तस्य श्रृण्वतः । उपास्यधीः कृष्ण एव सुदृढा समवर्तत ॥ २५
ततः पिता ददौ स्वीयसम्प्रदायानुसारतः । सामान्यां वैष्णवीं दीक्षां तस्मै तां प्राप्तुमिच्छते ॥ २६
मन्त्रमष्टाक्षरं कार्ष्णं दत्त्वा च त्र्यक्षरं ततः । उपादिशच्च सद्धर्मांस्तस्मै विनयशालिने ॥ २७
ततस्तदुक्तरीत्यैव कृष्णार्चामाचरन्मुदा । पालयामास सकलान् स्वस्मिन् सिद्धान्स्वतो वृषान् ॥ २८
ब्रह्मचर्यव्रतं भूमौ पोषयंल्लोकदुष्करम् । ईशोऽपि जनशिक्षार्थमाचचार स्वयं नृप ! ॥ २९
कृष्णमित्थं भजन्नित्यं सच्छास्त्राभ्यासमाचरन् । जनेरेकादशं वर्षं हरिशर्मा स आप्तवान् ॥ ३०

---

સુંદર, સ્પષ્ટ અને સૂક્ષ્મ અક્ષરોથી કાગળમાં લખી એક નાની પુસ્તિકા બનાવી, સદાય પોતાની સાથે રાખતા. [૨૩-૨૪] પ્રતિદિન શ્રીમદ્ભાગવતાદિ સત્શાસ્ત્રોનું શ્રવણ કરતા રહેતા હોવાથી શ્રીહરિને ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માને વિષે જ એક સુદઢ ઉપાસ્ય બુદ્ધિ થઈ. ત્યારપછી સામાન્ય વૈષ્ણવી દીક્ષા પ્રાપ્ત કરવા ઇચ્છતા શ્રીહરિને ઉદ્ધવસંપ્રદાયના આચાર્યપદે રહેલા પિતા ધર્મદેવે સંપ્રદાયની રીત અનુસાર દીક્ષા અર્પણ કરી. તેમાં ધર્મદેવ વિવેકશીલ પોતાના પુત્ર શ્રીહરિને શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રનો ઉપદેશ કર્યો. ત્યારપછી ત્રણ અહિંસાદિ સદ્ધર્મનો પણ ઉપદેશ કર્યો. [૨૫-૨૭]

હે રાજન્ ! ત્યારપછી શ્રીહરિ પિતા ધર્મદેવે ઉપદેશેલી રીતિ મુજબ જ અતિ હર્ષથી ભગવાન શ્રીકૃષ્ણનું પ્રતિદિન પૂજન કરતા અને સ્વસ્વરૂપમાં સ્વાભાવિકી અખંડ સ્થિતિ હોવા છતાં તથા સર્વે ધર્મો પોતાના સ્વરૂપમાં સદાય રહેલા હોવા છતાં લોકશિક્ષણને માટે તેનું યથાર્થ પાલન કરતા હતા. વળી હે રાજન્ ! મનુષ્યોને માટે અતિ દુષ્કર એવા અષ્ટપ્રકારના બ્રહ્મચર્યવ્રતને આ પૃથ્વી ઉપર સારી રીતે પોષવા માટે સ્વયં પરમાત્મા હોવા છતાં શ્રીહરિ લોક શિક્ષાને માટે યથાર્થ પાલન કરતા હતા. [૨૮-૨૯] હે રાજન્ ! આ પ્રમાણે સાક્ષાત્ સ્વયં જ શ્રીકૃષ્ણ ભગવાન હોવા છતાં, જનશિક્ષાને માટે સત્શાસ્ત્રનો અભ્યાસ અને નિરંતર ભગવાનની ભક્તિ કરતા ધર્મપુત્ર શ્રીહરિને જન્મથી અગિયારમું વર્ષ પ્રાપ્ત થયું. [૩૦] તે સમયે અશ્વત્થામાના શાપને કારણે વિના શસ્ત્રે ફરતા એવા અને પોતાના એક માત્ર શત્રુ, ધર્મપુત્ર શ્રીહરિને મારવાને માટે પ્રયત્નશીલ થયેલા અનેક અસુરો વારંવાર ટોળામાં મળી અયોધ્યાપુરીમાં આવી આંટા મારવા લાગ્યા. તે અસુરોએ

असुराः शतशस्तत्र मिलित्वा यूथशो मुहुः । आययुः स्वरिपुं कृष्णं विशस्त्रं हन्तुमुद्यताः ॥ ३१
दम्भात्तवैष्णवाकल्पा बलिनोऽरुणलोचनाः । करालकरवालादिशस्त्रपाणय उन्मदाः ॥ ३२
सर्वेऽपि ते नीलकण्ठयोगेनैव विमोहिताः । परस्परोत्थारिभावा जघ्नुः शस्त्रैः परस्परम् ॥ ३३
यथा संशप्तकाः पूर्वं त्वाष्ट्रास्त्रेण किरीटिनः । मूढाः परस्परं हत्वा मृतास्तेऽपि तथा मृताः ॥ ३४
तत्रागतांस्तु देवारीन्पराभाव्येत्थमीश्वरः । ऐच्छत्पराभावयितुं देशान्तरगतानपि ॥ ३५
ऊर्जे व्रतस्थाऽथ भक्तिः शुक्लाष्टम्यां महानिशि । प्राप ज्वरं व्रतकृशा शिथिलाङ्गाऽऽस तेन सा ॥ ३६

---

દંભથી વૈષ્ણવી ભક્તોનો વેષ ધાર્યો હતો. પરંતુ શરીરે મહાબળવાન અને મદોન્મત્ત જણાતા એ અસુરોના નેત્રો લાલચોળ હતાં, અને હાથમાં ભયંકર તલવારાદિ શસ્ત્રો ધારણ કર્યાં હતાં [૩૧-૩૨]

**દંભીઅસુરોનો કરેલો પરાભવ :–** મારવા આવેલા તે સર્વે અસુરો ધર્મપુત્ર નીલકંઠના યોગપ્રભાવથી પરસ્પર મોહ પામ્યા. તેથી પરસ્પર શત્રુભાવ ઉત્પન્ન થયો, 'આ જ નીલકંઠ છે' એમ પરસ્પર માની અંદરોઅંદર એક બીજાનો સંહાર કરવા લાગ્યા. જેવી રીતે સંશપ્તક નામના ક્ષત્રિયો અર્થાત્ એકવાર પ્રતિજ્ઞા કરી યુદ્ધમાં ઉતરે પછી કદી પાછા ન હટે, તેવા ક્ષત્રિયો પૂર્વ મહાભારતના યુદ્ધમાં ઉતર્યા, ત્યારે અર્જુનના 'ત્વાષ્ટ્ર' નામના અસ્ત્રથી પરસ્પર મોહ પામી એક બીજાને અર્જુન માની પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા અને નાશ પામ્યા. તેવી જ રીતે અહીં અયોધ્યાપુરીમાં પણ સર્વે અસુરો પરસ્પર સૌને નીલકંઠ માની લડીને નાશ પામ્યા. [૩૩-૩૪]

**ભક્તિમાતાએ સ્વીકારેલી અંતિમ તાવની બિમારી :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સકલ ઐશ્વર્યસંપન્ન શ્રીહરિએ ત્યાં રહેલા સમસ્ત અસુરોનો નાશ કર્યો. હવે દેશદેશાંતરમાં રહેલા અસુરોનો પણ નાશ કરવાની ઈચ્છા કરી. એમ કરતાં સંવત ૧૮૪૮ના કાર્તિક માસનો સમય આવ્યો. ભક્તિમાતા કાર્તિકીવ્રતનું અનુષ્ઠાન કરતાં હતાં. તેથી તેમનું શરીર અતિ કૃશ થઇ ગયું હતું. કારતક સુદ આઠમની રાત્રીએ ભક્તિમાતાના શરીરે તાવ આવ્યો, તેથી શરીરનાં અવયવો શિથિલ થયાં. [૩૫-૩૬] રામપ્રતાપ આદિ સંબંધીજનોએ સારા સારા વૈદ્યોને પોતાના ઘેર બોલાવી સૌ પોતપોતાની બુદ્ધિ અને જાણકારી અનુસાર સારવાર કરાવવા લાગ્યા. તે વૈદ્યોએ પણ તાવનો પ્રતિકાર કરવા અનેક ઉપાયો

रामप्रतापप्रमुखा आनीय भिषजो गृहे । कुर्वन्ति स्म यथाबुद्धि बन्धवस्तत्प्रतिक्रियाम् ॥ ३७
कृतस्तै रुक्प्रतीकारो नासीत्तत्तापशान्तये । नवम्या निशितां कृष्णो बोधयामास मातरम् ॥ ३८
अन्तकालं विदंस्तस्याः सेवमानश्च तां स तु । उपविश्यान्तिके प्राह ददत्स्वज्ञानमिच्छया ॥ ३९
सच्छास्त्रसम्मतं मातः ! श्रृणु मद्वचनं हितम् । मायैव विष्णोः सर्वेषामस्ति संसृतिकष्टदा ॥ ४०
तस्यास्तु सन्निवृत्तिः स्यात्कृष्णे भक्त्यातितीव्रया । स्वधर्मज्ञानवैराग्योपेतया मनसि स्थिरे ॥ ४१
मायायास्तरणोपायो मूलस्य सकलापदाम् । एष एव समीचीनो भवतीत्येव भाति मे ॥ ४२
एवं साङ्ख्यं च योगश्च पञ्चरात्रमुखान्यपि । वदन्ति किल शास्त्राणि तद्विदश्च महर्षयः ॥ ४३

**सुव्रत उवाच –**

पुत्रस्येत्थं वचस्तस्याः श्रृण्वत्याः सादरं नृप ! । स्मृतिर्बभूव हृदये यथा पूर्वं तदिच्छया ॥ ४४

---

કર્યા છતાં તાવની પીડા શાંત થઈ નહિ એમ કરતાં નવમીની રાત્રી આવી, માતાની સેવા કરતા શ્રીહરિ ભક્તિમાતાને બોધ આપતાં કહેવા લાગ્યા. ૩૭-૩૮

**શ્રીહરિએ માતાને આપેલું સ્વ-સ્વરૂપનું જ્ઞાન :-** માતાનો અંતકાળ નજીકમાં જ આવ્યો છે' એમ જાણી માતાની સેવા કરી રહેલા શ્રીહરિએ પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવાની ઈચ્છાથી માતાની નજીક બેસી કહેવા લાગ્યા. હે મા ! સત્શાસ્ત્રોના પ્રમાણવાળું અને સર્વનું તથા તમારું હિત કરનારું મારું વચન સાંભળો. હે મા ! ભગવાન વિષ્ણુની માયા છે તે જ જીવપ્રાણીમાત્રને જન્મ મરણના પ્રવાહરૂપ આ સંસારમાં દુઃખ આપનારી છે. ૩૯-૪૦ હે મા ! સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત અતિ તીવ્ર પ્રેમપૂર્વકની ભક્તિ વડે ભગવાનના સ્વરૂપને વિષે જ્યારે મન સ્થિર થાય છે. ત્યારે માયાની સંપૂર્ણપણે નિવૃત્તિ થાય છે. આનાથી બીજો કોઈ શ્રેષ્ઠ ઉપાય નથી. 'માયા છે તે સર્વે આપત્તિઓનું મૂળ છે તેને છેદવાનું શ્રેષ્ઠ સાધન એક ભગવદ્ભક્તિયોગ જ છે. એમ હું માનું છું.' હે મા ! જે મેં કહ્યું તેજ સાંખ્ય, યોગ, પંચરાત્ર આદિ સત્શાસ્ત્રો કહે છે અને તેમના જ્ઞાતા મહર્ષિઓ પણ તે જ કહે છે. ૪૧-૪૩

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પરમ સ્નેહી પોતાના પુત્ર શ્રીહરિના મુખકમળમાંથી નીકળતાં વચનામૃતને પરમ આદરથી સાંભળતાં મા ભક્તિને પૂર્વે કાલિદત્ત અસુરના નાશના સમયની જેમ ભગવાન શ્રીહરિની ઈચ્છાથી અત્યારે પણ 'મારા પુત્ર સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે' એવું જ્ઞાન થયું. ત્યારપછી વર્ણિવેષે પોતાની સમીપે બેઠેલા પોતાના પુત્રને 'સાક્ષાત્ નારાયણ છે' એમ જાણી અતિશય

वर्णिवेषं ततः पुत्रं नारायणमवेत्य तम् । प्रपेदे शरणं प्रीता विरक्ताऽन्यत्र वस्तुषु ॥ ४५

उत्थाय बद्धाञ्जलियुग्ममस्मै नत्वोपविश्याग्रत एव चास्य ।
सम्प्राप्तसंसारविमुक्तिबुद्धिः पप्रच्छ निःश्रेयससाधनं सा ॥ ४६

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे विद्याध्ययनसामान्य दीक्षाग्रहणासुरयूथनिघातनिरूपणं नामैकत्रिंशोऽध्यायः ॥ ३१ ॥*

---

**પ્રસન્ન થયાં. અને જગતના પદાર્થોમાંથી વૈરાગ્ય થયો, તેથી શ્રીહરિને શરણે થયાં. ઢોલિયામાંથી મા ભક્તિ તત્કાળ બેઠાં થયાં. બેહાથ જોડી શ્રીહરિને પ્રણામ કર્યા. શ્રીહરિની આગળ સ્વસ્થ ચિત્તે બેસી અંતરમાં સંસારના બંધનોમાંથી મુક્ત થવાની ઈચ્છા થઈ છે. તેથી પૂર્વે સંક્ષેપથી સાંભળ્યું હોવા છતાં પણ આત્યંતિકમોક્ષનું સાધન વિસ્તારથી પૂછવા લાગ્યાં.** [૪૪-૪૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મ શાસ્ત્રના પ્રથમ પ્રકરણમાં શ્રીહરિએ વિદ્યાનો અભ્યાસ કર્યો, પિતા પાસેથી સામાન્ય દીક્ષા ગ્રહણ કરી અને આવેલા અસુરોના સમૂહોનો સંકલ્પમાત્રથી વિનાશ કર્યો તથા મા ભક્તિને તાવ આવ્યો એ પ્રસંગનું નિરૂપણ કર્યું એ નામે એકત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૧--***

---

द्वात्रिंशोऽध्यायः

हरिगीता - पञ्चाध्यायी सुव्रत उवाच -

सर्वसद्गुणसम्पन्ना माता प्रेमवती हरिम् । नारायणावतारं स्वं पुत्रं प्रोवाच भूपते ! ॥ १

प्रेमवत्युवाच -

नमस्तुभ्यं भगवते हरये कष्टहारिणे । नारायणाय ऋषये प्रपद्याय मुमुक्षुभिः ॥ २

अज्ञानस्य निवृत्तिः स्यान्मायाख्यस्य यथाञ्जसा । हरे ! संसृति मूलस्य तथा मामनुशाधि भोः ! ॥ ३

ग्राम्यसौख्यविरक्ताऽहं त्वां प्रपन्नाऽस्मि सन्मते! । अतो मुमुक्षवे मह्यं वक्तुमर्हसि यद्धितम् ॥ ४

जानामि त्वामहं साक्षान्नारायणमृषिं प्रभुम् । कृतावतारं क्षेमाय भूतले सर्वदेहिनाम् ॥ ५

स त्वं ममाज्ञानमपाहाराशु यथा तमोऽर्कः प्रकटप्रतापः ।

स्वमायया गोपितदिव्यभावः सम्प्रार्थयामीति भवन्तमीशम् ॥ ६ ॥

---

## અધ્યાય - ૩૨

## મા પ્રેમવતીના પ્રશ્નથી શ્રીહરિગીતાનો પ્રારંભ.

સુવ્રતમુનિ કહે છે. હે રાજન્ ! સર્વ સદ્‌ગુણોથી સંપન્ન, ભગવાનનાં માતા પ્રેમવતી, સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણના અવતાર એવા પોતાના પુત્ર શ્રીહરિને પૂછવા લાગ્યાં [૧] પ્રેમવતી કહે છે, હે પ્રભુ ! તમને મારા નમસ્કાર. તમે સકલ ઐશ્વર્ય સંપન્ન ભગવાન છો. તમે શરણાગતની મહા આપત્તિઓને પણ હરનારા હરિ છો. તમે સાક્ષાત્ નારાયણઋષિ છો. એથી મુમુક્ષુઓને માટે એક આશ્રય કરવા યોગ્ય છો. માટે હે હરિ ! તમે કહ્યું જે ‘માયા જન્મ મરણ રૂપ સંસારનું મૂળ કારણ છે.’ જીવને બંધન કરનાર તે માયારૂપી અજ્ઞાનની નિવૃત્તિ જે ઉપાયવડે થાય તેવું સાધન મને યથાર્થ જણાવો. [૨-૩]

હે સૌને સન્મતિ પ્રદાન કરનારા પ્રભુ ! હું ભક્તિ, તમારે શરણે આવી છું. મને જગતનાં સાંસારિક સુખોમાંથી વૈરાગ્ય થયો છે. તેથી મુમુક્ષુ એવી મને, તમે મારું હિત થાય તેવું પરમ કલ્યાણકારી સાધન યથાર્થ રીતે કહો. કારણ કે તમે આ પૃથ્વી ઉપર સમસ્ત જીવ પ્રાણીમાત્રનું કલ્યાણ કરવા માટે જ પ્રગટ થયેલા સાક્ષાત્ નારાયણ ઋષિ છો, એમ હું જાણું છું. હે હરિ ! સૂર્ય જેમ બાહ્ય અંધકારનો નાશ કરે, તેમ પ્રગટ પ્રતાપી એવા તમે મારા અંતરના અંધકારનો તત્કાળ વિનાશ કરો. મનુષ્યની જેમ વર્તતા તમે તમારા દિવ્ય સંકલ્પથી તમારું અલૌકિક દિવ્ય ઐશ્વર્ય

सुव्रत उवाच –

एवं जनन्या प्रणयेन पृष्टो हरिः स्वतःसिद्धविशुद्धबोधः ।
मुमुक्षुवेऽध्यात्मिकशास्त्रमाद्यं प्रीतः स तस्यै नृपते ! जगाद ॥ ७ ॥

श्रीहरिरुवाच –

श्रृणु मातर्हितं वच्मि भवत्यै शास्त्रसम्मतम् । मुमुक्षवे विरक्तायै निर्णीतं वेदवेदिभिः ॥ ८
श्रीकृष्णो भगवान् साक्षाद्यो विष्णुः पुरुषोत्तमः । स एव सर्वभावेन सेवनीयो मुमुक्षुभिः ॥ ९
तस्यैव मायया लोको मोहितो याति संसृतिम् । अतस्तं ये प्रपद्यन्ते तां तरन्ति त एव हि ॥ १०
सतां सङ्गेन बुद्ध्वाऽऽदौ तन्माहात्म्यं तदाप्तया । स्वधर्मज्ञानवैराग्ययुजा भक्त्या स सेव्यताम् ॥ ११
युक्ताङ्गैस्तु स्वधर्माद्यैस्त्रिभिर्भक्तिर्महाव्रते ! । क्वापि केनापि विघ्नेन नैवेह प्रतिहन्यते ॥ १२

---

છુપાવ્યું છે. માટે હે ઈશ ! તમારા ચરણકમળમાં હું પ્રાર્થના કરું છું. [૪-૬]

**આત્યંતિક મોક્ષનું સાધન શરણાગતિ :–** સુવ્રતમુનિ કહે છે હે રાજન્ ! આ પ્રમાણે માતા પ્રેમવતીએ પ્રેમથી પ્રાર્થના કરી તેથી સ્વતઃસિદ્ધ વિશુદ્ધ જ્ઞાની પરમાત્મા શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. અને મુમુક્ષુ માતા ભક્તિને આત્મા પરમાત્મા સંબંધી સનાતન અધ્યાત્મ શાસ્ત્રનો ઉપદેશ કરવા લાગ્યા. [૭] શ્રી હરિ કહે છે, હે મા ! તમે મુમુક્ષુ છો, સંસારમાંથી વિરક્ત છો. એથી જ તમારું હિત થાય તેવું મોક્ષનું સાધન હું તમને જણાવું છું. જે સાધન સર્વ શાસ્ત્રોને માન્ય છે અને શાસ્ત્રોને જાણનારા ઋષિમુનિઓએ પણ નિર્ણીત કરેલું છે. [૮] હે મા ! સર્વાન્તર્યામી, વિષ્ણુ, પુરુષોત્તમનારાયણ એવા સાક્ષાત્ શ્રીકૃષ્ણ પરમાત્મા, એક જ મુમુક્ષુજનોને સર્વપ્રકારે આરાધના કરવા યોગ્ય અને ભજવા યોગ્ય છે. તેમની જ માયાને કારણે મોહ પામેલો જીવ સમુદાય જન્મમરણરૂપ સંસૃતિમાં ભમ્યા કરે છે. તેમાંથી જે જીવ પરમાત્માને શરણે જાય છે તે જ તેમની માયાને તરી શકે છે. અનન્ય શરણાગતિ સિવાય આત્યંતિક મોક્ષ કદાપિ શક્ય નથી. [૯-૧૦]

**પરમાત્માને શરણે જવાની રીત અને તેનું ફળ :–** હે મા ! સર્વપ્રથમ સંતોના સમાગમથી તે પરમાત્માનો મહિમા જાણવો. અને પછી મહિમા જાણવાથી પ્રાપ્ત થયેલા સ્વધર્મ જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત તેની એકાંતિકી ભક્તિથી એ પરમાત્માનું સેવન ભજન કરવું. હે મહાવ્રતધારી મા ! આવી રીતે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત ભક્તિ કોઈ કરે તો તેમાં કોઈ પણ વિઘ્નો ક્યારેય પણ પરાભવ કરી શક્તાં નથી. પરંતુ વિષમ દેશકાળના યોગે કરીને જો એ ભક્તિમાં કે તેના

एतेष्वेकतमेनापि सा हीनाङ्गेन चेद्भवेत् । देशकालादिवैषम्ये तस्यां विघ्नो भवेद्ध्रुवम् ॥ १३
कार्यकारणरूपाया मायायाः सर्वथैव तु । विनिवृत्तिस्तयैव स्यान्नान्योपायेन वै नृणाम् ॥ १४
तस्यां तु विनिवृत्तायां शुद्धः कृष्णस्य सेवकः । परमं याति तद्धाम यद्ब्रह्मेत्याहुरागमाः ॥ १५
अनन्तं चाक्षयं तस्मिन्कालमायाभयोज्झिते । धाम्नि सौख्यं समाप्नोति स्वमनोवाञ्छितं च सः ॥ १६

**सुव्रत उवाच –**

वेदशास्त्रपुराणानां पञ्चरात्रागमस्य च । सिद्धान्तं पुत्रवाक्यं सा श्रुत्वोवाच पुनः प्रसूः ॥ १७

**प्रेमवत्युवाच –**

सर्वशास्त्रार्थतत्त्वज्ञ ! सिद्धान्तोऽयं त्वयोदितः । साङ्गया कृष्णभक्त्यैव मायाया यन्निवर्तनम् ॥ १८
तदेतत्तत्त्वतः सर्वं विवित्सामि महामते ! । योषाया मे यथा बोधः स्यात्तथा वक्तुमर्हसि ॥ १९
हरेर्माहात्म्यबोधाद्या स्वधर्माद्यङ्गसंयुता । भक्तिः प्राप्या यतस्तेषां ब्रूहि लक्ष्माणि मे सताम् ॥ २०

---

**ત્રણ અંગમાં કાંઈ પણ ઉણપ સર્જાય તો તેમાં જરૂરથી વિઘ્નો પરાભવ કરે છે.** [૧૧-૧૩] **ભગવાનનું ભજન કરનાર ભક્તજનોની કાર્ય અને કારણરૂપ માયાની સર્વપ્રકારે નિવૃત્તિ તો એક માત્ર ત્રણ અંગોએ સહિત ભક્તિરૂપી સાધનથી જ થાય છે. માયાની નિવૃત્તિનો અન્ય કોઈ ઉપાય જ નથી. અને આવી માયાની જ્યારે સંપૂર્ણપણે નિવૃત્તિ થાય છે ત્યારે જ ભગવાનનો એકાંતિક ભક્ત તેમના પરમ ધામને પામે છે. જે ધામને વેદો 'બ્રહ્મ' એવા નામથી કહેછે. જ્યાં મહાકાળ અને મહામાયાનો પણ ભય નથી એવા અક્ષરબ્રહ્મધામને વિષે એ એકાંતિક ભક્ત અનંત અપાર અને અવિનાશી એવા મનોવાંછિત અતિશય દિવ્યસુખને પ્રાપ્ત કરે છે.** [૧૪-૧૬]

**હે રાજન્ ! પોતાના પુત્રનાં વેદ, શાસ્ત્ર, પુરાણ અને પંચરાત્ર આગમનાં સિદ્ધાંતરૂપ વચનો સાંભળી મા ભક્તિ ફરી પૂછવા લાગ્યાં** [૧૭]

**વિસ્તારપૂર્વક જાણવા મા પ્રેમવતીનો પુનઃ પ્રશ્ન :–** **પ્રેમવતી કહેછે, હે સકલ શાસ્ત્રના તત્ત્વવેતા ! "સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય- આ ત્રણ અંગે સહિત ભગવાનની અનન્ય ભક્તિરૂપી સાધનથી કાર્યકારણરૂપ માયાની નિવૃત્તિ થાય છે." આ સિદ્ધાંત તમે જે કહ્યો. તેના સ્વરૂપને વિસ્તારપૂર્વક હું યથાર્થ જાણવા ઈચ્છું છું. હે મહાબુદ્ધિમાન્ ! હું સ્ત્રી છું મને જે રીતે સરળતાથી યથાર્થ બોધ થાય તે રીતે તમે વર્ણન કરો.** [૧૮-૧૯] **બીજું કે તમે કહ્યું કે સંતો પાસેથી ભગવાનના સ્વરૂપના મહિમાનું જ્ઞાન તથા સ્વધર્માદિ અંગોએ સહિત ભક્તિનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તો તે સંતો કેવા હોય ? તેનાં લક્ષણો પણ મને જણાવો. તેવીજ રીતે હે હરિકૃષ્ણ**

धर्मादीनां लक्षणानि विविच्य च पृथक् पृथक् । ब्रूहि मे तत्त्वतः कृष्ण ! सर्वज्ञोऽस्ति यतो भवान् ॥ २१

**सुव्रत उवाच –**

जनन्येत्थं स आपृष्टः पुरातनमुनिर्हरिः । तामुवाचादृतस्तस्याः सद्धर्मादिविवित्सया ॥ २२

**श्रीहरिरुवाच –**

समीचीनं त्वया पृष्टमिदं सर्वहितावहम् । आत्मनः श्रेय इच्छन्त्या मातर्वेद्यं बुधैरपि ॥ २३
साङ्गाया हेतुभूतानां भक्तेरादौ सतां सति ! । लक्षणानि ब्रुवे तुभ्यं सेव्यानां हि मुमुक्षुभिः ॥ २४
दयालवः क्षमाशीलाः सर्वजीवहितेच्छवः । तितिक्षवश्चानसूयाः शान्ता अनुदितारयः ॥ २५
अनीर्ष्यवश्च निर्वैरा निर्मानाश्च विमत्सराः । यथोचितं मानदाश्च प्रियसत्यगिरस्तथा ॥ २६
जितकामा जितक्रोधा जितलोभाश्च निर्मदाः । अहन्ताममताहीनाः स्वधर्मदृढवर्तनाः ॥ २७
निर्दम्भाः शुचयो दान्ता ऋजवो मितभाषिणः । जितेन्द्रिया अप्रमत्ता निर्द्वन्द्वा धैर्यशालिनः ॥ २८

---

! તમે સર્વજ્ઞછો, તેથી સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં લક્ષણો પણ જુદાં જુદાં વિવેચન કરીને યથાર્થપણે મને સમજાવો. ૨૦-૨૧

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ધર્મ, જ્ઞાન આદિના સ્વરૂપને યથાર્થ જાણવાની ઈચ્છાથી મા ભક્તિએ આ પ્રમાણે પ્રશ્ન કર્યો ત્યારે અનાદિસિદ્ધ પુરાતનમુનિ નૈષ્ઠિકવર્ણિવેષધારી ભગવાન શ્રીહરિ અતિ આદરપૂર્વક મા ભક્તિ પ્રત્યે કહેવા લાગ્યા. ૨૨ હે મા ! આત્મકલ્યાણ ઈચ્છતાં તમારો આ પ્રશ્ન અતિ સુંદર છે. તેમાં સર્વ જીવપ્રાણીમાત્રનું હિત રહેલું છે, અને જ્ઞાની પુરૂષોએ પણ આ તમારો પ્રશ્ન સમજવા યોગ્ય છે. તેથી હે સતી ! મા ! મુમુક્ષુઓને માટે સમાગમ કરવા યોગ્ય તથા સ્વધર્માદિ અંગોએ સહિત ભક્તિને પ્રાપ્ત કરાવી આપવામાં કારણભૂત એવા પવિત્ર સત્પુરૂષોનાં લક્ષણો પ્રથમ તમને કહું છું. ૨૩-૨૪

**શરણું લેવા યોગ્ય સત્પુરૂષોનાં લક્ષણો :–** જે દયાળુ હોય, ક્ષમાશીલ હોય, સર્વજીવોનું હિત કરનારા હોય, પ્રારબ્ધનાં સુખદુઃખને સહન કરનારા હોય, અસૂયાએ રહિત હોય, શાંત હોય, અજાતશત્રુ હોય, ઈર્ષારહિત હોય, કોઈની સાથે વૈરબુદ્ધિ ન રાખતા હોય, નિર્માની હોય, મત્સરરહિત હોય, યોગ્યતાને અનુસાર અન્યને માન આપનારા હોય, પ્રિય એવી સત્યવાણી બોલનારા હોય, કામ ક્રોધ અને લોભ ઉપર જેણે વિજય મેળવ્યો હોય, મદરહિત હોય, અહંતા અને મમતાથી પર વર્તતા હોય, સ્વધર્મમાં દૃઢ હોય, દંભરહિત હોય, અંદર અને બહાર પવિત્ર રહેતા હોય, બ્રાહ્ય ઈન્દ્રિયોનું દમન કરનારા હોય,

आकूतिचित्तिचापल्यरहिता निष्परिग्रहाः । बोधने निपुणा आत्मनिष्ठः सर्वोपकारिणः ॥ २९
निर्भया निरपेक्षाश्च द्यूतादिव्यसनोज्झिताः । श्रद्धालव उदाराश्च तपोनिष्ठ निरेनसः ॥ ३०
त्यक्तग्राम्यकथावार्ताः सच्छास्त्रव्यसनास्तथा । विषयासक्तिरहिता आस्तिकाश्च विवेकिनः ॥ ३१
मद्यमांसादिसंसर्गरहिताश्च दृढव्रताः । पैशुन्यस्तैन्यहीनाश्चा परगुह्याप्रकाशकाः ॥ ३२
जितनिद्रा जिताहाराः सन्तुष्टाः स्थिरबुद्धयः । अहिंसवृत्तयोऽतृष्णाः सुखदुःखसमास्तथा ॥ ३३
अकार्यलज्जाः स्वश्लाघान्यनिन्दाभ्यां विवर्जिताः । यथोक्तब्रह्मचर्याश्च यमैश्च नियमैर्युताः ॥ ३४
जितासना जितप्राणाः श्रीकृष्णाङ्घ्रिदृढाश्रयाः । कृष्णभक्तिपरा नित्यं कृष्णार्थसकलक्रियाः ॥ ३५
अवतारचरित्राणि कृष्णस्यानुदिनं मुदा । श्रृण्वन्तः कीर्तयन्तश्च कृष्णध्यानपरायणाः ॥ ३६

---

જિતેન્દ્રિય હોય, સ્વધર્મપાલનમાં સાવધાન હોય, સુખ-દુઃખ, માન-અપમાન અને હર્ષ-શોકના દ્વન્દ્વે રહિત હોય, ધીરજવાન હોય, કર્મ-ઈન્દ્રિયો અને જ્ઞાન-ઈન્દ્રિયોની ચપળતાએ રહિત હોય, પરિગ્રહ કરતા ન હોય, જીવોને જ્ઞાનવાર્તાનો બોધ કરવામાં નિપુણ હોય, ત્રણદેહ અને ત્રણ અવસ્થાથી પર આત્મસ્વરૂપમાં નિષ્ઠાવાળા હોય, સર્વજીવપાણી ઉપર ઉપકાર કરનારા હોય, હમેશાં નિર્ભયપણે વર્તતા હોય, માયિક પદાર્થોના ઉપભોગની અપેક્ષા ન હોય, જુગાર આદિ વ્યસનથી રહિત હોય, નિયમો પાળવામાં શ્રદ્ધાવાળા હોય, ઉદાર સ્વભાવના હોય, તપ કરવામાં નિષ્ઠાવાળા હોય, નિષ્પાપી હોય, ગ્રામ્યવાર્તાઓ ક્યારેય ન કરતા હોય, સત્શાસ્ત્રોના વ્યસની હોય, પ્રાપ્ત થતા પંચ વિષયોમાં આસક્તિએ રહિત હોય, અનાસકત અને વિવેકી હોય, મદ્યમાંસાદિકના સંસર્ગે રહિત હોય, નિયમપાલનમાં દૃઢ હોય, કોઈની ચાડીચુગલી ન કરતા હોય, ચોરીનું કર્મ ન કરતા હોય, બીજાની ગુપ્ત વાતને ક્યારેય પ્રકાશ ન કરતા હોય, નિદ્રાને જીતીને વર્તતા હોય, આહાર ઉપર વિજય મેળવ્યો હોય, સંતોષી હોય, સ્થિરબુદ્ધિવાળા હોય, અહિંસામય વૃત્તિવાળા હોય, તૃષ્ણાએ રહિત વર્તતા હોય, સુખ અને દુઃખમાં અર્થાત્ પોતાને અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં સમદર્શી હોય, શાસ્ત્રનિષિદ્ધકર્મ કરવામાં લજ્જાવાળા હોય, સ્વશ્લાઘા અને પરનિંદાનો ત્યાગ કરનારા હોય, શાસ્ત્રોક્ત બ્રહ્મચર્યવ્રતનું પાલન કરનારા હોય, યમ અને નિયમોથી યુક્ત વર્તતા હોય, આસનને જીત્યું હોય, પ્રાણ ઉપર પણ વિજય મેળવ્યો હોય, ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમળનો જેને એક દૃઢ આશરો હોય, સદાય ભગવદ્ભક્તિપરાયણ જીવન જીવતા હોય, નિત્ય ભગવાનને અર્થે જ સર્વ ક્રિયા કરનારા હોય, પ્રેમથી નિત્ય ભગવાનના અવતાર

अयातभगवद्भक्तिवर्जितक्षणमात्रकाः । एवं लक्षणसम्पन्ना ज्ञेयाः सन्तस्त्वयानघे ! ॥ ३७
एतेषामेव सङ्गेन साङ्गाभक्तिर्मुमुक्षुभिः । कृष्णस्य प्राप्यते नूनं माहात्म्यज्ञानपूर्विका ॥ ३८
एभ्यः कृष्णावताराणां चरित्रश्रवणं भवेत् । अद्भुतानां चरित्राणां कृष्णस्य च भवेच्छ्रुतिः ॥ ३९
गोलोकाक्षरवैकुण्ठादिषु धामसु यत्प्रभोः । अनन्तमस्ति चैश्वर्यं तदप्येभ्योऽवगम्यते ॥ ४०
तथा क्षीरार्णवस्थस्य व्याप्तस्य ब्रह्मतेजसा । श्वेतद्वीपस्य माहात्म्यमेभ्य एवावगम्यते ॥ ४१
बृन्दावनस्य द्वार्वत्या विशालायाश्च बुध्यते । अत्रत्यभगवद्धाम्नां माहात्म्यं चैभ्य एव हि ॥ ४२
पुलहाश्रममुख्यानां क्षेत्राणां महतामपि । गङ्गायम्यादितीर्थानां खण्डेऽस्मिन्भरते सताम् ॥ ४३
महात्म्यं कृष्णसम्बन्धाद्यद्यदस्त्यद्भुतं सतः । तत्तच्चैभ्यः सर्वमपि ज्ञायते श्रोतृभिर्जनैः ॥ ४४
सद्भ्य एतच्छ्रुतेः कृष्णमाहात्म्यं सम्यगीयते । तेनैव भक्तिः कृष्णे स्यात्स्वधर्मादिभिरन्विता ॥ ४५

---

ચરિત્રોનું શ્રવણ અને કીર્તન કરનારા હોય, ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપના ધ્યાનપરાયણ જીવન જીવતા હોય, અને ભગવાનની ભક્તિ વિનાની ક્ષણ પણ વ્યર્થ ગુમાવતા ન હોય, હે નિષ્પાપ મા ! આવાં લક્ષણોથી સંપન્ન હોય તેને સંત જાણવા.[૨૫-૩૭]

હે મા ! આવા સંતના પ્રસંગથી જ ભગવાનની માહાત્મ્યજ્ઞાને સહિત એકાંતિકી ભક્તિ પ્રગટ થાય છે, અને આવા સંત થકી જ ભગવાન અને ભગવાનના અવતારોની અતિ અદ્‌ભૂત પાવનકારી ચરિત્રોની કથા સાંભળવા મળે છે.[૩૮-૩૯] ભગવાનના ગોલોક, વૈકુંઠ તથા અક્ષર આદિક ધામોમાં ભગવાનનાં જે અનંત અપાર ઐશ્વર્યો રહેલાં છે, તે પણ આવા સંતોના પ્રસંગથી મુમુક્ષુ જાણી શકે છે.[૪૦] તેવી રીતે ક્ષીરસાગરને કિનારે આવેલા અને બ્રહ્મતેજથી સભર એવા શ્વેતદ્વિપ ધામનો મહિમા પણ તેમના થકી જ સમજાય છે.[૪૧] વૃંદાવન, દ્વારિકા બદરિકાશ્રમ વગેરે આ ધરતીપરનાં ભગવાનનાં ધામનો મહિમા પણ આવા સંતો થકી જ જાણવામાં આવે છે. આ ભારતવર્ષના પુલહાશ્રમ આદિ પવિત્ર ક્ષેત્રોનો તથા શોભાયમાન પવિત્ર ગંગા, યમુના આદિક તીર્થોનો મહિમા પણ આવા સંતો થકી જ સમજાય છે. [૪૨-૪૩] હે મા ! ભગવાન શ્રીકૃષ્ણ સંબંધી જે કાંઇ અદ્‌ભૂત આશ્ચર્યો રહેલાં હોય તે સર્વેનું માહાત્મ્ય મુમુક્ષુ શ્રોતાજનોને આવા સંતો થકીજ જાણવા મળે છે. પ્રથમ સંતો થકી ભગવદ્‌ચરિત્રોનું શ્રવણ થાય છે. તે શ્રવણ થકી જ ભગવાનનો મહિમા સારી પેઠે સમજાય છે, તેણે કરીને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત ભગવાનને વિષે ભક્તિ પ્રગટ થાય છે. [૪૪-૪૫]

दृष्टाः स्पृष्टा नता वा कृतपरिचरणा भोजिताः पूजिता वा
सद्यः पुंसामघौघं बहुजनिजनितं घ्नन्ति ये वै समूलम् ।
प्रोक्ताः कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातं
तेषां मातः ! प्रसङ्गात्किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षोः ॥ ४६

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिगीतायां सत्पुरुषलक्षणनिरूपणनामाद्वात्रिंशोऽध्यायः ॥ ३२ ॥*

---

**હે મા ! આવા સત્પુરુષોનાં દર્શન કરવાથી તેમનો સ્પર્શ કરવાથી, તેમને નમસ્કાર કરવાથી તેમના ચરણની સેવા કરવાથી, તેમને ભોજન કરાવવાથી, તેમનું ચંદન પુષ્પહારવડે પૂજન કરવાથી અનંત જન્મોથી ઉત્પન્ન થયેલા પાપના સમૂહો તત્કાળ મૂળસહિત નાશ પામેછે. તેમના ચરણમાં સમગ્ર તીર્થો નિવાસ કરીને રહ્યાં છે, ભગવાન શ્રીકૃષ્ણે આવા સત્પુરુષોને પોતાના હૃદય સમાન કહેલા છે. હે મા ! આવા સત્પુરુષોના પ્રસંગથી મુમુક્ષુજનોને આ જગતમાં કોઈ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી. પરંતુ સર્વે સુલભ થાય છે, ૪૬**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મ શાસ્ત્રના પ્રથમ પ્રકરણમાં શ્રીહરિગીતાના પ્રથમ અધ્યાયમાં સત્પુરૂષોનાં લક્ષણોનું નિરૂપણ કર્યું એ નામે બત્રીસમો અધ્યાય. --૩૨--***

---

## त्रयस्त्रिंशोऽध्यायः

**हरिरुवाच** –

धर्मादीनां लक्षणानि भक्त्यङ्गानामथाम्ब ते ! । कथयामि विविच्यैव त्रयाणामपि तत्त्वतः ॥ १
तत्र त्रयाणां लोकानां सेश्वराणां तु धारकः । धारणीयश्च जीवेशैः सदा धर्मः स उच्यते ॥ २
धर्मनिष्ठस्तु पुरुषो हीनजातिकुलोऽपि य ः। सोऽपि ब्रह्मादिभिः पूज्यः श्लाघनीयश्च जायते ॥ ३
धर्मच्युतश्चेद्ब्रह्मादिरीश्वरोऽपि भवेत्क्वचित् । तर्हि सोऽप्यल्पकैर्गर्ह्यः स्यात्स्थेयं धर्म एव तत् ॥ ४
स चापि वर्तते नृणां वर्णाश्रमविभागतः । श्रुतिस्मृति सदाचारैः प्रमितो हि पृथक्पृथक् ॥ ५
विप्रक्षत्रियविट्शूद्रा वर्णाश्चत्वार ईरिताः । ब्रह्मचर्यं च गार्हस्थ्यं वनं न्यासस्तथाश्रमाः ॥ ६
साधारणो विशेषश्चेत्येवं तेषां द्विधास्ति सः । समासेनोभयविधमपि ते वच्म्यहं शुभे ! ॥ ७

---

## અધ્યાય ૩૩

## ભક્તિના અંગભૂત ધર્મનું નિરૂપણ.

શ્રીહરિ કહેછે, હે મા ! હવે હું તમને ભક્તિના અંગભૂત ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યનાં લક્ષણો જેમ છે તેમ વિસ્તારથી જુદાં જુદાં વિવેચન કરીને કહું છું તેને તમારા હૃદયમાં ધારણ કરો. [૧]

તે ત્રણ અંગને મધ્યે ધર્મનું પ્રથમ વિવેચન કરું છું. બ્રહ્માદિ ઈશ્વરોએ સહિત ત્રિલોકીનું ધારણ કરે તેનું નામ 'ધર્મ' છે. આ ધર્મકર્મથી પરતંત્ર સર્વે જીવાત્માઓને અને ભગવાનની ઉપાસનાથી જેને ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે એવા બ્રહ્માદિ ઈશ્વરોને પણ મોક્ષ ન થાય ત્યાં સુધી ધારી રાખવા યોગ્ય છે.[૨] જાતિ અને કુળથી ભલે હીન હોય, છતાં જો પુરુષ ધર્મનિષ્ઠ હોય તો તેની બ્રહ્માદિ દેવતાઓ પણ ખૂબ પ્રશંસા કરે છે અને આદર આપે છે અને બ્રહ્માદિ ઈશ્વરો જેવો મોટો હોય છતાં પણ જો ધર્મમાંથી ભ્રષ્ટ થાય તો તેની તુચ્છ માણસો પણ નિંદા કરે છે. તેથી સર્વેને ધર્મના માર્ગે ચાલવું તે જ ખરેખર સુખકારી છે. [૩-૪]

હે મા ! શ્રુતિ અને સ્મૃતિએ પ્રતિપાદન કરેલા સદાચારથી પ્રમાણિત કરાયેલો આ ધર્મ મનુષ્યના ચાર વર્ણ અને ચાર આશ્રમના ભેદથી અધિકારને અનુસારે જુદોજુદો વણવાયેલો છે. તેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચાર વર્ણ છે અને બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આ ચાર આશ્રમના વિભાગ કહ્યા છે. [૫-૬]

अहिंसा सत्यमस्तेयं कामलोभक्रुधां जयः । मद्यमांसपरस्यादेस्त्यागो व्यसनवर्जनम् ॥ ८
जातिसङ्करताहेतोर्वर्जनं पापकर्मणः । सत्सेवा विष्णुभक्तिश्च धर्माः साधारणा नृणाम् ॥ ९
शमो दमस्तपो ज्ञानं दया श्रद्धा क्षमादयः । स्वाभाविका हि विप्रस्य धर्मा एते प्रकीर्तिताः ॥ १०
शौर्यं धैर्यं बलौदार्ये साधुगोविप्ररक्षणम् । क्षत्रस्य सहजा धर्माः प्रोक्ता वार्ता विशस्तथा ॥ ११
शुश्रूषणं द्विजातीनां धर्मः शूद्रस्य चानघे ! । हिंसास्तैन्यादिरहितो धर्मोऽन्येषां कुलोचितः ॥ १२
याजनादिश्च विप्रस्य क्षत्रस्यायुधधारणम् । व्यापारश्च विशोऽन्त्यस्य सेवोक्ता जीविका क्रमात् ॥ १३

---

**ચારેવર્ણના સાધારણ અને વિશેષધર્મો :–** હે મંગલરૂપા મા ! મનુષ્યના સાધારણ અને વિશેષ એમ બે પ્રકારના વર્ણધર્મ અલગથી કહ્યા છે. અને આશ્રમધર્મ પણ અલગથી કહ્યા છે. આમ બન્ને પ્રકારના ધર્મો હું તમને સંક્ષેપથી સંભળાવું છું. [૭] હિંસા ન કરવી. સત્ય બોલવું, ચોરી ન કરવી. કામ, ક્રોધ અને લોભને જીતવા, મદ્ય અને માંસનો ત્યાગ રાખવો. પરસ્ત્રીનો ત્યાગ રાખવો. કોઈ પણ જાતનું નાનું-મોટું વ્યસન ન કરવું. પોતાની જાતિ થકી ભ્રષ્ટ કરે એવું, કોઈ પણ પાપકર્મ રોટી-બેટી આદિના વ્યવહારમાં ન આચરવું. પૂર્વોક્ત સંતોની યથાયોગ્ય અનુવૃત્તિ સાચવવાપૂર્વક સેવા કરવી. ભગવાનની નવધા ભક્તિ કરવી. આ તેર મુખ્ય છે અને બીજા અનેક ચારે વર્ણના સાધારણ ધર્મો શાસ્ત્રમાં કહેલા છે.[૮-૯] આંતર ઈન્દ્રિયોનું શમન કરવું અને બાહ્ય ઈન્દ્રિયોનું દમન કરવું, તપ કરવું જ્ઞાન સાધવું, દુઃખી ઉપર દયા રાખવી, સ્વધર્મ પાલનમાં શ્રદ્ધા રાખવી, ઉપદ્રવીને ક્ષમા આપવી વગેરે બ્રાહ્મણોના સ્વાભાવિક વિશેષપણે પાલન કરવાના ધર્મો કહ્યા છે. શૂરવીરતા, ધીરજ, બળ, ઉદારતા, સાધુ, ગાય અને બ્રાહ્મણનું દુષ્ટો થકી રક્ષણ કરવું, વગેરે ક્ષત્રિયોના વિશેષ ધર્મ કહ્યા છે. ખેતી, વેપાર, ગોરક્ષા અને વ્યાજવટો આદિ વૈશ્યોના વિશેષ ધર્મો કહ્યા છે. અને હે નિષ્પાપ મા ! ત્રણે વર્ણના મનુષ્યોની સેવા- (નોકરી) કરવી તે શૂદ્રનો વિશેષ ધર્મ કહ્યો છે. ચારે વર્ણથી ઈતર જાતિના સર્વે જનસમુદાય માટે જેમાં હિંસા ન હોય, ચોરી ન હોય અને વ્યભિચારકર્મ ન હોય તેવી પોતાના કુળને ઉચિત કોઈ પણ પ્રવૃત્તિ કરવી તે તેઓનો વિશેષ ધર્મ કહેલો છે. [૧૦-૧૨]

**ચારેવર્ણની આજીવિકાનાં સાધન :–** હે મા ! યજ્ઞયાગ સ્વાધ્યાય આદિ કરવાં અને દાન સ્વીકારવું એ બ્રાહ્મણની આજીવિકાનું સાધન છે. આયુધ

आपन्नयोर्वैश्यवृत्तिर्विप्रक्षत्रिययोर्मता । विशः शूद्रस्य तस्यापि कार्वादिः स्वैव चान्यदा ॥ १४
त्रैवार्णिको यः संस्कारैः सम्प्राप्तः स्याद्द्विजातिताम् । ब्रह्मचर्याश्रमे तिष्ठन्विद्यायै स गुरुं श्रयेत् ॥ १५
कौपीनाच्छादनादीनि वासांस्यावश्यकानि सः । कार्पासान्यजिनोर्णादि रक्षेद्दण्ड कमण्डलू ॥ १६
जपमालां ब्रह्मसूत्रं बिभृयाच्च जटाः कुशान् । अञ्जनाभ्यङ्गगन्धस्रग्भूषणादि विवर्जयेत् ॥ १७
मुक्तेर्द्वारं महत्सङ्गः स्त्रैणसङ्गस्तु संसृतेः । द्वारमस्तीति निश्चित्य कुर्यादाद्यं परं त्यजेत् ॥ १८

---

ધારણ કરી પ્રજાનું પાલન-રક્ષણ કરવું તે ક્ષત્રિયોની આજીવિકાનું સાધન છે. વેપાર, ખેતી આદિ વૈશ્યોની આજીવિકાનું સાધન છે અને ત્રણે વર્ણને ત્યાં સેવા કરવી એ શૂદ્રની આજીવિકાનું સાધન છે. [૧૩] તેમાં પણ આપત્કાળ પડે ને પોતાની નિશ્ચિત આજીવિકાવૃત્તિથી જીવન ચલાવવું મુશ્કેલ પડે ત્યારે બ્રાહ્મણ અને ક્ષત્રિયોએ ખેતી-વેપાર આદિ વૈશ્યની વૃત્તિ સ્વીકારી લેવી. અને વૈશ્યોને પોતાની આજીવિકામાં આપત્તિ ઉભી થાય ત્યારે શૂદ્રોની સેવા કરવારૂપ આજીવિકા સ્વીકારી લેવી અને શૂદ્રોએ આપત્કાળમાં શંકરનીતિની આજીવિકાથી જીવન ચલાવી લેવું. પરતું આપત્કાળ વ્યતીત થઈ જાય ત્યારે પોતાની મૂળ આજીવિકાની વૃત્તિ ઉપર આવી જવું. [૧૪]

**બ્રહ્મચર્યાશ્રમના સાધારણધર્મો :–** હે મા ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, આ ત્રણ વર્ણના પુરુષોને યજ્ઞોપવીત આદિ સંસ્કારોથી દ્વિજત્વ પ્રાપ્ત થાય છે. આવા દ્વિજ પુરુષોએ પહેલા બ્રહ્મચર્ય આશ્રમમાં રહીને વેદાદિ અધ્યયન માટે ગુરુનો આશ્રય કરવો.[૧૫] ગુરુના આશ્રમમાં રહેતા તે બ્રહ્મચારીએ કપાસના તંતુમાંથી બનાવેલાં, કૌપીન તથા ઉપર ધારવાનાં આવશ્યક વસ્ત્રો રાખવાં. મૃગચર્મ રાખવું, કામળો રાખવો, દંડ અને કમંડલું પણ રાખવાં. ગૌમુખીએ સહિત તુલસીના કાષ્ઠની જપમાળા પણ રાખવી, દર્ભ અને દર્ભમાંથી નિર્મિત આસન આદિ રાખવાં. આંખમાં ક્યારેય આંજણ ન આંજવું. તેલથી શરીરનું મર્દન ન કરવું, શરીરે ચંદનનો લેપ ન કરવો, ફુલની માળા ધારણ ન કરવી અને સુવર્ણનાં આભૂષણો પણ બ્રહ્મચારી એ ધારણ ન કરવાં [૧૬-૧૭]

હે મા ! બ્રહ્મચારીએ આ વાતનું ખાસ ધ્યાન રાખવું કે, મહાપુરુષોનો સંગ તે જ મુક્તિનું દ્વાર છે અને સ્ત્રીલંપટ પુરુષોનો સંગ તે સંસૃતિનું દ્વાર છે. માટે સંતોનો સંગ કરવો પણ અસંતનો સંગ ક્યારેય પણ ન કરવો. અને અષ્ટ પ્રકારે

अष्टधा वर्जनं स्त्रीणां तत्स्पर्शस्य तु सर्वथा । कुर्याद्वर्णी गुरोर्भार्यामपि वन्देत दूरतः ॥ १९
प्राणिमात्रं च मिथुनीभूतं तु मतिपूर्वकम् । ब्रह्मचर्यव्रतधरो नैव वीक्षेत कर्हिचित् ॥ २०
अपि चित्रमयीं योषां देवताप्रतिमां विना । क्वापि नैव स्पृशेद्वर्णी गुरुं सेवेत भक्तितः ॥ २१
कुर्यात्कालत्रये सन्ध्यावन्दनं प्रतिवासरम् । जपं च निजशक्त्यैव मौनं प्रातः प्रदोषयोः ॥ २२
होमं प्रातस्तथा सायं कुर्याद्भिक्षाटनं च सः । वेदाभ्यासपरो नित्यं वसेद्गुरुकुले वशी ॥ २३
साङ्गं वेदं सहार्थं च देशकालानुसारतः । अधीत्य स यथाशक्ति समावर्तनमाचरेत् ॥ २४
गृही स्यादविरक्तस्तु दत्त्वा स गुरुदक्षिणाम् । विरक्तश्चेद्वनं न्यासं श्रयेद्वा नैष्ठिको भवेत् ॥ २५
गृही बुभूषुः कुलजां सवर्णां वयसाऽवराम् । अनिन्द्यामुद्वहेत्कन्यां न्यायेनोपार्जयेद्धनम् ॥ २६

---

સ્ત્રીનો ત્યાગ રાખવો. તેમાં પણ જાણી જોઈને સ્ત્રીના અંગનો સ્પર્શ ન થાય તે ખાસ જોવું. અને બ્રહ્મચારીએ ગુરુપત્નીને પણ દૂરથી નમસ્કાર કરવા. [૧૮-૧૯]

તેવીજ રીતે બ્રહ્મચારીએ મૈથુનક્રિયામાં આસ્કત એવાં પ્રાણીમાત્રને બુદ્ધિપૂર્વક ક્યારેય પણ જોવાં નહિ. તથા લક્ષ્મી આદિ દેવીઓની પ્રતિમા સિવાય અન્ય સ્ત્રીઓની ચિત્ર અથવા પાષાણની પ્રતિમાનો ક્યારેય પણ બુદ્ધિ પૂર્વક સ્પર્શ કરવો નહિ. તેમજ ભક્તિભાવપૂર્વક ગુરુની સેવા કરવી. પ્રતિદિન ત્રિકાલસંધ્યા પણ બ્રહ્મચારીએ કરવી તથા શક્તિ પ્રમાણે સવાર સાંજ ગાયત્રીમંત્ર અને ભગવાનના નામમંત્રનો જાપ પણ કરવો. સવાર સાંજ મૌન પાળવું અને અગ્નિમાં હોમ કરવો, ભિક્ષાટન કરવું, વેદાધ્યયનપરાયણ જીવન જીવવું, ઈન્દ્રિયોને જીતીને વર્તવું. આ રીતે હે મા ! બ્રહ્મચારીએ વર્તીને ગુરુકુળમાં નિત્યે નિવાસ કરવો. આ પ્રમાણે દેશકાળને અનુસારે પોતાની બુદ્ધિની ક્ષમતા મુજબ છ અંગ અને તેના અર્થોએ સહિત વેદાધ્યયન કરીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા માટેનો સમાવર્તન સંસ્કાર કરવો. [૨૦-૨૪]

**ગૃહસ્થાશ્રમના સાધારણધર્મો :–** હે મા ! જે બ્રહ્મચારીને વૈરાગ્ય ન હોય તેણે પોતાની શક્તિ પ્રમાણે ગુરુને દક્ષિણા આપી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો પણ જેને તીવ્ર વૈરાગ્ય હોય તેવા બ્રહ્મચારીએ તો સીધા વાનપ્રસ્થ કે સન્યાસ આશ્રમમાં પ્રવેશ કરીને નૈષ્ઠિક બ્રહ્મચારી થવું.[૨૫] હે મા ! ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાની ઈચ્છાવાળા પુરુષે શુદ્ધકુળમાં જન્મેલી, સમાન જ્ઞાતિવાળી, તથા પોતાનાથી ઉંમરમાં નાની-નિર્દોષ કન્યા સાથે વિવાહ કરવો. ન્યાય તથા નીતિથી

स्नानं सन्ध्यात्रयं होमं तर्पणं विष्णुपूजनम् । स्वाध्यायं शक्तितः कुर्याद्वैश्वदेवं च सोऽन्वहम् ॥ २७
प्रातः कुर्यादापदि तु सन्ध्यां माध्यह्निकीमपि । प्रातर्भवां च मध्याह्ने निशि सायन्तनीं तु सः ॥ २८
सन्ध्यावन्दनगायत्रीजपविष्णवर्चनोज्झितः । चतुर्वेद्यप्यसौ विप्रः शूद्र एव न संशयः ॥ २९
अधौतं न स्पृशेद्वासः स्नात्वा कार्पाससम्भवम् । अस्नातेनापवित्रेण स्पृष्टं धौतं च न स्पृशेत् ॥ ३०
विवाहकाले दायस्य विभागावसरेऽथवा । द्विजातिरादधीताग्निं सति वित्तादिसम्भवे ॥ ३१
यथाकालं पोष्यवर्गं पोषयेन्नतु पीडयेत् । अन्नाम्बुवस्त्रैरतिथिं तोषयेत्सर्वदा गृही ॥ ३२
नित्यं कुर्यात्सतां सङ्गं भक्तिं च नवधा हरेः । कुसङ्गं नैव कुर्वीत गृहासक्तिं च मूढवत् ॥ ३३
जीवेभ्यः सकलेभ्योऽपि भक्तानोकान्तिकान्हरेः । आधिक्येन विजानीयान्मानरक्षार्हणादिषु ॥ ३४

ધન કમાવું. પ્રતિદિન સ્નાન કરવું, ત્રિકાલ સંધ્યા કરવી, સવાર સાંજ હોમ કરવો, પિતૃઓનું તર્પણ કરવું વિષ્ણુ ભગવાનનું પૂજન કરવું. તેમજ શક્તિ પ્રમાણે સ્વાધ્યાય તથા વૈશ્વદેવકર્મ કરવું. ૨૬-૨૭

હે મા ! ગૃહસ્થ પુરુષે આપત્કાળમાં મધ્યાહ્ન સમયે કરવાની સંધ્યા સવારે પ્રાતઃકાળે જ કરી લેવી તથા પ્રાતઃસમયે કરવાની સંધ્યા મધ્યાહ્ને કરવી. તેમાં પેલી પ્રાતઃસંધ્યા કરવી, પછી મધ્યાહ્ન સંધ્યા કરવી. તેવી જ રીતે આપત્કાળમાં સાયંકાળે કરવાની સંધ્યા રાત્રિને વિષે કરવી. આવી રીતે હે મા ! સંધ્યાવંદન, ગાયત્રીજપ અને વિષ્ણુનું પૂજન કર્યા વગરનો વિપ્ર ચાર વેદનો જ્ઞાતા હોવા છતાં પણ શૂદ્ર જ કહેલો છે. તેમાં કોઈ સંશય નથી. ૨૮-૨૯ હે મા ! સ્નાન કર્યા પછી ધોયા વગરના સૂતરના વસ્ત્રનો સ્પર્શ ન કરવો. અને સ્નાન ન કર્યું હોય તેવા અપવિત્ર પુરુષે જેનો સ્પર્શ કર્યો હોય તેવા ધોવાયેલાં વસ્ત્રનો પણ સ્નાન કર્યા પછી સ્પર્શ ન કરવો. હે મા ! ત્રણે વર્ણના દ્વિજાતિ પુરુષે ધન-ધાન્ય આદિકનો પૂર્ણ વૈભવ હોય ત્યારે વિવાહ સમયે તથા પોતાની મિલ્કતના ભાઈભાગ કરતે સમયે અગ્નિનું આધાન અવશ્ય કરવું, અર્થાત્ અગ્નિની સાક્ષી જરૂરથી રાખવી. ૩૦-૩૧ હે મા ! ગૃહસ્થ પુરુષે સમયે સમયે માતા પિતા આદિ પોષ્યવર્ગનું અન્ન વસ્ત્રાદિકે કરીને પોષણ કરવું પણ તેમને પીડવા નહિ. તેવી જ રીતે આંગણે આવેલા અતિથિઓની અન્ન, જળ અને વસ્ત્રાદિકથી નિરંતર સંભાવના કરવી. નિત્યે સંતોનો સમાગમ કરવો અને ભગવાનની નવ પ્રકારની ભક્તિ પણ કરવી અને કુસંગનો કે કુસંગીનો સંગ ક્યારેય ન કરવો તથા મૂઢ માણસની જેમ ઘરમાં આસક્ત થઈને પડ્યા ન રહેવું. ૩૨-૩૩

अश्मादिभ्योऽच जीवेभ्यः श्रेष्ठाः सन्ति तृणादयः । अन्नौषध्यादयस्तेभ्यस्ततः श्रेष्ठाश्च वीरुधः ॥ ३५
तत आम्रादयो वृक्षाः श्रेष्ठा देवद्रुमास्ततः । स्थास्नुष्विति विशेषोऽस्ति चरेष्वथ वदामि तम् ॥ ३६
पिपीलिकादितः श्रेष्ठा जीवास्तु शलभादयः । भ्रमराद्यास्ततस्तेभ्यश्चटकप्रमुखा मताः ॥ ३७
शशादयस्ततोऽजाद्यास्तेभ्यस्तेभ्यो गवादयः । ततश्च मनुजास्तेषु वर्णाश्चत्वार उत्तमाः ॥ ३८
ब्राह्मणास्तेषु तेषां च स्वधर्मनिरता वराः । ज्ञाननिष्ठास्तेषु तेषु भक्ता एकान्तिका हरेः ॥ ३९
तेभ्यः श्रेष्ठो न कोऽप्यस्ति सदाऽऽस्ते तेषु यद्धरिः । तारतम्यं विदित्वेत्थं बहुमान्या हरिश्रिताः ॥ ४०

---

**સ્થાવરસૃષ્ટિમાં પીપળો અને જંગમમાં સાચો ભગવદ્ભક્ત સર્વશ્રેષ્ઠ :–** હે મા ! ગૃહસ્થ પુરુષે બીજા બધા જીવો કરતાં ભગવાનના એકાંતિક ભક્તોનો મહિમા અધિકપણે જાણવો. બીજા કરતા અધિક માન આપવું, અધિક રક્ષણ કરવું. તેમજ બીજા કરતાં અધિક તેને આદર આપી પૂજવા. કારણકે ભગવાન સિવાય સર્વ સૃષ્ટિ માત્રમાં એકાંતિક ભક્ત સમાન અન્ય કોઈ શ્રેષ્ઠ નથી. [૩૪] હે મા ! આલોકની સ્થાવર સૃષ્ટિમાં પાષણ આદિના જીવો કરતાં તૃણાદિ જીવો શ્રેષ્ઠ છે. તેના કરતાં ડાંગર વિગેરે ધાન્ય અને ઔષધીઓ શ્રેષ્ઠ છે. તેના કરતાં લતાઓ શ્રેષ્ઠ છે. તેનાથી આંબા આદિકનાં વૃક્ષો શ્રેષ્ઠ છે તે સર્વ કરતાં પીપળો અધિક શ્રેષ્ઠ છે. આ પ્રમાણે સ્થાવર સૃષ્ટિમાં ન્યૂનાધિકપણે વિશેષતા રહેલી છે. તેવી જ રીતે જંગમ સૃષ્ટિમાં ન્યૂનાધિકપણે વિશેષતા રહેલી છે. [૩૫-૩૬]

હે મા ! આ જગતની જંગમ સૃષ્ટિમાં પૃથ્વીપર ચાલતી કીડી કરતાં આકાશમાં ઉડતાં પતંગિયાં શ્રેષ્ઠ છે. તેના કરતાં સુગંધપ્રેમી ભમરા શ્રેષ્ઠ છે. તેના કરતાં ચકલાં આદિક પક્ષીઓ શ્રેષ્ઠ છે, તેના કરતાં શાકાહારી સસલાં આદિક પ્રાણીઓ શ્રેષ્ઠ છે, અને તેના કરતાં ગાયો આદિ શ્રેષ્ઠ છે, તેનાથી મનુષ્ય શ્રેષ્ઠ છે, તેમાં પણ શુદ્ધ ચાર વર્ણના મનુષ્યો શ્રેષ્ઠ છે. તે ચારમાંથી પણ બ્રાહ્મણ શ્રેષ્ઠ છે, તેના કરતાં પણ ધર્મનું આચરણ કરનાર કોઈ પણ જાતિનો પુરુષ શ્રેષ્ઠ છે, તેવા ધાર્મિક પુરુષોમાં પણ આત્મજ્ઞાની પુરુષ વધુ શ્રેષ્ઠ છે, અને જ્ઞાનીઓમાં પણ જે ભગવાનનો એકાંતિક ભક્ત છે તે સર્વ કરતાં શ્રેષ્ઠ છે. [૩૭-૩૯]

હે મા ! આવા ભગવાનના એકાંતિક ભક્તો થકી બીજા કોઈ શ્રેષ્ઠ છે નહિ. કારણ કે, સ્વયં શ્રીહરિ ભગવાન તેના અંતરમાં સદાય વિરાજમાન હોય છે. આ પ્રમાણે તારતમ્યતા સમજીને ભગવાનના ભક્તોને સર્વ કરતાં અધિકપણે

य एवं न विजानीयात्सदसत्समधीः स तु । दोषं महान्तमाप्नोति विवेकं विदधीत तत् ॥ ४१
गन्धान् पुष्पस्रजो भूषा वस्त्रान्नादि च भक्तितः । गृही निवेद्य हरये निषेवेत च वैष्णवः ॥ ४२
देवान् पितृंश्च तैरेव वासुदेवधियाऽर्चयेत् । यथाकालं च पित्रादेः श्राद्धं कुर्याद्यथाविधि ॥ ४३
अकृष्टपच्यैर्मुन्यन्नैः कर्तव्यं श्राद्धकर्म च । व्रीह्याद्यैः कृष्टपच्यैर्वै धान्यैस्तु शुचिभिः सति ! ॥ ४४
मांसं त्वापद्यपि क्वापि श्राद्धे देयं न कर्हिचित् । अहिंसाधर्मपरमा वैष्णवाः पितरो यतः ॥ ४५
मद्यं मांसं च यस्मै स्यान्निवेद्यं यस्य चाग्रतः । स्याज्जीव हिंसा तं देवं देवीं चापि न मानयेत् ॥ ४६
देशकालानुसारेण तीर्थानि च व्रतानि च । कुर्वीत स यथाशास्त्रं स्वाधिकारानुसारतः ॥ ४७
पुण्यदेशे पुण्यकाले पुण्यपात्रे विशेषतः । पुण्यं कुर्वीत यत्किञ्चिद्भवेदक्षयमेव तत् ॥ ४८
आढ्यस्तु कारयेद्रम्यं दृढं श्रीविष्णु मंदिरम् । वृत्ति दानेन पूजायाः प्रवाहम् वर्तयेद्धरेः ॥ ४९

---

**માનવા અને પૂજવા. જે લોકો આ પ્રમાણે તારતમ્યભાવ નહિ સમજીને સંત અને અસંતમાં સમભાવ રાખે છે તે મહામૂર્ખ છે અને તે મોટા દોષના ભાગીદાર છે. તે કારણથી દરેક 'સત્' અને 'અસત્' નો વિવેક જરૂરથી શીખવો.** ૪૦-૪૧

**પુનઃ ગૃસ્થાશ્રમના સાધારણધર્મનું વર્ણન :–** હે મા ! વૈષ્ણવ એવા ગૃહસ્થ ભક્તે ચંદન, પુષ્પમાળા, અલંકારો, વસ્ત્રો તેમજ અનાજ આદિ વિગેરે ભોગ્ય પદાર્થો પ્રથમ ભગવાનને નિવેદન કરી પછીથી જ પોતાના ઉપયોગમાં લેવાં. દેવતાઓ અને પિતૃઓનું પૂજન પણ 'તેમાં ભગવાન અખંડ રહેલા છે' એવી બુદ્ધિથી ભગવાનનાં જ પ્રસાદિના ચંદનાદિક ઉપચારોથી જ કરવું. શાસ્ત્રોક્તવિધિથી શ્રાદ્ધના સમયે પિતૃશ્રાદ્ધ કે માતૃશ્રાદ્ધ પણ કરવું. ૪૨-૪૩ હે સતી, મા ! ખેતી કર્યા વિના પાકેલા મુનિ-અન્નથી અથવા ખેતીથી પાકેલા પવિત્ર ડાંગર આદિ ધાન્યથી પણ શ્રાદ્ધકર્મ કરવું. આ શ્રાદ્ધકર્મમાં આપત્કાળ આવી પડે છતાં ક્યારેય માંસનું નિવેદન ન કરવું. કારણ કે પિતૃઓ હમેશાં અહિંસાધર્મ-પરાયણ જ ભગવાનના ભક્તો હોય છે. ૪૪-૪૫ હે મા ! જે દેવતા કે દેવીની આગળ મદ્યમાંસનું નૈવેદ્ય થતું હોય કે, જીવહિંસા થતી હોય તેવા દેવ કે દેવીને ક્યારેય માનવા-પૂજવા નહિ. તેવી જ રીતે હે મા ! પોતાના અધિકારને અનુસારે દેશકાળને ધ્યાનમાં લઇ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ગૃહસ્થોએ તીર્થાટન કરવું તથા એકાદશી આદિ વ્રતોનું અનુષ્ઠાન પણ કરવું. પવિત્રદેશમાં, પવિત્ર કાળમાં અને પવિત્ર સત્પાત્રમાં જે કાંઇ વિશેષ રીતે પુણ્યકર્મ કરેલું હોય તે અવિનાશી ફળને આપનારું થાય છે. ૪૬-૪૮

**ધનાઢ્ય ગૃહસ્થના વિશેષધર્મ :–** હે મા ! ધનાઢ્ય ગૃહસ્થ ભક્તોએ

अहिंसान् वैष्णवान् यज्ञान् कुर्यात् प्रचुरदक्षिणान् । वापिकूपतडागादीन् विष्णवर्थांश्चापि कारयेत् ॥ ५०
प्रचुराज्यसितैर्भोज्यैः साधून्विप्रांश्च तर्पयेत् । नावमन्येत तान् क्वापि सत्सु निष्कपटो भवेत् ॥ ५१
नातिलोभी नातिकामी नातिक्रोधी न मत्सरी । नातिमानी भवेत्क्वापि दयां कुर्वीत देहिषु ॥ ५२
आसन्नसम्बन्धहीना विधवाः स्त्रीरनापदि । न स्पृशेद्बुद्धिपूर्वं तु गृहस्थोऽपि कदाचन ॥ ५३
स्वस्य मात्रा भगिन्यापि दुहित्रा वा कदाचन । नैव तिष्ठेद्रहःस्थाने गृही चापदमन्तरा ॥ ५४
तीर्थादावात्मनो घातमात्मनश्च परस्य वा । मुक्तयेऽपि न कुर्वीत धर्मनिष्ठः सदा भवेत् ॥ ५५
स्त्रीभिः सभर्तृकाभिश्च देववत्स्वपतिः सदा । सेव्यः पतिव्रताधर्मे स्थित्वा सन्त्यज्य चापलम् ॥ ५६
विधवाभिश्च नारीभिः पतिबुद्ध्या रमापतिः । सेवनीयः स्वदेहश्च कर्शनीयो व्रतादिभिः ॥ ५७
नेक्षेत न स्पृशेत्क्वापि स्वसम्बन्धिजनेतरम् । विधवा नरमात्रं च त्यागवान् योषितं यथा ॥ ५८

---

તો નવ્ય ભવ્ય સુદ્રઢ રમણીય ભગવાનના મંદિરનું નિર્માણ કરાવવું. તદુપરાંત ધન-ક્ષેત્ર આદિકથી આજીવિકાની વ્યવસ્થા કરાવી ભગવત્ પૂજનના પ્રવાહને અખંડ ચાલુ રખાવવો.[૪૯] વળી ધનાઢ્ય ગૃહસ્થે છૂટે હાથે દક્ષિણાઓ આપવાની સાથે હિંસારહિત વિષ્ણુયાગ યજ્ઞો કરવા. તથા ભગવાનની કે ભક્તોની સેવાને અર્થે વાવ, કુવા, તળાવ વિગેરે જળસંગ્રહના નિર્માણ પણ કરાવવાં.[૫૦] તેમજ ઘણાં ઘી અને સાકરમિશ્રિત મિષ્ટભોજન વડે ભગવાનના ભક્ત સાધુ અને બ્રાહ્મણોને તૃપ્ત કરવા, પણ તેમની અવગણના કયારેય ન કરવી. સત્પુરુષો આગળ હમેશાં નિષ્કપટપણે વર્તવું.[૫૧] અતિ લોભ ન કરવો. અતિ કામી ન થવું અને અતિ ક્રોધ પણ ન કરવો. તેવી જ રીતે મત્સર ન રાખવો. કયાંય પણ અતિમાની ન થવું. તેમજ સમસ્ત દેહધારીઓ ઉપર દયાવાળા થવું.[૫૨] વળી હે મા ! ગૃહસ્થ પુરુષોએ પોતાના સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રીઓનો આપત્કાળ પડ્યા વિના જાણી જોઈને ક્યારેય સ્પર્શ કરવો નહિ.[૫૩] તેમ જ ગૃહસ્થ પુરુષોએ પોતાની મા-બેન અને દિકરીની સાથે પણ આપત્કાળ પડ્યા વિના એકાંત સ્થળમાં ક્યારેય ન રહેવું.[૫૪] તેવીજ રીતે તીર્થાદિક સ્થાનકને વિષે મોક્ષને માટે પણ પોતાની કે પારકાની હત્યા ન કરવી અને નિત્યે ધર્મપરાયણ જ જીવન જીવવું.[૫૫]

**સધવા-વિધવા નારીઓના સાધારણધર્મો :-** હે મા ! સધવાનારીએ પતિવ્રતાના ધર્મ પ્રમાણે સ્થિર રહી ચંચળતાનો ત્યાગ કરવો અને પોતાના પતિનું નિરંતર દેવની માફક સેવન કરવું તથા વિધવા નારીએ ભગવાન શ્રી લક્ષ્મીપતિની પતિબુદ્ધિથી સેવા કરવી, તેમજ ચાંદ્રાયણ આદિકના વ્રત

पित्रा पुत्रादिना वापि विधवा तु रहःस्थले । आपत्कालं विना नैव सह तिष्ठेत्कदाचन ॥ ५९
तृतीय आयुषो भागे गृहस्थो वनमाविशेत् । सस्त्रीकः स्त्री सुशीला चेदन्यथा त्वेकलः स्वयम् ॥ ६०
तत्र ग्रीष्मे पञ्चतपा उदवासश्च शैशिरे । आसारषाट्च वर्षासु भवेद्विष्णुपरायणः ॥ ६१
वन्यैरेवाग्निहोत्रादि कुर्याद्धान्यफलादिभिः । अग्न्यर्थं च कुटीं कुर्यात्स्वयं तु बहिरावसेत् ॥ ६२
अकृष्टपच्यैरन्नाद्यैर्जीवेत्स्वयमुपाहृतैः । यथाशक्ति वने स्थित्वा ततः सन्न्यासमाश्रयेत् ॥ ६३
कन्थामेकां च कौपीने द्वे तदाच्छादने च सः । विभृयाद्वाससी दण्डं वैणवं च कण्डलुम् ॥ ६४
अष्टाक्षरं जपेन्नित्यं नारायणपरो यतिः । भक्तिमेव हरेः कुयाज्ज्ञानविज्ञानसंयुतः ॥ ६५

---

ઉપવાસથી પોતાના શરીરને કૃશ કરી રાખવું.[૫૬-૫૭] અને વળી જેમ ત્યાગી પુરુષો સ્ત્રીમાત્રને દૃષ્ટિ માંડી જોતા નથી અને સ્પર્શ કરતા નથી તેમ વિધવા સ્ત્રીઓએ પણ પોતાના સમીપ સંબંધ સિવાયના સમગ્ર પુરુષમાત્રને જોવા નહિ અને તેનો સ્પર્શ પણ કરવો નહિ. તેવીજ રીતે વિધવા સ્ત્રીએ એકાંત સ્થળમાં પોતાના પિતા કે પુત્રની સાથે પણ આપત્કાળ પડ્યા વિના ક્યારેય રહેવું નહિ.[૫૮-૫૯]

**વાનપ્રસ્થાશ્રમના સાધારણધર્મો :–** હે મા ! ગૃહસ્થ પુરુષોએ આયુષ્યના ત્રીજા ભાગમાં એકાવનમા વર્ષના પ્રારંભે વાનપ્રસ્થ-આશ્રમનો સ્વીકાર કરવો. જો પોતાની સ્ત્રી સુશીલ સ્વભાવની હોય તો સાથે લેવી, નહિ તો પોતાના પુત્રોને સોંપી એકલાજ વનમાં પ્રવેશ કરવો.[૬૦] વનમાં તે વાનપ્રસ્થીએ ઉનાળાની ઋતુમાં પણ પંચાગ્નિનું સેવન કરવું. શિયાળામાં નિયહપૂર્વક જળમાં બેસવું. વર્ષાઋતુમાં વરસાદની ધારાઓ સહન કરવી. તથા સદાય ભગવાનની ભક્તિ પરાયણ જીવન જીવવું.[૬૧] તેવીજ રીતે વનમાં પાકેલાં ખડધાન્ય કે ફળથી અથવા કંદમૂળથી અગ્નિહોત્ર કર્મનું અનુષ્ઠાન કરવું. તે અગ્નિ રાખવા માટે કુટીરની રચના કરવી પણ પોતે કુટીરથી બહાર નિવાસ કરવો.[૬૨] ખેતી કર્યા વિના પાકેલા અને સ્વયં જંગલમાંથી સોધી લાવેલા ખડધાન્ય આદિકથી પોતાના જીવનનો નિર્વાહ કરવો. પોતાની શક્તિ અનુસાર વનમાં નિવાસ કરી, પછીથી ચોથા સંન્યાસ આશ્રમનો સ્વીકાર કરવો.[૬૩]

**સંન્યાસાશ્રમના સાધારણધર્મો :–** હે મા ! એ સંન્યાસ આશ્રમમાં પ્રવેશ કરેલા પુરુષે એક કંથા ને બે કૌપીન તથા બે આચ્છાદન વસ્ત્રો રાખવાં. વાંસમાંથી બનાવેલો દંડ રાખવો અને કમંડલું ધારણ કરવું.[૬૪] વળી

वर्षाकालं विनैकत्र न वसेत्स त्वनापदि । शुचिविप्रगृहे भैक्षं कुर्यान्नित्यं सकृन्मितम् ॥ ६६
एकादश्यादीनी हरेर्व्रतानि विधिना चरेत् । पालयेद्ब्रह्मचर्यं च जितात्मा च जितेन्द्रियः ॥ ६७
वानप्रस्थश्च सन्न्यासो निषिद्धौ भवतः कलौ । अतो विरक्तो वर्णी वा गृही त्रैवर्णीकोऽपि च ॥ ६८
वासुदेवीं महादीक्षां गृहीत्वा वैष्णवो भवेत् । स्वाश्रमस्थो ब्रह्मचर्यं पालयन्स हरिं भजेत् ॥ ६९
त्यक्त्वा वा स्वगृहमसौ साधुमण्डलमध्यगः । साधुशीलो भजेत्कृष्णं यथा प्राग्भरतो जडः ॥ ७०
नेक्षेत न स्पृशेद्बुद्ध्या काष्ठजामपि योषितम् । हिरण्यादि धनं जह्यात्त्यागी निजहितोद्यतः ॥ ७१
स्त्रीस्त्रैणसङ्ग एको हि मुक्तानामपि बन्धकृत् । हरिमेकं विनाऽस्तीति सर्वथा तं परित्यजेत् ॥ ७२
ज्ञानं भक्तिस्तपो योगस्त्यागः सच्छास्त्रचिन्तनम् । इत्यादयो गुणा व्यर्था भवन्ति स्त्रीप्रसङ्गतः ॥ ७३

---

**નારાયણપરાયણ એ સંન્યાસીએ ("ૐ નમો નારાયણાય") એ અષ્ટાક્ષરમંત્રનો નિરંતર જપ કર્યા કરવો, જ્ઞાન-વિજ્ઞાન સંપન્ન થઈ સંન્યાસીએ શ્રીહરિની નવધા ભક્તિ કરવી.[૬૫] આપત્કાળ પડ્યા વિના કે વર્ષાઋતુ વિના એક જગ્યાએ ક્યારેય વાસ કરવો નહિ. હમેશાં પવિત્ર બ્રાહ્મણના ઘરની અલ્પમાત્રામાં એકજ વખત ભિક્ષા ગ્રહણ કરવી.[૬૬] એકાદશી આદિક ભગવાનનાં વ્રતોનું વિધિપૂર્વક પાલન કરવું તથા બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. મન અને ઈન્દ્રિયોને જીતીને વર્તવું.[૬૭]**

**વૈરાગ્યવાન માટે કળિયુગી વ્યવસ્થા :–** હે મા ! વાનપ્રસ્થ અને **સંન્યાસ આ બે આશ્રમનો કળિયુગમાં નિષેધ છે. તેથી ઘરમાંથી વિરક્ત થયેલા બ્રહ્મચારીએ અથવા ત્રણે વર્ણના ગૃહસ્થોએ પણ ભાગવતી મહાદીક્ષાનો સ્વીકાર કરી આત્મનિવેદી ભક્ત થવું.[૬૮] અને પોતાનાજ આશ્રમમાં રહી અષ્ટપ્રકારે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી હરિભજન પરાયણ જીવન વ્યતીત કરવું.[૬૯] અથવા ઘરનો ત્યાગ કરીને સાધુઓના મંડળમાં જઈને મહાદીક્ષા લઈને સાધુગુણે સંપન્ન થઈ ઋષભદેવના પુત્ર જડભરતની જેમ નિર્માનીપણે વર્તી ભગવાનનું અખંડ ભજન સ્મરણ કરવું.[૭૦] હે મા ! પોતાનું હિત ઈચ્છતા સાધુ પુરુષે દેવતાની પ્રતિમા વિનાની અન્ય સ્ત્રીની ચિત્ર કે કાષ્ઠની પ્રતિમાને પણ બુદ્ધિપૂર્વક જોવી નહિ અને તેનો સ્પર્શ પણ કરવો નહિ, તેમજ સુવર્ણ કે રૂપિયા આદિક દ્રવ્યનો પણ ત્યાગ કરવો.[૭૧] હે મા ! સ્ત્રી અને સ્ત્રીમાં આસક્ત પુરુષનો સંગ એક ભગવાન સિવાય મુક્ત પુરુષોને પણ સર્વ પ્રકારે બંધન કરનારો છે, માટે તેના સંગનો સાધુપુરુષે સદંતર ત્યાગ રાખવો.[૭૨] સ્ત્રીનો પ્રસંગ થયા પછી ગમે તેવો સિદ્ધ સાધુ હોય તોપણ તેનાં જ્ઞાન, ભક્તિ, યોગ, તપ, ત્યાગ અને સત્શાસ્ત્રનું મનન, ચિંતન વિગેરે અનંતગુણો નિષ્ફળ**

कृष्णाहिभ्य इव स्त्रीभ्यो मुमुक्षुर्बिभियात्ततः । समाधिनिष्ठां प्राप्तोऽपि पुमांस्ता दूरतस्त्यजेत् ॥ ७४
कामं लोभं क्रुधं मानं ग्राम्यस्नेहं रसैषणाम् । द्वाराण्येव षडेतानि निरयस्येति सन्त्यजेत् ॥ ७५
ब्रह्मचर्यं सोऽष्टविधं रक्षंस्त्यागी जितेन्द्रियः । हरेर्नवविधां भक्तिं प्रीत्या कुर्वीत सर्वदा ॥ ७६
विहीनां सेवया विष्णोरसौ मुक्तिं चतुर्विधाम् । अपि नेच्छेच्च कैवल्यं तुच्छं स्वर्गादि किं पुनः ॥ ७७
विष्णुसेवेतराशेषवासनोन्मूलनोद्यतः । अलब्धात्मप्रवेशावकाशोऽन्तः शत्रुभिश्च सः ॥ ७८
देशकालक्रियाशास्त्रसङ्गादीनसतस्त्यजन् । सतस्तांश्च श्रयन्नित्यं वर्तेताध्वनि सच्छ्रिते ॥ ७९
सर्वेष्वेतेषु धर्मेषु यस्य यस्य च्युतिर्भवेत् । वर्णाश्रमी यथाशास्त्रं कुर्यात्तत्तस्य निष्कृतिम् ॥ ८०

इत्थं मया ते जनयित्रि ! धर्मो वर्णाश्रमाणां विहितश्चतुर्णाम् ।
पृथक् पृथक्साधु निरूपितो वै ज्ञानस्य वक्ष्याम्यथ लक्षणं ते ॥ ८१॥

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिगीतायां वर्णाश्रमधर्मनिरूपणनामा त्रयस्त्रिंशोऽध्यायः॥ ३३॥*

---

થઈ જાય છે, તેથી મુમુક્ષુએ કાળા સર્પની જેમ સ્ત્રી થકી હમેશાં ભય પામતા રહેવું જોઈએ, અરે ! કોઇ સમાધિ સ્થિતિને પ્રાપ્ત કરી હોય તો પણ સાધુ પુરુષે સ્ત્રીનો પ્રસંગ તો દૂરથી જ છોડી દેવો.[૭૩-૭૪]

વળી હે મા ! કામ, ક્રોધ, લોભ, માન, ભગવાનના ભક્તો સિવાય અન્યત્ર સ્નેહ અને રસાસ્વાદમાં આસક્તિ, આ છ નરકનાં દ્વાર છે, તેથી તેનો દૂરથી જ ત્યાગ કરવો. વળી એ ત્યાગી પુરુષે ઈન્દ્રિયો જીતી હોય છતાં પણ અષ્ટપ્રકારના બ્રહ્મચર્યનું પાલન કરતાં થકાં નિરંતર શ્રીહરિની નવપ્રકારની ભક્તિ પ્રિતિ પૂર્વક કરવી.[૭૫-૭૬] હે મા ! ભગવાનના એકાંતિક ભક્ત આવા સાધુ પુરુષો ભગવાનની સેવા સિવાય ચારપ્રકારની મુક્તિ કે કૈવલ્યમુક્તિને પણ ઈચ્છતા નથી તો પછી તુચ્છ એવાં સ્વર્ગનાં સુખની તો અપેક્ષા જ કેમ રાખે ? ભગવાનની સેવા સિવાય ઈતર વાસનાનો નાશ કરવામાં તત્પર રહેનારા આવા સાધુપુરુષે પોતાના હૃદયમાં કામ, ક્રોધાદિ અંતઃશત્રુઓને પ્રવેશવાનો અવકાશ પ્રાપ્ત ન થાય એ રીતે સાવધાનપણે વર્તવું.[૭૭-૭૮] વળી હે મા ! આવા સાધુપુરુષે અશુભ એવા દેશ, કાળ, ક્રિયા, શાસ્ત્ર, સંગ, દીક્ષા, મંત્ર અને ધ્યાનનો ત્યાગ કરવો, અને શુભ દેશકાળાદિકનું હમેશાં સેવન કરવું, તેમજ પૂર્વોક્ત સાધુ લક્ષણે સંપન્ન પુરુષોએ આચરેલા માર્ગે ચાલવું. તેમ છતાં હે મા ! મેં બતાવેલા આ નિયમોમાંથી જે જે નિયમનો ભંગ થાય તેનું વર્ણાશ્રમી દરેક પુરુષોએ યથાશાસ્ત્ર પ્રાયશ્ચિત કરવું.[૭૯-૮૦]

## चतुस्त्रिंशोऽध्यायः

श्रीहरिरुवाच -

यद्वस्तु यादृशं तस्य तादृक्त्वेन प्रमाणतः । वेदनं यत्तदुदितं मातर्ज्ञानस्य लक्षणम् ॥ १
तच्च ज्ञानं द्विधा प्रोक्तं तत्रैकं ज्ञानमात्मनः । परमात्मस्वरूपस्य ज्ञानं चेत्यपरं मतम् ॥ २
आत्माजीव इह प्रोक्तो व्याप्य सर्वं वपुः स्थितः । बाह्यान्तःकरणानां तद्देवानां च प्रकाशकः ॥ ३
जाग्रदादिष्ववस्थासु स्थूलादिषु वपुष्षु च । बद्धस्तादात्म्यसम्बन्धाद्वस्तुतस्तद्विलक्षणः ॥ ४

---

હે જનની ! આ પ્રમાણે મેં ચારે વર્ણ અને ચારે આશ્રમના શાસ્ત્રવિહિત ધર્મોનું તમારી આગળ પૃથક્ પૃથક્ સ્પષ્ટ રીતે નિરુપણ કર્યું, હવે તમને જ્ઞાનનું લક્ષણ કહું છું.[૮૧]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં હરિગીતાના બીજા અધ્યાયમાં વર્ણાશ્રમ ધર્મનું નિરૂપણ કર્યું એ નામે તેત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. -૩૩-***

---

## અધ્યાય ૩૪

## ભક્તિના અંગભૂત જ્ઞાનનું નિરૂપણ.

શ્રીહરિ કહે છે, હે મા! જે વસ્તુ જેવા પ્રકારની હોય તે વસ્તુને પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાન પ્રમાણ, ઉપમાન પ્રમાણ કે શબ્દ પ્રમાણથી તેવા પ્રકારે જ સંપૂર્ણ જાણી લેવી તેનું નામ ''જ્ઞાન'' કહેવાય છે. તે જ્ઞાન શાસ્ત્રોમાં બે પ્રકારનું કહેલું છે. એક આત્માના સ્વરૂપસંબંધી જ્ઞાન અને બીજું પરમાત્માના સ્વરૂપ સંબંધી જ્ઞાન.[૧-૨]

**આત્મસ્વરૂપનું જ્ઞાનનિરૂપણ :-** હે મા! અહીં જ્ઞાનના પ્રકરણમાં આત્મા શબ્દથી શરીરમાં રહેલા જીવને કહેલો છે, જે જીવાત્મા જ્ઞાનશક્તિથી નખથી શિખા પર્યંત આખા શરીરમાં વ્યાપીને રહેલો છે. અને તે શરીરમાં રહેલા આંખ-કાન વગેરે બાહ્ય ઈન્દ્રિયો તથા મન બુદ્ધિ વગેરે આંતર ઈન્દ્રિયો તથા તે સર્વેના સૂર્યાદિ દેવતાઓનો આ જીવાત્મા પ્રકાશક છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ અવસ્થા તથા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ શરીરમાં આ જીવ તાદાત્મ્ય

यथैव गोलकं लौहं तादात्म्येन धनञ्जयः । व्याप्य स्थितोऽपि तद्भिन्नलक्षणोऽस्ति तथा ह्यसौ ॥ ५
न वै विकुरुते देहे विकारान्प्राप्नुवत्यपि । तथा नश्यति देहेऽपि नासौ नश्यति कर्हिचित् ॥ ६
सच्चिद्रूपोऽक्षरः सूक्ष्मो दुर्ज्ञेयश्च स वर्तते । इत्थं यदात्मनो ज्ञानमात्मज्ञानं तदुच्यते ॥ ७
परमात्मस्वरूपस्य ज्ञानं ते कथयाम्यथ । श्रीकृष्णो यः परं ब्रह्म परमात्मा स कीर्तितः ॥ ८
अप्राकृतगुणो विष्णुर्निर्गुणश्चेश्वरेश्वरः । नारायणश्च भगवान्वासुदेवो य उच्यते ॥ ९

---

સંબંધથી અર્થાત્ તેની સાથે એકરસ થઈ જવારૂપ સંબંધથી ''બધ્ધ'' થયો છે. પણ વસ્તુતાએ અવસ્થા અને શરીરથી તદ્દન જુદો છે. [૩-૪]

હે મા! જેવી રીતે અગ્નિ લોખંડના ગોળામાં એકરસ થઈને વ્યાપી જવાથી એકરૂપ થઈ જાય છે પરંતુ વસ્તુતાએ લોખંડના ગુણધર્મોથી તે અગ્નિ તદ્દન જુદો જ છે. તેમ જીવાત્મા પણ આ શરીર તથા અવસ્થારૂપ જડ વસ્તુથી તદ્દન જુદો જ છે. શરીરમાં બાલ-યૌવન-વૃદ્ધ આદિ વિકૃતિઓ પ્રાપ્ત થાય છતાં તેમાં રહેલા જીવાત્માના સ્વરૂપમાં કોઈ વિકૃતિ પેદા થતી નથી. તેમજ દેહ નાશ પામે છતાં જીવ નાશ પામતો નથી. આ જીવ સત્ય સ્વરૂપ છે. ચૈતન્ય સ્વરૂપ છે. છેદાવું-કપાવું આદિ ક્ષર ધર્મોથી રહિત અક્ષર છે. અણુ સરખા સૂક્ષ્મ હોવાથી આ સ્થૂલ દૃષ્ટિથી જોઈ શકાતો નથી. ભગવદ્કૃપા વિના તે દુર્જ્ઞેય છે. અર્થાત્ તેના સ્વરૂપને ભગવાનના ભક્તો સિવાય સાચી રીતે કોઈ જાણી શક્તું નથી. સાચી રીતના આ જીવાત્માના સ્વરૂપને જાણવું તેનું નામ આત્મજ્ઞાન કહેવાય છે. [૫-૭]

**પરમાત્મસ્વરૂપનું જ્ઞાનનિરૂપણ :–** હે મા ! હવે તમને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કહું છું, સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિ આદિકથી અક્ષર બ્રહ્મ થકી પણ ઉત્કૃષ્ટ હોવાથી જેને 'પરબ્રહ્મ' કહેવાય છે એવા શ્રીકૃષ્ણ ભગવાન છે, તે જ પરમાત્મા છે. તે સત્ત્વ, રજ અને તમ આ પ્રાકૃત ગુણોથી રહિત છે તેથી 'નિર્ગુણ' કહ્યા છે. તથા તે જડ ચિદાત્મક આ સમગ્ર સૃષ્ટિમાં અંતર્યામીપણે અખંડ નિવાસ કરીને રહેલા હોવાથી તેને 'વિષ્ણુ' કહ્યા છે. તે પ્રધાન પુરુષાદિક ઈશ્વરોના પણ ઈશ્વર હોવાથી 'પરમેશ્વર' કહ્યા છે, તેવીજ રીતે બધ્ધ કે મુક્ત જીવોના સમૂહની અંદર કે બહાર રહીને તેનું નિયમન કરે છે તેથી તેને 'નારાયણ' કહ્યા છે. ઐશ્વર્ય આદિ છ ભગના નિધિ હોવાથી તેને 'ભગવાન' કહેવાય છે. તથા જેનું અંતઃકરણ શુધ્ધ હોય ત્યાંજ પ્રગટ થતા હોવાથી તેને 'વાસુદેવ' કહ્યા છે. [૮-૯]

साक्षात्सम्बन्धतो यस्य कर्ता श्रद्धा सुखं तथा। ज्ञानं स्थानं च द्रव्यादि गुण्यपि स्याद्धि निर्गुणम्॥ १०
स्वतन्त्रः स्वप्रकाशश्च सर्वकारण कारणम् । ब्रह्मभूतैरप्युपास्यः कोटिसूर्यादिभास्वरः ॥ ११
प्रधानाद्याष्टावरणावृतानेकाण्डकोटयः । यत्राणुवत्स्थिता ब्रह्माक्षरं तद्धाम यस्य च ॥ १२
दिव्यरूपोऽक्षरात्मा च श्रुतो यश्चाक्षरात्परः। अन्तर्यामी च सर्वेषामात्मनां योऽच्युतो हरिः॥ १३
कालो माया पुमान् यस्य महत्तत्वादयस्तथा। शक्तयः सन्त्येकमेवाद्वितीयं ब्रह्म यः प्रभुः॥ १४
श्रेयसे भुवि लोकानां योऽवतारान्विभर्ति च । अनेककल्याणगुणः स ज्ञेयः पुरुषोत्तमः ॥ १५

---

હે મા ! આ પરમાત્માનો સાક્ષાત્ સંબંધ કેટલો મહાન છે. આ લોકમાં ક્રિયાનો કરનાર પુરુષ શ્રદ્ધા, સુખ, જ્ઞાન, સ્થાન તથા દ્રવ્યો આ સર્વે માયાના ત્રણ ગુણથી યુક્ત હોવા છતાં તેને પરમાત્માનો સાક્ષાત્ સંબંધ જો પ્રાપ્ત થાય તો તરતજ તે સર્વે નિર્ગુણ થઈ જાય છે. કારણ કે પરમાત્મા સદાય નિર્ગુણ છે. તે સદાય સ્વતંત્ર છે, સ્વતઃસિધ્ધ અખંડ પ્રકાશમાન છે. જગતનું મૂળ કારણ, મૂળ પ્રકૃતિ અને મૂળ પુરુષ, તેના પણ તે કારણ છે. બ્રહ્મભાવને પામેલા મહામુક્તો પણ તેની અખંડ ઉપાસના કરે છે. તથા તે કરોડો સૂર્યના પ્રકાશથી પણ વધુ પ્રકાશમાન છે.[૧૦-૧૧] હે મા ! પ્રધાન આદિ અષ્ટ આવરણે યુક્ત અનંતકોટી બ્રહ્માંડોના સમૂહો જે અક્ષરબ્રહ્મમાં અણુની જેમ ઊડતા ફરે છે, તે અક્ષરબ્રહ્મ આ પરમાત્માનું ધામ છે, આ પરમાત્મા સદાય સાકાર દિવ્યસ્વરૂપે અહીં વિરાજે છે. તે અક્ષરના આત્મા છે. તેથી તે અક્ષરબ્રહ્મથી પણ પર શાસ્ત્રોમાં વર્ણવાયેલા છે. સર્વે જીવપ્રાણી માત્રના અને વૈરાટાદિ ઈશ્વરોના પણ તે અંતર્યામી છે. તે સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ અને ઐશ્વર્ય થકી ક્યારેય ચ્યુત થતા નથી તેથી 'અચ્યુત' કહેલા છે. [૧૨-૧૩] હે મા ! તે પરમાત્મા એક જ છે. અદ્વિતીય છે, અર્થાત્ તેની સમાન કે તેનાથી ચડિયાતું આ વિશ્વમાં કોઈ નથી, અને કાળ, માયા, પુરુષ અને મહત્તત્ત્વ આદિક જે છે, તે તો તેની શક્તિઓ છે અને પોતે તો તેનું નિયમન કરનારા પ્રભુ છે. તેજ પરમાત્મા ભગવાન શ્રીહરિ આ પૃથ્વી ઉપર પોતાનો વિરહ સહન નહીં કરી શકનારા પોતાના એકાંતિક ભક્તોને પોતાની મૂર્તિનું સુખ આપવા માટે તથા અનંત જીવોનાં કલ્યાણને અર્થે અને અસુરોનો વિનાશ કરવાને અર્થે રામકૃષ્ણાદિક અવતારોને ધારણ કરનારા છે. આ પરમાત્મા સત્ય, શૌચ, દયા આદિ અનંત કલ્યાણકારી ગુણોના ધામ છે. ક્ષર અને અક્ષરથી પણ ઉત્તમ હોવાથી તેને પુરુષોત્તમ કહેલા છે. [૧૪-૧૫]

श्रीकृष्ण एषोऽक्षरपूरुषात्मना स्वशक्तिमूलप्रकृतिं समीक्षते।
सिसृक्षुरेवागणिताण्डगोलकान्धत्ते च सा गर्भमथेक्षणात्मकम्॥ १६
सूते ततः सा सहपूरुषाणि प्रधानतत्त्वानि च कोटिशोऽथ।
तत्पूरुषात्मप्रभुवीक्षितेभ्यस्तेभ्यो जगत्कारणतत्त्वसर्गः ॥१७
ब्रह्माण्डनि बहूनीत्थं सम्भवन्ति हरीच्छया । तत्रैकस्यानुक्रमेण सम्भवं कथयामि ते ॥ १८
एकस्याप्युद्भवं वक्तुं विस्तरेण न शक्यते । अतः सङ्क्षेपतो मातस्तदुत्पत्तिर्मयोच्यते ॥ १९
प्रधानतत्त्वात्तस्मात्तु पुंदृष्टात्रिगुणात्मकात् । जगदङ्कुररूपं हि महत्तत्वं प्रजायते ॥ २०
प्रधानेनावृतात्तस्माद्वासुदेवेच्छया सति ! । महत्तत्त्वादहङ्कारस्त्रिविधो जायते ततः ॥ २१
सात्त्विको राजसश्चैव तामसश्चेति सत्रिधा । यथा प्रधानेन महान्महता स तथावृतः ॥ २२

---

**બ્રહ્માંડોનો ઉત્પત્તિ ક્રમ :–** હે મા ! આજ પરમાત્મા પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીકૃષ્ણ અનંતકોટિ બ્રહ્માડોનું સર્જન કરવાની ઈચ્છાથી અક્ષરપુરુષ દ્વારા પોતાની શક્તિ એવી મૂળપ્રકૃતિની સામે દ્રષ્ટિ કરે છે. ત્યારે તે મૂળ પ્રકૃતિ ભગવાનના દ્રષ્ટિરૂપ ગર્ભને ધારણ કરે છે. ત્યારપછી તે મૂળ પ્રકૃતિ કરોડે કરોડ પુરુષોની સાથે પ્રધાન નામની પ્રકૃતિઓને જન્મ આપે છે. તે પ્રધાન નામની કરોડે કરોડ શક્તિઓ તે પુરુષો સાથે જોડાઈને તેની દ્રષ્ટિ પામીને ગર્ભધારણ કર્યા પછી જગતની ઉત્પત્તિના કારણભૂત મહત્તત્ત્વાદિક તત્ત્વોને ઉત્પન્ન કરે છે.[૧૬-૧૭] હે મા ! આ પ્રમાણે ભગવાનની ઈચ્છાથી અનંત કોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે, તેમાં એક બ્રહ્માંડની ઉત્પત્તિનો ક્રમ તમને જણાવું છું, જોકે એક બ્રહ્માંડની ઉત્પત્તિનું વર્ણન પણ વિસ્તાર પૂર્વક સંપૂર્ણ કરવું શકય નથી તેથી, એક બ્રહ્માંડની ઉત્પત્તિ પણ હું તમને સંક્ષેપમાં જણાવું છું.[૧૮-૧૯]

હે મા ! તે પરમાત્મક પુરુષની દ્રષ્ટિ પામેલી ત્રિગુણમયી પ્રધાન નામની શક્તિ થકી જગતના અંકુરરૂપ મહતત્ત્વની ઉત્પત્તિ થાય છે. હે સતી ! હે મા ! ત્યારપછી ભગવાન શ્રી વાસુદેવની ઈચ્છાથી પ્રધાનતત્ત્વના અન્વયે યુક્ત એ મહત્તત્ત્વ થકી ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થાય છે. સાત્ત્વિક, રાજસ અને તામસ આ ત્રણ પ્રકારનો અહંકાર પણ હમેશાં મહત્તત્ત્વના અન્વયે યુક્ત રહેલો હોય છે, જેવી રીતે મહત્તત્ત્વ છે, તે પ્રધાન તત્ત્વના અન્વયે સદા યુક્ત હોય છે.[૨૦-૨૨] ત્યારપછી હે મા ! ભગવાન શ્રીવાસુદેવની ઈચ્છાથી તે ત્રણમાંના એક તામસ અહંકારમાંથી શબ્દ ઉત્પન્ન થાય છે, તે શબ્દ થકી શબ્દ જેની તન્માત્રા, છે એવો

अहङ्गारात्तामसाच्च वासुदेवेच्छयैव हि । शब्दो भवति तस्मात् खं जायते शब्दमात्रकम् ॥ २३
अहङ्कारावृतात्तस्मादाकाशाच्छब्दमात्रकात् । स्पर्श उत्पद्यते स्पर्शाद्वायुश्च स्पर्शमात्रकः ॥ २४
आकाशेनाऽऽवृताद्वायो रूपमुत्पद्यते ततः । तस्मात्तेजो रूपमात्रं जायते वायुनाऽऽवृतम् ॥ २५
तेजसश्च रसस्तस्मादापस्तु रसमात्रिकाः । उत्पद्यन्ते च ताः सन्ति वेष्टितास्तेन तेजसा ॥ २६
अद्भ्यो गन्धस्ततः पृथ्वी जायते गन्धमात्रिका । अद्भिः संवेष्टिता पृथ्वी विशेषाख्या च कथ्यते ॥ २७
आकाशादीनि पञ्चात्र महाभूताभिधानि च । शब्दादयश्च कथ्यन्ते पञ्च तन्मात्रिका इति ॥ २८
अहङ्काराद्राजसात्तु पञ्च ज्ञानेन्द्रियाणि च । पञ्च कर्मेन्द्रियाण्याम्ब ! प्राणो बुद्धिश्च जायते ॥ २९
श्रोत्रं त्वक् चाक्षि जिह्वा च घ्राणो ज्ञानेन्द्रियाण्यथ । वाग् दोः पाद उपस्थश्च पायुः कर्मेन्द्रियाणि च ॥ ३०
अहङ्कारात्सात्त्विकाच्च करणानां तु देवताः । बाह्यानामान्तराणां च प्रजायन्ते मनस्तथा ॥ ३१

---

આકાશ ઉત્પન્ન થાય છે. હવે તામસ અહંકાર જેનું મૂળ કારણ છે અને શબ્દજેની તન્માત્રા છે એવા આકાશમાંથી સ્પર્શ ઉત્પન્ન થાય છે. એ સ્પર્શ થકી સ્પર્શ જેની તન્માત્રા છે એવો વાયુ ઉત્પન્ન થાય છે. આકાશ આવૃત્ત તે વાયુ થકી રૂપ ઉત્પન્ન થાય છે. વાયુ આવૃત્ત તે રૂપ થકી રૂપ જેની તન્માત્રા છે એવું તેજ ઉત્પન્ન થાય છે. ત્યારપછી તે તેજમાંથી રસ ઉત્પન્ન થાય છે. ત્યારપછી તેજ આવૃત્ત તે રસ થકી રસજેની તન્માત્રા છે એવું જળ ઉત્પન્ન થાય છે. તે જળમાંથી ગંધ ઉત્પન્ન થાય છે. ગંધ થકી ગંધ જેની તન્માત્રા છે એવી પૃથ્વી ઉત્પન્ન થાય છે. અને તે પૃથ્વીને વિશેષ એવા નામથી પણ કહેવામાં આવે છે. [૨૩-૨૭] હે મા ! ઉપરોક્ત આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી આ પાંચ તત્વોને પંચમહાભૂત કહેવામાં આવે છે. અને તેના કારણભૂત શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને પંચતન્માત્રા કહેવામાં આવેછે. [૨૮]

**રાજસાહંકાર થકી ઉત્પત્તિ :-** હે મા ! બીજા રાજસ અહંકારમાંથી પાંચ જ્ઞાન ઈન્દ્રિયો. પાંચ કર્મ-ઈન્દ્રિયો, પંચપ્રાણ અને બુધ્ધિ ઉત્પન્ન થાયછે, શ્રોત્ર (કાન), ત્વક્ (ચામડી), ચક્ષુ (આંખ), જીહ્વા (જીભ) અને ઘ્રાણ (નાક) આ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. તેમજ વાક્ (વાણી) પાણી (હાથ), પાદ (પગ), વાયુ (ગુદા) અને ઉપસ્થ (શિશ્ન) આ પાંચ કર્મેન્દ્રિયો છે, [૨૯-૩૦] હે મા ! ત્રીજા સાત્ત્વિક અહંકાર થકી બ્રાહ્ય અને આંતર ઈન્દ્રિયોના દેવતા અને મન ઉત્પન્ન થાય છે. દિગ્પાળ શ્રોત્ર ઈન્દ્રિયના દેવતા છે. વાયુદેવ ત્વક્ ઈન્દ્રિયના, સૂર્ય ચક્ષુ ઈન્દ્રિયના, પ્રચેતા એટલે વરુણદેવ જીહ્વા ઈન્દ્રિયના, અશ્વિનીકુમાર ઘ્રાણ ઈન્દ્રિયના, અગ્નિદેવ વાક્ ઈન્દ્રિયના, ઈન્દ્રદેવ હાથ ઈન્દ્રિયના, ઉપેન્દ્ર વિષ્ણુ પાદ ઈન્દ્રિયના, મિત્રદેવ ગુદા

दिग्वातार्कप्रचेतोऽश्विवन्हीन्द्रोपेन्द्रमित्रकाः । चन्द्रो ब्रह्म क्षेत्रविच्च रुद्रश्चेत्यधिदेवताः ॥ ३२
एते सर्वे तत्त्वसंज्ञा देवा भगवदिच्छया । संहत्यैव विराड्देहं स्वस्वांशै रचयन्ति हि ॥ ३३
तत्स्थ आत्मा तु वैराजः पुरुषः प्रोक्त ईश्वरः । स्वाङ्गोत्पन्नाम्बुशयनाद्यश्च नारायणः स्मृतः ॥ ३४
तन्नाभिकमलाद्ब्रह्मा जायते राजसः सति ! । जीवांस्तदात्मना सर्वाञ्छ्रीकृष्णः सृजतीश्वरः ॥ ३५
प्रजेषांश्च मनून्देवानृषीन्पितृन् पृथक् पृथक् । गन्धर्वांश्चारणान्सिद्धान् यक्षान्विद्याधरासुरान् ॥ ३६
किंपुरुषांश्चाप्सरसः किन्नरानुरगांस्तथा । मातृः पिशाचान् रक्षांसि भूतान् प्रेतान्विनायकान् ॥ ३७
वेतालोन्मादकूष्माण्डन् वृद्धबालग्रहांस्तथा । पशून्मृगान् खगान्वृक्षान् पर्वतांश्च सरीसृपान् ॥ ३८
स्थावरा जङ्गमा येऽन्ये भूवारिगगनौकसः । सर्वांस्तांश्च यथाकर्मगुणदेहान् सृजत्यसौ ॥ ३९
शुद्धसत्त्वा मिश्र राजसास्तामसास्तथा । तेषु मिश्रगुणाश्चैके सन्ति कैचिच्च निर्गुणाः ॥४०

---

ઈન્દ્રિયના અને કશ્યપ શિશ્ન ઈન્દ્રિયના, દેવતા છે તેવીજ રીતે ચંદ્રમા મનના, બ્રહ્મા બુદ્ધિના, વાસુદેવ ચિત્તના અને રુદ્ર અહંકારના દેવતા છે. આ પ્રમાણે એ દશ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણના અધિપતિ દેવતાઓ સાત્ત્વિક અહંકાર થકી ઉત્પન્ન થાયછે. (૩૧.૩૨)

**શ્રી વૈરાટપુરુષની ઉત્પત્તિ :–** ત્યારપછી હે મા ! ભગવાનના સંકલ્પથી તે દેવતાઓએ સહિત મહદાદિ ચોવીસ તત્ત્વો ભેળાં મળીને પોતપોતાના અંશના ઐશ્વર્યે યુક્ત 'વિરાટ' પુરુષનું સર્જન કરે છે. તે વિરાટના શરીરમાં રહેલા આત્મા એવા વૈરાજપુરુષને 'ઈશ્વર' એવા નામથી કહેવામાં આવે છે. તે વિરાટે પોતાના અંગમાંથી ઉત્પન્ન થયેલા 'નાર' નામના ગર્ભોદક જળમાં શયન કર્યું તેથી તેને 'નારાયણ' પણ કહે છે. (૩૩-૩૪) હે મા ! તે વિરાટનારાયણના નાભિકમળમાંથી રજોગુણપ્રધાન બ્રહ્મા ઉત્પન્ન થાય છે. પરમાત્મા સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન બ્રહ્મા દ્વારા આ સમગ્ર જીવસૃષ્ટિનું સર્જન કરે છે. તે સમગ્ર સૃષ્ટિમાં પ્રજાપતિઓ, ચારણો, દેવતાઓ, ઋષિઓ, પિતૃઓ, ગંધર્વો, ચારણો, સિદ્ધો, યક્ષો, વિદ્યાધરો, અસુરો, કિંપુરુષો, અપ્સરાઓ, કિન્નરો, સર્પો, માતૃગણો, પિશાચો, રાક્ષસો, ભુત, પ્રેતો, વિનાયકો, વૈતાલો, ઉન્માદો, વૃદ્ધગ્રહો તથા બાળગ્રહો, પશુઓ, મૃગો, પક્ષીઓ, વૃક્ષો, પર્વતો, પેટ ઘસીને ચાલનારા સરીસૃપો, તેમજ સ્થાર જંગમ અનંત જીવો તથા પૃથ્વી, જળ અને આકાશમાં ગતિ કરનાર અગણિત જીવોનું પોતપોતાના ગુણ અને કર્મને અનુસાર સર્જન કરે છે. (૩૫-૩૯)

હે મા! બ્રહ્મા દ્વારા ભગવાને સર્જેલી સૃષ્ટિના શરીરધારીઓમાં કેટલાક

गुणस्वभावानुरूपं पुण्यं वाऽधं च मिश्रितम् । कर्म ते कुर्वते जीवाः कृष्णभक्तिं तु निर्गुणाः ॥ ४१
एवं स भगवान्मातर्ब्रह्मात्म सृजति प्रजाः । पाति ता विष्णुरूपश्च शिवात्मा संहरत्यपि ॥ ४२
असौ जीवेषु सर्वेषु प्रविश्य पुरुषात्मना । यथा कर्म फलं दत्ते तेभ्यः साम्यमुपाश्रितः ॥ ४३
स हरिस्त्वक्षरस्याथ प्रकृतेः पुरुषस्य च । प्रधानपुरुषाणां च महदादिगणस्य च ॥ ४४
कालस्य स्थूलसूक्ष्मस्य चरतोऽण्डे च तद्बहिः । एतेषां कार्यभूतस्य वैराजस्य महामते ! ॥ ४५
तज्जातानां प्रजेशानां ब्रह्मादीनां च सर्वशः । नियन्ता ह्येक एवास्ति सम्राट् खण्डभुजामिव ॥ ४६
एषां यत्राधिकारे ये जगतस्तेन योजिताः । ते सावधानास्तद्भीतास्तदाज्ञायां सदा स्थिताः ॥ ४७
एवं हि मातः ! सर्वेऽपि परतन्त्रा भवन्ति हि । कृष्ण एकः स्वतन्त्रोऽस्ति सर्वसेव्यस्ततस्तु सः ॥४८

---

જીવ શુદ્ધ સત્ત્વગુણપ્રધાન હોય છે. કેટલાક મિશ્ર સત્ત્વગુણપ્રધાન હોય છે. કેટલાક રાજસગુણપ્રધાન હોય છે. કેટલાક તમોગુણપ્રધાન હોય છે. અને કેટલાક મિશ્રગુણપ્રધાન જીવ હોય છે. તેમજ કેટલાક ત્રણે ગુણે રહિત નિર્ગુણ જીવો પણ હોય છે. [૪૦] હે મા ! તે સર્વે જીવાત્માઓ પોતાના ગુણ કર્મ અને સ્વભાવને અનુસારે પુણ્યકર્મ, પાપકર્મ તથા પુણ્યપાપ મિશ્રિત કર્મ કરે છે અને જે નિર્ગુણ જીવો છે તે ભગવાનની ભક્તિરૂપ સત્કર્મો જ કરે છે. [૪૧] હે મા ! આ પ્રમાણે બ્રહ્મારૂપે રહીને ભગવાન પ્રજાનું સર્જન કરે છે, વિષ્ણુરૂપે રહીને ભગવાન પ્રજાનું પોષણ કરે છે અને શિવરૂપે રહીને ભગવાન આ સૃષ્ટિનો સંહાર પણ કરે છે, વળી એ પરમાત્મા અક્ષરપુરુષરૂપે કરીને સમસ્ત જીવસૃષ્ટિમાં પ્રવેશ કરીને તેમના કર્મોને અનુસારે સર્વ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખીને તેના કર્મનું ફળ તેને આપે છે. [૪૨-૪૩]

**સર્વના નિયંતા સમ્રાટ એક પરમાત્મા છે :–** હે બુદ્ધિમાન મા ! જેવી રીતે ચક્રવર્તી સમ્રાટ અન્ય ખંડિયા રાજાઓના એક નિયંતા છે, તેવી જ રીતે ભગવાન પુરુષોત્તમનારાયણ શ્રીહરિ એક પોતે અક્ષરબ્રહ્મધામના નિયંતા છે, મૂળપુરુષના અને મૂળપ્રકૃતિના નિયંતા છે, અનંતકોટિ બ્રહ્માંડોના અનંતકોટિ પ્રધાન પુરુષોના પણ નિયંતા છે. તેવી જ રીતે અનંતકોટિ બ્રહ્માંડોના કારણરૂપ મહત્તત્ત્વાદિ તત્ત્વોના પણ નિયંતા છે, અને વળી સ્થૂલ એવા દિવસ, મહિના, વર્ષ આદિરૂપે તથા પરાર્ધ, દ્વિપરાર્ધ આદિ સૂક્ષ્મરૂપે આ અનંતકોટિ બ્રહ્માંડની અંદર અને બહાર વિચરતા, કાળના પણ તે પરમાત્મા નિયંતા છે, તે મહદાદિ તત્ત્વોથકી ઉત્પન્ન થયેલા વિરાટ પુરુષના નિયંતા છે. વિરાટમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા, વિષ્ણુ અને

परमात्मस्वरूपस्य ज्ञानमित्थं प्रकीर्तितम् । प्राप्तेन सद्गुरोर्येन ज्ञातव्यं नावशिष्यते ॥ ४९

य इत्थमात्मानमथात्मनाथं सतां प्रसङ्गादवगत्य सम्यक् ।
करोति भक्तिं भवबन्धहर्तुः श्रीवासुदेवस्य स मुक्त उक्तः ॥ ५०

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिगीतायां ज्ञानस्वरूपनिरूपणनामा चतुस्त्रिंशोऽध्यायः ॥ ३४ ॥*

---

**શિવના પણ નિયંતા છે, તેમજ તે બ્રહ્માથકી ઉત્પન્ન થયેલા પ્રજાપતિ આદિ સમસ્ત દેવતાઓના તે એક જ નિયંતા છે.[૪૪-૪૬]**

**હે મા ! આ અક્ષરાદિકમાંથી જેને જેને આ જગતની સૃષ્ટિમાં જ્યાં જ્યાં જે જે અધિકાર આપીને ભગવાને જોડ્યા છે તે સર્વે તે પુરુષોત્તમનારાયણ થકી ભય પામીને સાવધાનીપૂર્વક તેમની આજ્ઞામાં નિરંતર વર્તે છે. એવી રીતે હે મા ! અક્ષરાદિક સર્વે પરતંત્ર છે પરંતુ એક પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ જ સ્વતંત્ર છે. તેથી તે જ એક અક્ષરાદિ સર્વેને સેવવા યોગ્ય અને ઉપાસના કરવા યોગ્ય છે.[૪૭-૪૮] હે મા ! આ રીતનું પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન મેં તમને કહ્યું, હે મા ! સદ્‌ગુરુના માધ્યમથી આ જ્ઞાન જેને પ્રાપ્ત થાય તેને બીજું કાંઈ જાણવાનું બાકી રહેતું નથી. હે મા ! આ પ્રમાણે પૂર્વોક્ત લક્ષણવાળા સત્પુરુષોના પ્રસંગથી જે પુરુષ આત્મા અને પરમાત્માના સ્વરૂપને યથાર્થ રીતે જાણી ભવબંધનને હરનારી ભગવાન શ્રીવાસુદેવની ભક્તિ કરે છે તે પુરુષને "મુક્ત" કહેવામાં આવે છે.[૪૯-૫૦]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં હરિગીતાના તૃતીય અધ્યાયમાં જ્ઞાનના સ્વરૂપનું નિરૂપણ કર્યું એ નામે ચોત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૪***

---

## पञ्चत्रिंशोऽध्यायः

श्रीहरिरुवाच –

वैराग्यस्य स्वरूपं ते कथयाम्यथ मानदे ! । भगवन्तं विनाऽन्यत्र रागाभावस्तदुच्यते ॥ १
देहे च दैहिकेष्वम्ब ! स्त्रीपुत्रधनवेश्मसु । पशुयानोपकरणक्षेत्रादिष्वरुचिस्तथा ॥ २
शब्दादिपञ्चविषयभोगेषु विविधेषु च । अनर्घ्यवस्त्रभूषादौ राज्यभोगेषु चारुचिः ॥ ३
स्वर्गादौ पुण्यलोके च सद्भोगेष्वस्थिलेष्वपि । अनासक्तिः सर्वथेति वैराग्यं स्पष्टमीरितम् ॥ ४

प्रेमवत्युवाच –

वैराग्यमीदृशं कृष्ण ! जीवानामुदियात्कथम् । वक्तुमर्हसि सर्वज्ञो मह्यं तत्तत्त्वतो भवान् ॥ ५

श्रीहरिरुवाच –

वैराग्यस्य समुत्पत्तिः सर्वेषामपि देहिनाम् । लोकानां चैव भोगानां भवति क्षयदर्शनात् ॥ ६

---

## અધ્યાય – ૩૫

## ભક્તિના અંગભૂત વૈરાગ્યનું નિરૂપણ.

શ્રીહરિ કહે છે, યથાયોગ્ય સર્વને માન આપનાર હે મા ! હવે હું તમને વૈરાગ્યનું સ્વરૂપ કહું છું, ભગવાન વિના બીજે ક્યાંય પ્રીતિ ન રાખવી તેને વૈરાગ્ય કહેવામાં આવે છે.[૧] હે મા ! પોતાના શરીરમાં અરુચિ, ઘર, પશુ, વાહન, શય્યા, ક્ષેત્ર આદિ ઉપભોગનાં પદાર્થોમાં અરુચિ તથા વિવિધ શબ્દાદિ પંચવિષયોના ભોગમાં અરુચિ તથા મહા કિંમતી વસ્ત્રો અને આભૂષણાદિ પદાર્થોમાં તથા રાજ્ય વૈભવના સુખોમાં અરુચિ, તેમજ યજ્ઞ, દાન આદિ પુણ્યથી પ્રાપ્ત થતા સ્વર્ગાદિ લોકમાં કે સ્વર્ગ જેવાં સુખ જ્યાં પ્રાપ્ત થાય છે એવા પૃથ્વી પરના સ્થાનોમાં પણ પ્રાપ્ત થતાં સમગ્ર રમણીય વિષયોના ભોગ સંબંધી સુખમાં સર્વ પ્રકારે અરુચિ વર્તવી તેનું નામ ‘‘વૈરાગ્ય’’ છે.[૨-૪]

**વૈરાગ્ય ઉત્પત્તિનાં કારણો :–** માતા પ્રેમવતી કહે છે, હે કૃષ્ણ ! મુમુક્ષુ જીવોને તમે કહ્યો એવો વૈરાગ્ય શું સાધન કરવાથી ઉત્પન્ન થાય છે ? તમે સર્વે રહસ્યને જાણનારા સર્વજ્ઞ છો તેથી મને જેમ છે તેમ યથાર્થ સમજાવો.[૫] ભગવાન શ્રીહરિ કહે છે, હે મા ! પ્રધાનપુરુષથી લઈ કીટ પર્યંત સમસ્ત લોક અને ભોગના નાશવંતપણાના જ્ઞાનનો ઉદય થાય તો વૈરાગ્ય જન્મે છે. હે મા ! ચાર પ્રકારના પ્રલયનો વિચાર કરવાથી જ્ઞાનનો ઉદય થાય છે. તે ચાર પ્રકારમાં એક

नित्यो दैनन्दिनश्चैव प्राकृताख्यस्तृतीयकः । आत्यन्तिकश्चेति मातः ! प्रलयोऽस्ति चतुर्विधः ॥ ७
तत्र प्रकतिकार्यस्य ब्रह्माण्डस्याखिलस्य च । ब्रह्मादेः स्थावरान्तस्य भोगानां चापि सर्वशः ॥ ८
विनाशो जायते नूनं कालेनैव बलीयसा । एवं क्षयं लोकयतां वैराग्यं तेषु सम्भवेत् ॥ ९
तथैव दुःखदृष्ट्यापि देहिनां तत्समुद्भवः । भवेदुःखं तु सर्वेषां फलं दुष्कृतकर्मणः ॥ १०
शिश्नोदरतृपां भूमौ सङ्गादेवासतां नृणाम् । प्रवृत्तिर्जायते पापे प्राणिनामतिदुःखदा ॥ ११
विलीयते च सद्बुद्धिर्धर्मनिष्ठा ततो नृणाम् । ज्ञानादयो गुणाः सर्वे नश्यन्ति च कुसङ्गतः ॥ १२
देहेऽहन्ता च तेनैव ममता दैहिकेषु च । विवर्धते ततस्तेषु ह्यासक्तिर्जायते भृशम् ॥ १३
देहस्त्रीपुत्रवित्तादौ तेऽहन्ताममतावशात् । आसक्तास्तत्कृते नानापापकर्माणि कुर्वते ॥ १४

નિત્ય પ્રલય, બીજો વૈરાજપુરુષના દિવસને અંતે ત્રિલોકીના નાશભૂત નિમિત્ત પ્રલય, ત્રીજો પ્રધાનપુરુષ અને તેના મહદાદિ તત્ત્વોના કાર્યનો મૂળપ્રકૃતિમાં લય થઈ જવા રૂપ પ્રાકૃત પ્રલય અને ચોથો મૂળપ્રકૃતિ મૂળપુરુષ અને તેના કાળનો પણ ભગવાનની ઈચ્છાથી ભગવાનના ધામરૂપ અક્ષરબ્રહ્મતેજમાં તિરોધાન થઈ જવારૂપ આત્યંતિક પ્રલય. આવી રીતે ચાર પ્રકારના પ્રલય કહેલા છે.[૬-૭]

હે મા ! આ ચારપ્રકારના પ્રલયમાં બળવાન કાળના વેગથી પ્રકૃતિના કાર્યભૂત અખિલ બ્રહ્માંડનો તેમજ બ્રહ્માથી લઈ સર્વે સ્થાવર ચરાચર જગતના સમસ્ત લોક અને ભોગનો નિશ્ચય વિનાશ થાય છે. કાંઈ બચવા પામતું નથી, આ પ્રમાણે જે નાશવંતપણાનો વિચાર કરે છે, તેના અંતરમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.[૮-૯] હે મા ! દેહધારીઓનાં અનંત પ્રકારનાં દુઃખોનું અવલોકન કરવાથી પણ અંતરમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, અને એ સર્વે દુઃખો વ્યક્તિના સમસ્ત પાપકર્મના ફળરૂપે જ પ્રાપ્ત થાય છે, અને તે સર્વે જીવોની પાપકર્મમાં પ્રવૃત્તિ પણ માત્ર શિશ્ન અને ઉદર તૃપ્તિમાં પ્રવૃત્ત અસત્પુરુષોના સંગથી થાય છે. પછી એ પાપકર્મો જીવાત્માઓને અતિ દુઃખ આપનારાં થાય છે, કારણ કે અસત્પુરુષના પ્રસંગથી મનુષ્યની સદ્‌બુદ્ધિ નાશ પામે છે, સદ્‌બુદ્ધિના નાશથી ધર્મમાં રુચિ નાશ પામે છે. તેનાથી જ્ઞાનાદિ સદ્‌ગુણોનો વિનાશ થાય છે, અને શરીરમાં અહંબુદ્ધિ વધે છે, તેમજ શરીરના સંબંધીમાં મમતા વધે છે, ત્યારપછી જીવને શરીર અને શરીરના સંબંધીમાં અત્યંત આસક્તિ ઉત્પન્ન થાય છે. હે મા ! આ રીતે જીવને શરીર, સ્ત્રી, પુત્ર, ધન વિગેરેમાં અહંતા અને મમતાને લીધે અતિ આસક્તિ થવાથી તે સર્વેને માટે અનેક પ્રકારનાં પાપકર્મો કરવા લાગે છે.[૧૦-૧૪]

वञ्चयन्ति परन्यासान्विश्वस्तं घातयन्ति च । दम्भपैशुन्यशठतानृतवाद परा नराः ॥ १५
मिथ्यापवादानन्येषु ददत्तश्च परद्रुहः । हिंस्राः स्तेना अनीत्यैव कुटुम्बं पोषयन्ति ते ॥ १६
इतस्तत उपानीय येन केनापि पाप्मना । कर्मणा गर्हितेनैव स्वानि पुष्णन्ति तैर्निजान् ॥ १७
तदासक्त्या स्ववेदोक्तं धर्मं वर्णाश्रमात्मकम् । त्यक्त्वोपधर्मवेषादि दधत्ते च निरङ्कुशाः ॥ १८
गोविप्राणां च साधूनां वेदतीर्थामृतान्धसाम् । द्रोग्धारो मानिनः स्तब्धा विमुखा विष्णुभक्तितः ॥ १९
खादन्ति मांसानि सुरा मद्यानि च पिबन्त्यपि । सज्जन्ते च परस्त्रीषु विधवासु च कामतः ॥ २०
अपेयपानं चाभक्ष्यभक्षणं कुर्वते मुहुः । वदन्त्यवाच्यानि च ते निस्त्रपाश्च मदोद्धताः ॥ २१
य इत्थं दुष्टकर्माणो मानवाः सन्ति भूतले । अन्तकाले लभन्ते ते कृच्छ्रं भूरितरं सति ! ॥ २२
यमदूतास्तदाऽऽयान्ति नेतुंताननतिनिर्दयाः । वक्रतुण्डाः पाशहस्ता भयङ्करसमीक्षणाः ॥ २३

---

**પાપનું મૂળ સગા–સંબંધીમાં આસક્તિ :–** હે મા ! દંભ, કપટ, શઠતા અને મિથ્યાભિમાન-પરાયણ એ પાપી પુરુષો અન્યની થાપણ પણ છેતરીને હરી લે છે. તેમજ વિશ્વાસી વ્યક્તિની ઘાત કરે છે તેવી જ રીતે હિંસક અને ચોર એવા એ પાપી પુરુષો બીજા ઉપર મિથ્યાપવાદનું આરોપણ કરી તેઓને હેરાન પરેશાન કરી તેનું ધન આદિ હરિને અનીતિથી પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે. તેમજ તે પાપી પુરુષો પોતાની સ્ત્રી, બહેન, પુત્રી આદિક પાસે વેશ્યાવૃત્તિ કરાવવા આદિ શાસ્ત્ર નિષેધ જે તે પ્રકારનાં પાપકર્મથી જ્યાં ત્યાંથી ધન ભેળું કરી પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે.[૧૫-૧૭] હે મા ! નિરંકુશ થયેલા તે પાપી પુરુષો પોતાના કુટુંબના ભરણ પોષણ કરવાની આસક્તિનાં લીધે પોતાના વેદોક્ત વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ કરી પાખંડ ધર્મ અને પાખંડ વેષને ધારણ કરે છે.[૧૮] તથા ભગવાનની ભક્તિથી વિમુખ અને માની તથા સ્તબ્ધ એવા એ પાપી પુરુષો ગાય, બ્રાહ્મણ, સાધુ, વેદ, તીર્થ અને દેવતાઓનો દ્રોહ કરે છે.[૧૯] માંસનું ભક્ષણ કરે છે, સુરા અને મદ્યનું પાન કરે છે, કામભાવથી પરસ્ત્રીઓમાં અને વિધવા સ્ત્રીઓમાં આસક્ત થાય છે.[૨૦] નિર્લજ્જ અને મદથી ઉદ્ધત થયેલા એ પાપી પુરુષો વારંવાર ન પીવા યોગ્ય વસ્તુનું પાન કરે છે, ન ખાવા યોગ્ય વસ્તુનું ભક્ષણ કરે છે તેમજ ન બોલવા યોગ્ય શબ્દોને બોલે છે.[૨૧]

**પાપકર્મોનું ફળ યમયાતના :–** હે સતી ! હે મા ! પૃથ્વી પર આ પ્રમાણે દુષ્ટકર્મ કરનારા મનુષ્યો અંતકાળે અતિશય મોટા દુઃખને પામે છે. તે સમયે તે પાપી પુરુષોને યમપુરીમાં લઈ જવા માટે અતિ નિર્દય, ભયંકર

तेषां वीक्षणमात्रेण ते त्रुट्यद्देहबन्धनाः । सन्त्रस्तावेपमानाङ्गा जायन्ते ह्यतिविक्लवाः ॥ २४
ते लिङ्गदेह आबध्य स्थूलातिदृढभावने । नयन्ति तान् यमपुरं दीर्घेणैव कदध्वना ॥ २५
कशाभिर्लोहदण्डैश्च ताड्यमाना भृशं पथि । क्रूरैर्यमानुगैः पृष्ठे रुदन्त्युच्चैरनाश्रयाः ॥ २६
अर्कदावाग्निसन्तप्तवालुके भूरिकण्टके । अशक्ताश्चलितुं मार्गे ताड्यन्ते ते च तैर्भृशम् ॥ २७
पतिताः कृच्छ्रतो भूमावुत्थाप्य पुनरर्दनैः । चाल्यन्ते पापिनो याम्यैः सत्वरं क्वाप्यविश्रमम् ॥ २८
त एवमतिकृच्छ्रेण नीयन्ते तैर्यमालयम् । यथा राजभटैरत्र स्तेनाद्या राजमन्दिरम् ॥ २९
तेषां दुष्टानि कर्माणि मनोवाक्कायजान्यपि । यमो जानाति सर्वाणि चित्रगुप्तश्च तत्र वै ॥ ३०
मुक्तिसाधनमानुष्यदेहव्यर्थीकृते रुषा । अपश्यंस्तान् यमो दूतैर्दापयत्यतियातनाः ॥ ३१

---

વક્રમુખવાળા, હાથમાં પાશ ધારણ કરેલા તેમજ દષ્ટિમાત્રથી પાપીને ત્રાસ ઉપજાવનારા યમદૂતો આવે છે, તેમને જોવામાત્રથી તે પાપી જીવાત્માઓનાં શરીરની નાડીઓનાં બંધનો તૂટી જાય છે, અને ભયભીત થયેલા તે પાપીઓનાં શરીર કંપવા લાગે છે, અને અત્યંત વિહ્વળ થઇ જાય છે.[૨૨-૨૪]

હે મા ! તે સમયે યમના દૂતો તે પાપી જીવાત્માઓને સ્થૂળ શરીરના સંસ્કારોની ભાવના જ્યાં અત્યંત પ્રગાઢ થઇ ગઇ છે એવા સૂક્ષ્મ શરીરમાં બાંધે છે. પછી સૂક્ષ્મ શરીરની સાથે તે પાપી જીવને અત્યંત દુઃખ ભરેલા લાંબા માર્ગથી યમપુરીમાં લઇ જાય છે.ક્રૂર યમના દૂતો માર્ગમાં પાપીજીવોની પીઠમાં ચાબૂકો અને લોખંડના દંડોથી માર મારે છે, ત્યારે અનાથ તે પાપીજીવો ઉચ્ચે સ્વરે રુદન કરે છે. પરંતુ ત્યાં કોઇ સાંભળનારું હોતું નથી. તેવી જ રીતે તે પાપીઓ સૂર્ય અને દાવાગ્નિથી અત્યંત ધગેલી રેતીવાળા તથા ખૂબ કાંટાવાળા માર્ગમાં ચાલવા અસમર્થ થાય છે ત્યારે યમના દૂતો ક્રૂર રીતે તેઓને અતિશય મારીને આગળને આગળ ચલાવે છે, તે સમયે અસહ્ય મારના દુઃખથી બેભાન થઇ પૃથ્વી પર પડી જાય છે,[૨૫-૨૭] ત્યારે યમદૂતો ફરી તેઓને હથોડાના માર મારી બેઠા કરે છે અને વચ્ચે કોઇ પણ પ્રકારનો વિસામો કરાવ્યા વિના ઉતાવળી ગતિથી ચલાવે છે.[૨૮] જેવી રીતે અહીં મનુષ્યલોકમાં રાજ્યના સૈનિકો કોઇ ચોર આદિ ગુનેગારોને રાજસદનમાં લઇ જાય છે, તેમ યમકિંકરો પાપી જીવોને અતિ દુઃખ આપતા આપતા યમપુરીમાં લઇ જાય છે.[૨૯] ત્યાં રહેલા ધર્મરાજા સ્વયં અને તેના લેખક ચિત્રગુપ્ત પણ આ પાપી જીવાત્માઓએ મન, કર્મ અને વચનથી કરેલાં પાપોને જાણતા હોય છે.[૩૦] તેથી મુક્તિના સાધનભૂત માનવશરીરને વ્યર્થ ગુમાવનારા તે પાપી જીવો ઉપર

नरकाणां दारुणानां भोग्यानां पापकर्मभिः । शतानि च सहस्राणि वर्तन्ते हि यमालये ॥ ३२
पापिनस्तेषु महतीं प्राप्नुवन्ति हि वेदनाम् । नामानि तत्र केषञ्चिच्छृणु मातर्वदामि ते ॥ ३३
तामिस्रश्चान्धतामिस्रो महारौरवरौरवौ । कुम्भीपाकः कालसूत्रमसिपत्रवनं तथा ॥ ३४
अन्धकूपः शूकरास्यं सन्दंशः कृमिभोजनः । तप्तसूर्मिर्वैतरणी शाल्मलिर्वज्रकण्टकः ॥ ३५
प्राणरोधश्च पूयोदः सारमेयादनं तथा । लालाभक्षो वैशसनमयःपानमवीचिका ॥ ३६
क्षारकर्दममुख्याश्च सन्त्येवान्ये सहस्रशः । क्रोशन्तो यत्र पच्यन्ते नरा दुष्कृतकारिणः ॥ ३७
दुष्कृतं यादृशं यस्य तादृशे निरये तु तम् । यमः क्षेपयति क्रुद्धो दूतैस्तत्कदनोद्यतैः ॥ ३८
अङ्गानि पापिनां याम्याश्छित्त्वा छित्त्वा कुठारकैः । चर्वन्ति वज्रदशनाः खादयन्ति च तानि तैः ॥ ३९
दाहयन्ति प्रदीप्तेऽग्नौ तप्त तैलेक्षिपन्ति च । सर्पैश्च वृश्चिकैर्गृध्रैः श्वभिस्तान् खादयन्ति च ॥ ४०
उद्धारयन्ति चान्त्राणि तेषां ते जीवतामपि । भोग्यकर्मवशात्तत्र म्रियन्ते नैव पापिनः ॥ ४१

---

યમરાજા ક્રોધમયદૃષ્ટિથી જુવે છે, અને પોતાના દૂતો પાસે તે પાપીજીવોને અનેક નરકોની અતિ યાતનાઓ અપાવે છે.[૩૧]

**મુખ્ય નર્કના કુંડોનાં નામ :–** હે મા ! પાપકર્મ કરનારા જીવોને ભોગવવા યોગ્ય સો એ સો અને હજારે હજાર દારુણ નરકના કુંડો યમપુરીમાં રહેલા છે. તે કુંડોમાં પાપી જીવો તીવ્ર વેદનાને પામે છે. તેમાંથી કેટલાક મુખ્ય નરકકુંડોનાં નામ તમને કહું છું. હે મા ! તે તમે સાંભળો, તામિસ્ર, અંધતામિસ્ર, મહારૌરવ, રૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, અંધકૂપ, શૂકરાશય, સન્દંશ, કૃમિભોજન, તપ્તસૂર્મિ, વૈતરણી, શાલ્મલિ, વજ્રકંટક, પ્રાણરોધ, પૂયોદ, સારમેયાદન, લાલાભક્ષ, વૈશસન, અયઃપાન, અવીચિકા, ક્ષારકર્દમ એ આદિ મુખ્ય કુંડો છે અને બીજા અન્ય કુંડો છે તે કુંડોમાં પાપ કર્મ કરનારા પાપી જીવાત્માઓ આક્રંદ કરતા કરતા નરકની પીડાઓને ભોગવે છે.[૩૨-૩૭]

**જેવું પાપ તેવું નરક :–** હે મા ! પાપીઓને જોઈને અતિશય ક્રોધાયમાન થયેલા યમરાજા પાપીજીવોને દુઃખ દેવામાં તત્પર પોતાના દૂતો દ્વારા જેવું જેનું પાપ તેવા પ્રકારના નરકમાં નખાવે છે.[૩૮] યમના દૂતો પાપી જીવોનાં શરીરના અંગોને કુહાડાથી કાપી કાપી વજ્ર જેવા દાંતથી પોતે ખાય છે અને તે પાપીઓને પણ ખવડાવે છે.[૩૯] વળી તે પાપીઓને પ્રદીપ્ત અગ્નિમાં બાળે છે, અને તપાવેલા તેલમાં નાખી રાંધે છે, તથા સર્પ, વીંછી, ગીધ અને કૂતરાઓ પાસે ખવડાવે છે.[૪૦] તે પાપીઓના જીવતા શરીરમાં આંતરડાઓ ખેંચી કાઢે છે. તેમ છતાં તે

यथा यथेह तैर्जीवा हता ये ये तथा तथा । तैस्तैस्तान् घातयन्त्युग्रा याम्या मुद्गरपाणयः ॥ ४२
दारयन्ति गजैः क्वापि पातयन्ति च तान्नगात् । विषाग्निधूमे रुन्धन्ति जले च क्षारकर्दमे ॥ ४३
श्लेषयन्ति तप्तलोहप्रतिमास्तान् यमानुगाः । प्रवेशयन्ति नेत्रेषु शलाकाश्चायसीरपि ॥ ४४
सिञ्चन्ति सीसं कर्णेषु रसं लौहं मुखेषु च । रेतोविण्मूत्रपूयानि पाययन्ति च भूरिशः ॥ ४५
सीव्यन्ति दीर्घसूचीभिस्त्वचस्तेषां विदार्य च । निष्पेषयन्ति यन्त्रेषु तांश्च क्रूरा यमानुगाः ॥ ४६
एवं विधास्ते बहुशो यातनाः प्राप्नुवन्त्यथ । जरायुजाण्डजोद्भिज्जस्वेदजाख्याः खनीश्च ते ॥ ४७
गर्भवासमहादुःखं जन्मदुःखं ततो महत् । व्याधिदुःखं जरादुःखं मृत्युदुःखं पुनः पुनः ॥ ४८
आध्यात्मिकादि त्रिविधं दुःखं मातश्च ते जनाः । यथाकर्म लभन्ते वै रुदन्तो भुञ्जते च तत् ॥ ४९
युगानां च सहस्राणि शतानि च पुनः पुनः । भ्रमन्ति तासु ते जीवा भूरिदुःखमयीषु च ॥ ५०

**પાપીઓનું કર્મ ભોગવવાને આધીન હોવાથી મૃત્યુ થતું નથી.[૪૧]**

**હે મા ! જેવી રીતે પાપીજનોએ આલોકમાં જેને જેને જે જે રીતે માર્યા હોય તે તે જીવાત્માઓ દ્વારા જ તે તે રીતે મુદ્ગરધારી ક્રૂર યમનાદૂતો તે તે પાપીઓને મરાવે છે. ક્યારેક હાથીઓના પગ નીચે કચડાવે છે, ક્યારેક પર્વત ઉપરથી નીચે ફેંકે છે, ક્યારેક વિષ ભરેલા અગ્નિના ધૂમાડામાં રુંધે છે, ક્યારેક ખારા કાદવવાળા જળમાં ડૂબાડી રુંધે છે.[૪૨-૪૩] હે મા ! વળી તે યમદૂતો વ્યભિચારી આદિ પાપીજીવોને અગ્નિથી તપાવેલ લોહની પ્રતિમાની સાથે આલિંગન કરાવે છે, અને તેની આંખોમાં અતિ તીક્ષ્ણ લોખંડના સળીયાઓ ભોંકે છે, તેના કાનમાં ઉકળતા સીસાનો રસ રેડે છે. તથા ખૂબ જ વિષ્ટા, મૂત્ર, વીર્ય અને પક્વરુધિરનું પાન કરાવે છે. ક્રૂર યમનાદૂતો પાપીજીવોની પ્રથમ ચામડીને ચીરી પછી લાંબા સોયાવડે સીવે છે. તથા ચિચોડામાં શેરડીની જેમ પીલે છે.[૪૪-૪૬]**

**પુનઃ પુનઃ ભવભટકણ :–** હે મા ! આ પ્રમાણે પાપી જીવો બહુ પ્રકારની યમયાતના ભોગવે છે. ત્યાર પછી જરાયુજ, અંડજ, ઉદ્ભિજ, અને સ્વેદજ આ ચાર પ્રકારની ખાણમાં એકવીસ એકવીસ લાખવાર જન્મે છે, એમ ચોર્યાસીલાખ યોનિમાં ભટકે છે. અરે ! ! ! તેમાં ગર્ભવાસનું તો મહાદુઃખ છે, જન્મનું તો તેનાથી અધિક દારુણ દુઃખ છે. આ પ્રમાણે જન્મી અનેક પ્રકારની વ્યાધિઓની પીડા, વૃદ્ધાશ્રમની પીડા, અને મૃત્યુની પીડા એ જીવાત્માઓ વારંવાર પામે છે.[૪૭-૪૮] હે મા ! આ પ્રમાણે મનુષ્યો પોતપોતાના કર્મને અનુસારે આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક આ ત્રણ પ્રકારનાં દુઃખોને પામે છે. અને રડતાં

प्राप्नुवन्तः सृतीरित्थं क्वापि कृष्णकृपावशात् । नरदेहं लभन्ते ते भवमुक्त्येकसाधनम् ॥ ५१
तं प्राप्य ये तु सत्सङ्गं कृत्वा कृष्णं भजन्ति ते। भुक्तिं च स्वेप्सितां मुक्तिं लभन्ते जननि ! ध्रुवम् ॥ ५२
ये त्वसत्सङ्गतः स्त्र्यादौ सज्जन्तेऽत्र कुबुद्धयः । कृष्णभक्तिविहीनास्ते दुःखं यान्त्येव पूर्ववत् ॥ ५३
यमदूतकरान्प्राप्य महतीर्यान्ति यातनाः । योनीश्चतुरशीतिं च लक्षाणि पुनरेव ते ॥ ५४
एवं संसृतिदुःखं ये पश्यन्त्यत्र मुहूर्नृणाम् । तेषामुदेति वैराग्यं सत्सङ्गात्तच्च वर्धते ॥ ५५
ततो विरक्ताः कुर्वन्ति दुःखक्षयभयोज्झितम् । कृष्णाश्रयं सदानन्दं भीता दुःसङ्गतः सति ! ॥ ५६
वैराग्यहीनस्य सुखं नास्ति दुःखविवर्जितम् । भक्तिर्न वर्धते पुंसां वैराग्येण विना द्रुतम् ॥ ५७
मायिकेषु विरक्तानां पदार्थेषु विवर्धते । कृष्णेऽनुरागो जननि ! तेन यान्ति परां गति ॥ ५८

---

રડતાં ભોગવે છે, આ પ્રમાણે જીવાત્માઓ યુગોના યુગો સુધી અતિશય દુઃખમય એ ચોર્યાસીની યોનીઓમાં વારંવાર ભટક્યા કરે છે.[૪૯-૫૦] પાપીજીવોને કોઈ સુકૃતવશાત્ હરિ ઈચ્છાએ ભવબંધનમાંથી મુક્તિના એકમાત્ર સાધનરૂપ આ મનુષ્ય શરીર પ્રાપ્ત થાય છે. હે જનનિ ! આવા દુર્લભ મનુષ્ય શરીરને પામી જે મનુષ્યો સત્સંગ કરે છે અને ભગવાની નવધા ભક્તિ કરે છે, તે મનુષ્યો આલોકમાં ઈચ્છિત ભુક્તિ અને મૃત્યુ પછી ઈચ્છિત મુક્તિને નિશ્ચય પામે છે.[૫૧-૫૨]

હે મા ! આવું દુર્લભ માનવ શરીર પામ્યા પછી જે કુબુદ્ધિવાળા જનો કુસંગના યોગથી ભગવાનની ભક્તિથી વિમુખ થઈ સ્ત્રી આદિક પદાર્થોમાં આસક્ત થઈ બંધાય છે, તે ફરી પૂર્વની માફક જ વારંવાર યમયાતનાના દુઃખને પામે છે. આ રીતે પાપીજનો શરીરને અંતે યમદૂતોના હાથમાં આવી નરકના અપાર દુઃખોને ભોગવી ફરી ફરી ચોર્યાસીલાખ યોનિમાં ભટક્યા કરે છે.[૫૩-૫૪] હે મા ! આ લોકમાં આ પ્રમાણે મનુષ્યોનાં દુઃખો તરફ જે જનો વારંવાર દૃષ્ટિપાત કરે છે. તેના અંતરમાં ચોક્કસ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અને પછી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય સત્સંગના માધ્યમથી વૃદ્ધિ પામે છે, ત્યારપછી હે સતી, મા ! કુસંગથી ભય પામેલા વૈરાગ્યવાન પુરુષો જ્યાં કોઈ દુઃખ નથી, જ્યાં કોઈ ભય નથી અને સદાય નિરતિશય આનંદ ને આનંદ જ રહેલો છે એવા પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણનો આશ્રય કરે છે.[૫૫-૫૬]

હે મા ! વૈરાગ્યહીન પુરુષોને દુઃખનો કોઈ અંત નથી અને સુખ ક્યારેય પ્રાપ્ત થયું નથી. તથા વૈરાગ્ય વિના મનુષ્યોને ભગવાનની ભક્તિની તત્કાળ સિદ્ધિ થતી નથી, પરંતુ જે પુરુષોને માયિક પદાર્થમાંથી વૈરાગ્ય થયો હોય તેને જ ભગવાન શ્રીકૃષ્ણને વિષે અનુરાગ વૃદ્ધિ પામે છે, અને હે જનની ! તેનાથી જ આત્યંતિક

स्वरूपमित्थं जनयित्रि ! तुभ्यं प्रोक्तं विरक्तेः सह कारणेन ।
वदामि भक्तेरथ तन्मुमुक्षोरभीष्टदाया भवपाशबन्धात् ॥ ५९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे हरिगीतायां वैराग्यस्वरूपलक्षणनिरूपणनामा पञ्चत्रिंशोऽध्यायः ॥ ३५ ॥*

---

## षट्त्रिंशोऽध्यायः

**श्रीहरिरुवाच –**

भजधातोस्तु सेवार्थः प्रेम क्तिन्प्रत्यस्य च । स्नेहेन भगवत्सेवा भक्तिरित्युच्यते बुधैः ॥ १
पतिव्रता यथा नारी सेवेत स्वपतिं तथा । अनन्यभावेन हरिं मुमुक्षुः सर्वदा भजेत् ॥ २
श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनंदास्यं सख्यमात्मनिवेदनम् ॥ ३

---

**મુક્તિ પ્રાપ્ત થાય છે.[૫૭-૫૮] હે જન્મદાત્રી મા ! આ પ્રમાણે ઉત્પત્તિના કારણે સહિત વૈરાગ્યનું સ્વરૂપ મેં તમને કહ્યું. હવે તમને હું ભવપાશના બંધનમાંથી મુક્ત થવાની ઈચ્છા ધરાવતા જનોને ઈચ્છિત સુખને આપનારી ભક્તિનું સ્વરૂપ સમજાવું છું.[૫૯]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં હરિગીતાના ચોથા અધ્યાયમાં વૈરાગ્યના સ્વરૂપનું નિરૂપણ કર્યું એ નામે પાંત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. ૩૫***

---

## અધ્યાય – ૩૬

## નવ સાધન ભક્તિ અને દશમી પ્રેમલક્ષણા ભક્તિનું વિવેચન.

**શ્રીહરિ કહે છે, હે મા ! 'ભક્તિ' પદમાં 'ભજ્' ધાતુનો સેવા કરવી એવો અર્થ થાય છે, અને તે ધાતુને લાગેલા 'ક્તિન્' પ્રત્યયનો 'સ્નેહ' અર્થ થાય છે. અર્થાત્ હે મા ! સ્નેહપૂર્વક ભગવાનની સેવા કરવી તેને જ્ઞાનીપુરુષોએ 'ભક્તિ' કહેલી છે. જેવી રીતે પતિવ્રતા નારી પોતાના પતિનું અનન્ય ભાવથી સેવન કરે છે. તેવી જ રીતે મુમુક્ષુએ અનન્ય ભાવથી ભગવાન શ્રીહરિની ભક્તિ કરવી. તે ભક્તિ નવ પ્રકારની છે.[૧-૨]**

लक्षणानि नवैतानि तस्याः सन्ति हि येषु च । श्रित एकमपि प्राणी सभुक्तिं मुक्तिमाप्नुयात् ॥ ४
श्रवणं तत्र कर्तव्यं सर्वदा जन्मकर्मणाम् । श्रीकृष्णस्य स्वधर्मस्थतद्भक्तवदनात्सति ! ॥ ५
वराहाद्यवताराणां श्रीकृष्णस्यैव यानि च । चरित्राण्यादारात्तानि श्रोतव्यानि मुमुक्षुणा ॥ ६
तथा श्रीकृष्णभक्तस्य प्रह्लादस्य ध्रुवस्य च । प्रियव्रताम्बरीषादेः श्रोतव्याऽऽदरतः कथा ॥ ७
कीर्तनं राधिकाभर्तुश्चरित्राणां च तत्सताम् । कर्तव्यं च कथावार्तास्तेषामेव सदादरात् ॥ ८
कृष्णतद्भक्तसम्बन्धग्रन्थानां पठनं तथा । पाठनं नित्यपाठश्च कर्तव्यः स्वहितार्थिना ॥ ९
छन्दोनिबद्धपद्यानां गद्यानां च व्रजेशितुः । संस्कृतानां प्राकृतानां कार्यं वा गायनं मुदा ॥ १०

ભગવાનની કથાનું શ્રવણ કરવું, ભગવાનની કથા કીર્તનનું ગાન કરવું, હૃદયમાં ભગવાનનું સ્મરણ કરવું, અનુવૃત્તિ સાચવવાપૂર્વક ભગવાનની ચરણ સેવા કરવી, વિધિપૂર્વક ભગવદ્ અર્ચન કરવું, ભગવાનને સાષ્ટાંગ વંદન કરવા, દાસની જેમ નિર્માની થઈ ભગવાનની સેવા કરવી, ભગવાનને વિષે અતિ સ્નેહ સાથે સખાભાવ રાખવો, અને પોતાનું ભગવાનને સંપૂર્ણ આત્મસમર્પણ કરી ભગવાનને જ એક આધિન વર્તવું, હે મા ! ભક્તિના આ નવ પ્રકાર છે. તેમાંથી એક પણ ભક્તિનો કોઈ દેહધારી આશ્રય કરે તો ભુક્તિએ સહિત મુક્તિને નિશ્ચય પ્રાપ્ત કરે છે.[૩-૪]

**શ્રવણ ભક્તિ :–** હે મા ! સ્વધર્મનિષ્ઠ ભગવદ્ ભક્તના મુખેથી નિરંતર ભગવાન શ્રીકૃષ્ણના જન્મકર્મની પવિત્ર કથાનું શ્રવણ કરવું, તેમના વારાહ આદિક અવતારોનાં પાવનકારી ઉદાર ચરિત્રોનું પણ મુમુક્ષુઓએ શ્રવણ કરવું, તેવી જ રીતે ભગવાનના એકાંતિક ઉપાસક એવા પ્રહ્લાદ, ધ્રુવ, પ્રિયવ્રત, અંબરિષ, ઉદ્ધવ આદિ ભક્તજનોનાં ચરિત્રોની કથાનું પણ આદરપૂર્વક શ્રવણ કરવું, આ પહેલી "શ્રવણ ભક્તિ" કહેલી છે.[૫-૭]

**કીર્તન ભક્તિ :–** હે મા ! રાધિકાના પતિ એવા શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રોનું તથા તેમના એકાંતિક સંતોભક્તોનાં ચરિત્રનું હમેશાં સંકીર્તન કરવું, તેમજ આદરપૂર્વક તેમની કથાનું ગાન કરવું, અને પોતાનું હિત ઈચ્છતા મુમુક્ષુઓએ શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ઉદ્ધવાદિ ભક્તોના સંબંધવાળા સદ્ગ્રંથોનું અધ્યયન કરવું તથા બીજાને કરાવવું, તથા નિયમપૂર્વક નિત્ય તેની પારાયણ પણ કરવી. વળી વ્રજપતિ ભગવાનના સંબંધે યુક્ત સંસ્કૃત અથવા પ્રાકૃત ભાષાએ યુક્ત છંદોબદ્ધ ગદ્ય તેમજ પદ્યનું અતિ હર્ષથી ગાયન કરવું, તે પણ વીણા આદિક વાદ્યો વગાડવામાં

कौशल्ये सति वीणादिवाद्यानुगतमेव तत् । कार्यं वा तालिकाध्वानैस्तद्धीनं वापि कर्हिचित् ॥ ११
प्रभोः स्तुतिः प्रार्थना च नामसङ्कीर्तनं तथा । कार्यं श्लोकादिभिर्वाम्ब ! प्रीत्या वाक्यैर्मनोरमैः ॥ १२
साङ्गोपाङ्गा भगवतो मूर्तिश्चिन्त्या हृदम्बुजे । एकैकमङ्गं पादादि ततश्च हसितावधि ॥ १३
नाम्नां वृन्दावनविधोः कर्तव्यं स्मरणं हृदा । चरित्राणां गुणानां च जप्तव्यस्तन्मनुस्तथा ॥ १४
तथा गोलोकवैकुण्ठादीनां धाम्नां जगत्पतेः । तत्रत्यपार्षदादीनां कार्यं च स्मरणं प्रसूः ! ॥ १५
पादसंवाहनं कार्यं प्रत्यक्षस्य तु सत्पतेः । अन्यथा मानसं कार्यं स्पर्शोऽङ्घ्रेः प्रतिमासु तु ॥ १६

उत्पत्तिस्थितिनाशशक्तिमजयज्ञेशा हि यत्सेवया प्रापुः ।
स्पर्शत एव यस्य च पुनात्यण्डं त्रिवर्त्मव्रजा ॥
मायाकालभयं यदाश्रयवतां नश्यत्यथो सेव्यते ।
यो राधाकमलादिभिर्भगवतोऽङ्घ्रिं तं न सेवेत कः ॥ १७

---

કુશળ હોય તેમણે વાજિંત્રે સહિત અથવા તાલીના ધ્વનિની સાથે કીર્તન કરવું. હે મા ! શ્લોકાદિનું ઉચ્ચારણ કે મનોહર સુંદર વાક્યોનું ઉચ્ચારણ કરવા પૂર્વક અતિ પ્રેમથી પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ પ્રાર્થના અને સંકીર્તન પણ કરવું. આ બીજી "કીર્તન ભક્તિ" કહેલી છે.[૮-૧૨]

**સ્મરણ ભક્તિ :–** હે મા ! પ્રથમ સાંગોપાંગ ભગવાનની મૂર્તિનું પોતાના હૃદયકમળમાં ચિંતવન કરવું, ત્યારપછી ચરણકમળથી લઈ વદનકમળ પર્યંતના એકએક અંગોનું ચિંતવન કરવું, ત્યારપછી તે વૃંદાવનચંદ્ર પરમાત્માના નામોનું હૃદયમાં સ્મરણ કરવું, તથા તેમના ગુણો અને ચરિત્રોનું પણ હૃદયમાં સ્મરણ કરવું. તેવીજ રીતે તેમના નામ મંત્રોનો હૃદયથી જપ કરવો. તે જગતપતિ ભગવાનના ગોલોક અને વૈકુંઠ આદિ ધામો તથા તે ધામોમાં રહેલા પાર્ષદો તથા ઐશ્વર્ય આદિનું સ્મરણ કરવું. તે ત્રીજી "સ્મરણ ભક્તિ" કહેલી છે.[૧૩-૧૫]

**પાદસેવન ભક્તિ :–** હે મા ! સંતોના સ્વામી એવા પરમાત્માના પ્રત્યક્ષ શ્રીચરણોની ચંપી કરવી. જો ભગવાન પ્રત્યક્ષ ન હોય તો માનસી પૂજામાં ભગવાનના શ્રીચરણોની ચંપી કરવી, અથવા પ્રતિમામાં બિરાજતા ભગવાનના શ્રીચરણોનો સ્પર્શ કરવો. હે મા ! આ પાદસેવન ભક્તિનો મહિમા બહુ મોટો છે. કારણ કે ભગવાનના ચરણની સેવાથી બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાનું સામર્થ્ય પામ્યા છે. અરે !!! આ ચરણના સ્પર્શ માત્રથી પવિત્રતા પામેલા અને તેથી જ સ્વર્ગ, પાતાળ અને મૃત્યુલોકમાં

यत्संसेवनतश्च पद्मनिलयादिभ्योऽपि कीर्तिं ।
ययुर्भूयिष्ठां व्रजयोषितः कविवरव्यासादिगेयां भुवि ॥
तल्लीलानरनाटनस्य चरणं वृन्दावनेन्दोर्मुदा ।
सेव्यं संसृतिमुक्तिकामुकनरैस्तेषां हि नान्या गतिः ॥ १८

अर्चनं तु द्विधा प्रोक्तं मातः ! कृष्णस्य सात्त्वतैः । आभ्यन्तरं तथा बाह्यं यथाशक्ति यथाविधि ।१९
यथाश्रुतं हृदि ध्यात्वा कृष्णं मानसकल्पितैः । महोपचारैरर्चा तु प्रोक्तं तत्रादिमं बुधैः ॥ २०
उपचारैर्यथालब्धैर्बहिः कृष्णस्य पूजनम् । यथाधिकारं वेदोक्तमन्त्राद्यैस्तद्द्वितीयकम् ॥ २१

---

વહેતાં ગંગાજી આ બ્રહ્માંડમાં રહેલા સર્વેને પાવન કરે છે. વળી જેને ભગવાનના ચરણકમળનો આશ્રય છે એવા જનોને કાળ અને માયાનો ભય પણ રહેતો નથી. તેમજ રાધા અને રમા આદિ શક્તિઓ પણ આ ભગવાનના ચરણની સેવા સદાય કરે છે. તો પછી આવા મહિમાવાળાં શ્રીચરણોનું કોણ સેવન ન કરે ? સૌ કોઈ કરે.[૧૬-૧૭] હે મા ! આ ધરતી ઉપરની વ્રજસુંદરીઓ ભગવાનના ચરણકમળનું સેવન કરવાથી લક્ષ્મી આદિક દેવીઓ અને બ્રહ્મા આદિક દેવતાઓ કરતાં પણ અધિક કીર્તિને પામી છે. તેમજ વ્યાસાદિ શ્રેષ્ઠ કવિઓને પણ ગાન કરવા યોગ્ય ઉદાર કીર્તિને પણ તે ગોપીઓ પામી છે. તે કારણથી આ સંસારના બંધનોમાંથી મુક્ત થવાને ઈચ્છતા મુમુક્ષુઓએ આ પૃથ્વીપર દિવ્યલીલાનો વિસ્તાર કરવા નરનાટકને કરતા વૃંદાવનવિહારીનાં ચરણકમળનું અવશ્યપણે પ્રેમથી સેવન કરવું. કારણ કે, ભગવાનના ભક્તોને ભગવાનના ચરણકમળના સેવન વિના બીજી કોઈ ગતિ નથી, સેવા એજ મુક્તિ છે, આ ચોથી ''પાદસેવન ભક્તિ'' કહી છે.[૧૮]

**અર્ચન ભક્તિ :–** હે મા ! નારદાદિ ભગવાનના ભક્તોએ યથાશક્તિ અને યથાવિધિ પ્રમાણે જે ભગવદ્ અર્ચન કરવાનું કહ્યું છે તે આંતર માનસીપૂજા અને બાહ્ય પ્રત્યક્ષપૂજા એમ બે પ્રકારે કરવાનું કહ્યું છે.[૧૯] હે મા ! ભગવાનનાં શાસ્ત્રો દ્વારા કે સંતો દ્વારા જેવા ભગવાનને સાંભળ્યા હોય તેવા પ્રત્યક્ષ પ્રતિમારૂપ ભગવાનનું પોતાના હૃદયમાં ધ્યાન કરી માનસિક સંકલ્પોથી કલ્પેલાં ચંદન પુષ્પાદિ મહા ઉપચારોથી પૂજન કરવું. તેને જ્ઞાની પુરુષોએ આભ્યંતર માનસિક અર્ચન કહ્યું છે.[૨૦] હે મા ! દેશ, કાળને અનુસારે પ્રાપ્ત થયેલા ચંદનાદિ ઉપચારોથી પોતાના અધિકારને અનુસારે વેદમંત્રદ્વારા કે પૌરાણિક મંત્રોદ્વારા ભગવાન શ્રીવાસુદેવનું પોતાની

आद्यमादौ विधायैव द्वितीयं तत आचरेत् । चलायां प्रतिमायां तु कृष्णमावाह्य पूजयेत् ॥ २२
मद्यमांसादिसंसर्गरहितैः शुचिभिस्तथा । द्रव्यैः प्रसिद्धैः कृष्णोऽर्च्यो ह्यन्यदेवासमर्पितैः ॥ २३
कृष्णं संस्नाप्य वासांसि धारयेत यथाचितम् । अलङ्कारांश्च विविधान् यथास्थानं तु धारयेत् ॥ २४
काश्मीरकेसरोपेतचन्दनाद्यनुलेपनम् । यथा ऋत्वर्चकः कुर्यात् प्रेम्णा च तिलकं प्रभोः ॥ २५
हारान्सुगन्धिपुष्पाणामवतंसांश्च शेखरान् । भगवन्तं धारयित्वा धूपं दीपं समर्पयेत् ॥ २६
यथर्तु च यथाशक्ति नैवेद्यमुपकल्पयेत् । महानीराजनं कुर्याद्वादित्रनिनदैः सह ॥ २७
प्रदक्षिणां च स्तवनं प्रार्थनां च सनमस्कृतिम् । कुर्यादित्थं प्रतिदिनं तत् कृष्णस्यार्चनं स्मृतम् ॥ २८
प्रातःसङ्गवमध्याह्नापराह्णेषु निशामुखे । कृष्णस्येत्थं पञ्चकालमर्चनं प्रोक्तमुत्तमम् ॥ २९

---

આગળ સિંહાસનમાં પ્રત્યક્ષ પૂજન કરવું. તેને બાહ્ય-પ્રત્યક્ષ અર્ચન કહેલું છે.[૨૧]

હે મા ! તેમાં પ્રથમ માનસીપૂજન કરવું, અને ત્યારપછી જ પ્રત્યક્ષ પૂજન કરવું. તે પ્રત્યક્ષ પૂજન પણ ભગવાનની ચલ પ્રતિમામાં ભગવાન શ્રીકૃષ્ણનું મંત્રોથી આહ્વાન કર્યા પછી કરવું, પરંતુ અચલ પ્રતિમામાં આહ્વાન કરવાનું હોતું નથી. આહ્વાન કર્યા પછી મદ્ય, માંસ, કેશ, કીડા આદિના સંસર્ગે રહિત હોય, કોઈએ પૂર્વે સૂંઘીને અપવિત્ર ન કરેલાં હોય, પૃથ્વીપર પડી જવારૂપ દોષોથી રહિત હોય, તેમજ અન્ય દેવતાઓને અર્પણ કરેલાં ન હોય એવાં પવિત્ર ચંદન, પુષ્પાદિ દ્રવ્યોથી ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન કરવું.[૨૨-૨૩]

હે મા ! આ રીતે બાહ્ય પૂજન કરનારા ભક્તે પ્રથમ પ્રતિમારૂપ પરમાત્માને પવિત્ર જળથી સમંત્રક સ્નાન કરાવવું. ત્યારપછી યથાયોગ્ય વસ્ત્રો પરિધાન કરાવવાં, અને વિવિધ અલંકારો યથાસ્થાને ધરાવવા, વળી પૂજા કરનાર ભક્તે કાશ્મીરી કુંકુમ અને કેસરે યુક્ત ચંદનનું લેપન ઋતુને અનુસારે પ્રેમે સહિત કરવું, લલાટમાં તિલક ધારણ કરાવવું, સુગંધીમાન પુષ્પોની માળાઓ, ગુચ્છ અને તોરાઓ ધરાવવા, પછી સુગંધીમાન ધૂપ અને દીપ અર્પણ કરવા. ત્યારપછી ઋતુને અનુસારે શક્તિ પ્રમાણે નૈવેદ્ય અર્પણ કરી દુન્દુભિ આદિકના મહાનાદની સાથે બહુ વાટો પ્રગટાવીને ભગવાનની મહાઆરતી કરવી. ત્યારપછી પ્રદક્ષિણા, સ્તુતિ, પ્રાર્થના અને નમસ્કાર કરવા. આ રીતે પ્રતિદિન અર્ચન કરવું તેને ભગવાનનું બાહ્ય અર્ચન કહેવામાં આવે છે.[૨૪-૨૮]

**પૂજામાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ભેદ :–** હે મા ! પ્રાતઃકાળે સૂર્યોદયથી લઈ છ ઘડી સુધીનાં સમયે સંગવ સમયે, સૂર્યોદય પછીની સાતમી

प्रत्यूषकाले मध्याह्ने सायं चेति त्रिरर्चनम् । मध्यमं ह्येककालं तत्कनीयोऽशक्तदेहिनाम् ॥ ३०
जन्मोत्सवेषु सर्वेषु कृष्णस्यैकादशीषु च । कर्तव्या महती पूजागीतवादित्रसंयुता ॥ ३१
उपवासो जागरश्च कर्तव्यस्तेषु शक्तितः । पारणाहेषूत्सवेषु भोज्या विप्राश्च साधवः ॥ ३२
धनिकः कारयेत्कृष्णमन्दिराणि दृढानि च । प्रतिष्ठां तेषु कृष्णस्य कारयेत्स महोत्सवैः ॥ ३३
पूजाप्रवाहसिद्ध्यर्थं ग्रामक्षेत्रधनादिभिः । तद्वृत्तिमपि निर्बाधां सान्तत्येनैव वर्तयेत् ॥ ३४
कूपं वापीं तडागादिं कृष्णार्थं पुष्पवाटिकाम् । कारयेद्वैष्णवान् यज्ञानहिंसान्विदधीत च ॥ ३५
श्रीकृष्णस्यैव मन्त्राणां पुरश्चर्यां विधानतः । ग्रन्थानां तत्पराणां च कारयेद्वैष्णवैर्द्विजैः ॥ ३६

---

ઘડીથી ૧૨ ઘડી સુધીના સમયે મધ્યાહ્ન સમયે, અપરાહ્ન સમયે - બપોર પછીના ચાર વાગ્યાના સમયે, અને સાયં સમયે આ પાંચ વખત ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન કરવું તે ઉત્તમ પૂજન કહેલું છે, પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયં સમયે આ ત્રણ વખત પૂજન કરવું તેને મધ્યમ પૂજન કહેલું છે. અને માત્ર એકવાર પ્રાતઃ સમયે જ પૂજન કરવું તેને કનિષ્ઠ પૂજન કહેલું છે. આ કનિષ્ઠ પૂજા તો માત્ર અશક્ત ભક્તો માટે જ કહેલી છે.[૨૯-૩૦]

હે મા ! જન્માષ્ટમી તથા રામનવમી આદિક ભગવાનના પ્રાગટ્યના દિવસે તેમજ સર્વે એકાદશીઓના વ્રતના દિવસે ગીત વાજિંત્રના નાદની સાથે ભગવાનની મહાપૂજા કરવી, શક્તિ પ્રમાણે ઉપવાસ કરવો, અને જાગરણ પણ કરવું. બીજા દિવસે પારણા કરવાં. તે પારણાના દિવસોમાં કે અન્નકૂટ આદિ ઉત્સવોના દિવસોમાં ભગવાનના દૃઢ ભક્તો એવા સાધુ તથા બ્રાહ્મણને જમાડવા.[૩૧-૩૨] હે મા ! ધનાઢ્ય જે ભક્ત હોય તેણે ભગવાનનાં નવ્યભવ્ય મજબૂત શિખરબંધ કે હરિમંદિરોનાં નિર્માણ કરાવવાં તથા મોટા ઉત્સવોની સાથે તેમાં શાસ્ત્રોક્ત વિધિથી ભગવાનના અર્ચા સ્વરૂપની પ્રાણપ્રતિષ્ઠા કરાવવી. તેમાં નિત્યે પૂજાનો પ્રવાહ ચાલુ રહે તે માટે ગામ, આવાસ, ક્ષેત્ર, ધન, રૂપિયા આદિકનાં દાન આપી નિર્બાધ આજીવિકાનો પ્રવાહ બાંધી આપવો. તેમજ તે ધનવાન ગૃહસ્થ ભક્તોએ ભગવાનની પૂજા સેવામાં ઉપયોગી એવાં કૂવા, વાવ, તળાવ અને પુષ્પવાટિકા આદિકનાં નિર્માણ કરાવી આપવાં, તથા અહિંસામય વિષ્ણુયાગ આદિ મોટા મોટા યજ્ઞો કરવા.[૩૩-૩૫]

હે મા ! ભગવાન શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રનું જ તથા તેનાં જેમાં ચરિત્રો છે એવા શ્રીમદ્ ભાગવતાદિ ગ્રંથોનું પુરશ્ચરણ વૈષ્ણવી દીક્ષાને પામેલા સ્વધર્મનિષ્ઠ

कृष्णार्चाशिष्टगन्धाद्यैरर्च्याः सर्वाश्च देवताः । पितरः साधवो विप्रास्तर्प्याः कृष्णार्पितान्धसा ॥ ३७
साष्टाङ्गं वन्दनं कार्यं श्रीकृष्णाय च पूरुषैः । पञ्चाङ्गमेव नारीभिर्भक्ताभिस्तु शुचिव्रते ! ॥ ३८
श्रीकृष्णपादस्पृष्टेषु रजःसु परिलुण्ठनम् । कार्यमक्रूरवच्छीर्षे निधातव्यानि तानि च ॥ ३९
दास्यं भगवतः कार्यं हित्वा मानं च दूरतः । यथाकालं दास इव परिचर्यापरो भवेत् ॥ ४०
स्वयमेवाहरेत्तोयं कृष्णार्थं कुसुमानि च । तुलसीं घर्षयेद्गन्धं कुर्यात् पाकं शुचिः शुभम् ॥ ४१
तालवृन्तादिभिः कृष्णं वीजयेच्च यथार्तु तु । सम्मार्जनं चोपलेपं कुर्याच्छ्रीकृष्णमन्दिरे ॥ ४२
यथोचितं च भक्तानामन्नतोयफलादिभिः । कुर्वीत सेवनं प्रीत्या निर्मानः प्रणमेच्च तान् ॥ ४३
द्रौपद्यर्जुनवत्कार्यं सख्यं कृष्णेन मानदे ! । देहस्त्रीपुत्रवित्ताद्यैः कार्यः स्नेहोऽधिकः प्रभौ ॥ ४४

---

બ્રાહ્મણો પાસે વિધિને અનુસારે કરાવવું. ભગવાનની પૂજા કરતાં બાકી રહેલા પ્રસાદિભૂત ચંદનાદિ ઉપચારોથી સર્વે દેવતાઓ, પિતૃઓ, સાધુઓ અને બ્રાહ્મણોને પૂજવા તથા ભગવાનના પ્રસાદિભૂત નૈવેદ્યથી સર્વેને સારી રીતે તૃપ્ત કરવા. આવી રીતની પાંચમી ''અર્ચન ભક્તિ'' કહેલી છે.[૩૬-૩૭]

**વંદન ભક્તિ :–** હે પતિવ્રતાના ધર્મપરાયણ મા ! ભગવાનના ભક્ત પુરુષોએ ભગવાનને સાષ્ટાંગ વંદન કરવા, જ્યારે ભગવાનની ભક્ત સ્ત્રીઓએ પંચાઙ્ગ જ વંદન કરવા, બહેનોએ સાષ્ટાંગ વંદન ન કરવા, પુરુષ પંચાઙ્ગ વંદન પણ કરી શકે છે, તેવી જ રીતે અક્રૂરજીની પેઠે ભગવાન શ્રીકૃષ્ણના ચરણ કમળના સ્પર્શવાળી રજમાં આળોટવું તથા તે રજને પોતાના મસ્તક ઉપર પણ ચડાવવી. આ છઠ્ઠી ''વંદન ભક્તિ'' કહેલી છે.[૩૮-૩૯]

**દાસ્ય ભક્તિ :–** હે મા ! ભગવાનના ભક્તોએ અંતરથી અભિમાનનો દૂરથી જ ત્યાગ કરી ભગવાનના દાસ થઈને સદાય વર્તવું. અને સમયે સમયે દાસની જેમ નિર્માની થઈ અખંડ ભગવાનની સેવાપરાયણ રહેવું. તેમાં ભગવાનને અર્થે જાતે જળ લાવવું, પુષ્પો લાવવાં, તુલસી લાવવાં, ચંદન ઘસવું, તેમજ પવિત્ર થઈ રસોઈ બનાવવી. વીરણના વીંજણાથી કે ચામરથી ઋતુને અનુસાર ભગવાનને પવન ઢોળવો, મંદિરને વાળવું, લીંપવું તથા અન્ન, જળ, ફળ વિગેરે પદાર્થોથી મંદિરે આવતા ભગવાનના ભક્તોની પણ પ્રેમપૂર્વક યથાયોગ્ય સેવા કરવી. તેમજ નિર્માની થઈને તે સર્વેને નમસ્કાર કરવા. આ સાતમી ''દાસ્ય ભક્તિ'' કહેલી છે.[૪૦-૪૩]

**સખા ભક્તિ :–** હે સૌને માન આપનારાં મા ! ભગવાનના ભક્તોએ

मानुष्यनाट्यं दधतः क्रियास्वस्य न दोषधीः । क्वापि कार्योऽथ विश्वासः कार्योऽस्यैव दृढः सति ! ॥४५
लक्षणं नवमं भक्तेः श्रृण्वथात्मनिवेदनम् । कृष्णार्थ एव कर्तव्य आत्मा जननि ! सर्वथा ॥ ४६
देहेन्द्रियान्तःकरणस्वभावानां तथा पितुः । पुत्रादेः स्वजनस्यापि वशे वर्तेत न क्वचित् ॥ ४७
कृष्णाधीनो भवेन्नित्यं कृष्णार्थसकलक्रियः । कृष्णभक्तौ विघ्नकृतः स्वभावस्वजनांस्त्यजेत् ॥ ४८
कृष्णस्यैवेक्षणं कुर्यादृशा श्रुत्या च तत्कथाम् । श्रृणुयाच्च त्वचा स्पर्शं कुर्यात्तस्यैव पादयोः ॥४९
तद्गुणोच्चारणे जिह्वां तन्नैवेद्याशने तथा । कुर्यान्नासां तदुच्छिष्टपुष्पाद्याग्रहणे परम् ॥ ५०
हस्तौ तत्परिचर्यायां शीर्षं तदभिवन्दने । प्रदक्षिणायां तस्याङ्घ्री कुर्यात्तन्निकषागतौ ॥ ५१
सङ्कल्पान्मनसा कुर्यात्कृष्णस्यैव च निश्चयम् । धिया च चेतसाऽस्यैव कुर्याच्चिन्तनमञ्जसा ॥ ५२

---

દ્રૌપદીજી તથા અર્જુનની પેઠે ભગવાનની સાથે સખાભાવ રાખવો, તેમજ પોતાનો દેહ, પત્ની, પુત્ર, ધન, ખેતર, પાદર આદિ કરતાં પણ ભગવાનમાં અધિક સ્નેહ રાખવો, તથા હે મા ! મનુષ્ય નાટ્યને કરતા ભગવાનનાં ચરિત્રોમાં ક્યારેય દોષ બુદ્ધિ ન કરવી ને ઉલટાના દૃઢ વિશ્વાસ સાથે પ્રેમ વધવો, તે આઠમી ''સખાભક્તિ'' કહેલી છે.[૪૪-૪૫]

**આત્મનિવેદન ભક્તિ :–** હે જનની ! મા ! હવે હું તમને આત્મનિવેદન નામની નવમી ભક્તિનું લક્ષણ કહું છું, તે તમે સાંભળો. પોતાના દેહ ઇંદ્રિયો મન અને સ્વભાવની સાથે ભગવાનને સંપૂર્ણ આત્મસમર્પણ કરી ભગવાનને જ આધીન વર્તવું,પણ દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ, સ્વભાવ, પિતા, પુત્ર અને સ્વજનોને આધીન ક્યારેય ન થાવું. નિત્યે ભગવાનને આધીન વર્તવું, ને સર્વે ક્રિયા ભગવાનને અર્થે કરે, તેમાં પોતાનો સ્વભાવ વિઘ્ન કરે કે સંબંધીઓ વિઘ્ન કરે તો તેનો ત્યાગ કરે પણ ભગવાનની આધીનતાનો ત્યાગ ન કરે.[૪૬-૪૮]

ભગવાનને અખંડ કેવી રીતે આધીન વર્તી શકે ?તો હે મા ! આત્મનિવેદી ભક્ત નેત્રોથી ભગવાનનાં દર્શન કરે, કાનથી ભગવાનના ભક્તોના મુખેથી ભગવાનનાં કથા કીર્તનાદિ ગુણોને સાંભળે, ત્વચાથી ભગવાનના ચરણકમળનો જ સ્પર્શ કરે.[૪૯] જીભેથી ભગવાનના ગુણ કીર્તન અને નામનું ઉચ્ચારણ કરે તથા ભગવાનની પ્રસાદી અન્નનું જ ભક્ષણ કરે, નાસિકાથી માત્ર ભગવાનને જ અર્પણ કરેલાં ચંદન પુષ્પાદિકની સુગંધ લે.[૫૦] હાથથી મંદિર વાળવું, લીંપવું, થાળ તૈયાર કરવા, ફુલ બગીચા તૈયાર કરવા, વિગેરે ભગવદ્સેવા કર્યા કરે, મસ્તકથી ભગવાન કે ભગવાનના સંતો ભક્તોને નમસ્કાર કરે, પગથી પ્રદક્ષિણા કરે કે ચાલીને મંદિરે

कृष्णदासत्वाभिमानः स्वस्मिन्कार्यस्तथाऽहमा । कृष्णार्थमेव कार्या च कृषिर्व्यापार उद्यमः ॥ ५३
यद्यत्स्वेष्टं भवेत्तत्तत्कृष्णायैव निवेदयेत् । गन्धपुष्पांशुकादीनि तत्प्रसादीनि धारयेत् ॥ ५४
पत्रमात्रमपि क्वापि कृष्णायानर्पितं तु यत् । तन्न भक्ष्यं तथाभूतं न पेयं वारि चानघे ! ॥ ५५
तपोयज्ञव्रतं दानं वैष्णवानां च सेवनम् । प्रसन्नतायै कृष्णस्य कर्तव्यं तस्य सेवकैः ॥ ५६
एवं भजन्ति ये कृष्णं श्रुत्यादिनवलक्ष्मया । भक्त्या ते कथिता भक्ता द्विविधास्तेऽपि कीर्तिताः ॥५७
तत्राद्यास्तु सकामास्ते धर्ममर्थं च विस्तृतम् । कामं च स्वेप्सितं मोक्षं कृष्णादेवाप्नुवन्ति हि ॥ ५८
देहान्ते ते च कृष्णस्य गोलोकादिषु धामसु । लभन्ते स्वेष्टसौख्यानि तस्मादेवाक्षयाणि हि ॥ ५९
निष्कामा इतरे ते तु कृष्णसेवनमन्तरा । मुक्तीश्चतुर्विधा सिद्धीश्चाष्टौ नेच्छन्ति कर्हिचित् ॥ ६०

**ભગવાનની સમીપે જાય.[૫૧] મનથી ભગવાનના જ સંકલ્પો કર્યા કરે, બુદ્ધિથી ભગવાનના જ એક નિશ્ચય સંબંધી નિર્ણય કરે, ચિત્તથી અત્યંત ભગવાનનું જ ચિંતવન કરે.[૫૨] અહંકારથી હું ભગવાનનો જ દાસ છું, આવું અભિમાન ધરે, પોતે જે કાંઈ ધંધો કરે, ખેતી, વ્યાપાર વિગેરે કરે તે ભગવાનને અર્થે જ કરે.[૫૩] પોતાને જે કાંઈ પ્રિય પદાર્થ પ્રાપ્ત થાય કે તરત જ ભગવાનને અર્પણ કરે, ભગવાનનાં પ્રસાદીભૂત થયેલાં હોય એવાં જ ચંદન, પુષ્પ અને વસ્ત્રાદિકનું ધારણ કરે.[૫૪] હે નિષ્પાપ મા ! આવા આત્મનિવેદી ભક્તો ભગવાનને અર્પણ કર્યા વિનાનું એક પાંદડું પણ જમે નહિ, અને જળ પણ પીવે નહિ.[૫૫] આત્મનિવેદી ભક્તો તપ કરે, વ્રત કરે, દાન કરે, યજ્ઞ કરે કે ભક્તજનોની સેવા કરે તે સર્વે એક ભગવાનને જ રાજી કરવા કર્યા કરે.[૫૬] હે મા ! આ પ્રમાણે શ્રવણાદિ નવ પ્રકારની ભક્તિદ્વારા જે ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરે છે, તેને જ "આત્મનિવેદી ભક્તો" કહેવાય છે. અને તે ભક્તો પણ બે પ્રકારના કહેલા છે.[૫૭]**

**સકામ ભક્તો :–** હે મા ! તે બે પ્રકારના ભક્તોની મધ્યે પહેલા સકામી ભક્તો છે. તે ધર્મ, પુષ્કળ ધન, અનેક પ્રકારના ભોગોની ઈચ્છાપૂર્તિ અને સાલોક્યાદિ ઈચ્છિત મુક્તિ, તે ભક્તિથી વશ થયેલા એક ભગવાન પાસેથીજ પ્રાપ્ત કરે છે. બીજા પાસેથી કદાપિ ઈચ્છતા નથી. તે સકામ ભક્તો આ દેહને અંતે ભગવાન થકી જ તેમના ગોલોકાદિ ધામોમાં પોતાને ઈચ્છિત અવિનાશી સુખોને પ્રાપ્ત કરે છે.[૫૮-૫૯]

**નિષ્કામ ભક્તો :–** હે મા ! બીજા નિષ્કામી ભક્તો છે તે ભક્તો ભગવાનની સેવા વિના બીજી ચાર પ્રકારની મુક્તિને પણ ઈચ્છતા નથી અને

दीयमानं भगवताप्यैश्वर्यमिदमूर्जितम् । तस्य सेवान्तरायत्वान्न गृह्णन्ति हृदाऽपि ते ॥ ६१
निष्कामभावेनेत्थं यो मातः ! कृष्णं भजेन्नरः । भक्तोत्तमः स विज्ञेयः पूर्णो हृदयमस्य हि ॥ ६२
भगवन्तं प्रतिदिनं सेवमानस्य तस्य च । प्रेमा विवर्धतेऽत्यर्थं स च विघ्नैर्न हन्यते ॥ ६३
यथा प्रवाहो गङ्गाया अन्तरायान् गिरीनपि । विभिद्यावगणय्याशु समुद्रमभियाति हि ॥ ६४
तथा प्रेमाऽस्य भक्तस्य देशकालक्रियामुखान् । विघ्नान्महत उल्लङ्घ्य कृष्णमेव प्रपद्यते ॥ ६५
आन्तराणां च बाह्यानां करणानां तु सर्वशः । स्वभावाद्वृत्तयः कृष्णे तस्य स्युर्विषयेष्विव ॥ ६६
साक्षात्कृष्णे भगवति प्राप्तस्नेहभरः स तु । नानुरक्तो भवेत्क्वापि तं विनाऽन्यत्र वस्तुनि ॥ ६७
लोकेऽस्ति द्विविधं वस्तु रमणीयं तथेतरत् । तन्नास्य रमणीयं यदुःखरूपं भवेद्धि तत् ॥ ६८

---

અણિમાદિ અષ્ટ સિદ્ધિઓને પણ ઇચ્છતા નથી. ભગવાન સ્વયં તે નિષ્કામી ભક્તોને ચતુર્ધા મુક્તિ કે અણિમાદિ ઐશ્વર્યો પરાણે અર્પણ કરે છતાં તેને ભગવાનની સેવામાં અંતરાયરૂપ જાણી મનથી પણ તેનો સ્વીકાર કરતા નથી, આ નવમી આત્મનિવેદન ભક્તિ કહેલી છે.[૬૦-૬૧]

**દશમી પ્રેમલક્ષણા ભક્તિ :–** હે મા ! જે મનુષ્યો આ પ્રમાણે નિષ્કામભાવથી ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરે છે તેને સર્વે ભક્તોમાં શ્રેષ્ઠ ભક્ત જાણવો. તેને પૂર્ણ કૃતકૃત્ય સમજવો અને એ ભગવાનનું હૃદય છે એમ જાણવું.[૬૨] આ પ્રમાણે પ્રતિદિન ભગવાન શ્રીકૃષ્ણની નિષ્કામભાવથી જે ભક્ત સેવા કરે છે તે ભગવાનને વિષે ગાઢ પ્રેમવૃદ્ધિ પામતો જાય છે. પછી તે પ્રેમ કોઈ પણ પ્રકારના વિઘ્નોથી નાશ પામતો નથી.[૬૩] જેવી રીતે ગંગાજીનો પ્રવાહ પોતાને અવરોધ કરનારા હિમાલયઆદિના શિખરોને નહિ ગણીને તેને તોડી ફોડી તત્કાળ સમુદ્ર પ્રત્યે ગતિ કરે છે. તેવી રીતે આ નિષ્કામ ભક્તોનો પ્રેમ અસદ્ દેશકાળાદિની ક્રિયાઓ રૂપી મોટા મોટા વિઘ્નોનું ઉલ્લંઘન કરી એક શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યે જ ગતિ કરે છે અને ભગવાનને જ પામીને રહે છે.[૬૪-૬૫]

હે મા ! પ્રાકૃત વિષયોમાં આસક્ત પુરુષને જેમ પંચ વિષયમાં પોતાની ઇંદ્રિયોનો વ્યાપાર સહજ રહેલો છે, તેમ નિષ્કામી ભક્તોને પોતાની બાહ્ય અને આંતર ઇંદ્રિયોની વૃત્તિનો જે વ્યાપાર તે સહજ રીતે ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપને વિષે જ રહેલો હોય છે. સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણને વિષે પરમ સ્નેહને પામેલો એ નિષ્કામી ભક્ત ભગવાન વિના અન્યત્ર વસ્તુમાં ક્યાંય પ્રીતિ કરતો નથી, સદાય એક ભગવાનમાં જ પ્રેમ મગ્ન રહે છે. તેને દશમી પ્રેમલક્ષણા ભક્તિ કહેલી છે.[૬૬-૬૭]

अरम्येषु पदार्थेषु क्वापि किञ्चित्सुखं भवेत् । रम्येषु तु महदुःखं भवेत्कृष्णानुरागिणः ॥ ६९
विषपङ्कायते तस्य मलयागरुचन्दनम् । सर्पायन्ते पुष्पहारा भूषणं दूषणायते ॥ ७०
रुचिराः कौसुमाः शय्या दीप्तपावकसन्निभाः । भवन्ति तस्य चन्द्रोऽपि भक्तस्य तपनायते ॥ ७१
रुचिरं मन्दिरं तस्य घोरारण्यायते नवम् । सुगन्धिः शीतलो वायुर्दावज्वालायत्ते भृशम् ॥ ७२
भारायते सूक्ष्मवासः स्वजनश्च वृकायते । रूपं कुष्ठायते तस्य स्वादु भोज्यं विषायते ॥ ७३
मनोज्ञं गायनं तस्य तीक्ष्णबाणायते तथा । राक्षसीव भवत्येव नारी देवाङ्गनोपमा ॥ ७४
स्नेहोऽनुमेयो भक्तस्य चिह्नैरेतैर्विरागिणः । कृष्ण एव स्फुरत्येकस्तस्यान्तश्च बहिः सदा ॥ ७५
सहसा स्फुरितं स्नेहात्तं दृष्ट्वा हसति क्वचित् । क्वचिद्व्रजन्तमालोक्य विरहादिव रोदिति ॥ ७६

---

**એકાંતિક ભક્તની રીત જગતથી ન્યારી :–** હે મા ! આ લોકમાં બે પ્રકારની વસ્તુઓ છે, એક રમણીય અને બીજી અરમણીય, ભગવાનના આ એકાંતિક ભક્તને રમણીય વસ્તુ દુઃખરૂપ લાગે છે.[૬૮] ભગવાન શ્રીકૃષ્ણના અનુરાગી આવા ભક્તોને ઉલટાનું અરમણીય પદાર્થોમાંથી દેહનિર્વાહ-અર્થે કાંઈક સુખ પ્રાપ્ત થયું, એવું અનુભવાય છે, પરંતુ રમણીય પદાર્થોમાંથી તો નકરું અતિશય દુઃખ જ અનુભવાય છે. તેનું કારણ તેમાં તેને પહેલેથી જ દોષ દૃષ્ટિ હોય છે.[૬૯]

હે મા ! આવા ભક્તોને મલ્યાગર ચંદનનો લેપ વિષ અથવા કાદવ સમાન લાગે છે, સુગંધી પુષ્પની માળા કાળા સર્પની સમાન લાગે છે, અને આભૂષણો પહેરવાં મહાદુઃખરૂપ લાગે છે.[૭૦] સુંદર ફુલોની શય્યા ઝળહળતા અગ્નિની જ્વાળા સમાન લાગે છે. શરદઋતુનો ઠંડો ચંદ્ર ગ્રીષ્મ ઋતુના સૂર્ય સમાન લાગે છે.[૭૧] સુંદર નૂતન મહેલ નિર્જન જંગલ જેવાં લાગે છે. સુગંધીમાન શીતળ વાયુ અત્યંત ભયંકર દાવાનળ સમાન લાગે છે.[૭૨] વળી આવા ભક્તને સુવાળાં સૂક્ષ્મ વસ્ત્રો શરીર ઉપર ભારરૂપ લાગે છે. પોતાના પુત્રાદિ સ્વજનો વરુ સમાન લાગે છે, શરીરનું રૂપ સૌન્દર્ય કોઢ નીકળ્યા પછીના જેવું ચિત્ર-વિચિત્ર લાગે છે, સ્વાદુ ભોજન ઝેર સમાન લાગે છે.[૭૩] મનોહર કર્ણપ્રિય લૌકિક ગાયન છાતીમાં તીક્ષ્ણ બાણ માર્યા સરખાં લાગે છે, દેવાંગનાઓ જેવી સુંદર રૂપસુંદરીઓ ભૂખી રાક્ષસી જેવી લાગે છે.[૭૪] હે મા ! આવા પ્રકારના વર્તનના ચિહ્નોથી વીતરાગી નિષ્કામી ભક્તોનો ભગવાન પ્રત્યેનો ગાઢ પ્રેમ કેવો છે, તેનું અનુમાન કરી શકાય છે. આવા પ્રેમી ભક્તોના અંતરમાં અને બહાર સદાય એક ભગવાનનો જ ભાસ થતો હોય છે.[૭૫] સ્નેહાતિશયને લીધે અચાનક ભાસમાન થયેલા ભગવાનનાં દર્શન કરીને

आनन्दान्नृत्यति क्वापि क्वापि सम्भाषतेऽमुना । साष्टाङ्गं वन्दते क्वापि क्वचित्तूष्णीं च तिष्ठति ॥ ७७
अपराधान् क्षमस्वेति क्वापि प्रार्थयते हरिम् । स्नेहेन विवशः क्वापि स च गायति निस्त्रपः ॥ ७८
हरे! नारायण! स्वामिन् ! कृष्ण ! गोविन्द ! माधव! इत्याद्याः कीर्तयत्युच्चैरभिधाः क्वापि सत्पतेः ॥ ७९
इत्यादिभिर्बहुविधैश्चिह्नैः स उपलक्षितः । पुनाति भुवनं भक्तः स्वपादरजसाऽखिलम् ॥ ८०
अनायासेनैव मातर्भवत्यस्य हरेस्तनौ । निरोधः प्राणमनसोः प्रेमभक्तस्य निश्चितम् ॥ ८१
प्रारब्धान्ते विहायासौ पुमान्वा स्त्री कलेवरम् । गुणान्मायामयां स्त्रींश्च हित्वा भवति निर्गुणः ॥ ८२
दिव्यां तनुं ब्रह्मरूपां प्राप्य कृष्णेच्छया स च । दिव्यं विमानमारुह्य स्वेष्टं तद्धाम याति वै ॥ ८३
गोलोके सोऽक्षरे धाम्नि वैकुण्ठे वापि भक्तराट् । कृष्णस्य वर्ततेऽखण्डं सेवायां सर्ववन्दितः ॥ ८४
तेन कृष्णेन दत्तानि ह्यनन्तान्यक्षयाणि च । तत्र दिव्यानि सौख्यानि प्राप्नोति जननि ! ध्रुवम् ॥ ८५

---

**એ ભક્ત હસે છે. ક્યારેક ભગવાનને ત્યાંથી ચાલ્યા ગયેલા જોઈ વિરહથી રુદન કરે છે.[૭૬] વળી ક્યારેક ભગવાનનો અચાનક ભાસ થવાથી તે ભક્ત આનંદમાં આવી નૃત્ય કરે છે અને ક્યારેક તેની સાથે સંભાષણ કરે છે. અને ક્યારેક સાષ્ટાંગ પ્રણામ કરવા લાગે છે, ક્યારેક ભગવાનનાં દર્શન કરી મહાઆનંદમાં ગરકાવ થઈ મૌન બેસી રહે છે.[૭૭] વળી એ ભક્ત ક્યારેક હે હરિ ! તમે મારા અપરાધોની ક્ષમા આપો, આવી પ્રાર્થના કરે છે. ક્યારેક ભગવાનમાં ગાઢ પ્રેમને લીધે વિવશ થઈ લોકલજ્જાનો ત્યાગ કરી ઉચ્ચ સ્વરે ભગવાનના ગુણોનું સંકીર્તન કરવા લાગે છે.[૭૮] વળી તે ભક્ત ક્યારેક હે હરિ ! હે નારાયણ ! હે સ્વામી ! હે કૃષ્ણ ! હે ગોવિંદ ! હે માધવ ! આ પ્રમાણે સંતોના સ્વામી એવા ભગવાનનાં નામોનું ઉચ્ચ સ્વરે કીર્તન કરે છે.[૭૯] હે મા ! આવાં બહુ પ્રકારનાં લક્ષણોને કારણે જગતથી ન્યારી રીતને ધારણ કરતો ભગવાનનો પ્રેમીભક્ત પોતાના ચરણકમળની રજથી અખિલ ભુવનને પાવન કરે છે.[૮૦] હે મા ! આવા પ્રેમીભક્તને કોઈ પ્રયાસ વિના સહેજે સહેજે ભગવાન શ્રીહરિની સાક્ષાત્ મૂર્તિમાં પ્રાણ અને મનની વૃત્તિનો નિરોધ થાય છે.[૮૧] હે મા ! આવા પ્રેમીભક્તોમાં પુરુષ હોય કે સ્ત્રી, પ્રારબ્ધને અંતે આ શરીરને છોડીને માયામય ત્રણ ગુણોથી પર થઈ નિર્ગુણ સ્થિતિને પ્રાપ્ત કરે છે.[૮૨] ત્યારપછી ભગવાનની ઈચ્છાથી દિવ્ય બ્રહ્મમય દેહને પામી દિવ્ય વિમાનમાં બેસી પોતાને પ્રિય એવા ભગવાનના ધામમાં સિધાવે છે.[૮૩] હે મા ! ગોલોક, વૈકુંઠ કે અક્ષરધામમાં સિધાવતા આવા પ્રેમી ભક્તને તે તે ધામના મુક્તો પુષ્પોથી વધાવી વંદન કરે છે અને ભક્ત ત્યાં ભગવાનની સેવામાં અખંડ જોડાઈ જાય છે. તથા તે**

अध्यात्मशास्त्रमिति ते मया प्रोक्तमशेषतः । एतावदेव जीवानां मतं निःश्रेयसाय मे ॥ ८६
वेदानां पञ्चरात्रस्य रहस्यं साङ्ख्ययोगयोः । धर्मशास्त्रस्य चाप्येतद्विस्पष्टमुदितं मया ॥ ८७
तस्मादेतद्भवत्यापि श्रेयसे धार्यमात्मनि । तेन मुक्ता सर्वकष्टात्प्राप्स्यसे परमं सुखम् ॥ ८८
एतद्रहस्यं परमं यः श्रोष्यति पठिष्यति । भविष्यति तयोः कृष्णे भक्तिश्च सुखमीप्सितम् ॥ ८९

सुव्रत उवाच –

रहस्यमिति पुत्रेण गीतं माता निशम्य सा । प्रसन्नहृदयाऽत्यन्तं प्रोचे निःसंशया सती ॥ ९०

प्रेमवत्युवाच –

स्वधर्मज्ञानवैराग्यैरुपेता नवलक्षणा । भक्तिः कृष्णे त्वया प्रोक्ता नृणां श्रेयस्करी हरे ! ॥ ९१
स तु कृष्णस्त्वमेवासि हरिनामाऽत्र साम्प्रतम् । निश्चयेनेति जानामि त्वद्वाक्यैर्नष्टसंशया ॥ ९२

---

તે ધામમાં ભગવાનને અર્પણ કરેલા અનંત અવિનાશી દિવ્ય સુખોને તે નિશ્ચય પ્રાપ્ત કરે છે.[૮૪-૮૫]

હે મા ! આ પ્રમાણે મેં તમને સમસ્ત અધ્યાત્મ શાસ્ત્રનું રહસ્ય સ્પષ્ટપણે સમજાવ્યું. મનુષ્ય દેહધારી જીવોના આત્યંતિક કલ્યાણ માટે આટલી વાત પર્યાપ્ત છે, એમ હું માનું છું.[૮૬] હે મા ! ચારવેદ, પંચરાત્ર શાસ્ત્ર, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રોનું રહસ્ય તમને જેવી રીતે બોધ થાય તેવી રીતે સરળતાથી સમજાવ્યું છે.[૮૭] તેથી હવે તમે પણ તમારા આત્મકલ્યાણને માટે આ પરમ રહસ્યને તમારા અંતરમાં ધારણ કરો અને સદાય ચિંતવન કરો. આના ચિંતવન માત્રથી તમે સમગ્ર સાંસારિક કષ્ટોથી મૂકાઈને પરમ સુખને પામશો.[૮૮] હે મા ! આ પરમ રહસ્યને જે કોઈ મનુષ્ય શ્રદ્ધાપૂર્વક સાંભળશે, પાઠ કરશે, કે સંભળાવશે અને પાઠ કરાવશે તે સર્વેને ભગવાન શ્રીકૃષ્ણને વિષે એકાંતિકી ભક્તિ પ્રાપ્ત થશે. અને તે ઈચ્છિત સુખને પ્રાપ્ત કરશે.[૮૯]

**હરિગીતાના શ્રવણપછી મા ભક્તિનો નિર્ણય :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પોતાના પુત્રરૂપ ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે ગાન કરેલ અધ્યાત્મના રહસ્યને સાંભળીને મા ભક્તિદેવીનું હૃદય અત્યંત પ્રસન્ન થયું. અને તેથી સંપૂર્ણ નિઃસંશય થયેલાં ભક્તિદેવી પોતાના પુત્ર ભગવાન શ્રીહરિને કહેવા લાગ્યાં.[૯૦] હે હરિ ! મનુષ્યમાત્રને આત્યંતિક મોક્ષને આપનારી જે ભગવાન શ્રીકૃષ્ણની ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત નવ પ્રકારની ભક્તિ કરવાની તમે જે વાત કરી તે શ્રીકૃષ્ણ ભગવાન તો સ્વયં તમે જ છો. અત્યારે હરિ નામથી આલોકમાં

त्वय्येव संयोज्य मनो मायाकालसमुद्भवात् । समग्रकष्टान्मुक्तास्मि यामि धामाद्य ते परम् ॥ ९३

**सुव्रत उवाच –**

इत्युक्त्वा सा तमेवान्तर्हरिं नारायणं प्रभुम् । दध्यौ विशुद्धमनसा तेनाभूद्देहविस्मृतिः ॥ ९४

गीतामेतां हि साक्षाद्धरिमुखकमलान्निःसृतां वेदसारं ।
कृष्णं संपूज्य भक्त्या प्रतिदिनमखिलामत्र वाध्यायमेकम् ॥
नानाकामाभिलाषी ननु धरणिपते ! यः पठेद्वा निशाम्येद्यायात्स्वेष्टं ।
स सौख्यं त्वरितमथ जनः कृष्णभक्तिं निराशीः ॥ ९५ ॥

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
**हरिगीतायां भक्तिस्वरूपलक्षणनिरूपणनामा षट्त्रिंशोऽध्यायः ॥ ३६ ॥**

---

પ્રસિદ્ધ છો, એમ હું નિશ્ચય જાણું છું. કારણ કે તમારાં વચનોથી મારા સમગ્ર સંશયો નાશ પામ્યા છે.[૯૧-૯૨] હે ભગવન્ ! અત્યારે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ એવા તમારા સ્વરૂપમાં મારું મન જોડી દેવાથી કાળમાયાથી ઉત્પન્ન થયેલા સમગ્ર ભયના દુઃખથી હું મુક્ત થઈ છું અને અત્યારે જ તમારા અક્ષરબ્રહ્મધામને વિષે જાઉં છું.[૯૩]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે કહી મા પ્રેમવતી સર્વના અંતર્યામી અને સર્વસમર્થ, સર્વના નિયંતા પોતાના પુત્રરૂપ સાક્ષાત્ શ્રીહરિનારાયણનું અંતરમાં વિશુદ્ધ મનથી ધ્યાન કરવા લાગ્યાં અને ધ્યાન કરતાંની સાથે જ શરીરની વિસ્મૃતિ થઈ ગઈ.[૯૪] સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રીહરિના મુખકમળમાંથી નીકળેલી પાંચ અધ્યાયવાળી આ અધ્યાત્મ શાસ્ત્રરૂપ હરિગીતા સમસ્ત વેદના સારભૂત છે. તેથી અનેક પ્રકારની અભિલાષા ધરાવતા કોઈ પણ સ્ત્રી કે પુરુષ ભગવાન શ્રીહરિકૃષ્ણનું નિત્ય પૂજન કરી અતિ પ્રેમપૂર્વક પ્રતિદિન આ સમગ્ર 'હરિગીતા' નો પાઠ કરશે કે માત્ર એક અધ્યાયનો પાઠ કરશે અથવા સમગ્ર હરિગીતાનું શ્રવણ કરશે કે એક અધ્યાયનું નિત્ય શ્રવણ કરશે તે સર્વે મનુષ્યો મનોવાંછિત સુખને તત્કાળ પ્રાપ્ત કરશે, અને જે મનુષ્ય ભગવાન સિવાયની કોઈ પણ આશા રાખ્યા વિના કેવળ નિષ્કામ ભાવથી આ હરિગીતાનો પાઠ કરશે કે સાંભળશે તેને વિષે ભગવાન શ્રીહરિકૃષ્ણની પોતે ઈચ્છિત એકાંતિકી ભક્તિ પ્રગટ થશે.[૯૫]

सप्तत्रिंशोऽध्यायः ॥ ३७ ॥

राजोवाच -

ध्यायन्ती भगवन्तं सा भक्तिः सम्प्राप कां गतिं? । ततो हरिश्च किं चक्रे? ब्रूह्येतन्मे महामुने! ॥ १

सुव्रत उवाच -

तस्यां ध्यानस्थितायां तु भूपासीदरुणोदयः । विधातुमाह्निकं कृष्णः स्नात्वाऽग्न्यागारमाविशत् ॥ २
ददर्श साऽथ ध्यायन्ती हरिं तं हृदयाम्बुजे । आविर्भूतं यथादृष्टं प्रथमाश्रमसंस्थितम् ॥ ३
प्रसन्नमुखचन्द्राभं वारिजच्छदलोचनम् । द्विभुजं रमणीयाङ्गं श्यामसुन्दरविग्रहम् ॥ ४

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં હરિગીતાના પાંચમા અધ્યાયમાં ભક્તિનાં સ્વરૂપનાં લક્ષણોનું નિરૂપણ કર્યું એ નામે છત્રીસમો અધ્યાય. -૩૬-***

---

## અધ્યાય - ૩૭

## ભક્તિમાતાએ શ્રીહરિની સ્તુતિ કરી.

પ્રતાપસિંહ રાજા પૂછે છે, હે મહામુનિ ! મા ભક્તિદેવી ભગવાન શ્રીહરિકૃષ્ણનું ધ્યાન કરતાં કરતાં કઈ ગતિને પામ્યા ? ત્યાર પછી ભગવાન શ્રીહરિકૃષ્ણે શું કર્યું ? આ સર્વ વૃત્તાંત મને સંભળાવો.[૧]

રાજાનો પ્રશ્ન સાંભળી અત્યંત ખુશ થયેલા સુવ્રતમુનિ કહે છે, હે ભૂપ ! મા ભક્તિદેવી ધ્યાનાવસ્થામાં હતાં તેવામાં સંવત્ ૧૮૪૮ ના કારતક સુદ દશમી તિથિનું પરોઢ થયું. સૂર્યનારાયણ ઉદય થવાની તૈયારી કરતા હતા, તે સમયે શ્રીહરિએ ઠંડા જળથી સ્નાન કરી આહ્નિકવિધિ કરવા અગ્નિશાળામાં પ્રવેશ કર્યો.[૨] આ બાજુ પોતાના પુત્ર ભગવાન શ્રીહરિના ધ્યાનપરાયણ મા ભક્તિદેવીને ધ્યાન પહેલાં પોતાની દૃષ્ટિ આગળ પોતાના પુત્રરૂપે બ્રહ્મચારીના વેષમાં જેવા ભગવાન શ્રીહરિકૃષ્ણને જોયા હતા તેવાને તેવા જ ધ્યાન કરતાં હૃદયકમળમાં આવિર્ભાવ પામેલા ભગવાન શ્રીહરિનાં દર્શન થયાં.[૩]

**ભગવાન શ્રીહરિની મનુષ્યરૂપની માધુરી :-** હે રાજન્ ! માતાના હૃદયમાં પ્રગટ થયેલા ભગવાન શ્રીહરિ પ્રસન્ન મુખચંદ્રની દિવ્ય કાંતિથી શોભી

कौपीनाच्छादनं श्वेतमुत्तरीयं च बिभ्रतम् । नक्तकाबद्धकुटिलश्यामसूक्ष्मशिरोरुहम् ॥ ५
सितयज्ञोपवीतं च करात्तजपमालिकम् । कण्ठस्थसूक्ष्मतुलसीकाष्ठस्रग्द्वयशोभनम् ॥ ६
भाले कण्ठे च हृदये भुजयोः शोभनानि च । काश्मीरचन्द्रकोपेतान्यूर्ध्वपुण्ड्राणि बिभ्रतम् ॥ ७
एवं हरिं सा पश्यन्ती पृथक् स्वात्मनमैक्षत । देहेन्द्रियमनःप्राणगुणेभ्यस्तत्प्रकाशकम् ॥ ८
सन्मात्रं तं ब्रह्मणैक्यमापन्नं ह्यक्षरेण च । सा ददर्श ततस्तस्मिंस्तमेव समवैक्षत ॥ ९
सोऽथ स्वमेव श्रीकृष्णं जानन्तीं निश्चयेन ताम् । तद्रूपं दर्शयामास साश्चर्यं सा तमैक्षत ॥ १०
कोटिकन्दर्पलावण्यं नवीनजलदासितम् । प्रत्यङ्गनिःसरत्कोटिकोटिचन्द्रसमद्युतिम् ॥ ११

રહ્યા છે. કમળની પાંખડીની સમાન વિશાળ બન્ને નેત્રો વિલસી રહ્યાં છે. બે ભૂજાઓ અને રમણીય અંગોએ યુક્ત તેજસ્વી શ્યામ સુંદર કાયા મનને ખેંચી રહી છે. બ્રહ્મચારીના વેષમાં શ્વેત કૌપીન ઉપર શ્વેત આચ્છાદન વસ્ત્ર અને ઉપરનું શ્વેત વસ્ત્ર પરિધાન કરી વિરાજી રહ્યા છે. મસ્તક ઉપર વાંકડિયાળા પાતળા, કાળા કેશ એક સૂક્ષ્મ વસ્ત્રના ખંડથી બાંધ્યા છે. ડાબા ખભે શ્વેત યજ્ઞોપવિત ધારણ કરી છે. જમણા હાથમાં તુલસીની જપમાળા ફેરવી રહ્યા છે, સુંદર મનોહર શંખ સરીખા કંઠમાં સૂક્ષ્મ મણીયાવાળી તુલસીની બેવડી કંઠી શોભી રહી છે. બ્રહ્મચારી હોવાથી પાંચ જગ્યાએ વિશાળ ભાલ, કંઠ, હૃદય અને બન્ને ભૂજાઓ ઉપર કાશ્મીરી કુંકુમના ગોળ ચાંદલાએ સહિત શોભાયમાન ઉર્ધ્વપુંડ્ર તિલકો ધારણ કર્યાં છે.[૪-૬]

**મા ભક્તિને આત્મસ્વરૂપનું દર્શન :–** હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિના સ્વરૂપનું દર્શન કરતાં કરતાં મા ભક્તિદેવીને દેહ, ઈન્દ્રિયો, મન, પંચપ્રાણ અને સત્ત્વાદિ ત્રણગુણથી જુદા અને એ દેહાદિ સર્વેને ચેતનવંતા કરનારા, પોતાના પ્રકાશમાન આત્મસ્વરૂપનું દર્શન થયું. તે સત્તામાત્ર પોતાનો આત્મા અક્ષરબ્રહ્મની સાથે એક ભાવને પામેલો છે, એવું પણ ભક્તિમાતાને જોવામાં આવ્યું. ત્યારપછી અક્ષરબ્રહ્મના તેજની સાથે એકતા પામેલા પોતાના આત્મસ્વરૂપમાં સાક્ષાત્ શ્રીહરિનાં દિવ્ય દર્શન થયાં.[૭-૯] આ પ્રમાણે પહેલેથી જ નિશ્ચયપૂર્વક પોતાનાં પુત્ર શ્રીહરિને સાક્ષાત્ શ્રીકૃષ્ણનારાયણ ભગવાન તરીકે જાણતાં મા ભક્તિદેવીને શ્રીહરિએ પોતાના અલૌકિક દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું, અને ભક્તિમાતા પણ આશ્ચર્યપૂર્વક અલૌકિક દિવ્ય શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યાં.[૧૦]

**શ્રીહરિની દિવ્યરૂપ માધુરી :–** કોટિ કોટિ કામદેવને પણ લજ્જા પમાડે તેવી શરીરની લાવણ્યતા શોભી રહી છે, નવીન મેઘની સમાન શ્યામ સુંદર

शुद्धहेमाभवसनं रत्नकाञ्चीमनोहरम् । मयूरबर्हमुकुटं मकराकृतिकुण्डलम् ॥ १२
कण्ठोल्लसत्कौस्तुभं च मुक्ताहारविभूषणम् । वैजयन्तीं स्रजं कण्ठे दधतं च मनोहरम् ॥ १३
भुजयोः कटके हैमे श्रृङ्खले चाङ्गदे शुभे । दधतं नूपुरे चांघ्र्योः किशोरं चारुलोचनम् ॥ १४
नटवर्यसमाकल्पं चन्दनेन सुचर्चितम् । पौष्पान्हाराञ्छेखरांश्च बिभ्रतं चावतंसकौ ॥ १५
द्विभुजं वादयन्तं च मुरलीं मधुरस्वरम् । आश्चर्यदर्शनं तं च दृष्ट्वा हृष्टा ननाम सा ॥ १६
पुनस्तमथ साऽपश्यद्यथापूर्वमवस्थितम् । वर्णिवेषं स्वतनयं ततो नत्वा नुनाव तम् ॥ १७

**भक्तिरुवाच –**

यः पातुं सदमर्त्यविप्रवृषगास्तिष्यावृषाढ्यासुरव्रातेभ्योऽजनि मद्गृहत्करुणया ह्येकान्तधर्मप्रियः ।
मूलाज्ञानतमश्चयार्क! विधृतानेकावतार! प्रभो ! वर्ण्याकल्पवते नमोऽस्तु हरये तस्मै परेशाय ते ॥ १८

---

શરીર વિલસી રહ્યું છે. આવા સુંદર શરીરના પ્રત્યેક અંગોમાંથી નીકળતી કોટિ કોટિ ચંદ્રમાઓની કાંતિની સમાન દિવ્ય કાંતિ ચારેબાજુ પ્રસરી રહી છે.[૧૧] શુદ્ધ સુવર્ણ સમાન ઉજ્જ્વલ વસ્ત્રો પરિધાન કર્યાં છે. કેડમાં બાંધેલી રત્નજડિત કટિમેખલાથી મનોહર લાગે છે. મસ્તક ઉપર મયૂરપીંછનો મુગટ ધારણ કર્યો છે. કાનમાં મકરાકાર કુંડળ ધારણ કર્યાં છે.[૧૨] કંઠમાં કૌસ્તુભમણિ શોભી રહ્યો છે. કંઠમાં મોતીઓની માળા વિલસી રહી છે. તેમાં પણ કંઠમાં ધારેલી વૈજયંતીમાળા અતિ મનોહર લાગે છે.[૧૩] બન્ને હાથમાં સુવર્ણનાં કડાં, પોંચી અને બાજુબંધ બાંધ્યા છે. ચરણમાં ઝાંઝર પહેર્યાં છે, પંદર વર્ષની કિશોર-અવસ્થા વહાલ ઉપજાવે છે, સુંદર નેત્રો પ્રેમ વરસાવી રહ્યાં છે,[૧૪] નટવરના જેવા સુંદર વેષે શ્રીહરિ શોભી રહ્યા છે. વિશાળ ભાલમાં સુંદર ચંદનની અર્ચા મનને આકર્ષે છે. અનેકવિધ પુષ્પોના હાર, તોરા અને ગુચ્છને ધારણ કર્યા છે.[૧૫] બે હાથે હોઠ ઉપર મોરલીને ધારણ કરી મધુર સ્વરે વગાડી રહ્યા છે. અહો !!!! આશ્ચર્યકારી જેમનું દર્શન છે, એવા સાક્ષાત્ શ્રીકૃષ્ણના રૂપમાં પોતાના પુત્રનાં દર્શન કરી ભક્તિમાતા અતિશય આનંદમાં આવી પ્રણામ કરવા લાગ્યાં.[૧૬] પ્રણામ કરી ઉપર ઉઠીને ફરી સામે જોયું તો પૂર્વની માફક જ પુત્રરૂપ વર્ણિવેષ સ્વરૂપે જ શ્રીહરિનાં ભક્તિમાતાને દર્શન થયાં છે. ત્યાર પછી ફરી પુત્રરૂપ પરમાત્મા શ્રીહરિને નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યાં.[૧૭]

**ભક્તિમાતાએ કરેલી શ્રીહરિની સ્તુતિ :–** ભક્તિમાતા કહે છે, હે પ્રભુ ! તમે જીવાત્માઓના અંતરમાં પડેલા અનાદિ અજ્ઞાનરૂપી અંધકારને દૂર

सर्वंसहावनधनञ्जयगन्धवाहनन्तार्यमाम्बुजहरामृतवाहमित्रे ।
सत्प्रेमवत्युदितसाधुगुणात्मनिष्ठे बुद्धिः सदा त्वयि हरे! मम निश्चलाऽस्तु ॥ १९
एकान्तधर्मधर! धीर! वराभयाङ्कपाणेऽघसङ्घदवदावसमाभिधान ! ।
अघ्न्याधरामरधरामरसाधुरक्षे बुद्धिः सदा त्वयि हरे! मम निश्चलाऽस्तु ॥ २०
पाषण्डषण्डपरिखण्डनपण्डित! श्रीगोलोकधामगमितामितभक्तजीवे ।
भक्तेप्सिताखिलपुमर्थवितानकल्पे बुद्धिः सदा त्वयि हरे! मम निश्चलाऽस्तु ।२१
हिंसाविहीनमखवर्तन! दैवपित्र्यकृद्धर्मवेदनविरागगभक्तिबोधे ।
शुद्धे बृहद्व्रतमहाव्रतशान्तदान्ते बुद्धिः सदा त्वयि हरे! मम निश्चलाऽस्तु ॥२२

કરવામાં રાત્રીના અંધકારને દૂર કરનાર સૂર્યની સમાન અતિ તેજસ્વી છો, તમને એકાંતિક ધર્મ અતિશય વહાલો છે, તેથી તેનું રક્ષણ કરવા અને વહાલા ભક્તોનું રક્ષણ કરવા માટે તમે વરાહ આદિ અનેક અવતારોને ધારણ કર્યા છે. અને અત્યારે પણ કલિયુગ અને અધર્મના બળથી વૃદ્ધિ પામેલા અસુરોના સમૂહ થકી સાધુ, દેવતા, બ્રાહ્મણ, ગાય અને ધર્મનું રક્ષણ કરવા માટે અતિશય કરૂણા કરીને મારે ઘેર તમે પ્રગટ થયા છો, એકાંતિક ધર્મનું પ્રવર્તન કરવા વર્ણિવેષે વિચરતા આપને હું નમસ્કાર કરું છું. અક્ષર, કાળ, માયા આદિના નિયંતા અને ભક્તોનાં દુઃખ હરી 'હરિ' નામને સાર્થક કરનારા તમને હું નમસ્કાર કરું છું.[૧૮]

હે હરિ ! તમે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર, શિવ અને મેઘ તેના મિત્ર છો, અર્થાત્ પૃથ્વીના જેવી ક્ષમા વાળા છો, જળ જેવા નિર્મળ છો, અગ્નિજેવા અજેય છો, વાયુની જેમ સર્વને સુખકાર છો, આકાશ જેવા નિર્લેપ છો, સૂર્ય જેવા પ્રતાપી છો, ચંદ્રની જેમ સર્વના પોષક છો, શિવજીના જેવા પરોપકારી છો અને મેઘની જેમ સર્વને પ્રાર્થના કરવા યોગ્ય છો, અને વળી તમે સાચા સંતોમાં અતિશય સ્નેહ રાખનારા છો. આગળ કહેલા આત્મનિષ્ઠાદિ પંચોતેર સાધુઓના ગુણોથી તમે સંપન્ન છો. અર્થાત્ અત્યારે એકાંતિક ભક્તની સ્થિતિમાં વર્તી રહ્યા છો એવા હે હરિ તમારે વિષે મારી બુદ્ધિ અચળ રહો.[૧૯] વળી હે એકાંતિક ધર્મને ધારણ કરનારા ! હે ધીર ! હે પોતાના આશ્રિતજનોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપનારા ! હે બન્ને હસ્તવડે વરદાનની મુદ્રા અને અભયની મુદ્રાને ધારણ કરનારા તથા જીવાત્માઓના અંતરમાં પડેલા અનાદિ કાળના સંચિત પાપના સમૂહોને બાળી નાખવામાં દાવાનળની સમાન સમર્થ નામવાળા ! તથા ગાય, પૃથ્વી, દેવતા, બ્રાહ્મણ

सच्छास्त्रसंश्रय ! जितेन्द्रिय ! सत्य ! सत्यसङ्कल्प ! माधव ! हरिद्विजसाधुपूजे ।
श्राद्धे समाधिमतियोगकलाप्रवृत्तौ बुद्धिः सदा त्वयि हरे ! मम निश्चलाऽस्तु ।२३
दम्भात्त्वैदिकपथासुरदेशिकक्ष्मापालोच्छिदेऽरुणमुखाशयनोदहेतो ! ।
विश्वासुभृत्करुणतापितृभावभाजि बुद्धिः सदा त्वयि हरे ! मम निश्चलाऽस्तु ।२४
ऐश्वर्यसारविनयप्रतिभानवद्यविद्यातपोनयसदाग्रहदानिताढ्ये ।
नानासुलक्षणविलक्षितसौम्यमूर्ते ! बुद्धिः सदा त्वयि हरे ! मम निश्चलाऽस्तु ।२५

---

અને સાધુજનોનું રક્ષણ કરનારા હે હરિ ! તમારે વિષે મારી બુદ્ધિ અચળ રહો.[૨૦]

વળી હે પાખંડીઓના સમૂહનું પ્રબળ અને પ્રમાણિત વાક્યોથી ખંડન કરવામાં બુદ્ધિમાન ! હે શ્રીહરિ ! તમે અગણિત ભક્તજનોને ગોલોકધામની પ્રાપ્તિ કરાવનારા છો, તથા ભક્તજનોએ ઈચ્છિત અખિલ પુરુષાર્થની પ્રાપ્તિ કરાવામાં પણ સમર્થ છો, એવા હે હરિ ! તમારે વિષે મારી બુદ્ધિ અચળ રહો.[૨૧] વળી હે હરિ ! તમે પૃથ્વી પર હિંસા વર્જિત યજ્ઞોનું પ્રવર્તન કરનારા છો, દેવસંબંધી અને પિતૃસંબંધી કર્મને કરનારા છો, તથા સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત ભક્તિનો બોધ આપનારા છો, સદાય શુદ્ધ સ્વરૂપ છો, અખંડ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરનારા છો, સનત્સુજાતમાં કહેલા ધર્માદિ બાર મહાવ્રતોનું પાલન કરનારા છો, અંતઃકરણને વશ કરી શાંત વર્તો છો અને ચક્ષુ આદિક ઈંદ્રિયોનું દમન કરનારા છો, એવા હે હરિ ! તમારે વિષે મારી બુદ્ધિ અચળ રહો.[૨૨] વળી હે પ્રમાણિક વચનો માટે શ્રીમદ્ ભાગવતાદિ સત્શાસ્ત્રોનો આશ્રય કરનારા ! હે જિતેન્દ્રિય ! હે સદાય સત્યસ્વરૂપ ! હે માધવ ! હે હરિ ! તમે સાધુ અને બ્રાહ્મણનું પૂજન કરનારા છો અથવા સાધુ અને બ્રાહ્મણો તમારું પૂજન કરે છે એવા તમે છો, તમે ધર્મમાં અતિશય શ્રદ્ધાવાળા છો, તમે સદાય સ્વસ્વરૂપની સ્થિતિમાં અચળ રહેનારા છો, તથા પૃથ્વીપર અષ્ટાંગ યોગની કળાની પ્રવૃત્તિ કરશો એવા હે હરિ ! તમારે વિષે મારી અચળ બુદ્ધિ રહો.[૨૩]

વળી હે હરિ ! તમે દંભથી લોકોને છેતરવા માટે વૈદિક માર્ગને ગ્રહણ કરનારા અસુરગુરુઓ અને અસુર રાજાઓના વિનાશ માટે કોઈ અંગ્રેજ ગવર્નરના અંતઃકરણમાં પ્રેરણા કરવામાં કારણભૂત બનશો, તથા કરુણાથી વિશ્વના સકલ જીવાત્માઓનું માતા-પિતાની જેમ પાલન પોષણ કરનારા હે હરિ ! તમારે વિષે મારી બુદ્ધિ અચળ રહો.[૨૪] વળી હે હરિ ! તમે અણિમાદિ ઐશ્વર્ય, સાર, વિનય,

पूर्णेन्दुनिन्दिवदनाम्बुजपत्रनेत्रे वासोविभूषणसुवेषसुदर्शनीये।
मन्दस्मितेक्षणहृताखिलजीवदैन्ये बुद्धिः सदा त्वयि हरे! मम निश्चलाऽस्तु ॥२६

**सुव्रत उवाच -**

इति संस्तुवती कृष्णं तत्समाहितमानसा । विलीनमूलमाया सा विररामाचलस्थितिः ॥ २७
पपात देहस्तर्ह्येव नैवाबुध्यत तं तु सा । सद्यो दिव्यतनुं प्राप जनादृश्यां यथा पुरा ॥ २८
तयैव स्वपतिं प्रेम्णा सेवमाना निरन्तरम् । श्रद्धादिभिः सहावात्सीद्विमुक्ता ब्रह्मशापतः ॥ २९
विक्रमार्कशकस्याब्दे वसुवेदगजेन्दुभिः । प्रमिते वर्तमाने च भास्करे नीचराशिगे ॥ ३०
ऊर्जे मासि सिते पक्षे दशम्यां मन्दवासरे । विहाय भौतिकं देहं भक्तिः सिद्धदशां ययौ ॥ ३१

---

પ્રતિભા, નિર્દોષ વિદ્યા, તપ, નીતિમત્તા, ધર્મમાં દઢાવ, દાનશીલતા વિગેરે સદ્‌ગુણોથી સદાય સંપન્ન છો. અનેક પ્રકારનાં મહાપુરુષનાં શુભ ચિહ્નોથી યુક્ત હોઈ સૌમ્યમૂર્તિને ધારણ કરનારા હે હરિ, તમારે વિષે મારી બુદ્ધિ અચળ રહો.[૨૫] હે હરિ ! તમે પૂર્ણિમાના ચંદ્રની સમાન સુંદર મુખકમળવાળા અને કમળના પત્રની સમાન વિશાળ નેત્રકમળ વાળા છો, તથા સુંદર વસ્ત્ર તથા સુંદર આભૂષણ દ્વારા સુંદર દર્શનીય વેષને ધારણ કરનારા છો, તેમજ મંદમંદ હાસ્યે યુક્ત મધુર દૃષ્ટિથી સમસ્ત જીવોના દૈન્યને (ગરીબીને) હરિ સુખી કરનારા છો, એવા હે હરિ ! તમારે વિષે મારી બુદ્ધિ અચળ રહો.[૨૬]

**મા ભક્તિનો દેહત્યાગ અને દિવ્યગતિ :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે નિત્યક્રમમાંથી પરવારી પોતાની આગળ આવીને બેઠેલા પોતાના પુત્ર ભગવાન શ્રીહરિની મા ભક્તિએ ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં થનારાં ચરિત્રોને ભગવદ્‌કૃપાથી યાદ કરીને સ્તુતિ કરી વિરામ પામ્યાં. ત્યારપછી શ્રીહરિના સ્વરૂપમાં મન સ્થિર થયું અને અનાદિ અજ્ઞાનરૂપ મૂળ માયાની નિવૃત્તિ થઈ.[૨૭] આ રીતે ભક્તિમાતા શ્રીહરિના સ્વરૂપમાં મનની વૃત્તિ સ્થિર રાખી સદાયને માટે વિરામ પામ્યાં. પોતાના શરીરનો ત્યાગ થયો તેની પણ તેને ખબર રહી નહિ. આ પ્રમાણે મનુષ્યો જોઈ ન શકે તે રીતના પૂર્વની માફક તત્કાળ દિવ્ય શરીરને પામ્યાં.[૨૮] હે રાજન્ ! આ પ્રમાણે દુર્વાસા મુનિના શાપથી મુક્ત થઈ ભક્તિદેવી દિવ્યદેહે અતિ સ્નેહપૂર્વક પતિદેવ ધર્મદેવનું નિરંતર સેવન કરતાં પતિદેવની સમીપે સદાય નિવાસ કરતી શ્રદ્ધાદિ બાર પત્નીઓની સાથે નિવાસ કરવા લાગ્યાં.[૨૯] આ પ્રમાણે સંવત ૧૮૪૮ ના કાર્તિક સુદિ દશમીના શનિવારે સૂર્યદેવે જ્યારે તુલા

परिवेष्ट्यस्थितास्तां च तदा तद्बन्धवोऽखिलाः । विसंज्ञां नष्टनाडीं च दृष्ट्वाऽजानन्मृतेति ते ॥ ३२
रुदन्ति स्म भृशं तर्हि तत्पुत्रा ज्ञातिबान्धवाः । आश्वासयत्तान्धर्मस्तु लौकिकीं दर्शयन् गतिम् ॥ ३३
यथाशास्त्रं यथावित्तमौर्ध्वदैहिककर्म सः । कारयामास धर्मज्ञस्तस्या ज्येष्ठेन सूनुना ॥ ३४
कृष्णस्तु तस्यां नृप! दिव्यदेहमुपागतायां निजमातृभावम् ।
चक्रे सुधीः स्वाग्रजयोषितायां तां मानयन्नेव सदाऽनुवृत्त्या ॥ ३५

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे प्रेमवत्या दिव्यगतिप्राप्तिनामा सप्तत्रिंशोऽध्यायः ॥ ३७ ॥*

---

**રાશિમાં પ્રવેશ કર્યો ત્યારે ભક્તિદેવી પંચભૌતિક શરીરનો ત્યાગ કરીને સિદ્ધગતિને પામ્યાં.[૩૦-૩૧]**

**હે રાજન્ ! આ અવસરે ભક્તિદેવીની ચારે બાજુએ વિંટાઇને બેઠેલાં સર્વે સંબંધીજનોએ ચેતનાએ રહિત તથા પ્રાણના સંચારે રહિત નાડી જોઇ ત્યારે મા ભક્તિએ શરીરનો ત્યાગ કર્યો છે. એ પ્રમાણે સૌએ જાણ્યું તેથી રામપ્રતાપ વગેરે ત્રણે પુત્રો અને સંબંધીજનો ભક્તિમાતાના ગુણોને યાદ કરી અત્યંત રુદન કરવા લાગ્યાં. તે સમયે પિતા ધર્મદેવ ''જે જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત હોય છે. આજે, કાલે, વર્ષે કે સો વર્ષે પણ એક દિવસ સૌને નિશ્ચે જવાનું જ છે'' આ પ્રમાણેની લૌકિક ગતિનો બોધ આપી પુત્રાદિ સૌને આશ્વાસન આપ્યું.[૩૨-૩૩] ત્યારપછી ધર્મને જાણનારા ધર્મદેવે શાસ્ત્રોક્ત વિધિને અનુસારે તથા ધન આદિકની શક્તિને અનુસારે મોટા પુત્ર રામપ્રતાપભાઇ પાસે ભક્તિદેવીની ઔર્ધ્વદેહિક ક્રિયા કરાવી.[૩૪] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભક્તિમાતા દિવ્યગતિને પામ્યાં પછી બુદ્ધિમાન ભગવાન શ્રીહરિ મોટાભાઇનાં પત્ની સુવાસિનીદેવીને વિષે માતૃભાવ રાખી સદાય તેની અનુવૃત્તિમાં રહેવા લાગ્યા અને માના જેવું સન્માન આપી સેવા કરવા લાગ્યા.[૩૫]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ભક્તિમાતા દિવ્યગતિને પામ્યાનું નિરૂપણ કર્યું, એ નામે સાડત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૭--***

---

## अष्टत्रिंशोऽध्यायः ॥ ३८ ॥

सुव्रत उवाच -

अथ धर्मः स्वधर्मस्थः साङ्ख्ययोगमुपाश्रितः । सेव्यमानः सुतैर्भेजे कृष्णमेव दिवानिशम् ॥ १
त्यक्तप्रवृत्तिकर्मासौ विरक्तो विषयेष्वलम् । जितस्वादो मिताहारो ब्रह्मचर्यव्रते रतः ॥ २
तपःकृशीकृततनुर्ध्यानयोगबलोर्जितः । पुत्ररूपे भगवति गाढस्निग्धमना अभूत् ॥ ३
तपोयोगविशुद्धात्मा लक्षणैराङ्गिकैरथ । स्वाप्नैश्चासन्नमृत्युत्वं सोऽवैच्छास्त्रदृशाऽऽत्मनः ॥ ४
ततः श्रीमद्भागवतदशमस्कन्धमादरात् । नियमेनापठन्नित्यं चिन्तयन्कृष्णमात्मनि ॥ ५
प्रतिमासं मासिकानि प्रेमवत्या अकारयत् । तथोनमासिकं श्राद्धं त्रैपक्षं च यथाविधि ॥ ६

---

## અધ્યાય – ૩૮

# પિતા ધર્મદેવને શ્રીહરિએ પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભક્તિમાતાના ઔર્ધ્વદેહિક ક્રિયાનો વિધિ પૂર્ણ થયા પછી સ્વધર્મનું પાલન કરનારા ધર્મદેવ સાંખ્ય અને યોગનો આશ્રય કરી ભગવાન શ્રીકૃષ્ણનું અહર્નિશ ભજન કરવા લાગ્યા અને રામપ્રતાપાદિ દિકરાઓ તેમની સેવા કરવા લાગ્યા.[૧] હવે ધર્મદેવે ઘર સંબંધી સર્વે પ્રવૃત્તિ છોડી દીધી છે, પંચવિષયોમાંથી વૈરાગ્ય પામ્યા છે, રસની લોલુપતા છોડી આહાર ઓછો કર્યો છે અને અતિ પ્રેમથી બ્રહ્મચર્યવ્રતનું દૃઢ પાલન કરે છે.[૨] આમ તપશ્ચર્યા કરતાં શરીરને કૃશ કરી મૂક્યું છે, ભગવાનના સતત ધ્યાન કરવારૂપ યોગના બળથી અતિશય તેજસ્વી થયા છે, તેમજ પુત્રરૂપ પરમાત્મા ભગવાન શ્રીહરિકૃષ્ણમાં તેમનું મન અતિશય સ્નેહે યુક્ત લોલુપ થયું છે.[૩]

હે રાજન્ ! તપ અને ધ્યાનરૂપ યોગથી અત્યંત નિર્મળ મનવાળા થયેલા ધર્મદેવે શાસ્ત્રદૃષ્ટિથી શરીરનાં ચિહ્નોથી અને સ્વપ્નના માધ્યમથી પોતાનું મૃત્યુ નજીક આવ્યું છે એમ જાણ્યું.[૪] તેથી ધર્મદેવ સદાય પોતાના મનમાં ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરતા કરતા નિયમ પૂર્વક શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધનો અતિ આદરથી પાઠ કરવા લાગ્યા.[૫] આ બાજુ મોટા પુત્ર રામપ્રતાપજી પાસે પોતાનાં પત્ની પ્રેમવતીનું પ્રતિ માસે સુદ દશમી તિથિના કરવાનું માસિક શ્રાદ્ધ પણ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કરાવ્યું. તેવી જ રીતે ઉન્માસિક શ્રાદ્ધ, ત્રિપાક્ષિક અર્થાત્ ત્રણ

ऊनषाण्मासिकं श्राद्धं ततः षाण्मासिकं नृप ! । सहस्रशस्तत्र विप्रान् यथेप्सितमभोजयत् ॥ ७
सप्तमे मासिके चासौ भोजयित्वा द्विजोत्तमान् । विसृज्य बुभुजे साकं निजबन्धुजनादिभिः ॥ ८
ज्वरार्तिरासीन्महती शरीरे तस्य तद्दिने । तदान्तकालनैकट्यं विविदे सोऽपि चेतसा ॥ ९
विहाय सर्वतः सङ्गं कृष्णध्यानपरायणः । एकादश्यां निर्जलायां कृष्णं विप्रैरपूपुजत् ॥ १०
निशि सुप्तेषु सर्वेषु पादसंवाहनं पितुः । कुर्वन् हरिर्जजागार सहजागरणव्रती ॥ ११
निद्रामलभमानोऽथ ज्वरवेदनया वृषः । समाधिं सहसा प्राप हरेरेवेच्छयाऽनघ ! ॥ १२
ब्रह्मज्योतिश्चये तत्र विहरन्तं बृहद्वने । यथा पुरैक्षि तं कृष्णं ददर्श मुरलीकरम् ॥ १३
तद्दर्शनानन्दसमुद्रमग्नः संहृष्टरोमाऽश्रुकलावृताक्षः ।
ससम्भ्रमं दण्डवदानमत्तं तस्थौ ततः प्राञ्जलिरग्रतोऽस्य ॥ १४

---

પખવાડિયામાં કરવામાં આવતું શ્રાદ્ધ પણ કરાવ્યું. ત્યારપછી હે રાજન્ ! ઉનષાણ્માસિક શ્રાદ્ધ અને છ માસિક શ્રાદ્ધ પણ કરાવ્યું. હે રાજન્ આ બધા શ્રાદ્ધોમાં હજારો બ્રાહ્મણોને ઇચ્છિત ભોજન કરાવી તૃપ્ત કર્યા, અને છેલ્લે સાતમા મહિનામાં આ ઉત્તમ બ્રાહ્મણોને ભોજન કરાવી સન્માનપૂર્વક વિદાય આપ્યા બાદ સ્વયં ધર્મદેવે પણ પોતાના સંબંધીઓની સાથે ભોજન સ્વીકાર્યું.[૬-૮]

**ધર્મદેવે સ્વીકારી અંતિમ તાવની બિમારી :–** હે રાજન્ ! તે દિવસે ધર્મદેવના શરીરમાં અતિ તીવ્ર તાવની વેદના થઈ, તેથી ધર્મદેવ પણ મનમાં પોતાનો અંત સમય હવે નજીક આવ્યો છે એમ જાણવા લાગ્યા.[૯] તેથી સંસારનાં સર્વે પદાર્થોમાંથી આસક્તિ તોડી ધર્મદેવ એક ભગવદ્ ધ્યાન પરાયણ થયા, તેમજ સંવત્ ૧૮૪૮ ના જેઠ સુદ નિર્જળા એકાદશીના દિવસે વિપ્રો પાસે ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન કરાવ્યું.[૧૦] ત્યારપછી રાત્રીએ બધા જ શયન કરી ગયા ત્યારે ભગવાન શ્રીહરિ પિતાની ચરણચંપી કરવા લાગ્યા અને પિતાના જાગરણની સાથે સાથે પોતાનું પણ એકાદશી જાગરણ કરવા લાગ્યા.[૧૧] હે નિષ્પાપ રાજન્ ! ધર્મદેવને તાવની પીડા ઘણી હોવાથી જાગરણ પછી પણ નિદ્રા આવી નહિ, પરંતુ પોતાના પુત્ર ભગવાન શ્રીહરિની ઇચ્છાથી એકાએક સમાધિદશાને પામ્યા.[૧૨] તે સમયે પૂર્વે વૃંદાવનમાં જેવા સ્વરૂપે દર્શન થયાં હતાં તેવા જ સ્વરૂપે અક્ષરબ્રહ્મતેજને વિષે વિહાર કરતા મુરલીધર ભગવાન શ્રીકૃષ્ણનાં ધર્મદેવને સમાધિમાં દર્શન થયાં.[૧૩] ભગવાનનાં દિવ્ય દર્શનથી ધર્મદેવ આનંદના સાગરમાં લીન થયા. તેમની રોમાવલી ઊભી થઈ, નેત્રોમાં હર્ષનાં અશ્રુઓ આવ્યાં તેથી અત્યંત હર્ષ ઘેલા થઈ

तं वीक्षमाणः सहसा हरिमेवैक्षतात्मजम् ।कृष्णतुल्याखिलाकारं वर्णिवेषमवस्थितम् ॥ १५
अवतीर्णो निजगृहे श्रीकृष्णो हरिसंज्ञया । अस्तीति तत्क्षणे तस्य स्मृतिरासीन्नराधिप ! ॥ १६
यावदाश्लिष्यति प्रेम्णा तं तावत्स तिरोदधे । व्युत्थितोऽसौ ददर्शाग्रे निजसेवापरं हरिम् ॥ १७
तं गाढं स परिष्वज्य पुलकाङ्गोऽश्रुलोचनः । प्रणम्य प्रार्थयामास नृनाठ्यपिहितैश्वरम् ॥ १८

**धर्म उवाच –**

ज्ञातोऽस्यद्य हरे ! मयाऽखिलजगत्स्वामी त्वमेकः ।
प्रभुर्मत्प्रेष्ठो वरदो जगद्गुरुरजः श्रीकृष्ण एव स्वयम् ॥
भक्ताभीष्टफलप्रदस्तुनुभृतां सेव्यः सदा श्रेयसे ।
मायायाः परतः पराय विभवे तस्मै नमस्तेऽस्तु मे ॥ १९

---

ઊભા થઇ પરમાત્માને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ત્યારપછી ભગવાનની આગળ બે હાથ જોડી ઊભા રહ્યા.[૧૪]

હે રાજન્ ! આ પ્રમાણે ધર્મદેવ ભગવાન શ્રીકૃષ્ણનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન કરી રહ્યા હતા તેવામાં અચાનક તે શ્રીકૃષ્ણનાં બ્રહ્મચારીના વેષને ધરી રહેલા પોતાના પુત્ર શ્રીહરિકૃષ્ણ સ્વરૂપે દર્શન થયાં. તેથી ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં ''હરિ'' એવા નામથી પોતાના ભવનમાં પ્રગટ થયા છે. એવું ધર્મદેવને તે જ ક્ષણે જ્ઞાન પ્રગટ થયું.[૧૫-૧૬] હે રાજન્ ! આવું જ્ઞાન પ્રગટ થતાં ધર્મદેવ પ્રેમથી પોતાના પુત્રરૂપ પરમાત્માને જ્યાં ભેટવા જાય છે, ત્યાં તો દિવ્યસ્વરૂપ અંતર્ધાન થઇ ગયું ને ધર્મદેવ સમાધિમાંથી જાગ્રત થયા. ત્યાં તો પોતાની દૃષ્ટિ આગળ જ પોતાની ચરણચંપી કરી રહેલા પોતાના પુત્રરૂપ ભગવાન શ્રીહરિને જોયા, ત્યારે તરત જ ઊભા થઇ શ્રીહરિને ગાઢ આલિંગન કર્યું શરીરની રોમાવલી ઊભી થઇ, નેત્રમાં પ્રેમનાં અશ્રુઓ વહેવા લાગ્યાં. ત્યાર પછી મનુષ્યનાટ્યથી ઐશ્વર્યને ઢાંકીને વર્તતા પોતાના પુત્રરૂપ પરમાત્મા ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી બે હાથ જોડી ધર્મદેવ પ્રાર્થના કરવા લાગ્યા.[૧૭-૧૮]

**શ્રીહરિની ધર્મદેવે કરેલી સ્તુતિ સહ પ્રાર્થના :–** ધર્મદેવ કહે છે, હે હરિ ! તમે એક માત્ર સમસ્ત જગતના સ્વામી છો, સમર્થ છો એનું મને આજે જ્ઞાન પ્રાપ્ત થયું છે. મને તમે અતિપ્રિય છો, મને વરદાનને આપનારા પણ તમે જ છો. તમે જગદ્ગુરુ છો, અજન્મા છો, તમે સ્વયં સાક્ષાત્ શ્રીકૃષ્ણ છો, ભક્તજનોના ઇચ્છિત ફળને આપનારા તમે પોતાનું કલ્યાણ કરવા ઇચ્છતા મુમુક્ષુ જીવાત્માઓ

स एव कृष्णो भगवांस्त्वमीशः साक्षात्परं ब्रह्म हि निर्गुणं यत् ।
ऋतं विधातुं निजवाक्यमत्र मत्पुत्रनाट्यं धरसि स्वतन्त्रः ॥ २०
हरे ! शरीरं खलु पञ्चषैर्मे पतिष्यतीति प्रतिभाति घस्रैः ।
न तद्भयं किञ्चिदपि स्वचित्ते ममास्ति यत्त्वं दृढमाश्रितोऽसि ॥ २१
एकस्तु खेदो हृदि जायते मे कथं सहिष्ये विरहं तवेति ।
देहान्तराप्तावपि ते वियोगो मा भून्ममेति त्वदहं वृणोमि ॥ २२

**श्रीभगवानुवाच –**

दिष्ट्या तात ! त्वया ज्ञातं मत्स्वरूपं यथास्थितम् । ज्ञेयं प्राप्यं च ते किञ्चिन्नावशिष्टमतः परम् ॥ २३
हित्वेमं भौतिकं देहं दिव्यदेहेन सर्वदा । मत्पार्श्व एव स्वजनैः साकं स्थास्यस्यसंशयम् ॥ २४
अतश्चिन्तां विहायैव निःसङ्गो मत्परायणः । विशुद्धेनात्मनि हृदा मद्ध्याननिरतो भव ॥ २५

---

દ્વારા સદા સેવવા યોગ્ય છો, મૂળમાયાથી પણ પર રહેલા અક્ષરબ્રહ્મ થકી પણ તમે પર છો. એવા વિભુ સ્વરૂપ હે હરિ ! તમને હું નમસ્કાર કરું છું.[૧૯]

હે હરિ ! શાસ્ત્રમાં જે પરમાત્માને સર્વના ઈશ્વર, નિર્ગુણ અને અક્ષરબ્રહ્મ થકી પણ પર સ્વરૂપે વર્ણવ્યા છે તે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન તમે જ છો. તેમ જ તમે સ્વતંત્ર હોવા છતાં તમારાં વચનોને સત્ય કરવા માટે મારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થયા છો. હે હરિ ! આ મારું શરીર પાંચ કે છ દિવસમાં પડી જશે, એવો મને ભાસ થાય છે. છતાં પણ તેનો મારા મનમાં લેશ માત્ર ભય નથી, કારણ કે મેં તમારો દઢભાવે આશ્રય કર્યો છે. પરંતુ મારા મનમાં એક વાતનો ખેદ રહ્યા કરે છે કે, હું તમારો વિરહ સહન કેમ કરી શકીશ ? તેથી દેહાન્તર પ્રાપ્તિ પછી પણ તમારો વિયોગ મને ન થાય, એવું વરદાન હું તમારી પાસે માગું છું.[૨૦-૨૨]

ત્યારે ભગવાન શ્રીહરિ કહે છે, હે પિતાજી ! તમને મારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું છે. તે બહુજ સારું થયું. હવે તમારે આના સિવાય બીજું કાંઈ જાણવાનું કે પામવાનું બાકી રહેતું નથી. તમે આ ભૌતિક શરીરનો ત્યાગ કરી દિવ્યદેહે પરિવારે સહિત સદાય મારી સમીપે જ નિવાસ કરીને રહેશો. તેમાં કોઈ સંશય નથી. માટે તમે સર્વે ચિંતાનો ત્યાગ કરી અનાસક્ત ભાવે મારા પરાયણ થઈ વિશુદ્ધ મનવડે તમારા આત્મસ્વરૂપમાં પરમાત્મા મને ધારીને મારા ધ્યાન પરાયણ થાઓ.[૨૩-૨૫]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ જ્યારે આ પ્રમાણે

सुव्रत उवाच -

एवमुक्तो भगवता सोऽतिहृष्टमना वृषः । नमस्यंस्तं जगादेत्थं विनष्टाखिलवासनः ॥ २६

प्रतिकर्तुमत्र नहि कोऽपि भवदुपकृतिं विनाञ्जलिम् ।

प्रभवति तत उरुमोहहरे ! चरणाम्बुजं तव नतोऽस्मि दण्डवत् ॥ २७

इत्युक्त्वा तमसौ ननाम मुदितः कृष्णं स्वबुद्धिप्रदं तं वर्णो सममानयत्स भगवान्स्वाभाविकप्रश्रयः ।

पुत्रावन्तिक आजुहाव च वृषस्तस्याग्रपश्चाद्भवौ यास्यन् दीर्घपथं प्रदातुममलं तज्ज्ञानचिन्तामणिम् ।२८

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*

*धर्मवरप्रदाननामाऽष्टत्रिंशोऽध्यायः ॥ ३८ ॥*

---

**કહ્યું ત્યારે ધર્મદેવ અતિશય પ્રસન્ન થયા તેમની સમગ્ર વાસનાઓ નષ્ટ થઈ ગઈ. પછી શ્રીહરિને નમસ્કાર કરી આ પ્રમાણે કહેવા લાગ્યા, હે મહા મોહને હરનારા ! હે હરિ ! આ લોકમાં તમને બે હાથ જોડ્યા સિવાય અધિક કાંઈક કરીને તમારા ઉપકારનો બદલો આપવા કોઈ પણ પુરુષ સમર્થ નથી. તે કારણથી હું તમારા ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું છું.[૨૬-૨૭]**

**હે રાજન્ ! આ પ્રમાણે કહી ધર્મદેવ પોતાને સ્વસ્વરૂપનું દિવ્ય જ્ઞાન આપનારા તે ભગવાન શ્રીહરિકૃષ્ણને અતિ હર્ષપૂર્વક નમસ્કાર કર્યા, તે સમયે સહજ વિનયયુક્ત શ્રીહરિએ પણ પિતાનો આદર કરી પ્રશંસા કરી. ત્યારપછી અપુનરાવૃત્તિરૂપ મહાપંથે પ્રયાણ કરવા ઈચ્છતા ધર્મદેવે ભગવાન શ્રીહરિના વિશુદ્ધ જ્ઞાન ચિંતામણિરૂપ વારસાને પોતાના પુત્રોને સોંપવાની ઈચ્છાથી મોટાપુત્ર રામપ્રતાપજી તથા નાના પુત્ર ઈચ્છારામજીને પોતાની સમીપે બોલાવ્યા.[૨૮]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ પિતા ધર્મદેવને અખંડ સમીપે રહ્યાનું વરદાન આપ્યું એ નામે આડત્રીસમો અધ્યાય. --૩૮--***

---

॥ एकोनचत्वारिंशोऽध्यायः ॥

सुव्रत उवाच –

तावुपेत्याशु तं नत्वा भ्रातरौ बुद्धिमत्तरौ । निषेदतुस्तं निकषा धर्मः प्रोवाच तौ ततः ॥ १
श्रृणुतं मद्वचः पुत्रौ ! रहस्यं वच्मि वां हितम् । तच्चावधार्यं हृदये प्रतीतिर्यदि वाचि मे ॥ २
उपासनां यस्य कुर्मो वयं श्रीराधिकापतेः । स एव हरिनामाऽयं वर्तते सोदरो हि वाम् ॥ ३
अतोऽद्यदिनतो भक्तिः स्वधर्मेण यमैः सह । निश्छद्माऽस्यैव कर्तव्या स्थेयं वाचि सदाऽस्य च ॥ ४
कृष्णार्चायाः प्रतिदिनं यस्याः कुर्मश्च पूजनम् । साप्यस्यैवेति हि ज्ञात्वा पूजनीया यथाविधि ॥ ५
युवाभ्यामुपदिष्टौ प्राङ्मन्त्रौ कृष्णस्य यौ मया । तावस्यैवेति विज्ञाय जपनीयावभीष्टदौ ॥ ६
भजतोरादरादेनं मदाज्ञावर्तमानयोः । भविष्यति हि वां श्रेय इहामुत्र च निश्चितम् ॥ ७

---

## અધ્યાય – ૩૯

### ધર્મદેવે બન્ને પુત્રોને વારસામાં જ્ઞાનનો ઉપદેશ કર્યો.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ધર્મદેવે બન્ને પુત્રોને બોલાવ્યા તેથી બુદ્ધિશાળી બન્ને ભાઈઓ તત્કાળ પિતાની પાસે આવ્યા ને પ્રણામ કરી તેમની પાસે બેઠા. ત્યારે ધર્મદેવ તેમને કહેવા લાગ્યા કે, હે પુત્રો ! મારું વચન તમે સાંભળો, તમારું હિત થાય તેવું સર્વશાસ્ત્રના સારભૂત રહસ્ય હું તમને કહું છું. તમને જો મારા વચનમાં વિશ્વાસ હોય તો તેને તમારા હૃદયમાં ઉતારજો.[૧-૨]

હે પુત્રો ! રાધિકાના પતિ ભગવાન શ્રીકૃષ્ણની જે આપણે ઉપાસના કરીએ છીએ. તેજ શ્રીકૃષ્ણ આ ''શ્રીહરિ'' નામે અહીં બિરાજે છે ને તમારા સગા ભાઈ છે.[૩] તે માટે આજ દિવસથી આરંભીને આ શ્રીહરિની જ નિષ્કપટભાવે યમનિયમાદિ સ્વધર્મે સહિત ભક્તિ કરવી, તેમજ તેમનાં વચનમાં સદાય વર્તવું, અને જે ભગવાન શ્રીકૃષ્ણની અર્ચા સ્વરૂપની આપણે પ્રતિદિન પૂજા કરીએ છીએ, તે પૂજા પણ આ શ્રીહરિની જ છે એમ સમજીને વિધિપૂર્વક પૂજા કરવી.[૪-૫]

હે પુત્રો ! પૂર્વે મેં તમને શ્રીકૃષ્ણના બે મંત્રોનો જે ઉપદેશ કર્યો છે, તે શરણમંત્ર અને મહામંત્ર પણ આ શ્રીહરિના જ છે એમ સમજીને ઈચ્છિત ફળને આપનારા તે મંત્રનો જપ કરવો.[૬] હે પુત્રો ! આ રીતે મારી આજ્ઞામાં રહી આદર પૂર્વક આ શ્રીહરિનું ભજન કરશો તો તમારું આલોક તથા પરલોકમાં નિશ્ચય પરમ કલ્યાણ થશે.[૭]

उन्मूलयिष्यति ह्येष कल्यधर्मैधितान्भुवि । असुरान्मानुषाकारानशस्त्रोऽपि मनीषया ॥ ८
पोषयिष्यति सद्धर्मं ग्लपितं भुवि दुर्जनैः । प्रवर्तयिष्यति कृष्ण भक्तिं चैष विशेषतः ॥ ९
आचार्यत्वं च युवयोः स्थापयित्वा कुले निजम् । स्वकीयं धाम परमं प्रयास्यति महायशाः ॥ १०
अस्याश्रितास्ततः सर्वे कृष्णस्यास्यैव नित्यदा । प्रतिमां पूजयिष्यन्ति यास्यन्त्येवात्मवाञ्छितम् ॥ ११
एतन्निबद्धमर्यादास्थिताश्चास्य समर्चकाः । भक्ताश्चतुर्वर्गसिद्धिं यास्यन्त्येव निजेप्सिताम् ॥ १२
इत्युक्तवति धर्मे तौ प्रहृष्टौ तत्क्षणे हरिम् । प्रणम्य प्रोचतुः कृष्ण! तव स्वः पाहि नौ सदा ॥ १३
तावुवाच हरिः प्रीतः कृष्णमेवादराद्युवाम् । भजतं तेन तोक्ष्यामि तिष्ठन्तौ पितृशासने ॥ १४
ततस्तौ तु तमेव श्रीकृष्णं भेजतुरादृतौ । तज्ज्ञानं त्विच्छया तस्य क्वाचित्कमभवत्तयोः ॥ १५

---

**ધર્મદેવે કર્યું શ્રીહરિવિષેનું ભવિષ્યકથન :–** હે પુત્રો ! આ તમારા ભાઈ શ્રીહરિ છે તે પૃથ્વી પર કલિયુગ અને અધર્મનું બળ લઈ વૃદ્ધિ પામેલા માનવરૂપમાં વિચરતા અસુરોને શસ્ત્ર ધારણ કર્યા વિના માત્ર બુદ્ધિના બળથી મૂળથી ઉખાડી ફેંકી દેશે, અને દુર્જન એવા અસુરો દ્વારા ક્ષીણ કરાયેલા સદ્ધર્મનું પુનઃ પોષણ કરશે, તેમજ વિશેષ પણે કૃષ્ણભક્તિનું આ પૃથ્વી પર પ્રવર્તન કરશે.[૮-૯] હે પુત્રો ! મહાયશસ્વી આ શ્રીહરિ તમારા કુળમાં પોતાના આચાર્યપદની સ્થાપના કરશે અને પછી પોતાના અક્ષરબ્રહ્મ નામના પરમધામમાં સીધાવશે.[૧૦] ત્યારપછી આ શ્રીહરિના આશ્રિત સર્વે ભક્તજનો પ્રત્યક્ષ આ શ્રીહરિકૃષ્ણના અર્ચાસ્વરૂપની પ્રતિદિન પૂજા અર્ચના કરશે અને તેણે કરીને તેઓને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થશે. વળી આ શ્રીહરિએ બાંધેલી વર્ણાશ્રમની ધર્મમર્યાદામાં રહી જે કોઈ ભક્તજન તેમની મૂર્તિની પૂજા અર્ચના કરશે તેને મનોવાંછિત ચારે પુરુષાર્થની નિશ્ચે સિદ્ધિ પ્રાપ્ત થશે.[૧૧]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ધર્મદેવે બન્ને પુત્રોને રહસ્યનું જ્ઞાન આપ્યું તેથી બન્ને ભાઈઓ અત્યંત પ્રસન્ન થયા, તેજ ક્ષણે ઊભા થઈ શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરી કહેવા લાગ્યા કે હે હરિકૃષ્ણ ! અમે તમારા છીએ, તમે અમારું નિરંતર રક્ષણ કરજો.[૧૨-૧૩] ત્યારે બન્ને ભાઈઓનાં વચન સાંભળી શ્રીહરિ પણ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે, હે ભાઈઓ ! તમે પિતાની આજ્ઞાનું પાલન કરી તેમના કહેવા મુજબ ભગવાનનું ભજન આદરપૂર્વક કરશો તો હું અવશ્ય પ્રસન્ન થઈશ.[૧૪] પછી બન્ને ભાઈઓ પોતાના ભાઈ શ્રીહરિને જ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જાણી અતિ આદરપૂર્વક તેમનું ભજન કરવા લાગ્યા, ત્યારપછી તે બન્નેને શ્રીહરિની

हर्युपास्त्युपदेशोऽयमेकादश्या निशोऽन्तिमे । यामे सुताभ्यां धर्मेण कृतोऽथार्कोदयोऽभवत् ॥ १६
हरिः पप्रच्छ पितरं भ्रात्रादीनां च श्रृण्वताम् । यत्तेऽभीष्टं हृदि स्यात्तद्ब्रूहि कर्तास्म्यहं पितः ॥ १७
तमुवाच तदा धर्मः पूर्णकामोऽस्म्यहं हरे ! । नास्ति भक्तौ तु ते तृप्तिः कृष्ण ! क्वचन मे हृदि ॥ १८
देहपातावधि ततः कर्तुमिच्छामि तामहम् । किन्त्वशक्तेन पूजादि कर्तुं शक्यं मया न वै ॥ १९
अतोऽहं श्रोतुमिच्छामि श्रीमद्भागवतं हरे ! । सार्थं सप्ताहविधिना तत्सम्पादय मे द्रुतम् ॥ २०
इत्यभीष्टं पितुः श्रुत्वा हरिर्हृष्टः प्रशस्य तम् । तदैव कारयामास मण्डपादि यथाविधि ॥ २१
रामप्रतापेन तत आनयामास वैष्णवम् । यथोक्तलक्षणं विप्रं पौराणिकमुरुश्रुतम् ॥ २२
आपद्धर्मानुसारेण धर्मः कृत्वाऽथ नैत्यकम् । विधिं विधिज्ञो विदधे पुराणश्रवणस्य च ॥ २३

ઈચ્છાથી તેમનાં દિવ્યસ્વરૂપનું જ્ઞાન ક્યારેક ક્યારેક થતું, હમેશાં રહેતું નહિ. આ પ્રમાણે ધર્મદેવે સંવત ૧૮૪૮ ના જેઠ સુદ નિર્જળા એકાદશીની રાત્રિના અંતિમ પ્રહરમાં પોતાના બન્ને પુત્રોને ભગવાન શ્રીહરિકૃષ્ણની ઉપાસનાનો રૂડો ઉપદેશ કર્યો ને તેવામાં દ્વાદશીનું નવલું પ્રભાત થયું.[૧૫-૧૬]

**ધર્મદેવની ભાગવતકથાશ્રવણની અંતિમ ઈચ્છા પૂર્ણ થઈ :–** હે રાજન્ ! તે સમયે રામપ્રતાપ અને ઈચ્છારામ આદિ સંબંધીઓના સાંભળતાં જ શ્રીહરિએ પિતા ધર્મદેવને પૂછ્યું, કે હે પિતાજી ! તમારા મનમાં કાંઈ ઈચ્છા હોય તો કહો, હું એ પૂર્ણ કરીશ.[૧૭] ત્યારે ધર્મદેવ શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે હરિ ! આપના યોગથી હું પૂર્ણકામ થયો છું, હે કૃષ્ણ ! તમારી ભક્તિ કરવામાં મને હૃદયમાં ક્યારેય તૃપ્તિ થતી નથી. માટે જ્યાં સુધી મારું શરીર ન પડે ત્યાં સુધી તમારી ભક્તિમાં રહેવા ઈચ્છુ છું, પરંતુ અશક્ત મારાથી તમારી પૂજા વગેરે કાંઈ થઈ શકે તેમ નથી.[૧૮-૧૯] એથી હે હરિ ! સાત દિવસ પર્યંત અર્થે સહિત શ્રીમદ્‌ભાગવત પુરાણની કથા સાંભળવાની મારા અંતરમાં ઈચ્છા વર્તે છે. તે મારી ઈચ્છા પૂર્ણ થાય તેમ કરો.[૨૦] હે રાજન્ ! આ પ્રમાણેની પિતાની ઈચ્છા સાંભળી શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને પિતાની પ્રશંસા કરી તેમને રાજી કર્યા, ને તે જ ક્ષણે વિધિ પ્રમાણે મંડપાદિની રચના કરાવી.[૨૧] મોટા ભાઈ રામપ્રતાપજીને મોકલી વિદ્વાન ધર્મનિષ્ઠ અને શાસ્ત્રલક્ષણ સંપન્ન ભાગવત કથાકાર વૈષ્ણવ વિપ્રને આમંત્રણ આપી બોલાવ્યા.[૨૨] ત્યારપછી વિધિને જાણનારા ધર્મદેવે આપત્કાળના ધર્મને અનુસારે સ્નાનસંધ્યાદિ નિત્યવિધિ કરી શ્રીમદ્‌ભાગવત પુરાણ-શ્રવણનો વિધિ કર્યો.[૨૩] પોતાના પુત્રરૂપ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ત્યાં અખંડ બિરાજમાન હોવા

प्रत्यक्षकृष्णेऽपि सति मर्यादास्थापनाय सः । प्रातिष्ठिपत्कृष्णमूर्तिं सप्ताहावधि पौरटीम् ॥ २४
आदौ निर्विघ्नतासिद्ध्यै समभ्यर्च्य गणाधिपम् । कुलदेवं मारुतिं च ततः कृष्णमपूपुजत् ॥ २५
गायत्रीकृष्णमन्त्राणां जपार्थं ब्राह्मणान्विदः । वव्रे पञ्चैव तेभ्योऽदाद्वासोभूषासनादि च ॥ २६
वृतास्ते तज्जपं चक्रुः सप्ताहानि यथाविधि । धर्म उच्चासने विप्रं तमुपाविविशत्ततः ॥ २७
आदौ श्रीमद्भागवतं सम्पूज्य ब्राह्मणं ततः । पुपूज व्यासनाम्नैव श्रोतृविप्रांस्ततश्च सः ॥ २८
ज्वरार्तिरपि मन्दाऽऽसीत्तस्य धर्मदृढस्थितेः । दिवा पुराणं शुश्राव समाधिं निशि चाप सः ॥ २९
यथाविधि कथां नित्यं श्रृण्वतोऽस्य दिनानि षट् । ययुश्चतुर्थ्यां भृगुजे प्रातस्तामसमापयत् ॥ ३०

**છતાં ધર્મદેવે શ્રીમદ્ ભાગવત-શ્રવણ વિધિમાં કહેલા કૃષ્ણ પ્રતિમાના સ્થાપનની મર્યાદાનું રક્ષણ કરવા ભગવાન શ્રીકૃષ્ણની સુવર્ણની પ્રતિમાનું એક સપ્તાહ પર્યંતના વિધિ પ્રમાણે સ્થાપન કરાવ્યું.[૨૪]**

**હે રાજન્ ! આ સ્થાપનવિધિમાં ધર્મદેવે નિર્વિઘ્નતાની સિદ્ધિ માટે પ્રથમ ગણપતિજીનું પૂજન કર્યું. પછી કુળદેવ હનુમાનજીનું પૂજન કર્યું અને ત્યારપછી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરી.[૨૫] તથા ધર્મદેવે ગાયત્રીમંત્ર અને શ્રીકૃષ્ણના દ્વાદશાક્ષર, અષ્ટાક્ષર, ષડક્ષર અને દ્વયાક્ષર મંત્રના જપ કરવા પાંચ વિદ્વાન બ્રાહ્મણોનું વરણ કર્યું. તેમજ તે બ્રાહ્મણોને વસ્ત્રો, અલંકાર, આસન, પાત્ર, ઉપપાત્ર, આચમની અને ગૌમુખી આદિ પદાર્થોનું દાન કર્યું.[૨૬] વરણી કરાયેલા તે બ્રાહ્મણો સાત દિવસ પર્યંત વિધિ પ્રમાણે મંત્રનો જપ કરવા લાગ્યા. ત્યારપછી ભાગવતના વક્તા વિપ્રને ઊંચા આસન ઉપર બેસાડી ભગવાન શ્રીકૃષ્ણના વાઙ્મય સ્વરૂપ શ્રીમદ્ ભાગવતનું પ્રથમ પૂજન કર્યું, પછી વ્યાસજીના પ્રતિકરૂપ વક્તા વિપ્રનું પૂજન કર્યું, તેમજ કથા સાંભળવા આવેલા અન્ય વૈષ્ણવ બ્રાહ્મણોનું પણ ધર્મદેવે પૂજન કર્યું.[૨૭-૨૮]**

**હે રાજન્ ! ધર્મમાં દૃઢ સ્થિતિવાળા ધર્મદેવને તાવની પીડા કાંઈક ઓછી થઈ તેથી દિવસે શ્રીમદ્ ભાગવતની કથાનું શ્રવણ કરે અને રાત્રીને વિષે શ્રીહરિના ધ્યાનરૂપ સમાધિમાં વિરામ કરે, આ પ્રમાણે વિધિપૂર્વક કથાનું શ્રવણ કરતાં કરતાં ધર્મદેવના છ દિવસ પૂર્ણ થયા અને સાતમા દિવસે સંવત્ ૧૮૪૮ ના જેઠવદી ચોથ ને શુક્રવારના દિવસે પ્રાતઃ સમયે કથાની સમાપ્તિ કરી. ( જેઠ સુદ ૧૨ ના દિવસે શરૂઆત થઈ અને વચ્ચે પૂર્ણિમાનો ક્ષય હોવાથી ત્રીજને બદલે ચોથની**

सम्पूज्य वाचकं तस्मै स्वर्णमुद्रासहस्रकम् । ददौ भूषाश्च वासांसि हैमं सिंहं च गां शुभाम् ॥ ३१
रामप्रतापमुख्यैस्तं गीतवादित्र निःस्वनैः । सहैव प्रापयामास हयारूढं स्वकेतनम् ॥ ३२
वृतेभ्यो ब्राह्मणेभ्योऽथ ददावुत्तमदक्षिणाम् । होमं तु देशकालज्ञो जपात्मकमकारयत् ॥ ३३
पूर्वाह्ण एव मिष्टान्नैस्तर्पयामास वाडवान् । विसर्जयामास च तान् दत्त्वा भोजनदक्षिणाम् ॥ ३४
ज्वरार्तिरासीदधिकाऽथ तस्य रामप्रतापादिषु भुक्तवत्सु ।
शीघ्रं ततस्ते स्वजनाश्च सर्वे निषेदुरेत्यान्तिक एव तस्य ॥ ३५

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मकृतपुत्रोपदेश श्रीमद्भागवतसप्ताहश्रवणकथननामैकोनचत्वारिंशोऽध्यायः ॥ ३९*

---

**સમાપ્તિ થઈ.)[૨૯-૩૦]**

**હે રાજન્ ! કથાની સમાપ્તિમાં ધર્મદેવે વક્તા વિપ્રનું પૂજન કરી એક હજાર સોનામહોરો, કડાં આદિ અલંકારો અને મહાવસ્ત્રો તેમજ સુવર્ણરચિત સિંહ તથા શુભ લક્ષણવાળી ગાયનું દક્ષિણામાં દાન આપ્યું. પછી રામપ્રતાપજી વગેરે સંબંધીજનો દ્વારા ગીત અને વાજિંત્રના નાદની સાથે અલંકૃત કરેલા અશ્વ ઉપર વક્તાને બેસારી તેમના ભવન સુધી વળાવવા ગયા.[૩૧-૩૨]**

**ત્યારપછી જપને માટે વરણી કરેલા બ્રાહ્મણોને ઉત્તમ દક્ષિણાઓ આપી દેશકાળને અનુસારે ધર્મદેવે જપનો હોમ કરાવ્યો.[૩૩] બપોર પહેલાં જ તે બ્રાહ્મણોને મિષ્ટાન્નથી તૃપ્ત કરી, ભોજનને અંતે આપવાની ઉત્તમ દક્ષિણાઓ આપી વિદાય કર્યા.[૩૪] ત્યારપછી રામપ્રતાપજી વગેરે સંબંધીજનોએ ભોજનની સમાપ્તિ કરીને પરવાર્યા. તેટલામાં જ ધર્મદેવને તાવની પીડા વધવા લાગી તેથી સૌ તત્કાળ ધર્મદેવની સમીપે આવીને બેઠા.[૩૫]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ધર્મદેવે પુત્રોને ઉપદેશ કર્યો અને શ્રીમદ્ભાગવતની સપ્તાહનું શ્રવણ કર્યું એ નામે ઓગણચાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૯--***

---

॥ चत्वारिंशोऽध्यायः ॥

सुव्रत उवाच –

पितुः शरीरशैथिल्यं दृष्ट्वा पुत्रा विचक्षणाः । आसन्नमृत्युतां तस्य निश्चिक्युर्हृदि भूपते ! ॥ १
विधिज्ञान्वैदिकान्विप्रान्समाहूय हरिर्द्रुतम् । अन्तकर्मविधिं सर्वं पितरं तैरकारयत् ॥ २
प्रायश्चित्तं षडब्दं ते देहशुद्ध्यर्थमादितः । प्रत्याम्नायेन हेम्नाऽऽशु विधिना तमकारयन् ॥ ३
पर्षदोऽनुमते तत्र वपनं प्रागकारयन् । शिखाकक्षोपस्थवर्जं स्नानं दशविधं ततः ॥ ४
पट्टाङ्गनाभिः सहितं रुक्मिण्यादिभिरष्टभिः । कृष्णमष्टदले विप्रा वेद मन्त्रैस्तमार्चयन् ॥ ५
प्रायश्चित्ताङ्गगोदानं दानानि च ततो दश । गोभूमितिलमुख्यानि विप्रेभ्यस्तमदापयन् ॥ ६
आमान्नानां तथा प्रस्थान् सहस्रं साज्यदक्षिणान् । अदापयंस्तथोत्क्रान्तिधेनुं वैतरणीं ततः ॥ ७

---

## અધ્યાય – ૪૦

## શ્રીહરિના અનુગ્રહથી ધર્મદેવની દુર્વાસામુનિના શાપ થકી મુક્તિ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પિતા ધર્મદેવના શરીરની શિથિલતા જોઇ વિચક્ષણ પુત્રોએ તેમનું મૃત્યુ નજીકમાં છે, એવું મનમાં નક્કી કરી લીધું.[૧] ભગવાન શ્રીહરિએ અંત્યેષ્ટિ આદિ વિધિને જાણનારા વૈદિક વિપ્રોને તત્કાળ બોલાવ્યા અને તેના દ્વારા પિતા પાસે દેહાવસાન થવાના સમયે કરવાનો વિધિ કરાવ્યો.[૨] તે વિધિમાં વિપ્રોએ પ્રથમ દેહશુદ્ધિને અર્થે છ વર્ષના પ્રાયશ્ચિતના પ્રતિનિધિરૂપે વિધિપૂર્વક તત્કાળ સુવર્ણનું દાન કરાવ્યું.[૩] ત્યારપછી વિધિજ્ઞ વિપ્રોએ પ્રાયશ્ચિતના પ્રારંભમાં પ્રથમ સભાસદ બ્રાહ્મણોની અનુમતિથી ધર્મદેવનું શિખા કક્ષ અને ઉપસ્થ વર્જિત મુંડન કરાવ્યું. ત્યારપછી આગ્નેયાદિ દશપ્રકારનું સ્નાન કરાવ્યું. તેવી જ રીતે વિધિ કરાવનારા વિપ્રોએ રૂક્ષ્મણિ આદિક અષ્ટ પટરાણીઓએ સહિત ભગવાન શ્રીકૃષ્ણનું અક્ષતથી રચેલા અષ્ટદળના કમળમાં વૈદિકમંત્રોથી પૂજન કરાવ્યુણ. તથા પ્રાયશ્ચિતના અંગભૂત વૈષ્ણવશ્રાદ્ધ પણ કરાવ્યું.[૪-૫] વળી વિપ્રોએ ધર્મદેવ પાસે પ્રાયશ્ચિતના અંગભૂત ગૌદાન કરાવ્યું. પછી ગાય, ભૂમિ, તલ, સોનું, ઘી, વસ્ત્ર, ધાન્ય, ગોળ, રૂપુ અને મીઠું વિગેરે દશ પ્રકારનાં દાન પાત્રભૂત બ્રાહ્મણોને અપાવ્યાં તથા ઘી અને દક્ષિણાની સાથે એક શેર કાચા અન્ન ભરેલાં હજારો પાત્રોનું ધર્મદેવ પાસે દાન કરાવ્યું.[૬-૭] તેમજ ઉત્ક્રાન્તિધેનુ, વૈતરણીધેનુ, ઋણધેનુ, પાપધેનુ

ऋणधेनुं पापधेनुं मोक्षधेनुं च तेन ते । अदापयन्मुख्यकल्पमाश्रित्यैव नराधिप ! ॥ ८
एकदण्डाकृतिश्वासं तं दृष्ट्वाऽथ सुता द्रुतम् । तीर्थोदकेन स्नपयाञ्चक्रुः साश्रुविलोचनाः ॥ ९
गोमयेनोपलिप्तायां भुव्यास्तीर्य कुशांस्तिलान् । विकीर्य बहुलांस्तत्रोदक्शिरस्कमसूषुपन् ॥ १०
ततः सङ्कीर्तनं ह्येव नाम्नां कृष्णस्य तेऽखिलाः । चक्रुरुच्चैर्बन्धुजनाः सर्वदुःखापहारिणाम् ॥ ११
पुरःस्थिते भगवति स्थिरीकृतविलोचनः । धर्मोऽप्यनन्यभावोऽथ जहौ सद्यः कलेवरम् । १२
हरेः प्रसादान्निर्मुक्तो दुर्वासः शापबन्धनात् । सद्य एव तनुं दिव्यां प्रपेदे च सुखेन सः ॥ १३
ततो भक्त्यादिभिः साकं कृष्णं तं पुत्ररूपिणम् । सेवमानः सदा तस्य पार्श्व एवावसत्स वै ॥ १४
परासुं तं विलोक्याथ सुतास्तत्रोचितं व्यधुः । रोदनस्य निषिद्धत्वात्तदानीं धैर्यमास्थिताः ॥ १५
वपनं कारयित्वा ते सस्नुः शीतोदकेन च । पितृमेधविधानेन तत्कर्माऽचरदग्रजः ॥ १६

---

અને મોક્ષધેનુનું મુખ્યપક્ષને આશરીને હે નરાધિપ ! તે વિપ્રોને ધર્મદેવ પાસે દાન કરાવ્યું.[૮]

હે રાજન્ ! પિતાનો એકદંડો શ્વાસ ચાલતો જોઇ રામપ્રતાપ આદિ પુત્રોએ આંખમાં આંસુ સાથે પિતાને તીર્થજળથી સ્નાન કરાવ્યું.[૯] ગાયના છાણથી લીંપેલી ભૂમિ ઉપર દર્ભ બિછાવી તેની ઉપર શ્વેત તલ વેર્યા અને તેના ઉપર ઉત્તર દિશા તરફ મસ્તક રાખીને પિતાને સુવાડ્યા.[૧૦] અને સર્વે સંબંધીજનો સર્વ દુઃખોને હરી લેનાર ભગવાન શ્રીકૃષ્ણના નામમંત્રોનું ઉચ્ચસ્વરે સંકીર્તન કરવા લાગ્યા.[૧૧] ત્યારે ભગવાન શ્રીહરિમાં અનન્ય ભાવવાળા ધર્મદેવ પોતાની આગળ જ બિરાજતા ભગવાન શ્રીહરિકૃષ્ણમાં નેત્રવૃત્તિ સ્થિર કરી તત્કાળ પંચભૌતિક શરીરનો ત્યાગ કર્યો.[૧૨] હે રાજન્ ! ભગવાન શ્રીહરિની કૃપાથી દુર્વાસામુનિના શાપથી મુક્ત થઇ ધર્મદેવ તત્કાળ દિવ્ય શરીરને પામ્યા અને દિવ્યશરીરધારી ભક્તિદેવી સહિત બાર પત્નીઓની સાથે પોતાના પુત્રરૂપ ભગવાન શ્રીહરિકૃષ્ણની નિરંતર સેવા કરતા તેમની સમીપમાં જ અખંડ રહેવા લાગ્યા.[૧૩-૧૪]

**રામપ્રતાપજીદ્વારા ધર્મદેવની વિધિપૂર્વકની ઉત્તરક્રિયા :-** પિતા પરલોકવાસી થયા છે, એમ જાણી રામપ્રતાપાદિ પુત્રોએ પ્રાણવિયોગના અવસરને અનુરૂપ ઉચિત કર્મ કર્યું. તે સમયે રુદન કરવાનો નિષેધ હોવાથી ધીરજધારણ કરી તેઓએ મુંડન કરાવ્યું અને ઠંડાજળથી સ્નાન કર્યું. પછી રામપ્રતાપભાઇએ પિતૃયજ્ઞ વિધિથી પિતાના શરીરનો સંસ્કાર કર્યો. પરંતુ પિતાના "ઉધ્વોચ્છિષ્ટાદિ" દોષોમાં પુત્રને કરવાનું શાસ્ત્રમાં કહેલું પ્રાયશ્ચિત રામપ્રતાપે

ऊर्ध्वोच्छिष्टादिदोषाणां सर्वथैव ह्यसम्भवात् । प्रायश्चित्तं तन्निमित्तं नाचचार स वै पितुः ॥ १७
अधिकारस्य सिद्ध्यर्थं पितुरुत्तरकर्मणि । स्वयं तु कृच्छ्रप्रतिमास्वर्णसङ्कल्पमाचरत् ॥ १८
घृतेनाभ्यज्य संस्नाप्य प्रेतं वसनमेककम् । परिधाप्य सितं नूत्नं प्राग्वदस्वापयच्च सः ॥ १९
अन्यच्च तादृशं वासस्तमाच्छादयदुत्तमम् । ततश्चन्दनपुष्पस्रग्गुलालादिभिरार्चिचत् ॥ २०
छिद्रेषु सप्तसु स्वर्णखण्डकान् स मुखादिषु । प्रक्षिप्योत्क्रमणश्राद्धं मृतस्थाने चकार च ॥ २१
शवनाम्ना तत्र पिण्डमपसव्येन स त्वदात् । द्वारदेशे पान्थनाम्ना चैकोद्दिष्टविधानतः ॥ २२
प्रेतं वंशकटे बद्ध्वा वाससाच्छादितं ततः । पुत्राः सपिण्डाः स्वजनाः प्राचीं निरहरन् दिशम् ॥ २३
ज्येष्ठो रामप्रतापस्य नन्दरामाभिधः सुतः । मृत्स्थाल्यां लौकिकं वह्निं गृहीत्वाऽचरदग्रतः ॥ २४
ददौ पिण्डं तृतीयं च चत्वरे खेचराख्यया । रामप्रतापः प्रेताय विश्रामे भूतसंज्ञया ॥ २५

કર્યું નહિ. કારણ કે, ધર્મદેવના શરીરમાં આવા દોષોમાંનો એક પણ દોષ થયો ન હતો. શુદ્ધ રીતે શરીર છોડ્યું હતું.[૧૫-૧૭]

હે રાજન્ ! પિતાની ઉત્તરક્રિયા કરવામાં અધિકાર પ્રાપ્ત કરવા માટે સ્વયં રામપ્રતાપજીએ ત્રણ કૃચ્છ્રચાંદ્રાયણ વ્રતના પ્રતિકરૂપે સુવર્ણના દાનનો સંકલ્પ કર્યો.[૧૮] પછી પિતાના શબને ઘીથી લેપન કરી સ્નાન કરાવ્યું ને એક નવીન શ્વેતવસ્ત્ર ધારણ કરાવ્યું. પછી પૂર્વની માફક જ ઉત્તરદિશા તરફ મસ્તક રાખી શયન કરાવ્યું.[૧૯] બીજું ઉત્તમ શ્વેત વસ્ત્ર તેના પર ઓઢાડ્યું. ત્યારપછી ચંદન, પુષ્પમાળા, ગુલાલ આદિકથી પૂજન કર્યું.[૨૦] શરીરના મુખ વગેરે સાત છિદ્રોમાં રામપ્રતાપે સુવર્ણના સાત ટુકડા પધરાવ્યા અને જે સ્થળમાં મૃત્યુ થયું હતું તે સ્થળને વિષે ઉત્ક્રમણ નામનું શ્રાદ્ધ કર્યું.[૨૧] તે ઉત્ક્રમણશ્રાદ્ધના કર્મમાં રામપ્રતાપે યજ્ઞોપવીતને ડાબા ખભા ઉપરથી ફેરવી જમણા ખભા ઉપર મૂકી એકોદિષ્ટ વિધાનથી અર્થાત્ એકને ઉદ્દેશીને આપવામાં આવતા મંત્રરહિત પિંડદાન વિધિથી શબ નામથી પિંડદાન કર્યું. પછી દ્વારમાં પાન્થ નામથી પિંડદાન કર્યું, પછી પુત્રો અને સગોત્રી અન્ય સંબંધીજનોએ શ્વેતવસ્ત્ર ઢાંકલાં શરીરને વાંસથી બનાવેલ નનામીમાં બાંધીને પૂર્વ દિશા તરફ મસ્તક હોય તે રીતે ઉપાડીને ચાલ્યા.[૨૨-૨૩]

હે રાજન્ ! તે સમયે રામપ્રતાપજીના મોટા પુત્ર નંદરામ એક માટીના કુંડામાં લૌકિક અગ્નિને લઈ શબની આગળ ચાલવા લાગ્યા.[૨૪] ચોક આવ્યો ત્યારે રામપ્રતાપભાઈએ ખેચર નામથી પ્રેતને ત્રીજું પિંડદાન કર્યું, અને અર્ધ માર્ગે વિસામાના સ્થાને ભૂત નામના ચોથા પિંડનું દાન કર્યું.[૨૫] તે સમયે માર્ગમાં સર્વથી

चलन्ति स्माग्रतो वृद्धाः कनिष्ठाः पथि ताननु । स्त्रियस्तु चत्वरान्तं तमनुव्रज्य ययुर्नदीम् ॥ २६
श्मशाने शवमास्थाप्य चितास्थानेऽग्रजः सुतः । स प्रेताय ददौ पिण्डं विधिवत्साधकाख्यया ॥ २७
कृतायां संस्कृतभुवि तुलस्यश्वत्थचन्दनैः । चितायां स्थापिते वह्नौ क्रव्यादेऽथ जुहाव तम् ॥ २८
स्नपितं घृतलिप्तं तमेक वस्त्रमवाङ्मुखम् । हुत्वाऽर्धदग्धे तस्मिंश्च सतिलाज्याहुतीर्ददौ ॥ २९
पुत्रादयस्ततो गाढं रुरुदुस्तत्र बन्धवः । दग्धप्रायेऽथ तस्मिंस्ते ह्युत्तस्थुः सशुचो नृप ! ॥ ३०
अपश्यन्तश्चिताभूमिं पुरस्कृत्य कनीयसः । सरयूं ते ययुः सर्वे स्मरन्तस्तं महानदीम् ॥ ३१
तत्र प्रक्षाल्य वासांसि तान्येव परिधाय च । शिखामुन्मुच्य सस्नुस्ते वृद्धपूर्वं प्रविश्य ताम् ॥ ३२
सकृन्निमज्ज्यैत्य तटं प्राचीनावीतिनश्च ते । तत्राचम्य शिखां बद्ध्वादक्षाग्रानाददुः कुशान् ॥ ३३

---

આગળ વૃદ્ધો ચાલતા હતા. તેની પાછળ તેનાથી નાની વયના પુરુષો ચાલતા હતા. તથા સ્ત્રીઓ ચોતરા સુધી શબની પાછળ પાછળ આવી ત્યાંથી સરયૂગંગામાં સ્નાન કરવા ગઈ.[૨૬]

હે રાજન્ ! સ્મશાનમાં પહોંચી શબને ખભા ઉપરથી નીચે ઉતારી ચિતાના સ્થાને મોટા પુત્ર રામપ્રતાપજીએ વિધિ પ્રમાણે પ્રેતને સાધક નામના પાંચમા પિંડનું દાન કર્યું.[૨૭] પછી શુદ્ધ ધરતી ઉપર તુલસી, પીપળો અને ચંદનના કાષ્ઠથી રચવામાં આવેલી ચિતામાં સ્નાન કરાવાયેલા, ઘીથી લેપન કરાયેલા એક વસ્ત્ર પરિધાન કરાયેલા શબને નીચે નમેલું મસ્તક રાખી પધરાવ્યું અને ક્રવ્યાદ નામનો અગ્નિ ચિતામાં સ્થાપન કર્યો. અને જ્યારે શબ અર્ધુ બળી રહ્યું ત્યારે તલે સહિત ઘીની આહુતિ આપી.[૨૮-૨૯] હે રાજન્ ! પછી રામપ્રતાપ આદિ સંબંધીજનોએ તે સ્મશાનમાં અત્યંત રુદન કર્યું. અને જ્યારે શબ બળીને ભસ્મીભૂત થયું ત્યારે શોક કરતા કરતા તે સર્વે ત્યાંથી ઊભા થઈ પાછા વળી ચાલવા લાગ્યા, ત્યારે નાની ઉંમરનાને આગળ કરી ચિતાભૂમિને પાછું વળીને નહીં જોતાં ધર્મદેવના ગુણોનું સ્મરણ કરતા કરતા સરયૂગંગામાં સ્નાન કરવા ગયા.[૩૦-૩૧] હે રાજન્ ! સરયુગંગા પ્રત્યે જઈ પોતાનાં વસ્ત્રો ધોઈને તેના તે જ વસ્ત્રો પહેરી મસ્તક ઉપરની શિખા બાંધેલી હતી તે છોડીને વૃદ્ધો આગળ અને નાના પાછળ એ રીતે નદીમાં પ્રવેશ કરીને રામપ્રતાપાદિ સર્વેએ સ્નાન કર્યું.[૩૨] પાણીમાં સર્વેએ એકવાર ડુબકી મારી બહાર કિનારે આવી નવી યજ્ઞોપવિતને ડાબા ખભે ધારણ કરી ત્રણ વખત આચમન કર્યું અને શિખાનું બંધન કર્યું, તેમજ દક્ષિણ તરફ અગ્રભાગવાળા દર્ભોનું ગ્રહણ કર્યું, પછી તે સર્વે દક્ષિણદિશા તરફ મુખ રાખીને પ્રેતના ગોત્રનું નામ

दददुर्जलाञ्जलींस्त्रींस्त्रीन्प्रेतायापाङ्मुखाश्च ते । पितृतीर्थेन सतिलान् वदन्तो गोत्रनामनी ॥ ३४
पुत्राः सपिण्डाश्च तथा सोदका इतरेऽपि च । ददुर्दाघाञ्जलीनित्थं तस्मै सम्बन्धिनो नराः ॥ ३५
पुनः स्नात्वाऽथ वासांसि परिधायेतराणि ते । उपाविशन्नदीतीरे शोकव्याकुलितान्तराः ॥ ३६
शोकापनोदं बहुधा चक्रुस्तेषां पुरौकसः । वृद्धा धीराः पुराणज्ञा नृपते ! प्राङ्निदर्शनैः ॥ ३७
कनीयसः पुरस्कृत्य तत ईयुर्गृहाञ्छनैः । अपश्यन्तः पराक् सर्वे पङ्क्तीभूता अधोमुखाः ॥ ३८
स्नात्वा स्त्रियस्तु शोकार्तास्तेषामग्रत आलयम् । आययुर्मिलिताः सर्वा रुदन्त्यस्ते च ता अनु ॥ ३९
विदश्य निम्बपत्राणि द्वारि स्थित्वा ततोऽनलम् । वृषभादींश्च संस्पृश्य विविशुस्ते निकेतनम् ॥ ४०
आश्वास्य रुदतः पुत्रान् सपिण्डाद्यास्ततो नराः । स्वं स्वं गृहं ययुः सर्वे ताः स्त्रीश्चाश्वास्य तत्स्त्रियः ॥ ४१
शोधयित्वा गृहं पुत्रा ब्रह्मचर्यपरायणाः । दशाहमासताक्षारलवणाशाश्च भूशयाः ॥ ४२

ઉચ્ચારણ કરતા કરતા તલમિશ્રિત ત્રણ ત્રણ જલાંજલી પિતૃને પિતૃતીર્થથી અર્થાત્ તર્જની આંગળીના મૂળથી આગળ નમાવી અર્પણ કરી.[૩૩-૩૪] હે રાજન્ ! આ અંજલીમાં રામપ્રતાપાદિ પુત્રો તથા સપિંડ અર્થાત્ સાત પેઢીના સંબંધીજનો તથા તેથી ઉપરના સોદક-ચૌદપેઢીના સંબંધીજનો તથા અન્ય બીજા સંબંધીજનોએ પણ પૂર્વોક્ત રીત પ્રમાણે પ્રેતને દહાંજલી પણ અર્પણ કરી તે સર્વે ફરી સ્નાન કર્યું અને નવાં વસ્ત્રો ધારણ કરી શોકથી આકુળ વ્યાકુળ મનવાળા થઇ તે સરયુગંગાને કિનારે બેઠા.[૩૫-૩૬] તે સમયે સાથે આવેલા જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ તેમજ પુરાણોમાં પ્રવિણ એવા જનોએ પ્રાચીન દૃષ્ટાંતોના માધ્યમથી રામપ્રતાપાદિ સંબંધીજનોનો બહુ પ્રકારે શોક નિવારણ કર્યો, હવે તે સર્વે નાના બાળકોને આગળ કરી પાછું વાળીને નહીં જોતા નીચું મુખ કરીને ધીરે ધીરે પંક્તિબદ્ધ ચાલતા ધર્મદેવના ભવનમાં આવ્યા.[૩૭-૩૮] સર્વે સ્ત્રીઓ પણ પહેલેથીજ સરયુગંગામાં સ્નાન કરી શોકાતુર થઇ રુદન કરતી ધર્મદેવના ભવનમાં આવી હતી, અને સર્વે પુરુષો પણ આવ્યા તે પુરુષોએ ધર્મદેવના આંગણામાં બેસીને લગારેક લીમડો ચાવી અગ્નિ અને બળદનો સ્પર્શ કરીને સૌ પોતપોતાના ભવન પ્રત્યે ગયા.[૩૯-૪૦] અને નજીકના સંબંધી સર્વે પુરુષોએ શોકથી રડતા રામપ્રતાપાદિ ધર્મપુત્રોને આશ્વાસન આપી પોતાને ઘેર ગયા. તેવી જ રીતે નજીકની સંબંધી સર્વે સ્ત્રીઓ પણ રુદન કરતી સુવાસિની વગેરે સ્ત્રીઓને પણ આશ્વાસન આપી પોતાને ઘેર ગઇ.[૪૧]

હે રાજન્ ! બ્રહ્મચર્યવ્રત-પરાયણ રામપ્રતાપાદિ પુત્રોએ ઘરની શુદ્ધિ કરી દશ દિવસ સુધી ક્ષાર અને લવણનું ભક્ષણ કર્યું નહિ અને પૃથ્વી પર શયન કર્યું,

सन्त्यक्तसर्वभोगाश्चहास्यहर्षादिवर्जिताः । प्रत्यहं भगवद्गीतां शुश्रुवुश्च दिनात्यये ॥ ४३
दशाहानि सपिण्डाश्च सोदकास्तु दिनत्रयम् । पालयामासुराशौचमस्पृशन्तोऽन्यमानवान् ॥ ४४
गोत्रसम्बन्धरहिता अपि शिष्याश्च तस्य ये । आशौचं पालयामासुः पक्षिणीं सर्व एव ते ॥ ४५
अर्घ्यान्तां मानसीं सन्ध्यां कुशवारिविवर्जिताम् । चक्रुस्तेऽर्घ्यं तु प्रत्यक्षं ददुः सूर्याय सूतके ॥ ४६
कृष्णपूजां हृदा चक्रुर्दृशा तत्प्रतिमेक्षणम् । विदधुस्तत्र ते नित्यं वैश्वदेवं तु नाचरन् ॥ ४७
वर्णिव्रतस्थो निजनित्यकर्म हरिस्तु सर्वं विधिवच्चकार ।
पाकं स्वहस्तेन पृथग्विधाय स्वानस्पृशन्वै बुभुजेऽनुघस्रम् ॥४८

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
*धर्मदेहोत्सर्गे तद्दाहविधिनामा चत्वारिंशोऽध्यायः ॥ ४० ॥*

---

**તથા રમણીય વૈભવ સુખોનો ત્યાગ કર્યો અને હાસ્યવિનોદાદિકનો પણ ત્યાગ કરી પ્રતિદિન સાયંકાળે શ્રીમદ્ ભગવદ્ગીતાનું શ્રવણ કરતા હતા.[૪૨-૪૩] સાત પેઢીના સંબંધીજનોએ અન્ય મનુષ્યોનો સ્પર્શ નહિ કરી દશ દિવસ અને આઠથી ચૌદ પેઢીના સંબંધીજનોએ ત્રણ દિવસનું મરણસૂતકનું પાલન કર્યું.[૪૪] ગોત્રના આગળ-પાછળના સંબંધ વિનાના પણ ધર્મદેવના જે શિષ્યો હતા તેમણે ગુરુના સંબંધે દોઢ દિવસનું મરણસૂતકનું પાલન કર્યું.[૪૫]**

**હે રાજન્ ! તે રામપ્રતાપાદિ સાત પેઢીના જનો સૂતકમાં અર્ઘ્ય અર્પણ કર્યા સુધીની દર્ભ કે જળથી રહિત કેવળ માનસી સંધ્યા કરતા ને સૂર્યને ગાયત્રી મંત્રના ઉચ્ચારણપૂર્વક માત્ર પ્રત્યક્ષ જળથી અર્ઘ્ય અર્પણ કરતા. તે સર્વે સૂતકમાં ભગવાન શ્રીકૃષ્ણની પૂજા પણ માનસી કરતા હતા. માત્ર નેત્રોથી નિત્ય પ્રતિમાનાં દર્શન કરી લેતા અને વૈશ્વદેવનું પણ આચરણ કરતા ન હતા.[૪૬-૪૭]**

**હે રાજન્ ! શ્રીહરિ તો બ્રહ્મચારી હોવાથી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે મુખ્ય કલ્પથી જ પોતાનું સંધ્યા વંદનાદિ નિત્યકર્મ કરતા હતા, તેમજ સંબંધીજનોનો સ્પર્શ નહિ કરી પોતાની જુદી રસોઈ બનાવી પ્રતિદિન ભોજન લેતા. કારણ કે બ્રહ્મચારીને સૂતક હોતું નથી.[૪૮]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ધર્મદેવનો દેહ ત્યાગ તથા શાસ્ત્રીય દાહવિધિનું નિરૂપણ કર્યું એ નામે ચાલીસમો અધ્યાય પૂર્ણ થયો. ૪૦***

॥ एकचत्वारिंशोऽध्यायः ॥ ४१ ॥

सुव्रत उवाच –

द्वितीयेह्नि चिताभस्म सरय्वां प्राक्षिपन्नृप । अस्थिसञ्चयनश्राद्धं ज्येष्ठः पुत्रश्चकार सः ॥ १
आममृत्पात्र एकस्मिन् पयोऽन्यस्मिंस्तु वारि सः । भृत्वान्तरिक्षे निदधौ प्रदोषे प्रेततुष्टये ॥ २
प्रेतपिण्डान् दश ददौ नवश्राद्धं स चाचरन् । अष्टादशाऽऽशीःप्रमुखान् पदार्थांस्तत्र नाऽऽचरत् ॥ ३
दशमेऽह्निसपिण्डाश्च पिण्डदानादनन्तरम् । केशश्मश्र्वादिवपने पुराद्बहिरकारयन् ॥ ४
तत्र बन्धुजनान्सर्वान्भोजयामास पिण्डदः । देहशुद्धिं विधायाथ चकारैकादशाहिकम् ॥ ५
श्रीकृष्णपूजां तत्रादौ कृत्वा श्राद्धं च वैष्णवम् । चकार तर्पणं विष्णोः सामभिर्वैष्णवैः स च ॥ ६
श्राद्धान्येकादश ततः पञ्च विष्णुगणस्य च । ब्रह्मादीनां च पञ्चानां चकारेत्थं स षोडश ॥ ७

---

## અધ્યાય – ૪૧

## રામપ્રતાપજીએ કરેલી ધર્મદેવની ઔર્ધ્વદૈહિક ક્રિયા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સંવત્ ૧૮૪૮ ના જેઠવદ ચોથ ને શુક્રવારે ધર્મદેવે દેહનો ત્યાગ કર્યો. તેનો અગ્નિ સંસ્કાર કરી આવ્યા પછી બીજે દિવસે શનિવારે મોટા પુત્ર રામપ્રતાપજીએ ચિતાભસ્મ સરયુગંગામાં પધરાવી. સામવેદી હોવાથી બીજા જ દિવસે અસ્થિસંચય નામનું શ્રાદ્ધકર્મ કર્યું, પછી પ્રેતની પ્રસન્નતાને માટે કાચા માટીના પાત્રમાં દૂધ અને બીજા પાત્રમાં જળ ભરીને સાયંકાળે ખુલ્લી જગ્યામાં મૂક્યાં, રામપ્રતાપજીએ નવશ્રાદ્ધ - વિષમશ્રાદ્ધ કરીને પ્રેતને દશ પિંડોનાં દાન કર્યાં. આ શ્રાદ્ધમાં રત્નાવલ્લીમાં બતાવેલા આશિષ આદિ અઢાર પદોનો નિષેધ હોવાથી તેનું આચરણ કર્યું નહિ.[૧-૩] દશમે દિવસે પિંડદાન કર્યા પછી સપિંડ - સાત પેઢીના સંબંધીજનોએ અયોધ્યાનગરીથી બહારના પ્રદેશમાં કેશ, દાઢી, મૂછ અને કાખના વાડનું મુંડન કર્યું. ત્યારે પિંડનું દાન કરનારા રામપ્રતાપજીએ સર્વે સંબંધીજનોને ભોજન કરાવ્યું. આ રીતે દશ દિવસનો વિધિ સમાપ્ત કરી દેહશુદ્ધિ કરી અગિયારમે દિવસે કરવા યોગ્ય કર્મનું આચરણ કર્યું.[૪-૫] એકાદશાહકર્મમાં પ્રથમ પટરાણીઓએ સહિત ભગવાન શ્રીકૃષ્ણનું મહાપૂજન કરી વૈષ્ણવશ્રાદ્ધ કર્યું તથા વિષ્ણુજેના દેવતા છે તેવા કૃત્ય ચિંતામણિમાં કહેલા સામવેદના મંત્રોથી વિષ્ણુભગવાનનું તર્પણ કર્યું.[૬]

હે રાજન્ ! રામપ્રતાપજીએ વિષ્ણુ, શિવ, યમ, ચંદ્ર, અગ્નિ, કવ્ય, મૃત્યુ,

वृषोत्सर्गं ततः कृत्वा महैकोद्दिष्टमेव च । विष्णुमभ्यर्च्योदकुम्भं ददौ सान्नं ससूत्रकम् ॥ ८
शय्यां सोपस्करां प्रादात्त्रयोदश पदानि च । विप्रेभ्योऽष्टविधान्येव सह दक्षिणया स च ॥ ९
गोरथाश्वमहिष्यादिदानानि प्रददौ तथा । श्राद्धानि षोडश ततस्तन्त्रेणैव चकार सः ॥ १०
तत्राद्यं मासिकं श्राद्धं ततोऽसावूनमासिकम् । द्वितीयमासिकं चक्रे ततस्त्रैपक्षिकं नृप ! ॥ ११
तृतीयमासिकं चाथ तुर्यमासिकमाचरत् । ततः पञ्चममास्यं च ह्यूनषाण्मासिकं च सः ॥ १२
षष्ठमास्यं ततः श्राद्धं चक्रे सप्तममासिकम् । ततोऽष्टमं मासिकं च श्राद्धं नवममासिकम् ॥ १३
ततो दशममास्यं च तथैकादशमासिकम् । चक्रे द्वादशमास्यं च स ऊनाब्दिकमन्तिकम् ॥ १४
ततश्च भोजयामास स्वज्ञातीन् ब्राह्मणांस्तथा । सपिण्डीकरणश्राद्धं द्वादशेऽह्नि चकार च ॥ १५

**રૂદ્ર, પુરુષ અને પ્રેત આ વિષ્ણુગણનાં અગિયાર શ્રાદ્ધ તથા બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, યમ અને પ્રેત આ પાંચ દેવતાઓનાં પાંચ શ્રાદ્ધ, એમ કુલ્લ મળીને સોળ શ્રાદ્ધ કર્યાં.[૭] પછી વૃષોત્સર્ગ કર્યો અર્થાત્ પિતૃતોષણ માટે આંખલો છૂટો મૂકવા રૂપ વિધિ કર્યો. પછી મહૈકોદિષ્ટ શ્રાદ્ધ અર્થાત્ સોળમાંથી પહેલું શ્રાદ્ધ કર્યું, અને વિષ્ણુનું પૂજન કરી અન્નની સાથે કંઠમાં સૂત્ર વીંટેલા તેમજ જળથી ભરેલા ઘડાનું યથાયોગ્ય બ્રાહ્મણોને દાન કર્યું.[૮]**

**હે રાજન્ ! ત્યારપછી રામપ્રતાપજીએ અગિયારમા દિવસે કરવામાં આવતા કર્મવિધિ પ્રમાણે દક્ષિણામાં ઓશીકું, ગાદલું, ઓછાડ આદિના ઉપકરણોએ સહિત શય્યાનું બ્રાહ્મણોને દાન કર્યું. તથા આસન, પગરખાં, છત્ર, મુદ્રિકા, કમંડલું, ભોજન, ભોજનપાત્ર અને વસ્ત્ર આ આઠ તથા અન્ય તેર પ્રકારનાં પદોનું દક્ષિણાએ સહિત બ્રાહ્મણોને દાન કર્યું. તેમ જ ગાય, રથ, અશ્વ અને મહિષી આદિકનાં દાન કર્યાં. એક તંત્રની આવૃત્તિથી સોળ પ્રકારનાં શ્રાદ્ધોનું અનુષ્ઠાન એક જ અગિયારમા દિવસમાં કર્યું.[૯-૧૦] રામપ્રતાપભાઈએ તે સોળ શ્રાદ્ધોમાં પ્રથમ માસિકશ્રાદ્ધ કર્યું. પછી ઉનમાસિક, દ્વિમાસિક, ત્રણ પખવાડીયામાં કરવામાં આવતું ત્રિપાક્ષિકશ્રાદ્ધ એમ મહિને મહિને આવતાં ત્રિમાસિક, ચારમાસિક, પંચમાસિક, ઊનછમાસિક, છમાસિક, સપ્તમાસિક, અષ્ટમાસિક, નવમાસિક, દશમાસિક, એકાદશમાસિક, અને બારમાસિક શ્રાદ્ધ એકસાથે કર્યાં. અને અંતિમ ઉનાબ્દિક અર્થાત્ અર્ધવાર્ષિક શ્રાધ્ધકર્યું. આપ્રમાણે સોળ પ્રકારનાં શ્રાદ્ધ કર્યાં.[૧૧-૧૪] તેમાં પોતાના જ્ઞાતિજનોને તથા બીજા બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં અને બારમા દિવસે સપિંડીકરણ શ્રાદ્ધ રામપ્રતાપભાઈએ કર્યું. તે શ્રાદ્ધમાં પિંડનું સંયોજન કર્યું, પછી નિઃશ્વાસધેનુ અને**

निःश्वासधेनुं तत्रादात्पिण्डसंयोजनादनु । मोक्षधेनुं च दत्त्वाऽसौ वामदेव्यमगापयत् ॥ १६
ब्राह्मणान्भोजयामास दिने तत्र सहस्रशः । चतुर्विधानिसोऽन्नानि स्वज्ञातींश्चेतरानपि ॥ १७
त्रयोदशेऽह्नि सम्पूज्य विष्णुं च श्रवणादिकान् । दत्त्वा दानानि बहुधा पाथेयश्राद्धमाचरत् ॥ १८
ततः स्नात्वा विशुद्धेऽसौ परिधाय च वाससी । गणेशं पूजयित्वैव कारयामास मङ्गलम् ॥ १९
तदा तस्मै धर्मशिष्याः पौराश्च शतशोऽपरे । ददुर्धनं बहुविधं नूतनान्यंशुकानि च ॥ २०
तत्रापि भोजयामास दिने विप्रान्सहस्रशः । सोऽन्यांश्चागन्तुकांल्लोकान्प्राप्तांश्चान्नार्थिनोऽखिलान् ॥ २१
सान्निध्याद्धि हरेस्तस्मिन्नौर्ध्वदैहिककर्मणि । कृतेऽपि मुख्यकल्पेन न्यूनं किमपि नाभवत् ॥ २२
रामप्रतापः ससुत इच्छारामश्च सस्त्रियौ । जपतः स्म कृष्णमन्त्रं तौ पितुर्लब्धमन्वहम् ॥ २३

---

મોક્ષધેનુનું બ્રાહ્મણોને દાન આપી તે સામવેદી વિપ્રો પાસે વામદેવ્ય નામના સામવેદનું ગાન કરાવ્યું, તે દિવસે પોતાના જ્ઞાતિજનોને અને બીજા હજારે હજાર બ્રાહ્મણોને ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય આ ચાર પ્રકારનાં ઉત્તમ ભોજનથી તૃપ્ત કર્યા.[૧૫-૧૭]

હે રાજન્ ! રામપ્રતાપભાઈએ તેરમાના દિવસે ષોડસોપચારોથી વિષ્ણુભગવાનનું પૂજન કરી શ્રવણ આદિ તેર દેવતાઓનું પૂજન કર્યું, અને બહુપ્રકારનાં દાન આપી પાથેય નામનું વૈષ્ણવશ્રાદ્ધ કર્યું. ત્યાર પછી સ્નાન કરીને ધોયેલાં વસ્ત્રો પરિધાન કરી ગણપતિજીનું પૂજન કરી સ્વસ્તિક વાચન કર્મ કર્યું. તે સમયે ધર્મદેવના અયોધ્યાવાસી સેંકડો શિષ્યોએ તથા સગાસંબંધી તથા હેતુસંતોષીજનોએ રામપ્રતાપભાઈને બહુ પ્રકારનું ધન અને નૂતન વસ્ત્રોની ભેટ ધરી. અને રામપ્રતાપભાઈએ તે દિવસે હજારે હજાર બ્રાહ્મણોને આગંતુક અન્ય હજારો જનોને તથા આવેલા સમગ્ર અતિથિ, અન્નાર્થી સર્વેને ખૂબજ ભાવથી જમાડ્યા.[૧૮-૨૧] આ રીતે ધર્મદેવના ઔર્ધ્વદેહિક કર્મમાં મુખ્ય કલ્પથી દરેક વિધિ કર્યો. ઘણું બધું ધન છૂટે હાથે વાપર્યું, છતાં પણ શ્રીહરિના સાંનિધ્યને કારણે ધનમાં કોઈ પણ પ્રકારની ખામી આવી નહિ.[૨૨]

હે રાજન્ ! પોતાના નંદરામ આદિ પુત્રો અને સુવાસિની પત્નીની તથા અનુજ ઈચ્છારામની સાથે રામપ્રતાપભાઈ પિતા ધર્મદેવ પાસેથી ભાગવતી દીક્ષામાં પ્રાપ્ત કરેલા ભગવાન શ્રીકૃષ્ણના બન્ને અષ્ટાક્ષર મંત્રોનો નિરંતર જપ કરતા હતા. હે રાજન્ ! હવે ઘર છોડી વનમાં જવા ઈચ્છતા ભગવાન શ્રીહરિની ઈચ્છાથી બન્ને ભાઈઓને પોતાના સહોદર શ્રીહરિને વિષે જે ભગવાનપણાનું જ્ઞાન હતું તેની વિસ્મૃતિ થઈ.[૨૩-૨૪]

हरौ सहोदरेऽथासीत्कृष्णधीर्विस्मृता तयोः । इच्छयैव प्रभोस्तस्य प्रव्रजिष्यत आलयात् ॥ २४
कर्मकाण्डपथमित्थमीश्वरो भूतले प्रतिहतं तु नास्तिकैः ।
सम्प्रवर्तयति स स्म भूपते ! तातमेधविधिचारणेन वै ॥ २५

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे धर्मौर्ध्वदेहिकक्रियाविधिनामैकचत्वारिंशोऽध्यायः ॥ ४१ ॥*

---

## ॥ द्विचत्वारिंशोऽध्यायः ॥ ४२ ॥

**सुव्रत उवाच –**

यथाविधानं संवृत्ते पितुरुत्तरकर्मणि । ऐच्छत्ततः प्रव्रजितुं नीलकण्ठो नराधिप ! ॥ १
स्नेहं स्वस्मिन्स्वबन्धूनां सखीनां च पुरौकसाम् । सर्वाधिकं स विज्ञाय स्वप्रव्रज्यान्तरायकम् ॥ २

---

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે અક્ષર, કાળ, માયા, આદિ સર્વના નિયંતા ભગવાન શ્રીહરિએ પિતા ધર્મદેવના ઔર્ધ્વદેહિક કર્મના અનુષ્ઠાનથી નાસ્તિકોએ ખંડન કરેલા વૈદિક કર્મકાંડના માર્ગનું આ પૃથ્વી પર ફરી ખૂબજ સારી રીતે પ્રવર્તન કર્યું.[૨૫]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ધર્મદેવના ઔર્ધ્વદેહિક ક્રિયાવિધિનું નિરૂપણ કર્યું એ નામે એકતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૧--***

---

## અધ્યાય – ૪૨

## ગૃહત્યાગ કરવાની ઈચ્છાથી શ્રીહરિએ કરેલ ગણપતિનું સ્તવન.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શાસ્ત્રોક્તવિધિને અનુસાર પિતા ધર્મદેવની ઉત્તરક્રિયા સમાપ્ત થઈ એટલે શ્રીનીલકંઠવર્ણી એવા ભગવાન શ્રીહરિએ ઘર છોડવાની ઈચ્છા કરી.[૧] રામપ્રતાપભાઈ અને સુવાસિનીભાભી આદિક સંબંધીજનો તથા બાલસખાઓ અને પોતામાં અતિશય સ્નેહ રાખતા અન્ય નગરવાસી જનોનો ગાઢ સ્નેહ, ગૃહ ત્યાગ કરવામાં મહાવિઘ્નરૂપ થાય એમ જાણી શ્રીનીલકંઠવર્ણીએ**

तच्छान्तये गणाधीशं सर्वविघ्ननिवारणम् । दूर्वादिभिः स सम्पूज्य तुष्टाव प्रयताञ्जलिः ॥ ३

विघ्नेश ! विघ्नचयखण्डननामधेय ! श्रीशङ्करात्मज ! सुराधिपवन्द्यपाद ! ।
दुर्गामहाव्रतफलाखिलमङ्गलात्मन्विघ्नं ममापहर सिद्धिविनायक ! त्वम् ॥४
सत्पद्मरागमणिवर्णशरीरकान्तिः श्रीसिद्धिबुद्धिपरिचर्चितकुङ्कुमश्रीः ।
दक्षस्तने वलयितातिमनोज्ञशुण्डो विघ्नं ममापहर सिद्धिविनायक ! त्वम् ॥५
पाशाङ्कुशाब्जपरशूंश्च दधच्चतुर्भिर्दोर्भिश्च शोणकुसुमस्रगुमाङ्गजातः ।
सिन्दूरशोभितललाटविधुप्रकाशो विघ्नं ममापहर सिद्धिविनायक ! त्वम् ॥६
कार्येषु विघ्नचयभीतविरिञ्चिमुख्यैः सम्पूजितः सुरवरैरपि मोदकाद्यैः ।
सर्वेषु च प्रथममेव सुरेषु पूज्यो विघ्नं ममापहर सिद्धिविनायक ! त्वम् ॥७

---

તે વિઘ્નની શાંતિને માટે સર્વવિઘ્નહર્તા શ્રી ગણપતિજીનું દુર્વા આદિ અનેક ઉપચારોથી પૂજન કર્યું અને બે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા.[૨-૩]

**ગણપતિ-અષ્ટક :-** હે વિઘ્નેશ ! હે વિઘ્નવિનાયકદેવ ! હે વિઘ્નોના સમૂહોને નાશ કરનાર મંગલનામધારી ! હે શંકરપુત્ર ! હે ઈંદ્રાદિદેવોને વંદન કરવા યોગ્ય ચરણ કમળ વાળા ! હે પાર્વતીદેવીના મહાવ્રતના ફળસ્વરૂપે પ્રગટેલા ! હે અખિલ મંગલમૂર્તિ ! હે સિદ્ધિ વિનાયક ગણપતિદેવ ! તમે મારાં વિઘ્નોને દૂર કરો.[૪] શુદ્ધ રાતા રંગના મણિ જેવી શરીરે લાલકાંતિને ધારણ કરનારા, પતિવ્રતાના ધર્મથી અત્યંત તેજસ્વી શોભાને ધારી રહેલી સિદ્ધિ અને બુદ્ધિ નામની બન્ને પત્નીઓએ ભાલમાં ચર્ચેલા કાશ્મીરી કુંકુમથી પરમ શોભાને ધારણ કરનારા, તેમજ જમણા સ્તન ઉપર વળેલી અત્યંત મનોહર સુંદર સૂંઢવાળા હે સિદ્ધિ વિનાયક ગણપતિદેવ ! તમે મારાં વિઘ્નોને દૂર કરો.[૫] ચારે હસ્તકમળમાં પાશ, અંકુશ, કમળ અને કુઠારાને તથા કંઠમાં લાલ પુષ્પની માળાને ધારણ કરી રહેલા, પાર્વતીના અંગથકી પ્રગટ થયેલા, સિંદૂર ચર્ચેલા સુંદર લલાટમાં ચંદ્રમાના પ્રકાશ જેવી ઉજ્જ્વલકાંતિને ધારણ કરનારા હે સિદ્ધિ વિનાયક ગણપતિદેવ ! તમે મારાં વિઘ્નોને દૂર કરો.[૬] પ્રારંભ કરેલાં કાર્યમાં આડાં આવતાં વિઘ્નોના સમૂહો જોઈ ભય પામેલા સુરશ્રેષ્ઠ બ્રહ્મા, શિવ આદિ દેવો પણ લાડુ આદિ અનેક ઉપચારોથી તમારી પૂજા કરે છે અને બ્રહ્માદિ સર્વે દેવતાઓમાં હર હમેશ પ્રથમ પૂજાતા એવા હે સિદ્ધિ વિનાયક ગણપતિદેવ ! તમે મારાં વિઘ્નોને દૂર કરો.[૭] ઉતાવળી ગતિએ ચાલવાથી અચાનક અથડાઈ પડવાથી ઊંચો કંઠ કરી ચૂં... ચૂં...એવો નાદ કરતા સ્થૂલ

शीघ्राञ्चनस्खलनचुञ्चुरवोर्ध्वकण्ठस्थूलोन्दुरुद्रवणहासितदेवसङ्घः ।
शूर्पश्रुतिश्च पृथुवर्तुलतुङ्गतुन्दो विघ्नं ममापहर सिद्धिविनायक ! त्वम् ॥८
यज्ञोपवीतपदलम्भितनागराजो मासादिपुण्यददृशीकृतऋक्षराजः ।
भक्ताभयप्रददयालयविघ्नराजो विघ्नं ममापहर सिद्धिविनायक ! त्वम् ॥९
सद्रत्नसारततिराजितसत्किरीटः कौसुम्भचारुवसनद्वय ऊर्जितश्रीः ।
सर्वत्र मङ्गलकरस्मरणप्रतापो विघ्नं ममापहर सिद्धिविनायक ! त्वम् ॥१०
देवान्तकाद्यसुरभीतसुरार्तिहर्ता। विज्ञानबोधनवरेण्यतमोपहर्ता ।
आनन्दितत्रिभुवनेशकुमारबन्धो! विघ्नं ममापहर सिद्धिविनायक! त्वम् ॥११

**सुव्रत उवाच –**

इति संस्तूय विघ्नेशं तं प्रणम्य च भूपते ! । शुचेर्दशम्यां शुक्लायां प्रवव्राज हरिः प्रगे ॥ १२

શરીરવાળા, ઉંદરને ફરી ફરી દોડાવી દેવતાઓના સમૂહને હસાવતા અને સુપડા જેવા કાનવાળા તેમજ વિશાળ ગોળાકાર ઉપડતી ફાંદવાળા હે સિદ્ધિ વિનાયક ગણપતિદેવ ! તમે મારાં વિઘ્નોને દૂર કરો.[૮] યજ્ઞોપવીતના સ્થાને મહાનાગરાજને ધારી રહેલા, મહિનાના શુક્લપક્ષની પડવાની તિથિએ ઉદય પામતા નક્ષત્રપતિ ચન્દ્રમાનાં દર્શનને મંગળકારી કરનારા, ભક્તજનોને અભયદાન આપનારા, દયાસાગર અને વિઘ્નોને હરવાના રાજા એવા હે સિદ્ધિ વિનાયક ગણપતિદેવ ! તમે મારાં વિઘ્નોને દૂર કરો.[૯] મસ્તક ઉપર નિર્મળ શ્રેષ્ઠ રત્નોની પંક્તિથી શોભી રહેલા મુગટને ધારી રહેલા, કસુંબલ સુંદર બે વસ્ત્રોને અંગ ઉપર ધારણ કરી રહેલા, ઉજ્જ્વલ શોભાએ યુક્ત અને સર્વત્ર મંગલકારી નામસ્મરણના પ્રતાપને ધારણ કરનારા હે સિદ્ધિ વિનાયક ગણપતિદેવ ! તમે મારાં વિઘ્નોને દૂર કરો.[૧૦] હે દેવાન્તક નામના અસુરોથી ભય પામેલા દેવતાઓની પીડાને હરણ કરનારા ! વિજ્ઞાનના ઉપદેશથી વરેણ્ય રાજાના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનારા તથા ત્રિભુવનના માલિક બ્રહ્માદિ દેવતાઓને આનંદિત કરનારા હે કાર્તિક સ્વામીના બન્ધુ હે સિદ્ધિ વિનાયક ગણપતિદેવ ! તમે મારાં વિઘ્નોને દૂર કરો.[૧૧]

**શ્રીહરિનું ઘરથકી મહાભિનિષ્ક્રમણ :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિ અક્ષર, કાળ, માયા આદિના નિયંતા હોવા છતાં લોકસંગ્રહને માટે વિઘ્નવિનાયક ગણપતિદેવની સ્તુતિ કરી પ્રણામ કર્યા અને પિતા ધર્મદેવના દેહત્યાગ પછી પૂરા ચાલીસમા દિવસ સંવત ૧૮૪૯ના અષાઢ

अपृष्ट्वैवाग्रजादीन्स्वान्बन्धून् पौरं च कञ्चन । एकाकी निर्ययौ गेहान्नित्युस्नानच्छलेन सः ॥ १३
उदङ्मुखश्चचालादौ तपश्चर्यासमुत्सुकः । सम्प्राप्य सरयूतीरमतिष्ठद्विजने क्षणम् ॥ १४
साच्छादनं तु कौपीनमुत्तरीयं मृगाजिनम् । बिभ्रद्दण्डं च पालाशं ब्रह्मसूत्रं सितं तथा ॥ १५
काण्ठे दधानस्तुलसीकाष्ठजं मालिकाद्वयम् । सचन्द्रकोर्ध्वपुण्ड्रस्य ललाटे लक्षणं तथा ॥ १६
जटां मौञ्जीं मेखलां च जपमालां कमण्डलुम् । भिक्षापात्रं वस्त्रखण्डं बिभ्रत्पानीयगालनम् ॥ १७
शालग्रामशिलां बालमुकुन्दं चाल्पसम्पुटे । निधाय वाससाऽऽवेष्ट्य कण्ठे बिभ्रदपादुकः ॥ १८
लघ्वीं च पुस्तिकां सारचतुष्कस्य सुरक्षिताम् । मधूत्थाक्तसुवस्त्राद्यैः स्कन्धे बिभ्रदतिप्रियाम् ॥ १९
एवंविधः स्थितो धार्मिरुत्तितीर्षुर्महानदीम् । जनदर्शनभीतश्च तर्याः प्रत्यैक्षतागमम् ॥ २०
तावत्तत्रासुरः कश्चिदायाद्विकृतविग्रहः । प्रागन्योन्यायुधहतासुरशेषश्च तद्रिपुः ॥ २१

---

સુદ દશમીના શુક્રવારે પ્રાતઃકાળે ઘરનો ત્યાગ કર્યો.[૧૨] મોટાભાઈ રામપ્રતાપજી વિગેરે પોતાના સંબંધીજનો કે મિત્રોને પૂછ્યા વિના શ્રીહરિ નિત્ય સરયુગંગામાં સ્નાન કરવાના મિષે ઘરનો ત્યાગ કરી એકલા ચાલી નીકળ્યા. તપશ્ચર્યા કરવા માટે અત્યંત ઉત્સુક થયેલા શ્રીહરિ પ્રથમ ઉત્તરકિનારે આવી નિર્જન પ્રદેશમાં નૌકાની રાહ જોઈ થોડી ક્ષણ ઉભા રહ્યા.[૧૩-૧૪]

**વનવિહારી નીલકંઠનું અલૌકિકદર્શન :-** એ સમયે ભગવાન શ્રીહરિએ આચ્છાદન વસ્ત્રે સહિત કૌપીન, ઉત્તરીયવસ્ત્ર, મૃગચર્મ, પલાશનો દંડ અને ડાબે ખભે શ્વેત યજ્ઞોપવીત ધારી હતી, કંઠમાં તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી બેશેરવાળી કંઠી ધારણ કરેલી હતી, ભાલમાં કુંકુમના ચાંદલાએ સહિત ઉર્ધ્વપુંડ્રતિલક ધારણ કરેલું હતું. મસ્તક ઉપર મંજુલ ચિકણા ચળકતા શ્યામ સુંદર કેશની જટા બાંધેલી હતી. કેડમાં મુંજની મેખલા બાંધેલી હતી અને જમણા હાથમાં તુલસીના કાષ્ઠની જપમાળા ધારી રહ્યા હતા, તથા કમંડલું, ભિક્ષાપાત્ર અને પાણી ગાળવાનો વસ્ત્રનો ટુકડો સાથે રાખેલ હતો. શાલિગ્રામ અને બાલમુકુંદની મૂર્તિને વીરણના નાના કંડિયામાં પધરાવી ઉપર વસ્ત્રથી વીંટી તેને કંઠમાં ધારણ કર્યા હતા. ચરણમાં પાદુકાએ રહિત, પોતાને અતિ પ્રિય ચાર સત્શાસ્ત્રના સારભૂત નાની પુસ્તિકારૂપ ગુટકાને મીણ પાયેલા સૂક્ષ્મવસ્ત્રથી સુરક્ષિત કરી, ખભા ઉપર ભરાવીને ધારણ કરેલો હતો, આ પ્રમાણેની શોભાને ધરી રહેલા ધર્મનંદન શ્રીહરિ રખેને કોઈ મનુષ્ય મને જોઈ જાય, એવા ભયથી ભય પામતા સરયૂગંગાને પાર ઉતરવાની ઈચ્છાથી નૌકાની રાહ જોઈને ઊભા હતા.[૧૫-૨૦] તેટલામાં ત્યાં કોઈ

मृतानामपि स स्वानां प्रियं कर्तुं समुद्यतः । असहायं स्थितं सद्यो नद्यां चिक्षेप तं रुषा ॥ २२
पतितः स महानद्यां धीरो रक्षन् स्वपुस्तिकाम् । तरति स्मातिभीमां तां यादोभिरतिभीषणैः ॥ २३
आ रवेरुदयात्तां तु सार्धयामत्रयं तरन् । प्राप पारं ततस्तस्यां योजनत्रितयात्परम् ॥ २४
यथा स्वमसुरो विद्यान्मृतमित्याचरंस्तथा । उह्यमानो हिकल्लोलैर्निश्चेष्टोऽदृश्यतेव सः ॥ २५
चेष्टाविरहितत्वात्तं मृतमित्यवगत्य सः । तन्मायामोहितो दैत्यस्ततोऽगाददतिहर्षितः ॥ २६
यत्र तत्र स्थितान् स्वीयांस्तत्स्वकर्मावदच्च सः । केचन्मृतं हरिं तत्र मेनिरे न च केचन ॥ २७
योगैश्वर्येण कृष्णस्तु न प्राप्तोऽम्बु पराभवम् । ततो ययावुत्तरस्यां कृष्णवर्णं हिमालयम् ॥ २८
धर्मस्य कुलदेवोऽथ हनूमांश्चिरजीवनः । कृताह्निको हरिं द्रष्टुं देवगेहमुपागमत् ॥ २९

---

અસુર આવ્યો. તે ભયંકર આકૃતિવાળો, પૂર્વે અરસપરસના યુદ્ધમાં અસ્ત્ર શસ્ત્રથી કપાઈ મરેલા અસુરોમાંથી તે બચી ગયેલો શ્રીહરિનો શત્રુ હતો. તે લડાઈમાં મૃત્યુ પામેલા પોતાના સાથી મિત્રોનું પ્રિય કરવાને માટે સતત ઉદ્યમશીલ રહેતો તે અસુર અત્યારે લાગ જોઈ નિઃસહાય એકલા ઊભેલા શ્રીહરિને મહાક્રોધથી તત્કાળ સરયૂગંગામાં ફેંકી દીધા.[૨૧-૨૨]

**સરયુમાં તણાતા વર્ણી :–** હે રાજન્ ! મહાનદીમાં પડેલા અતિ ધીરજશાળી ભગવાન શ્રીહરિ પોતાના નાના પુસ્તકની રક્ષા કરતા અતિ ભયાનક મગરમચ્છ આદિ જળચર પ્રાણીઓથી ભયાવહ જણાતી સરયુનદીમાં તરવા લાગ્યા. સૂર્યોદયથી આરંભી સાડા ત્રણ પ્રહર સુધી અર્થાત્ સાડા દશ કલાક પર્યંત સરયુનદીમાં તરતા તરતા શ્રીહરિ ત્યાંથી ત્રણ યોજન બરાબર એટલે છત્રીસ કિલોમીટર દૂર સરયુના સામે કિનારે નીકળ્યા.[૨૩-૨૪] નદીમાં ફેંકી દેનારો અસુર પોતાને જે રીતે મૃત્યુ પામેલા જાણે તે રીતની ચેષ્ટાને કરતા શ્રીહરિ તરંગોની સાથે તણાતા જાણે ચેષ્ટા રહિત થઈ ગયા હોય તેવા જણાતા હતા, તેથી શ્રીહરિની માયામાં મોહ પામેલો અસુર તેને ચેષ્ટારહિત થયેલા જોઈ અતિ હર્ષ પામતો ત્યાંથી પાછો વળ્યો અને જ્યાં પોતાના સાથી અસુરો રહેતા ત્યાં દોડતો જઈ પોતે શ્રીહરિને મારી આવ્યો છે એવી વાત અતિ હર્ષથી કહેવા લાગ્યો. ત્યારે કેટલાક અસુરોએ શ્રીહરિ મૃત્યુ પામ્યા છે તે વાત સ્વીકારી અને કેટલાકે ન સ્વીકારી.[૨૫-૨૭]

હે રાજન્ ! યોગેશ્વરના પ્રભાવથી ભગવાન શ્રીહરિકૃષ્ણ જળમાં ડૂબ્યા નહિ પરંતુ તેમાંથી બહાર નીકળી ત્યાંથી ઉત્તર દિશામાં શ્યામવર્ણવાળા હિમાલય તરફ પ્રયાણ કર્યું.[૨૮] આ બાજુ અયોધ્યાનગરીમાં ધર્મદેવના કુળદેવ ચિરંજીવી

स हि श्रीरामचन्द्रस्य दृढभक्तोऽनुवासरम् । तद्दर्शनं करोति स्म स्वेष्टदेवं विदन् हि तम् ॥ ३०
अपश्यंस्तत्र तं पुर्यां विविच्य च समन्ततः । अप्राप्य सरयूतीरे मुहूर्तं ध्यानमाचरत् ॥ ३१
धर्मभक्ती पोषयितुमुच्छेत्तुं तद्विरोधिनः । चरितुं भारते वर्षे निर्गतं तमवैत्ततः ॥ ३२
विदित्वा तत्स्थितिं तूर्णमुत्प्लुत्य सरयूं ततः । बालरूपधरः कृष्णं प्राप्य नत्वाऽग्रतः स्थितः ॥ ३३
तमुवाच हरिः प्रीतः प्रणम्याहो कपीश्वर ! । कुलदेवोऽसि नः साक्षात्कुतोऽत्र सहसाऽऽगतः ॥ ३४
घोरारण्यं निर्गतस्य तपांसि तप्तुमिच्छतः । दर्शनं मङ्गलायैव जातं ते मम वाञ्छितम् ॥ ३५
त्वन्नामोच्चारणादेव गृहाद्ग्रामान्तरं नृणाम् । व्रजतां कार्यसिद्धिः स्यात्तत्साक्षाद्दर्शनात्किमु ॥ ३६

---

હનુમાનજી શ્રીહરિએ આહ્નિક વિધિ સમાપ્ત કરી લીધો હશે, એમ માની તેમનાં દર્શન કરવા માટે હમેશના નિયમ પ્રમાણે આવ્યા.[૨૯] હે રાજન્ ! ભગવાન શ્રીરામચંદ્રજીના એકાંતિક ભક્ત હનુમાનજી શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ સાક્ષાત્ રામચંદ્રજી ભગવાન જાણતા હોવાથી પ્રતિદિન ગાઢ અનુરાગથી તેમનાં દર્શન કરવા આવતા.[૩૦]

**કુળદેવ હનુમાનજીનું આગમન :–** હે રાજન્ ! ધર્મદેવના ભવનમાં શ્રીહરિને નહીં જોઈને હનુમાનજી અયોધ્યાનગરીની ચારે બાજુ શ્રીહરિને શોધવા લાગ્યા. છતાંય ક્યાંય મળ્યા નહિ ત્યારે સરયુગંગાને કિનારે આવીને એક મુહૂર્ત પર્યંત ધ્યાનમાં બેઠા. તે ધ્યાનમાં જાણ્યું કે શ્રીહરિ અધર્મનો અને અસુરનો ઉચ્છેદ કરવા તથા તીર્થોને પવિત્ર કરવા ભારતદેશની યાત્રાએ ઘર છોડીને ચાલી નીકળ્યા છે. હે રાજન્ ! એ સમયે શ્રીહરિ જે સ્થળમાં વિરાજતા હતા તેને ધ્યાનયોગથી જાણીને તત્કાળ સરયુગંગાને ઉલ્લંઘીને સૂક્ષ્મરૂપ ધરી હનુમાનજી પોતાના ઈષ્ટદેવ શ્રીહરિની સમીપે આવ્યા અને સાષ્ટાંગ પ્રણામ કરી બે હાથ જોડી શ્રીહરિની સામે ઊભા રહ્યા.[૩૧-૩૩] સ્વયં શ્રીહરિ પણ બહુજ ખુશ થઈ હનુમાનજીને પ્રણામ કરીને કહેવા લાગ્યા કે, હે કપીશ્વર ! તમે અમારા કુળદેવ છો. અહીં આપનું એકાએક પ્રત્યક્ષ આગમન થયું છે તે કયા હેતુથી થયું છે ? તે મને જણાવો. તપશ્ચર્યા કરવાની ઈચ્છાથી મહાભયંકર જંગલમાં પ્રયાણ કરવા ઈચ્છતા મને ઈચ્છિત આપનું દર્શન થયું એ મારા માટે મંગળરૂપ થયું છે. હે કપીશ્વર ! ઘરથી બીજા ગામ પ્રત્યે પ્રયાણ કરતા મનુષ્યોને જોકે આપના નામોચ્ચારમાત્રથી જ કાર્યની સિદ્ધિ થઈ જાય છે તો પછી આપનાં પ્રત્યક્ષ દર્શનથી તે કાર્ય સફળ થાય તેમાં કહેવું જ શું ?.[૩૪-૩૬]

**हनुमानुवाच -**

जानामि त्वामहं साक्षादिष्टदेवं मम प्रभो ! । सीतापतिं रामचन्द्रं पुरेऽत्र वरदं च मे ॥ ३७
दिने यत्रागतोऽसि त्वं प्रभो ! छुप्पयसः पुरे । ततः प्रभृत्यनुदिनं करोमि तव दर्शनम् ॥ ३८
नित्यकर्म विधायाद्य सङ्गवान्ते त्वदीक्षणम् । कर्तुं धर्मगृहं यातो न दृष्टस्तत्र वै भवान् ॥ ३९
ततस्त्वद्ध्यानयोगेन ज्ञात्वा तव चिकीर्षितम् । अत्रागतो दिदृक्षुस्त्वां कृपां कुरु मयि प्रभो ! ॥ ४०
मानुष्यनाट्यमासाद्य यन्मां वदसि भक्तवत् । तत्ते शोभनमेवास्ति दास एवास्मि ते त्वहम् ॥ ४१
साकं त्वयाऽऽगमिष्यामि यद्याज्ञा तव तर्हि तु । सेवां वने करिष्यामि नित्यं तव तपस्यतः ॥ ४२

**श्रीभगवानुवाच -**

मारुते! भक्तराजं त्वां जानाम्यनुपमं दृढम् । स्मरामि त्वां यदा तर्हि त्वयाऽऽगम्यं ममान्तिके ॥ ४३

---

**હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિનાં મનુષ્યચરિત્રને કરતાં વચનો સાંભળી હનુમાનજીનું હૃદય ભરાઇ આવ્યું ને કહેવા લાગ્યા કે હે પ્રભુ ! હું આપને મારા ઈષ્ટદેવ સીતાપતિ સાક્ષાત્ રામચંદ્રજી ભગવાન જાણું છું. જે શ્રીરામ ભગવાને આ અયોધ્યાપુરીમાં મને ચિરંજીવી થવાનું વરદાન આપ્યું છે.[૩૭] હે પ્રભુ ! તમે જે દિવસથી આરંભીને છપૈયાથી અયોધ્યાપુરીમાં રહેવા આવ્યા તે દિવસથી પ્રતિદિન નિત્યે હું આપનાં દર્શન કરવા આવું છું.[૩૮] આજે મારો નિત્યવિધિ પૂર્ણ કરીને સંગવ સમયને અંતે આપનાં દર્શન કરવા ધર્મના ભવનમાં આવ્યો પણ ત્યાં આપનાં દર્શન થયાં નહિ.[૩૯] હે પ્રભુ ! તેથી મેં આપનું ધ્યાન કર્યું તેના પ્રભાવે આપે જે કરવા ધાર્યું છે તે સમગ્ર બાબત જાણીને હું આપનાં દર્શન કરવા માટે અહીં આવ્યો છું. આપ દયાળુ મારા ઉપર કૃપા કરો.[૪૦] હે પ્રભુ ! મનુષ્ય નાટ્યને કરતા તમે ભક્તની જેમ, જે કાંઇ મને કહો છો તે આપની શોભા છે. પરંતુ હું તો આપના ચરણનો જ સેવક છું, જો પ્રભુ ! આપની આજ્ઞા હોય તો તમારી સાથે આવું ને વનમાં તપ કરતા આપની હું નિરંતર સેવા કરું.[૪૧-૪૨]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે હનુમાનજીનું નિષ્કપટ વચન સાંભળી શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે મારુતિ ! તમે મારા એકાંતિક ભક્ત છો. તમારી ઉપમા કોની સાથે આપું ? પરંતુ મારુતિ હું જ્યારે તમારું સ્મરણ કરું ત્યારે તમે મારી પાસે આવજો.[૪૩] અત્યારે મને તીવ્ર વૈરાગ્ય વર્તે છે. સંસારમાં સર્વે ઠેકાણેથી હું ઉદાસી છું. તેથી વનમાં મને કોઇનો પણ સંસર્ગ ગમતો નથી, માટે હે હનુમાનજી ! તમે અત્યારે તમારા સ્થળે પધારો, અને તમને પણ મારાં દર્શનની**

तीव्रवैराग्ययुक्तस्य ह्युदासीनस्य सर्वतः । साम्प्रतं रोचते नैव सङ्गः कस्यापि मे वने ॥ ४४
स्वस्थानं याहि यर्हीच्छा तवापि स्यान्मदीक्षणे । तर्हि ध्यानेन बुध्वा मामुपेया यत्र तत्र भो ! ॥ ४५

**सुव्रत उवाच –**

इत्युक्तस्तेन हनुमांस्तदेकान्तिकभक्तराट् । तदिङ्गितज्ञः सहसा तं प्रणम्य तिरोऽभवत् ॥ ४६
क्वचित्क्वचित्तदीक्षायै वनमभ्येत्य दूरतः । प्रणम्य तं तिरोधत्ते क्वचित्तिष्ठति चाग्रतः ॥ ४७
घोरेऽरण्ये क्वचित्तं च समाधिस्थमवेत्य सः । भूतहिंस्रादितो रक्षां करोत्येवाभितश्चरन् ॥ ४८
गते मरुत्सुते सोऽथ मासेनैव महाव्रती । प्रापद्धिमगिरिं कृष्णं व्यतीत्य बहुशोऽटवीः ॥ ४९
उपत्यकायां तस्याद्रेर्दिनैः कतिपयैरसौ । भूरिव्यालमृगाकीर्णं प्रविवेश महावनम् ॥ ५०
सिंहैर्व्याघ्रैर्वराहैश्च महिषैश्च महागजैः । गवयै रुरुभिश्चैव व्याप्तं कस्तूरिकामृगैः ॥ ५१

---

**જ્યારે ઈચ્છા થાય ત્યારે હું જે સ્થળે હોઉં ત્યાં મને ધ્યાનયોગથી જાણી મારી સમીપે આવજો.[૪૪-૪૫] ત્યારે શ્રીહરિના અંતરના અભિપ્રાયને જાણનારા તેથી જ એકાંતિક ભક્તરાજ શ્રીહનુમાનજી શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરી તેજ ક્ષણે અંતર્ધાન થઈ ગયા.[૪૬] પછી ક્યારેક શ્રીહરિનાં દર્શન કરવા જંગલમાં આવતા, દૂરથી જ સાષ્ટાંગ પ્રણામ કરી અંતર્ધાન થઈ જતા. અને ક્યારેક શ્રીહરિ પોતાને જોતા હોય તેમ તેમની આગળ આવીને ઊભા રહેતા. અને ક્યારેક ઘોર જંગલમાં શ્રીહરિ સમાધિનિષ્ઠ છે, એમ જાણી તેમની ચારે તરફ ફરતા રહી ભૂતપ્રેતાદિથી તથા વાઘ, સિંહ આદિ હિંસક પ્રાણીઓથી શ્રીહરિનું રક્ષણ કરતા હતા.[૪૭-૪૮]**

**ધનુષમાંથી છૂટતા બાણ જેવી વર્ણીની તીવ્રગતિ :–** **સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! હનુમાનજી ત્યાંથી અંતર્ધાન થયા પછી અહિંસા, બ્રહ્મચર્યાદિ મહાવ્રતને ધારણ કરનારા શ્રીહરિ અનેક ઘનઘોર જંગલોને ઉલ્લંઘી પૂરા એક મહિને શ્યામવર્ણના હિમાચલ પર્વતની તળેટીએ પહોંચ્યા.[૪૯] ત્યાં તળેટીમાં વિચરણ કરતા શ્રીહરિએ કેટલાક દિવસો પછી એક મહાઅરણ્યમાં પ્રવેશ કર્યો. તે મહાઅરણ્યમાં અનેક પ્રકારના અજગર આદિ મહાસર્પો તથા મૃગલાં આદિ અનેક વનપશુઓ જેવાં કે સિંહ, વાઘ, પાડા, મહાગજરાજો, ભૂંડ, રોઝ, રુરુમૃગ અને કસ્તૂરી મૃગોથી ભરચક હતું, તેમજ બહુ પ્રકારનાં પુષ્પો અને ફળોના ભારથી નમી ગયેલી ડાળીઓવાળાં અનેક પ્રકારનાં વૃક્ષોથી તથા નિર્મળ ઝરણાં અને ખડખડ અવાજ કરતી વહેતી નદીઓથી અને સ્વચ્છ જળવાળાં સરોવરોથી તથા અનેક પ્રકારનાં પક્ષીઓના સમૂહોથી તે મહાવન અત્યંત શોભતું હતું.[૫૦-૫૨]**

बहुपुष्पफलानम्रनानाभूरुहजातिभिः । सरिद्भिश्च सरोभिश्च युक्तं नानापतत्रिभिः ॥ ५२
अतीव सुकुमाराङ्गो वन्यकन्दफलाशनः । निरुपानत्पदो धीरो बालोऽपि हिंस्रनिर्भयः ॥ ५३
आत्मदर्शी दीर्घदर्शी कुशाग्रमतिरस्मयः । विचचार वने तत्र स्वधर्मं परिपालयन् ॥ ५४
वनवासं दुःखरूपमपि गेहसुखाधिकम् । मनुत्ते स्म विरक्तत्वाद्ग्राम्यसौख्यभृशारुचिः ॥ ५५
भरताख्यानपाठाद्यैः प्राप्तासङ्गमतिर्हरिः । पुलहस्याश्रमे कर्तुं तपांसि भृशमुत्सुकः ॥ ५६
एकदा विस्मृताध्वाऽसौ दिशमाबध्य सञ्चलन् । अलब्धफलतोयादिर्व्यत्यक्रामद्दिनत्रयम् ॥ ५७
तुरीयेऽह्नि निरन्नत्वाच्चरतः शिथिलं वपुः । धरण्यां न्यपतत्तस्य वाताहत इव ध्वजः ॥ ५८
स मुहूर्तं तथाभूतः शनैरुत्थाय लोचने । उन्मील्य सर्वतः पश्यन् नदीं दूरादवैक्षत ॥ ५९
शनैश्चलन्नवापत्तां हिमवत्पादनिःसृताम् । आपद्धर्मानुसारेण तत्र नैत्यकमाचरत् ॥ ६०

હે રાજન્ ! આવાં મહાઘોર જંગલમાં અતિશય કોમળ અંગવાળા, વનનાં કંદમૂળ તથા ફળનો માત્ર આહાર કરતા, ઉઘાડે ચરણે વિચરતા, નાની ઉંમર હોવા છતાં વાઘ આદિ હિંસક પશુઓથી નિર્ભયપણે ફરતા હતા. મહાધીરજધારી, આત્મદર્શી તથા પૂર્વાપરનો વિચાર કરી પછીથીજ સર્વ કાર્યમાં પ્રવૃત્ત થતા એવા દીર્ઘદર્શી, અત્યંત તીક્ષ્ણબુદ્ધિવાળા પોતામાં અનંત શુભ ગુણો હોવા છતાં સહજ પણ ગર્વને નહિ ધરતા ભગવાન શ્રીહરિ પોતાના વર્ણીધર્મનું યથાર્થ પાલન કરતા થકા ઘોર જંગલમાં વિચરણ કરવા લાગ્યા.[૫૩-૫૪]

હે રાજન્ ! શ્રીહરિને તીવ્ર વૈરાગ્ય હોવાથી તે સાંસારિક સુખમાં અત્યંત અરુચિ રાખતા. અત્યંત દુઃખરૂપ વનવાસને પણ ઘરના સુખ કરતાં અધિક સુખરૂપ માનતા હતા.[૫૫] શ્રીમદ્‌ભાગવતના પંચમ સ્કંધમાંથી જડભરતજીનાં આખ્યાનને વાંચી શ્રીહરિએ અનાસક્ત બુદ્ધિયોગનો અભ્યાસ કર્યો, અને પુલહાશ્રમમાં જઇ તપશ્ચર્યા કરવા માટે અત્યંત ઉત્કંઠાવાળા થયા.[૫૬] ત્યારપછી પુલહાશ્રમ તરફની દિશાને લક્ષ્ય કરી ચાલવા લાગ્યા, શ્રીહરિ અક વખત માર્ગ ભૂલ્યા અને તે માર્ગે ફળ કે જળ કાંઇ પ્રાપ્ત થયું નહિ. એમ કરતાં ત્રણ દિવસ પસાર થયા.[૫૭] જંગલમાં ચાલતાં ચાલતાં ચોથે દિવસે પણ કાંઇ આહાર પ્રાપ્ત થયો નહિ, તેથી શરીર શિથિલ થયું અને વાયુના ઝપાટાથી જેમ ધ્વજદંડ નીચે પડે તેમ શ્રીહરિ ધરણીપર ઢળી પડ્યા, ત્યારે એક મુહૂર્ત વીત્યા પછી ધીરે ધીરે ઊભા થયા ને નેત્રો ઉઘાડીને ચારે તરફ દૃષ્ટિ કરી ત્યારે દૂર દૂર એક નદી જોવામાં આવી.[૫૮-૫૯]

હે રાજન્ ! મંદમંદ ગતિએ ચાલતા શ્રીહરિ હિમાલય પર્વતની પાસેના

पपौ तोयं ततस्तस्याः प्राप किञ्चन निर्वृतिम् । तत्तीरस्थवटाधस्ताद्विशश्राम स भूपते ! ॥ ६१
स्वप्रेष्ठस्य हरेः कृच्छ्रं वनवाससमुद्भवम् । अशक्नुवन्निव द्रष्टुं विवेशाम्बुनिधिं रविः ॥ ६२
सोऽथसायंतनीं सन्ध्यामुपासामास दर्शयन् । प्राप्तानां तीव्रवैराग्यं नैष्ठिकानां स्थितिं प्रभुः ॥ ६३
अन्धकारो महानासीत्तत्र कृष्णाष्टमीनिशि । नादृश्यन्ताभ्रसन्तत्या छन्नान्यृक्षाणि चानघ ! ॥ ६४
शिवा घूकाश्च शार्दूलाः शब्दयन्त इतस्ततः । भ्रमन्ति स्म च झिल्लीनां शब्दास्तीक्ष्णाश्च जज्ञिरे ॥ ६५
आसन्घनरवा भीमाः सहैव स्तनयित्नुभिः । परितः प्रस्फुरन्ति स्म विद्युतश्च मुहुर्मुहुः ॥ ६६
भूतावल्यो भ्रमन्त्यश्च दूराद्दृशिरे मुहुः । भयङ्करैव सा रात्रिर्धीराणामप्यभून्नृप! ॥ ६७

हरिस्तु राधापतिमेव चित्ते दृढासनः स्वं परिचिन्तयानः ।
प्रापत्समाधिं गतभीः प्रशान्त आसीद्वपुर्भानविहीनवत्सः ॥ ६८

---

નાના પર્વતમાંથી નીકળતી તે નદીને કિનારે પહોંચ્યા. તે નદીમાં સ્નાન કરી આપત્કાળના ધર્મને અનુસારે સંધ્યાવંદન આદિ નિત્ય કર્મ કરી તે નદીનું જળપાન કર્યું. જેનાથી કાંઇક શાંતિ થઇ. પછી તે નદીને કિનારે ઊભેલા વિશાળ વટવૃક્ષની નીચે વિશ્રામ કર્યો. તે સમયે પોતાના પ્રાણપ્રિય ભગવાન શ્રીહરિના વનવાસ જન્ય કષ્ટને નહીં જોઇ શકવાથી ભુવનભાસ્કર સૂર્યદેવ પણ અસ્તાચળને પામ્યા.[૬૦-૬૨]

**પ્રથમ ગોકુલાષ્ટમીની અંધારી રાત :–** થોડા વિશ્રામ પછી ભગવાન શ્રીહરિએ તીવ્રવૈરાગ્યવાળા નૈષ્ઠિક બ્રહ્મચારીઓની ધર્મ-મર્યાદાઓનું આ પૃથ્વી પર યથાર્થ સ્થાપન કરવા સાંજની સંધ્યા ઉપાસના કર્મનું અનુષ્ઠાન કર્યું.[૬૩] હે રાજન્ ! સંવત્ ૧૮૪૯ ના શ્રાવણવદ ગોકુલાષ્ટમીની રાત્રીનું મહાન ઘોર અંધારું છવાયું. મેઘાડંબરથી આકાશ ઢંકાયેલું હોવાથી તારા મંડળનાં પણ દર્શન થતાં ન હતાં. આવો મહા અંધકાર છવાયો હતો.[૬૪] હે રાજન્ ! આવી ઘોર અંધારી રાતમાં શિયાળિયાં, ઘુવડ, વાઘ વિગેરે પ્રાણીઓ ભયંકર શબ્દોના અવાજ કર્તા અહીં તહીં પરિભ્રમણ કરી રહ્યાં હતાં, તેમજ તમરાંઓના તીખા શબ્દો પણ સાંભળનારાને કર્ણશૂળ સમાન લાગતા હતા. આકાશમાં વીજળીના પાત સાથે મેઘની ભયંકર ગર્જનાઓ થતી હતી, અને ચારે તરફ વારંવાર વીજળીના ઝબકારાઓ થતા હતા.[૬૫-૬૬] દૂર દૂર અહીં તહીં ભમતી ભૂતાવળોની હારમાળાઓ વારંવાર દેખાતી હતી. હે રાજન્ ! મહાઘોર જંગલની આ ભયંકર રાત્રી મહાધીરજશાળી પુરુષોને પણ અતિશય બિહામણી લાગે તેવી હતી.[૬૭]

હે રાજન્ ! આવી ભયંકર રાત્રીમાં પણ ભગવાન શ્રીહરિ શરીરનું ભાન

तत्राजगाम सहसा धृतसूक्ष्मरूपस्तद्दर्शनोत्सुकमना: पवनाङ्गजन्मा ।
नत्वा तमाश्रितसमाधिमवेक्ष्य तत्तु स्थानं भयङ्करमवेत्य स तत्र तस्थौ ॥६९

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
*हरिप्रव्रज्यायां हिमाद्रिविचरणनामा द्विचत्वारिंशोऽध्याय: ॥ ४२ ॥*

---

## ॥ त्रिचत्वारिंशोऽध्याय: ॥

**सुव्रत उवाच –**

महानिशायां प्राप्तायां भैरवस्तत्र भूतराट् । आययौ सहसा राजन् ! कृतान्त इव देहिनाम् ॥ १

---

ભૂલી, દઢ આસનવાળી સમાધિમાં ઉતરી ગયા હોય તેમ રાધિકાના પતિ ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ તેમજ આત્મસ્વરૂપનું પરિચિંતવન કરતા નિર્ભયપણે પ્રશાંત સ્વરૂપે બેઠા હતા.[૬૮] તે સમયે ભગવાન શ્રીહરિનાં દર્શનની અત્યંત ઉત્કંઠા ધરાવતા પવનપુત્ર હનુમાનજી નાનું રૂપ ધારણ કરી અચાનક તે સ્થળે પધાર્યા ને સાષ્ટાંગ પ્રણામ કરી જોયું તો શ્રીહરિ સમાધિ સ્થિતિમાં બિરાજે છે, અને આ જંગલમાં જે જગ્યાએ બેઠા છે તે સ્થાન અતિશય ભયાનક છે એમ જાણી રક્ષા કરવા ત્યાંને ત્યાં ઊભા રહ્યા.[૬૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રીહરિએ સદંતર ઘરનો ત્યાગ કર્યો અને હિમાલયના ઘોર વનમાં વિચરણ નિરૂપણ કર્યું એ નામે બેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૨--***

---

## અધ્યાય – ૪૩

## વટવૃક્ષવાસી કાળભૈરવાદિ ભૂતાવળને હનુમાનજીએ ચખાડ્યો મેથીપાક.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મધ્યરાત્રિનો સમય થયો તેવામાં સર્વ ભૂતપ્રેતનો અધિપતિ કાળભૈરવ દેહધારીઓના જીવને લેવા આવતા કાળની જેમ જ્યાં શ્રીહરિ બેઠા છે ત્યાં આવ્યો.[૧]

पिशाचैर्डाकिनीभिश्च भैरवीयोगिनीगणैः । वृतस्त्रिशूलपाणिश्च जटिलोऽरुणवीक्षणः ॥ २
दीपिकानां सहस्रेण दृश्यस्तालद्रुमोपमः । व्यात्तास्यस्तीक्ष्ण दंष्ट्रोग्रो मषीवर्णो भयङ्करः ॥ ३
मनुष्यपशुपक्ष्यादिमांसतृप्तः खरारवः । दन्तान्तरगतांश्चर्वन् पशूञ्जीवत एव च ॥ ४
रक्ताञ्चितसमग्राङ्गः प्रेतैरनुगतोऽसितैः । स्कन्धासक्ताहृतमृगवराहमहिषादिभिः ॥ ५
तद्वटद्रुमवाससश्च तद्वनप्राणिभोजनः । विहारार्थं च भक्ष्यार्थं गतः पुनरुपागतः ॥ ६
तस्य तस्यानुगानां च घोरशब्देन भूरिणा । सन्त्रस्ता दुद्रुवुर्वन्याः शार्दूलाद्या इतस्ततः ॥ ७
तच्छब्दं मारुतिः श्रुत्वा चक्रे किलकिलध्वनिम् । तत्रसुस्तेन ते सर्वे व्याप्तेन ककुभश्च खम् ॥ ८
हरिस्तेन जजागार प्रेतपं च ददर्श तम् । तथाप्युनुद्विग्नमनाः स्वस्थस्तस्थौ स निर्भयः ॥ ९

---

**તે કાળભૈરવ પિશાચ, ડાકિની, ભૈરવી અને યોગિનીઓના સમુદાયથી વીંટાયેલો હતો, તેણે હાથમાં ત્રિશૂલ ધારણ કર્યું હતું. પગ સુધી લાંબી જટાવાળો તે લાલધુમ નેત્રોથી આમતેમ જોઇ રહ્યો હતો.[૨] હજારો દીવડાઓ ધારી પિશાચના સમુદાયની વચ્ચે તાલવૃક્ષની જેમ ઊંચો દેખાતો હતો. પહોળું મુખ અને ભયંકર તીક્ષ્ણ દાંતવાળો તે કાળભૈરવ કાજળ જેવો કાળો હોવાથી મહાભંયકર જણાતો હતો.[૩] મનુષ્ય, પશુ, પક્ષી આદિકનું માંસ ખાઇ ખાઇને તૃપ્ત થયો હતો, ગર્દભના જેવા ભયંકર શબ્દોને કરતો તે દાંતમાં જીવતાં પશુઓને ચાવતો હોવાથી લોહીથી તેના સમગ્ર અવયવો ખરડાયેલ હતાં, કાજળ જેવા કાળા વર્ણના પ્રેતો તેની પાછળ આવી રહ્યા હતા. મરેલાં મૃગલાં, ભૂંડો અને પાડાઓ ખભા ઉપર નાખીને તે આવતો હતો. શ્રીહરિ જે વૃક્ષ નીચે વિરાજતા હતા તે વટવૃક્ષમાં તેનો નિવાસ હતો અને તે વનનાં પ્રાણીઓ તેનું ભોજન હતું તેથી આહાર અને વિહાર માટે બહાર જઇ પાછો તે વટવૃક્ષ પાસે આવ્યો.[૪-૬]**

**હે રાજન્ ! તે કાળભૈરવ અને તેના અનુયાયી ભૂતપ્રેતોના અનેક ભયાનક શબ્દોથી ત્રાસ પામેલાં વનનાં વાઘ આદિ પશુઓ ચારે તરફ આમ તેમ ભાગવા લાગ્યાં. તે સમયે તેના ભયંકર શબ્દો સાંભળી શ્રીહરિનાં દર્શને આવેલા હનુમાનજીએ વાનર જાતિનો કિલકિલાટ ધ્વનિ કર્યો, દશે દિશાઓમાં વ્યાપી ગયેલા તે હનુમાનજીના ભયાનક ધ્વનિથી કાળભૈરવ અને ભૂતપ્રેતના ગણો મહાત્રાસ પામવા લાગ્યા.[૭-૮] તે સમયે હનુમાનજીનો શબ્દ સાંભળી શ્રીહરિ સમાધિમાંથી જાગ્રત થયા ને સામે ઊભેલા ભૂતપ્રેતાદિકના અધિપતિ ભયંકર ભૈરવને જોયો. આવા ભયંકર ભૈરવને જોવા છતાં કોઇ જાતનો ભય પામ્યા વગર નિર્ભયપણે શ્રીહરિ સ્વસ્થચિત્તે બેઠા રહ્યા અને ફરી સમાધિમાં ઉતરી ગયા.[૯]**

तं दृष्ट्वा सगणः क्रुद्धो भैरवो भीमदर्शनः । प्राहास्मत्स्थानगं ह्येनं भूत ! भक्षय सत्वरम् ॥ १०
प्रेत ! मारय शूलेन रक्षः ! खादास्य चामिषम् । पिब डाकिनि ! शीघ्रं त्वं कवोष्णं रक्तमस्य च ॥ ११
वदन्नित्थं तत्समीपमागतो हन्तुमुद्यतः । गणा जिघृक्षवस्तं च चक्रुर्घोरं रवं मुहुः ॥ १२
तावत्स्वरूपं जग्राह महागिरिनिभं कपिः । पुच्छेनावेष्ट्य शतशः पिशाचान्सोऽहनत्पदा ॥ १३
मृतप्राया बभूवुस्ते किन्तु स्वाशुभकर्मभिः । नारका इव दीर्णाङ्गा न म्रियन्ते स्म भूमिप ! ॥ १४
भैरवं दृढमुष्ट्यैव ताडयित्वा महारवम् । चकार भूयः कीशेन्द्रो दर्शयन्विकृताननम् ॥ १५
उद्वमन्रक्तमास्येन न्यपतत्स हतो भुवि । गण्डशैल इवागेन्द्राच्चूर्णयञ्छतशः स्वकान् ॥ १६
पुनस्ताडनभीतोऽसौ शनैर्दूरमगात्ततः । दुद्रुवुश्च गणास्तस्य त्रस्ताः सर्व इतस्ततः ॥ १७

---

હે રાજન્ ! જોવા માત્રથી ભયંકર જણાતો અને ભૂતપ્રેતના ટોળામાં ઊભેલો ભૈરવ શ્રીહરિને પોતાના સ્થાનમાં બેઠેલા જોઈને અત્યંત ક્રોધાયમાન થયો અને કહેવા લાગ્યો કે હે ભૂતો ! આ તપસ્વી આપણા અધિકારના ક્ષેત્રમાં આવ્યો છે, તેનું તમે ભક્ષણ કરો. હે પ્રેતો ! તમે એને ત્રિશૂલથી મારો. હે રાક્ષસો ! તમે એનું માંસ ખાઓ. હે ડાકિનીઓ ! તમે એનું ગરમાગરમ લોહી પીઓ. આ પ્રમાણે બકતો શ્રીહરિને મારવા તત્પર થઈ શ્રીહરિની સમીપે આવ્યો, અને તેના અનુચરો પણ શ્રીહરિને પકડવા વારંવાર ઘોર અવાજો કરવા લાગ્યા.[૧૦-૧૨]

હે રાજન્ ! તેવામાં તો હનુમાનજીએ મોટા ડુંગરા જેવું વિશાળ પોતાનું રૂપ ધારણ કર્યું અને પોતાના ચમત્કારી લાંબાં પૂછડાં વડે સેંકડો ભૂતપ્રેતોને વીંટીને બાંધી પોતાના પગની લાતોનો પ્રહાર કરવા લાગ્યા.[૧૩] હે ભૂમિપતિ ! હનુમાનજીની લાતોના પ્રહારથી તેઓનાં અંગો તૂટી ફુટી છિન્નભિન્ન થયાં ને મૃતઃપ્રાય દશાને પામ્યાં, છતાં પણ નારકી જીવોની પેઠે પોતાનાં અશુભ કર્મોનું ફળ ભોગવવાનું બાકી હોતાં કોઈ મર્યા નહિ.[૧૪] પછી હનુમાનજીએ ભૈરવને પોતાની વજ્રસમાન ગાઢ મુષ્ટિકાનો જોરદાર પ્રહાર કરી ભયાનક રૂપ દેખાડી મોટી ગર્જના કરી એક મુષ્ટિકાનો પ્રહાર કર્યો તેથી ભૈરવના મુખમાંથી લોહીની ઉલટીઓ થવા લાગી. અને પોતાના સાથી સેંકડો ભૂતપ્રેતોનું કરચરઘાણ વાળતો તે ભૈરવ ગિરિશિખર ઉપરથી તૂટી પડેલા મોટા પથ્થરની માફક ધરણી ઉપર ઢળી પડ્યો.[૧૫-૧૬] પછી હનુમાનજીની મુષ્ટિકાના પુનઃ પ્રહારના ભયથી ભયભીત થઈ ધીમેથી ઉઠી ધીરે ધીરે દૂર દૂર ચાલ્યો ગયો. અને તેમના સાથી ભૂતપ્રેતના સમૂહો પણ થરથર ધ્રુજતા આમ તેમ ચારે તરફ પલાયન થઈ ગયા.[૧૭]

तत्र तत्र निलीयैव तस्थुस्ते सकलां निशाम् । कपीन्द्रोऽस्ति गतो वेति वीक्षमाणाः प्रतिक्षणम् ॥ १८
ध्यानस्थितस्तु भगवान् गूढैश्वर्यः स्वमायया । नैवाब्रवीत्किञ्चिदपि व्युत्तस्थौ चारुणोदये ॥ १९
स्नात्वाह्निकं कुर्वतेऽस्मै फलान्याहृत्य मारुतिः । सुस्वादूनि ददौ जानन्नुपोषणचतुष्टयम् ॥ २०
हरिः कृताह्निकस्तस्य प्रशंसन्नुपकारिताम् । भुक्त्वा तानि जलं पीत्वा गन्तुमैच्छत्ततोऽग्रतः ॥ २१
हनूमन्तं परिष्वज्य बालमूर्तिधरं ततः । प्राह रक्ष्या वयं काले त्वयाऽसि कुलदेवता ॥ २२
मारुतिस्तमुवाचाथ मा मां मोहय मायया । दासोऽस्मि तव हे राम! धर्मनन्दन ! मां स्मरेः ॥ २३
उक्त्वेत्थमन्तर्धिमगात्प्रीतः पवननन्दनः । उदङ्मुखो हरिः प्रायात्प्राणिश्रेयस्कृदीक्षणः ॥ २४

હે રાજન્ ! તે ભૈરવ અને તેના ભૂતગણો મહાકપિ હનુમાન ગયો કે નહિ ? એમ પ્રતિક્ષણે છૂપી રીતે આ બાજુ જોતાં તે સ્થાનમાં છૂપાઈને આખી રાત્રી બેસી રહ્યાં. પરંતુ કોઈને નિદ્રા આવી નહિ.[૧૮] પોતાની માયાથી ઐશ્વર્ય પ્રતાપને છૂપાવીને ધ્યાન સ્થિતિમાં બેઠેલા ભગવાન શ્રીહરિ આટલો કોલાહલ થવા છતાં એક પણ શબ્દ બોલ્યા નહિ. અને સૂર્યોદય થતાં ધ્યાન દશામાંથી જાગ્રત થયા. પછી નદીમાં સ્નાન કરી પોતાનો સંધ્યાવંદન આદિ નિત્યવિધિ કર્યો. તેવામાં હનુમાનજીએ શ્રીહરિને ચાર દિવસના ભૂખ્યા જાણી સુંદર સ્વાદિષ્ટ ફળો લાવીને અર્પણ કર્યાં.[૧૯-૨૦] તે સમયે આહ્નિક વિધિથી પરવારેલા શ્રીહરિએ હનુમાનજીના ઉપકારની ખૂબ પ્રશંસા કરી અને તેણે અર્પણ કરેલાં ફળો ઠાકોરજીને નૈવેદ્ય ધરી શ્રીહરિ પ્રસાદ જમ્યા અને જળપાન કરી ત્યાંથી આગળના પ્રદેશોમાં જવાની ઈચ્છા કરી.[૨૧]

**હનુમાનજીની સેવાથી અતિપ્રસન્ન શ્રીહરિ :–** હે રાજન્ ! શ્રીહરિ નાનું બાળસ્વરૂપ લઈ ઊભેલા હનુમાનજીને બાથમાં લઈ ભેટ્યા અને કહેવા લાગ્યા કે હે હનુમાનજી ! તમે મારું આવા કોઈ આપત્કાળમાં રક્ષણ કરતા રહેજો. કારણ કે તમે અમારા કુળદેવ છો. હે રાજન્ ! તે વખતે હનુમાનજી ભગવાન શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે મારા ઈષ્ટદેવ રામ ! તમારી મનુષ્યલીલારૂપ માયાથી મને મોહ ન પમાડો. કારણ કે, હે ધર્મનંદન ! હું તમારો દાસ છું. ક્યારેક તમારા દાસની ગણનામાં મને યાદ કરજો.[૨૨-૨૩] હે રાજન્ ! આ પ્રમાણે કહીને પવનપુત્ર ખૂબ પ્રસન્ન થયા અને ત્યાંથી અંતર્ધાન થયા. પછી દર્શન માત્રથી જીવપ્રાણી માત્રનું કલ્યાણ કરનારા ભગવાન શ્રીહરિ ત્યાંથી ઉત્તરદિશા તરફ આગળ ચાલ્યા. આ રીતે શ્રીહરિ માર્ગમાં ચાલતાં જ્યાં રાત્રી થાય ત્યાં જ નિર્ભય થઈ નિવાસ કરતા અને જે કોઈ ફળ-ફૂલ કે અન્નાદિ પ્રાપ્ત થાય તેનું ભોજન લેતા અને ક્યારેક

यत्र रात्रिः पतेन्मार्गे तत्रैवोवास निर्भयः । यथालब्धफलान्नादि भुञ्जानः क्वाप्युपावसन् ॥ २५
दिनैः कतिपयैः श्यामं तं व्यतीत्य हिमालयम् । अग्रे श्वेतं तमेवाद्रिं ददर्श गगनस्पृशम् ॥ २६
रौप्यवर्णं द्रुमैर्हीनं पशुपक्ष्यादिवर्जितम् । विचित्रधातुखनिभिर्युक्तं विततकन्दरम् ॥ २७
तपस्विजनसंसेव्यं सेवितं देवतागणैः । क्वचिच्च हेमवर्णं तं ददर्श गिरिमद्भुतम् ॥ २८
उपत्यकास्वेव चरंस्तस्यासावेकदा नृप ! । विस्मृताध्वा नदीं काञ्चित्प्राप तत्पादनिःसृताम् ॥ २९
तां क्वचिज्जानुदघ्नोदां क्वाप्यगाधजलां हरिः । प्रतिपूरं तरन् यातो ददर्शाग्रे नगद्वयम् ॥ ३०
एकस्तस्याः पश्चिमे च प्रागेकश्चोन्नतो गिरिः । तयोरन्तर्नदीमूलमवैक्षत महागुहाम् ॥ ३१

ઉપવાસ પણ થતો.[૨૪-૨૫]

**વર્ણીનું શ્યામગિરિથી શ્વેતગિરિપર આગમન :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ રીતે કેટલાક દિવસો પ્રસાર થતાં શ્રીહરિએ હિમાલયના શ્યામગિરિ શિખરોનું ઉલ્લંઘન કરી આગળના પ્રદેશમાં હિમાલયના ગગનસ્પર્શી શ્વેતગિરિ શિખરોનાં દર્શન કર્યાં.[૨૬] આ શ્વેતગિરિ જાણે ચાંદીનો ઢગલો હોય તેવો જણાતો હતો. તે પશુ, પક્ષી અને વૃક્ષોથી રહિત હતો, પરંતુ અનેક પ્રકારની ધાતુ ભરેલી ખાણોથી યુક્ત હતો, અને તેમાં વિશાળ ગુફાઓ પણ હતી.[૨૭] તપસ્વી પુરુષો અને દેવતાઓનાં વૃંદો જેનું બહુ સેવન કરે છે એવો આ શ્વેતગિરિ સૂર્યની કિરણો પડવાથી ક્યાંક સોનાના વર્ણ જેવો જણાતો હતો. આવા અદ્ભૂત શ્વેતગિરિનાં શ્રીહરિએ દર્શન કર્યાં.[૨૮] હિમાલયના શ્વેતગિરિની ટળેટીમાં વિચરણ કરતા શ્રીહરિ એક વખત માર્ગ ભૂલ્યા ને પર્વત અંદરથી નીકળીને પ્રસાર થઇ રહેલી નદીને કિનારે આવ્યા.[૨૯] આ નદી કોઇ જગ્યાએ ઢીંચણ પર્યંત જળવાળી તો કોઇ જગ્યાએ અગાધ જળવાળી હતી, શ્રીહરિ તેમાં સામે પૂરે તરીને ચાલ્યા ત્યાં આગળના ભાગમાં વિશાળ ગગનચુંબી બે પર્વતોનાં દર્શન થયાં.[૨૯-૩૦]

**વર્ણીને મૂર્તિમાન હિમાલયે દેખાડ્યો માર્ગ :–** હે રાજન્ ! તેમાંથી એક અતિ ઊંચો પર્વત તે નદીના પૂર્વ ભાગમાં હતો અને બીજો તેવો જ પર્વત નદીના પશ્ચિમભાગમાં હતો. શ્રીહરિએ તે બન્ને પર્વતની વચ્ચે આ નદીના ઉદ્ગમ સ્થાનરૂપે એક મોટી ગુફા જોઇ.[૩૧] અહીંથી આગળ જવાનો હવે કોઇ માર્ગ દેખાતો ન હતો. પાછું પણ વળાય નહિ. તેવામાં સૂર્યનારાયણ અસ્તાચળ પામ્યા. તે સમયે શ્રીહરિએ પૂર્વદિશાના પર્વત ઉપર કોઇ દેવજેવો જણાતા પુરુષને જોયો.[૩૨] હે રાજન્ ! તે પુરુષ બીજું કોઇ નહિ પરંતુ મૂર્તિમાન સ્વયં હિમાલય

ततोऽध्वानं स नापश्यत्सूर्यश्चास्तमुपागमत् । अथ प्राक्पर्वते कश्चित् पुमान् दृष्टोऽमरोपमः ॥ ३२
स हि मूर्तो हिमगिरिस्तं कञ्चित्सिद्धयोगिनम् । दैवादमार्गगं ज्ञात्वा तत्र मार्गमदर्शयत् ॥ ३३
प्रविश्यास्यां गुहायां त्वं नद्यामेव व्रजच्छनैः । अग्रे वर्त्म प्राप्स्यसीति तमुक्त्वाऽभूत्तिरो नगः ॥ ३४
तच्छ्रुत्वा प्रचलंस्तेन पथा भूरितमोभृता । निशः प्रथमयामान्ते बहिर्मार्गमवाप सः ॥ ३५
तत्रगाधजलो दृष्टो ह्रदस्ते नातिविस्तृतः । तटे तस्यावसत्तां तु निशां क्षुधित एव सः ॥ ३६
प्रातस्ततः प्रचलितस्तृतीयेऽह्नि महापथम् । प्रापेत्थं स व्यतीयाय दुर्गस्थानानि भूरिशः ॥ ३७

इत्थं ह्यमानुषकृतिर्नृप ! वर्णिराजः पश्यन्नुमाजनयितुः स विचित्रशोभाम् ।
प्रापाश्रमं कतिपयैर्दिवसैर्मनोज्ञं ब्रह्मात्मजस्य पुलहाख्यमुनेः प्रसिद्धम् ॥३८

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
*भैरवगणपराजयपुलहाश्रमागमननिरूपणनामा त्रिचत्वारिंशोऽध्यायः ॥४३॥*

---

**હતા. દૈવવશાત્ કોઈ સિદ્ધ બાલાયોગી માર્ગ ભૂલ્યા છે, એમ જાણી માર્ગ દેખાડવા આવ્યા હતા, તે માર્ગ દેખાડતાં બોલ્યા કે, હે યોગેશ્વર ! તમે આ ગુફામાં પ્રવેશ કરો. ગુફામાંથી આવી રહેલી નદીમાં ધીરે ધીરે આગળ ચાલતાં તમને આગળ માર્ગ પ્રાપ્ત થશે, હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિને માર્ગ દેખાડી હિમાલય અદૃશ્ય થઈ ગયા.[૩૩-૩૪]**

**હે રાજન્ ! હિમાલયનાં આવાં વચનો સાંભળી ભગવાન શ્રીહરિ અતિશય અંધકારમય તે ગુફાના માર્ગે નદીના સામે પૂરે ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં રાત્રીના એક પહોર પછી આશરે નવ વાગ્યાના સમયે ગુફાથી બહાર નીકળ્યા ને એક માર્ગને પામ્યા.[૩૫] ત્યારે શ્રીહરિએ તે સ્થળે જળથી ભરેલો વિશાળ અને અગાધ એક ધરો જોયો. ભૂખ્યા થયેલા શ્રીહરિ તે ધરાને કિનારે જ રાતવાસો રહ્યા.[૩૬] પ્રાતઃકાળે તે ધરાના સ્થાનેથી આગળ ચાલતાં અનેક મહા વિકટ સ્થળોને ઉલ્લંઘન કરી ત્રીજે દિવસે કોઈ એક પ્રસિદ્ધ મહામાર્ગને પામ્યા.[૩૭]**

**પ્રસિદ્ધ પુલહાશ્રમમાં પ્રેમવતીપુત્રનું પવિત્રપાદાર્પણ :–** **હે રાજન્ ! આ રીતે આગળ ચાલતાં ચાલતાં અમાનુષિક દિવ્યલીલાનો વિસ્તાર કરતા નૈષ્ઠિક વર્ણી ભગવાન શ્રીહરિ પાર્વતીના પિતા હિમાલયની અનેકવિધ શોભા સંપત્તિનું દર્શન કરતા કેટલાક દિવસો પછી બ્રહ્માના પુત્ર પુલહમુનિના નામથી પ્રસિદ્ધ એવા અત્યંત મનોહર પુલહાશ્રમ ક્ષેત્રમાં આવ્યા.[૩૮]**

## चतुश्चत्वारिंशोऽध्यायः ॥ ४४ ॥

सुव्रत उवाच –

तं ददर्शाश्रमं कृष्णो दर्शनादेव पावनम् । तपः सिद्धिप्रदं तूर्णं श्रयणीयं मुमुक्षुभिः ॥ १
यत्रात्मभक्तवात्सल्यादिच्छारूपेण नित्यदा । साक्षात्कृष्णः सन्निहितो भगवान्भवति ध्रुवम् ॥ २
आर्षभो भरतो यत्र तपश्चक्रे पुरा नृप ! । महापुण्या चक्रनदी परितो यत्र वर्तते ॥ ३
तत्र स्नात्वा महानद्यां नित्यकर्म विधाय च । स चक्रे मुक्तनाथस्य विष्णोर्दर्शनपूजने ॥ ४
भरतस्य तपःस्थाने स्वावासमकरोत्ततः । तद्वदाराधनं विष्णोरकार्षीच्च महातपाः ॥ ५
मृगार्भे दयया तस्य विष्णूपासन आस यः । विघ्नं स्मरंस्तं च मुहुरसङ्गो नित्यमास सः ॥ ६

---

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ભૈરવ અને તેના ભૂતપ્રેતાદિ ગણોનો પરાભવ કરી શ્રીહરિ પુલહાશ્રમક્ષેત્રમાં પધાર્યા એ નામે તેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૩--***

---

## અધ્યાય – ૪૪

## પુલહાશ્રમમાં શ્રીહરિએ તપશ્ચર્યા કરી સૂર્યનારાયણને પ્રસન્ન કર્યા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન ! દર્શન માત્રથી પાવન કરનાર તત્કાળ તપની સિદ્ધિ આપનાર અને મુમુક્ષુજનોએ આશ્રય કરવા યોગ્ય એવા પુલહાશ્રમનાં ભગવાન શ્રીહરિએ દર્શન કર્યાં.[૧] જે આશ્રમમાં ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ભક્તજનો ઉપર અતિશય વાત્સલ્ય ભાવ હોવાથી તેને અપેક્ષિત રૂપને ધારણ કરી નિરંતર નિવાસ કરીને રહે છે.[૨]

હે રાજન્ ! આ આશ્રમમાં પૂર્વે ઋષભદેવના પુત્ર ભરતજીએ તપશ્ચર્યા કરી છે, તેમજ અહીં સ્નાન માત્રથી અતિપાવન કરનાર ગંડકી નદી આશ્રમની ચારે તરફ ચક્રાકારે વહી રહી છે.[૩] ભગવાન શ્રીહરિએ તે મહા પવિત્ર નદીમાં સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કરી ભગવાન વિષ્ણુના અર્ચા સ્વરૂપે બિરાજતા મુક્તનાથ ભગવાનનું દર્શન અને પૂજન કરી મહા તપસ્વી શ્રીહરિએ ભરતજીના જ તપોસ્થાનમાં પોતાનો નિવાસ કર્યો અને ભરતજીની જેમ જ વિષ્ણુની આરાધના

सन्त्यक्तबाह्यसङ्गोऽपि पुरञ्जनकथां मुहुः । चिन्तयन्नान्तरस्यापि बुद्ध्यादेः सङ्गमुज्जहौ ॥ ७
असङ्गं निर्गुणं शुद्धं प्रकाशं नित्यमक्षरम् । सच्चिद्रूपं स्वमात्मानं मन्यते स्माजमव्ययम् ॥ ८
तत्रैकेन पदा तिष्ठन्नूर्ध्वबाहुद्वयो जपन् । गायत्रीं वेदजननीं तपोऽतप्यत दुष्करम् ॥ ९
अर्कमण्डलमध्यस्थं भगवन्तं हिरण्मयम् । शङ्खचक्रधरं देवं दध्यौ हृदि तपश्चरन् ॥ १०
त्रिकालं गण्डकिस्नानं मुक्तानाथस्य पूजनम् । विदधत्प्रत्यहं चक्रे तपः फलदलादिभुक् ॥ ११
तस्य विप्रबटोर्बाल्ये दृष्ट्वा भूरितरं तपः । विस्मयं प्रापुरत्यर्थं बहवोऽपि तपस्विनः ॥ १२
किं कायाधव एष किं ध्रुव उत स्कन्दः कुमारोऽथवा ।
दत्तो वा ऋभुरेष किन्नु भगवान्नारायणर्षिर्नरः ॥

---

કરવા લાગ્યા.[૪-૫] ભરતજીને જેમ મૃગબાળક ઉપર દયા કરવાથી ભગવાનની આરાધનામાં જે વિઘ્ન થયું હતું તેનું મનમાં સતત અનુસંધાન રાખી શ્રીહરિ હમેશાં નિઃસંગપણે વર્તતા હતા.[૬]

હે રાજન્ ! આ રીતે શ્રીહરિ બહારથી નિઃસંગપણે વર્તતા છતાં પણ શ્રીમદ્ભાગવતના ચોથા સ્કંધમાં નારદજીએ પ્રાચીન બર્હિષ રાજાને કહેલી પાંચ અધ્યાયવાળી પુરંજનરાજાની કથાને પોતાના અંતરમાં વારંવાર વિચારી બુદ્ધિ આદિના સંગનો પણ ત્યાગ કરી દીધો. અને પોતાના આત્માને અસંગ, નિર્ગુણ, શુદ્ધ, નિર્વિકારી, પ્રકાશક, નિત્ય, અનાદિ, અક્ષર, સત્યસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, અજન્મા અને અવિનાશી માનવા લાગ્યા.[૭-૮]

**વર્ણીએ એકપગે ઊભા રહી કરેલું તીવ્રતપ :–** હે રાજન્ ! ભગવાન શ્રીહરિ આ રીતે અત્યંત નિઃસંગ રહી તે જ સ્થળે એક પગે ઊભા રહી બે હાથ ઉંચા રાખીને વેદમાતા ગાયત્રીમંત્રનો જપ કરતા કોઈ દેવતા કે મનુષ્યથી કરવું દુષ્કર એવું તીવ્ર તપ કરવા લાગ્યા. હે રાજન્ ! તપશ્ચર્યા કરતા શ્રીહરિએ સૂર્યમંડળના મધ્ય ભાગમાં બિરાજતા શંખ, ચક્રધારી દિવ્યમૂર્તિ ભગવાન શ્રીહિરણ્યમય પુરુષનું પોતાના હૃદયમાં ધ્યાન કર્યું.[૯-૧૦] આ રીતે શ્રીહરિ પ્રતિદિન ત્રણ વખત ગંડકીમાં સ્નાન કરી મુક્તનાથ ભગવાનનું પૂજન કરતા અને ફળ ફૂલ આદિનો આહાર કરી તીવ્ર તપ કરતા.[૧૧] બાલ્યાવસ્થામાં જ વિપ્ર બટુક બ્રહ્મચારીનું આવું તીવ્ર તપ જોઈને બીજા કેટલાય તપસ્વી મુનિઓ અત્યંત વિસ્મય પામી ગયા ને તર્ક કરવા લાગ્યા કે, પૂર્ણિમાના ચંદ્ર જેવી શાંત શીતળ કાંતિને ધારણ કરતા આ બ્રહ્મચારી મનુષ્યોથી ન થઈ શકે તેવું દુષ્કર તપ કરે છે, તે કોણ હશે ? શું આ

दुःसाध्यानि नृभिस्तपांसि कुरुते पूर्णेन्दुशान्तद्युति-
रित्याश्चर्यवशात्तपस्विमुनिभिस्तेपे तपस्तर्कितः ॥ १३
तपस्यन्तं च तं दृष्ट्वा तत्स्वरूपविदश्च ये । ते तु ग्लानिं परां प्रापुः स्वप्रेष्ठकृच्छ्रदर्शनात् ॥ १४
सदा सहचरौ तस्य भक्तिधर्मौ तपःप्रियौ । तपः कुर्वति तस्मिन् स्म तिष्ठतस्तस्य पार्श्वयोः ॥ १५
ऊर्ध्वबाहोरेकपदा तिष्ठतोऽतिकृशस्य च । भक्तिर्दक्षे वृषो वाम आस्तां भूपातशङ्कया ॥ १६
निर्दम्भमेव मुनिवदादित्यमुपतिष्ठतः । चातुर्मास्यं व्यतीयाय साश्चर्यान्कुर्वतो मुनीन् ॥ १७
एकादश्यां प्रबोधन्यामथ साक्षाद्दिवाकरः । उपेयायान्तिकं तस्य द्विभुजो दिव्यविग्रहः ॥ १८
तं विलोक्य निजाभ्याशे साक्षाद्भास्करमागतम् । प्रणम्य साष्टाङ्गमसौ बद्धाञ्जलिपुटोऽब्रवीत् ॥ १९

---

કયાધુપુત્ર પ્રહ્લાદ હશે ? અથવા ધ્રુવ કે કાર્તિક સ્વામી હશે ? કે ભગવાન દત્તાત્રેય કે ઋભુ હશે ? અથવા તો સાક્ષાત્ ભગવાન નારાયણઋષિ તો સ્વયં નહિ હોય ને ? આ પ્રમાણે તપસ્વીઓ અને મુનિઓને અત્યંત આશ્ચર્ય સાથે તર્ક ઉપજાવતા ભગવાન શ્રીહરિ અતિ ઉગ્ર તપશ્ચર્યા કરી રહ્યા હતા.[૧૨-૧૩]

**શ્રીહરિના તીવ્રતપથી દુઃખી થયલાં ભક્તહૃદયો :–** હે રાજન્ ! આવું તીવ્ર તપ કરતા શ્રીહરિને જોઈને આ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ ભગવાન છે એમ તેમના સ્વરૂપને બુદ્ધિયોગથી જાણનારા ઋષિમુનિઓ પોતાના પ્રાણ પ્યારા ઈષ્ટદેવનું આવું તપોજન્ય કષ્ટ દેખીને હૃદયમાં અતિશય દુઃખી થયા અને સર્વદા દિવ્ય સ્વરૂપે શ્રીહરિની સાથે રહેતાં અને તપમાં ખૂબ રુચિ ધરાવતાં માતા-પિતાને પણ ખૂબ જ દુઃખ થયું, તેથી તપશ્ચર્યા કરતા શ્રીહરિની બન્ને બાજુએ દિવ્ય સ્વરૂપે તેઓ ઊભાં રહેતાં.[૧૪-૧૫] હાથ ઊંચા કરી એક પગે ઊભા રહી તપ કરતા અને અતિશય કૃશ શરીરવાળા શ્રીહરિની જમણી બાજુએ ભક્તિમાતા અને ડાબી બાજુએ ધર્મપિતા ઊભા રહેતા અને શ્રીહરિ ભૂમિ પર પડી ન જાય તેનું અખંડ ધ્યાન રાખતાં.[૧૬]

**ભુવનભાસ્કરનું પ્રત્યક્ષ દર્શન :–** હે રાજન્ ! આ પ્રમાણે ઉગ્રતપ કરતા અને તપસ્વી મુનિઓની જેમ નિર્દંભપણે સૂર્યનારાયણનું આરાધન કરી તે ઋષિમુનિઓને અતિ આશ્ચર્યમાં ગરકાવ કરતા શ્રીહરિને ચાતુર્માસ પૂર્ણ થયો. અને કાર્તિક સુદ પ્રબોધિની એકાદશીના મંગલ દિવસે દિવ્ય વિગ્રહધારી તેમ જ દ્વિભુજ સાક્ષાત્ સૂર્યનારાયણદેવ શ્રીહરિની સમીપે આવી ઊભા રહ્યા. પોતાની પાસે ઊભા રહેલા સાક્ષાત્ સૂર્યનારાયણનાં દર્શન કરીને શ્રીહરિએ સાષ્ટાંગ પ્રણામ

जय! जय! जगदात्मन्भास्कराहस्कर! त्वं सकलनिगममूर्ते! ब्राह्मणाराधनीय ! ।
भृशतमसि निमग्नं त्वां विना जीवलोकं सुखयितुमिह को वा शक्नु यात्तन्निरस्य ॥ २०
जगदवननिरोधोत्पत्तिहेतुस्त्वमीशो हरिहरविधिमूर्तिः सर्वलोकप्रकाशः ।
अभिमतफलदातोपासकेभ्यः कृपालो! नमनपरनृणामप्यामयौघं निहंसि ॥२१
अनलहिमकराद्याः सन्ति तेजस्विनो ये त इह भवत एव प्राप्य तेजश्चरन्ति ।
तव वरद! किलैतन्मण्डलं प्राप्नुयुर्ये पुनरिह भववार्धौ ते न मज्जन्ति मुक्ताः ॥ २२
इह तव किरणस्यास्यैककस्यापि तेजः सहितुममृतपेष्वप्यण्डकोशे न कोऽपि ।
प्रभवति किमु तर्हि ब्रह्मणस्तेंऽशुमालिन् ! सकलकिरणतेजस्तं नमामीश्वरं त्वाम् ॥२३

---

કર્યા અને બે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા.[૧૭-૧૯]

**શ્રીનીલકંઠવર્ણીકૃત સૂર્યદેવ સ્તુતિ :–** હે જગદાત્મન્ સૂર્યદેવ ! તમારો જય થાઓ, હે ભાષકર ! હે દિવાકર ! હે સકલ વેદમૂર્તિ ! હે બ્રાહ્મણોના આરાધનીય દેવ ! તમારો જય થાઓ. હે સર્વને પ્રકાશ આપનારા દેવ ! અતિશય ગાઢ અંધકારમાં ડૂબેલા જગતના જીવોને અંધકારનો વિનાશ કરી પ્રકાશ આપીને સુખી કરવા તમારા વિના બીજું કોણ સમર્થ છે ? કોઈ જ નથી.[૨૦]

હે કૃપાળુ ! હે સર્વના નિયંતા ઈશ્વર ! તમે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણભૂત છો. કારણ કે તમે જ બ્રહ્મા, વિષ્ણુ અને શિવસ્વરૂપે રહીને આ કાર્યને કરો છે. અંધકારનું નિવારણ કરી સર્વલોકને તમે જ પ્રકાશિત કરો છો, તથા પોતાની આરાધના કરનારા સાધકોને પણ તમે ઈચ્છિત ફળને આપો છો. સવારે ઉઠી કોઈ મનુષ્ય સૂર્ય નમસ્કાર કરે તો તમે એના શરીરના રોગમાત્રને પણ દૂર કરનારા છો.[૨૧] હે વરદાનને આપનારા દેવ ! અગ્નિ, ચંદ્રમા, વિદ્યુત, નક્ષત્ર આદિ જે કોઈ તેજસ્વી છે તે સૌ તમારા થકી તેજ પામીને જ આ ભૂમંડલમાં વિચરે છે. વળી જે પુરુષો ભગવાનની ઉપાસના કરીને આ તમારા તેજમંડલને પ્રાપ્ત કરે છે, તે અનાદિ અવિદ્યાના બંધનમાંથી મુકાઈ મુક્તદશાને પામે છે, અને ફરીને તેને ક્યારેય પણ આ ભવસાગરમાં આવવું પડતું નથી.[૨૨]

હે હજારો કિરણોવાળા અંશુમાન ! આપના એક કિરણના તેજને સહન કરવા આ બ્રહ્માંડના કોઈ પણ દેવો સમર્થ નથી, તો બ્રહ્મમૂર્તિ બ્રહ્માજી તમારાં સમગ્ર કિરણોના તેજને સહન કરવા કેમ સમર્થ થાય ? એવા હે સર્વેના ઈશ્વર તેજસ્વી દેવ ! આપને હું નમસ્કાર કરું છુ.[૨૩] હે કમળનો વિકાસ કરનારા દેવ !

चिरमिह मम चित्तेऽभीप्सितं दर्शनं ते दुरितनिचयमूलोत्कृन्तनं प्राप्य चाद्य ।
उदय इव सुधांशोरर्णवस्यातिहर्षो हृदयकुहरमध्ये माति नैवाब्जबन्धो!॥२४

सुव्रत उवाच –

इति स्तुवन्तं तं प्राह सूर्यनारायणो वचः । हरे! तुभ्यं प्रसन्नोऽस्मि वरं मद्वरयेप्सितम् ॥ २५
ततो हरिर्ययाचे तं वरं स्वस्याभिवाञ्छितम् । भगवन्! यदि तुष्टोऽसि तर्हि देहि मदीप्सितम् ॥ २६
तमोपहस्त्वमेवेति तमः सर्वं ममान्तरम् । हर्तुमर्हसि देवेश! दुःखसंसृतिकारणम् ॥ २७
कामः क्रोधश्चलोभाद्या इन्द्रियाणि च वर्णिनः । महारयः सन्ति तेभ्यस्त्वया कार्यं ममावनम् ॥ २८

---

**સમસ્ત પાપના સમુદાયને મૂળમાંથી ઉખેડનારા આપનાં મંગલકારી દર્શન કરવાની મારા અંતરમાં ઘણા દિવસથી અભિલાષા હતી. તે આજે પૂર્ણ થઇ આથી ચંદ્રોદય થતાં જેમ સમુદ્રમાં ભરતી આવે તેમ મારા હૃદયરૂપી ગુફામાં હર્ષની ભરતી ચડી છે તે ક્યાંય સમાતી નથી.[૨૪]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિએ સૂર્યનું સ્તવન કર્યું તે સાંભળી સૂર્યદેવ શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે હરિ ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું તેથી તમે ઈચ્છિત કોઇ વરદાન મારી પાસેથી માગો.[૨૫]**

**સૂર્યદેવપાસેથી વર્ણીએ માગેલાં વરદાની વચનો :– હે રાજન્ ! સૂર્યદેવના વચન સાંભળી શ્રીહરિએ પોતાને ઈચ્છિત વરદાન માગ્યું કે, હે ભગવન્ ! જો તમે મારા ઉપર પ્રસન્ન થયા હો તો મને ઈચ્છિત વરદાન આપો.[૨૬] હે દેવેશ ! એક તમે અંધકારને દૂર કરનારા દેવ છો, તેથી દુઃખરૂપ સંસૃતિના કારણભૂત મારા અંતરમાં પડેલા સમગ્ર અંધકારને દૂર કરો.[૨૭] બીજું કામ, ક્રોધ, લોભ વગેરે અંતઃશત્રુઓ તથા પોતાના વિષયમાં પ્રવૃત્ત ઇંદ્રિયો નૈષ્ઠિક બ્રહ્મચારીઓના માર્ગમાં વિઘ્ન કરનારા બળવાન શત્રુઓ છે, તે સર્વ થકી મારું તમે રક્ષણ કરો.[૨૮] ત્રીજું તપ કરવામાં મને સ્થિરતા પ્રાપ્ત થાય, ભગવાન સિવાયની ઈતર વાસનાઓ મારી દૂર થાય, સર્વે ઇંદ્રિયો ઉપર મને વિજય પ્રાપ્ત થાય, તથા નૈષ્ઠિક બ્રહ્મચર્ય આદિ શુભગુણો મારામાં સદાય નિવાસ કરીને રહે.[૨૯] અને હે પ્રભુ ! જ્યારે હું મારા હૃદયમાં તમારું સ્મરણ કરું ત્યારે તમે આવા જ સ્વરૂપે મને દર્શન આપવું.[૩૦] આ મારી અંતરની આશા છે. તે તમે પૂર્ણ કરો. માયાના બંધનોમાંથી જીવોને મુક્ત કરનારા તમારી પાસેથી હું બીજી માયિક સુખની કોઇ આશા રાખતો નથી.[૩૧]**

तपःस्थैर्यमकामत्वं सर्वेन्द्रियजयस्तथा । नैष्ठिकब्रह्मचर्याद्या गुणाः स्युः सर्वदा मयि ॥ २९
यदा यदा स्मरेयं त्वामहं स्वहृदये प्रभो ! । तदा तदेदृशेनैव त्वया देयं स्वदर्शनम् ॥ ३०
एतावदेव मेऽभीष्टं देह्यन्यन्मायिकं त्वहम् । सुखं किमपि नेच्छामि त्वत्तो मायाविमोचकात् ॥ ३१

सुव्रत उवाच -

ओमित्युक्त्वा ततः सूर्यस्तं प्रणम्याब्रवीद्वचः । साक्षात्कृष्णस्त्वमेवासि जानामीति हरे! हृदि ॥ ३२
तथापि नरनाट्येन मामित्थं याचसि प्रभो! । यान् याचसि गुणांस्ते तु सन्ति सिद्धाः सदा त्वयि ॥ ३३
त्वद्भक्तेष्वपि ते कृष्ण ! त्वत्प्रतापाद्भवन्ति हि । किं पुनस्त्वयि कल्याणसद्गुणाकर ईश्वरे ॥ ३४
इत्युक्त्वा हरिमानम्य प्रीतः सोऽन्तर्दधे रविः । हरिशर्मा प्रीतमनास्तपश्चर्यां समापयत् ॥ ३५

---

**સૂર્યદેવની વિજ્ઞાનવાણી :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મનુષ્યલીલા કરતા શ્રીહરિએ આ પ્રમાણે જ્યારે માગ્યું ત્યારે સૂર્યદેવે ''તથાસ્તુ'' કહ્યું ને શ્રીહરિને પ્રણામ કરી કહેવા લાગ્યા કે, હે હરિ ! જે શ્રીકૃષ્ણ પરમાત્મા છે તે સાક્ષાત્ તમે જ છો, એમ હું મારા અંતરમાં પહેલેથી જ જાણું છું.[૩૨] છતાં પણ હે પ્રભુ ! મનુષ્યલીલા કરતા હોવાથી મારી પાસે તમે જે સદ્ગુણોની માંગણી કરો છો તે સર્વે સદ્ગુણો તો તમારી અંદર સદાય નિવાસ કરનારા નિત્યસિદ્ધ છે.[૩૩] હે કૃષ્ણ ! તમારા પ્રભાવથી તમારો મહિમા સમજનારા તમારા ભક્તજનોમાં પણ તે સર્વે ગુણો રહે છે તો કલ્યાણકારી સર્વે સદ્ગુણોના ખાણરૂપ પરમેશ્વર એવા આપને વિષે તે રહેલા હોય તેમાં શું કહેવું ?.[૩૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સૂર્યનારાયણ શ્રીહરિને કહીને પુનઃ પ્રણામ કર્યા અને બહુ જ પ્રસન્ન થઈ અંતર્ધાન થયા. ત્યારપછી અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિએ તપની સમાપ્તિ કરી.[૩૫] હે રાજન્ ! તત્કાળ તપની સિદ્ધિને આપનારા તે પુલહાશ્રમ ક્ષેત્રની અત્યંત પ્રશંસા કરતા શ્રીહરિ ત્યાં રહેલા તપસ્વીઓ દ્વારા બહુ પ્રકારે કરાયેલું સન્માન સ્વીકારતા એક દિવસ વધુ કાર્તિક સુદ બારસના દિવસ પર્યંત તે પુલહાશ્રમક્ષેત્રમાં જ નિવાસ કરીને રહ્યા.[૩૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં પુલહાશ્રમમાં શ્રીહરિના તપથી સૂર્યનારાયણ પ્રસન્ન થયાનું નિરૂપણ કર્યું એ નામે ચુમાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૪--***

---

तत्क्षेत्रमाहात्म्यमतिप्रशंसंस्तूर्णं तपःसिद्धिविधातृतादि ।
सन्मानितो भूरि तपस्विवर्यैरुवास तद्द्वादशिकादिनं सः ॥ ३६

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे सूर्यनारायणप्रसादननामा चतुश्चत्वारिंशोऽध्यायः ॥ ४४ ॥*

---

**॥ पञ्चचत्वारिंशोऽध्यायः ॥ ४५**

**राजोवाच –**

हरौ प्रव्रजिते गेहाद्बन्धवस्तस्य सुव्रत ! तस्मिन्विवृद्धप्रेमाणस्तच्चित्ताः किमकुर्वत ॥ १
श्रृण्वन्कृष्णकथा ब्रह्मन्मधुराश्च मनोहराः । रसज्ञो नैव तृप्यामि यथा मर्त्योऽमृतं पिबन् ॥ २

---

## અધ્યાય – ૪૫

## શ્રીહરિના વિયોગથી અયોધ્યામાં સંબંધીજનોએ કરેલો વિલાપ

પ્રતાપસિંહ રાજા પ્રશ્ન પૂછે છે, હે સુવ્રતમુનિ ! ભગવાન શ્રીહરિએ જ્યારે ઘરનો ત્યાગ કરી વનમાં પ્રયાણ કર્યું ત્યારે તેમને વિષે અતિશય સ્નેહ ધરાવતા અને તેથી જ તેમનામાંજ સદાય મન રાખી આનંદ કરતા રામપ્રતાપાદિ સર્વે સંબંધીજનોએ શ્રીહરિનો વિયોગ થતાં શું કર્યું ? હે બ્રહ્મન્ ! જેમ અમૃતનું પાન કરનારા રસજ્ઞ પુરુષોને તેમાં તૃપ્તિ ન થાય તેમ શ્રીહરિના લીલારસનું પાન કરતા મને તૃપ્તિ થતી નથી.[૧-૨]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિ જ્યારે ઘરનો ત્યાગ કરી વનમાં સિધાવ્યા ત્યારે શ્રીહરિની સમાનવયના મિત્રો તેમનાં દર્શન કરવા ધર્મદેવના ભવનમાં આવ્યા.[૩] તે સમયે તેઓએ શ્રીહરિને ઘરમાં જોયા નહિ ત્યારે સરયુ-કિનારે તથા અયોધ્યાપુરીમાં શ્રીહરિને બેસવાનાં જે જે સ્થાનકો હતાં તે સર્વ સ્થળે શ્રીહરિને શોધ્યા, પણ ક્યાંય શ્રીહરિને જોયા નહિ, તેથી બાળમિત્રો અન્ય સ્થાનોમાં શોધવા લાગ્યા. તેમ છતાં પણ શ્રીહરિ ક્યાંય મળ્યા નહિ તેથી તેઓ રુદન કરતા શ્રીહરિના ભવનમાં પાછા આવ્યા.[૪-૫]

હે રાજન્ ! ભવનમાં ઉદાસીપણે બેઠેલા શ્રીહરિના મોટા ભાઈ

सुव्रत उवाच -

यदा स भगवान् गेहं त्यक्त्वा प्रव्रजितो नृप ! । तदा तस्य वयस्यास्तं द्रष्टुं तद्गृहमाययुः ॥ ३
अदृष्ट्वा तत्र ते नद्यां विचिन्वन्ति स्म तं पुरे । तस्योपवेशनस्थानं यद्यत्तत्तद्व्यलोकयन् ॥ ४
तत्राप्यदृष्ट्वाऽन्यत्रापि ते गवेष्य सुहृत्तमम् । यदा न लेभिरे तर्हि रुदन्तस्तद्गृहं ययुः ॥ ५
अग्रजं तस्य सङ्गत्य तमुदासीनमास्थितम् । नीलकण्ठो भवद्भ्राता गतः क्वापीति चोचिरे ॥ ६
तदा रामप्रतापोऽपि गेहे गेहे वने च तम् । तथेच्छाराममुख्याश्च विचिक्युर्बन्धवोऽखिलाः ॥ ७
साश्रुनैत्राश्च ते सर्वे यदा नैक्षन्त तं क्वचित् । तदानीं त्वग्रजस्तस्य जातश्चिन्तातुरो भृशम् ॥ ८
हे कृष्ण! हे हरे! बन्धो! हरिकृष्ण! ममानुज! । हे नीलकण्ठ! हे वर्णिन्नित्युच्चैराजुहाव तम् ॥ ९
महादुःखाब्धिपतितः शोचन् स्वगृहमेत्य सः । विललापोच्चकैः स्नेहाद्भ्रातर्भ्रातरितीरयन् ॥ १०

---

રામપ્રતાપજીને પૂછ્યું કે, તમારા ભાઈ નીલકંઠ ક્યાં ગયા છે ? ત્યારે અચાનક ઊભા થઈ રામપ્રતાપભાઈ તથા ઈચ્છારામભાઈ આદિ સર્વે સંબંધીજનો શ્રીહરિને ઘેર ઘેર અને બાગ બગીચા આદિ સર્વે આરામનાં સ્થાનોમાં શોધવા લાગ્યા.[૬-૭]

હે રાજન્ ! આંખમાં આંસુઓ સારતા અને સર્વત્ર શોધ કરતા તેઓ જ્યારે ભગવાન શ્રીહરિને કોઈ સ્થળે જોયા નહિ, ત્યારે મોટાભાઈ અત્યંત ચિંતાતુર થઈ હે કૃષ્ણ ! હે હરિ ! હે બન્ધુ ! હે હરિકૃષ્ણ ! હે મારા અનુજ ! હે નીલકંઠ ! હે વર્ણી ! આ પ્રમાણે નામ લઈ લઈને ઊંચે સાદે વારંવાર બોલાવવા લાગ્યા.[૮-૯] મહા દુઃખના સાગરમાં ડૂબેલા અને બહુજ શોક કરતા રામપ્રતાપભાઈ પોતાના ભવને પાછા આવ્યા ને હે ભાઈ ! હે ભાઈ ! આ પ્રમાણે શ્રીહરિમાં અતિશય સ્નેહવશ થઈ ઉચ્ચ સ્વરે વિલાપ કરવા લાગ્યા, હે કમલલોચન ભાઈ ! મને છોડીને તમે ક્યાં ગયા છો ? અરે !! તમારા નિત્ય ભોજનનો સમય પણ વ્યતીત થઈ ગયો છે. હવે હું ક્યાં જઈને તમને શોધું ? તમારા ચંદ્ર સરખા મનોહરમુખનું દર્શન તથા તમારા મુખની વાણીનું શ્રવણ ક્યારે કરીશ ?.[૧૦-૧૨]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિમાં અતિશય સ્નેહને લીધે રામપ્રતાપભાઈ વિલાપ કરતા રહેતા અને તેમનાં બાળચરિત્રોનું સ્મરણ કરતા કષ્ટથી દિવસો પસાર કરવા લાગ્યા.[૧૩] તેવી જ રીતે ઈચ્છારામભાઈ આદિ સંબંધીજનો તથા જ્ઞાતિજનો પણ નિરંતર શ્રીહરિનો શોક કરતા કષ્ટથી દિવસો પ્રસાર કરવા લાગ્યા. અને સ્ત્રીઓમાં સુવાસિની આદિ સંબંધી સ્ત્રીઓ પણ રાત્રી દિવસ શ્રીહરિનો શોક કરતી કષ્ટથી દિવસો પ્રસાર કરતી હતી.[૧૪] હે રાજન્ ! આ

हा मां त्यक्त्वा गतः कासौ भ्राता कमललोचनः । तस्य भोजनवेलापि गता नूनं हि नैत्यकी ॥ ११
क्व गत्वा तस्य वीक्षेयं मुखं चन्द्रमनोहरम् । श्रृणुयां वा क्व गत्वाहं तदीयं वचनामृतम् ॥ १२
इत्थं स ब्राह्मणः स्नेहादत्यर्थं विललाप ह । चरित्राणि स्मरंस्तस्य निनायाहानि दुःखतः ॥ १३
इच्छारामादयस्ते च बन्धवो ज्ञातयस्तथा । तमेव नित्यं शोचन्तो निन्युः कृच्छ्रेण वासरान् ॥ १४
स्त्रियः सुवासिनीमुख्याः शोचन्त्यस्तमहर्निशम् । कृच्छ्रेणैवाहानि निन्युर्हरेरथ कथां श्रृणु ॥ १५
मुक्तनाथं नमस्कृत्य तत्रत्यांश्च तपस्विनः । ततो विनिर्ययौ प्रातर्वर्णीन्द्रो दक्षिणामुखः ॥ १६
बहून्यरण्यानि नगान्सरितश्च सरांसि सः । अत्यक्रामदविज्ञाततत्त्वो बालमुनिर्नृप ! ॥ १७
हिमालयोपत्यकायां विचरन् गहनं महत् । प्राप सिंहैश्च शार्दूलैर्गजैर्मत्तैर्भयङ्करम् ॥ १८
वराहैर्महिषैः क्रूरैराकीर्णं गवयादिभिः । महीरुहैश्च बहुभिर्महद्भिरतिसङ्कुलम् ॥ १९
दुःष्प्रवेश्ये मनुष्याणां विचरंस्तत्र गह्वरे । यत्र सायं तत्र वसन्प्राप बुट्टोलपत्तनम् ॥ २०

પ્રમાણે શ્રીહરિમાં પ્રેમાતિશયના કારણે સંબંધીઓને થયેલા વિયોગની કથા સંક્ષેપમાં કહી. હવે શ્રીહરિની આગળની કથા કહું છું, તેને તમે એકાગ્રચિત્તથી સાંભળો.[૧૫]

**વર્ણીનું મુક્તનાથથી દક્ષિણદિશા તરફ પ્રયાણ :–** હે રાજન્ ! વર્ણીરાજ શ્રીહરિ મુક્તનાથ ભગવાનને તથા પુલહાશ્રમ નિવાસી સર્વે તપસ્વીઓને નમસ્કાર કરી કારતક સુદ તેરસના પ્રાતઃકાળે દક્ષિણ દિશા તરફ મુખ રાખી ચાલતા થયા.[૧૬] હે રાજન્ ! અજ્ઞાની મનુષ્યો ન સમજી શકે તેવા સ્વરૂપ અને સામર્થ્યને ધારણ કરનારા વર્ણીરાજ અનેક જંગલો, પર્વતો, નદીઓ અને સરોવરોને ઉલ્લંઘન કરતા હિમાલયની તળેટીમાં આવ્યા. ત્યાંથી એક મોટા ગહન વનમાં પ્રવેશ કર્યો. વિશાળ આ ગહનવન કેસરી સિંહ, વાઘ, મદોન્મત્ત હાથી, વારાહ, ક્રૂર અરણા પાડાઓ, રોઝ આદિ અનંત પ્રકારના પશુઓથી અતિશય ભયાનક હતું, તેમજ અનેક ગગનચુંબી વૃક્ષોથી વ્યાપ્ત હતું.[૧૭-૧૯]

**માયારાણીના બુટોલનગરમાં વર્ણીનું આગમન :–** મનુષ્યો જ્યાં મહાકષ્ટથી પણ માંડ પ્રવેશ કરી શકે તેવા મહાગહન વનમાં વિચરણ કરતા કરતા શ્રીહરિ જ્યાં રાત્રી પડે ત્યાં નિવાસ કરતા બુટોલપુરમાં પધાર્યા.[૨૦] તે પુરમાં રહેતા મહાદત્ત નામે પર્વતીય સુબુદ્ધિમાન રાજાએ શ્રીહરિને પોતાના ભવનમાં બોલાવી જઇ નિવાસ કરાવ્યો, અને બહુ ભાવથી સેવા કરવા લાગ્યા.[૨૧] તે મહાદત્ત રાજાની માયારાણી નામે બહેન હતાં, તે પણ પોતાના આત્મકલ્યાણને માટે સ્નેહપૂર્વક પરમ શ્રદ્ધાથી શ્રીહરિની પરિચર્યા કરવા લાગ્યાં.[૨૨] હે રાજન્ ! આ

तत्र राजा पर्वतीयो महादत्ताभिधः सुधीः । आवास्य स्वालयं तं च सिषेवे बहुभावतः ॥ २१
भगिनी तस्य मायाख्या स्नेहेन परिचर्यया । सिषेवे परया भक्त्या तमात्मश्रेयसे नृप ! ॥ २२
तयोः प्रसन्नो भगवान्दत्त्वा संसृतिमोचनम् । ज्ञानं स्वस्य ततः प्रायाद्वनमेव तपःप्रियः ॥ २३
मुक्तनाथान्निर्गतस्य प्राप्तस्यैतद्वनं हरेः । वसतस्तत्र तत्रास्य कालः संवत्सरोऽत्यगात् ॥ २४
वने घोरे स विचरन् स्वधर्मं सम्यगाचरन् । महान्तमेकं न्यग्रोधं प्राप्तवान्रम्यदर्शनम् ॥ २५
तडागेनातिमहता पूर्वे नद्यास्तथोत्तरे । शोभितं च नलस्तम्बैर्महद्भिरभितो वृतम् ॥ २६
परितो गजयूथैश्च चरद्भिरभिनादितम् । तं पश्यंस्तत्र सोऽपश्यन्महायोगिनमेककम् ॥ २७
ऐणमासनमासीनं जटायज्ञोपवीतिनम् । साच्छादनं च कौपीनं वसानमपरिग्रहम् ॥ २८

---

પ્રમાણે સેવા કરવાથી બન્ને ભાઈબહેન ઉપર પ્રસન્ન થયેલા શ્રીહરિએ તેમને અનાદિ જન્મ-મરણરૂપ સંસૃતિના બંધનમાંથી મુક્ત કરનાર પોતાના સ્વરૂપનું અલૌકિક દિવ્યજ્ઞાન આપ્યું. ત્યારપછી તપઃપ્રિય ભગવાન શ્રીહરિ ત્યાંથી વનમાં આગળ પ્રયાણ કર્યું.[૨૩]

**ગોપાળયોગીસાથે વર્ણીનું મિલન :–** હે રાજન્ ! મુક્તનાથનાં દર્શન કરી પુલહાશ્રમમાંથી નીકળ્યા પછી મહાગહન વનમાં પ્રવેશ કર્યો. ત્યાં સ્થળે સ્થળે નિવાસ કરતા બુટ્ટોલપુરમાં આવ્યા. ત્યાંથી નીકળ્યા પછી મહાવનમાં નિવાસ કરતા વર્ણીરાજ શ્રીહરિને એક વર્ષ વ્યતીત થયું.[૨૪] હે રાજન્ ! પોતાના વર્ણીધર્મનું યથાર્થ પાલન કરતા શ્રીહરિ ઘોર જંગલમાં આ રીતે વિચરણ કરતા કરતા દર્શન માત્રથી અતિશય રમણીય એવા એક અતિ ઊંચા અને વિશાળ વટવૃક્ષની સમીપે આવ્યા.[૨૫] આ વટવૃક્ષથી પૂર્વ દિશાના ભાગમાં વિશાળ સરોવર શોભતું હતું. અને ઉત્તર દિશા તરફ મોટી નદી શોભી રહી હતી. અને તે વટવૃક્ષની ચારે બાજુ ઊંચા વાંસના સોટાઓ શોભી રહ્યા હતા. તેમની આસપાસ ચરતા ગજરાજોના અવાજો ઉઠતા હતા. આવો રમણીય શોભાયે યુક્ત વિશાળ વટવૃક્ષને નિહાળી રહેલા શ્રીહરિએ તેમની નીચે વિરાજતા કોઈ એક મહાયોગીનાં દર્શન કર્યાં.[૨૬-૨૭]

હે રાજન્ ! તે મૃગચર્મના આસન ઉપર બેઠા હતા. મસ્તક ઉપર શ્વેતજટા અને ડાબે ખભે યજ્ઞોપવીત શોભતી હતી. કૌપીન ઉપર આચ્છાદન વસ્ત્ર ધારણ કર્યું હતું.[૨૮] અપરિગ્રહી તે યોગી શાલગ્રામની પૂજા કર્યા પછી શ્રીમદ્ ભગવદ્ગીતાનો પાઠ કરવાની તૈયારી કરતા હતા. તે યોગીનું નામ ગોપાલયોગી

शालग्रामार्चनं कृत्वा गीतापठन उद्यतम् । गोपालनाम्ना विख्यातं ननाम विनयेन तम् ॥ २९
योगीन्द्रः सोऽपि तं वीक्ष्य गाढस्नेहमिवादरात् । उत्थाय सद्योऽतिप्रीत्या परिरभ्याप निर्वृतिम् ॥ ३०
गाढमित्रे इवोभौ तावास्तामन्योन्यदर्शनात् । उवास तत्र वर्णीन्द्रो योगीन्द्रेणातिमानितः ॥ ३१
मानयंस्तं गुरुत्वेन बालस्वामी स योगिनम् । अशिक्षत्सकलं योगं योगशास्त्रं तथाखिलम् ॥ ३२
आदराच्छिक्षयामास यमांश्च नियमान्स तम् । आसनानि विचित्राणि प्राणायामकलास्तथा ॥ ३३
प्रत्याहारं धारणां च ध्यानं च मनसा हरेः । समाधिमङ्गभूतं स शिक्षयामास चाङ्गिनम् ॥ ३४
सकृत्प्रोक्तं हि तत्सर्वं कालेनाल्पेन स प्रभुः । यथावदेव जग्राह गुरुं विस्मापयंश्च तम् ॥ ३५

હતું. ભગવાન શ્રીહરિ તેની સમીપે જઈ તેને અતિ વિનયભાવથી નમસ્કાર કર્યા.[૨૯] તે સમયે ગોપાલયોગી પણ શ્રીહરિનાં દર્શન કરી જાણે પૂર્વ જન્મના કોઈ ગાઢ સ્નેહી હોય તેમ તત્કાળ આસન ઉપરથી ઊભા થઈ અતિ પ્રેમથી તેમને ભેટી પડ્યા, અને પરમ શાંતિને પામ્યા.[૩૦] પરસ્પરનાં દર્શનથી બન્ને જણે પુરાતન ગાઢ મિત્રો હોય તેમ જણાતા હતા. હે રાજન્ ! ગોપાળયોગી દ્વારા અતિ આદર પામેલા વર્ણીરાજ તેના આદરને માન આપી તેની સમીપે નિવાસ કરીને રહ્યા.[૩૧]

**વર્ણીએ સાધ્યો અષ્ટાંગયોગ :–** હે રાજન્ ! શ્રીહરિ ગોપાલયોગીમાં ગુરુભાવ રાખી તેમને તે રીતે આદર આપતા થકા તેમની પાસેથી અષ્ટાંગયોગ અને સમગ્ર યોગશાસ્ત્રનો અભ્યાસ કરવા લાગ્યા.[૩૨] અને ગોપાલયોગી પણ શ્રીહરિને આદરપૂર્વક અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ યમ અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપૂજા આ પાંચ નિયમો તથા અનેક પ્રકારનાં સ્વસ્તિક આદિ ચોર્યાસી આસનો, પ્રાણાયામના પ્રકારો, ઈંદ્રિયોને પોતપોતાના વિષયોમાંથી પાછી વાળવારૂપ પ્રત્યાહાર, પોતાના હૃદયકમળમાં ભગવાનની મૂર્તિ ઉપર મનની સાથે પ્રાણને ધારણ અને મનથી ભગવાનના એક એક અંગનું ચિંતવન કરવારૂપ ધ્યાન આદિ અંગોએ સહિત હૃદય પ્રકાશમાં નિરંતર તૈલધારાવત્ ભગવાનની મૂર્તિનું દર્શન કરવારૂપ અંગી એવી સમાધિને શીખવવા લાગ્યા.[૩૩-૩૪]

હે રાજન્ ! સમર્થ શ્રીહરિ પણ ગુરુ ગોપાલયોગીને અતિ વિસ્મય પમાડતા હોય તેમ તેમણે એકવાર શીખવેલાં યમ-નિયમાદિ સાધનોને યથાર્થ જેમ હોય તેમ અલ્પકાળમાંજ શીખીને તે પ્રમાણે જ પુનઃ કરી દેખાડતા હતા. હે રાજન્ ! ઉપરોક્ત યોગાભ્યાસ પૂર્વે વર્ણી ગોપાલયોગી પાસેથી નાસીકાના માર્ગે સુક્ષ્મ વસ્ત્રની

नेतीं च द्विविधां बस्तिं कौञ्जरीं नौलिकां तथा । शङ्खप्रक्षालनाद्याश्च क्रिया आदावसाधयत् ॥ ३६
ततः क्रमेण चाष्टाङ्गयोगं स समसाधयत् । गुरूपदिष्टमार्गेण कालेनाल्पेन भूपते! ॥ ३७
योगशास्त्रं तु निखिलं श्रुतिमात्रेण सोऽग्रहीत् । तेनातिविस्मितो योगी तं मेने कृष्णसन्निभम् ॥ ३८
स्वस्यातिनिःस्पृहस्यापि तस्मिन्प्रेमातिशायिताम् । दृष्ट्वा मतिमतां श्रेष्ठो मेने तं गुरुमेव सः ॥ ३९
परस्परं गुरुधियौ सेवमानौ परस्परम् । कन्दमूलफलाहारावूषतुस्तत्र वत्सरम् ॥ ४०

---

પટ્ટીને પ્રવેશ કરાવી મુખમાંથી બહાર કાઢવારૂપ નેતી શીખ્યા. ત્યારપછી બે પ્રકારની બસ્તિ શીખ્યા, અર્થાત્ નાભિ સુધીના જળમાં ઊભા રહીને ગુદાદ્વારા જળનું અંદર આકર્ષણ કરી અંદરની સફાઈ કરી ફરી ગુદા દ્વારા જ તે જળને બહાર કાઢી નાખવારૂપ એક પ્રકારની બસ્તિ તથા શિશ્નદ્વારા જળને અંદર આકર્ષણ કરી ફરી શિશ્નદ્વારા જ જળને બહાર કાઢવું કે શિશ્નદ્વારા જળને અંદર આકર્ષણ કરી ગુદાદ્વારા જળને બહાર કાઢવારૂપ બીજા પ્રકારની બસ્તિ ક્રિયા શીખ્યા. ત્યારપછી કુંજરક્રિયા શીખ્યા અર્થાત્ હાથીની જેમ પ્રથમ મુખથી જળ પીને ફરી મુખદ્વારા ઉલ્ટી કરીને જળને બહાર કાઢી નાખવારૂપ ક્રિયા શીખ્યા. તેના પછી નૌલિકા શિખ્યા અર્થાત્ ઉડ્ડીયાન અવસ્થામાં ખભા સહેજ આગળ નમાવી ગોઠણ ઉપર બે હાથને જોસથી ટેકવી પેટના બન્ને નળને વેગપૂર્વક જમણી તથા ડાબી બાજુ જળચક્રની જેમ ઘુમાવવા રૂપ ક્રિયાને શીખ્યા. તેવી જ રીતે શંખ પ્રક્ષાલન એટલે કે મુખેથી પાણીને પીને તેને ગુદાદ્વારા બહાર કાઢવારૂપ ક્રિયાને શીખ્યા. હે રાજન્ ! આવી અનેક ક્રિયાઓ યોગાભ્યાસને અનુરૂપ શ્રીહરિ પ્રથમ શીખ્યા.[૩૫-૩૬]

હે રાજન્ ! ઉપરોક્ત નેતી આદિ ક્રિયાઓ શીખ્યા પછી શ્રીહરિએ ગુરુ ગોપાલયોગીએ બતાવેલા માર્ગથી અલ્પ સમયમાં જ ક્રમાનુસાર અષ્ટાંગયોગ સંપૂર્ણ સિદ્ધ કર્યો. અને ગુરુના મુખથી એકવાર સાંભળવા માત્રથી શ્રીહરિએ સમગ્ર યોગશાસ્ત્રના ગ્રંથનો પણ અભ્યાસ પૂર્ણ કર્યો. હે રાજન્ ! તેમ થવાથી અતિશય વિસ્મય પામેલા ગુરુ ગોપાલયોગી શ્રીહરિને યોગેશ્વર કૃષ્ણ સમાન માનવા લાગ્યા.[૩૭-૩૮] યોગીઓની મધ્યે શ્રેષ્ઠ એવા ગોપાળયોગી પોતે અતિશય નિઃસ્પૃહી હોવા છતાં શ્રીહરિમાં અતિશય પ્રેમ ઉત્પન્ન થતો હતો તે જોઈ મનોમન શ્રીહરિને ગુરુ તરીકે માનવા લાગ્યા.[૩૯] હે રાજન્ ! આ પ્રમાણે પરસ્પર ગુરુબુદ્ધિ રાખી તે બન્ને

सहमानौ हिमं वातं वर्षं चातपमन्वहम् । स्नातौ त्रिषवणं तीव्रं चक्राते तप एव तौ ॥ ४१
तदाश्रमसमीपेऽथ घोषो गोपैरकार्यत । महिषीर्गाश्चारयद्भिरायातैश्च यदृच्छया ॥ ४२
तत्रागत्य प्रतिदिनं शार्दूलाः पञ्चषान् पशून् । अभक्षयंस्ततो गोपा बभूवुः खिन्नचेतसः ॥ ४३
योगीन्द्रं प्रार्थयामासुस्ततस्ते रक्ष नः पशून् । योगिराज! समर्थोऽसि नाम स्वं सार्थकं कुरु ॥ ४४
अशक्तः पशुरक्षायां सोऽथ चिन्ताकुलोऽभवत् । ततस्तमाह वर्णीन्द्रश्चिन्तां त्यज महामुने ! ॥ ४५
शङ्खं वादय तेनैव नायास्यन्त्यत्र हिंसकाः । तव योगप्रतापेन गमिष्यन्त्यद्य ते त्वितः ॥ ४६
इत्युक्तः सोऽपि योगी तं मानयधर्मनन्दनम् । तदैव कृपया दध्मौ शङ्खं दीर्घनिनादिनम् ॥ ४७

---

જણ એક બીજાની સેવા કરતા અને કંદમૂળ, ફળ વગેરેનો આહાર કરતા બન્ને એક વર્ષ સુધી ત્યાં આશ્રમમાં સાથે રહ્યા.[૪૦] પ્રતિદિન ઠંડી, વાયુ, વર્ષા અને ગરમીને સહન કરી ત્રિકાલ સ્નાન સંધ્યા વંદનાદિ કરી બન્ને તીવ્ર તપને કરતા રહેતા.[૪૧]

**ગોપાળયોગીદ્વારા ગાયોની રક્ષા કરાવી :–** હે રાજન્ ! કોઇ વખત ગાયો, ભેંસો ચરાવતા ગોવાળો દૈવઇચ્છાએ ત્યાં આવ્યા અને ગોપાલયોગીના આશ્રમની સમીપે યોગીના આશ્રયે નેસડાઓ બાંધી રહેવા લાગ્યા.[૪૨] પરંતુ બન્યું એવું કે, પ્રતિદિન વાઘ આવતા અને પાંચ છ ગાયોનું ભક્ષણ કરી જતા, તેથી તેઓ બહુ ચિંતાતુર થયા.[૪૩] ત્યારે તેઓએ ગોપાળયોગીને પ્રાર્થના કરી કે હે યોગીરાજ ! તમે અમારા પશુઓનું હિંસક પ્રાણીઓ થકી રક્ષણ કરો. કારણ કે તમે સમર્થ છો. માટે આપનું ગોપાલ એવું નામ સાર્થક કરો.[૪૪] હે રાજન્ ! ગોવાળોની પ્રાર્થના સાંભળ્યા પછી પણ ગોપાળયોગી હિંસક પ્રાણીઓથી ગાયોની રક્ષા કરવા સમર્થ થયા નહિ તેથી ચિંતા કરવા લાગ્યા. તેમને ચિંતાતુર જોઇ વર્ણીરાજ શ્રીહરિએ ગોપાલયોગીને કહ્યું હે, મહામુનિ ! તમે ચિંતા ન કરો ને આ તમારા શંખનો નાદ કરો, જેનાથી આ આશ્રમના આસપાસના પ્રદેશમાં હિંસક પ્રાણીઓનો પ્રવેશ જ નહીં થાય. તમારા યોગના પ્રભાવથી તેઓ અત્યારથી જ અહીંથી ચાલ્યાં જશે.[૪૫-૪૬]

હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેથી ગોપાલયોગીએ ધર્મનંદન શ્રીહરિનાં વચનોને માન આપી ગાયો ઉપરની કૃપાદૃષ્ટિથી તે સમયે દીર્ઘ અને ગંભીર શંખ ધ્વનિ કર્યો.[૪૭] તે ધ્વનિ જેટલા પ્રદેશમાં સંભળાયો તેટલા પ્રદેશમાં કોઇ હિંસક પ્રાણીઓ આવતાં નહિ અને તે પ્રદેશમાં જે હિંસક પ્રાણીઓ રહેતાં હતાં તે પણ દૂરના પ્રદેશમાં જઇને રહેવા લાગ્યાં.[૪૮] સંત ગોપાલયોગીના અનુગ્રહથી તે સ્થાન નિર્ભય થયું, તેથી વિસ્મય પામેલા ગોવાળો ગાય આદિ પશુઓની સાથે

स नादो यावति क्षेत्रे व्याप्तास्तावति कश्चन । हिंस्रो नायाच्च तन्नस्थो जगामान्यत्र सर्वशः ॥ ४८
निर्भयं तदभूत्स्थानं साधोस्तस्य प्रसादतः । ऊषुः सुखं सपशवो गोपालाः प्राप्तविस्मयाः ॥ ४९
स चापि विस्मितो योगी प्रतापं तस्य तं हृदि । जानन्नलौकिकं मेने पुरुषं तं नराकृतिम् ॥ ५०
वर्णिराट् निवसंस्तत्र प्रत्यहं शुद्धचेतसा । अध्यायमेकं गीताया द्वितीयं सुविचारयन् ॥ ५१
स्वरूपमात्मनः शुद्धमसाधारणलक्षणैः । तत्त्वतो निश्चिकायाथ स्वानुभूत्या च बुद्धिमान् ॥ ५२
प्रत्याहारेणेन्द्रियाणां तथान्तःकरणस्य च । प्राणस्य वृत्तीः सकलास्तस्मिन्मुहुरधारयत् ॥ ५३
एवमभ्यसतस्तस्य कालेन कियतात्मनि । बभूव ध्यानयोगस्य पक्वता नृपसत्तम ! ॥ ५४
ततोऽस्य हृदयेऽखण्डमिन्द्रियादिप्रकाशकम् । आत्मज्योतिर्महद्राजन्सर्वकालमदृश्यत ॥ ५५
एवं विशुद्धमात्मानमक्षरब्रह्मणा सह । ऐक्येन भावयन्नित्यं ब्रह्मभूत इवाभवत् ॥ ५६

---

સુખપૂર્વક ત્યાં રહેવા લાગ્યા અને શ્રીહરિ તથા ગોપાળયોગીની દૂધ આદિથી સેવા કરવા લાગ્યા. વિસ્મય પામેલા ગોપાળયોગી પણ પોતાના હૃદયમાં આ પશુરક્ષણનો પ્રતાપ શ્રીહરિનો જ છે એમ જાણી તેમને મનુષ્યાકૃતિમાં કોઈ અલૌકિક દિવ્ય પુરુષ છે એમ માનવા લાગ્યા.[૪૯-૫૦] ગોપાળયોગીના આશ્રમમાં નિવાસ કરતા વર્ણીરાજ શ્રીહરિ પ્રતિદિન વિશુદ્ધમનથી શ્રીમદ્ભગવદ્ગીતાના કેવળ બીજા અધ્યાયનું સારી રીતે ચિંતવન કરવા લાગ્યા.[૫૧] આમ ચિંતવન કરતા બુદ્ધિમાન શ્રીહરિને અસાધારણ લક્ષણેથી વિશિષ્ટ પોતાના વિશુદ્ધ આત્મસ્વરૂપની અનુભૂતિ થઈ અને તત્ત્વદષ્ટિથી તે પ્રમાણે તેનો નિશ્ચય કર્યો.[૫૨] શ્રીહરિ પ્રત્યાહારનો અભ્યાસ કરી ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણની સમગ્ર વૃત્તિઓને વારંવાર પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં ધારણ કરવા લાગ્યા.[૫૩] હે નૃપ શ્રેષ્ઠ ! આ પ્રમાણે અભ્યાસ કરતા શ્રીહરિને અલ્પ કાળમાંજ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં ધ્યાનયોગની પરિપક્વતા પ્રાપ્ત થઈ.[૫૪] હે રાજન્ ! શ્રીહરિને ત્રણે અવસ્થામાં પોતાના હૃદયકમળમાં અખંડ અને ઈન્દ્રિયોના પ્રકાશક એવા મહાન આત્મજ્યોતિનો સાક્ષાત્કાર થવા લાગ્યો.[૫૫] અને પોતાના વિશુદ્ધ આત્મસ્વરૂપની અક્ષરબ્રહ્મની સાથે નિરંતર એકાત્મપણાની ભાવનાની દઢ ધારણા કરતા શ્રીહરિ બ્રહ્મરૂપ થયા. અર્થાત્ બ્રહ્મના સાધર્મ્યપણાને પામ્યા. હે રાજન્ ! સ્વયં શ્રીહરિ પોતે જ અક્ષરબ્રહ્મતેજના મધ્યે સદાય વિરાજમાન દિવ્યમૂર્તિ સાક્ષાત્ પરબ્રહ્મ છે, છતાં આવી રીતનું આચરણ તે ભક્તજનોની શિક્ષા માટે છે.[૫૬]

**ગોપાળયોગીને સ્વ-સ્વરૂપનું જ્ઞાન આપીને સિધ્ધગતિ આપી**

योगमेतं स्वमित्रं तं प्रार्थयन्तमशिक्षयत् । ब्रह्मभूयं गतस्तेन ततो गोपालयोग्यपि ॥ ५७
वर्णीन्द्रं च हरिं साक्षान्नारायणमृषीश्वरम् । अवैत्तदिच्छयैवासौ भक्तिं तस्मिंस्ततोऽकरोत् ॥ ५८
दध्यौ तमेव हृदये सिद्धयोगो दृढासनः । अत्यन्तविस्मृतिं प्राप ततोऽसौ वपुषो मुनिः ॥ ५९
विहाय भौतिकं देहं दिव्यदेहेन सोऽनघ ! । गोलोकं प्रययौ सद्यो हरेस्तस्य प्रसादतः ॥ ६०
वर्णिराजः सिद्धयोगस्ततश्चाकस्मिकक्रियः । सख्युः संस्थाविधिं कृत्वा प्राङ्मुखः प्रययौ ततः ॥ ६१
अखण्डब्रह्मरूपस्थो नासाग्रस्थिरवीक्षणः । धनुर्मुक्तः शर इव प्रयाति स्माध्वनि द्रुतम् ॥ ६२
देहानुसन्धानहीनश्चिन्तयन्कृष्णमेकलः । आदिवाराहतीर्थं स प्राप्यावात्सीद्दिनत्रयम् ॥ ६३

**:– હે રાજન્ ! ત્યારપછી ગોપાળયોગીએ શ્રીહરિને પ્રાર્થના કરી તેથી પોતાના મિત્રપણે વર્તતા ગોપાલયોગીને પણ શ્રીહરિએ ધ્યાનયોગનો અભ્યાસ કરાવ્યો તેથી તે પણ પોતાના આત્માની અક્ષરબ્રહ્મની સાથે એકતાથી બ્રહ્મરૂપની ભાવનાને પામ્યા.[૫૭] હે રાજન્ ! આ યોગી ભગવાન શ્રીહરિની જ ઇચ્છાથી વર્ણીરૂપ શ્રીહરિને સર્વના સ્વામી અને સાક્ષાત્ નારાયણઋષિ જાણવા લાગ્યા કે આ શ્રીહરિ છે. એ જ બ્રહ્મપુરાધિપતિ સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણનારાયણ છે. તે પોતાના ભક્તજનોની રક્ષા માટે અને પૃથ્વીપર એકાંતિક ધર્મનું સ્થાપન કરવા માટે મનુષ્યરૂપે પ્રગટ થયા છે. આટલું જ્ઞાન થયા પછી તે ગોપાલયોગી એક શ્રીહરિની જ ભક્તિ કરવા લાગ્યા.[૫૮]**

**આ રીતે સિદ્ધયોગી મનનશીલમુનિ ગોપાલયોગી દઢ આસને બેસી પોતાના હૃદયકમળમાં તે પ્રગટ શ્રીહરિનું જ ધ્યાન કરવા લાગ્યા. આમ ધ્યાન કરતાં કરતાં યોગીને પોતાનાં શરીરની અત્યંત વિસ્મૃતિ થઇ ગઇ. હે નિષ્પાપ રાજન્ ! પછી તે ગોપાળયોગી પંચભૌતિક શરીરનો ત્યાગ કરી શ્રીહરિની કૃપાથી દિવ્ય દેહને પ્રાપ્ત કરી તત્કાળ ગોલોકધામને પામ્યા.[૫૯-૬૦] હે રાજન્ ! ગોપાલયોગી ધામમાં ગયા પછી તેનો દૈહિક સંસ્કાર કરવાનો વ્યવહાર અચાનક પોતા ઉપર આવ્યો, તેથી સિદ્ધયોગી ભગવાન શ્રીહરિએ પોતાના સખા ગોપાળયોગીની સમસ્ત ઔર્ધ્વદૈહિક ક્રિયા કરી ત્યાંથી પૂર્વમુખે ચાલી નીકળ્યા.[૬૧]**

**વર્ણીએ કર્યાં આદિવરાહતીર્થમાં દર્શન :– બ્રહ્મસ્વરૂપની સ્થિતિમાં અખંડ વર્તતા અને નાસિકાના અગ્રભાગ ઉપર જ દષ્ટિને સ્થિર રાખીને ચાલતા શ્રીહરિ ધનુષમાંથી છૂટેલા બાણની જેમ માર્ગમાં અતિ ઉતાવળી ગતિએ ચાલતા હતા. શરીરનું ભાન ભૂલી શ્રીકૃષ્ણરૂપ એક પોતાના આત્માનું જ ચિંતવન કરતા**

यत्र यत्र स ययौ बटुवर्यस्तत्र तत्र नृपते! जनतायाः ।
आगतस्य हि गुरोरिव नाकात्तस्य दर्शनमहोत्सव आसीत् ॥ ६४

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
*योगाभ्यासविधाननामा पञ्चचत्वारिंशोऽध्यायः ॥ ४५*

---

**॥ षट्चत्वारिंशोऽध्यायः ॥**

**सुव्रत उवाच –**

ततः स वङ्गदेशेषु प्रायात्सीरपुरं बटुः । सिद्धवल्लभनामासीद्राजा यत्रातिधार्मिकः ॥१
तेनातिप्रार्थितोऽवात्सीच्चातुर्मास्यं महामुनिः । तद्दुर्ग एवानुसवं सेव्यमानो हि तेन सः ॥२

---

કરતા આદિવરાહ તીર્થમાં આવ્યા અને ત્રણ દિવસ પર્યંત તે તીર્થક્ષેત્રમાં નિવાસ કરીને રહ્યા.[૬૨-૬૩] હે રાજન્ ! આ પ્રમાણે વર્ણીન્દ્ર શ્રીહરિ જે જે તીર્થસ્થાનોમાં જતા ત્યાં ત્યાં નિવાસ કરીને રહેતા, તેથી મનુષ્યોને સ્વર્ગલોકમાંથી જાણે ગુરુ બૃહસ્પતિ પધાર્યા હોય ને જે દર્શનનો આનંદ થાય તેવો મહાઆનંદ તેમનાં દર્શનથી થતો હતો.[૬૪]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ગોપાળયોગી પાસે શ્રીહરિએ યોગાભ્યાસ કર્યો એ નામે પિસ્તાલીસમો અધ્યાય પૂર્ણ થયો. ૪૫***

---

## અધ્યાય – ૪૬

## ગોપાલદાસની રક્ષા કરી, સિદ્ધોનું અભિમાન ઉતાર્યું અને તૈલંગદેશી વિપ્રને સુખી કર્યો.

**સીરપુરશહેરમાં વર્ણીનું આગમન :–** સુવ્રતમુનિ કહે છે, હેરાજન્ ! તે આદિવારાહ તીર્થથી નીકળી વર્ણીરાજ શ્રીહરિ વંગદેશમાં આવેલા સીરપુર નામના શહેરમાં પધાર્યા, જ્યાં અતિધાર્મિક સિદ્ધવલ્લભ નામના રાજા રાજ્ય કરતા હતા.[૧] તે રાજાએ શ્રીહરિની પ્રાર્થના કરી કે, હે વર્ણીરાજ ! તમે મારા ઉપર કૃપા કરીને અહીં નિવાસ કરીને રહો. ત્યારે મહામુનિ શ્રીહરિ ચાતુર્માસ પર્યંત તે

गोपालदासनामैकः साधुः शीलगुणान्वितः । सेवायां प्रत्यहं तस्य वर्तते स्मातिभावतः ॥३
सिद्धतामसमन्त्राश्च तत्रान्ये सिद्धसंज्ञकाः । आसन् सहस्रशः क्षुद्रदेवतोपासका अपि ॥४
तत्रैके वीतरागाख्याः केचिदासंश्च वर्णिनः । एके परमहंसाख्या यतिसंज्ञाश्च केचन ॥ ५
भैरवोपासकाः केचित्केचित्काल्या उपासकाः । केचिच्च योगिनीभक्ता वीरविद्याविशारदाः ॥ ६
कौपीनमात्रवसनाः सिद्धास्तत्रापरिग्रहाः । आसन्नेकशतं मुख्यास्तपश्चर्यारता नृप ! ॥ ७
तान्सुच्छायोज्झिते स्थाने वासयामास भूपतिः । तत्रैवामुं नीलकण्ठं पूजयित्वा न्यवासयत् ॥ ८
प्रचुराज्यसितोपेतैर्भक्ष्यैर्भोज्यैश्च तान् नृपः । प्रत्यहं तोषयामास तत्तदीप्सितवस्तुभिः ॥ ९
पट्टकानासनार्थं च ददौ तेभ्यः पृथक् पृथक् । स्वसिद्धतां दर्शयन्तो न्यूषुस्तेऽपि यथासुखम् ॥ १०

---

**સિદ્ધવલ્લભ રાજાના મહેલમાંજ નિવાસ કરીને રહ્યા. અને સ્વયં રાજા પણ પ્રતિદિન શ્રીહરિની સમયોચિત સેવા કરવા લાગ્યા.[૨] તેવી જ રીતે ચારિત્ર્ય અને નિર્માનાદિ સદ્‌ગુણોથી સભર એક ગોપાળદાસ નામના સાધુ હતા. તે પણ શ્રીહરિ ઉપર અતિશય સ્નેહભાવ રાખી પ્રતિદિન સેવા કરતા હતા. તે રાજાના રાજમહેલમાં બીજા સિદ્ધ એવા નામે પ્રસિદ્ધ ઘણા સાધુપુરુષો રહેતા હતા. તેઓ તામસમંત્રોની સાધના કરનારા અને તામસ મલિન દેવતાઓની ઉપાસના કરનારા હતા.[૩-૪]**

**તેમાંથી કેટલાક વીતરાગી હતા, કેટલાક બ્રહ્મચારી, કેટલાક પરમહંસ, કેટલાક સંન્યાસી, કેટલાક ભૈરવના ઉપાસક, કેટલાક કાલિના ઉપાસક, કેટલાક યોગિનીના ઉપાસક અને કેટલાક વીર વિદ્યામાં વિશારદ હતા. હે રાજન્ ! તે સિદ્ધોમાં તો કેટલાક માત્ર કૌપીન ધારણ કરનારા હતા, કેટલાક અપરિગ્રહવ્રત રાખનારા હતા. અને સોએક જેટલા તપ પરાયણજીવન જીવનારા મુખ્ય સિદ્ધો પણ તેમાં હતા.[૫-૭] હે રાજન્ ! સિધ્ધવલ્લભ રાજાએ તે સોએક જેટલા મુખ્ય સિદ્ધોને ખુલ્લા આકાશવાળા મેદાનમાં નિવાસ કરાવ્યો અને નીલકંઠ વર્ણીનું પૂજન કરી તેમને પણ તે મુખ્ય સિદ્ધોવાળી જગ્યામાં જ નિવાસ કરાવ્યો.[૮] રાજા બહુ ભાવિક હોવાથી સર્વ સિદ્ધોને ખૂબ ઘી અને સાકર મિશ્રિત ભક્ષ્ય, ભોજ્ય વગેરે તેઓને ઇચ્છિત ભોજન અને વસ્તુ પદાર્થદ્વારા સંતોષ પમાડતા હતા. વળી રાજાએ તેઓને બેસવા માટે પલંગ, બાજોઠ વિગેરે વસ્તુઓના દરેકને અલગ અલગ દાન કર્યાં હતાં, અને તે સિદ્ધો પણ પોતાની સિદ્ધાઇનું પ્રદર્શન કરતા સુખપૂર્વક ત્યાં નિવાસ કરીને રહ્યા હતા.[૯-૧૦]**

**સિધ્ધોનો દંભ ઉઘાડો પાડવા વર્ણીએ કરી ઈચ્છા :–** આ

तत्तद्दाम्भिकसिद्धत्वं मुमुक्षुं तं धरापतिम् । हरेर्विजिज्ञापयिषोरिच्छयेत्थमभून्नृप ! ॥ ११
प्रावृट्काले तत्र वृष्टिः प्रतिवर्षाधिकाऽभवत् । आसारैः पीडिता आसंस्ते तु सिद्धाभिमानिः ॥ १२
घनाघना ददृशिरे स्तनन्तः स्तनयित्नुभिः । भयङ्कराभिर्विद्युद्भिर्भीषणाः सुरवर्त्मनि ॥ १३
घोरघोषातिवातेन वज्रनिर्घोषणैस्तथा । दिवानिशं चातिवृष्ट्या खिन्नास्ते सिद्धतां जहुः ॥ १४
शनै शनैस्ततश्चक्रू रात्रौ रात्रौ पलायनम् । क्वचित्पञ्च क्वचित्सप्त वेपमाना हिमानिलैः ॥ १५
प्रत्यहं राजभृत्याश्च तच्चर्यां ददृशुः स्थिताः । दिनैः कतिपयैः सर्वे सिद्धाश्चक्रुः पलायनम् ॥ १६
एकमेवावशिष्टं तं वर्णिराजं नृपः सुधीः । दृष्ट्वा सत्यं तमेवैकं सिद्धं मेने न चापरम् ॥ १७
अत्यासारातिवाताभ्यामप्यनाकुलमेव तम् । बहुधा मानयामास राजा पौराश्च सर्वशः ॥ १८
पलायितांस्तु तन्सिद्धान्स्वदुर्गगृहवासिनः । इतरांश्च नृपो मेने ग्राम्यैः साधारणान्किल ॥ १९

---

**મુમુક્ષુ સિદ્ધવલ્લભ રાજાની સામે જ એ દંભી સિદ્ધોનો દંભ ખુલ્લો પાડવાની ઈચ્છા ધરાવતા શ્રીહરિના સંકલ્પથી એક આશ્ચર્ય સર્જાયું, તે સીરપુર શહેરમાં વર્ષાઋતુના સમયમાં પ્રતિ વર્ષ કરતાં આ વર્ષે અતિવૃષ્ટિ થઇ તેથી સિદ્ધાઈનું અભિમાન ધરાવતા સર્વે સિદ્ધો વરસાદની ધારાથી બહુ પીડાવા લાગ્યા.[૧૧-૧૨] કરાની વૃષ્ટિથી થતાં ધ્વનિઓ અને ભયંકર ભય ઉપજાવનારા વીજળીના થતા ચમકારાની સાથે ભયાનક મેઘો આકાશમાં દેખાતા હતા. વેગવાન સુસવાટા કરતા પવનથી મેઘોના વજ્રપાત જેવા ગર્જનાના ભયાનક શબ્દોથી અને રાત્રિ દિવસ વરસતી અતિવૃષ્ટિથી અતિશય ખેદ પામેલા સિદ્ધોને પોતાની સિદ્ધાઈનું અભિમાન ઉતરી ગયું.[૧૩-૧૪] તેથી હિમ જેવા ઠંડા પવનથી કંપતા શરીરવાળા તે સિદ્ધો ધીરે ધીરે ક્યારેક પાંચ, ક્યારેક છ કે સાત એમ સાથે મળીને એક પછી એક રાત્રીના સમયમાં ભાગવા લાગ્યા.[૧૫] રાજાની આજ્ઞાથી ત્યાં રહેલા રાજાના નોકરો સિદ્ધોની હમેશની દિનચર્યા નિહાળતા રહેતા અને રાજાને જણાવતા. ત્યાં તો થોડા દિવસોમાં જ સર્વે સિદ્ધો ત્યાંથી પલાયન થઈ ગયા.[૧૬] ત્યારે બુદ્ધિમાન સિધ્ધવલ્લભ રાજાએ જોયું કે પ્રચંડ વરસાદની ધારાઓ વચ્ચે એકલા માત્ર વર્ણી બિરાજે છે. આ એક જ સાચા સિદ્ધ છે, બીજા કોઈ નથી, એમ માનવા લાગ્યા.[૧૭] વરસાદ શાંત થયા પછી મૂશળધારાએ વરસતા વરસાદ અને પવનના સુસવાટા વચ્ચે પણ વ્યથા નહિ પામેલા સ્થિતપ્રજ્ઞ શ્રીહરિનું રાજાએ તથા પુરવાસી જનોએ બહુ સન્માન કર્યું. અને બીજા ત્યાંથી ભાગી છૂટેલા અને પોતાની ધર્મશાળાઓમાં નિવાસ કરતા સર્વે સિદ્ધોને રાજાએ તો સાધારણ મનુષ્યો સરખા જાણ્યા.[૧૭-૧૯]**

तदा शाक्तादयः सिद्धास्तस्योत्कर्षं विलोक्य ते । अत्यमर्षज्वलद्गात्राश्चक्रुस्तं हन्तुमुद्यमम् ॥ २०
समन्त्रमाषक्षेपाद्यैः स्वेष्टदेवोदितैरपि । अभिचारैश्च तं हन्तुं न शेके कोऽपि मान्त्रिकः ॥ २१
सर्वे प्रयासा विफलास्तेषां तस्मिन्हि वर्णिनि । शस्त्रघाता इवाकाशे बभूवुर्नाकृतीश्वरे ॥ २२
तं तु हन्तुमशक्तैस्तैर्माषमुष्टिर्दुरात्मभिः । साधौ गोपाल दासाख्ये तत्सेविनि निचिक्षिपे ॥ २३
मृतप्रायस्तदैवाभूल्लल्जिह्वः स मूर्च्छितः । मुखनिर्यत्फेनजालो निश्चेष्टो न्यपतद्भुवि ॥ २४
सहस्रशो जना द्रष्टुं तमागच्छन्नितस्ततः । अप्रतीकारमेवाहुर्नृपाद्यास्तमुपद्रवम् ॥ २५
सिद्धाख्यांस्तांस्ततो राजा प्राह भो मन्त्रशास्त्रिण ! । उपायः क्रियतामस्य भवद्भिः सिद्धयोगिभिः ॥ २६
त ऊचुरप्रतीकार्यो भवत्यस्य ह्युपद्रवः । नीलकण्ठो महान् सिद्धः करोत्वस्य चिकित्सितम् ॥ २७

---

**વર્ણીના સેવક ગોપાળદાસ સિધ્ધોની ઈર્ષ્યાનો ભોગ બન્યા :–** હે રાજન્ ! શ્રીહરિનું બહુ પ્રકારે સન્માન થયું તે સમયે તેનો આવો ભવ્ય ઉત્કર્ષ જોઈ શક્તિ ઉપાસક તે સર્વે સિદ્ધોનાં ગાત્રો અત્યંત ક્રોધાગ્નિની જ્વાળામાં બળવા લાગ્યાં. તેથી શ્રીહરિને મારી નાખવાના પ્રયત્નો કરવા લાગ્યા.[૨૦] મલિન મંત્રોથી મંત્રેલા અડદની મુઠ્ઠી શ્રીહરિ ઉપર ફેંકી. પોતાના ઈષ્ટદેવોનાં વરદાન વચનોનો પણ શ્રીહરિ ઉપર પ્રયોગ કર્યો. તેમજ અભિચારિક મંત્રોનો પણ પ્રયોગ કર્યો, છતાં કોઈ પણ માંત્રિક શ્રીહરિને મારવા સમર્થ થયો નહિ.[૨૧] જેવી રીતે કોઈ આકાશમાં શસ્ત્રના પ્રહાર કરે ને નિષ્ફળ જાય તેમ શક્તિ ઉપાસક સર્વે સિદ્ધોના મનુષ્યાકૃતિ ધરી રહેલા પરમેશ્વર વર્ણીરાજ શ્રીહરિ ઉપર કરેલા સમગ્ર પ્રયોગો નિષ્ફળ ગયા.[૨૨] તેથી શ્રીહરિને મારવા અસમર્થ થયેલા તે દુષ્ટ સિદ્ધોએ શ્રીહરિ ઉપર ઈર્ષ્યાભાવ રાખી તેની સેવા કરતા ગોપાળદાસ નામના સાધુ ઉપર મંત્રેલા અડદની મુઠ્ઠીનો પ્રયોગ કર્યો.[૨૩] ગોપાળદાસ સાધુ તો તે જ ક્ષણે મૂર્છિત થઈને પૃથ્વી પર પડ્યો, જીભ બહાર નીકળી ગઈ અને મરણતુલ્ય થયો. તેના મુખમાંથી ફીણ નીકળવા લાગી અને ચેષ્ટારહિત થયો. તેને જોવા માટે રાજા અને ચારે બાજુએથી હજારો મનુષ્યો ભેળાં થયાં અને કહેવા લાગ્યાં કે, આ ઉપદ્રનું નિવારણ કરવું હવે કોઈનાથી શક્ય નથી.[૨૪-૨૫] તે સમયે સિદ્ધવલ્લભ રાજાએ શક્તિ ઉપાસક તે સિદ્ધોને કહ્યું કે હે મંત્રશાસ્ત્રીઓ ! તમે સિદ્ધયોગી છો, તેથી આ ગોપાળદાસના ઉપદ્રવનું નિવારણ કરો.[૨૬] ત્યારે તે સિદ્ધો કહેવા લાગ્યા કે, આ સાધુનો ઉપદ્રવ અમારાથી નાશ પામી શકે તેમ નથી. તમે જેને સર્વ સિદ્ધો થકી બહુ મોટા સિદ્ધ માનો છો તે નીલકંઠ યોગી પાસે આના ઉપદ્રવનો પ્રતિકાર કરાવો.[૨૭]

मात्सर्यादेवमुक्ते तैरपि राज्ञार्थितः स तु । सद्यस्तत्पार्श्वमागत्य तदवैच्छाक्तदुष्कृतम् ॥ २८
शनैरवादीत्तत्कर्णे कृष्णस्याष्टाक्षरं मनुम् । तावत्स सहसोत्तस्थौ नृपते! निरुपद्रवः ॥ २९
विस्मयं परमं प्रापुस्तदा सर्वे जना अपि । साक्षाच्छ्रीकृष्णरूपं तं कृष्णभक्तं च मेनिरे ॥ ३०
येन क्षिप्तो माषमुष्टिः साधावस्मिन्पुमान्स तु । स्वकृतेनाभिचारेण सद्य आसीत्तथाविधः ॥ ३१
सिद्धास्तस्य प्रतीकारं यावद्बुद्धिबलोदयम् । चक्रुस्तथापि नो शेकुर्गतदर्पास्ततोऽभवन् ॥ ३२
प्रणम्य वर्णिराजं ते प्रार्थयित्वा च भूरिशः । तदन्तिकमुपानिन्युर्गुणग्रहणशीलिनम् ॥ ३३
तत्र गत्वा स भगवान् कृपानिधिरुदारधीः । ईक्षयोत्थापयामास सद्यः कण्ठासुमेव तम् ॥ ३४
ततोऽतिविस्मितैः सिद्धैरर्च्यमानः स तैः पुनः । स्वस्थानमेत्य न्यवसत्स्तूयमानो नृपेण च ॥ ३५

**વર્ણીરાજે કરેલી ગોપાળદાસની રક્ષા :–** હે પ્રતાપસિંહ રાજન્ ! ગર્વિષ્ટ સિદ્ધોનાં આવાં પ્રકારનાં શ્રીહરિ ઉપરનાં મત્સરગ્રસ્ત વચનો સાંભળી રાજાએ વર્ણીની પ્રાર્થના કરી તેથી શ્રીહરિ તત્કાળ ઊભા થયા અને ગોપાળદાસની સમીપે આવ્યા ને જોયું કે આ તો શક્તિ ઉપાસકોના પાપનું કર્મ છે. તેથી તે જ ક્ષણે શ્રીહરિએ ગોપાળદાસના જમણા કાનમાં ધીરા અવાજે શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો જપ કર્યો, તેથી તરત જ ગોપાળદાસ પીડાએ રહિત થઈ એકદમ ઊભો થયો.[૨૮-૨૯] આ જોઈ સર્વે મનુષ્યો પરમ વિસ્મય પામ્યાં અને શ્રીહરિને સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન માનવા લાગ્યાં અને કેટલાક શ્રીહરિને ભગવાન શ્રીકૃષ્ણના મોટા એકાંતિક ભક્ત માનવા લાગ્યા.[૩૦] ગોપાળદાસ ઉપર જે શક્તિપંથી સિદ્ધે મંત્રેલા અડદની મુઠ્ઠીનો પ્રયોગ કર્યો હતો તે સિદ્ધ જ પોતાનું અભિચાર કર્મ પોતા ઉપર પાછું ફરતાં તત્કાળ મરણતુલ્ય થયો.[૩૧] ત્યારે બીજા સર્વે સિદ્ધોએ પોતાનાં બુદ્ધિબળનું જેટલું સામર્થ્ય ચાલે તેટલું ચલાવી તે સિદ્ધના ઉપદ્રવને દૂર કરવા અનેક ઉપાયો કર્યા છતાં પણ તેની પીડા રંચમાત્ર દૂર થઈ નહિ.[૩૨] તેથી તેઓ ગર્વે રહિત થયા. અને તે સર્વે વર્ણીરાજ શ્રીહરિની સમીપે આવી સાષ્ટાંગ પ્રણામ કર્યા ને બહુ પ્રાર્થના કરી. પછી પોતાની સાથે ગુણગ્રાહક સ્વભાવને વરેલા શ્રીનીલકંઠ વર્ણીને મૃત્પ્રાય થયેલા સિદ્ધ પાસે તેડી લાવ્યા.[૩૨-૩૩] દયાના સાગર અને ઉદારબુદ્ધિવાળા ભગવાન શ્રીહરિ મરણ પથારીએ પડેલા તે ઉપદ્રવી સિદ્ધને સમીપે જઈને તત્કાળ કરુણામય દૃષ્ટિથી બેઠો કર્યો.[૩૪] આવા પ્રકારનું શ્રીહરિનું સામર્થ્ય જોઈને અતિશય વિસ્મય પામેલા તે સિદ્ધોએ ભગવાન શ્રીહરિનું કેશર, ચંદનાદિકથી પૂજન કર્યું. પછી રાજાએ પ્રાર્થના કરવાથી શ્રીહરિ પોતાના નિવાસ સ્થાને પધાર્યા,

ततोऽतिविस्मितो राजा ज्ञात्वा साक्षात्तमीश्वरम् । प्राप तच्छिष्यतां प्रीत्या सकलत्रसुतः सुधीः ॥३६
पुरे वित्तादिलोभेन सिद्धास्ते यं यमार्दयन् । स स तस्य प्रतापेन सद्योऽभून्निरुपद्रवः ॥ ३७
पौरैर्भृशं दीयमानं धनं किमपि नाग्रहीत् । न वस्त्रं वाहनं वापि स तु सर्वत्र निःस्पृहः ॥ ३८
ततो राज्ञा दीयमानाः स्वर्णमुद्राः सहस्रशः । वस्त्राणि च न सोऽगृह्णाज्जानन्मायामयं हि तत् ॥ ३९
एतस्मिन्नन्तरे तत्र तैलिङ्गः कश्चन द्विजः । आयान्निःस्वः कुटुम्बी च वेदशास्त्रपुराणवित् ॥ ४०
धार्मिकः स ददौ तस्मै महादानानि भूपतिः । मातङ्गकालपुरुषलवणादीनि भूरिशः ॥ ४१
विप्रः स गौरवर्णोऽपि महादानप्रतिग्रहात् । कृष्णवर्णोऽभवत्सद्यो लोकेऽपि गर्ह्यतां ययौ ॥ ४२
तथाविधः स स्वदोषशान्त्यर्थं हरिमेव तम् । लोकप्रसिद्धमाश्रुत्य तमेव शरणं ययौ ॥ ४३
स दृष्ट्वा दुर्दशां तस्य विप्रस्य करुणानिधिः । कर्णेऽवदत्कृष्णमन्त्रं पापेभ्यो सोऽप्यमुच्यत ॥ ४४

---

**અને અતિશય આશ્ચર્યચકિત થયેલા બુદ્ધિમાન રાજા શ્રીહરિને સાક્ષાત્ ઈશ્વર પરમાત્મા જાણીને પોતાની પત્ની પુત્રાદિ પરિવારે સહિત અતિ સ્નેહથી તેમના શિષ્ય થયા.[૩૫-૩૬] ધન, સ્ત્રી, ભોજન, વસ્ત્રાલંકાર, વાહન આદિની પ્રાપ્તિના લોભવૃત્તિવાળા સિદ્ધો સીરપુર શહેરમાં રહીને જે જે મનુષ્યોને પરેશાન કરતા હતા તે સર્વે શ્રીહરિના પ્રભાવથી તત્કાળ નિરુપદ્રવી થયા.[૩૭] તેથી તે શહેરનાં સર્વે મનુષ્યોએ શ્રીહરિને બહુ ધન, વસ્ત્ર અને વાહન આદિ વસ્તુઓ અર્પણ કરી. છતાં પણ સાંસારિક વસ્તુમાત્રમાંથી નિઃસ્પૃહી એવા શ્રીહરિએ તેનો સ્વીકાર કર્યો નહિ.[૩૮] તેવી જ રીતે તે ભક્ત સિદ્ધવલ્લભ રાજાએ પણ શ્રીહરિને હજારો સુવર્ણમુદ્રા અને ભારે વસ્ત્રોની ભેટ ધરી, છતાં પણ પદાર્થમાત્રને માયાનો વિકારમાત્ર જાણતા શ્રીહરિએ તેનો પણ સ્વીકાર કર્યો નહિ.[૩૯]**

**તૈલંગદેશના વિપ્રની કરેલી રક્ષા :-** **હે રાજન્ ! તે સમયે કોઈ તૈલંગદેશ નિવાસી બ્રાહ્મણ ત્યાં આવ્યો, તે બ્રાહ્મણ નિર્ધન અને મોટા કુટુંબવાળો હતો. વળી વેદ, શાસ્ત્ર, પુરાણને ભણેલો વિદ્વાન પણ હતો. દાન ધર્મમાં નિષ્ઠાવાળા તે રાજાએ તે વિદ્વાન વિપ્રને હાથી, કાળપુરુષ અને લવણ આદિ પદાર્થોનું મહાદાન કર્યું. તે સમયે તે બ્રાહ્મણ ગૌરવર્ણનો હતો છતાં પણ આ હાથી આદિનું મહાદાન સ્વીકારવાથી તત્કાળ શ્યામવર્ણનો થયો, તેથી લોકમાં ખૂબ જ નિંદાને પાત્ર થયો.[૪૦-૪૨] કાળો થયેલો તે વિપ્ર પોતાના દોષની શાંતિને માટે લોકોના મુખેથી જેની કીર્તિ સાંભળી છે એવા જગપ્રસિદ્ધ શ્રીનીલકંઠવર્ણીને શરણે આવ્યો.[૪૩] તે વિપ્રની આવી દુર્દશા જોઈને કરુણાનિધિ વર્ણીએ તેના જમણા કાનમાં શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો**

सद्यः स पूर्वरूपोऽभूत्तद्गुणानेव वर्णयन् । स्वदेशमगमद्धृष्टो विस्मितो धरणीपते ! ॥ ४५
अशेषयोगीन्द्रतपस्विसिद्धवीर्याधिकां विभ्रदपीह शक्तिम् ।
अनन्यसिद्धं निजसाधुभावं नोद्रिच्यते स्म प्रथयन् हरिः सः ॥ ४६
*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
*सिद्धाभिमानिगुरुपराजयनामा षट्चत्वारिंशोऽध्यायः ॥ ४६ ॥*

---

**॥ सप्तचत्वारिंशोऽध्यायः ॥**

**सुव्रत उवाच -**

चातुर्मास्ये व्यतीतेऽथ सिद्धा देशान्तरं ययुः । नारायणोऽपि तैः साकं ययौ राज्ञा समर्चितः ॥ १

---

ઉપદેશ કર્યો. તેથી તે તત્કાળ મહાદાન લેવાના પાપમાંથી મુક્ત થયો.[૪૪] હે ધરણીપતિ ! અને તે જ ક્ષણે તે ફરી પૂર્વવત ગૌરવર્ણનો થયો. વિસ્મય અને અતિ પ્રસન્ન થયેલો તે વિદ્વાન વિપ્ર શ્રીહરિના દયા આદિ ગુણોની પ્રશંસા કરતો ત્યાંથી પોતાના તૈલંગદેશ પ્રત્યે જવા રવાનો થયો.[૪૫] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સમસ્ત યોગીન્દ્રો, તપસ્વીઓ અને સિદ્ધપુરુષો કરતાં પણ અધિક શક્તિ, સામર્થ્ય અને પ્રભાવ ધરાવતા ભગવાન શ્રીહરિ અન્યજનોને દુર્લભ પણ પોતાને સ્વતઃ સિદ્ધ રહેલી સાધુતાને આલોકમાં વિસ્તારતા હતા, છતાં પણ પોતાના અંતરમાં તેનો લેશમાત્ર ગર્વ થતો ન હતો.[૪૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં સિદ્ધાભિમાની ગુરુઓનો પરાભવ કર્યો અને તૈલંગદેશી વિપ્રને સુખી કર્યો એ નામે છેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. -૪૬-***

---

## અધ્યાય - ૪૭

## કામાક્ષીદેવીનાં મંદિર સમીપે મહાતાંત્રિક પિબેકનો ગર્વ ઉતાર્યો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તે સીરપુર શહેરમાં ચાતુર્માસ પૂર્ણ થતાં તે સર્વે સિદ્ધો દેશાંતરમાં જવા નીકળ્યા અને સિદ્ધવલ્લભ રાજાદ્વારા અતિશય સત્કાર

देव्याः समीपे कामाक्ष्याः कञ्चिद्ग्राममुपेत्य ते । आरेभिरे बहिर्वाट्यां पाकं कर्तुं पृथक् पृथक् ॥ २
सिद्धांस्तानागताञ्छ्रुत्वा महाकाल्या उपासकः । तावत्तत्रागमत्कश्चित्तत्रत्यो ब्राह्मणो महान् ॥ ३
स हि पूर्वं स्वधर्मस्थो निगमोक्तक्रियादरः । विद्वान्स्वदारनिरत आसीच्छीलगुणान्वितः ॥ ४
स चैकदा शाक्तसङ्गात्कुलार्णवमशेषतः । आगमं वाचयामास सद्यःफलनिदर्शनम् ॥ ५
तदा तस्य रुचिस्तस्मिन्नासीदुःसङ्गदोषतः । तदुक्ताचारसक्तोऽभूत्कौलसङ्गप्रियस्तथा ॥ ६
ततस्त्यक्त्वा स्वधर्मादीनासीच्छाक्ताग्रणीश्च यः । सिद्धेश्वराभिमानी स तत्रायात्प्रज्वलन् क्रुधा ॥ ७
सुरापानमदाघूर्णरक्ताक्षः पललाशनः । कुलाष्टकस्त्रीगुह्याङ्गक्षालनाम्बुपिबः सदा ॥ ८

---

કરાયેલા ભગવાન શ્રીનીલકંઠ વર્ણી પણ તે સિદ્ધોની સાથે રવાના થયા.[૧] શ્રીહરિની સાથે નીકળેલા તે સર્વે સિદ્ધો કામાક્ષીદેવીનાં મંદિરની સમીપે કોઈ એક ગામની ભાગોળે રહેલા બગીચામાં આવી ઉતારો કર્યો અને પોતપોતાના સંઘની જુદી જુદી રસોઈ કરવાનો પ્રારંભ કર્યો.[૨] તે સમયે પુષ્પવાટિકામાં કોઈ સિદ્ધો આવ્યા છે. એવું સાંભળતાંની સાથે તે ગામમાં રહેનારો મહાકાલિનો ઉપાસક તેમજ લોકપ્રતિષ્ઠિત કોઈ બ્રાહ્મણ ત્યાં આવ્યો.[૩]

**કુસંગનો પ્રબળ પ્રભાવ :–** હે રાજન્ ! તે બ્રાહ્મણ પહેલાં મહા ધાર્મિક હતો, વેદાદિ સત્શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલા ત્રિકાલ સંધ્યાવંદનાદિ સમસ્ત કર્મકાંડનું અનુષ્ઠાન કરનારો વિદ્વાન હતો. તેમજ એક પત્નીવ્રતનું પાલન કરનાર ચારિત્ર્યવાન તથા શમ-દમાદિ ગુણોથી સંપન્ન હતો.[૪] તેને કોઈ વખત શક્તિ ઉપાસક કોઈક પુરુષનો સહવાસ થયો, તેથી તત્કાળ ફળ દેખાડનાર "કૌલાવર્ણ" નામના ગ્રંથનો સંપૂર્ણપણે અભ્યાસ કર્યો.[૫] કુસંગના પ્રભાવથી તેમને તે વેદવિરુદ્ધ ગ્રંથમાં આસ્થા આવી, તેથી તેમાં પ્રતિપાદન કરેલા આચાર પાલનમાં આસક્ત થઈ શક્તિની મલિન ઉપાસના કરનારા પુરુષોના સંગમાં પ્રેમવાળો થયો.[૬]

હે રાજન્ ! ત્યારપછી તો તે બ્રાહ્મણ સ્વધર્મનો ત્યાગ કરી શક્તિમાર્ગીઓનો અગ્રેસર થયો, અને "હું જ સર્વ સિદ્ધોમાં એક શ્રેષ્ઠ સિદ્ધ છું" એવું એને અભિમાન આવ્યું. તેથી તે ક્રોધથી બળતો બળતો જ્યાં શ્રીહરિ સાથે સિદ્ધો રસોઈ કરતા હતા, ત્યાં બગીચામાં આવ્યો .[૭] સમયે મદિરાપાનના મદથી તેનાં નેત્રો ચકળવકળ થતાં હતાં. તે માંસાહારી હતો, તે હમેશાં કુલાષ્ટક નામથી પ્રખ્યાત આઠ પ્રકારની સ્ત્રીઓનાં ગુહ્યાંગોને ધોયેલા કુલવારી નામના જળનું પાન કરતો હતો.[૮] સિંદૂરનો ચાંદલો કરેલ લોખંડનું ત્રિશૂળ હાથમાં ધારણ કર્યું હતું, તેમજ સિંદૂર તથા સ્ત્રિના રજ

दधत्त्रिशूलं हस्ते च लौहं सिन्दूरचन्द्रकम् । विभ्रत्कूर्चे च सिन्दूरं कुलपुष्पाक्तकुङ्कुमम् ॥ ९
मुण्डमालां महाकालीं स्मरन् कुल्लां मुहुर्हसन् । कुमारीपायुशुद्ध्यम्बुमार्जिताखिलगात्रकः ॥ १०
पानान्तचर्वितापक्कतिमिदुर्वासिताननः । पिबैक इति विख्यातः शिरोबद्धारुणांशुकः ॥ ११
वृतः स्त्रीपुरुषैर्ग्राम्यैः स्वशिष्यैश्च स सत्वरम् । तत्राऽऽगत्याब्रवीत्सिद्धांश्चकितान्स्वेक्षयाऽखिलान् ॥ १२
अहो कथं सिद्धसंज्ञां धूर्ता ! बिभृथ दुर्लभाम् । एक एव हि सिद्धोऽस्मि साम्प्रतं भुवि नापरः ॥ १३
युष्मादृशा एव मया कृताः शिष्याः सहस्रशः । यैर्मानितं न मद्वाक्यं ते नीताश्च यमालयम् ॥ १४
तस्माद्यूयं समुत्तार्य धारिता ब्रह्मसूत्रवत् । कण्ठस्रजोऽत्रमच्छिष्या भवताद्यैव भूतये ॥ १५
अन्यथा वीरपुरुषा मदाज्ञामात्रकाङ्क्षिणः । भक्षयिष्यन्ति वः सर्वाञ्जीवतो विकटाननाः ॥ १६
तदानीं तेऽखिलाः सिद्धाः प्राग्बहुश्रुततद्गुणाः । प्रत्यक्षं च तमालोक्य वेपन्ते स्म भयाद्भृशम् ॥ १७

---

રુધિરથી મિશ્ર કરેલ કુંકુમનો ચાંદલો બે ભ્રૂકુટિના મધ્ય ભાગમાં ધારણ કર્યો હતો.[૯] ગળામાં મુંડોની માળા ધારણ કરી હતી. કૃત્રિમ તંત્રગ્રંથમાં પ્રસિદ્ધ કુલ્લા નામની મહાકાલિદેવીનું મનમાં સ્મરણ કરતો અને કુમારી કન્યાઓની ગુદાને ધોએલા જળનો શરીર ઉપર છંટકાવ કરીને આવ્યો. ગર્વથી વારંવાર હસતો અને સુરાપાન કર્યા પછી દાંતોવડે ચાવેલાં કાચાં માછલાંની દુર્ગંધ તેના મોઢેથી આવતી હતી. માથા ઉપર લાલ કપડાંનો દુપટ્ટો બાંધી પિબેક નામનો એક બ્રાહ્મણ ત્યાં આવ્યો. તેણે કંઠ સુધી સુરાપાન કર્યું હતું. અન્ય સુરાપાન કરનારાઓમાં તે અનુપમ,તેથી પિબેક એવા સાર્થક નામવાળો હતો.[૧૦-૧૧]

હે રાજન્ ! તે ગામનાં નરનારીઓ તેની પાસેથી દીક્ષા લઇ તેમનાં શિષ્યો થયાં હતાં. તે સર્વે શિષ્યોની સાથે તે પિબેક તત્કાળ ત્યાં આવ્યો, ને પોતાને જોઈને ભયભીત થયેલા સર્વે સિદ્ધો પ્રત્યે કહેવા લાગ્યો કે, અરે !!! ધૂર્તો ! તમે તમારી જાતને સિદ્ધ માનીને દુર્લભ એવા સિદ્ધ નામને કેમ ધારીને બેઠા છો ? કારણ કે અત્યારે વર્તમાનકાળે આ પૃથ્વી ઉપર હું એક જ સિદ્ધ છું બીજો કોઈ જ નથી.[૧૨-૧૩] અરે !! તમારા જેવા હજારોને મેં મારા શિષ્યો બનાવ્યા છે અને જેણે મારું વચન નથી માન્યું તે સર્વેને યમપુરીના અધિકારી પણ મેં કર્યા છે.[૧૪] માટે તમે સર્વે યજ્ઞોપવીતની પેઠે કંઠમાં ધારણ કરેલી કંઠીઓ કાઢી નાખો અને તમે જીવવા ઈચ્છતા હો તો અત્યારે જ મારા શિષ્યપણાને પામો.[૧૫] જો એ પ્રમાણે નહિ કરો તો મારી આજ્ઞાની રાહ જોઈ રહેલા પહોળા મુખવાળા વીરો તમારું સર્વેનું અત્યારે જ ભક્ષણ કરી જશે.[૧૬] તે સમયે પૂર્વે જેમની સિદ્ધાઇ વિષે બહુ સાંભળ્યું હતું તે જ

मरिष्यामोऽद्य वोन्मत्ता भविष्यामो हि तद्द्रुतम् । शिष्या अस्य भवेमेति प्रोचुस्ते च परस्परम् ॥ १८
कण्ठस्त्रजस्त्रोटयितुमुद्यतानथ तान्स तु । दृष्ट्वा हरिर्नृप ! प्राह सिद्धाः ! किं क्रियते न्विदम् ॥ १९
चिन्ता कापि न कर्तव्या क्षुद्रोऽयं किं करिष्यति । शिष्यं करोतु मामादावयं युष्मास्ततः परम् ॥ २०
आश्वस्ता अपि तेनेत्थं भीताः सिद्धास्तमब्रुवन् । नान्यसिद्धसमो ह्येष हन्याद्यत्त्वामपि क्षणात् ॥ २१
पिबैको वर्णिनं दृष्ट्वा स्वकार्ये विघ्नरूपिणम् । दृष्ट्या करालया पश्यन्नाजुहाव तमन्तिके ॥ २२
त्यक्त्वा पाकक्रियां सद्यो नीलकण्ठस्तदन्तिकम् । एत्य वीरासनेनैव तत्सन्मुखमुपाविशत् ॥ २३
तत्पृष्ठतः सिद्धसङ्घास्तन्मुखार्पितदृष्टयः । निषेदुरथ विप्रोऽसौ स्वसामर्थ्यमदर्शयत् ॥ २४
चिक्षेप मन्त्रितान्माषान् घनपत्रे वटद्रुमे । सोऽभूच्छुष्कः सद्य एव बिभ्युः सिद्धास्तदा भृशम् ॥ २५

**પિબેકને આજે પોતાની આગળ પ્રત્યક્ષ ઊભેલો જોઇ નીલકંઠવર્ણી વિના સર્વે સિદ્ધો ભયભીત થઈ અત્યંત કંપવા લાગ્યા, અરે ! આપણે તેના અત્યારે જ જલદીથી શિષ્યો થઈ જઇએ નહિતર હમણાં જ આપણને એ મારી નાખશે અથવા પાગલ કરી દેશે, પરસ્પર એમ કહેવા લાગ્યા.[૧૭-૧૮] હે રાજન્ ! ત્યારે કંઠમાં ધારેલી કંઠીઓને તોડવા તૈયાર થયેલા સિદ્ધોને જોઇ શ્રીહરિ તેમને કહેવા લાગ્યા કે, હે સિદ્ધો ! તમે આ શું કરી રહ્યા છો ? તમે કોઈ પણ પ્રકારની ચિંતા ન કરો. આ તુચ્છ પિબેક તમને શું કરી શકવાનો છે ? એ પિબેક પહેલાં મને તેનો શિષ્ય કરે, પછી ભલે તમે તેના શિષ્યો થાઓ.[૧૯-૨૦] હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રમાણે સૌને આશ્વાસન આપ્યું. છતાં પણ પિબેકથી અત્યંત ભયભીત થયેલા સિદ્ધો શ્રીહરિને કહેવા લાગ્યા કે, હે હરિ ! આ પિબેક બીજા સિદ્ધો જેવો સામાન્ય સિદ્ધ નથી, આ તો બહુ બળવાન છે, તેથી ક્ષણવારમાં એ તમને પણ મારી નાખશે.[૨૧]**

**હે રાજન્ ! તે સમયે શ્રીહરિને પોતાના સિદ્ધ થતા કાર્યમાં અંતરાયરૂપ થતા જોઈને પિબેક વક્રદૃષ્ટિથી તેમની સામે જોવા લાગ્યો અને પોતાની સમીપે બોલાવવા લાગ્યો.[૨૨] ત્યારે ભગવાન શ્રીનીલકંઠવર્ણી પણ તત્કાળ રસોઈ પકાવવાનું બંધ કરીને તેના મનના અભિપ્રાયને જાણી પિબેકની સમીપે આવી તેના સન્મુખ વીરાસને બેસી ગયા.[૨૩] તે પિબેકના મુખ સામે જ એક દૃષ્ટિ રાખીને સર્વે સિદ્ધો પણ શ્રીહરિના પાછળના ભાગમાં બેઠા. ત્યારે પિબેક પોતાના મંત્રબળની સામર્થી દેખાડવા લાગ્યો.[૨૪] પિબેકે ઘાટાં પાંદડાંઓથી લીલાછમ વડલાના વૃક્ષ ઉપર મલીન મંત્રોથી મંત્રેલા અડદની મુઠ્ઠી ફેંકી, કે તરત જ તે વૃક્ષનાં પાંદડાં સૂકીને પૃથ્વી પર હેઠાં પડ્યાં, અને વડનું વૃક્ષ સૂકાઇ ગયું, તે જોઇને વર્ણીના સિદ્ધો**

तथाप्यक्षुब्धमनसं सुस्थिरं वीक्ष्यं वर्णिनम् । माषमुष्टिं निचिक्षेप तस्मिन्नाशकरं द्विजः ॥ २६
तथापि च यथापुर्वं स्थितं तं वीक्ष्य सोऽवदत् । कालभैरवमुष्ट्या त्वां हिन्मि देवं निजं स्मर ॥ २७
इत्युक्तवन्तं दुर्बुद्धिं व्यात्तभीषणलोचनम् । वर्णिराट् प्राह का चिन्ता यावच्छक्त्युद्यमं कुरु ॥ २८
ततो भैरववीरान्स प्रेरयामास तं प्रति । तं द्रष्टुमप्यशक्तास्ते प्रहर्तारं ववल्गिरे ॥ २९
ततः पपात स क्षोण्यामुद्वमन्रुधिरं मुखात् । मुमूर्च्छ च क्षणान्तेऽथ प्रोत्तस्थौ क्रोधितो भृशम् ॥ ३०
कृत्वोदकेन गण्डूषान्वर्णिनं पुनरब्रवीत् । स्थिरो भवाद्य त्वां घ्नन्ति वीरा बाटुकभैरवाः ॥ ३१
तदा स प्राह का चिन्ता प्रैरयत्तांस्ततश्च सः । तेऽपि तं नाशकन् द्रष्टुं पेतुः सद्यः प्रहर्तरि ॥ ३२
पूर्ववत्पतितः सोऽथ पुनरुत्थाय चाब्रवीत् । वीरैरद्य महाकाल्या हन्मि त्वां सुस्थिरो भव ॥ ३३

---

તો અત્યંત ભય પામવા લાગ્યા.[૨૫] આવા પ્રકારનું આશ્ચર્ય જોવા છતાં શ્રીહરિના મનમાં લેશમાત્ર ક્ષોભ થયો નહિ અને સ્થિર બેસી રહ્યા. આ પ્રમાણે નિર્ભયપણે બેઠેલા વર્ણીને જોઇ પિબેકે તેમના પ્રાણ લેવા મંત્રેલા અડદની મુઠ્ઠી શ્રીહરિ ઉપર ફેંકી.[૨૬] તેમ છતાં પૂર્વની માફક સ્થિર બેઠેલા શ્રીહરિને જોઇ પિબેક કહેવા લાગ્યો કે, હે વર્ણી ! હું કાળભૈરવની મુઠથી હમણાં તમારો વિનાશ કરું છું. તું તારા ઈષ્ટદેવનું સ્મરણ કરી લે.[૨૭]

હે રાજન્ ! આ પ્રમાણે પિબેકે કહ્યું ત્યારે ફાટેલા નેત્રોવાળા અને દુષ્ટબુદ્ધિવાળા પિબેક પ્રત્યે વર્ણીરાજ કહેવા લાગ્યા કે, હે પિબેક ! મને કોઈ ચિંતા નથી. તારામાં જેટલી મંત્રબળની શક્તિ હોય તેટલો પ્રયાસ તું કરી લે.[૨૮] હે રાજન્ ! શ્રીહરિનું આવું નિર્ભય વચન સાંભળી પિબેક તેને મારવા કાળભૈરવના વીરોને પ્રેરણા કરી. તે ભૈરવવીરો તો શ્રીહરિની સામે દૃષ્ટિમાંડીને જોવા પણ સમર્થ થયા નહિ. ઉલટાના પ્રેરણા કરનાર પિબેકને જઈને વળગ્યા. તેથી પિબેક મુખમાંથી રુધીરનું વમન કરતો મૂર્છા ખાઈને ધરણીપર ઢળી પડ્યો, થોડી વાર પછી ફરી સ્વસ્થ થઈને ક્રોધના અતિશય આવેગમાં આવી ઊભો થયો.[૨૯-૩૦]

હે રાજન્ ! પાણીના કોગળા કરી ફરી પિબેક શ્રીહરિને કહેવા લાગ્યો કે, હે વર્ણી ! તું ધીરો રહે, હમણાંજ બટુક ભૈરવના વીરો તારો વિનાશ કરશે.[૩૧] ત્યારે શ્રીહરિએ ફરી કહ્યું કે, મને કોઈ ચિંતા નથી, તારે જે કરવું હોય તે કરી લે. ત્યારે પિબેકે બટુક ભૈરવના વીરોને પ્રેરણા કરી. તે વીરો પણ શ્રીહરિને જોવા સમર્થ થયા નહિ, તેથી તત્કાળ પ્રેરણા કરનાર પિબેક ઉપર જઈને પળ્યા ને ખૂબજ માર્યો.[૩૨] તેથી પૂર્વવત્ મૂર્છા ખાઈ પૃથ્વી પર ઢળી પડ્યો. થોડીવારે ફરી ઊભો

इत्युक्त्वा प्रैरयत्तांश्च तेऽपि तद्वीक्षणाक्षमाः । प्रहर्तर्येव न्यपतंस्तत आसीत्स पूर्ववत् ॥ ३४
पुनः क्षणान्त उत्थाय क्रुद्धः स प्राह वर्णिनम् । वीरैर्हनूमतोऽद्य त्वां घातयामि स्थिरो भव ॥ ३५
प्रैरयत्तांस्ततो विप्रस्ते तु तं वीक्ष्य मारुतेः । प्रेष्ठं नत्वा परावृत्य विप्रं भूमावपातयन् ॥ ३६
मुखाद्वमन् स रुधिरं मूर्च्छितोऽतीव विह्वलः । नाशकत्पुनरुत्थातुं कण्ठं तदसवो ययुः ॥ ३७
विवृत्तनेत्रं पतितं म्रियमाणं विचेष्टनम् । तं तत्सम्बन्धिनो वीक्ष्य विलेपुर्हा हता इति ॥ ३८
रुदन्तस्ते नीलकण्ठं प्रणमन्तः पुनः पुनः । ऊचुः स्वामिन्दयां कृत्वा जीवयैनं त्वमीश्वरः ॥ ३९
ईदृग्विगर्हितं कर्म पुनर्नायं करिष्यति । इत्युक्त्वा भूरिशो द्रव्यं निदधुस्तत्पदान्तिके ॥ ४०
आमान्नानि च सिद्धेभ्यः सर्वेभ्यः शोभनान्यदुः । ततो दयालुर्भगवान् कृपयैव तमैक्षत ॥ ४१

---

થઈ ક્રોધ કરીને શ્રીહરિને કહેવા લાગ્યો કે, હમણાં જ હું મહાકાલિના વીરો મોકલીને તારો ઘાત કરાવું છું, તું ધીરો રહે જે.[૩૩]

હે રાજન્ ! આ પ્રમાણે કહીને પિબેકે મહાકાલિના વીરોને પ્રેરણા કરી તે પણ તેવી જ રીતે શ્રીહરિની સામે નજર કરવા સમર્થ નહિ થયેલા મહાકાલિના વીરો પાછા વળી પિબેકને વળગ્યા. તેથી તે પૂર્વની જેમ જ મૂર્છા ખાઈ પૃથ્વી પર ઢળી પડ્યો.[૩૪] ફરી ક્ષણવાર રહી ઊભો થયો ને ક્રોધ કરતો શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યો કે, હે વર્ણી તું બેઠો રહેજે, હું હમણાં જ હનુમાનજીના વીરોને મોકલું છું. તે તારો અવશ્ય ઘાત કરશે.[૩૫] એમ કહીને પિબેકે શ્રીહરિને મારવા હનુમાનજીના વીરોને પ્રેરણા કરી. તે વીરોએ તો શ્રીહરિને પોતાના સ્વામી શ્રીહનુમાનજીના પ્રાણપ્રિય ઈષ્ટદેવ જાણી નમસ્કાર કરીને ત્યાંથી પાછા વળ્યા; તે પિબેકને ભૂમિ ઉપર પછાડ્યો.[૩૬] ત્યારે પિબેકના મુખમાંથી ઊલટી થવા લાગી ને અતિશય આકુળ વ્યાકુળ થતો મૂર્છા ખાઈ પૃથ્વી પર ઢળી પડ્યો. તે ફરી બેઠો થવા સમર્થ થયો નહિ. તેના પ્રાણ કંઠે આવી ગયા અને નેત્રો પણ ફાટી ગયાં.[૩૭] આપ્રમાણે એમનું મૃત્યુ નજીકમાં આવ્યું હોય તેવા ચેષ્ટારહિત પિબેકને જોઈ તેનાં સંબંધીજનો હાય ! હાય ! અમે મરી ગયાં. તારા વિના અમે કેમ જીવશું ? આ પ્રમાણે વિલાપ કરવા લાગ્યાં.[૩૮] ત્યારપછી તે સર્વે સંબંધીજનો રુદન કરતાં નીલકંઠવર્ણીને વારંવાર પ્રણામ કરી કહેવા લાગ્યાં કે, હે સ્વામી ! અમારા ઉપર દયા કરીને પિબેકને જીવતદાન આપો. કારણ કે તમે સાક્ષાત્ પરમેશ્વર છો. ફરીને તે આવું લોકશાસ્ત્ર-નિંદિત કર્મ ક્યારેય નહિ કરે.[૩૯-૪૦] હે રાજન્ ! આ પ્રમાણે વિનંતી કરીને શ્રીહરિની આગળ ચરણમેં ખૂબ જ ધનનો ઢગલો કર્યો. સર્વે સિદ્ધોને સુંદર ઘી, સાકર તથા

तावत्स सद्य उत्थाय प्रणनाम तमादरात् । नैवं पुनः करिष्यामीत्युक्त्वागात्सान्वयो गृहम् ॥ ४२
सिद्धास्ते प्राणदातारं तं ज्ञात्वा जगदीश्वरम् । सविस्मयं प्रणम्यैव प्रापुस्तच्छिष्यतां नृप ! ॥ ४३
कृत्वा पाकं ततः सर्वे भोजनं च विधाय ते । तां रात्रिमूषुस्तत्रैव भजन्तो राधिकापतिम् ॥ ४४
भग्नमानः पिबैकस्तु पादाहत इवोरगः । क्रोधाग्निदह्यमानाङ्गो नैव प्राप स निर्वृतिम् ॥ ४५
कालभैरवमभ्यर्च्य महामांसैर्महानिशि । सुरां रक्तं पाययित्वा वर्णिनं हन्तुमैरयत् ॥ ४६
करालवदनो नग्नो रक्ताक्षो मुक्तमूर्धजः । सोऽञ्जनाद्रिनिभः शूलं बिभ्रद्धरिमुपाययौ ॥ ४७
तदन्तिके तु संस्थातुमशक्तो दूर एव सः । तस्थौ तं च स दृष्ट्वापि न बिभाय जहास च ॥ ४८

---

અન્નનાં કાચાં સીધાં આપ્યાં. ત્યારે દયાળુ ભગવાન શ્રીહરિએ કૃપા કરીને તે પિબેકની સામે દૃષ્ટિ કરી. શ્રીહરિની કૃપાદૃષ્ટિ થવાથી પિબેક જાગ્રત થયો અને અતિ પ્રેમથી શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ફરી હું આવું કર્મ કદી નહિ કરું, એમ કહીને પોતાના પરિવાર સાથે ઘેર ગયો. હે રાજન્ ! શ્રીહરિએ તે ધન બ્રાહ્મણોને દાનમાં આપી દીધું. પોતે તો નિઃસ્પૃહ જ રહેતા.[૪૧-૪૨]

હે રાજન્ ! શ્રીહરિની સાથે આવેલા તે સર્વે સિદ્ધોએ મહા અપરાધી પિબેકને જીવનદાન આપનારા વર્ણીને જગદીશ્વર જાણી આશ્ચર્યની સાથે સાષ્ટાંગ પ્રણામ કરી શ્રીહરિના શિષ્યો થયા.[૪૩] પછી તે સર્વેએ રસોઇ બનાવી ભોજન કર્યું અને રાધિકાના પતિ ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરતા ત્યાં જ રાત્રી વિતાવી.[૪૪] પરંતુ શ્રીહરિથી માનભંગ થયેલા પિબેકને પગથી દબાએલા સર્પની જેમ ક્યાંય ચેન ન પડ્યું, અને તેના સર્વે અંગો ક્રોધાગ્નિમાં બળવા લાગ્યાં, મધ્યરાત્રીએ કાળભૈરવને મહામાંસનું બલિદાન આપી પૂજન કર્યું, અને તેને ત્રણ પ્રકારની સુરા અને પુષ્કળ રુધિરનું પાન કરાવી વર્ણીરાજ શ્રીહરિને મારવાની પ્રેરણા કરી.[૪૫-૪૬] તે કાળભૈરવ ભયંકર મુખવાળો, સર્વે અંગે નિવસ્ત્ર, નગ્ન દશામાં રહેતો તેનાં નેત્રો લાલ હતાં, મસ્તક ઉપર વાળ વિખરાયેલાં હતાં, કાજળજેવો કાળોતે કાળભૈરવ હાથમાં ત્રિશૂલ ધારણ કરીને શ્રીહરિને મારવા રાત્રીમાં તેમની સમીપે આવ્યો. પણ શ્રીહરિની નજીક ઊભો રહેવા એક ક્ષણવાર પણ સમર્થ થયો નહિ, તેથી દૂર જઇને ઊભો રહ્યો. ત્યારે નીલકંઠવર્ણી તેમને જોઇને જરા પણ ભય પામ્યા નહિ, પરંતુ પિબેકની દુર્જનતા અને કાળભૈરવની સ્થિતિ જોઇને આશ્ચર્ય સાથે મંદમંદ હસવા લાગ્યા.[૪૭-૪૮]

उषःकालावधि क्रूरः स तस्थावथ वर्णिराट् । स्नातुं गच्छन्नालुलोके तमूर्ध्वकरशूलिनम् ॥ ४९
तद्दृष्ट्या वेपमानाङ्गो भैरवोऽपि स तद्भयात् । चक्रे पलायनं तूर्णं हनिष्यन्प्रेरकं द्विजम् ॥ ५०
पलायमानं तं प्राह वर्णिराट् स कृपानिधिः । मावधीर्ब्राह्मणं तं त्वं तदन्नादा यतो वयम् ॥ ५१
इत्युक्तः सोऽपि तद्वाक्यं प्राह विप्रमुपेत्य तम् । तदातिविस्मितः सोऽपि मेने साक्षात्तमीश्वरम् ॥ ५२
अपकारं प्रकुर्वन्तमात्मानमुपकारिणि । धिक्कृत्य तस्य शिष्यत्वं प्राप्तवान्नृपसत्तम ! ॥ ५३
ततोऽभवद्यथापूर्वं धर्मनिष्ठश्च पापभीः । वेदबाह्याञ्जहौ सद्यो ग्रन्थान्कौलागमादिकान् ॥ ५४
श्रीमद्भागवतं गीतां प्रोक्तां भगवता च सः । पठञ्छृण्वन्राधिकेशं भेजे भक्त्या विदन् हि तम् ॥ ५५

હે રાજન્ ! ક્રૂર તે કાળભૈરવ ઊંચા કરેલા હાથમાં ત્રિશૂલ ધારણ કરી પ્રાતઃકાળ સુધી ત્યાં ને ત્યાં ઊભો રહ્યો, સવારે સ્નાન કરવા જતા વર્ણીરાજે તે કાળભૈરવને જોયો, ત્યારે શ્રીહરિના જોવા માત્રથી તે કંપવા લાગ્યો અને પોતાને અહીં આવવાની પ્રેરણા કરનાર પિબેકને જ મારી નાખવાની ઈચ્છાથી શ્રીહરિથી ભય પામતો ત્યાંથી ભાગવા લાગ્યો.[૪૯-૫૦] ત્યારે વર્ણીરાજ શ્રીહરિએ ભાગતા કાળભૈરવને કહ્યું કે, હે કાળભૈરવ ! તને અહીં મોકલનાર તે પિબેક બ્રાહ્મણને તું મારીશ નહિ. કારણ કે અમે સર્વે સિદ્ધો તેનું અન્ન જમ્યા છીએ. માટે તેનો વધ કરીશ નહિ.[૫૧] હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે જે વચનો કાળભૈરવને કહ્યાં તે તેણે પિબેકને આવીને સંભળાવ્યાં. તે સાંભળી પિબેક અતિશય વિસ્મય પામ્યો કે, આટલો બધો અપકાર કરનાર મને કાળભૈરવ થકી જીવતો રાખ્યો માટે તે વર્ણરાજ શ્રીહરિ સાક્ષાત્ પરમેશ્વર છે.[૫૨]

**અંતે પિબેક શ્રીહરિને શરણે :–** હે નૃપશ્રેષ્ઠ ! પોતાને જીવતદાન આપી ઉપકાર કરનાર શ્રીહરિનો કાળભૈરવને મારવા મૂકી અપકાર કરનાર પિબેકે પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. કાળભૈરવ થકી પુનઃ જીવતદાન આપનાર શ્રીહરિને શરણે જઈ શિષ્યપણું સ્વીકાર્યું.[૫૩] હે રાજન્ ! પિબેક પૂર્વે જેવો હતો તેવો જ ધર્મનિષ્ઠ થયો. પાપકર્મથી ભયપામનારો, અને વેદબાહ્ય તેમજ કલ્પિત કૌલાવર્ણ ગ્રંથનો ત્યાગ કરી અને શ્રીમદ્ ભાગવત પુરાણ તથા ભગવાને સ્વમુખે ગાયેલી ગીતાનો પાઠ અને શ્રવણ કરવા લાગ્યો. તેમજ ભગવાન શ્રીહરિને સાક્ષાત્ રાધિકેશ શ્રીકૃષ્ણ જાણી પ્રેમપૂર્વક તેમની ભક્તિ કરવા લાગ્યો.[૫૪-૫૫]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિ પોતાની સાથે આવેલા સિદ્ધોને

देशान्तरे विचरितुं सिद्धानाज्ञाप्य तानथ । एकाक्येव हरिः प्रायान्नवलक्षाभिधं गिरिम् ॥ ५६
इत्थं मानुषनाटनं स विदधद्भूपातिमर्त्यक्रियः कुर्वन्नुत्खननं महागुरुगताधर्मान्वयस्यौजसा ।
धर्मज्ञानविरागयोगसहितां श्रीकृष्णभक्तिं परां भूमौ सम्प्रथयंश्चचार स मुदे श्रीनीलकण्ठोऽस्तु नः ॥ ५७

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे शाक्तपिबैकपराजयनामा सप्तचत्वारिंशोऽध्यायः ॥ ४७ ॥*

---

**॥ अष्टचत्वारिंशोऽध्यायः ॥ ४८**

**सुव्रत उवाच -**

प्राप्य तं गिरिमारुह्य स ददर्शाद्भुतं विभुः । सिद्धानां नवलक्षाणां स्थानान्यैक्षत सर्वशः ॥ १

---

**દેશાંતરોમાં વિચરણ કરવાની આજ્ઞા આપી અને એકલા સ્વયં શ્રીહરિએ નવલખા પર્વત તરફ પ્રયાણ કર્યું. હે ભૂપ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિ મનુષ્યનાટ્યને કરતા અને મનુષ્યોથી ન થઇ શકે તેવાં અનેક દિવ્ય ચરિત્રોને કરતા મહા અજ્ઞાની એવા પિબેક આદિ અનેક મહાગુરુઓમાં રહેલા અધર્મવંશનો પોતાના પ્રતાપથી ઉચ્છેદ કરી સ્વયં શ્રીકૃષ્ણ એવા પોતાની ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને યોગે યુક્ત પરાભક્તિનું પ્રવર્તન કરવા આ પૃથ્વી પર વિચરણ કરતા હતા. આ પ્રમાણે દિવ્યલીલાનો વિસ્તાર કરતા હે નીલકંઠ ભગવાન ! તમે સદાય અમને આનંદ આપનારા થાઓ.**[૫૬-૫૭]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શક્તિપંથી પિબેકનો પરાજય કરી તેને વૈદિક માર્ગે લાવ્યાનું નિરૂપણ કર્યું એ નામે સુડતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૭--***

---

## અધ્યાય - ૪૮

## નવલખા પર્વત ઉપર નવલાખ યોગીઓને નવલાખરૂપે દર્શન.

**સુવ્રતમુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે, હે રાજન્ ! સર્વત્ર વ્યાપક ભગવાન શ્રીહરિ નવલખા પર્વતે પધાર્યા. પર્વત ઉપર આરોહણ કરી તેનાં અદ્‌ભૂત આશ્ચર્યને**

नवलक्षस्थलीष्वग्निज्वाला अपि निरिन्धनाः । शीताम्बूनि च कुण्डानि तासूष्णाम्बूनि च क्वचित् । २
आश्चर्यमिति सम्पश्यन्सिद्धांस्तत्र स्थितानपि । ददर्श सकलान्मुक्तान्दुर्दृश्यानपि योगिभिः ॥ ३
नमश्चक्रे स तान्वीक्ष्य ते च तं योगिनां गुरुम् । आनन्दयन्स तान्भक्तांस्तत्रोवास दिनत्रयम् ॥ ४
ध्यायन्तो वासुदेवं ते तमेव स्फुरितं हृदि । अक्षरे धाम्नि ददृशुर्भूरितेजसमद्भुतम् ॥ ५
ततस्तमेव निश्चित्य कृष्णं धृतनराकृतिम् । प्रापुस्तपःफलं सर्वे भेजिरे तं ततो नृप ! ॥ ६
वन्द्यमानोऽथ तैर्भक्त्या गजमार्गेण पर्वतात् । उत्तीर्याधः स वडवाकुण्डं हरिरुपाययौ ॥ ७
तत्र सङ्घं निःसरन्तं भुवो वाय्वग्निपाथसाम् । पश्यन्नुवास साश्चर्यं नीलकण्ठो दिनत्रयम् ॥ ८

જોતા તથા તે પર્વત ઉપર વસતા ભગવાનના ભક્ત નવલાખ સિદ્ધયોગીઓનાં નિવાસ સ્થાનોને પણ જોયાં. અને તેના નવલાખ અગ્નિકુંડો નિર્ધૂમ અગ્નિઓથી પ્રજ્વલિત હતા. કોઈ સ્થળમાં ઠંડા પાણીના કુંડો તો કોઈ સ્થળમાં ગરમ પાણીના કુંડોને શ્રીહરિએ જોયા.[૧-૨] આવા પ્રકારનાં આશ્ચર્યને જોઈને તે નવલખા પર્વત ઉપર નિવાસ કરતા તેમજ મુક્તદશાને પામેલા સમગ્ર સિદ્ધોને પણ જોયા. જેમનું દર્શન યોગીપુરુષોને પણ દુર્લભ છે આવા સાચા સિદ્ધોને જોઈ શ્રીહરિએ તેમને નમસ્કાર કર્યા અને તે સર્વે નવલાખ સિદ્ધોએ પણ યોગીઓના યોગગુરુ એવા શ્રીહરિને એકી સાથે પોતાની સનમુખ ઊભેલા જોઈ તત્કાળ નમસ્કાર કર્યા. ભગવાન શ્રીહરિ પોતાના ભક્ત એવા તે સમગ્ર સિદ્ધોને આનંદ ઉપજાવતા થકા ત્રણ દિવસ સુધી ત્યાં નિવાસ કરીને રહ્યા.[૩-૪]

હે રાજન્ ! ભગવાન શ્રીવાસુદેવનું ધ્યાન કરતા તે નવ લાખ સિદ્ધોએ પોતાના હૃદયકમળમાં શ્રીહરિની ઈચ્છાથી આવિર્ભાવ પામેલા દિવ્ય અક્ષરધામને વિષે બિરાજમાન મહાતેજોમય મૂર્તિ આ શ્રીહરિનાં જ અતિ આશ્ચર્યકારી દર્શન કર્યાં. હે રાજન્ ! પછી તે સર્વે સિદ્ધો સ્વેચ્છાએ મનુષ્યાકૃતિ ધરીને અહીં પધારેલા શ્રીહરિને જ સાક્ષાત્ અક્ષરધામાધિપતિ સ્વયં શ્રીકૃષ્ણ છે. એવો દૃઢ નિશ્ચય કરી અનંતકાળના તપનું ફળ પામ્યા અને તેમનું જ ધ્યાન ભજન કરવા લાગ્યા.[૫-૬]

**વડવાકુંડતીર્થમાં આગમન :–** હે રાજન્ ! ત્યારપછી સર્વે સિદ્ધોએ અનુરાગપૂર્વક શ્રીહરિને વંદન કર્યા અને તે સર્વેને આ રીતે તપનું ફળ આપી ભગવાન શ્રીહરિ હાથીઓને ચાલવાના માર્ગેથી નવલખા પર્વતથી નીચે ઊતરી વડવાકુંડ નામના તીર્થસ્થાને પધાર્યા. તે તીર્થમાં પૃથ્વીમાંથી નીકળતા વાયુ, અગ્નિ અને જળના ફુવારાઓને આશ્ચર્યપૂર્વક જોતા ભગવાન શ્રીનીલકંઠ વર્ણી ત્રણ દિવસ

ततो ययावग्निदिशं गङ्गासागरसङ्गमम् । प्राप्य स्नात्वा च तत्रापि स उवास दिनत्रयम् ॥ ९
समुद्रखाडीमुत्तीर्य नावागात्कपिलाश्रमम् । वृतं परिधिभूतेन सागरेण सुशोभनम् ॥ १०
यत्रास्ते भगवान्साक्षात्साङ्ख्याचार्यगुरुः स्वयम् । तपस्यन्कपिलो नित्यं त्रिलोक्याः श्रेयसे नृप ! ।११
स्वधर्मज्ञानवैराग्ययोगभक्तिनिरूपकम् । तं तत्रालोक्य परमां प्राप भक्त्यात्मजो मुदम् ॥ १२
ईशवत्सेवमानं स्वं गूढैश्वर्यमपि प्रभुम् । विवेद कपिलः कृष्णं ध्यानेनासीत्ततोऽतिमुत् ॥ १३
धर्मस्थापन उद्युक्तं स्वेच्छयैव नराकृतिम् । प्रीत्यासिषेवेऽनुदिनमातिथ्येन यथोचितम् ॥ १४
तपस्विनामतिप्रेष्ठे स्थाने तत्र स वर्णिराट् । मासमेकमुषित्वाथ पुरीमेतां समाययौ ॥ १५

---

સુધી વાડવાકુંડ તીર્થમાં રોકાયા.[૭-૮]

**ગંગાસાગરે કપિલાશ્રમમાં પધરામણી :–** હે રાજન્ ! તે વાડવાકુંડતીર્થ સ્થળેથી શ્રીહરિ અગ્નિદિશા તરફ ચાલવા લાગ્યા. તે ચાલતાં ચાલતાં ગંગાસાગરના સંગમે પધાર્યા. ત્યાં સ્નાન કરી ત્રણ દિવસ સુધી રોકાયા.[૯] ત્યાંથી નાવ દ્વારા સમુદ્રની ખાડી ઉતરી કપિલ ભગવાનના આશ્રમમાં પધાર્યા. અતિશય શોભાયમાન આ આશ્રમની ચારેબાજુ ખાઈરૂપે ગોળાકાર સમુદ્ર રહેલો છે.[૧૦] હે રાજન્ ! આ આશ્રમમાં સાંખ્યજ્ઞાનના આચાર્યોના પણ ગુરુ સ્વયં સાક્ષાત્ કપિલભગવાન બિરાજે છે. અને સદાય ત્રિલોકીના કલ્યાણને માટે તપશ્ચર્યા કરે છે.[૧૧] હે રાજન્ ! સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને અષ્ટાંગયોગે યુક્ત ભક્તિમાર્ગનું પોતાની માતા દેવહૂતિને ઉદ્દેશીને નિરુપણ કરનારા ભગવાન કપિલજીનાં દર્શન કરી ભક્તિપુત્ર ભગવાન શ્રીહરિ પરમ આનંદને પામ્યા.[૧૨] મનુષ્યનાટ્યથી ઐશ્વર્યને છૂપાવી, ઈશ્વરના જેવો પોતાને આદર આપી પોતાની સેવા કરતા સર્વનિયંતા ભગવાન શ્રીહરિને કપિલજીએ ધ્યાનયોગના પ્રભાવથી ઓળખ્યા કે, આ સ્વયં સાક્ષાત્ શ્રીકૃષ્ણ જનકલ્યાણ માટે અક્ષરધામમાંથી મનુષ્યનાટ્ય ધરી અહીં પધાર્યા છે. તેથી ખૂબજ આનંદને પામ્યા. હે રાજન્ ! ત્યારપછી ભગવાન કપિલજી પણ સ્વેચ્છાએ મનુષ્યાકૃતિ ધરીને ધર્મસ્થાપન કરવામાં તત્પર સાક્ષાત્ શ્રીહરિનો આતિથ્ય સત્કાર કરી તેમની નિરંતર અતિ સ્નેહથી સેવા કરવા લાગ્યા. આ રીતે એક મહિના સુધી રોકાયા.[૧૩-૧૪]

**જગન્નાથપુરીમાં શ્રીહરિનું આગમન :–** તપસ્વીઓને અતિપ્રિય એવા કપિલાશ્રમમાં એક માસ પર્યંત નિવાસ કરીને ત્યાંથી ચાલ્યા તે જગન્નાથપુરી પધાર્યા.[૧૫] આ પુરુષોત્તમપુરીમાં નિવાસ કરીને રહેલા વર્ણીરાજ શ્રીહરિ પ્રતિદિન

निवसन्नत्र वर्णीन्द्रः पुरुषोत्तमपत्तने । अब्धौ स्नानं जगन्नाथवीक्षां प्रत्यहमाचरत् ॥ १६
इन्द्रद्युम्नसरोमुख्यतीर्थेषु च स आप्लवम् । अत्रत्येषु करोति स्म विधानं तैर्थिकं विदन् ॥ १७
ततोऽत्र वसतोऽद्राक्षीच्चरतो यूथशः पुरे । असुरान्बहुशो राजन्दम्भभक्तनराकृतीन् ॥ १८
परस्परस्पृधो मानक्रोधशूरत्वमत्सरैः । उद्वृत्तान्धर्मविमुखान्कामक्रीडनकान् खलान् ॥ १९
गुरुत्वसाधुताख्यात्यै भूरिदम्भेन बिभ्रतः । शैववैष्णवशाक्तानां बाह्यलिङ्गानि सर्वशः ॥ २०
मन्त्रसिद्धिचमत्कारदर्शनेन पुरौकसः । वशीकृत्य नरान् स्त्रींश्च धर्मान्हापयतो निजान् ॥ २१
वर्तमाना गुरुत्वेन निःस्पृहा इव बाह्यतः । पुत्रीतुल्याः शिष्यपत्नीर्मुहुः प्रीत्योपगच्छतः ॥ २२
प्रलोभ्य मायया लोकान् महाफलनिदर्शनैः । गृह्णतो द्रविणं तेभ्यः कांश्चिच्च भयदर्शनैः ॥ २३
तत्र कांश्चित्तीक्ष्णशस्त्रस्थूलयष्टीस्तथायसान् । दधतश्चिपिटान् स्थूलायतांस्तापससन्निभान् ॥ २४

**સમુદ્રસ્નાન અને જગન્નાથજીનાં દર્શન કરતા.[૧૬] તેમજ તીર્થવિધિને જાણનારા શ્રીહરિ આ પુરુષોત્તમપુરીમાં મુખ્ય તીર્થસ્વરૂપે રહેલાં ઈન્દ્રદ્યુમ્ન સરોવરમાં પણ સ્નાન કરવા જતા.[૧૭] હે રાજન્ ! આ પુરીમાં પોતાના નિવાસ દરમ્યાન શ્રીહરિએ ત્યાં રહેલા અને ટોળામાં ફરતા હજારો અસુરોને જોયા. તેઓ દંભથી વૈષ્ણવ, શૈવ આદિ ભક્તોનાં ચિહ્નો ધારણ કરી મનુષ્યરૂપે રહેતા હતા.[૧૮] તેઓ માન, ક્રોધ, શૂરવીરતા અને મત્સરથી પરસ્પર એક બીજાની સ્પર્ધા કરતા રહેતા. ઉદ્ધત વર્તન રાખી ધર્મથી સદાય વિમુખ વર્તતા હતા. તેઓ અતિશય કામક્રિડામાં જ આસક્ત અને ખળપુરુષો હતા.[૧૯] જગતમાં ગુરુપણાની ખ્યાતિ માટે અને સાધુતાની ખ્યાતિ માટે ઘણો બધો દંભ કરતા અને શૈવ, વૈષ્ણવ અને શાક્ત સંપ્રદાયનાં સમગ્ર બાહ્ય ચિહ્નો ધારણ કરી ફરતા હતા.[૨૦] એ અસુરો પોતે ઉપદેશેલા મંત્રોની સિદ્ધિના ચમત્કારો દેખાડી નગરવાસી નરનારીઓને વશ કરી તેઓને પોતાના વૈદિક ધર્મોમાંથી ભ્રષ્ટ કરતા અને સર્વેના ગુરુ થઈને બેઠેલા તેઓ બહારથી નિસ્પૃહી વર્તન રાખતા, પરંતુ પોતાની પુત્રી તુલ્ય ગણાય એવી શિષ્યોની પત્નીઓને વારંવાર પ્રીતિપૂર્વક ભોગવતા હતા.[૨૧-૨૨] તે અસુરો આસુરી માયા દેખાડી મહાફળના બહાને લોકોને પ્રલોભન પમાડી તેમની પાસેથી ધન ધૂતી લેતા અને કેટલાક તો પુત્રને મારી નાખવા આદિકનો ભય દેખાડી લોકો પાસેથી ધન પડાવી લેતા હતા.[૨૩]**

**હે રાજન્ ! એ અસુરોમાંથી કેટલાક તો તપસ્વીના વેષમાં રહીને તીક્ષ્ણ તલવારાદિ શસ્ત્રોને ધારણ કરીને ફરતા અને કેટલાક કડિયારી-ડાંગો અને લોખંડના જાડા ચીપિયાઓને ધારણ કરીને ફરતા રહેતા.[૨૪] હે રાજન્ ! કેટલાક તો શસ્ત્ર**

अशस्त्रानेव कांश्चिच्च सौम्यवेषान्स ऐक्षत । वीरकृत्यामन्त्रयन्त्रैः प्रच्छन्नं द्रोहिणो नृणाम् ॥ २५
शैवाञ्छाक्तांस्तत्र वामाध्वगान्कौलागमादिभिः । तन्मूलपद्धतिग्रन्थैः शिवशक्त्यर्चने रतान् ॥ २६
वैष्णवान्दक्षिणाध्वस्थान्मकारादिमवर्जितान् । एतान् द्वयानपि स्वीयशिष्यस्वाचारवर्तनान् ॥ २७
सहस्रशो यूथचरान्वीक्ष्यैतान्स्वैकवैरिणः । धरामतिभरां मेने हरिस्तैर्गूढदुष्क्रियैः ॥ २८
पञ्चरात्रमुषित्वैव ततस्तीर्थान्तरं प्रति । गन्तुकामोऽप्यसावत्र तत्पराभूतयेऽवसत् ॥ २९
इन्द्रद्युम्नसरस्येव प्रायो वासं स चाकरोत् । सर्वत्र निःस्पृहः शान्तः स्वधर्मं भक्तिमत्यजन् ॥ ३०
यथा न विद्युरसुरा आत्मानं निजवैरिणम् । तथा स ववृते तत्र वर्णिराजो नराधिप! ॥ ३१

---

વગરના અસુરોને પણ શ્રીહરિએ જોયા. તેમજ કેટલાકને તો ઉપરથી સૌમ્યવેષ ધારીને ફરનારા પણ જોયા. પરંતુ તેઓ છાની રીતે વીરોને અને કૃત્યાઓને સાધીને મલિન મંત્રોથી અને તંત્રોથી મનુષ્યોનો દ્રોહ કરતા હતા.[૨૫] તે અસુરોની મધ્યે કેટલાક શૈવ, શાક્ત અને વામમાર્ગી હતા. તેઓ તેમના કલ્પિત કૌલાર્ણવ આગમ વગેરે મૂળગ્રંથોમાં દેખાડેલી મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન આ પાંચ મકારની પદ્ધતિથી શિવ અને શક્તિનું પૂજન કરવામાં આસક્ત હતા.[૨૬] તથા કેટલાક વૈષ્ણવી દીક્ષાને પ્રાપ્ત કરી દક્ષિણ માર્ગની પદ્ધતિથી પ્રથમ ચાર મકારને છોડી માત્ર છેલા મૈથુનમાં જ આસક્ત થઇ કાન-ગોપીના ભાવમાં વિષ્ણુનું અશુદ્ધમાર્ગે પૂજન કરતા હતા. આ રીતે બન્ને માર્ગીઓ શુદ્ધમાર્ગથી ભ્રષ્ટ કરી પોતાના શિષ્યોને પાપાચારમાં પ્રવર્તાવતા હતા.[૨૭]

**અસુરોનું મૂળ ઉખેડવા વર્ણીએ કરેલો સંકલ્પ :–** હે રાજન્ ! સમૂહમાં ભેળામળીને ફરતા અને છૂપી રીતે પાપલીલાને આચરતા એ સર્વે અસુરોને જોઈને "આ સર્વે અસુરો પૃથ્વીના ભારરૂપ છે અને મારા શત્રુઓ છે." એમ શ્રીહરિ માનવા લાગ્યા.[૨૮] શ્રીહરિને આ પુરીમાં પાંચ દિવસ રહીને બીજા તીર્થમાં જવાની ઈચ્છા હતી. પણ તે સર્વે અસુરોનો પરાભવ કરવા વધુ દિવસો સુધી રોકાવાનો સંકલ્પ કરીને ત્યાં રોકાયા.[૨૯] હે રાજન્ ! સર્વે માયિક પદાર્થોમાં સદાય નિઃસ્પૃહી અને શાંત સ્વભાવે વર્તતા અને ધર્મે સહિત ભગવાનની ભક્તિનો ક્યારેય પણ ત્યાગ નહિ થવા દેનારા ભગવાન શ્રીહરિ બહુધા તો ઈન્દ્રદ્યુમ્ન સરોવરના કિનારે જ પોતાનો નિવાસ કરી રહેવા લાગ્યા.[૩૦]

હે રાજન્ ! વર્ણીરાજ શ્રીહરિ, જે પ્રકારે એ અસુરો પોતાને આ વર્ણી

पौरास्तं विविदुः कश्चिन्महान्तं सिद्धयोगिनम् । ततोऽस्य दर्शनं चार्चां चक्रुः प्रतिदिनं जनाः । ३२
तमापृच्छ्य जना ये ये कार्यं यद्यत्समाचरन् । तेषां तेषामसिध्यत्तत्तदुःसाध्यमपि द्रुतम् ॥३३
सिद्धस्वार्था नरास्तस्य पुरतो द्रविणं भृशम् । निदधुर्वस्त्रपात्रादि प्रोचुश्चेदं तवेति तम् ॥ ३४
स तु दृष्ट्यापि तत्किञ्चिन्न जग्राहातिनिःस्पृहः । अत्याश्चर्यं तदालोक्य विविदुस्ते तमीश्वरम् ॥३५
असुरास्तेऽथ वित्तस्त्रीरसास्वादादिलोलुपाः । दम्भभक्तास्तदुत्कर्षं मात्सर्यान्नैव सेहिरे ॥ ३६
अपमानं तस्य चक्रुस्तेऽपशब्दमुखा मुहुः । तस्मिन्मिथ्यापवादं चारोपयामासुरुद्धताः ॥ ३७
क्वचिद्ध्यानस्थमुत्तोल्य स्वावासं निन्युरुन्मदाः । बहुधा भर्त्सयामासुस्तत्र ते तं महाव्रतम् ॥ ३८
केचित्तं निर्दयाः क्रूरा धृत्वा विष्टिमकारयन् । अभाषयंश्च प्रसभं केचित्तं मौनमास्थितम् ॥ ३९
इत्थं ह्युपद्रुतोऽप्यज्ञैर्देहाहंमतिवर्जितः । आत्मनिष्ठो हरिः किञ्चिन्नाखिद्यत निजान्तरे ॥ ४०

---

**આપણો શત્રુ છે એમ જાણી ન જાય તે રીતનું પોતાનું વર્તન દેખાડવા લાગ્યા.[૩૧] અને પુરવાસીજનો શ્રીહરિને કોઈ આ મોટા સિદ્ધયોગી છે એમ જાણી તેમનું પ્રતિદિન દર્શન પૂજન કરવા લાગ્યા.[૩૨] હે રાજન્ ! જે જે જનો શ્રીહરિને પૂછીને જે જે કાર્ય કરતા તે સર્વે મનુષ્યોના કોઈનાથી પણ ન થઈ શકે તેવાં સર્વે કાર્યો તત્કાળ સિદ્ધ થતાં.[૩૩] તે સર્વે મનુષ્યો શ્રીહરિની આગળ ધન, વસ્ત્ર વિગેરે પદાર્થોના ઢગલા કરતા ને કહેતા કે, હે વર્ણી ! આ બધું તમારું છે. તમે તેનો સ્વીકાર કરો.[૩૪] ત્યારે અતિ નિઃસ્પૃહિ વર્ણી તેઓએ અર્પણ કરેલા પદાર્થોનો દૃષ્ટિથી પણ સ્વીકાર કરતા નહિ. આવું આશ્ચર્ય જોઈને તે સર્વે જનો શ્રીહરિને પરમેશ્વર માનવા લાગ્યા.[૩૫] તેથી ધન, સ્ત્રી અને રસાસ્વાદમાં લોલુપ અને ભક્તપણાનો દંભ કરતા તે સર્વે અસુરો માત્સર્યથી શ્રીહરિનો ઉત્કર્ષ સહન કરી શક્યા નહિ.[૩૬] અને ઉદ્ધતાઈ કરી અશ્લીલ શબ્દોથી વારંવાર શ્રીહરિનું અપમાન કરવા લાગ્યા. તથા શ્રીહરિ ઉપર મિથ્યા કલંકોનું આરોપણ કરવા લાગ્યા.[૩૭] મદથી ઉધ્ધત થયેલા તે અસુરો કોઈ કોઈ વેળાએતો ધ્યાનાવસ્થામાં વિરાજતા મહાવ્રતધારી શ્રીહરિને ઉપાડીને પોતાને નિવાસ સ્થાને લઈ જતા અને બહુ પ્રકારે તેમની ભર્ત્સના કરતા.[૩૮] નિર્દય સ્વભાવના કેટલાક ક્રૂર અસુરો શ્રીહરિને બળાત્કાળે પકડીને વિના મૂલ્યે લાકડાંના ભારા ઉપડાવવા વગેરેની વેઠ કરાવતા. અને કેટલાક અસુરો મૌનવ્રતધારી શ્રીહરિને બળાત્કારે બોલાવતા.[૩૯] હે રાજન્ ! આ પ્રમાણે અજ્ઞાની અસુરોએ બહુ જ કષ્ટ આપ્યું. છતાં અહંતા અને મમતાથી રહિત આત્મનિષ્ઠ શ્રીહરિ મનમાં લેશમાત્ર ખેદ પામ્યા નહિ.[૪૦]**

साधुतामत्यजन् स्वस्य क्षमाशीलो हरिस्ततः । प्रहसन्नाह तान् राजंस्तदासुर्यजिहीर्षया ॥ ४१
देहोऽस्ति नश्वरो नूनमात्माऽच्छेद्यादिलक्षणः । अस्तीति वेदशास्त्राणि प्राहुः पूर्वे च साधवः ॥ ४२
अतो मानापमानौ मे दैहिकत्वात्समावुभौ । मतौ भक्तिं त्वात्मनैव कुर्वे कृष्णस्य नित्यदा ॥ ४३
क्रोधस्त्वेष मनुष्याणां शरीरस्थो महान् रिपुः । वर्तते प्रदहन् देहं सुकृतानि च नाशयन् ॥ ४४
भक्ताः सर्वे यूयमपि भवथातः क्रुधं धिया । भक्तिज्ञानमहाशत्रुं जित्वेष्टं भजतामरम् ॥ ४५
इत्याश्रुत्य हरेर्वाक्यं तत्र ये दैविका नराः । कुसङ्गात्प्तासुरत्वाश्च ते तु तं श्रेयसेऽश्रयन् ॥ ४६
जात्यासुरास्तु ये तेषु केचित्तद्वचनं नृप ! । युक्तं प्राहुस्तदा त्वन्ये मेनिरे तानपि द्विषः ॥ ४७
ततोऽभूत्कलहस्तेषामन्योन्यं धर्मवैरिणाम् । महद्व्यतिक्रमभ्रष्टबुद्धीनां शस्त्रधारिणाम् ॥ ४८

**દૈવીજીવોને બચાવી લેવા વર્ણીનો પ્રયાસ :–** હે રાજન્ ! પોતાની સાધુતાનો ત્યાગ નહીં કરી ક્ષમાશીલ શ્રીહરિ સર્વે અસુરોને સમજાવી તેની આસુરીવૃત્તિનો નાશ કરવાની ઈચ્છાથી હસતા હસતા કહેવા લાગ્યા કે, હે ભક્તો ! આ દેહ તો નિશ્ચય નશ્વર છે. પરંતુ તેમાં રહેલો આત્મા અછેદ્યાદિ લક્ષણોથી સંપન્ન અવિનાશી છે. આ પ્રમાણે વેદાદિ શાસ્ત્રો અને પૂર્વના સત્પુરુષોએ કહેલું છે.[૪૧-૪૨] તેથી માન અને અપમાન આ શરીરનિષ્ઠ હોવાથી મારે માટે તે બન્ને સમાન છે. હું તો બ્રહ્મરૂપ થઇ નિરંતર શ્રીકૃષ્ણ પરમાત્માની નવધા ભક્તિ કરું છું.[૪૩] આ મનુષ્યના શરીરમાં રહેલો ક્રોધ તો મનુષ્યોનો મહાશત્રુ છે. કારણ કે તે શરીરને બાળનારો અને પૂર્વના પુણ્યને ભસ્મીભૂત કરનારો છે. અને તમે તો ભગવાનના ભક્ત છો. તેથી ભક્તિ અને જ્ઞાનમાં અવરોધ કરનારા મહાશત્રુ રૂપ ક્રોધને સદ્અસદ્ના વિવેકવાળી બુદ્ધિથી વશ કરીને પોતપોતાના ઈષ્ટદેવનું ભજન સ્મરણ કરો.[૪૪-૪૫]

હે રાજન્ ! શ્રીહરિનાં આ પ્રમાણેનાં વચનો સાંભળી તેઓના મધ્યે કુસંગના યોગથી આસુરીભાવને પામેલા કેટલાક દૈવી જીવો હતા તેઓએ પોતાના આત્મકલ્યાણને અર્થે ભગવાન શ્રીહરિનો આશ્રય કર્યો. તેમજ જન્મથી પણ આસુરી સંપત્તિવાળા અસુરોની મધ્યે કેટલાક અસુરો શ્રીહરિનું વાક્ય યથાર્થ છે, એ પ્રમાણે કહેવા લાગ્યા. તેથી બીજા ખરા અસુરો તેને પોતાના દ્વેષી માનવા લાગ્યા.[૪૬-૪૭]

**અસુરોમાં પડી પરસ્પર ફૂટ :–** હે રાજન્ ! તે અસુરો જન્મથી જ ધર્મના દ્વેષી તો હતા જ, ને વળી પરમાત્મા એવા શ્રીહરિનો દ્રોહ કરવાથી તેઓની બુદ્ધિ ભ્રષ્ટ થઈ, તેથી શસ્ત્રધારી તથા માન, ઈર્ષ્યા, મત્સર અને ક્રોધગ્રસ્ત થયેલા

मानेर्ष्यामत्सरक्रोधग्रस्तानां मूढचेतसाम् । वृथा कलिरभूद्भूयांस्तेषामरुणचक्षुषाम् ॥ ४९
तदा स्वस्थानमागत्य तस्थौ वर्णिवरस्ततः । अनादृतस्ववाक्यानामुच्छेदं पाप्मनां विदन् ॥ ५०
परस्परं ते सङ्गत्य यूथशस्तत्र तत्र च । क्रुधोद्भ्रान्ता इवान्योन्यं प्रोचुर्मर्मभिदो गिरः ॥ ५१
कलहोऽभून्महांस्तेषां मूढानां मायया हरे । अश्रव्यभूरिदुर्वाक्यो घोरदीर्घ महारवः ॥ ५२
परस्परं भर्त्सयन्तः सद्योऽसीञ्जगृहुश्च ते । केचिच्छक्तीर्धनूंष्येके केचिच्च परशूञ्छितान् ॥ ५३
कुन्तान्केचित्कशाः केचित्खट्वाङ्गानि तथाऽपरे । लोहदण्डान्काष्ठदण्डांश्चिपिटानेव केचन ॥५४
सिन्दूराक्तानि जगृहुस्त्रिशूलानि च केचन । भुशुण्डीश्च क्षुरान्केचिदग्निबाणानुपाददुः ॥ ५५
ततस्ते निर्दयं जघ्नुः परस्परममर्षिणः । शस्त्रैरस्त्रैर्मुष्टिभिश्च यष्टिदण्डद्रुमादिभिः ॥ ५६

---

**મૂઢબુદ્ધિવાળા તેમજ લાલચોળ નેત્રોવાળા તે અસુરોમાં કોઈ પણ જાતનાં પ્રયોજન વિના પરસ્પર કલહ થયો.[૪૮-૪૯] હે રાજન્ ! પોતાનાં વચનોનો અનાદર કરનારા પાપી પુરુષોનો વિનાશ નજીકમાં જાણનારા વર્ણીરાજ શ્રીહરિ તે અસુરોના નિવાસ સ્થાનેથી પોતાના નિવાસ સ્થાને પધાર્યા.[૫૦] પછી સર્વે અસુરો ટોળે મળી તે તે સ્થાનોમાં ભેળા થયા અને ક્રોધથી આકુળ વ્યાકુળ થઈ પરસ્પર એકબીજાને ઉધ્ધતાઈથી મર્મભેદી વચનો કહેવા લાગ્યા. પછી શ્રીહરિની ભૂભાર હરણ કરવાની ઈચ્છારૂપ માયાથી મોહ પામેલા મૂઢ અસુરોના મધ્યે કદી જોયો ન હોય અને સાંભળ્યો પણ ન હોય તેવો મોટો કલહ થયો. તે અસુરો સાંભળનારાના કાનમાં કીડા પડે તેવા ગાળાગાળીના અપશબ્દો ઉચ્ચસ્વરે બોલવા લાગ્યા. જેથી ભયંકર ગર્જના થવા લાગી.[૫૧-૫૨]**

**મંડાયું ઘમાસણયુધ્ધ :–** હે રાજન્ ! આ પ્રમાણે તે અસુરો પરસ્પર એકબીજાની ભર્ત્સના અને તિરસ્કાર કરતા તત્કાળ તીખી તલવારો ઉઠાવી લીધી. કોઈ અસુરોએ શક્તિ નામનું શસ્ત્ર ઉઠાવ્યું તો કોઈએ ધનુષ્ય ઉઠાવ્યું અને કોઈએ તે તીક્ષ્ણ ધારદાર કુહાડીઓ હાથમાં લીધી. વળી કોઈ ભાલા તો કોઈ ચાબુકો ઉઠાવી અને કેટલાય તો ખાટલાના પાયા અને ઈસ આદિ ઉઠાવ્યા. કોઈએ લોહદંડ ધારણ કર્યા તો કોઈએ કાષ્ઠના દંડ ધારણ કર્યા. કોઈના હાથમાં લોખંડના ચીપિયા તો કોઈના હાથમાં સિંદૂરથી અર્ચા કરેલાં ત્રિશૂલ અને કોઈના હાથમાં બંદૂકો તો કોઈએ છરાઓ ધારણ કર્યા. અને કોઈ કોઈ તો અગ્નિ બાણો ઉઠાવ્યાં.[૫૩-૫૫] તે અસુરોએ ક્રોધથી ઉઠાવેલાં એ શસ્ત્રો અને અસ્ત્રો તેમજ મુષ્ટિકાના પ્રહારો કરવા લાગ્યા. વળી કેટલાક લાકડીઓ, લોહદંડો, વૃક્ષની ડાળીઓ અને પથ્થરાઓથી

प्रहारशब्दश्च महानासीत्तेषां बलीयसाम् । भेरीपटहतूर्याणां शब्दश्चारभटीयुतः ॥ ५७
शूराणामपि दुर्दृश्यं तद्युद्धं तुमुलं तदा । बभूवासुरसङ्घानां मत्तानां पललाशनैः ॥ ५८
तदा महोत्सवो ह्यासीद्भूतानां पललाशिनाम् । कङ्कानां वायसानां च गृध्राणां च शुनामपि ॥ ५९
पिशाचानां शाकिनीनां योगिनीनां च रक्षसाम् । भैरवाणां च सर्वेषामस्रपां पलभोजिनाम् ॥ ६०
शिरांसि करवालाद्यैस्तेषां कृत्तानि भूतले । नालिकेरफलानीव पतन्ति स्म सहस्रसः ॥ ६१
छिन्नाङ्घ्रिमूलाः प्रधने केचिच्छिन्नभुजद्वयाः । पेतुः पृथिव्यां विच्छिन्नसकलाङ्गाश्च केचन ॥ ६२
दन्तपिष्टाधरोष्ठानि पतितान्यपि भूतले । तेषां शीर्षाणि राजेन्द्र ! दुर्दृश्यान्यभवञ्जनैः ॥ ६३
असुराणां सहस्राणि दश तस्मिन्दिने नृप ! । शमनातिथितां प्रापुरन्योन्यं निघ्नतां रुषा ॥ ६४
ततःप्रभृत्यभूद्युद्धं तेषां नित्यं जयाशया । मांसाहारबलिष्ठानां मत्तानां मद्यपानतः ॥ ६५

---

નિર્દયપણે પરસ્પર એકબીજાને મારવા લાગ્યા.[૫૬] બળવાન અસુરોએ પ્રહાર કરેલા આયુધોના ભયંકર અવાજો થવા લાગ્યા. તેમજ ઢોલ નગારાં અને તુરી આદિ વાજિંત્રોના ભયાનક નાદોની સાથે ''મારો મારો'' એવા શબ્દની ધડબડાટી મચી ગઈ. માંસભક્ષણથી મદમસ્ત બનેલા અસુરોનું તુમુલ યુદ્ધ શૂરવીર પુરુષો પણ ન જોઈ શકે તેવું બિહામણું લાગતું હતું.[૫૭-૫૮] અત્યાચારી તે અસુરોના યુદ્ધમાં માંસભક્ષી સમડા, કાગડા, ગીધડાં, કૂતરાં વગેરે પ્રાણીઓનો મહાન આનંદ ઉત્સવ થયો.[૫૯] તેવી જ રીતે માંસભક્ષણ કરનારા અને રુધીર પીનારા પિશાચો, શાકિની, યોગિની, રાક્ષસ, ભૈરવ વગેરે ભૂતગણોને પણ મહા આનંદ ઉત્સવ થયો.[૬૦] હે રાજન્ ! તે યુદ્ધમાં તલવાર આદિ તીક્ષ્ણ આયુધોથી કપાયેલા અસુરોનાં હજારો માથાં પૃથ્વી પર પડતાં હતાં.[૬૧] વળી તે યુદ્ધમાં કેટલાકના પગ કપાયા, કેટલાકના હાથ કપાયા. આવી રીતે શરીરનાં કેટલાંય અંગો કપાઈને પૃથ્વી પર પડવા લાગ્યાં.[૬૨]

**અત્યાચારીઓનો બૂરો અંત :–** હે રાજન્ ! દાંતથી પીસાયેલા હોઠવાળા અને ધરતી ઉપર પડેલાં તે અસુરોનાં માથાંઓ મનુષ્યોથી જોઈ ન શકાય તેવાં વિરૂપ બની ગયાં હતાં.[૬૩] હે રાજન્ ! આ પ્રમાણે ક્રોધથી એકબીજાનો સંહાર કરતા દશહજાર જેટલા અસુરો યુદ્ધારંભના પ્રથમ દિવસે જ યમરાજાના અતિથિ થયા.[૬૪] અને તે દિવસથી આરંભીને માંસભક્ષણથી બળવાન અને મદિરાપાનથી મદમસ્ત બનેલા તેમજ પહેલા દિવસના યુદ્ધમાં બચી ગયેલા અસુરો પરસ્પર વિજયી થવાની આશાથી પ્રતિદિન રણસંગ્રામ ખેલવા લાગ્યા.[૬૫]

હે રાજન્ ! આ પ્રમાણે કોઈ દિવસ પાંચ હજાર, કોઈ દિવસ બે હજાર,

क्वचिद्दिने सहस्रे द्वे क्वचित्पञ्चशतानि च । क्वचित्पञ्चसहस्राणि सहस्रं क्वापि ते मृताः ॥ ६६
द्वे शते क्वापि च शतं पञ्चाशच्च दिने क्वचित् । मृताः परस्पराघातादेवं मासद्वयं ह्यभूत् ॥ ६७
एवं कृष्णेच्छया राजन्सर्वे धर्मद्रुहोऽसुराः । विनेशुस्तेन सम्प्रापुर्मुदं देवगणा नृप ! ॥ ६८
छिन्ननासाश्छिन्नकर्णाश्छिन्नहस्ताश्च केचन । संग्रामभीरवश्चैके ततश्चक्रुः पलायनम् ॥ ६९
देशान्तरस्थितेभ्यस्ते वृत्तमेतदशेषतः । असुरेभ्यो बलिष्ठेभ्य कथयामासुरादितः ॥ ७०
तदा विशेषतः कृष्णे बद्धवैरा जिघांसवः । शस्त्राघातकलाभ्यासे बभूवुस्तत्परा भृशम् ॥ ७१
मृतेष्वसुरसङ्घेषु धर्मध्रुक्षु हरिस्तदा । अधर्ममूलं नष्टं हीत्येवं मेने निजान्तरे ॥ ७२
ततः स बोधयित्वैव दैवाञ्जीवांस्तदाश्रितान् । त्याजयित्वा दुराचारं सन्मार्गेऽस्थापयत्पुनः ॥ ७३
कृष्णभक्तमहिंसादीन्धर्मांस्तेभ्यश्च सोऽखिलान् । उपादिदेश तैः प्रीत्या मानितश्च सुपूजितः ॥ ७४

---

**કોઈ દિવસ એક હજાર, કોઈ દિવસ પાંચસો, તો કોઈ દિવસ બસો, સો અને પચાસ આમ પરસ્પર યુદ્ધ કરવાથી અસુરો મરણને શરણ થયા. હે રાજન્ ! આમ ને આમ બે મહિના સુધી મહારણસંગ્રામ ખેલાયો.[૬૬-૬૭] આ પ્રમાણે ધર્મદ્રોહી સર્વે અસુરોનો ભગવાન શ્રીનીલકંઠવર્ણીની સંકલ્પરૂપ માયાથીજ મહા વિનાશ થયો તેથી સર્વે દેવતાઓને ખૂબજ આનંદ થયો.[૬૮] નાક, કાન તથા હાથ, પગ કપાયેલા કેટલાક અસુરો અને કેટલાક ભીષણ રણસંગ્રામથી ભય પામેલા અસુરો ત્યાંથી નાસી છૂટ્યા.[૬૯] તે અસુરોએ દેશાંતરમાં જઈ ત્યાં રહેલા પોતાના બળવાન સાથીદારોને આરંભથી અંત સુધીની તમામ હકીકત કહી સંભળાવી.[૭૦] તે સાંભળી અસુરોને ભગવાન શ્રીહરિ ઉપર અત્યંત વૈરબુદ્ધિ થઈ પછી તેમને શોધીને મારી નાખવાની ઈચ્છાથી શસ્ત્ર તથા અસ્ત્રના પ્રહારોની યુક્તિ-પ્રયુક્તિઓનો અભ્યાસ મન દઈને કરવા લાગ્યા.[૭૧] હે રાજન્ ! તે જગન્નાથપુરીમાં ધર્મના દ્રોહી અસુરોના સમૂહો જ્યારે મરણને શરણ થયા ત્યારે અધર્મનું મૂળ નાશ પામ્યું. એ પ્રમાણે શ્રીહરિ માનવા લાગ્યા.[૭૨]**

**અશ્વત્થામાનો શાપ રહ્યો અકબંધ :–** **હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિએ કુસંગથી અસુરો થયેલા પરંતુ વાસ્તવિક્તાએ દૈવી સંપત્તિવાળા જનોને જ્ઞાનનો બોધ આપ્યો અને દુરાચારનો ત્યાગ કરાવી ફરી સન્માર્ગે વાળ્યા. તેવી જ રીતે શ્રીહરિએ તેઓને ભગવાનની ભક્તિ અને અહિંસા આદિ સમગ્ર ધર્મનો પણ ઉપદેશ કર્યો અને તે સર્વે દૈવી જીવોએ સ્નેહપૂર્વક શ્રીહરિનું સન્માન અને પૂજન કર્યું.[૭૩-૭૪] તે શ્રીહરિના પ્રતાપથી દૈવી જીવોના અંતરનું અંધારું નષ્ટ**

नष्टान्तस्तमसः सर्वे प्रतापेनैव तस्य ते । नारायणं तं निश्चित्य भेजिरे तद्वचःस्थिताः ॥ ७५
एवं स भगवान्राजन्नशस्त्रोऽपि वृषद्रुहः । असुरान्स्वप्रतापेन तमो भास्वानिवाहरत् ॥ ७६
इत्थं धर्मं च भक्तिं च पोषयन् धर्मनन्दनः । तद्द्रुहश्च जयन्नत्र पुरे मासान्दशावसत् ॥ ७७
एतश्चरित्रं श्रृणुयाद्धरेर्यः सङ्कीर्तयेद्वा प्रयतः पुमान्सः ।
मुक्तो भवेत्स्वारिविपद्व्रजेभ्यो लभेत चान्ते पदमच्युतस्य ॥ ७८ ॥

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथम प्रकरणे उत्कलदेशीयासुरसङ्घपराभवनिरूपणनामाष्टचत्वारिंशोऽध्यायः ॥ ४८ ॥*

---

**થયું, તેથી શ્રીહરિને પ્રત્યક્ષ નારાયણ જાણી તેમનાં વચનોમાં વર્તી ભજન સ્મરણ કરવા લાગ્યા. હે રાજન્ ! આ પ્રમાણે ઐશ્વર્યના નિધિ ભગવાન શ્રીહરિએ સૂર્ય જેમ અંધકારનો નાશ કરે તેમ શસ્ત્ર વિના પણ પોતાના પ્રતાપથી ધર્મદ્રોહી અસુરોનો વિનાશ કર્યો.**[૭૫-૭૬]

**હે રાજન્ ! ધર્મનંદન શ્રીહરિ ધર્મ અને ભક્તિનું પોષણ અને તેના દ્રોહીઓનો પરાભવ કરતા કરતા તે જગન્નાથપુરીમાં દશ મહિના સુધી રોકાયા. હે રાજન્ ! ભગવાન શ્રીહરિકૃષ્ણનાં આ પાવનકારી ચરિત્રનું જે કોઈ પણ મનુષ્યો શ્રવણ કરશે અથવા કીર્તન કરશે તે સર્વે પોતાના અંતઃશત્રુઓની આપત્તિઓના સમૂહ થકી મુક્ત થશે અને દેહને અંતે ભગવદ્ધામને પામશે.**[૭૭-૭૮]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ઓરીસા પ્રાંતની જગન્નાથપુરીમાં અસુરોના સમૂહોનો પરાભવ કર્યો,તેનું વર્ણન કર્યું એ નામે અડતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૮--***

---

## ॥ एकोनपञ्चाशत्तमोऽध्यायः ॥

सुव्रत उवाच -

इतो ययौ वर्णिराजो दक्षिणां दिशमेकलः । अनुसृतो दिव्यदेहैर्धर्माद्यैः सर्वदैव सः ॥ १
गमिष्यन्सेतुबन्धं स आदिकूर्ममुपाययौ । ततो महावने गच्छन्प्राप मानसपत्तनम् ॥ २
तत्र राजा सत्रधर्मा दैवीं सम्पदमाश्रितः । तं महापुरुषं ज्ञात्वा वासयामास मानयन् ॥ ३
अनाच्छन्नां रहःस्थाने सोऽध्युवास वितर्दिकाम् । राजकीया अनुसवं सेवन्ते स्म तमादृताः ॥ ४
जगन्नाथपुरभ्रष्टासुरोक्तस्वजनक्षये । हेतुं विदन्तस्तं दैत्यास्तत्रत्या हन्तुमुद्यताः ॥ ५
एकाकिनं तमाज्ञाय निशि वेद्यामवस्थितम् । संहृत्य चक्रुस्तस्मिंस्ते शतशोऽश्माभिवर्षणम् ॥ ६

## અધ્યાય – ૪૯

## નીલકંઠવર્ણી દક્ષિણ ભારતની યાત્રાએ.

**વર્ણીરાજનું માનસપુરમાં આગમન :–** સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! દિવ્યદેહે પરિવારે સહિત ધર્મ-ભક્તિ સદાય જેની સાથે ચાલે છે એવા વર્ણીરાજ શ્રીહરિએ એકલા જગન્નાથપુરીથી દક્ષિણ ભારત તરફ પ્રયાણ કર્યું.[૧] મહાન પ્રસિદ્ધતીર્થ સેતુબંધ રામેશ્વર જવાની મનમાં ઈચ્છા રાખી આગળ ચાલ્યા જતા વર્ણીરાજ શ્રીહરિ આદિકૂર્મ નામના તીર્થમાં પધાર્યા અને ત્યાંથી મહા વનમાં ચાલતા ચાલતા માનસપુર નામના નગરમાં આવ્યા.[૨] ત્યાંના દૈવી સંપત્તિને વરેલા સત્રધર્મા નામના મહારાજાએ શ્રીહરિને મોટા પુરુષ જાણી તેમનું સન્માન કર્યું, અને પોતાના રાજભવનમાં ઉતારો કરાવ્યો.[૩] હે રાજન્ ! પરંતુ શ્રીહરિએ ખુલ્લા આકાશવાળા એકાંત સ્થળમાં એક વેદિકા ઉપર પોતાનો નિવાસ કર્યો અને રાજસેવકો સમયે સમયે આદરપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૪] તે સમયે જગન્નાથપુરીના યુદ્ધમેદાનમાંથી નાસી છૂટેલા અને અહીં આવીને વસેલા અસુરોએ માનસપુરમાં જ રહેતા અસુરોને જણાવ્યું કે, એક નાનકડા બ્રહ્મચારીએ પુરીમાં આપણા મિત્રોને મરાવી નાખ્યા તે જ અહીં આવ્યો છે. તે જાણીને સર્વે અસુરો વર્ણીરાજને મારવાના ઉપાયો કરવા લાગ્યા.[૫]

**પથ્થરના વરસાદમાં પણ વર્ણીનો અદ્‌ભૂત બચાવ :–** રાત્રીએ વેદિકા ઉપર શ્રીનીલકંઠ વર્ણીને એકલા બેઠેલા જાણી સેંકડો અસુરો ભેળા મળ્યા અને શ્રીહરિ ઉપર પથ્થરનો વરસાદ વરસાવવા લાગ્યા.[૬] પાપથી તેઓની બુદ્ધિ

प्रदोषादाप्रभातान्तं चिक्षिपुस्ते महोपलान् । निर्दोषे साधुशीलेऽपि पापनष्टधियो हरौ ॥ ७
तद्वेदिमभितस्त्वासञ्छतशो ह्यश्मराशयः । एकोऽप्यश्मा नास्पृशत्तं तदासीदद्भुतं महत् ॥ ८
एवं भगवता तेन स्वैश्वर्ये दर्शितेऽपि ते । तद्द्रोहबुद्धिं न जहुरन्तिकागतमृत्यवः ॥ ९
अथ व्यर्थप्रयत्नास्ते शस्त्रैस्तद्धननेच्छवः । स्वस्वायुधानि संसाध्य तत्रासन् यूथशोऽखिलाः ॥ १०
तदाश्चर्यं नृपः श्रुत्वा प्रातरयात्तदन्तिकम् । पौरा जनाश्च निखिलास्तद्दृष्ट्वा विस्मयं ययुः ॥ ११
विस्मितो नृपतिः प्राह प्रह्लादस्य यथा पुरा । रक्षा नृसिंहेन कृता तथा भगवतास्य हि ॥ १२
एष एव भवेत्किं वा ? प्रह्लादो भक्तराट् स्वयम् । इत्युक्त्वा तमुवाचासौ तवास्म्यद्यदिनादिति ।१३
ततो हरिर्मुमुक्षुं तं कृष्णाश्रयमकारयत् । यथाविधि तदीयांश्च मुमुक्षून्भूपते ! नरान् ॥ १४

નષ્ટ પામી હતી તેથી નિર્દોષ અને સદ્‌ગુણે સંપન્ન એવા શ્રીહરિ ઉપર સાયંકાળથી આરંભી સવાર સુધી પથ્થરા ફેંક્યા.[૭] વેદિકાની ચારે તરફ સેંકડો પથ્થરોનો મોટો ઢગલો થયો, આશ્ચર્ય એ થયું કે તેમાંથી એક પણ પથ્થર શ્રીહરિને સ્પર્શી શક્યો નહિ.[૮]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ પોતાનું પ્રગટ ઐશ્વર્ય દેખાડ્યું છતાં મોત નજીક આવેલું હોવાથી તેઓએ શ્રીહરિને વિષે દ્રોહબુદ્ધિનો ત્યાગ કર્યો નહિ.[૯] પથ્થરમારાનો પ્રયત્ન નિષ્ફળ જવા છતાં શસ્ત્રોથી શ્રીહરિને મારી નાખવાની ઈચ્છા રાખી તે સર્વે અસુરો પોતપોતાનાં હથિયારો સજ્જ કરવા લાગ્યા અને ટોળામાં સજ્જ થઈ શ્રીહરિને મારવાનો અવસર શોધવા લાગ્યા.[૧૦] પ્રાતઃકાળે સત્રધર્મરાજાએ પથ્થરના વરસાદમાં પણ વર્ણીરાજનો બચાવ થયો જાણી તત્કાળ ત્યાં આવ્યા અને સમસ્ત પુરવાસી જનો પણ ત્યાં આવ્યાં. ને શ્રીહરિને એક પણ નહિ સ્પર્શેલા પથ્થરના ઢગલાને જોઈને સૌને આશ્ચર્ય થયું.[૧૧]

**સત્રધર્મરાજા શ્રીહરિને શરણે :–** વિસ્મય પામેલા સત્રધર્મા રાજા કહેવા લાગ્યા કે, પૂર્વે નૃસિંહ ભગવાને જેમ પ્રહ્લાદની રક્ષા કરી હતી તેમ મહાપુરુષ આ બાલાયોગીની ભગવાને ચોક્કસ રક્ષા કરી છે. તો શું આ વર્ણી સ્વયં ભક્તરાજ પ્રહ્લાદજી તો નહિ હોય ને ? આ પ્રમાણે વિચાર કરી સત્રધર્મા રાજા શ્રીહરિપ્રત્યે કહેવા લાગ્યા કે, હે વર્ણી ! આજથી હું તમારો છું.[૧૨-૧૩] હે રાજન્ ! પછી ભગવાન શ્રીહરિએ મુમુક્ષુ સત્રધર્માંરાજા તથા મુમુક્ષુ તેનાં સગાસંબંધીઓ અને મુમુક્ષુ પ્રજાજનોને શાસ્ત્રવિધિ અનુસાર ભગવાન શ્રીકૃષ્ણનો આશ્રય કરાવી મંત્રનો ઉપદેશ કર્યો.[૧૪] શ્રીહરિ પાસે દીક્ષા લીધા પછી રાજાની બુદ્ધિ અત્યંત વિશુદ્ધ થઈ તેથી

ततोऽसुरांस्तांस्तद्दोग्धृन्सर्वाञ्ज्ञात्वाऽतिपापिनः । घातयामास भूपालः स्वसैन्यैरतिदारुणैः ॥ १५
स्वपापकर्मभिर्नाशं जानंस्तं पापिनां हरिः । तेनार्चितस्ततः प्रायाद्वेङ्कटाद्रिं महीभुजा ॥ १६
तत्रस्थस्येक्षणं कृत्वा श्रीविष्णोरगमत्ततः । शिवकाञ्चीं विष्णुकाञ्चीं ततः श्रीरङ्गमाययौ ॥ १७
नद्यां स्नात्वा स कावेर्यां तत्प्राक् पुष्पफलानतैः । शोभितायां वाटिकायां समुवास महीरुहैः ॥१८
तत्र मासद्वयं स्थित्वा वैष्णवैः सह संवदन् । स्वप्रतापेन तन्निष्ठदुराचारमहापयत् ॥ १९
पराभूय च तत्रत्यानाभिचारिककर्मणः । विप्रादीञ्छतशः कृष्णः स्वप्रतापमपप्रथत् ॥ २०
विनष्टमायिकाज्ञानास्तत्प्रतापेन ते ततः । तमेव विष्णुं निश्चित्य भक्तिं तस्यैव चक्रिरे ॥ २१
सेतुबन्धं ततस्तीर्थं महापातकनाशनम् । प्राप्य स्नात्वाम्बुधौ चक्रे स रामेश्वरदर्शनम् ॥ २२

---

શ્રીહરિને જ સાક્ષાત્ કૃષ્ણ માની તેમને પથ્થર મારી દ્રોહ કરનારા અસુરોને અતિ પાપી જાણી પોતાના ક્રૂર સૈનિકો દ્વારા તેઓનો વિનાશ કરાવ્યો.[૧૫]

**વર્ણીરાજનું વેંકટાદ્રિ, શિવકાંચી, વિષ્ણુકાંચી, અને શ્રીરંગક્ષેત્રમાં આગમન :–** પોતાનાં પાપે જ પાપીઓ મરાયા છે, એમ જાણતા શ્રીહરિનું સત્રધર્મા રાજાએ પૂજન કર્યું. ત્યારપછી શ્રીહરિ ત્યાંથી વેંકટાદ્રિ તીર્થમાં પધાર્યા. ત્યાં અર્ચા સ્વરૂપે બિરાજતા ભગવાન વેંકટેશ શ્રીવિષ્ણુનાં દર્શન કરી, ત્યાંથી શ્રીહરિ શિવકાંચી અને વિષ્ણુકાંચી તીર્થમાં દર્શન કરી શ્રીરંગક્ષેત્રમાં પધાર્યા.[૧૬-૧૭] ત્યાં કાવેરી નદીમાં સ્નાન કરી શ્રીહરિએ નદીના પૂર્વભાગમાં પુષ્પ અને ફળથી નમી ગયેલાં વૃક્ષોથી શોભતો એક બગીચામાં ઉતારો કર્યો.[૧૮] ત્યાં શ્રીહરિ બે માસ સુધી રોકાયા અને ત્યાંના વૈષ્ણવો સાથે શુભ સંવાદો યોજી પોતાના પ્રભાવથી તેઓમાં રહેલા દુરાચારનો ત્યાગ કરાવી શુદ્ધ કર્યા.[૧૯] અને વળી તે શ્રીરંગક્ષેત્રમાં કેટલાક વિપ્રો મારણ, મોહન, ઉચ્ચાટન આદિક આભિચારિક કર્મમાં પ્રવૃત્ત થઇ ગયેલા હતા. તે સેંકડો વિપ્રોને શ્રીહરિએ પોતાના પ્રભાવથી પરાભવ કરી દુષ્ટ પ્રવૃત્તિમાંથી બહાર કર્યા અને પોતાનો અલૌકિક પ્રતાપ શ્રીરંગક્ષેત્રમાં ફેલાવ્યો.[૨૦] હે રાજન્ ! શ્રીહરિના પ્રતાપથી તે વિપ્રનું અનાદિ માયાનું અજ્ઞાન દૂર થયું અને શ્રીહરિને જ પોતાના ઈષ્ટદેવ સાક્ષાત્ લક્ષ્મીનારાયણ ભગવાન જાણી તેમની પ્રગટ ભક્તિ કરવા લાગ્યા.[૨૧]

**સેતુબંધ રામેશ્વરમાં પધરામણી :–** હે રાજન્ ! શ્રીહરિ શ્રીરંગક્ષેત્રથી ચાલ્યા તે મહાપાપોને પ્રજાળનાર સેતુબંધ તીર્થમાં પધાર્યા. ત્યાં સમુદ્રમાં સ્નાન કરી રામેશ્વરનાં દર્શન કર્યાં અને તપસ્વીઓને અતિશય પ્રિય એવા તીર્થક્ષેત્રમાં બે

तत्राप्युषित्वा द्वौ मासौ क्षेत्रे तापसवल्लभे । ततः सुन्दरराजाख्यविष्णुमागच्छदेकलः ॥ २३
ततो भूतपुरीं गच्छन् प्राप घोरां महाटवीम् । तत्राहानि चलन् पञ्च नान्नं प्रापापि वारि च ॥ २४
पञ्चमेऽह्नि प्रदोषेऽसौ कञ्चित्प्राप जलाशयम् । तत्र स्नात्वाऽर्चयामास शालग्रामं स भूपते ! ॥२५
चतस्रो वनशिम्बीश्च भर्जयित्वाऽग्निना ततः । निवेद्य विष्णवे तत्र जघास तपतां गुरुः ॥ २६
आद्ययामावधि निशस्तत्र स्थित्वा ततोऽव्रजत् । परेद्यव्याप मध्याह्ने कूपमेकं वनान्तरे ॥ २७
ततो निष्कास्य पानीयं स कण्डलुना नृप ! । स्नात्वा वटद्रुमाधस्तान्निषद्याऽऽह्निकमाचरत् ॥ २८
एतस्मिन्नन्तरे तत्र शङ्करौ लोकशङ्करौ । राजंस्तूर्णं समायातौ विचरन्तौ यदृच्छया ॥ २९
पितरौ जगतः साक्षाद्वरदावाशुतोषणौ । तपःप्रियौ तपः संस्थौ तपस्विजनवल्लभौ ॥ ३०
सार्वज्ञ्येनैव तं ज्ञात्वा साक्षात्कृष्णं निजेच्छया । नरनाट्यं विदधतमाविर्भूतं भुवि स्वयम् ॥ ३१

---

માસ પર્યંત નિવાસ કરીને રહ્યા. ત્યાંથી એકાકી ચાલેલા શ્રીહરિ સુંદરરાજ તીર્થમાં તે નામના વિષ્ણુ ભગવાનની સમીપે પધાર્યા.[૨૨-૨૩]

**સુંદરરાજતીર્થથી ભૂતપુરી તરફ પ્રયાણ :–** હે રાજન્ ! સુંદરરાજ ભગવાનનાં દર્શન કરી ભૂતપુરી પ્રત્યે પ્રયાણ કરતા ભગવાન શ્રીહરિ અતિ ગહન મહાવનમાં આવ્યા. એ જંગલમાં ચાલતાં શ્રીહરિને પાંચ દિવસ સુધી અન્ન કે જળ કાંઈ જ મળ્યું નહિ.[૨૪] હે રાજન્ ! પાંચમે દિવસે સાયંકાળે શ્રીહરિ એક જળાશયની સમીપે પધાર્યા. તેમાં સ્નાન કરી શાલગ્રામ ભગવાનનું ચંદનાદિ વડે પૂજન કર્યું. તે સમયે તપસ્વીઓના ગુરુ ભગવાન શ્રીહરિએ દૈવ ઈચ્છાએ પ્રાપ્ત થયેલ ચાર વનફળીઓને અગ્નિમાં શેકી શાલગ્રામ વિષ્ણુને નૈવેદ્ય કરી તેનો પોતે પણ પ્રસાદ સ્વીકાર્યો.[૨૫-૨૬] હે રાજન્ ! શ્રીહરિ રાત્રીના પ્રથમ પ્રહર સુધી તે જળાશયના કાંઠે રોકાયા પછી ત્યાંથી આગળ ચાલતા થયા. આગળ જતાં છઠ્ઠા દિવસના મધ્યાહ્ન સમયે શ્રીહરિ એક કૂવાની સમીપે પહોંચ્યા. હે રાજન્ ! શ્રીહરિએ તે કૂવામાંથી કમંડલુદ્વારા જળ સિંચી સ્નાન કર્યું. અને વટવૃક્ષની છાયામાં બેસી આહ્નિક વિધિ કર્યો.[૨૭-૨૮]

એવા સમયમાં જગતને સુખી કરનારા જગતના માતાપિતા પૃથ્વીપર સદાય પ્રત્યક્ષપણે વિરાજમાન રહે છે. તે ઉપાસકોને વરદાન આપનારાં, જલદી પ્રસન્ન થઈ જતાં અને તપ અતિશય જેને વ્હાલું છે એવા અને તપસ્વીઓ ઉપર બહુ હેત રાખનારાં બન્ને શિવ અને પાર્વતીદેવી તીર્થોમાં વિચરણ કરતાં કરતાં દૈવઈચ્છાએ ત્યાં આવ્યાં.[૨૯-૩૦] હે રાજન્ ! તે બન્નેએ સર્વજ્ઞપણાથી જાણી લીધું કે,

तद्दर्शनमहोत्साहौ तन्नृनाट्यानुसारिणौ । नृणां स्वतत्त्वाज्ञानाय धृतकार्पटिकाकृती ॥ ३२
जपन्तौ शिवनामानि दम्पती चारुदर्शनौ । आयातां वृषमारूढौ तौ तत्र कृशविग्रहौ ॥ ३३
काषायवसनौ तौ च तं दृष्ट्वातितपस्विनम् । उत्तीर्य वृषभात्तूर्णं तं नत्वाऽऽरान्निषीदतुः ॥ ३४
तावत्प्रवासविधिना सन्ध्ये द्वे समुपास्य सः । शालग्रामं पूजयितुमारेभे स्नपनादिभिः ॥ ३५
वेदमन्त्रान् पठञ्छालग्रामं चन्दनपात्रके । निधायाभिषिषेचासौ महाकुण्ड्यास्तु धारया ॥ ३६
प्रस्थपञ्चकमानाम्बू रिक्त आसीत्कमण्डलुः । तथाप्याधारपात्रं तद्यथापूर्वमदृश्यत ॥ ३७
एतावत्क्व गतं वारीत्युक्त्वोद्गृह्य तदैक्षत । अच्छिद्रमेव तद्दृष्ट्वा पुनर्भूमौ न्यधारयत् ॥ ३८
शालग्रामेण तत्पीतं तृषितेनाम्ब्विति स्वयम् । निश्चित्य तत्तृषाशान्तिमचिकीर्षद्धरिः स्वयम् ॥३९

---

આ વર્ણીરાજ શ્રીહરિ છે તે પોતાની સ્વતંત્ર ઈચ્છાથી આ પૃથ્વી પર પ્રગટ થઈ મનુષ્યનાટકને કરતા સાક્ષાત્ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન છે.[૩૧] તેથી તેમનાં દર્શનમાં બન્નેને મહા ઉત્સાહ પ્રગટ થયો, અને ભગવાને મનુષ્યનાટ્ય કર્યું હોવાથી પોતે પણ બન્ને મનુષ્ય નાટ્યને કરતાં બીજા મનુષ્યોને પોતાનાં અસલ સ્વરૂપની જાણ ન થાય તે રીતે 'કાપડી' નો વેષ ધારણ કરી શરીરે દુર્બળ છતાં રમણીય જણાતાં પતિ-પત્ની નંદીકેશ્વર ઉપર સવાર થઈ શિવ, શિવ એવા નામમંત્રનો જપ કરતાં કરતાં શ્રીહરિની સમીપે પધાર્યાં.[૩૨-૩૩]

હે રાજન્ ! ભગવાંવસ્ત્રધારી બન્ને શિવ-પાર્વતી અતિ તપસ્વીના વેષમાં બેઠેલા શ્રીહરિને જોઈ તત્કાળ નંદીશ્વર પરથી નીચે ઉતરી તેમને નમસ્કાર કરી શ્રીહરિની લીલાનાં દર્શન કરતાં કરતાં સમીપમાં જ બેસી રહ્યાં.[૩૪] તે સમયે શ્રીહરિ પ્રવાસને કારણે સવારે પાણીનો યોગ મળતાં મોડું થયું હોવાથી પ્રાતઃ અને મધ્યાહ્ન બે સંધ્યાનું એક સાથે અનુષ્ઠાન કરી રહ્યા હતા. ત્યારે શાલગ્રામ વિષ્ણુની પૂજાનો પ્રારંભ તેમને સ્નાન કરાવાના વિધિથી ચાલું કર્યો.[૩૫] શ્રીહરિએ પ્રથમ શાલગ્રામને ચંદનના પાત્રમાં પધરાવ્યા પછી વેદમંત્રના ઘોષની સાથે કાષ્ઠના મોટા કમંડલુની ધારાએ તેમનો અભિષેક કરવા લાગ્યા.[૩૬]

હે રાજન્ ! પાંચ પ્રસ્થ (આશરે પાંચ લીટર) જેટલા જળથી ભરેલું કમંડલ શાલગ્રામને અભિષેક કરતાં કરતાં ખાલી થઈ ગયું. છતાં શાલગ્રામના આધારભૂત ચંદનની નાની કઠારી પૂર્વવત્ જળ વિનાની ખાલી શ્રીહરિને જોવામાં આવી.[૩૭] આટલું બધું જળ ક્યાં ગયું હશે ? આ પ્રમાણે વિચારી શ્રીહરિએ કઠારીને ઊંચી કરીને જોઈ પણ તેમાં ક્યાંય છિદ્ર જોવામાં આવ્યું નહિ. તેથી તેને ફરી ધરતીપર

कुण्ड्याम्बु कूपान्निष्कास्य धारयाभिषिषेच तम् । तत्सर्वमपिबत्सोऽपि सोऽपि चक्रे पुनस्तथा ।४०
पपौ तदपि पानीयं शालग्रामस्तदा स तु । हसन्भूयोऽम्बु निष्कास्य धारयैवाभ्यषेचयत् ॥ ४१
तदप्यपाद्यदा तर्हि ज्ञात्वातितृषितं हि तम् । कूपमायात्पुनः कुण्ड्याः स निष्कासयितुं पयः ।४२
श्रमखिन्नाखिलाङ्गस्य बह्वहोपोषितस्य च । भक्तिं तां तस्य दृष्ट्वा तौ दम्पती विस्मयं गतौ ।४३
शालग्रामोऽपि भगवान् श्रान्तमाज्ञाय वर्णिनम् । आसीद्गततृषः सद्यो निजशुश्रूषुवत्सलः ॥ ४४
आहृताम्भाः स्नानपात्रं हरिदृष्ट्वाऽथ सोदकम् । ज्ञात्वा गतपिपासं तं चन्दनादिभिरार्चयत् ॥४५
व्यचिन्तयच्च मनसा शालग्रामस्य भूयसी । निवृत्तैव तृषा त्वद्य क्षुन्निवृत्तिः कथं भवेत् ॥ ४६
इत्थं विष्ण्वर्थमेवासौ चिन्तयाऽखिद्य दन्तरे । स्वस्योपवासाः षड् जातास्तदर्थं तु न विव्यथे ।४७

---

પધરાવી.[૩૮] તૃષાતુર થયેલા શાલગ્રામ જ સમગ્ર જળપાન કરી ગયા છે, એવો મનમાં નિર્ણય કરી તેમની તૃષા નિવૃત્તિ કરવાની સ્વયં શ્રીહરિએ ઈચ્છા કરી.[૩૯] હે રાજન્ ! શ્રીહરિ કૂવામાંથી કમંડલું દ્વારા જળ સિંચી તેની ધારાએ શાલગ્રામને અભિષેક કર્યો તે બધું જળ શાલગ્રામ પી ગયા.[૪૦] વળી શ્રીહરિએ ફરીથી જળ સીંચી અભિષેક કર્યો તો તે પણ બધું જળ શાલગ્રામ પી ગયા. તેથી મંદમંદ હસ્તા શ્રીહરિએ ફરીથી કૂવામાંથી જળ સીંચ્યું અને કમંડલુંની ધારાએ અભિષેક કરવા લાગ્યા.[૪૧] તે જળ પણ જ્યારે શાલગ્રામ પી ગયા ત્યારે શ્રીહરિએ જાણ્યું કે શાલગ્રામ અતિશય તરસ્યા થયા છે. તેથી ફરી જળનું કમંડલું ભરવા કૂવાની સમીપે આવ્યા.[૪૨] હે રાજન્ ! કૂવામાંથી વારે વારે જળ સીંચવાના પરિશ્રમથી શ્રીહરિનાં સમગ્ર અંગ ઉપર પરસેવાનાં બિંદુ લાગ્યાં. શ્રીહરિ છ દિવસના ઉપવાસી હતા છતાં તેમની ઉત્કૃષ્ટ ભક્તિ જોઈ શંકર-પાર્વતી અતિશય વિસ્મય પામ્યાં.[૪૩] હે રાજન્ ! પોતાની સેવા કરનારા સેવક ઉપર વાત્સલ્ય વરસાવનારા ભગવાન શાલગ્રામ પણ, નીલકંઠવર્ણીને થાક લાગ્યો છે, એમ જાણી તત્કાળ તૃપ્ત થયા.[૪૪] ફરીને શ્રીહરિ જ્યાં જળ લઈને આવ્યા ત્યારે સ્નાનપાત્રમાં જળ જોયું, તેથી હવે શાલગ્રામ ભગવાનની તૃષા શાંત થઈ છે, એમ જાણી શ્રીહરિએ ચંદનાદિ ઉપચારોથી પૂજન કર્યું.[૪૫] ત્યારપછી શ્રીહરિ મનથી ચિંતા કરવા લાગ્યા કે શાલગ્રામની બહોળી તૃષા તો શાંત થઈ પરંતુ અત્યારે ક્ષુધાની નિવૃત્તિ કેમ થશે ?[૪૬]

**પાર્વતીજીએ કર્યો સાથવો અર્પણ :–** આ પ્રમાણે ભગવાન શ્રીહરિ શાલગ્રામના ભૂખની ચિંતા કરવા લાગ્યા, પણ પોતાને છ ઉપવાસ થયા છે તેની લેશમાત્ર મનમાં ચિંતા કરતા નથી.[૪૭] હે રાજન્ ! ચિંતા કરતા શ્રીહરિને જાણી

इति व्यवसितं तस्य ज्ञात्वा जायापती उभौ । प्रीतावभूतां नृपते! पुमान् योषामथाब्रवीत् ॥ ४८
प्रियेऽस्मै बटवे देहि नैवेद्याय रमापतेः । सक्तूंस्त्वं गोणिकाबद्धाँल्लवणं चापि सत्वरम् ॥ ४९
ततः सा ग्रन्थिमुन्मुच्य पेशीस्थं वर्णिने ददौ । सक्तुप्रस्थं स चाऽऽदात्तान् यावदर्थं हरिर्नृप ! ॥५०
लवणेनाम्बुना मिश्रीकृत्य सक्तून्स विष्णवे । निवेद्यार्चाविधिं तस्य विधिनैव समापयत् ॥ ५१
दरिद्रभिक्षुकाकारावपि कान्त्याऽतिमानवौ । तावथापृच्छदानम्य दैवमानुष्यलक्ष्मवित् ॥ ५२
आकस्मिकागमौ शान्तौ कौ युवां करुणानिधी । योगिरूपप्रतिच्छन्नौ शिवाविव मनोहरौ ॥ ५३
युष्मादृशेक्षणं त्वत्र कान्तारे दुर्लभं खलु । मर्त्यौ तु सर्वथा न स्थः स्वतत्त्वं ब्रूत मामृतम् ॥ ५४
तमाहतुस्तौ क्षुन्नृड्भ्यां ग्लानोऽसि त्वं कृशो भृशम् । वर्णिस्ततः पिब जलमद्धि विष्णुनिवेदितम् ।५५

**પોતાને સેવાનો અવસર પ્રાપ્ત થતાં શિવ-પાર્વતી અતિશય પ્રસન્ન થયાં અને શિવે પાર્વતીને કહ્યું કે, હે પ્રિયે ! તમે ભગવાન શાલગ્રામને નૈવેદ્ય ધરવા માટે પોટલીમાં બાંધેલો સાથવો અને મીઠું તત્કાળ આ બ્રહ્મચારીને અર્પણ કરો.[૪૮-૪૯] હે રાજન્ ! પતિનું વચન સાંભળી તત્કાળ ઉમામૈયાએ પોટલીની ગાંઠ છોડી, નાની કોથળીમાં રહેલો એક શેર જેટલો સાથવો નીલકંઠવર્ણીને અર્પણ કર્યો.[૫૦] ત્યારે શ્રીહરિએ સાથવામાં મીઠું મિશ્ર કરી જળ મેળવી શાલગ્રામને નૈવેદ્ય અર્પણ કર્યું. ત્યારપછી શાસ્ત્રવિધિ અનુસાર શાલગ્રામ ભગવાનની પૂજા સમાપ્ત કરી.[૫૧]**

**હે રાજન્ ! દેવ અને મનુષ્યને તેનાં લક્ષણો ઉપરથી સારી રીતે ઓળખી જતા શ્રીહરિ આ દંપતિ દરિદ્ર ભિક્ષુકના વેષમાં હોવા છતાં કોઈ અમાનવ છે, એવું નક્કી કરીને બન્નેને નમસ્કાર કરી પૂછવા લાગ્યા કે, આકસ્મિક અહીં પધારેલાં, શાંત સ્વભાવવાળાં, કરુણાના ભંડાર સમા, યોગિના રૂપથી પોતાના અસલ સ્વરૂપને ગુપ્ત રાખનારાં શિવ-પાર્વતી જેવાં જણાતાં તમે બને કોણ છો ? તમારું નામ શું છે ? ગોત્ર શું છે ? આવા મહા જંગલમાં આપના જેવા યોગીઓનાં દર્શન દુર્લભ છે, તમે બન્ને નિશ્ચય મનુષ્ય તો નથી જ એ નક્કી છે. માટે આપનો યથાર્થ પરિચય મને આપો. ખોટું બોલશો નહિ.[૫૨-૫૪] શ્રીહરિના પૂછવાથી તેઓ કહેવા લાગ્યાં કે, હે બાલાયોગી ! તમે ભૂખ અને તરસથી ખેદ પામી રહ્યા છો, તમારું શરીર અત્યંત દુર્બળ થયું છે, તેથી તમે જળપાન કરો અને વિષ્ણુને નૈવેદ્ય કરેલો સાથવો પણ આરોગો. પછી આપણે પરસ્પર વાર્તાલાપ કરીશું. હે રાજન્ ! આ પ્રમાણે બન્નેએ કહ્યું તેથી શ્રીહરિએ તે બન્નેને આદર આપી સાથવો જમ્યા અને જળપાન કર્યું. પછી તે બન્નેની સમીપે બેઠા.[૫૫-૫૬]**

ततो वार्ताः करिष्याम इत्युक्तो मानयन्स तौ । सक्तून्प्राश्योदकं पीत्वा निषसाद तदन्तिके ॥ ५६
योगी तं प्राह विप्र ! त्वं ब्रह्मचर्यव्रतस्थितिः । तपस्व्यपि जितक्रोधः कृष्णभक्तो महानसि ॥५७
अभाषितचरं तस्मात्वदग्रे नानृतं ब्रुवे । अशेष पुण्यक्षयकृत्तपस्व्यग्रेऽनृतं वचः ॥ ५८
शङ्करं मां विजानीहि पार्वत्या सह वर्णिराट् ! । यदृच्छयागतं ह्यत्र दुर्दर्शं तपतामपि ॥ ५९
इत्युक्त्वा दर्शयामास स्वरूपं सहसैव सः । साश्चर्यं नीलकण्ठस्तमपश्यद्दिव्यविग्रहम् ॥ ६०

कर्पूरगौरमुरुभास्करभासुराङ्गं भस्माङ्गरागरुचिरावयवेक्षणीयम् ।
यज्ञोपवीतवलयायितनागराजं केयूरहारकटिसूत्रपदस्थनागम् ॥ ६१
द्वीपिद्विपाजिनसदंशुकयुग्मशोभं प्रोत्फुल्लनीरजनिभाननमन्दहासम् ।
शीतद्युतिद्युतितरम्यविशालभालं चञ्चद्बृहत्पुरटपिङ्गजटाकलापम् ॥ ६२

---

**પરિચયની સાથે શિવજીએ આપ્યાં દિવ્યદર્શન :–** હે રાજન્ ! ત્યારે યોગીવેષધારી શિવજી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે વિપ્ર ! તમે બ્રહ્મચર્યવ્રતમાં દઢ નિષ્ઠાવાળા છો. તપમાં પ્રીતીવાળા અને ક્રોધ ઉપર વિજય મેળવનારા મહાન ભગવાનના ભક્ત છો. તેથી તપસ્વી પુરુષની આગળ ખોટું બોલવું તે સમગ્ર પુણ્યનો વિનાશ સર્જે છે, અને અત્યાર સુધી હું કોઈની આગળ ખોટું બોલ્યો પણ નથી તેથી તમારી આગળ પણ ખોટું બોલીશ નહિ.[૫૭-૫૮] હે વર્ણીરાજ ! હું સાક્ષાત્ શંકર છું, આ પાર્વતી દેવી છે, તપસ્વીઓને પણ મારું દર્શન દુર્લભ છે, છતાં દૈવી ઈચ્છાએ હું તમારી સમીપે આવ્યો છું. આ પ્રમાણે કહી શિવજીએ પોતાના મૂળ સ્વરૂપનું દર્શન કરાવ્યું, ત્યારે નીલકંઠવર્ણીએ પણ આશ્ચર્યપૂર્વક દિવ્યાકાર શિવજીનાં દર્શન કર્યાં.[૫૯-૬૦]

હે રાજન્ ! તે સમયે શિવજીનો કપૂર સમાન ગૌરવર્ણ હતો. અનેક સૂર્યની સમાન ઉજ્જ્વલ શરીરની કાંતિ હતી. અંગ ઉપર ભભૂત લગાવી હોવાથી અવયવો દર્શનીય અને સુંદર જણાતાં હતાં. યજ્ઞોપવીતના પ્રતિક સ્વરૂપે નાગરાજને ખભ્ભાથી કેડ સુધી વર્તુળાકારે ધાર્યો હતો. બાજુબંધ હાર અને કટિમેખલાની જગ્યાએ પણ સર્પો જ ધારણ કર્યા હતા.[૬૧] વાઘાંબર અને ગજાંબરનાં વસ્ત્ર યુગલથી શોભતા હતા. તેમનું મુખ ખીલેલા કમળની સમાન મંદમંદ હાસ્યથી શોભતું હતું. ચંદ્રમાની કાંતિથી ચળકતા સ્વતઃસિદ્ધ સુંદર વિશાળ ભાલથી રમણીય લાગતા હતા. ચળકતાં સુવર્ણ સમાન પિંગલવર્ણ જટા મસ્તક ઉપર ધારી હતી.[૬૨] શ્રીહરિની આગળ પૃથ્વી પર દર્ભના આસન ઉપર વીર આસનની મુદ્રામાં બેઠા હતા. તેમનાં ત્રણે

वीरासनेन पुरतो धरणौ निषण्णं कौशासने स्तिमितदृक्तितयं स्थिराङ्गम् ।
वामे करे निजजनाभयदानमुद्रां दक्षेऽपि दोषणि च बिभ्रतमक्षमालाम् ॥ ६३
पार्श्वे च वाम उमया स्थितया त्रिलोकीसाध्वीगणार्चितपदाम्बुजयाऽतिभक्त्या ।
सद्वीजनेन परिसेवितमात्मनिष्ठं नन्दीश्वरादिगणमण्डलनूयमानम् ॥ ६४
ब्राह्मीं बुभुत्सुभिरुशन्मतिभिश्च विद्यां क्रौञ्चारिनारदसनन्दनमुख्यविप्रैः ।
नम्रैः सिताञ्जलिपुटद्वितयैः सहर्षं सम्प्रेक्ष्यमाणकरुणाक्षिकटाक्षपातम् ॥ ६५
तं वीक्ष्य साक्षाच्छिवमेव वर्णी प्रणम्य बद्धाञ्जलिरश्रुनेत्रः ।
तुष्टाव राजञ्जगतामधीशं रोमाञ्चिताङ्गः प्रणयेन नम्रः ॥ ६६

**श्रीनीलकण्ठ उवाच –**

सदाशिवं शाश्वतमीशितारं प्रशान्तमाशापतिमण्डलेशम् ।
ब्रह्मादिदेवार्चितपादपद्मं श्रीशङ्करं त्वामहमानतोऽस्मि ॥ ६७

---

**નેત્રો સ્થિર હતાં, તેમનું શરીરપણ સ્થિર હતું. ડાબા હાથે પોતાના ભક્તોને અભયદાન આપતી મુદ્રા ધારણ કરી હતી. તથા જમણા હાથમાં રુદ્રાક્ષની માળા ધારણ કરી હતી.[૬૩] ડાબે પડખે પાર્વતીજી બેઠાં હતાં અને ત્રિલોકીની પતિવ્રતા નારીઓનો સમૂહ ભક્તિભાવપૂર્વક તેમના ચરણની પૂજા કરતો હતો. બાજુમાં બેઠેલાં પાર્વતીજી સ્નેહપૂર્વક વીંજણો ઢોળીને સેવા કરી રહ્યાં હતાં. નંદીશ્વર આદિ પાર્ષદોનું મંડળ સ્તુતિ કરતું હતું.[૬૪] બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાની ઈચ્છાથી સુંદર મોક્ષ સંબંધી બુદ્ધિને વરેલા અને વિનમ્રતાથી બે હાથ જોડીને સામે ઊભેલા કાર્તિક સ્વામી, નારદજી, સનંદન આદિ ચાર સનકાદિકો અને અનેક ઋષિમુનિઓ અતિ હર્ષપૂર્વક તેમના કરુણા ભરેલા કૃપાકટાક્ષને નિહાળી રહ્યા હતા.[૬૫] આ પ્રમાણે પ્રત્યક્ષ દિવ્યાકાર શિવજીનાં દર્શન કરી વર્ણીરાજ શ્રીહરિ બે હાથ જોડી વંદન કરી રોમાંચિત ગાત્રે પ્રેમપૂર્વક વિનમ્રભાવે આંખમાં હર્ષનાં અશ્રુઓ સાથે જગતના અધીશ્વર ભગવાન શિવજીની સ્તુતિ કરવા લાગ્યા.[૬૬]**

**શિવસ્તુતિ :– નીલકંઠવર્ણી સ્તુતિ કરતાં કહે છે, હે ભગવાન શંકર ! હું તમને પ્રણામ કરું છું. તમે સદાય કલ્યાણકારી મૂર્તિ છો, શાશ્વત છો, સર્વજગતના ઈશ્વર છો, પ્રશાંતમૂર્તિ છો, દિશાઓના પતિ ઈન્દ્રાદિ દેવતાઓના પણ ઈશ્વર છો. બ્રહ્માદિ સમસ્ત દેવતાઓ તમારાં ચરણ કમળનું પૂજન અર્ચન કરે છે. એવા સર્વેને સુખને કરનારા હે શંકર ! તમને હું પ્રણામ કરું છું.[૬૭]**

सर्वेश्वरं सर्वगुणाधिवासं देवं महादेवमुदारकीर्तिम् ।
विद्यातपोयोगकलानिधानं श्रीशङ्करं त्वामहमानतोऽस्मि ॥ ६८
सकालमायायमभीतिभङ्गं जगज्जनित्राणविनाशहेतुम् ।
प्रचेतसां देशिकमाप्तकामं श्रीशङ्करं त्वामहमानतोऽस्मि ॥ ६९
महाविषत्रातसमस्तलोकं मृत्युञ्जयं मर्त्यजनाशुतोषम् ।
भस्मावशेषीकृतकामदेहं श्रीशङ्करं त्वामहमानतोऽस्मि ॥ ७०
अशेषविद्यागममन्त्रमूलं वैराग्यवेगोज्झितसर्वभोगम् ।
मुमुक्षुभिर्मुक्तजनैश्च सेव्यं श्रीशङ्करं त्वामहमानतोऽस्मि ॥ ७१
गङ्गाधरं चान्धकदैत्यनाशं कैलासनाथं सुखितात्मदासम् ।
पापोच्चयोन्मूलननाममात्रं श्रीशङ्करं त्वामहमानतोऽस्मि ॥ ७२
श्रीविश्वनाथं कृतकाशिवासं प्रमीतकर्णोदिततारकं च ।
भवोद्धृतानेकमहाघिजीवं श्रीशङ्करं त्वामहमानतोऽस्मि ॥ ७३

---

**તમે સર્વેશ્વર છો. સર્વગુણોના ભંડાર છો. દેવ છો. મહાદેવ છો. ઉદાર કીર્તિવાળા છો. વિદ્યા, તપ અને યોગકલાના નિધિ છો. એવા હે ભગવાન શંકર ! તમને હું પ્રણામ કરું છું.[૬૮] તમે કાળે સહિત માયા અને યમરાજના ભયને ભાંગનારા છો. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણરૂપ છો. પ્રાચીન બર્હિષ રાજાના પુત્રો પ્રચેતાઓના ગુરુ છો. પૂર્ણકામ છો. એવા હે ભગવાન શંકર ! તમને હું પ્રણામ કરું છું.[૬૯] તમે સમુદ્રમંથન વખતે નીકળેલા હળાહળ કાળકૂટ વિષથી સમસ્ત વિશ્વનું રક્ષણ કરનારા છો. તમે મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરનારા મૃત્યુંજય છો. તમે પૂજા કરનારા ભક્તો ઉપર જલદીથી પ્રસન્ન થનારા આશુતોષ છો. ત્રીજું નેત્ર ખોલી કામદેવના શરીરને ભસ્મભૂત કરનારા એવા હે ભગવાન શંકર ! તમને હું પ્રણામ કરું છું.[૭૦] તમે સમસ્ત વિદ્યા, શાસ્ત્ર અને મંત્રની પ્રવૃત્તિના મૂળ કારણરૂપ છો. વૈરાગ્યના વેગથી સમગ્ર વિષયભોગનો ત્યાગ કરનારા છો. મુમુક્ષુઓ અને મુક્તજનો દ્વારા સદાય સેવા કરવા યોગ્ય છો. એવા હે ભગવાન શંકર ! તમને હું પ્રણામ કરું છું.[૭૧] તમે મસ્તકની જટામાં ગંગાને ધારણ કરનારા છો. અંધક નામના દૈત્યનો વિનાશ કરનારા છો. કૈલાશના અધિપતિ છો. પોતાના સેવકવૃંદને સુખી કરનારા છો. કેવળ તમારા નામમંત્રનો કોઇ ઉચ્ચાર કરે તેના પાપના સમૂહોનો નાશ થઈ જાય છે. એવા હે ભગવાન શંકર ! તમને હું પ્રણામ કરું છું.[૭૨] તમે કાશીમાં વિરાજતા શ્રીવિશ્વનાથ નામથી પ્રસિદ્ધ છો. સમીપ**

देवादिसङ्कष्टहरं हराख्यं श्रीपार्वतीप्राणपतिं पुरारिम् ।
वृषध्वजं मङ्गलमूर्तिमीशं श्रीशङ्करं त्वामहमानतोऽस्मि ॥ ७४

**सुव्रत उवाच –**

इति स्तुत्वा शिवं भक्त्या प्रणम्य च स धर्मभूः । तुष्टाव जगदम्बां च दुर्गां दुर्गतिनाशनीम् ॥७५

**श्रीनीलकण्ठ उवाच –**

मातः! शिवे ! मङ्गलवृन्ददात्रीं सर्वेश्वरीं चाखिललोकधात्रीम् ।
महासतीं शङ्करशक्तिमाद्यामुमामहं त्वां प्रणमामि देवीम् ॥ ७६
सुरेन्द्रमुख्यामरकष्टदातुर्विनाशयित्रीमसुरव्रजस्य ।
सदैव सर्वामरसौख्यदात्रीमुमामहं त्वां प्रणमामि देवीम् ॥ ७७
निशुम्भशुम्भासुरदर्पहन्त्रीं निजाश्रितापन्निचयापहन्त्रीम् ।
श्रीविष्णुकार्योद्यतयोगमायामुमामहं त्वां प्रणमामि देवीम् ॥ ७८

---

**મૃત્યુવાળા મનુષ્યના જમણા કાનમાં શ્રીરામ નામના તારકમંત્રનો ઉપદેશ કરનારા છો, ભવસાગરમાંથી અને મહાપાપી જીવોનો ઉદ્ધાર કરનારા છો. એવા હે ભગવાન શંકર ! તમને હું પ્રણામ કરું છું.[૭૩] તમે દેવ આદિ સર્વનાં દુઃખને હરનારા છો. હર એવા નામને ધારણ કરનારા છો. પ્રતિવ્રતાના ધર્મમાં અચળ એવાં પાર્વતીદેવીના પ્રાણનાથ છો, ત્રિપુર નામના દૈત્યનો અંત લાવનારા છો. નંદીશ્વરનામના વૃષભનું ચિહ્ન ધ્વજામાં ધારણ કરનારા છો.તમે મંગળ મૂર્તિ છો. અને સર્વેના ઈશ્વર છો. એવા હે ભગવાન શંકર ! તમને હું પ્રણામ કરું છું.[૭૪]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ધર્મપુત્ર ભગવાન શ્રીહરિએ સદાશિવની સ્તુતિ કરી પ્રણામ કર્યા. ત્યારપછી દુર્મતિનો વિનાશ કરનારાં જગદંબા મા દુર્ગાદેવીનું સ્તવન કરવા લાગ્યા.[૭૫]**

**જગદંબાસ્તુતિ :– હે માતા ! તમે અખિલ લોકનાં માતા છો. સદાય કલ્યાણકારી છો. સર્વનું મંગલકરનારાં છો. સર્વેશ્વરી છો. સમસ્ત લોકને ધારણ કરનારાં છો. મહાસતી છો. શંકરનાં શક્તિસ્વરૂપા છો. સમસ્ત જગતનાં આદિ છો. એવાં હે ઉમાદેવી ! હું તમને પ્રણામ કરું છું.[૭૬] તમે ઈન્દ્રાદિ દેવગણોને કષ્ટ આપનારા અસુરોનાં વૃંદને વિનાશ કરનારાં છો. અને સર્વે દેવતાઓને સદાય સુખ આપનારાં છો. એવાં હે ઉમાદેવી ! હું તમને પ્રણામ કરું છું.[૭૭] તમે નિશુંભ અને શુંભ નામના અસુરોનો ગર્વ હણનારાં છો. પોતાના આશ્રિતજનોની**

सुरारिनाशार्थमनेकशक्तीरुत्पादयन्तीममरेन्द्रपक्षाम् ।
महामृधाविष्कृतभूरिहस्तामुमामहं त्वां प्रणमामि देवीम् ॥ ७९
सुरापलस्वार्चकसर्ववर्णशीर्षच्छिदाक्रोधकरालवक्राम् ।
अभीष्टदात्रीं व्रजकन्यकानामुमामहं त्वां प्रणमामि देवीम् ॥ ८०
दाक्षायणीं रूपधरां युगादौ सतीं ततः श्रीगिरिराज पुत्रीम् ।
साध्वीव्रतत्राणपरामनादिमुमामहं त्वां प्रणमामि देवीम् ॥ ८१
नरामरैर्दुष्करमुग्रमादौ तपश्चरन्ती गिरिशप्रसत्त्यै ।
न पत्रमप्याद इति ह्यपर्णामुमामहं त्वां प्रणमामि देवीम् ॥ ८२
प्रसूं गणेशस्य सदैव सेवापरायणामम्ब! महेश्वरस्य ।
अमङ्गलघ्नीं निजसेवकानामुमामहं त्वां प्रणमामि देवीम् ॥ ८३

---

વિપત્તિઓના સમૂહનો વિનાશ કરનારાં છો. ભગવાન વિષ્ણુનું કોઈ પણ કાર્ય કરવા સદાય તત્પર રહો છો તેથી યોગમાયા નામે પ્રસિદ્ધ છો. એવાં હે ઉમાદેવી ! હું તમને પ્રણામ કરું છું.[૭૮] તમે દેવતાઓના શત્રુ એવા અસુરોના વિનાશ માટે કાલિકા આદિ અનેક અન્ય શક્તિઓને ઉત્પન્ન કરનારાં છો. દેવતાઓએ સહિત ઈન્દ્રના પક્ષમાં સદાય રહી તેને સહાય કરનારાં છો. જરૂર પડ્યે મહાયુદ્ધમાં હજારો ભૂજાઓને પ્રગટ કરનારાં છો. એવાં હે ઉમાદેવી ! હું તમને પ્રણામ કરું છું.[૭૯] તમે સૂરા અને માંસથી પોતાનું પૂજન કરનારા સર્વવર્ણના મનુષ્યોના મસ્તકને કાપવાને અર્થે મહાક્રોધથી વિકરાળ મુખને ધારણ કરનારાં છે. શ્રીકૃષ્ણને પોતાના પતિ કરવા ઈચ્છતી વ્રજની ગોપ કન્યાઓને ઈચ્છિત વરદાન આપનારાં એવાં હે ઉમાદેવી ! હું તમને પ્રણામ કરું છું.[૮૦] તમે આદિયુગમાં સુંદરરૂપ ધારણ કરનારાં દક્ષપુત્રી સતી એવા નામથી વિખ્યાત થયાં અને પછી હિમાલય પર્વતની પુત્રી પાર્વતી એવાં નામથી પ્રસિદ્ધ થયાં છો. તમે પતિવ્રતાધર્મનું સદાય રક્ષણ કરનારાં છો. તથા અનાદિ સિદ્ધસ્વરૂપા એવાં હે ઉમાદેવી ! હું તમને પ્રણામ કરું છું.[૮૧] તમે પરણ્યા પહેલાં શિવજીને પ્રસન્ન કરવા માટે કોઈ પણ મનુષ્ય કે દેવથી પણ ન થઈ શકે તેવી તીવ્ર તપશ્ચર્યા કરી હતી. તે સમયે તમે પાંદડાંનું પણ ભક્ષણ કર્યું નહિ તેથી ''અપર્ણા'' એવા નામથી પ્રસિદ્ધિને પામ્યાં છો. એવાં હે ઉમાદેવી ! હું તમને પ્રણામ કરું છું.[૮૨] હે મા ! તમે ગણેશજીનાં જનેતા છો. સદાય મહેશ્વરની સેવા પરાયણ છો અને પોતાના ભક્તોનું અમંગળને હરનારાં છો એવાં હે ઉમાદેવી ! હું

**सुव्रत उवाच** -

इति स्तुत्वैवोपरतं वर्णिनं तावुमाशिवौ । ऊचतुर्नौं वरं वर्णिन् ! वरयत्वं निजेप्सितम् ॥ ८४

**श्रीनीलकण्ठ उवाच** -

यदि प्रसन्नौ भवथो जगतः पितरौ युवाम् । यच्छतं तर्हि वैराग्यं दृढं सांसारिकेषु मे ॥ ८५

**उमामहेश्वरावूचतुः** -

व्रियते यत्त्वया वर्णिस्तत्तु सिद्धं सदा त्वयि । तथापि तद्विशेषेण भविष्यति महामुने! ॥ ८६
नारायण ऋ षिः साक्षादसि त्वं बदरीपतिः । मानुष्यनाट्यं विदधद्वर्तसेऽत्रेति विद्ध वै ॥ ८७
नमोस्तु जगदीशाय नरनारायणाय ते । सहार्जुनाय कृष्णाय धर्मसंस्थापनाय च ॥ ८८
त्वं हि साक्षात्परंब्रह्म क्षराक्षरपरं विभु । अनेककोटिब्रह्माण्डोदयस्थित्यन्तकारणम् ॥ ८९

---

**તમને પ્રણામ કરું છું.[૮૩]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સ્તુતિ કરીનેશ્રીહરિ વિરામ પામ્યા ત્યારે બન્ને શિવજી અને પાર્વતી શ્રીહરિને કહેવા લાગ્યાં કે, હે વર્ણી ! આપની ઈચ્છા અનુસાર અમારી પાસેથી વરદાન માગો.[૮૪] ત્યારે નીલકંઠવર્ણી કહેવા લાગ્યા કે હે જગતનાં માતાપિતા ! તમે બન્ને જો મારી ઉપર ખૂબજ રાજી હો તો મને સાંસારિક પંચવિષયમાંથી અત્યંત દઢ વૈરાગ્ય થાય. એવું વરદાન આપો.[૮૫] હે રાજન્ ! શ્રીહરિનાં આવાં વચનો સાંભળી ઉમા-મહેશ્વર કહેવા લાગ્યાં કે, હે વર્ણીરાજ ! આપે જે વૈરાગ્યની માંગણી કરી છે તેતો આપનામાં સદાય સ્વતઃસિદ્ધ રહેલો જ છે છતાં તે વૈરાગ્ય વિશેષપણે વૃદ્ધિ પામશે એવું અમારું વરદાન છે.[૮૬]**

**ઉમા-મહેશ્વરે કરેલી શ્રીહરિની સ્તુતિ :- હે ભગવન્ ! હે ભગવાન ! તમે બદરીપતિ સાક્ષાત્ નારાયણઋષિ છો. મનુષ્યનાટ્યને કરતા તમે અત્યારે આલોકમાં અમારી નજર સમક્ષ વિરાજો છો, એમ ચોક્કસપણે જાણીએ છીએ.[૮૭] માટે હે સમસ્ત જગતના માલિક તમને નમસ્કાર. શ્રીનરનારાયણરૂપે રહેલા તમને નમસ્કાર, અર્જુનની સાથે બિરાજતા શ્રીકૃષ્ણ પરમાત્મા તમને નમસ્કાર. આ પૃથ્વી પર એકાંતિક ધર્મનું સ્થાપન કરનારા તમને અમારા નમસ્કાર.[૮૮] હે હરિ, તમે ક્ષર અને અક્ષરથકી પણ પર છો. સર્વાન્તર્યામી સાક્ષાત્ પરબ્રહ્મ છો. અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના મૂળ કારણરૂપ તમે જ છો.[૮૯] તમે ગોલોકના અધિપતિ છો. દિવ્ય વૃંદાવનમાં વિહાર કરનારા છો, અખંડ રાસલીલા કરનારા તમે છો. અને સ્વયં રાધિકાના પતિ છો.[૯૦] હે પ્રભુ !**

गोलोकाधिपतिर्दिव्यवृन्दावनविहारकृत् । अखण्डरासलीलस्त्वं राधिकारमणः स्वयम् ॥ ९०
कल्यधर्मासुरगुरुपाषण्डोपद्रुतं प्रभो ! । सद्धर्मं पातुमत्रत्वमाविर्भूतो दयानिधिः ॥ ९१
निमित्तीकृत्य दुर्वासःशापं नारायणात्मना । भक्तौ जातोऽसिधर्मात्त्वं हरिर्भक्तविपद्धरः ॥ ९२
भाव्यानामिह लोकानां कलौ संसृतिमुक्तये । कीर्तनश्रवणार्हाणि चरित्राणि करोषि वै ॥ ९३
अद्यत्वद्दर्शनेन स्वः परमानन्दनिर्वृत्तौ । आवां त्वदीयभक्तिस्थौ सदा त्वद्दर्शनोत्सुकौ ॥ ९४

**सुव्रत उवाच –**

इति शिवश्च शिवा प्रणिगद्य तं प्रहसिताननपद्ममृषीश्वरम् ।
तदवलोकनहर्षभृतान्तरौ नृप ! तिरोदधतुः सहसा ततः ॥ ९५

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे महाटव्यामुमामहेश्वरदर्शनं नामैकोनपञ्चाशत्तमोऽध्यायः ॥ ४९ ॥*

---

**તમે કલિયુગ અને અધર્મથી ભરપૂર અસુરગુરુઓએ પ્રવર્તાવેલા પૃથ્વી પરના પાખંડ ધર્મથી પીડાતા એકાંતિક ધર્મનું રક્ષણ કરવા દયાનિધિ તમે આ ધરતી ઉપર પ્રગટ થઈને વિચરો છો.[૯૧] નારાયણઋષિ સ્વરૂપે દુર્વાસાના શાપને નિમિત્ત કરીને ભક્તજનોનાં દુઃખ હરનારા તમે ધર્મદેવ અને ભક્તિદેવીને ત્યાં હરિકૃષ્ણ એવા નામથી પ્રગટ થયા છો.[૯૨] અત્યારે તમે કલિયુગના ભાવિ જીવાત્માઓને સંસારનાં બંધનમાંથી મુક્ત કરવા માટે તેઓને સાંભળવા યોગ્ય તથા ગાન કરવા યોગ્ય દિવ્ય ચરિત્રોનો વિસ્તાર કરી રહ્યા છો.[૯૩] હે ભગવાન્ ! તમારી ભક્તિ કરવામાં સદાય તત્પર રહેનારાં અને તમારાં દર્શનની હમેશાં મનમાં ઉત્કંઠા રાખનારાં અમને બન્નેને અત્યારે આપનાં દર્શન થયાં તેથી પરમ આનંદના સાગરમાં અમે ડૂબી ગયાં છીએ.[૯૪]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શિવ અને પાર્વતીદેવીએ મંદમંદ હાસ્યથી સભર મુખકમળથી શોભતા ઋષીશ્વર શ્રીહરિની સ્તુતિ કરી અને શ્રીહરિનાં દર્શન થવાથી અંતરમાં અત્યંત હર્ષ પામતાં ત્યાંથી એકાએક અંતર્ધાન થયાં.[૯૫]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ઉમા મહેશ્વર મહાવનમાં શ્રીહરિનાં દર્શને આવ્યાં એ નામે ઓગણપચાસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૯--***

---

॥ पञ्चाशत्तमोऽध्यायः ॥

सुव्रत उवाच

अन्तर्हिते शङ्करेऽथ स्वस्यातिप्रियदर्शने । नीलकण्ठस्ततोऽगच्छत्स्मरन् भूतपुरीं स्म तम् ॥ १
तत्र रामानुजाचार्यप्रतिमायाः स दर्शनम् । पूजनं च विधायागादुर्गां कन्याभिधां ततः ॥ २
ततो ययौ वर्णिराजः पद्मनाभं जनार्दनम् । आदिकेशवनामानं ततो विष्णुमुपाययौ ॥ ३
असुराणां सहस्रे द्वे तत्रास्तां शस्त्रधारिणाम् । ते तत्रत्यनृपेणैव निहते तज्जिघांसुनी ॥ ४
मानसे पत्तने पूर्वं क्ष्माभुजा सत्रधर्मणा । निहता असुरा यद्वत्तथा राज्ञाऽत्र धर्मिणा ॥ ५
मलयाख्यं ततः प्रायान्नानाद्रुमसमाकुलम् । नारायणः कुलगिरिं तीर्थयात्रापरायणः ॥ ६
पञ्चाहानि गिरौ तत्र साक्षिगोपालदर्शनम् । कुर्वंश्चन्दनवृक्षाणां ससर्पाणां वनेऽवसत् ॥ ७

## અધ્યાય – ૫૦

## શ્રીનીલકંઠવર્ણી ભૂતપુરી, કન્યાકુમારી, જનાર્દન, આદિકેશવ અને સાક્ષીગોપાલ તીર્થના દર્શને પધાર્યા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિનું દર્શન જેને અતિપ્રિય છે એવા શિવજી ત્યાંથી અંતર્ધાન થયા પછી શ્રીહરિ પણ તેમનું સ્મરણ કરતા કરતા શ્રીરામાનુજાચાર્યજીનું જન્મસ્થાન ભૂતપુરીતીર્થમાં (પેરમ્બુદૂર) પધાર્યા.[૧]

હે રાજન્ ! ભૂતપુરીમાં શ્રીરામાનુજાચાર્યજીની પ્રતિમાનાં દર્શન પૂજન કરી ત્યાંથી ચાલતા શ્રીહરિ કન્યાકુમારી તીર્થક્ષેત્રમાં પહોંચ્યા.[૨] ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે પદ્મનાભ તીર્થમાં પધાર્યા. ત્યાંથી ચાલતા આદિકેશવ નામના વિષ્ણુના તીર્થમાં પધાર્યા.[૩] આદિકેશવતીર્થમાં તલવાર આદિ શસ્ત્રધારી બે હજાર અસુરો રહેતા હતા. તેઓ પણ નીલકંઠવર્ણીને પોતાનો શત્રુ જાણી મારી નાખવા માગતા હતા. તેનો પણ ત્યાંના બુદ્ધિમાન રાજા દ્વારા શ્રીહરિએ વિનાશ કરાવ્યો. પૂર્વે માનસપુર શહેરમાં સત્રધર્મા રાજાદ્વારા જે રીતે અસુરોનો સંહાર કરાવ્યો હતો, તેવી જ રીતે આ આદિકેશવતીર્થમાં પણ ધાર્મિક રાજા દ્વારા અસુરોનો વિનાશ કરાવ્યો.[૪-૫] તીર્થયાત્રામાં જેને ખૂબજ આનંદ આવે છે એવા ભગવાન નારાયણ શ્રીહરિ ત્યાંથી આગળ ચાલતાં અનેક વિધ વૃક્ષોથી ઘેરાયેલા મલયાચલ પર્વત પર પધાર્યા. ત્યાં બિરાજતા સાક્ષીગોપાલ નામના ભગવાન વિષ્ણુનાં દર્શન કરી સર્પે વીંટળાયેલાં ચંદનવૃક્ષોના વનમાં પાંચ દિવસ પર્યંત નિવાસ કરીને રહ્યા.[૬-૭]

चन्द्रभागानदीतीरे पुण्डलीकपुरं ययौ । तत्र श्रीविठ्ठलस्यासौ चक्रे श्रीभर्तुरीक्षणम् ॥ ८
नद्यां स्नानं विठ्ठलस्य दर्शनं गुणकीर्तनम् । कुर्वन् प्रतिदिनं तत्र द्वौ मासौ न्यवसद्धरिः ॥ ९
दैवा जीवाः सहस्रे द्वे तत्र चक्रुस्तदाश्रयम् । हित्वा दुःसङ्गजं दोषं भेजुस्तं तद्वचःस्थिताः ॥ १०
श्रीविठ्ठलं ततो नत्वा परिष्वज्य च भक्तितः । स्तुवंस्तत्क्षेत्रमाहात्म्यं दण्डकारण्यमाययौ ॥ ११
कुर्वन्प्रदक्षिणां तस्य नासिकाख्यां पुरं ययौ । दर्शनं त्र्यम्बकेशस्य कृत्वाऽगात्तपतीं नदीम् ॥ १२
ततः स नर्मदायात्रां कृत्वोत्तीर्य महीं नदीम् । तीर्त्वा साभ्रमतीं प्रायाद्भीमनाथाख्यशङ्करम् ॥ १३
गोपनाथमुपेत्याथ पञ्चतीर्थीं समाचरन् । नीलकण्ठ उपेयाय मकरालयपत्तनम् ॥ १४
एवं तीर्थानि विचरन्सद्धर्मं परिपालयन् । अधर्मसर्गं तीर्थस्थमुच्चखान निजौजसा ॥ १५

---

**કિષ્કિન્ધાથી પંઢરપુરતીર્થમાં આગમન :–** હે રાજન્ ! તે વનમાંથી ચાલતા ચાલતા શ્રીહરિ કિષ્કિન્ધા પધાર્યા, ત્યાં પંપાસરોવરમાં સ્નાન કરી ત્યાંથી ચંદ્રભાગા નદીને કિનારે આવેલાં પંઢરપુર પધાર્યા અને ત્યાં લક્ષ્મીપતિ શ્રીવિઠ્ઠલનાથ ભગવાનનાં દર્શન કર્યાં.[૮] હે રાજન્ ! શ્રીહરિ ચંદ્રભાગાનદીમાં નિત્યે સ્નાન કરી વિઠ્ઠલનાથજીનાં દર્શન કરતા તથા વિઠ્ઠલનાથજીનાં ગુણ કીર્તન કરતા પંઢરપુરમાં બે મહિના સુધી નિવાસ કરીને રહ્યા.[૯] તે સમયે પંઢરપુરમાં બેહજાર દૈવીજીવોને પોતાના આશ્રિત કર્યા અને તે સર્વેએ દુર્જનના પ્રસંગથી થતા દોષોનો ત્યાગ કરી શ્રીહરિના વચનમાં રહી ધર્મનું પાલન કરતા શ્રીહરિનું જ પ્રગટ પ્રમાણ ભજન કરવા લાગ્યા.[૧૦] તે સમયે શ્રીહરિએ વિઠ્ઠલનાથ ભગવાનને સ્નેહપૂર્વક નમસ્કાર કરી મૂર્તિને બાથમાં લઈને ભેટ્યા અને તે તીર્થક્ષેત્રના મહિમાનું ગાન કરતા ત્યાંથી દંડકારણ્ય ક્ષેત્રમાં પધાર્યા.[૧૧]

**વર્ણીરાજનો ગુજરાતપ્રાંતમાં પ્રવેશ :–** હે રાજન્ ! દંડકારણ્યને પ્રદક્ષિણા કરી શ્રીહરિ નાસિકનગર પધાર્યા. ત્ર્યંબકેશ્વર મહાદેવનાં દર્શન કરી તાપી નદીએ પધાર્યા.[૧૨] ત્યાંથી નર્મદાની યાત્રા કરી મહીનદીને ઉતરી સાબરમતી નદીને પાર કરી ભાલ પ્રદેશમાં આવેલા ભીમનાથ મહાદેવની જગ્યામાં પધાર્યા.[૧૩] ત્યાંથી નીલકંઠ વર્ણી ગોપનાથ પધાર્યા. આ રીતે પંચતીર્થીને કરતા કરતા સૌરાષ્ટ્રના સમુદ્રકાંઠે આવેલ સુપ્રસિદ્ધ માંગરોળ બંદર પધાર્યા.[૧૪]

**તીર્થપ્રવાસી વર્ણીરાજની સ્થિતિ અને રીતિનું વર્ણન :–** આ પ્રમાણે તીર્થસ્થાનોમાં વિચરણ કરતા અને એકાંતિક ધર્મનું પાલન કરતા શ્રીહરિએ પોતાના પ્રતાપથી તે તે તીર્થમાં રહેલા દંભ, લોભ આદિ અધર્મ સર્ગનો વિનાશ

पाषण्डिनो गुरूञ्जित्वा वादैः सच्छास्त्रसम्मतैः । मुमुक्षून्रक्षितांस्तेभ्यो मोचयामास संसृतेः ॥ १६
तपश्च ब्रह्मचर्यादीन्नियमानाचरन् स्वयम् । त्यागिनां तैर्थिकानां च स्थितिरीतिमदर्शयत् ॥ १७
शान्तस्तितिक्षुरेकाकी निःस्पृहो निष्परिग्रहः । कौपीनमात्रवसनो मृगाजिनधरो जटी ॥ १८
अनावृताङ्गः सर्वेषु ऋतुष्वपि दिवानिशम् । बहिर्ग्रामाद्द्रुमाधस्ताद्वसन् ग्रामे तु न क्वचित् ॥ १९
नित्यं त्रिषवणस्नायी त्रिकालं कृष्णपूजकः । पञ्चाध्याय्याः पूजनान्ते पाठं कुर्वन्दिनेदिने ॥ २०
प्राणायामांस्त्रिकालं च कुर्वन्नानासनानि च । स्वेच्छया हिमकालेऽपि सेवमानो न चानलम् ॥ २१
अखण्डं स्वस्वरूपस्थो निर्निमेषविलोचनः । त्वगस्थिशेषगात्रश्च भूयो धमनिसन्ततः ॥ २२
देहानुसन्धानहीनः शर्कराकण्टकादिषु । निरुपानच्चलन्मार्गे न पृच्छन्वर्त्म कञ्चन ॥ २३

---

કર્યો.[૧૫] સત્શાસ્ત્ર સંમત વાદવિવાદથી પાખંડી ગુરુઓને જીતી મુમુક્ષુ જીવોનું રક્ષણ કર્યું અને તેઓને જન્મ-મરણરૂપ સંસારના પ્રવાહમાંથી મુક્ત કર્યા.[૧૬] સ્વયં શ્રીહરિએ પણ વિચરણ દરમ્યાન તપ અને બ્રહ્મચર્યાદિ નિયમોનું યથાર્થ પાલન કરી તીર્થવાસી અને ત્યાગી પુરુષોની સ્થિતિ અને રીતિ કેવી હોય તેનું શિક્ષણ આપ્યું.[૧૭] હે રાજન્ ! શાંત સ્વભાવના શ્રીહરિ વિચરણ દરમ્યાન ટાઢ તડકો વિગેરે દ્વન્દ્વોને સહન કરતા તીર્થયાત્રામાં એકલાજ વિચરતા. કોઈ પદાર્થની અપેક્ષા રાખ્યા વગર નિઃસ્પૃહી જીવન જીવતા. કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરી સાથે રાખતા નહિ. માત્ર કૌપીનભેર રહેતા, મૃગચર્મ ધારણ કરતા, મસ્તક ઉપર જટા બાંધીને રાખતા.[૧૮] છએ ઋતુઓમાં રાત્રિ દિવસ ઉઘાડે શરીરે ફરતા, હમેશાં ગામની બહાર વૃક્ષ નીચે જ પોતાનો નિવાસ રાખતા, ગામમાં ક્યારેય રહેતા નહીં.[૧૯] પ્રતિદિન ત્રિકાલ સ્નાન અને ત્રિકાલ સંધ્યા કરતા, મનુષ્ય નાટ્યને અનુસરી વિધિપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરતા, પ્રતિદિન પૂજાને અંતે શ્રીકૃષ્ણના રાસપંચાધ્યાયીનો પાઠ કરતા.[૨૦] ત્રિકાલ પ્રાણાયામ અને અનેક પ્રકારનાં યોગાસનો કરતા, શિયાળાની ઋતુમાં પણ સ્વેચ્છાએ ક્યારેય પણ અગ્નિનું સેવન કરતા નહિ.[૨૧] અખંડ સ્વસ્વરૂપની સ્થિતિમાં રહી મેષોન્મેષરહિત સ્થિર દૃષ્ટિ રાખતા, એટલું ઉગ્ર તપ કર્યું કે, શરીરમાં ત્વચા અને અસ્થિમાત્ર જ બચ્યાં હતાં, જેથી કૃશ શરીરમાં નાડીઓ બહાર સ્પષ્ટ દેખાતી હતી.[૨૨] તે દેહનું અનુસંધાન ક્યારેય પણ રાખતા નહિ અને કાંટા અને કાંકરામાં પણ ઉઘાડે પગે ચાલતા, તેમજ કોઈને પણ રસ્તો પૂછતા નહિ.[૨૩] તે ગાઢ જંગલોમાં અને પર્વતોમાં નિર્ભયપણે વિચરતા રહેતા, છતાં સિંહ, વાઘ અને અન્ય હિંસકપ્રાણિઓ તેમજ સર્પાદિ પણ ક્યારેય તેમના

घोरेष्वरण्येषु चरन् पर्वतेषु च निर्भयः । सिंहव्याघ्रोरगाद्यैश्च कुत्राप्यक्षतविग्रहः ॥ २४
सकृदश्नन् क्वचिच्चान्नं फलं मूलं च वा दलम् । तिष्ठन्निरशनः क्वापि नीराहारश्च कुत्रचित् ॥ २५
दिनानि कतिचित्तिष्ठन्प्राश्यैव पवनं सकृत् । क्वाप्ययाचितवृत्तिश्च कृच्छ्रव्रतपरः क्व चित् ॥ २६
विरक्तो रमणीयेषु विषयेष्वपि पञ्चसु । स्त्रीणां त्वसहमानश्च गन्धमात्रमपि ध्रुवम् ॥ २७
एकादशीषु सर्वासु हरेर्जन्मदिनेषु च । नान्नगन्धग्रहः सोऽभूदूर्ध्वरेता जितेन्द्रियः ॥ २८
तपस्विनस्त्यागिनोऽन्ये तं दृष्ट्वातितपस्विनम् । स्वयं तथा कर्तुकामास्तत्सङ्गं केऽप्यकुर्वत ॥ २९
देहाभिमानजातेन देहदुःखेन पीडिताः । तत्समीपे न ते स्थातुं शेकिरे मानिनोऽपि च ॥ ३०
त्रिरात्रं पञ्चरात्रं वा कृत्वा तस्य समागमम् । पालयन्ते स्म ते केचिद्दशरात्रं च केचन ॥ ३१

---

શરીરને આંચ પહોંચાડી શક્યા નહોતાં.[૨૪] એકવાર ભોજન કરતા તેમાં પણ ક્યારેક અન્ન, ક્યારેક ફળ, ક્યારેક મૂળ અને ક્યારેક પત્ર વગેરે જે કાંઇ મળે તેનો આહાર કરતા. ક્યારેક ઉપવાસ થતો તો ક્યારેક માત્ર જળપાન કરીને રહેતા.[૨૫] એવો નિયમ રાખતા કે કેટલાય દિવસ માત્ર એકવાર વાયુ ભક્ષણ કરીને રહેતા, ક્યારેક એવું નિયમ રાખતા કે માગ્યા વિના જે કાંઇ મળે તેનાથી જીવન નિર્વાહ કરતા. કૃચ્છ્રચાંદ્રાયણાદિ વ્રતો પણ સમયે સમયે કરતા રહેતા.[૨૬] રમણીય પંચ વિષયમાં હમેશાં વૈરાગ્ય રાખતા અને સ્ત્રીની ગંધને તો સહન પણ કરી શકતા નહિ.[૨૭] સર્વે એકાદશીનાં વ્રતો કે ભગવાનના જન્માષ્ટમી વગેરે પ્રાગટ્યના દિવસોમાં અન્નની ગંધ પણ ક્યારેય લેતા નહિ. તે હમેશાં ઉર્ધ્વરેતસ્, બ્રહ્મચારી અને જીતેન્દ્રિયપણે જ વર્તતા.[૨૮]

હે રાજન્ ! બીજા કેટલાક ત્યાગી પુરુષો અને તપસ્વીજનો પણ શ્રીહરિને પોતાના કરતાં અધિક તપસ્વી જોઇને તે પ્રમાણે તપ કરવાની ઇચ્છાથી શ્રીહરિનો સંગ કરતા ને સાથે રહેવાની ઇચ્છા રાખતા. પણ શરીરાભિમાન છૂટ્યું ન હોવાથી ઉત્પન્ન થતા દૈહિક દુઃખને સહન કરી શકતા નહિ. તેથી તથા માનને લીધે પણ શ્રીહરિની સાથે રહેવા સમર્થ થતા નહિ.[૨૯-૩૦] કોઇ ત્રણ દિવસ રહે, કોઇ પાંચ દિવસ રહે, તો કોઇ દશ દિવસ સુધી શ્રીહરિની સાથે રહી શકતા પછી પલાયન કરી જતા.[૩૧] હે રાજન્ ! આ રીતે મનુષ્યથી ન થઇ શકે તેવું દુષ્કર તપ કરતા અને મહાવનમાં વિચરતા શ્રીહરિને સાત વર્ષ અને એક મહિનો પસાર થયો.[૩૨]

**લોજની વાવપર અવતારીનું આગમન :–** હે રાજન્ ! વિક્રમ સંવત ૧૮૫૬ના વર્ષમાં સૂર્ય દક્ષિણાયનમાં હતા ત્યારે શુક્લ નામના સંવત્સરમાં

मनुष्यैर्दुष्कराणीत्थं तपांस्याचरतो वने । चरतः सप्त वर्षाणि मासश्चैको ययुर्हरेः ॥ ३२
विक्रमादित्यभूपस्य षट्पञ्चाष्टैकसम्मिते । शकस्य वर्तमानेऽब्दे दक्षिणायनगे रवौ ॥ ३३
संवत्सरे च शुक्लाख्ये नभः कृष्णेऽग्निभूतिथौ । पुरं लोजाभिधं प्राप काले सङ्गव एव सः ॥ ३४
पुराद्बहिस्तत्र स वापिकायामुपाविशद्वर्णिवरो मुहूर्तम् ।
वृन्दावनेन्दुं हृदि चिन्तयानो निजेष्टदेवं नृप! राधिकेशम् ॥ ३५

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे लोजपुरागमननामा पञ्चाशत्तमोऽध्यायः ॥ ५० ॥*

---

**શ્રાવણવદ છઠ્ઠના અર્થાત્ અગ્નિ થકી પ્રગટેલા કાર્તિક સ્વામીની તીથિ રાંધણ છઠ્ઠને દિવસે સંગવકાળે સૂયોદર્ય પછી છ ઘડી સમય વ્યતીત થયો ત્યારે માંગરોળથી ત્રણ કોશ દૂર લોજપુરમાં શ્રીહરિ પધાર્યા. હે રાજન્ ! આ પ્રમાણે વર્ણીરાજ શ્રી નીલકંઠ બ્રહ્મચારી પોતાના ઈષ્ટદેવ વૃંદાવનચંદ્ર શ્રીરાધિકેશનું પોતાના હૃદયમાં સ્મરણ કરતા કરતા લોજ ગામની ભાગોળે આવેલી વાવના કાંઠા ઉપર એક મુહૂર્ત પર્યંત બેઠા હતા. આવી રીતે સત્સંગના જ્ઞાનસાગરને પ્રકાશિત કરવામાં સાક્ષાત્ સૂર્યસમાન અને એકાંતિક ધર્મનું વિચરણ દરમ્યાન સતત પોષણ કરનારા અક્ષરધામાધિપતિ સ્વયં ભગવાન શ્રીહરિનો સર્વત્ર સદાય વિજય થાઓ.**[૩૩-૩૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રીહરિ લોજપુર પધાર્યાનું નિરૂપણ કર્યું એ નામે પચાસમો અધ્યાય પૂર્ણ થયો. --૫૦--***

---

॥ एकपञ्चाशत्तमोऽध्यायः ॥

सुव्रत उवाच –

तत्रोद्धवावतारस्य रामानन्दमुनेर्नृप ! । मुक्तानन्दादयः शिष्याः पञ्चाशत्त्यागिनोऽवसन् ॥ १
तेषां सुखानन्दनामा साधुः स्नानार्थमागतः । तत्राद्राक्षीद्ध्याननिष्ठं वर्णिनं तमलौकिकम् ॥ २
ततस्तपस्विप्रवरं तं नमस्कृत्य सोऽब्रवीत् । कुत आगम्यते वर्णिन्कुत्र वा गम्यते त्वया ॥ ३

श्रीनीलकण्ठ उवाच –

उत्तरेभ्यः कोसलेभ्यस्तीर्थानि विचरन्नहम् । यदृच्छयात्राऽऽगतोऽस्मि कस्त्वं शिष्योऽसि कस्य च ।४

---

## અધ્યાય – ૫૧

## લોજની વાવ ઉપર સુખાનંદ સ્વામી સાથે મેળાપ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! તે લોજપુરમાં ઉદ્ધવાવતાર જગદ્ગુરુ શ્રીરામાનંદ સ્વામીના મુક્તાનંદ સ્વામી આદિ પચાસ ત્યાગી શિષ્યો રહેતા હતા.[૧] તેમાંના એક સુખાનંદ નામના સંત ત્યાં વાવ ઉપર સ્નાન કરવા પધાર્યા અને વાવના કાંઠે ધ્યાનમુદ્રામાં બેઠેલા એક અલૌકિક બ્રહ્મચારીને નિહાળ્યા.[૨] તે સમયે તપસ્વીશ્રેષ્ઠ બાલાયોગીને નમસ્કાર કરી સુખાનંદ સ્વામી પૂછવા લાગ્યા કે, હે વર્ણીરાજ ! આપનું કયા દેશમાંથી શુભ આગમન થયું છે ? અને અહીંથી ક્યા દેશ તરફ આપનું પ્રયાણ થશે ? આપ કૃપા કરીને મને જણાવશો ?[૩]

સુખાનંદ સ્વામીનાં વચનો સાંભળી શ્રીનીલકંઠ બ્રહ્મચારી કહેવા લાગ્યા કે, હું ઉત્તર કૌશલ દેશથી નીકળી તીર્થોમાં વિચરણ કરતો કરતો દૈવ-ઈચ્છાથી અહીં આવ્યો છું. પણ તમે કયા સંપ્રદાયના સાધુ છો ? અને કોના શિષ્ય છો ? તે મને કહો.[૪] આ પ્રમાણે શ્રીહરિનો સામો પ્રશ્ન સાંભળી સુખાનંદ સ્વામી કહેવા લાગ્યા કે, આ પૃથ્વી પર અત્યારે ભગવાનપણાની પ્રસિદ્ધિને પામેલા રામાનંદ સ્વામી છે. તેમના ત્યાગી સાધુઓની સાથે બીજા હજારો ગૃહસ્થ શિષ્યો છે.[૫] તેમાં જે ત્યાગી શિષ્યો છે તેના અગ્રણી સંત મુક્તાનંદ સ્વામી મારા સહિત પચાસ ત્યાગી સાધુઓના મંડળની સાથે અહીં વિરાજે છે.[૬] હું અહીં સ્નાન કરવા માટે આવ્યો ને સદ્ભાગ્યવશાત્ તપોનિધિ આપનાં દર્શન થયાં. તેથી આપની સમીપે આવ્યો છું, આપનું દર્શન યોગી પુરુષોએ પણ કરવા જેવું છે.[૭]

હે વર્ણીરાજ ! અમારામાં મોટેરા ગુરુભાઈ મુક્તાનંદ સ્વામી છે. તે યોગના

सुखानन्द उवाच -

श्रीमद्रामानन्दमुनेः ख्यातस्येशतया भुवि । शिष्याः सहस्रशः सन्ति त्यागिनो गृहिणस्तथा ॥ ५
तत्र ये त्यागिनस्तेषु मुक्तानन्दोऽग्रणीरिह । पञ्चशता मत्प्रमुखैस्त्यागिभिः सह वर्तते ॥ ६
अत्रागतोऽहं स्नानार्थं विलोक्य त्वां तपोनिधिम् । तवान्तिकमुपेतोऽस्मि दर्शनार्हस्य योगिनाम् ॥ ७
अस्मज्जयेष्ठसतीर्थ्योऽपि योगपारं गतोऽस्ति हि । तपस्व्यपि कृष्णभक्तस्त्वादृशान् द्रष्टुमिच्छति ।८
आज्ञया स्वगुरोरत्र त्वादृशां सेवनाय वै । सोऽस्माभिर्वर्तते साकं दर्शनार्हश्च देहिनाम् ॥ ९
देयं स्वदर्शनं तस्मै भवतापि तपस्विना । नागमिष्यसि चेत्तत्र स एवात्रागमिष्यति ॥ १०

सुव्रत उवाच -

इत्याश्रुत्य वचस्तस्य वर्णिराट् प्राह तं नृप ! । तीर्थयात्राफलं जानंस्तादृग्योगीन्द्रदर्शनम् ॥११
ग्रामं पुरं वापि मुने! प्रविशामि न कर्हिचित् । वृक्षं नवं नवं नित्यं वनेष्वधिवसन्नहम् ॥१२
तथापि तादृग्योगीक्षां सर्वतीर्थतपःफलम् । जानामीति त्वया साकमायाम्यद्य तमीक्षितुम् ॥१३
इत्युक्त्वा सद्य उत्थाय साकं तेन तदाश्रमम् । आयात्प्रत्युद्गमं तस्य मुक्तानन्दादयो व्यधुः ॥१४
स तांस्ते तं नमस्कृत्य यथोचितमुपाविशन् । सर्वेऽपि सन्तस्तं वीक्ष्य प्रापुराश्चर्यमेव ते ॥१५

---

પારને પામેલા છે. ભગવાન શ્રીકૃષ્ણના એકાંતિક ભક્ત છે. પોતે તપસ્વી હોવા છતાં આપના જેવા તપોનિધિનાં દર્શન કરવાની ઝંખના ધરાવે છે.[૮] સમગ્ર દેહધારીઓને દર્શન કરવા જેવા એ સંત છે. ગુરુ રામાનંદ સ્વામીની આજ્ઞાથી આપના જેવા યોગીપુરુષોની સેવા કરવા માટે જ આ લોજપુરમાં મારા જેવા ગુરુભાઈઓની સાથે તે રહે છે. તો તપોનિધિ આપ, તેમને આપનું દર્શન આપો. જો આપ ત્યાં નહિં પધારો તો તે સ્વામી જ મારી પાસેથી આપનું વૃત્તાંત સાંભળી તરત જ આપનાં દર્શન કરવા અહીં પધારશે.[૯-૧૦]

**મુક્તાનંદસ્વામી સાથે મેળાપ :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણેનાં સુખાનંદ સ્વામીનાં વચનો સાંભળી મુક્તાનંદ સ્વામી જેવા યોગીપુરુષનાં દર્શનને જ તીર્થયાત્રાનું સાચું ફળ જાણી વર્ણીરાજ શ્રીહરિ સુખાનંદ સ્વામીને કહેવા લાગ્યા કે, હે મુનિ ! વનમાં નવાં નવાં વૃક્ષો નીચે નિત્યે નિવાસ કરતો હું પુર કે ગામમાં ક્યારેય પ્રવેશ કરતો નથી. છતાં પણ તેવા યોગીનાં દર્શનને જ સર્વ તીર્થયાત્રાનું ફળ જાણું છું. તેથી હું જ તમારી સાથે તેમનાં દર્શન કરવા હમણાં આવું છું.[૧૧-૧૩] એમ કહીને શ્રીહરિ તે જ ક્ષણે ઊભા થયા અને સુખાનંદ સ્વામી સાથે રામાનંદ સ્વામીના આશ્રમમાં પધાર્યા. તેજસ્વી બ્રહ્મચારીને આવતા જોઈ મુક્તાનંદ સ્વામી વગેરે સંતો તત્કાળ ઊભા થઈ સન્મુખ ગયા.[૧૪] શ્રીહરિએ સંતોને

जाज्वल्यमानं तपसा मनोनयननन्दनम् । पश्यन्तः शान्तमूर्तिं तं बहुधा ते व्यतर्कयन् ॥१६
अहो ! तपस्विनो दृष्टा बहवो योगिनो भुवि । ईदृशस्तु न कोऽप्यैक्षि न श्रुतोऽप्यत्र साम्प्रतम् ।१७
क्वेदमुग्रं तपः क्वेदं बालखेलोचितं वयः । ततः साधारणो नायं पुमान् काऽप्यस्ति देवता ॥ १८
सूर्यश्चन्द्रोऽथवा वह्निः कुमारो वा नराकृतिः । श्रुतो निरन्नमुक्तो वा मूर्तिमत्तप एव वा ॥ १९
अस्तु यः कोऽपि दिष्ट्याद्य दृष्टोऽस्माभिस्तपोनिधिः । सेवयाऽस्यास्मदुपरि श्रीस्वामी तोषमेष्यति ।२०
इत्थं वदन्तस्ते तस्य परिचर्यां प्रचक्रिरे । मुक्तानन्दः स्वागतादि पृष्ट्वाऽऽतिथ्यमकारयत् ॥ २१
वर्णिराजोऽपि तान्साधूत्कलावपि जितेन्द्रियान् । धिया सुशीलान्निश्चित्य स्वसङ्गार्हानमन्यत ॥ २२

---

નમસ્કાર કર્યા અને સંતોએ શ્રીહરિને નમસ્કાર કર્યા, ત્યારપછી સૌ યથાયોગ્ય પોતપોતાના સ્થાને આવીને બેઠા. બિરાજેલા બાલયોગીનાં દર્શન કરી સૌ સંતો આશ્ચર્ય પામવા લાગ્યા.[૧૫]

**આશ્ચર્યકારીમૂર્તિ વર્ણીરાજ :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તપ અને તેજથી દેદીપ્યમાન, મન અને નેત્રોને આનંદ ઉપજાવતા શાંતમૂર્તિ શ્રીહરિનાં દર્શન કરી મુક્તાનંદ સ્વામી આદિ સંતો અનેક પ્રકારના તર્ક વિતર્ક કરવા લાગ્યા.[૧૬] અરે..... આપણે ધરતી પર અનેક તપસ્વીઓ અને યોગીઓને જોયા છે. પરંતુ આ વર્ણીરાજ જેવા યોગી આ ભૂમંડલમાં અત્યાર સુધી જોયા નથી અને સાંભળ્યા પણ નથી.[૧૭] કારણ કે ક્યાં આ બ્રહ્મચારીનું ઉગ્ર તપ અને ક્યાં બાલક્રીડાને ઉચિત એમની અવસ્થા ? તેથી આ કોઈ સાધારણ મનુષ્ય તો નથી જ, પરંતુ મનુષ્યરૂપમાં કોઈ દેવતા હોય તેમ લાગે છે.[૧૮] શું વર્ણીરૂપે મનુષ્યાકૃતિ ધરનારા સાક્ષાત્ સૂર્ય નારાયણ હશે ? અથવા ચંદ્ર, અગ્નિ કે સનત્કુમાર તથા કાર્તિક સ્વામી હશે ? અથવા શ્વેતદ્વિપધામવાસી કોઈ નિરન્નમુક્ત તો નહીં હોય ને ? અથવા મૂર્તિમાન તપ સ્વયં આ નીલકંઠ સ્વરૂપે તો નહિ પધાર્યું હોય ને ? ભલે ગમે તે હોય પણ આજે આપણે આ તપોનિધિનાં દર્શન થયાં તે આપણાં મોટાં ભાગ્ય અને મહા આનંદની વાત છે. એમની સેવા કરવાથી આપણા ગુરુવર્ય શ્રીરામાનંદ સ્વામી આપણા ઉપર ખૂબજ પ્રસન્ન થશે.[૧૯-૨૦]

હે રાજન્ ! આ પ્રમાણે તર્ક-વિતર્કની સાથે ચર્ચા કરતા સંતો વર્ણીરાજની સેવા કરવા લાગી ગયા, સ્વયં મુક્તાનંદ સ્વામીએ વર્ણીરાજનું સ્વાગત કરી આતિથ્ય સત્કાર કરાવ્યો અને વર્ણીરાજ પણ આવા હળાહળ કલિયુગમાં પણ તે સંતોને જિતેન્દ્રિય અને સુશીલ સ્વભાવના જાણી પોતાને સમાગમ કરવા યોગ્ય છે એમ

ततो मुक्तानन्दसंज्ञं तं महान्तं परीक्षितुम् । स बहुर्विनयेनैव पृच्छति स्म बुभुत्सुवत् ॥ २३

**श्रीनीलकण्ठ उवाच -**

महामुनेऽतिसुज्ञोऽसि सम्मतोऽसि सतामपि । पृच्छामि यदहं तस्य कर्तुमुत्तरमर्हसि ॥ २४
रूपाणि जीवेश्वरयोर्मायाया ब्रह्मणस्तथा । परस्य ब्रह्मणश्चाहं विवित्सामि पृथक् पृथक् ॥ २५

**सुव्रत उवाच -**

सूक्ष्मं प्रश्नमिति पृष्टः स मुनिस्तेन वर्णिना । यथाश्रुतं गुरुमुखात्तथोवाच तदुत्तरम् ॥ २६

**मुक्तानन्दमुनिरुवाच -**

स्थूलादिदेहत्रितयमानखादाशिखं च यः । व्याप्येन्द्रियान्तःकरणैः करोति विविधाः क्रियाः ॥ २७
अजो नित्यः शाश्वतश्च निरंशश्च प्रकाशकः । सोऽच्छेद्यादिगुणो ज्ञेयो जीवात्मा वर्णिसत्तम ! ॥ २८

---

**માનવા લાગ્યા.[૨૧-૨૨]**

**વર્ણીરાજે પૂછ્યા પાંચ પ્રશ્નો :–** હે રાજન્ ! ત્યારપછી બાલયોગી શ્રીહરિ કેવા કેવા મોટા ગુણોથી વિશિષ્ટ આ સંત છે, એમ જાણવાની ઈચ્છાથી મહાન સંત શ્રી મુક્તાનંદ સ્વામીની પરીક્ષા કરવા બે હાથ જોડી વિનયપૂર્વક પ્રશ્નો પૂછવા લાગ્યા. શ્રી નીલકંઠવર્ણી પૂછતાં કહે છે, હે મહામુનિ ! તમે અતિ સુજ્ઞ છો. સત્શાસ્ત્રમાં કહેલાં લક્ષણોએ યુક્ત સંતપુરુષોએ તમને સંત તરીકે પ્રમાણિત કર્યા છે. તેથી હે મહામુનિ ! તમને જે હું પ્રશ્નો કરું. તેનો યથાર્થ ઉત્તર આપજો. જીવનું સ્વરૂપ શું છે ? ઈશ્વરનું સ્વરૂપ શું છે ? તેમજ માયાનું સ્વરૂપ શું છે ? બ્રહ્મનું સ્વરૂપ અને પરબ્રહ્મનું સ્વરૂપ શું છે ? આ સર્વેનાં પૃથક્ પૃથક્ લક્ષણો જાણવાની મારા અંતરમાં ઈચ્છા વર્તે છે. તો તમે તેનાં લક્ષણો મને જણાવો.[૨૩-૨૫] આ પ્રમાણે વર્ણીરાજે સૂક્ષ્મ પ્રશ્નો પૂછ્યા. તે સાંભળી મુક્તાનંદ સ્વામી, ગુરુ રામાનંદ સ્વામીના મુખેથી અભ્યાસ દરમ્યાન જે પ્રકારે જાણ્યું હતું અને સાંભળ્યું હતું, તે જ પ્રકારે તેનો ઉત્તર આપવા લાગ્યા.[૨૬]

**જીવનું સ્વરૂપ :–** હે વર્ણીરાજ ! જીવાત્મા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરમાં નખથી શિખા પર્યંત વ્યાપીને રહેલો છે. તે ચક્ષુ આદિ ઈન્દ્રિયો અને મન આદિ અંતકરણ દ્વારા વિવિધ ક્રિયાઓને કરે છે.[૨૭] હકીકતે તે જીવ અજન્મા છે. નિત્ય છે. શાશ્વત છે. કોઈનાથી પણ વિભાગ ન કરી શકાય તેવો નિરંશ છે. અવિનાશી છે. પ્રકાશરૂપ છે. તથા ઈન્દ્રિયો અંતઃકરણને પ્રકાશ કરનારો છે. તેમ જ હે વર્ણીરાજ ! ગીતામાં કહેલા અછેદ્ય, અભેદ્ય આદિ લક્ષણોથી સંપન્ન છે.[૨૮]

देहत्रये विराडादौ व्याप्योत्पत्तिस्थितिक्षयान् । करोति जगतां यस्तु सर्वज्ञो ज्ञेय ईश्वरः ॥ २९
जन्मक्षेत्रं च जीवानामनादिश्चिज्जडात्मिका । तमोमयी हरेः शक्तिः कार्यकारणरूपिणी ॥ ३०
गुणत्रयात्मिका चाजा या चोक्ताऽज्ञानसंज्ञिका । सा मायेति त्वया ज्ञेया यां तरन्त्याश्रिता हरेः ॥३१
सत्यं ज्ञानमनन्तं च पूर्णं चाखण्डमक्षरम् । धाम यद्वासुदेवस्य मूर्तं चामूर्तमुच्यते ॥ ३२
शुद्धं नित्यं चाविकारि मायादीनां प्रकाशकम् । तद्ब्रह्मेति विजानीहि सर्वाधारतया मतम् ॥ ३३
नारायणो वासुदेवः स्वतन्त्रः स्वप्रकाशकः । आनन्ददिव्यमूर्तिश्च विष्णुः कृष्णोऽच्युतोऽव्ययः ।३४

---

**ઇશ્વરનું સ્વરૂપ :–** હે વર્ણીરાજ ! ઈશ્વર છે તે વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ શરીરમાં અન્વયપણે ઉપાસનાના બળે પ્રાપ્ત થયેલી સામર્થીથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ કર્મને કરે છે, અને તે સર્વજ્ઞ છે. એવા પુરુષને ઈશ્વર જાણવા.[૨૯]

**માયાનું સ્વરૂપ :–** હે વર્ણીરાજ ! માયા છે તે જીવાત્માની ઉત્પત્તિના ક્ષેત્રરૂપ છે. જેમ બીજને ઉગવા પૃથ્વીનો આધાર જોઈએ તેમ જીવને શરીર પ્રાપ્ત કરવા માયાની જરૂર પડે છે. તે અનાદિ છે, જડ ચિદાત્મક છે, તમોમયી અર્થાત્ ગાઢ અંધકારરૂપ છે, ભગવાન શ્રીહરિની શક્તિસ્વરૂપા છે, કાર્ય અને કારણ સ્વરૂપા છે, સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણવાળી છે. તે અજન્મા છે, અજ્ઞાન-સ્વરૂપા છે, આવી માયાને પણ ભગવાન શ્રીહરિનો આશ્રય કરનારા જીવાત્માઓ તરી જાય છે. આ માયાનાં લક્ષણો છે.[૩૦-૩૧]

**બ્રહ્મનું સ્વરૂપ :–** હે વર્ણીરાજ ! બ્રહ્મ છે તે સત્ય સ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ અર્થાત્ ચૈતન્ય સ્વરૂપ છે, અનંત સ્વરૂપ છે, પૂર્ણ સ્વરૂપ અર્થાત્ સર્વવ્યાપક છે, અખંડ, અવિનાશી છે, અક્ષર છે. આવું જે બ્રહ્મ તે ભગવાન વાસુદેવનું ધામ છે. અમૂર્ત સ્વરૂપે ભગવાનને અને મુક્તોને ધારી રહેલું છે અને મૂર્તિમાન સ્વરૂપે અખંડ ભગવાનની સેવામાં હાજર રહે છે.[૩૨] તે શુદ્ધ સ્વરૂપ, નિત્યસ્વરૂપ અને અવિકારી છે. અને માયા આદિ સર્વને પ્રકાશક કરનારું છે. તે સર્વે બ્રહ્માંડોનો આધાર છે. આ પ્રમાણે બ્રહ્મનાં લક્ષણો છે. તે તમે જાણો.[૩૩]

**પરબ્રહ્મનું સ્વરૂપ :–** હે વર્ણીરાજ ! જે નારાયણ છે, તે જ વાસુદેવ છે અને તે જ પરબ્રહ્મ છે. તે સ્વતંત્ર છે. સ્વયંપ્રકાશક છે. ને સદાય આનંદમય દિવ્યમૂર્તિ છે. સર્વમાં વ્યાપીને રહેનારા વિષ્ણુ છે. તે સદાય શ્યામ સુંદરમૂર્તિ કૃષ્ણ છે, તે

सर्वज्ञः सत्यसङ्कल्पः सर्वकर्मफलप्रदः । अन्तर्यामी सर्वशक्तिसेवितः परमेश्वरः ॥ ३५
सर्वत्रैवान्वितः शक्त्या व्यतिरिक्तः स्वतः स्थितः । नियन्ता कालमायादेः सर्वकारणकारणम् ।३६
परमात्मेति यत्प्राहुस्तत्परंब्रह्म कथ्यते । उपासनीयं सर्वेषामेतदेव मुमुक्षताम् ॥ ३७
इत्युत्तरं मया प्रोक्तं यथामति यथाश्रुतम् । व्याख्यानं विस्तरेणास्य जानात्यस्मद्गुरु प्रभुः ॥ ३८
रूपाण्येतानि च स्वामी स तु प्रत्यक्षमीक्षते । मुमुक्षुभ्यः स्वौजसा च तानि दर्शयतेऽपि सः ॥३९

**सुव्रत उवाच –**

इत्युक्त्वा विररामासावौद्धवीयाग्रणीर्मुनिः । सोऽपि तद्वचनं श्रुत्वा प्रसन्नो वर्णिराडभूत् ॥ ४०
ऋजुं निष्कपटं साधुं तं निश्चित्याब्रवीच्च सः । त्वयोत्तरं यथार्थं वै मुने ! कृतमसंशयम् ॥ ४१

---

**સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય અને સામર્થીથી ક્યારેય પણ દૂર થતા ન હોવાથી અચ્યુત છે. તેમાં કોઈ વિકાર ન હોવાથી અવ્યય છે.[૩૪] તે સર્વજ્ઞ છે, સત્ય સંકલ્પ છે. સર્વના કર્મફલપ્રદાતા છે, સર્વાન્તર્યામી છે, સર્વે શક્તિઓ તેની સદાય સેવા કરે છે, તે સર્વે ઈશ્વરોના પણ પરમેશ્વર છે.[૩૫] તે પોતાની યોગૈશ્વર્યરૂપ અંતર્યામી શક્તિથી સર્વત્ર વ્યાપીને અન્વયપણે રહેલા છે. અને અક્ષરબ્રહ્મધામમાં સ્વયં સ્વસ્વરૂપે મૂર્તિમાન વ્યતિરેકપણે પણ રહ્યા છે. તે કાળ માયા આદિ સર્વના નિયંતા છે. અને તે સર્વે કારણના કારણ પણ છે.[૩૬] અક્ષર પર્યંત સર્વે આત્માઓના પણ તે આત્મા હોવાથી પરમાત્મા કહેલા છે. હે વર્ણીરાજ ! આ પરબ્રહ્મનાં લક્ષણ છે. તે પરબ્રહ્મજ એક સર્વે મુમુક્ષુ જીવાત્માઓને ઉપાસના કરવા યોગ્ય, ભજન સ્મરણ કરવા યોગ્ય છે.[૩૭]**

**હે વર્ણીરાજ ! આ પ્રમાણે મેં મારી મતિ અનુસાર ગુરુમુખેથી જે રીતે સાંભળ્યું હતું તેજ રીતે વર્ણન કરી તમારા પ્રશ્નનાં ઉત્તર કર્યા છે. અને વિશેષપણે એમનાં લક્ષણો અમારા ગુરુ રામાનંદ સ્વામી જાણે છે. એટલું નહિ પણ સ્વામી તો એ સર્વેના સ્વરૂપને પ્રત્યક્ષ દેખે પણ છે. વધુમાં પોતાના પ્રતાપથી મુમુક્ષુઓને તેનાં સાક્ષાત્ દર્શન પણ કરાવે છે.[૩૮-૩૯]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે કહીને સંપ્રદાયના અગ્રણી સંત શ્રી મુક્તાનંદ સ્વામી વિરામ પામ્યા. ત્યારે વર્ણીરાજ શ્રીહરિ પણ તેમના વચનો સાંભળીને બહુજ પ્રસન્ન થયા.[૪૦] આ સાધુ સ્વભાવથી સરળ અને નિષ્કપટ સંત છે, એમ જાણી શ્રીનીલકંઠવર્ણી કહેવા લાગ્યા કે, હે મુનિ ! તમે જે ઉત્તર કર્યો તે સંપૂર્ણ સત્ય છે. તેમાં મને કોઈ પણ પ્રકારનો સંશય નથી.[૪૧] હે મુનિ તીર્થોમાં**

बहुभ्यः शास्त्रविद्भ्योऽपि पृष्टमेतन्मया पुरा । केनापि नेदृशं युक्तं कृतमुत्तरमस्य तु ॥ ४२
यूयं महान्तः सर्वे स्थ यथाशास्त्रोक्तलक्षणाः । सन्तोऽद्य वो दर्शनेन ममानन्दो महानभूत् ॥ ४३
मुक्तानन्दोऽथ तं प्राह मयाप्यत्र सहस्रशः । दृष्टास्तपस्विनः ख्यातास्त्वादृशस्तु न कश्चन ॥ ४४
ईदृक्प्रश्नं विधातुं च बोद्धुं वापि तदुत्तरम् । तवैव बुद्धिर्योगीन्द्र ! सर्वोपर्यद्य वर्तते ॥ ४५
नीलकण्ठोऽथ तान्साधून् साधुलक्षणशालिनः । ज्ञात्वा दिनानि कतिचित्सेव्यमान उवास तैः ।४६
तं कोऽपि ब्रह्मविद्यायाः प्रश्ने प्रश्नोत्तरेऽपि वा । नातिचक्राम मतिमान् प्राकृते संस्कृते तथा ।।४७
दृष्ट्वातिमानुषीं बुद्धिं तेऽपि सर्वे विचक्षणाः । साधारणां नरधियं तस्मिन्नैव हि चक्रिरे ॥ ४८
अलब्धपारास्ते सर्वे साश्चर्यं तस्य वर्णिनः । नराकृतेर्भगवतः शुश्रूषामेव चक्रिरे ॥ ४९

---

વિચરણ દરમ્યાન મેં ઘણા બધા શાસ્ત્રવેત્તા વિદ્વાનોને આ પ્રશ્નો પૂછ્યા છે, પરંતુ તેમાંથી કોઇ પણ તમારા જેવા યથાર્થ ઉત્તરો આપી શક્યા નથી.[૪૨] તમે સર્વે સંતો શાસ્ત્રોક્ત લક્ષણથી સંપન્ન મહાન સાધુપુરુષો છો. તમારા જેવા સંતોનાં દર્શનથી મને અંતરમાં બહુ જ આનંદ આવે છે. અંતર હર્ષથી નાચી ઉઠ્યું છે.[૪૩] હે રાજન્ ! શ્રીનીલકંઠવર્ણીનાં વચનો સાંભળી મુક્તમુનિ પણ તેમને કહેવા લાગ્યા કે, હે વર્ણીરાજ ! આ લોકમાં મેં હજારો ખ્યાતનામ તપસ્વીઓ જોયા છે પણ તમારા જેવા તપોનિધિનાં ક્યાંય દર્શન કર્યાં નથી.[૪૪] હે યોગીરાજ ! આવા અઘરા પ્રશ્નો કરવા અને પછી તેના યથાર્થ ઉત્તરો જાણવા, એમાં તો તમારી જ બુદ્ધિ સર્વ મનુષ્ય કરતાં સર્વોપરી વર્તે છે.[૪૫] ત્યારપછી નીલકંઠવર્ણી તે સંતોને સાધુલક્ષણે સંપન્ન અને સાચા સાધુ જાણી કેટલાક દિવસો સુધી ત્યાં સ્થિર થયા અને તે સર્વે સંતો પણ શ્રીહરિની શ્રદ્ધાપૂર્વક સેવા સમાગમ કરવા લાગ્યા.[૪૬] પ્રાકૃતભાષા કે સંસ્કૃતભાષાના ગ્રંથોમાં બ્રહ્મવિદ્યા સંબંધી પ્રશ્નો પૂછવામાં કે તેના યથાર્થ ઉત્તરો આપવામાં કોઇ પણ બુદ્ધિમાન પુરુષ શ્રીહરિને જીતવા સમર્થ થતા નહિ.[૪૭] વિચક્ષણ સર્વે સંતો પણ શ્રીહરિમાં મનુષ્યોમાં સંભવે નહિ એવી અસાધારણ બુદ્ધિ જોઇ સાધારણ મનુષ્યપણાની બુદ્ધિ શ્રીહરિમાં ક્યારેય કરતા નહિ, કોઇ દિવ્ય પુરુષ છે એમ જાણતા. વર્ણીના વેષમાં રહેતા સાક્ષાત્ શ્રીહરિના ગુણ અને ઐશ્વર્યના પારને નહિ પામેલા અને તેથી જ અતિ આશ્ચર્યચકિત થયેલા મુક્તાનંદ આદિ સર્વે સંતો સ્વેચ્છાએ મનુષ્યાકૃતિ ધરીને આવેલા ભગવાન શ્રીહરિની પ્રેમ અને ભાવથી ખૂબ સેવા કરવા લાગ્યા.[૪૮-૪૯]

હે ભૂપાલ ! સ્થિર દૃષ્ટિવાળા ભગવાન શ્રીહરિ લોજપુરમાં મુક્તાનંદ

श्रृण्वन्कथाः पुण्यतमाः स नित्यं रासेश्वरीप्राणपतेर्मनोज्ञाः ।
सद्भ्योऽतिभावेन सदा स्थिराक्षस्तत्रापि भूपाल ! तपश्चकार ॥ ५०

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे मुक्तानन्दादिसाधुसमागमनामैकपञ्चाशत्तमोऽध्यायः ॥ ५१ ॥*

-------------------------------

**॥ द्विपञ्चाशत्तमोऽध्यायः ॥**

**सुव्रत उवाच –**

साधवस्ते वर्णिनोऽस्य ध्यानदृक्स्थिरतां सदा । पश्यन्तो विस्मयं प्रापुर्मुक्तानन्द उवाच तम् ॥ १
दृक्स्थैर्यं सर्वकालं ते दृश्यते वर्णिसत्तम! । कां देवतां ध्यायसि त्वं वक्तुमर्हसि तत्तु नः ॥ २

---

**સ્વામી સંતોના મુખેથી રાસેશ્વરી રાધાના પ્રાણપતિ ભગવાન શ્રીકૃષ્ણની અતિ પાવનકારી અને મનોહારી કથાનું નિત્યે અતિભાવથી શ્રવણ કરતા અને સાથો સાથ સદાય તપશ્ચર્યા પણ કરતા રહેતા.**[૫૦]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં નીલકંઠવર્ણીએ મુક્તાનંદ સ્વામીને પાંચ પ્રશ્નો કર્યા અને તેના ઉત્તરોથી બહુજ ખુશી થઇ ત્યાં રોકાયા વગેરેનું નિરૂપણ કર્યું એ નામે એકાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૧--***

-------------------------------

## અધ્યાય – ૫૨
## મુક્તાનંદ સ્વામી અને વર્ણીરાજનો સંવાદ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મુક્તાનંદ સ્વામી આદિ સર્વે સંતો વર્ણીરાજને સદાય ધ્યાનપરાયણ સ્થિર દૃષ્ટિવાળા જોઇને અતિશય આશ્ચર્ય પામ્યા, અને મુક્તાનંદ સ્વામીએ તેમને એકવખત પૂછ્યું કે, હે વર્ણીરાજ ! સર્વકાળે તમારી દૃષ્ટિ સ્થિર જોઇને અમને પ્રશ્ન થાય છે કે તમે ક્યા દેવતાનું ધ્યાન કરો છો ? તે અમને જણાવશો ? આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીનું વચન સાંભળી નીલકંઠ વર્ણી કહેવા લાગ્યા કે, હે નિષ્પાપ મુનિ ! સર્વે ઐશ્વર્યે સંપન્ન સર્વેશ્વર શ્રીરાધીકેશ ભગવાન શ્રીકૃષ્ણ છે. તે જ સત્શાસ્ત્ર સંમત અમારા ઈષ્ટદેવ છે.[૧-૩]

**श्रीनीलकण्ठ उवाच -**

श्रीराधिकेशो भगवान् योऽस्ति सर्वेश्वरोऽनघ ! । इष्टदेवः स एवास्ति मम सच्छास्त्रसम्मतः ॥ ३
ब्रह्मधर्मशिवादीनां देवानामपि देवता । वराहाद्यवताराणां धर्ता कृष्णः परं बृहत् ॥ ४
ध्यायामि तमहं नित्यं पूजयामि च तं मुने ! । कीर्तयामि च तन्नाम यदाहुः कलितारकम् ॥ ५
संसारे भ्रमतां पुंसां दुःखितानां स्वकर्मभिः । कृष्णमेकं विना नान्या गतिरस्ति कलाविह ॥ ६
श्रीमतोऽस्य गवेन्द्रस्य चरणाम्बुरुहान्मम । अन्यत्राणुरपि प्रीतिः क्वापि नास्त्येव सर्वथा ॥ ७

**सुव्रत उवाच -**

इत्युक्तवन्तं तं ज्ञात्वा कृष्णभक्तं महामतिम् । प्रीतो मुक्तानन्द ऊचे राजन्भागवतप्रियः ॥ ८

**मुक्तानन्दमुनिरुवाच -**

सर्वे भजामः श्रीकृष्णं वयमप्यधुना भुवि । कृपया सद्गुरोरेव पश्यामो हृदयेऽपि तम् ॥ ९

---

તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ છે. તે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આદિ સમસ્ત દેવોના પણ દેવ છે. અને વરાહ આદિ અનંત અવતારોને ધરનારા છે. હે મુનિ ! તે મારા ઈષ્ટદેવનું હું નિત્યે ધ્યાન કરું છું, અને નિત્યે પૂજન કરું છું, તેમજ કલિયુગના દોષમાંથી તારનારું તેમનું નામસંકીર્તન પણ નિત્યે કરું છું,[૪-૫] હે મુનિ ! પોતાના શુભાશુભ કર્મથી આ સંસારસાગરમાં ભમતા અને દુઃખી થતા મનુષ્યોને આવા ઘોર કલિકાળમાં સંસારસાગરમાંથી ઉગરવાનો એક શ્રીકૃષ્ણ ભગવાન વિના બીજો કોઈ આશ્રય નથી. માત્ર તેમનું એક શરણ જ ઉપાય છે. માટે લક્ષ્મીપતિ ભગવાન ગોવિંદના ચરણકમળ વિના અન્ય વસ્તુમાં મને એક અણુમાત્ર પણ પ્રીતિ નથી.[૬-૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રમાણે પોતાનો હૃદયગત અભિપ્રાય કહ્યો, તેથી અતિશય પ્રસન્ન થયેલા મુક્તાનંદ સ્વામી પોતાને ભગવાનના એકાંતિક ભક્તો હમેશાં વહાલા લાગતા હોવાથી મહાબુદ્ધિશાળી અને ભગવાન શ્રીકૃષ્ણના પરમ ભક્ત શ્રીહરિને કહેવા લાગ્યા કે, હે વર્ણીરાજ ! અમે સર્વે સંતો પણ આ પૃથ્વીપર અત્યારે તમે કહ્યા તે જ શ્રીકૃષ્ણ ભગવાનનાં ઉપાસના ભજન કરીએ છીએ. અને ગુરુ રામાનંદ સ્વામીની કૃપાથી હૃદયકમળમાં તેનું સાક્ષાત્ દર્શન પણ કરીએ છીએ.[૮-૯]

**શ્રીરામાનંદસ્વામીનો મહિમા :–** હે વર્ણીરાજ ! આલોકમાં રામાનંદ સ્વામી નામે પ્રસિદ્ધ જે સ્વયં ઉદ્ધવજી છે, તે જ અમારા સદ્‌ગુરુ છે, મુમુક્ષુઓને

रामानन्दाख्यया लोके प्रसिद्धो ह्युद्धवः स्वयम् । अस्माकं सद्गुरुः सोऽस्ति श्रयणीयो मुमुक्षताम् ।
कृपां स कुरुते यस्मिन्स समाधौ समीक्षते । गोलोकेऽखण्डरासस्थं श्रीकृष्णं मुरलीकरम् ॥ ११
भवादृशस्तु ये ब्रह्मन्भक्तिधर्मतपोन्विताः । प्रत्यक्षदर्शनं दत्ते तेभ्यः कृष्णश्च तद्वशः ॥ १२
पृथक्तया न पश्यामः श्रीकृष्णात्तं वयं त्विह । यतस्तदात्मना कृष्णः श्रेयसे वर्तते नृणाम् ॥ १३
मुमुक्षूणां गुरुत्वं च तस्मिन्नेव हि भूतले । स्वयं कृष्णेन निहितमस्ति तं जानतात्मवत् ॥ १४
अतो गुरुपदं ब्रह्मन्नास्त्यन्यत्र हि साम्प्रतम् । अत्र श्रीमद्भागवतश्लोकौ श्रृण्वादिमाश्रम ! ॥ १५
अस्माल्लोकादुपरते मयि ज्ञानं मदाश्रयम् । अर्हत्युद्धव एवाद्धा सम्प्रत्यात्मवतां वरः ॥ १६
नोद्धवोऽण्वपि मन्न्यूनो यद्गुणैर्नार्दितः प्रभुः । अतो मद्वयुनं लोकं ग्राहयन्निह तिष्टतु ॥ १७

---

આશ્રય કરવા યોગ્ય છે.[૧૦] એ જેમના ઉપર કૃપા કરે છે, તે મનુષ્ય સમાધિમાં ગોલોક ધામને વિષે અખંડ રાસલીલામાં બિરાજતા મુરલીધર શ્રીકૃષ્ણનાં દર્શન કરે છે.[૧૧] તો પછી હે બ્રહ્મન્ ! ભક્તિ, ધર્મ અને તપથી યુક્ત વર્તતા તમારા જેવા મહાપુરુષોને તે રામાનંદ સ્વામીને વશ વર્તતા ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ દર્શન આપે એમાં શું કહેવું ? એ તો આપે જ.[૧૨] હે વર્ણીરાજ ! અમે સર્વે સંતો ગુરુ રામાનંદ સ્વામીને ભગવાન શ્રીકૃષ્ણથકી જુદા જોતા નથી. કારણ કે મનુષ્યોના કલ્યાણને અર્થે સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન જ અત્યારે ગુરુ રામાનંદ સ્વામીરૂપે રહેલા છે.( સર્વેશ્વર શ્રીકૃષ્ણ જ ગુરુરૂપથી પ્રકટ થઈને મુમુક્ષુઓને ઉપકાર કરે છે, માટે શિષ્યોએ ગુરુમાં આવી દૃષ્ટિ કરવી એવી શાસ્ત્રમર્યાદા છે.)[૧૩]

હે વર્ણીરાજ ઉદ્ધવજીને પોતાની સમાન ગુણવાળા જાણીને તેમને વિષે ભગવાન શ્રીકૃષ્ણે જ અંતર્ધાન થતી વખતે આ ભરતખંડમાં મુમુક્ષુજીવોને મોક્ષને માટે ગુરુપદ સ્થાપન કરેલું છે.[૧૪] તેથી હે બ્રહ્મન્ ! આ વર્તમાનકાળે ઉદ્ધવજી સિવાય બીજે ક્યાંય ગુરુપદ રહેલું નથી. આ બાબતમાં શ્રીમદ્ભાગવતના તૃતીય સ્કંધના ચતુર્થ અધ્યાયના બે શ્લોકો પ્રમાણભૂત છે તે તમે સાંભળો.[૧૫]

**ભગવાન શ્રીકૃષ્ણનું આપેલું ગુરુપદ :–** હે વર્ણીરાજ ! ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, આલોકમાંથી જ્યારે હું અંતર્ધાન થઈશ ત્યારે મારા સ્વરૂપને આશરે રહેલા જ્ઞાનના અધિકારી અત્યારે આત્મવિદોમાં શ્રેષ્ઠ એક માત્ર ઉદ્ધવજી છે. ઉદ્ધવજી મારા થકી એક અણુમાત્ર પણ ન્યૂન નથી. કારણ કે, તે શબ્દાદિ પંચવિષયોથી ક્યારેય ક્ષોભ પામતા નથી. તેવું તેમાં સામર્થ્ય છે. માટે આલોકના મનુષ્યને મારું જ્ઞાન આપવા ઉદ્ધવજી આ પૃથ્વીપર ભલે રહે. તેને ઋષિઓનો

इत्थं प्राह स्वयं कृष्णस्तस्माद्वयमिहानघ ! । तमाश्रितास्तदाज्ञायां स्थिताः कृष्णं भजामहे ॥ १८

**सुव्रत उवाच –**

एवं मुक्तानन्दवचः श्रृण्वतस्तस्य वर्णिनः । पित्रुक्ततद्गुरुत्वादिस्मृतिरासीन्नरेश्वर ! ॥ १९

ततः प्रत्यक्षकृष्णस्य कर्तुं दर्शनमुत्सुकः । आसीद्रामानन्दमुनेः कृपां सम्पाद्य सेवया ॥ २०

ततः प्रणम्य तं प्रीत्या प्राहाहमपि सन्मते ! । यौष्माकीणो भवामीति शासनीयस्त्वया हितम् ॥ २१

यथा च दर्शनं तस्य शीघ्रं मे स्यात्तथा कुरु । इत्युक्त्वा जन्मकर्मादि स्वस्य सङ्क्षेपतोऽवदत् ॥२२

ततस्तमग्रजन्मानं मानयन्स सदग्रणीः । उवाच त्वं हि धन्योऽसि कुरुषे सार्थकं जनुः । २३

साम्प्रतं सद्गुरुः स्वामी त्वास्ते भुजगपत्तने । द्वित्रैर्मासैरिह पुनः समायास्यति निश्चितम् ॥ २४

---

શાપ અડશે નહિ.[૧૬-૧૭]

હે નિર્દોષ નીલકંઠવર્ણી ! આ પ્રમાણે સ્વયં શ્રીકૃષ્ણ ભગવાને પોતાના તિરોધાન સમયે કહ્યું છે. તેથી તેમના આશ્રિત અમે સર્વે તે ગુરુની આજ્ઞામાં રહીને શ્રીકૃષ્ણનું ભજન સ્મરણ કરીએ છીએ.[૧૮] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીનું વચન સાંભળી શ્રીનીલકંઠ વર્ણીને પિતા ધર્મદેવે કહેલ ગુરુ રામાનંદ સ્વામીનું અને તેના ગુણોનું સ્મરણ થઈ આવ્યું. ત્યારથી માંડીને સ્વયં સાક્ષાત્ શ્રીકૃષ્ણ હોવા છતાં મનુષ્યનાટ્યને શોભાવવા માટે શ્રીહરિને ગુરુ રામાનંદ સ્વામીની સેવા કરી તેમની કૃપા સંપાદન કરી પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ચંદ્રનાં દર્શન કરવાની ઉત્કંઠા જાગ્રત થઈ.[૧૯-૨૦]

**શ્રીવર્ણીરાજનો સત્સંગમાંજ રોકાઈ જવાનો દૃઢ ઠરાવ :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારપછી નીલકંઠ વર્ણી મુક્તાનંદ સ્વામીને પ્રણામ કરીને અતિ સ્નેહથી કહેવા લાગ્યા, કે હે સદ્બુદ્ધિમાન સ્વામી ! આજથી હું તમારો છું, મારું હિત થાય તેવું મને શિક્ષણ આપજો. બીજી કોઈ શંકા ધરશો નહિ.[૨૧] હે સ્વામી ! ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન મને જલદી થાય તેવા ઉપાયો કરો. હે રાજન્ ! આ પ્રમાણે કહીને વર્ણીએ પોતાનું જન્મ અને કર્મ સંબંધી સર્વ વૃત્તાંત સંક્ષેપથી મુક્તાનંદ સ્વામીને કહી સંભળાવ્યું.[૨૨]

હે રાજન્ ! ત્યારપછી રામાનંદ સ્વામીના શિષ્યોમાં અગ્રેસર મુક્તાનંદ સ્વામી બ્રાહ્મણ શ્રેષ્ઠ શ્રીહરિનો આદર સત્કાર કરી કહેવા લાગ્યા કે, હે વર્ણી ! તમને ધન્ય છે. કારણ કે તમે મનુષ્ય જન્મને સફળ કરવા જઈ રહ્યા છો.[૨૩] અને સદ્ગુરુ રામાનંદ સ્વામી અત્યારે તો ભુજનગરમાં વિરાજે છે. બે ત્રણ માસ વિત્યા

भवेत्तद्दर्शनेच्छा चेदस्मद्वचसि सर्वथा । विश्वस्य निवसात्रैव तावदत्रत्यवर्णिवत् ॥ २५
ततः स न्यवसत्तत्र सद्भिर्मानित आदरात् । तस्यागमं प्रतीक्ष्यैव स्वधर्मं पालयन्नृप ! ॥ २६
निर्मानः स सिषेवे तांस्तत्रत्यान्साधुवर्णिनः । पत्रकाष्ठकरीषाद्यानयपाकक्रियादिभिः ॥ २७
आर्तानां सेवनं चासौ सदन्नौषधवारिभिः । पादसंवाहनाद्यैश्च तत्रत्यानां मुदाचरत् ॥ २८
तस्य साधुगुणान् दृष्ट्वा दुष्प्रापान्प्रयतैरपि । स्वगुराविव तस्मिंस्ते बभूवुः स्निग्धचेतसः ॥ २९
सोऽपि साधून्सेवमानो धर्मं भक्तिं च न त्यजन् । तप एवाचरन्नित्यमुद्धवेक्षोत्कमानसः ॥ ३०
निवसन्भगवांस्तत्र गूढैश्वर्यो नृनाट्यधृत् । तेषां स्वस्मिन् स्नेहवृद्धिः स्याद्यथा ववृते तथा ॥ ३१

---

પછી જરૂરથી ફરી અહીં પધારશે.[૨૪] હે વર્ણી ! તમારા અંતરમાં રામાનંદ સ્વામીનાં દર્શનની ઈચ્છા જો હોય તો અમારા વચનમાં સર્વ પ્રકારે વિશ્વાસ રાખી સ્વામી ન પધારે ત્યાં સુધી અહીંના બ્રહ્મચારીઓની માફક અમારી પાસે નિવાસ કરીને રહો.[૨૫] હે રાજન્ ! મુક્તાનંદ સ્વામીનાં વચનો સાંભળી શ્રીહરિ ત્યાંજ નિવાસ કરીને રહ્યા. સંતોએ બહુ પ્રેમ આપ્યો. તેથી સ્વધર્મનું પાલન કરતા શ્રીહરિ રામાનંદ સ્વામીના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.[૨૬]

**મુક્ષુક્ષુઓને સત્સંગમાં રહેવાની શિખવાડેલી રીત :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આશ્રમમાં રહ્યા પછી શ્રીહરિ તદ્દન નિર્માનીપણે વર્તી વિવિધ સેવા કરતા રહેતા. પત્રાવલી બનાવવા માટે ખાખરાનાં પાન લાવતા. રસોઈ પકાવવા માટે સૂકાં ઈંધણ લાવતા, છાણાં થાપતાં તથા વથાણમાંથી છાણ ભેળું કરી લાવતા, જળ ભરી લાવતા. રસોઈ બનાવવા ધાન્ય સાફ કરતા, રસોઈનાં એઠાં વાસણો માંજી નાખતા. આશ્રમમાં રહેતા સંતો વર્ણીઓની સેવા કરતા. સંત મંડળમાં કોઈ સંત-વર્ણી બિમાર પડે તો તેને રુચિકર રસોઈ કરી આપે. રોગને પારખી તે પ્રમાણેની ઔષધી તૈયાર કરીને આપે. ગરમ ઠંડા જળની જેવી જરૂરત હોય તે તૈયાર કરી આપે, ચરણ ચંપી કરે, માથું દબાવે, વીજણો ઢોળે વિગેરેની સેવા ખૂબજ હર્ષથી કરતા.[૨૭-૨૮] મનુષ્યો ગમે તેટલા પ્રયત્ન કરે છતાં જે સદ્ગુણો પ્રાપ્ત ન કરી શકે તેવા નિર્માનીપણે સાધુની સેવા કરવી દયા ક્ષમા આદિ અનંત સદ્ગુણો શ્રીહરિમાં જોઈ મુક્તાનંદ સ્વામી આદિ સંતમંડળને જેવો ગુરુ રામાનંદ સ્વામીમાં સ્નેહ હતો તેવો શ્રીહરિમાં સૌને સ્નેહ થયો, અંતરમાં ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શનની અત્યંત ઉત્કંઠા ધરાવતા અને સદાય તીવ્રતપપરાયણ જીવન

क्वचित् क्वचिन्निजैश्वर्यं किञ्चित्किञ्चिददर्शयत् । नरासाध्यां साधुतां च कला योगस्य दुष्कराः ।३२
ध्यायन्तो विजने कृष्णं सन्तः केचिद्धृदम्बुजे । हरिं तमेव ददृशुस्तेजःस्थं दिव्यविग्रहम् ॥ ३३
रामानन्दस्वरूपं च तमेव हृदि केचन । तमेव स्फुरितं सन्तो यथादृष्टं व्यलोकयन् ॥ ३४
क्वचित्तं हृदये दृष्ट्वा वर्णिरूपं क्षणान्तरे । तमेव ददृशुः सन्तो नारायणमृषिं पुनः ॥ ३५
अलौकिकत्वमित्थं ते तस्य दृष्ट्वा तमीश्वरम् । मेनिरेऽथ नृनाट्येन तस्य तद्विस्मृतिं ययुः ॥ ३६
केषाञ्चिद्ध्यानकालेऽथ बलात्कृष्णे स योजितम् । मनोऽन्यत्र व्रजदृष्ट्वा दूरस्थस्तानबोधयत् ॥ ३७
तेनातिविस्मितास्ते च तत्स्वरूपस्य निश्चयम् । कर्तुं न शक्ता नृपते तमसेवन्त देववत् ॥ ३८
क्वचिन्नेतीं क्वचिद्धौतिं क्वचिद्बस्त्यादिकाः क्रियाः । साश्चर्यं ददृशुस्ते च तस्य स्वेषां सुदुष्कराः ।३९

---

**જીવતા શ્રીહરિ સંતો વર્ણીઓ અને તીર્થવાસીઓની ખૂબજ સેવા કરતા છતાં પોતાના ધર્મના નિયમો કે ભક્તિ ભજનના નિયમોનો ક્યારેય ત્યાગ થવા દેતા નહિ.** [૨૯-૩૦]

**હે રાજન્ ! આ રીતે પોતે સકલ ઐશ્વર્ય સંપન્ન ભગવાન હોવા છતાં ઐશ્વર્યને છુપાવી મનુષ્યચરિત્રને કરતા શ્રીહરિ લોજપુરમાં નિવાસ કરીને રહેતા અને જે રીતે મુક્તાનંદ સ્વામી આદિ સંતમંડળને પોતામાં સ્નેહવૃદ્ધિ પામે એવા પ્રકારનું વર્તન રાખતા. જોકે ક્યારેક ક્યારેક થોડું પોતાનું ઐશ્વર્ય દેખાડતા તથા મનુષ્યોથી અસાધ્ય સાધુતા અને દુષ્કર યોગની કળાઓ પણ દેખાડતા.** [૩૧-૩૨]

**પરમેશ્વરના રૂપમાં શ્રીહરિનું સંતોને દર્શન :–** હે રાજન્ ! એકાંતમાં બેસી શ્રીકૃષ્ણનું ધ્યાન કરતા કેટલાક સંતોને પોતાના હૃદયકમળમાં પ્રગટ થયેલા તેજના સમૂહમાં શ્રીકૃષ્ણનાં દિવ્ય વિગ્રહ ધારી શ્રીહરિનાજ રૂપમાં દર્શન થતાં અને કેટલાક સંતોના હૃદયકમળમાં બહાર વર્ણીવેષે દર્શન કરેલા શ્રીહરિને જ પોતાના હૃદયકમળમાં સ્ફુરાયમાન થતા દર્શન થતાં હતાં. ક્યારેક કોઈ સંતના હૃદયકમળમાં સ્ફુરાયમાન થયેલા વર્ણીવેષ શ્રીહરિનાં દર્શન થતાં હોય અને અચાનક બદ્રીપતિ નારાયણઋષિનાં રૂપમાં દર્શન થવા લાગે, વળી ક્ષણવારમાં તે જ વર્ણીવેષ શ્રીહરિનાં દર્શન થાય. હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિનું અલૌકિક ઐશ્વર્ય જોઈ સંતો શ્રીહરિને જ સાક્ષાત્ પરમેશ્વર માનવા લાગ્યા. પરંતુ મનુષ્યનાટ્યને કરતા ભગવાન શ્રીહરિની ઈચ્છાથી એ દિવ્યભાવનું તેઓને વિસ્મરણ પણ થઈ જતું. [૩૩-૩૬]

**અંતર્યામીપણાનું અને યોગકળાનું પ્રકટન :–** હે રાજન્ ! ધ્યાન કરતી વખતે ક્યારેક કોઈ સંતનું મન ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપમાં જોડ્યું હોય

प्राणायामप्रभेदांश्च शून्यकेन सहैव तान् । क्वचित्स दर्शयामास योगिनामपि चित्रदान् ॥ ४०
एकैकाङ्गे क्वचित्तस्य समाधौ प्राणधारणम् । विलोक्य साधवस्ते तं विविदू राजयोगिनम् ॥ ४१
या या काचित्क्रिया तस्य तपश्चर्यादिका नृप ! । सा सा चित्रावहैवासीद्दुष्करत्वान्नृणां भुवि ॥ ४२
अलौकिकक्रियोऽप्येवं स साधुगुणमाश्रितः । दासवत्साधुसेवायामवर्तत सतां प्रियः ॥ ४३
समागतानन्नसत्रे तत्र सोऽभ्यागतानपि । तत्तदीप्सितदानेन तर्पयामास सर्वशः ॥ ४४

तपान्त आसारसहो हिमर्तौ पाथः स्थितिः पञ्चतपा निदाघे ।
वसंश्च तत्रोग्रतपाः स इत्थं विस्मापयामास तपस्विनस्तान् ॥ ४५ ॥

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे रामानन्दस्वामिगुरुत्वनिरूपणनामा द्विपञ्चाशत्तमोऽध्यायः ॥ ५२ ॥*

---

**ને પૂર્વવાસનાના બળે ઈતર પદાર્થમાં દોટ મૂકે ત્યારે તેનાથી ઘણા દૂર બેઠેલા ભગવાન શ્રીહરિ તેને જાણી ધ્યાનપરાયણ સાધુને બોધ આપતા કે, ‘‘હે સાધુ મહારાજ ! તમારું મન ભગવાનને છોડી બીજે ભટકી ગયું છે. માટે આ રીતે તેને પકડીને મૂર્તિમાં જોડો.’’ આ પ્રમાણે તેમને શીખ આપતા.[૩૭] હે રાજન્ ! તેનાથી અતિશય વિસ્મય પામેલા સંતો શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય કરવા સમર્થ થતા નહિ કે આ કોણ હશે ? તેથી શ્રીહરિની તેઓ દેવની પેઠે સેવા કરતા.[૩૮] તે સંતો ભગવાન શ્રીહરિની ક્યારેક નેતી, ક્યારેક ધૌતી અને ક્યારેક બસ્તી આદિ અનેક યોગક્રિયાઓનાં દર્શન આશ્ચર્યપૂર્વક કરતા, જે ક્રિયાઓ પોતાનાથી સાધવી ઘણી દુષ્કર હતી.[૩૯] તેમ જ ભગવાન શ્રીહરિ યોગીઓને પણ આશ્ચર્ય ઉપજાવે તેવા સહજ સમાધિના લક્ષણવાળા શૂન્યક નામના પ્રાણાયામે સહિત પૂરક, રેચક અને કુંભક આદિ અનેક પ્રાણાયામના પ્રકારો કરીને સંતોને દેખાડતા.[૪૦] ક્યારેક શ્રીહરિ સમાધિ લગાવતા ત્યારે કોઈ એક અંગમાં પ્રાણની ધારણા કરતા. તે પ્રાણધારણાની કળા જોઈને સંતો શ્રીહરિને આ કોઈ મોટા રાજયોગી છે એ પ્રમાણે નક્કી માનતા.[૪૧]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિની તપશ્ચર્યાદિક જે જે ક્રિયાઓ હતી તે સર્વે પૃથ્વીપરના મનુષ્યોને કરવી દુષ્કર હોવાથી સર્વે સંતોને અત્યંત આશ્ચર્ય ઉપજાવતી હતી.[૪૨] આ પ્રમાણે શ્રીહરિની સર્વે ક્રિયા અલૌકિક હતી છતાં પોતે સાધુગુણે સંપન્ન થઈ સંતોના પ્રિયપાત્ર થઈ દાસની માફક સંતોની સેવા કરતા રહેતા.[૪૩] એટલું જ નહિ અન્નસત્રમાં કોઈ અભ્યાગતો આવે તેને પણ તેમની ઈચ્છા અનુસાર અન્નદાન**

॥ त्रिपञ्चाशत्तमोऽध्याय: ॥

सुव्रत उवाच -

वसतस्तस्य राजेन्द्र! तत्र सन्मण्डले हरे: । मासाश्चैत्रो व्यतीतोऽपि नागात्स्वामी तु तत्र स: ॥ १
तदातिचिन्तयास्विन्नस्तद्दिदृक्षाहृतान्तर: । गन्तुं भुजङ्गनगरं हरिरैच्छन्निराशवत् ॥ २
अत्युत्कण्ठस्ततस्तस्य दर्शनार्थं स वर्णिराट् । मुनिं सदग्रगण्यं तं प्रणम्येदं वचोऽब्रवीत् ॥ ३
कथं नायाति न: स्वामी पुरेऽस्मिन्भक्तवत्सल: । त्वत्कृता मासमर्यादा व्यतिक्रान्ता महामुने ! ॥४

---

કરી તેઓને સંતોષ પમાડી રાજી કરતા.[૪૪] હે રાજન્ ! વર્ષાઋતુમાં શ્રીહરિ મેઘની ધારા સહન કરતા. શિયાળામાં જળમાં બેસતા અને ઉનાળામાં પંચધૂણી તાપતા. આ પ્રમાણે તીવ્ર તપશ્ચર્યા કરતા શ્રીહરિ સંતમંડળમાં રહી મુક્તાનંદ સ્વામી આદિ સૌ સંતોને આશ્ચર્ય ઉપજાવતા હતા.[૪૫]

*આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં રામાનંદ સ્વામીના ગુરુપણાનું નિરુપણ કર્યું અને થોડું થોડું ઐશ્વર્ય દેખાડવાની સાથે પણ દાસપણે સંતોની સેવા શ્રીહરિ કરી રહ્યા છે તેનું નિરૂપણ કર્યું એ નામે બાવનમો અધ્યાય. ૫૨*

---

## અધ્યાય - ૫૩

## ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન માટે અધીરા થયેલા શ્રીહરિ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજેન્દ્ર ! ભગવાન શ્રીહરિ લોજપુરમાં સંતોના મંડળમાં નિવાસ કરીને રહેતા હતા. રામાનંદ સ્વામીનાં દર્શનની પ્રતીક્ષામાં ચૈત્રમાસ પણ વ્યતીત થયો, છતાં પણ સ્વામીનું લોજપુરમાં શુભ આગમન થયું નહિ.[૧] તેથી શ્રીહરિ અતિશય ચિંતાતુર થયા અને ખેદ કરવા લાગ્યા. સ્વામીનાં દર્શનની તીવ્ર ઇચ્છાથી તેનું અંતર ખેંચાવા લાગ્યું. હવે નિરાશ થયેલા શ્રીહરિએ ભુજનગર જવાની ઈચ્છા કરી.[૨] પછી દર્શનની અતિ ઉત્કંઠાવાળા થયેલા વર્ણીરાજ શ્રીહરિ સંતોમાં અગ્રેસર સંત શ્રી મુક્તમુનિને પ્રણામ કરી વિનંતીપૂર્વક કહેવા લાગ્યા.[૩] હે મહામુનિ ! ભક્તવત્સલ રામાનંદ સ્વામી અહીં લોજપુરમાં હજુ સુધી

प्रतिबन्धो भवति किं ममादृष्टं तदागमे । अन्यथा स कथं नेयात्स्वतन्त्रो जगतां गुरुः ॥ ५
अहमेव गमिष्यामि मुने ! तन्निकषाऽधुना । आज्ञा प्रदीयतां मह्यं गन्तुं भुजगपत्तनम् ॥ ६
इति तद्वाक्यमाकर्ण्य तं तु गन्तुं समुद्यतम् । सद्वाक्यैः प्रीणयन्प्राह मुक्तानन्दमुनिः सुधीः ॥ ७
वैशाखस्यासिते पक्षे श्रीस्वामी स तु निश्चितम् । आगमिष्यति तर्ह्येव त्वं कुर्यास्तस्य दर्शनम् ॥ ८
तपःकृशीकृताङ्गेन त्वया गन्तुं न साम्प्रतम् । शक्यं तपस्विप्रवर! ततोऽत्र स्वस्थमावस ॥ ९
इतो दूरे पुरी सास्ति मध्ये चास्त्यब्धिखाडिका । महती विषमोत्तारा वस सन्मण्डलेऽत्र तत् ॥ १०
अधुना त्वत्सुवृत्तान्तां लिखित्वा पत्रिकामहम् । स्वामिने प्रेषयिष्यामि खेदं किञ्चन मा कृथाः ।११
तदुत्तरानुरूपा च त्वया गतिविचारणा । कार्या मतिमतां श्रेष्ठ ! त्वरितो मा भवाधुना ॥ १२
विना तदाज्ञां तत्पार्श्वे गमने तु तवानघ ! । अभीष्टसुखदं नैव भवितेत्यद्य मा व्रज ॥ १३

કેમ પધાર્યા નહિ ? અને તમે આપેલો બે ત્રણ માસનો વાયદો તો ક્યારનોય પ્રસાર થઇ ચૂક્યો છે.[૪]

સ્વામીના આગમનમાં મારું પ્રારબ્ધ અવરોધરૂપ થતું હોય તેમ મને લાગે છે. નહિતર જગતના ગુરુ અને સ્વતંત્રપણે વિચરતા સ્વામી કેમ ન આવી શકે ?[૫] હે મુનિ અત્યારે હું તેની સમીપે ભુજ જઇશ. તમે મને ભુજનગર જવાની આજ્ઞા આપો.[૬] હે રાજન્ ! આ પ્રમાણે વર્ણીરાજનું વચન સાંભળી ભુજનગર જવા તત્પર થયેલા વર્ણીને બુદ્ધિમાન મુક્તાનંદ સ્વામી યથાર્થ સદ્વચનોથી સંતોષ પમાડતા કહેવા લાગ્યા.[૭] હે વર્ણીરાજ ! ગુરુ રામાનંદ સ્વામી વૈશાખ મહિનાના શુક્લ પક્ષમાં જરૂર પધારવાના છે. ત્યારે તમે સ્વામીનું નિશ્ચય દર્શન કરજો.[૮] હે તપસ્વીશ્રેષ્ઠ ! તપશ્ચર્યાથી તમારું શરીર અતિશય કૃશ થયું હોવાથી તમારાથી ચાલી શકાશે નહિ. તેથી અહીં જ સુખેથી રહો, ઉતાવળા ન થાઓ.[૯]

હે વર્ણી ! ભુજનગર અહીંથી ઘણું દૂર છે. એટલું જ નહિ વચ્ચે પાર ન કરી શકાય તેવી સમુદ્રની મોટી ખાડી આવે છે. તેથી અહીં જ સંતોના મંડળમાં સુખેથી રહો.[૧૦] હું અત્યારે જ તમારું સદ્વૃત્તાંત લખીને સ્વામી ઉપર પત્રિકા મોકલું છું. તમે જરાય ચિંતા ન કરો.[૧૧] હે મહામેધાવી વર્ણી ! સ્વામીનો પ્રત્યુત્તર આવે પછીથી જ ત્યાં જવાની વિચારણા કરજો. પરંતુ અત્યારે ઉતાવળા ન થાઓ.[૧૨] હે નિષ્પાપ વર્ણી ! સ્વામીની આજ્ઞા વિના તમે જો તેમની સમીપે જશો તો તમને ઇચ્છિત સુખ પ્રાપ્ત નહીં થાય. તેથી અત્યારે ન જશો.[૧૩] આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીએ આશ્વાસન આપ્યું તેથી વર્ણીરાટ્ શ્રીહરિ ત્યાંજ રોકાયા. ત્યારપછી એકાંત

सुव्रत उवाच -

एवमाश्वासितस्तेन सोऽवसत्तत्र वर्णिराट् । मुक्तानन्दोऽलिखत्पत्रीमुपविश्य रहः स्थले ॥ १४
स्वस्ति श्रीमदनेकसद्गुणगणैर्नित्यं महासिद्धिभिर्नानाशक्तिभिरप्युपाश्रितपदं सद्भक्तलक्षैर्नुतम् ॥
स्वेच्छाविष्कृतमानुषाकृतिमहं श्री स्वामिनं सद्गुरुंमुक्तानन्दमुनिर्भुजङ्गनगरानन्दं नमामीश्वरम् । १५
अत्र त्वत्कृपयैव लोजनगरे नस्त्वत्पदाब्जात्मनां भक्तानां वरिवर्तिसौख्यमथ तल्लेख्यं च यौष्माककम् ।
आज्ञायां तव सर्व एव हि वयं वर्तामहेऽत्र प्रभो ! पत्रप्रेषणकारणं भवति यत्तच्छ्रव्यमेवादरात् ।१६

अत्र कश्चन महामुनिवर्यः सङ्गतोऽस्ति खलु कोसलदेशात् ।
वर्तते धमनिसन्ततदेहो मूर्तिमत्तप इवोत्तमकान्तिः ॥ १७
नीलकण्ठ इति स प्रथिताख्यो नीलकण्ठसमभूरिविरक्तिः ।
नीलकण्ठसखवत्सकलाथ्र्यो नीलकण्ठरिपुदर्पहरेक्षः ॥ १८

---

સ્થળમાં બેસીને મુક્તાનંદ સ્વામીએ પત્રિકા લખવાની શુભ શરૂઆત કરી.[૧૪]

**મુક્તાનંદ સ્વામીનો પત્ર :-** સ્વસ્તિશ્રી શુભ સ્થાન ભુજનગર નિવાસી સદ્‌ગુરુ સમર્થ શ્રીરામાનંદ સ્વામી, આપના શ્રીચરણોમાં શિષ્ય મુક્તાનંદના સાષ્ટાંગ પ્રણામ. કારણ કે આપના ચરણ કમળનું શાસ્ત્રસંમત અનેક સદ્‌ગુણોના સમૂહો તથા સદ્‌ગુણધારી સંતો તથા અણિમાદિક અષ્ટ સિદ્ધિઓ તથા બલ, ઐશ્વર્યાદિ અનેક શક્તિઓ તથા એકાંતિક લાખો ભાગવતભક્તો નિત્યે સેવન કરે છે, અને વંદન કરે છે. આવા મહિમાવાળા આપશ્રી ઈષ્ટદેવનારાયણના સંકલ્પથી આ પૃથ્વીપર પ્રગટ થઈને સદ્‌ગુરુપણે સૌને ઉપદેશ આપતા ભુજનગરના ભક્તજનોને ખૂબજ આનંદ ઉપજાવી રહ્યા છો.[૧૫] હે પ્રભુ ! અત્ર લોજપુરમાં આપનાં ચરણકમળમાં મન રાખીને રહેલા અમે સૌ સંતો ભક્તોને આપની કૃપાથી કુશળતા વર્તે છે, તમારી કુશળતાના સમાચાર અમને લખી જણાવશો. અમે સૌ સંતો ભક્તો આપની આજ્ઞામાં ખૂબજ આનંદથી વર્તીએ છીએ. બીજું આ પત્ર લખવાનું કારણ તમારી પાસે નિવેદન કરું છું તેને તમે આદરપૂર્વક સાંભળજો.[૧૬] અહીં લોજપુરમાં ઉત્તર કૌશલદેશથી કોઈ એક શ્રેષ્ઠ મહામુનિ હરિઈચ્છાએ પધાર્યા છે. તેમના શરીરમાં નાડીઓનું સ્પષ્ટ દર્શન થાય છે. તેથી જાણે મૂર્તિમાન તપ જ એ વર્ણીનું રૂપ ધરીને અહીં આવ્યું હોય ને શું ? એવી આહ્લાદકારી ઉત્તમ તેમના શરીરની ક્રાંતિ છે.[૧૭] તે નીલકંઠ એવા નામે વિખ્યાત છે. નીલકંઠ મહાદેવ જેવા વૈરાગ્યવાન છે. નીલકંઠ એવા મોરના મિત્ર મેઘ જેવા સહુના સુખધામ છે, અને તે

वर्णिवेषधर एष महात्मा ब्रह्मरूपसततस्थितिमाप्तः ।
निर्निमेषनयनः स्थिरगात्रो निष्परिग्रह उदारमतिश्च ॥ १९
प्राप्त एष च किशोरवयोन्तं पुण्यतीर्थपरिशीलनदक्षः ।
सूक्ष्मवक्रलघुमञ्जुलकेशः स्पष्टकोमलमनोहरवाक्च ॥ २०
स्त्रैणगन्धमपि सोढुमशक्तो मानमत्सरविवर्जितचित्तः ।
न स्पृहां हृदि तु कस्यचिदेष कृष्णमेकमपहाय करोति ॥ २१
जीर्णवल्कलमृगाजिनवासा मालिकाकर ऋजुक्रिय एषः ।
शिक्षयन्नपि मुनीन्मुनिधर्मान् शिष्यतां भजति नोऽत्र मुनीनाम् ॥ २२
किञ्चिदन्नमरसं क्व च भुंक्ते क्वापि किञ्चन फलं च दलं वा ।
नीरमात्रमपि च क्वच पीत्वा वर्तते क्वचन वायुमशित्वा ॥ २३
भैक्षभुक्कतिचिदेष दिनानि क्वापि कर्हिचदयाचिवृत्तिः ।
नक्तभुक्क्वच तृतीयदिनाशी दुश्चरं चरति कर्म मनुष्यैः ॥ २४

---

દર્શન માત્રથી નીલકંઠ મહાદેવના શત્રુ કામદેવના ગર્વને પણ હરનારા શ્યામસુંદર છે.[૧૮] તેણે વર્ણીનો વેષ ધારણ કર્યો છે. તે કોઈ મોટા પુરુષ હોય તેમ જણાય છે. પોતાના સ્વરૂપની બ્રહ્મસ્થિતિમાં તે સદાય સ્થિર રહે છે. નિર્નિમેષદૃષ્ટિ રાખે છે. એમનાં અંગોમાં ક્યાંય ચંચળતા જણાતી નથી, તે કોઈ પદાર્થનો સંગ્રહ કરતા નથી અને બહુ ઉદારબુદ્ધિવાળા છે.[૧૯]

તે કિશોરઅવસ્થાને ઉતરી વીસમા વર્ષની યુવાન અવસ્થામાં પ્રવેશ્યા છે. ચતુર તે વર્ણીએ પુણ્યકારી પવિત્ર પુલહાશ્રમાદિ તીર્થોનું સેવન કર્યું છે. તેમના મસ્તક ઉપર સૂક્ષ્મ વાંકડિયાળા ઝીણા અને મંજુલ કેશ બહુ શોભે છે. તે સ્પષ્ટ અને મનોહર વાણી બોલે છે.[૨૦] સ્ત્રીની ગંધમાત્રને તે સહન કરી શકતા નથી. તેમનું મન માન અને મત્સરથી રહિત છે. તે એક ભગવાન કૃષ્ણ સિવાયના કોઈ પણ પદાર્થની પોતાના હૃદયમાં સ્પૃહા કરતા નથી.[૨૧]

તે અંગ ઉપર ક્યારેક જીર્ણ વલ્કલ અને ક્યારેક મૃગચર્મને ધારણ કરે છે. હાથમાં તુલસીની માળા જપ માટે અખંડ ધારી રાખે છે. સ્વભાવે અત્યંત સરળ છે, અહીં લોજપુરમાં સર્વે સંતોને સંતોના ધર્મોનું ગુરુની જેમ શિક્ષણ આપે છે. છતાં સર્વે સંતોના શિષ્ય થઈને રહ્યા છે.[૨૨] ક્યારેક રસે રહિત થોડા અન્નનો આહાર કરે છે, તો ક્યારેક ફળ કે દળનો આહાર કરે છે. ક્યારેક માત્ર જળપાન કરીને રહે છે. અને ક્યારેક માત્ર વાયુભક્ષણ કરીને દિવસ વીતાવે છે.[૨૩] કોઈ

अस्य वास ऋतुषु द्रुममूले षट्स्वपि ध्रुवमभीष्टतरोऽस्ति ।
एष सौधवसतिं तु निजान्तर्वेत्ति बन्दिभवनेन समानाम् ॥ २५
ग्रीष्म एष उरुधाऽग्निनिषेवी स्थण्डिले स्वपिति चाम्बुदकाले ।
शैशिरे शिशिरतोयनिवासी शोषयत्यविरतं निजदेहम् ॥ २६
बालखेल उचितं क्व वयो वा दुर्लभा क्व च सुसिद्धदशा वा ।
वीक्ष्य तद्द्वयमपि ध्रुवमस्मिन्संशया बहुविधा हि भवन्ति ॥ २७
अस्य निर्मलतपोमयधाम्नि ह्यस्मदुग्रतपसां रुचयस्तु ।
व्योममध्यगतभास्करदीप्तौ दीपकान्तिसमतामुपयान्ति ॥ २८
वेत्ति यः सकलयोगकला वा सोऽपि शिष्यपदवीं भजतेऽस्य ।
कौशलं किमपि कोऽपि नरोऽस्मै नैव दर्शयितुमात्मन ईष्टे ॥ २९
शास्त्रजालकमनेन कियद्वा सद्गुरोरधिगतं भवतीति ।
निश्चयं तु विदधीत पुमान् यः सोऽत्र कश्चन न भाति पुरे वै ॥ ३०

---

**સમયે તો બહુ દિવસ સુધી ભિક્ષામાં કાંઇ મળે તેનાથી જીવન નિર્વાહ કરે છે. તો ક્યારેક માગ્યા વિના જે કાંઇ મળે તેનાથી નિર્વાહ કરે છે. ક્યારેક માત્ર રાત્રીભોજન કરે છે. અને ક્યારેક ત્રણ ત્રણ દિવસ પછી ભોજન કરી દિવસો નિર્ગમન કરે છે. આ રીતે મનુષ્યોથી ન થઇ શકે તેવું દુષ્કર તપ કરે છે.[૨૪]**

**આ વર્ણીને છએ ઋતુમાં વનમાં વૃક્ષનીચે વસવું અતિશય વ્હાલું લાગે છે. અને રાજમહેલમાં વસવું તેને કારાગૃહ જેવું લાગે છે.[૨૫] તે ઉનાળાના સમયમાં સંગવકાળથી આરંભી બપોરપછીના સમય સુધી ચારે બાજુ અગ્નિ અને ઉપર ધખતો સૂર્ય એમ પંચાગ્નિનું સેવન કરે છે. વર્ષા ઋતુમાં તે બહાર વેદિકા ઉપર શયન કરે છે. અને શિયાળામાં ઠંડા જળમાં બેસે છે. આ પ્રમાણે અવિરત પોતાનાં શરીરનું દમન કર્યા કરે છે.[૨૬]**

**બાલક્રિડાને ઉચિત આ વર્ણીની ઉમર ક્યાં ? અને દુર્લભ એવી એની સિદ્ધદશા ક્યાં ? આ બે સ્થિતિની તુલના કરતાં મારા મનમાં અનેક પ્રકારના સંશય ઉદ્ભવે છે.[૨૭] આ વર્ણીની વિશુદ્ધ તપોમય તેજની કાંતિની આગળ અમારા તપની કાંતિ સૂર્યની કાંતિ આગળ દીવા જેવી ભાસે છે.[૨૮] સકલ યોગકળાને જાણનારા યોગીપુરુષો પણ આ નીલકંઠ વર્ણીની આગળ હાથ જોડી તેના શિષ્ય થઈને રહે છે. વધુ શું કહું, સાંખ્યજ્ઞાન આદિ સકલ કળાને જાણનારા કોઇ પણ શાસ્ત્રવેત્તા પુરુષો આ વર્ણી આગળ પોતાનું કૌશલ્ય પ્રગટ કરવા સમર્થ થતા નથી.[૨૯]**

पश्नमल्पमपि कुर्वति चास्मिन्कुण्ठिता इव धियो विदुषां वै ।
क्षीणतर्कततयः प्रतिवादे शून्यभावमुपयान्ति सभायाम् ।। ३१
संशयं कमपि शास्त्रविदापि पृष्ट एव झटिति त्वमिवैषः ।
युक्तियुग्बहुविधोत्तरदानैरेव किं प्रभुरिति प्रवितर्क्यः ।। ३२
ध्यानमास्थितवतां च मुनीनां सुस्थिरासनदृढस्थितिभाजाम् ।
मानसं बहिरितः क्व च निर्यद्वेत्त्यसाविव निजान्तरसाक्षी ।। ३३
तीक्ष्णदुर्जनवचःशरवृन्दैर्भिद्यते न हृदयं किल चास्य ।
संवृतं दृढतरक्षमया तद्वज्रसारसमतामुपयाति ।। ३४
अन्यदुःखलवदर्शनमात्रात्तत्क्षणे द्रवत एव हृदोऽस्य ।
मार्दवस्य कणिका किमु लेभे पद्मकोशनवनीतशिरीषैः ।। ३५
साधुता तु निखिला निजदृष्ट्या वीक्ष्यते मुनिवरेऽत्र यथा वै ।
न श्रुता खलु तथा क्वचनर्षौ त्वां विहाय जनतागुरुमेकम् ।। ३६

---

સદ્‌ગુરુ થકી તેમણે કોણ જાણે કેટલાં સત્શાસ્ત્રનો અભ્યાસ કર્યો છે ? તેનો નિર્ણય કરવા આ લોજપુરમાં અમારાથી કોઈ પણ પુરુષ સમર્થ જણાતો નથી.[૩૦]

આ વર્ણી અલ્પ એવો કોઈ પ્રશ્ન કરે છે ત્યારે તેનો ઉત્તર દેવામાં વિદ્વાનોની બુદ્ધિ કુંઠિત થઈ જાય છે. તેના તર્કોની જાળ વિરામ પામી જાય છે, અને સભા પણ સૂનમૂન થઈ જાય છે.[૩૧] અને બીજી બાજુ સકળ શાસ્ત્રના વેત્તા વિદ્વાનોનો કોઈ પણ જાતનો સંશય હોય, પૂછતાંની સાથે આપની જેમ જ બહુ પ્રકારના યુક્તિયુક્ત ઉત્તરો આપી તત્કાળ શમાવે છે. ત્યારે જાણે આ પ્રત્યક્ષ પરમાત્મા હોય એવો અમને ભાસ થાય છે.[૩૨] અત્યંત સ્થિર આસને એકાગ્ર ચિત્તેથી ધ્યાનમાં બેઠેલા અમારા સર્વે મુનિઓનાં મન જો શ્રીકૃષ્ણ ભગવાનના ધ્યાનને છોડી બહારના પદાર્થમાં ક્યાંય દોટ મૂકે તો આ વર્ણી અમારાં અંતરના જાણે સાક્ષી હોય તેમ જાણી જાય છે.[૩૩] આ વર્ણીનું હૃદય દુર્જનનાં તીખાં વચન બાણોથી પણ ક્યારેય વ્યથા પામતું નથી. કારણ કે અતિશય દૃઢ ક્ષમારૂપી ઢાલથી રક્ષાયેલું તેનું હૃદય વજ્રસાર જેવું મજબૂત થઈ ગયું છે.[૩૪] આટલું કઠણ હૃદય હોવા છતાં અન્યનું અલ્પ પણ દુઃખ જોવા માત્રથી તે જ ક્ષણે અત્યંત દ્રવીભૂત થયેલા તેમના હૃદયની કોમળતાનો એક માત્ર અંશપણ કમળના કોમળ તંતુને, માખણને અને સરસવના ફૂલની કોમળતાને શરમાવે છે.[૩૫]

एतदीयचरितं निखिलं वै वीक्ष्य चेतसि ममेत्यपि भाति ।
अस्मदीयमतिदार्ढ्यपरीक्षां कर्तुमागत इहास्ति भवान्किम् ॥ ३७
दर्शनोत्सुकमनास्तवचासावुद्यतोऽपि स मया निषिषेधे ।
प्रेषयेय तमहं तव पार्श्वे साम्प्रतं किमु न वेति तु लेख्यम् ॥ ३८
इत्येतत्सूचनाहेतोः पत्रमेतद्यथामति । लिखितं तद्विलोक्यैष प्रेष्यं शीघ्रं तदुत्तरम् ॥ ३९
सुज्ञेषु बहुना किं स्याल्लेखनेन ततः प्रभो ! । एतावदेव लिखितं कृपा कार्या सदा मयि ॥ ४०

**सुव्रत उवाच –**

पत्रमित्थं लिखित्वाऽथ वर्णिराजं जगाद सः । स्वामिने लिखितं पत्रं मया त्वमपि तल्लिख ॥ ४१
पत्रं विलोक्य भवतः शीघ्रमायास्यति प्रभुः । इत्युक्तस्तेन मुनिना सोऽलिखत्पत्रिकां सुधीः ॥ ४२
उपविश्य रहःस्थले निजोरौ फलके काकुदपत्रकं निधाय ।
स तु दक्षकरात्तलेखनीको लिखति स्मानतकन्धरः सुवर्णम् ॥ ४३

---

**અમે બુદ્ધિપૂર્વક સમીક્ષા કરીએ છીએ ત્યારે મુનિશ્રેષ્ઠ આ વર્ણીની જેવી સમગ્ર સાધુતા રહેલી છે તેવી સાધુતા જગતના ગુરુસ્થાનને શોભાવતા એક આપના સિવાય અન્ય કોઈ મુનિઓમાં રહેલી અમે જોઈ નથી, અને સાંભળી પણ નથી.[૩૬] આ વર્ણીનું સમગ્ર વૃત્તાંત જોઈને મારા મનમાં એવો ભાસ થાય છે કે એકાંતિક ધર્મમાં અમારી બુદ્ધિની દઢતા જોવા કે પરીક્ષા કરવા તમે જ આ વર્ણીરૂપે અમારી પાસે આવ્યા છો કે શું ?[૩૭] આ વર્ણીને તમારાં દર્શનની અતિ ઉત્કંઠા વર્તે છે. તેથી તમારી સમીપે આવવા તત્પર થયા છે. છતાં પણ મેં તેને રોકી રાખ્યા છે. હવે હું આ વર્ણીને તમારી પાસે મોકલું કે કેમ ? તમો પત્ર દ્વારા ઉત્તર લખજો.[૩૮] આ પત્ર મેં નીલકંઠ વર્ણીનાં વૃત્તાંતને જણાવવા માટે મારી મતિ અનુસાર લખ્યો છે. તેને વાંચી વહેલાસર ઉત્તર વાળજો.[૩૯] હે પ્રભુ ! આપના જેવા વિચક્ષણ પુરુષોને વધારે શું લખવાનું હોય ? તેથી આટલું લખી જણાવ્યું છે. આ દાસ ઉપર સદાય કૃપા વર્ષાવતા રહેજો.[૪૦]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પત્ર લખી મુક્તાનંદ સ્વામી વર્ણીરાજને કહેવા લાગ્યા કે હે વર્ણી ! તમારી હક્કીકત જણાવવા મેં પત્ર લખ્યો હવે તમે પણ કાંઈક લખો.[૪૧] તમારો પત્ર નિરખી સમર્થ સ્વામી જરૂરથી જલદી પધારશે. હે રાજન્ ! આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીએ કહ્યું તેથી શ્રીનીલકંઠ વર્ણીએ પણ પત્ર લખવાની શુભ શરૂઆત કરી.[૪૨] એકાંત સ્થળમાં બેસી પોતાના બન્ને**

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे मुक्तानन्दलिखितपत्रिकानिरूपणनामा त्रिपञ्चाशत्तमोऽध्यायः ॥ ५३ ॥*

---

॥ चतुःपञ्चाशत्तमोऽध्यायः ॥

सुव्रत उवाच -

स्वभावगर्भितां पत्रीं वर्णीन्द्रः स यथाऽलिखत् । तथा तां नृपते ! तुभ्यं कथयामि निशामय ॥१
स्वस्ति श्रीविलसद्भुजङ्गनगरे राजाधिराजश्रिया जुष्टाङ्घ्रिः प्रथयन्भृशं विजयते श्रीकृष्णभक्तिं भुवि ।
नानासद्गुणसन्मणीन्द्ररचिताकल्पो गुरूणां गुरुः स्वेक्षाकृष्टनिजाश्रिताखिलभयः श्रीस्वाम्युदारश्रवाः ।२
साक्षादुद्धव एव यस्त्यनुभृतां निःश्रेयसायावितुं धर्मं चाजयविप्रतश्च सुमतौ जातो ह्ययोध्यापुरे ।
स्वामिंस्तं तु भवन्तमेव शतशो नत्वा निपत्य क्षितौ विज्ञप्तिं विदधे त्वदेकशरणोऽहं नीलकण्ठद्विजः ।३

---

સાથળ ઉપર પાટી રાખી. તે પાટી ઉપર કાગળનો પત્ર રાખ્યો. જમણા કરમાં કલમ ગ્રહણ કરી મસ્તકને આગળ નમાવી સુંદર અક્ષરોવડે પત્ર લખવા લાગ્યા.[૪૩]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં મુક્તાનંદ સ્વામીએ રામાનંદ સ્વામી ઉપર ભુજનગરે પત્ર લખ્યાનું નિરૂપણ કર્યું એ નામે ત્રેપનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૩--***

---

## અધ્યાય - ૫૪

## નીલકંઠ વર્ણીએ ભુજ રામાનંદ સ્વામી ઉપર લખેલો પત્ર.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! વર્ણીરાજ શ્રીનીલકંઠ વર્ણીએ પોતાના હૃદયગત અભિપ્રાયથી ભરેલો પત્ર શ્રીરામાનંદ સ્વામી ઉપર લખ્યો. તે પત્ર તમને હું વાંચી સંભળાવું છું તેને તમે સાંભળો.[૧]

સ્વસ્તિ શ્રી મહા શુભ સ્થાન ભુજ નગર મધ્યે વિરાજમાન શ્રીરામાનંદ સ્વામી, આપ સર્વોત્કર્ષપણે વર્તો છો. રાજાધિરાજ શ્રી ચક્રવર્તી રાજાની રાજલક્ષ્મી પણ તમારા ચરણકમળની સેવા કરે છે. આવા મહાન આપ આ પૃથ્વી ઉપર ભગવાન શ્રીકૃષ્ણની એકાંતિકી ભક્તિને પ્રવર્તાવનારા છો અને તેથી જ શાંતિ આદિ અનેક સદ્ગુણોરૂપી રત્નો જડેલાં આભૂષણોથી અલંકૃત છો. સ્વયં શ્રીકૃષ્ણ ભગવાને ગુરુપદ આપેલું હોવાથી આપ સર્વે ગુરુઓના પણ ગુરુ છો. પોતાના

विहाय सम्बन्धिजनान्निजानहं निजं च देशं किल कोसलाभिधम् ।
तीर्थानि कुर्वन्निह लोजपत्तने स्थितोऽस्मि सङ्गत्य विभो ! त्वदाश्रितान् ॥ ४
कृष्णस्य साक्षादहमीक्षणार्थे प्रत्यब्दमेवेह तपान्त आदरात् ।
व्रतं तु मासांश्चतुरः करोमि यद्धारणापारणमित्युदीरितम् ॥ ५
मासोपवासं विदधे तथोर्जे कृच्छ्राणि वा कर्हिचिदत्र कुर्वे ।
चान्द्रयणं चानघ ! माघमासे पाराककृच्छ्रं च विभो ! तदर्थम् ॥ ६
एकादशीमुख्यतमाऽस्ति येषां व्रतानि नित्यानि च तानि कुर्वे ।
कृष्णस्य तोषाय न देहदुःखं किञ्चित्स्वचित्ते गणयामि नूनम् ॥ ७
हित्वैन्द्रियान्पञ्च च शब्दमुख्यान्सुदुस्त्यजानप्यतुलप्रताप ! ।
त्वगस्थिरोषं स्ववपुर्मया वै चक्रे तपोभर्जितरक्तमांसम् ॥ ८

---

કૃપા કટાક્ષોથી આશ્રિતોના ભયને દૂર કરનારા છો. ઉદાર કીર્તિવાળા છો.[૨] આ પૃથ્વી ઉપર એકાંતિક ધર્મનું સ્થાપન કરી દેહધારી સમસ્ત જીવાત્માઓનું આત્યંતિક કલ્યાણ કરવા માટે અયોધ્યાપુરીમાં અજયવિપ્ર અને સુમતિદેવીને ત્યાં પ્રગટ થયેલા સાક્ષાત્ ઉદ્ધવજીના અવતાર છો. હે સ્વામી ! આપનાં એક માત્ર શરણે આવેલો હું નીલકંઠ વિપ્ર પૃથ્વી પર પડી આપનાં ચરણોમાં વારંવાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી એક વિનંતી કરું છું.[૩]

હે સમર્થ સ્વામી ! હું મારા સંબંધીજનો તથા કૌશલદેશનો ત્યાગ કરી અનેક તીર્થોની યાત્રા કરતો કરતો આ લોજપુરમાં આવી આપના સંતમંડળમાં રહ્યો છું.[૪] આ લોકમાં જ ભગવાન શ્રીકૃષ્ણનાં સાક્ષાત્ દર્શન સારું દરેક વર્ષાઋતુના ચાતુર્માસ સુધી આદરપૂર્વક એકાંતરે કરવાના ઉપવાસવાળું ધારણાપારણા નામનું વ્રત કરું છું.[૫] તથા કાર્તિક માસમાં એક મહિનાનું માસોપવાસ નામનું વ્રત કરું છું. કોઈ વર્ષે આ કાર્તિક માસમાં સાંતપનાદિ કૃચ્છ્રવ્રતો કરું છું. તેમજ નિર્દોષ માઘમાસમાં પ્રતિવર્ષે યવ પીપીલિકા આદિ ચાંદ્રાયણ વ્રત કરું છું. અથવા બાર ઉપવાસથી થતું પારાકકૃચ્છ્ર વ્રત પણ કરું છું.[૬] હે સ્વામી ! નિત્યે પાલન કરવા યોગ્ય વ્રતોમાં એકાદશીનું વ્રત અતિશય મુખ્ય છે. તેથી તે સર્વે એકાદશીઓનાં વ્રત હું કરું છું. આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થઈને સાક્ષાત્ પોતાનું દર્શન આપે તે માટે મારા દેહનાં દુઃખને લેશમાત્ર પણ ગણકારતો નથી.[૭] વળી હે મહાપ્રતાપી સ્વામી ! મેં પંચ ઇંદ્રિયોના દુસ્ત્યજ શબ્દાદિ પંચ વિષયોનો ત્યાગ કરી, તીવ્ર તપરૂપી

तद्दर्शनाशामृतवल्लिमेकामालम्ब्य देहेत्वसवश्चलन्ति ।
न त्वन्यदालम्बनमस्ति तेषां यियासतामन्नविहीनदेहात् ॥ ९
निरन्नदेहेऽस्थिषु वर्तमानाः प्राणामदीयाः प्रणतार्तिहन्तः ! ।
अन्नात्मके ह्यत्र कलौ नराणां कुर्वन्ति वै सत्ययुगभ्रमं तु ॥ १०
अष्टाङ्गयोगाभ्यसनार्जितेन क्रिया ममैश्वर्यबलेन सर्वाः ।
दैह्या भवन्तीति विभो ! विदित्वा कृपां कुरु त्वं मयि कृष्णभक्ते ॥ ११
पिता च माता मम कृष्ण एव स्वामी च बन्धुश्च गुरुः सुहृच्च ।
तस्मिन्नमम स्नेहभरोऽस्ति पूर्णो ह्यन्यत्र तु स्याद्यदि तत्परत्वम् ॥ १२
पञ्चेन्द्रियाणां विषयोपभोगप्रदस्य मेऽपि स्वसुहृज्जनस्य ।
कृष्णे न चेत्स्यादनुराग ईशे तं तर्हि जह्यां रिपुवद्धि सद्यः ॥ १३

---

અગ્નિમાં માંસ અને રુધિરને બાળી મેં મારાં શરીરને એવું કરી મૂક્યું છે કે તેમાં માત્ર ચાંમડી અને અસ્થિ જ બાકી રહ્યાં છે.[૮] કદાચ પ્રશ્ન થાય કે પ્રાણ કેમ રહે છે ? તો કેવળ પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શનની આશારૂપી અમૃતવેલને અવલંબીને જ શરીરમાં પ્રાણ ટક્યા છે. અન્ન રહિત શરીરનો ત્યાગ કરી જવા ઈચ્છતા મારા પ્રાણને ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શનની આશા સિવાય કોઈ અવલંબન નથી.[૯]

હે શરણાગતના દુઃખને હરનારા સ્વામી ! અન્ન વગરના શરીરમાં કેવળ અસ્થિના આધારે રહેલા મારા પ્રાણ કલિયુગમાં અન્ન સમા પ્રાણને ધારણ કરનારા પુરુષોને સત્યયુગી પ્રાણની ભ્રાંતિ ઉપજાવે છે.[૧૦] હે સમર્થ સ્વામી ! મારા દેહની સમગ્ર ક્રિયા કેવળ અષ્ટાંગયોગના અભ્યાસથી સંપાદન કરેલા યોગૈશ્વર્યના બળથી જ થાય છે. હે સ્વામી ! આ પ્રમાણેનું મારું વૃત્તાંત જાણી કૃષ્ણભક્ત એવા મારા ઉપર આપનાં દર્શનદાનની કૃપા કરજો.[૧૧]

હે સ્વામી ! ભગવાન શ્રીકૃષ્ણ જ મારા સાચા માતા પિતા છે, બંધુ છે, ગુરુ છે, અને સુહૃદ છે. કારણ કે, મને સંપૂર્ણ અસાધારણ પ્રેમ એક શ્રીકૃષ્ણ વિષે જ છે. તે સિવાય બીજે ક્યાંય પણ સ્નેહ થાય છે તે તો તેમના ભક્ત જાણીને થાય છે.[૧૨] અને વળી મને પંચ ઇંદ્રિયોના વિષય ભોગને આપનારા મારા સંબંધીજનોને પણ જો ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અનુરાગ ન હોય તો તેનો શત્રુની જેમ તત્કાળ ત્યાગ કરી દઉં છું.[૧૩] અરે !!! મારું સ્નેહથી ભરણપોષણ કરનારાં મારાં

स्नेहेन मत्पोषणकारिणोऽपि तातं प्रसूं सोदरमप्यहं स्वम् ।
वीक्षेय चेत्तद्विमुखान्कदाचित्सद्यः प्रजह्यां किमुतान्यबन्धून् ॥ १४
ब्रूया यदि त्वं निजबन्धुवर्गत्यागे भवेद्दोष इतीह वच्मि ।
तद्भक्तिहीना निजबन्धवोऽपि प्राचीनभक्तैर्बहुभिः प्रहाताः ॥ १५
विभीषणो भ्रातरमप्यहासीत्प्रसूं स्वकीयां भरतश्च तद्वत् ।
कुलं जहौ स्वं विदुरोऽपि भक्तः सर्वान्स्वबन्धूनपि चर्षिपत्न्यः ॥ १६
श्रीकृष्णसङ्गप्रतिषेधकर्तॄन् गोप्यो जहुः स्वांश्च पतीनपीश! ।
कृच्छ्रेण लब्धं तनयं च वेनं त्यक्त्वा नृपोऽङ्गोऽपि जगामदावम् ॥ १७
इत्यादयः सन्ति विभो ! ह्यनेके तद्भक्तिहीनस्वजनत्यजोऽत्र ।
नैवापकीर्तिः क्वचनापि तेषां लोके च शास्त्रेऽपि च कीर्तिरस्ति ॥ १८
ईदृक्सतां वर्त्म भवत्यनादि कृष्णे मयाऽतश्च तदीयभक्ते ।
विधीयते प्रेम विमुक्तिहेतुर्नान्यत्र तु क्वापि पदार्थ ईश ! ॥ १९

---

માતા-પિતા હોય કે મારા સગા ભાઈઓ હોય પણ જો તેઓને ભગવાન શ્રીકૃષ્ણથી વિમુખ દેખું તો તેનો પણ તત્કાળ ત્યાગ કરી દઉં. પછી ભગવાનથી વિમુખ બીજા સગાસંબંધીઓની તો વાત જ ક્યાં કરવી ?[૧૪] તમે કહેશો જે માતા-પિતા, બંધુવર્ગનો જે ત્યાગ કરવો તે શાસ્ત્રદૃષ્ટિએ બરાબર નથી. તો કહું છું, કે પૂર્વે ઘણા બધા ભગવાનના ભક્તોએ ભગવદ્ ભક્તિહીન પોતાનાં માતા-પિતા ભાઈ આદિ સંબંધીજનોનો ત્યાગ કર્યો છે.[૧૫]

વિભીષણે પોતાના સગા ભાઈ રાવણનો ત્યાગ કર્યો, ભરતજીએ પોતાની માતા કૈકેયીનો ત્યાગ કર્યો, વિદૂરજીએ પોતાનાં સમગ્ર કૌરવકુળનો ત્યાગ કર્યો, મથુરાંની ઋષિપત્નીઓએ પોતાના પતિ, પુત્ર અને ભાઈ આદિ સર્વેનો ત્યાગ કર્યો.[૧૬] હે ઈશ ! વ્રજની ગોપીઓએ ભગવાન શ્રીકૃષ્ણને વિષે સ્નેહ કરવામાં અવરોધરૂપ પોતાના પતિઓનો ત્યાગ કર્યો. અરે !!! અંગ નામના રાજાએ તો બહુ કષ્ટના અંતે થયેલા પુત્ર વેનનો ત્યાગ કરી જંગલમાં ચાલ્યા ગયા.[૧૭] હે સમર્થ સ્વામી ! આ પ્રમાણે ઘણા બધા ભક્તોએ ભગવાનથી વિમુખ પોતાના સ્વજનોનો ત્યાગ કર્યો છે. છતાં પણ તે ભક્તોની આલોકમાં ક્યાંય અપકીર્તિ થઈ નથી. ઉલટાની આલોકમાં અને સર્વે શાસ્ત્રોમાં તેઓની કીર્તિ જ ગવાયેલી છે.[૧૮] હે ઈશ ! આ પ્રમાણેની ભગવાનના ભક્ત સંતપુરુષોની રીત અનાદિ કાળથી ચાલી આવે છે. તેથી હું પણ ભગવાન અને ભગવાનના ભક્તોને વિષે જ મુક્તિના કારણભૂત

सन्तोऽत्र ये सन्ति च तावकीना निवृत्तिनिष्ठा मम ते तु पूज्याः ।
सर्वस्वमेते च भवन्ति मे वै माहात्म्ययुक्तत्परभक्तिबोधाः ॥ २०
येषां न तस्मिन्निह भक्तिभाजां सङ्गोऽस्ति तान्वेद्मि नरानहं तु ।
अनश्वकौलेयकषण्डतुल्यान् यद्वीक्षणेनापि भवेद्धि दोषः ॥ २१
सक्तास्तु ये वैषयिकेऽत्र सौख्ये निद्राभयक्रोधषडूर्मिजुष्टाः ।
तेषां नराणां च विभो! पशूनां वीक्षे विशेषं नहि कञ्चनापि ॥ २२
नृजन्म देवास्त्रिदशालये यत्स्तुवन्ति तत्तेषु न किञ्चिदस्ति ।
तद्भक्तियुञ्जन्म नृजन्म देवस्तुत्यर्हमस्तीत्यहमीश ! जाने ॥ २३
तद्भक्तिहीनः कुलरूपकीर्तिनानागुणैश्वर्ययुतोऽपि यस्तम् ।
अन्तर्विषं वीक्षणमात्ररम्यं फलं गवाक्ष्या इव लक्षयामि ॥ २४
अल्पोऽपि तद्भक्तिगुणो नराणां ग्राह्यान्करोत्येव गुणानशेषान् ।
सुसंस्कृतान्वाऽक्षिवमत्र शाकान् हेया भवन्तीतरथा तु ते वै ॥ २५

---

એવો પ્રેમ કરું છું. પરંતુ અન્ય પદાર્થોમાં ક્યાંય પ્રેમ કરતો નથી.[૧૯] આ લોજપુરમાં નિવૃત્તિ ધર્મપરાયણ અને માહાત્મ્યજ્ઞાને સહિત ભગવદ્‌ભક્તિનો બોધ આપનારા આપના મુક્તાનંદ સ્વામી આદિ સંતો રહે છે, તે મારે માટે સર્વથા પૂજનીય છે અને આવા પવિત્ર સંતો જ મારું સર્વસ્વ છે. એમ હું નિશ્ચય જાણું છું.[૨૦]

હે સ્વામી ! જે મનુષ્યોને ભગવાન શ્રીકૃષ્ણ સાથે તથા તેમનાં ભક્તિવાળા સંતોની સાથે સંબંધ નથી તેમને હું ગધેડાં, કૂતરાં અને સાંઢ સમાન માનું છું. જેનાં દર્શન કરવાથી પણ મહાપાપ લાગે છે.[૨૧] કારણ કે, હે સમર્થ સ્વામી ! જે પુરુષો એક પંચવિષયના સુખમાં જ માત્ર આસક્ત છે અને નિદ્રા, ભય, ક્રોધ અને છ ઊર્મિઓએ યુક્ત છે તેવા મનુષ્યો અને પશુઓમાં લેશમાત્ર પણ તફાવત જોતો નથી.[૨૨] હે ઈશ ! સ્વર્ગવાસી દેવતાઓ પણ જે મનુષ્ય જન્મની પ્રશંસા કરી આ પૃથ્વી પર મનુષ્ય જન્મ માગે છે. આવા માનવ જન્મનું તે વિષયી પુરુષોને કોઈ માહાત્મ્ય નથી. કારણ કે ભગવાનની ભક્તિ કરવી એજ માનવ જન્મ પામ્યાનું સાચું ફળ છે. અને આવા માનવ જન્મને દેવતાઓ ઈચ્છે છે. ભક્તિ રહિતના માનવ જન્મથી શું છે ?.[૨૩] સારા કુળમાં જન્મ હોય, જગતની નજર ખેંચે તેવું શરીરનું સૌન્દર્ય હોય, અનેક કૌશલ્યો દેખાડી વિશ્વમાં કીર્તિ મેળવી હોય તથા અનંતપ્રકારના ગુણો અને યોગૈશ્વર્યવાળો હોય પણ જો તે ભગવાનની ભક્તિથી

तद्दास्यहीनः स्वतपोबलेन ब्रह्मादिलोकानपि चेत्प्रयायात् ।
तत्रापि कालाद्भयमस्ति तस्य नानन्तसौख्यं त्विति वेदसिद्धम् ॥ २६
ब्रह्मेशशक्रा अपि सिद्धिभाजो ब्रह्मैक्यनिष्ठाश्च शुकादयोऽस्य ।
कुर्वन्ति भक्तिं ननु मानहीना यथेतरे संसृतिमुक्तिकामाः ॥ २७
तस्मिन् गुणाः सन्ति हि तादृशा वै भक्तिं यथा मुक्तिजुषोऽपि कुर्युः ।
राधारमाद्या अपि शक्तयस्तं भजन्ति सम्राजमिव स्वदास्यः ॥ २८
अल्पाश्च जीवा अपि तस्य भक्त्या भवन्ति नूनं गतकालभीकाः ।
विना तु तां ब्रह्ममुखेश्वराणामप्यस्ति कालाद्भयमेव भूरि ॥ २९

હીન હોય તો તેને હું જોવામાત્રથી સુંદર લાગતા પણ અંદર ઝેર ભરેલા ઈન્દ્રામણાંના ફળ જેવો જાણું છું.[૨૪] જેમ ઘી, તેલ આદિ અનંત પદાર્થોથી વઘારી સુસંસ્કૃત કરેલું શાક એક અલ્પ માત્ર મીઠાંથી સર્વેને ખાવા યોગ્ય બને છે, જો અલ્પ સરખું મીઠું ન હોય તો ઘી આદિ કીંમતી પદાર્થોની કોઈ કીંમત નથી, તેમ મનુષ્યોમાં અલ્પ સરખી ભગવાનની ભક્તિ હોય તો અન્ય સારા અનેક ગુણોને શોભાવે છે. પણ ગમે તેટલા સદ્ગુણો હોય પરંતુ ભગવાનની ભક્તિ ન હોય તો સર્વે વ્યર્થ છે.[૨૫]

હે સ્વામી ! ભગવાનનું દાસપણું જેણે નથી સ્વીકાર્યું એવા વિમુખ લોકો પોતાના તપોબળના સામર્થ્યથી બ્રહ્માદિ દેવતાઓના સત્યાદિ લોકને પ્રાપ્ત કરે, છતાં પણ ત્યાં તેને કાળનો ભય છૂટતો નથી અને ત્યાં તેને અનંતસુખ પણ પ્રાપ્ત થતું નથી. આ વાતની વેદો પણ સાક્ષી પૂરે છે.[૨૬] આ વિચિત્ર જગતનું સર્જન કરવું આદિ અનંત સામર્થ્યની સિદ્ધિને પામેલા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તથા ઈન્દ્રાદિ દેવતાઓ તેમજ અક્ષરબ્રહ્મની એકાત્મભાવને પામેલા શુક સનકાદિક જેવા મહામુનિઓ પણ માનને મૂકી જેમ આ સંસારના બંધનમાંથી મુક્ત થવા ઈચ્છતા મુમુક્ષુઓ ભક્તિ કરે, તેમ ભગવાનની ભક્તિ કરે છે.[૨૭] તે બ્રહ્મસ્થિતિને પામેલા શુક સનકાદિક જેવા મહામુનિઓને પણ ભક્તિ કરવાનું મન થઈ આવે તેવા અપાર કારુણ્ય, વાત્સલ્ય આદિ ગુણો તે ભગવાન શ્રીકૃષ્ણને વિષે રહેલા છે, અને તેથી જ રાધા રમા આદિક અનંત શક્તિઓ પણ તેમની જેમ ચક્રવર્તી સમ્રાટની અનંત દાસદાસીઓ સેવા કરે તેમ સેવા કરે છે.[૨૮] અલ્પ સરખા પણ જીવો હોય પણ જો તેની ભક્તિ કરે તો તેના માથેથી કાળ માયાનો ભય દૂર થઈ જાય છે. પરંતુ બ્રહ્માદિ દેવતાઓ જેવા મોટા હોય પણ ભક્તિહીન હોય તો તેના માથેથી કાળ

माहात्म्यमीदृग्भुवि तस्य सद्भ्यः सच्छास्त्रतश्चाहमवेत्य भक्तिम् ।
तत्रैव कुर्वे विदधत्तपांसि भक्तप्रियोग्राणि विहाय तन्द्राम् ॥ ३०
प्रत्यक्षवीक्षामनवाप्य तस्य न स्वास्थ्यमाप्नोमि तदुत्कचेताः ।
अत्रत्यसद्वाक्यगुणावबद्धो वर्ते प्रतीक्ष्यागमनं तवैव ॥ ३१
कीर्तिं विना तस्य मनोज्ञगानं विचित्रपद्यानि च लोकशब्दाः ।
तदेकचित्तस्य ममेश ! कर्णे तिग्माग्रशूलत्वमिहोपयान्ति ॥ ३२
स्त्रियः सुरूपा अपि यातुधानीसमा हि मे दृष्टिपथं प्रपन्नाः ।
अङ्गारवत्तस्य सुपुष्पमाला भवन्ति कण्ठं च ममोपपन्नाः ॥ ३३
श्रीखण्डकाश्मीरजकेसरादिविलेपनं मे शितिपङ्कतुल्यम् ।
तच्चिन्तनैकात्मरतेर्मुनीन्द्र ! प्रासादवर्योऽपि वनायते मे ॥ ३४
घनानि सूक्ष्माणि सदंशुकानि व्यात्तास्य कृष्णाहिसमानि देव ! ।
विचित्रभोज्यानि विषोपमानि भवन्ति मे तद्विरहातुरस्य ॥ ३५

---

માયાનો ભય દૂર થતો નથી.[૨૯]

હે ભક્તપ્રિય સ્વામી ! આ પ્રમાણેનું ભગવાનનું માહાત્મ્ય એકાંતિક સત્પુરુષો અને સત્શાસ્ત્રોથકી જાણીને હું આળસ પ્રમાદનો ત્યાગ કરી તીવ્ર તપ કરું છું, અને ભગવાનની ભક્તિ કરું છું.[૩૦] અંતરમાં ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન કરવાની ઉત્કંઠા વર્તે છે. પરંતુ તે દર્શન ન થવાથી અંતરમાં ઉદ્વેગ રહ્યા કરે છે. જેથી ક્યાંય સુખ આવતું નથી, તેથી અહીં મુક્તાનંદ સ્વામી આદિ આપના સંતોની આજ્ઞામાં વર્તી આપના શુભ આગમનની પ્રતીક્ષા કરી રહ્યો છું.[૩૧] હે ઈશ ! ભગવાન શ્રીકૃષ્ણને વિષે મારું મન એકાગ્ર થયું હોવાથી ભગવાનની કીર્તિના શ્રવણ વિનાના અન્ય મનોહર ગાયનો, અનેક પ્રકારનાં લૌકિકપદો કે લૌકિક શબ્દો જાણે કે મારા કાનમાં તીક્ષ્ણ અણીદાર ત્રિશૂલ ભરાવતા હોય તેવા લાગે છે.[૩૨] રૂપવાન સ્ત્રી ઉપર કદાચિત્ મારી દૃષ્ટિ પડી જાય તો તે મને રાક્ષસી સમાન ભાસે છે. મારા કંઠમાં આરોપેલી સુગંધીમાન પુષ્પોની માળા જો ભગવાનની પ્રસાદીભૂત ન હોય તો સળગતા અંગારા જેવી લાગે છે.[૩૩] હે મુનિરાજ ! ભગવાન શ્રીકૃષ્ણનાં જ સ્વરૂપનાં ધ્યાન ચિંતવનમાં જ એક પ્રીતિ ધરાવતા મને ચંદન, કુંકુમ, કેસર આદિ રમણીય પદાર્થોનો અંગ લેપ કાળા કાદવની સમાન લાગે છે. તેમજ વૈભવ સંપન્ન રાજમહેલ પણ મને ઘોર જંગલ જેવો લાગે છે.[૩૪] હે દિવ્ય પુરુષ ! ભગવાનનાં પ્રત્યક્ષ દર્શનના વિરહમાં આકુળવ્યાકુળ થયેલા મને ઘાટાં

यत्किञ्च लोके सुखहेतुरुक्तं तद्वस्तु मे दुःखमयं हि भाति ।
तस्यावलोकं भगवन्नलब्ध्वा प्राप्तोऽस्मि चोन्मत्तदशामहं वै ॥ ३६
मनोरथस्यास्य फलोपलब्धिस्त्वदङ्घ्रिसंसेवनमन्तरेण ।
कथञ्चनापीह भवेन्न मे वै कलौ त्वमेवासि जगद्गुरुर्यत् ॥ ३७
अतः कृपामाशु विधाय तावत्स्वदर्शनं देयमुदारकीर्ते ! ।
यावन्न देहो निपतेन्मदीयो दयानिधे! स्वाश्रितजीवबन्धो ! ॥ ३८

**सुव्रत उवाच -**

पत्रमित्थं नीलकण्ठो लिखित्वा भक्तिभावतः । मुक्तानन्दाय मुनये ददाति स्म जनाधिप ! ॥ ३९
स्वपत्रं तस्य पत्रं च सोऽप्येकीकृत्य बुद्धिमान् । संवाल्य मुद्रयित्वा च नामोपर्यलिखद्गुरोः ॥ ४०
मयरामाख्यविप्रेण साकं तत्प्रैषयत्ततः । स्वभावाच्छीघ्रगतिना सदर्थं तु विशेषतः ॥ ४१

---

**સૂક્ષ્મ અને અમૂલ્ય વસ્ત્રો મુખ ફાડીને બેઠેલા કાળા સર્પની સમાન લાગે છે, અનેકવિધ ચાર પ્રકારનાં સારાં ભોજનો મને હળાહળ કાલકૂટ ઝેર જેવાં લાગે છે.[૩૫] આલોકમાં જે કાંઇ સુખકારી પદાર્થો કહેવાય છે તે સર્વે પદાર્થો મને દુઃખરૂપ જ લાગે છે. હું ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન વિના અતિશય વ્યાકુળ છું.[૩૬] એ પ્રત્યક્ષ દર્શનરૂપ મનોરથના ફળની પ્રાપ્તિ તમારાં ચરણકમળનાં સેવન વિના બીજા કોઇ પણ ઉપાયે કરીને શક્ય નથી. કારણ કે આવા ઘોર કળિકાળમાં ભગવાન શ્રીકૃષ્ણનું પ્રગટ દર્શન કરાવનારા માત્ર તમે જ એક સાચા સદ્‌ગુરુ છો.[૩૭] આથી હે ઉદાર કીર્તિવાળા ! હે દયાના સિંધુ ! હે પોતાના આશ્રિત ભક્તોનું બંધુવત્ રક્ષણ કરનારા ! મારો દેહ પડી જાય નહિ તે પહેલાં કૃપા કરીને તુરંત આપનું મંગળકારી દર્શન મને આપો. લિખિતવાન નીલકંઠવર્ણીના જય શ્રીકૃષ્ણ.[૩૮]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ રીતે ભક્તિભાવથી પત્ર લખી શ્રીનીલકંઠવર્ણીએ મુક્તાનંદ સ્વામીના હાથમાં અર્પણ કર્યો.[૩૯] ત્યારે બુદ્ધિમાન મુક્તાનંદ સ્વામીએ પોતાના પત્રની સાથે નીલકંઠવર્ણીના પત્રને ભેળો કરી કવરમાં બીડી તેમના ઉપરના ભાગમાં ગુરુવર્ય રામાનંદ સ્વામીનું નામ લખ્યું.[૪૦] ત્યારપછી મયારામવિપ્રની સાથે તે પત્ર સ્વામી ઉપર ભુજનગર પ્રત્યે મોકલ્યો. કારણ કે મયારામ વિપ્રની ચાલ ઉતાવળી હતી. અને સંતોના કામમાં તે વધુ ઉતાવળી ચાલે ચાલતા તે મયારામ વિપ્ર સાતમે દિવસે ભુજનગર પહોંચ્યા અને ભક્ત ગંગારામ મલ્લને ઘેર વિરાજમાન જગદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં.[૪૧-૪૨] તે**

भुजङ्गनगरं प्राप्य सप्तमेऽहनि स द्विजः । गृहे गाङ्गेयभक्तस्य तं ददर्श जगद्गुरुम् ॥ ४२

भक्तानानन्दयन्तं नवनलिनदलव्यायताक्षिद्वयं तं ।
गौराङ्गं पुष्टगात्रं शशधरवदनं श्रीमदाजानुबाहुम् ॥
वस्त्रे श्वेते वसानं कुटिलितभृकुटिं मन्दहासं प्रसन्नं ।
शोणाम्भोजन्मराजन्मृदुलपदयुगं स प्रणम्यार्पयत्तत् ॥ ४३

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे श्रीनीलकण्ठलिखितपत्रिकानिरूपणनामा चतुःपञ्चाशत्तमोऽध्यायः ॥ ५४ ॥*

---

**સમયે રામાનંદ સ્વામી કેવા હતા ? તે ભુજનગરના ભક્તજનોને આનંદ ઉપજાવતા હતા, નવીન કમળના પત્રોની સમાન વિશાળ અને કર્ણ સુધી લાંબાં બન્ને નેત્રો શોભી રહ્યાં હતાં. તેમનું શરીર ગૌરવર્ણ હતું. તેમનાં ગાત્રો હૃષ્ટપૃષ્ટ હતાં. તેમનું મુખકમળ ચંદ્રમાની સમાન આહ્લાદ ઉપજાવતું હતું. બન્ને હસ્ત, જાનું પર્યંત લાંબા શોભી રહ્યા હતા. તેમણે બન્ને શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. ભ્રકુટિઓ ધનુષ્ય જેવી વાંકડી હતી. તેઓ મંદમંદ હાસ્ય કરી રહ્યા હતા. અતિશય પ્રસન્ન મુદ્રામાં હતા. તેમનાં કોમળ બન્ને ચરણ લાલ કમળની સમાન શોભતાં હતાં. આવા પ્રકારની શોભાએ યુક્ત રામાનંદ સ્વામીના શ્રીચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી મયારામ વિપ્રે મુક્તાનંદ સ્વામીએ આપેલો પત્ર શ્રીસ્વામીના હસ્ત કમળમાં સમર્પણ કર્યો.[૪૩]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રીનીલકંઠવર્ણીએ રામાનંદ સ્વામી ઉપર ભુજનગર પત્ર લખ્યાનું નિરૂપણ કર્યું એ નામે ચોપનમો અધ્યાય અધ્યાય પૂર્ણ થયો. --૫૪--***

॥ पञ्चपञ्चाशत्तमोऽध्यायः ॥ ५५ ॥

सुव्रत उवाच -

वाचयामास तत्पत्रद्वयं स मुनिराट् ततः । प्रसन्नोऽभूत्समायातं विदित्वा वर्णिसत्तमम् ॥ १

स्वस्मिन्भावं तदीयं च तपश्चर्यां च वाचयन् । अभूद्गद्गदकण्ठश्च साश्रुनेत्रो जगद्गुरुः ॥ २

पत्रवृत्तान्तमखिलं भक्तान्सुन्दरजिन्मुखान् । श्रावयन्सदसि स्वामी प्रशशंस च तद्गुणान् ॥ ३

ततस्तमाश्वासयितुं मुक्तानन्दाय धीमते । स्वयं लिलेख पत्रं च तत्पत्रोत्तरगर्भितम् ॥ ४

स्वस्त्यस्तु लोजाख्यपुरे वसद्भ्यः साधुभ्य आनन्दितदुःखितेभ्यः ।
बृहद्व्रतं चास्तु निरन्तरायं ब्रह्मेति यत्प्राह सनत्सुजातः ॥ ५
भुजङ्गपुर्यां वसताऽत्र रामानन्देन बह्वी प्रहिता शुभाशीः ।
ग्राह्यास्मदीयं कुशलं च मुक्तानन्देन वेद्यं भगवत्प्रसादात् ॥ ६

---

## અધ્યાય - ૫૫

## પત્રોવાંચી ગદ્‌ગદ્ થયેલા શ્રીરામાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામી તથા નીલકંઠવર્ણી ઉપર પત્ર લખી મોકલ્યો.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! મયારામ વિપ્રે પત્રો આપ્યા પછી તરત જ મુનિરાટ્ શ્રી રામાનંદ સ્વામીએ બન્ને પત્રોનું વાંચન કર્યું, અને વર્ણીરાજના આગમનના સમાચાર જાણી સ્વામી અત્યંત પ્રસન્ન થયા.[૧] નીલકંઠવર્ણીનો પોતાને વિષેનો પ્રેમભાવ અને ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન માટે કરાતા તીવ્ર તપના સમાચાર વાંચી સ્વામી ગદ્‌ગદ્‌કંઠ થયા અને આંખમાં હર્ષનાં અશ્રુઓ ઉભરાયાં.[૨] રામાનંદ સ્વામીએ પત્રમાં લખેલ સમગ્ર વૃત્તાંત સભામાં બેઠેલા સુંદરજી સુથાર આદિ ભક્તજનોની આગળ વાંચી સંભળાવ્યું અને નીલકંઠવર્ણીના ગુણોની ખૂબજ પ્રશંસા કરી.[૩] રામાનંદ સ્વામીએ પોતાના હસ્તે શ્રીનીલકંઠ બ્રહ્મચારીને આશ્વાસન આપવા તેમના પત્રના આપેલા પ્રત્યુત્તર સાથે બુદ્ધિમાન મુક્તાનંદ સ્વામી ઉપર એક પત્ર લખ્યો.[૪]

**શ્રી રામાનંદ સ્વામીનો પત્ર :-** સંસારના ત્રિવિધ તાપથી પીડાતા અનંત પામર જીવોને ભાગવત ધર્મનો ઉપદેશ આપી તેના તાપને દૂર કરી આનંદ ઉપજાવતા અને લોજપુરમાં નિવાસ કરી રહેલા મુક્તાનંદ સ્વામી આદિ આપ સર્વ સંતોનું મંગળ થાઓ. તથા સનત્સુજાત બ્રહ્મર્ષિએ જે બ્રહ્મચર્યવ્રતને સાક્ષાત્

पत्रं त्वया यन्मयरामनाम्ना विप्रेण साकं प्रहितं तदाप्तम् ।
तद्वाचयित्वा निखिलोऽप्युदन्तो मया यथावद्विविदे त्वदीयः ॥ ७
बुद्धश्च वृत्तान्त उदारबुद्धेस्तत्रागतस्यापि च वर्णिराजः ।
अस्यास्ति वृत्तिः सकलातिमर्त्या ततो न साधारणपूरुषोऽसौ ॥ ८
श्वेतान्तरीपात्तु निरन्नमुक्तः कश्चिन्मुनीन्द्रो बदरीवनाद्वा ।
यदृच्छया वोऽन्तिकमागतः स्यादिति ध्रुवं मे प्रतिभाति चित्ते ॥ ९
अतः परं तस्य मनोनुकूला सेवा विधेया सततं भवद्भिः ।
सद्भिः समस्तैः स्वबृहद्व्रतस्य गुप्त्यै ततो योगकलाश्च शिक्ष्याः ॥ १०
नेती च धौतिर्द्विविधा च बस्तिर्नौली क्रियाः कौञ्जरिकादयश्च ।
शरीरशुध्द्यै प्रथमं तु शिक्ष्या अष्टाङ्गयोगश्च ततः क्रमेण ॥ ११
यमाश्च शिक्ष्या नियमासनानि प्राणोपयामो बहुभिः प्रकारैः ।
प्रत्याहृतिश्चेश्वरधारणा च ध्यानं समाधिश्च तदुक्तरीत्या ॥ १२

**'બ્રહ્મ'ની ઉપમા આપી છે તે તમારું બ્રહ્મચર્યવ્રત નિર્વિઘ્ને પૂર્ણ થાઓ.[૫] અત્ર ભુજનગરમાં વિરાજતા રામાનંદ એવા મારા બહુ રૂડા આશીર્વાદ સ્વીકારશો. મુક્તાનંદમુનિ આદિ તમે સર્વે 'ભગવાનની કૃપાથી અમને જે કુશળતા વર્તે છે' તે સર્વે સમાચાર જાણશો.[૬] તમે મયારામ વિપ્રની સાથે જે બે પત્રો મોકલ્યા હતા તે અમને મળ્યા છે. તે વાંચીને આપ સર્વેનું જે વૃત્તાંત હતું તે સમગ્ર વૃત્તાંત યથાર્થ મેં જાણ્યું છે.[૭] અને તમારી સમીપે આવેલા વર્ણીરાજ નીલકંઠજીનું પણ સમસ્ત વૃત્તાંત મેં જાણ્યું છે. તેની સમસ્ત વર્તન રીતિ મનુષ્યમાં સંભવી શકે તેવી નથી. તેથી તે સામાન્ય પુરુષ નથી. પરંતુ મનુષ્યધર્મમાં રહેલા તે કોઈ ઈશ્વર છે.[૮] મને એમ છે કે, હરિ ઈચ્છાએ તમારી સમીપે આવેલા તે વર્ણીરાજ શ્વેતદ્વિપધામના કોઈ નિરન્નમુક્ત હોય, અથવા બદરીકાશ્રમવાસી કોઈ મુનીન્દ્ર હોય.[૯] તે કારણથી તમે સર્વે સંતો તે નીલકંઠવર્ણીના મનને અનુકૂળ સેવા કરજો અને તેમની પાસેથી બ્રહ્મચર્યવ્રતનાં રક્ષણ માટે યોગની કળાઓ શીખજો.[૧૦] નેતી, ધોતિ, બે પ્રકારની બસ્તિ, નોળી અને કુંજર ક્રિયા આદિ યોગની સર્વે ક્રિયાઓ શરીરની શુદ્ધિમાટે પ્રથમ શીખજો અને ત્યારપછી ક્રમશઃ અષ્ટાંગયોગની પ્રક્રિયાઓ શીખજો.[૧૧] તે નીલકંઠ બ્રહ્મચારી કહે તે પ્રમાણે આસન અને બહુ પ્રકારના પ્રાણાયામો, તેમજ ઈન્દ્રિયોના પ્રત્યાહાર, ધારણા અને ભગવાનની મૂર્તિનું ધ્યાન અને સમાધિનો અભ્યાસ શીખજો.[૧૨] અષ્ટાંગયોગના અભ્યાસ વિના નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતની સિદ્ધિ**

अष्टाङ्गयोगाभ्यसनं विना तु बृहद्व्रतं सिध्यति नैव शुद्धम् ।
अतस्तदभ्यासपरैर्भवद्भिः साध्यं तदात्मव्रतरक्षणाय ।। १३
ये ब्रह्मचर्यं तु बृहत्स्वरूपं योगेन संसाध्य जितेन्द्रियाःस्युः ।
ब्रह्मात्मना कृष्णमथो भजेयुः प्रोक्तास्त एवोत्तमभक्तसंज्ञाः ।। १४
सर्वार्थदस्यास्य बृहद्व्रतस्य सम्पादितस्याप्यवनं विधेयम् ।
कामाख्यशत्रोर्वनिताप्रसङ्गं सर्वात्मना दूरत एव हित्वा ।। १५
यो ब्रह्मचर्यं परिपातुमिच्छेत्स बुद्धिपूर्वं वनिता न पश्येत् ।
स्त्रीणां कथा नो श्रृणुयाच्च वार्तास्तासां गुणान् नाप्यगुणान्वदेच्च ।। १६
गच्छेन्न योषारमणस्थलं च बालामपीक्षेत धिया न नग्नाम् ।
स्त्रीणां न चित्रं प्रतिमां च पश्येन्न च स्पृशेन्नैव लिखेच्च चित्रम् ।। १७
न नर्मवार्ताः क्वचनापि कुर्यात्स्त्रीभिर्न भाषेत च किञ्चनापि ।
स्त्रीभिः सहाध्वन्यपि नैव गच्छेन्न बोधयेत्ताः पुरुषान्तरेण ।। १८

---

થતી નથી. તેથી બ્રહ્મચયભ્વ્રતના રક્ષણ માટે અષ્ટાંગયોગના અભ્યાસપરાયણ રહી યોગસિદ્ધિનું સંપાદન કરજો.[૧૩] જે પુરુષો યોગસાધનાના માધ્યમથી સાક્ષાત્ બ્રહ્મનું સ્વરૂપ એવાં બ્રહ્મચર્યવ્રતની સિદ્ધિ મેળવી જિતેન્દ્રિય થાય છે. અને બ્રહ્મરૂપે ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરે છે. તેવા પુરુષોને જ શાસ્ત્રમાં ઉત્તમ પ્રકારના ભક્તો કહેલા છે.[૧૪] બ્રહ્મચર્યવ્રત સકલ પુરુષાર્થની સિદ્ધિ કરાવનારું હોવાથી આષ્ટાંગયોગના અભ્યાસથી સિદ્ધ કરેલા તે વ્રતનું સર્વપ્રકારે રક્ષણ કરવું. કેમ કરવું ? તો કામરૂપી શત્રુ અને સ્ત્રીઓના પ્રસંગનો સર્વપ્રકારે દૂરથી જ ત્યાગ કરવો.[૧૫]

જે ભગવદ્ભક્ત યોગી બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ કરવા ઈચ્છતો હોય તેણે જાણી જોઈને સ્ત્રીઓની સામે દષ્ટિ માંડીને ક્યારેય જોવું નહિ. સ્ત્રીસંબંધી શૃંગારિક વાતો સાંભળવી નહિ અને કરવી નહિ. સ્ત્રીઓના ગુણ અવગુણનું વર્ણન કરવું કે સાંભળવું નહિ.[૧૬] સ્ત્રીઓનાં રમણ કરવાનાં સ્થાને ત્યાગી પુરુષે જવું નહિ. નિર્વસ્ત્ર નાની બાળા હોય તો પણ જાણી જોઈને તેને જોવી નહિ. સ્ત્રીઓની કાષ્ઠાદિકની પુતળી કે ચિત્રપ્રતિમાને જોવી નહિ, અને સ્પર્શ પણ કરવો નહિ. દેવતાઓની પ્રતિમા વિના અન્ય સ્ત્રીઓની પ્રતિમા ચિતરવી નહિ.[૧૭] વળી ત્યાગી પુરુષે સ્ત્રીઓ સાથે ક્યારેય પણ હાસ્યવિનોદ કરવો નહિ. અને તેની સાથે બોલવું પણ નહિ.

स्पृशेन्न च स्त्रीपरिधार्यवस्त्रं सङ्कल्पनं तद्विषयं न कुर्यात् ।
प्राणान्तकालेऽपि न बुद्धिपूर्वं स्पृशेत्तदङ्गं त्विह कृष्णभक्तः ॥ १९
स्यात्तत्क्रिया यत्र च यत्र या या कुर्यान्न तां तामपि तत्र तत्र ।
स्त्रीभ्यश्चतुर्हस्तमितान्तरेण गच्छेत्स्वपेन्नैव गृहै सयोषे ॥ २०
इत्थं सदाचारपरस्तु योगी स्यादूर्ध्वरेता विधिमुख्यवन्द्यः ।
एतैरूपायैः स्वबृहद्व्रतं तत् कामाख्यशत्रोः परिरक्षणीयम् ॥ २१
कुर्याद्य इत्थं न स तूर्जितोऽपि योगी स्वसङ्कल्पवशः प्रसङ्गम् ।
स्त्रीणां करोत्येव ततोऽष्टमात्स्वाद्बृहद्व्रताद्भ्रष्ट उपैति दुःखम् ॥ २२
क्रोधश्च मानो मदमत्सरौ च लोभस्तथेर्ष्या विविधो रसश्च ।
एतेऽपि योगस्य भवन्ति विघ्नास्त्याज्यास्ततो योगिजनेन दूरात् ॥ २३
आहारनिद्रे विदधीत युक्ते कार्ष्णश्च योगी व्यसनं तु किञ्चित् ।
सेवेत नैवाथ सुरां च मांसं न च स्पृशेद्रोहधियं त्यजेच्च ॥ २४

માર્ગમાં સ્ત્રીઓની સાથે ત્યાગી પુરુષે ચાલવું નહિ, અન્ય પુરુષના માધ્યમ વિના સ્ત્રીઓને સાક્ષાત્ કોઇ કાર્યની પ્રેરણા કે જ્ઞાનનો ઉપદેશ ત્યાગી પુરુષે કરવો નહિ.[૧૮] સ્ત્રીઓએ અંગ ઉપર ધારણ કર્યા પછી ઉતારીને મૂકેલાં વસ્ત્રોનો પણ સ્પર્શ કરવો નહિ. સ્ત્રીસંબંધી કોઇ પણ પ્રકારના સંકલ્પો મનથી પણ કરવા નહિ. ભગવાનના ભક્ત ત્યાગી પુરુષે મોટા આપત્કાળ પડ્યા વિના સ્ત્રીઓના શરીરનો સ્પર્શ કરવો નહિ.[૧૯] તેમ જ જે સ્થાનકને વિષે સ્ત્રીઓની સ્નાનાદિક ક્રિયા થતી હોય ત્યાં તે ક્રિયાઓ ત્યાગીએ ન કરવી. અને માર્ગમાં ચાલતી વખતે સ્ત્રીઓથી ચાર હાથ દૂર ચાલવું, જે ઘરમાં સ્ત્રી હોય તે ઘરમાં શયન કરવું નહિ.[૨૦]

આ પ્રમાણેનું સદાચાર-પરાયણ જીવન જે યોગી ભક્ત જીવે છે તે ઉર્ધ્વરેતા ભક્તને બ્રહ્માદિ દેવો પણ વંદન કરે છે. તે માટે આ ઉપર કહેલા ઉપાયો દ્વારા કામરૂપી શત્રુ થકી પોતાના બ્રહ્મચર્યવ્રતનું સર્વપ્રકારે રક્ષણ કરવું.[૨૧] જે યોગી ઉપરોક્ત સદાચારનું પાલન કરતો નથી અને પોતાના સંકલ્પને વશ થઇ સ્ત્રીઓનો પ્રસંગ કરે છે તે યોગી સિદ્ધ થયો હોવા છતાં પણ સ્ત્રીના સંગે આઠમા બ્રહ્મચર્યવ્રતથી ભ્રષ્ટ થાય છે. અને વારંવાર જન્મમરણરૂપ સંસૃતિનાં દુઃખને પામે છે.[૨૨] જે યોગમાર્ગથી વ્રતનું રક્ષણ થાય છે તે માર્ગમાં ક્રોધ, માન, મદ, મત્સર, લોભ તથા ઈર્ષ્યા તેમજ અનેક પ્રકારના રસ આદિ દોષો વિઘ્ન કરનારા છે. તેથી યોગી ભક્તે તેમનો દૂરથી જ ત્યાગ કરવો.[૨૩] અને એ યોગીભક્તોએ આહાર અને નિદ્રા પણ

देहेन वाण्या मनसा स हिंसा कार्या न कस्यापि न चात्मनोऽपि ।
स्तेयं च साङ्कर्यकरं च कर्म हितार्थिना योगिजनेन वर्ज्यम् ॥ २५
एवंविधा ये पुरुषा भवेयुः स्वधर्मनिष्ठा भुवि कृष्णभक्ताः ।
प्रसन्नता तेषु सदा ममास्ति प्रेष्ठास्त एवानघ ! नन्दसूनोः ॥ २६
तस्मात्सुबुद्धे ! त्वमपि स्वकीयैः साकं सतीर्थ्यैर्मुनिनीलकण्ठात् ।
कृतादुरुत्वेन गृहाण योगं वर्तस्व धर्मेषु मयोदितेषु ॥ २७
तपःकृशस्यास्ययथोपयुक्तैः सेवा विधेयान्नजलादिभिश्च ।
वयोऽवरत्वादिह बालबुद्धिर्न क्वापि कार्या तपसां निधौ च ॥ २८
द्रागागमिष्यामि निदाघकाले राधे गते पिप्पलनाम्नि खेटे ।
तावद्भवद्भिः स तु सेवनीयो यथा न गच्छेदतिनिःस्पृहोऽसौ ॥ २९

**सुव्रत उवाच –**

पत्रोत्तरं लिखित्वेत्थं मुक्तानन्दं प्रति प्रभुः । उत्तरं नीलकण्ठस्य पत्रिकाया लिलेख सः ॥ ३०

---

**યોગ્ય પ્રમાણસર કરવાં. દ્યુતાદિ વ્યસનમાત્રનું ક્યારેય પણ આચરણ ન કરવું, સુરા અને માંસનું સેવન ન કરવું અને તેનો સ્પર્શ પણ ન કરવો. તથા જીવપ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો અને કોઈની સાથે વૈરબુદ્ધિ પણ ન કરવી.[૨૪] પોતાનું હિત ઈચ્છતા યોગીભક્તે કાયા, વાણી અને મનથી પણ કોઈ પ્રાણીની હિંસા ન કરવી, અને પોતાની પણ હિંસા ન કરવી. ચોરીનું કર્મ ન કરવું, તથા વર્ણાશ્રમ ધર્મનો ભંગ થાય તેવું કર્મ પણ ન કરવું.[૨૫] હે નિર્દોષ મુક્તમુનિ ! આ પૃથ્વી પર ઉપરોક્ત રીત પ્રમાણે જે ભગવાનના ભક્ત યોગીઓ સ્વધર્મનિષ્ઠ થાય છે તેના પર હું સદાય પ્રસન્ન રહું છું. શ્રીકૃષ્ણ ભગવાનના આવા સ્વધર્મનિષ્ઠ ભક્તો મને બહુ વહાલા લાગે છે.[૨૬] માટે હે બુદ્ધિમાન મુક્તમુનિ ! તમે પણ મારા શિષ્યવૃંદ એવા તમારા ગુરુભાઈ સંતોની સાથે શ્રીનીલકંઠવર્ણીને ગુરુપણે સ્વીકારી તેમની પાસેથી યોગની રીત શીખજો.[૨૭] તપથી કૃશ થઈ ગયેલા નીલકંઠવર્ણીની યથાયોગ્ય અન્નજળથી સેવા કરજો. તે તપોનિધિ શ્રીનીલકંઠ વર્ણી ઉંમરમાં તમારા સર્વ કરતાં નાના છે છતાં તેમને વિષે બાળકબુદ્ધિ ક્યારેય પણ ન કરશો.[૨૮] ગ્રીષ્મ ઋતુમાં વૈશાખમાસ ઉતરતાં હું પિપલાણા નામના ગામે તુરંત આવીશ, અને હું ન આવું ત્યાં સુધી નિઃસ્પૃહી તે નીલકંઠવર્ણી ક્યાંય ચાલ્યા ન જાય તેનું ધ્યાન રાખી તેની રુચિ અનુસાર સેવા કરજો.[૨૯] હે રાજન્ ! આ પ્રમાણે રામાનંદ સ્વામી મુક્તમુનિના પત્રનો ઉત્તર લખી શ્રી નીલકંઠવર્ણીના પત્રનો ઉત્તર લખવા લાગ્યા.[૩૦]**

स्वस्ति स्ताद्वर्णिराजेऽमृतनिलयमहामुक्तमुख्यातिधाम्ने ।
तीव्रैः स्वीयैस्तपोभिर्जनहृदि दधते धर्मपुत्रत्वशङ्काम् ॥
रामानन्दस्य वाच्या निगमनिगादिता आशिषो धर्मरक्षा ।
बह्व्यस्तेन त्वयातिप्रमुदितमुनिना श्रेयसे नीलकण्ठ ! ॥ ३१
पत्रं प्राप्तं त्वदीयं तदुदितमखिलं बुद्धमेवास्ति वृत्तं ।
देहाचारस्तपस्ते त्विह हि कलियुगे दुश्चरो मर्त्यधर्मैः ॥
वैराग्यं ज्ञानभक्ती दृढतरनियमा धर्मनिष्ठा च शान्तिरे ।
तत्प्राग्जन्मसिद्धं ह्यधिगतमिह तद्विस्मयो नात्र कार्यः ॥ ३२
ध्याने यादृशमेव पश्यसि सदा कृष्णोऽस्ति तादृक्तत- ।
स्त्वं तद्ध्यानपरश्च सत्सु निवसन्कुर्याः प्रतीक्षां मम ॥
ग्रामे पिप्पलनाम्नि राधविरतौ युष्मत्प्रियाय द्रुतं ।
ह्यायास्याम्यहमेव तत्र भवताऽऽगम्यं च सद्भिः सह ॥ ३३

હે નીલકંઠ વર્ણિરાજ ! તમારું કલ્યાણ થાઓ. તમે શ્વેતદ્વિપધામવાસી નિરન્નમુક્તોમાં મુખ્ય એવા મહામુક્ત જેવા તેજસ્વી જણાઓ છો. પોતાની તીવ્ર તપશ્ચર્યાથી મનુષ્યોના અંતરમાં બદરિકાશ્રમવાસી ધર્મપુત્ર સાક્ષાત્ નારાયણઋષિ હો ને શું ? એવી શંકા ઉત્પન્ન કરો છો. આવા મહાન તથા મુક્તમુનિ વિગેરે સંતમંડળને બહુ જ આનંદ ઉપજાવનારા તમને મારા ધર્મની રક્ષા કરનારા તથા વેદાદિ સત્શાસ્ત્ર સંમત બહુજ રૂડા આશીર્વાદ છે.[૩૧]

તમારો પત્ર મળ્યો. તેમાં જણાવેલું તમારું સમગ્ર વૃત્તાંત મેં જાણ્યું. તમારા દેહની સ્થિતિ પણ મેં જાણી. તમારું તપ આ કળિયુગના મનુષ્યોથી ન થઈ શકે તેવું દુષ્કર છે. તમારો વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ, નિયમપાલનની દૃઢતા, ધર્મ પાલનમાં નિષ્ઠા અને શાંતિ આદિ સદ્‌ગુણો પૂર્વ જન્મમાં સિદ્ધ કરેલા હોવાથી આટલી નાની ઉંમરમાં આ જન્મમાં સહજ પણે વર્તે છે. તેથી તેમાં કાંઈ આશ્ચર્ય ન કરવું, અને અમને પણ નથી.[૩૨] ધ્યાનમાં તમે જેવા ભગવાન શ્રીકૃષ્ણનાં નિત્ય દર્શન કરો છો, તે શ્રીકૃષ્ણ તેવા જ છે. તેથી તેમના ધ્યાનપરાયણ થઈ મુક્તાનંદ આદિ સંતોની પાસે નિવાસ કરીને રહો, અને મારા આવવાની પ્રતીક્ષા કરો, હું વૈશાખમાસ ઉતરતાં તમારા સર્વેની પ્રસન્નતા માટે તત્કાળ પીપલાણા ગામે આવીશ, તમે મુક્તાનંદ આદિ સર્વે સંતોની સાથે ત્યાં આવજો.[૩૩] તમને મારાં દર્શનની અતિશયે ઉત્કંઠા વર્તે છે, તેમાં શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શનરૂપ કારણને હું જાણું છું. પરંતુ અત્યારે

मद्वीक्षोत्सुकतास्ति तेऽतिशयिता जानामि तत्कारणं ।
मार्गः साम्प्रतमस्ति दुर्गमतरः कङ्कादिधाटीभयात् ॥
नागन्तव्यमिहात एव भवता मय्यस्ति चेदिज्यधी- ।
स्तर्ह्येतन्मम मानयंश्च वचनं योगं सतः शिक्षयेः ॥ ३४
औत्सुक्यं भवतो मदीक्षणकृते यादृग्भवत्यन्तरे ।
तादृग्मेऽपि तवेक्षणाय भवतीत्येवं त्वया बुद्ध्यताम् ॥
आयास्यामि ततो द्रुतं च भवता स्थेयं स्वधर्मे सदा ।
त्वादृग्धार्मिकभक्तसङ्गममहं याचे यशोदासुतात् ॥ ३५
ये स्युर्धर्मपरायणा भुवि जनास्तेऽतिप्रियाः सन्ति मे ।
तेषां दूरगतो न कर्हिचिदहं तल्लग्नचित्तत्वतः ॥
सन्तास्त्वादृश एव मे बहुमता यत्पादवारि ध्रुवं ।
तीर्थेभ्योऽपि नृणां विशुद्धिमधिकां स्पृष्टं विधत्ते द्रुतम् ॥ ३६
भोजयन्ति भुवि पूजयन्ति वा ये तु साधुपुरुषान्भवादृशान् ।
तैश्चराचरमिदं सदैवतं पूजितं च बहुधा सुभोजितम् ॥ ३७

માર્ગમાં કાઠી, મીયાણા આદિ ધાડપાડુઓનો ભય વર્તે છે, તેથી અહીં આવવું દુષ્કર છે. માટે તમારે ભુજનગર ન આવવું. જો તમને મારાંમાં પૂજ્ય બુદ્ધિ વર્તતી હોય તો મારાં વચનને આદરપૂર્વક સ્વીકારજો. અને ત્યાં જ રહી સંતોને યોગનો અભ્યાસ કરાવજો.[૩૪] હે વર્ણીરાજ ! આપના અંતરમાં મારાં દર્શનની જેવી ઉત્કંઠા વર્તે છે તેવી જ મારા અંતરમાં પણ તમારાં દર્શનની ઉત્કંઠા વર્તે છે. એમ તમે નિશ્ચે જાણજો અને તેથી હું તત્કાળ ત્યાં આવીશ, અને વળી તમે નિરંતર સ્વધર્મનું પાલન કરજો. યશોદાનંદન ભગવાન શ્રીકૃષ્ણના ચરણમાં મારી એજ પ્રાર્થના છે કે, તમારા જેવા ધાર્મિક ભગવાનના ભક્તનો સમાગમ હર હમેશ મને પ્રાપ્ત થાય.[૩૫]

આ પૃથ્વી ઉપર જે મનુષ્યો ધર્મ પરાયણ જીવન જીવે છે તે મને અતિશયે વ્હાલા લાગે છે. એકાંતિક ધર્મમાં આસક્ત એવા પુરુષોથી હું અણુ માત્ર પણ દૂર નથી. તેમાં આપના જેવા સંત તો મારે મન બહુ બહુ પૂજનીય છે. આપના જેવા સત્પુરુષોનું ચરણોદક તો ગંગાદિક તીર્થોનાં જળ કરતાં પણ સ્પર્શ કરનારા મનુષ્યોને તત્કાળ અધિક પાવન કરનારું છે.[૩૬] આ પૃથ્વી ઉપર જે મનુષ્યો આપના જેવા એકાંતિક સંત પુરુષોને જમાડે છે અને પૂજન કરે છે. તે જનોને બ્રહ્માદિ દેવતાઓ સહિત ચરાચર આ સમગ્ર જગતને અનેક વાર જમાડ્યાનું અને પૂજન કર્યાનું

प्रीतिरस्ति मम सत्सु यादृशी तादृशी तु न निजेऽपि चात्मनि ।
सन्त एव हृदयं भवन्ति मे कृष्णभक्तिरसिकाश्च धार्मिकाः ॥ ३८
खेदितव्यमत एव न त्वया वीक्षणाय मम यत्समागमः ।
आवयोर्झटिति सम्भविष्यति ग्राम एव ननु पिप्पलाह्वये ॥ ३९
आगमोऽत्र भवता विनाज्ञया नैव कार्य इति मेऽनुशासनम् ।
स्वेच्छयैव यदि वागमिष्यसि प्राप्स्यसे न हि सुखं तदेप्सितम् ॥ ४०
दर्शनप्रियतया मम त्वया मन्निदेशमतिलङ्घ्य सर्वथा ।
नागमोऽत्र तु विधेय आदरः सत्सुकार्य उरुधा मदात्मसु ॥ ४१
क्षीणमेव नितरां वपुर्निजं येन चोग्रतपसा क्षयं व्रजेत् ।
तादृशं तु न तदाचरेः पुनर्धर्मसाधनमिहास्ति यद्वपुः ॥ ४२
पातितेऽतितपसातिदुर्बले दुर्लभे नरकलेवरे पुनः ।
ज्ञानभक्तितपसां न जायते साधनं च निजधर्मवर्त्मनः ॥ ४३
तात! मद्वचनतो निजं वपुः पोषयेर्मम हिताय सर्वथा ।
भूरि कार्यमपि मामकं त्वया साधनीयमिह वर्तते यतः ॥ ४४

---

પુણ્ય મળે છે.[૩૭] હે વર્ણી ! તમારા જેવા સત્ પુરુષમાં મને જેવી પ્રીતિ છે તેવી પ્રીતિ તો મારા દેહમાં કે આત્મામાં પણ મને નથી. કારણ કે શ્રીકૃષ્ણ ભગવાનની નવધા ભક્તિનો રસ માણનારા ધાર્મિક સંતપુરુષો છે, તે જ મારું હૃદય છે. એથી તમારે મારે દર્શન માટે ખેદ ન કરવો. કારણ કે ટૂંક સમયમાં જ પીપલાણા ગામે આપણ બન્નેનું નિશ્ચે મિલન થશે.[૩૮-૩૯] તમારે મારી આજ્ઞા વિના અહીં ભુજનગર આવવું નહીં. એવો મારો આદેશ છે. અને જો સ્વેચ્છાથી આવશો તો મનમાં ઈચ્છેલું સુખ તમને કદી પ્રાપ્ત નહી થાય.[૪૦] મારાં દર્શનના પ્રેમમાં પણ તમારે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી મારી સમીપે સર્વથા આવવું નહી અને મારા આત્મસ્વરૂપ જેવા તથા મને પ્રિય મુક્તાનંદ આદિ સંતોમાં આદરભાવ રાખવો.[૪૧]

અત્યંત ક્ષીણ થયેલું તમારું શરીર જેવી રીતે તીવ્ર તપશ્ચર્યા કરવાથી વધુ ક્ષીણ થાય તેવી રીતની તીવ્ર તપશ્ચર્યા હવે ન કરશો. કારણ કે આલોકમાં શરીર છે તે જ ધર્મસિદ્ધિનું અને ભગવદ્ પ્રસન્નતાનું સાધન છે. ભગવાનની કૃપા વિના માનવ શરીર મળવું અતિ દુર્લભ છે. અને એ શરીરને તીવ્ર તપશ્ચર્યા કરી બહુ દુર્બળ કરી પ્રાણરહિત કરે તો ફરી તેને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને તપનું સંપાદન થઈ શક્તું નથી. તેમ જ પોતાના ધર્મમાર્ગની સિદ્ધિ પણ થતી નથી.[૪૨-૪૩] માટે હે તાત ! મારું

सुव्रत उवाच -

लिखित्वा पत्रिकामित्थं रामानन्दमुनिर्नृप ! । मुद्रयित्वा ददौ तस्मै मयरामाग्रजन्मने ॥ ४५
गृहीत्वोत्तरपत्रीं तां स च विप्रवरः पुनः । प्रायाल्लोजपुरं तूर्णं सप्तमेह्नि तदाप च ॥ ४६
तत्र पत्रं स तत् प्रादान्मुक्तानन्दाय वाडवः । सोऽपि साकं वर्णिनैव वाचयामास तन्मुनिः ॥ ४७
स्वामिनो मानयन्नाज्ञां तत्रोवास ततो हरिः । अशिक्षन्त मुदा सन्तस्तस्माद्योगकलाश्च ते ॥ ४८
स शिक्षयामास यथोपदेशं तान् योगमष्टाङ्गमशेषमेव ।
तेऽप्यल्पकालेन गुरोः प्रसादात्तस्यैव तत्सिद्धदशामवापुः ॥ ४९

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे रामानन्दलिखितपत्रिकानिरूपणनामा पञ्चपञ्चाशत्तमोऽध्यायः ॥ ५५ ॥*

---

વચન માની તમારા માટે નહિ પણ મારા માટે તમારાં શરીરનું પોષણ કરવું. કારણ કે હે વર્ણીરાજ ! આ લોકમાં મારે તમારી પાસેથી ઘણાં બધાં ધર્મ કાર્યો સિદ્ધ કરાવવાનાં છે. અસ્તુ અત્ર ભુજનગરથી રામાનંદ સ્વામીના જય શ્રીકૃષ્ણ.[૪૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! રામાનંદ સ્વામીએ આ પ્રમાણે પત્રો લખી કવરમાં બીડી સરનામું કરી વિપ્રવર્ય મયારામ ભટ્ટના હાથમાં આપ્યા.[૪૫] વિપ્રવર્ય તે ઉત્તર પત્રિકાઓ લઈ ફરી તત્કાળ સાતમે દિવસે લોજપુર પાછા પધાર્યા અને મુક્તાનંદ સ્વામીના હાથમાં તે પત્રિકાઓ અર્પણ કરી, ત્યારે મુક્તાનંદ સ્વામી પણ નીલકંઠ વર્ણીને સાથે રાખી તેનું વાંચન કર્યું.[૪૬-૪૭] પત્રો વાંચ્યા પછી શ્રીહરિએ રામાનંદ સ્વામીની આજ્ઞાઓનો સ્વીકાર કર્યો, અને ત્યાં જ નિવાસ કરીને રહ્યા. સ્વામીની આજ્ઞા પ્રમાણે સર્વે સંતો નીલકંઠ વર્ણીની પાસેથી હર્ષપૂર્વક સમસ્ત યોગની કળાઓ શીખવા લાગ્યા.[૪૮] અને ભગવાન શ્રીહરિ પણ સ્વામીના આદેશને અનુસારે તે મુક્તાનંદ આદિ સર્વે સંતોને સમગ્ર અષ્ટાંગ યોગનું શિક્ષણ આપવા લાગ્યા. ઉપદેષ્ટા ગુરુ ભગવાન શ્રીહરિની કૃપાથી અલ્પ કાળમાં જ તે સર્વે સંતો યોગકળાની સિદ્ધદશાને પામ્યા.[૪૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં રામાનંદ સ્વામીએ ભુજથી પત્રોના પ્રત્યુત્તર લખ્યાનું નિરૂપણ કર્યું એ નામે પંચાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૫--***

---

॥ षट्पञ्चाशत्तमोऽध्यायः ॥

सुव्रत उवाच -

वर्णिनो वसतस्तस्य योगं शिक्षयतः सतः । तपस्यतो व्यतीयाय तत्र मासस्तु माधवः ॥ १
अद्य श्वो वा परश्वो वा नूनमायास्यति प्रभुः । इति चिन्तयतस्तस्य शुक्रमासार्धमप्यगात् ॥ २
ततोऽतिव्याकुलो वर्णी तपश्चिन्तातिकर्शितः । तदागमप्रतीक्षार्तिः स्वास्थ्यं न प्राप किञ्चन ॥ ३
अथ सोऽपि सतां स्वामी तद्दिदृक्षाहृतान्तरः । भक्तैः कतिपयैः साकमहिपुर्या विनिर्ययौ ॥ ४
रथं महान्तमारूढो हेमरत्नपरिच्छदम् । पङ्क्तिशः संस्थितान् पौरान्पश्यन्मधुरया दृशा ॥ ५
सोऽनुयातः पूजिताश्च पौरैः साश्रुबिलोचनैः । भक्तानानन्दयन्मार्गे पिप्पलग्राममाययौ ॥ ६
नरसिंहाख्यविप्रस्य स्वभक्तस्य स मन्दिरे । तत्र व्यराजद्भगवान्पूज्यमानो निजैर्जनैः ॥ ७

---

## અધ્યાય - ૫૬

## રામાનંદ સ્વામી કચ્છ-ભુજ્થી નીકળી પીપલાણા ગામે પધાર્યા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! નીલકંઠવર્ણી લોજપુરમાં નિવાસ કરી મુક્તાનંદાદિ સંતોને યોગની કળાઓ શીખવતા, તપશ્ચર્યા કરતા હતા. તેવામાં વૈશાખ માસ પૂર્ણ થયો.[૧] રામાનંદ સ્વામી આજે, કાલે કે પરમ દિવસે તો ચોક્કસ આવશે. આમ પ્રતિક્ષણ નીલકંઠવર્ણી રાહ જોયા કરતા હતા. તેવામાં અર્ધો જેઠ માસ પણ વીતી ગયો.[૨] શ્રીસ્વામીના આગમનની પ્રતીક્ષામાં દુઃખી થતા ભગવાન શ્રીવર્ણીરાજને ક્યાંય સુખ પડતું ન હતું, અને તેથી તે અતિશય આકુળવ્યાકુળ થતા હતા, એક તીવ્રતપ અને બીજી ચિંતાના કારણે વર્ણીરાજનું શરીર અતિશય કૃશ થવા લાગ્યું.[૩]

હે રાજન્ ! આ બાજુ ભુજનગરમાં વિરાજમાન સંતોના સ્વામી શ્રી રામાનંદ સ્વામીનું પણ અંતર શ્રીનીલકંઠ બ્રહ્મચારીનાં દર્શન કરવાની ઈચ્છાથી ખેંચાવા લાગ્યું, તેથી કેટલાક ભક્તજનોની સાથે સ્વામી ભુજનગરથી ચાલી નીકળ્યા.[૪] સમસ્ત ઉપકરણોએ યુક્ત રત્નજડિત સુવર્ણના રથ ઉપર સ્વામી વિરાજમાન થયા, તે સમયે પોતાનાં દર્શન માટે આવીને પંક્તિબદ્ધ ઊભેલા નગરવાસી ભક્તજનો ઉપર પોતાની સ્નેહભરી દૃષ્ટિનો પ્રેમવર્ષા વરસાવી રહ્યા હતા.[૫] આંખમાં શોકનાં આંસુ સાથે સર્વે ભક્તજનોએ સ્વામીનું પૂજન કર્યું, અને

ततः कुमारजित्संज्ञं दूतं लोजपुरं प्रति । प्राहिणोत्सोऽखिलान्भक्तांस्तत्राकारयितुं निजान् ॥ ८
तस्मिन्नेव दिने शीघ्रं स लोजपुरमेत्य तान् । प्राह श्रीस्वामिना यूयमाहूताः स्थेति दौत्यकृत् ॥ ९
श्रुत्वाऽमृतायमानं तद्वचस्तेऽतिमुदं ययुः । अद्यैव चलतेत्याह नीलकण्ठस्तदा वचः ॥ १०
ततो विचार्य ते सन्तः सर्वे निशि विधूदये । प्रययुः पिप्पलग्रामं स्वगुरोर्दर्शनोत्सुकाः ॥ ११
मुक्तानन्दमुखाः सन्तो भक्तवर्यश्च पर्वतः । देवानन्दः परिव्राट् च भक्ता ज्येष्ठादयस्तथा ॥ १२
स्वप्रेष्ठदर्शनौत्सुक्यसमाकृष्टान्तरास्तु ते । विचेलुः सत्वरं मार्गे तं लक्षीकृत्य खेटकम् ॥ १३
अतिकार्श्याच्छरीरस्य नीलकण्ठस्तु वर्त्मनि । शीघ्राञ्चनश्वासपूर्णहृदयो न्यपतत्क्षितौ ॥ १४
किञ्चिद्यात्वाऽग्रतः पश्चात्तं पश्यन्तोऽग्रगामिनः । ते सन्तः पतितं दृष्ट्वा तदन्तिकमुपाययुः ॥ १५

---

સ્વામીને વળાવવા રથની પાછળ પાછળ ચાલ્યા. પછી સ્વામીએ તેઓને સમજાવી પાછા વાળ્યા અને માર્ગમાં ભક્તજનોને આનંદ ઉપજાવતા થકા પીપલાણા ગામે પધાર્યા.[૬] ત્યાં પોતાના ભક્તરાજ શ્રી નરસિંહ મહેતાના ભવનમાં શ્રીરામાનંદ સ્વામીએ ઉતારો કર્યો અને તે સમયે સમગ્ર પુરવાસી ભક્તજનો આવી સ્વામીનું સ્વાગત પૂજન કર્યું.[૭] પછી શ્રીરામાનંદ સ્વામીએ લોજપુરથી મુક્તાનંદાદિ સમસ્ત પોતાના શિષ્યસમુદાયને બોલાવી લાવવા માટે કુંવરજી નામના બ્રાહ્મણને ત્યાં મોકલ્યા.[૮] તે જ દિવસે તે તત્કાળ લોજપુરમાં પહોંચી સમાચાર આપ્યા કે, શ્રીરામાનંદ સ્વામી તમને સર્વેને પીપલાણા ગામે બોલાવ્યા છે. તે સમયે દૂત કુંવરજી વિપ્રનાં વચન સાંભળી મુક્તાનંદ આદિ સર્વે સંતો અત્યંત હર્ષ પામ્યા અને નીલકંઠવર્ણી તો તે જ ક્ષણે મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા કે આપણે આજે જ ગુરુનાં દર્શન કરવા જઈશું.[૯-૧૦] આટલા સંતો મઠની સેવામાં અહીં રહે અને આટલા સાથે ચાલે, આવો નિર્ણય કરી મુક્તાનંદ સ્વામી, નીલકંઠવર્ણી આદિ સર્વે સંતો ચંદ્રોદય થતાં રાત્રે પીપલાણા ગામ તરફ ચાલવા લાગ્યા.[૧૧] સર્વેના અંતરમાં પોતાના ગુરુનાં દર્શનની અતિ ઉત્કંઠા હતી. તેથી મુક્તાનંદ સ્વામી આદિ સંતો અને ભક્તરાજ પર્વતભાઈ, દેવાનંદ સન્યાસી અને વણિક જેઠાભાઈ આદિ સર્વેનાં અંતર પોતાના પ્રાણપ્રિય ગુરુવર્યનાં દર્શનની ઉત્કંઠાથી ખેંચાયાં હોવાથી તેઓ એક પીપલાણા ગામનું લક્ષ્ય રાખી માર્ગમાં ઉતાવળી ગતિએ ચાલતા હતા.[૧૨-૧૩] તેવી જ રીતે વર્ણીરાજ શ્રીનીલકંઠજી પણ ઉતાવળી ગતિએ ચાલતા હતા. પરંતુ તપથી શરીર અતિ કુશ થયું હોવાથી અને ચાલવાના પરિશ્રમનાં કારણે તેમનું હૃદય શ્વાસથી ભરાઈ આવ્યું અને માર્ગમાં જ તે ધરણી ઉપર ઢળી પડ્યા.[૧૪]

पादसंवाहनं चक्रुस्तस्य ते च शनैः शनैः । किञ्चिदाश्वस्तमालोक्य प्रोचुस्ते वर्णिनं वचः ॥ १६
दिनेऽत्रैवास्ति गन्तव्यः पिप्पलग्राम आशु नः । आश्रयातस्त्वममलामात्मनो योगधारणाम् ॥ १७
तद्बलेनाध्वनः पारं यास्यस्येव न चान्यथा । इत्युक्तः स तथा चक्रे चचाल पथि सत्वरम् ॥ १८
भगवन्तं हृदि ध्यायन् धनुर्मुक्तः शरो यथा । स विस्मृतवपुस्तूर्णं सर्वेषामग्रतोऽचलत् ॥ १९
सन्तस्तमनुधावन्तोऽप्यवापुर्नैव शीघ्रगम् । प्रापुरोजस्वतीसंज्ञां नदीं सर्वेऽपि ते द्रुताः ॥ २०
दक्षिणे पिप्पलग्रामाद्वहन्तीं कलुषोदकाम् । वृष्ट्याम्बुपूरितां भीमकल्लोलामति दुस्तराम् ॥ २१
वर्णिराट् तां समुत्तीर्य सहसैव परं तटम् । अनाकृष्टस्तरङ्गौघैः प्राप सन्मुखवर्त्मना ॥ २२
अर्वाच्येव तटे तस्थुर्भक्ताः सर्वे तरङ्गिणीम् । नाव्यां भीमां च पश्यन्तो विदित्वा दुस्तरां च ताम् ।२३

મુક્તાનંદ સ્વામી આદિ સંતો શ્રીહરિની આગળ આગળ ઉતાવળી ગતિએ ચાલતા હતા. થોડા આગળ ચાલ્યા પછી જ્યાં પાછું વળીને જોયું તો નીલકંઠવર્ણીને પૃથ્વી પર ઢળી પડેલા જોયા, તેથી તત્કાળ પાછા દોડી તેમની સમીપે આવ્યા અને ધીરે ધીરે નીલકંઠવર્ણીની પગચંપી કરવા લાગ્યા. ત્યારપછી થોડા સ્વસ્થ થયેલા વર્ણિરાજને મુક્તાનંદ સ્વામી આદિ સંતો કહેવા લાગ્યા કે, આપણે આજે જ ઉતાવળથી પીપલાણા ગામે પહોંચવાનું છે. તેથી તમે તમારી વિશુદ્ધ યોગધારણાનો આશ્રય કરો.[૧૫-૧૭] યોગધારણાના બળથી પંથ પાર કરી શકાશે. બીજો કોઈ ઉપાય નથી. હે રાજન્ ! આ પ્રમાણે સંતોએ કહ્યું તેથી વર્ણિરાજે યોગધારણાનો આશ્રય કર્યો અને માર્ગમાં સર્વેથી ઉતાવળી ગતિએ ચાલવા લાગ્યા.[૧૮]

બ્રહ્માત્મભાવે ભગવાન શ્રીકૃષ્ણનું પોતાના હૃદયમાં ચિંતવન કરતા વર્ણિરાજ શ્રીહરિ શરીરનું ભાન ભૂલી ધનુષમાંથી છૂટેલા તીરની પેઠે ઉતાવળી ગતિએ સર્વે સંતોની આગળ ચાલવા લાગ્યા.[૧૯] મુક્તાનંદ સ્વામી આદિ સંતો ઉતાવળી ગતિએ ચાલતા વર્ણિરાજની પાછળ પાછળ દોડતા આવતા હતા, છતાં પણ તેમને પહોંચી શક્યા નહિ. આ રીતે ઉતાવળી ગતિએ ચાલતા તે સર્વે ઓજસ્વતી નદીને કિનારે પહોંચ્યા.[૨૦] પીપલાણા ગામથી દક્ષિણ દિશા તરફ વહેતી તે ઓજસ્વતી નદીનું જળ વરસાદ પડ્યો હોવાથી ડહોળું અને ખૂબજ પૂર આવ્યું હોઈ બે કાંઠા લઈને વહેતી નદીમાં ભયંકર તરંગો ઉછળતા હતા.[૨૧] કુશળ તરવૈયાઓથી પણ ન તરી શકાય તેવી તે નદી દુસ્તર હતી. છતાં પણ વર્ણિરાજ શ્રીહરિ તરંગોના સમૂહથી ખેંચાયા વગર સરળતાથી સામે પૂરે તરતા નદીને સામે કિનારે પહોંચ્યા.[૨૨]

महताऽथ प्रयासेन कोलमाश्रित्य तेऽखिलाः । तामुत्तीर्य समेत्यामुं पिप्पलग्राममाविशन् ॥ २४
ज्येष्ठकृष्णद्वादशिकादिने पूर्वाह्ण एव ते । नरसिंहद्विजगृहे ददृशुः स्वामिनं निजम् ॥ २५
गौराङ्गं पुष्टमूर्ति सितवसनधरं स्वास्यमाजानुबाहुं ।
पद्माक्षं मन्दहासं निजजननिकरैश्चन्दनैः पुष्पहारैः ॥
भक्त्या सम्पूज्यमानं सदसि च वितते दिव्यसिंहासनस्थं ।
स्वीयानानन्दयन्तं परमसुखनिधिस्वामिनं ते प्रणेमुः ॥ २६
वर्णिराजं विलोक्याऽऽशु यावदुत्तिष्ठति प्रभुः । साष्टङ्गं प्रणनामासौ तावद्भक्तोत्तमः स तु ॥ २७
तमुत्थाप्य स बाहुभ्यां परिरभ्य निजान्तिके । उपावेशयदन्यांश्च प्रणतान्सममानयत् ॥ २८

---

મુક્તાનંદ સ્વામી આદિ સંતો-ભક્તોએ ઊછળતા તરંગોવાળી નદીને જોઈને વિચાર્યું કે, આ નદી નાવ વિના તરવી કઠિન છે, તેથી કિનારે બેસી રહ્યા. પછી લાકડાંના તરાપા ઉપર બેસી બહુ મોટા પ્રયાસથી તે ઓજસ્વતીને પાર કરી સામે કિનારે બેઠેલા વર્ણીરાજ શ્રીનીલકંઠજીની પાસે પહોંચ્યા અને સૌ સાથે મળીને પિપલાણા ગામમાં પ્રવેશ કર્યો.[૨૩-૨૪]

**શ્રીરામાનંદ સ્વામી અને શ્રીનીલકંઠવર્ણીનો પ્રથમ મેળાપ :-** હે રાજન્ ! મુક્તાનંદ સ્વામી અને નીલકંઠવર્ણી આદિ સર્વે સંતો તથા ભક્તોએ સંવત ૧૮૫૬ ના જેઠ વદ બારસના દિવસે બપોર પહેલાંના સમયે નરસિંહ મહેતા નામના બ્રાહ્મણને ઘેર વિરાજમાન સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં.[૨૫] શ્રીસ્વામી શરીરે ગૌરવર્ણના અને હૃષ્ટપુષ્ટ હતા. તેમણે શ્વેતવસ્ત્રો ધારણ કર્યાં હતાં. તેમનું સુંદર મુખકમળ અને જાનુપર્યંત લાંબી બન્ને ભુજાઓ શોભી રહી હતી. ખીલેલા કમળની પાંખડી જેવાં સુંદર નેત્રો અને મંદમંદ મુખહાસ મનમોહક હતાં. પોતાના ભક્તજનોના સમૂહોએ ચંદન અને પુષ્પહાર વગેરે પૂજાના દ્રવ્યોથી પ્રેમપૂર્વક તેમનું પૂજન કર્યું હતું. વિશાળ સભાખંડમાં દિવ્ય સિંહાસન ઉપર બેસી પોતાના ભક્તજનોને આનંદ ઉપજાવતા હતા. આવા પરમ સુખના સિંધુ શ્રીસ્વામીના ચરણકમળમાં મુક્તાનંદ આદિ સર્વે સંતો અને ભક્તો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૨૬] સામે વર્ણીરાજ શ્રીનીલકંઠ બ્રહ્મચારીને જોઈ શ્રીરામાનંદ સ્વામી જ્યાં પોતાના આસન ઉપરથી ઊભા થવા લાગ્યા ત્યાં જ ભક્તોમાં ઉત્તમ વર્ણીરાજ શ્રીનીલકંઠ બ્રહ્મચારી ઘણાંક દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૨૭] ત્યારે રામાનંદ સ્વામી બન્ને હાથે વર્ણીને ઉભા કરી પ્રેમથી ગાઢ આલિંગન આપી ભેટ્યા અને

वर्णीन्द्रः स्वामिनं दृष्ट्वा श्रुतं सद्भ्यो यथा तथा । निर्वृतं परमामाप प्रेमाश्रुः पुलकाञ्चितः ॥ २९
निमेषहीनया दृष्ट्या पश्यन्तं स्वेक्षणे हरिम् । तादृश्यैव दृशाऽपश्यन्मुहूर्तद्वितयं स च ॥ ३०
प्राग्देहभानहीनं च ततः स्वस्थं तमादरात् । पश्यन् पप्रच्छ स स्वामी स्वागतादि यथोचितम् ॥ ३१
मुक्तानन्दः कथितवांस्तद्वृत्तान्तमशेषतः । यथा ज्ञातं तदा स्वामी वर्णिनं प्रशशंस तम् ॥ ३२
प्रेम्णा गद्गदकण्ठेन स्तुत्वा तं वर्णिराडपि । प्राहाद्य सफलो जातो मन्मनोरथपादपः ॥ ३३
साक्षाच्छ्रीकृष्णचन्द्रस्य भुवि भक्तिप्रवर्तकम् । त्वां प्राप्याद्य कृतार्थोऽस्मि नृजन्म फलितं मम ॥ ३४
प्रसन्नः कारयामास ततस्तस्य च तत्सताम् । यथोचितं स आतिथ्यं सत्फलैः पय आदिभिः ॥ ३५

---

હર્ષપૂર્વક પોતાની સમીપમાં જ બેસાડ્યા. પછી દંડવત પ્રણામ કરી રહેલા મુક્તાનંદ સ્વામી આદિ સર્વેને યથાયોગ્ય માન આપી બેસાડ્યા.[૨૮]

હે રાજન્ ! પૂર્વે મુક્તાનંદ સ્વામી આદિ સંતો પાસેથી જેવું સ્વામીનું વર્ણન સાંભળ્યું હતું તેવા જ સ્વરૂપમાં સ્વામીનાં દર્શન કરી વર્ણીરાજ રોમાંચિતગાત્ર થયા, તથા આંખોમાંથી પ્રેમનાં અશ્રુઓ વહેવા લાગ્યાં અને પરમ શાંતિને પામ્યા.[૨૯] નિર્નિમેષ પોતાનું દર્શન કરી રહેલા ભગવાન શ્રીહરિના મુખારવિંદનું તે જ રીતે દર્શન કરતા શ્રીરામાનંદ સ્વામી ચારઘડી પર્યંત એમને એમ સામે જોઈ જ રહ્યા.[૩૦] શ્રીરામાનંદ સ્વામીના મુખારવિંદની સામે દષ્ટિ કરતાં પ્રથમ ક્ષણે જ દેહભાન ભૂલેલા પ્રેમાતુર નીલકંઠવર્ણી થોડીવાર પછી જ્યારે સ્વસ્થ થયા ત્યારે શ્રીરામાનંદ સ્વામી તેમને યથા યોગ્ય કુશળ સમાચાર પૂછવા લાગ્યા.[૩૧]

હે રાજન્ ! તે સમયે મુક્તાનંદસ્વામીએ નીલકંઠવર્ણીનું પોતે અનુભવેલું સમગ્ર વૃત્તાંત સભામાં કહી સંભળાવ્યું. તે સાંભળી રામાનંદ સ્વામી શ્રીનીલકંઠવર્ણીની મુક્તકંઠે પ્રશંસા કરવા લાગ્યા.[૩૨] અને નીલકંઠવર્ણી પણ પ્રેમથી ગળગળા થઈ શ્રીરામાનંદસ્વામીની સ્તુતિ કરી કહેવા લાગ્યા કે, હે સ્વામી ! આજ મારા મનોરથરૂપી વૃક્ષમાં અમૃત જેવાં મીઠાં ફળો લાગ્યાં, તેથી આ વૃક્ષ સફળ થયું. આ પૃથ્વી ઉપર સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની એકાંતિકી ભક્તિનું પ્રવર્તન કરનારા આપનાં પ્રત્યક્ષ મિલનથી અત્યારે હું કૃતાર્થ થયો છું અને મારો જન્મ પણ સફળ થયો.[૩૩-૩૪] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તે સમયે અતિશય ખુશ થઈ રામાનંદસ્વામીએ તે દિવસે અધિક સુદ બારસ હોવાથી વૈષ્ણવો માટે તે દિવસે એકાદશીવ્રત કરવાનું હોઈ ખજૂર, દ્રાક્ષ આદિ અનંત સુંદર ફળો અને દૂધ વિગેરેથી મુક્તાનંદસ્વામી આદિ સમસ્ત સંતો ભક્તોનો યથાયોગ્ય આતિથ્ય સત્કાર કર્યો.[૩૫]

प्रेमनिभृतविलोचनाब्जयोः सिद्धयोरमृतसारवाचयोः ।
वर्णिराजमुनिराजयोस्तदा योग आप जनदर्शनीयताम् ॥ ३६ ॥

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे रामानन्दस्वामिसमागमनामा षट्पञ्चाशत्तमोऽध्यायः ॥ ५६ ॥*

---

**॥ सप्तपञ्चाशत्तमोऽध्यायः ॥**

**सुव्रत उवाच -**

स्नात्वा स्वामी प्रदोषेऽथ राधिकाधीशपूजनम् । उपचारैर्महद्भिश्च यथाविधि चकार सः ॥ १
एकादश्या जागरणं ततः कुर्वन्निजैः सह । स्वामी पुनरपृच्छत्तं तज्जन्मस्थानमादितः ॥ २

---

**પૃથ્વીના ઈતિહાસનું પ્રથમ અદ્‌ભૂત દૃશ્ય :–** હે રાજન્ ! વર્ણિરાજ શ્રીનીલકંઠવર્ણી અને મુનિરાજ શ્રીરામાનંદ સ્વામીનું જે પ્રથમ દિવ્ય મિલન થયું તે જોનારા સર્વ કોઈ જનોને અતિશય આનંદ ઉપજાવે તેવું અદ્‌ભૂત હતું. પરસ્પર જોઈ રહેલા બન્નેના નેત્ર કમળમાંથી પ્રેમનાં અશ્રુઓ વહેતાં હોય, બન્ને સિદ્ધદશાને પામેલા સમાન સિદ્ધયોગી પુરુષો હોય, કલ્પી ન શકાય તેટલાં મીઠાં મધુર પરસ્પર મુખમાંથી અમૃતવચનો વરસી રહ્યાં હોય, અકલ્પનીય કેટલું અદ્‌ભૂત દૃશ્ય હતું.[૩૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં શ્રીરામાનંદ સ્વામી અને નીલકંઠવર્ણીરાજનું અદ્‌ભૂત પ્રથમ મિલનનું નિરૂપણ કર્યું એ નામે છપ્પનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૬--***

---

## અધ્યાય – ૫૭

## રામાનંદસ્વામીએ નીલકંઠવર્ણીને પરિચય પૂછ્યો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સાયંકાળે સ્નાન કરી શ્રીરામાનંદ સ્વામીએ મોટી પૂજાની સામગ્રીથી રાધિકેશ ભગવાન શ્રીકૃષ્ણનું વિધિપૂર્વક પૂજન કર્યું.[૧] સંતો અને ભક્તોની સાથે એકાદશીનું જાગરણ કરતા શ્રીરામાનંદસ્વામીએ શ્રીહરિને તેમનાં જન્મસ્થળ આદિથી લઈને પ્રશ્નો પૂછવા લાગ્યા. ક્યા દેશમાં અને કયા કુળમાં જન્મ છે ? માતા-પિતા કોણ છે ? ગોત્ર કયું ? પ્રવર ઋષિ કોણ છે ?

कुलं च पितरौ गोत्रं प्रवरान्देशिकं तथा । वेदं शाखामिष्टदेवं वैराग्यं स्वजनत्यजिम् ॥ ३
वनवासं तपोभेदान्साङ्गयोगस्य साधनम् । तीर्थयात्रां तत्र तत्र तैर्थिकानां समागमम् ॥ ४
एतत्पृष्टः स्वामिनाऽसौ यथावत्सर्वमादितः । क्रमेण कथयामास ह्यनुभूतं यथा यथा ॥ ५
सविस्तरं तद्वृत्तान्तं स श्रुत्वा प्रीतिमान्भृशम् । प्राह त्वमस्मदीयोऽसि वर्णिन् ! धर्मस्य यत्सुतः ॥ ६
स हि प्रयागे सम्प्राप भक्त्या स हि पिता तव । दीक्षां भागवतीं धीमान्मत्त एवाखिलार्थवित् ॥ ७
मदाज्ञया कोसलेषु मुमुक्षून्स निजाश्रितान् । उपादिशत्कृष्णभक्तिमहिंसाद्यैर्यमैः सह ॥ ८
त्वं तु तस्मादपि गुणैरधिकोऽसि महातपाः । अमर्त्यशङ्कां हृदये धत्से स्वं पश्यतां नृणाम् ॥ ९

**सुव्रत उवाच –**

अनुग्रहं स्वपितरि श्रुत्वाऽसौ स्वामिनो भृशम् । मुमुदेऽथ गुरुं कर्तुं निश्चिकाय तमेव हि ॥ १०

---

વિદ્યાગુરુ કોણ છે ? તમારો વેદ કયો છે ? શાખા કઇ છે ? ઉપાસ્ય ઇષ્ટદેવ કોણ છે ? વૈરાગ્ય કેમ થયો ? સ્વજનોનો ત્યાગ કેવી રીતે કર્યો ? વનવાસમાં ક્યાં કેમ રહ્યા ? કેટલા પ્રકારે તપશ્ચર્યા કરી ? અષ્ટાંગયોગની સાથે અન્ય કયાં સાધન શીખ્યા ? ક્યાં ક્યાં તીર્થયાત્રા કરી ? તે તે તીર્થોમાં સાધુપુરુષોનો સમાગમ કેવો રહ્યો ?[૨-૪] આ પ્રમાણે અનેક પ્રશ્નો રામાનંદસ્વામી પૂછતા રહ્યા અને શ્રીહરિ આદિથી અંત સુધી યથાનુભવ યથાર્થ પ્રશ્નોના ઉત્તરો ક્રમશઃ આપતા રહ્યા.[૫]

હે રાજન્ ! વિસ્તાર પૂર્વકનું શ્રીહરિનું જન્મવૃત્તાંત સાંભળી શ્રીરામાનંદ સ્વામી અત્યંત પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા, હે વર્ણીરાજ ! મારા શિષ્ય ધર્મદેવના તમે પુત્ર હોવાથી તમે પણ અમારા જ થયા.[૬] તમારા પિતા ધર્મદેવ બહુ બુદ્ધિશાળી હતા અને સમગ્ર સત્શાસ્ત્રોના અર્થને જાણનારા હતા. તેમણે તમારી માતા ભક્તિદેવીની સાથે પ્રયાગરાજ તીર્થમાં મારી પાસેથી જ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી.[૭] મારી આજ્ઞાથી તેઓ કૌશલદેશમાં પોતાને આશરે આવેલા મુમુક્ષુજનોને અહિંસા આદિક યમ-નિયમોએ સહિત ભગવાન શ્રીકૃષ્ણની એકાંતિકી ભક્તિનો ઉપદેશ કરતા હતા.[૮] મહાતપસ્વી તમે તો ગુણે કરીને તો પિતા થકી પણ અધિક છો. કારણ કે તમારું દર્શન કરનારા મનુષ્યોના અંતરમાં તમે ''આ માનવ નહિ પણ કોઇ અલૌકિક દિવ્ય પુરુષ છે'' એવી શંકા ઉપજાવો છો.[૯]

**શ્રીરામાનંદ સ્વામીને જ ગુરુપણે સ્વીકારવાનો વર્ણીનો નિર્ણય :–** પિતા ધર્મદેવ ઉપર શ્રીરામાનંદ સ્વામીએ બહુજ અનુગ્રહ કર્યો છે. એમ જાણી શ્રીહરિ ખૂબજ પ્રસન્ન થયા અને તેમને જ ગુરુપણે સ્વીકારવાનો દૃઢ

गुणैः कृष्णसमे ह्यस्मिन्नेव कृष्णोऽस्ति नित्यदा । वशे चास्येति गीः सत्येत्येवं प्राह सतो हरिः ॥ ११
तत्रोवास सुखेनैव स ततो दृढनिश्चयः । मानितो बहुधा तेन गुरुणेश्वररूपिणा ॥ १२
आश्चर्यदर्शनं तं च नीलकण्ठतपस्विनम् । पश्यतां स्वामिभक्तानां विस्मयोऽभून्महानथ ॥ १३
स्वयं स्वाम्यपि तं दृष्ट्वा योगिदुष्प्रापसद्गुणम् । कृष्णस्यैव तनुं काञ्चिन्मेने धर्मावनक्षमाम् ॥ १४
सर्वज्ञोऽप्युद्धवस्तं तु साक्षान्नारायणो ह्ययम् । इति नावैत्प्रभोस्तस्य नरनाट्यविधित्सया ॥ १५
उद्घोषोऽथाभवल्लोके कश्चन स्वामिनोऽन्तिके । बालो वर्णी ह्यागतोऽस्ति तपस्वी योगिराडिति ॥ १६
तद्दर्शनार्थमाजग्मुर्नानादेशेभ्य आहृताः । सहस्रशो नरा नार्यस्त्यागिनो योगिनोऽपि च ॥ १७

---

નિશ્ચય કર્યો.[૧૦] પછી ગુણે કરીને ભગવાન શ્રીકૃષ્ણ સમાન આ સદ્‌ગુરુમાં ભગવાન શ્રીકૃષ્ણ સદાય નિવાસ કરીને રહે છે અને તેમને વશ વર્તે છે. આ પ્રમાણેની તમારી વાણી ખરેખર સત્ય છે, એમ શ્રીહરિ સંતો આગળ કહેવા લાગ્યા.[૧૧] ત્યારપછી પોતાની પાસે જ રહેવાનો દૃઢ નિશ્ચય કરી ચૂકેલા વર્ણીરાજ શ્રીહરિને ઈશ્વરમૂર્તિ ગુરુવર્ય શ્રીરામાનંદ સ્વામીએ અતિ પ્રસન્ન થઈને આવકાર આપ્યો અને વર્ણીરાજ શ્રીહરિ રામાનંદસ્વામીની સમીપે સુખપૂર્વક નિવાસ કરીને રહ્યા.[૧૨]

હે રાજન્ ! સ્વામીનાં દર્શને આવતા ભક્તજનોના અંતરમાં તપોનિધિ શ્રીનીલકંઠવર્ણીનું અતિ આશ્ચર્યકારી દર્શન પરમ વિસ્મય ઉપજાવતું હતું.[૧૩] અષ્ટાંગયોગને સિદ્ધ કરેલા યોગીપુરુષો પણ જે સદ્‌ગુણોની ઈચ્છા રાખે છતાં પ્રાપ્ત ન થાય એવા સમસ્ત સદ્‌ગુણોના ધામરૂપ ભગવાન શ્રીહરિનાં દર્શન કરી ગુરુવર્ય રામાનંદ સ્વામી પણ એવું માનતા કે, આ વર્ણીરાજ ધર્મરક્ષણ કરવામાં સમર્થ ભગવાન શ્રીકૃષ્ણનું કોઈ અપર સ્વરૂપ છે. પરંતુ પોતે સ્વયં ઉદ્ધવજીનો અવતાર સર્વજ્ઞ હોવા છતાં શિષ્યપણાનું મનુષ્ય-નાટ્ય કરવા ઈચ્છતા કાળ-માયાના નિયંતા ભગવાન શ્રીહરિની સંકલ્પરૂપ-માયાના કારણે આ નીલકંઠવર્ણી સાક્ષાત્ નારાયણ છે, એમ જાણી શક્યા નહિ.[૧૪-૧૫]

**બાલયોગીના દર્શને ઉમટ્યો ભક્તસમુદાય :–** હે રાજન્ ! ''રામાનંદસ્વામીની સમીપે તપસ્વી સમ્રાટ્ યોગી કોઈ બાલ બ્રહ્મચારી પધાર્યા છે'' એવો ચારે તરફ ઉદ્‌ઘોષ વ્યાપી ગયો. તે સાંભળી દેશદેશાંતરમાંથી હજારો નરનારીઓ, ત્યાગી પુરુષો, યોગીપુરુષો અને સમાજના વડીલ વ્યક્તિઓ પણ શ્રીનીલકંઠવર્ણીનાં દર્શન કરવા માટે પિપલાણા ગામમાં આવવા લાગ્યા.[૧૬-૧૭] અને તેઓ ગુરૂવર્ય રામાનંદસ્વામીને પૂછતા કે અત્યારે તમારી સમીપે જે વર્ણીરાજ

पप्रच्छुस्ते गुरुं को वा वर्णी योऽद्याऽऽगतोऽत्र सः ।
तान्स्वामी दर्शयामास तमङ्गुल्याऽन्तिके स्थितम् ॥ १८ ॥
तं वर्णिनं कृशतनुं वीक्ष्य तेऽतितपस्विनम् । विस्मयं परमं प्राप्य पप्रच्छुः स्वामिनं पुनः ॥ १९
कुतोऽयमागतो वर्णी बालोऽप्यतितपोबलः । आश्चर्यं जनयन्नॄणां वेत्ति योगकलाश्च यः ॥ २०
उपवीती च जटिलः शान्तो धमनिसन्ततः । ऊर्ध्वपुण्ड्रं च तुलसीमाले ऐणाजिनं दधत् ॥ २१
उदासीन इवासीनो ध्यानस्तिमितलोचनः । देहानुसन्धानहीनो निष्परिग्रह एष कः ॥ २२
तान्स्वामी प्राह बालोऽयं कोसलेभ्य उपागतः । आस्तां भगवतो भक्तौ पितरावस्य धार्मिकौ ॥ २३
भक्तिज्ञानविरागाणां माहात्म्यं तन्मुखादयम् । शुश्राव बुद्धिमान् बालस्ततस्तत्प्राप्तुमैहत ॥ २४

આવ્યા છે તે કોણ છે ? ત્યારે સ્વામી સ્વયં અંગુલી નિર્દેશ કરી પોતાની સમીપે વિરાજતા નીલકંઠવર્ણીને ઓળખાવા લાગ્યા.[૧૮]

હે રાજન્ ! શરીરે અતિશય દુબળા અને તપસ્વી જણાતા શ્રીનીલકંઠવર્ણીનાં દર્શન કરી પરમ વિસ્મય પામેલા જનો ફરીથી શ્રીરામાનંદસ્વામીને પૂછવા લાગ્યા કે, બાલ્યાવસ્થા હોવા છતાં અતિ તપોબળને ધારણ કરનારા આ વર્ણી ક્યાંથી પધાર્યા છે ? સાંભળ્યું છે કે દર્શન કરનાર જનોને અતિ આશ્ચર્ય ઉપજાવતા આ યોગી અષ્ટાંગયોગની સર્વે કળાઓને જાણે છે.[૧૯-૨૦] જેણે યજ્ઞોપવીત ધારણ કર્યું છે, મસ્તક ઉપર પાતળા મંજુલ કેશની જટાબાંધી છે. સ્વભાવે શાંત જણાય છે. તેમનાં શરીરની નાડીઓ બહાર પ્રગટ દેખાઈ રહી છે. આવા આ વર્ણીરાજ કોણ છે ? વળી લલાટમાં ઊર્ધ્વપુંડ્ર તિલક ધારી રહેલા અને કંઠમાં તુલસીની બેવળી કંઠી ધારી રહેલા તથા મૃગચર્મ ધારી રહેલા, તેમજ રાગ-દ્વેષ રહિતની ઉદાસીનવૃત્તિમાં બિરાજમાન તે નેત્રોમીંચીને ધ્યાનમુદ્રામાં બેઠા છે. તેની પાસે કોઈ જાતની વસ્તુનો સંગ્રહ દેખાતો નથી અને એમના શરીરનું ભાન પણ નથી એવા આ વર્ણીરાજ કોણ છે ?.[૨૨]

હે રાજન્ ! દર્શનાર્થી ભક્તોએ આ પ્રમાણે જ્યારે પૂછ્યું ત્યારે રામાનંદસ્વામી કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! આ બાલયોગી કૌશલદેશમાંથી આવ્યા છે. તેમનાં માતા-પિતા ધર્મ-ભક્તિ મારી પાસેથી દીક્ષા લઈ ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરનારાં અતિ ધાર્મિક હતાં.[૨૩] બાલ્યાવસ્થામાં જ બુદ્ધિમાન આ વર્ણીએ પોતાનાં માતા-પિતાના મુખેથી જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના માહાત્મ્યનું શ્રવણ કર્યું, પછીથી તે સદ્‌ગુણો પ્રાપ્ત કરવાની તેના અંતરમાં અતિ ઉત્કંઠા જાગી

उत्कण्ठितोऽथ तत्सिद्ध्यै ह्यनापृच्छ्य सुहृज्जनान् । हित्वा गत्वा वनं घोरं तपश्चक्रेऽतिदारुणम् ॥ २५
तेनैव भक्तियुक्तेन षण्मासाभ्यन्तरे हरिम् । प्रसाद्य तीर्थानि चरन्प्राप्तोऽत्रास्ति यदृच्छया ॥ २६
एतस्य चरितं त्वेतद्ध्रुवस्येवास्ति निश्चितम् । विष्णुं प्रीणयतो बाल्ये दुराराध्यं सुरैरपि ॥ २७
इति श्रुत्वा भगवतो वाक्यं ते विस्मिता जनाः । ययुर्यथागतं नत्वा तं ध्रुवाभं च तं हरिम् ॥ २८
सुबुद्धिमथ तं राजन् ! क्रियायोगातिनैपुणम् । उपाहराहृतौ स्वामी कृष्णार्चायामयूयुजत् ॥ २९
सोऽपि स्वधर्मं भक्तिं च पालयन्नेव नित्यदा । कृष्णार्चावसरे तस्य गुरोः सन्निहितोऽभवत् ॥ ३०
स्नात्वा कुर्वति तस्मिंस्तु सन्ध्यादिं नैत्यकं विधिम् । करोति स्मार्चनविधेः पात्राणां परिमञ्जनम् ॥ ३१
पूजायां क्रियमाणायां तुलसीपुष्पचन्दनम् । धूपं दीपं च नैवेद्यं तत्तत्काल उपाहरत् ॥ ३२

**તેથી આ વર્ણી તે ગુણોને સિદ્ધ કરવા પોતાના મોટાભાઈ આદિ સંબંધીજનોને પૂછ્યા વિના તે સર્વેનો અને ઘરનો ત્યાગ કરી ઘોર ભયંકર જંગલમાં સીધાવી અતિ તીવ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા.[૨૪-૨૫] ભક્તિભાવ પૂર્ણ તીવ્ર તપશ્ચર્યા કરી આ વર્ણીએ છ મહિનાની અંદર જ સૂર્યનારાયણની પ્રસન્નતા પ્રાપ્ત કરી તેનું સાક્ષાત્ દર્શન પામ્યા. પછી અનેક તીર્થોમાં વિચરણ કરતા કરતા હરિઈચ્છાએ અહીં આપણી સમીપે પધાર્યા છે.[૨૬] દેવતાઓએ પણ કરવું અશક્ય એવું બાલ્યાવસ્થામાં પણ ભગવાન વિષ્ણુનું આરાધન કરી તેને પ્રસન્ન કરવારૂપ આ વર્ણીનું ચરિત્ર છે, તે નિશ્ચય ધ્રુવજીની ઝાંખી કરાવે છે.[૨૭] હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રી રામાનંદસ્વામીનું વચન સાંભળી તે સર્વેજનો અતિશય વિસ્મય પામ્યા અને રામાનંદસ્વામીને ભક્તરાજ ધ્રુવજી જેવા જણાતા વર્ણીરાજ શ્રીહરિને નમસ્કાર કરી સૌ જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા ફર્યા.[૨૮]**

**રામાનંદસ્વામીએ વર્ણીરાજની સમીપની સેવામાં કરેલી નિયુક્તિ :–** રામાનંદ સ્વામીએ યોગક્રિયામાં અતિશય નિપુણ અને સદ્‌બુદ્ધિમાન શ્રીનીલકંઠવર્ણીને ભગવાન શ્રીકૃષ્ણની પૂજાની સામગ્રી ભેળી કરવાની સેવામાં રાખ્યા.[૨૯] સ્વધર્મ અને ભક્તિનું પાલન કરતા શ્રીનીલકંઠવર્ણી પણ ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરવાના સમયે નિરંતર ગુરુ રામાનંદસ્વામીની સમીપે જ રહેવા લાગ્યા.[૩૦] સ્વામી જ્યારે સ્નાન કરી સંધ્યાવંદનાદિ નિત્યકર્મનું અનુષ્ઠાન કરતા હોય તે દરમ્યાન વર્ણીરાજ પૂજાનાં પાત્રો માંજી શુદ્ધ કરવા લાગી જતા, અને સ્વામી જ્યારે ભગવાનની પૂજાનો પ્રારંભ કરે ત્યારે શ્રીનીલકંઠવર્ણી સમય સમયને ઉચિત તુલસીપત્રો, પુષ્પો, ચંદન, ધૂપ, દીપ અને નૈવેદ્ય આદિ સઘળી સામગ્રી

यथाकालमनुक्तोऽपि पदार्थं तं तमाहरत् । इङ्गितज्ञो हरिस्तेन गुरोरपि मनोऽहरत् ॥ ३३
वर्णिनः कृष्णसेवायां श्रद्धातिशयमुत्तमम् । समीक्ष्य मुनिराट् तस्य वश आसीन्नरेश्वर ! ॥ ३४
कृष्णस्तु नित्यमर्चायामाविर्भूयोद्धवार्पितान् । साक्षादादत्तोपहारांस्तं तदन्यस्तु नैक्षत ॥ ३५
एकदा नीलकण्ठस्य सर्वथैवाधिकारिणः । तत्प्रत्यक्षेक्षणायासौ प्रत्यक्षं कृष्णमार्थयत् ॥ ३६
भगवन्नीलकण्ठाय मद्वत्प्रत्यक्षदर्शनम् । त्वयि प्रेमवतेऽत्यर्थं देहि सद्गुणशालिने ॥ ३७

**सुव्रत उवाच –**

तथास्त्विति ततः कृष्णः प्रतिजज्ञे महामुनिम् । प्रहस्य दर्शनं प्रादात्प्रत्यक्षं स्वस्य वर्णिने ॥ ३८
परिचर्यां गुरोः कुर्वन् हरिः श्रीकृष्णमैक्षत । उपचारानाददानं प्रत्यक्षं स्वामिनार्पितान् ॥ ३९
नैवेद्यं समदन्तं तं वीक्ष्य प्राप स मुद्भरम् । पूजाकाले गुरोरित्थं सोऽद्राक्षीदनुवासरम् ॥ ४०

---

તત્કાળ લાવીને સ્વામીને અર્પણ કરે.[૩૧-૩૨] પૂજામાં જે સમયે જે પદાર્થની જરૂર પડે તે પદાર્થ લાવવાનું સ્વામી કહે તે પહેલાં જ તેના મનના અભિપ્રાયને જાણી બાજુમાંજ બેઠેલા શ્રીવર્ણી તે તે પદાર્થ તત્કાળ સ્વામીને અર્પણ કરે. આવી ચાતુરીથી તેમણે ગુરુનું મન પોતાના તરફ ખેંચી લીધું.[૩૩] આ પ્રમાણે શ્રીનીલકંઠવર્ણીની ભગવાન શ્રીકૃષ્ણની સેવા પૂજામાં અતિશય ઉત્તમ શ્રદ્ધા જોઈ મુનિરાજ શ્રીરામાનંદસ્વામી તેમને વશ થઈ ગયા.[૩૪] હે રાજન્ ! ઉદ્ધવ સ્વામી જ્યારે પૂજા કરતા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અર્ચાસ્વરૂપમાંથી પ્રગટ થઈ સ્વામીએ અર્પણ કરેલા પૂજાના પદાર્થો પ્રત્યક્ષપણે સ્વીકારતા. આ પ્રત્યક્ષ દર્શન કેવળ તેમને જ થતું બીજાને નહિ.[૩૫] એક વખત રામાનંદસ્વામી નીલકંઠવર્ણીને શ્રીકૃષ્ણ દર્શનના સર્વપ્રકારે અધિકારી જાણી તેમને પણ ભગવાનનું પ્રત્યક્ષ દર્શન થાય તે માટે પ્રગટ થયેલા ભગવાન શ્રીકૃષ્ણની પ્રાર્થના કરવા લાગ્યા કે, હે ભગવન્ ! આ નીલકંઠ વર્ણી તમારે વિષે બહુજ પ્રેમ ધરાવે છે. અને સદ્‌ગુણોના ધામ છે. તેથી તમે મને જેમ પ્રત્યક્ષ દર્શન આપો છો, તેમ આ શ્રીનીલકંઠજીને પણ પ્રત્યક્ષ દર્શન આપો.[૩૬-૩૭]

**વર્ણીરાજને શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન :–** તે સમયે શ્રીકૃષ્ણ ભગવાને ''તથાસ્તુ'' કહીને મહામુનિ શ્રી રામાનંદ સ્વામીની વાતનો સ્વીકાર કર્યો. અને શ્રીકૃષ્ણ ભગવાને મનોહર હાસ્ય કરીને શ્રીનીલકંઠવર્ણીને પોતાનું પ્રત્યક્ષ દર્શન આપ્યું.[૩૮] આ પ્રમાણે ગુરૂની સેવા કરતા વર્ણીને ઉપહારો પ્રગટપણે ભગવાન શ્રીકૃષ્ણ સ્વીકારતા હોય તેવું પ્રત્યક્ષ દર્શન થયું. શ્રીકૃષ્ણનાં દર્શન કરી નીલકંઠ વર્ણી ભાવવિભોર થયા. હે રાજન્ ! આ પ્રમાણે ગુરૂવર્યની પૂજાના સમયે પ્રતિદિન

एकदा प्राह स गुरुं नीलकण्ठो रहः स्थितम् । मत्पूजावसरेऽपीत्थं कथं स्यात्कृष्णदर्शनम् ॥ ४१
यथोपहारान् गृह्णाति त्वया दत्तान्स नित्यदा । तथा मदर्पितान्प्रीतो ग्रहीष्यति कदाऽच्युतः ॥ ४२

**श्रीरामानन्दमुनिरुवाच –**

कृष्णदीक्षामवाप्तस्य महत्सेवारतस्य च । धर्मे भक्तौ चादृतस्य स्याच्छीघ्रं कृष्णवीक्षणम् ॥ ४३

**सुव्रत उवाच –**

सिषेवे सोऽथ तं नित्यं भक्तिश्रद्धासमन्वितः । चातुर्मास्यं व्यतीयाय तस्येत्थं कुर्वतः सतः ॥ ४४
विक्रमार्कस्य नृपतेरष्टादशशतोत्तरे । सप्तपञ्चाशत्तमेऽब्दे वर्तमाने शकस्य च ॥ ४५
एकादश्यां प्रबोधन्यामुत्तमायाधिकारिणे । तस्मै दातुं महादीक्षामैच्छत्स्वं याचते स ताम् ॥ ४६
दीक्षां गृहीतुं महतीं स वर्णिराट् समुत्सुकस्तस्य गुरोरनुज्ञया ।
चकार पूर्वेद्युरुपोषणं शुचिर्दिवानिशं त्र्यक्षरमेव सञ्जपन् ॥ ४७

---

**શ્રીનીલકંઠવર્ણીને શ્રીકૃષ્ણ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થતાં.**[૩૯-૪૦] એકવખત નીલકંઠવર્ણી એકાંત સ્થળમાં બેઠેલા ગુરુ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સ્વામી ! તમારી જેમ મારી પૂજામાં પણ મને ભગવાન શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન ક્યારે થશે ? જેવી રીતે આપે અર્પણ કરેલા પૂજાના ઉપહારો ભગવાન ભાવથી નિરંતર સ્વીકારે છે તેવી જ રીતે મેં અર્પણ કરેલા ઉપહારો પણ શ્રીકૃષ્ણ ભગવાન ક્યારે સ્વીકારશે ?.[૪૧-૪૨] ત્યારે ગુરુવર્ય શ્રીરામાનંદ સ્વામી શ્રીનીલકંઠ વર્ણી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે વર્ણી ! જેને મોટા પુરુષોની સેવામાં પ્રીતિ વર્તતી હોય, ધર્મપાલનમાં અને ભગવદ્ ભક્તિમાં અતિ આદરભાવ હોય અને શ્રીકૃષ્ણ ભગવાનની ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હોય તેવા ભક્તને જ ભગવાનનું શીઘ્ર પ્રત્યક્ષ દર્શન થાય છે.[૪૩]

**વર્ણીરાજની મહાદીક્ષા પ્રદાનની ગુરુપાસે પ્રાર્થના :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ગુરુવર્યનાં વચનો સાંભળી શ્રીનીલકંઠવર્ણી ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક ગુરુશ્રી રામાનંદસ્વામીની પ્રતિદિન સેવા કરવા લાગ્યા. એમ કરતાં ચાતુર્માસ પૂર્ણ થયો.[૪૪] ત્યારે વર્ણીરાજ ગુરુ શ્રીરામાનંદસ્વામીને મહાદીક્ષા પ્રદાન કરવા તેમના ચરણોમાં પ્રાર્થના કરી તેથી વિક્રમ સંવત ૧૮૫૭ ના કાર્તિક સુદ પ્રબોધિની એકાદશીના પવિત્ર દિવસે શ્રીરામાનંદ સ્વામીએ ઉત્તમાધિકારી શ્રી નીલકંઠવર્ણીને મહાદીક્ષા આપવાનો શુભ સંકલ્પ કર્યો.[૪૫-૪૬] અને મહાદીક્ષા લેવા તત્પર થયેલા ઉત્સાહી વર્ણીરાજે ગુરુ રામાનંદસ્વામીની આજ્ઞાથી દીક્ષા સ્વીકારના આગલા દિવસે સ્નાનાદિ વિધિથી પવિત્ર થઇ ત્રણ અક્ષરના ''શ્રીકૃષ્ણ'' મંત્રનો

प्रमोदसंवत्सर ऊर्जमासे प्रातः सितैकादशिकादिने तम् ।
स दीक्षयामास यथाविधानं महोत्सवेनैव मुदा नरेन्द्र ! ॥ ४८

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे रामानन्दस्वामिशुश्रूषणनामा सप्तपञ्चाशत्तमोऽध्यायः ॥ ५७ ॥*

---

**॥ अष्टपञ्चाशत्तमोऽध्यायः ॥**

*सुव्रत उवाच –*

एकादश्यां मुनिपतिराजुहाव द्विजोत्तमम् । निजाध्ववर्तनं शान्तं दीक्षाविधिविशारदम् ॥ १
तेनैव कारयामास तत्रत्यं सकलं विधिम् । सोऽपि सर्वं यथाशास्त्रं करोति स्म यथोचितम् ॥ २
आदौ शरीरशुध्द्यर्थं प्रायश्चित्तमकारयत् । प्रत्याम्नायेन कृच्छ्राणां त्रयाणां स हरिं नृप! ॥ ३

---

**જપ કરતા કરતા ઉપવાસ કર્યો.[૪૭] હે નરેન્દ્ર ! રામાનંદસ્વામીએ પ્રમોદ નામના સંવત્સરમાં કાર્તિક માસની સુદ પ્રબોધિની એકાદશીને દિવસે પ્રાતઃકાળે મોટો ઉત્સવ ઉજવી હર્ષપૂર્વક શ્રીનીલકંઠવર્ણીને મહાદીક્ષા આપવાનો પ્રારંભ કર્યો.[૪૮]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં ગુરુ રામાનંદસ્વામીની સેવા કરી નીલકંઠ વર્ણીએ તેમને પ્રસન્ન કર્યાનું નિરૂપણ કર્યું એ નામે સતાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૭--***

---

## અધ્યાય – ૫૮

## શ્રીહરિની મહાદીક્ષાનો વિધિ.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મુનિપતિ શ્રીરામાનંદસ્વામીએ પ્રબોધની એકાદશીના સુપ્રભાતે પોતાના જ ઉદ્ધવસંપ્રદાયના અનુયાયી, શાંત સ્વભાવના એક ઉત્તમ વિપ્રને આમંત્રણ આપી બોલાવ્યા. તે દીક્ષાપ્રદાનના વિધિમાં વિશારદ હતા.[૧] રામાનંદસ્વામીએ તેના દ્વારા દીક્ષા આપવાનો સમગ્ર વિધિ કરાવ્યો અને તે વિપ્રે પણ શાસ્ત્રમાં કહેલા દીક્ષાવિધિની પધ્ધતિ અનુસારે યથાયોગ્ય સમગ્ર વિધિ કર્યો.[૨] રામાનંદસ્વામીએ પ્રેરણા કરી ત્યારે તે વિપ્રે પ્રથમ શ્રીહરિની પાસે શરીરની શુદ્ધિ માટે ત્રણ કૃચ્છ્રવ્રતના પ્રતિનિધિરૂપે સુવર્ણનું દાન અપાવી પ્રાયશ્ચિત કર્મ**

मण्डलं सर्वतोभद्रं नानावर्णसुशोभनम् । विधाय स्थापयामास स तत्र कलशान्नव ॥ ४
तत्र ताम्रमयानष्टौ न्यधाद्दिक्ष्वष्टसु क्रमात् । एकं हेममयं मध्ये सोऽस्थापयदुदारधीः ॥ ५
सतोयेषु सरत्नेषु सपल्लवफलेषु च । सवासःपूर्णपात्रेषु तेषु देवानतिष्ठिपत् ॥ ६
श्रीराधासहितं कृष्णं तत्र मध्यघटे न्यधात् । प्राच्यां भगवतीं दुर्गां दक्षिणे भास्करं तथा ॥ ७
प्रतीच्यां विघ्नराजं च शिवं सौम्यामतिष्ठिपत् । विष्वक्सेनं वह्निदिशि नैर्ऋत्यां गरुडं च सः ॥८
अस्थापयच्च कलशे वायव्यां पवनात्मजम् । श्रीदामानं तथेशान्यां क्रमेणैव यथाविधि ॥ ९
ततो वेदपुराणोक्तैर्मन्त्रैर्मूलेन च द्विजः । प्रधानदेवतां कृष्णं सहाङ्गैरार्चयत्सुरैः ॥ १०
उपचारैः षोडशभिः सह पञ्चामृतेन च । महानैवेद्येन महादीपेन समपूपुजत् ॥ ११

કરાવ્યું.[૩] ત્યાર પછી તે વિવિધરંગોથી શોભતું સર્વતોભદ્ર નામનું મંડળ રચી તેમના પર નવ કળશોની સ્થાપના કરી.[૪] તેમાં પ્રથમ ઉદારબુદ્ધિમાન તે વિપ્રે તાંબાના આઠ કળશોનું પૂર્વદિશાથી પ્રારંભ કરી પ્રદક્ષિણાના ક્રમે આઠે દિશાઓમાં સ્થાપન કર્યું અને તેના મધ્ય ભાગે એક સુવર્ણ કળશનું સ્થાપન કર્યું.[૫] જળ ભરેલા તેમ જ રત્ન, પંચપલ્લવ અને ઉપર પધરાવેલા નાળિયેરની સાથે વસ્ત્રોથી અલંકૃત તે કળશોમાં દેવતાઓનું સ્થાપન કર્યું.[૬] તેમાં મધ્યભાગમાં સ્થાપન કરેલા સુવર્ણના કળશમાં લક્ષ્મી અને રાધાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું સ્થાપન કર્યું. પછી પૂર્વદિશામાં સ્થાપના કરેલા કળશમાં મા ભગવતી દુર્ગાદેવીનું સ્થાપન કર્યું, દક્ષિણ દિશાના કળશમાં ભુવનભાસ્કર સૂર્યનારાયણનું સ્થાપન કર્યું. પશ્ચિમદિશાના કળશમાં વિઘ્નવિનાયક ગણપતિજીનું, ઉત્તરદિશામાં શિવજીનું, અગ્નિકોણના કળશમાં વિશ્વક્સેનનું, નૈર્ઋત્યકોણમાં ગરુડજીનું, વાયુકોણમાં વાયુપુત્ર હનુમાનજીનું અને ઈશાનકોણના કળશમાં ભગવાનના મુખ્ય પાર્ષદ શ્રીદામાનું સ્થાપન કર્યું. આ પ્રમાણે દિશા અને વિદિશાના ક્રમથી વિધિ પ્રમાણે ઉપરોક્ત દેવતાઓનું સ્થાપન કર્યું.[૭-૯]

હે રાજન્ ! ત્યારપછી તે વિપ્રે વેદ અને પુરાણોક્ત મૂળમંત્રોથી અર્થાત્ તે તે દેવતાઓના નામમંત્રોથી ભગવતી દુર્ગાદેવી આદિ અંગદેવતાઓએ સહિત પ્રધાનદેવતા શ્રીકૃષ્ણ ભગવાનનું શ્રીનીલકંઠવર્ણી પાસે પૂજન કરાવ્યું.[૧૦] તેમાં પંચામૃતે સહિત ષોડશોપચારથી પૂજન કરાવી અંગદેવતા સહિત પ્રધાન દેવ શ્રીકૃષ્ણ ભગવાનને મહાનૈવેદ્ય અર્પણ કરાવ્યું. પછી સર્વે દેવતાઓની મહાદીપ દ્વારા મહાઆરતી ઉતારી પૂજન કરાવ્યું.[૧૧] તે સમયે મૃદંગ, કાંસા, ઝાલર, તુરઈ, નગારાં

मृदङ्गकांस्यतालाद्यैर्भक्तानां कीर्तनध्वनिः । तूर्यानकादिशब्देन मिश्र आसीन्महांस्तदा ॥ १२
संस्कृतायां ततो वेद्यां वह्निं संस्थाप्य चाजुहोत् । मूलेन मनुनाऽऽज्यस्य सोऽष्टोत्तरशताहुतीः ॥ १३
ततो महामुनिः प्रादात्कौपीनाच्छादनं सितम् । उत्तरीयं च हरये स्थिताय प्राङ्मुखाय सः ॥ १४
प्रासादिक्यौ भगवतस्तुलसीकाष्ठमालिके । सूक्ष्मे नवीने स ददौ कण्ठधार्ये च वर्णिने ॥ १५
कृष्णार्चाशिष्टगन्धेन पुण्ड्रमूर्ध्वं तदन्तरे । राधार्चाशिष्टकाश्मीरचन्द्रकं चाप्यकारयत् ॥ १६
उदङ्मुखस्ततः स्वामी ध्यात्वा श्रीकृष्णमस्य च । अष्टाक्षरं कृष्णमन्त्रं दक्षकर्ण उपादिशत् ॥ १७
हरये शुद्धमतये मन्त्रस्यार्थं ततो गुरुः । यथावद्बोधयामास सम्प्रदायानुसारतः ॥ १८
क्षेत्रं पिण्डं च ब्रह्माण्डं द्विविधं योऽभिमन्यते । अल्पज्ञः सर्वविच्चासौ क्षेत्रज्ञोऽत्राहमोच्यते ॥ १९
अन्वितं द्विविधे चात्र क्षेत्रज्ञे तन्नियन्तृ च । व्यतिरिक्तं ततो यच्च तद्ब्रह्माक्षरमुच्यते ॥ २०

---

આદિ અનેક વાજિંત્રોના ધ્વનિ સાથે મિશ્રિત થયેલો અને ભગવાનના ભક્તોના મુખે ગવાતાં કીર્તનોનો ધ્વનિ આકાશમાં ગુંજવા લાગ્યો.[૧૨] તે વિપ્રે સંસ્કાર કરેલી વેદિકામાં અગ્નિનું સ્થાપન કરી ''શ્રીકૃષ્ણાય નમઃ'' આ મૂળમંત્રથી એકસો ને આઠ ઘીની આહુતિઓ અર્પણ કરી.[૧૩] પછી રામાનંદસ્વામીએ પૂર્વમુખે વિરાજમાન થયેલા શ્રીનીલકંઠવર્ણીને શ્વેતકૌપીન, આચ્છાદનવસ્ત્રમાં ધોતી અને ઉપર ધારવાનું ઉત્તરીય વસ્ત્ર અર્પણ કર્યાં. પછી ભગવાનની પ્રસાદિભૂત તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી સૂક્ષ્મ અને નવીન તથા કંઠમાં ધારવા યોગ્ય બેવળી કંઠી વર્ણીને અર્પણ કરી.[૧૪-૧૫] ભગવાનની પૂજા કરતાં બચેલાં ચંદનથી શ્રીવર્ણીના લલાટમાં ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરાવ્યું અને તે તિલકના મધ્યે રાધિકાજીની પૂજા કરતાં બાકી રહેલા કાશ્મીરી કુંકુમનો ગોળ ચાંદલો કરાવ્યો.[૧૬]

**વર્ણીરાજને અર્થે સહિત મહામંત્રનો ઉપદેશ :–** હે રાજન્ ! ઉત્તર સન્મુખ મુખારવિંદ રાખીને બેઠેલા રામાનંદ સ્વામીએ શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરી પૂર્વ સન્મુખ બેઠેલા શ્રીનીલકંઠવર્ણીના જમણા કાનમાં શ્રીકૃષ્ણ ભગવાનના અષ્ટાક્ષરમંત્રનો ઉપદેશ કર્યો.[૧૭] ત્યારપછી ગુરુવર્ય રામાનંદ સ્વામીએ વિશુદ્ધબુદ્ધિવાળા શ્રીહરિને મંત્રરાજ શ્રી અષ્ટાક્ષરમંત્રનો ઉધ્ધવ સંપ્રદાયને અનુસારે યથાર્થ ઉત્તર સમજાવ્યો.[૧૮] હે વર્ણીરાજ ! પિંડ અને બ્રહ્માંડ આ બે પ્રકારનું ક્ષેત્ર છે. તેમાં પિંડમાં રહેનારો અલ્પજ્ઞ જીવ કહેવાય અને બ્રહ્માંડમાં રહેનારા સર્વજ્ઞ વૈરાજપુરુષ ઈશ્વર કહેવાય છે. તે બન્નેને ક્ષેત્રજ્ઞ કહેવાય છે. આ અષ્ટાક્ષરમંત્રમાં તે બન્ને ક્ષેત્રજ્ઞનો ''અહમ્'' શબ્દથી નિર્દેશ કર્યો છે.[૧૯] હવે આ જીવ-ઈશ્વરરૂપ

यमाश्रित्य प्रेरयति क्षेत्रज्ञमिदमक्षरम् । पुरुषोत्तमसंज्ञोऽसावक्षरातीत उच्यते ॥ २१
स एव श्रेयसे नृणां धृतदिव्यनराकृतिः । स्वाज्ञानं ज्ञानदानेन कर्षन् कृष्ण इतीर्यते ॥ २२
प्रेम्णा तत्सेवनेनैव यच्छोभावत्त्वमात्मनः । स एव दासशब्दार्थो मन्त्रोऽस्मिन् परिकीर्तितः ॥ २३
अस्मीति पूर्णकामत्वं ज्ञेये प्राप्येऽपि चात्मनः । शेषाभावश्च विज्ञेयो मुक्तत्वाज्जीवतो यतः ॥ २४
वैकुण्ठेऽथ च गोलोके श्वेतद्वीपे बृहत्पुरे । यथा प्राप्त्या भगवतः पूर्णकामाश्च सेवया ॥ २५
भक्ताः सन्ति तथैवात्र हरेः प्रत्यक्षलम्भनात् । सेवया चास्ति पूर्णत्वमिति मन्त्रार्थमाह सः ॥ २६
अन्तःकरणवृत्तीनां बहिर्गतिनिरोधनम् । हृदि प्रकाशः कृष्णेक्षा स्यादित्याह च तत्फलम् ॥ २७

---

ક્ષેત્રજ્ઞમાં અન્વયપણે રહીને તેના પ્રકાશકપણે અને નિયંતાપણે રહેલા તથા તેનાથી વ્યતિરેક સ્વરૂપે રહેલા જે અક્ષરબ્રહ્મ છે. તેનો આ અષ્ટાક્ષરમંત્રમાં ''બ્રહ્મ'' શબ્દથી નિર્દેશ કર્યો છે.[૨૦]

આ અક્ષરબ્રહ્મ છે તે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમનારાયણનો આશ્રય કરી તેના વડે પ્રાપ્ત કરેલી સામર્થીથી પૂર્વોક્ત બન્ને ક્ષેત્રજ્ઞને પ્રેરણા કરે છે. તે પરબ્રહ્મને અક્ષરબ્રહ્મ થકી પણ પર એવા પુરુષોત્તમ કહ્યા છે.[૨૧] તે પુરુષોત્તમનારાયણ ભગવાન સ્વયં આ પૃથ્વીપર મનુષ્યોનાં આત્યંતિક કલ્યાણ માટે મનુષ્યાકૃતિ ધારણ કરે છે. ત્યારે તે જીવાત્માઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી એ જીવાત્માઓની અંદર રહેલા અનાદિ અજ્ઞાનને હરે છે. આવા અજ્ઞાન હરનારા એ પુરુષોત્તમનારાયણનો આ મંત્રમાં ''કૃષ્ણ'' શબ્દથી નિર્દેશ કર્યો છે.[૨૨] તેમજ પ્રેમપૂર્વક તે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવાથી પ્રગટ થતી પોતાની દિવ્ય શોભાસ્પદ સ્થિતિનો આ મંત્રમાં ''દાસ'' એવા પદથી નિર્દેશ કર્યો છે.[૨૩] દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણની સાથે રહેલા છતાં બ્રહ્મભાવે ભક્તિ કરવાથી મુક્ત દશાને પામેલા આત્માને આ જગતમાં જાણવા યોગ્ય કે પામવા યોગ્ય કાંઈ બાકી રહેતું નથી તેથી તેને પૂર્ણકામપણું કહેવાય છે. આવી પૂર્ણકામ સ્થિતિનો આ અષ્ટાક્ષરમંત્રમાં ''અસ્મિ'' એવા પદથી નિર્દેશ કર્યો છે.[૨૪] હે વર્ણીરાજ ! જેવી રીતે વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વિપ કે બ્રહ્મપુરમાં રહેલા મુક્તો ભગવાનની પ્રાપ્તિથી અને સેવા પ્રાપ્તિથી પૂર્ણકામ છે. તેવી જ રીતે આલોકમાં પણ દિવ્ય નરાકૃતિ ધરી રહેલા પ્રત્યક્ષ શ્રીહરિની પ્રાપ્તિથી અને તેમની સેવાથી અહીં રહેલા ભક્તો પણ પૂર્ણકામ સ્થિતિને પ્રાપ્ત કરે છે. બસ આટલો આ અષ્ટાક્ષર મંત્રનો અર્થ છે.[૨૫] હે રાજન્ ! આ પ્રમાણે રામાનંદસ્વામીએ વર્ણીરાજને ''બ્રહ્માહં કૃષ્ણદાસોઽસ્મિ''

मन्त्रार्थं बोधयित्वेत्थं गुरुस्तं पुनरब्रवीत् । यावद्देहस्मृतिस्तावद्धर्मं क्वचन न त्यजेः ॥ २८
सन्ति श्रुतास्त्वया धर्मा अस्मदध्वानुसारिणः । सर्वेऽपि जनकादेव पाल्यन्ते ते च नित्यदा ॥ २९
अत्यजन्नेव तान्सर्वान्विशेषनियमांश्चरेः । कृष्णार्चां नियमेनान्तर्बहिः कुर्याश्च नित्यदा ॥ ३०
पञ्चाध्यायीं पठित्वादौ पूजान्ते निजशक्तितः । श्रीवासुदेवमाहात्म्यं पठेरेकाग्रमानसः ॥ ३१
भोज्यं कृष्णप्रसाद्यन्नं पेयं वारि च तादृशम् । अनर्पितं तु कृष्णाय नाद्यं फलदलाद्यपि ॥ ३२
नामसङ्कीर्तनं कुर्याः श्रीकृष्णस्य च सर्वदा । भक्तिं विना भगवतो व्यर्थं कालं तु मा कृथाः ॥ ३३
यत्र कृष्णस्य माहात्म्यं चरितं वा भवेन्मुने ! । तद्ग्रन्थस्य कथा श्रव्या प्रत्यहं नित्यमेव च ॥ ३४
तत्कथाश्रवणादेव तद्भक्तिर्वर्धतेतराम् । साऽतः श्रव्या वक्त्रभावे वाच्या स्वेनैव नित्यदा ॥ ३५

---

આ અષ્ટાક્ષર મહામંત્રનો અર્થ સમજાવ્યો.[૨૬] હે વર્ણી ! બહારના વિષયોમાં ગતિ કરતી અંતઃકરણની વૃત્તિનો નિરોધ થવો, હૃદયમાં બ્રહ્મજ્યોતિનું દર્શન થવું અને ત્યારપછી તે બ્રહ્મજ્યોતિમાં સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન થવું એ જ આ અષ્ટાક્ષરમંત્ર જપવાનું ફળ છે.[૨૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ગુરુ રામાનંદસ્વામી વર્ણીરાજને મંત્રાર્થનો બોધ આપી ફરી કહેવા લાગ્યા કે, હે વર્ણીરાજ ! જ્યાં સુધી શરીરનું ભાન હોય ત્યાં સુધી સ્વધર્મનો ત્યાગ ન કરવો.[૨૮] આ પ્રમાણે ઉદ્ધવસંપ્રદાયની રીતિ અનુસારે તમે પિતા ધર્મદેવ થકી સર્વે ધર્મોનું શ્રવણ કર્યું છે. અને તેનું નિરંતર પાલન પણ કરો છો.[૨૯] તે સર્વે ધર્મોનો તમારે ક્યારેય ત્યાગ ન કરવો. અને વિશેષ ધર્મોનું પણ તમારે પાલન કરવું, તે ધર્મો કહું છું. હમેશાં બાહ્ય અને આભ્યંતર એમ બે પ્રકારે શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરવી.[૩૦] પૂજાને અંતે પ્રથમ એકાગ્ર મનથી રાસપંચાધ્યાયીનો પાઠ કરવો. શક્તિને અનુસારે વાસુદેવ માહાત્મ્યનો પણ એકાગ્ર મનથી પાઠ કરવો.[૩૧] ત્યારપછી ભગવાનની પ્રસાદીભૂત અન્ન કે જળ હોય તે જ ખાવું અને પીવું પણ ભગવાનને નિવેદન ન કરેલાં ફળપત્રાદિક ક્યારેય ખાવાં કે પીવાં નહિ.[૩૨] નિરંતર શ્રીકૃષ્ણ ભગવાનનું નામ સંકીર્તન કર્યા કરવું અને ભગવાનની ભક્તિ વિનાનો વ્યર્થ સમય ગુમાવવો નહિ.[૩૩] હે મુનિ ! જે ગ્રંથમાં શ્રીકૃષ્ણ ભગવાનના માહાત્મ્ય તથા લીલા ચરિત્રોનું વર્ણન હોય તેવા ગ્રંથોની કથા પ્રતિદિન નિયમપૂર્વક સાંભળવી.[૩૪] તેના વડે ભગવાનની ભક્તિ અતિશય વૃદ્ધિ પામે છે. તેથી તેનું શ્રવણ અવશ્ય કરવું. અને વક્તાની અનુપસ્થિતિમાં સ્વયં તેનું વાંચન કરવું.[૩૫]

एवं धर्मानुपादिश्य रामानन्दमुनिर्नृप ! । तस्य शिष्यस्याभिधानं चक्रेऽन्वर्थे विचार्य च ॥ ३६
सहजानन्द इत्याह प्रथमं नाम तस्य सः । ततो नारायणमुनिरिति चक्रेऽभिधां स्वयम् ॥ ३७
तपसा च स्वभावेन मूर्त्याकारेण सर्वथा । नारायणमुनेः साम्यात्तामेवाख्यां मुदाकरोत् ॥ ३८
ततो हरिः स्वामिनं तं पूजयामास सादरम् । प्रदक्षिणां विधायैव दण्डवत्प्रणनाम च ॥ ३९
साधून्विप्रान्वैष्णवांश्च विनयेनार्चयत्ततः । विप्रः समापयामास तद्विधिं विधिवत्तु सः ॥ ४०
बद्धाञ्जलिपुटस्तस्थौ वर्णिराट् गुरुसन्निधौ । तस्मै प्रसन्नः स प्राह स्वेप्सितं वृणु मद्वरम् ॥ ४१

**श्रीनीलकण्ठ उवाच –**

आविर्भूय त्वदर्चायां साक्षात्कृष्णो यथाऽन्वहम् । उपहारान्समादत्ते भुङ्क्ते हसति भाषते ॥ ४२
तथान्वहं मदर्चायामाविर्भूय स्वयं स च । कुर्यादित्यस्ति मेऽभीष्टं देहि प्रीतोऽसि चेदिदम् ॥ ४३

---

**શ્રીવર્ણીરાજનું સાર્થક દિક્ષાનામકરણ :–** હે રાજન્ ! રામાનંદસ્વામી આ પ્રમાણે નીલકંઠવર્ણીને ભાગવતધર્મનો ઉપદેશ આપી મનમાં વિચાર કરીને શિષ્ય વર્ણીરાજનું સાર્થક દીક્ષાનામાભિધાન કર્યું.[૩૬] તેણે પહેલું ''સહજાનંદ'' એવું સાર્થક નામ રાખ્યું. કારણ કે વર્ણીમાં સાહજિક આનંદ અખંડ રહેલો હતો. અન્ય સાધન જન્ય કૃત્રિમ આનંદની તેને કોઇ જરૂર ન હતી. પછી સાર્થક ''નારાયણમુનિ'' એવું નામ રાખ્યું કારણ કે તપ, સ્વભાવ અને શરીરની આકૃતિથી બદરીપતિ નારાયણ ભગવાન સમાન તે જણાતા હતા.[૩૭-૩૮] ત્યારપછી શ્રીહરિએ ગુરુ રામાનંદ સ્વામીની આદરપૂર્વક પૂજા કરી, પ્રદક્ષિણા કરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.[૩૯] પછી મુક્તાનંદ સ્વામી આદિ સંતો, માયારામ ભટ્ટ આદિ વિપ્રો અને અન્ય વૈષ્ણભક્તોની વિનય પૂર્વક પૂજા કરી. હે રાજન્ ! દીક્ષાવિધિ કરાવનાર વિપ્રે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે દીક્ષાવિધિની સમાપ્તિ કરી.[૪૦]

**ગુરુએ આપ્યું શ્રીકૃષ્ણ દર્શનનું વરદાન :–** હે રાજન્ ! પછી શ્રીહરિ ગુરુ રામાનંદસ્વામીની આગળ બન્ને હાથ જોડીને ઊભા રહ્યા. તે સમયે દીક્ષિત સ્થિતિમાં વર્ણીને જોઇને અત્યંત પ્રસન્ન થયેલા સ્વામી નારાયણમુનિને કહેવા લાગ્યા કે, તમે મારી પાસેથી ઇચ્છિત વરદાન માગો.[૪૧] ત્યારે સહજાનંદ સ્વામી વિનયપૂર્વક કહેવા લાગ્યા કે, હે સ્વામી ! તમે જો મારી ઉપર પ્રસન્ન થયા હો તો મને એ વરદાન આપો કે, શ્રીકૃષ્ણ ભગવાન પ્રતિદિન તમારા અર્ચાસ્વરૂપમાંથી પ્રગટ થઇ તમે અર્પણ કરેલા પૂજાના ઉપહારો જેમ સદાય પ્રત્યક્ષપણે સ્વીકારે છે. તમે નિવેદન કરેલું ભોજન જમે છે. તેમ મારી પૂજામૂર્તિમાંથી પ્રતિદિન પ્રગટ

सुव्रत उवाच -

तथास्त्वित्याह मुनिराट् तस्मै प्रीतोऽथ तन्निशि । सर्वे जागरणं चक्रुः कृष्णसङ्कीर्तनादिभिः ॥ ४४
अभोजयत्प्रगे स्वामी विप्रान्साधूंश्च वर्णिनः । तदभीष्टैर्भक्ष्यभोज्यैस्तेभ्योऽदाद्वस्त्रदक्षिणाः ॥ ४५
हरेश्च पूजावसरे प्रत्यक्षः स्वामिवन्नृप ! । उपहारग्रहादीनि कृष्णश्चक्रेऽनुवासरम् ॥ ४६
प्रत्यक्षकृष्णवीक्षाद्यैः स सम्पूर्णमनोरथः । कृतकृत्यं स्वमात्मानं गुरवे संन्यवेदयत् ॥ ४७
राधया सहितं कृष्णं क्वचित्प्रत्यक्षमैक्षत । द्विभुजं वादयन्तं च वेणुं नटवराकृतिम् ॥ ४८
क्वचिद्रामेण सहितं रुक्मिण्या सहितं क्वचित् । क्वाप्यर्जुनेन सहितं तं क्वाप्येककमैक्षत ॥ ४९
द्विबाहुमपि तं क्वापि चतुर्भुजमवैक्षत । ततोऽस्य परमः प्रेमा कृष्णे भूयानवर्धत ॥ ५०

---

થઈ મેં અર્પણ કરેલા ઉપહારોને પણ શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યક્ષ ગ્રહણ કરે, મારી સાથે હસે અને મારી સાથે વાતો કરે.[૪૨-૪૩]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીરામાનંદસ્વામી શ્રીહરિ ઉપર અતિ પ્રસન્ન થઈ તથાસ્તુ એમ કહી માગેલું વરદાન આપ્યું. રાત્રીએ શ્રીકૃષ્ણના નામ સંકીર્તન સાથે સૌએ એકાદશીનું જાગરણ કર્યું.[૪૪] સવારે દ્વાદશીના સુપ્રભાતે રામાનંદસ્વામીએ વિપ્રો, સાધુ અને બ્રહ્મચારીઓને મનોવાંછિત ભક્ષ્ય તથા ભોજ્ય આદિક સુંદર ભોજનોથી તૃપ્ત કર્યા, અને વિપ્રોને વસ્ત્ર આદિકની ખૂબજ દક્ષિણાઓ આપી.[૪૫] હે રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાન જેમ રામાનંદસ્વામીની પૂજામાં પ્રત્યક્ષ પદાર્થો સ્વીકારતા તેમજ શ્રીહરિની પૂજામાં પણ અર્પણ કરેલા પદાર્થો પ્રતિદિન સ્વીકારવા લાગ્યા.[૪૬] પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શનાદિથી શ્રીહરિનો મનોરથ સફળ થયો તેથી પોતાના આત્માને કૃતકૃત્ય માનવા લાગ્યા અને ગુરુની પાસે જઈ આ બધી ઘટતી દિવ્ય ઘટનાઓ જણાવી.[૪૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! નારાયણમુનિને ક્યારેક રાસેશ્વરી રાધાની સાથે વેણુ વગાડતા નટવરની સમાન આકૃતિ ધારણ કરનારા સાક્ષાત્ દ્વિભુજ ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન થતાં.[૪૮] ક્યારેક બલરામજીની સાથે, ક્યારેક રૂક્મણીદેવીની સાથે, ક્યારેક અર્જુનની સાથે અને ક્યારેક કેવળ એકલા બિરાજતા પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થતાં.[૪૯] શ્રીકૃષ્ણ ભગવાન સ્વયં દ્વિભુજ હોવા છતાં ક્યારેક ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપતા. તેથી વર્ણીરાજનો શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ઘણો બધો પરમોત્કૃષ્ટ પ્રેમ પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો.[૫૦]

इत्थं नृनाट्यं परिशीलयन् हरिस्तपस्विलीलां विदधद्धरेश ! ।
शुश्रूषणं कृष्णधियाऽनुकालं गुरोः करोति स्म भृशं विनीतः ॥ ५१

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे*
*महादीक्षाग्रहणनामाऽष्टपञ्चाशत्तमोऽध्यायः ॥ ५८ ॥*

---

**॥ एकोनषष्टितमोऽध्यायः ॥**

*सुव्रत उवाच –*

प्राप्तेऽपि शिष्यतां तस्मिन्स्वशुश्रूषारते हरौ । स्वामिनः सखिभावोऽभूत्सर्वसद्गुणमण्डिते ॥ १
बुद्धिमन्तं तमेवासौ पृष्ट्वैव व्यावहारिकम् । अपि कार्यं करोति स्म प्रोचे तं स्वमनोगतम् ॥ २

---

**હે ધરણીશ ! આ પ્રમાણે મનુષ્ય નાટકનું અનુકરણ કરી તપસ્વીઓના જેવી લીલા કરતા ભગવાન શ્રીહરિ અતિશય વિનયયુક્ત થઈ સ્વામી સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છે એવી બુદ્ધિ રાખીને ગુરુ રામાનંદ સ્વામીની સમયે સમયે શ્રદ્ધાપૂર્વક સેવા કરવા લાગ્યા.[૫૧]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં રામાનંદસ્વામી પાસેથી શ્રીહરિએ મહાદીક્ષાનો સ્વીકાર કર્યો એ નામે અઠ્ઠાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૮--***

---

## અધ્યાય – ૫૯

## શ્રીહરિનું રામાનંદસ્વામી સાથે સોરઠ પ્રાંતમાં વિચરણ.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સર્વ સદ્‌ગુણોથી સુશોભિત શ્રીહરિ સહજાનંદસ્વામી પોતાના શિષ્ય થઈ પોતાની સેવા-પરિચર્યામાં સદાય તત્પર રહેતા હતા છતાં, તે શ્રીહરિને વિષે ગુરુવર્ય રામાનંદ સ્વામીને સદાય મિત્રભાવ જ પ્રગટ થતો હતો. પરંતુ શિષ્ય ભાવ નહિ.[૧] શ્રીરામાનંદસ્વામી બહુજ પ્રશંસાપાત્ર બુદ્ધિવાળા શ્રીહરિને પુછીને જ સમગ્ર વ્યવહારિક કાર્ય તથા ભાગવતધર્મના પ્રવર્તન સંબંધી કાર્ય કરતા તેમજ પોતાના મનમાં રહેલી વાત પણ શ્રીહરિને કહેતા.[૨] આ**

साकं तेन स्वभक्तानां ग्रामेषु विचचार सः । रैवतोपत्यकास्वेव कृष्णभक्तिं प्रवर्तयन् ॥ ३
क्वचिन्मासं क्वचित्पक्षं क्वचित्पञ्चदिनानि च । वसन्नुपागमत्स्वामी जयन्ताख्यं पुरं नृप ! ॥ ४
उन्नडाख्येन भूपेन धर्मनिष्ठेन तत्र सः । बहुधा प्रार्थितोऽवात्सीज्जनानानन्दयन्निजान् ॥ ५
तत्र नारायणमुनिर्गुरुसेवापरायणः । नित्यं तस्यावतिक्रम्य शिष्यान्सर्वान्निजैर्गुणैः ॥ ६
तस्मिंस्त्वेते गुणा नित्या आसन्नृपतिसत्तम ! । सर्वत्र सर्वकालेऽपि स्वस्वरूपेऽचला स्थितिः ॥ ७
सत्यं शौचं दया क्षान्तिस्त्यागः सन्तोष आर्जवम् । शमो दमस्तपः साम्यं तितिक्षोपरतिः श्रुतम् ॥८
ज्ञानं विरक्तिरैश्वर्यं शौर्यं तेजो बलं स्मृतिः । स्वातन्त्र्यं कौशलं कान्तिर्धैर्यं मार्दवमेव च ॥ ९
प्रागल्भ्यं प्रश्रयः शीलं सह ओजो बलं भगः । गाम्भीर्यं स्थैर्यमास्तिक्यं कीर्तिर्मौनमगर्वता ॥ १०

---

રીતે ગુરુવર્ય સ્વામી ભગવાનની એકાંતિકી ભક્તિનું પ્રવર્તન કરતા કરતા શ્રીસહજાનંદસ્વામીની સાથે રૈવતાચળ પર્વત અર્થાત્ ગિરનાર પર્વતની તળેટીમાં આવેલાં પોતાના ભક્તજનોનાં ગામોમાં વિચરણ કરતા હતા.[૩]

**જેતપુરમાં આનગમન :–** હે રાજન્ ! કોઈ ગામમાં એક માસ તો ક્યાંક પંદર દિવસ, ક્યાંક પાંચ દિવસ સુધી નિવાસ કરીને રહેતા રામાનંદસ્વામી જેતપુર પધાર્યા.[૪] ત્યાં ધાર્મિક જીવન જીવતા ઉન્નડરાજાની બહુ પ્રાર્થનાથી ભક્તજનોને આનંદ ઉપજાવતા શ્રીરામાનંદસ્વામી તેમના દરબારમાં નિવાસ કરીને રહ્યા.[૫] ત્યાં નિરંતર ગુરુ રામાનંદસ્વામીની સેવામાં તત્પર થઈને રહેતા નારાયણમુનિ પોતાના આગળ જણાવ્યા એવા સકલ ગુણોથી સ્વામીના અન્ય શિષ્યો કરતાં અધિકને અધિક શ્રેષ્ઠ થયા.[૬]

**શ્રીહરિના સદ્ગુણોનું વર્ણન :–** હે શ્રેષ્ઠ રાજન્ ! શ્રીનારાયણમુનિ સદાય સર્વત્ર પોતાના સ્વસ્વરૂપને વિષે અચળ સ્થિતિમાં રહેતા અને તેનામાં સત્ય, શૌચાદિ અનેક સદ્ગુણો સ્વભાવસિદ્ધ નિત્ય હતા.[૭] તે સત્યાદિ ગુણોમાં સત્ય, શૌચ, દયા, શાંતિ, ત્યાગ, સંતોષ, સરળતા, શમ, દમ, તપ, સર્વત્ર સામ્યબુદ્ધિ, તિતિક્ષા, ઉપરતિ, શ્રુત, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌર્ય, તેજ, બલ, સ્મૃતિ, સ્વાતંત્ર્ય, કૌશલ્ય, કાંતિ, ધૈર્ય, માર્દવ, પ્રાગલ્ભ્ય, પ્રશ્રય, શીલ, સહ, ઓજ, બલ, ભગ, ગાંભીર્ય, સ્થૈર્ય, આસ્તિક્ય, કીર્તિ, મૌન, અગર્વ, અમાન, અદંભ, મિતાહાર, દક્ષતા, મૈત્રી, સર્વ પર ઉપકાર કરવાપણું, વિષયોથી ચિત્તની અક્ષોભતા, અદ્રોહ, અન્યને માન આપવું, છ ઉર્મિ ઉપર વિજય, બ્રાહ્મણોનું હિતચિંતન, શરણાગતોનું રક્ષણ, ઈચ્છારહિતતા, અપરિગ્રહ, રાધિકાના પતિ શ્રીકૃષ્ણ ભગવાનમાં અચળ

अमानित्वमदम्भित्वं मिताहारश्च दक्षता । मैत्री सर्वोपकारित्वं कामैरक्षुब्धचित्तता ॥ ११
अद्रोहो मानदत्वं च षडूर्मिविजयस्तथा । ब्रह्मण्यत्वं शरण्यत्वमनीहा चापरिग्रहः ॥ १२
श्रीराधिकापरिवृढे भक्तिश्च परमाऽचला । अतिप्रेम्णा च निर्दम्भं गुरुशुश्रूषणं तथा ॥ १३
शिष्या मुनिपतेस्त्वेतांस्तस्य सर्वाधिकान् गुणान् । विलोक्य विस्मयं प्रापुः स्वाधिकं मेनिरे च तम् ।१४
गुरोः प्रियं कुर्वतोऽस्य वसतश्च तदन्तिके । वर्षद्वयं व्यतीयाय नारायणमुनेर्नृप ! ॥ १५
एवंविधं तमालक्ष्य रामानन्दमुनिस्ततः । तस्मिन्न्यस्य धुरं स्वीयामितोऽन्तर्धातुमैहत ॥ १६
सर्वेषां निजभक्तानामथ तं श्रृण्वतां सताम् । स ऊचे व्यवहारेषु विरक्तमपि योजयन् ॥ १७

**श्रीरामानन्दस्वाम्युवाच –**

नारायणमुने! धीमञ्च्छृणु मद्वाक्यमादरात् । श्रुत्वा च तत्तथैव त्वं कर्तुमर्हसि सर्वथा ॥ १८
एते मदाश्रिताः सन्ति कृष्णभक्ता नराः स्त्रियः । स्थापनीयास्त्वया धर्ममर्यादायां तु तेऽखिलाः ।१९
श्रीवासुदेवमाहात्म्यं यत्त्वया पठ्यतेऽन्वहम् । वर्णाश्रमवतां धर्मास्तत्र स्त्रीणां च सन्ति हि ॥ २०

---

પરાભક્તિ અને નિર્દંભપણે અતિ પ્રેમથી ગુરુની સેવા કરવી આદિ અનંત સદ્‌ગુણો શ્રીહરિમાં નિત્યસિદ્ધ હતા.[૮-૧૩]

હે રાજન્ ! મુનિપતિ રામાનંદસ્વામીના અન્ય સર્વે શિષ્યો શ્રીસહજાનંદ સ્વામીમાં ઉપરોક્ત સદ્‌ગુણો સર્વ કરતાં અધિક જોઈને પરમ વિસ્મય પામ્યા, અને પોતાના કરતાં તેમને અધિક શ્રેષ્ઠ માનવા લાગ્યા. હે રાજન્ ! આ રીતે ગુરુ રામાનંદસ્વામીની સાથે રહી તેમની સેવા કરી તેમને રાજી કરતાં કરતાં શ્રીનારાયણમુનિને બે વર્ષ વીતી ગયાં.[૧૪-૧૫]

**શ્રીહરિને ધર્મધુરા સોંપવાની રામાનંદસ્વામીએ કરેલી ઈચ્છા :–** રામાનંદસ્વામી પણ આ પ્રમાણે સર્વગુણે સંપન્ન શ્રીનારાયણમુનિને જોઈ પોતાની ધર્મધુરા તેમને સોંપી આલોકમાંથી અંતર્ધાન થવાની ઈચ્છા કરી. તેથી તેણે શ્રીનારાયણમુનિ અતિશય વિરક્ત હોવા છતાં સર્વજન સમુદાયના હિતને ખાતર વ્યવહારિક કાર્યમાં જોડી ધર્મધુરા સોંપવાની ઈચ્છાથી સર્વ ભક્તજનો અને સંતોને સાંભળતાંજ સભામાં કહેવા લાગ્યા કે, હે બુદ્ધિમાન નારાયણમુનિ ! તમે મારું વચન આદરપૂર્વક સાંભળો અને સાંભળ્યા પછી તમારે તે પ્રમાણે જ કરવાનું છે.[૧૬-૧૮] જુઓ, મારા આશ્રિત આ સર્વે નરનારીઓ ભગવાન શ્રીકૃષ્ણના પરમ ઉપાસક ભક્તો છે. તે સર્વેને તમારે પોતપોતાની ધર્મમર્યાદામાં વર્તાવવા છે.[૧૯] અને તમે જે વાસુદેવ માહાત્મ્યનો પ્રતિદિન પાઠ કરો છો, તેમાં વર્ણાશ્રમધર્મને

यथाधिकारं तेष्वेव स्थापनीयास्त्वया जनाः । ग्राह्यं श्रीविठ्ठलेनोक्तं कृष्णसेवनवर्त्म तु ॥ २१
व्रतानामुत्सवानां च सर्वेषां राधिकापतेः । प्रवर्तनीयस्तत्प्रोक्तो निर्णयो वैष्णवोचितः ॥ २२
सम्प्रदायं स्थितिः पूर्वमासीद्रामानुजस्य मे । उपद्रवो महांस्तत्र वैष्णवैर्मत्सरात्कृतः ॥ २३
ततो हित्वा बाह्यमेव तद्वर्त्मेदं मया भुवि । नूत्नं प्रवर्तितं वर्त्म सच्छास्त्राण्यनुसृत्य वै ॥ २४
अध्यात्मज्ञानसिध्द्यै तु रामानुजकृता मया । ग्रन्थाः संस्थापिताः सन्ति कृष्णोपासनपोषकाः ॥ २५
अतो रूपाणि निश्चेतुं जीवमायापरात्मनाम् । रामानुजाचार्यकृतभाष्यादि त्वं प्रवर्तयेः ॥ २६
इत्याज्ञा मम पाल्या ते सर्वशास्त्रार्थवेदिनः । त्वमेक एव मत्स्थाने स्थातुमर्होऽसि साम्प्रतम् ॥ २७
यस्मिन्दिने भवान् दृष्टस्तत आरभ्य मे त्वयम् । मनोरथो भवति तं त्वं पूरयितुमर्हसि ॥ २८
वैराग्यतीव्रतां वेद्मि तव नूनमहं मुने ! । तथाप्येतत्त्वयैव स्यात्कार्यं नान्येन केनचित् ॥ २९

---

**અનુસારે સમસ્ત નરનારીઓના ધર્મો વર્ણવેલા છે. તેથી મારા આશ્રિત સર્વજનોને તમારે સૌ સૌના અધિકારને અનુસારે તે ધર્મોનું પાલન કરાવવું અને શ્રીકૃષ્ણ ભગવાનની સેવા પૂજાનો માર્ગ વલ્લભાચાર્યના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીએ જે કહેલો છે, તેનો જ સ્વીકાર કરવો, અને રાધિકાના પતિ શ્રીકૃષ્ણ ભગવાનના વ્રતો અને ઉત્સવોનો વૈષ્ણવોને યોગ્ય નિર્ણય પણ તેમણે કહેલી રીત પ્રમાણે જ પ્રવર્તાવવો.[૨૦-૨૨]**

**હે નારાયણમુનિ ! પૂર્વે હું રામાનુજાચાર્યના સંપ્રદાયમાં હતો પરંતુ મત્સરગ્રસ્ત વૈષ્ણવોએ ત્યાં મને મહાઉપદ્રવ કર્યો. તેથી તે સંપ્રદાયનાં બહારનાં ચિહ્નોને છોડી મેં સત્શાસ્ત્રને અનુસારે આ નૂતન સંપ્રદાયની સ્થાપના કરી છે.[૨૩-૨૪] છતાં અધ્યાત્મ જ્ઞાનની સિદ્ધિને માટે શ્રીરામાનુજાચાર્યે રચેલા શ્રીભાષ્યાદિ સદ્‌ગ્રંથો, નિત્યસિદ્ધ સદાય દિવ્ય વિગ્રહધારી ભગવાનની સાકાર ઉપાસનાનું પોષણ કરનારા હોવાથી મેં તેનો સાદર સ્વીકાર કર્યો છે. તેથી જીવ, માયા અને પરમાત્મા, આ ત્રણ અનાદિ તત્ત્વોના નિર્ણયને માટે શ્રી રામાનુજાચાર્ય રચેલા શ્રીભાષ્યાદિ સદ્‌ગ્રંથોનું જ તમે પ્રવર્તન કરજો.[૨૫-૨૬] આ રીતે સર્વ શાસ્ત્રોના અર્થને જાણનારા હે મુનિ ! તમે મારી આ આજ્ઞાનું પાલન કરજો. કારણ કે, અત્યારે તમે એક જ મારી ધર્મધુરા સંભાળવા યોગ્ય જણાવ છો.[૨૭] જે દિવસથી તમારાં મને દર્શન થયાં છે તે દિવસથી મારો આ જ મનોરથ રહ્યો છે. તેને તમે સફળ કરવા યોગ્ય છો.[૨૮] હે મુને ! હું તમારા તીવ્ર વૈરાગ્યના ભાવને જાણું છું, છતાં પણ આ કાર્ય એક તમારાથી જ કરવું શક્ય છે. પણ બીજા કોઈથી કરવું શક્ય નથી.[૨૯] હે મુનિ ! તમે મનુષ્યોએ**

स्वीकार्या जनपूजा च वस्त्रालङ्कारसंयुता । आरोहणं त्वया कार्यं रथवाजिगजादिषु ॥ ३०
सर्वतः कलिदोषेभ्यो रक्षणीयास्त्विमे त्वया । शक्तोऽसि रक्षणं कर्तुं त्वमेवेह तपोधन! ॥ ३१
द्रव्यै स्त्रीभिः क्रुधाद्यैश्च पराभाव्यो न सर्वथा । त्वमसीत्येव जानामि गुणैः कृष्णभ्रमप्रदः ॥ ३२
न धर्मसङ्करं कर्ता धीरो गाङ्गेयवद्भवान् । भवतीति विदित्वैव स्वामित्वे स्थाप्यते मया ॥ ३३

**सुव्रत उवाच –**

श्रुत्वेति सद्गुरोर्वाक्यं नारायणमुनिर्नृप ! क्षणं विचिन्त्य हृदि तं प्रत्यूचे विमना इव ॥ ३४

**श्रीनारायणमुनिरुवाच –**

शिष्यैराज्ञा गुरोः पाल्या धर्म एष सनातनः । तथाप्येतद्वचः कर्तुं प्रभो ! नाहं स्वमुत्सहे ॥ ३५
वर्णिधर्मान्समाश्रित्य स्थितस्य खलु सत्पते ! । एतत्त्वद्वचनं मन्ये लोकशास्त्रजुगुप्सितम् ॥ ३६
आघ्राय यद्गन्धमात्रमपि कुर्वे पलायनम् । सोऽहं तासां कथं स्त्रीणां करिष्ये निकटे स्थितिम् ॥ ३७

---

**અર્પણ કરેલ વસ્ત્ર અને અલંકારે સહિતની પૂજાનો સ્વીકાર કરજો. રથ, અશ્વ, હાથી આદિ વાહન ઉપર બેસજો.[૩૦] હે તપોધન ! તમારે જ આ મુક્તાનંદસ્વામી આદિ સંતો ભક્તોનું કળિયુગના દોષો કામ ક્રોધાદિથી રક્ષણ કરવાનું છે. કારણ કે એક તમે જ તેઓનું રક્ષણ કરવા સમર્થ છો.[૩૧] દ્રવ્ય, સ્ત્રી અને ક્રોધાદિકથી સર્વથા પરાભવ ન પામે તેવા મારા શિષ્યોમાં તમે એક જ છો. અને એ હું મારા અંતરમાં નિશ્ચય જાણું છું. કારણ કે ગુણોએ કરીને તો જાણે સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ પધાર્યા હો એવો ભાવ મને તમારા વિષે ઉત્પન્ન થાય છે.[૩૨] ગંગાપુત્ર ભીષ્મ જેવા ધીરજધારી તમે ક્યારેય ધર્મનું સાંકર્યપણું નહિ કરો. એવો દૃઢ નિશ્ચય કરી હું તમને મારી ધર્મધુરાના આચાર્યપદે સ્થાપન કરું છું.[૩૩]**

**ધર્મધુરા સ્વીકારવાની શ્રીહરિએ દર્શાવેલી અનિચ્છા :– સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સદ્ગુરુ રામાનંદસ્વામીનાં આવાં વચનો સાંભળી શ્રીનારાયણમુનિ હૃદયમાં થોડીવાર વિચાર કરી પછી ઉદાસીમને ગુરુ પ્રત્યે કહેવા લાગ્યા.[૩૪] શ્રીનારાયણમુનિ કહે છે, હે પ્રભુ ! શિષ્યોએ ગુરુની આજ્ઞાનું પાલન કરવું જોઈએ, આજ સનાતન ધર્મની રીત છે. છતાં પણ ગાદી સ્વીકારવારૂપ આપનું આ વચન પાલન કરવામાં મને જરાય ઉત્સાહ નથી.[૩૫] કારણ કે, હે સંતોના સ્વામી ! મેં નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મનો આશ્રય કર્યો છે, તેથી જો આપનું આ વચન સ્વીકારું તો લોક અને શાસ્ત્ર બન્નેમાં નિંદાને પાત્ર થાઉં, એમ હું ચોક્કસપણે માનું છું.[૩૬] બીજું કે હું સ્ત્રીઓની ગંધમાત્રથી દૂર ભાગુ છું. તો પછી**

स्त्रीप्रसङ्गो मुमुक्षूणां महान् पाशो हि बन्धकृत् । मुक्ता अप्यभवन्भ्रष्टा बहवो येन तत्क्षणे ॥ ३८
नैष्ठिकव्रतवान् पुंस्त्रीभेददृष्ट्यापि वर्जितः । ऋ ष्यश्रृङ्गः स्त्रीप्रसङ्गाद्‌भ्रष्टोभूत्स्वबृहद्‌व्रतात् ॥ ३९
सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते । क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ॥ ४०
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति । स्त्रीप्रसङ्गात्ततः स्वामिन्बिभेम्यहमिह ध्रुवम् ॥ ४१
न कुर्यात्कर्हिचित्सख्यं मनसि ह्यनवस्थिते । यद्विस्रम्भाच्चिराच्चीर्णं चस्कन्द तप ऐश्वरम् ॥ ४२
नित्यं ददाति कामस्य छिद्रं तमनु येऽरयः । योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली ॥ ४३
कामो मन्युर्मदो लोभः शोकमोहभयादयः । कर्मबन्धश्च यन्मूलः स्वीकुर्यात्को नु तद्बुधः ॥ ४४
कर्तव्यो मनसः सङ्गो यदि भूतानुकम्पया । तत्राप्युपेक्षा युक्तैव यतः कर्मफलं जगत् ॥ ४५
दययापि मनोऽन्यत्र कृष्णाद्ये योजयन्ति ते । मृगसङ्गाद्भरतवद्‌भ्रश्यन्त्येव निजस्थितेः ॥ ४६

---

તેમની સમીપ બેસીને હું ધર્મોપદેશ કેવી રીતે કરી શકીશ ?[૩૭] તેમાં પણ સ્ત્રીઓનો પ્રસંગ મુમુક્ષુ જીવાત્માઓને બંધન કરનાર મોટો ફાંસલો કહેલો છે. કારણ કે મુક્ત સ્થિતિને પામેલા અનેક પુરુષો પણ સ્ત્રીના પ્રસંગથી તે જ ક્ષણે બ્રહ્મચર્યવ્રત થકી ભ્રષ્ટ થયા છે. અરે !!! સ્ત્રી પુરુષોનું જેને લેશ માત્ર ભાન ન હતું એવા નૈષ્ઠિક બ્રહ્મચારી એકલશૃંગીઋષિ પણ સ્ત્રીના પ્રસંગથી પોતાના નૈષ્ઠિકવ્રત ધર્મમાંથી ભ્રષ્ટ થયા હતા.[૩૮-૩૯] સ્ત્રીના પ્રસંગથી કામ ઉત્પન્ન થાય છે, અને કામથકી ક્રોધ અને ક્રોધ થકી મહામોહ ઉત્પન્ન થાય છે. તેથી શુભસ્મૃતિનો વિનાશ થાય છે. અને સ્મૃતિના વિનાશથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થતાં માનવ, કલ્યાણના માર્ગથકી એકદમ ભ્રષ્ટ થઇ જાય છે. તેથી હે સ્વામી ! સ્ત્રીઓના પ્રસંગથી હું નિશ્ચય બહુ જ ભય પામું છું.[૪૦-૪૧] મન અતિ ચંચળ હોવાથી જીત્યું હોય છતાં પણ ક્યારેય તેનો વિશ્વાસ કરવો જોઇએ નહિ. કારણ કે, મનનો વિશ્વાસ કરવાથી સમર્થ એવા સૌભરી આદિ ઋષિઓનું બહુ કાળથી ભેળું કરેલું તપ એક ક્ષણમાં સ્રવી ગયું છે. જો યોગી પુરુષો મનનો વિશ્વાસ કરી તેની સાથે મિત્રતા કરે તો જેમ પુંશ્ચલી નારી પોતાનો વિશ્વાસ કરનાર પતિનો જાર પુરુષને અવકાશ આપી વિનાશ કરાવે છે. તેમ મન પણ કામ અને તેના અનુયાયી ક્રોધાદિ અંતઃશત્રુઓને અવકાશ આપી માનવને કલ્યાણના માર્ગમાંથી ભ્રષ્ટ કરે છે.[૪૨-૪૩] કામ, ક્રોધ, લોભ, શોક, મોહ, ભય, માન, મત્સર આદિ અનેક દોષો અને કર્મનું બંધન વિગેરે મનના આધારે રહે છે. તે સર્વેનું મૂળ મન છે. હવે આ મનનો વિશ્વાસ કયો જ્ઞાની પુરુષ કરે ? ભૂતપ્રાણીમાત્ર ઉપર તેમની કોઇ પીડાના પ્રસંગે દયાએ કરીને પણ જો

प्रदीप्तेऽग्नौ निपातं वावरं मन्ये विषाशनम् । नत्वहं स्त्रैणसम्बन्धं कदाचिदपि कस्यचित् ॥ ४७
धनादीनां प्रसङ्गोऽपि न मे रुचिकरस्तथा । सुशीलोऽपि दुराचारे प्रवृत्तो येन जायते ॥ ४८
धनासक्त्या वसिष्ठोऽपि पुरा भ्रष्टमतिर्नृपम् । निमिं शशाप धर्मिष्ठं व्याख्यात् द्वेश्यासुतः स्वयम् ॥ ४९
देशः कालः क्रिया ध्यानं शास्त्रं दीक्षा तथा मनुः । सङ्गश्च यादृशा ह्येते तादृक् तत्सेविनां फलम् ॥ ५०
शुभैरेतैः सेवितैस्तु शुभा बुद्धिर्भवेन्नृणाम् । अशुभैस्तैर्भवेद्बुद्धिरशुभा नात्र संशयः ॥ ५१
यादृशी यस्य बुद्धिः स्यात्कर्म कुर्यात्स तादृशम् । कर्मानुरूपं च फलं प्राप्नुयात्स ततः पुमान् ॥ ५२
असतो देशकालादीन्न सेवेत ततः सुधीः । विहाय ताञ्छुभानेव हितार्थी शीघ्रमाश्रयेत् ॥ ५३

---

મનનો વિશ્વાસ કરવાનો પ્રસંગ ઊભો થાય તો પણ આ જગતમાં બધા કર્માધીન છે. એમ જાણીને પણ ઉદાસી રહેવું પણ મનનો વિશ્વાસ કરી આસક્ત થવું નહિં.[૪૪-૪૫] જે પુરુષો દયા કરવાના પ્રસંગથી પણ જો ભગવાન વિના બીજે મન જોડે છે તો તે મૃગબાળક ઉપર દયાએ કરીને પ્રસંગ કરવાથી પતન પામેલા ભરતજીની પેઠે પોતાની સ્થિતિમાંથી ભ્રષ્ટ થાય છે.[૪૬]

પ્રજ્વલ્લિત અગ્નિમાં પડવું, તેને હું શ્રેષ્ઠ માનું છું, વિષ ભક્ષણ કરવું તેને પણ હું શ્રેષ્ઠ માનું છું પરંતુ કોઈ પણ પુરુષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રસંગ કરવો તે શ્રેષ્ઠ માનતો નથી.[૪૭] તેવી જ રીતે ધનાદિનો પ્રસંગ પણ મને રુચિકર નથી. કારણ કે, તે ધનાદિના પ્રસંગથી તો સદ્વર્તનવાળા પુરુષોની પણ દુરાચારમાં પ્રવૃત્તિ થાય છે.[૪૮] પૂર્વે ધનમાં આસક્તિ કરવાથી ભ્રષ્ટ થયેલી મતિવાળા વસિષ્ઠ મહર્ષિએ પણ ધર્મિષ્ઠ નિમિરાજાને શાપ આપ્યો હતો. અને પછી તે વસિષ્ઠઋષિ પણ નિમિરાજાના શાપથી વેશ્યાપુત્ર તરીકે જગતમાં વિખ્યાત થયા હતા.[૪૯]

દેશ, કાળ, ધ્યાન, દેવતા, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને સંગ આ આઠ જેવા શુભ કે અશુભનું પુરુષ સેવન કરે છે તે પુરુષને પણ તેવા શુભ કે અશુભ ફળની પ્રાપ્તિ થાય છે.[૫૦] શુભ દેશકાળાદિનું સેવન કરનારા પુરુષની બુદ્ધિ શુભ થાય છે અને અશુભ દેશકાળાદિનું સેવન કરનાર પુરુષની બુદ્ધિ અશુભ થાય છે. તેમાં કોઈ પણ જાતનો સંશય નથી.[૫૧] અને પછી તો જેવી બુદ્ધિ તેવું તે કર્મ કરે છે. અને તે કર્મને અનુસારે શુભાશુભ ફળને તે પુરુષ ભોગવે છે.[૫૨] માટે પોતાનું હિત ઈચ્છતા ડાહ્યા પુરુષોએ અસત્ દેશકાળાદિનું ક્યારેય પણ સેવન ન કરવું અને તેનો ત્યાગ કરી શુભ દેશકાળાદિનો તત્કાળ આશ્રય કરવો.[૫૩] પીધેલી મદીરા કે ભાંગ જેમ શાસ્ત્રવેત્તા વિદ્વાન હોય કે સામાન્ય માનવ હોય તે બન્નેને મદવાળા

निपीतं मद्यभङ्गादि शास्त्रज्ञं वा जडं नरम् । मादयित्वा यथा सद्यो नयत्युन्मत्ततां खलु ॥ ५४
तथैव स्त्री धनं वापि मादयित्वा स्वसेविनम् । उत्पथं प्रापयत्येव विद्वांसमपि सात्त्विकम् ॥ ५५
ईदृक्स्वभावमेवैतद्वर्तते वस्तु सर्वथा । स्वाभाविकं गुणं नैव हातुं शक्नोति कश्चन ॥ ५६
स्त्रीणां वाऽतो धनादीनां प्रसङ्गे मम निश्चितम् । स्वाभाविकी रुचिर्नास्ति सत्यमेतद्वदाम्यहम् ॥ ५७
सद्गुरोस्तव चाज्ञायाः प्रतिवादोऽपि नोचितः । तेन मे खिद्यते चेतस्ततस्त्वं ब्रूहि मे हितम् ॥ ५८
सर्वेषां धर्ममर्यादारक्षणेऽस्ति त्वमीश्वरः । अतोऽत्र किं नु मे कार्यमेतदन्यत्प्रशाधि माम् ॥ ५९

**सुव्रत उवाच –**

प्रतिवाक्यं गुरुः श्रुत्वा नारायणमुनेरिति । स्वामित्वं स्थापयंस्तस्मिन्स्वहार्दं तमुवाच सः ॥ ६०

**श्रीरामानन्दस्वाम्युवाच –**

सन्मते! श्रृणु मद्वाक्यं त्वद्धार्दं वेद्म्यहं ननु । मया यत्क्रियते तत्तु विचार्यैव न चान्यथा ॥ ६१

---

**કરીને તત્કાળ ઉન્મત્ત દશામાં મૂકી દે છે. તેમ સ્ત્રી અને ધનનું સેવન પણ સાત્વિક એવા વિદ્વાન પુરુષને પણ મદે યુક્ત કરી કુમાર્ગે દોરી જાય છે. કારણ કે સ્ત્રીધનાદિ પદાર્થોનો સ્વભાવ જ આ પ્રકારનો છે. અને કોઈ પણ પદાર્થ પોતાનો સ્વભાવિક ગુણ છોડી શકતા નથી. માટે સ્ત્રી અને ધનના પ્રસંગમાં મારી સ્વાભાવિકી રુચિ મળતી નથી. હે સ્વામી ! મેં તમારી પાસે મારી આ સત્ય હકિકત કહી છે.[૫૪-૫૭] હે ગુરુવર્ય ! તમારી આજ્ઞા પાળવી જેટલી યોગ્ય નથી તેટલી પાછી ઠેલવી પણ યોગ્ય નથી. કારણ કે ગુરુની આજ્ઞા શિષ્યોએ પાળવી જોઈએ. આ દ્વિધાથી મારા મનમાં ખેદ વર્તે છે. હવે મારું જેમ હિત થાય તેમ તમે કહો.[૫૮] અને તમે સ્વયં સર્વેના ધર્મની રક્ષા કરવામાં સમર્થ છો. તેથી ધર્મધુરા સંભાળવાનું મારું શું પ્રયોજન છે ? આ સિવાયની બીજી કોઈ પણ આજ્ઞા હોય તો મને જણાવો હું નિશ્ચય તેનું પાલન કરીશ.[૫૯]**

**શ્રીહરિને સમજાવવા રામાનંદસ્વામીનો પ્રયત્ન :– સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીનારાયણમુનિનો આવા પ્રકારનો પ્રત્યુત્તર સાંભળી ગુરુવર્ય રામાનંદસ્વામી તેમને જ પોતાની ધર્મધુરા સોંપવાનું પોતાનું હૃદયગત હાર્દ સમજાવવા લાગ્યા.[૬૦] શ્રી રામાનંદ સ્વામી કહે છે, હે સદ્બુદ્ધિમાન નારાયણમુનિ ! તમે મારું વચન સાંભળો, હું તમારા હૃદયગત અભિપ્રાયને ચોક્કસ જાણું છું. છતાં હું જે કાર્ય કરવા જઈ રહ્યો છું. તે વિચારીને જ કરવા જઈ રહ્યો છું. વગર વિચારે હું કાંઈ પણ કાર્ય કરતો જ નથી.[૬૧] હું આશ્રિતજનોની રક્ષા કરવા સમર્થ**

समर्थो धर्मरक्षायामहं स्वाश्रितदेहिनाम् । वर्ते हि साम्प्रतं भूमौ सत्यमेतत्त्वयोच्यते ॥ ६२
तथापि त्वयि सच्छिष्ये धुरमध्यस्य सुव्रत ! । निश्चिन्तः कृतकार्योऽहं हातुमिच्छाम्यदो वपुः ॥ ६३
न त्वादृशं कञ्चिदन्यं पश्याम्यत्र च धूर्वहम् । अतो मद्वचनं तात ! कर्तुमर्हसि सर्वथा ॥ ६४
वर्णिनां व्रतभङ्गः स्यात्स्त्रीभिः सम्भाषणादिना । इति त्वयोदितं यत्तत्सत्यमेव न संशयः ॥ ६५
अन्ये ते वर्णिनो येषां स्त्र्यादिभिर्लुप्यते व्रतम् । अमानुषक्रियस्त्वं तु न वर्णी प्राकृतो ह्यसि ॥ ६६
वर्तितुं स्त्रीसहस्रेषु निर्विकारतयाऽनघ ! स्वर्णपुञ्जेष्वपि तथा शक्तिरस्ति तवैव हि ॥ ६७
सूर्यनारायणः साक्षाद्वरदाता तव प्रभुः । कामादे रक्षणं कर्ता राजते हृदये तव ॥ ६८
सर्वथैव समर्थस्त्वं विदितोऽसि मयाञ्जसा । अतश्चिरन्तनानेतानपि हित्वा त्वमर्थ्यसे ॥ ६९
त्वदन्ये वर्णिनस्त्वङ्ग ! स्त्रीकथाश्रवणादपि । भ्रष्टा भवेयुः सहसा किं पुनर्दर्शनादिभिः ॥ ७०

---

છું અને અત્યારે હું પૃથ્વીપર મોજૂદ પણ છું. જે તમે કહો છો તે સત્ય છે.[૬૨] છતાં પણ હે શુભવ્રતની નિષ્ઠાવાળા મુનિ ! તમે મારા સદ્ગુણે સંપન્ન શિષ્ય છો તેથી તમને મારી ધર્મધુરા સોંપી હું નિશ્ચિંત અને કૃતકૃત્ય થઈ આ માનવશરીરને હવે છોડવા ઈચ્છું છું.[૬૩]

હે તાત ! મારા આ સમસ્ત શિષ્યવર્ગમાં તમારા સિવાય બીજો કોઈ મારી ધર્મધુરા સંભાળી શકે તેવો સમર્થ શિષ્ય હું જોઈ શકતો નથી. તેથી તમે જ મારું વચન સર્વપ્રકારે સ્વીકારો.[૬૪] સ્ત્રીઓની સાથે બોલવા આદિથી બ્રહ્મચારીઓના વ્રતનો ભંગ થાય છે. એ તમારું વચન સર્વ પ્રકારે સત્ય છે. તેમાં કોઈ જાતનો સંશય પણ નથી.[૬૫] પરંતુ તે બ્રહ્મચારીઓ બીજા છે કે જે સ્ત્રી ધનાદિકમાં લોભાઈને ભ્રષ્ટ થાય. અને તમે તો અમાનુષી ક્રિયા કરનારા દિવ્ય પુરુષ છો. કોઈ પ્રાકૃત બ્રહ્મચારી નથી.[૬૬] હે નિષ્પાપ ! તમે તો હજારો સ્ત્રીઓની વચ્ચે અને સુવર્ણના ઢગલાની વચ્ચે પણ નિર્વિકાર રહી શકો તેવા સમર્થ છો.[૬૭] કારણ કે તમને વરદાનને આપનારા અને કામાદિ દોષો થકી પણ રક્ષણ કરવા સમર્થ એવા સાક્ષાત્ સૂર્યનારાયણ તમારા હૃદયમાં સદાય પ્રકાશ કરી રહ્યા છે.[૬૮] તમે સર્વપ્રકારે સમર્થ છો. એમ હું યથાર્થ જાણું છું. તેથી હું આ મુક્તાનંદ વિગેરે જૂના સંતોને છોડીને એક તમને જ ધર્મધુરા સ્વીકારવા સમજાવું છું.[૬૯] હે નારાયણમુનિ ! તમે ડાહ્યા થાઓ. તમારા સિવાયના આ બ્રહ્મચારીઓ તો સ્ત્રીઓની વાર્તા સાંભળવા માત્રથી તત્કાળ ભ્રષ્ટ થાય, તો પછી તેનાં દર્શન કે સ્પર્શથી ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ? માટે તે સર્વે બ્રહ્મચારીઓએ તો સ્ત્રી-ધનાદિકનો પ્રસંગ તો સર્વ પ્રકારે છોડી દેવો એ જ યોગ્ય

संसर्गः स्त्रीधनादीनां त्याज्योऽतः सर्वथैव तैः । त्वं त्वीश्वरः स्वाश्रितानां कुरु धर्मादिरक्षणम् ॥७१

**सुव्रत उवाच -**

इत्याकर्ण्य गुरोर्वाक्यं मानयंस्तं स वर्णिराट् । प्रतिजग्राह तद्वाक्यमनिच्छन्नपि भूपते ! ॥ ७२
स्ववाचीत्थं स्वीकृतायां तेनाथ स मुनीश्वरः । उपवेश्य स्वासने तं चन्दनादिभिरार्चिचत् ॥ ७३
महोत्सवं कारयित्वा गीतवाद्यपुरोगतम् । सुप्रसन्नमनाः स्वामी स्वाश्रितानिदमब्रवीत् ॥ ७४

**श्रीरामानन्दस्वाम्युवाच -**

श्रृण्वन्तु मामकाः सर्वे गृहिणस्त्यागिनस्तथा । अयं नारायणमुनिर्मम स्थानेऽस्ति निश्चितम् ॥ ७५
मनुष्याणां सुदुष्प्रापैः सम्पन्नः सद्गुणैरयम् । युष्माकं धर्ममर्यादापालनेऽस्त्येव शक्तिमान् ॥ ७६

---

છે. અને તમે તો સમર્થ છો. માટે મારા આશ્રિત નરનારીઓના ધર્મનું રક્ષણ કરવા ધર્મધુરાનો સ્વીકાર કરો.[૭૦-૭૧]

**શ્રીહરિએ કર્યો ગુરુના વચનનો સ્વીકાર :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! વર્ણીરાજ શ્રીનારાયણમુનિ ગુરુ રામાનંદસ્વામીનું આવું આગ્રહભર્યું વચન સાંભળી અંતરમાં જરા પણ ઈચ્છા ન હોવા છતાં તેમનાં વચનને માન આપીને કહ્યું કે, તમે જેમ કહેશો તેમ કરીશ.[૭૨] હે રાજન્ ! નારાયણમુનિ શ્રીસહજાનંદ સ્વામીએ જ્યારે પોતાનાં વચનનો સ્વીકાર કર્યો ત્યારે મુનીશ્વર શ્રીરામાનંદ સ્વામીએ તત્કાળ શ્રીહરિને પોતાની ધર્મની ગાદી ઉપર બેસાડ્યા અને ચંદન પુષ્પાદિ વડે પૂજન કર્યું, તથા ગીત-વાજિંત્રોના નાદની સાથે મોટો ઉત્સવ ઉજવ્યો. અત્યંત ખુશ થઈ ગુરુ રામાનંદસ્વામી પોતાના આશ્રિત સર્વે સંતો ભક્તો પ્રત્યે કહેવા લાગ્યા.[૭૩-૭૪]

શ્રીરામાનંદસ્વામી કહે છે, કે મારા ત્યાગી તથા ગૃહસ્થ સર્વે આશ્રિતજનો સાંભળો ! આ નારાયણમુનિ આજથી મારા સ્થાને બિરાજે છે, તે વાત નિશ્ચિત છે.[૭૫] એ બીજા મનુષ્યોથી પ્રાપ્ત ન થઈ શકે તેવા સદ્‌ગુણોથી સંપન્ન છે. તેથી તમને સર્વેને ધર્મમર્યાદાનું પાલન કરાવવા સમર્થ છે.[૭૬] માટે આજ દિવસથી આરંભીને મારા સર્વે આશ્રિત તમોએ એમની આજ્ઞામાં વર્તવાનું છે. મારી આ આજ્ઞાનું તમારે સર્વેને સર્વપ્રકારે યથાર્થ પાલન કરવાનું છે.[૭૭]

હે રાજન્ ! સ્વામીનું વચન સાંભળી સર્વે સંતો ભક્તોએ કહ્યું કે, હે સ્વામી ! આપના કહેવા પ્રમાણે જ અમે વર્તન કરીશું. આ પ્રમાણે સર્વે સંતો ભક્તોની સહમતિ સાંભળી રામાનંદસ્વામી પોતાની સન્મુખ બે હાથ જોડીને રહેલા શ્રીનારાયણમુનિને

तदेतद्दिनमारभ्य स्थेयमस्यैव शासने । सर्वैर्भवद्भिरित्याज्ञा मम पाल्यैव सर्वथा ॥ ७७
स्वामिन्नेवं करिष्याम इत्यूचुस्ते ततोऽखिलाः । प्राञ्जलिं वर्णिराजं च तदोवाच पुनर्गुरुः ॥ ७८
महामुने ! प्रसन्नोऽस्मि मदाज्ञापालनात्त्वयि । अतस्त्वं वाञ्छितान्स्वस्य वरान्वरय कांश्चन ॥ ७९
अदेयं नास्ति मे किञ्चित्तुभ्यं ब्रह्माण्डगोलके । महापुरुष ! तद्ब्रूहि निश्चितं निजवाञ्छितम् ॥ ८०

**सुव्रत उवाच –**

इति सञ्चोदितस्तेन वरार्थं स महामुनिः । नीलकण्ठ उवाचेदं सर्वजीवदयानिधिः ॥ ८१

**श्रीनीलकण्ठ उवाच –**

यदि तव वरदानपात्रता मे वितर तदा तु मयेप्सितान्वरांस्त्वम् ।
मृदुलपदसरोरुहद्वये मे मतिरचलास्तु सदैव नन्दसूनोः ॥ ८२
इह च यदुरुदुःखमन्तकाले ह्यगणितवृश्चिकदंशतुल्यमाहुः ।
यदितरदपि तच्च वैष्णवानां भवतु ममाथ च ते तु सन्त्वदुःखाः ॥ ८३

---

**ફરી કહેવા લાગ્યા કે, હે મહામુનિ ! મારી આજ્ઞાનું તમે પાલન કર્યું, તેથી હું ખૂબજ પ્રસન્ન થયો છું, તેથી હવે તમને જે ઇચ્છિત વરદાનો માગવાની ઇચ્છા છે તે માગો.[૭૮-૭૯] હે મહાપુરુષ ! આ બ્રહ્માંડના ગોળામાં એવી કોઇ વસ્તુ નથી કે તમે માગોને હું ન આપી શકું. તેથી તમારા અંતરમાં જે ઇચ્છા વર્તે છે તે કહો.[૮૦]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ગુરુવર્યશ્રી રામાનંદ સ્વામીએ વરદાન માગવાની પ્રેરણા કરી ત્યારે જીવપ્રાણીમાત્ર ઉપર દયા કરનારા મહામુનિ શ્રી નીલકંઠવર્ણી એવા શ્રીહરિ આ પ્રમાણે માગવા લાગ્યા.[૮૧]**

**શ્રીહરિએ માગેલાં વરદાનો :– શ્રીનીલકંઠવર્ણી કહે છે, હે સ્વામી ! જો હું વરદાન આપવાને પાત્ર હોઉં તો મારા મનને ઇચ્છિત એ વરદાન આપો કે, નંદનંદન શ્રીકૃષ્ણ ભગવાનના કોમળ ચરણકમળને વિષે મારી મતિ અચળ રહે.[૮૨] આલોકમાં અંતકાળે મનુષ્યોને અગણિત વીંછીઓના દંશની વેદના કરતાં પણ અધિક વેદના થાય છે. એમ વર્ણન કરેલું છે. તથા જીવનમાં થતી બીજી શારીરિક અનેક વેદનાઓ વર્ણવી છે. તે વેદના જો તમારા આશ્રિત ભક્તજનોના ભાગ્યમાં ભોગવવાની લખી હોય તો મને પ્રાપ્ત થાય પરંતુ તમારો ભક્ત કદાપિ દુઃખી ન થાય.[૮૩] હે પોતાના આશ્રિતજનોનું પાલન કરનારા સ્વામી ! તેવી જ રીતે આલોકમાં તમારો આશ્રય કરી ભગવાનની ભક્તિ કરનારા ભક્તજનોના ભાલમાં પોતાનાં કરેલાં કર્મના ભાગ્યે અન્ન-વસ્ત્રાદિકની પીડા અવશ્ય ભોગવવાની લખી હોય તો**

क्वचिदपि भुवि कृष्णभक्तिभाजां निजकृतकर्मवशादवश्यभोग्यम् ।
इह यदुरु तथाऽन्नवस्त्रदुःखं तदपि ममास्तु न तु प्रजेश ! तेषाम् ॥ ८४
व्रजरमणकथा च यत्र यत्र प्रथितगुणाश्च भवेयुरीश ! सन्तः ।
मम भवतु सदैव तत्र वासो न तु भवसक्तधियां क्वचित्प्रसङ्गे ॥ ८५
वाणी मे गुणकीर्तने भगवतः कर्णौ कथायाः श्रुतौ ।
सेवायां च भूजौ स्मृतौ च हृदयं भूयाद्दृशौ लोचने ॥
कृष्णार्थैव मम क्रियाऽस्तु सकला शारीरिकी मानसी ।
दुःसङ्गः क्वचनापि मास्त्विह विभो ! देहि त्वमेतान्वरान् ॥ ८६

**सुव्रत उवाच –**

एवं स भगवान् कृष्णोपासनारीतिमञ्जसा । सेवारीतिं सद्गुरोश्च शिक्षयन्नात्मसंश्रितान् ॥ ८७
शोभयंश्च स्वानुकृतं नरनाट्यं नराधिप! । ईश्वरोऽपि गुरुं भक्त्या प्रार्थयामास भक्तवत् ॥ ८८
इति सम्प्रार्थयन्तं तं प्रोवाच वचनं गुरुः । मनोरथास्ते सम्पूर्णा भविष्यन्ति न संशयः ॥ ८९

---

તે પીડા મને આવે પણ તે ભગવાનના ભક્તો અન્નવસ્ત્રે કરીને ક્યારેય દુઃખી ન થાય.[૮૪] હે ઈશ ! જે જે સ્થળમાં વ્રજેશ્વર શ્રીકૃષ્ણ ભગવાનની કથા થતી હોય તથા જે જે સ્થળમાં સદ્‌ગુણોથી પ્રસિદ્ધ સંતપુરુષોનો તથા સાક્ષાત્ ભગવાનના ભક્ત સંતોનો નિવાસ હોય તેવા સ્થળમાં રહેવાનું સદ્‌ભાગ્ય મને સદાય પ્રાપ્ત થાય. પરંતુ સંસારમાં આસક્ત બુદ્ધિમાન પુરુષોનો પણ મને ક્યારેય સહવાસ પ્રાપ્ત ન થાય.[૮૫] વળી હે વિભુ ! મારી વાણી સદાય ભગવાનનાં ગુણ કીર્તન કર્યા કરે, મારા કાન ભગવાનની કથાનું શ્રવણ કર્યા કરે, મારા હાથ ભગવાનની પરિચર્યા કર્યા કરે. મારા હૃદયમાં સતત ભગવાનનું સ્મરણ થયા કરે, મારાં નેત્રો ભગવાનનું દર્શન કર્યા કરે. આ રીતે મારી શારીરિક અને માનસિક સકલ ક્રિયા શ્રીકૃષ્ણ ભગવાનને અર્થે જ થયા કરે, તથા આ સંસારમાં ક્યારેય પણ મને કુસંગનો યોગ ન થાય. આવાં વરદાનો તમે મને આપો.[૮૬]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિ સ્વયં પરમેશ્વર હોવા છતાં પોતાની સ્વતંત્ર ઈચ્છાથી સ્વીકારેલા મનુષ્યનાટ્યને શોભાવવા અને પોતાના આશ્રિત ભક્તજનોને ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસના રીતિ તથા સદ્‌ગુરુની સેવા રીતિ શિખવવા માટે એકાંતિક ભક્તની જેમ પરમ સ્નેહથી ગુરુ રામાનંદ સ્વામીની પ્રાર્થના કરી વરદાનો માગ્યાં.[૮૭-૮૮] પછી શ્રીનારાયણમુનિ પ્રત્યે ગુરુ રામાનંદસ્વામી

परोपकारैकपरायणाय नारायणायेति वरान्स दत्त्वा ।
स्थितस्तदीयाननपद्ममेव विलोकते स्म स्थिरयात्मदृष्ट्या ॥ ९०
तस्मै प्रसन्नोऽथ च सोऽपि कृष्णः स्वातिप्रियायात्मयथार्थबोधम् ।
ददावचिन्तं विदधत्तमीशो विवेद तं सोऽपि निजेष्टदेवम् ॥ ९१
गोलोकसंस्थाक्षरदिव्यधाम्नि यादृक् स्वदृष्टश्च बृहद्वनादौ ।
विलोक्य तं तादृशमेव कृष्णमानन्दवार्धौ निममज्ज सद्यः ॥ ९२
चिरं निभाल्याथ तमेव भक्तरक्षाविधानाय च धर्मगुप्त्यै ।
तत्रागतं ह्यवगत्य सद्यो निश्चिन्त आसीन्नृप ! पूर्णकामः ॥ ९३
नृनाटनं तस्य विभोर्विधित्सोर्हार्दं विदन्नान्यजनाय तत्तु ।
प्राकाशयद्वेदनमात्मबुद्धमेकान्तिको भक्तवरो यतोऽसौ ॥ ९४

---

કહેવા લાગ્યા કે, હે વર્ણીરાજ ! તમારા મનોરથો સંપૂર્ણ સિદ્ધ થશે. તેમાં જરાય પણ સંશય નથી.[૮૯] હે રાજન્ ! જીવપ્રાણી માત્ર ઉપર એક પરોપકાર કરવા માટે જ સદાય તત્પર રહેતા શ્રીનારાયણમુનિને આ પ્રમાણે વરદાનો આપી, આસન ઉપર બિરાજમાન શ્રીરામાનંદસ્વામી પોતાની સ્થિર નિર્નિમેષ દૃષ્ટિથી શ્રીહરિના મુખકમળ સામું જ જોઈ રહ્યા.[૯૦]

**ગુરુને આપ્યું સ્વ-સ્વરૂપનું સત્યજ્ઞાન :-** હે રાજન્ ! ત્યારપછી અતિશય પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ પોતાના પ્રિય સખા ઉદ્ધવાવતાર શ્રીરામાનંદસ્વામીની ચિંતાદૂર કરવા તેમને પોતાના શ્રીકૃષ્ણ ભગવાનપણાના સ્વરૂપનો યથાર્થ બોધ કરાવ્યો અને સ્વામી પણ શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે એમ માનવા લાગ્યા.[૯૧] ગોલોકના મધ્યે રહેલા દિવ્ય અક્ષરબ્રહ્મધામમાં વિરાજમાન ભગવાનનાં પૂર્વે દિવ્ય વૃંદાવનક્ષેત્રમાં જેવાં સ્વરૂપે દર્શન થયાં હતાં, તેવા જ શ્રીકૃષ્ણ સ્વરૂપે ભગવાન શ્રીહરિને જોઈ શ્રીરામાનંદ સ્વામી તત્કાળ આનંદના મહાસાગરમાં લીન થયા.[૯૨] હે રાજન્ ! આ પ્રમાણે રામાનંદસ્વામીને શ્રીહરિનાં દર્શનમાં આમને આમ બહુકાળ પર્યંત અનુભૂતિ થતી રહી તેથી પોતે પૂર્ણકામ થયા અને દુર્વાસામુનિના શાપથી ધર્મ-ભક્તિ અને મરીચ્યાદિમુનિઓ તથા મારું રક્ષણ કરવા માટે અને એકાંતિક ધર્મનું રક્ષણ કરવા માટે પ્રગટ થઈ સૌરાષ્ટ્રદેશમાં આવેલા આ શ્રીહરિ સાક્ષાત્ પરમેશ્વર છે. એમ મનમાં જાણી તત્કાળ ચિંતા રહિત થયા.[૯૩] મનુષ્યનાટક કરવા ઈચ્છતા વિભુ એવા શ્રીહરિના હૃદયગત

तस्मिंस्ततः शिष्यधियं विहाय निजेशबुध्द्या हृदि भावयन् सः ।
वृतस्तदाद्यैर्निजशिष्यमुख्यैस्ततः फणिग्राममियाय भूप ! ॥ ९५

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे नारायणमुनिस्वामित्वस्थापननामैकोनषष्टितमोऽध्यायः ॥ ५९ ॥*

---

## *अध्यायः - ६०*

*सुव्रत उवाच -*

एकादश्या मोक्षदायास्तत्र चक्रे महोत्सवम् । द्वादश्यां भोजयामास साधून्विप्रान्सहस्रशः ॥ १
दत्त्वा दानानि विप्रेभ्यः प्रातर्भद्राभिधां नदीम् । उपेत्य तस्यां स्नात्वा रहःस्थान उपाविशत् ॥ २

---

અભિપ્રાયને જાણતા હોવા છતાં શ્રીહરિની ઇચ્છા ન હોવાથી ઉદ્ધવાવતાર શ્રી રામાનંદસ્વામીએ પોતાને થયેલું સાક્ષાત્ ભગવાન શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન કોઈની આગળ જાહેર કર્યું નહિ. કારણ કે, તે ભગવાનના પરમ એકાંતિક ભક્ત હતા, તેથી ભગવાનની મરજી વિરુદ્ધ વર્તે નહિ.[૯૪] હે રાજન્ ! શ્રીહરિના દિવ્યસ્વરૂપનું જ્ઞાન થયા પછી શ્રીરામાનંદ સ્વામી તેમને વિષે શિષ્યપણાની બુદ્ધિ છોડી દીધી અને અંતરમાં આ મારા ઈષ્ટદેવ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છે એવી ભાવનામાં આનંદથી રહેવા લાગ્યા, અને નારાયણમુનિ આદિ તથા મુક્તાનંદસ્વામી આદિની સાથે ફરતા ફરતા ફણેણી ગામમાં પધાર્યા.[૯૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં રામાનંદસ્વામીએ શ્રીસહજાનંદ સ્વામીને પોતાની ધર્મધૂરા સોંપી એ નામે ઓગણસાઠમો અધ્યાય પૂર્ણ થયો. --૫૯--***

---

## અધ્યાય - ૬૦

## ફણેણી ગામમાં શ્રીરામાનંદસ્વામીની અંતર્ધાન લીલા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! રામાનંદસ્વામીએ ફણેણી ગામમાં સંવત ૧૮૫૮ ના માગસર શુદ મોક્ષદા એકાદશીને દિવસે મોટો ઉત્સવ ઉજવ્યો અને બારસને દિવસે હજારો સાધુ, બ્રાહ્મણોને ભોજન કરાવ્યું.[૧] તેરસના પ્રાતઃકાળે

बद्धपद्मासनस्तस्मिन् समाधिं विदधद्धरौ । तदिच्छया जहौ सद्यो मानुषीं तनुमुद्धवः ॥ ३
मुक्तो दुर्वाससः शापाद्बदरीमेत्य पूर्ववत् । प्रावर्तयत् कृष्णभक्तिं सिद्धदेहः स भूपते ! ॥ ४
विक्रमार्कशकान्नागशरहस्तीन्दुसम्मिते । वर्षे मार्गे त्रयोदश्यां शुक्ले सोऽन्तर्दधे गुरौ ॥ ५
सङ्कीर्तयन्तो नामानि श्रीकृष्णस्य तदाऽखिलाः । तन्मुखैकदृशः शिष्या विविदुस्तमुपारतम् ॥ ६
तत्पार्श्वमेत्य संवीक्ष्य नाडीप्राणविहीनताम् । साश्रुनेत्रा बभूवुस्ते विभ्रान्ता इव सर्वशः ॥ ७
हरिस्तु धैर्यमासाद्य देशकालोचितक्रियः । धर्मशास्त्रार्थपारीणः स्नात्वा केशानवापयत् ॥ ८
पुनः स्नात्वा चन्दनेन चर्चयामास तद्वपुः । पुष्पाबीरगुलालाद्यैस्तदानर्च ननाम च ॥ ९
पितृमेधविधानेन क्रमात्कुर्वन् स तत्क्रियाः । विमानं कारयित्वाशु तस्मिंस्तत्संन्यधारयत् ॥ १०

---

સુપાત્ર બ્રાહ્મણોને ગાય, ભૂમિ, સુવર્ણ આદિકનાં દાન આપ્યાં. ત્યારપછી ભદ્રાવતી નદીએ જઇ સ્નાન કરી પાછા પોતાને સ્થાને આવી એકાંત સ્થળમાં વિરાજમાન થયા.[૨] આ પ્રમાણે ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામી એકાંતમાં પદ્માસને બેસી પોતાના ઈષ્ટદેવ અને પ્રગટપણે વિરાજતા સાક્ષાત્ શ્રીહરિકૃષ્ણના સ્વરૂપમાં મનની વૃત્તિ એકાગ્ર કરી તેમની જ દિવ્ય ઇચ્છાથી તત્કાળ મનુષ્ય શરીરનો ત્યાગ કર્યો.[૩] હે ભૂપતિ ! આ રીતે દુર્વાસામુનિના શાપ થકી મુક્ત થઇ ઉદ્ધવજી પુનઃ બદરિકાશ્રમને વિષે સિધાવી પૂર્વની માફક જ સિદ્ધદેહે કૃષ્ણ ભક્તિનું પ્રવર્તન કરવા લાગ્યા.[૪]

હે રાજન્ ! આ રીતે સંવત ૧૮૫૮ ના માગસર સુદ તેરસ ને ગુરુવારના પવિત્ર દિવસે ઉદ્ધવાવતાર શ્રીરામાનંદસ્વામી આલોકમાંથી અંતર્ધાન થયા.[૫] તે સમયે ગુરુના મુખ સામે જ એક દૃષ્ટિ કરી ભગવાન શ્રીકૃષ્ણનું નામ સંકીર્તન કરી રહેલા શ્રીનારાયણમુનિ આદિ સમગ્ર શિષ્યમંડળે સ્વામી અંતર્ધાન થયા છે, એમ જાણ્યું. તે સમયે અન્ય સર્વે શિષ્યો તેમની સમીપે આવ્યા અને સ્વામીના નાડીપ્રાણ બંધ થયાં છે એમ જાણી વ્યાકુળ થઇ રુદન કરવા લાગ્યા.[૬-૭]

હે રાજન્ ! દેશકાળને અનુસારે ધર્મશાસ્ત્ર સંબંધી ક્રિયા કરવામાં કુશળ શ્રીહરિ સહજાનંદસ્વામીએ ધીરજ ધારણ કરી સ્નાન કર્યું અને મસ્તક ઉપર શિખાને છોડી મુંડન કરાવ્યું.[૮] પછી ફરી સ્નાન કરી શ્રીરામાનંદ સ્વામીના શરીર ઉપર ચંદન ચર્ચ્યું અને પુષ્પ, અબીર, ગુલાલ આદિ સૌભાગ્ય દ્રવ્યથી પૂજન કરી નમસ્કાર કર્યા.[૯] ભગવાન શ્રીનારાયણમુનિએ પિતૃમેધ વિધિથી અનુક્રમે ઔર્ધ્વદૈહિકક્રિયાનું અનુષ્ઠાન કરતાં સ્વામીના નિશ્ચેતન શરીરને તત્કાળ સુંદર

अनर्घ्यसितसूक्ष्मेण वाससाच्छाद्य तत्त्रिभिः । शिष्यैरन्यैः समं निन्ये स्नातैर्भद्रां विमानकम् ॥ ११
विष्णुसूक्तं द्विजाः पेठुस्तदानीं कृष्णकीर्तनम् । मृदङ्गझर्झरोपेतं चक्रुः सन्तोऽश्रुचक्षुषः ॥ १२
नद्यास्तटे शुचिस्थाने तन्निधाय च ते चिताम् । चक्रुः श्रीखण्डतुलसीपिप्पलानार्द्रदारुभिः ॥ १३
तत्र तद्देहमाधाय स्नपितं स्रग्विभूषितम् । आज्यलिप्तं ततः कृष्णो ददाहोत्तपनाग्निना ॥ १४
आज्यं जुहाव मध्ये तु ततो दग्धे कलेवरे । शमयित्वाम्भसा वह्निं नद्यां तद्भस्म सोऽक्षिपत् ॥ १५
सुस्नुः सर्वे ततो नद्यां शिष्या हरिपुरःसराः । दत्त्वोदकं च गुरवे पुनः स्नान्ति स्म ते नृप ! ॥ १६
ततो गत्वा फणिग्राममूषुस्ते च शुचान्विताः । उपोषणं दिने तस्मिन्कुर्वन्ति स्म निरोजसः ॥ १७

આકારની પાલખી તૈયાર કરાવી તેમાં પધરાવ્યું.[૧૦] કોઈએ ધર્મશાસ્ત્રના દેવલમુનિના વચનને યાદ કરી શંકા કરી કે, બ્રહ્મચારીએ શબની દાહ આદિક ક્રિયા ન કરવી જોઈએ. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, નિર્ણયસિન્ધુમાં કમલાકર અને મનુની ઉક્તિ છે કે, પોતાના આચાર્ય, વિદ્યાગુરુ, માતા, પિતા અને ગુરુના શરીરની ઔર્ધ્વદૈહિક ક્રિયા નૈષ્ઠિકબ્રહ્મચારી કરે છતાં વ્રતનો ભંગ થતો નથી. તેથી આમાં કોઈ શાસ્ત્રબાધ નથી, એમ કહીને બહુ મૂલ્યવાળાં સૂક્ષ્મ શ્વેત વસ્ત્રોથી તે વિમાનને શણગારી સ્નાન કરી પવિત્ર થયેલા અન્ય ત્રણ સ્વામીના શિષ્યોની સાથે શ્રીનારાયણમુનિ તે વિમાનને ભદ્રાવતી નદીનાં તીરે લઈ ચાલ્યા.[૧૧]

હે રાજન્ ! તે સમયે સ્વામીના વિદ્વાન શિષ્ય બ્રાહ્મણો વિષ્ણુસૂક્તનો પાઠ કરવા લાગ્યા અને આંખમાં શોકનાં આંસુ હતાં છતાં ઝાંઝ મૃદંગ વગાડી સંતો, ભક્તો શ્રીકૃષ્ણ ભગવાનનું નામ સંકીર્તન કરવા લાગ્યા.[૧૨] આ પ્રમાણે શ્રીહરિ અને સંતો ભક્તો સ્વામીના વિમાનને ભદ્રાવતી નદીના પવિત્ર તટે લઈ આવી. નીચે ઉતાર્યું અને ચંદન, તુલસી અને પીપળો વગેરેનાં સૂકાં કાષ્ઠની ચિતા તૈયાર કરી, પછી શ્રીહરિએ સ્વામીના શરીરને સ્નાન કરાવી, ઘીથી લેપન કરી પુષ્પોની માળાઓથી શણગારીને ચંદનની ચિતામાં પધરાવ્યું, અને ઉત્તપન નામના અગ્નિથી દાહ આપ્યો.[૧૩-૧૪]

હે રાજન્ ! સ્વામીનું શરીર જ્યારે અગ્નિમાં અર્ધું બળી રહ્યું ત્યારે વચ્ચે શ્રીહરિએ ઘીની આહુતિ અર્પણ કરી અને છેલ્લે જ્યારે શરીર સંપૂર્ણ ભસ્મીભૂત થયું ત્યારે જળથી અગ્નિનું શમન કરી તેમની ચિતાભસ્મ ભદ્રાવતી નદીમાં પધરાવી દીધી.[૧૫] હે રાજન્ ! ત્યારપછી સમસ્ત શિષ્યવૃંદની સાથે શ્રીહરિએ ભદ્રાવતીમાં સ્નાન કર્યું અને સૌએ ગુરુને જલાંજલિ અર્પણ કરી ફરી સ્નાન કર્યું. પછી શોક

द्वितीयेऽहनि पत्राणि लिखित्वा कतिचिन्नरान् । नानादेशस्थभक्तेभ्यः प्रैषयत्स सदग्रणीः ॥ १८
ते वाचयित्वा पत्राणि ज्ञात्वान्तर्धिं गुरोर्भुवः । भृशं शुचाकुला आसन् पुरुषाश्च स्त्रियोऽखिलाः ॥ १९
हित्वा सर्वाणि कार्याणि सयोषा गृहिणो जनाः । शक्तितो धनमादाय तत्रजग्मुस्त्वरान्विताः ॥ २०
वर्णिनस्त्यागिनश्चैतं वृत्तान्तमतिदुःसहम् । श्रुत्वा प्रापुः शुचं भूरि ब्रह्मभूयं गता अपि ॥ २१
यत्र यत्र स्थिता ये ये ते ते सद्यस्ततस्ततः । फणिग्राममुपाजग्मुः स्नात्वा भक्ताः सहाम्बरम् ॥ २२
तत्रागतेभ्यस्तेभ्यश्च साश्रुदृग्भ्यो यथोचितम् । वासस्थानादि स प्रादान्नारायणमुनिर्नृप ! ॥ २३
द्वितीयदिनतो नित्यं त्रयोदशदिनावधि । सार्थां श्रीभगवद्गीतामपराह्णेऽश्रृणोच्छुचिः ॥ २४
अहानि द्वादश तथा क्षारांश्च लवणं नृप! । आशौचनियमस्थोऽसौ नाभक्षयदुदारधीः ॥ २५

**કરતા કરતા સૌ ફણેણી ગામમાં આવ્યા. સ્વામીના અંતર્ધાનથી નિસ્તેજ થયેલા સર્વેએ તે દિવસે ઉપવાસ કર્યો.[૧૬-૧૭] બીજે દિવસે સદ્‌ગુણી શ્રી નારાયણમુનિએ પત્રો લખી દેશદેશાંતરમાં વસતા ભક્તજનોને સમાચાર આપવા કેટલાક ભક્તજનોને મોકલ્યા.[૧૮] તે સમયે દેશાંતર નિવાસી નર-નારી ભક્તજનોએ પત્રો વાંચી સ્વામીના આલોકમાંથી અંતર્ધાન થયાના સમાચાર જાણી, વસ્ત્ર સહિત સ્નાન કરીને બહુજ શોકાતુર થયા.[૧૯] પોતાની પત્નીઓની સાથે તે સર્વે ગૃહસ્થ ભક્તો તત્કાળ પોતાનાં વ્યવહારિક કાર્યો છોડીને શક્તિ પ્રમાણે ધનાદિ પદાર્થો સાથે લઈ ફણેણી ગામે આવવા લાગ્યા.[૨૦]**

**હે રાજન્ ! દેશાંતરમાં રહેલા સ્વામીના શિષ્યો બ્રહ્મચારી અને સંતવૃંદ પણ પોતે બ્રહ્મસ્થિતિને પામ્યા હોવા છતાં સહન ન થઈ શકે તેવા ગુરુના અંતર્ધાનલીલાના સમાચાર સાંભળી અતિશય શોકાતુર થયા.[૨૧] તે બ્રહ્મચારી અને સંતો પોતે જે જે દેશમાં વિચરતા હતા ત્યાં સમાચાર મળતાં તત્કાળ વસ્ત્રે સહિત સ્નાન કરી તત્કાળ ફણેણી ગામ પ્રત્યે આવવા લાગ્યા.[૨૨] હે રાજન્ ! તે સમયે ભગવાન શ્રીનારાયણમુનિએ આંખમાં આંસુ સારતા તે ફણેણી ગામે આવેલા સર્વે દેશાંતરવાસી ભક્તજનોને રહેવા માટે યથાયોગ્ય નિવાસસ્થાનો અપાવ્યાં.[૨૩] પછી બીજા દિવસથી આરંભીને તેરમા દિવસ સુધી બપોર પછીના નમતા દિવસે પવિત્ર થઈ ભગવાન શ્રીનારાયણમુનિએ સહિત સ્વામીનું સમસ્ત શિષ્યવૃંદ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની અર્થે સહિત કથાનું શ્રવણ કરતા હતા.[૨૪] તે સમયે આશૌચ આદિક નિયમોનું પાલન કરતા ઉદાર બુદ્ધિવાળા ભગવાન શ્રીનારાયણમુનિએ બાર દિવસ પર્યંત ક્ષારમિશ્ર પદાર્થો અને મીઠું (લવણ) ભોજનમાં લીધું નહિ.[૨૫]**

सन्ध्याग्निकार्यमुख्यानि नित्यकर्माणि तु स्वयम् । आशौचेऽपि स्मृतिबलाच्चड़ाकारान्यांस्तु नास्पृशत् ॥२६
आशौचान्त्यदिने चक्रे नवश्राद्धं गुरोः स च । ऐकादशाहिकं कर्म वृषोत्सर्गयुतं ततः ॥ २७
त्रयोदशपदानीहविप्रेभ्योऽअष्टविधानि सः । दश दानानि च प्रादाद्गवादीनि सदक्षिणम् ॥ २८
यथाविधि चकाराथ कर्म स द्वादशाहिकम् । ब्राह्मणान्भोजयामास तत्र तत्र च कर्मणि ॥ २९
त्रयोदशाहिकं कर्म चकार च ततो हरिः । तत्र चाभ्यर्चयामास त्रिंशतो ब्रह्मचारिणः ॥ ३०
तेभ्यस्तदुचितान्येव वासांस्येणाजिनानि च । मणिप्रवालमालादि ददौ तांश्चाप्यभोजयत् ॥ ३१
स्वस्तिवाचनकर्मान्ते तस्मै च गृहिणो जनाः । स्वस्वशक्त्यनुसारेण वासांसि च धनं ददुः ॥ ३२
तस्मिन्दिने तु तान्सर्वान् गृहस्थांस्त्यागिनो द्विजान् । तद्ग्रामस्थांश्चातिथींश्च भोजयामास वर्णिराट् ॥३३

---

**પરંતુ સૂતક હોવા છતાં સ્વયં ભગવાન શ્રી નારાયણમુનિ બ્રહ્મચર્યાશ્રમમાં હોવાથી સૂતકમાં પણ પોતાનું સંધ્યાવંદનાદિ કર્મ છોડવું નહિ એવા સ્મૃતિ ગ્રંથોના વિધાનથી અન્ય જનોનો સ્પર્શ નહીં કરતા થકા સંધ્યાવંદન તથા અગ્નિમાં સાયં-પ્રાતઃ હોમ કરવો વિગેરે નિત્ય કર્મનું અનુષ્ઠાન કરતા હતા.[૨૬]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ સૂતકના છેલ્લા દશમા દિવસે ગુરુ શ્રીરામાનંદસ્વામીનું નવશ્રાદ્ધ કર્મ કર્યું અને ત્યારપછી વૃષોત્સર્ગ સહિત એકાદશાદિક શ્રાદ્ધકર્મ પણ કર્યું. આ એકાદશાહ શ્રાદ્ધકર્મમાં શ્રીહરિએ બ્રાહ્મણોને આઠ પ્રકારનાં તેરપદો અને ગાય આદિક દશ પ્રકારનાં દાનો દક્ષિણાની સાથે દાનમાં અર્પણ કર્યાં.[૨૭-૨૮]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ દ્વાદશાહિક શ્રાદ્ધમાં પિંડસંયોજનાદિ કર્મ ગૃહ્યસૂત્રને અનુસારે વિધિપૂર્વક કરી તેમાં અનેક બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં.[૨૯] વળી શ્રીનારાયણમુનિ ભગવાને ત્રયોદશાહિક કર્મમાં વિષ્ણુભગવાનનું શ્રાદ્ધાદિક કર્મ કર્યું. તેમાં ત્રીસ બ્રહ્મચારીઓનું કેસર ચંદનાદિકથી પૂજન કર્યું અને તેઓને યોગ્ય એવાં વસ્ત્ર, મૃગચર્મ, મણિપ્રવાલની જપમાળાઓ અને ગોપીચંદન આદિક અર્પણ કરી ભોજન કરાવ્યું.[૩૦-૩૧] પછી સ્વસ્તિક વાચન કર્મ કરાવ્યું. તે કર્મને અંતે સર્વે ગૃહસ્થ ભક્તજનોએ ભગવાન શ્રીનારાયણમુનિને પોતપોતાની શક્તિને અનુસારે વસ્ત્ર ધન આદિક પદાર્થોની શ્રીચરણોમાં ભેટ ધરી, અને ભગવાન શ્રીહરિએ તે સર્વે ગૃહસ્થ ભક્તોને સાધુ બ્રહ્મચારીઓ અને બ્રાહ્મણોને તે ફણેણી ગામના સમસ્તજનોને તથા આવેલા અન્ય સર્વે અતિથીઓને બહુપ્રકારનાં ભોજન કરાવ્યાં.[૩૨-૩૩] હે રાજન્ ! વળી શ્રીહરિએ તેરમાને દિવસે ગીતાની કથા વાંચનાર**

गीतावाचकविप्रं च पूजयामास तद्दिने । वासोभूषाचन्दनाद्यैर्दक्षिणाभिश्च भूपते ! ॥ ३४
यथोचितं भूप ! विधाय सोऽखिलं क्रियाकलापं विधिनौर्ध्वदैहिकम् ।
गुरोः स्वकीयस्य सतीर्थ्यमण्डलं समग्रमेकत्र समाह्वयत्ततः ॥ ३५

*॥ इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे प्रथमप्रकरणे रामानन्दस्वामितिरोधानतदूर्ध्वदैहिकक्रियाविधिनामा षष्ठितमोऽध्यायः ॥६०॥*

---

**॥ प्रथमप्रकरणं समाप्तम् ॥**

---

વિપ્રનું વસ્ત્ર, આભૂષણ, ચંદન, પુષ્પ અને સુવર્ણની દક્ષિણા આપી પૂજન કર્યું.[૩૪]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીનારાયણમુનિએ ગુરુવર્ય શ્રીરામાનંદસ્વામીની ઔર્ધ્વદૈહિક ક્રિયાનો સમગ્ર ક્રિયાકલાપ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે યથાયોગ્ય પૂર્ણ કરી સૌ શિષ્યવૃંદને આવતી કાલના ચૌદમાના દિવસની શોકસભા માટે નિમંત્રણ આપ્યું.[૩૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણ ભગવાનના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રમાં પ્રથમ પ્રકરણમાં રામાનંદસ્વામીની તિરોધાનલીલા અને ઔર્ધ્વદૈહિક ક્રિયા વિધિનું નિરૂપણ કર્યું, એ નામે સાઠમો અધ્યાય પૂર્ણ થયો. --૬૦--***

## -: ઇતિ શ્રી સત્સંગિજીવન પ્રથમ પ્રકરણ સમાપ્ત :-